**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઈ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

==========

જિંદાલ સ્ટેઈનલેસ લિ. અને અન્ય

વિ.

હરિયાણા રાજ્ય અને અન્ય

(સિવિલ અપીલ નં. ૩૪૫૩/૨૦૦૨)

નવેમ્બર ૧૧, ૨૦૧૬

**[ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ., એ. કે. સિકરી, એસ. એ. બોબડે, શિવ કીર્તિ સિંહ, એન. વી. રમના, આર. ભાનુમતી, એ. એમ. ખાનવિલકર, ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ અને અશોક ભૂષણ, ન્યાયમૂર્તિઓ]**

*ભારતનું સંવિધાન:*

*અનુચ્છેદ ૩૦૧, ૩૦૪ – કેવળ કર સંવિધાનના ભાગ ૧૩ ની વિચારણા હેઠળ આવતા નથી – અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલ શબ્દ 'મુક્ત' નો અર્થ "કરવેરામાંથી મુક્ત" એવો થતો નથી – માત્ર એવા જ કર કે જે ભેદભાવપૂર્ણ પ્રકૃતિના છે તે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત છે – તેથી ફલિત થાય છે કે બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો એ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બનશે નહીં – આ*

*કોર્ટના અટિયાબારી, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ અને જિંદાલ કેસોમાંના નિર્ણયો અને આ ચુકાદાઓનું અનુસરણ કરતા અન્ય તમામ ચુકાદાઓ આવા આધાર રાખવાની હદ સુધી ઉલટાવવામાં આવે છે – પ્રવેશ કર. (બહુમતી મતે)*

*અનુચ્છેદ ૩૦૪(એ), (બી) – અનુચ્છેદ ૩૦૪ના ખંડ (એ) અને (બી) પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવાના રહેશે. (બહુમતી મતે)*

*અનુચ્છેદ ૩૦૪(એ), (બી) – અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો કરારોપણ, અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળની પ્રક્રિયા અથવા તે હેઠળના પરંતુકનું પાલન કરવામાં આવ્યું હોય તો પણ બચાવી શકાતો નથી. (બહુમતી મતે)*

*વળતરરૂપી કર સિદ્ધાંત – ઠેરવવામાં આવેલ કે: ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં વિકસાવવામાં આવેલ અને ત્યારબાદ જિંદાલ કેસમાં સંશોધિત કરવામાં આવેલ વળતરરૂપી કર સિદ્ધાંતનો કોઈ કાનૂની આધાર નથી અને તે નકારી કાઢવામાં આવે છે. (બહુમતી મતે)*

*અનુચ્છેદ ૩૦૪ – કર લાદતા રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન થતું ન હોય ત્યારે પણ તેમાં ઉપયોગ, વેચાણ અથવા વપરાશ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પરનો કર માન્ય છે – અનુચ્છેદ ૩૦૪(એ) ભેદભાવને (સંરક્ષણવાદી અર્થમાં પ્રતિકૂળ પ્રકૃતિના) અમાન્ય ગણે છે અને માત્ર તફાવતને નહીં – તેથી, આર્થિક રીતે પછાત વિસ્તારોના વિકાસના હેતુથી બિન–પ્રતિકૂળ રીતે મર્યાદિત સમયગાળા માટે વેપારીઓના ચોક્કસ વર્ગને આપવામાં આવતા પ્રોત્સાહનો, સેટ–ઓફ વગેરે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરશે નહીં –*

વર્તમાન કેસમાં કરારોપણ ખરેખર આ કસોટીને પૂર્ણ કરે છે કે કેમ તે પ્રશ્ન આ બાબતોની સુનાવણી કરતી નિયમિત બેન્ચ દ્વારા નક્કી કરવા પર છોડવામાં આવે છે. (બહુમતી મતે)

અનુચ્છેદ ૩૦૪ – અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત માલ પર કરનો બોજ સમાન રીતે પડે તે સુનિશ્ચિત કરવા માટે પોતાના નાણાકીય કાયદાઓ ઘડવાનો રાજ્યોને સંપૂર્ણ અધિકાર છે – જો આવા પગલાં લેવામાં આવે તો તે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરશે નહીં – વર્તમાન કેસમાં કરારોપણ ખરેખર આ કસોટીને પૂર્ણ કરે છે કે કેમ તે પ્રશ્ન આ બાબતોની સુનાવણી કરતી નિયમિત બેન્ચ દ્વારા નક્કી કરવા પર છોડવામાં આવે છે. (બહુમતી મતે)

પરિશિષ્ટ ૭ યાદી ૨ પ્રવિષ્ટિ પર – પ્રવેશ કર – સમગ્ર રાજ્યને સ્થાનિક વિસ્તાર તરીકે અધિસૂચિત કરી શકાય કે કેમ અને અન્ય દેશમાંથી ભારતના ભૂમિભાગમાં પ્રવેશતા માલ પર પ્રવેશ કર લાદી શકાય કે કેમ તે પ્રશ્નો યોગ્ય કાર્યવાહીમાં નક્કી કરવા માટે ખુલ્લા રાખવામાં આવે છે. (બહુમતી મતે)

સાર્વભૌમત્વ – કર લાદવાની સત્તા – ઠેરવવામાં આવેલ કે: તે સાર્વભૌમત્વનું આવશ્યક લક્ષણ છે – જોકે સાર્વભૌમ સત્તાનો ઉપયોગ સંવિધાનિક મર્યાદાને આધીન છે – કર લાદવાની સત્તા એ માત્ર સંવિધાન દ્વારા નિર્યંત્રિત સાર્વભૌમ સત્તા હોવાથી, તે સત્તા પરની મર્યાદા સ્પષ્ટ હોવી જોઈએ.

*(ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૨૪૫, ૨૪૬ અને ૩૦૪(એ) – રાજ્યની કર લાદવાની સત્તા – ઠેરવવામાં આવેલ કે: કર લાદવાની સંવિધાનિક રીતે નિહિત સત્તાને માત્ર ચોક્કસ સંવિધાનિક મર્યાદાઓ, જો કોઈ હોય તો, તેના દ્વારા જ નિયમન કે નિયંત્રિત કરી શકાય છે – પ્રસ્તુત કેસમાં આ સિદ્ધાંત લાગુ કરતાં, અનુચ્છેદ ૩૦૪(એ) માં ઉલ્લેખિત મર્યાદા સિવાય અન્ય રાજ્યોમાંથી માલની આયાત પર કર લાદવાની રાજ્યની સત્તા પર કોઈ ચોક્કસ મર્યાદા નથી – તે મર્યાદા અનુચ્છેદ ૩૦૪(એ) ના કાર્યક્ષેત્રમાં આવતા ભેદભાવપૂર્ણ કર લાદવા પૂરતી સીમિત છે – જ્યાં સુધી કર બિન-ભેદભાવપૂર્ણ હોય અને તેથી અનુચ્છેદ ૩૦૪(એ) સાથે સુસંગત હોય, ત્યાં સુધી અન્ય રાજ્યમાંથી માલની આયાત પર કોઈપણ કર લાદવાની રાજ્યોની કાયદાકીય સત્તા પર કોઈ મર્યાદા નથી, સ્પષ્ટ મર્યાદાની તો વાત જ દૂર રહી – યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ ના સંદર્ભમાં કર લાદવાની સત્તા પ્રસ્તુત કેસોમાં વિવાદમાં ન હોવાથી, મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર ખાતર કે અન્યથા આવી સત્તાના ઉપયોગને મનાઈ કરતી કોઈપણ ચોક્કસ મર્યાદાની ગેરહાજરીનો સરળ અર્થ એ છે કે રાજ્ય વિધાનમંડળો પ્રકૃતિએ બિન-ભેદભાવપૂર્ણ હોય તેવા કર લાદવા માટે મુક્ત છે. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૩૦૧ – શું કરનો ગેરવાજબી રીતે ઊંચો દર આપમેળે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો પ્રતિબંધ બની શકે કે કેમ – ઠેરવવામાં આવેલ કે: કર ઊંચો હોય કે નીચો, તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ બનતો નથી – કર ભારે બોજ લાદે છે તે માત્ર હકીકત એ ઠેરવવા માટેનું કોઈ કારણ નથી કે તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ છે – આવો કોઈપણ અતિશય કરનો બોજ સંવિધાનના ભાગ ૩ હેઠળ પડકારવા પાત્ર હોઈ શકે છે પરંતુ બોજનું પ્રમાણ આપમેળે તે કરારોપણને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ થી વિરુદ્ધ પ્રતિબંધ તરીકે રદબાતલ ઠેરવવા માટે યોગ્ય ઠેરવતું નથી. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૩૦૧, ૩૦૪(બી) – શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરે છે અને ખાસ કરીને શું પ્રવેશ કર સંબંધિત વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી કરવા માટે તેમની કસોટી અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં કરવાની રહે છે કે કેમ – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪(બી) માં ઉલ્લેખિત પ્રતિબંધો બિન–નાણાકીય પ્રકૃતિના છે – તેથી, કોઈપણ કર કાયદાની સંવિધાનિક માન્યતા માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ની એરણ પર જ ચકાસવાની રહેશે અને જો કાયદો બિન–ભેદભાવપૂર્ણ જણાય, તો તે કાયદાને અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પરિકલ્પિત કસોટી અથવા પ્રક્રિયામાંથી પસાર થયા વિના જ સંવિધાનિક રીતે માન્ય જાહેર કરી શકાય છે – જોકે, જો સદર કાયદો અનુચ્છેદ*

૩૦૪(એ) હેઠળ બિન–ભેદભાવની કસોટીમાં નિષ્ફળ જાય, તો તેને રદ કરવો જ પડશે કારણ કે જો તે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થયો હોય તો પણ તેને ટકાવી શકાય નહીં – તે એટલા માટે કારણ કે જે બાબત અનુચ્છેદ ૩૦૪(એ) મુજબ સંવિધાનિક રીતે અમાન્ય છે તેને અનુચ્છેદ ૩૦૪(બી) ના માધ્યમથી માન્ય અને મંજૂર કરી શકાય નહીં – કોઈપણ નાણાકીય કાયદો જાહેર હિતના અસ્તિત્વ અથવા કરારોપણની વ્યાજબીપણાની બાબતમાં અનુચ્છેદ ૩૦૪(બી) ની કસોટીને આધીન થયા વિના માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ જ પડકારવા પાત્ર રહેશે – બહારથી આયાત કરવામાં આવતા માલની સામે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલની તરફેણમાં પ્રતિકૂળ પૂર્વગ્રહના અંશથી પ્રેરાઈને કે તેવા આશયથી આ તફાવત કરવામાં આવ્યો છે કે કેમ તેની કોર્ટે તપાસ કરવી જોઈએ. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

અનુચ્છેદ ૩૦૧, ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ – વ્યાપ્તિ – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૧ નું સાદું વાંચન દર્શાવે છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કોઈપણ રીતે નિરપેક્ષ નથી, તે સંવિધાનના ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન છે – જાહેર હિતમાં જરૂરી જણાય તેવા પ્રતિબંધો લાદવા માટે સંસદને સત્તા આપતા અનુચ્છેદ ૩૦૨ ના કારણે જ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનું નિરપેક્ષ સ્વરૂપ સમાપ્ત થઈ જાય છે – અનુચ્છેદ ૩૦૩, બદલામાં, સંસદ અને રાજ્યોની કાયદાકીય સત્તાઓ પર પ્રતિબંધો મૂકે છે – અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) અને (૨) નું સંયુક્ત

વાંચન દર્શાવે છે કે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપીને કે પસંદગી આપવા માટે અધિકૃત કરીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધ લાદતો કાયદો બનાવવાની સંસદ/રાજ્યના વિધાનમંડળ પાસે કોઈ સત્તા રહેશે નહીં, ત્યારે સંસદની કાયદાકીય સત્તા પરની આવી મર્યાદા કોઈપણ પસંદગી આપવા અથવા કોઈપણ ભેદભાવ કરવા કે અધિકૃત કરવા સુધી વિસ્તરશે નહીં જો કાયદા દ્વારા એવી જાહેરાત કરવામાં આવે કે માલની અછતને કારણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે કે જે તેમ કરવું જરૂરી બનાવે છે – ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ – કલમ ૨૯૭. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

અનુચ્છેદ ૩૦૧ – અર્થઘટન – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૧ ની શરૂઆત 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન' એ શબ્દસમૂહથી થાય છે – આ શબ્દસમૂહ શું અપેક્ષા રાખવી તે અંગે પ્રારંભિક સંકેત આપે છે – આ શબ્દસમૂહના સ્થાનને ધ્યાનમાં લેવું જોઈએ – વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની ઘોષણા કરતાં પહેલાં પણ, તેને મર્યાદાઓને આધીન કરવામાં આવી રહી છે – વધુમાં અનુચ્છેદ ૩૦૧ ના પ્રારંભિક શબ્દો, એટલે કે, 'આ ભાગની જોગવાઈઓને આધીન' એ જરૂરી બનાવે છે કે ભાગ ૧૩ ની વ્યાપ્તિ અને અર્થ સમજવા માટે ભાગ ૧૩ ના તમામ અનુચ્છેદોને એકસાથે વાંચવા પડશે – જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ નો સંબંધ છે ત્યાં સુધી 'આધીન' એ પ્રમુખ અભિવ્યક્તિ છે – તે ઓછામાં ઓછા અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪

*ની અધીનતા દર્શાવે છે – અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ એ પરિશિષ્ટ ૭ હેઠળની રાજ્ય યાદી સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ હેઠળની સત્તાઓનું પુનઃકથન સમાવિષ્ટ કરે છે – દરેક પુનઃકથિત સત્તા આપમેળે અનુચ્છેદ ૩૦૧ માંની વેપારની સ્વતંત્રતા પર પ્રભાવી બને છે. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૧ – ઘડતર પાછળનો કાયદાકીય આશય – ઠેરવવામાં આવેલ કે: સંવિધાન નિર્માતાઓ ભારતમાં વેપાર અને વાણિજ્યનો મુક્ત પ્રવાહ ઈચ્છતા હતા કારણ કે તેઓ સમજતા હતા કે દેશની આર્થિક એકતા અને એકીકરણ રાષ્ટ્રની રાજકીય અને આર્થિક એકતાની સ્થિરતા અને પ્રગતિ માટે મુખ્ય આધારબળ પૂરું પાડે છે, અને દેશે આંતરિક વેપાર પર કોઈ અવરોધ વિના એક અખંડ આર્થિક એકમ તરીકે કાર્ય કરવું જોઈએ – સ્થાનિક અને પ્રાદેશિક ખેંચતાણને આધીન રાજ્ય વિધાનમંડળો ભવિષ્યમાં વેપાર અવરોધો ઊભા ન કરે તે સુનિશ્ચિત કરવા માટે સંવિધાનમાં અનુચ્છેદ ૩૦૧ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૧ – પ્રવેશ કર – કરારોપણ, શું અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે – ઠેરવવામાં આવેલ કે: પ્રવેશ કર ચેકપોસ્ટ સાથે જોડાયેલી નગરપાલિકા કે પંચાયતના આદેશથી ઉઘરાવવામાં આવતો નથી – તે કરદાતા દ્વારા પોતાના રિટર્ન ભરીને ચૂકવવાપાત્ર છે – પ્રવેશ કર લાદવો એ માત્ર "માલની હિલચાલ કે પરિવહન પર" નથી; પરિશિષ્ટ ૭ ની યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ ની વિચારણા દર્શાવે છે કે પ્રવેશ કરના કિસ્સામાં કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં માલનો*

*પ્રવેશ છે જ્યાં તેનો ઉપયોગ, વપરાશ કે વેચાણ થવાનું હોય – જો માલ માત્ર સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે અને પછી તે સ્થાનિક વિસ્તારની બહાર અન્ય સ્થળે જાય, તો પ્રવિષ્ટિ પર હેઠળ કોઈ કર લાદી શકાય નહીં – યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ કરારોપણ આકર્ષવા માટે, માલ જે સ્થાનિક વિસ્તારમાં કરપાત્ર બને છે ત્યાં તે અર્થમાં સ્થિર થવો જોઈએ કે તેનું આગળનું વહન અને પરિવહન સમાપ્ત થઈ જાય અને તે સ્થાનિક વિસ્તારમાં માલનો ઉપયોગ, વપરાશ કે વેચાણ થવાનું માનવામાં આવે – પ્રવેશ કર વેપારના વહનની સમાપ્તિ પર લાદવાપાત્ર હોવાથી અને માલ ઉપયોગ, વપરાશ કે વેચાણના હેતુસર સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ્યો હોવાથી, પ્રવેશ કર લાદવો એ વેપાર, વાણિજ્ય કે આંતરવ્યવહારના પ્રવાહને પ્રતિબંધિત કરતો નથી અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ – અર્થઘટન – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૧ ને કર કાયદાઓમાંથી મુક્તિ તરીકે વાંચવો જોઈએ નહીં – કર કાયદાઓને એ કારણસર પડકારી શકાય છે કે તેઓ ભાગ ૩ હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે પરંતુ તેનો અર્થ એવો થતો નથી કે કરવેરામાંથી મુક્તિ છે અથવા કર આપમેળે જ મૂળભૂત અધિકારો કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ છે – કર જાહેર હિતમાં લાદવામાં આવે છે અને તેથી, સંવિધાન દ્વારા પરિકલ્પિત કોઈપણ સ્વતંત્રતાના ઉપભોગ પર આપમેળે પ્રતિબંધ ગણી શકાય નહીં. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૩ – શું અનુચ્છેદ ૩૦૩ માં આવતી "વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" અભિવ્યક્તિ એટલી વ્યાપક છે કે જેમાં કર લાદવા સંબંધિત પ્રવિષ્ટિઓનો પણ સમાવેશ થાય – ઠેરવવામાં આવેલ કે: સંવિધાનિક યોજના એવી છે કે કરવેરા સંબંધિત પ્રવિષ્ટિ અન્ય પ્રવિષ્ટિઓથી અલગ છે અને કર લાદવાનું ત્યારે જ શક્ય છે જો એવી કોઈ પ્રવિષ્ટિ હોય કે જે સક્ષમ વિધાનમંડળને તે લાદવા માટે અધિકૃત કરતી હોય – વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ વિધાનમંડળને કર લાદવાની સત્તા આપવા માટે આપમેળે પૂરતી નથી. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૩૦૩ – વ્યાપ્તિ – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૩ એ અનુચ્છેદ ૩૦૨ નો અપવાદ છે, એટલી હદે કે તે જાહેર હિતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધો લાદવા માટે અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદને આપવામાં આવેલી સત્તાને મર્યાદિત કરે છે – અનુચ્છેદ ૩૦૨ દ્વારા ઉપયોગમાં લેવાતી સત્તાનો ઉપયોગ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપવા માટે થઈ શકતો નથી, સિવાય કે અનુચ્છેદ ૩૦૩(૨) હેઠળ આવરી લેવાયેલી પરિસ્થિતિમાં, એટલે કે ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિમાં. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૩૦૪(એ) – કર લાદતા રાજ્યમાં જે માલ પર પ્રવેશ કર લાદવામાં આવે છે તેનું ઉત્પાદન કે નિર્માણ ન થતું હોય તો શું અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થાય છે કે કેમ – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪(એ) માંની ખાતરીનો સાર કરવેરાની બાબતમાં એકસમાન અથવા સમાન માલ સાથે સમાન વ્યવહાર કરવામાં રહેલો છે – જો કર લાદતા રાજ્યમાં પ્રવેશ કર હેઠળ આવરી લેવાયેલ માલનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોય તો સદર ખાતરીનો ભંગ થતો નથી – તેનું કારણ એ છે કે જો રાજ્ય બહારના માલને તે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલની સરખામણીએ કોઈ ગેરલાભ થતો ન હોય તો કોઈ ભેદભાવનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૩૦૪(એ) – શું અનુચ્છેદ ૩૦૪(બી) કરને એક પ્રતિબંધ તરીકે ગણે છે જેથી આવો કોઈપણ કરારોપણ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો બને કે કેમ – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪(એ) કરને સ્વયંભૂ પ્રતિબંધ ગણવાને બદલે, અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર તે લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને સ્પષ્ટપણે માન્યતા આપે છે – એ સાચું છે કે કર લાદવા માટે રાજ્ય વિધાનમંડળ પાસે ઉપલબ્ધ સત્તાનો સ્ત્રોત સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ માં જોવા મળે છે, પરંતુ અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવા માટે આવી સત્તાની ઉપલબ્ધતા અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા સ્પષ્ટપણે*

*માન્ય કરવામાં આવી છે – 'કાયદા દ્વારા લાદી શકશે' એ અભિવ્યક્તિ કર લાદવાની સત્તા પર ચોક્કસપણે કોઈ પ્રતિબંધ નથી. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*અનુચ્છેદ ૩૦૪(એ) – અર્થઘટન – આયાત કરાયેલ માલ સમાન માલનું ઉત્પાદન ન થતું હોય ત્યારે પ્રવેશ કર લાદવો – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪(એ) બે શરતો લાદે છે: પ્રથમ, કાયદો અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર 'કોઈપણ કર' લાદી શકે છે જે તે રાજ્યમાં "ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ" પર લાદવામાં આવતો હોય – આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર ત્યારે જ કર લાદી શકાય છે જ્યારે આયાત કરનાર રાજ્યમાં હકીકતમાં તેવો સમાન માલ ઉત્પાદિત કે નિર્મિત થતો હોય અને તેના પર કર લાદવામાં આવતો હોય – બીજા શબ્દોમાં, (એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલ માલ એ (બી) આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ સમાન હોવો જોઈએ અને (સી) આ રીતે સ્થાનિક સ્તરે ઉત્પાદિત કે નિર્મિત માલ પર કર લાદવામા આવતો હોવો જોઈએ – બીજી શરત એ છે કે આયાત કરાયેલ માલ પર લાદવામાં આવતો કર આયાત કરાયેલ માલ અને આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે ભેદભાવ કરતો હોવો જોઈએ નહીં. (ન્યાયમૂર્તિ એસ. એ. બોબડે દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(એ) – ઘડતર પાછળનો કાયદાકીય આશય – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪(એ) નો આશય એ છે કે જ્યાં રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ પર કર અસ્તિત્વમાં હોય, ત્યાં આવા કર અને આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પરના કર વચ્ચે કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં – આવા અર્થઘટનની અસર એ થાય છે કે જ્યાં આયાત કરનાર રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોય અને તેથી, તેના પર સમાન કર લાદવામાં આવતો ન હોય ત્યાં આયાત કરાયેલ માલ પર કર લાદી શકાય નહીં અને તે આ અનુચ્છેદનો સ્પષ્ટ આશય જણાય છે – આ અર્થઘટન એવા રાજ્યોમાં આર્થિક પ્રગતિ અને માલની અવિરત ઉપલબ્ધતાને પણ પ્રોત્સાહન આપશે કે જે રાજ્યો ઉત્પાદન ક્ષમતા ધરાવતા નથી અને કુદરતી સંસાધનોના અભાવ અથવા અન્ય ભૌગોલિક મર્યાદાઓને ધ્યાનમાં લેતાં તેનો વિકાસ કરવા સક્ષમ ન હોઈ શકે. (ન્યાયમૂર્તિ એસ. એ. બોબડે દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(એ) – વળતરરૂપી કર સિદ્ધાંત – ઠેરવવામાં આવેલ કે: કર લાદવાની બાબતમાં વળતરરૂપી કર સિદ્ધાંત હવે સુસંગત રહ્યો ન હોવાથી, રાજ્ય વિધાનમંડળો બહારના માલ પર તેમના દ્વારા લાદવામાં આવેલા કર સંબંધિત વેપારીઓ કે ઉત્પાદકોના લાભ માટે છે તેવી ઘોષણા કરવાની અને દર્શાવવાની જરૂરિયાત વિના પોતાની કર લાદવાની સત્તાઓનો ઉપયોગ કરવા માટે મુક્ત છે – પરંતુ આવો કર આખરી કર બોજ અને તંત્ર સંબંધિત જોગવાઈઓ બંનેમાં, મૂળભૂત રીતે, બિન-ભેદભાવપૂર્ણ હોવો જોઈએ. (ન્યાયમૂર્તિ શિવ કીર્તિ સિંહ દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(એ) – અર્થઘટન – ઠેરવવામાં આવેલ કે: દેશના સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને અનુચ્છેદ ૩૦૪(એ) નું અર્થઘટન થવું જોઈએ, જે આર્થિક એકીકરણનો એક મહત્વપૂર્ણ ભાગ છે – અનુચ્છેદ ૩૦૪(એ) એ આયાત કરાયેલ માલ પર આવો કર લાદવા માટે રાજ્યના વિધાનમંડળ પર કોઈ મર્યાદા નથી – અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ પરિકલ્પિત એકમાત્ર શરત એ છે કે, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ તેમજ તે રાજ્યમાં જો ઉત્પાદિત થતો હોય તો તેવા માલ પર સમાન કર લાદવાપાત્ર છે – એવું કહેવું યોગ્ય નથી કે જે માલ પર કર લાદવામાં આવી રહ્યો છે તે રાજ્યમાં ઉત્પાદિત થતો ન હોવાથી કર લાદવાની સત્તા નાબૂદ થઈ જાય છે, કહેવાનો તાત્પર્ય એ છે કે, જો માલ રાજ્યની અંદર નિર્મિત કે ઉત્પાદિત થતો ન હોય તો અનુચ્છેદ ૩૦૪(એ) કર લાદવા પર રોક લગાવતો નથી. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪ – "કાયદા દ્વારા કરી શકશે" શબ્દો – અર્થઘટન – કર લાદવાની રાજ્યની સત્તા – ઠેરવવામાં આવેલ કે: "કાયદા દ્વારા કરી શકશે" શબ્દો એ રાજ્યોને આપવામાં આવેલો એક વિકલ્પ છે જો તે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કોઈપણ કર લાદવાનું નક્કી કરે – કાયદાકીય સત્તાનો સ્ત્રોત અનુચ્છેદ ૨૬૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૬૫ માં રહેલો છે – આ સત્તા કોઈ ગર્ભિત મર્યાદાને આધીન નથી – સાદું વાંચન દર્શાવે છે કે આપેલી પરિસ્થિતિમાં, રાજ્ય પોતાની પસંદગી મુજબ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર કોઈપણ કર ન લાદવાનો નિર્ણય લઈ શકે છે અથવા અન્ય*

રાજ્યોમાંથી આયાત કરાયેલ અમુક માલ પર કર લાદવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)

અનુચ્છેદ ૩૦૪(એ) – સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલ માલ પરના કરના દરમાં તફાવત – શું અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરે છે કે કેમ – ઠેરવવામાં આવેલ કે: દરેક તફાવત એ ભેદભાવ નથી – સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલ માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય તો તે અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો નથી – રાજ્યમાં સ્થાનિક ઉત્પાદકો/ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે સ્થાનિક ઉત્પાદકોને કરના દરમાં આપવામાં આવેલ કોઈપણ પ્રોત્સાહન/રાહતના લાભોને ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં – સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલ માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય તો તે અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)

અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) – શું ખંડ (એ) અને (બી) સંયુક્ત રીતે વાંચવાના રહેશે કે કેમ – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) બે અલગ અલગ વિષયો સાથે સંબંધિત છે અને તેથી, તે પરસ્પર સ્વતંત્ર હોવાનું સમજવું જોઈએ – જ્યારે ખંડ (એ) સંપૂર્ણપણે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર કર લાદવા સાથે સંબંધિત છે, ત્યારે ખંડ (બી) જાહેર હિતમાં વ્યાજબી પ્રતિબંધ લાદવા સાથે સંબંધિત છે – ખંડ (એ) અને (બી)

વચ્ચે 'અને' શબ્દનો ઉપયોગ એવા અર્થઘટનને સ્વીકારતો નથી કે જે વિધાનમંડળ પર કર અને પ્રતિબંધ બંને ફરજિયાતપણે એકસાથે લાદવાની કોઈ જવાબદારી મૂકે – વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદામાં જે સંદર્ભમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના આધારે 'અને' શબ્દનો અર્થ 'અથવા' તેમજ 'અને' બંને થઈ શકે છે. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

અનુચ્છેદ ૩૦૪(એ), (બી) – અર્ધવિરામ પછી 'અને' શબ્દનો ઉપયોગ – અનુચ્છેદ ૩૦૪ ના સંદર્ભમાં તેનું અર્થઘટન – ઠેરવવામાં આવેલ કે: તેને 'અથવા' તરીકે વાંચવું પડશે જે અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) નું વિભાજક વાંચન ઊભું કરે છે જે દર્શાવે છે કે રાજ્ય વિધાનમંડળ અનુચ્છેદ ૩૦૪(એ) અથવા અનુચ્છેદ ૩૦૪(બી) અથવા બંને હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે છે. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)

અનુચ્છેદ ૩૦૪(બી), પરંતુક – પરંતુકની શરતો મુજબ રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂરિયાત – ઠેરવવામાં આવેલ કે: વ્યાજબી પ્રતિબંધો સાથે સંબંધિત ખંડ (બી) ફરજિયાતપણે કર સિવાયના અન્ય પ્રતિબંધોને જ લાગુ થવો જોઈએ – તેથી ફલિત થાય છે કે કર લાદવા માટે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળના પરંતુકની શરતો મુજબ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સંપૂર્ણપણે બિનજરૂરી છે. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

*અનુચ્છેદ ૩૦૪(બી) – અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ ઉલ્લેખિત પ્રતિબંધોમાં કરનો સમાવેશ થતો નથી. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(બી) – ની પ્રયોજ્યતા – ઠેરવવામાં આવેલ કે: માત્ર બિન–નાણાકીય કાયદાઓને જ લાગુ પડે છે અને કર કાયદાઓને નહીં – અનુચ્છેદ ૩૦૪(બી) જાહેર હિતમાં વ્યાજબી પ્રતિબંધો લાદતા બિન–નાણાકીય કાયદાઓ સાથે સંબંધિત છે અને કર કાયદાઓનો અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ સમાવેશ થતો નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(બી) – રાષ્ટ્રપતિની સંમતિ – ન્યાયિક સમીક્ષા – ઠેરવવામાં આવેલ કે: અનુચ્છેદ ૩૦૪(બી) રાજ્યોના બિન–નાણાકીય કાયદાઓ સાથે સંબંધિત છે – અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં પરિકલ્પિત રાષ્ટ્રપતિની સંમતિ એ અમુક અંશે અનુચ્છેદ ૨૫૪ માં વિચારાયેલી સંમતિ જેવી જ હશે – આવી સંમતિઓ ન્યાયિક સમીક્ષાને પાત્ર નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(એ), (બી) – સ્થાનિક વિસ્તાર – જ્યારે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા એન્ટ્રી ટેક્સ એક્ટ દ્વારા પ્રવેશ કર લાદવામાં આવે છે, ત્યારે પ્રવિષ્ટિ પર દ્વારા વિચારવામાં આવેલ 'સ્થાનિક વિસ્તાર' શબ્દ કાયદામાં અધિસૂચિત કર્યા મુજબ 'સમગ્ર રાજ્ય' અથવા 'સ્થાનિક વિસ્તાર' ને આવરી લઈ શકે છે – પ્રવેશ કરના દ્રષ્ટિકોણથી, રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સંગ્રહ છે અને જ્યાં અધિનિયમ દ્વારા વિચારવામાં આવેલ સ્થાનિક વિસ્તારો*

*સમગ્ર રાજ્યને આવરી લે છે, ત્યાં રાજ્ય અને 'સ્થાનિક વિસ્તાર' વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે અદૃશ્ય થઈ જાય છે. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તા – ઠેરવવામાં આવેલ કે: પરસ્પર અનન્ય છે – જ્યારે સંસદ રાજ્યો માટે અનામત રાખવામાં આવેલા વિષયો પર કાયદો ઘડી શકતી નથી, ત્યારે રાજ્યો પણ એ જ રીતે સંઘની કર લાદવાની સત્તાઓ પર અતિક્રમણ કરી શકતા નથી – જો સંવિધાનિક યોજના સંસદને રાજ્ય વિધાનમંડળોની કર લાદવાની સત્તાઓ હડપ કરવાની મંજૂરી આપતી નથી, તો કોઈપણ કર કાયદા માટે સંઘ કારોબારીની સંમતિને આવશ્યક પૂર્વ–શરત બનાવવાના બહાને પણ આવી હડપ કરવાની પ્રક્રિયાને થવા દઈ શકાય નહીં. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*ભાગ ૧૩ – ભાગ ૧૩ અને ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ વચ્ચેનો તફાવત – ઠેરવવામાં આવેલ કે: ૧૯૩૫ ના અધિનિયમમાં અને સંવિધાનના ભાગ ૧૩ હેઠળ માન્ય રાખવામાં આવેલ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનો સાર એકસમાન છે – માત્ર એટલો જ તફાવત છે કે કલમ ૨૯૭ માં પ્રતિપાદિત સિદ્ધાંતો સંઘ સરકાર અને સંઘ સંસદ સુધી તથા વિલીનીકરણ પછી ભારતનો ભાગ બનેલા પ્રદેશો સુધી વિસ્તૃત કરવામાં આવ્યા હતા – ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ – કલમ ૨૯૭. (ટી. એસ.*

*ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*ભાગ ૧૩ – કર કાયદાઓ – ભાગ ૧૩ માં સામાન્ય સૂત્ર આર્થિક એકતા અને સમાનતા પ્રાપ્ત કરવાનું છે જે જ્યાં પણ જરૂરી હોય ત્યાં વ્યાજબી અને તર્કસંગત કારણોસર કરવામાં આવતા તફાવતને સંપૂર્ણપણે બાકાત રાખતું નથી – ભાગ ૧૩ નો હાર્દ અને આત્મા ભારતના રાજ્યક્ષેત્રની અંદર પ્રતિકૂળ ભેદભાવને દૂર કરવાનો છે – ભાગ ૧૩ સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) ની હદ સિવાય કર કાયદાઓને પોતાના કાર્યક્ષેત્રમાં વિચારતો નથી. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*ભાગ ૧૩ – માત્ર 'તફાવત' અને 'ભેદભાવ' વચ્ચે એક મહત્વપૂર્ણ તફાવત રહેલો છે – ભાગ ૧૩ દ્વારા ભેદભાવને અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, તફાવતને નહીં – અનુચ્છેદ ૩૦૪(એ) ભેદભાવ (સંરક્ષણવાદ માટેના) સામે રક્ષણ આપે છે અને માત્ર તફાવત સામે નહીં. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*સાતમી અનુસૂચિ યાદી ૨ પ્રવિષ્ટિ ૫૨ – ઓટોમોબાઇલ કેસમાં વિકસાવવામાં આવેલ વળતરરૂપી કરનો સિદ્ધાંત – ઠેરવવામાં આવેલ કે: ઓટોમોબાઇલ કેસને અનુસરીને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવતા કરને 'વળતરરૂપી' નામ આપવું તે અયોગ્ય છે – વળતરરૂપી કરનો સિદ્ધાંત ૫૦ વર્ષ પહેલાં ન્યાયિક ચુકાદાઓ દ્વારા*

વિકસાવવામાં આવ્યો હતો – તે સમયની એરણ પર ટકી રહ્યો છે અને તેથી, પ્રસ્તુત કેસ જેવા કોઈપણ અનુગામી ન્યાયિક ચુકાદાથી સંકળાયેલા પક્ષકારોના હિતને નુકસાન પહોંચવું જોઈએ નહીં – માત્ર ઓટોમોબાઈલ કેસ અને તેના પછીના કેસોમાં ન્યાયિક અર્થઘટન અને નવીનતાઓના કારણે જ રાજ્ય સરકારોએ મહેસૂલનું કોઈ નુકસાન ભોગવવું જોઈએ નહીં – અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટીમાં પાર ઉતરવાને આધીન, યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર ભલે વળતરરૂપી કર તરીકે ઓળખાતો હોય તો પણ તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો નથી – એ જરૂરી નથી કે કરારોપણ દ્વારા વસૂલવામાં આવેલી રકમ અલગ ભંડોળમાં જમા કરવી જોઈએ અથવા આ કરારોપણ ખર્ચના પ્રમાણમાં હોવું જોઈએ – નિયમનકારી/વળતરરૂપી કરમાંથી વસૂલવામાં આવેલી આવકને રાજ્યના એકત્રિત ભંડોળમાં સમાવિષ્ટ કરવા પર કોઈ પ્રતિબંધ નથી કારણ કે તે સામાન્ય પ્રકૃતિના અન્ય કરવેરાથી અલગ નથી – તદુપરાંત, વળતરરૂપી કરારોપણ પાછળના ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે થયેલા ખર્ચની રકમ અંગે કોઈ તપાસ કરી શકાતી નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)

સાતમી અનુસૂચિ યાદી ૨ પ્રવિષ્ટિ પર – માલની આયાત અને કસ્ટમ્સ ક્લિયરન્સ તથા સ્થાનિક વિસ્તારોમાં માલનો પ્રવેશ – કરપાત્ર ઘટના – ઠેરવવામાં આવેલ કે: આ બંને ઘટનાઓ અલગ છે – કસ્ટમ્સ ડ્યુટીના કિસ્સામાં, કરપાત્ર ઘટના એ ભારતના રાજ્યક્ષેત્રમાં માલનો પ્રવેશ છે – યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા

*વેચાણ માટે માલનો પ્રવેશ છે – આ બંને કરપાત્ર ઘટનાઓ કાયદાની દ્રષ્ટિએ અલગ છે અને તેમાં કોઈ અતિવ્યાપ્તિ નથી – આપણા સંવિધાન હેઠળ, કર લાદવાની સત્તામાં કોઈ અતિવ્યાપ્તિ નથી – સંવિધાન સંઘ અને રાજ્યોને કર લાદવાની સ્વતંત્ર સત્તાઓ આપે છે – સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તા પરસ્પર અનન્ય છે – આ અન્ય સંઘીય સંવિધાનો હેઠળ ઊભી થયેલી મુશ્કેલીઓને ટાળે છે. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*સાતમી અનુસૂચિ યાદી ૨ પ્રવિષ્ટિ ૫૨ – વિવિધ રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર જેને 'વળતરરૂપી કર' તરીકે ઓળખવામાં આવે છે તે શું અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરે છે કે કેમ – ઠેરવવામાં આવેલ કે: યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના ક્ષેત્રમાં આવતો પ્રવેશ કર એ માત્ર સાદો કર છે, ભલે નામકરણની દ્રષ્ટિએ તેને 'વળતરરૂપી કર' તરીકે ઓળખવામાં આવતો હોય – અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટીમાં પાર ઉતરવાને આધીન, યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર ભલે વળતરરૂપી કર તરીકે ઓળખાતો હોય તો પણ તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*સાતમી અનુસૂચિ યાદી ૧ અને ૨ – કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ માત્ર યાદી ૧ અને ૨ માં જ જોવા મળે છે, જે દર્શાવે છે કે આપણી સંવિધાનિક યોજનામાં, કેન્દ્ર અને રાજ્યોની કરવેરા સત્તાઓ પરસ્પર અનન્ય છે – સમવર્તી યાદીમાં એવી કોઈ પ્રવિષ્ટિ નથી કે જે કર લાદવાની સત્તા આપતી હોય – સ્થિતિ*

આવી હોવાથી, કરવેરા કાયદામાં સમાવિષ્ટ કરારોપણ પ્રતિબંધિત ક્ષેત્રમાં અતિક્રમણ કરે તે જ ક્ષણે, તે રદબાતલ થવાને પાત્ર બને છે. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)

કાયદાઓનું અર્થઘટન:

જે અર્થઘટન શાબ્દિક અને સંદર્ભગત બંને હોય તે હંમેશાં વધુ સ્વીકાર્ય જણાયું છે – જોગવાઈના શાબ્દિક અર્થને સંદર્ભગત અર્થ સાથે સુસંગત બનાવે તેવા અર્થઘટનને કોર્ટો દ્વારા એકના ભોગે બીજાને પ્રાધાન્ય આપતા અર્થઘટન કરતાં વધુ પસંદ કરવામાં આવે છે. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

કેટલાક અનુચ્છેદો દ્વારા પરિકલ્પિત કેન્દ્રની સર્વોચ્ચતાને જાળવી રાખતાં સંઘવાદને સમર્થન આપતા અને પ્રોત્સાહન આપતા અર્થઘટનને પ્રાધાન્ય આપવું જ જોઈએ. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

વૈધાનિક અને નાણાકીય બાબતોમાં કેન્દ્ર–રાજ્ય સંબંધ – સુમેળભર્યો સંબંધ – ઠેરવવામાં આવેલ કે: કર લાદવાની સાર્વભૌમ સત્તા સહિતના વૈધાનિક કાર્યોની વહેંચણી કરતી વખતે સંવિધાનના ઘડવૈયાઓના મનમાં રહેલા નાજુક સંતુલનને ખોરવી નાખવાની ક્ષમતા કે વૃત્તિ ધરાવતા સંકીર્ણ અર્થઘટનને ટાળવું જ જોઈએ અને રાજ્યના વિવિધ અંગો વચ્ચે, જેમાં કેન્દ્ર અને રાજ્યો વચ્ચે અથવા પરસ્પર રાજ્યો વચ્ચેના સુમેળભર્યા સંબંધ માટે સૌથી વધુ લાભદાયક

*હોય તેવું અર્થઘટન અપનાવવું જોઈએ. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)*

*ભારતનું સંવિધાન – સંવિધાનનું અર્થઘટન કરતી વખતે, તેને સમગ્રપણે વાંચવા પર અને સંવિધાનના કોઈપણ ભાગનો આશય અને હેતુ નિષ્ફળ ન જાય તે રીતે વાંચવા પર ભાર મૂકવો જ જોઈએ – આ સંદર્ભમાં, સંવિધાનની જોગવાઈઓ પ્રત્યે સર્વગ્રાહી અભિગમ હોવો જોઈએ. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*પરંતુક – નું અર્થઘટન – ઠેરવવામાં આવેલ કે: પરંતુકનો હેતુ અનુચ્છેદના મુખ્ય કાર્યકારી ભાગને સમજાવવાનો છે – જોગવાઈના કાર્યકારી ભાગને વિસ્તૃત કરવા માટે તેનો ક્યારેય ઉપયોગ કરવામાં આવતો નથી અથવા અર્થઘટન કરવામાં આવતું નથી. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*ન્યાયિક પુનરાવલોકન:*

*કર કાયદા ઘડવાની રાજ્યની સત્તા – વૈધાનિક સત્તાઓ, ખાસ કરીને કર લાદવાની સત્તાઓનું ગર્ભિત રીતે પરીક્ષણ કરી શકાતું નથી – જ્યાં સુધી રાજ્યનો કાયદો ઘડવાની રાજ્યની સત્તા પર કોઈ સ્પષ્ટ મર્યાદા ન હોય, ત્યાં સુધી અર્થઘટનની પ્રક્રિયા દ્વારા રાજ્યની સત્તામાં કાપ મૂકવો એ કોર્ટનું કાર્યક્ષેત્ર નથી. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*કર/કરવેરા:*

*કરની આવશ્યક લાક્ષણિકતાઓ – તે કરદાતાની સંમતિ વિના વૈધાનિક સત્તા હેઠળ લાદવામાં આવે છે અને તેની ચુકવણી કાયદા દ્વારા અમલમાં મુકાવવામાં આવે છે; તે કર ચૂકવનારને કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવેલું કરારોપણ છે; અને તે સામાન્ય બોજનો ભાગ છે. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)*

*કર/કરવેરા: કર લાદવાનો હેતુ અને કરના આવશ્યક તત્વો – ચર્ચા કરવામાં આવી. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*કરનો ઊંચો/અતિશય દર – લાદવાની ઔચિત્યતા – ઠેરવવામાં આવેલ કે: સંવિધાન હેઠળ રાજ્યોને કર લાદવાની સત્તા આપવામાં આવી હોવા છતાં, તેનો અર્થ અનિવાર્યપણે એવો થતો નથી કે તેઓએ અતિશય ઊંચા દરે કર લાદવો જોઈએ – લોકશાહીમાં એક જવાબદાર સરકારે હંમેશાં કરવેરા શક્ય તેટલા ઓછા રાખવાનો પ્રયત્ન કરવો જોઈએ જેથી વ્યક્તિઓ પર કોઈ ભારે બોજ ન પડે. (ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા)*

*અન્યાયી સમૃદ્ધિ:*

*રિફંડના પ્રશ્ન પર વિચારણા કરવા માટે અન્યાયી સમૃદ્ધિનો સિદ્ધાંત લાગુ પડે છે – જ્યાં સુધી કરદાતાઓ એ સાબિત ન કરે કે તેઓએ કરનો બોજ ગ્રાહકો પર નાખ્યો નથી, ત્યાં સુધી તેઓ રિફંડ માટે દાવો કરી શકતા નથી અને પોતાની*

જાતને અન્યાયી રીતે સમૃદ્ધ બનાવી શકતા નથી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)

શબ્દો અને શબ્દપ્રયોગો:

'ભેદભાવ' અને 'તફાવત' – વચ્ચેનો ભેદ, ચર્ચા કરવામાં આવી. (ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)

આયાત – નો અર્થ, ચર્ચા કરવામાં આવી. (ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા)

અસંમત મત:

ભારતનું સંવિધાન:

અનુચ્છેદ ૩૦૧, ૩૦૪ – સામાન્ય સિદ્ધાંત તરીકે એવું માનવું અસમર્થનીય છે કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ના કાર્યક્ષેત્રમાં આવતો ભેદભાવપૂર્ણ કર જ સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે – અનુચ્છેદ ૩૦૪(એ) સ્પષ્ટ કરે છે કે કરવેરાનું એક ચોક્કસ સ્વરૂપ, એટલે કે માલ પરનો બિન–ભેદભાવપૂર્ણ કર, અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો હોવાનું અર્થઘટન કરવામાં આવશે નહીં – પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) એવું ઠેરવવાનો આધાર બની શકે નહીં કે પ્રત્યેક નાણાકીય પગલું (ભેદભાવપૂર્ણ કર સિવાયનું) ભાગ ૧૩ ના કાર્યક્ષેત્રની બહાર છે – એક બાબત એ છે કે કરનો દર એ કરવેરાનું માત્ર એક

*તત્વ છે – નાણાકીય વસૂલાતમાં આકારણી, વસૂલાત માટેનું તંત્ર અને સેટ–ઓફ તથા મુક્તિઓ સહિતના અન્ય તત્વો પણ છે કે જે કર આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અવરોધે તે રીતે કાર્ય કરે છે કે કેમ તેના પર મહત્વપૂર્ણ અસર પાડી શકે છે – તદુપરાંત, માલ સિવાય અન્ય બાબતો પરનો ભેદભાવપૂર્ણ કર અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓને આકર્ષિત કરતો નથી – છેવટે, બિન–ભેદભાવપૂર્ણ કર પણ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર એક અવરોધ બની શકે છે જ્યાં કર એટલો ઊંચો હોય કે જેથી તે જપ્તી સમાન બની જાય – આથી, અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતી પ્રકૃતિનું ભેદભાવપૂર્ણ નાણાકીય કરારોપણ એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના નાણાકીય અવરોધોનું માત્ર દ્રષ્ટાંતરૂપ છે પરંતુ તે સંપૂર્ણ નથી. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ દ્વારા)*

*અનુચ્છેદ ૩૦૪(બી) – નિયંત્રણની વાજબીતા – ઠેરવવામાં આવેલ કે: જ્યાં કરની સીધી અને અનિવાર્ય અસર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરવાની હોય ત્યાં તે કર નિયંત્રણ સમાન બની શકે છે – આ બાબત સ્થાપિત કરવાનો બોજ તે વ્યક્તિ પર છે કે જે અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા પર નિયંત્રણ સમાન હોવાના કારણસર ચોક્કસ કરની માન્યતાને પડકારે છે – જ્યાં સુધી આ મર્યાદા પાર કરવામાં ન આવે ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકનો કોઈ અમલ થશે નહીં, કારણ કે જ્યારે કોઈ નિયંત્રણ હોય માત્ર ત્યારે જ તેની વાજબીતાનો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ દ્વારા)*

*ઔપચારિક અને વાસ્તવિક સમાનતા – અનુચ્છેદ ૩૦૪(એ) સમાનતાના ઔપચારિક અને વાસ્તવિક બંને ખ્યાલોનો સમાવેશ કરે છે – ઔપચારિક સમાનતા ત્યારે સંતોષાશે જ્યારે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ માટે એ જ કરનો દર નિર્ધારિત કરવામાં આવે જેવો રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ પર લાદવામાં આવે છે – વાસ્તવિક સમાનતા દેશના અલ્પવિકસિત વિસ્તારોના વિકાસની જરૂરિયાતને માન્યતા આપે છે – ઔપચારિક અને વાસ્તવિક સમાનતા બંનેની બાબતો વચ્ચે સંતુલન સાધવું પડશે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ દ્વારા)*

*પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી – રાજ્યો અને સંઘ પોતાની વૈધાનિક સત્તાઓનો ઉપયોગ કરતી વખતે, કરવેરાનો ઉપયોગ માત્ર પોતાની વિકાસલક્ષી પ્રવૃત્તિઓને સમર્થન આપવા માટે મહેસૂલ એકત્ર કરવાના સાધન તરીકે જ નહીં પરંતુ સામાજિક ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવાના માધ્યમ તરીકે પણ કરે છે – તે સામાજિક ઉદ્દેશ્યોની પ્રાપ્તિ કે સામાજિક નિયમનની પ્રક્રિયા મુક્ત વેપાર અને વાણિજ્યના ક્ષેત્રનું અતિક્રમણ કરે છે કે કેમ તે પૂર્વાનુમાનના આધારે અગાઉથી જ નક્કી કરી શકાતું નથી – કરવેરાની સત્તાનો એવી રીતે ઉપયોગ થઈ શકે છે કે જે કોઈ આપેલ કેસમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણ કે અવરોધ ઊભો કરી શકે – કરવેરા ક્યારે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણ બની શકે તે નિર્ધારિત કરવામાં, પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી (જેમ કે ત્યારબાદ સુધારેલ છે) ન્યાયિક રીતે વ્યવસ્થાપનક્ષમ માળખું પૂરું પાડે છે – પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી અટિયાબારી અને*

ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટના ચુકાદાઓમાં પ્રતિપાદિત કરવામાં આવી હતી – આ કસોટી આપણા ન્યાયશાસ્ત્રના એક ભાગ તરીકે દ્રઢપણે સ્થાપિત થયેલી છે. (ડૉ. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ દ્વારા)

અનુચ્છેદ ૩૦૧ – બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો એ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન બની શકે છે જો તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધે – વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો ધરાવતા તમામ કર, ભેદભાવપૂર્ણ હોય કે બિન–ભેદભાવપૂર્ણ, જ્યાં સુધી તેઓ અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ હેઠળ સુરક્ષિત ન હોય ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે – જો આ રજૂઆત સ્વીકારવામાં આવે કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ પરવાનગી આપેલ બિન–ભેદભાવપૂર્ણ કર સિવાયના તમામ કર ભાગ ૧૩ ની બહાર છે, તો તે બાબત સંસદ અને રાજ્ય વિધાનમંડળને દેખીતી રીતે બિન–ભેદભાવપૂર્ણ કાયદાઓ પસાર કરવાનો અધિકાર આપવા તરફ દોરી જશે પરંતુ મનસ્વી પ્રક્રિયા અને અન્ય વિવિધ પ્રકારના નિયંત્રણોની જોગવાઈ કરીને અન્ય માધ્યમો દ્વારા વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો ઊભા કરશે – આમ, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અવરોધી શકે તેવા કરવેરાને માત્ર બિન–ભેદભાવપૂર્ણ કરવેરા સુધી મર્યાદિત રાખી શકાય નહીં. (અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ દ્વારા)

અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) – શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે અને ખાસ કરીને શું પ્રવેશ કર સંબંધિત વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી

*કરવા માટે અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં તેની ચકાસણી કરવી પડશે – ઠેરવવામાં આવેલ કે: કેસોના વર્તમાન જૂથમાં વિવિધ રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે કે કેમ તે જાણવા માટે, દરેક અધિનિયમની ચકાસણી કરવી પડશે – રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલ કાયદો કે જે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) નું પાલન કરતો હોય અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કોઈ નિયંત્રણ ધરાવતો ન હોય તેણે અનુચ્છેદ ૩૦૪(બી) નું પાલન કરવાની જરૂર નથી – જોકે, કોઈ કાયદો ભલે અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરતો હોય પરંતુ જો તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો ધરાવતો હોય તો તેણે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) ના પરંતુકમાંથી પસાર થવું પડશે – અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકનું પાલન જરૂરી છે કે નહીં તે રાજ્યના કાયદાના સ્વરૂપ અને વિષયવસ્તુ પર નિર્ભર રહેશે – અનુચ્છેદ ૩૦૪(બી) નું પરંતુક એ સંવિધાનિક યોજનાનો એક ભાગ છે જે ન તો સંવિધાનના સંઘીય માળખાની વિરુદ્ધ છે કે ન તો તે રાજ્યના સાર્વભૌમત્વને અસર કરે છે – અનુચ્છેદ ૩૦૪(બી) માં વપરાયેલ 'નિયંત્રણ' શબ્દ એટલો વ્યાપક છે કે જેમાં નાણાકીય અથવા બિન–નાણાકીય કાયદા બંને દ્વારા મૂકવામાં આવેલા નિયંત્રણોનો સમાવેશ થાય છે. (અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ દ્વારા)*

*શું વળતરરૂપી પ્રકૃતિનો કર પણ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરી શકે છે અને કર કે કરારોપણ વળતરરૂપી પ્રકૃતિનું છે કે કેમ તે નક્કી કરવા*

માટેની કસોટીઓ કઈ છે – ઠેરવવામાં આવેલ કે: એ એક સ્વીકૃત સિદ્ધાંત છે કે કરની લાક્ષણિકતાઓમાંની એક એ છે કે તે કર ચૂકવનારને કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવતું કરારોપણ છે – વિધાનમંડળ દ્વારા લાદવામાં આવતો કર, મહેસૂલનો સ્ત્રોત હોવા ઉપરાંત વિવિધ જાહેર કલ્યાણકારી પગલાંઓ માટે પણ ખર્ચવામાં આવે છે અને જ્યારે તેનો ઉદ્દેશ્ય જાહેર હિત કે જાહેર કલ્યાણ સાથે કોઈ રીતે જોડાયેલો ન હોય ત્યારે તે કરવેરાનું તેનું સ્વરૂપ ગુમાવી બેસે છે અને તેવું કરારોપણ બની જાય છે જે અસંવિધાનિક છે – સંવિધાનના ઘડવૈયાઓએ અનુચ્છેદ ૩૦૧ માં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની જોગવાઈ કર્યા પછી અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૬ માં સદર સ્વતંત્રતાના અપવાદો નિર્ધારિત કર્યા હતા – સંવિધાનિક યોજનામાં નિર્ધારિત અપવાદો સ્વયં–સંપૂર્ણ છે અને ન્યાયિક અર્થઘટન દ્વારા કોઈ નવો અપવાદ ઉમેરી શકાતો નથી – માત્ર એ હકીકત કે કર કાનૂન કર ચૂકવનારને વળતર આપે છે તે સદર કાનૂનને ભાગ ૧૩ ની બહાર લઈ જતી નથી, કારણ કે તમામ કર કોઈ ને કોઈ જાહેર હેતુઓ માટે હોય છે – કર ચૂકવનારને વળતર આપવાનો દાવો કરતો કર કાયદો કર કાયદાને ભાગ ૧૩ ની પહોંચથી બહાર ઉચ્ચ સ્થાને મૂકી શકતો નથી, જેથી આવો કાયદો "સંવિધાનને આધીન નથી" બની જાય – જ્યારે સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ મુજબ તમામ વૈધાનિક સત્તા "સંવિધાનને આધીન" છે, ત્યારે એક કાયદો, એટલે કે વળતરરૂપી કર કાયદો ભાગ ૧૩ ની બહાર છે તેમ કહી શકાય નહીં – આવું કોઈપણ અર્થઘટન સ્પષ્ટપણે સંવિધાનિક યોજનાની વિરુદ્ધ છે – જોકે,

*અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરીને તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કોઈ નિયંત્રણ ધરાવે છે કે કેમ તે સમજવા માટે કાયદાના સાચા સ્વરૂપ અને લક્ષણની ચકાસણી કરવાનો માર્ગ હંમેશાં ખુલ્લો છે – વળતરરૂપી પ્રકૃતિનો કાયદો એ નક્કી કરતી વખતે પ્રકાશ પાડી શકે છે કે તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ ધરાવે છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને સુગમ બનાવે છે – પરંતુ તમામ કાયદાઓ ભલે તે વળતરરૂપી કર કાયદો હોય કે અન્યથા હોય તેની સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓ અનુસાર ચકાસણી થવી જોઈએ. (અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ દ્વારા)*

**સંદર્ભનો ઉત્તર આપતાં, કોર્ટે**

**ઠેરવેલ:**

**ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા (પોતાના વતી અને એ. કે. સિકરી તથા એ. એમ. ખાનવિલકર, ન્યાયમૂર્તિઓ વતી)**

**શું બિન–ભેદભાવપૂર્ણ નાણાકીય પગલાંઓ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અવરોધે છે અને તે દ્વારા સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરે છે કે કેમ.**

**૧.૧ કર લાદવાની સત્તા એ સાર્વભૌમત્વનું લક્ષણ હોવા છતાં, તે સત્તાનો ઉપયોગ સંવિધાન દ્વારા નિયંત્રિત છે. આ બાબત અનુચ્છેદ ૨૬૫ ની જોગવાઈઓ પરથી સ્પષ્ટ થાય છે, જે કાયદાની સત્તા સિવાય કોઈપણ કર**

લાદવા કે તેની વસૂલાત કરવાની મનાઈ ફરમાવે છે. કાયદાની સત્તા સંવિધાનની કોઈ જોગવાઇમાંથી મળતી હોવી જોઈએ, ખાસ કરીને જ્યાં વૈધાનિક સત્તાઓ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચાયેલી હોય, જેમ કે આપણા સંવિધાનના કિસ્સામાં છે જે અર્ધ–સંઘીય શાસન વ્યવસ્થા તરીકે વર્ણવવામાં આવેલી પ્રણાલીની જોગવાઈ કરે છે. કાયદા ઘડવાની સત્તાનો સ્ત્રોત સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ માં સમાવિષ્ટ છે. [પેરા ૧૮][૧૮૧–એ–બી, ડી]

રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. ૨૨૦ : એ.આઈ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૫૬૩; દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કંપની ૨૦૦૦ (૩) એસ.સી.આર. ૫૦૯ : (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪; ઈન્કમ ટેક્સ, ઉદયપુર, રાજસ્થાન વિ. મેકડોવેલ એન્ડ કંપની લિ. ૨૦૦૯ (૮) એસ.સી.આર. ૯૮૩ : (૨૦૦૯) ૧૦ એસ.સી.સી. ૭૫૫; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઈન્ડસ્ટ્રીઝ લિ. ૨૦૦૪ (૧) એસ.સી.આર. ૫૬૪ : (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧; કેરળ રાજ્ય અને અન્ય વિ. માર અપ્રેમ કુરી કંપની લિ. અને અન્ય ૨૦૧૨ (૪) એસ.સી.આર. ૪૪૮ : (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬ – પર આધાર રાખવામાં આવેલ.

ટેક્સેશન – વોલ્યુમ ૧ (૪થી આવૃત્તિ) પ્રકરણ ૨ કુલી દ્વારા – નો સંદર્ભ લેવામાં આવેલ.

૧.૨ જોકે, સાર્વભૌમ સત્તાનો ઉપયોગ સંવિધાનિક મર્યાદાઓને આધીન છે, ખાસ કરીને આપણા જેવી સંઘીય પ્રણાલીમાં જ્યાં રાજ્યો પણ પરવાનગીપાત્ર હદ સુધી કર, શુલ્ક અને ફી લાદતા કાયદાઓ સહિતના કાયદા બનાવવાની સત્તાનો ઉપયોગ કરે છે. કર લાદવાની સત્તા એ માત્ર સંવિધાન દ્વારા નિયંત્રિત સાર્વભૌમ સત્તા હોવાથી, તે સત્તા પરની કોઈપણ મર્યાદા સ્પષ્ટ હોવી જોઈએ. [પેરા ૨૦, ૨૮][૧૮૪–ડી; ૧૮૮–ઈ–એફ]

સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ લિ. અને અન્ય વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય ૧૯૮૯ (૧) સપ્લી. એસ.સી.આર. ૬૨૩ : (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૦૯ – પર આધાર રાખવામાં આવેલ.

મેસર્સ હોઇસ્ટ ફાર્માસ્યુટિકલ્સ લિ. અને અન્ય વિ. બિહાર રાજ્ય અને અન્ય ૧૯૮૩ (૩) એસ.સી.આર. ૧૩૦ : (૧૯૮૩) ૪ એસ.સી.સી. ૪૫; મહારાજ ઉમેગ સિંહ વિ. બોમ્બે રાજ્ય ૧૯૫૫ એસ.સી.આર. ૧૬૪ : એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦; ફર્મ બંસીધર પ્રેમસુખદાસ વિ. રાજસ્થાન રાજ્ય ૧૯૬૬ સપ્લી. એસ.સી.આર. ૮૧ : એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૪૦ – સમર્થન કરવામાં આવેલ.

૧.૩ સંવિધાનના પ્રારંભ પહેલાં દેશના લગભગ ૨/૩ ભાગ પર બ્રિટિશરોનું શાસન હતું, જ્યારે બાકીના ૧/૩ ભાગ પર દેશી રાજ્યો તરીકે પણ જાણીતા રાજવીઓનું શાસન હતું જેઓ પોતાના સંબંધિત પ્રદેશો પર

વિવિધ અંશે સાર્વભૌમત્વ ભોગવતા હતા. આ શાસકો પાસે કર લાદવાની અને વેપાર, વાણિજ્ય તથા આંતરવ્યવહારના પ્રવાહનું નિયમન કરવાની સત્તા હતી. તેમાંના કેટલાકે વેપાર અવરોધો ઊભા કર્યા હતા, જેનાથી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં અવરોધ ઊભો થતો હતો. એક જ રાજકીય એકમની રચના કરવા માટે ભારતના ડોમિનિયનમાં આ દેશી રજવાડાંઓના વિલીનીકરણ સાથે, દેશનો જે ભાગ બ્રિટિશરો દ્વારા શાસિત હતો તે ભાગ 'એ' રાજ્ય તરીકે ઓળખાવા લાગ્યો જ્યારે દેશી રાજ્યો ભાગ 'બી' રાજ્યો બન્યા. આ રાજ્યોના વિલીનીકરણ પછી પણ, સંવિધાને વેપાર અવરોધોના અસ્તિત્વનો સ્વીકાર કરવો પડ્યો હતો અને છેવટે તેને નાબૂદ કરવાના ઉદ્દેશ્ય સાથે સંક્રમણકાલીન જોગવાઈઓ કરવી પડી હતી. તે પૃષ્ઠભૂમિમાં જ, ભારતની સમગ્ર ભૌગોલિક સીમાઓને એક રાજકીય એકમમાં ગૂંથી લેવાના પરિણામે સંવિધાને અનુચ્છેદ ૩૦૧ દ્વારા આવા તમામ વેપાર અવરોધોની નાબૂદીની જોગવાઈ કરી હતી. [પેરા ૪૪][૨૦૯–જી–એચ; ૨૧૦–એ–સી]

એસ.આર. બોમ્માઈ વિ. ભારત સંઘ ૧૯૯૪ (૨) એસ.સી.આર. ૬૪૪ : ૧૯૯૪ (૩) એસ.સી.સી. ૧; ઈન રે: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪૩ હેઠળ (સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪) ૧૯૬૫ એસ.સી.આર. ૪૧૩ : એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૭૪૫; એમ.પી.વી. સુંદરરામિયર વિ. આંધ્ર

પ્રદેશ રાજ્ય ૧૯૫૮ એસ.સી.આર. ૧૪૨૨ : એ.આઇ.આર. ૧૯૫૮ એસ.સી. ૪૬૮ – પર આધાર રાખવામાં આવેલ.

ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં બહુમતી ચુકાદા દ્વારા પ્રતિપાદિત વળતરરૂપી કર સિદ્ધાંતની સંવિધાનિક માન્યતા.

૧.૪ વળતરરૂપી કર સંવિધાનના ભાગ ૧૩ ની બહાર ત્યારે જ આવશે જો કરદાતાઓ કરારોપણને અનુરૂપ લાભો અને સુવિધાઓ મેળવતા હોય. ગમે તેટલો પરોક્ષ કે દૂરનો હોય તેવો કોઈપણ અને પ્રત્યેક લાભ, અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનના કારણોસર થયેલા આક્ષેપ સામે કરારોપણને બચાવી શકશે નહીં. વળતરરૂપી કર સિદ્ધાંત ખરેખર ટકી શકે તેમ છે કે કેમ તે પ્રશ્નને સ્પર્શતા ત્રણ વિશિષ્ટ પાસાંઓ આ મુજબ છે: પ્રથમ તો, વળતરરૂપી કરનો ખ્યાલ સંવિધાન દ્વારા માન્ય રાખવામાં આવ્યો નથી. કર એ સામાન્ય જાહેર હિત માટે નાણાંની ફરજિયાત ઉઘરાણી છે. જો કર આખરે વ્યાપક જાહેર હિત સાધવા માટે અને સરકારી તંત્ર ચલાવવા તથા લોકોને સભ્ય જીવન જીવવા માટે આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા માટે જ હોય, તો વ્યાપક અર્થમાં કરનું સ્વરૂપ બિન–વળતરરૂપી હોવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. બીજું એ કે, વળતરરૂપી કરનો ખ્યાલ કર અને ફી વચ્ચેના તફાવતને ભૂંસી નાખે છે. કર અને ફી વચ્ચેનો આવશ્યક તફાવત એ છે કે જ્યારે કરમાં ક્વિડ પ્રો કવોનું કોઈ તત્વ હોતું નથી, ત્યારે તે તત્વ વિનાની ફી કાયદેસર રીતે

લાદી શકાતી નથી. ત્રીજું અને છેલ્લે, વળતરરૂપી કર ભાગ ૧૩ ની બહાર હોવાનો ખ્યાલ વાસ્તવિક વ્યવહારમાં લાગુ કરવો મુશ્કેલ છે. આ કેસોમાં રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા મોટાભાગના કાયદાઓમાં તે હેઠળ લાદવામાં આવેલા પ્રવેશ કરને વળતરરૂપી સ્વરૂપનો ગણાવવામાં આવ્યો છે. આ કદાચ સદર કરારોપણને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના દૂષણમાંથી બહાર લઈ જવા માટે કરવામાં આવ્યું હોઈ શકે છે. જોકે, પ્રશ્ન એ છે કે શું સદર કાયદાની શરતો અનુસાર એકત્રિત કરવામાં આવેલી કરની રકમનો ખરેખર રાજ્ય દ્વારા કરદાતાઓને સેવાઓ અને લાભો પૂરા પાડવા અથવા જાળવવાના હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે અને શું સંબંધિત રાજ્યે સદર કાયદાના અંતર્ગત રહેલા જાહેર હેતુ માટે ખરેખર તે રકમનો ઉપયોગ કર્યો છે કે કેમ તે નક્કી કરવા માટે કોર્ટ નાણાંના પ્રવાહની તપાસ કરી શકે છે. આ પ્રક્રિયા ગંભીર મુશ્કેલીઓથી ભરેલી છે. તેથી, વળતરરૂપી કર સિદ્ધાંતનો વાસ્તવિક અમલ એટલી હદે મુશ્કેલીઓમાં મુકાય છે કે કોઈ તબક્કે આ સિદ્ધાંત પડી ભાંગે છે. વળતરરૂપી કર સિદ્ધાંત કાનૂની રીતે અસમર્થનીય હતો અને તેને ત્યજી દેવા પાત્ર હતો. [ફકરા ૬૩, ૬૪ અને ૬૫][૨૩૮–ઈ; ૨૩૯–બી; ૨૪૦–એફ–જી; ૨૪૧–સી–ઈ]

કમિશનર, હિન્દુ રિલિજિયસ એન્ડોમેન્ટ્સ, મદ્રાસ વિ. શ્રી લક્ષ્મીન્દ્ર તીર્થ સ્વામીયાર ઓફ શ્રી શિરુર મઠ ૧૯૫૪ એસ.સી.આર. ૧૦૦૫ : એ.આઇ.આર. ૧૯૫૪ એસ.સી. ૨૮૨; મહંત શ્રી જગન્નાથ રામાનુજ દાસ અને અન્ય વિ.

ઓરિસ્સા રાજ્ય અને અન્ય ૧૯૫૪ એસ.સી.આર. ૧૦૪૬ : એ.આઇ.આર. ૧૯૫૪ એસ.સી. ૪૦૦; ધ હિંગિર–રામપુર કોલ કંપની લિ. વિ. ઓરિસ્સા રાજ્ય ૧૯૬૧ એસ.સી.આર. ૫૩૭ : એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૪૫૯; કોર્પોરેશન ઓફ કલકત્તા અને અન્ય વિ. લિબર્ટી સિનેમા ૧૯૬૫ એસ.સી.આર. ૪૭૭ : એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૧૦૭; કેવલ કૃષ્ણ પુરી અને અન્ય વિ. પંજાબ રાજ્ય ૧૯૭૯ (૩) એસ.સી.આર. ૧૨૧૭ : (૧૯૮૦) ૧ એસ.સી.સી. ૪૧૬; કૃષિ ઉપજ મંડી સમિતિ અને અન્ય વિ. ઓરિએન્ટ પેપર એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિ. ૧૯૯૪ (૫) સપ્લી. એસ.સી.આર. ૩૯૨ : (૧૯૯૫) ૧ એસ.સી.સી. ૬૫૫; ગુજરાત રાજ્ય અને અન્ય વિ. અખિલ ગુજરાત પ્રવાસી વી.એસ. મહામંડળ ૨૦૦૪ (૩) એસ.સી.આર. ૯૫૬ : (૨૦૦૪) ૫ એસ.સી.સી. ૧૫૫; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. અને અન્ય ૨૦૦૪ (૧) એસ.સી.આર. ૫૬૪ : (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧ – નો સંદર્ભ લેવામાં આવેલ.

થોમસ એમ. કુલી દ્વારા ધ લો ઓફ ટેક્સેશન; પી. રામનાથ ઐયર દ્વારા ધ મેજર લો લેક્સિકોન – વોલ્યુમ ૬ – ૪થી આવૃત્તિ – પૃષ્ઠ નં. ૬૬૭૮ અને ૬૬૭૯; બ્લેકવેલ ઓન ટેક્સ ટાઇટલ્સ જેમ કે 'ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિ. વિ. બિહાર રાજ્ય, એ.આઇ.આર. ૧૯૯૧ પટના ૭૫, ૮૧' માં ટાંકવામાં આવેલ છે; બ્લેક્સ લો ડિક્શનરી, ૭મી આવૃત્તિ, પૃષ્ઠ ૧૪૬૯; સીરવાઈનું પુસ્તક (વોલ્યુમ ૩, પૃષ્ઠ ૨૬૦૭) – નો સંદર્ભ લેવામાં આવેલ.

૧.૫.૧ અનુચ્છેદ ૩૦૧ નું સાદું વાંચન દર્શાવે છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કોઈપણ રીતે નિરપેક્ષ નથી, અને તે સંવિધાનના ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન છે. તે જોગવાઈઓમાં અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ નો સમાવેશ થાય છે, જે તે પ્રતિબંધોના સ્વરૂપ અને વ્યાપ્તિ સાથે સીધો સંબંધ ધરાવે છે જેને આધીન રહીને જ અનુચ્છેદ ૩૦૧ માં ઉલ્લેખિત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાના અધિકારનો ઉપયોગ કરી શકાય છે. અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૨ ને સાથે વાંચતાં સ્પષ્ટ થાય છે કે, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા એવા પ્રતિબંધોને આધીન છે જે સંસદ કાયદા દ્વારા જાહેર હિતમાં લાદી શકે છે. આમ, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનું નિરપેક્ષ સ્વરૂપ સમાપ્ત થઈ જાય છે કારણ કે અનુચ્છેદ ૩૦૨ પોતે સંસદને જાહેર હિતમાં જરૂરી જણાય તેવા પ્રતિબંધો લાદવાની સત્તા આપે છે. બદલામાં, અનુચ્છેદ ૩૦૩ સંસદ અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર પ્રતિબંધો મૂકે છે. અનુચ્છેદ ૩૦૩ નું કાળજીપૂર્વકનું વાંચન દર્શાવે છે કે, અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદમાં નિહિત સત્તા હોવા છતાં, તે સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્યને લગતી કોઈપણ પ્રવિષ્ટિના આધારે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો હોય કે પ્રાધાન્ય આપવા સત્તા આપતો હોય, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો હોય કે ભેદભાવ કરવા સત્તા આપતો હોય તેવો કોઈ કાયદો બનાવી શકશે

નહીં. આમ, અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) અને (૨) નું સંયુક્ત વાંચન સ્પષ્ટ કરે છે કે, જ્યારે સંસદ/રાજ્યના વિધાનમંડળ પાસે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપીને અથવા આપવા માટે સત્તા આપીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધ લાદતો કાયદો બનાવવાની કોઈ સત્તા રહેશે નહીં, ત્યારે સંસદની વૈધાનિક સત્તા પરની આવી મર્યાદા કોઈપણ પ્રાધાન્ય આપવા અથવા કોઈપણ ભેદભાવ કરવા કે કરવા સત્તા આપવા સુધી લાગુ થશે નહીં જો કાયદા દ્વારા એવી જાહેરાત કરવામાં આવે કે માલની અછતને કારણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે જેના લીધે તેમ કરવું જરૂરી બન્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, સંસદ ભલે અનુચ્છેદ ૩૦૨ હેઠળ જાહેર હિતમાં પ્રતિબંધો લાદી શકે, પરંતુ આ રીતે લાદવામાં આવેલો પ્રતિબંધ એક રાજ્ય અથવા બીજા રાજ્ય વચ્ચે પ્રાધાન્ય આપવાના કે ભેદભાવ કરવાના સ્વરૂપનો રહેશે નહીં, સિવાય કે જ્યારે કાયદો એવી જાહેરાત કરે કે ભારતના કોઈપણ ભાગમાં માલની અછતને કારણે આવું પ્રાધાન્ય કે ભેદભાવ કરવો જરૂરી બન્યો છે. [ફકરા ૬૬, ૬૮][૨૪૨–બી–સી, એફ; ૨૪૩–ડી–એચ; ૨૪૪–એ–બી]

૧.૫.૨ અનુચ્છેદ ૩૦૪ "નોન–ઓબસ્ટેન્ટ" ખંડથી શરૂ થાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) કરને સ્વયં એક પ્રતિબંધ ગણવાથી તદ્દન વિપરીત, અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર તે લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને વિશેષરૂપે માન્યતા

આપે છે. 'કાયદા દ્વારા લાદી શકશે' શબ્દપ્રયોગ કર લાદવાની સત્તા પર ચોક્કસપણે કોઈ પ્રતિબંધ નથી. જોકે, તેનો અર્થ એવો નથી કે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવાની સત્તા બિનશરતી અથવા અમર્યાદિત છે. તે સત્તા પર બે પ્રતિબંધો રહેલા છે. "જેને તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ આધીન હોય" એ શબ્દો આવો કોઈપણ કર લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તા પર પ્રથમ પ્રતિબંધ મૂકે છે. આ શબ્દો એવો નિર્દેશ કરે છે કે અન્ય રાજ્યોમાંથી માલની આયાત પરનો કર ત્યારે જ વાજબી ગણાશે જો તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર પણ કર લાદવામાં આવતો હોય. બીજો પ્રતિબંધ "જોકે, જેથી આ રીતે આયાત કરવામાં આવેલ માલ અને આ રીતે ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય" એ શબ્દપ્રયોગમાંથી આવે છે. રાજ્ય વિધાનમંડળ કર લાદવાની બાબતમાં અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા માલ અને આવો કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે ભેદભાવ કરી શકે નહીં. તેથી, અનુચ્છેદ ૩૦૪(એ) ની ચોખ્ખી અસર એ છે કે જ્યારે અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવાનું સંવિધાનિક રીતે અનુમતિપાત્ર હોવાનું સ્પષ્ટપણે માન્ય રાખવામાં આવ્યું છે, ત્યારે આવી સત્તાનો ઉપયોગ આ બે પ્રતિબંધિત શરતોને આધીન છે. જોકે, તેનાથી એ પ્રતિપાદન નબળું પડતું નથી કે જ્યાં સુધી રાજ્ય વિધાનમંડળો તે સત્તાના ઉપયોગ પર

મૂકવામાં આવેલી મર્યાદાઓનું પાલન કરે, ત્યાં સુધી અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવો સંવિધાનિક રીતે અનુમતિપાત્ર છે. [ફકરો ૬૯][૨૪૪–ઈ–એફ, જી–એચ; ૨૪૫–એ–ઈ]

૧.૬ પ્રશ્ન એ છે કે શું ખંડ (એ) અને (બી) સંયુક્ત રીતે વાંચવાના રહેશે.

અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) બે અલગ–અલગ વિષયો સાથે સંબંધિત છે અને તેથી, તે એકબીજાથી સ્વતંત્ર હોવાનું સમજવું જોઈએ. જ્યારે ખંડ (એ) સંપૂર્ણપણે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર કર લાદવા સાથે સંબંધિત છે, ત્યારે ખંડ (બી) જાહેર હિતમાં વ્યાજબી પ્રતિબંધ લાદવા સાથે સંબંધિત છે. એ સુવિદિત છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈ મુજબ કર લાદવાની સાથે, વ્યાજબી કે અવ્યાજબી, એવો કોઈપણ પ્રતિબંધ લાદવામાં આવી પણ શકે અથવા ન પણ આવી શકે. ખંડ (એ) અને (બી) વચ્ચે 'અને' શબ્દનો ઉપયોગ એવા અર્થઘટનને સ્વીકારતો નથી કે જે વિધાનમંડળ પર કર અને પ્રતિબંધ બંને ફરજિયાતપણે એકસાથે લાદવાની કોઈ જવાબદારી મૂકે. કાયદો વ્યાજબી કે અન્યથા કોઈપણ પ્રતિબંધ વિના માત્ર કર લાદી શકે છે અથવા તે કોઈપણ પ્રકારનો કર લાદ્યા વિના માત્ર જાહેર હિતમાં વ્યાજબી પ્રતિબંધ લાદી શકે છે. તે કર પણ લાદી શકે છે અને જાહેર હિતમાં જરૂરી જણાય તેવો વ્યાજબી પ્રતિબંધ પણ લાદી શકે છે. તેમાં વપરાયેલ શબ્દાવલિને ધ્યાને લેતાં ત્રણેય પરિસ્થિતિઓ અનુચ્છેદ ૩૦૪ હેઠળ સંપૂર્ણપણે આવરી લેવાયેલ છે

અને માન્ય છે. વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદામાં જે સંદર્ભમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના આધારે 'અને' શબ્દનો અર્થ 'અથવા' તેમજ 'અને' બંને થઈ શકે છે. કર લાદવો એ ભાગ ૧૩ હેઠળ પ્રતિબંધ બનતો નથી સિવાય કે તેવા કિસ્સાઓમાં જ્યાં તે ભેદભાવયુક્ત પ્રકૃતિનો હોય. એકવાર અનુચ્છેદ ૩૦૪(એ) ને તે રીતે સમજવામાં આવે, તો વ્યાજબી પ્રતિબંધો સાથે સંબંધિત ખંડ (બી) અનિવાર્યપણે કર સિવાયના અન્ય પ્રતિબંધોને જ લાગુ થવો જોઈએ. તેથી ફલિત થાય છે કે કર લાદવા માટે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળના પરંતુકની શરતો મુજબ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સંપૂર્ણપણે બિનજરૂરી રહેશે. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની સાદી ભાષા પરથી આ દ્રષ્ટિકોણને સમર્થન મળે છે, જે ખંડ (બી) માં ઉલ્લેખિત વ્યાજબી પ્રતિબંધો સંબંધિત કાયદા પૂરતો મર્યાદિત છે. [ફકરા ૭૦, ૭૧][૨૪૫–એફ–જી; ૨૪૬–સી–એચ]

૨. જોગવાઈના શાબ્દિક અર્થને તેના સંદર્ભગત અર્થ સાથે સુસંગત બનાવતા અર્થઘટનને કોર્ટો દ્વારા એકના ભોગે બીજાને પ્રાધાન્ય આપતા અર્થઘટન કરતાં વધુ પસંદ કરવામાં આવે છે. પ્રશ્ન એ છે કે શું અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ નું કરવામાં આવેલ શાબ્દિક અર્થઘટન તેના સંદર્ભગત અર્થ સાથે મેળ બેસે છે. ભાગ ૧૩ નું સંદર્ભગત અર્થઘટન અનિવાર્યપણે સદર ભાગના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી શરૂ થવું જોઈએ. ભાગ ૧૩ નો ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ ના સ્વરૂપમાં એક ઐતિહાસિક પુરોગામી હતો, જે તે સમયે બ્રિટિશ શાસનને આધીન એવા ભારતના પ્રદેશને સમાવતા તથા બ્રિટિશ ઈન્ડિયા કહેવાતા પ્રદેશનું શાસન

ચલાવતો હતો. બાકીના પ્રદેશો તે સમયે દેશી રજવાડાઓ હતા, જેઓ સર્વોચ્ચ સત્તા દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓની અંદર સાર્વભૌમ અધિકારોનો દાવો કરતા હતા. કર લાદવાની સત્તા એ દેશી રજવાડાઓ દ્વારા ભોગવવામાં આવતી આવી જ એક સત્તા હતી, જેના કારણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહને અવરોધતા જકાત અવરોધો ઊભા થયા હતા. કલમ ૨૯૭ નો ઉદ્દેશ્ય આવા વેપાર અવરોધોને દૂર કરવાનો હતો. તેણે પ્રાંતીય વિધાનમંડળ દ્વારા એવો કોઈપણ કાયદો ઘડવા અથવા કોઈપણ કારોબારી પગલું ભરવા સામે મનાઈ ફરમાવી હતી કે જે કોઈપણ વર્ગ અથવા પ્રકારના માલના પ્રાંતમાં પ્રવેશ અથવા પ્રાંતમાંથી નિકાસ પર પ્રતિબંધ મૂકે. વધુ મહત્ત્વનું એ છે કે, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭(૧) ના ખંડ (બી) ની જોગવાઈ મુજબ, કોઈપણ પ્રાંતીય વિધાનમંડળ કે સરકાર એવો કોઈપણ કર, ઉપકર, ટોલ અથવા લેણું લાદી શકતી ન હતી જે પ્રાંતમાં ઉત્પાદિત કે નિર્મિત માલ અને તે રીતે ઉત્પાદિત કે નિર્મિત ન થયેલા માલ વચ્ચે અથવા પ્રાંતની બહાર ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે, કોઈ એક વિસ્તારમાં ઉત્પાદિત કે નિર્મિત માલ અને અન્ય વિસ્તારમાં ઉત્પાદિત કે નિર્મિત તેવા જ માલ વચ્ચે ભેદભાવ કરતો હોય. ભારતે આઝાદી પ્રાપ્ત કર્યા પછી, તેના દ્વારા અપનાવવામાં આવેલા સંવિધાનના ભાગ ૧૩ નો ઉદ્દેશ્ય આર્થિક એકતા લાવવાનો હતો. ભાગ ૧૩ પાછળનો હેતુ સમગ્ર ભારતના પ્રદેશમાં માલની હેરફેર અને વિનિમયને મુક્ત બનાવવાનો હતો.

આ બાબત અનુચ્છેદ ૩૦૧ થી અનુચ્છેદ ૩૦૪ દ્વારા ૧૯૩૫ ના એક્ટની અંતર્ગત રહેલી યોજનાને મોટા પાયે અપનાવીને પ્રાપ્ત કરવામાં આવી હતી. સદર જોગવાઈઓ અને ૧૯૩૫ ના એક્ટની કલમ ૨૯૭ વચ્ચેનો એકમાત્ર તફાવત એ હતો કે પાછળથી જણાવેલ કલમમાં પ્રતિપાદિત સિદ્ધાંતો કેન્દ્ર સરકાર અને કેન્દ્રીય સંસદ સુધી તથા વિલીનીકરણ પછી ભારતનો ભાગ બનેલા પ્રદેશ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા હતા. ૧૯૩૫ ના એક્ટમાં અને સંવિધાનના ભાગ ૧૩ હેઠળ માન્ય રાખવામાં આવેલ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનો સાર સમાન જ રહ્યો. [ફકરા ૭૩, ૭૪ અને ૭૭][૨૪૮–સી; ૨૪૯–બી–એચ; ૨૫૦–એ–બી]

રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા વિ. પીઅરલેસ જનરલ ફાઇનાન્સ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કંપની લિ. ૧૯૮૭ (૨) એસ.સી.આર. ૧ : (૧૯૮૭) ૧ એસ.સી.સી. ૪૨૪ – પર આધાર રાખવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા (૪થી આવૃત્તિ) લેખક એચ. એમ. સેરવાઈ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૩.૧ રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતા માત્ર સંવિધાનની સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા જ સીમિત કરી શકાય છે અને જ્યાં સુધી રાજ્યોની સંપૂર્ણ કર લાદવાની સત્તા પર કોઈ સ્પષ્ટ મર્યાદા ન હોય, ત્યાં સુધી તે સત્તાના ઉપયોગ પર અન્ય કોઈ બંધન રહેતું નથી. આ સિદ્ધાંતને પ્રસ્તુત

કેસમાં લાગુ કરતાં, સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) માં ઉલ્લેખિત મર્યાદા સિવાય અન્ય રાજ્યોમાંથી માલની આયાત પર કર લાદવાની રાજ્યની સત્તા પર કોઈ વિશિષ્ટ મર્યાદા નથી. તે મર્યાદા અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરામાં આવતા ભેદભાવયુક્ત કર લાદવા પૂરતી સીમિત છે. પ્રસ્તુત કેસોમાં સૂચિ ૨ ની પ્રવિષ્ટિ પર૨ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ ની જોગવાઈઓ મુજબ કર લાદવાની સત્તા વિવાદમાં ન હોવાથી, ભલે તે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર ખાતર હોય કે અન્યથા, આવી સત્તાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતી કોઈપણ ચોક્કસ મર્યાદાની ગેરહાજરીનો સીધો અર્થ એ છે કે રાજ્ય વિધાનમંડળો બિન–ભેદભાવપૂર્ણ સ્વરૂપના કર લાદવા માટે સ્વતંત્ર છે. [ફકરા ૭૯, ૮૦] [૨૫૧–ડી–જી]

૩.૨ આપણા સંવિધાનની જોગવાઈઓનો ઉદ્દેશ્ય વૈધાનિક અને કારોબારી ક્ષેત્રોમાં રાજ્યોને નોંધપાત્ર અને મહત્ત્વપૂર્ણ સત્તાઓ પ્રદાન કરવાનો અને જાળવી રાખવાનો છે જેથી રાજ્યો તેમના શાસનના ક્ષેત્રમાં સ્વાયત્તતા અને સાર્વભૌમત્વનો પોતાનો હિસ્સો ભોગવી શકે. આ બદલામાં, ભાગ ૧૩ માં સમાવિષ્ટ જોગવાઈઓ સહિત સંવિધાનની જોગવાઈઓનું સંઘીય માળખાને નબળું પાડવા કે ક્ષીણ કરવાને બદલે તેનું રક્ષણ કરે અને તેને પ્રોત્સાહન આપે તે રીતે અર્થઘટન કરીને કરી શકાય છે. તેથી, આપણી સંવિધાનિક યોજનાના સંઘીય સ્વરૂપને નબળું પાડવાનું વલણ ધરાવતા અભિગમને ટાળવો જ જોઈએ અને સંવિધાનની

જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે અદાલતો દ્વારા એવા અભિગમને પ્રાધાન્ય આપવું જોઈએ જે સંઘવાદના ખ્યાલને સમર્થન આપે અને પ્રોત્સાહિત કરે. સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તા પરસ્પર અનન્ય છે. જ્યારે સંસદ રાજ્યો માટે અનામત રાખવામાં આવેલા વિષયો પર કાયદો ઘડી શકતી નથી, ત્યારે રાજ્યો પણ તે જ રીતે સંઘની કર લાદવાની સત્તાઓ પર અતિક્રમણ કરી શકતા નથી. જો સંવિધાનિક યોજના સંસદને રાજ્ય વિધાનમંડળોની કર લાદવાની સત્તાઓ હડપ કરવાની મંજૂરી આપતી નથી, તો કોઈપણ કરવેરાના કાયદા માટે કેન્દ્રીય કારોબારીની સંમતિને એક આવશ્યક પૂર્વશરત બનાવવાના ઓઠા હેઠળ પણ સત્તા હડપ કરવાની આવી પ્રક્રિયાને મંજૂરી આપી શકાય નહીં. [ફકરા ૮૧, ૮૩ અને ૮૪] [૨૫૨–બી–સી; ૨૫૪–ઈ, જી–એચ; ૨૫૫–એ]

મેસર્સ ઇન્ટરનેશનલ ટૂરિસ્ટ કોર્પોરેશન અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૧૯૮૧ (૨) એસ.સી.આર. ૩૬૪ : (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૧૮; આઈ.ટી.સી. લિમિટેડ વિ. એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી અને અન્ય ૨૦૦૨ (૧) એસ.સી.આર. ૪૪૧ : (૨૦૦૨) ૯ એસ.સી.સી. ૨૩૨ – પર આધાર રાખવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ (વોલ્યુમ ૯ પૃષ્ઠ ૧૧૩૧) – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૩.૩ અનુચ્છેદ ૩૦૧ માં આવતો 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન' એ શબ્દપ્રયોગ અને અનુચ્છેદ ૩૦૪ માં આવતો નોન–ઓબસ્ટેન્ટ ખંડ અલગ–અલગ દિશાઓમાં દોરી જતા નથી. સદર શબ્દપ્રયોગોના ઉપયોગના કારણે આ બંને જોગવાઈઓ વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. વ્યક્તિગત રીતે કે સંયુક્ત રીતે અર્થઘટન કરવામાં આવે તો પણ, આ બંને શબ્દપ્રયોગોનો સીધો અર્થ એ થાય છે કે અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ પર અગ્રતા ધરાવે છે. [ફકરો ૯૧] [૨૬૦–એફ–જી]

૩.૪ હવે એ બાબત સારી રીતે સુસ્થાપિત છે કે કોર્ટો લાદવામાં આવી શકે તેવા કરના પ્રમાણ તેમજ જે વિષયો અને વ્યક્તિઓ પર તે લાદવામાં આવી શકે છે તે બાબતે વિધાનમંડળ પ્રત્યે નોંધપાત્ર આદર દર્શાવે છે. કરવેરા સંબંધી કાયદાને પડકારવાનો અવકાશ સીમિત છે માત્ર તે કારણસર એવું ઠેરવવાનું કોઈ કારણ નથી કે, તે લાદનાર વિધાનમંડળની સક્ષમતા હેઠળ અન્યથા આવતો હોય તેવો કર લાદવો એ અનુચ્છેદ ૩૦૧ હેઠળ સુનિશ્ચિત મુક્ત વેપાર અને વાણિજ્ય પરના પ્રતિબંધ તરીકે ગણવો જોઈએ, જે અનુચ્છેદ શાબ્દિક કે સંદર્ભગત રીતે કરવેરા લાદવાને અડચણરૂપ ગણતો નથી, સિવાય કે એવા કિસ્સાઓમાં જ્યાં તે કરવેરો પ્રકૃતિગત રીતે ભેદભાવપૂર્ણ હોય અને તેથી સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો હોય. [ફકરો ૯૬][૨૬૪–સી–ઈ]

રામજીલાલ વિ. ઇન્કમ ટેક્સ ઓફિસર, મોહિન્દરગઢ ૧૯૫૧ એસ.સી.આર. ૧૨૭ : એ.આઇ.આર. ૧૯૫૧ એસ.સી. ૯૭; કુન્નાથત થથુન્ની મૂપિલ નાયર વિ. કેરળ રાજ્ય અને અન્ય ૧૯૬૧ એસ.સી.આર. ૭૭ : એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૫૫૨; લક્ષ્મણપ્પા હનુમંતપ્પા જામખંડી વિ. ભારત સંઘ એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩ – પર આધાર રાખવામાં આવેલ.

મેસર્સ ભગતરામ રાજીવ કુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. અને અન્ય ૧૯૯૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૯૧ : ૧૯૯૫ સપ્લી. (૧) એસ.સી.સી. ૬૭૩; બિહાર રાજ્ય અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ૧૯૯૬ (૨) એસ.સી.આર. ૧૮૪ : (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬; જિંદાલ સ્ટ્રાઇપ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૩ (૪) સપ્લી. એસ.સી.આર. ૧૫૪ : (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦; જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ વિ. મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય ૨૦૦૮ (૧૭) એસ.સી.આર. ૧૨૮૨ : (૨૦૦૯) ૭ એસ.સી.સી. ૩૩૯; જિંદાલ સ્ટેઇનલેસ લિમિટેડ અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૧૦ (૪) એસ.સી.આર. ૭૪૩ : (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૫૯૫; કેશવ મિલ્સ કંપની લિ. વિ. સી.આઇ.ટી. ૧૯૬૫ એસ.સી.આર. ૯૦૮ : એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૬૩૬; જી. કે. ક્રિષ્નન વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૧૫ : (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫; કિહોતો હોલોહાન વિ. ઝચીલ્હુ ૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬ : (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૬૫૧; ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન અને અન્ય વિ. કર્ણાટક રાજ્ય ૨૦૦૨ (૩)

સપ્લી. એસ.સી.આર. ૫૮૭ : (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧; ચીફ જસ્ટિસ ઓફ આંધ્ર પ્રદેશ અને અન્ય વિ. એલ. વી. એ. દીક્ષિતુલુ અને અન્ય ૧૯૭૯ (૧) એસ.સી.આર. ૨૬ : (૧૯૭૯) ૨ એસ.સી.સી. ૩૪; કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય ૧૯૭૩ સપ્લી. એસ.સી.આર. ૧ : (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫; કુલદીપ નાયર વિ. ભારત સંઘ અને અન્ય ૨૦૦૬ (૫) સપ્લી. એસ.સી.આર. ૧ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧; શ્રીમતી ઉજ્જમ બાઈ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય ૧૯૬૩ એસ.સી.આર. ૭૭૮ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૬૨૧ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૩.૫ ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ચુકાદા દ્વારા વિકસાવવામાં આવેલ "પ્રત્યક્ષ અને તાત્કાલિક" અસરની કસોટી પોતે જ હવે હળવી અને નબળી પડી ગઈ છે. ઓસ્ટ્રેલિયામાં પ્રવર્તમાન દ્રષ્ટિકોણ એવો છે કે સંરક્ષણવાદી પગલા તરીકે દાખલ કરાયેલા માત્ર એવા જ કર કે જે ભેદભાવપૂર્ણ છે, તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ તરીકે કામ કરે છે. [ફકરો ૧૦૨][૨૬૮–બી–સી]

જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા (૧૯૩૬) એ.સી. ૫૭૮; કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા અને અન્ય વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ અને અન્ય [૧૯૫૦] એ.સી. ૨૩૫; કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા અને અન્ય વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ અને અન્ય [૧૯૫૦] એ.સી. ૨૩૫; મેકકુલોચ વિ. મેરીલેન્ડ, ૧૭ યુ.એસ. ૩૧૬ (૧૮૧૯) – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

"અ ટ્રીટાઇઝ ઓન ધ કોન્સ્ટીટ્યુશનલ લિમિટેશન્સ" (૮મી આવૃત્તિ ૧૯૨૭ વોલ્યુમ ૨ પૃષ્ઠ ૯૮૬) થોમસ એમ. કુલી દ્વારા – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૩.૬ માત્ર કર ઊંચો છે તે કારણસર તે પોતાનું સ્વરૂપ બદલી નાખે અને ભાગ ૧૩ ના અર્થ અંતર્ગત પ્રતિબંધનું સ્વરૂપ ધારણ કરી લે તેવું કોઈ કારણ નથી, ભલે આવા ભારે બોજથી વ્યથિત કોઇપણ વ્યક્તિને સંવિધાનના ભાગ ૩ હેઠળ તેને ઉપલબ્ધ હોય તેવા તમામ કારણોસર તેને પડકારવાની સ્વતંત્રતા રહેશે. [ફકરો ૧૧૬][૨૭૮–બી]

મદ્રાસ રાજ્ય વિ. એન. કે. નટરાજ મુદલિયાર ૧૯૬૮ એસ.સી.આર. ૮૨૯ : એ.આઇ.આર. ૧૯૬૯ એસ.સી. ૧૪૭ – પર આધાર રાખવામાં આવેલ.

રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય ૧૯૬૩ એસ.સી.આર. ૨૨૦ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૫૬૩; ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વગેરે વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૯૧૮ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪; વાય. વી. શ્રીનિવાસમૂર્તિ અને અન્ય વિ. મૈસૂર રાજ્ય અને અન્ય એ.આઇ.આર. ૧૯૫૯ એસ.સી. ૮૯૪; ડી. જી. ગોઝ એન્ડ કંપની (એજન્ટ્સ) (પ્રા.) લિ. વિ. કેરળ રાજ્ય અને અન્ય ૧૯૮૦ (૧) એસ.સી.આર. ૮૦૪ : (૧૯૮૦) ૨ એસ.સી.સી. ૪૧૦; એ. સુરેશ અને અન્ય વિ. તમિલનાડુ રાજ્ય અને અન્ય

૧૯૯૬ (૮) સપ્લી. એસ.સી.આર. ૯૪૭ : (૧૯૯૭) ૧ એસ.સી.સી. ૩૧૯ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૪.૧ શું અનુચ્છેદ ૩૦૩ માં આવતો "વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" શબ્દપ્રયોગ કર લાદવા સંબંધિત પ્રવિષ્ટિઓનો પણ સમાવેશ કરવા માટે પૂરતો વ્યાપક છે કે કેમ.

વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ પોતાની મેળે વિધાનમંડળને કર લાદવાની સત્તા આપવા માટે પૂરતી નથી. સંવિધાનિક યોજના એવી છે કે કરવેરા સંબંધિત પ્રવિષ્ટિ અન્ય પ્રવિષ્ટિઓથી અલગ છે અને કર લાદવાનું ત્યારે જ શક્ય બને છે જો એવી કોઈ પ્રવિષ્ટિ હોય જે સક્ષમ વિધાનમંડળને તે લાદવા માટે સત્તા આપતી હોય. અનુચ્છેદ ૩૦૩ એ અનુચ્છેદ ૩૦૨ નો અપવાદ છે, કારણ કે તે જાહેર હિતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધો લાદવા માટે અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદને મળેલી સત્તાને મર્યાદિત કરે છે. અનુચ્છેદ ૩૦૨ હેઠળ વપરાયેલી સત્તાનો ઉપયોગ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપે તે રીતે કરી શકાતો નથી, સિવાય કે અનુચ્છેદ ૩૦૩(૨) હેઠળ આવરી લેવાયેલી સ્થિતિ હોય એટલે કે ભારતના પ્રદેશના કોઈપણ ભાગમાં માલની અછતથી ઉદ્ભવતી સ્થિતિ. [ફકરા ૧૧૭–૧૧૯][૨૭૮–ઈ, જી–એચ; ૨૭૯–એ; ૨૮૦–ઈ–એફ]

એમ. પી. વી. સુંદરરામિયર વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય ૧૯૫૮ એસ.સી.આર. ૧૪૨૨ : એ.આઇ.આર. ૧૯૫૮ એસ.સી. ૪૬૮ – પર આધાર રાખવામાં આવેલ.

૪.૨ શું રાજ્યમાં સ્થાનિક વિસ્તારની બહારથી માલની આયાત પર પ્રવેશ કર લાદવો એ આપમેળે ભેદભાવપૂર્ણ ગણાશે જો આ રીતે આયાત કરાયેલ માલ અથવા સમાન માલનું તે રાજ્યમાં ઉત્પાદન કે નિર્માણ થતું ન હોય.

અનુચ્છેદ ૩૦૪(એ) ભેદભાવપૂર્ણ કરારોપણ પર પ્રહાર કરે છે જેનો અર્થ એ થાય છે કે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ અને બહારથી આયાત કરવામાં આવતા માલ વચ્ચે કરવેરો અસમાન રીતે લાદવામાં આવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) માં રહેલી બાંયધરીનો મુખ્ય સાર એ છે કે કરવેરાની બાબતમાં એકસરખા અથવા સમાન માલ સાથે એકસરખો વ્યવહાર કરવામાં આવે. તેથી, પ્રશ્ન એ છે કે શું પ્રવેશ કર હેઠળ આવરી લેવાયેલ માલ કર લાદનાર રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત ન થતો હોય તો શું તે બાંયધરીનું ઉલ્લંઘન થાય છે. તેનો ઉત્તર નકારાત્મક છે. તેનું કારણ એ છે કે જો રાજ્ય બહારથી આવતો માલ તે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલની તુલનામાં પ્રતિકૂળ સ્થિતિમાં ન મુકાતો હોય, તો કોઈપણ ભેદભાવનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એ સાચું છે કે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત ન થતા હોય તેવા માલ પર કર લાદવાથી આવો માલ વધુ મોંઘો થવાની સંભાવના છે પરંતુ તે આ કરારોપણને ગેરસંવિધાનિક ગણવા માટે પૂરતું નથી. પોતાના પ્રજાજનોની જરૂરિયાતોથી વાકેફ સંવેદનશીલ

સરકાર પર આવા કરવેરા પૂરતા પ્રમાણમાં નીચા રાખવાનું જબરદસ્ત દબાણ રહેશે જેથી તેના પ્રજાજનો તેને સહન કરવા સક્ષમ બને. આપણી શાસન પ્રણાલી અંતર્ગત લોકતાંત્રિક પ્રક્રિયાઓ અને દબાણો જ આ સંબંધમાં કોઈપણ વિચલનનો ઉકેલ લાવી દેશે. જોકે, જે બાબત સંપૂર્ણપણે સ્પષ્ટ છે તે એ છે કે માત્ર કરપાત્ર માલ જેવો જ કે સમાન માલ તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત થતો નથી તે માત્ર કારણસર અનુચ્છેદ ૩૦૪(એ) આવા કરારોપણને અયોગ્ય ઠેરવશે નહીં. [ફકરો ૧૨૨][૨૮૨–સી–જી]

કલ્યાણી સ્ટોર્સ વિ. ઓરિસ્સા રાજ્ય (૧૯૬૬) ૧ એસ.સી.આર. ૮૬૫ – લાગુ ન પડતું હોવાનું ઠેરવવામાં આવેલ.

૪.૩ ધ સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ છઠ્ઠા સુધારા અધિનિયમ, ૧૯૫૬ ના અનુસંધાને ઘડવામાં આવ્યો હતો જેના દ્વારા આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન માલના વેચાણ અને ખરીદી પરના કરવેરાને સ્પષ્ટપણે સંસદની વૈધાનિક સક્ષમતાના દાયરામાં લાવવામાં આવ્યા હતા. જ્યાં સુધી વિશેષ મહત્ત્વના માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદવાનો સંબંધ છે ત્યાં સુધી તેમાં રાજ્ય વિધાનમંડળની સત્તા પર નિયંત્રણો લાદવાની સત્તાનો સમાવેશ થતો હતો. છઠ્ઠા સુધારા અધિનિયમ ૧૯૫૬ દ્વારા ઉમેરવામાં આવેલી પ્રવિષ્ટિ ૯૨–એ સંસદને વેપાર અને વાણિજ્ય દરમિયાન વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અને ખરીદી પર કર લાદવાની સત્તા આપતી હતી. તે જ સુધારા દ્વારા રાજ્ય સૂચિની પ્રવિષ્ટિ ૫૪ ને પુનઃ ઘડવામાં આવી હતી જેથી માલના

વેચાણ અને ખરીદી પરના કરને સૂચિ ૧ ની પ્રવિષ્ટિ ૯૨–એ ને આધીન બનાવી શકાય. રાજ્યોની સત્તાને પ્રવિષ્ટિ ૯૨–એ હેઠળ સંસદની સત્તાઓને ગૌણ બનાવવામાં આવી છે. તેથી, ધ સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટની કલમ ૧૫, જાહેર કરાયેલ માલના વેચાણ/ખરીદી પર કર લાદવાની સત્તા આપતા કોઈપણ રાજ્ય કાયદાની સામે સર્વોપરી અસર ધરાવે છે. આ પરિપ્રેક્ષ્યમાં, જાહેર કરાયેલા માલ પરના કર સંબંધે સંસદે રાજ્યની વૈધાનિક સત્તાને સીમિત કરી છે. જાહેર કરાયેલ માલના સંદર્ભમાં રાજ્યની કરવેરાની સત્તા પર પ્રતિબંધો લાદવા એ સંવિધાનના ભાગ ૧૩ ના હેતુઓ માટે કરવેરા પોતે જ પ્રતિબંધો હોવાનું સૂચવતા નથી. એટલું જ નહીં, અનુચ્છેદ ૨૮૬(૩) સંસદ દ્વારા જાહેર કરાયેલા વિશેષ મહત્ત્વના માલ પર કર લાદવાની રાજ્યની સત્તા પર કોઈપણ પ્રતિબંધ મૂકવા માટે સંસદની સત્તાનો સ્ત્રોત પૂરો પાડે છે. બિન–ભેદભાવપૂર્ણ કર અનુચ્છેદ ૩૦૧ હેઠળ સુનિશ્ચિત થયેલા મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના અધિકાર પર આપમેળે કોઈ પ્રતિબંધ રચતો નથી. [ફકરા ૧૨૪–૧૨૬][૨૮૩–ડી–એફ; ૨૮૪–એ–સી; ૨૮૫–એ–બી]

અટિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય અને અન્ય ૧૯૬૧ એસ.સી.આર. ૮૦૯ : એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨; ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વગેરે વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. ૪૯૧ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬; જિંદાલ સ્ટેઈનલેસ લિ. (૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૬ (૩)

એસ.સી.આર. ૧૦૯૫ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ – ઉલટાવવામાં આવેલ.

૫.૧ શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર છે અને ખાસ કરીને શું પ્રવેશ કર સંબંધિત વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં તેની ચકાસણી થવી જરૂરી છે?

અનુચ્છેદ ૩૦૪(બી) માં ઉલ્લેખિત પ્રતિબંધો બિન–નાણાકીય પ્રકૃતિના છે. તેથી, કોઈપણ કરવેરા કાયદાની સંવિધાનિક માન્યતા માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ની એરણ પર જ ચકાસવાની રહેશે અને જો કાયદો બિન–ભેદભાવપૂર્ણ જણાય, તો તે કાયદો અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પરિકલ્પિત કસોટી કે પ્રક્રિયામાંથી પસાર થયા વિના પણ સંવિધાનિક રીતે માન્ય જાહેર કરી શકાય છે. જોકે, જો કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ બિન–ભેદભાવની કસોટીમાં નિષ્ફળ જાય, તો તેને રદબાતલ કરવો જ પડશે કેમ કે જો તે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થયો હોય તો પણ તેને ટકાવી શકાતો નથી. તેનું કારણ એ છે કે જે બાબત અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં સંવિધાનિક રીતે અસ્વીકાર્ય છે તેને અનુચ્છેદ ૩૦૪(બી) ના માધ્યમથી માન્યતા અને મંજૂરી આપી શકાય નહીં. નાણાકીય કાયદાને જાહેર હિતના અસ્તિત્વ અથવા કર લાદવાની વાજબીતાના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૪(બી) ની

કસોટીને આધીન કર્યા વિના માત્ર સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ જ પડકારી શકાશે. [ફકરો ૧૨૯][૧૭૪–સી; ૨૮૫–એફ–એચ; ૨૮૬–એ–બી]

વિડિયો ઇલેક્ટ્રોનિક્સ વિ. પંજાબ રાજ્ય ૧૯૮૯ (૨) સપ્લી. એસ.સી.આર. ૭૩૧ : (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭ – સમર્થન કરવામાં આવેલ.

૫.૨ કોર્ટે એ તપાસવું જોઈએ કે કરવામાં આવેલ તફાવત બહારથી આયાત કરવામાં આવતા માલની સરખામણીએ રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલની તરફેણમાં કોઈ પ્રતિકૂળ પૂર્વગ્રહના તત્વથી પ્રેરિત કે ઈરાદાપૂર્વકનો છે કે કેમ. જ્યાં સુધી રાજ્યો દ્વારા કરવામાં આવેલો તફાવત કોઈ પ્રતિકૂળ પૂર્વગ્રહ ઊભો કરવાનો ઈરાદો ધરાવતો નથી અને જ્યાં સુધી તે તફાવત ઉદ્યોગોના કોઈ વિશિષ્ટ વર્ગને લાભ પહોંચાડવાના ઉદ્દેશ્યથી છે અને તે લાભની અવધિ સમયગાળાની દ્રષ્ટિએ સીમિત છે, ત્યાં સુધી તે લાભ તેના પ્રદેશની અંદર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની કાયદેસરની ઇચ્છામાંથી ઉદ્ભવ્યો હોવાનું માનવું જ જોઈએ. આવા કિસ્સાઓમાં મુક્તિ અને પ્રોત્સાહનો આપવા એ એવા વિચારોથી પ્રેરિત ગણવા જોઈએ જે વ્યાપક સંદર્ભમાં આર્થિક એકતાના સંવિધાનિક લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. [ફકરો ૧૩૩] [૨૮૯–ડી; ૨૯૦–સી–ડી]

શ્રી મહાવીર ઓઇલ મિલ્સ અને અન્ય વિ. જમ્મુ અને કાશ્મીર રાજ્ય અને અન્ય (૧૯૯૬) ૨ એસ.સી.સી. ૩૯ – ભિન્ન પાડવામાં આવેલ.

કાઠી રાણિંગ રાવત વિ. સૌરાષ્ટ્ર રાજ્ય ૧૯૫૨ એસ.સી.આર. ૪૩૫ : એ.આઇ.આર. ૧૯૫૨ એસ.સી. ૧૨૩ – સમર્થન કરવામાં આવેલ.

મેસર્સ ભગતરામ રાજીવ કુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. અને અન્ય ૧૯૯૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૯૧ : ૧૯૯૫ સપ્લી. (૧) એસ.સી.સી. ૬૭૩; બિહાર રાજ્ય અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ૧૯૯૬ (૨) એસ.સી.આર. ૧૮૪ : (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬; જિંદાલ સ્ટ્રાઇપ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૩ (૪) સપ્લી. એસ.સી.આર. ૧૫૪ : (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦; જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ વિ. મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય ૨૦૦૮ (૧૭) એસ.સી.આર. ૧૨૮૨ : (૨૦૦૯) ૭ એસ.સી.સી. ૩૩૯; જિંદાલ સ્ટેઈનલેસ લિમિટેડ અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૧૦ (૪) એસ.સી.આર. ૭૪૩ : (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૫૯૫; કેશવ મિલ્સ કંપની લિ. વિ. સી.આઇ.ટી. ૧૯૬૫ એસ.સી.આર. ૯૦૮ : એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૬૩૬; જી. કે. ક્રિષ્નન વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૧૫ : (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫; કિહોતો હોલોહાન વિ. ઝચીલ્હુ ૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬ : (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૬૫૧; ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન અને અન્ય વિ. કર્ણાટક રાજ્ય ૨૦૦૨ (૩) સપ્લી. એસ.સી.આર. ૫૮૭ : (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧; ચીફ જસ્ટિસ ઓફ આંધ્ર પ્રદેશ અને અન્ય વિ. એલ. વી. એ. દીક્ષિતુલુ અને અન્ય ૧૯૭૯ (૧) એસ.સી.આર. ૨૬ : (૧૯૭૯) ૨ એસ.સી.સી. ૩૪; કેશવાનંદ ભારતી

વિ. કેરળ રાજ્ય ૧૯૭૩ સપ્લી. એસ.સી.આર. ૧ : (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫; કુલદીપ નાયર વિ. ભારત સંઘ અને અન્ય ૨૦૦૬ (૫) સપ્લી. એસ.સી.આર. ૧ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧; શ્રીમતી ઉજ્જમ બાઈ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય ૧૯૬૩ એસ.સી.આર. ૭૭૮ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૬૨૧ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૫.૩ કોર્ટોએ લગભગ સાર્વત્રિક રીતે એ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે કે નાણાકીય ગોઠવણોની અંતર્નિહિત જટિલતાઓ અને આવી પ્રક્રિયામાં સામેલ વિવિધ તત્વો અને પરિબળોને ધ્યાનમાં રાખતાં કર સંબંધિત કાયદાઓમાં વિધાનમંડળને વધુ મોકળાશ મળવાપાત્ર છે. જ્યાં સુધી મુક્તિ/ગોઠવણ/ક્રેડિટ આપવા પાછળનો આશય રાજ્યની અંદરના માલ અને રાજ્ય બહારના માલ પરના નાણાકીય બોજને સમાન કરવાનો છે, ત્યાં સુધી આવી મુક્તિ અથવા સેટ–ઓફ એ અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો પ્રતિકૂળ ભેદભાવ બનશે નહીં. વાદગ્રસ્ત કાયદો આવા સમકારીકરણનો ઉદ્દેશ્ય પ્રાપ્ત કરે છે કે પછી એવી પરિસ્થિતિ તરફ દોરી જાય છે કે જેનાથી કર લાદતા રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલની સરખામણીએ રાજ્ય બહારના માલને કોઈ ગેરલાભ ભોગવવો પડે છે, તે બાબત કેસોની સુનાવણી કરતી નિયમિત બેંચો દ્વારા તપાસ માટે ખુલ્લી રાખવામાં આવે છે. [ફકરા ૧૩૭, ૧૪૧][૨૯૧–જી; ૨૯૭–ઈ]

મફતલાલ વિ. ભારત સંઘ ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૫૮૫ : ૧૯૯૭ (૫) એસ.સી.સી. ૫૩૬; ખંડિગે શામ ભટ વિ. એગ્રીકલ. આઈ.ટી.ઓ.

૧૯૬૩ એસ.સી.આર. ૮૦૯ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૫૯૧; વી. ગુરુવૈયા નાયડુ એન્ડ સન્સ અને અન્ય વિ. તમિલનાડુ રાજ્ય અને અન્ય ૧૯૭૭ (૧) એસ.સી.આર. ૧૦૬૫ : (૧૯૭૭) ૧ એસ.સી.સી. ૨૩૪; માળવા બસ સર્વિસ (પ્રાઇવેટ) લિ. વિ. પંજાબ રાજ્ય અને અન્ય ૧૯૮૩ (૨) એસ.સી.આર. ૧૦૦૯ : (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૩૭; મહારાજ ઉમેગ સિંહ વિ. બોમ્બે રાજ્ય, ૧૯૫૫ એસ.સી.આર. ૧૬૪ : એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦ – નો સંદર્ભ લેવામાં આવેલ.

કોલ વિ. વ્હાઇટફિલ્ડ (૧૯૮૮) ૧૬૫ સી.એલ.આર. ૩૬૦ – નો સંદર્ભ લેવામાં આવેલ.

ન્યાયમૂર્તિ એસ. એ. બોબડે દ્વારા (સંમત થતાં)

કર એ વેપાર પરના પ્રતિબંધો નથી.

૧. કર એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર આધારિત છે. પ્રવેશ કરના કિસ્સામાં આ વિશેષરૂપે સાચું છે. પ્રવેશ કર એ તે સ્વતંત્રતા દરમિયાન કરવામાં આવતા વ્યવહારો પર લાદવામાં આવતો કરભાર છે. હકીકતમાં, વેપારની આવી સ્વતંત્રતા ન હોત તો, કોઈ વ્યવહાર ન હોત અને કર લાદવાનો કોઈ પ્રસંગ પણ ઊભો થાત નહીં. કર લાદવો એ વ્યવહારથી એક ભિન્ન ઘટના છે. કર આકર્ષવા માટે વેપાર અને વાણિજ્ય થવું અનિવાર્ય છે. નિઃશંકપણે કર વ્યવહારને કરની હદ સુધી ઓછો નફાકારક બનાવી શકે છે. પરંતુ તે વ્યવહાર પર અડચણરૂપ બનવાથી

ઘણું દૂર છે જે વેપારનો એક ભાગ છે, જે સ્વતંત્રતાની ખાતરી અનુચ્છેદ ૩૦૧ હેઠળ આપવામાં આવી છે. એવા કોઈ કરની સહજ કલ્પના કરવી શક્ય નથી, જે સ્વયં વેપારની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરતો હોય કે તેમાં અવરોધ ઊભો કરતો હોય. [પેરા ૨] [૨૯૮–સી–ડી]

૨. અનુચ્છેદ ૩૦૪(એ).

રાજ્યમાં સ્થાનિક વિસ્તારની બહારથી માલની આયાત પર પ્રવેશ કર લાદવો એ સ્વતઃ ભેદભાવપૂર્ણ ગણાશે જો આયાત કરાયેલ માલ સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ રાજ્યમાં થતું ન હોય. અનુચ્છેદ ૩૦૪ રાજ્યના વિધાનમંડળની આયાત કરાયેલ માલ પર કર લાદવાની સત્તાને માન્યતા આપે છે, જોકે, એવી રીતે કે જેથી આવી રીતે આયાત કરાયેલ માલ અને આવી રીતે ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય. સદર અનુચ્છેદ બે શરતો લાદે છે: પ્રથમ, કાયદો અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર એવો 'કોઈપણ કર' લાદી શકે છે જે તે રાજ્યમાં 'ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ' પર લાગુ પડે છે. આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર ત્યારે જ કર લાદી શકાય જ્યારે આયાત કરનાર રાજ્યમાં સમાન માલનું વાસ્તવમાં ઉત્પાદન કે નિર્માણ થતું હોય અને તેના પર કર લાદવામાં આવતો હોય. બીજા શબ્દોમાં, (એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ (બી) આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ સમાન હોવો જોઈએ અને (સી) આવી રીતે સ્થાનિક સ્તરે ઉત્પાદિત કે નિર્મિત માલ કરપાત્ર હોવો જોઈએ.

બીજી શરત એ છે કે આયાત કરાયેલ માલ પર લાદવામાં આવતો કર આયાત કરાયેલ માલ અને આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે ભેદભાવ કરતો ન હોવો જોઈએ. આમ, સદર અનુચ્છેદનો આશય સ્પષ્ટપણે એ છે કે જ્યાં રાજ્યમાં આયાત કરાયેલ માલ પર કર અસ્તિત્વ ધરાવતો હોય, ત્યાં આવા કર અને આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પરના કર વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આયાત કરાયેલ માલ પરના કર માટેનું સંદર્ભ બિંદુ સ્થાનિક સ્તરે ઉત્પાદિત માલ પરનો કર છે. જ્યાં આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર કોઈ કર ન હોય ત્યાં ભેદભાવ સામેના પ્રતિબંધનું અર્થઘટન કરવું શક્ય નથી. નિઃશંકપણે, આવા અર્થઘટનની અસર એ થાય છે કે જ્યાં આયાત કરનાર રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોય અને તેથી તેના પર સમાન કર લાદવામાં આવતો ન હોય ત્યાં આયાત કરાયેલ માલ પર કર લાદી શકાતો નથી અને તે સદર અનુચ્છેદનો સ્પષ્ટ આશય જણાય છે. [પેરા ૪, ૬ અને ૭][૨૯૯–સી; ૩૦૦–ડી–એચ; ૩૦૧–એ–બી]

૩. સામાન્ય સંજોગોમાં, જે રાજ્યમાં અમુક માલનું ઉત્પાદન થતું ન હોય તે અન્ય રાજ્યોમાંથી આવા માલના પુરવઠા પર આધાર રાખશે અને આ જોગવાઈની અસર આવી રીતે આયાત કરાયેલ માલને કરના વધારાના બોજ વિના ઉપલબ્ધ કરાવવાની રહેશે. ટૂંકમાં, અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળના પ્રતિબંધથી બચવા માટે જે આધાર પર કર લાદી શકાય છે તે સ્થાનિક સ્તરે ઉત્પાદિત કે નિર્મિત માલ પર માત્ર કરનું અસ્તિત્વ અથવા

કર લાદવાની સૈદ્ધાંતિક શક્યતા નથી, પરંતુ સમાન માલનું વાસ્તવિક ઉત્પાદન કે નિર્માણ હોવું જોઈએ, જે તેના જેવા જ કે સમાન કરને આધીન હોય. આ શરતની ગેરહાજરીમાં, કરારોપણ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરશે કારણ કે તે વધારાનો બોજ ઊભો કરશે (માલ ઉત્પાદક રાજ્યમાં પહેલેથી જ કોઈને કોઈ સ્વરૂપના કરવેરા સહન કરી ચૂક્યો હોવાથી). કુદરતી સંસાધનોના અભાવ અથવા અન્ય ભૌગોલિક મર્યાદાઓને ધ્યાનમાં લેતાં જે રાજ્યો પાસે ઉત્પાદન ક્ષમતા નથી અને તેનો વિકાસ કરવા સક્ષમ ન પણ હોઈ શકે તેવા રાજ્યોમાં આ અર્થઘટન આર્થિક પ્રગતિ અને માલની અબાધિત ઉપલબ્ધતાને પણ પ્રોત્સાહન આપશે. તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ માં રહેલા ઉદ્દેશ્યોને પણ આગળ ધપાવે છે. [પેરા ૮][૩૦૧–સી–એફ]

અતિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય અને અન્ય ૧૯૬૧ એસ.સી.આર. ૮૦૯ : એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨ – નો સંદર્ભ લેવામાં આવેલ.

મેકકુલોચ વિ. મેરીલેન્ડ, ૧૭ યુ.એસ. ૩૧૬ (૧૮૧૯) – નો સંદર્ભ લેવામાં આવેલ.

ન્યાયમૂર્તિ શિવ કીર્તિ સિંહ દ્વારા (સંમત થતાં)

સંવિધાનની ૭મી અનુસૂચિની સૂચિ ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્ય વિધાનમંડળને ઉપલબ્ધ વિશિષ્ટ સત્તાના ઉપયોગમાં માલ પર પ્રવેશ કર લાદવા માટે કેટલાક રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા વિવિધ કરવેરા કાયદાઓને પડકાર.

૧. કર લાદવાની બાબતમાં વળતરરૂપી સિદ્ધાંત હવે પ્રસ્તુત રહ્યો ન હોવાથી, રાજ્ય વિધાનમંડળો બહારના માલ પર તેમના દ્વારા લાદવામાં આવેલા કર સંબંધિત વેપારીઓ કે ઉત્પાદકોના લાભ માટે છે તેવું જાહેર કરવાની અને દર્શાવવાની જરૂરિયાત વિના તેમની કર લાદવાની સત્તાઓનો ઉપયોગ કરવા માટે સ્વતંત્ર છે. પરંતુ આવો કર મૂળભૂત રીતે, અંતિમ કરના બોજમાં અને યંત્રણાત્મક જોગવાઈઓમાં એમ બંને રીતે બિન–ભેદભાવપૂર્ણ હોવો જોઈએ. સંવિધાનના ભાગ ૧૩ નું પાલન સુનિશ્ચિત કરવા માટે, કરે અનુચ્છેદ ૩૦૪(એ) માં સમાવિષ્ટ બેવડી કસોટીઓમાં પાસ થવું આવશ્યક છે – (૧) સ્થાનિક સ્તરે ઉત્પાદિત સમાન માલ પર પણ સમાન કર લાદવામાં આવવો જોઈએ અને (૨) રાજ્યના આવા પગલાંથી માલની બંને જાતો વચ્ચે ભેદભાવનું દૂષણ આકર્ષાવું જોઈએ નહીં. [પેરા ૬][૩૦૩–ડી–એફ]

૨. સમગ્ર ચર્ચા એવા વાજબી નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે અતિયાબારી કેસમાં સિંહા, સી.જે.આઈ. દ્વારા તેમના ચુકાદાના ફકરા ૧૮ માં સારાંશરૂપે રજૂ કરાયેલા મંતવ્યો સંવિધાનના ભાગ ૧૩ માંથી ઉદ્ભવતા કાયદાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં દર્શાવે છે. જોકે, પેરા ૧૬ માં કરાયેલા

અવલોકનો અંગે આવું કહી શકાય નહીં જ્યાં નામદાર ન્યાયમૂર્તિએ આ અભિવ્યક્તિનો ઉપયોગ કર્યો હતો – "જો વિધાનમંડળ દ્વારા કોઈ કાયદો પસાર કરવામાં આવે ..... ઊંચી જકાત દીવાલ લાદતો----------વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો સંવિધાન ઘડવૈયાઓનો આશય હતો." આ અવલોકનો ખરેખર પાર ન થઈ શકે તેવા પ્રમાણમાં વ્યાવહારિક મુશ્કેલીઓ ઊભી કરે છે. તેથી આ અવલોકનોને ઓબિટર ગણવા જોઈએ અથવા સમગ્ર ફકરાના સંદર્ભમાં એવો અર્થ કરવો યોગ્ય છે કે તેનો અર્થ એવા કર છે જે ભેદભાવપૂર્ણ જકાત દીવાલ/વેપાર અવરોધ ઊભો કરીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં અડચણ ઊભી કરે છે (ભારપૂર્વક ઉમેરેલ). ભાગ ૧૩ માટે કર દ્વારા કોઈ વાસ્તવિક અડચણ હોઈ શકે નહીં સિવાય કે કહેવાતી દીવાલ કે અવરોધ સ્થાનિક માલ અને બહારના માલ વચ્ચે પ્રતિકૂળ ભેદભાવ ઊભો કરતો હોય. [પેરા ૭][૩૦૩–જી–એચ; ૩૦૪–એ–બી]

અતિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય અને અન્ય ૧૯૬૧ એસ.સી.આર. ૮૦૯ : એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨; ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વગેરે વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. ૪૯૧ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬ – સારો કાયદો નથી.

ન્યાયમૂર્તિ એન. વી. રમના દ્વારા (સંમત થતાં)

૧.૧ એ એક પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે સામાન્ય રીતે સંવિધાનનું અર્થઘટન સૌથી વધુ લાભદાયી અને શક્ય તેટલી વિશાળતમ વ્યાપ્તિ ધરાવતું હોવું જોઈએ. કોર્ટે સંવિધાનની ભાવનામાંથી અર્થ તારવવો જોઈએ અને ભાષાનું સંકુચિત તથા પાંડિત્યપૂર્ણ રીતે અર્થઘટન થવું જોઈએ નહીં. એટલો જ મહત્ત્વપૂર્ણ મુદ્દો એ છે કે વૈધાનિક સત્તાઓ, ખાસ કરીને કર લાદવાની સત્તાઓનું અનુમાન દ્વારા પરીક્ષણ કરી શકાતું નથી. રાજ્યનો કાયદો ઘડવાની રાજ્યની સત્તા પર કોઈ સ્પષ્ટ મર્યાદા ન હોય ત્યાં સુધી, અર્થઘટનની પ્રક્રિયા દ્વારા રાજ્યની સત્તામાં કાપ મૂકવો એ કોર્ટનું કાર્યક્ષેત્ર નથી. દરેક કાયદાનું આમુખ અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સંદર્ભમાં પરીક્ષણ થવું જોઈએ. [પેરા ૫.૨, ૫.૩][૩૧૬–ડી–ઈ, જી; ૩૧૭–એ]

કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય ૧૯૭૩ સપ્લી. એસ.સી.આર. ૧ : ૧૯૭૩ (૪) એસ.સી.સી. ૨૨૫ – પર આધાર રાખવામાં આવેલ.

આર.બી.આઈ. વિ. પીઅરલેસ જનરલ ફાઇનાન્સ એ.આઇ.આર. ૧૯૮૭ એસ.સી. ૧૦૨૩ : ૧૯૮૭ (૨) એસ.સી.આર. ૧; ઇન રી સી.પી. એન્ડ બેરાર એક્ટ, ૧૯૩૮, ૧૯૩૯ એફ.સી.આર. ૧૮; આતમ પ્રકાશ વિ. હરિયાણા રાજ્ય ૧૯૮૬ (૧) એસ.સી.આર. ૩૯૯ : ૧૯૮૬ (૨) એસ.સી.સી. ૨૭૯; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. ૨૦૦૪ (૧) એસ.સી.આર. ૫૬૪ :

એ.આઇ.આર. ૨૦૦૫ એસ.સી. ૧૬૪૬; જી. કે. કૃષ્ણન વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૧૫ : એ.આઇ.આર. ૧૯૭૫ એસ.સી. ૫૮૩; આર.સી. કૂપર વિ. ભારત સંઘ, ૧૯૭૦ (૩) એસ.સી.આર. ૫૩૦ : (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮; માધવ રાવ જીવાજી સિંધિયા વિ. ભારત સંઘ ૧૯૭૧ (૩) એસ.સી.આર. ૯ : (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૮૫ – નો સંદર્ભ લેવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ વોલ્યુમ ૯, ૮મી સપ્ટેમ્બર, ૧૯૪૯ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૧.૨ લોકશાહી પ્રણાલીમાં, ચૂંટાયેલી સરકારો હંમેશા તેના લોકો પ્રત્યે જવાબદાર હોય છે. જો કોઈ ઊંચો કરવેરો હોય જે તેમના જીવનને અસર કરતો હોય, તો આ બાબત સરકારો પર કર ઘટાડવાનું દબાણ લાવે છે અને ચૂંટાયેલી સરકારો દર પાંચ વર્ષે જનતાને જવાબદાર હોય છે. કોઈપણ સરકાર એવો કર વધારી શકે નહીં જેનાથી જનતાને અસુવિધા થાય. આ સંદર્ભમાં, સાર્વભૌમત્વ એ હવે અનંત સત્તા નથી, બલ્કે તે જવાબદારી છે. લોકશાહીમાં એક જવાબદાર સરકારે હંમેશા કર શક્ય તેટલો ઓછો રાખવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી વ્યક્તિઓ પર કોઈ ભારે બોજ ન પડે. જોકે સંવિધાન હેઠળ રાજ્યોને કર લાદવાની સત્તા આપવામાં આવી છે, પરંતુ તેનો અર્થ એવો નથી થતો કે તેઓએ અતિશય દરે કર લાદવો જોઈએ. કર એ સરકારના ખર્ચને એવા લોકો વચ્ચે

વહેંચવાનો એક માર્ગ છે જેઓ અમુક અંશે લાભો માણવા માટે વિશેષાધિકાર ધરાવે છે અને તેથી તેમણે તેનો બોજ સહન કરવો જ જોઈએ. કર એ જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવા અર્થે સક્ષમ વિધાનમંડળ દ્વારા વ્યક્તિઓ અથવા મિલકત પર લાદવામાં આવેલો બોજ કે પ્રભાર છે. કરના મહત્ત્વના તત્વો કહી શકાય કે પ્રથમ, તે એક ફરજિયાત વસૂલાત છે; બીજું, તે રાજ્યને અથવા તેના વતી કોઈ જાહેર સત્તામંડળને ચૂકવવાપાત્ર છે; અને ત્રીજું, તે જાહેર હિતના હેતુઓ માટેની વસૂલાત છે. આપણા સંવિધાને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કર લાદવાની સત્તાઓનું સીમાંકન કર્યું છે. સંઘ તેમજ રાજ્યોની કર લાદવાની સત્તા સંવિધાનના અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં રહેલી છે. સંવિધાનનો અનુચ્છેદ ૨૪૬ ઠેરવે છે કે સંસદ પાસે સંઘ સૂચિ (૭મી અનુસૂચિની સૂચિ ૧) માં દર્શાવેલ કોઈપણ બાબત સંબંધે કાયદા ઘડવાની અનન્ય સત્તા છે. રાજ્ય સૂચિ (૭મી અનુસૂચિની સૂચિ ૨) માં દર્શાવેલ કોઈપણ બાબત સંબંધે કાયદા ઘડવાની રાજ્યો પાસે સંપૂર્ણ સત્તા છે અને સંસદ તથા રાજ્ય વિધાનમંડળ બંને પાસે સમવર્તી સૂચિ (૭મી અનુસૂચિની સૂચિ ૩) માં દર્શાવેલ કોઈપણ બાબત સંબંધે કાયદા ઘડવાની સત્તા છે. અનુચ્છેદ ૨૬૫ મુજબ, કાયદાની સત્તા સિવાય કોઈ કર લાદવામાં કે વસૂલ કરવામાં આવશે નહીં. કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ માત્ર સૂચિ ૧ અને ૨ માં જ જોવા મળે છે, જે દર્શાવે છે કે આપણી સંવિધાનિક યોજનામાં કેન્દ્ર અને રાજ્યોની કરવેરાની સત્તાઓ પરસ્પર

અનન્ય છે. સમવર્તી સૂચિમાં એવી કોઈ પ્રવિષ્ટિ નથી જે કર લાદવાની સત્તા આપતી હોય. આવી સ્થિતિ હોવાથી, જે ક્ષણે કર કાયદામાં સમાવિષ્ટ કરારોપણ પ્રતિબંધિત ક્ષેત્રમાં અતિક્રમણ કરે છે, તે ક્ષણે તે રદ થવાપાત્ર બને છે. [પેરા ૬.૧, ૬.૨][૩૨૪–સી–એફ; ૩૨૫–એ–ઈ]

રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. ૨૨૦ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૫૬૩; દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કંપની ૨૦૦૦ (૩) એસ.સી.આર. ૫૦૯ : (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪; સી.આઈ.ટી., ઉદયપુર, રાજસ્થાન વિ. મેકડોવેલ એન્ડ કંપની લિ. ૨૦૦૯ (૮) એસ.સી.આર. ૯૮૩ : ૨૦૦૯ (૧૦) એસ.સી.સી. ૭૫૫ – નો સંદર્ભ લેવામાં આવેલ.

કુલી ઓન ટેક્સેશન વોલ્યુમ ૧, ૪થી આવૃત્તિ, પ્રકરણ ૨ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૨.૧ ભારતના સમગ્ર પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં આવી છે, પરંતુ વેપારની આવી સ્વતંત્રતા સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે. સાર્વભૌમ રાજ્યની સંપૂર્ણ કર લાદવાની સત્તા પર અનુચ્છેદ ૩૦૧ ની અસરનું મૂલ્યાંકન કરતી વખતે, પ્રારંભિક શબ્દો મહત્ત્વપૂર્ણ બની જાય છે. અનુચ્છેદ ૩૦૧ નું વિશ્લેષણ દર્શાવે છે કે તેના ત્રણ મહત્ત્વપૂર્ણ ભાગો અથવા શબ્દસમૂહો છે. તે છે, 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન', અને 'ભારતના સમગ્ર

પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર', 'મુક્ત રહેશે'. ગમે તે રીતે વાંચવામાં આવે, તેનો સાદો અર્થ એ છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંવિધાનના અનુચ્છેદો ૩૦૨ થી ૩૦૭ ને આધીન રહીને મુક્ત રહેશે. 'અન્ય જોગવાઈઓને આધીન' એ શબ્દસમૂહમાં મુખ્યત્વે જે બે શ્રેણીની જોગવાઈઓ પરિકલ્પિત છે તે અનુચ્છેદો ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ (એ) તથા (બી) છે. સંસદ જાહેર હિતમાં કાયદા દ્વારા વેપારની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકી શકે છે અને આવો કાયદો અનુચ્છેદ ૩૦૧ થી મુક્ત રહેશે. સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની શરૂઆત 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન' એ શબ્દસમૂહથી થાય છે. આ શબ્દસમૂહ પ્રારંભિક સંકેત આપે છે કે શું અપેક્ષા રાખવી? આ શબ્દસમૂહના સ્થાનને ધ્યાનમાં લેવું જોઈએ. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની ઘોષણા કરવામાં આવે તે પહેલાં પણ, તેને મર્યાદાઓને આધીન કરવામાં આવી રહી છે. વધુમાં અનુચ્છેદ ૩૦૧ ના પ્રારંભિક શબ્દો, એટલે કે 'આ ભાગની જોગવાઈઓને આધીન' એવી અપેક્ષા રાખે છે કે ભાગ ૧૩ ની વ્યાપ્તિ અને અર્થ સમજવા માટે ભાગ ૧૩ ના તમામ અનુચ્છેદોને સાથે વાંચવા જોઈએ. જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ નો સંબંધ છે ત્યાં સુધી 'ને આધીન' એ પ્રભાવી અભિવ્યક્તિ છે. તે ઓછામાં ઓછા અનુચ્છેદો ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ની અધીનતા દર્શાવે છે. અનુચ્છેદો ૩૦૨ થી ૩૦૪ એ ૭મી અનુસૂચિ હેઠળની રાજ્ય સૂચિ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ હેઠળની સત્તાઓનું પુનઃકથન સમાવિષ્ટ કરે છે.

દરેક પુનઃકથિત સત્તા સ્વયં અનુચ્છેદ ૩૦૧ માં દર્શાવેલ વેપારની સ્વતંત્રતા પર પ્રભાવી બને છે. [પેરા ૭.૩–૭.૫][૩૨૮–ડી, ઈ–એચ; ૩૨૯–એ–બી]

૨.૨ જો રાજ્યો કરવેરા સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિ હેઠળ કાયદા બનાવે, વ્યાજબી પ્રતિબંધો લાદે અથવા મુક્ત વેપાર પર કર લાદે તો અનુચ્છેદ ૩૦૧ તેનું મુખ્ય સ્થાન ગુમાવે છે. આવી સત્તા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રભાવી બને છે. આમ, અનુચ્છેદ ૩૦૧ દ્વારા કરાયેલી સામાન્ય ઘોષણાને અનુચ્છેદ ૩૦૨ દ્વારા સંસદની તરફેણમાં અને અનુચ્છેદો ૩૦૩ તથા ૩૦૪ દ્વારા રાજ્યોની તરફેણમાં હળવી કરવામાં આવી છે. અનુચ્છેદ ૩૦૪ નોન–ઓબસ્ટેન્ટ ખંડથી શરૂ થાય છે જ્યારે અનુચ્છેદ ૩૦૨ માં નોન–ઓબસ્ટેન્ટ ખંડ નથી. અનુચ્છેદ ૩૦૧ માં વેપારની સ્વતંત્રતા પોતે જ ૩૦૨ અને ૩૦૪ ને આધીન હોવાથી, ઘડવૈયાઓનો આશય સ્પષ્ટ જણાય છે. સંવિધાન અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) હેઠળના રાજ્યના કાયદાઓનું અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપારની સ્વતંત્રતા પર વધુ પડતો ભાર આપવાની અસર સામે રક્ષણ અને બચાવ કરે છે.[પેરા ૭.૬][૩૨૯–સી–ડી]

૩. ન્યાયશાસ્ત્રનો આ એક સુદ્રઢ સિદ્ધાંત છે કે સમગ્ર કાનૂનનું એકંદરે અર્થઘટન કરવું જોઈએ અને અલગ પાડીને નહીં. આમ કરતી વખતે, કોઈપણ જોગવાઈના કોઈપણ ખંડને અવગણી શકાય નહીં, ખાસ કરીને

જ્યારે સંવિધાનનું અર્થઘટન કરવામાં આવી રહ્યું હોય જે 'સુપ્રિમા લેક્સ' (સર્વોચ્ચ કાયદો) છે. અનુચ્છેદ ૩૦૧ ના સંદર્ભમાં સંઘ અને રાજ્યોની સત્તા વચ્ચેનો તફાવત એ છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ની જેમ અનુચ્છેદ ૩૦૨ કર કાયદાઓને લાગુ પડતો નથી, પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર કર લાદી શકાય છે. ધારાકીય ઇતિહાસ અને કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ પરથી જે સિદ્ધાંતો ઉદ્ભવે છે તે આ મુજબ છે: મુસદ્દા સંવિધાનના ખંડ ૧૬, ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ ની ભાગ ૧૦–એ (હવે ભાગ ૧૩) ના અનુચ્છેદો સાથેની સરખામણી પરથી સ્પષ્ટ થાય છે કે તેને માત્ર ક્રમિક રીતે ગોઠવવામાં આવ્યા ન હતા પરંતુ તેમાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા હતા. એ કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા એ મૂળભૂત અધિકાર નથી. એ કે ભારતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંપૂર્ણપણે મુક્ત નથી. એ કે ભેદભાવપૂર્ણ કર (અમુક સ્વતંત્ર દેશી રાજ્યો દ્વારા લાદવામાં આવતા તત્કાલીન જકાતી શુલ્કની જેમ) સંઘ માટે નુકસાનકારક છે. [પેરા ૭.૭, ૭.૧૭][૩૨૯–ઈ–એફ; ૩૩૫–બી–ઈ]

ડૉ. કે. એમ. મુનશી દ્વારા ફંડામેન્ટલ રાઇટ્સ, બી. શિવ રાવ. ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૨, પૃષ્ઠ ૬૯ (૧૯૬૭) (બી. શિવ રાવ); સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, બી. શિવ રાવ, પૃષ્ઠ ૬૮; કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ, વોલ્યુમ ૯, ૮મી સપ્ટેમ્બર ૧૯૪૯ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૪. ભાગ ૧૩ માટેની મુખ્ય પ્રેરણા અમેરિકન અને ઓસ્ટ્રેલિયન મોડેલો રહ્યા છે. સંવિધાન સભા સમક્ષ ઉપસ્થિત આ મોડેલો ભારતીયોની જરૂરિયાતો અનુસાર ભારતમાં સંવિધાન ઘડવૈયાઓ દ્વારા પુનઃડિઝાઈન કરવામાં આવ્યા હતા અને વિસ્તૃત કરવામાં આવ્યા હતા. અન્ય દેશો દ્વારા આપવામાં આવેલું અર્થઘટન માત્ર સૂચક છે. તેનું પ્રેરક મૂલ્ય હોઈ શકે છે કારણ કે ભારતની તુલનામાં સંદર્ભ અને ઈતિહાસ તદ્દન ભિન્ન રહ્યો છે. ઓછામાં ઓછું સંવિધાનના ભાગ ૧૩ ના સંબંધમાં વિદેશી કેસો પર ભારે આધાર રાખ્યા વિના સ્વદેશી અર્થઘટન આપવું જોઈએ કારણ કે તે ફેરફારને આધીન હોઈ શકે છે જે અનિવાર્યપણે બાબતને ફરી એકવાર વિવાદિત કરશે. વધુમાં, આપણું સંવિધાનિક માળખું ઓસ્ટ્રેલિયન અને અમેરિકન સંવિધાનો હેઠળ જોગવાઈ કરાયેલા માળખા કરતાં તદ્દન અલગ છે. ઓસ્ટ્રેલિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં, લાગુ સંવિધાનિક જોગવાઈઓને શાબ્દિક અર્થ આપતાં, કોર્ટોએ 'કોમર્સ ક્લોઝ' અથવા 'ફ્રી ટ્રેડ ક્લોઝ' નું એવી રીતે અર્થઘટન કર્યું કે જેથી (સંઘીય એકમો) આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય પર કોઈપણ કર લાદવા માટે સંપૂર્ણપણે પ્રતિબંધિત હતા. સદનસીબે તાજેતરમાં, આ હુકુમતોમાં કાયદો હળવો કરવામાં આવ્યો છે જેથી સંઘીય એકમો કર લાદીને પણ આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્યનું નિયમન કરવા માટે સક્ષમ બન્યા છે. ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં આંતર-રાજ્ય વેપારને સંચાલિત કરતા કેસ લો ના સંક્ષિપ્ત સંદર્ભ પરથી આ સ્પષ્ટ થશે. [પેરા ૭.૧૯, ૭.૨૦][૩૩૬-બી-ઈ]

ગોલ્ડ સીલ લિ. વિ. આલ્બર્ટા એ.જી. (૧૯૨૧) ૬૨ એસ.સી.આર. ૪૨૪ – નો સંદર્ભ લેવામાં આવેલ.

કોલ વિ. વ્હીટફિલ્ડ (૧૯૮૮) ૧૬૩ સી.એલ.આર. ૩૬૦; કેસલમેઈન ટૂહીસ લિ. વિ. સાઉથ ઓસ્ટ્રેલિયા (૧૯૯૦) ૧૬૯ સી.એલ.આર. ૪૩૬; બેટફેર પીટીવાય લિ. વિ. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા (૨૦૦૮) ૨૩૪ સી.એલ.આર. ૪૧૮; કોમનવેલ્થ વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ, (૧૯૪૯) ૭૯ સી.એલ.આર. ૪૯૭; બ્રાઉન વિ. મેરીલેન્ડ ૨૫ યુ.એસ. (૧૨ વ્હીટ.) ૪૧૯ (૧૮૨૭); મેકકુલોચ ૪ વ્હીટ. ૩૧૬ (૧૮૧૯); ફ્રીમેન વિ. હેવિટ, ૩૨૯ યુ.એસ. ૨૪૯ (૧૯૪૬); કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ વિ. બ્રેડી ૪૩૦ યુ.એસ. ૨૭૪ (૧૯૭૭); ડી.એચ. હોમ્સ કંપની લિ. વિ. શર્લી મેકનામારા ૪૮૬ યુ.એસ. ૨૪ (૧૯૮૮); કોમનવેલ્થ એડિસન કંપની વિ. મોન્ટાના રાજ્ય ૪૫૩ યુ.એસ. ૬૦૯ (૧૯૮૧) – નો સંદર્ભ લેવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ કેનેડા, પીટર ડબલ્યુ. હોગ, વોલ્યુમ ૧, પૃષ્ઠ ૮૫૭ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૫. એ બાબત નિર્વિવાદ છે કે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલ કાયદો સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. મૂળભૂત અધિકારોનું હનન કરતો કાયદો અનુચ્છેદ ૧૩ ના કારણે રદબાતલ ઠરે છે. અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ અને સાતમી અનુસૂચિની સુસંગત વૈધાનિક પ્રવિષ્ટિઓ હેઠળ સોંપાયેલ સત્તાઓની બહારના વિષય

સંબંધિત સંઘ અથવા રાજ્યોનો કાયદો વૈધાનિક અક્ષમતાના કારણે સત્તા બહારનો ગણાશે. આ મર્યાદાઓ ઉપરાંત, સંઘ અથવા રાજ્યોનો કાયદો અન્ય સંવિધાનિક મર્યાદાઓને પણ આધીન છે. ભાગ ૧૩ ની જોગવાઈઓ, ખાસ કરીને અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી), સંઘ અને રાજ્યોના વૈધાનિક અધિકારક્ષેત્ર પર મર્યાદા તરીકે પણ કાર્ય કરે છે. સક્ષમ વિધાનમંડળને કાયદા ઘડવા માટે અનુચ્છેદ ૨૪૫ અને અનુચ્છેદ ૨૪૬ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તા 'સંવિધાનની જોગવાઈઓને આધીન' છે. તેમ છતાં, જો કોઈ રાજ્ય સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૫ થી ૬૩ માં નિર્દિષ્ટ વિષયોના સંબંધમાં અનુચ્છેદ ૨૪૬(૩) સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫(૧) હેઠળ કાયદો બનાવે, તો માત્ર તે અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪(એ) નું પાલન કરતો નથી તેવા કારણોસર જ તેને અમાન્ય ઠેરવી શકાય કે કેમ તે શંકાસ્પદ છે. વાસ્તવમાં ભાગ ૧૨ માં નાણાકીય પગલાં સાથે સંબંધિત સંવિધાનની વિવિધ જોગવાઈઓ, દાખલા તરીકે અનુચ્છેદ ૨૬૫, ૨૬૯, ૨૭૬ અને ૨૮૬, વિશેષરૂપે કરવેરા સાથે સંબંધિત છે, પરંતુ ભાગ ૧૩ માં, અનુચ્છેદ ૩૦૪(એ) સિવાય, અન્ય કોઈ અનુચ્છેદ કરવેરા સાથે સંબંધ ધરાવતો નથી. વધુમાં, સંવિધાનના ભાગ ૧૨ નું પ્રકરણ ૧ વિશિષ્ટ રીતે 'નાણાં' સંબંધિત જોગવાઈઓ સાથે સંબંધ ધરાવે છે, જ્યારે ભાગ ૧૩ ભારતના રાજ્યક્ષેત્રની અંદર 'વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર' સાથે સંબંધ ધરાવે છે. આમ, આ બંને ભાગોને સ્પષ્ટ રીતે અલગ રાખવામાં આવ્યા છે. જોકે દરેક કાયદો સંવિધાનની તમામ જોગવાઈઓને આધીન રહીને બનાવવામાં આવે છે, તેમ છતાં તેનો અર્થ એવો થતો નથી કે

રાજ્ય દ્વારા બનાવવામાં આવેલ દરેક કર કાયદો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંબંધિત સામાન્ય જોગવાઈઓને જવાબદેહ હોવો જ જોઈએ. સંવિધાનની જોગવાઈઓ, સંવિધાન સભાની ચર્ચાઓ અને પૂર્વચુકાદાઓ આવા નિષ્કર્ષ તરફ દોરી જાય છે.[પેરા ૭.૪૦][૩૫૧–એફ–એચ; ૩૫૨–એ–સી]

મહારાજ ઉમેગ સિંહ અને અન્ય વિ. બોમ્બે રાજ્ય અને અન્ય ૧૯૫૫ (૨) એસ.સી.આર. ૧૬૪; ખયેરબારી ટી કંપની વિ. આસામ રાજ્ય (૧૯૬૪) ૫ એસ.સી.આર. ૯૭૫ : એ.આઇ.આર. ૧૯૬૪ એસ.સી. ૯૨૫ – નો સંદર્ભ લેવામાં આવેલ.

કન્સાઇઝ ઓક્સફોર્ડ ડિક્શનરી, પૃષ્ઠ ૪૭૪ (૧૦મી આવૃત્તિ) – નો સંદર્ભ લેવામાં આવેલ.

ભાગ–૮ : સંવિધાનનો અનુચ્છેદ ૩૦૪

૬.૧ શું માલના પ્રવેશ પર કર લાદતા કાયદાને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) ના સંદર્ભમાં ચકાસવાની જરૂર છે? સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના તાત્પર્યને સમજવા માટે, આ જોગવાઈઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને ધ્યાનમાં રાખવી જરૂરી છે. ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ એ સમગ્ર બ્રિટિશ ભારત માટે સંઘીય સંવિધાનની પરિકલ્પના કરી હતી. સરકારે કલમ ૨૯૭ હેઠળ આંતરિક વેપારના સંબંધમાં કાયદા ઘડવા માટે રાજ્યોના વિધાનમંડળ પર નિયંત્રણ લાદ્યું હતું. કલમ ૨૯૭ માં સમાવિષ્ટ પ્રતિબંધ વેપાર અને વાણિજ્ય તથા ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણ સંબંધિત

વૈધાનિક યાદીની પ્રવિષ્ટિઓના સંદર્ભમાં માત્ર પ્રાંતીય સરકારો અને પ્રાંતીય વિધાનમંડળોને જ લાગુ પડતો હતો. આ કલમ સામાન્ય રીતે પ્રાંતમાં અથવા પ્રાંતમાંથી માલની આયાત કે નિકાસ સંબંધિત પ્રતિબંધો કે નિયંત્રણો સાથે સંબંધિત હતી. તે કર વગેરે લાદવાની સત્તા સાથે પણ સંબંધ ધરાવતી હતી અને પ્રાંતની બહાર ઉત્પાદિત કે નિર્મિત માલ અથવા વિવિધ વિસ્તારોમાં ઉત્પાદિત માલ સામેના ભેદભાવને પ્રતિબંધિત કરતી હતી. પરંતુકે જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદવા માટે 'એકમ'ને સત્તા આપી હતી. [પેરા ૮.૧, ૮.૨ અને ૮.૪] [૩૫૪–જી–એચ; ૩૫૫–એ, એફ–જી; ૩૫૬–સી]

૬.૨ બીજો મહત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે શું પ્રવેશ કર લાદવા સંબંધિત રાજ્યના અધિનિયમોને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) ના સંદર્ભમાં ચકાસવાના રહેશે કે માત્ર અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) ના સંદર્ભમાં? ઈતિહાસ, સંદર્ભ અને સ્પષ્ટ શબ્દો દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) સ્વભાવે પરસ્પર સ્વતંત્ર છે. કરારોપણને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ (બી) ના સંદર્ભમાં ચકાસવાની જરૂર નથી. ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) ને પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવા માટેના કારણો આ મુજબ છે: પ્રથમ, કાયદાકીય ઈતિહાસ અને ઘડવૈયાઓનો આશય સ્પષ્ટપણે દર્શાવે છે કે કરવેરાને ક્યારેય પ્રથમ સ્થાને નિયંત્રણો તરીકે ગણવામાં આવ્યા ન હતા. બીજું, અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની રાજ્યની સત્તા પર રોક લગાવતો નથી કે તેને

મર્યાદિત કરતો નથી. જે બાબત પર રોક છે તે માત્ર ભેદભાવપૂર્ણ કર લાદવા પર છે, અર્થાત્ તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર પણ કર લાદવામાં આવતો હોવો જોઈએ, જેથી આયાત કરાયેલ માલ અને રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય. ત્રીજું, અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડો 'અને' શબ્દ દ્વારા જોડાયેલા છે. પેટા–ખંડ (એ) રાજ્ય પર ભેદભાવપૂર્ણ કર ન લાદવાનું નિયંત્રણ મૂકે છે, જ્યારે પેટા–ખંડ (બી) વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંબંધિત અન્ય નિયંત્રણો સાથે સંબંધ ધરાવે છે. ચોથું, અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) નું કાળજીપૂર્વક વાંચન દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) પરસ્પર સ્વતંત્ર છે. આ બાબત પરંતુક દ્વારા સ્પષ્ટ થાય છે, જે એવી અસર ધરાવે છે કે અનુચ્છેદ ૩૦૪ (બી) ના હેતુ માટેનું વિધેયક રાજ્યોના વિધાનમંડળમાં માત્ર રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીથી જ રજૂ કરી શકાય છે. જો ખંડ (એ) અને (બી) પરસ્પર સ્વતંત્ર ન હોત, તો પરંતુકની ભાષા ચોક્કસપણે ભિન્ન હોત અને ખંડ (એ) ના હેતુ માટેના વિધેયકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોત. પરંતુકમાં ૩૦૪(એ) ના સંદર્ભની સ્પષ્ટ ગેરહાજરી ચોક્કસપણે એ વિચારને સમર્થન આપે છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) અલગ અને પરસ્પર સ્વતંત્ર છે. એ સુસ્થાપિત છે કે, પરંતુકનો હેતુ અનુચ્છેદના મુખ્ય કાર્યકારી ભાગની સમજૂતી આપવાનો છે. તેનો ઉપયોગ ક્યારેય જોગવાઈના કાર્યકારી ભાગને વિસ્તૃત કરવા માટે થતો નથી કે તે રીતે તેનું અર્થઘટન કરવામાં આવતું નથી. પાંચમું, જો કોઈ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) ને

સંયુક્ત રીતે વાંચે, તો તે સંવિધાનના સંઘીય સ્વરૂપને પોષશે નહીં કે જે તેનું મૂળભૂત માળખું છે. [પેરા ૮.૧૪] [૩૬૪–બી–એચ; ૩૬૫–એ–બી]

બી. શિવ રાવ, ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, અ સ્ટડી (૨જી આવૃત્તિ), પૃષ્ઠ ૬૯૯ થી ૭૦૭; બી. શિવ રાવ, ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૩, પૃષ્ઠ ૯ (૨જી આવૃત્તિ); બી. શિવ રાવ, ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૪, પૃષ્ઠ ૩૨૯ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૬.૩ માત્ર 'તફાવત' અને 'ભેદભાવ' વચ્ચે એક મહત્વપૂર્ણ તફાવત રહેલો છે. ભાગ ૧૩ દ્વારા ભેદભાવને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, તફાવતને નહીં. વિડિયો ઇલેક્ટ્રોનિક્સમાં પ્રતિપાદિત સિદ્ધાંત એ છે કે, જો રાજ્યના કોઈ પછાત વિસ્તારને વિકાસ માટે પ્રોત્સાહનની જરૂર હોય, અને આવા સંજોગોમાં સક્ષમ વિધાનમંડળ દ્વારા ઇચ્છિત અમુક સમયગાળા માટે સબસિડી અથવા કર મુક્તિના માધ્યમથી ઉદ્યોગના વિકાસ માટે પ્રોત્સાહનો આપવામાં આવે, તો તે પરવાનગીપાત્ર રહેશે અને અનુચ્છેદ ૩૦૪ (એ) ના કાર્યક્ષેત્રની બહાર રહેશે. આવો રાજ્ય અધિનિયમ મૂળભૂત રીતે ભેદભાવપૂર્ણ નથી, પરંતુ તેનો હેતુ આર્થિક સમાનતા સુનિશ્ચિત કરવાનો છે જે આર્થિક એકતાનું એક પાસું છે. કોઈ ચોક્કસ પ્રદેશના વિકાસ તરફ નિર્દેશિત રાજ્યનો કાયદો ભાગ ૧૩ હેઠળ પરવાનગીપાત્ર છે. ભાગ ૧૩ માં સામાન્ય સૂત્ર આર્થિક એકતા અને સમાનતા પ્રાપ્ત કરવાનું છે, જે જ્યાં પણ જરૂરી હોય ત્યાં વાજબી અને તાર્કિક કારણોસર

તફાવતને સંપૂર્ણપણે બાકાત રાખતું નથી. ભાગ ૧૩ નો મુખ્ય આત્મા ભારતના રાજ્યક્ષેત્રમાં દ્વેષપૂર્ણ ભેદભાવને નાબૂદ કરવાનો છે. બીજું પાસું એ છે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કોઈપણ કર લાદવા પર એક મર્યાદા છે. આ સત્તા એ શરતને આધીન છે કે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ પર પણ કર લાદવામાં આવે, જેથી રાજ્યની બહારથી આયાત કરાયેલ માલ સાથે ભેદભાવ ન થાય. અનુચ્છેદ ૩૦૪(એ) એ આયાત કરાયેલ માલ પર આવો કર લાદવા માટે રાજ્યના વિધાનમંડળ પર કોઈ મર્યાદા નથી. અનુચ્છેદ ૩૦૪ (એ) હેઠળ પરિકલ્પિત એકમાત્ર શરત એ છે કે, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ તેમજ તે રાજ્યમાં જો ઉત્પાદિત થતો હોય તો તેવા માલ પર સમાન કર લાદવાપાત્ર છે. [પેરા ૮.૧૭, ૮.૧૯, ૮.૨૦, ૮.૨૧ અને ૮.૨૨] [૩૬૮–એ; ૩૬૯–એફ–એચ; ૩૭૦–એ; ૩૭૧–એ–સી]

વિડિયો ઇલેક્ટ્રોનિક્સ વિ. પંજાબ રાજ્ય ૧૯૮૯ (૨) સપ્લી. એસ.સી.આર. ૭૩૧ : (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭ – સમર્થન કરવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, ૧૯૪૯, વોલ્યુમ ૯, પૃષ્ઠ ૧૧૨૫, ૧૧૪૫ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૬.૪ કર લાદવાની સત્તા અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં રહેલી છે.

અનુચ્છેદ ૩૦૪ માં આવતા શબ્દો "કાયદા દ્વારા કરી શકશે" એ વૈધાનિક સત્તાનો સ્ત્રોત નથી. તે રાજ્યોને આપવામાં આવેલો એક વિકલ્પ છે જો તે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કોઈ કર લાદવાનું નક્કી કરે. વૈધાનિક સત્તાનો સ્ત્રોત અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં રહેલો છે, જે બાબત નિર્વિવાદ છે. આ સત્તા કોઈપણ ગર્ભિત મર્યાદાને આધીન નથી. સાદું વાંચન દર્શાવશે કે કોઈ ચોક્કસ પરિસ્થિતિમાં, રાજ્ય પોતાની મુનસફી મુજબ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈ કર ન લાદવાનો નિર્ણય કરી શકે છે અથવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા અમુક માલ પર કર લાદવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. વાસ્તવમાં તમામ પ્રવેશ કર કાયદાઓમાં, કર આકારણી કલમ માત્ર અનુસૂચિત માલ પર જ પ્રવેશ કર લાદવા માટે સક્ષમ બનાવે છે. અનુસૂચિત માલ એવો માલ છે જેને પ્રવેશ કરપાત્ર તરીકે જાહેર કરવામાં આવેલ છે. [પેરા ૮.૨૩] [૩૭૧–ડી–એફ]

૬.૫ ભેદભાવ એ એક સાપેક્ષ સંકલ્પના છે; ભેદભાવ કરવા માટે સંદર્ભ બિંદુની જરૂર પડે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યને કર લાદવાની સત્તા આપતી સમર્થકારી જોગવાઈ હોવાને બદલે એક નિયંત્રક જોગવાઈ છે, જે માલ પર એવો કર લાદવા પર રોક લગાવે છે જેના પરિણામે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ અને રાજ્યની અંદર નિર્મિત કે ઉત્પાદિત થતા સમાન માલ વચ્ચે ભેદભાવ સર્જાય. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક માલ પર લાગતા કરવેરા કરતાં ઊંચા દરે આવા માલ પર કર લાદીને આયાત કરાયેલ માલ સામેના ભેદભાવને રોકવાનો છે, કારણ કે બંને દરો વચ્ચેનો તફાવત જકાતી દિવાલ કે નાણાકીય અવરોધ

ઊભો કરશે અને આ રીતે આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહમાં અવરોધરૂપ બનશે. જ્યાં રાજ્યમાં ખુદ માલનું ઉત્પાદન કે નિર્માણ થતું નથી તેવી પરિસ્થિતિમાં તે આપમેળે કર લાદવા પર રોક લગાવતો નથી અને આયાત કરાયેલા માલ પર કર લાદવાની રાજ્યની સત્તાને અસર કરતો નથી. તે માત્ર આયાત કરાયેલ માલની સામે રાજ્યની અંદર નિર્મિત ઉત્પાદનો પર કરવેરાના આધારે થતા ભેદભાવ પર જ રોક લગાવે છે, જે પરિસ્થિતિ ત્યારે જ ઉદ્ભવશે જ્યારે કર લાદનાર રાજ્યમાં ઉત્પાદનની પૂર્વશરત પૂર્ણ થતી હોય. [પેરા ૮.૨૪] [૩૭૧–જી–એચ; ૩૭૨–એ–બી]

૭. ઓટોમોબાઇલ કેસમાં આ કોર્ટ દ્વારા વિકસાવવામાં આવેલા વળતરરૂપી કરના સિદ્ધાંત પર ખાસ્સી ચર્ચા થઈ હતી. વળતરરૂપી કરની સંકલ્પનાનો ન તો કોઈ ન્યાયશાસ્ત્રીય આધાર છે કે ન તો તે ભારતીય સંવિધાનિક કાયદાનો કોઈ ભાગ છે. મુસદ્દો ઘડવાના તબક્કે, પેટા–સમિતિ તેમજ સલાહકાર સમિતિ દ્વારા વિચારણાના તબક્કે અને જ્યારે સંવિધાન સભા દ્વારા ભાગ ૧૦–એ (હવે ભાગ ૧૩) સ્વીકારવામાં આવ્યો હતો ત્યારે, એક ક્ષણ માટે પણ વળતરરૂપી કરના સિદ્ધાંત વિશે વિચારવામાં આવ્યું ન હતું. [પેરા ૮.૨૬] [૩૭૨–સી–ઈ]

અટિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય અને અન્ય ૧૯૬૧ એસ.સી.આર. ૮૦૯ : એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨; ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વગેરે વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય ૧૯૬૩

એસ.સી.આર. ૪૯૧ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬ – સારો કાયદો નથી.

ભગતરામ રાજીવ કુમાર વિ. સી.આઇ.ટી., એમ.પી. ૧૯૯૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૯૧ : ૧૯૯૫ સપ્લી. (૧) એસ.સી.સી. ૧૬૩૬; બિહાર રાજ્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ૧૯૯૬ (૨) એસ.સી.આર. ૧૮૪ : (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬; જિંદાલ સ્ટેઇનલેસ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૬ (૩) એસ.સી.આર. ૧૦૯૫ : એ.આઇ.આર. ૨૦૦૬ એસ.સી. ૨૫૫૦; જયપ્રકાશ એસોસિએટ્સ વિ. એમ.પી. રાજ્ય ૨૦૦૮ (૧૭) એસ.સી.આર. ૧૨૮૨ : ૨૦૦૯ (૭) એસ.સી.સી. ૩૩૯; જિંદાલ સ્ટેઇનલેસ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય ૨૦૧૦ (૪) એસ.સી.સી. ૫૯૫; જિંદાલ સ્ટ્રિપ્સ લિ. વિ. હરિયાણા રાજ્ય [૨૦૦૩] ૧૨૯ એસ.ટી.સી. ૫૩૪; જિંદાલ સ્ટ્રિપ લિ. વિ. હરિયાણા રાજ્ય ૨૦૦૩ (૪) સપ્લી. એસ.સી.આર. ૧૫૪ : ૨૦૦૩ (૮) એસ.સી.સી. ૬૦; જિંદાલ સ્ટ્રિપ્સ લિમિટેડ વિ. હરિયાણા રાજ્ય ૨૦૦૬ (૩) સપ્લી. એસ.સી.આર. ૫૬૯ : ૨૦૦૬ (૭) એસ.સી.સી. ૨૭૧; ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન વિ. હરિયાણા રાજ્ય (૨૦૦૯) ૨૧ વી.એસ.ટી. ૧૦ (પી એન્ડ એચ); એ. લક્ષ્મીનાથ, પ્રેસિડેન્ટ ઇન ઇન્ડિયા (૩જી આવૃત્તિ) પૃષ્ઠ ૧૭૮ (૨૦૦૯); ઇન રે સી કસ્ટમ્સ એક્ટ ૧૯૬૪ એસ.સી.આર. ૭૮૭ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૭૬૦; સ્ટેટ ટ્રેડિંગ કોર્પો. ઓફ ઇન્ડિયા લિ. વિ. સી.ટી.ઓ. ૧૯૬૪ એસ.સી.આર. ૯૯ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી.

૧૮૧૧; ગોલકનાથ વિ. પંજાબ રાજ્ય ૧૯૬૭ એસ.સી.આર. ૭૬૨ : એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૧૬૪૩; નરેશ શ્રીધર મિરાજકર વિ. મહારાષ્ટ્ર રાજ્ય ૧૯૬૬ એસ.સી.આર. ૭૪૪ : એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૧; સુપ્રિ. એન્ડ રિમેમ્બ્રાસર ઓફ લીગલ અફેર્સ વિ. કોર્પો. ઓફ કલકત્તા ૧૯૬૭ એસ.સી.આર. ૧૭૦ : એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૯૯૭; અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજ સોસાયટી વિ. ગુજરાત રાજ્ય ૧૯૭૫ (૧) એસ.સી.આર. ૧૭૩ : (૧૯૭૪) ૧ એસ.સી.સી. ૭૧૭; ઈન્દિરા સાહની વિ. ભારત સંઘ ૧૯૯૨ સપ્લી. (૩) એસ.સી.સી. ૨૧૫; સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન વિ. ભારત સંઘ ૧૯૯૩ (૩) એસ.સી.આર. ૬૬૯ : (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧; એસ.આર. બોમ્માઈ વિ. ભારત સંઘ (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧; એટર્ની જનરલ ઓફ ઈન્ડિયા વિ. અમૃતલાલ પ્રાજીવનદાસ (૧૯૯૪) ૫ એસ.સી.સી. ૫૪; મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ વિ. ભારત સંઘ ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૫૮૫ : ૧૯૯૭ (૫) એસ.સી.સી. ૫૩૬; એન.એમ.ડી.સી. વિ. પંજાબ રાજ્ય ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૪૭૨ : (૧૯૯૭) ૭ એસ.સી.સી. ૩૩૯; ટી.એમ.એ. પઈ ફાઉન્ડેશન કેસ ૨૦૦૨ (૩) સપ્લી. એસ.સી.આર. ૫૮૭ : (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ); આઇ.આર. કોએલ્હો વિ. તમિલનાડુ રાજ્ય ૨૦૦૭ (૧) એસ.સી.આર. ૭૦૬ : (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧; સેન્ટ્રલ બોર્ડ ઓફ દાઉદી બોહરા કમ્યુનિટી અને અન્ય વિ. મહારાષ્ટ્ર રાજ્ય અને અન્ય ૨૦૦૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૧૦૫૪ : ૨૦૦૫ (૨) એસ.સી.સી. ૬૭૩; કેશવ મિલ્સ

કંપની લિ. વિ. સી.આઇ.ટી. ૧૯૬૫ એસ.સી.આર. ૯૦૮ : એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૬૩૬; મિનર્વા મિલ્સ લિ. અને અન્ય વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૮૦ એ.આઇ.આર. ૧૭૮૯ : ૧૯૮૧ (૧) એસ.સી.આર. ૨૦૬; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. ભારત સંઘ [૧૯૬૪] ૧ એસ.સી.આર. ૩૭૧; એસ.આર. બોમ્બાઈ વિ. ભારત સંઘ [૧૯૭૮] ૨ એસ.સી.આર. ૧; સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪) ૧૯૬૫ એસ.સી.આર. ૪૧૩ : એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૭૪૫; આઇ.ટી.સી. લિમિટેડ વિ. એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી અને અન્ય ૨૦૦૨ (૧) એસ.સી.આર. ૪૪૧ : (૨૦૦૨) ૯ એસ.સી.સી. ૨૩૨ – નો સંદર્ભ લેવામાં આવેલ.

લોર્ડ ડેનિંગ, ફેમિલી સ્ટોરી, પૃષ્ઠ ૨૦૭ (૧૯૯૯) – નો સંદર્ભ લેવામાં આવેલ.

ન્યાયમૂર્તિ આર. ભાનુમતી દ્વારા (સંમત)

૧.૧ ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને મુક્ત બનાવવા પાછળનો અંતર્ગત વિચાર ભારતની આર્થિક એકતા પર ભાર મૂકવાનો અને દેશની એકતા આંતરિક અવરોધો દ્વારા ખંડિત ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે. સ્થાનિક અને પ્રાદેશિક ખેંચતાણને આધીન રાજ્ય વિધાનમંડળો ભવિષ્યમાં વેપાર અવરોધો ઊભા ન કરે તે સુનિશ્ચિત કરવા માટે સંવિધાનમાં અનુચ્છેદ ૩૦૧ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૧ સામાન્ય રીતે એવી જોગવાઈ કરે છે કે "આ ભાગની

અન્ય જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે". વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સામાન્ય સ્વરૂપની ઘોષણા કર્યા પછી, સંવિધાનનો ભાગ ૧૩ અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ માં આ સ્વતંત્રતાની મર્યાદાઓ નિર્ધારિત કરે છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા માટે સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તાઓનું પુનઃનિરૂપણ કરે છે. [પેરા ૧૫, ૧૬] [૩૮૨–એ–બી, ડી–ઈ]

જિંદાલ સ્ટેઈનલેસ લિ. (૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૬ (૩) એસ.સી.આર. ૧૦૯૫ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ – ઉલટાવવામાં આવેલ.

કે.ટી. પ્લાન્ટેશન પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય વિ. કર્ણાટક રાજ્ય ૨૦૧૧ (૧૩) એસ.સી.આર. ૬૩૬ : (૨૦૧૧) ૯ એસ.સી.સી. ૧; કેરળ રાજ્ય અને અન્ય વિ. મા૨ અપ્રેમ કુરી કંપની લિમિટેડ અને અન્ય ૨૦૧૨ (૪) એસ.સી.આર. ૪૪૮ : (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬; મહારાજ ઉમેગ સિંહ અને અન્ય વિ. બોમ્બે રાજ્ય અને અન્ય ૧૯૫૫ એસ.સી.આર. ૧૬૪ : એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦ – નો સંદર્ભ લેવામાં આવેલ.

૧.૨ અનુચ્છેદ ૩૦૨ સંસદને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવાની સત્તા આપે છે, શરત એ છે કે તે જાહેર હિતમાં જરૂરી હોય. આ જોગવાઈનો હેતુ સુસંતુલિત અર્થતંત્રનું રક્ષણ

કરવા અને માલ તથા સેવાઓના યોગ્ય આયોજન અથવા પુરવઠા માટે ભારત સરકારને માલની હેરફેર પર નિયંત્રણ લાદવાની મંજૂરી આપવાનો છે. દેશના એક ભાગમાં દુષ્કાળનો પ્રકોપ હોઈ શકે છે જ્યારે બીજા ભાગમાં વિપુલતા હોઈ શકે છે, જેવો અનાજના સંબંધમાં દેશનો ભૂતકાળનો અનુભવ રહ્યો છે. જો આવી પરિસ્થિતિઓમાં સંસદ પાસે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવાની અસરકારક સત્તા ન હોય, તો તે રાષ્ટ્રની એકતાને જોખમમાં મૂકશે. એવું અનુમાન કરવું વાજબી છે કે લોકોના પ્રતિનિધિ તરીકે સંસદ જાહેર હિતની બહેતર નિર્ણાયક છે અને તેના નિર્ણયને કોર્ટો સહિતના અન્ય કોઈપણ નિર્ણય પર પ્રાધાન્ય મળવું જોઈએ. [પેરા ૧૭] [૩૮૨–જી–એચ; ૩૮૩–એ]

૧.૩ સંવિધાનનો અનુચ્છેદ ૩૦૩(૧) સંસદ અને રાજ્ય વિધાનમંડળને "સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો" બનાવવાથી પ્રતિબંધિત કરે છે. પ્રાધાન્ય અથવા ભેદભાવ એ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા પર નિયંત્રણ સમાન ત્યારે જ ગણાય જો તે સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે બનાવવામાં આવેલો કાયદો હોય. અનુચ્છેદ ૩૦૩(૧)

નો અમલ વેપાર અને વાણિજ્ય સંબંધિત વિશિષ્ટ પ્રવિષ્ટિઓ પર થાય છે અને તેને વેપાર તથા વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ સિવાયની તમામ વૈધાનિક પ્રવિષ્ટિઓ પર અનુચ્છેદ ૩૦૧ ના સામાન્ય અમલ સાથે ગૂંચવવો જોઈએ નહીં. પરંતુ જ્યારે દેશનો કોઈપણ ભાગ માલની અછતનો સામનો કરી રહ્યો હોય, ત્યારે સંસદ આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભેદભાવપૂર્ણ કાયદો પણ પસાર કરી શકે છે [અનુચ્છેદ ૩૦૩(૨)]. અનુચ્છેદ ૩૦૩(૨) એ અનુચ્છેદ ૩૦૩(૧) નો એક અપવાદ છે, કારણ કે જ્યારે ઉપરોક્ત પ્રાધાન્ય અને ભેદભાવ માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિનો સામનો કરવાના હેતુથી કરવામાં આવે ત્યારે અનુચ્છેદ ૩૦૩(૧) ની મર્યાદાઓ નિષ્પ્રભાવી થઈ જાય છે, અને સંસદ આવી પરિસ્થિતિઓમાં એવો કાયદો ઘડી શકે છે જે પ્રાધાન્ય આપે છે અથવા પ્રાધાન્ય આપવા માટે અધિકૃત કરે છે અથવા કોઈપણ ભેદભાવ કરે છે અથવા કોઈપણ ભેદભાવ કરવા માટે અધિકૃત કરે છે. [પેરા ૧૮] [૩૮૩–સી–ઈ]

૧.૪ અનુચ્છેદ ૩૦૪(એ) મુજબ, રાજ્ય વિધાનમંડળ અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદી શકે છે જે તે રાજ્યમાં ઉત્પાદિત થતા સમાન માલ પર પણ લાગુ પડતો હોય, જેથી આ રીતે આયાત કરાયેલ માલ અને રાજ્યની અંદર નિર્મિત કે ઉત્પાદિત માલ વચ્ચે ભેદભાવ ન થાય. રાજ્ય વિધાનમંડળ જાહેર હિતમાં જરૂરી હોય તે રીતે તે રાજ્ય સાથેના અથવા તે રાજ્યની અંદર

વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદવા માટે પણ અધિકૃત છે, પરંતુ તે એ શરતને આધીન છે કે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં કોઈ વિધેયક કે સુધારો રજૂ કરી શકાશે નહીં [અનુચ્છેદ ૩૦૪(બી)]. અનુચ્છેદ ૩૦૪ "નોન–ઓબસ્ટેન્ટ" ખંડથી શરૂ થાય છે અને તેનો આશય અનુચ્છેદ ૩૦૧ અને અનુચ્છેદ ૩૦૩ બંને પર સર્વોપરી રહેવાનો છે. અનુચ્છેદ ૩૦૪(એ) માલ પર કરવેરા લાદવા પર રોક લગાવતો નથી; તે માત્ર એવા કરને પ્રતિબંધિત કરે છે જે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને કર લાદનાર રાજ્યમાં નિર્મિત કે ઉત્પાદિત સમાન માલ વચ્ચે ભેદભાવ કરતા હોય. [પેરા ૧૯] [૩૮૩–એફ–એચ; ૩૮૪–એ]

૧.૫ સંવિધાનનો ભાગ ૧૨ અને ભાગ ૧૩ એ માપદંડો નિર્ધારિત કરે છે કે જેની મર્યાદામાં રાજ્ય સરકારો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને નિયંત્રિત કરતા કાયદા ઘડવા/કર લાદવાના પોતાના અધિકારનો ઉપયોગ કરી શકે છે. સંવિધાનમાં ભાગ ૧૩ (જે આજે અસ્તિત્વમાં છે તે સ્વરૂપે) નો સમાવેશ કરવાનો હેતુ, જે ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ માંથી ફલિત થાય છે, તે નિયંત્રણો અને બિન–ભેદભાવપૂર્ણ કર કાયદાઓને આધીન રહીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પ્રદાન કરવાનો હતો. આ સંદર્ભમાં, અનુચ્છેદ ૩૦૧ કોઈ ઉચ્ચ અધિકાર પ્રદાન કરતો નથી. સંવિધાન સભાની ચર્ચાઓ પણ દર્શાવે છે કે ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય

અને આંતરવ્યવહારની કોઈ નિરપેક્ષ સ્વતંત્રતા પ્રદાન કરવાનો આશય ધરાવતા ન હતા. તેમણે ઓસ્ટ્રેલિયન સંવિધાનમાં જોવા મળતા શબ્દપ્રયોગ "સંપૂર્ણપણે મુક્ત" ને સ્વીકાર્યો ન હતો. સંવિધાન સભાની ચર્ચાઓમાંથી જે ઉદ્દેશ્ય ફલિત થાય છે તે મુજબ સંવિધાનમાં ભાગ ૧૩ નો સમાવેશ કરવાનો હેતુ રાષ્ટ્રના વ્યાપક અર્થતંત્રના હિતને સુનિશ્ચિત કરવાનો અને વેપાર, વાણિજ્ય તથા આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં આર્થિક વિકાસને અવરોધતા ગેરવાજબી વેપાર અવરોધોને અટકાવવાનો હતો. સંવિધાનના ઘડવૈયાઓ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહને આર્થિક એકતા માટે મહત્વપૂર્ણ ગણતા હતા, પરંતુ તેઓએ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને ઈશ્વરીય દરજ્જો આપ્યો ન હતો કે તેના પ્રત્યે કોઈ અંધ આસક્તિ રાખી ન હતી. વાસ્તવમાં, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા મૂળભૂત રીતે એક મૂળભૂત અધિકાર તરીકે રાખવાનો આશય હતો પરંતુ તેને 'મૂળભૂત અધિકારો' સંબંધિત ભાગમાંથી દૂર કરવામાં આવ્યો હતો કારણ કે એવું માનવામાં આવ્યું હતું કે તે મૂળભૂત અધિકાર તરીકે કોઈ મોટો સાર ધરાવતો નથી. [ફકરા ૨૧, ૨૫][૩૮૪–ઈ–એફ; ૩૮૭–એચ; ૩૮૮–એ–બી]

જિંદાલ સ્ટ્રાઈપ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૩ (૪) સપ્લી. એસ.સી.આર. ૧૫૪ : (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦; જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ વિ. મધ્યપ્રદેશ રાજ્ય અને અન્ય ૨૦૦૮ (૧૭)

એસ.સી.આર. ૧૨૮૨ : (૨૦૦૯) ૭ એસ.સી.સી. ૩૩૯; જિંદાલ સ્ટેઈનલેસ લિમિટેડ અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૧૦ (૪) એસ.સી.આર. ૭૪૩ : (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૫૯૫ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

"કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ ૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯" – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા ભાગ ૧૩ અને સંવિધાનના અન્ય ભાગો એટલે કે ભાગ ૩, ૪ અને ૧૨ વગેરેને આધીન છે:

> ૨.૧ સમગ્ર ઉદ્દેશો પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે સમગ્ર સંવિધાનના વાચનમાંથી સંવિધાનનું અર્થઘટન નિષ્પન્ન થવું જોઈએ. ભાગ ૧૩ સમગ્રપણે એક સંતુલિત યોજના પર આધારિત છે અને તેનું અર્થઘટન ભાગ ૩, ભાગ ૧૨ તથા રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અનુચ્છેદ ૩૮ અને ૩૯ સહિત સંવિધાનના અન્ય ભાગોના સંદર્ભમાં થવું જોઈએ. આ પ્રત્યેક ભાગોને અલગ પાડીને કે અભેદ્ય ખાનાઓ તરીકે નહીં પરંતુ એક તાર્કિક સમગ્રતા તરીકે સુમેળપૂર્ણ રીતે વાંચવા જોઈએ. સંવિધાનને એક તાર્કિક સમગ્રતા તરીકે ગણવું જોઈએ અને જોગવાઈઓને અલગ પાડીને વાંચવાની નથી. [ફકરો ૩૧] [૩૯૨–જી–એચ; ૩૯૩–એ]

૨.૨ ભાગ ૧૩ નો ઉદ્દેશ્ય આંતર–રાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો નથી. ભાગ ૧૩ ને સંવિધાનના અન્ય ભાગો એટલે કે ભાગ ૩, ૪ અને ૧૨ ની સાથે તેમજ સાર્વભૌમત્વ અને સંઘવાદના મૂળભૂત લક્ષણો સાથે વાંચવો પડશે. મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર એ ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓ તેમજ અન્ય સંવિધાનિક જોગવાઈઓને આધીન છે. અનુચ્છેદ ૩૦૧ માં ભાગ ૧૩ ને 'માત્ર' આધીન એવા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" શબ્દ અલગ પાડીને કે ભાગ ૧૩ ના મર્યાદિત સંદર્ભમાં વાંચવાનો નથી, પરંતુ તેને સમગ્ર સંવિધાનના ભાગ તરીકે વાંચવો પડશે. "મુક્ત" શબ્દને એવો અર્થ આપી શકાય નહીં કે જે રાજ્યની વૈધાનિક સત્તાઓને નિષ્પ્રભાવી બનાવી દે. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદો કે પરંતુકો નથી અને તેથી, પરંતુકના અર્થઘટનના સિદ્ધાંતો તેમને લાગુ કરી શકાય નહીં. પરંતુ અતિયાબારી અને ઓટોમોબાઈલ બંને કેસો એ આધાર પર આગળ વધ્યા હતા કે અનુચ્છેદ ૩૦૨ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદ સ્વરૂપ છે. [ફકરા ૩૩, ૩૪] [૩૯૪–ડી–ઈ, જી]

કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય ૧૯૭૩ સપ્લી. એસ.સી.આર. ૧ : (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ – અનુસરવામાં આવેલ.

કિહોતો હોલોહન વિ. ઝાચીલ્હુ ૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬ : (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૬૫૧; ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન અને અન્ય વિ. કર્ણાટક રાજ્ય ૨૦૦૨ (૩) સપ્લી. એસ.સી.આર. ૫૮૭ : (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ – પર આધાર રાખવામાં આવેલ.

શું બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો તે સ્વયંભૂ રીતે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બની શકે?

કર લાદવાની સત્તા એ રાજ્યના સાર્વભૌમત્વનું આનુષંગિક લક્ષણ છે:–

૩.૧ સાતમી અનુસૂચિની રાજ્ય યાદી હેઠળ કરવેરા અને જકાત લાદવા સંબંધિત પ્રવિષ્ટિઓ પ્રવિષ્ટિ ૪૬–૬૨ છે અને સાતમી અનુસૂચિની સમવર્તી યાદી હેઠળ પ્રવિષ્ટિ ૩૫, ૪૩ અને ૪૪ છે. કર લાદવાની સત્તા એ રાજ્યનો સાર્વભૌમ અધિકાર છે અને તે સરકારના અસ્તિત્વ માટે જ અત્યંત આવશ્યક છે. કર દ્વારા મહેસૂલ એકત્ર કરવાની રાજ્યની સત્તા પરના કોઈપણ બંધનો રાજ્યની સ્વાયત્તતા અને શાસન પર સીધી અસર કરે છે. 'કર' શબ્દ સામાન્ય રીતે સરકારના ખર્ચાઓ માટે મહેસૂલ એકત્ર કરવા માટેની સાર્વભૌમ સત્તાના ઉપયોગને વ્યક્ત કરવા માટે વપરાય છે. સંવિધાન અને તેના અંતર્નિહિત નિયંત્રણોને આધીન રહીને, કરવેરાની સત્તાને રાજકીય અને સર્વોચ્ચ ગણવામાં આવે છે. કર વિના, મહેસૂલના સ્ત્રોતના અભાવે સરકાર સ્થગિત થઈ જશે. કેટલું મહેસૂલ મેળવવું અને કયા સ્ત્રોતમાંથી મેળવવું તે રાજકોષીય નીતિની બાબત છે અને

સંપૂર્ણપણે રાજ્યની જરૂરિયાતો પર આધાર રાખે છે. [ફકરા ૩૬, ૩૭ અને ૪૦] [૩૯૭–બી–સી; ૩૯૯–એફ]

રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૨૨૦; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. અને અન્ય ૨૦૦૪ (૧) એસ.સી.આર. ૫૬૪ : (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧; યાદલાપતિ વેંકટેશ્વરલુ વિ. આંધ્રપ્રદેશ રાજ્ય ૧૯૯૦ (૧) સપ્લી. એસ.સી.આર. ૩૮૧ : ૧૯૯૨ સપ્લી. (૧) એસ.સી.સી. ૭૪; ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય વિ. સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ લિ. અને અન્ય (૧૯૯૧) ૪ એસ.સી.સી. ૧૩૯; અમૃત વનસ્પતિ કું. લિ. અને અન્ય વિ. પંજાબ રાજ્ય અને અન્ય ૧૯૯૨ (૨) એસ.સી.આર. ૧૩ : (૧૯૯૨) ૨ એસ.સી.સી. ૪૧૧; દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કંપની અને અન્ય ૨૦૦૦ (૩) એસ.સી.આર. ૫૦૯ : (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪ – પર આધાર રાખવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા, ૪થી આવૃત્તિ, વોલ્યુમ ૩; કુલી, ટેક્સેશન (૪થી આવૃત્તિ) પૃષ્ઠ ૭૨, ૧૪૯, ૧૫૦; માર્કેટ લો રિવ્યુ વોલ્યુમ ૨૨ અંક ૩ એપ્રિલ, ૧૯૩૮ માં પ્રસિદ્ધ થયેલ હર્મન એમ. નોએલર દ્વારા લિખિત 'પાવર ટુ ટેક્સ' લેખમાં સંદર્ભિત – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

૩.૨ સંવિધાનના ભાગ ૧૧ અને ૧૨ અનુક્રમે "સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો" અને "નાણાં, મિલકત, કરારો અને દાવાઓ" સાથે સંબંધિત છે.

નાણાં વગેરે સાથે સંબંધિત ભાગ ૧૨ ને કર લાદવાની રાજ્યોની સાર્વભૌમ સત્તા સાથે સંબંધિત ભાગ તરીકે ગણવામાં આવ્યો છે, જેનો અર્થ હંમેશા જાહેર હિતમાં નાગરિકો અને અન્ય લોકો પર બોજ લાદવાનો જ થાય છે. સરકારના કાર્યો ચલાવવા માટે કરારોપણની સત્તા સાર્વભૌમ રાજ્યમાં નિહિત છે. આપણા સંવિધાને એક કલ્યાણકારી રાજ્યનો પાયો નાખ્યો હતો, જેનાથી સરકાર અને વહીવટીતંત્રની પ્રવૃત્તિઓનો વ્યાપક વિસ્તાર થયો છે, જેથી રાજ્ય માટે મોટા પાયે અને ઘણા વ્યાપક ક્ષેત્રોમાં કર લાદવાનું જરૂરી બન્યું છે. સંસદ અથવા રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતા માત્ર સંવિધાનમાં જ સમાવિષ્ટ સ્પષ્ટ મનાઈ દ્વારા સીમિત કરી શકાય છે. સંવિધાન દ્વારા સંઘ અને રાજ્ય વિધાનમંડળોમાં નિહિત કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તાઓ સંવિધાન દ્વારા જ લાદવામાં આવેલી મર્યાદાઓ સિવાય અન્ય કોઈ મર્યાદાઓને આધીન નથી. [ફકરો ૪૨] [૪૦૦–ડી–એફ]

એલેલ હોટેલ્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ્સ લિ. અને અન્ય વિ. ભારત સંઘ ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૮૮૦ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૯૮ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

અનુચ્છેદ ૩૦૧ માં રહેલી સ્વતંત્રતાનો અર્થ કરવેરામાંથી મુક્તિ નથી.

૩.૩ સંસદ / રાજ્ય વિધાનમંડળની કર સત્તામાંથી મુક્તિ સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે આપેલી હોવી જોઈએ. અનુચ્છેદ ૨૮૯(૨) દર્શાવે છે કે

રાજ્ય સરકાર દ્વારા અથવા તેના વતી હાથ ધરાતા વેપાર અને ધંધા પર પણ કર લાદી શકાય છે અને જો કોઈ કર હોય તો તે કાયદા દ્વારા સંસદ જોગવાઈ કરે "તે હદ સુધી" હોઈ શકે છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા અથવા તેના વતી ચલાવવામાં આવતા વેપાર કે ધંધા પર પણ કર લાદી શકાતો હોય, ત્યારે દેશમાં ખાનગી વ્યક્તિઓ અને કંપનીઓ દ્વારા કરવામાં આવતા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કરમાંથી મુક્ત ગણવું ભૂલભરેલું હશે; અને તે પણ ગર્ભિત રીતે. સંવિધાનના ભાગ ૩ માં રહેલા મૂળભૂત અધિકારો પણ કરવેરામાંથી મુક્ત નથી અને કરારોપણને "પ્રતિબંધ નથી" તેમ ઠેરવવામાં આવેલ છે. [ફકરા ૪૯, ૫૦] [૪૦૩–એ–સી]

ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રા. લિ. અને અન્ય વગેરે વિ. ભારત સંઘ અને અન્ય વગેરે ૧૯૮૫ (૨) એસ.સી.આર. ૨૮૭ : (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧ – પર આધાર રાખવામાં આવેલ.

૩.૪ અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવાની રાજ્યો પાસે વૈધાનિક સત્તા હોવા છતાં, અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યોની માલ પર કર લાદવાની સત્તા પર એવા નિયંત્રણો લાદે છે કે જેના પરિણામે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ અને તે રાજ્યોની અંદર ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવ થતો હોય. અનુચ્છેદ ૩૦૧ ના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૪ માં રહેલ નોન–ઓબસ્ટેન્ટ ખંડ

વાસ્તવમાં એ દર્શાવે છે કે કર એ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતો ન હોવાથી, માલના સ્ત્રોત અથવા ગંતવ્ય સ્થાનના આધારે ભેદભાવ અટકાવવા માટે અનુચ્છેદ ૩૦૪(એ) લાવવામાં આવ્યો હતો. આમ, અનુચ્છેદ ૩૦૪(એ) એ રાજ્યોની કર સત્તાઓ પરનું નિયંત્રણ છે કે જેથી રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ અને કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવ ન કરવામાં આવે. [ફકરો ૫૩] [૪૦૫–ઈ–એફ]

૩.૫ સંવિધાન સભાની ચર્ચાઓ દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહની ખાતરી આપવાનો આશય ધરાવતા હોવા છતાં તેમણે તેને ઈશ્વરીય દરજ્જો આપ્યો ન હતો. સંવિધાનનો મુસદ્દો તૈયાર કરતી વખતે, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા ધરાવતી જોગવાઈ શરૂઆતમાં મૂળભૂત અધિકાર તરીકે દર્શાવવામાં આવી હતી; પરંતુ ચર્ચાઓ પછી તેને એક અલગ ભાગ [ભાગ ૧૩] માં ખસેડવામાં આવી હતી. સંવિધાનના ઘડવૈયાઓનો એવો આશય ન હતો કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર કરવેરામાંથી મુક્ત રહે. અનુચ્છેદ ૩૦૪ રાજ્યોને કર લાદવાની સત્તા પ્રદાન કરે છે, અલબત્ત આ કરારોપણ ભેદભાવપૂર્ણ ન હોય તે શરતે. તેથી, અનુચ્છેદ ૩૦૧ ને કર કાયદાઓમાંથી મુક્તિ તરીકે વાંચવો જોઈએ નહીં. કોઈપણ કર કાયદાને વૈધાનિક સક્ષમતાના આધારે તેમજ સંવિધાનના ભાગ ૩ હેઠળ ખાતરી આપવામાં આવેલ મૂળભૂત

અધિકારોના ઉલ્લંઘનના કારણોસર પડકારી શકાય છે. કર કાયદાઓ ભાગ ૩ હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે તેવા આધાર પર તેમને પડકારી શકાય છે, પરંતુ તેનો અર્થ એવો નથી કે કરવેરામાંથી મુક્તિ છે અથવા કર સ્વયંભૂ રીતે મૂળભૂત અધિકારો કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરનો પ્રતિબંધ છે. [ફકરા ૫૪, ૫૬ અને ૫૭] [૪૦૫–જી, એચ; ૪૦૬–એ; ૪૦૭–બી; ૪૦૯–ડી]

ઓલ બિહાર સ્કૂલ્સ એસોસિએશન અને અન્ય વિ. બિહાર રાજ્ય અને અન્ય ૧૯૮૮ (૨) એસ.સી.આર. ૪૯ : (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૨૦૬; પ્રિન્ટર્સ (મૈસૂર) લિ. અને અન્ય વિ. આસિસ્ટન્ટ કોમર્શિયલ ટેક્સ ઓફિસર અને અન્ય ૧૯૯૪ (૧) એસ.સી.આર. ૬૮૨ : (૧૯૯૪) ૨ એસ.સી.સી. ૪૩૪ – પુષ્ટિ કરવામાં આવેલ.

કર એ સ્વયંભૂ રીતે કોઈ પ્રતિબંધ નથી.

૪. સંવિધાનના અનુચ્છેદ ૨૪૬(૩) હેઠળ, સાતમી અનુસૂચિની યાદી ૨ માં નિર્દિષ્ટ બાબતો પૈકીની કોઇપણ બાબતના સંબંધમાં તે રાજ્ય અથવા તેના કોઇપણ ભાગ માટે કાયદો ઘડવાની રાજ્ય પાસે અનન્ય સત્તા છે. અનુચ્છેદ ૨૪૬(૩) એ અનુચ્છેદ ૨૪૬ ના ખંડ (૧) અને (૨) એટલે કે સાતમી અનુસૂચિની યાદી ૧ અને ૩ માં નિર્દિષ્ટ બાબતોને આધીન છે. અનુચ્છેદ ૨૬૫ મુજબ, કર માત્ર કાયદાની સત્તા હેઠળ જ લાદી શકાય છે અને તેમાં કારોબારીની કોઈ ભૂમિકા નથી. તે કાયદા દ્વારા અમલવારી કરાવી શકાય તેવા જાહેર હેતુઓ

માટે જાહેર સત્તામંડળ દ્વારા કોઈપણ બોજના ભાગ રૂપે ફરજિયાત વસૂલાત કરવાની સાર્વભૌમ સત્તા છે. ભારતના સંવિધાનના ભાગ ૧૧ અને ૧૨ દ્વારા રાજ્યની કર સત્તા સ્વતંત્ર રીતે સુદ્રઢ બને છે અને તેને માત્ર વાજબીપણાના આધાર પર જ પડકારી શકાય છે. શાસન ચલાવવા અને પોતાની કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવાના હેતુ માટે કર લાદવાની રાજ્યોની સત્તા એ રાજ્યના સાર્વભૌમત્વનું અનિવાર્ય લક્ષણ છે અને તે અર્થમાં તે સર્વોચ્ચ લક્ષણ ધરાવતી સત્તા છે. એ બાબત સુસ્થાપિત છે કે કર જાહેર હિતમાં લાદવામાં આવે છે અને તેથી, સંવિધાન દ્વારા પરિકલ્પિત કોઈપણ સ્વતંત્રતાના ઉપભોગ પર તેને સ્વયંભૂ રીતે કોઈ પ્રતિબંધ ગણી શકાય નહીં. કરના આવશ્યક લક્ષણો એ છે કે: (૧) તે કરદાતાની સંમતિ વિના વૈધાનિક સત્તા હેઠળ લાદવામાં આવે છે અને તેની ચુકવણી કાયદા દ્વારા અમલી બનાવાય છે; (૨) તે કર ચૂકવનારને કોઈ વિશેષ લાભ પ્રદાન કરવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવેલું આરોપણ છે; અને (૩) તે સામાન્ય બોજનો એક ભાગ છે. [ફકરા ૫૮–૬૦] [૪૦૯–એફ–જી, એચ; ૪૧૦–એ–ડી]

કમિશનર, હિન્દુ રિલિજિયસ એન્ડોમેન્ટ્સ, મદ્રાસ વિ. શ્રી લક્ષ્મીન્દ્ર તીર્થ સ્વામીયાર ઓફ શ્રી શિરુર મઠ ૧૯૫૪ એસ.સી.આર. ૧૦૦૫; ઈન્ડિયન મેડિકલ એસોસિએશન વિ. વી. પી. શાંતા અને અન્ય ૧૯૯૫ (૫) સપ્લી. એસ.સી.આર. ૧૧૦ : (૧૯૯૫) ૬ એસ.સી.સી. ૬૫૧; ગુજરાત રાજ્ય અને અન્ય વિ. અખિલ ગુજરાત પ્રવાસી વી.એસ. મહામંડળ અને અન્ય ૨૦૦૪ (૩) એસ.સી.આર. ૯૫૬ : (૨૦૦૪) ૫ એસ.સી.સી. ૧૫૫; ફેડરેશન ઓફ હોટેલ

એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઈન્ડિયા વગેરે વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૯૧૮ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪; એક્સપ્રેસ હોટેલ્સ પ્રાઈવેટ લિમિટેડ વિ. ગુજરાત રાજ્ય અને અન્ય ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૮૯૩ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૭૭; હરિકૃષ્ણ ભાર્ગવ વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૬૬ એસ.સી.આર. ૨૨ : એ.આઈ.આર. ૧૯૬૬ એસ.સી. ૬૧૯; રાય રામકૃષ્ણ અને અન્ય વિ. બિહાર રાજ્ય (૧૯૬૪) ૧ એસ.સી.આર. ૮૯૭ – પર આધાર રાખવામાં આવેલ.

અતિયાબારી અને ઓટોમોબાઈલમાં બહુમતી મત: પુનઃમૂલ્યાંકનની જરૂરિયાત.

૫.૧ અનુચ્છેદ ૩૦૧ વેપાર અને વાણિજ્યની "પ્રતિબંધો" થી સ્વતંત્રતાની ખાતરી આપે છે, તમામ "કાયદાઓ" થી સ્વતંત્રતાની નહીં. અતિયાબારીમાં, "પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી" લાગુ કરીને, યાદી ૨ ની પ્રવિષ્ટિઓના સંદર્ભમાં કાયદો ઘડવાની રાજ્ય વિધાનમંડળની સત્તાઓની તપાસ કરવાને બદલે બહુમતી મતે કાયદાની અસરોની વિચારણા કરી છે. અતિયાબારીના બહુમતી મત મુજબ, અનુચ્છેદ ૩૦૧ એ રાજ્યની વૈધાનિક સત્તાઓના ઉપયોગ પર એક મર્યાદા છે, જે સાતમી અનુસૂચિની યાદી ૨ ની વિવિધ પ્રવિષ્ટિઓ હેઠળ રાજ્યોને સ્પષ્ટપણે પ્રદાન કરવામાં આવેલી વૈધાનિક સત્તાને નકારે છે અથવા સીમિત કરે છે. અતિયાબારી અને ઓટોમોબાઈલમાં, સંવિધાન સભાની ચર્ચાઓનો કોઈ વિગતવાર ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો જે

ભાગ ૧૩ ના વ્યાપ પર નોંધપાત્ર પ્રકાશ પાડે છે. અતિયાબારી અને ઓટોમોબાઇલમાં અપનાવવામાં આવેલ એ મત કે કર એ પ્રતિબંધ સમાન હોઈ શકે છે અને બને છે, તે ખામીયુક્ત છે. રાજ્યની કરવેરાની સત્તા સંવિંધાનના ભાગ ૧૨ દ્વારા સ્વત ત્ર રીતે સુદ્રઢ બને છે અને તેને માત્ર વાજબીપણાના આધાર પર જ પડકારી શકાય છે. [ફકરા ૭૨, ૭૩] [૪૨૦–સી–ઈ]

અનુચ્છેદ ૩૦૧ માં રહેલી સ્વતંત્રતા એ કરવેરામાંથી મુક્તિ નથી – બિન–ભેદભાવપૂર્ણ કર અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે.

૫.૨ ઓસ્ટ્રેલિયન કેસોના પ્રકાશમાં અતિયાબારી અને ઓટોમોબાઇલમાં વ્યક્ત કરવામાં આવેલ મંતવ્યો ભારતીય રાજ્યવ્યવસ્થાના વિશિષ્ટ લક્ષણો અને સંવિધાન સભાની ચર્ચાઓને ધ્યાનમાં રાખ્યા વિના, ભારતીય કાનૂની પ્રણાલીમાં વિદેશી ખ્યાલનું યાંત્રિક પ્રત્યારોપણ દર્શાવે છે. અનુચ્છેદ ૩૦૧ માં 'સ્વતંત્રતા' નો અર્થ કરમાંથી મુક્તિ હતો કે કેમ તે મૂળભૂત પ્રશ્નની ચર્ચા કરતી વખતે અતિયાબારી અને ઓટોમોબાઇલમાં બહુમતી મતે પોતાની આગવી ઓળખ ધરાવતા 'દેશી રાજ્યો' ના બ્રિટિશ ભારત સાથેના વિલીનીકરણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ભારતીય સંવિધાનના સંઘીય સ્વરૂપની નોંધ લીધી હોય તેમ જણાતું નથી. બહુમતી મતે કર કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ને આધીન હોવાની પૂર્વધારણા સાથે શરૂઆત કરી હોય તેમ જણાય છે અને પાછળથી એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે જો તમામ કર કાયદાઓને અનુચ્છેદ ૩૦૧ માં લાવવામાં

આવે, તો કર લાદવાની રાજ્યની વૈધાનિક સત્તા નષ્ટ થઈ જશે. ત્યારબાદ, રાજ્યની કર સત્તાને બચાવવાના પ્રયાસરૂપે, તેઓએ ઓસ્ટ્રેલિયન અને અમેરિકન કેસોમાંથી 'પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી' તથા 'વળતરરૂપી કર' ના ખ્યાલો ઉછીના લીધા હતા. [ફકરો ૮૨] [૪૨૬–સી–ઈ]

કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ (૧૯૪૯) ૭૯ સી.એલ.આર. ૪૯૭ : [૧૯૫૦] એ.સી. ૨૩૫; જેમ્સ વિ. સ્ટેટ ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયા (૧૯૨૭) ૪૦ સી.એલ.આર. ૧; જેમ્સ વિ. કોવાન (૧૯૩૨) એ.સી. ૫૪૨; જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા (૧૯૩૬) એ.સી. ૫૭૮; કોલ વિ. વ્હીટફિલ્ડ (૧૯૮૮) ૭૮ એ.એલ.આર. ૪૨; બેટફેર પીટીવાય લિ. વિ. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા (૨૦૦૮) ૨૪૪ એ.એલ.આર. ૩૨; ફ્રીમેન વિ. હેવિટ ૩૨૯ યુ.એસ. ૨૪૯ (૧૯૪૬); કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ, ઇન્ક. વિ. ચાર્લ્સ આર. બ્રેડી [૧૯૭૭] યુ.એસ.એસ.સી. ૫૪ : (૧૯૭૭) ૪૩૦ યુ.એસ. ૨૭૪ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

કોન્સ્ટીટ્યુશનલ એસેમ્બલી ડિબેટ્સ, વોલ્યુમ ૯, પૃષ્ઠ ૧૧૪૨, તારીખ ૩૦.૦૭.૧૯૪૯ – ૧૮.૦૯.૧૯૪૯ – નો ઉલ્લેખ કરવામાં આવેલ.

અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) વિયોજક રીતે વાંચવા જોઈએ.

૫.૩ જેમ અનુચ્છેદ ૩૦૪ ની હાંસિયાની નોંધમાંનો "નિયંત્રણો" શબ્દ સત્તાઓની બહુલતા સૂચવે છે અને દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) અલગ–અલગ સત્તાઓ પ્રદાન કરે છે. અનુચ્છેદ ૩૦૪(એ) કર સાથે

સંબંધિત છે; અનુચ્છેદ ૩૦૪(બી) એવાં નિયંત્રણો સાથે સંબંધિત છે જે વાજબી અને જાહેર હિતમાં હોય. સંવિધાનના ઘડવૈયાઓનો આશય અનુચ્છેદ ૩૦૪(બી) માં કરનો સમાવેશ કરવાનો હોઈ શકે નહીં; કારણ કે "વાજબીપણું" અને "જાહેર હિત" ના તત્વો કરમાં અંતર્નિહિત હોય છે. "અને" શબ્દનો ઉપયોગ જોગવાઈઓ સંયોજક છે તેવા અર્થઘટનને સમર્થન આપતો નથી. તેનો માત્ર એટલો જ અર્થ થાય છે કે:– (૧) રાજ્ય બહારથી આવતા માલ પર એ રીતે કર લાદી શકે છે જેથી આયાત કરાયેલ માલ અને રાજ્યની અંદર નિર્મિત કે ઉત્પાદિત માલ વચ્ચે ભેદભાવ ન થાય [અનુચ્છેદ ૩૦૪ (એ)] –અને– (૨) તે ઉપરાંત તે રાષ્ટ્રપતિની સંમતિને આધીન રહીને વાજબી અને જાહેર હિતમાં હોય તેવાં અન્ય નિયંત્રણો પણ લાદી શકે છે [અનુચ્છેદ ૩૦૪ (બી)]. અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) વિયોજક છે, તે એ હકીકત પરથી પણ સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક એટલે કે રાષ્ટ્રપતિની મંજૂરી માત્ર અનુચ્છેદ ૩૦૪(બી) ને જ સંદર્ભિત છે અને અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ વિચારાયેલા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ પર કર લાદતા કાયદાને નહીં. આનું કારણ એ છે કે, અનુચ્છેદ ૩૦૪(એ) માં એક અંતર્નિહિત રક્ષણાત્મક જોગવાઈ છે, કારણ કે અન્ય રાજ્યમાંથી આવતા માલ પર લાદવામાં આવતા કર ભેદભાવપૂર્ણ હોઈ શકે નહીં અને તેથી, રાષ્ટ્રપતિની કોઈ મંજૂરી જરૂરી નથી. અનુચ્છેદ ૩૦૪(એ) માં અર્ધવિરામ પછી "અને" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જોકે એ કહેવું સાચું છે કે સામાન્ય રીતે "અને" શબ્દ સંયોજક હોય છે, છતાં પણ જે સંદર્ભમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે સંદર્ભ હેઠળ

પરંતુકના શબ્દોમાંથી મળતા વૈધાનિક આશયના આધારે તેનું ઘણીવાર વિયોજક તરીકે પણ અર્થઘટન કરવામાં આવે છે. અનુચ્છેદ ૩૦૪ માં અર્ધવિરામ પછી 'અને' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી, તેને 'અથવા' તરીકે વાંચવો પડશે, જે અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) નું વિયોજક વાંચન ઊભું કરે છે અને દર્શાવે છે કે રાજ્ય વિધાનમંડળ પોતાની સત્તાનો ઉપયોગ કાં તો અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ અથવા અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ અથવા બંને હેઠળ કરી શકે છે. [પેરા ૯૦–૯૨] [૪૩૦–એફ–એચ; ૪૩૧–એ–ડી; ૪૩૩–જી–એચ]

મહર્ષિ મહેશ યોગી વૈદિક વિશ્વવિદ્યાલય વિ. મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય ૨૦૧૩ (૧૩) એસ.સી.આર. ૪૬૪ : (૨૦૧૩) ૧૫ એસ.સી.સી. ૬૭૭; એ. કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય ૧૯૫૦ એસ.સી.આર. ૮૮ : એ.આઇ.આર. ૧૯૫૦ એસ.સી. ૨૭ – પર આધાર રાખવામાં આવેલ.

પરંતુક સાથે જોડાયેલ અનુચ્છેદ ૩૦૪(બી) કર કાયદાઓને લાગુ પડે છે કે કેમ – ન્યાયિક અભિગમ.

પ.૪ અતિઆબારીમાં, બહુમતીએ ઠેરવેલ કે "કર કાયદાઓ" અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપમાં આવે છે અને તેથી, કોઈપણ કાયદો ભલે તે કરવેરા સંબંધિત હોય કે અન્યથા, જે માલની હેરફેર અથવા પરિવહન પર કોઈ પ્રત્યક્ષ નિયંત્રણ લાદે છે તે અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓને આકર્ષે છે, અને તેની માન્યતા ત્યારે જ ટકી શકે જો તે અનુચ્છેદ ૩૦૨ અથવા અનુચ્છેદ ૩૦૪ ની જરૂરિયાતો

સંતોષતો હોય. અતિઆબારીમાં વ્યક્ત ઉપરોક્ત મંતવ્ય અનુસાર, રાજ્ય વિધાનમંડળ માટે કેટલીક કર સંબંધિત પ્રવિષ્ટિઓ એટલે કે વેચાણ વેરો (પ્રવિષ્ટિ ૫૪, યાદી ૨); જુગાર સંબંધિત કાયદો (પ્રવિષ્ટિ ૩૪, યાદી ૨) અથવા શરત અને જુગાર પર કર (પ્રવિષ્ટિ ૬૨, યાદી ૨); અને માર્ગ દ્વારા અથવા અંતર્દેશીય જળમાર્ગો દ્વારા માલ અથવા મુસાફરોના વહન પર કર (પ્રવિષ્ટિ ૫૬, યાદી ૨) ના સંબંધમાં બિલકુલ કોઈ કાયદો પસાર કરવો શક્ય નથી. જો ઉપરોક્ત પ્રવિષ્ટિઓ હેઠળના કાયદાઓને એવા કારણોસર પડકારવામાં આવે કે તેઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રત્યક્ષ નિયંત્રણ તરીકે અમલમાં આવે છે, તો અતિઆબારીમાં વ્યક્ત મંતવ્ય મુજબ, આ કાયદાઓને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ વાજબી ઠેરવવા પડી શકે છે. અતિઆબારીનો અભિગમ યાદી ૨ ની વિવિધ કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ હેઠળ પોતાની સત્તાઓનો ઉપયોગ કરીને કાયદા ઘડવાની રાજ્ય વિધાનમંડળની સાર્વભૌમ સત્તાઓને સંપૂર્ણપણે છીનવી લેશે, જે સંવિધાનના ઘડવૈયાઓનો આશય હોઈ શકે નહીં. [પેરા ૯૩] [૪૩૪–બી–ડી]

અનુચ્છેદ ૩૦૪(બી) માત્ર બિન–નાણાકીય કાયદાઓને જ લાગુ પડે છે અને કર કાયદાઓને નહીં.

૬. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) એ બે અલગ–અલગ સત્તાઓ છે અને વેપાર, વાણિજ્ય તથા આંતરવ્યવહારની સ્વતંત્રતા તેમને આધીન છે. અનુચ્છેદ ૩૦૪(બી) જાહેર હિતમાં લાદવામાં આવતા વાજબી

નિયંત્રણો સાથે સંબંધ ધરાવે છે. અનુચ્છેદ ૩૦૪(બી) જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદતા બિન–નાણાકીય કાયદાઓ સાથે સંબંધિત છે અને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કર કાયદાઓનો સમાવેશ થતો નથી. કર લાદવો એ રાજ્યની આર્થિક જીવાદોરી છે. સંવિધાનના ઘડવૈયાઓનો આશય અનુચ્છેદ ૩૦૪(બી) ના દાયરામાં કરનો સમાવેશ કરવાનો ક્યારેય ન હતો. કર લાદવાની રાજ્યની સંપૂર્ણ સત્તા પર કેન્દ્રને વીટો આપવો એ કેન્દ્ર–રાજ્ય સંતુલન અને સહકારી સંઘવાદને સંપૂર્ણપણે વિકૃત કરી નાખશે. આવા અર્થઘટનનો સંવિધાન સભાની ચર્ચાઓમાં કોઈ આધાર નથી અને તે નકારી કાઢવાપાત્ર છે. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક દ્વારા વિચારાયેલી રાષ્ટ્રપતિની મંજૂરી માટેનું તર્ક એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે વિદેશો સાથેનો વેપાર અને વાણિજ્ય તથા આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય એ સાતમી અનુસૂચિની યાદી ૧ માં સમાવિષ્ટ વિષયો છે (પ્રવિષ્ટિ ૪૧ અને ૪૨, યાદી ૧). વધુમાં, સંઘ દ્વારા નિયંત્રિત ઉદ્યોગોના ઉત્પાદન, પુરવઠા અને વિતરણમાં વેપાર અને વાણિજ્ય; ખાદ્ય પદાર્થો, જેમાં ખાદ્ય તેલ, તેલીબિયાં અને તેલનો સમાવેશ થાય છે; પશુ આહાર; કાચું કપાસ, કપાસિયા; અને કાચો શણ એ યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ માં સમાવિષ્ટ વિષયો છે. યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૪ ભાવ નિયંત્રણ સાથે સંબંધિત છે. તેમાં જણાવ્યા મુજબ, યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ ને આધીન માત્ર રાજ્યની અંદરનો વેપાર અને વાણિજ્ય જ યાદી ૨ માં છે (પ્રવિષ્ટિ ૨૬, યાદી ૨). આમ સંસદે રાજ્યની અંદરના વેપાર અને વાણિજ્યના સંબંધમાં પણ વિશાળ ક્ષેત્ર આવરી લીધું છે. આ પૃષ્ઠભૂમિમાં જ વિધેયક રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની

સંમતિની જરૂરિયાતવાળા પરંતુક સાથે રાજ્યને તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદવાની સત્તા આપવામાં આવી છે. તેથી, તર્ક એ છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સંબંધિત રાજ્યનો બિન–નાણાકીય કાયદો કાં તો યાદી ૧ માં સંસદના અનન્ય વૈધાનિક ક્ષેત્ર પર અથવા યાદી ૩ માં સંસદ દ્વારા આવરી લેવાયેલા ક્ષેત્ર પર અતિક્રમણ કરતો હશે. તેના પરથી ફલિત થાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) રાજ્યોના બિન–નાણાકીય કાયદાઓ સાથે સંબંધ ધરાવે છે. ઉપરોક્ત સંદર્ભમાં, અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં કલ્પિત રાષ્ટ્રપતિની સંમતિ અનુચ્છેદ ૨૫૪ માં વિચારાયેલી સંમતિ જેવી કંઈક અંશે સમાન હશે. આવી સંમતિઓ ન્યાયિક રીતે પુનરાવલોકનપાત્ર નથી. [પેરા ૯૪, ૯૯ અને ૧૦૦] [૪૩૪–ઈ–એફ; ૪૩૮–એફ–એચ; ૪૩૯–એ–એચ]

*કૈસર–એ–હિન્દ (પ્રા.) લિ. અને અન્ય વિ. નેશનલ ટેક્સટાઈલ કોર્પોરેશન (મહારાષ્ટ્ર નોર્થ) લિ. અને અન્ય (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૧૮૨ – સમર્થન કરવામાં આવેલ.*

*અતિઆબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય અને અન્ય ૧૯૬૧ એસ.સી.આર. ૮૦૯ : એ.આઈ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨; ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વગેરે વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. ૪૯૧ : એ.આઈ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬; જિંદાલ સ્ટેઈનલેસ લિ. (૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૬ (૩)*

*એસ.સી.આર. ૧૦૯૫ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ – રદબાતલ ઠરાવવામાં આવેલ.*

*કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઈન્ડિયા, ૪થી આવૃત્તિ, વોલ્યુમ ૩ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

શું કેસોની વર્તમાન શ્રેણીમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર છે અને વિશેષરૂપે શું પ્રવેશ કર સંબંધિત વાદગ્રસ્ત રાજ્ય કાયદાઓની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં તેમની ચકાસણી થવી જરૂરી છે?

૭.૧ યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના માત્ર વાંચન પરથી જ જણાય છે કે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ માંની શરતો સંતોષાય તો જ પ્રવેશ કર લાદી શકાય છે, એટલે કે: (૧) સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર લાદવાનો હોય; (૨) સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે હોય. પ્રવેશ કર કોઈ ચેકપોસ્ટ સાથે જોડાયેલ નગરપાલિકા કે પંચાયતના કહેવાથી ઉઘરાવવામાં આવતો નથી. તે કરદાતાઓ દ્વારા તેમનાં રિટર્ન ભરીને ચૂકવવાપાત્ર છે. પ્રવેશ કર એ રાજ્ય સ્તરનો કરવેરો છે, જે રાજ્ય વિધાનમંડળ દ્વારા સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલના પ્રવેશ પર લાદવામાં આવે છે. સ્થાનિક સત્તાધિકારીઓ પોતે આ કર લાદી શકતા નથી. આ સત્તા રાજ્ય વિધાનમંડળની છે અને અન્ય કોઈની નથી. પ્રવેશ કર

લાદવો એ માત્ર "માલની હેરફેર અથવા પરિવહન પર" નથી; સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ પર ની વિચારણા દર્શાવે છે કે પ્રવેશ કરના કિસ્સામાં કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ છે જ્યાં તેનો ઉપયોગ, વપરાશ અથવા વેચાણ થવાનું હોય. જો માલ માત્ર એક સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે અને ત્યારબાદ તે સ્થાનિક વિસ્તારથી આગળ અન્ય કોઈ સ્થળે જતો રહે, તો પ્રવિષ્ટિ પર હેઠળ કોઈ કર લાદી શકાય નહીં. પ્રવિષ્ટિ પર હેઠળ કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં માલનો માત્ર પ્રવેશ નથી, પરંતુ એ હકીકત પણ છે કે તે માલનો ઉપયોગ, વપરાશ અથવા વેચાણ પણ થવાનું છે, તેથી અનિવાર્ય પરિણામ એ આવે છે કે તે સ્થાનિક વિસ્તારમાં માલની હેરફેર સમાપ્ત થાય છે. પ્રવેશ કર લાદવાની સત્તા રાજ્ય વિધાનમંડળની સક્ષમતામાં આવે છે. વેપારની હેરફેરના અંતે પ્રવેશ કર વસૂલાતપાત્ર હોવાથી અને માલ ઉપયોગ, વપરાશ અથવા વેચાણના હેતુસર સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ્યો હોવાથી, પ્રવેશ કર લાદવાથી વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારનો પ્રવાહ પ્રતિબંધિત થતો નથી અને તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર નથી. [પેરા ૧૦૪, ૧૧૦ અને ૧૧૨] [૪૪૦–જી–એચ; ૪૪૧–એ, સી; ૪૪૩–જી–એચ; ૪૪૫–એચ; ૪૪૬–એ–સી]

*ડાયમંડ સુગર મિલ્સ લિમિટેડ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય ૧૯૬૧ (૩) એસ.સી.આર. ૨૪૨; એમ. ઓ. શમસુદ્દીન વિ. કેરળ રાજ્ય ૧૯૯૫ (૨) એસ.સી.આર. ૯૦૦ : (૧૯૯૫) ૩ એસ.સી.સી. ૩૫૧; બર્મા શેલ ઓઇલ સ્ટોરેજ એન્ડ ડિસ્ટ્રિબ્યુટીંગ કંપની ઓફ ઇન્ડિયા લિ. બેલગામ વિ. બેલગામ*

*બોરો મ્યુનિસિપાલિટી બેલગામ સેલ ૧૯૬૩ એસ.સી.આર. સપ્લી. (૨) ૨૧૬ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર જ લાદવામાં આવેલ પ્રવેશ કર: રાજ્યની અંદર નિર્મિત માલ પર કોઈ પ્રવેશ કર ન લાદવો – શું તે ભેદભાવપૂર્ણ છે કે કેમ.

૭.૨ 'કોઈપણ કર' શબ્દપ્રયોગનો અર્થ કોઈપણ જકાત અથવા વસૂલાત દ્વારા કરવામાં આવતી કોઈપણ ઉઘરાણી થાય છે. અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર નિર્મિત માલ પર લાદવામાં આવતા તમામ કરની અસર એવી હોવી જોઈએ કે જેથી આયાત કરાયેલા માલ અથવા સ્થાનિક સ્તરે નિર્મિત માલ બંનેમાંથી કોઈની સાથે ભેદભાવ ન થાય. ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ થી વિપરીત, અનુચ્છેદ ૩૦૪(એ) એકરૂપતાની વાત કરતો નથી. ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નીચે મુજબ છે:– "કસ્ટમ્સની એકસમાન જકાત લાદવા પર, રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સમુદ્રી પરિવહન દ્વારા હોય, સંપૂર્ણપણે મુક્ત રહેશે." ભારતમાં કોઈ ચોક્કસ કર લાદવામાં એકરૂપતા સુનિશ્ચિત કરવા માટે રાજ્યોની વૈધાનિક સત્તા પર આવું કોઈ નિયંત્રણ લાદવામાં આવ્યું નથી. "પરંતુ એવી રીતે કે જેથી ભેદભાવ ન થાય" એ શબ્દપ્રયોગના ઉપયોગ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સંરક્ષણવાદને પ્રતિબંધિત કરવાનો છે. વધુમાં, ભારતના સંવિધાનમાં ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૫૫ જેવી કોઈ જોગવાઈ

નથી કે જે એક વિષય પર એક કર કાયદો ફરજિયાત બનાવતી હોય. ભારતમાં, કર લાદતો કાયદો માત્ર કરવેરાના એક જ વિષય સાથે સંબંધ ધરાવે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય વિધાનમંડળ સંવિધાન દ્વારા ક્યાંય બંધાયેલું નથી. [પેરા ૧૧૪, ૧૧૬] [૪૪૭–સી, જી–એચ; ૪૪૮–એ–બી]

*ઇન્ડિયન સિમેન્ટ અને અન્ય વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય અને અન્ય ૧૯૮૮ (૨) એસ.સી.આર. ૫૭૪ : (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૭૪૩; વેસ્ટર્ન ઇલેક્ટ્રોનિક અને અન્ય વિ. ગુજરાત રાજ્ય અને અન્ય ૧૯૮૮ (૩) એસ.સી.આર. ૭૬૮ : (૧૯૮૮) ૨ એસ.સી.સી. ૫૬૮ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૭.૩ પ્રવેશ કરના કિસ્સામાં કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ છે. પોતાના સ્વભાવથી જ, પ્રવેશ કર દેશી માલ પર કરભારની કલ્પના કરતો નથી. બીજા રાજ્યમાંથી સ્થાનિક વિસ્તારમાં આયાત કરવામાં આવતા માલ પર પ્રવેશ કર લાદવામાં આવે છે પરંતુ તે જ રાજ્યના અન્ય સ્થાનિક વિસ્તારમાંથી સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર પ્રવેશ કર આકર્ષાતો નથી. આ રીતે જોતાં એવું લાગી શકે કે રાજ્ય બહારથી આયાત કરાયેલ માલને ગેરલાભની સ્થિતિમાં મૂકવામાં આવે છે પરંતુ કર સંબંધિત વ્યવહારની દ્રષ્ટિએ કોઈ ભેદભાવ થતો નથી. અનુચ્છેદ ૩૦૪(એ) નો સાર નાણાકીય બોજના સામ્ય અને ભેદભાવની ગેરહાજરી સુનિશ્ચિત કરવામાં રહેલો છે. અનુચ્છેદ ૩૦૪(એ) મુજબ, એકમાત્ર જરૂરિયાત એ છે કે સ્થાનિક વિસ્તારમાં આયાત

કરવામાં આવેલા માલ સાથે ભેદભાવ ન થવો જોઈએ. કર સંબંધિત વ્યવહારમાં માલ વચ્ચે કોઈ ભેદભાવ નથી. [પેરા ૧૧૭] [૪૪૮–સી–ઈ]

૭.૪ અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલો 'કોઈપણ કર' શબ્દપ્રયોગ સામાન્ય પ્રકૃતિનો છે અને તે માલ પરના એવા તમામ કરને આવરી લે છે જે લાદવા માટે રાજ્ય સાતમી અનુસૂચિની યાદી ૨ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ ના આધારે સક્ષમ છે. રાજ્ય વિધાનમંડળ દ્વારા અપનાવવામાં આવેલી એવી કોઈ યોજના કે જેના દ્વારા વિવિધ શીર્ષકો હેઠળ માલ પર (કાં તો સ્થાનિક સ્તરે ઉત્પાદિત અથવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ) અનેક કર લાદવામાં આવે છે, જો તે સમાનતા અને બિન–ભેદભાવના સિદ્ધાંતને અનુરૂપ હોય તો તેમાં કોઈ ખામી કાઢી શકાય નહીં. દા.ત., યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ હેઠળ લાદવામાં આવતો વેચાણ વેરો અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ લાદવામાં આવતો પ્રવેશ કર બંને માલ પરના કર છે. તે કરનો બોજ છે જે ભેદભાવ કરી શકે છે, તેનું સ્વરૂપ નહીં. રાજ્યો નિકાસ કરનાર રાજ્યમાં ચૂકવવામાં આવેલા વેચાણ વેરા સામે સેટ–ઓફ આપીને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના પ્રવેશ કરના બોજને સમાન કરવા માટે સ્વતંત્ર છે. આવી રીતે, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને સ્થાનિક સ્તરે ઉત્પાદિત/નિર્મિત માલ દ્વારા વહન કરવામાં આવતા કરના બોજમાં સમાનતા લાવી શકાય છે. કરદાતાઓની એવી દલીલ કે અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલ 'કોઈપણ કર' શબ્દ દરેક કરનો અલગ–અલગ સંદર્ભ આપે છે, જેથી સ્થાનિક સ્તરે નિર્મિત/ઉત્પાદિત માલ પર પ્રવેશ કર લાદવામાં ન આવે ત્યાં

સુધી આયાત કરાયેલ માલ પર પ્રવેશ કર લાદવા પર પ્રતિબંધ મૂકે છે, તે અનુચ્છેદ ૩૦૪(એ) ના ન્યાયી અને વાજબી અર્થઘટન તરફ દોરી જતી નથી. અલગ–અલગ શીર્ષકો હેઠળ લાદવામાં આવેલા કરની સમગ્ર અસર ધ્યાનમાં લેવી જરૂરી છે. માલ દ્વારા વહન કરવામાં આવતો કરનો બોજ એ માલની કિંમતનો એક ભાગ બને છે અને જો સ્થાનિક સ્તરે ઉત્પાદિત/નિર્મિત માલ અને આયાત કરાયેલ માલ બંને પર, જે શીર્ષકો હેઠળ કર લાદવામાં આવ્યા હોય તેને ધ્યાનમાં લીધા વિના, જેમ કે પ્રવેશ કર અથવા વેચાણ વેરો વગેરે, સમાન કર બોજ લાદવામાં આવે, તો કોઈ ભેદભાવ થયો હોવાનું કહી શકાય નહીં. જો સ્થાનિક માલ અને બહારથી આયાત કરાયેલા માલ પરના કરના બોજને સમાન કરવા માટે પ્રવેશ કર લાદવામાં ન આવે, તો ઓછા દર ધરાવતા કર રાજ્ય તરફ વેપારનું મોટું વિચલન થશે, જેના કારણે ઊંચા દર ધરાવતા કર રાજ્યોને, જ્યાં માલનો ઉપયોગ અથવા વપરાશ થાય છે, મહેસૂલનું નુકસાન થશે. [પેરા ૧૧૮, ૧૧૯] [૪૪૮–એફ–એચ; ૪૪૯–એ–સી]

૭.૫ સ્થાનિક સ્તરે નિર્મિત માલ અને આયાત કરાયેલા માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય, તો તે અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો નથી. રાજ્યમાં નિર્માણ/ઉત્પાદનને પ્રોત્સાહિત કરવા માટે સ્થાનિક ઉત્પાદકોને કરના દરમાં આપવામાં આવેલ કોઈપણ પ્રોત્સાહન/રાહતના લાભો ભેદભાવપૂર્ણ હોવાનું કહી શકાય નહીં. [પેરા ૧૪૫] [૪૬૯–જી]

*કાઠી રાણિંગ રાવત વિ. સૌરાષ્ટ્ર રાજ્ય (૧૯૫૨) એસ.સી.આર. ૪૩૫ – સમર્થન કરવામાં આવેલ.*

*ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની વિ. મદ્રાસ રાજ્ય અને અન્ય ૧૯૬૩ સપ્લી. એસ.સી.આર. ૪૩૫ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૯૨૮; મદ્રાસ રાજ્ય વિ. એન. કે. નટરાજ મુદલિયાર (૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯; કેરળ રાજ્ય વિ. અબ્દુલ કાદિર અને અન્ય ૧૯૭૦ (૧) એસ.સી.આર. ૭૦૦ : (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૩૬૩ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

*પ્રો. ડી. ડી. બાસુ, કમ્પેરિટીવ ફેડરલિઝમ, પ્રેન્ટિસ હોલ ઓફ ઇન્ડિયા, ૧૯૮૭ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

જ્યારે કોઈ સ્થાનિક માલનું ઉત્પાદન થતું ન હોય ત્યારે અનુચ્છેદ ૩૦૪(એ) ની અસરો.

૮. જે રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોય તેવા રાજ્યમાં આયાત કરાયેલા માલ પર કર લાદતો રાજ્યનો કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) ની જરૂરિયાતો પૂર્ણ કરશે અને તેમાં ભેદભાવનો કોઈ પ્રશ્ન ઊભો થશે નહીં. એ સાચું છે કે જ્યારે રાજ્યની અંદર સમાન માલનું નિર્માણ થતું ન હોય, ત્યારે અન્ય રાજ્યોમાંથી કર લાદનાર રાજ્યમાં લાવવામાં આવતા આવા માલ પર કરનો ઊંચો દર લાગવાની શક્યતાઓ રહે છે પરંતુ તેનો અર્થ એવો નથી કે આવા માલને કરમાંથી સંપૂર્ણ રક્ષણ મળવું જોઈએ. કર લાદતા રાજ્યની અંદર સમાન માલનું નિર્માણ કે ઉત્પાદન થતું નથી તેવા કારણોસર આયાત કરાયેલા માલ પર

કર લાદવાની રાજ્યની સત્તાને મર્યાદિત કરી શકાય નહીં. આવા માલ પરનો અતિશય કરવેરો અનુચ્છેદ ૧૯(૬) અને અનુચ્છેદ ૧૪ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૧૯(૧)(જી) માં ભાગ ૩ હેઠળ પડકારવા માટે ખુલ્લો રહેશે. [પેરા ૧૫૦, ૧૫૧] [૪૭૦–એ; ૪૭૨–એફ–એચ]

*કલ્યાણી સ્ટોર્સ વિ. ઓરિસ્સા રાજ્ય અને અન્ય ૧૯૬૬ ૧ એસ.સી.આર. ૮૬૫ – સારો કાયદો નથી.*

આયાત કરાયેલ માલ પર પ્રવેશ કર લાદવો.

૯.૧ "આયાત" નો અર્થ કોઈપણ કસ્ટમ્સ સીમા પાર દરિયાઈ અથવા હવાઈ માર્ગે લાવવું અથવા લઈ જવું થાય છે. જહાજ/વિમાનમાં આયાત કરાયેલા માલને દેશની અંદર ક્લિયરન્સ મળે તે પહેલાં કસ્ટમ્સ ડ્યુટીની ચુકવણી કરવી જરૂરી છે. માલની આયાત તથા કસ્ટમ્સ ક્લિયરન્સ અને સ્થાનિક વિસ્તારોમાં માલનો પ્રવેશ એ બે અલગ–અલગ ઘટનાઓ છે. કસ્ટમ્સ ડ્યુટીના કિસ્સામાં, કરપાત્ર ઘટના એ ભારતના રાજ્યક્ષેત્રમાં માલનો પ્રવેશ છે. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો પ્રવેશ છે. આ બંને કરપાત્ર ઘટનાઓ કાયદાની દ્રષ્ટિએ અલગ છે અને તેમાં કોઈ ઓવરલેપ નથી. આપણા સંવિધાન હેઠળ, કર લાદવાની સત્તામાં કોઈ ઓવરલેપિંગ નથી. સંવિધાન સંઘ અને રાજ્યોને કરવેરાની સ્વતંત્ર સત્તાઓ આપે છે. સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તાઓ પરસ્પર અપવર્જક છે. આ અન્ય સંઘીય સંવિધાનો હેઠળ ઊભી થયેલી

મુશ્કેલીઓને ટાળે છે. [પેરા ૧૫૫, ૧૬૦, ૧૬૧ અને ૧૬૬] [૪૭૩–બી; ૪૭૪–એચ; ૪૭૫–એફ–જી; ૪૭૬–ઈ–એફ; ૪૭૮–એફ]

*હોઇસ્ટ ફાર્માસ્યુટિકલ્સ વિ. બિહાર રાજ્ય ૧૯૮૩ (૩) એસ.સી.આર. ૧૩૦ : (૧૯૮૩) ૪ એસ.સી.સી. ૪૫; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ ૨૦૦૪ (૧) એસ.સી.આર. ૫૬૪ : (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧; ગુજરાત અંબુજા સિમેન્ટ લિ. વિ. ભારત સંઘ ૨૦૦૫ (૨) એસ.સી.આર. ૧૦૩૮ : (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૨૧૪ – પર આધાર રાખવામાં આવેલ.*

*પી. રામનાથ ઐયરનું "ધ મેજર લો લેક્સિકોન", ૪થી આવૃત્તિ ૨૦૧૦ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૯.૨ યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ તેમજ ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ અનુસાર કરપાત્ર ઘટના એ 'આયાત' અથવા 'ભારતમાં માલ લાવવો' છે અને તે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ની કરપાત્ર ઘટનાથી ભિન્ન છે. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળની કરપાત્ર ઘટનાઓ ભિન્ન છે; ફેક્ટરી યુનિટમાં વેરહાઉસ તરફ આયાત કરાયેલા માલની કોઈપણ હેરફેર રાજ્યને ત્યારે પ્રવેશ કર લાદતા અને ઉઘરાવતા અટકાવશે નહીં જ્યારે આવો માલ તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે રાજ્યના સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે છે. [પેરા ૧૭૧, ૧૭૬] [૪૮૧–ઈ; ૪૮૨–જી–એચ; ૪૮૩–એ]

*પ્રોવિન્સ ઓફ મદ્રાસ વિ. બોડુ પૈદન્ના એન્ડ સન્સ એ.આઈ.આર. ૧૯૪૨ એફ.સી. ૩૩ : ૧૯૪૨ એફ.સી.આર. ૯૦; બોમ્બે રાજ્ય વિ. એફ.એન.*

*બલસારા (સી.બી.) એ.આઇ.આર. ૧૯૫૧ એસ.સી. ૩૧૮; ત્રાવણકોર–કોચીન રાજ્ય વિ. શણમુઘ વિલાસ કેશ્યૂ નટ ફેક્ટરી (૧૯૫૪) એસ.સી.આર. ૫૩; ગ્રામાફોન કંપની ઓફ ઇન્ડિયા લિ. વિ. બિરેન્દ્ર બહાદુર પાંડે ૧૯૮૪ (૨) એસ.સી.આર. ૬૬૪ : (૧૯૮૪) ૨ એસ.સી.સી. ૫૩૪ – પર આધાર રાખવામાં આવેલ.*

*અમેરિકન કોન્સ્ટીટ્યુશનલ લો પર પ્રો. ટ્રાઇબ જણાવે છે – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૯.૩ જ્યારે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા એન્ટ્રી ટેક્સ એક્ટ દ્વારા પ્રવેશ કર લાદવામાં આવે છે ત્યારે, પ્રવિષ્ટિ પર દ્વારા પરિકલ્પિત 'સ્થાનિક વિસ્તાર' શબ્દ 'સમગ્ર રાજ્ય' અથવા કાયદામાં અધિસૂચિત કર્યા મુજબના 'સ્થાનિક વિસ્તાર'ને આવરી લઈ શકે છે. પ્રવેશ કરના દ્રષ્ટિકોણથી રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સંગ્રહ છે અને જ્યાં સદર અધિનિયમ દ્વારા પરિકલ્પિત સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યને આવરી લે છે, ત્યાં રાજ્ય અને 'સ્થાનિક વિસ્તાર' વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે અદ્રશ્ય થઈ જાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) ને પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવાના રહેશે; બંને અલગ–અલગ વિષયોને લાગુ પડે છે; જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરા સાથે સંબંધ ધરાવે છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪(બી) માત્ર બિન–નાણાકીય બાબતો સાથે જ સંબંધ ધરાવે છે. [પેરા ૧૭૭] [૪૮૩–સી–ઈ]

*બિહાર રાજ્ય અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ૧૯૯૬ (૨) એસ.સી.આર. ૧૮૪ : (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬ – સમર્થન કરવામાં આવેલ.*

૯.૪ જ્યાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કર વ્યવહારના સંદર્ભમાં સમાનતા હોય, ત્યાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર આવો કોઈ કર ન હોય ત્યારે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર પ્રવેશ કર લાદવો તે ભેદભાવપૂર્ણ નથી. દરેક તફાવત એ ભેદભાવ નથી. સ્થાનિક રીતે નિર્મિત માલ અને આયાત કરાયેલા માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય તો, તે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો નથી. રાજ્યમાં સ્થાનિક ઉત્પાદકો/ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાના હેતુથી સ્થાનિક ઉત્પાદકો/નિર્માતાઓને કરના દરમાં આપવામાં આવેલ કોઈપણ પ્રોત્સાહન/રાહતના લાભોને ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં. [પેરા ૧૭૭] [૪૮૩–એફ–એચ; ૪૮૪–એ]

*વિડિયો ઇલેક્ટ્રોનિક્સ પ્રા. લિ. અને અન્ય વિ. પંજાબ રાજ્ય અને અન્ય ૧૯૮૯ (૨) સપ્લી. એસ.સી.આર. ૭૩૧ : (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭; શ્રી દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ અને અન્ય વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય ૧૯૯૯ (૫) સપ્લી. એસ.સી.આર. ૪૨૮ : (૨૦૦૦) ૧ એસ.સી.સી. ૬૮૮ – સમર્થન કરવામાં આવેલ.*

*શ્રી મહાવીર ઓઇલ મિલ્સ અને અન્ય વિ. જમ્મુ અને કાશ્મીર રાજ્ય અને અન્ય ૧૯૯૬ (૯) સપ્લી. એસ.સી.આર. ૩૫૬ : (૧૯૯૬) ૧૧ એસ.સી.સી. ૩૯; યુ.પી. રાજ્ય અને અન્ય વિ. લક્ષ્મી પેપર માર્ટ અને અન્ય ૧૯૯૭ (૧) એસ.સી.આર. ૯૧૪ : (૧૯૯૭) ૨ એસ.સી.સી. ૬૯૭ – સારો કાયદો નથી.*

શું એવો કર જે સ્વભાવે વળતરરૂપી હોય તે પણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરી શકે છે? કર અથવા ઉઘરાત સ્વભાવે વળતરરૂપી છે કે કેમ તે નક્કી કરવા માટેના માપદંડો શું છે?

૧૦.૧ 'વળતરરૂપી કર' ની સંકલ્પના એ અદાલતી રીતે વિકસાવવામાં આવેલી સંકલ્પના છે. અટિયાબારીમાં બહુમતીએ ઠેરવ્યું હતું કે કરવેરા એ નિયંત્રણો સમાન હોઈ શકે છે અને તે નિયંત્રણો બની રહે છે, અને તેથી કર કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ ચકાસણીને આધીન છે. અટિયાબારીમાં, "વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર સીધી અને તાત્કાલિક અસર" નો માપદંડ વિકસાવવામાં આવ્યો હતો. અટિયાબારીમાં બહુમતીએ આ રીતે યાદી ૨, પ્રવિષ્ટિ ૫૨ હેઠળની રાજ્યની કર લાદવાની સત્તાને સંપૂર્ણપણે સંકુચિત કરી દીધી હતી અને એવું ઠેરવ્યું હતું કે રાજ્યની વૈધાનિક સત્તા અનુચ્છેદ ૩૦૧ ના સ્વતંત્રતાના ખંડને આધીન છે. આ બાબતની રાજ્યની કર લાદવાની વૈધાનિક સત્તા અને તેની નાણાકીય સ્વાયત્તતા પર પ્રતિકૂળ અસર પડી હતી. [પેરા ૧૭૮] [૪૮૪–ડી–એફ]

૧૦.૨ તમામ કરવેરા જાહેર હેતુ માટે નિર્ધારિત હોય છે અને જાહેર હિતમાં લાદવામાં આવે છે. કર લાદવાનો ઉદ્દેશ્ય રાજ્યની તિજોરી ભરવાનો નથી, પરંતુ જાહેર કલ્યાણ સહિતના વિવિધ કાર્યો કરવા માટેનો છે કે જેના માટે સદર ભંડોળની જરૂર પડે છે. કરવેરા લાદવા એ રાજ્યો માટે નફો કમાવવાની પ્રવૃત્તિ નથી; રાજ્યો અનેક કાર્યો કરે છે કે જેના માટે તેમને ભંડોળની જરૂર હોય છે અને આવક એકત્ર કરવા માટે તેમની પાસે કર લાદવાની સત્તા હોય છે અને આમ વ્યવહારિક રીતે તમામ કર એ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ અથવા સુવિધાઓ માટે ચૂકવવામાં આવતા નાણાં છે. અનુચ્છેદ ૨૬૬(૧) એવી જોગવાઈ કરે છે કે રાજ્ય સરકાર દ્વારા મેળવવામાં આવતી કરવેરા સહિતની તમામ આવક એક એકત્રિત ભંડોળ બનાવશે—રાજ્યની એકત્રિત નિધિ (ધ કોન્સોલિડેટેડ ફંડ ઓફ ધ સ્ટેટ). આ ભંડોળ એક સંગ્રહ છે અને તેમાં મૂકવામાં આવેલા સંસાધનો સમગ્રનો એક ભાગ છે. તમામ આવક તેમાં સમાવિષ્ટ થઈ જાય છે અને તેને અલગ તારવી શકાતી નથી. રાજ્યની એકત્રિત નિધિ એ રાજ્ય માટે એક સિંગલ સંકલિત ખાતું છે અને તેમાંથી નાણાં ઉપાડવા એ એપ્રોપ્રિએશન એક્ટ પસાર કરવાની આવશ્યકતા દ્વારા સંરક્ષિત છે. વધુમાં, અનુચ્છેદ ૨૬૬(૩) એવું જણાવીને કે 'કોઈપણ એકત્રિત નિધિમાંથી નાણાં કાયદા અનુસાર – સંવિધાનમાં પૂરા પાડવામાં આવેલા હેતુઓ માટે અને તે રીતે સિવાય વિનિયોગ કરી શકાશે નહીં' જાહેર નાણાંના કાયદેસરના ઉપયોગની ખાતરી કરવાના હેતુથી અન્ય એક રક્ષણાત્મક ઉપાય પૂરો પાડે છે. રાજ્યની એકત્રિત નિધિમાં એકત્ર કરાયેલા નાણાંના વિનિયોગની પદ્ધતિ સંવિધાનના ભાગ ૬,

પ્રકરણ ૩ હેઠળ આવે છે, જેમાં અનુચ્છેદ ૨૦૨ થી ૨૦૬ સુધીની જોગવાઈઓ સામેલ છે. એકત્રિત નિધિમાં જમા થયેલા નાણાંના વિનિયોગ માટે પૂરતા સંવિધાનિક રક્ષણાત્મક ઉપાયો મોજૂદ છે. રાજ્યો દ્વારા પ્રવેશ કરના સ્વરૂપમાં પ્રાપ્ત થતી આવક અનિવાર્યપણે આ ભંડોળનો ભાગ બને છે, અને એકવાર તે તેમાં સમાવિષ્ટ થઈ જાય તે પછી, રાજ્યોને તેમના ખર્ચ અંગે 'પરિમાણપાત્ર માહિતી' રજૂ કરીને 'નિકટવર્તી અવેજ' દર્શાવવા માટે કહી શકાય નહીં. વ્યક્તિગત બાબતોમાં થયેલા ખર્ચ અને લાદવામાં આવેલા અનુરૂપ કર વચ્ચેનો સીધો સંબંધ ગણિતીય ચોકસાઈ સાથે દર્શાવવો રાજ્યો માટે શક્ય ન પણ બને. [પેરા ૧૮૭] [૪૯૨–ડી–એચ; ૪૯૩–એ]

૧૦.૩ યાદી ૨, પ્રવિષ્ટિ ૫૨ ના ક્ષેત્ર હેઠળ આવતો વિવિધ રાજ્યો દ્વારા લાદવામાં આવેલો પ્રવેશ કર એ માત્ર એક સાદો કર છે, ભલે નામાભિધાનથી તેને 'વળતરરૂપી કર' તરીકે ઓળખવામાં આવતો હોય. અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટી પાર કરવાની શરતે, યાદી ૨, પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલો પ્રવેશ કર, ભલે તેને વળતરરૂપી કર તરીકે ઓળખવામાં આવતો હોય, તો પણ તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. જિંદાલ સ્ટેઈનલેસ લિ. (૨) માં વળતરરૂપી કરને 'ફી' સમકક્ષ ગણવાનો અને 'પરિમાણપાત્ર માહિતી અભિગમ' દ્વારા રાજ્યો માટે 'નિકટવર્તી અવેજ' સાબિત કરવાનું ફરજિયાત બનાવતો સંકુચિત અભિગમ સાચો નથી. કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર હોવાનું ઠેરવવામાં આવેલ હોવાથી, 'વળતરરૂપી કર' ના નામે લાદવામાં આવતા કર પણ અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે. નિયમનકારી અથવા

વળતરરૂપી કરને માન્ય રાખવા માટે, વ્યાપક માપદંડો નિર્ધારિત કરી શકાતા નથી કારણ કે તે ઉદ્યોગના સ્વરૂપના આધારે બદલાઈ શકે છે. ઓટોમોબાઇલ કેસમાં ખુદ વળતરરૂપી કરના માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે. આ રીતે એકત્ર કરાયેલા નાણાં અલગ ભંડોળમાં મૂકવામાં આવે અથવા કર ખર્ચના પ્રમાણમાં હોવો જોઈએ તે જરૂરી નથી. જ્યાં સુધી પ્રવેશ કર લાદવાનો સંબંધ છે, કેટલાક રાજ્યોના કાયદાઓ દેખીતી રીતે જ જાહેર કરે છે કે તેઓ વળતરરૂપી છે. આ રીતે લાદવામાં આવેલ વળતરરૂપી કર રાજ્યની એકત્રિત નિધિમાં સમાવિષ્ટ થઈ જાય છે. એકવાર ભંડોળમાં સંમિશ્રણ થઈ જાય અને નાણાં વિવિધ સ્થાનિક વિસ્તારોના વિકાસના જાહેર હેતુઓ જેવા કે રસ્તાઓ અને પુલોનું નિર્માણ, જાળવણી તથા વેપારને સુગમ બનાવતી અન્ય સુવિધાઓ પાછળ ખર્ચવામાં આવે, ત્યારે વેપારીઓ દ્વારા વહન કરવામાં આવતી કરની જવાબદારી અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓ જે લાભ ભોગવે છે તેની વચ્ચે હંમેશા એક સંબંધ રહેશે. [પેરા ૧૮૮–૧૯૦] [૪૯૩–બી, ડી–એચ]

*ભગતરામ રાજીવ કુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. અને અન્ય ૧૯૯૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૯૧ : ૧૯૯૫ સપ્લી. (૧) એસ.સી.સી. ૬૭૩ – સમર્થન કરવામાં આવેલ.*

*તમિલનાડુ રાજ્ય વિ. ટીવીએલ સાઉથ ઇન્ડિયન શુગર મિલ્સ એસોસિએશન ૨૦૧૫ (૯) એસ.સી.આર. ૧૪૮ : (૨૦૧૫) ૧૩ એસ.સી.સી. ૪૪૮; કૃષિ ઉપજ મંડી સમિતિ અને અન્ય વિ. ઓરિએન્ટ પેપર એન્ડ*

*ઇન્ડસ્ટ્રીઝ લિ. ૧૯૯૪ (૫) સપ્લી. એસ.સી.આર. ૩૯૨ : (૧૯૯૫) ૧ એસ.સી.સી. ૬૫૫ અને કૃષ્ણ દાસ વિ. ટાઉન એરિયા કમિટી, ચિરગાંવ ૧૯૯૦ (૨) એસ.સી.આર. ૧૩ : (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૬૪૫; જી.કે. કિષ્નન વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૧૫ : (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫; ઇન્ટરનેશનલ ટૂરિસ્ટ કોર્પોરેશન અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૧૯૮૧ (૨) એસ.સી.આર. ૩૬૪ : (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૧૮; ગવર્નર જનરલ ઓફ કાઉન્સિલ વિ. પ્રોવિન્સ ઓફ મદ્રાસ એ.આઇ.આર. ૧૯૪૫ પી.સી. ૯૮ : ૫૮ એલ.ડબલ્યુ. ૨૨૮; રામ કિશન રામનાથ અગ્રવાલ વિ. સેક્રેટરી, મ્યુનિસિપલ કમિટી, કામટી, ભારત સંઘ ૧૯૫૦ એસ.સી.આર. ૧૫ : એ.આઇ.આર. ૧૯૫૦ એસ.સી. ૧૧ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

રીફંડ અને અન્યાયી સમૃદ્ધિ:–

૧૧. એ સુસ્થાપિત છે કે રીફંડનો દાવો ત્યારે જ મંજૂર કરી શકાય જ્યારે દાવેદાર એ સાબિત કરે કે તેણે ગ્રાહકો પર કરનો બોજ નાખ્યો નથી. જ્યારે કોઈ વ્યક્તિએ કરનો બોજ સહન કયો ન હોય ત્યારે તેને અનપેક્ષિત મોટો લાભ થાય તે રીતે કોઇપણ રીફંડ આપી શકાય નહીં. વર્તમાન કેસમાં કરદાતાઓ દ્વારા ગ્રાહકો પર કરનો બોજ નાખવામાં આવ્યો હોવાની શક્યતાને નકારી શકાય નહીં. પ્રસ્તુત કેસમાં, વાદગ્રસ્ત કાયદાઓ માન્ય જાહેર કરવામાં આવે કે ગેરબંધારણીય, તે ધ્યાનમાં લીધા વિના કરદાતાઓ રીફંડનો દાવો કરી શકતા

નથી. જ્યાં સુધી કરદાતાઓ એ સાબિત ન કરે કે તેમણે ગ્રાહકો પર કરનો બોજ નાખ્યો નથી, ત્યાં સુધી તેઓ રીફંડનો દાવો કરી શકતા નથી અને પોતાને અન્યાયી રીતે સમૃદ્ધ કરી શકતા નથી. [પેરા ૧૯૮] [૪૯૮–જી–એચ; ૪૯૯–એ]

*મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લિ. વિ. ભારત સંઘ ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૫૮૫ : (૧૯૯૭) ૫ એસ.સી.સી. ૫૩૬; ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિ. વિ. યુ.પી. રાજ્ય ૨૦૦૫ (૧) એસ.સી.આર. ૭૩૨ : (૨૦૦૫) ૨ એસ.સી.સી. ૫૧૫ – પર આધાર રાખવામાં આવેલ.*

*સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ વિ. યુ.પી. રાજ્ય (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૦૯; બેલસુંડ શુગર કંપની લિ. વિ. બિહાર રાજ્ય ૧૯૯૯ (૧) સપ્લી. એસ.સી.આર. ૧૪૬ : (૧૯૯૯) ૯ એસ.સી.સી. ૬૨૦ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

ન્યાયમૂર્તિ ડો. ડી. વાય. ચંદ્રચૂડ દ્વારા (અંશતઃ અસંમત)

સંવિધાનનો ભાગ ૧૩: લખાણ અને સંદર્ભ

૧.૧ અનુચ્છેદ ૩૦૧ ઘડવામાં, સંવિધાનના ઘડવૈયાઓએ ઓસ્ટ્રેલિયન અને યુ.એસ. સંવિધાનના લખાણથી જાણીજોઈને ભિન્ન માર્ગ અપનાવ્યો હતો. અનુચ્છેદ ૩૦૧ નું એક એવું પાસું જેમાં યુ.એસ. અને ઓસ્ટ્રેલિયન સંવિધાનોથી સભાનપણે વિચલન કરવામાં આવ્યું હતું

તે એ છે કે આપણા સંવિધાનમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા માત્ર રાજ્યો વચ્ચે જ નહીં, પરંતુ ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વિસ્તરે છે. 'રાજ્યો વચ્ચે' શબ્દપ્રયોગ આંતર–રાજ્ય અથવા રાજ્યની સરહદો પારની હેરફેરને આવરી લેશે. "રાજ્યો વચ્ચે" (જે ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ માં વપરાયેલ છે) અને "કેટલાક રાજ્યો વચ્ચે" (જે યુ.એસ. સંવિધાનના અનુચ્છેદ ૧ કલમ ૮ માં વપરાયેલ છે) શબ્દપ્રયોગોને બાકાત રાખીને, અનુચ્છેદ ૩૦૧ આંતર–રાજ્ય અને રાજ્યની અંદરના (ઇન્ટ્રા–સ્ટેટ) બંને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનો સમાવેશ કરવા માટે આ સ્વતંત્રતાને વધુ વ્યાપક વ્યાપ્તિની ખાતરી આપે છે. 'ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં' નો અર્થ ભારતના પ્રત્યેક ભાગમાં થાય છે. [પેરા ૧૦, ૧૨] [૫૦૭–સી–ડી; ૫૦૮–ડી–એફ]

૧.૨ સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનું વિગતવાર નિરૂપણ અને સંવિધાન દ્વારા સંસદ તથા રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સત્તાઓમાં હોવાનું પરિકલ્પિત કરાયેલા નિયંત્રણો સમાવિષ્ટ છે. સંસદને આપવામાં આવેલી વૈધાનિક સત્તા અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૩ માં નિર્દિષ્ટ મર્યાદા સુધી આ સ્વતંત્રતાના દાયરા પર નિયંત્રણ મૂકી શકે છે. તેવી જ રીતે, રાજ્ય વિધાનમંડળો અનુચ્છેદ ૩૦૩ (૧) અને અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ મર્યાદાઓને આધીન છે. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની

સ્વતંત્રતા પર નિયંત્રણ મૂકવા માટે પોતાની કાયદો ઘડવાની સત્તાના ઉપયોગ પર સંસદ તેમજ રાજ્ય વિધાનમંડળો બંને સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાની વ્યાપ્તિને આ રીતે ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન કરવામાં આવી છે. ભાગ ૧૩ ની તે જોગવાઈઓ કાયદા દ્વારા કઈ હદ સુધી નિયંત્રણ લાદી શકાય તે તેમજ નિયંત્રણ લાદતી વખતે સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તા પરની મર્યાદાઓ નિર્ધારિત કરે છે. [પેરા ૧૮, ૧૯] [૫૧૨–ડી–એફ]

માર્ગદર્શક તરીકે સંવિધાનિક ઇતિહાસ

૨. ભાગ ૧૩ દાખલ કરવા સંબંધિત સંવિધાન સભાની ચર્ચાઓ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની ખાતરી દાખલ કરવા પાછળના સંવિધાનિક દર્શન અંગે કોઈ અસ્પષ્ટતા રહેવા દેતી નથી. તે સ્વતંત્રતાની ખાતરી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી માર્ગદર્શિત હતી. તે લક્ષ્ય પ્રાપ્ત કરવા તરફ, સ્થાપક પિતાઓએ (રાષ્ટ્રનિર્માતાઓએ) રાષ્ટ્રને એક આર્થિક એકમમાં ગૂંથવાની જરૂરિયાતનો સ્વીકાર કર્યો હતો. તે જ સમયે, રાજ્યો માટે નિયમનકારી ભૂમિકા સ્વીકારીને રાજ્યોમાં પ્રવર્તતી વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતા પ્રાદેશિક હિતોને પણ માન્યતા આપવાની હતી. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના સંબંધમાં રાજ્ય વિધાનમંડળોના મહત્વને સ્વીકારતી વખતે, સ્થાપકોને જેને તેઓ સંકુચિત હિતો અથવા સંકુચિત પ્રાંતીય

નીતિઓ ગણાવતા હતા તેના અંગે સ્પષ્ટ ચિંતાઓ હતી, જે રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે જોખમરૂપ હતી. આથી, કેન્દ્ર સરકારને હસ્તક્ષેપની એવી સત્તા આપવામાં આવી હતી જે ગુણાત્મક રીતે રાજ્યોને આપવામાં આવેલી નિયમનકારી સત્તા કરતાં ભિન્ન હતી. આ જ પૃષ્ઠભૂમિમાં અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકે ભાગ ૧૩ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા પર જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદવા માટે રાજ્ય વિધાનમંડળમાં રજૂ કરવામાં આવતા વિધેયક અથવા સુધારા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી ફરજિયાત બનાવી હતી. [પેરા ૩૩] [૫૧૯–એફ–એચ; ૫૨૦–એ–સી]

*ફંડામેન્ટલ રાઇટ્સ, ડો. કે.એમ. મુનશી, બી. શિવ રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૨, પૃષ્ઠ ૬૯ (૧૯૬૭) (બી. શિવ રાવ); સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર, બી. શિવ રાવ, પૃષ્ઠ ૬૮; કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ, વોલ્યુમ ૯, ૮મી સપ્ટેમ્બર ૧૯૪૯ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

વળતરરૂપી કર

૩.૧ વળતરરૂપી કર કે જે વેપાર સુવિધાઓના ઉપયોગ માટેના શુલ્કના સ્વરૂપમાં હોય છે, જ્યાં સુધી તે વાજબી હોય ત્યાં સુધી તેને વેપારની સ્વતંત્રતામાં અવરોધરૂપ ગણવામાં આવશે નહીં. પ્રથમ આ સંકલ્પના તૈયાર કરીને અને ત્યારબાદ તેને અનુચ્છેદ ૩૦૧ ની મર્યાદા બહાર મૂકીને,

ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં કોર્ટે સુનિશ્ચિત કર્યું હતું કે વળતરરૂપી કર અનુચ્છેદ ૩૦૪(એ) ની સંવિધાનિક કવાયતને આધીન રહેશે નહીં. વળતરરૂપી સ્વરૂપ ધરાવતા કરવેરા કાયદાઓના એક વર્ગને ભાગ ૧૩ માંથી અલગ કરવામાં આવ્યો હતો. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ જે સિદ્ધાંત પ્રતિપાદિત કરે છે તે એ છે કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા એવી સુવિધાજનક નિયમનકારી જોગવાઈઓ સાથે સુસંગત છે જે વેપારમાં અવરોધ ઊભો કરવાને બદલે તેને વધારે છે. બીજું, જોકે કર લાદવાની સત્તા સરકારનું એક આવશ્યક લક્ષણ છે, તેમ છતાં તે સંવિધાનના ભાગ ૧૩ સહિતની સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. પરિણામે, કર કાયદાઓ સૈદ્ધાંતિક રીતે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર નથી. ત્રીજું, કોઈ કાયદો અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે કે કેમ તે નક્કી કરવા માટે લાગુ કરવાનો માપદંડ એ છે કે શું તેની સીધી અને તાત્કાલિક અસર વેપારની હેરફેરને અવરોધવાની છે. આવો પ્રભાવ ધરાવતો કાયદો, જેમાં કર કાયદાનો પણ સમાવેશ થાય છે, જ્યાં તે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવ્યો હોય ત્યાં અનુચ્છેદ ૩૦૪ ની જોગવાઈઓને આધીન હોવો જોઈએ. ચોથું, રાજ્ય દ્વારા વેપાર અને વાણિજ્યને પૂરી પાડવામાં આવતી સુવિધાઓના અવેજમાં લાદવામાં આવતા વળતરરૂપી કર અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે. પાંચમું, વળતરરૂપી કર વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતો નથી અને તેણે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની

જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી. [પેરા ૭૧, ૭૬] [પજ્જ–ઈ–એફ; પજ્જ–બી–ઈ]

*ખયેરબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય (૧૯૬૪) ૫ એસ.સી.આર. ૯૭૫; એસ. કે. માદર સાહેબ વિ. આંધ્રપ્રદેશ રાજ્ય ૧૯૭૨ (૨) એસ.સી.આર. ૮૫૩ : ૧૯૭૨ (૪) એસ.સી.સી. ૬૩૫; બોલાની ઓર્સ લિ. વિ. ઓરિસ્સા રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૧૩૮ : ૧૯૭૪ (૨) એસ.સી.સી. ૭૭૭; જી. કે. કિષ્નન વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૧૫ : ૧૯૭૫ (૧) એસ.સી.સી. ૩૭૫; મેસર્સ ઇન્ટરનેશનલ ટૂરિસ્ટ કોર્પોરેશન અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૧૯૮૧ (૨) એસ.સી.આર. ૩૬૪ : (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૧૮; માલવા બસ સર્વિસ (પ્રાઇવેટ) લિ. વિ. પંજાબ રાજ્ય અને અન્ય ૧૯૮૩ (૨) એસ.સી.આર. ૧૦૦૯ : (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૩૭; મીનાક્ષી વિ. કર્ણાટક રાજ્ય ૧૯૮૩ એ.આઇ.આર. ૧૨૮૩ : ૧૯૮૪ સપ્લી. એસ.સી.સી. ૩૨૬; બી.એ. જયરામ વિ. ભારત સંઘ ૧૯૮૩ (૩) એસ.સી.આર. ૬૨૪ : ૧૯૮૪ (૧) એસ.સી.સી. ૧૬૮; મેસર્સ ભગતરામ રાજીવ કુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. અને અન્ય ૧૯૯૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૯૧ : ૧૯૯૫ સપ્લી. [૧] એસ.સી.સી. ૬૭૩; કર્ણાટક રાજ્ય વિ. હંસા કોર્પોરેશન ૧૯૮૧ (૧) એસ.સી.આર. ૮૨૩ : ૧૯૮૦ (૪) એસ.સી.સી. ૬૯૭; ઇન્ડિયા સિમેન્ટ લિ. વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૮૯ (૧) સપ્લી. એસ.સી.આર. ૬૯૨ : ૧૯૯૦ (૧) એસ.સી.સી. ૧૨; મહારાષ્ટ્ર રાજ્ય વિ. મધુકર બાલકૃષ્ણ બદિયા ૧૯૮૮ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૮૨ :*

*૧૯૮૮ (૪) એસ.સી.સી. ૨૯૦; જિંદાલ સ્ટ્રિપ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૩ (૪) સપ્લી. એસ.સી.આર. ૧૫૪ : (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦; જિંદાલ સ્ટેઈનલેસ લિ. (૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય ૨૦૦૬ (૩) એસ.સી.આર. ૧૦૯૫ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

સૈદ્ધાંતિક ચિંતાઓ અને અસંગતતાઓ

૩.૨ વિવિધ સ્તરોએ સૈદ્ધાંતિક ચિંતાઓને સમાવિષ્ટ કરવા માટે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં વળતરરૂપી કરના સિદ્ધાંતને વિકસાવવામાં આવ્યો હતો. સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને સ્પષ્ટપણે ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન બનાવવામાં આવી છે. "સંપૂર્ણપણે મુક્ત" (જે શબ્દપ્રયોગ ઓસ્ટ્રેલિયન સંવિધાનમાં અપનાવવામાં આવ્યો છે) ના બદલે 'મુક્ત' શબ્દપ્રયોગનો જાણીજોઈને કરાયેલો ઉપયોગ અને તેની સાથે અનુચ્છેદ ૩૦૧ ની ભાષા કે જે તેની જોગવાઈઓને ભાગ ૧૩ ને આધીન બનાવે છે, તે એ બાબત સૂચવે છે કે જે સ્વતંત્રતાની ખાતરી આપવામાં આવી છે તે વૈધાનિક નિયંત્રણને આધીન છે. અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ એ સંવિધાનિક યોજનાનો એક ભાગ છે જે, અનુચ્છેદ ૩૦૧ માં સ્વતંત્રતાના દાયરાને નિર્ધારિત કરતી વખતે, તેને અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૪ હેઠળના નિયંત્રણોને આધીન બનાવે છે. નિયંત્રણો લાદવા માટે કાયદો ઘડતી વખતે

નિયંત્રણોનું સ્વરૂપ તેમજ સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તા પરની મર્યાદાઓ સંવિધાનિક પરિમાણો દ્વારા નિર્ધારિત થાય છે. આ શરતો મૂળભૂત અને પ્રક્રિયાગત ધોરણોની પરિપૂર્ણતા પર આધારિત છે: મૂળભૂત ધોરણો જેવા કે બિન–ભેદભાવનો સિદ્ધાંત, જાહેર હિત અને વાજબીપણાનું તત્વ; અને પ્રક્રિયાગત ધોરણો (જો તેને પ્રક્રિયાની બાબત ગણી શકાય તો) રાજ્યના વિધાનમંડળમાં વિધેયક રજૂ કરતા પહેલાં રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવાની જરૂરિયાત દ્વારા. વળતરરૂપી કરની પરિકલ્પના એક એવા ક્ષેત્રનું રક્ષણ કરવા માટેના સૈદ્ધાંતિક ખ્યાલ તરીકે કરવામાં આવી હતી જ્યાં નાણાકીય બાબતોમાં રાજ્ય વિધાનમંડળોનું સાર્વભૌમત્વ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીના નિયંત્રિત પ્રભાવ વિના કાર્ય કરી શકે. આવા કર અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે નહીં. સુવિધાઓના ઉપયોગ માટેનો વળતરરૂપી કર વેપારમાં અવરોધરૂપ નથી પરંતુ તેને સુગમ બનાવે છે તેવા આધાર પર તેમની સ્થિતિને સ્વતંત્રતા સાથે સુસંગત બનાવવામાં આવી હતી. [પેરા ૯૬, ૯૯] [પ૬૩–એફ–એચ; પ૬૪–એ–બી; પ૬૫–સી–ડી]

*ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ વિ. ભારત સંઘ ૨૦૦૭ (૯) એસ.સી.આર. ૧૪૭ : ૨૦૦૭ (૭) એસ.સી.સી. ૫૨૭; આંધ્રપ્રદેશ રાજ્ય વિ. એન.ટી.પી.સી. ૨૦૦૨ (૩) એસ.સી.આર. ૨૭૮ : ૨૦૦૨ (૫) એસ.સી.સી. ૨૦૩; શ્રી દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ અને અન્ય વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય ૧૯૯૯ (૫) સપ્લી. એસ.સી.આર. ૪૨૮ :*

*(૨૦૦૦) ૧ એસ.સી.સી. ૬૮૮; બિહાર રાજ્ય અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય ૧૯૯૬ (૨) એસ.સી.આર. ૧૮૪ : (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૩.૩ અપીલોના આ જૂથ પરથી જણાય છે તેમ, રાજ્ય વિધાનમંડળોએ કરની આવકનો કઈ રીતે ઉપયોગ કરવામાં આવશે તે દર્શાવતી ચોક્કસ વૈધાનિક જોગવાઈઓનો સમાવેશ કરવા માટે તેમના પ્રવેશ કર કાયદામાં સુધારો કર્યો છે જેથી કરને વળતરરૂપી કરની સમકક્ષ બનાવી શકાય. એકવાર રાજ્ય વિધાનમંડળે વૈધાનિક જોગવાઈઓ અપનાવીને આવું કર્યું હોય, તો શું કોર્ટ પાસે રાજ્ય વિધાનમંડળ દ્વારા તૈયાર કરાયેલા આધાર પર પુનર્વિચાર કરવાની નિપુણતા કે ક્ષમતા હોઈ શકે? તેનો જવાબ અનિવાર્યપણે નકારાત્મક જ હોવો જોઈએ. કોર્ટ આવક અને ખર્ચના સરવૈયાની દેખરેખ રાખતા અને રાજ્યો દ્વારા કરવામાં આવેલા મૂડી ખાતાના રોકાણોની તપાસ કરતા હિસાબનીશ (એકાઉન્ટન્ટ) નું સ્વરૂપ ધારણ કરી શકે નહીં. આવી બાબતો અદાલતી સમીક્ષાની ક્ષમતા કે અધિકારક્ષેત્રમાં આવતી નથી. વધુ મૂળભૂત રીતે, તમામ કરની આવકનો ઉપયોગ રાજ્ય દ્વારા જાહેર હેતુઓ માટે કરવામાં આવે છે. તમામ કરવેરા સામાજિક વ્યવસ્થાની પરિસ્થિતિઓનું નિર્માણ કરવામાં સહાયક હોવાથી, વળતરરૂપી તત્વને ક્યારેય કરવેરાથી અલગ કરી શકાય નહીં. તેવી જ રીતે જ્યાં સુધી ફીનો સંબંધ છે, ત્યાં સુધી જે ચૂકવણી કરવાની હોય છે તે હંમેશા સ્વૈચ્છિક હોતી નથી. વેપાર અને વાણિજ્ય પાસેથી

વસૂલ કરવામાં આવેલું યોગદાન હંમેશા કોઈ સુવિધાના વાસ્તવિક ઉપયોગ માટે જ ન પણ હોય પરંતુ તે એવી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે હોઈ શકે છે જેનો ઉપયોગ કરવાનો હક વેપાર અને વાણિજ્ય ધરાવે છે. કાયદો અને વ્યવસ્થા તથા સુરક્ષા જાળવવા પાછળ ખર્ચ પૂરો પાડવા માટે રાજ્ય મોટા બજેટ ખર્ચે છે. કર અને ફી વચ્ચેનો ભેદ આપણા ન્યાયશાસ્ત્રમાં અસ્પષ્ટ બની ગયો છે અને અદાલતો માટે સ્પષ્ટ સીમારેખા શોધવી મુશ્કેલ બની ગઈ છે. [ફકરો ૧૦૩][પક્ષ–બી–એફ]

૩.૪ વળતરરૂપી કરનો સિદ્ધાંત જે સૈદ્ધાંતિક અતાર્કિકતાનો સામનો કરવામાં નિષ્ફળ રહે છે તે ભેદભાવપૂર્ણ વળતરરૂપી કર છે. અન્ય રાજ્યોમાંથી આવતા માલને અલગ તારવીને તેની સાથે પ્રતિકૂળ ભેદભાવ કરતા ભેદભાવપૂર્ણ કર અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે. જો વળતરરૂપી કર એક વર્ગ તરીકે ભાગ ૧૩ ની બહાર આવતા હોય, તો તેમાં એવા વળતરરૂપી કરનો પણ સમાવેશ થશે જે ભેદભાવપૂર્ણ છે. વળતરરૂપી કર ભાગ ૧૩ ની બહાર આવે છે તેવું ઠેરવતી વખતે, આ કોર્ટ દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલ સિદ્ધાંત એ બાબતને ધ્યાનમાં લેતો ન હતો કે ભેદભાવપૂર્ણ વળતરરૂપી કર વેપાર અને વાણિજ્ય માટે અવરોધ ઊભો કરે છે, જેથી અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન થાય છે. તેથી, વળતરરૂપી કરનો ખ્યાલ સૈદ્ધાંતિક સમસ્યાઓથી ઘેરાયેલો છે. આ ખ્યાલ અનિશ્ચિતતા અને અસ્પષ્ટતા તરફ દોરી ગયો છે અને તેણે સંવૈધાનિક ન્યાયનિર્ણયમાં અસંગતતાઓ ઊભી કરી છે. સંવૈધાનિક ન્યાયનિર્ણયે આ

અનિશ્ચિતતાઓને ટાળવી જ જોઈએ જે મુકદ્દમાઓમાં વધારામાં અને મહેસૂલ તથા કરદાતા બંને માટે અનિશ્ચિતતામાં પરિણમે છે. નાણાકીય કાયદાના અમલમાં અનિશ્ચિતતા એવી સ્થિતિ તરફ દોરી જાય છે જ્યાં કર પાલન અર્થઘટન સંબંધી અને વ્યવહારુ મુશ્કેલીઓથી ઘેરાઈ જાય છે. આવી સ્પષ્ટ સમસ્યાઓથી ભરેલા ખ્યાલને ત્યજી દેવો જ શ્રેષ્ઠ છે. [ફકરા ૧૦૪, ૧૦૫][૫૬૯–એફ–જી; ૫૭૦–એ–બી]

સ્વતંત્રતાની વિષયવસ્તુ : માલ, સેવાઓ, વ્યક્તિઓ અને મૂડી

૪. અનુચ્છેદ ૩૦૧ એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની ખાતરી આપી છે (ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન). અનુચ્છેદ ૧૯(૧)(જી) દરેક નાગરિકને કોઈપણ વ્યવસાય, વેપાર કે ધંધો કરવાના અધિકારની ખાતરી આપે છે. અમુક સ્તરે, આ બંને પ્રકારની સ્વતંત્રતાઓ વચ્ચે ભેદરેખા દોરી શકાય છે. અનુચ્છેદ ૧૯(૧)(જી) વ્યક્તિગત સ્વતંત્રતાની ખાતરી આપે છે. બીજી તરફ, અનુચ્છેદ ૩૦૧ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને સમગ્રતામાં જુએ છે. જોકે આવા ભેદની પોતાની મર્યાદાઓ હોઈ શકે છે. અનુચ્છેદ ૧૯ દ્વારા સંરક્ષિત તમામ નાગરિકોના વ્યક્તિગત અધિકારો કાયદાના શાસન દ્વારા સંચાલિત અને માનવીય સ્વતંત્રતા પર આધારિત સંવૈધાનિક લોકશાહી વ્યવસ્થાની સ્થાપના તરફ દોરી જાય છે. એ દ્વિભાજન કે અનુચ્છેદ ૩૦૧ તેના દ્રષ્ટિકોણથી વેપાર અને વાણિજ્યને સમગ્રતામાં જુએ છે (વ્યક્તિગત અધિકારથી અલગ તરીકે) તેની પણ પોતાની મર્યાદાઓ હોઈ શકે છે. અનુચ્છેદ

૩૦૧ દ્વારા માન્યતા પ્રાપ્ત સ્વતંત્રતા અમલપાત્ર છે. અમલવારી વ્યક્તિ દ્વારા કરાવી શકાય છે. રાજ્યની કાર્યવાહીથી વ્યથિત થયેલી વ્યક્તિઓની પહેલ પર અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓ અમલપાત્ર છે. આમ, અનુચ્છેદ ૧૯(૧)(જી) વ્યક્તિગત અધિકાર પ્રતિબિંબિત કરે છે જ્યારે અનુચ્છેદ ૩૦૧ સામૂહિક હકદારી પ્રતિબિંબિત કરે છે તે આધારે બંને વચ્ચેનો ભેદ સંપૂર્ણપણે સચોટ ન હોઈ શકે. જોકે, એક નાગરિકનો અમલપાત્ર મૂળભૂત અધિકાર છે જ્યારે બીજો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહની માન્યતા છે, છતાં બંને સારાંશમાં અમલપાત્ર છે, અને વ્યથિત વ્યક્તિઓ દ્વારા તેનો અમલ કરાવી શકાય છે. [ફકરો ૧૦૬][૫૭૦–સી–એચ]

કરવેરા અને સંઘવાદ

૫.૧ ભારતીય સંવિધાનના મૂળભૂત માળખાનો સિદ્ધાંત સંઘવાદને તેના એક અભિન્ન અંગ તરીકે સમાવિષ્ટ કરવા માટે વિકસિત થયો છે. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે તેવી ખાતરી ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન છે. "સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં" શબ્દપ્રયોગનો અર્થ સંવિધાનના અનુચ્છેદ ૧ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યો છે જે નિર્ધારિત કરે છે કે "ઇન્ડિયા, એટલે કે ભારત, રાજ્યોનો સંઘ રહેશે". સંવિધાન જે સંઘની પરિકલ્પના કરે છે તે રાજકીય સંઘ અને આર્થિક સંઘના સંદર્ભમાં વ્યાખ્યાયિત થયેલ છે જેણે બ્રિટિશ ભારતના તત્કાલીન પ્રાંતો અને દેશી રજવાડાંઓને એકસાથે આણ્યા હતા. અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતામાં માલ, સેવાઓ,

વ્યક્તિઓ અને મૂડીની મુક્ત હેરફેરનો સમાવેશ થાય છે. આર્થિક સંઘના આનુષંગિક પરિણામ તરીકે એક સામાન્ય બજારના નિર્માણમાં આ આવશ્યક ઘટકો છે. અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા સંપૂર્ણ નથી કારણ કે, સંવૈધાનિક ખાતરી ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન છે. અનુચ્છેદ ૩૦૨ થી અનુચ્છેદ ૩૦૪ ની જોગવાઈઓ એક તરફ સ્વતંત્રતાની ખાતરી અને બીજી તરફ વેપાર તથા વાણિજ્ય પર વૈધાનિક નિયંત્રણ વચ્ચે સંતુલન સાધે છે. આમ કરતી વખતે, તે અનુચ્છેદો સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તાઓને વ્યાખ્યાયિત કરે છે, સાથે સાથે તેમને એવા નિયંત્રણોને આધીન રાખે છે જે વેપાર અને વાણિજ્યનું નિયમન કરવાની સત્તા જાળવી રાખવાના હેતુથી નિર્ધારિત છે. [ફકરા ૧૦૯, ૧૧૦][૫૭૨–સી–એફ]

૫.૨ સંવિધાન તે અર્થમાં અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાને ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન બનાવે છે, છતાં ભાગ ૧૩ ની જોગવાઈઓને અલગ પાડીને વાંચવી યોગ્ય રહેશે નહીં. ભાગ ૧૩ સંવિધાનનું એક અભિન્ન અંગ છે, પરંતુ સંવિધાનના અન્ય ભાગો પણ તેવા જ છે કે જેના હેઠળ સંઘ અને રાજ્યોમાં શાસનના માળખા પર કારોબારી અને વૈધાનિક સત્તાઓ સંવૈધાનિક રીતે પ્રદાન કરવામાં આવી છે. સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે સંવૈધાનિક દસ્તાવેજના જૈવિક સ્વરૂપના સંદર્ભમાં લખાણનું અર્થઘટન કરવું આવશ્યક છે. સંવિધાનના વિવિધ ભાગો વચ્ચેનું જોડાણ એક સમગ્ર સંયુક્ત રચનાનું નિર્માણ કરવામાં ફાળો આપે છે. સંવિધાનના કોઈપણ ભાગને અલગ પાડીને વાંચી શકાય નહીં. તેથી સંવિધાનની યોજનાને તેના ઈતિહાસ, લખાણ અને સંદર્ભને

ધ્યાનમાં રાખીને સમજવી જોઈએ. સંવિધાનના શબ્દો "અલગ પાડીને વાંચી શકાય નહીં અને અર્થ તથા હેતુ પૂરો પાડવા માટે તેને સુમેળપૂર્ણ રીતે વાંચવા જોઈએ". અતિયાબારી કેસમાં બહુમતી વતી ચુકાદો આપતા ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરના ચુકાદાએ જોકે અનુચ્છેદ ૩૦૧ ની ભાષાનું એવું અર્થઘટન કર્યું હતું કે સ્વતંત્રતાની ખાતરી માત્ર ભાગ ૧૩ ની જોગવાઈઓને જ આધીન હતી. આ સંવૈધાનિક અર્થઘટન માટે યોગ્ય અભિગમ બનતો નથી કારણ કે તે અન્ય જોગવાઈઓથી અલગ પાડીને ભાગ ૧૩ ના અર્થઘટન તરફ દોરી જાય છે, જે જોગવાઈઓ સ્વતંત્રતાના સ્વરૂપ અને શાસનના માળખા સાથે તેના સંબંધ પર નોંધપાત્ર અસર ધરાવે છે. અનુચ્છેદ ૩૦૧ હેઠળની ખાતરી માત્ર અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ ને જ આધીન છે તેવું માનવું એ સંવિધાનની અન્ય જોગવાઈઓ સાથે ભાગ ૧૩ ના સંબંધની ઉપેક્ષા કરે છે. સ્વતંત્રતા એ સંબંધનું અભિન્ન અંગ છે. [ફકરા ૧૧૧, ૧૧૨, ૧૧૩][પ૭૨–જી–એચ; પ૭૩–એ–બી, એફ–જી; પ૭૪–એ]

*કિહોતો હોલોહન વિ. ઝાચીલ્હુ ૧૯૯૨ (૧) એસ.સી.આર. ૬૮૬ : (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૬૫૧; ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન અને અન્ય વિ. કર્ણાટક રાજ્ય ૨૦૦૨ (૩) સપ્લી. એસ.સી.આર. ૫૮૭ : (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ – પર આધાર રાખવામાં આવેલ.*

૫.૩ સંવિધાનના લખાણનું અર્થઘટન કરતી વખતે, કોર્ટે લખાણનું એ રીતે અર્થઘટન કરવું જોઈએ કે જે સંઘ અને રાજ્યો વચ્ચે કાળજીપૂર્વક ઘડાયેલા

સંતુલનને જાળવી રાખે. જ્યાં લખાણની ભાષા પરવાનગી આપે છે, ત્યાં સંવૈધાનિક અર્થઘટનનો પ્રયાસ એ સુનિશ્ચિત કરવાનો હોવો જોઈએ કે રાજ્યો તેમના માટે અનામત રાખવામાં આવેલા ક્ષેત્રોમાં સંઘને ગૌણ ન બને. છતાં તે સમાન રીતે સંવૈધાનિક સિદ્ધાંતની બાબત છે કે જ્યાં કોઈ ચોક્કસ જોગવાઈ (જેમ કે અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક ચોક્કસ જરૂરિયાત લાદે છે (રાજ્ય વિધાનમંડળમાં વિધેયક રજૂ કરવામાં આવે તે પહેલાં રાષ્ટ્રપતિની સંમતિ)) જે રાજ્યોની વૈધાનિક સત્તાને સંવૈધાનિક મર્યાદાઓને આધીન બનાવે છે, ત્યાં કોર્ટ માટે આવી જોગવાઈના સાદા અર્થ અને અસરની અવગણના કરવી શક્ય બનશે નહીં. કોઈ અમૂર્ત ખ્યાલ અથવા પૂર્વધારણાના આધારે સંવિધાનના લખાણને નષ્ટ કરી શકાય નહીં. સંઘીય માળખાનું નિર્માણ કરતી વખતે, સંવિધાનના ઘડવૈયાઓ રાજકીય અને આર્થિક સંઘને જાળવી રાખવાની જરૂરિયાત પ્રત્યે સભાન હતા. જો, તે સંવૈધાનિક યોજનાના ભાગ રૂપે, દસ્તાવેજના લખાણમાં ચોક્કસ જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો હોય, તો તેમને તેમનો સાદો અર્થ અને અસર આપવી જ જોઈએ. પૂર્વધારણા આધારિત બાબતોના આધારે લખાણના અર્થને હળવો કરવાનું કોર્ટ માટે શક્ય બનશે નહીં. [ફકરો ૧૨૦] [પ૭૮–ઈ–એચ; પ૭૯–એ]

*પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. ભારત સંઘ [૧૯૬૪] ૧ એસ.સી.આર. ૩૭૧; સ્પેશિયલ રેફરન્સ ૧/૧૯૬૪ (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૪૧૩; એસ.આર. બોમ્માઈ વિ. ભારત સંઘ ૧૯૯૪ (૨) એસ.સી.આર. ૬૪૪ : ૧૯૯૪ (૩) એસ.સી.સી. ૧; આઇ.ટી.સી. લિમિટેડ વિ. એગ્રીકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી*

*અને અન્ય ૨૦૦૨ (૧) એસ.સી.આર. ૪૪૧ : (૨૦૦૨) ૯ એસ.સી.સી. ૨૩૨; કુલદીપ નાયર વિ. ભારત સંઘ ૨૦૦૬ (૫) સપ્લી. એસ.સી.આર. ૧ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

કર લાદવાની સત્તાઓ

અનુચ્છેદ ૨૪૫ અને સંવૈધાનિક મર્યાદાઓ

૬.૧ સંવિધાનનો અનુચ્છેદ ૨૪૫ સંસદ અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ અંગેની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૫ નો ખંડ (૧) સંસદને, "આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને" સમગ્ર ભારતના રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડવા માટે અને રાજ્યના વિધાનમંડળને સમગ્ર રાજ્ય માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડવા માટે સક્ષમ બનાવે છે. અનુચ્છેદ ૨૪૫ એ વૈધાનિક સત્તાનો મૂળ સ્ત્રોત છે. તે વૈધાનિક સત્તાઓને સંવૈધાનિક મર્યાદાઓને આધીન બનાવે છે. વૈધાનિક સત્તાઓની વહેંચણી અનુચ્છેદ ૨૪૬ માં સમાવિષ્ટ છે જે સંસદ દ્વારા અને રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. સાતમી અનુસૂચિની યાદી ૧ માં નિર્દિષ્ટ બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની સંસદ પાસે અનન્ય સત્તા છે. યાદી ૧ માં સંસદની કાયદો ઘડવાની સત્તાઓને આધીન રહીને, યાદી ૨ માં નિર્દિષ્ટ કોઈપણ બાબતોના સંબંધમાં રાજ્ય માટે કાયદો ઘડવાની અનન્ય સત્તા રાજ્યના વિધાનમંડળ પાસે છે. યાદી ૩ માં નિર્દિષ્ટ બાબતોના સંબંધમાં કાયદો ઘડવાની સંસદ અને રાજ્ય

વિધાનમંડળો પાસે સમવર્તી સત્તાઓ છે. અનુચ્છેદ ૨૪૫ વૈધાનિક સત્તાનો સ્ત્રોત છે. અનુચ્છેદ ૨૪૬ સાતમી અનુસૂચિની યાદીઓના આધારે સંસદ અને રાજ્ય વિધાનમંડળો વચ્ચે વૈધાનિક સત્તાઓની વહેંચણી કરે છે. અનુચ્છેદ ૨૪૫, સંસદ અને રાજ્ય વિધાનમંડળોને વૈધાનિક સત્તાઓ પ્રદાન કરવામાં તેમને સંવિધાનની જોગવાઈઓને આધીન બનાવે છે. કાયદા ઘડવાની સત્તા એ સાર્વભૌમત્વની અભિવ્યક્તિ છે. સંવિધાન સંઘ અને રાજ્યોને વૈધાનિક સત્તાઓ પ્રદાન કરતી વખતે તેમને સંવૈધાનિક મર્યાદાઓને આધીન બનાવે છે. વિધાનમંડળનું સાર્વભૌમત્વ લેખિત સંવિધાનના ધોરણોને આધીન છે. કર લાદવાની સત્તા વૈધાનિક સત્તામાં સમાવિષ્ટ છે. તમામ વૈધાનિક સત્તાની જેમ જ, નાણાકીય કાયદાઓ લેખિત સંવિધાનના આદેશને આધીન છે. આ અનુચ્છેદ ૨૪૫(૧) ના પ્રારંભિક શબ્દોનું સ્પષ્ટ પરિણામ છે જે હેઠળ વૈધાનિક સત્તાઓનું પ્રદાન સંવિધાનની જોગવાઈઓને આધીન બનાવવામાં આવ્યું છે. [ફકરા ૧૨૧, ૧૨૨][૫૭૯–બી–એચ; ૫૮૦–એ]

૬.૨ સાતમી અનુસૂચિની વૈધાનિક યાદીઓની પ્રવિષ્ટિઓ વૈધાનિક સત્તાના સ્ત્રોત નથી પરંતુ તે માત્ર સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદો ઘડવાની ક્ષમતાને સોંપવામાં આવેલા વિષયો અથવા કાયદાકીય શીષ કોને વ્યાખ્યાયિત કરે છે. એકસાથે વાંચતા, અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ પ્રથમ સ્થાને સંઘ અને રાજ્યોને વૈધાનિક સત્તા પ્રદાન કરે છે અને તેમની સક્ષમતાને સોંપાયેલા વિધાનના ક્ષેત્રો પર કાયદો ઘડવા માટે તેમની વચ્ચે તે સત્તાની વહેંચણી કરે છે. જોકે અનુચ્છેદ ૨૪૫ ને સ્પષ્ટપણે સંવિધાનની જોગવાઈઓને આધીન

બનાવવામાં આવ્યો છે જ્યારે અનુચ્છેદ ૨૪૬ માં આવા કોઈ સમાન શબ્દો નથી, છતાં બંને અનુચ્છેદો સંવિધાનની અન્ય જોગવાઈઓને આધીન છે. અનુચ્છેદ ૨૪૫ ની ભાષા જે વૈધાનિક સત્તાની સોંપણીને સંવૈધાનિક જોગવાઈઓને આધીન બનાવે છે, તે એ સૈદ્ધાંતિક સિદ્ધાંતની માન્યતા છે કે રાજ્યના અંગોમાં નિહિત તમામ સંવૈધાનિક સત્તા સંવૈધાનિક મર્યાદાઓને આધીન છે. સંવિધાન જે સત્તા સોંપે છે તે સત્તાની સોંપણીને સંવૈધાનિક સુરક્ષાના ઉપાયો અને મર્યાદાઓના પાલન સાથે શરતી બનાવે છે. તમામ વૈધાનિક સત્તા સંવૈધાનિક મર્યાદાઓને આધીન છે. વૈધાનિક સત્તાના ઉપયોગ પરની મર્યાદાઓ: (૧) મૂળભૂત અધિકારો ધરાવતા સંવિધાનના ભાગ ૩ હેઠળની સ્વતંત્રતાની ખાતરીઓમાંથી; (૨) કાયદો ઘડતી સત્તા જે વિષય પર કાયદો ઘડે છે તે વિષય પર કાયદો ઘડવાની વૈધાનિક સક્ષમતા ધરાવતી હોવી જોઈએ તે જરૂરિયાતમાંથી; અને (૩) અન્ય સંવૈધાનિક મર્યાદાઓમાંથી ઉદ્‌ભવે છે. સંવિધાનનો ભાગ ૧૩ તે સંવૈધાનિક મર્યાદાઓ પૈકીની એક છે. ભાગ ૧૩ માંથી ઉદ્‌ભવતી સંવૈધાનિક મર્યાદા તેમાં સમાવિષ્ટ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની ખાતરીની માન્યતામાંથી ઉદ્‌ભવે છે. તેથી જે પ્રથમ આધાર પર કેન્દ્ર અને રાજ્યોને વૈધાનિક સત્તાઓ પ્રદાન કરવામાં આવી છે અને તેમની વચ્ચે વહેંચવામાં આવી છે તે એ છે કે જોકે કાયદો ઘડવો એ સાર્વભૌમત્વની અભિવ્યક્તિ છે, છતાં ભારતીય સંવિધાન હેઠળ કાયદો ઘડવાની સત્તા સંવૈધાનિક મર્યાદાઓને આધીન છે. લેખિત સંવિધાનને આધીન હોય તેવી કોઈપણ સંવૈધાનિક સત્તા પાસે નિરંકુશ સત્તા હોતી નથી. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદીઓમાંની વૈધાનિક

પ્રવિષ્ટિઓ કરવેરાના શીર્ષકોથી અલગ રીતે સામાન્ય કાયદાકીય ક્ષેત્રોનું સીમાંકન કરે છે. સંઘ યાદીમાં કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ પ્રવિષ્ટિ ૮૨ થી ૯૨સી માં સમાવિષ્ટ છે. અવશિષ્ટ પ્રવિષ્ટિ, પ્રવિષ્ટિ ૯૭ એ રાજ્ય અથવા સમવર્તી યાદીઓમાં નિર્દિષ્ટ ન હોય તેવી બાબતો સાથે સંબંધિત છે, જેમાં તે બંને યાદીઓમાંથી કોઈપણ યાદીમાં ઉલ્લેખ ન હોય તેવા કોઈપણ કરનો પણ સમાવેશ થાય છે. રાજ્ય યાદીમાં કરવેરા પ્રવિષ્ટિ ૪૬ થી ૬૨ માં સમાવિષ્ટ છે. ફી અલગ શીર્ષકો હેઠળ દર્શાવવામાં આવી છે: યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૬ માં, યાદી ૨ ની પ્રવિષ્ટિ ૬૬ માં અને યાદી ૩ ની પ્રવિષ્ટિ ૪૭ માં. [ફકરા ૧૨૩, ૧૨૫, ૧૨૬][૫૮૦–બી–ડી; ૫૮૧–બી–એફ]

*કેરળ રાજ્ય અને અન્ય વિ. માર અપ્રેમ કુરી કંપની લિ. અને અન્ય ૨૦૧૨ (૪) એસ.સી.આર. ૪૪૮ : (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

સાર્વભૌમત્વ અને સંવૈધાનિક મર્યાદાઓ

૭.૧ સામાન્ય રીતે, કર લાદવાની રાજ્યોની વૈધાનિક સત્તા એ જ સંવૈધાનિક માપદંડોને આધીન છે જે તમામ વૈધાનિક સત્તાના ઉપયોગનું નિયમન કરે છે. વૈધાનિક સત્તાનું નિયંત્રણ ત્રણ સંવૈધાનિક સિદ્ધાંતોમાંથી નિષ્પન્ન થાય છે. પ્રથમ, કાયદો ત્યારે જ માન્ય ગણાય જો તે એવા વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવ્યો હોય જે તે વિષય પર કાયદો ઘડવાની સક્ષમતા ધરાવતું હોય. બીજું, સંવિધાનના ભાગ ૩ દ્વારા મૂળભૂત અધિકારોની ગણતરી એ કાયદો

ઘડવા માટે વિધાનમંડળોમાં નિહિત સાર્વભૌમ સત્તા પર અંકુશ તરીકે કાર્ય કરે છે. સંવિધાનનો અનુચ્છેદ ૧૩ નિર્ધારિત કરે છે કે રાજ્ય એવો કોઈ કાયદો ઘડશે નહીં જે મૂળભૂત અધિકારોના પ્રકરણ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાઓનું ઉલ્લંઘન કરતો હોય. સંવિધાનના પ્રારંભ પહેલાં કે પછી ઘડવામાં આવેલો કોઈપણ કાયદો ભાગ ૩ સાથેની તેની અસંગતતાની હદ સુધી રદબાતલ છે. ત્રીજું, અન્ય સંવૈધાનિક મર્યાદાઓ અથવા નિયંત્રણો કરવેરાના ક્ષેત્ર સહિત કાયદો ઘડવાની સત્તાને મર્યાદિત કરી શકે છે. [ફકરો ૧૩૦][૫૮૫–ઈ–એફ, જી–એચ; ૫૮૬–એ–બી]

૭.૨ કરવેરાના ક્ષેત્રમાં, રાજ્યોમાં નિહિત વૈધાનિક સત્તાઓનું નિયંત્રણ એવી જોગવાઈઓ દ્વારા થઈ શકે છે જે આ પ્રકારની હોય : (૧) અપહરણ (નિષ્કર્ષણ); (૨) ગ્રહણ; અને (૩) મર્યાદાઓ અથવા નિયંત્રણો. આ શ્રેણીઓ સંવૈધાનિક નિયંત્રણોના સ્ત્રોતને સમજવા માટે અનુકૂળ સંદર્ભ બિંદુઓ છે. વૈધાનિક સત્તાના અપહરણનું એક ઉદાહરણ રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૪ માં સમાવિષ્ટ છે જે સંઘ યાદીની પ્રવિષ્ટિ ૯૨(એ) ની જોગવાઈઓને આધીન રહીને, વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પરના કરની જોગવાઈ કરે છે. સંઘ યાદીની પ્રવિષ્ટિ ૯૨(એ) ૧૯૫૬ માં સંવિધાનના છઠ્ઠા સુધારા દ્વારા દાખલ કરવામાં આવી હતી જેથી વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદવાની જોગવાઈ કરી શકાય, જ્યાં આવું વેચાણ અથવા ખરીદી આંતર–રાજ્ય વેપાર કે વાણિજ્ય દરમિયાન થતી હોય. રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૪ મૂળરૂપે જે રીતે અસ્તિત્વમાં હતી તે મુજબ, રાજ્યો પાસે વર્તમાનપત્રો

સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદવા માટે એક અબાધિત ક્ષેત્ર હતું. અનુચ્છેદ ૨૮૬ નિર્ધારિત કરે છે કે રાજ્યનો કાયદો માલના વેચાણ અથવા ખરીદી પર કોઈ કર લાદશે નહીં અથવા કર લાદવાની સત્તા આપશે નહીં, જ્યાં વેચાણ અથવા ખરીદી રાજ્યની બહાર અથવા ભારતના રાજ્યક્ષેત્રમાં આયાત કે તેમાંથી નિકાસ દરમિયાન થતી હોય. અનુચ્છેદ ૨૮૬(૧) સ્પષ્ટ મનાઈ ફરમાવે છે. અનુચ્છેદ ૨૬૯(૩) આંતર–રાજ્ય વેપાર કે વાણિજ્ય દરમિયાન માલનું વેચાણ અથવા ખરીદી કે માલનું કન્સાઇનમેન્ટ ક્યારે થાય છે તે નક્કી કરવા માટેના સિદ્ધાંતો ઘડવા સંસદને કાયદા દ્વારા સત્તા આપે છે. સંસદે, અનુચ્છેદ ૨૬૯(૩) હેઠળની પોતાની સત્તાઓનો ઉપયોગ કરીને ધ સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ ઘડ્યો હતો. સદર અધિનિયમની કલમ ૧૪ અને ૧૫ વિશેષ મહત્વ ધરાવતી ચીજવસ્તુઓની યાદી, કર લાદવાની રીત અને કર લાદવાની સત્તા પરના નિયંત્રણોની જોગવાઈ કરે છે. કરવેરાના ક્ષેત્રમાં રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર નિયંત્રણનો બીજો સ્ત્રોત સંવિધાનનો અનુચ્છેદ ૨૫૩ છે જેના હેઠળ સંસદને, ભાગ ૧૧ ના પ્રકરણ ૧ ની અગાઉની જોગવાઈઓમાં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, એક અથવા વધુ દેશો સાથેની સંધિ, કરાર અથવા કન્વેન્શનના અમલ માટે અથવા આંતરરાષ્ટ્રીય પરિષદ, સંગઠન કે અન્ય સંસ્થાના નિર્ણયના અમલ માટે સમગ્ર ભારતના રાજ્યક્ષેત્ર માટે કાયદો ઘડવાની સત્તા સોંપવામાં આવી છે. અનુચ્છેદ ૨૫૩ ની નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ અનુચ્છેદ ૨૪૫ થી ૨૫૨ ના સંબંધમાં કાર્ય કરે છે. તેથી, જ્યાં સંસદે અનુચ્છેદ ૨૫૩ ના અનુસંધાનમાં ભારતની આંતરરાષ્ટ્રીય જવાબદારીઓનો

અમલ કરવા માટે કાયદો ઘડ્યો હોય, ત્યાં કરવેરાના ક્ષેત્ર સહિત રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર ગ્રહણ લાગી શકે છે. રાજ્યની વૈધાનિક સત્તા પર સંવૈધાનિક નિયંત્રણનો ત્રીજો સ્ત્રોત મર્યાદાઓના સ્વરૂપમાં છે જેનું એક ઉદાહરણ અનુચ્છેદ ૨૮૬ નો ખંડ ૩ પૂરું પાડે છે. ખંડ ૩ હેઠળ, સંસદ "કર લાદવાની પદ્ધતિ, દરો અને કરની અન્ય બાબતો" ના સંબંધમાં નિયંત્રણો અને શરતો પૂરી પાડે છે જેને ઉપ–ખંડ (એ) અને (બી) માં નિર્દિષ્ટ પ્રકૃતિના કરની જોગવાઈ કરતો રાજ્ય દ્વારા ઘડવામાં આવેલો કાયદો આધીન રહે છે. ઉપ–ખંડ (એ) સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા આંતર–રાજ્ય વેપાર કે વાણિજ્યમાં વિશેષ મહત્વ ધરાવતી જાહેર કરાયેલી ચીજવસ્તુઓના વેચાણ અથવા ખરીદી પરના કર સાથે સંબંધિત છે. ઉપ–ખંડ (બી) એ અનુચ્છેદ ૩૬૬(૨૯એ) ના ઉપ–ખંડ (બી), (સી) અને (ડી) હેઠળ આવતી ચીજવસ્તુઓના વેચાણ અથવા ખરીદી પરના કર સાથે સંબંધિત છે. અન્ય બાબતોની સાથે, હાયર પર્ચેઝ માટેના અને માલનો ઉપયોગ કરવાના અધિકારની તબદીલી સમાવિષ્ટ કરારો પરનો કર, કર લાદવાના દરોની પદ્ધતિ અને કરની અન્ય બાબતોના સંબંધમાં સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા પૂરી પાડવામાં આવેલી શરતો અને નિયંત્રણોને આધીન છે. રાજ્યોની વૈધાનિક સત્તાઓનું સંવૈધાનિક નિયંત્રણ ભાગ ૧૩ ની જોગવાઈઓમાંથી પણ ઉદ્ભવે છે જે સંસદ અને રાજ્ય વિધાનમંડળોને પરિભાષિત માપદંડોને આધીન રહીને આંતર–રાજ્ય વેપાર કે વાણિજ્ય પર નિયંત્રણો લાદવા માટે સક્ષમ બનાવે છે. [ફકરા ૧૩૧–૧૩૫][૫૮૬–સી–ઈ, જી–એચ; ૫૮૭–એ–જી]

*રાય રામકૃષ્ણ વિ. બિહાર રાજ્ય ૧૯૬૩ એ.આઈ.આર. ૧૬૬૭ : ૧૯૬૪ એસ.સી.આર. ૮૯૭; રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. ૨૨૦ : એ.આઈ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૫૬૩; અમૃત વનસ્પતિ કું. લિ. અને અન્ય વિ. પંજાબ રાજ્ય અને અન્ય ૧૯૯૨ (૨) એસ.સી.આર. ૧૩ : (૧૯૯૨) ૨ એસ.સી.સી. ૪૧૧; દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કંપની અને અન્ય ૨૦૦૦ (૩) એસ.સી.આર. ૫૦૯ : (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪; મહારાજ ઉમેગ સિંહ વિ. બોમ્બે રાજ્ય, ૧૯૫૫ એસ.સી.આર. ૧૬૪ : એ.આઈ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦; ફર્મ બંસીધર પ્રેમસુખદાસ વિ. રાજસ્થાન રાજ્ય ૧૯૬૬ સપ્લી. એસ.સી.આર. ૮૧ : એ.આઈ.આર. ૧૯૬૭ એસ.સી. ૪૦; ઠાકુર જગન્નાથ બક્ષ સિંહ વિ. યુનાઈટેડ પ્રોવિન્સિસ (૧૯૪૬) એફ.સી.આર. ૧૧૧ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

તમામ કર અવરોધરૂપ નથી

૮. માલ, સેવાઓ, વ્યક્તિઓ અને મૂડીની મુક્ત હેરફેર માટે જાહેર વ્યવસ્થાનું અસ્તિત્વ અને એવી પરિસ્થિતિઓ જરૂરી છે જે વેપાર અને વાણિજ્યને અવરોધ વિના ચાલવા માટે અનુકૂળ બનાવે છે. હિંસા, અશાંતિ અને સામાજિક અવ્યવસ્થા વચ્ચે વેપાર કે વાણિજ્ય બંનેમાંથી કોઈ પાંગરી શકે નહીં. સામાજિક વ્યવસ્થાની પરિસ્થિતિઓ પૂરી પાડવાના હેતુવાળી વિવિધ પ્રવૃત્તિઓને ટકાવી રાખવા માટે કર રાજ્યને મહેસૂલ પૂરું પાડે છે. કરની આવક એ રાજ્યો દ્વારા શાસન કરવા માટે જરૂરી જરૂરિયાતોનો એક આવશ્યક ભાગ છે.

અનુચ્છેદ ૨૬૫ મુજબ સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા જ કર લાદવો આવશ્યક છે. મહેસૂલ એકત્ર કરવાની સત્તા વિના, વેપાર અને વાણિજ્યના અસ્તિત્વ માટે જરૂરી પરિસ્થિતિઓનું સર્જન કરવાની રાજ્યની ક્ષમતા નષ્ટ થઈ જશે. તેથી, પ્રાથમિક સિદ્ધાંત તરીકે એવું માની શકાય નહીં કે કોઈપણ સ્વરૂપનો કરવેરો એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર બોજરૂપ છે અને દરેક કર અનિવાર્યપણે વેપારમાં અવરોધ ઊભો કરે છે. આવું વ્યાપક અર્થઘટન માત્ર એટલા માટે સ્વીકારી શકાય નહીં કારણ કે કરવેરાના માધ્યમથી મહેસૂલ એકત્ર કરીને, રાજ્ય કાયદાના શાસન પર આધારિત એવી રાજકીય અને કાનૂની વ્યવસ્થા પૂરી પાડે છે જ્યાં કરાર આધારિત વ્યવહારો અસરકારક રીતે અમલમાં મૂકી શકાય છે. [ફકરો ૧૩૯][૫૮૯–જી–એચ; ૫૯૦–એ–સી]

*ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રા. લિ. અને અન્ય વગેરે વિ. ભારત સંઘ અને અન્ય વગેરે ૧૯૮૫ (૨) એસ.સી.આર. ૨૮૭ : (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧; ગવર્નમેન્ટ ઓફ તમિલનાડુ વિ. અહોબિલ મઠ ૧૯૮૭ (૧) એસ.સી.આર. ૨૩૨ : ૧૯૮૭ (૧) એસ.સી.સી. ૩૮; ઓલ બિહાર ક્રિશ્ચિયન સ્કૂલ્સ એસોસિએશન વિ. બિહાર રાજ્ય (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૨૬૬; ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વગેરે વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૯૧૮ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪; એક્સપ્રેસ હોટેલ્સ પ્રાઇવેટ લિમિટેડ વિ. ગુજરાત રાજ્ય અને અન્ય ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૮૯૩ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૭૭;*

*પંકજ જૈન એજન્સીઝ વિ. ભારત સંઘ ૧૯૯૪ (૧) સપ્લી. એસ.સી.આર. ૬૦૨ : ૧૯૯૪ (૫) એસ.સી.સી. ૧૯૮; પ્રજલાલ મણીલાલ એન્ડ કંપની વિ. એમ.પી. રાજ્ય (૧૯૮૬) સપ્લી. ૧ એસ.સી.સી. ૨૦૧; ધ બેંગાલ ઇમ્યુનિટી કંપની વિ. બિહાર રાજ્ય (૧૯૫૩) ૧ બી.એલ.જે.આર. ૪૮; એન.એમ.ડી.સી. વિ. પંજાબ રાજ્ય ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૪૭૨ : (૧૯૯૭) ૭ એસ.સી.સી. ૩૩૯ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪

૯. અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ વેપાર અને વાણિજ્ય પરના નિયંત્રણોની જોગવાઈ કરે છે. આ ત્રણેય અનુચ્છેદો પૈકી પ્રત્યેકની પાર્શ્વ નોંધ ખાસ કરીને વેપાર અને વાણિજ્ય પર અથવા તેના સંબંધમાં નિયંત્રણોની વિચારણા કરે છે. અનુચ્છેદ ૩૦૨ ની પાર્શ્વ નોંધ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો લાદવાની સંસદની સત્તાનો ઉલ્લેખ કરે છે. અનુચ્છેદ ૩૦૨ હેઠળ, એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના પ્રદેશના કોઈપણ ભાગની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં કાયદા દ્વારા નિયંત્રણો લાદવા માટે સંસદ સશક્ત છે. પરિણામે, નિયંત્રણો લાદવાની અનુચ્છેદ ૩૦૨ હેઠળની સંસદીય સત્તા માત્ર આંતર–રાજ્ય વેપાર પૂરતી સીમિત નથી પરંતુ તે ભારતના પ્રદેશના કોઈપણ ભાગની અંદરના નિયંત્રણો સુધી વિસ્તરે છે. જોકે, અનુચ્છેદ ૩૦૩ સંસદ અને રાજ્ય વિધાનમંડળો બંને પર મર્યાદા લાદે છે. અનુચ્છેદ ૩૦૩ હેઠળ, સાતમી

અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરતો અથવા ભેદભાવ કરવા માટે અધિકૃત કરતો કાયદો ન તો સંસદ ઘડી શકે છે કે ન તો રાજ્યનું વિધાનમંડળ ઘડી શકે છે. અનુચ્છેદ ૩૦૩ માં નોન-ઓબસ્ટેન્ટ જોગવાઈ છે જે અનુચ્છેદ ૩૦૨ પર અગ્રતા ધરાવે છે. અનુચ્છેદ ૩૦૩ માં રહેલો નોન-ઓબસ્ટેન્ટ ખંડ રાજ્યના વિધાનમંડળના સંબંધમાં સ્પષ્ટપણે અપ્રસ્તુત છે કારણ કે અનુચ્છેદ ૩૦૨ પ્રથમદર્શીએ જ રાજ્ય વિધાનમંડળને લાગુ પડતો નથી. સ્પષ્ટપણે નોન-ઓબસ્ટેન્ટ જોગવાઈ માત્ર સંસદના સંબંધમાં જ અર્થ ધરાવી શકે છે કારણ કે તે એવી શરત નક્કી કરવાની અસર ધરાવે છે કે અનુચ્છેદ ૩૦૨ હેઠળ જાહેર હિતમાં નિયંત્રણો લાદવાની સંસદની સત્તા એ અનુચ્છેદ ૩૦૩ હેઠળ બિન-ભેદભાવના અને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય ન આપવાના સિદ્ધાંતને આધીન છે. અનુચ્છેદ ૩૦૩ જે ધોરણ પ્રતિપાદિત કરે છે તેની અસર એ છે કે કાયદો ઘડતી વખતે ન તો સંસદ કે ન તો રાજ્યનું વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપી શકે છે અથવા કોઈપણ ભેદભાવ કરી શકે છે. અનુચ્છેદ ૩૦૩ નો અંત "સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" એ શબ્દો સાથે થાય છે. [પેરા ૧૪૩, ૧૪૪][૫૯૨-બી-એચ]

*એમ.પી.વી. સુંદરરામિયર વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય ૧૯૫૮ એસ.સી.આર. ૧૪૨૨ : એ.આઇ.આર. ૧૯૫૮ એસ.સી. ૪૬૮; મદ્રાસ રાજ્ય વિ. એન. કે. નટરાજ મુદલિયાર ૧૯૬૮ એસ.સી.આર. ૮૨૯ : એ.આઇ.આર. ૧૯૬૯ એસ.સી. ૧૪૭; તમિલનાડુ રાજ્ય અને અન્ય વિ. સિતોલક્ષ્મી મિલ્સ અને અન્ય ૧૯૭૪ (૩) એસ.સી.આર. ૧ : ૧૯૭૪ (૪) એસ.સી.સી. ૪૦૮ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

અનુચ્છેદ ૩૦૪ નું અર્થઘટન

૧૦. અનુચ્છેદ ૩૦૧ ને લાગુ પડવાના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટ ખંડના ઉપયોગ અંગે ચર્ચા કરવામાં આવેલ છે. તેનું કારણ એ છે કે જ્યારે અનુચ્છેદ ૩૦૧ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાંહેધરીને ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન બનાવે છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪ ની શરૂઆત નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ સાથે થાય છે જે અનુચ્છેદ ૩૦૧ માં સમાવિષ્ટ બાબતો છતાં પણ અમલમાં રહે છે. આ બંને જોગવાઈઓને વાજબી અર્થઘટન અથવા અર્થ આપવો પડશે. આ રીતે અર્થઘટન કરતાં, અનુચ્છેદ ૩૦૪ ની તેની નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈમાંનો અર્થ એ થવો જોઈએ કે તે ખંડ (એ) અને (બી) દ્વારા વિચારવામાં આવેલી બાબતોને મંજૂરી આપશે, ભલે તે અન્યથા અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંહેધરી આપેલ સ્વતંત્રતાના વ્યાપમાં આવતી હોય. તેવી જ રીતે, અનુચ્છેદ ૩૦૩ ને લાગુ પડવાના સંદર્ભમાં, અનુચ્છેદ ૩૦૪ માં રહેલો નોન–ઓબસ્ટેન્ટ ખંડ દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૩ માં સમાવિષ્ટ મનાઈ છતાં

પણ, રાજ્ય વિધાનમંડળ આ જોગવાઈના વ્યાપમાં આવતી બાબતનું કંઈક કરવા માટે સશક્ત છે. અનુચ્છેદ ૩૦૪ ની નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ ત્યારબાદ આવતા બંને ખંડ (એ) અને (બી) નું નિયમન કરે છે. ખંડ (એ) ના આધારે, રાજ્યનું વિધાનમંડળ, અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓ હોવા છતાં, ભેદભાવવિહીન કર લાદી શકે છે. કર લાદવાની સત્તા અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) દ્વારા પ્રદાન કરવામાં આવેલ નથી પરંતુ તે એક એવી સત્તા છે જે રાજ્ય યાદીની વૈધાનિક પ્રવિષ્ટિઓ સાથે વાંચવામાં આવતા સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ રાજ્યોની વૈધાનિક સત્તામાં શોધી શકાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) એ બાબતનો સ્પષ્ટ સંકેત છે કે જોકે કર અનુચ્છેદ ૩૦૧ ના અર્થમાં એક નિયંત્રણ રચી શકે છે, છતાં ભેદભાવવિહીન કર લાદવાની રાજ્ય વિધાનમંડળને પરવાનગી છે. અનુચ્છેદ ૩૦૪(એ) એવા પ્રતિબંધને હટાવે છે જે નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ ન હોત તો અસ્તિત્વમાં રહ્યો હોત. જોકે, અનુચ્છેદ ૩૦૪(એ) આદેશ આપે છે કે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર લાદવામાં આવતો કર એવો હોવો જોઈએ કે જેના આધીન તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થતો સમાન માલ પણ હોય. તદુપરાંત, તે કર આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત કે પેદા કરાયેલા માલ વચ્ચે ભેદભાવ કરશે નહીં. [પેરા ૧૫૬][૬૦૩–બી–જી]

*સાઉથ ઇન્ડિયન કોર્પોરેશન (પ્રા.) લિ. વિ. બોર્ડ ઓફ રેવન્યુ (૧૯૬૪) ૪ એસ.સી.આર. ૨૮૦; બોમ્બે રાજ્ય વિ. ધ યુનાઇટેડ મોટર્સ (ઇન્ડિયા) લિ. (૧૯૫૩) ૪ એસ.સી.આર. ૧૦૬૯; ચંદાવરકર સીતા રત્ન રાવ વિ. આશાલતા*

*એસ. ગુરમ ૧૯૮૬ (૩) એસ.સી.આર. ૮૬૬ : ૧૯૮૬ (૪) એસ.સી.સી. ૪૪૭; સાઉથ ઇન્ડિયા કોર્પોરેશન વિ. બોર્ડ ઓફ રેવન્યુ (૧૯૬૪) ૪ એસ.સી.આર. ૨૮૦ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

*ન્યાયમૂર્તિ જી. પી. સિંહના તેમના મૌલિક ગ્રંથ 'પ્રિન્સિપલ્સ ઓફ સ્ટેચ્યુટરી ઇન્ટરપ્રિટેશન' ૧૪મી આવૃત્તિ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

સંયોજક કે વિયોજક : 'કરી શકશે'; 'અને'

૧૧.૧ અનુચ્છેદ ૩૦૪ એવી જોગવાઈ કરે છે કે રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા (એ) ખંડ (એ) માં જણાવ્યા મુજબ ભેદભાવવિહીન કર લાદી શકશે; અને (બી) વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદી શકશે. અનુચ્છેદ ૩૦૪ ના પ્રારંભિક ભાગમાં રહેલા 'કરી શકશે' શબ્દપ્રયોગને ખંડ (એ) અને (બી) ને અલગ પાડતા 'અને' શબ્દપ્રયોગ સાથે વાંચવો પડશે. 'કરી શકશે' શબ્દપ્રયોગનો ઉપયોગ એ આશયનો સંકેત આપે છે કે રાજ્યનું વિધાનમંડળ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે બંધાયેલ નથી (જોકે જો તે તેમ કરે છે, તો તે કર ભેદભાવવિહીન હોવો જોઈએ). તેવી જ રીતે, રાજ્ય વિધાનમંડળ પાસે ખંડ (બી) હેઠળ નિયંત્રણો લાદવાની સમર્થકારી સત્તા છે. વિધાનમંડળ તેમ 'કરી શકશે'. કર લાદવો કે નિયંત્રણ લાદવું તે અંગે તેની પાસે વિવેકબુદ્ધિ છે અને તે તેમ કરવા બંધાયેલ નથી. 'અને' શબ્દ સામાન્ય રીતે સંયોજક અર્થમાં વપરાય છે. જોકે, હંમેશા આવું હોતું નથી. 'કરી શકશે' શબ્દપ્રયોગના ઉપયોગ સાથે જોડીને જોતાં,

અનુચ્છેદ ૩૦૪ માં 'અને' શબ્દપ્રયોગનું અર્થઘટન 'અને/અથવા' થવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, રાજ્યનું વિધાનમંડળ અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) નો અથવા તેમાંથી કોઈપણ એકનો આશરો લઈ શકે છે. અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં, પ્રારંભિક ભાગમાં 'કરી શકશે' શબ્દપ્રયોગનો ઉપયોગ, ખંડ (એ) અને (બી) ને અલગ પાડતા 'અને' સાથે મળીને, એ દર્શાવે છે કે સાચો અર્થ અને આશય સંયુક્ત તેમજ પૃથક 'અને/અથવા' દ્વારા વ્યક્ત થાય છે. રાજ્ય વિધાનમંડળ ખંડ (એ) હેઠળ આવતો કર તેમજ ખંડ (બી) હેઠળ આવતું વાજબી નિયંત્રણ લાદી શકે છે. વૈકલ્પિક રીતે તે તેમાંથી કોઈપણ એક લાદી શકે છે. આ સમર્થકારી જોગવાઈઓ હોવાથી, વિધાનમંડળ તે બંનેમાંથી કોઈપણ એકનો પણ આશરો ન લે તેવું બની શકે છે. જોકે, જ્યારે તે કર અને/અથવા નિયંત્રણ લાદે છે, ત્યારે રાજ્ય વિધાનમંડળે અનુક્રમે ખંડ (એ) અને (બી) ની શરતોનું પાલન કરવું પડશે. [પેરા ૧૫૮, ૧૫૯, ૧૬૦][૬૦૪–જી–એચ; ૬૦૫–એ–સી; ૬૦૬–ડી–ઈ]

*રૂથ સુલિવાન દ્વારા લિખિત "સ્ટેચ્યુટરી ઇન્ટરપ્રિટેશન" – નો સંદર્ભ લેવામાં આવેલ.*

*અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાનું સમગ્ર ક્ષેત્ર નથી*

૧૧.૨.૧ ભેદભાવયુક્ત કર અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત છે. સંવિધાનના લખાણમાં એવી આંતરિક સામગ્રી રહેલી છે જે દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ભાગ ૧૩ ના હેતુઓ માટે કરવેરાના સમગ્ર ક્ષેત્રને નિશેષ કરતો નથી.

પ્રથમ તો, અનુચ્છેદ ૩૦૪(એ) એવી જોગવાઈ કરે છે કે રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે જેના આધીન તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થતો સમાન માલ પણ હોય. ખંડ (એ) નો વ્યાપ માલ પરના કર પૂરતો છે, જ્યાં માલની ઉત્પત્તિ કર લાદનાર રાજ્ય સિવાયના અન્ય રાજ્યમાંથી થયેલી હોય. અનુચ્છેદ ૩૦૧ (જેના પર અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ નોન–ઓબસ્ટેન્ટ ખંડ અમલમાં આવે છે) ભૌગોલિક વ્યાપ ધરાવે છે જે ભારતના સમગ્ર પ્રદેશમાં વિસ્તરેલો છે. અનુચ્છેદ ૩૦૧ માત્ર રાજ્યની સરહદો પાર જ નહીં પરંતુ ભારતના પ્રદેશના કોઈપણ ભાગની અંદર પણ સમાન રીતે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાંહેધરી આપે છે. જો ભેદભાવયુક્ત કર દ્વારા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકવામાં આવે – જેમ કે અનુચ્છેદ ૩૦૪(એ) માની લે છે કે આવું બને છે – તો તે જ તર્ક અનુસાર રાજ્યની અંદર આંતરિક હેરફેર પર ભેદભાવયુક્ત કર લાદવાથી અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંહેધરી અપાયેલ સ્વતંત્રતાનો ભંગ થવો જ જોઈએ. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પરના કરને જ આવરી લેતો હોવાથી, રાજ્યની સરહદો પાર ન કરતા હોય તેવા માલ પરનો ભેદભાવયુક્ત કર અનુચ્છેદ ૩૦૪(એ) ના વ્યાપમાં આવશે નહીં. છતાં પણ તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે. રાજ્ય પાસે સંભવતઃ તેમ કરવા અથવા આવો કર લાદવા માટે જાહેર હિતમાં વાજબીપણું હોઈ શકે છે અને જો તે તેમ કરવાનું હોય, તો તેણે અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતો પૂર્ણ કરવી પડશે. જો અનુચ્છેદ

૩૦૪(બી) નું અર્થઘટન કરનો સમાવેશ ન કરવા તરીકે કરવામાં આવે, તો આવી કાર્યવાહી પ્રતિબંધિત થઈ જશે, ભલે રાજ્યનું હિત ગમે તેટલું કાયદેસર કેમ ન હોય. [પેરા ૧૬૨][૬૦૭–બી–ઈ]

૧૧.૨.૨ એક બીજું કારણ પણ છે કે શા માટે ભાગ ૧૩ ની ભાષા અને યોજના એવા તારણ તરફ દોરી જવી જોઈએ કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા વિચારાયેલા પ્રકારના ભેદભાવયુક્ત કર જ આ ભાગના વ્યાપમાં આવે છે તેવું નથી. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર માલ પરના કરને જ આવરી લે છે (ઉપર જોયું તેમ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ). રાજ્ય વિધાનમંડળ દ્વારા માલ સિવાય અન્ય બાબતો પર લાદવામાં આવતો કર અનુચ્છેદ ૩૦૪(એ) ના વ્યાપમાં આવતો નથી. સાતમી અનુસૂચિની યાદી ૨ ની કરવેરા સંબંધી પ્રવિષ્ટિઓમાં એવા વિવિધ કરનો સમાવેશ થાય છે જે માલ પરના કર સિવાય રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતામાં આવે છે. યાદી ૨ ની કરવેરા સંબંધી પ્રવિષ્ટિઓ (પ્રવિષ્ટિ ૪૬ થી ૬૨) પૈકી કેટલીક એવી છે જે માલ પરના કરવેરાના પાસાઓ સાથે સંબંધ ધરાવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર માલ પરના કરને જ લાગુ પડે છે. જે કર માલ પર કે માલ સાથે સંકળાયેલા પાસાઓ પર નથી, તે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા સંચાલિત થતો નથી. માલ પર ન હોય તેવો ભેદભાવયુક્ત કર તે અનુચ્છેદના પ્રતિબંધ હેઠળ આવતો નથી. તેવી જ રીતે, પ્રવિષ્ટિ ૫૬ હેઠળ માર્ગો અથવા અંતર્દેશીય જળમાર્ગો પર લઈ જવાતા મુસાફરો પરના કરને અનુચ્છેદ ૩૦૪(એ) લાગુ પડશે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) નો વ્યાપ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના ભેદભાવવિહીન કર પૂરતો

હોવાથી, એ સ્પષ્ટ છે કે આ જોગવાઈ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતા તેવા ભેદભાવયુક્ત કરના સંબંધમાં પણ સંપૂર્ણ નથી. માલ સિવાયના એવા કર છે જે રાજ્યોની વૈધાનિક સક્ષમતામાં આવે છે, જે અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરાની બહાર છે. જો તે કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધે છે, તો તેઓ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે, ભલે તેઓ અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ન આવતા હોય. ત્રીજું, એવું ઠેરવવામાં આવેલ છે કે અનુચ્છેદ ૩૦૨ સંસદને કેન્દ્રીય વેચાણ વેરો લાદવા માટે સક્ષમ બનાવે છે. અનુચ્છેદ ૩૦૨ માં "નિયંત્રણો" શબ્દપ્રયોગનું અર્થઘટન કરવેરાના પગલાં દ્વારા લાદવામાં આવતા નિયંત્રણને બાકાત ન રાખવા તરીકે કરવામાં આવ્યું છે. જો અનુચ્છેદ ૩૦૨ ના હેતુઓ માટે 'નિયંત્રણ' શબ્દપ્રયોગ નાણાકીય કર લાદવાના સ્વરૂપમાં વૈધાનિક પગલાંને બાકાત રાખતો નથી, તો સ્પષ્ટપણે તેને અનુચ્છેદ ૩૦૪ માં 'નિયંત્રણો' શબ્દસમૂહના વ્યાપમાંથી બાકાત રાખી શકાય નહીં. [પેરા ૧૬૩, ૧૬૪][૬૦૭–એફ–એચ; ૬૦૮–ડી–એચ]

૧૧.૨.૩ ચોથું, આ તારણને અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ દ્વારા સમર્થન મળે છે. નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈનો સાદો અર્થ એ છે કે રાજ્ય વિધાનમંડળો અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ પોતાની કાયદો ઘડવાની સત્તાનો ઉપયોગ કરીને, અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) દ્વારા વિચારાયેલા પ્રકારનો કાયદો ઘડી શકે છે, એ હકીકત હોવા છતાં પણ કે આવું વૈધાનિક પગલું અન્યથા અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપ અને દાયરામાં આવતું હોય. અનુચ્છેદ ૩૦૪(એ) માં રહેલી નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ

અનુચ્છેદ ૩૦૧ નો ઉલ્લેખ કરે છે. દેખીતી રીતે, જ્યાં સુધી કોઈ બાબત અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપમાં ન આવતી હોય, ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(એ) માં નોન–ઓબસ્ટેન્ટ ખંડનો સમાવેશ કરવાનું કોઈ કારણ નથી. અનુચ્છેદ ૩૦૧ હોવા છતાં, અનુચ્છેદ ૩૦૪(એ) ને ધ્યાને લેતાં તે માન્ય છે. અનુચ્છેદ ૩૦૪(એ) તે પ્રતિબંધને હટાવે છે. અનુચ્છેદ ૩૦૧ માં આધીનતાના ખંડનો ઉપયોગ અને અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈની અણઘડ મુસદ્દાઘડતરના કિસ્સા તરીકે ટીકા કરવામાં આવી છે. જે ખંડ કોઈ સંવૈધાનિક જોગવાઈને અથવા તે બાબતે વૈધાનિક જોગવાઈને અન્ય જોગવાઈને આધીન બનાવે છે, તે જે જોગવાઈમાં તે ખંડ સમાવિષ્ટ હોય તેને જે જોગવાઈને તે આધીન બનાવવામાં આવેલ છે તેને ગૌણ બનાવે છે. બીજી તરફ, 'હોવા છતાં' શબ્દથી શરૂ થતી નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ એ દર્શાવવાનો આશય ધરાવે છે કે જે લખાણમાં તે જોગવાઈ સમાવિષ્ટ છે તે અન્ય જોગવાઈ પર અગ્રતા ધરાવે છે. [પેરા ૧૬૫, ૧૬૬][૬૦૯–એ–ઈ]

૧૧.૨.૪ અનુચ્છેદ ૩૦૧ હેઠળ સ્વતંત્રતાની બાંહેધરી ભાગ ૧૩ ને આધીન છે. અનુચ્છેદ ૩૦૪ રાજ્ય વિધાનમંડળને તેની વૈધાનિક સત્તાના ઉપયોગમાં (અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ) કાયદો ઘડવા માટે સક્ષમ બનાવે છે, એ હકીકત હોવા છતાં કે તે અન્યથા અનુચ્છેદ ૩૦૧ અથવા ૩૦૩ ના વ્યાપમાં આવતો હોઈ શકે છે. અનુચ્છેદ ૩૦૩ માં એવો આદેશ સમાવિષ્ટ છે કે સાતમી અનુસૂચિની યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓના આધારે, ન તો સંસદ કે ન તો રાજ્યનું વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય

કરતાં પ્રાધાન્ય આપી શકે છે અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરી શકે છે. અનુચ્છેદ ૩૦૩ (સંસદના સંબંધમાં) એવી ધારણા કરે છે કે એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના પ્રદેશના કોઈપણ ભાગ પર જાહેર હિતમાં વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા માટે અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપવા માટે અથવા તેમની વચ્ચે ભેદભાવ કરવા માટે થઈ શકે નહીં. જોકે, જ્યારે સંસદ ભારતના પ્રદેશના કોઈપણ ભાગમાં માલની અછતની પરિસ્થિતિનો સામનો કરી રહી હોય ત્યારે અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૨) દ્વારા આ પ્રતિબંધ હટાવી લેવામાં આવે છે. રાજ્યના વિધાનમંડળના સંબંધમાં, અનુચ્છેદ ૩૦૩(૧) રાજ્યો વચ્ચે પ્રાધાન્ય આપવા સામે અથવા કોઈપણ ભેદભાવ કરવા સામે સમાન આદેશ લાદે છે. પરંતુ, અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૨) રાજ્ય વિધાનમંડળોને લાગુ પડતો નથી. અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૧) એક રાજ્ય સામે બીજા રાજ્ય સાથે ભેદભાવ કરવા પર અથવા તેમની વચ્ચે પ્રાધાન્ય આપવા પર નિયંત્રણ છે. અનુચ્છેદ ૩૦૩(૧) આંતરરાષ્ટ્રીય વેપાર પરિભાષામાં 'મોસ્ટ ફેવર્ડ નેશન' નો દરજ્જો આપતી જોગવાઈ સમાન છે. આવા 'એમએફએન' ખંડ હેઠળ, એક રાષ્ટ્ર રાજ્યને આપવામાં આવેલો વ્યવહાર બીજાને પણ આપવો પડે છે. અનુચ્છેદ ૩૦૩(૧) રાજ્યો વચ્ચે પરસ્પર સમાન સિદ્ધાંતનો સમાવેશ કરે છે જેથી કરીને જ્યારે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો તેમની કાયદો ઘડવાની સત્તાનો ઉપયોગ કરીને કાયદો ઘડે ત્યારે રાજ્યો વચ્ચે વ્યવહારની સમાનતા સુનિશ્ચિત કરી શકાય. અનુચ્છેદ

૩૦૩(૧) ના અમલ દ્વારા, કાયદો ઘડનાર રાજ્ય વિધાનમંડળે અન્ય રાજ્યોને સમાન વ્યવહાર આપવો જરૂરી છે અને તેને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપવાથી અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરવાથી રોકવામાં આવે છે. જોકે, અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના વિધાનમંડળને અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાની પરવાનગી આપે છે, જ્યાં સુધી તે કર તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થતા સમાન માલ પર લાદવામાં આવતા કર જેવો જ હોય. અનુચ્છેદ ૩૦૧ માં રહેલા આધીનતાના ખંડ અને અનુચ્છેદ ૩૦૪ ના નોન–ઓબસ્ટેન્ટ ખંડ વચ્ચે તેથી સુમેળ સાધી શકાય છે. [પેરા ૧૬૭][૬૦૯–એફ–એચ; ૬૧૦–એ–એફ]

૧૨. સંવિધાનમાં મૂળ રીતે સમાવિષ્ટ કરાયેલ અનુચ્છેદ ૩૦૬ એ બાબતનો સ્પષ્ટ સંકેત આપતો હતો કે સંવિધાનના ઘડવૈયાઓ રાજ્યો વચ્ચે માલની આયાત કે નિકાસ પરના કર અથવા જકાતથી વિપરીત અર્થમાં 'નિયંત્રણો' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવાનો આશય ધરાવતા ન હતા. [પેરા ૧૬૯][૬૧૧–એફ]

૧૩.૧ અનુચ્છેદ ૩૦૪(એ) વિગતવાર જણાવે છે કે કરવેરાનું ચોક્કસ સ્વરૂપ – માલ પરનો ભેદભાવવિહીન કર – અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો હોવાનું અર્થઘટન કરવામાં આવશે નહીં. પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાના સમગ્ર ક્ષેત્ર માટે સર્વગ્રાહી નથી. અનુચ્છેદ ૩૦૪(એ) ત્રણ વ્યાખ્યાયિત લક્ષણો ધરાવે છે. પ્રથમ એ કે તે કર માલ પરનો કર છે. બીજું એ કે તે અન્ય રાજ્યોમાંથી

આયાત કરાયેલા માલ પરનો કર છે. ત્રીજું એ કે તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થતા સમાન માલના સંબંધમાં બિન–ભેદભાવનું ધોરણ છે. અનુચ્છેદ ૩૦૪(એ) માં સમાવિષ્ટ માપદંડને પૂર્ણ કરવામાં નિષ્ફળ જતો કર અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે. પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) એવું ઠેરવવા માટેનો આધાર બની શકે નહીં કે પ્રત્યેક નાણાકીય પગલું (ભેદભાવયુક્ત કર સિવાય) ભાગ ૧૩ ના દાયરાની બહાર રહેલું છે. એક વાત એ છે કે કરનો દર કરવેરાનું માત્ર એક તત્વ છે. નાણાકીય વસૂલાતમાં આકારણી, વસૂલાત માટેનું તંત્ર તથા સેટ–ઓફ અને મુક્તિઓ સહિતના અન્ય તત્વો પણ રહેલા છે જે આ કર એવી રીતે અમલમાં આવે છે કે નહીં કે જે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અવરોધે તેના પર મહત્વપૂર્ણ અસર પાડી શકે છે. તદુપરાંત, માલ સિવાય અન્ય બાબત પરનો ભેદભાવયુક્ત કર અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓને આકર્ષતો નથી. છેલ્લે, ભેદભાવવિહીન કર પણ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર અવરોધ બની શકે છે જ્યાં કર એટલો ઊંચો હોય કે જે તેને જપ્તી સમાન બનાવી દે. આથી, અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતા પ્રકારનો ભેદભાવયુક્ત નાણાકીય કર એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના નાણાકીય અવરોધોનું દ્રષ્ટાંતરૂપ છે પરંતુ તે સર્વગ્રાહી નથી. [પેરા ૧૭૦][૬૧૧–એફ–એચ; ૬૧૨–એ–સી]

૧૩.૨. સંવિધાન સભાએ, અનુચ્છેદ ૩૦૪ નો સ્વીકાર કરતી વખતે પાર્શ્વ નોંધ સામેલ કરી હતી જે આ જોગવાઈના વ્યાપનું આ રીતે વર્ણન કરે છે: "રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો". પાર્શ્વ નોંધ એ સંવૈધાનિંક આશયનો એક વ્યાપક સકેત છે. તે એ સ્થિતિનો સંવૈધાનિક સંકેત છે

કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરનું નિયંત્રણ મૂળમાં નાણાકીય અથવા બિન–નાણાકીય હોઈ શકે છે. પાર્શ્વ નોંધ સ્પષ્ટપણે સમગ્ર અનુચ્છેદના સંબંધમાં "નિયંત્રણો" શબ્દપ્રયોગનો ઉપયોગ કરે છે. જોકે પાર્શ્વ નોંધ સંવૈધાનિક લખાણ પર અગ્રતા મેળવી શકતી નથી કે લખાણમાં વપરાયેલા શબ્દોના ચોક્કસ અર્થને નિયંત્રિત કરી શકતી નથી, છતાં તે અભિપ્રેત અર્થ માટેનો એક વ્યાપક સંકેત અથવા નિર્દેશક છે. આ કારણોસર, સામાન્ય સિદ્ધાંત તરીકે એવું માની લેવું અસમર્થનીય રહેશે કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ના વ્યાપમાં આવતો ભેદભાવયુક્ત કર જ સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે. [પેરા ૧૭૧, ૧૭૨] [§૧૨–ડી–એફ]

કર કાયદા – ન્યાયિક પુનરાવલોકન અને ભાગ ૧૩

કરવેરા અને ભાગ ૧૨

૧૪.૧ કર લાદતો કાયદો માત્ર એ કારણસર સંવિધાનિક પડકારથી મુક્ત નથી કે કરવેરા એ રાજ્યની સાર્વભૌમ સત્તાનું પ્રગટીકરણ છે અથવા એવી ધારણા છે કે વિધાનમંડળ દ્વારા જાહેર હિતમાં કર લાદવામાં આવ્યો છે. કરવેરા કાયદો એ કાયદો ઘડવાની વિધાનમંડળની કાયદાકીય સક્ષમતામાંથી ઉદ્ભવતા સંવિધાનિક નિયંત્રણો, ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત સ્વતંત્રતાઓની ખાતરીઓ અને સંવિધાનની જોગવાઈઓમાંથી ઉદ્ભવતી સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. [પેરા ૧૭૬][§૧૪–ઈ–એફ]

ન્યાયિક પુનરાવલોકનનું ધોરણ

૧૪.૨ જોકે, કરવેરા કાયદાના સંબંધમાં ન્યાયિક પુનરાવલોકનનું ધોરણ એ સ્વીકારે છે કે વિધાનમંડળમાં એ સત્તા અંતર્નિહિત છે કે જેના આધારે તે નક્કી કરી શકે કે કઈ વસ્તુઓ પર કર લાદવો જોઈએ અને કર લાદવાના હેતુઓ માટે વ્યક્તિઓ અથવા મિલકતોનું વર્ગીકરણ કરી શકે. જો વર્ગીકરણ તર્કસંગત હોય, તો કરવેરા કાયદાને માત્ર એટલા માટે પડકારી શકાય નહીં કે વ્યક્તિઓ અથવા વસ્તુઓના વિવિધ વર્ગો માટે કરવેરાના જુદા જુદા દરો નિર્ધારિત કરવામાં આવ્યા છે. કરવેરા કાયદાની માન્યતાને માત્ર એ કારણસર પડકારી શકાય નહીં કે કરવેરાનો દર અતિશય છે. જોકે, જો કાયદો આભાસી કાયદો હોય અથવા કાયદાકીય સત્તા પર કપટરૂપ હોય, તો તેને એ કારણસર પડકારી શકાય કે કાયદો ઘડતી વખતે, વિધાનમંડળે જેના પર કર લાદવામાં આવ્યો છે તેવા નાગરિકની મિલકત જપ્ત કરવા માટે એક ઓઠું અથવા યુક્તિ અપનાવી છે. પરંતુ માત્ર એવા તારણ પરથી આવા નિષ્કર્ષ પર પહોંચી શકાય નહીં કે લાદવામાં આવેલ કર ગેરવાજબી રીતે ઊંચો અથવા અતિશય છે. વૈચારિક રીતે, કરવેરા કાયદાના સંબંધમાં ન્યાયિક પુનરાવલોકનની ઉપલબ્ધતા એ ન્યાયિક પુનરાવલોકનના ધોરણથી અલગ છે. કરવેરા કાયદો એ કાયદાકીય સક્ષમતાના અભાવ, મૂળભૂત અધિકારોના ભંગ અથવા સંવિધાનિક મર્યાદા કે જોગવાઈના ઉલ્લંઘન પર આધારિત સંવિધાનિક પડકારોથી મુક્ત નથી. પરંતુ નાણાકીય કાયદાઓના સંબંધમાં ન્યાયિક પુનરાવલોકનનું ધોરણ એ સ્વીકારે છે કે કર લાદવાના હેતુઓ માટે વ્યક્તિઓ અથવા વસ્તુઓનું વર્ગીકરણ કરવા માટે

વિધાનમંડળ પાસે વ્યાપક મોકળાશ હોવી જોઈએ. [પેરા ૧૭૭, ૧૭૮][કલમ ૧૪-જી; કલમ ૧૫-એ-ડી]

*રામજીલાલ વિ. ઇન્કમ ટેક્સ ઓફિસર, મોહિન્દરગઢ (૧૯૫૧) ૨ એસ.સી.આર. ૧૨૭; કુન્નાથત થથુન્ની મૂપિલ નાયર વિ. કેરળ રાજ્ય ૧૯૬૧ (૩) એસ.સી.આર. ૭૭; બાલાજી વિ. ઇન્કમ ટેક્સ ઓફિસર, સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ઓફિસર ૧૯૬૨ (૨) એસ.સી.આર. ૯૮૩; છોટાભાઈ જેઠાભાઈ પટેલ એન્ડ કંપની વિ. ભારત સંઘ (૧૯૬૨) સપ્લી. (૨) એસ.સી.આર. ૧; રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૨૨૦; ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વગેરે વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૮૯ (૨) એસ.સી.આર. ૯૧૮ : (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૧૪.૩ કરવેરા એ ખરેખર જાહેર હેતુઓ માટે મહેસૂલ એકત્રિત કરવાની રાજ્યની સાર્વભૌમ સત્તાનું પ્રગટીકરણ છે. પરંતુ સાર્વભૌમત્વનો ઉપયોગ લેખિત સંવિધાનની સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. જે વિષય પર કાયદો ઘડવામાં આવી રહ્યો છે તે વિષય પર કાયદાકીય સક્ષમતા ધરાવતી કાયદો ઘડનારી સંસ્થા દ્વારા કાયદાનું ઘડતર થવું એ સંવિધાનિક મર્યાદાઓ પૈકીની એક મર્યાદા છે. સંવિધાન સંઘ અને રાજ્યો વચ્ચે કાયદાકીય સત્તાઓની વહેંચણી કરે છે. તેમ કરતી વખતે તે કાયદા ઘડવાના એવા ક્ષેત્રો નક્કી કરે છે જે અનુક્રમે સંઘ અને રાજ્યો માટે અનામત રાખવામાં આવ્યા છે. કરવેરાના સંબંધમાં કાયદાકીય

સત્તાઓ પણ સંઘ અને રાજ્યો વચ્ચે વહેંચાયેલી છે. આથી, તમામ કાયદાકીય સત્તા (જેમાં કર લાદવાની કાયદાકીય સત્તા પણ એક ભાગ છે) સંવિધાનમાં પૂરી પાડવામાં આવેલી વહેંચણીને આધીન છે. સાર્વભૌમ સત્તાનો ઉપયોગ લેખિત સંવિધાનના ધોરણો દ્વારા સંચાલિત થાય છે. અન્ય કાયદાઓની જેમ કરવેરા કાયદાઓ પણ ભાગ ૧૩ માં સમાવિષ્ટ મર્યાદાઓ સહિતની સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. આથી, કરવેરા એ સાર્વભૌમ સત્તાઓનું પ્રગટીકરણ છે તેવી સામાન્ય ધારણાએ તે સંકલ્પનામાં એવી મર્યાદાઓનો પણ સમાવેશ કરવો જ જોઈએ જે સંવિધાન તમામ કાયદાકીય સત્તા પર લાદે છે અને કર લાદવાની સત્તા પણ તેનો જ એક ભાગ છે. [પેરા ૧૮૦][૬૧૬–જી–એચ; ૬૧૭–એ–સી]

૧૪.૪ અનુચ્છેદ ૨૪૫ આદેશ આપે છે કે તમામ કાયદાઓ સંવિધાનની જોગવાઈઓને આધીન છે. તે મૂળભૂત આધાર પરથી એ ફલિત થવું જ જોઈએ કે કર લાદવાની સત્તા પરની મર્યાદાઓ માત્ર એવી જ નથી કે જે ભાગ ૧૨ નો સંદર્ભ ધરાવતી હોય. કરવેરા જેવો વિષય સંવિધાનના ચોક્કસ ભાગ, જેમ કે ભાગ ૧૨ નો સંદર્ભ ધરાવતો હોઈ શકે છે. તેનો અર્થ એ નથી કે તેની માન્યતાનું મૂલ્યાંકન માત્ર સદર ભાગની જોગવાઈઓના સંદર્ભમાં જ થવું જોઈએ. સંવિધાનની જોગવાઈઓ અલગ–અલગ કે જડબેસલાક ખાનાઓ નથી. સંવિધાનિક જોગવાઈઓ એકબીજાથી સાવ અલગ રહેતી નથી. ત્રીજા તર્કના સંદર્ભમાં નિઃશંકપણે, રાજ્ય નાણાકીય ઉઘરાતમાંથી જે મહેસૂલ એકત્ર કરે છે તે એવા સંસાધનો પેદા કરે છે જેનો ઉપયોગ વેપાર અને વાણિજ્યને વધારવા માટે પણ

થાય છે. જોકે, આ બાબત એવા પડકાર સામે મુક્તિ આપતી નથી કે કર લાદવાની સત્તાના અનુસંધાનમાં ઘડવામાં આવેલો કાયદો સંવિધાનની ચોક્કસ જોગવાઈઓનો ભંગ કરે છે. [પેરા ૧૮૧, ૧૮૨][§૧૭–ડી–એફ]

૧૪.૫ જોકે જાહેર હેતુનો ખ્યાલ કર કાયદામાં અંતર્નિહિત છે, તેમ છતાં તે એવા તમામ કાયદાઓમાં પણ અંતર્નિહિત છે જે કાયદા જાહેર હિતમાં હોવાનું માનવામાં આવે છે. છતાં પણ સંવિધાનિકતાની ધારણા અથવા કાયદો જાહેર હિતમાં હોવાની ધારણા એ કારણસર ચોક્કસ પડકાર સામે રક્ષણ કે મુક્તિ આપતી નથી કે તે કાયદાકીય સક્ષમતા, મૂળભૂત અધિકારો અથવા સંવિધાનિક જોગવાઈઓમાંથી ઉદ્ભવતી સંવિધાનિક મર્યાદા જેવી મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે. [પેરા ૧૮૩][§૧૭–જી]

રાષ્ટ્રપતિની મંજૂરી : અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક

૧૫. અનુચ્છેદ ૩૦૩ સંસદ અને રાજ્યના વિધાનમંડળ બંનેને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપતા અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરતા કાયદા ઘડવાથી પ્રતિબંધિત કરે છે. અનુચ્છેદ ૩૦૩(૨) ભારતના પ્રદેશના કોઈપણ ભાગમાં માલની અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઘડવામાં આવેલા સંઘના કાયદાના સંદર્ભમાં એક અપવાદ કરે છે. તેથી, અનુચ્છેદ ૩૦૩ ના ખંડ ૧ માં સમાવિષ્ટ પ્રતિબંધ, સંસદના કિસ્સામાં ખંડ ૨ દ્વારા હટાવી લેવામાં આવ્યો છે. રાજ્ય વિધાનમંડળના કિસ્સામાં, જ્યાં તે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપે છે અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય

વચ્ચે ભેદભાવ કરે છે ત્યાં અનુચ્છેદ ૩૦૩(૧) લાગુ પડે છે. અનુચ્છેદ ૩૦૪ તેના નોન–ઓબસ્ટેન્ટ ખંડમાં અન્ય બાબતો ઉપરાંત અનુચ્છેદ ૩૦૩ નો સંદર્ભ આપે છે. પરિણામે, જ્યાં કોઈ રાજ્ય વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપતો અથવા અનુચ્છેદ ૩૦૩(૧) માં નિર્દેશિત પ્રકારનો ભેદભાવ કરતો કાયદો ઘડવા માંગે છે, ત્યાં તેણે અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરીની આવશ્યકતાઓનું પાલન કરવું જ પડશે. જ્યાં રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલો કાયદો અનુચ્છેદ ૩૦૩(૧) હેઠળ પ્રતિબંધિત પસંદગી અથવા ભેદભાવમાં પરિણમતો હોય, ત્યાં અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવીને તે પ્રતિબંધ હટાવી શકાય છે. [પેરા ૧૮૫, ૧૮૬][૬૧૮–ડી–જી]

અનુચ્છેદ ૩૦૪(એ) : બિન–ભેદભાવનો સિદ્ધાંત

૧૬. અનુચ્છેદ ૩૦૪(એ) ને સમજતી વખતે, આ કોર્ટે (૧) 'અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ'; (૨) 'કોઈપણ કર કે જેને તે રાજ્યમાં નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ આધીન છે'; અને (૩) 'પરંતુ એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે ઉત્પાદિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય' એ શબ્દપ્રયોગોના અર્થનું વિશ્લેષણ કરવું પડશે. આ શબ્દપ્રયોગોના અર્થને વ્યાખ્યાયિત કરતી વખતે, ન્યાયિક પુનરાવલોકન સમક્ષ એ મૂળભૂત પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ક્યારે લાગુ થશે અને કઈ પરિસ્થિતિઓમાં બિન–ભેદભાવપૂર્ણ કરની આવશ્યકતા પરિપૂર્ણ થાય છે.

અનુચ્છેદ ૩૦૪(એ) નું એક મહત્વનું પાસું એ છે કે શું તે રાજ્યના આર્થિક વિકાસને હાંસલ કરવાની જરૂરિયાત પર આધારિત રાજ્ય વિધાનમંડળ દ્વારા કરવામાં આવતા વર્ગીકરણની મંજૂરી આપે છે. જો વિકાસ એ કાયદેસરની અગ્રતા હોય, તો નાણાકીય કાયદા દ્વારા પ્રોત્સાહનો, વળતર અને મુક્તિઓ આપીને પોતાના ખુદના ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહિત કરવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને અનુચ્છેદ ૩૦૪(એ) કઈ હદ સુધી શરતી બનાવે છે? [પેરા ૧૮૭] [૬૧૮–એચ; ૬૧૯–બી–ડી]

*મધ્ય પ્રદેશ રાજ્ય વિ. અબ્દેઅલી ૧૯૬૩ એસ.સી.આર. ૭૦૪ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૨૩૭; ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ વિ. મદ્રાસ રાજ્ય (૧૯૬૩) સપ્લી. (૨) એસ.સી.આર. ૪૩૫; એ. હાજી અબ્દુલ શકૂર વિ. મદ્રાસ રાજ્ય ૧૯૬૪ એ.આઇ.આર. ૧૭૨૯ : ૧૯૬૪ એસ.સી.આર. ૨૧૭; મદ્રાસ રાજ્ય વિ. એન. કે. નટરાજ મુદલિયાર (૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯; કલ્યાણી સ્ટોર્સ વિ. ઓરિસ્સા રાજ્ય (૧૯૬૬) ૧ એસ.સી.આર. ૮૬૫; કેરળ રાજ્ય વિ. એ. બી. અબ્દુલ ખાદિર (૧૯૭૦) ૧ એસ.સી.આર. ૭૦૦; રતન લાલ એન્ડ કંપની વિ. ધ એસેસિંગ ઓથોરિટી (૧૯૬૯) ૨ એસ.સી.આર. ૫૪૪; વી. ગુરુવૈયા નાયડુ એન્ડ સન્સ વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૭ (૧) એસ.સી.આર. ૧૦૬૫ : ૧૯૭૭ (૧) એસ.સી.સી. ૨૩૪; કર્ણાટક રાજ્ય વિ. હંસા કોર્પોરેશન ૧૯૮૧ (૧) એસ.સી.આર. ૮૨૩ : ૧૯૮૦ (૪) એસ.સી.સી. ૬૯૭; વેસ્ટન ઇલેક્ટ્રોનિક્સ વિ. ગુજરાત રાજ્ય ૧૯૮૮ (૩) એસ.સી.આર. ૭૬૮ : ૧૯૮૮ (૨)*

*એસ.સી.સી. ૫૬૮; વિડિયો ઇલેક્ટ્રોનિક્સ વિ. પંજાબ રાજ્ય ૧૯૮૯ (૨) સપ્લી. એસ.સી.આર. ૭૩૧ : (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭; શ્રી મહાવીર ઓઇલ મિલ્સ વિ. જમ્મુ અને કાશ્મીર રાજ્ય ૧૯૯૬ (૯) સપ્લી. એસ.સી.આર. ૩૫૬ : ૧૯૯૬ (૧૧) એસ.સી.સી. ૩૯ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

અનુચ્છેદ ૩૦૪(એ) અને વાજબી વર્ગીકરણ

૧૭.૧ શું અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યને વાજબી વર્ગીકરણ કરતાં અટકાવે છે? અનુચ્છેદ ૩૦૩ રાજ્યના વિધાનમંડળ દ્વારા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપવા પર અને ભેદભાવ કરવા પર પ્રતિબંધ ધરાવે છે. અનુચ્છેદ ૩૦૪ તેની નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈના પરિણામે અન્ય બાબતો ઉપરાંત અનુચ્છેદ ૩૦૩ માં સમાવિષ્ટ ધોરણના અપવાદ તરીકે કાર્ય કરે છે. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) હેઠળ રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર "કોઈપણ કર" લાદી શકે છે કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન છે. ત્યાર પછી એવી વધારાની આવશ્યકતા છે કે આવા કરનું લાદવું એ "તેમ છતાં એવી રીતે" હોવું જોઈએ કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે નિર્મિત અથવા ઉત્પાદિત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) માં રહેલો મૂળભૂત સિદ્ધાંત અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે બિન–ભેદભાવનો છે. ખંડ (એ) રાજ્ય વિધાનમંડળને તેની કાયદાકીય સત્તાના ઉપયોગમાં આયાત કરાયેલા માલ પર ત્યાં સુધી કર લાદવા સક્ષમ

બનાવે છે જ્યાં સુધી તે કર રાજ્યની અંદર નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ પર પણ લાદવામાં આવતો હોય. ખંડ (એ) નો પાછળનો ભાગ કે જેમાં ભેદભાવ સામેનો આદેશ છે તેનો કોઈક અર્થ હોવો જ જોઈએ. જોગવાઈનો મુસદ્દો ઘડતી વખતે, સંવિધાન ઘડવૈયાઓએ દેખીતી રીતે જ તેને માત્ર આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે કરની સમાનતા પૂરી પાડતા ધોરણ પૂરતો સીમિત રાખ્યો ન હતો. રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ જે કરને આધીન છે તેવો "કોઈપણ કર" અન્ય રાજ્યોમાંથી રાજ્યમાં આયાત કરાયેલા માલ પર લાદી શકાય છે તેવી શરત મૂકતી વખતે, ખંડ (એ) એવો આદેશ ધરાવે છે કે જે માલ આયાત કરવામાં આવે છે અને જે માલ રાજ્યની અંદર ઉત્પાદિત થાય છે તેમની વચ્ચે કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં. વિડિયો ઈલેક્ટ્રોનિક્સના ચુકાદામાં અનુચ્છેદ ૩૦૪(એ) નો અર્થઘટન એવો કરવામાં આવ્યો હતો કે તે રાજ્યને તેના પોતાના નવોદિત ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપવા માટે પગલાં લેતા અટકાવતો નથી. પંજાબ રાજ્યના કેસમાં, રાજ્યનો બચાવ એવો હતો કે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે અને હાલના ઔદ્યોગિક એકમોને પાડોશી રાજ્યોમાં સ્થળાંતર કરતા રોકવા માટે, ખાસ કરીને "પંજાબના પ્રવર્તમાન વિશિષ્ટ સંજોગો" ને ધ્યાનમાં રાખીને વેચાણ વેરાનો ઘટાડેલો દર લાદવામાં આવ્યો હતો. તદુપરાંત, ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો સંપૂર્ણ વિકસિત ઔદ્યોગિક રાજ્યો હતા, ત્યારે પંજાબ તે તબક્કે ઔદ્યોગિક વિકાસની દ્રષ્ટિએ પછાત હતું. આ પરિબળોએ નિઃશંકપણે

જાહેરનામાને કાયદેસર ઠેરવવામાં આ કોર્ટને પ્રભાવિત કર્યા હતા. [પેરા ૨૦૭] [૬૩૬–ઈ–એચ; ૬૩૭–એ–ડી]

૧૭.૨ રાજ્ય પોતાના ઉદ્યોગનો વિકાસ અને વૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં ચોક્કસપણે કાયદેસરની ચિંતા અને હિત ધરાવે છે. દેશભરમાં ઔદ્યોગિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના સ્તર એકસમાન નથી. રાજ્ય વિધાનમંડળ પોતાની કાયદો ઘડવાની સત્તાના ઉપયોગમાં, ખાસ કરીને ઔદ્યોગિક વિકાસના પ્રારંભિક તબક્કામાં પોતાના ઉદ્યોગનો સંતુલિત વિકાસ અને વૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં કાયદેસરનું હિત ધરાવી શકે છે. તેમ છતાં, આમ કરતી વખતે અને પ્રોત્સાહનો આપતી વખતે વિધાનમંડળે અથવા તેના પ્રતિનિધિ તરીકે રાજ્ય સરકારે એ સુનિશ્ચિત કરવું જ જોઈએ કે પ્રોત્સાહનોની ફાળવણી એવી કાળજીપૂર્વક ઘડવામાં આવે જેથી અનુચ્છેદ ૩૦૪(એ) ના અંતર્ગત ભાવ અને ઉદ્દેશ્ય નિષ્ફળ ન જાય. તદુપરાંત, જ્યારે આવા પ્રોત્સાહનની ફાળવણીને પડકારવામાં આવે છે, ત્યારે રાજ્યના કાયદેસરના હિત પર અસર કરતા સંજોગોના સંદર્ભમાં તેને વાજબી ઠેરવવાનું કામ રાજ્યનું છે. [પેરા ૨૦૮][૬૩૭–ડી–એફ]

ઔપચારિક અને વાસ્તવિક સમાનતા

૧૮.૧ સમાનતા અને બિન–ભેદભાવ એ એક જ વિશ્વના તત્વો છે. સમાનતા ઔપચારિક અને વાસ્તવિક બંને વિષયવસ્તુ ધરાવે છે. ઔપચારિક અર્થમાં, સમાનતા સમાન કાનૂની વ્યવસ્થા હેઠળ શાસન અને સમાન કાનૂની સિદ્ધાંતોના અમલની કલ્પના કરે છે. કાયદાનો એકસમાન અમલ ઔપચારિક

સમાનતાના ધોરણને પૂર્ણ કરે છે. વાસ્તવિક સમાનતા ઔપચારિક સમાનતાથી આગળ જુએ છે. જે બાબત ઔપચારિક સમાનતાની જરૂરિયાતોને સંતોષતી હોય તે વાસ્તવિક સમાનતાના દ્રષ્ટિકોણને પૂર્ણ કરવા માટે અપર્યાપ્ત અને અપૂરતી હોઈ શકે છે. વાસ્તવિક સમાનતા સ્વીકારે છે કે સામાજિક પૃષ્ઠભૂમિ, લિંગ અને સંસાધનો સુધીની પહોંચ પર આધારિત ભેદભાવના ઈતિહાસ રહેલા છે. તે તકની શોધને નિર્ધારિત કરે છે. તેથી, ઔપચારિક સમાનતા અનિવાર્યપણે ન્યાયી પરિણામોમાં પરિણમે તે જરૂરી નથી. તમામ વ્યક્તિઓ સાથે એકસમાન વ્યવહાર કરવો એ એવા લોકો માટે વંચિતતા અને આર્થિક તકોના ઈનકારને કાયમી બનાવી શકે છે જેમના માટે સામાજિક વ્યવસ્થાએ શિક્ષણ અથવા આર્થિક પ્રગતિ માટે જરૂરી સંસાધનો સુધી સમાન પહોંચ પૂરી પાડી નથી. આથી, વાસ્તવિક સમાનતા એ પાયા પર આધારિત છે કે ન્યાયી પરિણામો અને અસમાન પરિસ્થિતિ ધરાવતી વ્યક્તિઓ વચ્ચે વાસ્તવિક સમાનતા લાવવા માટે, કાનૂની વ્યવસ્થામાં તેમના ભેદભાવ, અસમર્થતા અને અન્યાયના ભૂતકાળના ઈતિહાસની સમજ સમાવિષ્ટ હોવી જોઈએ. [પેરા ૨૦૯][૬૩૭–જી–એચ; ૬૩૮–એ–સી]

૧૮.૨ આર્થિક પ્રગતિ અને સામાજિક વિકાસની દ્રષ્ટિએ રાષ્ટ્રની અંદરના પ્રદેશો વાસ્તવિક અર્થમાં સમાન નથી. સામાન્ય રીતે, આર્થિક વિકાસ એવા વિસ્તારોમાં ફેલાયો છે જે માળખાગત સુવિધાઓ અને સંસાધનોની ઉપલબ્ધતાની આસપાસ વિકસ્યા હતા. છેલ્લા દોઢ સદી દરમિયાન જેમ જેમ બંદરો અને રેલવેનો વિકાસ થયો, તેમ તેમ વિકાસના લાભો એવા પ્રદેશો સુધી

પહોંચ્યા જ્યાં આર્થિક તકો ઉપલબ્ધ હતી. છતાં પણ, દેશના અન્ય વિસ્તારો ભૌગોલિક એકલતા અને સંદેશાવ્યવહારના વિકસિત સાધનોના અભાવ જેવા સંજોગોના પરિણામે તુલનાત્મક રીતે અવિકસિત સ્થિતિમાં રહ્યા છે. ઘણા વિસ્તારો શિક્ષણના અભાવ અને આરોગ્ય તથા સ્વચ્છતા સુધીની પહોંચના અભાવથી પીડાયા છે. સામાજિક વંચિતતા અને ભેદભાવ રાષ્ટ્રના વિશાળ ભૂભાગોની વ્યાખ્યાયિત લાક્ષણિકતા રહી છે. આ પૃષ્ઠભૂમિમાં, વાસ્તવિક સમાનતા, તેના પ્રતિબિંબરૂપ બિન-ભેદભાવની જેમ, યાતના અને સંઘર્ષ તથા ઇનકાર, વંચિતતા અને ભેદભાવના પ્રાદેશિક ઇતિહાસને હળવો કરવાના સંદર્ભમાં વિકાસની જરૂરિયાતનું અર્થઘટન કરે છે. [પેરા ૨૧૦][૬૩૮-ડી-એફ]

૧૮.૩ અનુચ્છેદ ૩૦૪(એ) એ સમાનતાના ઔપચારિક તેમજ વાસ્તવિક ધોરણોનું મિશ્રણ છે. ઔપચારિક સ્તરે, આ જોગવાઈ એવી અપેક્ષા રાખે છે કે જ્યારે રાજ્ય આયાતી માલ પર કર લાદે, ત્યારે તેવો જ કર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર પણ લાદવામાં આવવો જોઈએ. રાજ્યમાં નિર્મિત અને ઉત્પાદિત સ્થાનિક માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કરની સમાનતા એ પ્રથમ અને ઔપચારિક આવશ્યકતા છે. પરંતુ આ ઉપરાંત, અનુચ્છેદ ૩૦૪(એ) તેની પછીની શરતમાં બિન-ભેદભાવના ધોરણને સમાવિષ્ટ કરીને વાસ્તવિક સિદ્ધાંતોને ધ્યાનમાં લાવે છે. વાસ્તવિક અર્થમાં બિન-ભેદભાવ માટે સમાન તકોનું ક્ષેત્ર જરૂરી છે. દેશના બે રાજ્યો સામાજિક વિકાસ અને આર્થિક પ્રગતિની દ્રષ્ટિએ તુલનાત્મક ન પણ હોઈ શકે. એક રાજ્ય

શહેરી માળખાગત સુવિધાઓમાં મૂડી રોકાણની વૃદ્ધિ સાથે ઔદ્યોગિક હોઈ શકે છે જ્યારે બીજું રાજ્ય મુખ્યત્વે કૃષિપ્રધાન હોઈ શકે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યને તેના પ્રદેશોમાં વિકાસ અને વૃદ્ધિ માટે જરૂરી પગલાં લેતા અટકાવતું નથી. [પેરા ૨૧૧][૬૩૮–જી–એચ; ૬૩૯–એ–બી]

ગૃહ રાજ્યમાં ઉત્પાદન અને નિર્માણ

૧૯. બીજું એક પાસું કે જેનું ઝીણવટપૂર્વક વિશ્લેષણ કરવાની જરૂર છે તે એ છે કે શું અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ, એ જરૂરી છે કે જે માલ પર કર લાદવાની માંગ કરવામાં આવી છે તેવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સમાન માલનું રાજ્ય દ્વારા વાસ્તવમાં ઉત્પાદન અથવા નિર્માણ થવું જ જોઈએ. મહત્વપૂર્ણ શબ્દો છે "કોઈપણ કર કે જેને તે રાજ્યમાં નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ આધીન છે". અનુચ્છેદ ૩૦૪(એ) એ કાઉન્ટરવેલિંગ ડ્યુટીના સ્વરૂપમાં નથી. "નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ" એ શબ્દો અનુચ્છેદ ૩૦૪(એ) અને પ્રવિષ્ટિ ૫૧ બંનેમાં સમાન છે. જોકે, પ્રવિષ્ટિ ૫૧ હેઠળ કાઉન્ટરવેલિંગ ડ્યુટીનો ખ્યાલ (જેમ કે કલ્યાણી સ્ટોર્સના ચુકાદામાં સમજાવવામાં આવ્યું છે) રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત વસ્તુઓ પર લાદવામાં આવતી આબકારી જકાતને સંતુલિત કરવાનો છે. કાઉન્ટરવેલિંગ ડ્યુટી એ ભારતમાં અન્યત્ર ઉત્પાદિત અથવા નિર્મિત વસ્તુઓ પર લાદવામાં આવે છે. કાઉન્ટરવેલિંગ ડ્યુટીના સંદર્ભમાં, આ કોર્ટે કલ્યાણી સ્ટોર્સમાં ઠેરવેલ કે તે માલના વાસ્તવિક ઉત્પાદન અથવા નિર્માણની પૂર્વધારણા કરે છે. આ સિદ્ધાંતને

અનુચ્છેદ ૩૦૪(એ) પર લાગુ કરી શકાય નહીં જ્યાં લાદવામાં આવતો કર કાઉન્ટરવેલિંગ ડ્યુટીના સ્વરૂપમાં નથી. અનુચ્છેદ ૩૦૪(એ), જ્યારે તે માલ પરના કરનો ઉલ્લેખ કરે છે, ત્યારે તે માલના કોઈપણ પાસા પરના કરને આવરી લે છે જે રાજ્ય વિધાનમંડળની કાયદાકીય સક્ષમતા હેઠળ આવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) નો પાછળનો ભાગ કે જેમાં "પરંતુ એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે નિર્મિત અને ઉત્પાદિત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય" એવા શબ્દો છે તે નિરર્થક નથી. સદર પાછળના ભાગનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન રહે. જો રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ પર જકાતનો ચોક્કસ દર લાદવામાં આવે છે, તો અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર જકાતનો ઊંચો દર લાદી શકાય નહીં. જોકે, આ બાબત રાજ્યને આયાતી માલ પર જકાત લાદતા અટકાવતી નથી જ્યાં તે તેવા વર્ણનના માલનું વાસ્તવમાં ઉત્પાદન અથવા નિર્માણ કરતું નથી. કલ્યાણી સ્ટોર્સમાં આ કોર્ટના અવલોકનો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ હેઠળની કાઉન્ટરવેલિંગ ડ્યુટીના સંદર્ભમાં કરવામાં આવ્યા હતા જે ભિન્ન છે. જો રાજ્ય આયાત કરાયેલા માલ કે જેના પર કર લાદવામાં આવ્યો છે તેને સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ કરતું નથી, તો ભેદભાવનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) નો ઉદ્દેશ્ય એવા માલ વચ્ચે વર્તનની અસમાનતાને રોકવાનો છે જે રાજ્યમાં ઉત્પાદિત કે બનાવવામાં આવે છે અને એવા માલ કે જેને રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત કરે છે. જ્યાં રાજ્ય વાસ્તવમાં

તે વર્ણનનો માલ ઉત્પાદિત કરતું નથી કે બનાવતું નથી, ત્યાં અનુચ્છેદ ૩૦૪(એ) ની દ્રષ્ટિએ ભેદભાવનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં. [ફકરા ૨૧૨, ૨૧૩][૬૩૯–જી; ૬૪૦–ડી–એચ; ૬૪૧–એ–ડી]

પ્રવેશ કર/ઓક્ટ્રોય અને ટર્મિનલ કર

૨૦. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ "તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર." ની જોગવાઈ કરે છે. પ્રવિષ્ટિ ૫૨ ના સમાવેશ સાથે સંકળાયેલો કાયદાકીય ઈતિહાસ તેની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે એક મહત્વપૂર્ણ માર્ગદર્શક છે. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૧૫ ની કલમ ૮૦એ પ્રાંતીય વિધાનમંડળોની સત્તાઓ વ્યાખ્યાયિત કરતી હતી. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં, કાયદાકીય યાદીઓની (યાદી ૨) પ્રવિષ્ટિ ૪૯ નીચે મુજબ જોગવાઈ કરતી હતી: "તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર ઉપકર. ટર્મિનલ કર યાદી ૧ માં મૂકવામાં આવ્યા હતા." ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં, પ્રવિષ્ટિ ૪૯ માં "ઓક્ટ્રોય" (૧૯૧૫ ના અધિનિયમ હેઠળના ડેવોલ્યુશન રૂલ્સમાં સમાવિષ્ટ મુજબ) ના બદલે અને તેના સ્થાને "તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંવિધાને યાદી ૨ માં પ્રવિષ્ટિ ૫૨ નો સમાવેશ એવી ભાષામાં કર્યો જે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ હેઠળની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૯ ને અનુરૂપ છે

પરંતુ એ તફાવત સાથે કે 'ઉપકર' ના બદલે 'કર' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ઓક્ટ્રોય એ સ્થાનિક સંસ્થાઓ દ્વારા વહીવટ કરવામાં આવતા વિસ્તારોમાં માલના પ્રવેશ પર લાદવામાં આવતો કર હતો. જ્યારે સંવિધાનના મુસદ્દાકારોએ યાદી ૨ માં પ્રવિષ્ટિ ૫૨ નો સમાવેશ કર્યો, ત્યારે તેઓ એ બાબતથી વાકેફ હતા કે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં 'સ્થાનિક વિસ્તાર' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વધુમાં, ઘડવૈયાઓના મનમાં એ બાબત ઉપસ્થિત ન હોય તે બની શકે નહીં કે ડેવોલ્યુશન રૂલ્સમાં વપરાયેલા 'ઓક્ટ્રોય' શબ્દપ્રયોગને ત્યારબાદ ૧૯૩૫ ના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૯ માં લેબલને બદલે વર્ણન સાથે બદલવામાં આવ્યો હતો: લેબલ સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશનું વર્ણનાત્મક હોવું; તેનો ઉદ્દેશ્ય તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ હોવો. 'તેમાં' શબ્દપ્રયોગ પણ એ દર્શાવે છે કે માલ સ્થાનિક વિસ્તારની અંદર ઉપયોગમાં લેવા, વપરાશ કરવા અથવા વેચવાના હેતુથી પ્રવેશે છે. પ્રવિષ્ટિ ૫૨ માં "વિસ્તાર" ને બદલે "સ્થાનિક વિસ્તાર" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી, સંવિધાનનો એવો આશય નહોતો કે રાજ્યના કોઈપણ વિસ્તારમાં માત્ર માલના પ્રવેશથી સદર પ્રવિષ્ટિ આકર્ષિત થશે. પ્રવેશ સ્થાનિક વિસ્તારમાં થવો જોઈતો હતો. સ્થાનિક વિસ્તાર એ સ્થાનિક સત્તામંડળ દ્વારા સંચાલિત વિસ્તાર છે જેમ કે નગરપાલિકા, જિલ્લા અથવા સ્થાનિક બોર્ડ અથવા પંચાયત અથવા રાજ્યના કોઈપણ ભાગમાં સ્થાનિક બાબતોના શાસનનું સંચાલન કરવા માટે કાયદા દ્વારા રચાયેલ અન્ય કોઈ સંસ્થા. [ફકરા ૨૧૪,

૨૧૫, ૨૧૬, ૨૧૮, ૨૨૦][૬૪૧–ઈ–એફ, જી–એચ; ૬૪૨–સી–ઈ; ૬૪૩–બી–સી; ૬૪૫–એ–બી]

*બેંગલોર વુલન કોટન એન્ડ સિલ્ક મિલ્સ કંપની લિ. વિ. કોર્પોરેશન ઓફ ધ સિટી ઓફ બેંગલોર (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૦૭; બર્મા શેલ ઓઈલ સ્ટોરેજ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કંપની ઈન્ડિયા લિ. વિ. ધ બેલગામ બોરો મ્યુનિસિપાલિટી (૧૯૬૩) સપ્લી. ૨ એસ.સી.આર. ૨૧૬ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

પ્રવેશ કર અને અનુચ્છેદ ૩૦૪(એ)

૨૧. આ બાબતનું પ્રથમ મહત્વપૂર્ણ પાસું પ્રવેશ કરના કાયદા અને અનુચ્છેદ ૩૦૪(એ) વચ્ચેની આંતરક્રિયા છે. બંને વચ્ચેનો આ સંબંધ એટલા માટે ઉદ્ભવે છે કારણ કે તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર પ્રવેશ કર લાદવામાં આવે છે. જો માલ અન્ય કોઈ રાજ્યમાંથી આવતો હોય, તો આયાત કરાયેલ માલ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશવા પર પ્રવેશ કર માટે જવાબદાર બનશે કારણ કે કરપાત્ર ઘટના એ વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ છે. ભેદભાવના પ્રશ્નો એ બાબત પર ઉપસ્થિત થાય છે કે શું રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પ્રવેશ કરને આધીન છે કે નહીં. અનુચ્છેદ ૩૦૪ રાજ્ય વિધાનમંડળને અન્ય રાજ્યમાંથી આયાત કરવામાં આવતા માલ પર એવો કોઈપણ કર લાદવાની મંજૂરી આપે છે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત

સમાન માલ આધીન હોય. તેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે "આ રીતે આયાત કરાયેલા" માલ અને "આ રીતે ઉત્પાદિત અથવા નિર્મિત" માલ વચ્ચે કોઈ ભેદભાવ ન રહે. અનુચ્છેદ ૩૦૪(એ) ની મહત્વપૂર્ણ આવશ્યકતા એ છે કે કર ઉદ્ભવ–તટસ્થ હોવો જોઈએ. આથી, જ્યાં રાજ્ય વિધાનમંડળ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર પ્રવેશ કર લાદે છે (માલ રાજ્યમાં ઉદ્ભવે છે કે બહારથી આયાત કરવામાં આવે છે તેના આધારે કોઈપણ ભેદભાવ કર્યા વિના), ત્યાં અનુચ્છેદ ૩૦૪(એ) ના આદેશનું પાલન થશે. પ્રશ્ન એ છે કે શું માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર જ પ્રવેશ કર લાદવાથી અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થશે. સ્પષ્ટપણે, જો રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર કર લાદ્યા વિના અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવામાં આવે, તો અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન થશે. આ બાબત કરને આધીન એવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને સદર કરબોજને આધીન ન હોય તેવા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ગેરબંધારણીય ભેદભાવ સમાન બનશે. ભેદભાવનું આવું કૃત્ય, ઉદાહરણ તરીકે, એવી પરિસ્થિતિમાં થઈ શકે છે જ્યાં રાજ્યનો કાયદો રાજ્યના સમગ્ર વિસ્તારને સ્થાનિક વિસ્તાર તરીકે વ્યાખ્યાયિત કરે છે અથવા ડીલર કે આયાતકાર શબ્દપ્રયોગની એવી ચોક્કસ વ્યાખ્યા સામેલ કરીને કે જેનો અર્થ રાજ્ય બહારથી માલનો આયાતકાર થાય. ઉદાહરણ તરીકે, માલ માત્ર ત્યારે જ પ્રવેશ કરને આધીન હોઈ શકે છે જ્યારે તે રાજ્યની સરહદ પાર કરે. સંપૂર્ણપણે રાજ્યની અંદર માલની હેરફેર પ્રવેશ કરને આધીન નથી. વૈકલ્પિક રીતે, સમગ્ર

રાજ્યના સંદર્ભમાં સ્થાનિક વિસ્તાર શબ્દપ્રયોગને વ્યાખ્યાયિત કરી શકાય છે. જો કાયદો માત્ર રાજ્યની બહાર ઉદ્ભવતા માલના રાજ્યમાં પ્રવેશ પર જ કર લાદે છે, જ્યારે રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ સદર કરબોજને આધીન નથી, તો આ બાબત અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત પ્રતિકૂળ ભેદભાવ સમાન બનશે. [ફકરા ૨૨૭, ૨૨૮, ૨૨૯][૬૪૮–એ–એચ]

'સ્થાનિક વિસ્તાર' નો અર્થ

૨૨. સંવિધાનના તોતેરમા સુધારા દ્વારા ભાગ ૯ નો સમાવેશ કરવામાં આવ્યો છે જે પંચાયતો સાથે સંબંધિત છે જ્યારે ચોતેરમા સુધારા દ્વારા ભાગ ૯એ નો સમાવેશ કરવામાં આવ્યો છે જે નગરપાલિકાઓ સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૨૪૩(ડી) પંચાયતોને ગ્રામીણ વિસ્તારો માટે અનુચ્છેદ ૨૪૩(બી) હેઠળ રચાયેલી સ્વ–શાસનની સંસ્થાઓ તરીકે વ્યાખ્યાયિત કરે છે. અનુચ્છેદ ૨૪૩(બી) દરેક રાજ્યમાં ગ્રામ્ય, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતોની રચના કરવાની આવશ્યકતા પૂરી પાડે છે. અનુચ્છેદ ૨૪૩એચ (એ) રાજ્યના વિધાનમંડળને કાયદા દ્વારા એવી કાર્યરીતિ અનુસાર અને તેવી મર્યાદાઓને આધીન રહીને આવા કર, જકાત, ટોલ અને ફી લાદવા, વસૂલ કરવા અને યોગ્ય ઉપયોગ કરવા માટે પંચાયતને અધિકૃત કરવાની સત્તા આપે છે. અનુચ્છેદ ૨૪૩ક્યુ નગર પંચાયત, નગરપાલિકા પરિષદ અને મહાનગરપાલિકાની રચનાની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૩એક્સ રાજ્યના વિધાનમંડળને કાયદા દ્વારા એવી કાર્યરીતિ અનુસાર અને તેવી મર્યાદાઓને આધીન રહીને આવા કર,

જકાત, ટોલ અને ફી લાદવા, વસૂલ કરવા અને યોગ્ય ઉપયોગ કરવા માટે નગરપાલિકાને અધિકૃત કરવાની સત્તા આપે છે. આ સુધારાઓ સાથે, સ્થાનિક વિસ્તારોએ હવે બંધારણીય સંદર્ભ અને મહત્વ ધારણ કર્યું છે. ડાયમંડ સુગર મિલ્સના ચુકાદામાં, સંવિધાન પીઠે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્થાનિક વિસ્તાર શબ્દપ્રયોગનો ઉપયોગ કરતી વખતે, સંવિધાનના ઘડવૈયાઓ અગાઉના કાયદાકીય ઈતિહાસથી વાકેફ હતા અને તેમનો અર્થ રાજ્યના કોઈપણ ભાગમાં સ્થાનિક બાબતોના સંચાલન માટે કાયદા હેઠળ રચાયેલી સંસ્થા (જેમ કે નગરપાલિકાઓ, પંચાયતો અથવા સ્થાનિક બોર્ડ) દ્વારા વહીવટ કરવામાં આવતા વિસ્તારનો હતો. ડાયમંડ સુગર મિલ્સના નિર્ણયમાં આ સિદ્ધાંતનું કથન હવે સંવિધાનમાં ભાગ ૯ અને ૯એ ના સમાવેશ દ્વારા લાવવામાં આવેલા બંધારણીય સુધારાઓને ધ્યાને લેતાં વધુ દ્રઢ બને છે. સ્થાનિક વિસ્તાર સમગ્ર રાજ્યના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરી શકાતો નથી પરંતુ તેમાં રાજ્યની અંદર, કાયદા હેઠળ રચાયેલી સ્થાનિક સંસ્થા દ્વારા વહીવટ કરવામાં આવતા વિસ્તારનો સમાવેશ થશે. [ફકરા ૨૩૧, ૨૩૨][૬૫૦–બી–જી]

*ડાયમંડ સુગર મિલ્સ લિ. વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૨૭૨; શક્તિકુમાર એમ. સંચેતી વિ. મહારાષ્ટ્ર રાજ્ય ૧૯૯૪ (૬) સપ્લી. એસ.સી.આર. ૯૮ : ૧૯૯૫ (૧) એસ.સી.સી. ૩૫૧ – પર આધાર રાખવામાં આવેલ.*

વિભાજ્યતા

૨૩. કર લાદવા માટે રાજ્ય બહારથી આયાત કરવામાં આવતા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચેનો ભેદભાવ અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરનાર ગણાશે. જ્યાં રાજ્ય વિધાનમંડળે રાજ્ય બહાર ઉદ્ભવતા માલના રાજ્યમાં પ્રવેશ પર જ કર લાદીને પ્રતિકૂળ ભેદભાવનું કૃત્ય કર્યું હોય, ત્યાં કોર્ટે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતી આવી જોગવાઈને રદબાતલ કરવી જ જોઈએ. ન્યાયિક અર્થઘટન દ્વારા આ જોગવાઈને એવો અર્થ કરવા માટે પુનઃ લખી શકાય નહીં કે રાજ્ય બહાર ઉદ્ભવતા માલ અને રાજ્યની અંદર ઉદ્ભવતા અને સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ બંને પર કર લાદવામાં આવશે. ન્યાયિક પુનરાવલોકનની સત્તાના ઉપયોગમાં કાયદાકીય જોગવાઈનું પુનઃલેખન અસ્વીકાર્ય છે. [ફકરો ૨૩૩][કપ૦–એચ; કપ૧–સી–ઈ]

કરબોજની સમાનતા

૨૪.૧ અનુચ્છેદ ૩૦૪(એ) માલ પર કોઈપણ કર લાદવાનો ઉલ્લેખ કરે છે. આ જોગવાઈ ન તો કાયદાકીય સત્તાનો સ્ત્રોત છે કે ન તો તે કાયદા ઘડવાના ક્ષેત્રો નિર્ધારિત કરે છે. "માલ પર કોઈપણ કર" એ શબ્દપ્રયોગ સામાન્ય પ્રકૃતિનો છે અને તે તમામ કરવેરાઓને આવરી લે છે જેને સાતમી અનુસૂચિની યાદી ૨ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ માલના કોઈપણ પાસા પર લાદવા માટે રાજ્ય સક્ષમ છે. 'કોઈપણ કર' શબ્દપ્રયોગનો અર્થ કોઈ જકાત અથવા કરબોજના સ્વરૂપમાં કોઈપણ વસૂલાત થશે જેને રાજ્ય વિધાનમંડળ તેની કાયદાકીય સત્તાઓના આધારે ઘડવા માટે સક્ષમ છે.

'કોઈપણ કર' શબ્દપ્રયોગનો અર્થ તે જે કહે છે તે જ થવો જોઈએ: તેનો અર્થ એવો કોઈપણ કરબોજ છે જે ઘડવા માટે રાજ્ય બંધારણીય રીતે સક્ષમ છે. અનુચ્છેદ ૩૦૪(એ) નું બીજું પાસું તેનો પાછળનો ભાગ છે જે જોગવાઈ કરે છે કે રાજ્ય એવી રીતે કાર્ય કરશે: "પરંતુ એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અથવા આ રીતે નિર્મિત અથવા ઉત્પાદિત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય." આ જોગવાઈના સમાવેશ પાછળનું મૂળભૂત કારણ રક્ષણાત્મક નીતિઓ અપનાવીને આયાત કરાયેલ માલ સામે રાજ્ય દ્વારા કરવામાં આવતા ભેદભાવને રોકવાનું છે. રાજ્ય એવી રીતે કર લાદી શકે નહીં કે જે બીજા રાજ્યના માલને બિન-સ્પર્ધાત્મક બનાવી દે જેથી નાણાકીય વસૂલાતનો ઉપયોગ કરીને વેપારના પ્રવાહને અસરકારક રીતે અવરોધી શકાય. ત્રીજું, અનુચ્છેદ ૩૦૪(એ) ના પાછળના ભાગની શરૂઆત "પરંતુ એવી રીતે" શબ્દપ્રયોગથી થાય છે. વર્ડ્ઝ એન્ડ ફ્રેઝિસમાં, 'હાઉએવર' (પરંતુ/જોકે) શબ્દપ્રયોગને "એક વૈકલ્પિક ઈરાદો, અગાઉના ઉપવાક્ય સાથેનો વિરોધાભાસ અને સંજોગો અનુસાર તેમાં ફેરફાર" દર્શાવતા તરીકે સમજાવવામાં આવ્યો છે. અનુચ્છેદ ૩૦૪(એ) નો પાછળનો ભાગ તેના પ્રથમ ભાગને અનુસરે છે જે રાજ્યને અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર એવો કોઈપણ કર લાદવા સક્ષમ બનાવે છે કે જેને રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ આધીન હોય. પાછળનો ભાગ એ બાબતની સકારાત્મક પુનઃપુષ્ટિ કરે છે કે કોઈપણ સંજોગોમાં, તમામ ઘટનાઓમાં અને કોઈપણ ભોગે કર લાદનાર રાજ્યની અંદર નિર્મિત અથવા ઉત્પાદિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત

કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ થશે નહીં. આ વિવરણ અનુચ્છેદ ૩૦૪(એ) નો પ્રમુખ વિષય છે. ચોથું, અનુચ્છેદ ૩૦૪(એ) ના પાછળના ભાગમાં વપરાયેલ એક મહત્વપૂર્ણ શબ્દપ્રયોગ "વચ્ચે" છે. તે શબ્દપ્રયોગ એવો આદેશ આપવા માટે વાપરવામાં આવ્યો છે કે અન્ય રાજ્યોમાંથી કર લાદતા રાજ્યમાં આયાત કરાયેલા માલ અને તેની અંદર નિર્મિત અને ઉત્પાદિત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ થશે નહીં. પાછળના ભાગમાં "આ રીતે" શબ્દપ્રયોગનો ઉપયોગ એ પ્રથમ ભાગમાં સંદર્ભિત આયાત કરાયેલ માલ અને અંદર નિર્મિત અથવા ઉત્પાદિત માલનો સ્પષ્ટ સંદર્ભ છે. 'વચ્ચે' શબ્દપ્રયોગ એવી પૂર્વધારણા કરે છે કે કર લાદતા રાજ્યમાં આયાત કરાયેલા માલ અને સ્થાનિક માલને સમાન તક મળવી જોઈએ. બીજા રાજ્યમાંથી આયાત કરાયેલા માલને તુલનાત્મક ગેરલાભની સ્થિતિમાં મૂકી શકાય નહીં. 'વચ્ચે' શબ્દપ્રયોગ એ પણ દર્શાવે છે કે કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ સામે પણ ભેદભાવ ન થવો જોઈએ. વર્તનમાં સમાનતા લાવવાના પ્રયાસમાં, અન્ય રાજ્યોમાંથી આવતા માલ સામે કોઈ ભેદભાવ ન થાય તે સુનિશ્ચિત કરવાની કર લાદતા રાજ્યની તેટલી જ જવાબદારી છે, જેટલી તેની સ્થાનિક માલ સામે ભેદભાવ ન થાય તે સુનિશ્ચિત કરવાની ચિંતા છે. પહેલી બાબત બંધારણીય જવાબદારીનો વિષય છે. તેમ છતાં, તે પોતાની પ્રાદેશિક સીમાઓની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલના સંબંધમાં કર લાદતા રાજ્યની આવી સમાન જવાબદારી અને ચિંતાને બાકાત રાખતી નથી. બંને સાથે-સાથે ચાલવા જોઈએ. આયાત કરાયેલા માલ સામે સકારાત્મક રીતે થતો ભેદભાવ અને સ્થાનિક માલ સામે થતો વિપરીત ભેદભાવ

બંને અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરામાં આવે છે. પાંચમો મહત્વપૂર્ણ સિદ્ધાંત કે જેના પર ભાર મૂકવાની જરૂર છે તે એ છે કે આપણું સંવિધાન એવી કોઈ આવશ્યકતા સમાવિષ્ટ કરતું નથી કે રાજ્ય વિધાનમંડળે કાયદો ઘડતી વખતે યાદી ૨ માં સમાવિષ્ટ કાયદા ઘડવાના દરેક વિષયના સંબંધમાં અલગથી કાયદો બનાવવો જ જોઈએ. રાજ્ય વિધાનમંડળ દ્વારા નાણાકીય કરબોજ લાદતો ઘડવામાં આવેલ કાયદો યાદી ૨ માં તેની કાયદાકીય સક્ષમતા હેઠળ આવતા કાયદા ઘડવાના એક કરતાં વધુ વિષયોને આવરી લઈ શકે છે. તેનાથી વિપરીત, ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૫૫ એવો આદેશ આપે છે કે એક વિષય પર એક જ કર કાયદો હોવો જોઈએ. ભારતીય સંવિધાન રાજ્યો પર આવો કોઈ પ્રતિબંધ લાદતું નથી. ભિન્ન દ્રષ્ટિકોણથી વિચારતાં, ભારતીય સંવિધાન હેઠળ "રેગ–બેગ" કાયદો બંધારણીય રીતે માન્ય છે અને કાયદો ઘડનાર વિધાનમંડળની કાયદાકીય સક્ષમતા હેઠળ આવતી એક કરતાં વધુ પ્રવિષ્ટિઓમાંથી એક જ અધિનિયમ માટે સમર્થન મેળવવું ખુલ્લું છે. [ફકરા ૨૪૦, ૨૪૧, ૨૪૨][૬૫૩–ઈ–એચ; ૬૫૪–એ–જી; ૬૫૫–એ–એચ; ૬૫૬–એ]

*ઉજાગર પ્રિન્ટ્સ (૨) વિ. ભારત સંઘ ૧૯૮૮ (૩) સપ્લી. એસ.સી.આર. ૬૭૦ : ૧૯૮૯ (૩) એસ.સી.સી. ૪૮૮ – પર આધાર રાખવામાં આવેલ.*

*વર્ડ્સ એન્ડ ફ્રેઝિસ પરમેનન્ટ એડિશન વોલ્યુમ ૧૯એ, ઓક્સફર્ડ ડિક્શનરી; પી. રામનાથ ઐયર્સ લો લેક્સિકોન ૪થી આવૃત્તિ વોલ્યુમ ૩, તદૈવ પૃ. ૩૧૩૪ પર – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૨૪.૨ બંધારણીય સિદ્ધાંતની દ્રષ્ટિએ, સંસદ તેમજ રાજ્ય વિધાનમંડળોની પૂર્ણ સત્તાઓ પર એવો કોઈ અંકુશ નથી કે જે કાયદો ઘડતી કાયદાકીય સંસ્થાને તેની સક્ષમતા હેઠળ આવતા કાયદા ઘડવાના માત્ર એક જ વિષય પર કાયદો ઘડવાની ફરજ પાડે. વિધાનમંડળ તેની જરૂરિયાતો અને ચિંતાઓને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરે તેવી રીતે તેની નિયમનકારી અથવા કાયદો ઘડવાની આવશ્યકતાઓને (નાણાકીય અને બિન–નાણાકીય બંને) વિતરિત અથવા ફાળવી શકે છે. એકવાર આ સ્થિતિ હોવા પછી, અનુચ્છેદ ૩૦૪(એ) ના અર્થઘટન પર તેની અસર એ થાય છે કે જ્યારે રાજ્ય વિધાનમંડળ "કોઈપણ કર" લાદવા માટે કાયદો ઘડે છે ત્યારે કરબોજની સમાનતાને યોગ્ય રીતે ધ્યાનમાં લેવા માટે તે મુક્ત છે, જ્યાં સુધી તે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ અને અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે બિન–ભેદભાવની વિભાવનાનો ભંગ કરતું નથી. તે એ સુનિશ્ચિત કરવા માટે કાયદેસર રીતે હકદાર છે કે કરબોજ તે રાજ્યના સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી આવતા માલ વચ્ચે ભેદભાવ ન કરે. સ્વરૂપ કરતાં તત્વ પ્રબળ હોવું જોઈએ. એકવાર ભારતમાં જે સ્વરૂપમાં કાયદો ઘડવામાં આવે છે તેમાં માત્ર એક જ કાયદાકીય પ્રવિષ્ટિ આવરી લેવી જોઈએ તેવી કોઈ બંધારણીય અનિવાર્યતા ન હોવાથી, વિધાનમંડળ યોગ્ય રીતે એવો કાયદો ઘડવા માટે હકદાર છે કે જે

બિન–ભેદભાવના ધોરણ સાથે સુસંગત રહીને આયાતી માલ અને સ્થાનિક માલ વચ્ચે કરબોજની સમાનતા પણ જાળવી રાખે. આ સમકક્ષતાના સિદ્ધાંતનો પાયો છે. [ફકરો ૨૪૩][કપક–બી–ઈ]

૨૪.૩ અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ સામે ભેદભાવ છે તે સાબિત કરવાનો બોજ આવી દલીલ રજૂ કરનાર વ્યક્તિ પર રહે છે. ભેદભાવની દલીલનો જવાબ આપતી વખતે, રાજ્ય માટે એ સાબિત કરવાનું શક્ય બનશે કે તેણે ઘડેલી કાયદાકીય જોગવાઈ રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે બિન–ભેદભાવનો સિદ્ધાંત જાળવી રાખે છે અને સાથે સાથે સ્થાનિક અને આયાતી માલ વચ્ચે કરબોજના સંદર્ભમાં સમાનતા પણ લાવે છે. વેચાણ વેરો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ ("યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૨એ ની જોગવાઈઓને આધીન રહીને વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પર કર") નો સંદર્ભ ધરાવે છે. પ્રવેશ કર યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ("તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર") નો સંદર્ભ ધરાવે છે. બંને પ્રકારના કર રાજ્ય વિધાનમંડળની સક્ષમતા હેઠળ આવે છે. બંને પ્રવિષ્ટિઓ હેઠળની કરપાત્ર ઘટનાઓ અલગ છે: એકના કિસ્સામાં માલનું વેચાણ અને બીજાના કિસ્સામાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ. બંને માલ પરના કરવેરાના અલગ–અલગ પાસાઓ સાથે સંબંધ ધરાવે છે; કરપાત્ર ઘટનાઓ અલગ હોવા છતાં નિકટવર્તી છે. "કોઈપણ કર" શબ્દપ્રયોગ યાદી ૨ હેઠળ આવતા માલ પરના કરવેરાઓની

સંપૂર્ણ શ્રેણીને માન્યતા આપે છે. જો કોઈ કાયદો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ અને પ્રવિષ્ટિ ૫૪ ને આવરી લઈ શકે છે, તો પ્રવેશ કર અને વેચાણ વેરાના કાયદા હેઠળ સ્થાનિક માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર લાદવામાં આવતા કરબોજને એક સમગ્ર સંયુક્ત સ્વરૂપે યોગ્ય રીતે ધ્યાનમાં લેતાં રાજ્યની કાયદો ઘડતી સત્તાને રોકવાનું કોઈ કારણ નથી. "કોઈપણ કર" નો અર્થ યાદી ૨ ની એક પ્રવિષ્ટિ હેઠળ અન્ય કોઈપણ પ્રવિષ્ટિથી સ્વતંત્ર એક અલગ અને છૂટાછવાયા કાયદા તરીકેનો કર થતો નથી. વેચાણ વેરાની ચુકવણી પર આધારિત કોઈપણ સમાયોજન, મુક્તિ અથવા સેટ ઓફનો ઉદ્દેશ્ય બેવડા કરવેરા અને ભેદભાવને ટાળવાનો હોઈ શકે છે. શું કાયદો ઘડવા દ્વારા આ ઉદ્દેશ્ય કાયદેસર રીતે પ્રાપ્ત થયો છે કે નહીં તે બાબત તેના અર્થઘટન અને અમલીકરણ પરથી નક્કી કરવાની રહે છે. [ફકરો ૨૪૪][૬૫૬–એફ–જી; ૬૫૭–એ–ડી]

૨૪.૪ એ સુસ્થાપિત કાયદો છે કે દરેક ભેદભાવમાં ભિન્નતા સામેલ હોય છે પરંતુ દરેક ભિન્નતા ભેદભાવ સૂચવતી નથી. રાજ્યે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સામે ભેદભાવ આચર્યો છે કે કેમ તેની તપાસ એ તપાસથી શરૂ થશે કે શું રાજ્યના કાયદાએ માલના આ બંને જૂથો વચ્ચે કોઈ ભિન્નતા કરી છે કે નહીં. આ માત્ર કરના દરના સંદર્ભમાં જ નથી પરંતુ અન્ય મહત્વપૂર્ણ પાસાઓ પણ છે જેમાં સમાવિષ્ટ છે: લાયસન્સિંગ, માન્યતા અને પાલન જેવા પાસાઓ સહિતની પ્રક્રિયાઓ અને તંત્ર; કરનું માપદંડ; અને મુક્તિ અથવા સેટ ઓફ; આ તપાસ ઉપરાંત, કોર્ટે ભિન્નતાના કારણોનું વિશ્લેષણ કરવાની અને ત્યારબાદ

અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો કોઈ ભેદભાવ થયો છે કે કેમ તે નક્કી કરવાની જરૂર રહેશે. [ફકરો ૨૪૫][૬૫૭–ડી–જી]

પ્રવેશ કર અને આયાત કરાયેલ માલ

૨૫.૧ યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ "નિકાસ જકાત સહિતની કસ્ટમ્સ જકાત" ની જોગવાઈ કરે છે. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ હેઠળ ઘડવામાં આવેલા કાયદાનો સંદર્ભ ધરાવતી કરપાત્ર ઘટના (આયાત કસ્ટમ્સ જકાતના સંબંધમાં) આયાતનું કૃત્ય છે જેના દ્વારા વિદેશમાં ઉદ્ભવતા માલને ભારતમાં લાવવામાં આવે છે. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૨(૨૩) 'આયાત' શબ્દપ્રયોગને "ભારત બહારના સ્થળેથી ભારતમાં લાવવું" તરીકે વ્યાખ્યાયિત કરે છે. 'આયાત કરાયેલ માલ' શબ્દપ્રયોગને "ભારત બહારના સ્થળેથી ભારતમાં લાવવામાં આવેલ કોઈપણ માલ" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે પરંતુ તેમાં સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરવામાં આવેલ માલનો સમાવેશ થતો નથી. કલમ ૨(૨૬) કોઈપણ માલના સંબંધમાં 'આયાતકાર' શબ્દપ્રયોગને તેની આયાત અને તેને સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરવામાં આવે તે સમય વચ્ચેના કોઈપણ સમયે, કોઈપણ માલિક અથવા પોતાને આયાતકાર તરીકે રજૂ કરતી કોઈપણ વ્યક્તિનો સમાવેશ કરવા માટે વ્યાખ્યાયિત કરે છે. [ફકરા ૨૪૬, ૨૪૭][૬૫૮–બી, ડી–ઈ]

૨૫.૨. સંવિધાન સંઘ અને રાજ્યો વચ્ચે કાયદા ઘડવાના વિષયોની વહેંચણી કરે છે, જેમાં નાણાકીય બાબતોને આવરી લેતા વિષયોનો પણ

સમાવેશ થાય છે. યાદી ૧ અને યાદી ૨ ની પ્રવિષ્ટિઓ વચ્ચે પરસ્પર આચ્છાદનની શક્યતાને બાકાત રાખી શકાય તે રીતે કાયદા ઘડવાના ક્ષેત્રો અથવા વિષયોને વિગતવાર રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. જ્યાં ક્ષેત્રો પરસ્પર આચ્છાદિત થતા જણાતા હોય ત્યાં પણ, તેનું અર્થઘટન પરસ્પર અનન્ય હોય તે રીતે કરવું જોઈએ. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના કાર્યક્ષેત્રો અલગ અને ભિન્ન છે. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧ વિદેશો સાથેના વેપાર અને વાણિજ્ય; કસ્ટમ્સ સીમાપાર આયાત અને નિકાસ; અને કસ્ટમ્સ સીમાઓની વ્યાખ્યા સાથે સંબંધિત છે. યાદી ૧ અને ૨ માં કર સંબંધિત પ્રવિષ્ટિઓના સંદર્ભમાં સત્તાઓની વહેંચણી પરસ્પર અનન્ય છે. આથી કાયદાનો સિદ્ધાંત સુસ્થાપિત છે : સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તાઓ પરસ્પર અનન્ય છે. [પેરા ૨૪૯, ૨૫૦ અને ૨૫૬][૬૫૯–ડી–ઈ, એફ–જી; ૬૬૩–જી–એચ]

*પ્રોવિન્સ ઓફ મદ્રાસ વિ. મેસર્સ બોડ્ડુ પૈદન્ના એન્ડ સન્સ ૧૯૪૨ એફ.સી.આર. ૯૦; ગવર્નર જનરલ ઈન કાઉન્સિલ વિ. પ્રોવિન્સ ઓફ મદ્રાસ એ.આઈ.આર. (૧૯૪૫) પી.સી. ૯૮; કમ્પ્ટી, ભારત સંઘ ૧૯૫૦ એસ.સી.આર. ૧૫ : એ.આઈ.આર. ૧૯૫૦ એસ.સી. ૧૧; ધ જીયાજીરાવ કોટન મિલ્સ લિ. વિ. મધ્ય પ્રદેશ રાજ્ય (૧૯૬૨) સપ્લી. ૧ એસ.સી.આર. ૨૮૨; ડી. જી. ગોસ એન્ડ કંપની (એજન્ટ્સ) (પ્રા.) લિ. વિ. કેરળ રાજ્ય અને અન્ય ૧૯૮૦ (૧) એસ.સી.આર. ૮૦૪ : (૧૯૮૦) ૨ એસ.સી.સી. ૪૧૦; ભારત સંઘ વિ. એચ. એસ. ધિલ્લોન ૧૯૭૨ (૨) એસ.સી.આર. ૩૩ : ૧૯૭૧*

*(૨) એસ.સી.સી. ૭૭૯; લેફ્ટનન્ટ કર્નલ સવાઈ ભવાની સિંહ વિ. રાજસ્થાન રાજ્ય ૧૯૯૬ (૨) એસ.સી.આર. ૧૪૫ : ૧૯૯૬ (૩) એસ.સી.સી. ૧૦૫; મેસર્સ આર. આર. એન્જિનિયરિંગ કંપની વિ. જિલ્લા પરિષદ બરેલી ૧૯૮૦ (૩) એસ.સી.આર. ૧ : ૧૯૮૦ (૩) એસ.સી.સી. ૩૩૦; હોકસ્ટ ફાર્માસ્યુટિકલ્સ વિ. બિહાર રાજ્ય (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧૧; પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ (૧૯૬૩) ૩ એસ.સી.આર. ૭૮૭ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૨૫.૩ સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો પ્રવેશ એ પ્રવેશ કર કાયદાની કર લાદવા અંગેની જોગવાઈને આકર્ષે છે. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ને સંદર્ભિત આ વસૂલાત જે ક્ષણે માલ વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે છે તે જ ક્ષણે આકર્ષાય છે. ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ એ માલને જાહેર અથવા ખાનગી વેરહાઉસમાં રાખવાની અને સ્થાનિક વપરાશ માટે માલના ક્લિયરન્સની મંજૂરી આપતી લાભદાયી જોગવાઈ કરી છે. આ જોગવાઈઓ પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્ય વિધાનમંડળોની સત્તામાં ઘટાડો કરી શકતી નથી અને ઘટાડો કરતી પણ નથી, તેમજ રાજ્યના કાયદા હેઠળ કરપાત્ર ઘટના એકવાર બની ગયા પછી રાજ્યોને પ્રવેશ કર લાદવાની સત્તાથી વંચિત કરતી નથી. કસ્ટમ્સ જકાત લાદવા માટેની કરપાત્ર ઘટના એ પ્રવેશ કર સંબંધિત કરપાત્ર ઘટનાથી ભિન્ન છે, જે સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અને વેચાણ માટે માલનો પ્રવેશ છે. [પેરા ૨૫૭, ૨૫૯][૬૬૪–ઈ–જી; ૬૬૫–સી–ડી]

## પ્રત્યક્ષ અને અનિવાર્ય અસરની કસોટી

૨૬.૧ શું કર સ્વતઃ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર અવરોધરૂપ બને છે કે કેમ તે એક એવો મુદ્દો છે જેના પરિણામે બે પરસ્પર વિરોધી વલણો ઊભા થયા છે, જેમાંથી એકપણ વલણ આ ચુકાદામાં સ્વીકારવામાં આવ્યું નથી. વિચારધારાના એક છેડે એવો સિદ્ધાંત છે કે તમામ કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરે છે. જો આ સિદ્ધાંત સ્વીકારવામાં આવે, તો સમગ્ર કર વ્યવસ્થા અને રાજ્યની કર લાદવાની સત્તા સંવિધાનના ભાગ ૧૩ દ્વારા નિયંત્રિત થઈ જશે. રાજ્યો, કે જેઓ પોતાના ક્ષેત્રમાં સાર્વભૌમ છે, તેઓ કરવેરા દ્વારા મહેસૂલ એકત્રિત કરવાની તેમની સંવિધાનિક સત્તાનો ઉપયોગ કરતી વખતે ભાગ ૧૩ ની કઠોરતાઓને આધીન થઈ જશે. આવો આત્યંતિક દૃષ્ટિકોણ શાબ્દિક અર્થઘટનના દૃષ્ટિકોણથી કે સંવિધાનના સંઘીય માળખા પરના તેના પરિણામોની દૃષ્ટિએ સ્વીકાર્ય નથી. તમામ કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતા નથી. વાસ્તવમાં, કર એવું સાધન પૂરું પાડે છે કે જેના દ્વારા સંઘીય અને રાજ્ય સ્તરે કાયદો ઘડનારી સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવેલા કાયદાના શાસન હેઠળ મહેસૂલ એકત્રિત કરી શકાય છે. કર લાદવાની સત્તાના અભાવે, રાજ્યો વ્યવસ્થા અને શાસન જાળવવા માટે જરૂરી મહેસૂલથી વંચિત થઈ જશે. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર અમૂર્ત રીતે અને રાજ્ય દ્વારા નિર્મિત સ્થિરતા તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિઓ વિના ટકી શકે નહીં. તદુપરાંત, રાજ્યને ઉપલબ્ધ થતું મહેસૂલ પ્રત્યક્ષ અને આનુષંગિક એમ બંને

પ્રકારની માળખાગત સુવિધાઓ અને સવલતો ઊભી કરવાનો આધાર પૂરો પાડે છે, જેના દ્વારા વેપાર અને વાણિજ્ય અસરકારક રીતે સંચાલિત થઈ શકે છે અને વિકાસ પામી શકે છે. આથી, તમામ કર વેપાર પર પ્રતિબંધ કે અવરોધરૂપ બને છે તેવા આત્યંતિક મતને નકારી કાઢવામાં આવ્યો છે. [પેરા ૨૬૦][૬૬૫–ઈ–એચ; ૬૬૬–એ–બી]

૨૬.૨ વિચારધારાના બીજા છેડે એવો દૃષ્ટિકોણ છે કે કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બનતા નથી. જો આ દૃષ્ટિકોણ સ્વીકારવામાં આવે, તો અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત હોય તેવા પ્રકારના ભેદભાવપૂર્ણ કર સિવાય કરવેરા કાયદા પર સંવિધાનિક મર્યાદા તરીકે ભાગ ૧૩ ની કોઈ ભૂમિકા રહેશે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) ભાગ ૧૩ ના હેતુ માટે કરવેરાના સમગ્ર ક્ષેત્રને આવરી લે છે તેવા વલણને આ ચુકાદા દ્વારા એ કારણસર નકારી કાઢવામાં આવ્યું છે કે તે મૂળભૂત ક્ષતિઓથી ગ્રસ્ત છે અને ભાગ ૧૩ ના લખાણથી વિપરીત છે. આવું ઠેરવવાના કારણો નીચે મુજબ છે : ભાગ ૧૩ ના હેતુઓ માટે કાયદાઓનો અર્થ તમામ કાયદાઓ થવો જોઈએ અને તેમાં કરવેરા કાયદાને બાકાત રાખી શકાય નહીં; વેચાણવેરો લાદતા સંસદીય કાયદાની સંવિધાનિક માન્યતાને અનુચ્છેદ ૩૦૨ ની જોગવાઈઓના આધારે માન્ય રાખવામાં આવી છે જે સંસદને જાહેર હિતમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધો લાદવા સક્ષમ બનાવે છે. જો અનુચ્છેદ ૩૦૨ ના હેતુઓ માટે કરવેરા કાયદાને પ્રતિબંધ તરીકે ગણવામાં આવતો હોય, તો અનુચ્છેદ ૩૦૪ ના હેતુઓ માટે તે જ અર્થઘટનને બાકાત રાખવાનું કોઈ કારણ નથી; અનુચ્છેદ

૩૦૪(એ) કરવેરાના એક ચોક્કસ ક્ષેત્ર સાથે સંબંધિત છે – માલ પરનો કરવેરો. સાતમી અનુસૂચિની યાદી ૨ માં રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાઓ તેમને વ્યક્તિઓ, પ્રવૃત્તિઓ અથવા વસ્તુઓ પર કર લાદવા માટે સક્ષમ બનાવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર છેલ્લી શ્રેણી એટલે કે માલ પરના કરને જ આવરી લે છે. તે વ્યક્તિઓ પરના કર (વ્યવસાય વેરો અથવા લક્ઝરી ટેક્સ) કે પ્રવૃત્તિઓ પરના કર (શરત અને જુગાર) ને આવરી લેતો નથી; અનુચ્છેદ ૩૦૧ ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની ખાતરી આપે છે. આંતરરાજ્ય વેપાર તેમજ રાજ્યની અંદરના વેપાર અને વાણિજ્યની ખાતરી આપવામાં આવી છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર લાદવામાં આવતા કરને જ આવરી લે છે. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યની અંદર પરિવહન થતા માલ પરની વસૂલાતોને આવરી લેતો નથી; સંવિધાનનો અનુચ્છેદ ૩૦૬, તેના રદ થતાં પહેલાં જે સ્થિતિમાં હતો તે મુજબ એવી કલ્પના કરતો હતો કે પ્રતિબંધો જકાત અને વસૂલાતોનું સ્વરૂપ લઈ શકે છે; અને સંવિધાનના ભાગ ૧૩ માં 'પ્રતિબંધો' શબ્દપ્રયોગનો ઉપયોગ એવી રીતે કરવામાં આવ્યો છે, જેમ કે અનુચ્છેદ ૩૦૨, ૩૦૩, ૩૦૪ અને ૩૦૬ ની જોગવાઈઓ દર્શાવે છે, જે કરવેરા કાયદાને બાકાત રાખતો નથી. [પેરા ૨૬૧][૬૬૬–સી–એચ; ૬૬૭–એ–સી]

૨૬.૩ ઉપરોક્ત સિદ્ધાંતના સમર્થનમાં લગભગ પાંચ દાયકાનું ન્યાયશાસ્ત્ર વિકસિત થયું હોવાથી, સંવિધાનિક સિદ્ધાંત કે કાયદાનો એવો કોઈ તર્ક નથી કે જે આ કોર્ટને આ સ્થિતિમાંથી વિચલિત થવા અને એવું ઠેરવવા પ્રેરે કે

કર કોઈપણ સંજોગોમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બની શકે નહીં. તદુપરાંત, ન્યાયિક પૂર્વ–ચુકાદાની બાબત તરીકે પણ એ સ્વીકારવામાં આવ્યું છે કે કરવેરા માત્ર મહેસૂલ એકત્રિત કરવાનો હેતુ જ સિદ્ધ કરતા નથી પરંતુ સામાજિક નિયંત્રણનું એક શક્તિશાળી સાધન પણ છે. રાજ્યો અને સંઘ તેમની કાયદાકીય સત્તાઓનો ઉપયોગ કરતી વખતે, પોતાની વિકાસલક્ષી પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે માત્ર મહેસૂલ એકત્રિત કરવાના સાધન તરીકે જ નહીં પરંતુ સામાજિક ઉદ્દેશ્યો હાંસલ કરવાના માપદંડ તરીકે પણ કરવેરાનો ઉપયોગ કરે છે. તે સામાજિક ઉદ્દેશ્યોની પ્રાપ્તિ અથવા સામાજિક નિયમનની પ્રાપ્તિ મુક્ત વેપાર અને વાણિજ્યના ક્ષેત્ર પર અતિક્રમણ કરે છે કે કેમ તે પૂર્વધારણાના આધારે નક્કી કરી શકાય નહીં. કરવેરાની સત્તાનો એવી રીતે ઉપયોગ થઈ શકે છે જે આપેલા કિસ્સામાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણ કે અવરોધ ઊભો કરી શકે. કર ક્યારે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બની શકે છે તે નક્કી કરવામાં, પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી (ત્યારબાદ જેમ સુધારેલ છે તે મુજબ) ન્યાયિક રીતે વ્યવહારુ માળખું પૂરું પાડે છે. પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી અતિઆબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના ચુકાદાઓમાં પ્રતિપાદિત કરવામાં આવી હતી. આ કસોટી આપણા ન્યાયશાસ્ત્રના એક ભાગ તરીકે દ્રઢપણે સ્થાપિત થયેલી છે. [પેરા ૨૬૨, ૨૬૩][૬૬૭–જી; ૬૬૮–એ–ડી]

*અતિઆબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯; ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ.*

*રાજસ્થાન રાજ્ય (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧ – અંશતઃ પુષ્ટિ કરવામાં આવેલ.*

*ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિ. વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય ૨૦૦૫ (૧) એસ.સી.આર. ૭૩૨ : (૨૦૦૫) ૨ એસ.સી.સી. ૫૧૫; આર. સી. કૂપર વિ. ભારત સંઘ (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮; એ. કે. ગોપાલન વિ. મદ્રાસ રાજ્ય (૧૯૫૦) ૧ એસ.સી.આર. ૮૮; બેનેટ કોલમેન એન્ડ કંપની વિ. ભારત સંઘ ૧૯૭૩ (૨) એસ.સી.આર. ૭૫૭ : ૧૯૭૨ (૨) એસ.સી.સી. ૭૮૮; મેનકા ગાંધી વિ. ભારત સંઘ ૧૯૭૮ (૨) એસ.સી.આર. ૬૨૧ : ૧૯૭૮ (૧) એસ.સી.સી. ૨૪૮ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

૨૬.૪ કર લાદવાની જોગવાઈ કરતો કાયદો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બને છે કે કેમ તે નક્કી કરવા માટે, જે સિદ્ધાંત લાગુ કરવો જોઈએ તે એ છે કે શું કાયદાની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર કે પરિણામ વેપાર અને વાણિજ્યમાં અવરોધ ઊભો કરવાનું છે. જે વ્યક્તિ એવો દાવો કરે છે કે કરની આવી અસર છે તેના પર કોર્ટના સંતોષ મુજબ એ રજૂઆત કરવાની અને સાબિત કરવાની જવાબદારી રહે છે કે જે પરિણામનો દાવો કરવામાં આવ્યો છે તે વાસ્તવમાં અસ્તિત્વ ધરાવે છે. સંવિધાનના ભાગ ૧૩ ના હેતુઓ માટે પ્રત્યક્ષ અને અનિવાર્ય પરિણામ એ અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ કોઈપણ વ્યવસાય, વેપાર કે ધંધો કરવાના મૂળભૂત અધિકારના ભંગ સમાન નથી. અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ, કોઈપણ વ્યક્તિનો વેપાર અથવા ધંધો

કરવાનો અધિકાર મૂળભૂત સ્વતંત્રતા તરીકે સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. જ્યારે કોઈ કાયદાકીય પગલું તે સ્વતંત્રતામાં કાપ મૂકવા માંગે છે, ત્યારે કસોટી એ છે કે શું વ્યક્તિના અધિકારનો ભંગ થયો છે કે તેનું હનન થયું છે. ભાગ ૧૩ ના સંદર્ભમાં, બાબતને સમગ્રપણે વેપાર અને વાણિજ્યના દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. તેથી, સંવિધાનના ભાગ ૧૩ હેઠળ આવતા કેસમાં કર લાદતા કાયદાની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર વેપાર અને વાણિજ્યના પ્રવાહને અવરોધવાની અથવા પ્રતિબંધિત કરવાની છે તે દર્શાવવાનું અને સ્થાપિત કરવાનું કામ અરજદારનું છે. માત્ર એ હકીકત કે જેના પર કર લાદવામાં આવ્યો છે તે પ્રવૃત્તિ વેપાર અને વાણિજ્યના પ્રવાહ અથવા હેરફેર સાથે સંબંધિત છે, તે આપમેળે એવા અનુમાન પર પહોંચવા માટે પૂરતી નથી કે તે પ્રવૃત્તિ પરનો કર તેમાં અવરોધ ઊભો કરે છે કે તેના પર પ્રતિબંધ મૂકે છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ સમગ્ર વ્યાપારી યોજનાના એક ભાગ તરીકે કર પાલનની જરૂરિયાતને ધ્યાનમાં લેવી જ પડે છે અને તેઓ અનિવાર્યપણે ધ્યાનમાં લે છે. તેથી, માત્ર એ હકીકત કે કર એવી પ્રવૃત્તિ અથવા વસ્તુના સંદર્ભમાં લાદવામાં આવ્યો છે જે વેપાર અથવા વાણિજ્યનું એક પાસું છે, તે આપમેળે એવા પરિણામ તરફ દોરી જવા માટે પૂરતી નથી કે તે વેપાર અને વાણિજ્ય પરનો પ્રતિબંધ કે અવરોધ છે. આવી ફરિયાદ ધરાવતા અરજદારે કોર્ટ સમક્ષ મજબૂત પુરાવાઓ સાથે એ સ્થાપિત કરવાની મર્યાદા પાર કરવી પડશે કે કર કાયદાની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર એ વેપાર અને વાણિજ્યમાં અવરોધ ઊભો કરવાની છે. [પેરા ૨૬૫, ૨૬૬][૬૭૦–સી–એચ; ૬૭૧–એ]

૨૬.૫ પ્રવેશ કરના સંદર્ભમાં, અરજદારો વતી એવું કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી કર ચૂકવવામાં ન આવે ત્યાં સુધી વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ થઈ શકે નહીં. જો કર ચૂકવવામાં ન આવે તો માલનો કોઈ પ્રવેશ થઈ શકે નહીં. પ્રવેશ કર એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર સીધો અવરોધ કે પ્રતિબંધ બને છે તેવી રજૂઆત કરવા માટેનો આ આધાર છે. આ મુદ્દા પ્રત્યેનો આ અભિગમ સ્વીકારી શકાય નહીં. નિયમનકારી ક્ષેત્રમાં, વ્યવસાય, વેપાર અથવા વાણિજ્ય સંલગ્ન ચોક્કસ પ્રકારની પ્રવૃત્તિમાં જોડાવા માટે નિયમનકારી કાયદાનું પાલન એ પૂર્વશરત બનાવવામાં આવી શકે છે. જોકે, પાલનની આવશ્યકતા પોતે જ તે કાયદાને વેપાર અને વાણિજ્ય માટે અવરોધરૂપ બનાવતી નથી. તેવી જ રીતે, નાણાકીય ક્ષેત્રમાં, કોઈ પ્રવૃત્તિમાં જોડાવાના એક આનુષંગિક પરિણામ તરીકે અથવા પૂર્વશરત તરીકે કરની જવાબદારી અદા કરવી પડે છે તે હકીકત પોતે જ – અને અવરોધ કે નિયંત્રણના વાસ્તવિક પુરાવા વિના – પ્રતિબંધરૂપ બનતી નથી. કાયદાનું અનિવાર્ય પરિણામ અને અસર વેપાર અને વાણિજ્યમાં અવરોધ ઊભો કરવાની અથવા તેને પ્રતિબંધિત કરવાની છે તેવો નિષ્કર્ષ માત્ર એવા દર્શાવી શકાય તેવા સાધનો/સામગ્રીના આધારે જ કાઢી શકાય છે કે જે એ સ્થાપિત કરે કે કરની અસર તે પરિણામ લાવવા માટેની છે. દાદ મેળવવાના કારણ તરીકે આવું સ્થાપિત કરવાની જવાબદારી તે વ્યક્તિ પર રહે છે જે તેમ કરવા માંગે છે. નિયમનકારી ક્ષેત્ર તેમજ નાણાકીય સંદર્ભમાં, વિધાનમંડળ અમુક શરતોની પરિપૂર્ણતા નિર્ધારિત કરી શકે છે જેને આધીન રહીને વ્યવસાય, વેપાર અથવા

વાણિજ્ય હાથ ધરી શકાય છે. તે શરતોની પરિપૂર્ણતાને પૂર્વશરત તરીકે નિર્ધારિત કરી શકાય છે. ઉદાહરણ તરીકે, કોઈ વૈધાનિક નિયમનકાર તે જે વાણિજ્યિક પ્રવૃત્તિનું નિયમન કરે છે તે હાથ ધરી શકાય તે પહેલાં લાયસન્સિંગ અથવા નોંધણીની શરતો નક્કી કરી શકે છે. લાયસન્સિંગ અથવા નોંધણીના ધોરણો નાણાકીય અને અન્ય આવશ્યકતાઓ નિર્ધારિત કરી શકે છે જેને કોઈ પ્રવૃત્તિ અથવા વ્યવસાય ચલાવવા માટે પૂર્વશરત તરીકે પૂર્ણ કરવાની જરૂર હોય છે. કાયદો આવા ધોરણોની જોગવાઈ કરે છે કે જે પૂર્વશરત બને છે તે હકીકત એવું ઠેરવવા માટે પૂરતું કારણ નથી કે તેઓ પોતે જ પ્રતિબંધો અથવા વેપાર અને વાણિજ્ય માટેનો અવરોધ બને છે. વેપાર અને વાણિજ્ય ચલાવવાનો અધિકાર એવા નિયમનમાંથી મુક્ત થવાનો અધિકાર નથી કે જે પ્રવૃત્તિને આગળ ધપાવવા માટે વ્યવસ્થિત પરિસ્થિતિઓની ખાતરી આપે છે. તેમજ કોઈ અધિકારનો એવી રીતે ઉપયોગ કરી શકાતો નથી કે જે અસંખ્ય સહભાગીઓની અનિયંત્રિત ક્રિયાઓ દ્વારા અરાજકતા પેદા કરે. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ જરૂરિયાત પૂર્વશરત તરીકે કાર્ય કરે છે તે હકીકત પોતે જ એવું ઠેરવવા માટે પૂરતી નથી કે તે વેપારમાં અવરોધ ઊભો કરે છે અથવા પ્રતિબંધ મૂકે છે. અવરોધ બનવા માટે, તે શરત તેના અમલના પ્રત્યક્ષ અને અનિવાર્ય પરિણામ તરીકે વેપાર અથવા વાણિજ્ય પર પ્રતિબંધ પેદા કરે છે તેવું દર્શાવવું આવશ્યક છે. પ્રત્યેક નિયમનકારી આવશ્યકતા વેપાર અને વાણિજ્ય પર પ્રતિબંધ કે અવરોધ ઊભો કરતી નથી, ભલે શરૂઆતમાં, તેની પરિપૂર્ણતા એ કોઈ વ્યક્તિ કે સંસ્થાને

નિયમન હેઠળની પ્રવૃત્તિમાં જોડાવા માટે સક્ષમ બનાવતી શરત હોય. [પેરા ૨૬૭, ૨૬૮][૬૭૧–બી–એચ; ૬૭૨–એ–બી]

૨૬.૬ નાણાકીય સંદર્ભમાં, જ્યારે કરપાત્ર ઘટના બને છે ત્યારે જ કોઈ વસૂલાત અથવા ઉઘરાતની ચુકવણી આકર્ષાય છે. કર વ્યક્તિઓ, પ્રવૃત્તિઓ અથવા વસ્તુઓ પર હોઈ શકે છે. આ કરપાત્ર ઘટના છે જે કર માટેનો બોજ અથવા જવાબદારી ઊભી કરે છે. આ બોજ કોઈ પ્રવૃત્તિ અથવા વસ્તુના કોઈ પાસા સાથે સંકળાયેલો હોઈ શકે છે. માત્ર એ હકીકત કે આ પાસું વેપાર અથવા વાણિજ્યના પ્રવાહ કે હેરફેર સાથે જોડાયેલું છે, તે આપમેળે એવા તારણ તરફ દોરી જતી નથી કે કર અવરોધ અથવા પ્રતિબંધરૂપ બને છે. અવરોધ પ્રવૃત્તિ અથવા વસ્તુના તે પાસામાં રહેલો નથી કે જે કરનો વિષય છે, પરંતુ તેના પરિણામમાં રહેલો છે. પ્રવેશ પરનો પ્રત્યેક કર અથવા હેરફેર વેપાર કે વાણિજ્યમાં અવરોધ ઊભો કરતો નથી. કોઈ ચીજવસ્તુના વેપારનું પ્રમાણ ઉત્પાદનની પ્રકૃતિ, કાચા માલની ઉપલબ્ધતા, પરિવહન અને માળખાગત સુવિધાઓ, હરીફાઈનું સ્વરૂપ અને વ્યાપ, બજાર ચક્રો તેમજ માંગ અને પુરવઠાની સાપેક્ષતા સહિતના અસંખ્ય ચલ પરિબળો દ્વારા નક્કી થાય છે. કરનું માળખું એ એક એવું ઘટક છે જે સંસાધનોની ફાળવણી પર અસર કરે છે. કર પ્રતિબંધરૂપ બને તે માટે, એ દર્શાવવા માટે સાબિતીરૂપ સામગ્રી હોવી જોઈએ કે તેની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર અથવા પરિણામ વેપાર કે વાણિજ્યને રોકવાનું કે અવરોધવાનું છે. કરને પ્રતિબંધ તરીકે ઠેરવવામાં આવે તે પહેલાં, તાત્કાલિક અને અનિવાર્ય પરિણામ સમગ્ર વેપારને પ્રતિબંધિત કરવાનું, રોકવાનું

કે અવરોધવાનું છે તે દર્શાવીને તે સીમારેખા પાર કરવી આવશ્યક છે. જ્યાં સુધી નાણાકીય વસૂલાતની અસર, તેના પ્રત્યક્ષ અને અનિવાર્ય પરિણામ તરીકે, વેપાર અથવા વાણિજ્યને પ્રતિબંધિત કરતી હોવાનું દર્શાવવામાં ન આવે ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(બી) ની જોગવાઈઓ આકર્ષાશે નહીં. કારણ કે, તેની વાજબીતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તે પહેલાં સર્વપ્રથમ તો કોઈ પ્રતિબંધ હોવો જરૂરી છે. પરિણામે, એવું ઠેરવવું શક્ય નથી કે કરનો બોજ વેપાર અને વાણિજ્યની હેરફેરના કોઈ પાસા સાથે સંકળાયેલો છે તે માત્ર હકીકત દર્શાવે છે કે તે દરેક કેસમાં પ્રતિબંધ છે. પ્રતિબંધના અસ્તિત્વનો દાવો કરતી વ્યક્તિ અથવા સંસ્થા પર ઉપર સ્વીકારવામાં આવેલી પ્રત્યક્ષ અને અનિવાર્ય અસરની કસોટી અનુસાર તેની અસર દર્શાવવાની જવાબદારી રહે છે. તેથી, એવી કોઈ પૂર્વધારણા હોઈ શકે નહીં કે પ્રવેશ કર વેપાર અને વાણિજ્ય માટે પ્રતિબંધ અથવા અવરોધરૂપ બને છે. કેન્દ્ર અને રાજ્યોને સોંપવામાં આવેલા ક્ષેત્રોમાં સાર્વભૌમત્વને માન્યતા આપતી વખતે, સંવિધાન તેના સાર્વભૌમ અંગોને એવી સંવિધાનિક મર્યાદાઓને આધીન બનાવે છે જે તેણે નિર્માણ કરેલા સંતુલનને જાળવી રાખવા માટે ઘડવામાં આવી છે. તેથી નાણાકીય પ્રકૃતિ સહિતની તમામ કાયદાકીય સત્તાઓએ લેખિત સંવિધાનના ધોરણોનું પાલન કરવું પડશે. જોકે, નાણાકીય કાયદાઓનું ન્યાયિક પુનરાવલોકન મહેસૂલ એકત્ર કરવાના હેતુથી વ્યક્તિઓ, પદાર્થો અને વસ્તુઓનું વર્ગીકરણ કરવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય એમ બંને સ્તરે વિધાનમંડળોમાં રહેલી વ્યાપક મોકળાશને માન્ય રાખે છે. [પેરા ૨૬૯, ૨૭૬][૬૭૨–બી–એચ; ૬૭૪–સી]

*અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજ સોસાયટી વિ. ગુજરાત રાજ્ય ૧૯૭૫ (૧) એસ.સી.આર. ૧૭૩ : (૧૯૭૪) ૧ એસ.સી.સી. ૭૧૭; ઈન્દિરા સાહની વિ. ભારત સંઘ ૧૯૯૨ સપ્લી. (૩) એસ.સી.સી. ૨૧૫; સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન વિ. ભારત સંઘ ૧૯૯૩ (૩) એસ.સી.આર. ૬૬૯ : (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧; એસ. આર. બોમ્મઈ વિ. ભારત સંઘ, (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧; એટર્ની જનરલ ઓફ ઈન્ડિયા વિ. અમૃતલાલ પ્રાજવનદાસ (૧૯૯૪) ૫ એસ.સી.સી. ૫૪; મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ વિ. ભારત સંઘ ૧૯૯૬ (૧૦) સપ્લી. એસ.સી.આર. ૫૮૫ : ૧૯૯૭ (૫) એસ.સી.સી. ૫૩૬; સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮ ૧૯૯૮ (૨) સપ્લી. એસ.સી.આર. ૪૦૦ : (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૭૩૯; આઈ. આર. કોએલ્હો વિ. તમિલનાડુ રાજ્ય ૨૦૦૭ (૧) એસ.સી.આર. ૭૦૬ : (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ – ટાંકવામાં આવેલ.*

અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ દ્વારા (અંશતઃ અસંમત)

૧. કાયદાકીય ઈતિહાસ અને સંવિધાન સભાની ચર્ચાઓમાંથી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનો જે વ્યાપ ફલિત થાય છે તે પરથી એ બિલકુલ સ્પષ્ટ છે કે કરને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ તરીકે ગણવામાં આવ્યા હતા અને વધુમાં એવી સમજણ હતી કે કરવેરા દ્વારા પણ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ લાદી શકાય છે. [પેરા ૧૫૫][૭૩૪–બી]

*કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય ૧૯૭૩ સપ્લી. એસ.સી.આર. ૧ : (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ – અનુસરવામાં આવેલ.*

*રાજસ્થાન રાજ્ય અને અન્ય વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૭૮ (૧) એસ.સી.આર. ૧ : (૧૯૭૭) ૩ એસ.સી.સી. ૫૯૨; સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪: ના સંબંધમાં: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪૩ હેઠળ, (૧૯૬૫) ૧ એસ.સી.આર. ૪૧૩; એસ. આર. બોમ્માઈ વિ. ભારત સંઘ ૧૯૯૪ (૨) એસ.સી.આર. ૬૪૪ : ૧૯૯૪ (૩) એસ.સી.સી. ૧; કુલદીપ નાયર વિ. ભારત સંઘ ૨૦૦૬ (૫) સપ્લી. એસ.સી.આર. ૧ : (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

*એ. વી. ડાઇસી "ધ લો ઓફ ધ કોન્સ્ટીટ્યુશન" – નો સંદર્ભ લેવામાં આવેલ.*

ભારતના સંવિધાનમાં સંઘવાદનું સ્વરૂપ

૨. સંવિધાનમાં સંઘવાદ સંવિધાન દ્વારા મર્યાદિત અને નિયંત્રિત છે અને રાજ્યો તેમજ કેન્દ્ર બંનેની સત્તાઓનો ઉપયોગ સંવિધાનની સ્પષ્ટ જોગવાઇઓ દ્વારા નિયંત્રિત થાય છે. [પેરા ૧૭૩][૭૪૬–એ]

સંવિધાન હેઠળ રાજ્યની વૈધાનિક સત્તા પર મર્યાદા

૩.૧ એ સુસ્થાપિત છે કે રાજ્યની વૈધાનિક સત્તા સંવિધાનની જોગવાઇઓને આધીન છે. 'આ સંવિધાનની જોગવાઇઓને આધીન' એ

શબ્દોને તેનો સંપૂર્ણ અર્થ અને વિષયવસ્તુ આપવાના રહે છે. આમ, સંવિધાનમાં જ્યાં ક્યાંય પણ વૈધાનિક સત્તાઓ પરની મર્યાદા જોવા મળે તેને અમલી બનાવવી પડશે. એમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે સંવિધાનનો ભાગ ૧૨ "નાણાં, મિલકત, કરારો અને દાવાઓ" સાથે સંબંધ ધરાવે છે અને ભાગ ૧૨ માં વિવિધ સ્પષ્ટ મર્યાદાઓ પૂરી પાડવામાં આવેલ છે, ખાસ કરીને અનુચ્છેદ ૨૭૬, ૨૮૬ અને અમુક અન્ય અનુચ્છેદો, પરંતુ શું ભાગ ૧૨ ને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પરની એકમાત્ર મર્યાદા ગણી શકાય, તેનો જવાબ નકારાત્મક જ હોવો જોઈએ. તમામ વૈધાનિક સત્તાઓ સંવિધાનમાં સમાવિષ્ટ મર્યાદાઓને આધીન છે, ભલે તે નાણાકીય કાયદાઓ હોય કે બિન–નાણાકીય કાયદાઓ હોય. [પેરા ૧૮૨, ૧૮૫][૭૫૦–જી–એચ; ૭૫૧–એ; ૭૫૨–એફ]

*કેરળ રાજ્ય અને અન્ય વિ. માર અપ્રેમ કુરી કંપની લિમિટેડ અને અન્ય ૨૦૧૨ (૪) એસ.સી.આર. ૪૪૮ : (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬; કુન્નાથત થથુન્ની મૂપિલ નાયર વિ. કેરળ રાજ્ય અને અન્ય, (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૭; હરિકૃષ્ણ ભાર્ગવ વિ. ભારત સંઘ અને અન્ય ૧૯૬૬ એસ.સી.આર. ૨૨ : ૧૯૬૬ એ.આઈ.આર. એસ.સી. ૬૧૯ – પર આધાર રાખવામાં આવેલ.*

૩.૨ શું ભાગ ૧૩ માં પણ રાજ્યની વૈધાનિક સત્તા પરની મર્યાદાઓ સમાવિષ્ટ છે. સંવિધાન સભામાં વ્યાપક વિચાર–વિમર્શ અને ચર્ચાઓ પછી સંવિધાનમાં ભાગ ૧૩ નો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાગ ૧૩

સૌથી મહત્વપૂર્ણ અધિકારો અને સિદ્ધાંતો પૈકી એક ધરાવે છે કે જેના પર દેશે આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે આગળ વધવાનું હતું. [પેરા ૧૮૬][૭૫૨-જી-એચ]

૩.૩ અનુચ્છેદ ૨૪૫, જે તમામ વૈધાનિક સત્તાઓનો સ્ત્રોત છે, તે તમામ વૈધાનિક સત્તા પર સામાન્ય મર્યાદા મૂકે છે, જેને સ્પષ્ટપણે 'આ સંવિધાનની જોગવાઈઓને આધીન' રાખવામાં આવી છે. જ્યારે તમામ વૈધાનિક સત્તાઓ સંવિધાનની જોગવાઈઓને આધીન હોય, અને ભાગ ૧૩ પણ સંવિધાનનો જ એક ભાગ હોય, ત્યારે તમામ વૈધાનિક સત્તા ભાગ ૧૩ ને પણ આધીન હોવી જ જોઈએ. [પેરા ૧૮૮][૭૫૩-એફ-જી]

૩.૪ અનુચ્છેદ ૩૦૩ એ એક સ્પષ્ટ જોગવાઈ છે જે 'વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ અને રાજ્યોની વૈધાનિક સત્તા પર નિયંત્રણ' પૂરી પાડે છે. અનુચ્છેદ ૩૦૪ એ અન્ય જોગવાઈ છે, જે જોકે રાજ્યના વિધાનમંડળને કાયદા દ્વારા રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ લાદવાની સત્તા આપે છે, પરંતુ રાજ્ય દ્વારા ઘડવામાં આવનાર કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) માં સમાવિષ્ટ વિવિધ નિયંત્રણોથી ઘેરાયેલો છે. આમ અનુચ્છેદ ૩૦૪ પણ રાજ્યની વૈધાનિક સત્તા પરની એક મર્યાદા છે. સંવિધાનનો ભાગ ૧૩ રાજ્યની વૈધાનિક સત્તા પર મર્યાદા ધરાવે છે અને રાજ્યની તમામ

વૈધાનિક સત્તા, ભલે તે નાણાકીય હોય કે બિન–નાણાકીય હોય, તેણે સંવિધાનના ભાગ ૧૨ ને અનુરૂપ હોવું પડશે. [પેરા ૧૮૯, ૧૯૨] [૭૫૩–એચ; ૭૫૪–એ–બી, જી]

*તમિલનાડુ રાજ્ય અને અન્ય વિ. સીતોલક્ષ્મી મિલ્સ અને અન્ય ૧૯૭૪ (૩) એસ.સી.આર. ૧ : ૧૯૭૪ (૪) એસ.સી.સી. ૪૦૮; જી.કે. કૃષ્ણન વિ. તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૨) એસ.સી.આર. ૭૧૫ : (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

શું સંવિધાનનો ભાગ ૧૩ "કરવેરા કાયદા"ને આવરી લે છે અને તેમાં વપરાયેલ "નિયંત્રણ" શબ્દમાં કરવેરા કાયદાનો સમાવેશ થાય છે.

૪.૧ ભાગ ૧૩ એવા તમામ કરવેરા કાયદાઓને આવરી લે છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધે છે: (એ) અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૬ માં (સંવિધાનના ૭મા સુધારા અધિનિયમ, ૧૯૫૬ દ્વારા તેના ૨૬ થતાં પહેલાં તે જે રીતે અસ્તિત્વમાં હતું) કર શબ્દનો સ્પષ્ટ ઉપયોગ દર્શાવે છે કે કરનો ભાગ ૧૩ માં સ્પષ્ટપણે સમાવેશ કરવામાં આવ્યો હતો. જો અનુચ્છેદ ૩૦૪(એ) માં દર્શાવ્યા સિવાયના કર ભાગ ૧૩ હેઠળ આવરી લેવાના ન હોત, તો અનુચ્છેદ ૩૦૬ નો સમાવેશ કરવામાં આવ્યો ન હોત, જેણે સંવિધાનના પ્રારંભથી દસ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે ભાગ 'બી' ના રાજ્યોમાં માલની આયાત અને નિકાસ પર કર અથવા જકાત ચાલુ રાખવાની મંજૂરી આપી હતી. સંવિધાનના ઘડવૈયાઓ સભાન હતા કે જ્યાં સુધી રાજ્યમાં

ચાલુ રહેલા કરને સર્વોપરી અસર આપવામાં ન આવે ત્યાં સુધી તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે. (બી) અનુચ્છેદ ૩૦૨ માં "સંસદ કાયદા દ્વારા કરી શકશે" એવો શબ્દપ્રયોગ વપરાયો છે. જ્યારે અનુચ્છેદ ૩૦૩ માં "સંસદ કે રાજ્યના વિધાનમંડળ પાસે કોઈ કાયદો ઘડવાની સત્તા રહેશે નહીં ..... " એવો શબ્દપ્રયોગ વપરાયો છે. અનુચ્છેદ ૩૦૪ માં રાજ્યનું વિધાનમંડળ "કાયદા દ્વારા કરી શકશે" એવો શબ્દપ્રયોગ વપરાયો છે. સાતમી અનુસૂચિ હેઠળની વૈધાનિક પ્રવિષ્ટિઓનો ઉપયોગ કરીને સંસદ અથવા રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા તમામ કાયદા એ કાયદો છે. અનુચ્છેદ ૩૦૨ – ૩૦૪ એવા અપવાદો ધરાવે છે કે જે મુજબ અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને બાજુ પર રાખી શકાય છે. 'કાયદો' શબ્દ એટલો વ્યાપક છે કે તેમાં નાણાકીય અને બિન–નાણાકીય બંને કાયદાઓનો સમાવેશ થાય છે. (સી) અનુચ્છેદ ૩૦૩ વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ તેમજ રાજ્યની વૈધાનિક સત્તા પર નિયંત્રણ લાદે છે. અનુચ્છેદ ૩૦૩(૧) એવી જોગવાઈ કરે છે કે સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ અગ્રતા આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈ કાયદો ઘડવાની રાજ્ય પાસે કોઈ સત્તા રહેશે નહીં. રાજ્યની જે વૈધાનિક સત્તા પર ૩૦૩(૧) હેઠળ નિયંત્રણ મૂકવામાં આવ્યું છે તે માત્ર ૩૦૪(એ) માં ઉલ્લેખિત કાયદા પૂરતી જ સીમિત હોવાનું માની શકાય નહીં, બલ્કે તે યાદી ૨ માં વેપાર

અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે ઘડવામાં આવતા કાયદા સુધી વિસ્તરી શકે છે. આના પરથી એ સ્પષ્ટ થાય છે કે ભાગ ૧૩ હેઠળ આવરી લેવાયેલા કરવેરા કાયદા માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) પૂરતા જ સીમિત નથી. (ડી) જો એ દલીલ સ્વીકારવામાં આવે કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ મંજૂર કરાયેલા ભેદભાવવિહીન કર સિવાયના તમામ કર ભાગ ૧૩ ની બહાર છે, તો તેનાથી સંસદ અને રાજ્ય વિધાનમંડળને દેખીતી રીતે બિન–ભેદભાવયુક્ત કાયદા પસાર કરવાનો પરંતુ મનસ્વી પ્રક્રિયા અને અન્ય વિવિધ પ્રકારના નિયંત્રણો પૂરા પાડીને અન્ય માધ્યમો દ્વારા વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો ઊભા કરવાનો અધિકાર મળશે. જે કરવેરા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અવરોધી શકે છે તેને માત્ર ભેદભાવવિહીન કરવેરા પૂરતો સીમિત રાખી શકાય નહીં. વેપાર પર નિયંત્રણ ઊભું કરતા ભેદભાવવિહીન કર પણ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતા હોવાનું ઠેરવવું પડશે. ઉપરોક્ત દલીલ સ્વીકારવાના સંજોગોમાં, કરવેરાના અન્ય માધ્યમો દ્વારા વેપારમાં લાદવામાં આવતું નિયંત્રણ ભાગ ૧૩ ની પહોંચ બહાર રહેશે, જે સંવિધાનના ઘડવૈયાઓનો ક્યારેય આશય ન હતો. (ઈ) અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાને આવરી લે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના આંતરિક વેપાર પર કર લાદવાને લાગુ પડતો નથી. શું એવું માની શકાય કે જો રાજ્યના આંતરિક કરવેરા એક સ્થાનિક વિસ્તાર અને બીજા સ્થાનિક વિસ્તાર વચ્ચેના વેપાર પર નિયંત્રણ ધરાવતા હોય અથવા ભેદભાવયુક્ત હોય, તો તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે? તેનો જવાબ સ્પષ્ટપણે નકારાત્મક છે. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર અને વાણિજ્ય

મુક્ત રહેશે. આમ અનુચ્છેદ ૩૦૧ નો વ્યાપ ૩૦૪(એ) દ્વારા વિચારાયેલા કરવેરા પૂરતો સીમિત નથી, બલ્કે ભાગ ૧૩ પોતાની અંદર તમામ પ્રકારના કરવેરા કાયદાઓનો સમાવેશ કરે છે, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ ધરાવે છે. (એફ) અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પરના કરને જ આવરી લે છે. સાતમી અનુસૂચિની યાદી ૨ માં વિવિધ અન્ય પ્રવિષ્ટિઓ સમાવિષ્ટ છે જે રાજ્યને કર લાદવાની સત્તા આપે છે. પ્રવિષ્ટિ ૪૯ થી પ્રવિષ્ટિ ૬૨ કરવેરા કાયદાના વિવિધ ક્ષેત્રોની ગણતરી કરે છે. જો એવી દલીલ સ્વીકારવામાં આવે કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ઉલ્લેખિત કર જ ભાગ ૧૩ દ્વારા આવરી લેવાયેલ છે, તો યાદી ૨ માં ગણાવેલા તમામ કરવેરા કાયદા ભાગ ૧૩ ની પહોંચ બહાર જતા રહેશે. શું સંવિધાનના ઘડવૈયાઓએ એવી કલ્પના કરી હતી કે ૩૦૪(એ) માં ઉલ્લેખિત કાયદાઓ સિવાયના કરવેરા કાયદા દ્વારા રાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણ લાદી શકે છે, તેનો જવાબ નકારાત્મક જ હોવો જોઈએ. અનુચ્છેદ ૩૦૪(એ) માં ઉલ્લેખિત કરવેરા કાયદાઓ સિવાયના અન્ય કરવેરા કાયદાઓ ભાગ ૧૩ માં સમાવિષ્ટ નિયંત્રણમાંથી મુક્ત નથી. ઉદાહરણ તરીકે, પ્રવિષ્ટિ ૪૯ 'જમીનો અને મકાનો પરના કર' ની જોગવાઈ કરે છે. જ્યાં વેપાર અને વાણિજ્ય ચાલતું હોય તેવા મકાનો પર કર લાદતો રાજ્યનો કાયદો પસાર કરવામાં આવે છે, જેની અસર વેપાર અને વાણિજ્યને અવરોધવાની છે, તો શું એમ કહી શકાય કે આવા કરવેરા કાયદાને અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરવા બદલ પડકારી શકાય નહીં. જવાબ એ છે કે આવા

કાયદાએ પણ અનુચ્છેદ ૩૦૧ નું પાલન કરવું પડશે. આમ, અનુચ્છેદ ૩૦૪(એ) એ માત્ર એવો કરવેરો નથી જે ભાગ ૧૩ દ્વારા આવરી લેવાયેલ છે. પરંતુ તે કરવેરાનો એક એવો પ્રકાર છે જે રાજ્ય વિધાનમંડળ માટે કર લાદવાનો એવો માર્ગ મોકળો કરવા માટે સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો છે જે અનુચ્છેદ ૩૦૧ ને અવરોધે નહીં. (જી) છેલ્લે, ભાગ ૧૩ માં એવી કોઈ જોગવાઈ નથી કે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ તરીકે કામ કરતા કર પર ભાગ ૧૩ ની પ્રયોજ્યતાને નકારી કાઢે. જે બાબત ભાગ ૧૩ માં સ્પષ્ટપણે બાકાત રાખવામાં આવી નથી તેને અર્થઘટન દ્વારા બાકાત રાખી શકાય નહીં. [પેરા ૧૯૯][૭૫૬–એફ–એચ; ૭૫૭–એ–એચ; ૭૫૮–એ–જી]

૪.૨ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર 'સંવિધાન સભામાં વૈધાનિક ઈતિહાસ અને ચર્ચાઓ' વિષયની ચર્ચા કરતી વખતે એવું જણાયું હતું કે કરને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના નિયંત્રણો તરીકે ગણવામાં આવ્યા હતા અને એ પણ સમજાયું હતું કે કરવેરા દ્વારા પણ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણો મૂકી શકાય છે. ઉપરોક્ત બાબતો ઉપરાંત, એવા નીચે મુજબના કારણો છે જે એ નિષ્કર્ષને સમર્થન આપે છે કે ભાગ ૧૩ માં વપરાયેલ 'નિયંત્રણ' શબ્દમાં કરવેરા કાયદાનો સમાવેશ થાય છે: (૧) ભાગ ૧૩ નું શાબ્દિક અર્થઘટન પોતે જ દર્શાવે છે કે 'નિયંત્રણ' શબ્દમાં કરનો સમાવેશ કરવાનું વિચારવામાં આવ્યું હતું. અનુચ્છેદ ૩૦૪ નું શીર્ષક 'રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો' એમ વંચાય છે. જોકે શીર્ષક 'નિયંત્રણો' નો સંદર્ભ આપે છે પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) માં 'કોઈપણ કર'

શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. (૨) એ જ નિષ્કર્ષ અનુચ્છેદ ૩૦૬ પરથી નીકળે છે જે રીતે તે ઘડવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૬ માં પણ 'પ્રથમ અનુસૂચિના ભાગ 'બી' ના અમુક રાજ્યોની 'વેપાર અને વાણિજ્ય' પર નિયંત્રણ લાદવાની સત્તા' એવું શીર્ષક સમાવિષ્ટ હતું. અનુચ્છેદ ૩૦૬ માં એક નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ હતી જે ભાગ 'બી' ના રાજ્યોને ભારત સરકાર સાથેના કરારને આધીન રહીને તેવા કર લાદવાનું અને વસૂલ કરવાનું ચાલુ રાખવાની સત્તા આપતી હતી જે સંવિધાનના પ્રારંભ સમયે લાદવામાં આવી રહ્યા હતા. શીર્ષકમાં માત્ર વેપાર અને વાણિજ્ય પરના નિયંત્રણોનો ઉલ્લેખ હતો જ્યારે કલમમાં કર લાદવાનો ઉલ્લેખ હતો. આમ અનુચ્છેદ ૩૦૪ અને ૩૦૬ નું શાબ્દિક અર્થઘટન સ્પષ્ટપણે દર્શાવે છે કે 'નિયંત્રણ' શબ્દનો ઉપયોગ કરને સમાવી લેતા અર્થમાં કરવામાં આવ્યો હતો. (૩) ભાગ ૩ માં, અનુચ્છેદ ૧૯(૨) થી અનુચ્છેદ ૧૯(૬) માં 'નિયંત્રણ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાગ ૧૩ માં પણ 'નિયંત્રણ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાગ ૩ અને ભાગ ૧૩ માં આવતા 'નિયંત્રણ' શબ્દનો સમાન અર્થ થાય છે અને તેનું તે મુજબ જ અર્થઘટન થવું જોઈએ. સંવિધાનના વૈધાનિક અર્થઘટનનો એ જાણીતો સિદ્ધાંત છે કે જ્યારે સંવિધાનના વિવિધ ભાગોમાં એક જ શબ્દો અથવા શબ્દપ્રયોગોનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે જ્યાં સુધી સંદર્ભ અન્યથા માંગ ન કરતો હોય ત્યાં સુધી તેવા શબ્દને સમાન અર્થ આપવો જોઈએ. (૬) અનુચ્છેદ ૩૦૪(બી) માં વપરાયેલ 'નિયંત્રણ' શબ્દનું પણ એ જ રીતે અર્થઘટન કરવું પડશે. અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના કરના મર્યાદિત

ક્ષેત્રને આવરી લે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના આંતરિક કરવેરાને આવરી લેતો નથી. એક સ્થાનિક વિસ્તાર અને બીજા સ્થાનિક વિસ્તાર વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધતો રાજ્યનો આંતરિક કરવેરા કાયદો પણ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો હોવો જોઈએ. રાજ્ય વિધાનમંડળ પાસે રાજ્યના આંતરિક કરવેરાના સંબંધમાં નિયંત્રણ લાદવા માટે માન્ય કારણો હોઈ શકે છે અને જુદા જુદા સ્થાનિક વિસ્તારોના સંબંધમાં કરના જુદા જુદા દરો નક્કી કરવા માટેના કારણો હોઈ શકે છે, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ સમાન હોઈ શકે છે. અનુચ્છેદ ૩૦૪(બી) એ એક એવી બારી છે કે જેના દ્વારા રાજ્ય જાહેર હિતમાં વાજબી નિયંત્રણ લાદી શકે છે. જો એવું ઠેરવવામાં આવે કે અનુચ્છેદ ૩૦૪(બી) કરને આવરી લેતો નથી, તો રાજ્ય પાસે રાજ્યના આંતરિક વેપાર પર નિયંત્રણ લાદવા માટે અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સિવાયના અન્ય કર લાદવાના સંબંધમાં કોઈ વ્યવસ્થા રહેશે નહીં, જે સંવિધાનના ઘડવૈયાઓનો આશય હોઈ શકે નહીં. [પેરા ૨૦૦][૭૫૮–એચ; ૭૫૯–એ–એચ; ૭૬૦–એ–એચ; ૭૬૧–એ–બી]

*કે.ટી. મૂપિલ નાયર વિ. કેરળ રાજ્ય અને અન્ય ૧૯૬૧ (૩) એસ.સી.આર. ૭૭ – નો સંદર્ભ લેવામાં આવેલ.*

અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) સંબંધિત વૈધાનિક ઇતિહાસ અને સંવિધાન સભાની ચર્ચાઓ

૫. અનુચ્છેદ ૨૭૫ જે પાછળથી ભાગ ૧૦–એ માં અનુચ્છેદ ૨૭૯ડી તરીકે મંજૂર કરવામાં આવ્યો હતો અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ તરીકે અપનાવવામાં આવ્યો હતો. ઉપરોક્ત બાબત દર્શાવે છે કે શરૂઆતમાં આ જોગવાઈઓએ રાજ્યને "અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવાની સત્તા આપી હતી કે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલને આધીન છે", અને એક સુધારા દ્વારા અન્ય નિયંત્રણ એટલે કે "જોકે, તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય તે રીતે" ઉમેરવામાં આવ્યું હતું. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યની વૈધાનિક સત્તા પર ઉપરોક્ત બંને નિયંત્રણો ધરાવે છે. સંવિધાન સભાની કાર્યવાહી, આમ, સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉપરોક્ત બંને શરતો જોગવાઈમાં અલગ શરતો તરીકે ઉમેરવામાં આવી હતી અને પહેલેથી અસ્તિત્વમાં રહેલી પ્રથમ શરત ઉપરાંત બીજી શરત સુધારાના માધ્યમથી ઉમેરવામાં આવી હતી. હવે અનુચ્છેદ ૩૦૪(બી) પર આવતાં જે મુસદ્દા અનુચ્છેદ ૨૭૫(બી) ને સમાન હતો, સંવિધાન સભાએ ઉપરોક્ત અનુચ્છેદ પર સંપૂર્ણપણે ઝીણવટપૂર્વક ચર્ચા કરી હતી. એ સ્પષ્ટ છે કે અનુચ્છેદ ૨૭૯ડી ના પેટા–ખંડ (બી) સંબંધે જે હવે અનુચ્છેદ ૩૦૪(બી) છે, સંવિધાન સભા સમક્ષ વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા પરંતુ અનુચ્છેદ ૨૭૯ડી ના પેટા–ખંડ (બી) ને જે હવે અનુચ્છેદ ૩૦૪(બી) છે તેને જાળવી રાખીને તે વાંધાઓને ફગાવી દેવામાં આવ્યા હતા, આમ, સંવિધાનમાં અનુચ્છેદ ૩૦૪(બી) નો સમાવેશ સુવિચારિત સંવિધાનિક યોજનાના પરિણામરૂપ હતો અને સમાન નાણાકીય નીતિ તેમજ સમાન આર્થિક

નીતિ જાળવી રાખવા માટે રાજ્યની સત્તા પરના નિયંત્રણ તરીકે સ્વીકારવામાં આવ્યો હતો. [પેરા ૨૦૭, ૨૧૬][૭૬૪–ડી–એફ; ૭૭૦–સી–ડી]

અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) નું અર્થઘટન, અવકાશ અને વ્યાપ

૬.૧ અનુચ્છેદ ૩૦૪ ની શરૂઆત નોન–ઓબસ્ટેન્ટ કલમ સાથે થાય છે એટલે કે 'અનુચ્છેદ ૩૦૧ અથવા ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં'. અનુચ્છેદ ૩૦૧ જાહેર કરે છે કે સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે. અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ પર સર્વોપરી અસર ધરાવે છે, તેના શીર્ષક પરથી સ્પષ્ટ થાય છે તેમ અનુચ્છેદ ૩૦૪ રાજ્યો વચ્ચે 'વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો' ની જોગવાઈ કરે છે, જે અન્યથા ૩૦૧ હેઠળ પરવાનગીપાત્ર ન હોત. અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૩ માં જણાવ્યા મુજબ રાજ્યની વૈધાનિક સત્તા પરના નિયંત્રણોને પણ બાજુ પર રાખે છે. અનુચ્છેદ ૩૦૪ રાજ્યના વિધાનમંડળને અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કાયદા દ્વારા કોઈપણ કર લાદવાની સત્તા આપે છે. અનુચ્છેદ ૩૦૪(એ) નું સાદું વાંચન દર્શાવે છે કે તે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે અમુક શરતો ધરાવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) ને નીચેના ભાગોમાં વિભાજિત કરી શકાય છે:– ૧. અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર લાદવો; ૨. એવો કોઈપણ કર કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ

આધીન છે; ૩. જોકે, તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય તે રીતે. [પેરા ૨૧૮, ૨૧૯] [૭૭૧–બી–ઈ]

છે તેને યોગ્ય રીતે ધ્યાનમાં રાખવું આવશ્યક છે. આમ કરતી વખતે, અદાલતોનો અભિગમ ન તો જડ, ન તો નિર્જીવ કે ન તો પાંડિત્યપૂર્ણ હોઈ શકે. એક જીવંત અને ગતિશીલ દસ્તાવેજ હોવાના કારણે, સંવિધાનનું તેટલું જ ગતિશીલ અને વ્યવહારુ અર્થઘટન થવું જોઈએ કે જે પરસ્પર સ્પર્ધાત્મક ધ્યેયો અને ઉદ્દેશો વચ્ચે સુમેળ અને સંતુલન સાધે તથા રાષ્ટ્રીય લક્ષ્યો અને ઉદ્દેશોની પ્રાપ્તિને પ્રોત્સાહન આપે. કિહોતો હોલોહાન વિ. ઝાચિલ્હુ (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૬૫૧ માં આ કોર્ટે અવલોકન કર્યા મુજબ, તેને એક તાર્કિક સમગ્રતા તરીકે વાંચવું જોઈએ. સંવિધાનની જોગવાઈઓને અલગ પાડીને વાંચી શકાય નહીં, કે ન તો તેનું એ રીતે અર્થઘટન કરી શકાય જે અન્ય જોગવાઈને નિરર્થક બનાવી દે, તેમ આ કોર્ટે ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન અને અન્ય વિ. કર્ણાટક રાજ્ય (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ માં જાહેર કર્યું હતું. જો જોગવાઈમાં વપરાયેલા શબ્દો અચોક્કસ, પરિવર્તનશીલ અથવા સૂચક હોય અથવા વાજબી રીતે એક કરતાં વધુ અર્થ ધરાવતા હોય, તો અદાલત માટે જોગવાઈની શાબ્દિક સીમાઓથી આગળ વધવું અને અર્થઘટનના અન્ય સુમાન્ય નિયમોની મદદ લેવી વાજબી રહેશે, જેવા કે વૈધાનિક ઈતિહાસ, સમગ્ર કાયદાનું મૂળભૂત માળખું અને વ્યવસ્થા, જે ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાનો છે તે અને બીજા સંભવિત અર્થઘટનની સરખામણીમાં એક અર્થઘટન અપનાવવાથી ઉદ્ભવતા પરિણામો, તેવું આ કોર્ટે આંધ્ર પ્રદેશના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય વિ. એલ.વી. એ. દીક્ષિતુલુ અને અન્ય (૧૯૭૯) ૨ એસ.સી.સી. ૩૪ માં અવલોકન કર્યું હતું. આ કોર્ટના કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય (૧૯૭૩) ૪

એસ.સી.સી. ૨૨૫ ના નિર્ણયનો પણ સંદર્ભ આપી શકાય છે, જ્યાં આ કોર્ટે લોર્ડ ગ્રીનના અવલોકનોને નીચેના શબ્દોમાં અનુમોદન સાથે ટાંક્યા હતા:

*"૫૬. ..... <u>શૂન્યાવકાશમાં શબ્દોનું અર્થઘટન કરવું અને ત્યારબાદ તે અર્થને અનુચ્છેદમાં દાખલ કરવો તે યોગ્ય નથી.</u> લોર્ડ ગ્રીને બિડી વિ. જનરલ એક્સિડન્ટ, ફાયર એન્ડ લાઈફ એશ્યોરન્સ કોર્પોરેશન [૧૯૪૮] ૨ ઓલ ઈ.આર. ૯૯૫ માં અવલોકન કર્યું હતું:*

*સંસદના કોઈ અધિનિયમની કલમમાં શબ્દોનું અર્થઘટન કરતી વખતે, હું એવું વિચારવાનું સાહસ કરું છું કે, વ્યક્તિએ જે પહેલું કામ કરવાનું હોય છે તે શબ્દોને, એક રીતે કહીએ તો, શૂન્યાવકાશમાં ન લેવા અને તેમને જેને ક્યારેક તેમનો સ્વાભાવિક કે સામાન્ય અર્થ કહેવામાં આવે છે તે અર્થ ન આપવો. અંગ્રેજી ભાષામાં બહુ ઓછા શબ્દો એ અર્થમાં સ્વાભાવિક કે સામાન્ય અર્થ ધરાવે છે કે તેમને એવી રીતે વાંચવા જોઈએ કે જેથી તેમનો અર્થ તેમના સંદર્ભથી સંપૂર્ણપણે સ્વતંત્ર હોય. કાયદાઓનું અર્થઘટન કરવાની જે પદ્ધતિ હું પસંદ કરું છું તે ચોક્કસ શબ્દો લઈને તેમને એવો પ્રથમદર્શનીય અર્થ ન આપવાની છે જેને કદાચ તમારે હટાવવો કે સંશોધિત કરવો પડે. તે સમગ્ર કાયદાને વાંચવાની અને પોતાની જાતને એ પ્રશ્ન પૂછવાની છે: 'આ પરિસ્થિતિમાં, આ સંદર્ભમાં, આ વિષયવસ્તુના સંબંધમાં, તે શબ્દનો સાચો અર્થ શું છે.'"*

*"૫૭. હું શબ્દપ્રયોગનું અર્થઘટન કરવામાં લોર્ડ ગ્રીનના તર્કનો આદરપૂર્વક સ્વીકાર કરું છું "સંવિધાનનો સુધારો....*

***

૬૧. હું ગ્વાયર, સી.જે. અને લોર્ડ રાઈટના અવલોકનનો પણ સંદર્ભ આપી શકું છું:

"સામાન્ય શબ્દોમાં સત્તાની મંજૂરી, સ્વતંત્ર રીતે જોતાં, નિઃશંકપણે વ્યાપક અર્થમાં અર્થઘટન પામશે; પરંતુ તેને એ જ અધિનિયમની અન્ય સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા, સંદર્ભના ગર્ભિતાર્થો દ્વારા, અને અધિનિયમની જે સામાન્ય યોજના જણાય છે તેમાંથી ઉદ્ભવતી વિચારણાઓ દ્વારા પણ મર્યાદિત કરી શકાય છે." (ગ્વાયર, સી.જે. મુજબ — ધ સેન્ટ્રલ પ્રોવિન્સીસ એન્ડ બેરાર એક્ટ, ૧૯૩૯, એફ.સી.આર. ૧૮ પાના નં. ૪૨ એમ.આર. પર).

"તેથી, પ્રશ્ન અર્થઘટનનો છે અને આખરી ઉપાય તરીકે તેનો નિર્ણય વપરાયેલા વાસ્તવિક શબ્દોના આધારે થવો જોઈએ, જેને શૂન્યાવકાશમાં નહીં પરંતુ એક જ જટિલ દસ્તાવેજમાં સમાવિષ્ટ તરીકે વાંચવામાં આવે, જેમાં એક ભાગ બીજા ભાગ પર પ્રકાશ પાડી શકે છે. સંવિધાનને સમવાયી કરાર તરીકે વર્ણવવામાં આવ્યું છે, અને સંવિધાને તેના તમામ ભાગો વચ્ચે સંતુલન જાળવવું જોઈએ." (લોર્ડ રાઈટ મુજબ — જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા, ૧૯૩૬ એ.સી. પ૭૮ પાના નં. ૬૧૩ પર)."

૧૨. એ સુસ્થાપિત છે કે કર લાદવાની સાર્વભૌમ સત્તા સહિતના વૈધાનિક કાર્યોની વહેંચણી કરતી વખતે સંવિધાનના ઘડવૈયાઓના મનમાં જે નાજુક સંતુલન હતું તેને ખોરવી નાખવાની ક્ષમતા કે વૃત્તિ ધરાવતા સંકુચિત અર્થઘટનથી બચવું જોઈએ અને કેન્દ્ર તથા રાજ્યો વચ્ચે અથવા રાજ્યો–રાજ્યો વચ્ચેના પરસ્પર સંબંધો સહિત રાજ્યના વિવિધ અંગો વચ્ચેના સુમેળભર્યા સંબંધ માટે સૌથી વધુ હિતકારી હોય તેવું અર્થઘટન અપનાવવું જોઈએ. આમાં, કેટલીકવાર, અસમંજસતાઓ કે વિસંગતતાઓને દૂર કરવાનો સમાવેશ થઈ શકે છે, જે કવાયત સંવિધાનિક અદાલતે ગૂંચવણ અને તેના પરિણામે સંવિધાનિક ઉદ્દેશોના નકારને ટાળવા માટે અનિવાર્યપણે હાથ ધરવી જ જોઈએ.

૧૩. આમ કહ્યા પછી, કર લાદવો એ સ્વયંભૂ રીતે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના અધિકાર પર અવરોધ કે પ્રતિબંધ તરીકે કામ કરે છે કે કેમ તે પ્રશ્ન પર વિચાર કરતાં પહેલાં આપણે ચોક્કસ મૂળભૂત બાબતો પર સ્પષ્ટતા કેળવવી પડશે. તે એટલા માટે કારણ કે પ્રશ્ન નં. ૧ નો સાચો અને યોગ્ય જવાબ ત્યારે જ શોધી શકાય જો જે ઉકેલવું કંઈક અંશે મુશ્કેલ જણાયું છે તેને ઉકેલવાનો પ્રયાસ કરતી વખતે આપણે આ મૂળભૂત બાબતોને સતત ધ્યાનમાં રાખીએ. ઉદાહરણ તરીકે, શું કર લાદવો એ સાર્વભૌમત્વનું એક લક્ષણ છે અને જો તેમ હોય તો, શું સંવિધાનનો અનુચ્છેદ ૨૪૬ એ સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ માં ગણાવેલા વિષયો પર કર લાદવાની સત્તા સહિત કાયદા બનાવવાની રાજ્યની સાર્વભૌમ સત્તાને માન્યતા આપે છે કે કેમ, તે એક મહત્વપૂર્ણ પાસું છે જેને અર્થઘટનની કવાયતના એક ભાગ તરીકે ધ્યાને લેવું જ જોઈએ. તેવી જ

રીતે, આપણે એ પણ તપાસવું જોઈએ કે જો કર લાદવાની સત્તાને અનુચ્છેદ ૩૦૧ ને આધીન ગણવામાં આવે, તો શું તેની અસર કર લાદવાની બાબતમાં રાજ્યોને તેમની સાર્વભૌમત્વથી વંચિત કરવાની થશે અને તે પ્રક્રિયામાં સંવિધાન દ્વારા પરિકલ્પિત રાજ્યવ્યવસ્થાના સમવાયી માળખાને અસર પહોંચાડશે. જો કર લાદવો હંમેશાં વાજબી અને જાહેર હિતમાં હોવાનું માની લેવામાં આવે, તો જ્યારે અનુચ્છેદ ૩૦૪(બી) માં "જાહેર હિતમાં વાજબી પ્રતિબંધો" લાદવાની જોગવાઈ કરવામાં આવી હોય ત્યારે શું આવા કરારોપણને તે અનુચ્છેદની વિચારણા હેઠળ ગણી શકાય કે કેમ, તે વધુ એક પાસું છે જેની તપાસ થવી જોઈએ, ખાસ કરીને ત્યારે જ્યારે અનુચ્છેદ ૩૦૪(બી) ના ક્ષેત્રમાં આવતા કોઈપણ પ્રતિબંધની વ્યાજબીતા અદાલતો દ્વારા ન્યાયિક ચકાસણીથી મુક્ત નથી. આ એવા કેટલાક વ્યાપક અને મૂળભૂત મુદ્દાઓ છે કે જેની તપાસ આપણે કર લાદવો એ સ્વયંભૂ રીતે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર માટે અવરોધ તરીકે કામ કરે છે કે કેમ તે પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરીએ તે પહેલાં થવી જરૂરી છે. આપણા અર્થઘટન હેઠળ આવતી ભાગ ૧૩ ની જોગવાઈઓ તરફ વળતાં પહેલાં આપણે હવે આ મૂળભૂત બાબતોનો સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરી શકીએ છીએ.

## <u>કર લાદવાની સત્તા : સાર્વભૌમત્વનું એક લક્ષણ</u>

૧૪. કર લાદવાની સત્તા સાર્વભૌમત્વના એક આવશ્યક લક્ષણ તરીકે સર્વત્ર સ્વીકારવામાં આવી છે. કુલીએ તેમના પુસ્તક 'બુક ઓન ટેક્સેશન' – વોલ્યુમ–૧ (૪થી આવૃત્તિ) ના પ્રકરણ–૨ માં કરવેરાની સત્તાને સાર્વભૌમ

રાજ્યમાં અંતર્ગત હોવાનું સ્વીકાર્યું છે. લેખક કહે છે કે, આ સત્તા લોકોમાં અંતર્ગત છે અને તેનો હેતુ જાહેર ખર્ચાઓને પહોંચી વળવા માટે કોઈ વાજબી નિયમ કે ફાળવણી અનુસાર નાણાં અથવા અન્ય મિલકતનો ફાળો વસૂલ કરવાનો છે. પુસ્તકમાંથી નીચેનો પરિચ્છેદ સુસંગત છે:

***"૫૭. કર લાદવાની સત્તા સાર્વભૌમત્વના એક અંતર્ગત લક્ષણ તરીકે.***

*કરવેરાની સત્તા એ સાર્વભૌમત્વનું એક આવશ્યક અને અંતર્ગત લક્ષણ છે, જે અધિકારની રૂએ દરેક સ્વતંત્ર સરકારનું છે. તે લોકો દ્વારા સ્પષ્ટપણે પ્રદાન કર્યા વિના પણ સરકાર દ્વારા ધરાવવામાં આવે છે. આ સત્તા લોકોમાં અંતર્ગત છે કારણ કે સરકારના નિર્વાહ માટે તેમના તરફથી ફાળાની જરૂર પડે છે. વાસ્તવમાં કરવેરાની સત્તાને "જાહેર ખર્ચાઓને પહોંચી વળવાના હેતુ માટે તેના અધિકારક્ષેત્ર હેઠળની મિલકત અથવા વ્યવસાયોમાંથી, કોઈ વાજબી નિયમ કે ફાળવણી અનુસાર, નાણાં અથવા અન્ય મિલકતનો ફાળો વસૂલ કરવાની સાર્વભૌમ રાજ્યમાં અંતર્ગત સત્તા" તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે. કરવેરાની સત્તા સંબંધિત સંવિધાનિક જોગવાઈઓ સરકારને કરવેરાની સત્તાની મંજૂરી તરીકે કામ કરતી નથી, પરંતુ તેના બદલે તે એવી સત્તા પર માત્ર મર્યાદાઓ લાદે છે કે જે અન્યથા વ્યવહારિક રીતે અમર્યાદિત હોત. કર લાદવાની આ અંતર્ગત સત્તા એવી દરેક બાબત પર વિસ્તરે છે કે જેના પર સાર્વભૌમ સત્તા વિસ્તરેલી છે, પરંતુ તેની સાર્વભૌમ સત્તાની બહારની કોઈપણ બાબત પર નહીં. સમવાયી સરકારની કરવેરાની સત્તામાં પણ તેની સાર્વભૌમ સત્તાની બહારની બાબતોનો સમાવેશ*

*થતો નથી. પરંતુ જ્યાં જમીન પરનો અનન્ય અધિકારક્ષેત્ર અન્ય રાજ્ય અથવા દેશને આપવામાં આવ્યો હોય, ત્યાં તે જમીન જે રાજ્યની સીમાઓમાં આવેલી હોય તે રાજ્યની કરવેરા સત્તાને આધીન રહે છે."*

૧૫. રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. યુ.પી. રાજ્ય અને અન્ય (એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૫૬૩) માં આ કોર્ટનો નિર્ણય પણ એ જ અર્થનો છે જ્યાં આ કોર્ટે અવલોકન કર્યું હતું:

> *"…. કરવેરાની સત્તા, નિઃશંકપણે, રાજ્યનો સાર્વભૌમ અધિકાર છે; જેમ કે મેકકુલોચ વિ. મેરીલેન્ડ [૪ લો એડિ. પ૭૯ પાના નં. ૬૦૭] માં મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું: "લોકો અને તેમની મિલકત પર કર લાદવાની સત્તા સરકારના અસ્તિત્વ માટે જ અનિવાર્ય છે, અને સરકાર જ્યાં સુધી તેને લઈ જવાનું પસંદ કરે તેટલી મહત્તમ હદ સુધી તે જે બાબતો પર લાગુ પડે છે તેના પર કાયદેસર રીતે વાપરી શકાય છે." તે અર્થમાં, કર લાદવામાં આવેલી રકમના સંદર્ભમાં અથવા જે મિલકતને કરનો વિષય બનાવવામાં આવી છે તેના સંદર્ભમાં, કરવેરાની સત્તાનો વાજબી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે કે કેમ તેની તપાસ કરવી તે અદાલતનું કાર્ય નથી. સંવિધાનનો અનુચ્છેદ ૨૬૫ જોગવાઈ કરે છે કે કાયદાની સત્તા સિવાય કોઈ કર લાદવામાં કે વસૂલ કરવામાં આવશે નહીં; અને તેથી, કર કાયદેસર રીતે લાદવામાં આવ્યો છે કે નહીં તે નક્કી કરવા માટે, પ્રથમ એ તપાસ કરવી જરૂરી રહેશે કે જે*

*વિધાનમંડળે અધિનિયમ પસાર કર્યો છે તે તેને પસાર કરવા માટે સક્ષમ હતું કે નહીં."*

***(ભારપૂર્વક ઉમેરેલ)***

૧૬. દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કંપની (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪ નો પણ સંદર્ભ આપી શકાય છે જ્યાં આ કોર્ટે ઠેરવેલ કે:

*"૮. સરકારી દેવાની અગ્રતાનો સિદ્ધાંત અનિવાર્યતાના અને જાહેર નીતિના નિયમ પર આધારિત છે. રાજ્યના દેવાઓની અગ્રતાના દાવા માટેનું મૂળભૂત સમર્થન એ સુમાન્ય સિદ્ધાંત પર રહેલું છે કે રાજ્ય કરવેરા દ્વારા નાણાં એકત્રિત કરવા માટે હકદાર છે કારણ કે <u>જ્યાં સુધી રાજ્યને પર્યાપ્ત મહેસૂલ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે સાર્વભૌમ સરકાર તરીકે બિલકુલ કાર્ય કરી શકશે નહીં. એ આવશ્યક છે કે એક સાર્વભૌમ તરીકે, રાજ્ય તેના પ્રાથમિક સરકારી કાર્યો બજાવવા સક્ષમ હોવું જોઈએ અને આવા કાર્યોને કાર્યક્ષમ રીતે બજાવવા સક્ષમ બનવા માટે, તેની પાસે જરૂરી ભંડોળ હોવું આવશ્યક છે</u> અને આ વિચારણા રાજ્યને તેના કરવેરાના લેણાંના સંબંધમાં અગ્રતાનો દાવો કરવાનો અધિકાર સ્વીકારવાની આવશ્યકતા અને શાણપણ પર ભાર મૂકે છે (જુઓ બિલ્ડર્સ સપ્લાય કોર્પો. [એ.આઈ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૦૬૧ : (૧૯૬૫) ૫૬ આઈ.ટી.આર. ૯૧])"*

***(ભારપૂર્વક ઉમેરેલ)***

૧૭. કમિશનર ઓફ ઇનકમ ટેક્સ, ઉદયપુર, રાજસ્થાન વિ. મેકડોવેલ એન્ડ કંપની લિ. (૨૦૦૯) ૧૦ એસ.સી.સી. ૭૫૫ માં આ કોર્ટે નીચેના શબ્દોમાં કાયદાકીય સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો:

*"૨૧. એક વર્ગની રચના કરતા "કર", "ડ્યુટી", "સેસ" કે "ફી" એ રાજ્ય માટે મહેસૂલ એકત્રિત કરવા માટે કરવેરાની પોતાની સાર્વભૌમ સત્તા હેઠળ રાજ્ય દ્વારા લાદવામાં આવતા વિવિધ પ્રકારના કરબોજ દર્શાવે છે. દરેક પ્રકારની અભિવ્યક્તિની અંદર, દરેક શબ્દપ્રયોગ તે જે હેતુ માટે લાદવામાં આવે છે તેના આધારે વિવિધ પ્રકારના કરબોજ દર્શાવે છે. આ સત્તાનો ઉપયોગ તેના કોઈપણ સ્વરૂપમાં માત્ર કર લાદવા અને વસૂલ કરવા માટે અધિકૃત કરતા કોઈપણ કાયદા હેઠળ જ કરી શકાય છે જેવું કે અનુચ્છેદ ૨૬૫ હેઠળ પરિકલ્પિત છે, જેમાં ફક્ત એવો શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે કે કાયદા દ્વારા અધિકૃત કરાયા સિવાય કોઈ "કર" લાદવામાં કે વસૂલ કરવામાં આવશે નહીં. તે તેના પ્રાથમિક અર્થમાં એ દર્શાવે છે કે કરને સમર્થન આપવા માટે વૈધાનિક કાર્યવાહી અનિવાર્ય છે, તેને કોઈપણ વૈધાનિક મંજૂરીની ગેરહાજરીમાં સંઘ દ્વારા અનુચ્છેદ ૭૩ હેઠળ અથવા રાજ્ય દ્વારા અનુચ્છેદ ૧૬૨ હેઠળ રાજ્યની કારોબારી સત્તાનો ઉપયોગ કરીને લાદી અને વસૂલ કરી શકાતો નથી.*

*૨૨. અનુચ્છેદ ૩૬૬(૨૮) હેઠળ "કરવેરા" ની વ્યાખ્યામાં સામાન્ય કે સ્થાનિક અથવા વિશેષ એવા કોઈપણ કર કે કરબોજ લાદવાનો સમાવેશ*

કરવામાં આવ્યો છે અને કરનું તે મુજબ અર્થઘટન કરવામાં આવશે. "કરબોજ" એટલે ફરજિયાત ઉઘરાણું. "કર" ની તેના વ્યાપક અર્થમાં જાણીતી અને સુસ્થાપિત લાક્ષણિકતામાં તમામ કરબોજનો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં કરબોજની નીચે મુજબની લાક્ષણિકતાઓ છે:

(૧) કર લાદવાની સત્તા એ સાર્વભૌમત્વનું એક આનુષંગિક પાસું છે.

(૨) અનુચ્છેદ ૨૬૫ ના સંદર્ભમાં "કાયદો" એટલે વિધાનમંડળનો અધિનિયમ અને તેમાં સ્પષ્ટ વૈધાનિક સત્તા વિનાના કારોબારી હુકમ કે નિયમનો સમાવેશ થઈ શકે નહીં.

(૩) અનુચ્છેદ ૩૬૬(૨૮) સાથે વાંચવામાં આવતા અનુચ્છેદ ૨૬૫ હેઠળ "કર" શબ્દમાં દરેક પ્રકારના કરબોજનો સમાવેશ થાય છે અર્થાત્ કર, ડ્યુટી, સેસ કે ફી.

(૪) સાર્વભૌમત્વના આનુષંગિક અંગ તરીકે અને ફરજિયાત વસૂલાતના સ્વરૂપમાં હોવાના કારણે, કરારના સિદ્ધાંત પર આધારિત જવાબદારી એ સામાન્ય, સ્થાનિક કે વિશેષ કરબોજ તરીકે તેના તકનીકી અર્થમાં "કર" હોઈ શકે નહીં."

(ભારપૂર્વક ઉમેરેલ)

**સંવિધાન હેઠળ કરવેરાની સત્તા:**

૧૮. અમે હવે કર લાદવાની સાર્વભૌમ સત્તા પરની સંવિધાનિક મર્યાદાઓ તરફ વળીશું, પરંતુ તેમ કરતાં પહેલાં અમારે એ નિર્દેશ કરવાની જરૂર છે કે કર લાદવાની સત્તા સાર્વભૌમત્વનું એક લક્ષણ હોવા છતાં, તે સત્તાનો ઉપયોગ સંવિધાન દ્વારા નિયંત્રિત થાય છે. આ બાબત અનુચ્છેદ ૨૬૫ ની જોગવાઈઓ પરથી સ્પષ્ટ થાય છે જે કાયદાની સત્તા સિવાય કોઈપણ કર લાદવા કે વસૂલ કરવાની મનાઈ ફરમાવે છે. તે આ પ્રમાણે વંચાય છે:

> ***"૨૬૫. કાયદાની સત્તા સિવાય કર લાદવામાં આવશે નહીં*** *— કાયદાની સત્તા સિંવાય કોઈપણ કર લાદવામા કે વસૂલ કરવામાં આવશે નહીં."*

ઉપર ઉલ્લેખિત કાયદાની સત્તા સંવિધાનની કોઈ જોગવાઈમાંથી મેળવી શકાય તેવી હોવી જોઈએ, ખાસ કરીને જ્યાં કેન્દ્ર અને રાજ્યો દ્વારા વૈધાનિક સત્તાઓની વહેંચણી કરવામાં આવતી હોય, જેવું કે આપણા સંવિધાનના કિસ્સામાં છે કે જે શાસનની અર્ધ–સમવાયી પ્રણાલી તરીકે વર્ણવવામાં આવેલી વ્યવસ્થા પૂરી પાડે છે.

કાયદા ઘડવાની સત્તાનો સ્ત્રોત સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ માં સમાવિષ્ટ છે જે આ પ્રમાણે વંચાય છે:

> ***"૨૪૫. સંસદે અને રાજ્યોના વિધાનમંડળોએ ઘડેલા કાયદાઓની વ્યાપ્તિ*** *— (૧) આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને, સંસદ ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડી શકશે,*

*અને રાજ્યનું વિધાનમંડળ સમગ્ર રાજ્ય માટે અથવા રાજ્યના કોઈપણ ભાગ માટે કાયદા ઘડી શકશે.*

*(૨) સંસદ દ્વારા ઘડવામાં આવેલ કોઈ કાયદો, તે રાજ્યક્ષેત્રાતીત અમલ ધરાવતો હશે તેવા કારણસર અમાન્ય ગણાશે નહીં.*

***૨૪૬. સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓનું વિષયવસ્તુ —*** *(૧) ખંડ (૨) અને (૩) માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સાતમી અનુસૂચિની યાદી ૧ માં નિર્દિષ્ટ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની સંસદ પાસે અનન્ય સત્તા છે (આ સંવિધાનમાં "સંઘ યાદી" તરીકે ઉલ્લેખિત છે).*

*(૨) ખંડ (૩) માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સંસદ અને, ખંડ (૧) ને આધીન રહીને, કોઈપણ રાજ્યનું વિધાનમંડળ પણ, સાતમી અનુસૂચિની યાદી ૩ માં નિર્દિષ્ટ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની સત્તા ધરાવે છે (આ સંવિધાનમાં "સમવર્તી યાદી" તરીકે ઉલ્લેખિત છે).*

*(૩) ખંડ (૧) અને (૨) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે તેવા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે સાતમી અનુસૂચિની યાદી ૨ માં નિર્દિષ્ટ કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની અનન્ય સત્તા છે (આ સંવિધાનમાં 'રાજ્ય યાદી' તરીકે ઉલ્લેખિત છે).*

*(૪) સંસદ પાસે ભારતના રાજ્યક્ષેત્રના [રાજ્યમાં] સમાવિષ્ટ ન હોય તેવા કોઈપણ ભાગ માટે કોઈપણ બાબતના સંબંધમાં કાયદા ઘડવાની સત્તા છે, ભલે તેવી બાબત રાજ્ય યાદીમાં નિર્દિષ્ટ બાબત હોય."*

૧૯. અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ નું અર્થઘટન કરતાં, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની પીઠે મેસર્સ હોઇસ્ટ ફાર્માસ્યુટિકલ્સ લિ. અને અન્ય વિ. બિહાર રાજ્ય અને અન્ય (૧૯૮૩) ૪ એસ.સી.સી. ૪૫ માં, ઉપલબ્ધ નિર્ણયોની સમીક્ષા પર ઠેરવેલ કે સંવિધાન અનુચ્છેદ ૨૪૬ હેઠળ સંઘ અને રાજ્યોની કરવેરા સત્તાઓનું સંપૂર્ણ વિભાજન કરે છે અને તે સત્તાના ઉપયોગમાં ક્યાંય કોઈ અતિવ્યાપ્તિ નથી. કરવેરાના સ્ત્રોતો સ્પષ્ટપણે સીમાંકિત કરવામાં આવ્યા છે, તેમ કોર્ટે અવલોકન કર્યું હતું. કોર્ટે એ પણ ઠેરવેલ કે કાયદા ઘડવાના સામાન્ય વિષયો અને કરવેરા વચ્ચે તફાવત છે કારણ કે પૂર્વોક્ત સાથે એક જૂથમાં વ્યવહાર કરવામાં આવ્યો છે જ્યારે બાદના સાથે અલગ જૂથમાં વ્યવહાર કરવામાં આવ્યો છે. પરિણામ એ છે કે કર લાદવાની સત્તા સામાન્ય વૈધાનિક પ્રવિષ્ટિમાંથી તારવી શકાતી નથી. તે મતને આ કોર્ટની સંવિધાન પીઠ દ્વારા પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧ માં અનુમોદિત કરવામાં આવ્યો હતો. તેથી તે બંને નિર્ણયોમાં જણાવેલા સિદ્ધાંતો સુસ્થાપિત થયેલા ગણવા જોઈએ. આ કોર્ટના કેરળ રાજ્ય અને અન્ય વિ. માર એપ્રેમ કુરી કંપની લિ. અને અન્ય (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬ ના નિર્ણયનો પણ સંદર્ભ આપી શકાય છે જ્યાં આ કોર્ટે અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ ના વ્યાપ અને તાત્પર્યને સમજાવ્યું હતું:

"૩૫. અનુચ્છેદ ૨૪૫ સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ સાથે સંબંધિત છે. ભૂતકાળનું ક્રિયાપદ "મેઇડ", અનુચ્છેદ ૨૪૫ ની હેડ નોટમાં સ્થાન પામે છે. વર્તમાનકાળનું ક્રિયાપદ "મેક", અનુચ્છેદ ૨૪૫(૧) માં અસ્તિત્વ ધરાવે છે જ્યારે ભૂતકાળનું ક્રિયાપદ "મેઇડ", અનુચ્છેદ ૨૪૫(૨) માં સ્થાન પામે છે. જ્યારે વૈધાનિક સત્તા અનુચ્છેદ ૨૪૫ માંથી મેળવવામાં આવે છે, ત્યારે સંવિધાનની સાતમી અનુસૂચિમાંની પ્રવિષ્ટિઓ માત્ર સંબંધિત વિધાનમંડળોના વૈધાનિક ક્ષેત્રોનું સીમાંકન કરે છે અને સ્વયં વૈધાનિક સત્તા પ્રદાન કરતી નથી. સંસદ પાસે સમગ્ર ભારતના રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડવાની સત્તા છે, જ્યારે રાજ્યનું વિધાનમંડળ માત્ર રાજ્ય અથવા તેના ભાગ માટે જ કાયદા ઘડી શકે છે. આમ, અનુચ્છેદ ૨૪૫ અન્ય બાબતોની સાથે સંસદ દ્વારા અને રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ દર્શાવે છે.

૩૬. અનુચ્છેદ ૨૪૬ સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓના વિષયવસ્તુ સાથે સંબંધિત છે. ક્રિયાપદ "મેઇડ" ફરી એકવાર અનુચ્છેદ ૨૪૬ ની હેડ નોટમાં સ્થાન પામે છે. આ અનુચ્છેદ સાતમી અનુસૂચિની વિવિધ યાદીઓના સંદર્ભમાં, સંઘ અને રાજ્ય વિધાનમંડળો વચ્ચે વૈધાનિક સત્તાઓની વહેંચણી સાથે સંબંધિત છે. ટૂંકમાં, યાદી ૧ ની બાબતોના સંબંધમાં કાયદો ઘડવાની સંસદ પાસે સંપૂર્ણ અને અનન્ય સત્તાઓ છે અને યાદી ૩ ની બાબતોના સંબંધમાં કાયદો ઘડવાની પણ સત્તા છે, જ્યારે

*બીજી બાજુ, રાજ્ય વિધાનમંડળો પાસે યાદી ૧ અને યાદી ૩ માં આવતી બાબતોને બાદ કરતાં, યાદી ૨ ની બાબતોના સંબંધમાં કાયદો ઘડવાની અનન્ય સત્તા છે અને યાદી ૩ ની બાબતોના સંબંધમાં સમવર્તી સત્તા છે. (જુઓ સુબ્રહ્મણ્યન ચેટ્ટિયાર વિ. મુત્તુસ્વામી ગૌંડન)*

*૩૭. અનુચ્છેદ ૨૪૬, આમ, અનુચ્છેદ ૨૪૫ દ્વારા પ્રદાન કરવામાં આવેલી વૈધાનિક સત્તાઓની સંઘ અને રાજ્યો વચ્ચે વહેંચણીની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૫ એ "આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને" શબ્દપ્રયોગ સાથે શરૂ થાય છે. તેથી, અનુચ્છેદ ૨૪૬ ને "સંવિધાનની અન્ય જોગવાઈઓને આધીન રહીને" તરીકે વાંચવો જોઈએ.*

*૩૮. આ નિર્ણયના હેતુઓ માટે, જે મુદ્દા પર ભાર મૂકવાની જરૂર છે તે એ છે કે અનુચ્છેદ ૨૪૫ વૈધાનિક સત્તાઓ પ્રદાન કરવા સાથે સંબંધિત છે જ્યારે અનુચ્છેદ ૨૪૬ વૈધાનિક સત્તાઓની વહેંચણીની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૫ કાયદાઓની વ્યાપ્તિ સાથે સંબંધિત છે જ્યારે અનુચ્છેદ ૨૪૬ વૈધાનિક સત્તાઓની વહેંચણી સાથે સંબંધિત છે. આ અનુચ્છેદોમાં, સંવિધાન ઘડવૈયાઓએ "મેક" શબ્દનો ઉપયોગ કર્યો છે અને "કમેન્સમેન્ટ" શબ્દનો નહીં, જે ચોક્કસ કાનૂની અર્થ ધરાવે છે. [જુઓ ધ જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ ની કલમ ૩(૧૩).]"*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

**<u>સત્તાના ઉપયોગ પર મર્યાદાઓ</u>**

૨૦. જોકે, સાર્વભૌમ સત્તાનો ઉપયોગ સંવૈધાનિક મર્યાદાઓને આધીન છે, ખાસ કરીને આપણા જેવી સંઘીય પ્રણાલીમાં જ્યાં રાજ્યો પણ અનુમતિપાત્ર હદ સુધી કર, જકાત અને ફી લાદતા કાયદાઓ સહિત કાયદા ઘડવાની સત્તાનો ઉપયોગ કરે છે. કર લાદવાની સત્તા સંવૈધાનિક મર્યાદાઓને આધીન છે તે બાબત હવે રેસ–ઇન્ટેગ્રા રહી નથી. આ કોર્ટની સંવિધાન પીઠે સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ લિ. અને અન્ય વિ. યુ.પી. રાજ્ય અને અન્ય (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૦૯ માં સ્વીકાર્યું છે કે ભારતમાં કેન્દ્ર અને રાજ્યો બંને, સંવિધાન તેમને જે હદ સુધી તે સત્તા પ્રદાન કરે છે તે હદ સુધી સાર્વભૌમ સત્તાના ઉપયોગનો ઉપભોગ કરે છે. આ કોર્ટે જાહેર કર્યું હતું:

> *"૫૬ ... જોકે, અમે પોલીસ સત્તાના કોઈપણ સિદ્ધાંત પર આગળ વધવા માંગતા નથી કારણ કે ભારતીય સંવિધાન તે રીતે પોલીસ સત્તાને માન્યતા આપતું નથી. પરંતુ આપણે સાર્વભૌમ સત્તાના ઉપયોગને માન્યતા આપવી જ જોઈએ જે રાજ્યને તેના કાર્યો કરવા માટે સંવિધાનની મર્યાદાઓને આધીન રહીને કોઈપણ કાયદો ઘડવાની પર્યાપ્ત સત્તા આપે છે. તેથી, સાર્વભૌમ રાજ્ય તરીકે ભારતીય સંવિધાન પાસે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાના વિભાજનની મર્યાદા સિવાય તમામ શાખાઓ પર કાયદો ઘડવાની સત્તા છે અને તે સંવિધાન હેઠળ ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોને પણ આધીન છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચે, ભારતીય રાજ્યો સાર્વભૌમ સત્તા ધરાવે છે. લોકોના સ્વાસ્થ્ય, શાંતિ, નૈતિકતા, શિક્ષણ અને સુવ્યવસ્થાને પ્રોત્સાહન આપતી તમામ બાબતો*

*કરવા માટે દરેક સાર્વભૌમ રાજ્યમાં સાર્વભૌમ સત્તા સંપૂર્ણ અને અંતર્ગત છે. સાર્વભૌમત્વને વ્યાખ્યાયિત કરવું મુશ્કેલ છે. જોકે, સાર્વભૌમત્વની આ સત્તા સંવૈધાનિક મર્યાદાઓને આધીન છે. "કેટલાક સંવૈધાનિક સત્તાવાળાઓના મતે, આ સત્તા જનતા માટે તે જ છે જે વ્યક્તિ માટે આવશ્યકતા છે. કર લાદવાનો અથવા જકાત ઉઘરાવવાનો અધિકાર સંવિધાનની જોગવાઈઓ અનુસાર હોવો જોઈએ."*

૨૧. તો પછી સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ ની સુસંગત પ્રવિષ્ટિઓ હેઠળ રાજ્ય વિધાનમંડળો માટે અનામત રાખવામાં આવેલા ક્ષેત્રમાં કર લાદવાની અથવા તે બાબતે કાયદા ઘડવાની તેમની સત્તા પર સંવૈધાનિક મર્યાદાઓ કઈ છે? આ મર્યાદાઓ પૈકીની પ્રથમ અને સર્વોચ્ચ મર્યાદા ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૩ માં જણાય છે જે જાહેર કરે છે કે સંવિધાનના પ્રારંભની તરત પહેલાં ભારતના રાજ્યક્ષેત્રમાં અમલમાં હોય તેવા તમામ કાયદાઓ, નાગરિકોને ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારો સાથે સંબંધિત ભાગ ૩ ની જોગવાઈઓ સાથે અસંગત હોય તે હદ સુધી શૂન્ય છે. તે રાજ્યોને ભાગ ૩ ની કોઈપણ જોગવાઈ છીનવી લેતો અથવા ઘટાડતો કોઈપણ કાયદો ઘડવાની મનાઈ ફરમાવે છે. સદર અધિકારોના ઉલ્લંઘનમાં ઘડવામાં આવેલો કોઈપણ કાયદો ઉલ્લંઘનની હદ સુધી રદબાતલ રહેશે. એ વાત નિર્વિવાદ છે કે ઉપરોક્ત સંવૈધાનિક મર્યાદાને આધીન રહીને સંસદને કાયદા ઘડવાની સત્તા પ્રદાન કરવામાં આવી છે. તેવી જ રીતે અનુચ્છેદ ૨૪૮ મુજબ, સમવર્તી યાદી અથવા રાજ્ય યાદીમાં અન્યથા ઉલ્લેખ ન હોય તેવો કર લાદવાની અવશિષ્ટ સત્તા રાજ્ય

વિધાનમંડળોને બાકાત રાખીને સંસદમાં નિહિત કરવામાં આવી છે, અને રાજ્યોની કર લાદવાની સત્તા ખાસ કરીને તેમની તરફેણમાં અનામત રાખવામાં આવેલ હોય તે પૂરતી જ મર્યાદિત છે અને તેનાથી વિશેષ નહીં.

૨૨. અનુચ્છેદ ૨૪૯ તેવી જ રીતે રાષ્ટ્રીય હિત માટે રાજ્ય યાદીની કોઈ બાબતના સંબંધમાં કાયદો ઘડવાની સત્તા સંસદને આપે છે, શરત એ છે કે કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ (રાજ્યસભા) એ હાજર રહીને મતદાન કરતા સભ્યોના ઓછામાં ઓછા બે–તૃતીયાંશ સભ્યો દ્વારા સમર્થિત ઠરાવ દ્વારા જાહેર કર્યું હોય કે રાષ્ટ્રીય હિતમાં તેમ કરવું આવશ્યક અથવા હિતાવહ છે. અનુચ્છેદ ૨૪૯(૨) અને તે હેઠળના પરંતુકના સંદર્ભમાં જ્યાં સુધી આવો કોઈ ઠરાવ અમલમાં રહે ત્યાં સુધી જ આ સત્તા ઉપલબ્ધ રહે છે.

૨૩. અનુચ્છેદ ૨૫૦ એ વધુ એક એવી જોગવાઈ છે જે જ્યારે કટોકટીની ઉદ્ઘોષણા હોય ત્યારે રાજ્ય યાદીની કોઈપણ બાબતના સંબંધમાં કાયદો ઘડવાની સત્તા સંસદને આપે છે. અનુચ્છેદ ૨૪૯ અને ૨૫૦ હેઠળ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ અને રાજ્યોના વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ વચ્ચે અસંગતતાની સ્થિતિમાં, સંસદ દ્વારા ઘડવામાં આવેલો કાયદો, અનુચ્છેદ ૨૫૧ ના સંદર્ભમાં, અસંગતતાની હદ સુધી, રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા કાયદા પર પ્રભાવી રહેશે.

૨૪. જે બાબતો અન્યથા સંસદની સત્તામાં નથી તેવી બાબતોના સંબંધમાં, સંમતિથી બે અથવા તેથી વધુ રાજ્યો માટે કાયદો ઘડવાની સંસદની

સત્તા અનુચ્છેદ ૨૫૨ દ્વારા નિયંત્રિત થાય છે, જ્યારે નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝથી શરૂ થતો અનુચ્છેદ ૨૫૩ અન્ય કોઈપણ દેશ અથવા દેશો સાથેની કોઈપણ સંધિ, કરાર અથવા કન્વેન્શનના અમલીકરણ માટે અથવા કોઈપણ આંતરરાષ્ટ્રીય પરિષદ, સંગઠન કે અન્ય સંસ્થામાં લેવાયેલા કોઈપણ નિર્ણયના અમલીકરણ માટે સમગ્ર દેશ માટે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગ માટે કોઈપણ કાયદો ઘડવાની સત્તા સંસદને પ્રદાન કરે છે.

૨૫. સંસદ કાયદા દ્વારા જોગવાઈ કરે તે હદ સિવાય, અનુચ્છેદ ૨૮૫ સંઘની મિલકતને રાજ્યો દ્વારા લાદવામાં આવતા તમામ કરમાંથી મુક્તિ આપે છે. અનુચ્છેદ ૨૮૬ રાજ્યની કોઈપણ ઉઘરાત વસૂલ કરવાની સત્તા પર વધુ એક સંવૈધાનિક મર્યાદા મૂકે છે જે માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદે છે અથવા કર લાદવાની સત્તા આપે છે, જ્યાં આવું વેચાણ અથવા ખરીદી રાજ્યની બહાર અથવા ભારતના રાજ્યક્ષેત્રમાં માલની આયાત કે ભારતના રાજ્યક્ષેત્ર બહાર માલની નિકાસ દરમિયાન થતી હોય. તે આંતર-રાજ્ય વેપાર અથવા વાણિજ્યમાં વિશેષ મહત્વ ધરાવતી ચીજવસ્તુઓના વેચાણ અથવા ખરીદી પર કર લાદતા અથવા અનુચ્છેદ ૩૬૬ ના ખંડ ૨૯(એ) ના સુસંગત ઉપ-ખંડોમાં નિર્દેશિત પ્રકૃતિનો હોય તેવા માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદતા રાજ્યના કોઈપણ કાયદાને, ઉઘરાતની પદ્ધતિ, દરો અને કરની અન્ય આનુષંગિક બાબતો સંબંધે સંસદ કાયદા દ્વારા નિર્દિષ્ટ કરે તેવા નિયંત્રણો અને શરતોને આધીન પણ બનાવે છે.

૨૬. ભારત સરકાર દ્વારા વપરાશમાં લેવાયેલી અથવા સરકાર દ્વારા વપરાશ માટે ભારત સરકારને વેચાયેલી અથવા ભારત સરકાર કે રેલ કંપની વગેરે દ્વારા કોઈપણ રેલવેના બાંધકામ, નિભાવ અથવા સંચાલનમાં વપરાશ માટે વેચાયેલી વીજળીના વપરાશ અથવા વેચાણ પર કર લાદવાનો સંબંધ છે ત્યાં સુધી, અનુચ્છેદ ૨૮૭ કાયદા ઘડવાની રાજ્યની વૈધાનિક સત્તા પર એક સંવૈધાનિક મર્યાદા મૂકે છે. તેવી જ રીતે, કોઈપણ વિદ્યમાન કાયદા દ્વારા અથવા સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદા દ્વારા સ્થાપિત કોઈપણ સત્તામંડળ દ્વારા સંગ્રહિત, ઉત્પાદિત, વપરાશમાં લેવાયેલ, વિતરિત કે વેચવામાં આવેલ કોઈપણ પાણી અથવા વીજળીના સંબંધમાં કર લાદવાનો જ્યાં સુધી સંબંધ છે ત્યાં સુધી, અનુચ્છેદ ૨૮૮ રાજ્યની સત્તા પર સંવૈધાનિક મર્યાદા સમાવિષ્ટ કરે છે.

૨૭. આમ જણાય છે કે જ્યારે અનુચ્છેદ ૨૪૬(૨) અને (૩) સાતમી અનુસૂચિની બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની અનન્ય સત્તા રાજ્ય વિધાનમંડળોને આપે છે, ત્યારે પણ આવી વૈધાનિક સત્તા ઉપર ઉલ્લેખિત સંવૈધાનિક મર્યાદાઓને આધીન રહીને વાપરી શકાય તેવી છે. મહત્વની બાબત એ છે કે કર લાદવાની રાજ્ય વિધાનમંડળોની સત્તા તેના ભાગ ૧૩ માં દર્શાવેલ સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) ની મર્યાદાઓને પણ આધીન છે, જે ભાગ ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું નિયમન કરે છે અને જેમાં અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૭ નો સમાવેશ થાય છે. આ અનુચ્છેદોની જોગવાઈઓ આ કોર્ટના શ્રેણીબદ્ધ નિર્ણયોનો વિષય રહી છે જેમાં સંવિધાન

પીઠના કેટલાક નિર્ણયોનો સમાવેશ થાય છે જે પૈકીના કેટલાકનો અમે હવે પછી સંદર્ભ આપીશું. જોગવાઈઓમાં વપરાયેલી ભાષા અને જે નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ સાથે તે શરૂ થાય છે તેણે છેલ્લા પાંચ દાયકા કે તેથી વધુ સમય દરમિયાન આ કોર્ટ દ્વારા નિર્ણય કરવા માટેના અનેક વિવાદાસ્પદ મુદ્દાઓને જન્મ આપ્યો છે. હકીકત એ છે કે આ કોર્ટના અગાઉના ચુકાદાઓમાં જે મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી અને નિર્ણય લેવામાં આવ્યો હતો તે જ મુદ્દાઓની ફરી એકવાર તપાસ કરવા માટે કેસોના આ વર્તમાન જૂથને નવ ન્યાયમૂર્તિઓની પીઠ સમક્ષ સંદર્ભિત કરવું પડ્યું હતું, તે માત્ર એ દર્શાવે છે કે આ જોગવાઈઓનું અર્થઘટન કરવાનું કાર્ય કોઈપણ રીતે સરળ નથી અને વાસ્તવમાં આ કોર્ટ દ્વારા જુદા જુદા મંતવ્યો વ્યક્ત કરતા ચુકાદાઓના કારણે વધુ ને વધુ મુશ્કેલ બન્યું છે, જે પૈકી ઘણા ચુકાદાઓ સર્વસંમત ન હતા. આ અપીલોમાં પક્ષકારોના વિદ્વાન વકીલો દ્વારા અપનાવવામાં આવેલા અભિગમમાં રહેલો નોંધપાત્ર તફાવત પણ નિર્ણય કરવા માટે આવતા મુદ્દાઓની જટિલતાનું માપદંડ છે. આ ખાસ કરીને એટલા માટે છે કારણ કે અતિયાબારી અને ઓટોમોબાઇલ કેસો (પૂર્વોક્ત) માં આ કોર્ટના ચુકાદાના સંદર્ભમાં પ્રવર્તમાન કાનૂની સ્થિતિ કે જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે વળતરરૂપી હોય તેવા નાણાકીય પગલાં અનુચ્છેદ ૩૦૧ ના દાયરા બહાર આવે છે, તેને બંને પક્ષો દ્વારા પડકારવામાં આવી છે. શ્રી હરીશ સાલ્વે જેમણે દલીલોની કવાયતનું નેતૃત્વ કર્યું હતું અને ત્યારબાદ મેસર્સ અરવિંદ દાતાર, લક્ષ્મી કુમારન, રવિન્દ્ર શ્રીવાસ્તવ, એન. વેંકટરમન અને અન્ય લોકોએ ભારપૂર્વક દલીલ કરી હતી કે આ કોર્ટની સાત ન્યાયમૂર્તિઓની પીઠ દ્વારા

ઓટોમોબાઇલ કેસ (પૂર્વોક્ત) માં પ્રતિપાદિત "વળતરરૂપી કર સિદ્ધાંત" નો કોઈ કાનૂની આધાર કે સંવૈધાનિક મંજૂરી નહોતી અને તે ન તો સ્વીકાર્ય હતો કે ન તો વ્યવહારુ હતો. આ ખાસ કરીને એટલા માટે છે કારણ કે રાજ્ય વિધાનમંડળોએ "વળતરરૂપી કર સિદ્ધાંત" નો આશરો લીધો હતો અને તેમના દ્વારા લાદવામાં આવેલી નાણાકીય ઉઘરાતોને વળતરરૂપી સ્વરૂપની જાહેર કરી હતી અને દાવો કર્યો હતો કે તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરા બહાર છે અને પરિણામે આ કર અને ઉઘરાતો મુક્ત વેપાર અને વાણિજ્યના અધિકાર પર ગેરવાજબી નિયંત્રણો છે તેવા કારણસર કોઈપણ પડકારથી મુક્ત છે. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના અર્થમાં સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર લાદવાની જોગવાઈ કરતા કાયદાઓ ઘડનારા રાજ્યોએ બીજી બાજુ તેવી જ રીતે એવી દલીલ કરી છે કે વળતરરૂપી કર સિદ્ધાંત કોઈપણ કાનૂની આધાર વિનાનો છે અને રાજ્યોની કાયદો ઘડવાની સાર્વભૌમ સત્તા અને આપણી રાજ્યવ્યવસ્થાના સંઘીય સ્વરૂપને પુનઃસ્થાપિત કરવા અને તેનું રક્ષણ કરવા માટે અતિયાબારી અને ઓટોમોબાઇલ કેસો (પૂર્વોક્ત) ના નિર્ણય પર પુનર્વિચાર કરવાની જરૂર છે. એટલું કહેવું પૂરતું છે કે કેટલાક વકીલો દ્વારા કરવામાં આવેલા નબળા પ્રયાસ સિવાય, સામાન્ય સર્વસંમતિ રહી છે કે વળતરરૂપી કર સિદ્ધાંત ફગાવી દેવાને પાત્ર છે અને સુસંગત સંવૈધાનિક જોગવાઈઓના સાચા અને યોગ્ય અર્થઘટન પર આ મુદ્દાઓની નવેસરથી તપાસ થવી જોઈએ. અમે આ બધું માત્ર એ દર્શાવવા માટે જણાવી રહ્યા છીએ કે પચાસ વર્ષ અને આ કોર્ટના ઘણા પ્રકાશ પાડતા ચુકાદાઓ પછી પણ, આ વિષય પર સાચી અને યોગ્ય કાનૂની સ્થિતિ અંગે ન્યાયિક

અભિપ્રાયમાં રહેલો મતભેદ સતત મોટો થઈ રહ્યો છે અને વકીલો તથા પક્ષકારોને, અને જો અમે કહી શકીએ તો ન્યાયાધીશોને પણ એકસરખી રીતે મૂંઝવી રહ્યો છે. મોટી પીઠ સમક્ષનો વર્તમાન સંદર્ભ તે પૃષ્ઠભૂમિમાં નોંધપાત્ર જટિલતાવાળા આ તીવ્ર કાનૂની વિવાદનો શાંતિપૂર્ણ અંત લાવવાની અપેક્ષા રાખે છે, જોકે પક્ષકારોની દ્રઢતા અને વકીલ મંડળની ચતુરાઈને ધ્યાનમાં લેતાં વિવાદનો કાયમી અંત આવવો એ માત્ર એક પવિત્ર આશા છે જે આપણાથી દૂર રહી છે અને ભવિષ્યમાં પણ કદાચ દૂર રહી શકે છે.

***<u>સંવૈધાનિક મર્યાદાઓ સ્પષ્ટ હોવી જોઈએ:</u>***

૨૮. કર લાદવાની સત્તા, માત્ર સંવિધાન દ્વારા નિયંત્રિત થતી સાર્વભૌમ સત્તા હોવાથી, તે સત્તા પરની કોઈપણ મર્યાદા સ્પષ્ટ હોવી જોઈએ. તે સિદ્ધાંત આ કોર્ટના મહારાજ ઉમેગ સિંહ વિ. બોમ્બે રાજ્ય, એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦ અને ફર્મ બંસીધર પ્રેમસુખદાસ વિ. રાજસ્થાન રાજ્ય એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૪૦ ના નિર્ણયો દ્વારા સુસ્થાપિત છે. ઉમેગ સિંહના કેસ (પૂર્વોક્ત) માં આ કોર્ટે નીચે મુજબના શબ્દોમાં કાનૂની સ્થિતિ દર્શાવી હતી:

> *"૧૨ ..... રાજ્ય વિધાનમંડળની વૈધાનિક સક્ષમતા માત્ર સંવિધાનમાં જ સમાવિષ્ટ સ્પષ્ટ પ્રતિબંધ દ્વારા સીમિત કરી શકાય છે અને જ્યાં સુધી સંવિધાનમાં તે વિષય પર સંપૂર્ણપણે અથવા શરતી રીતે કાયદો ઘડવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂકતી કોઈ જોગવાઈ ન હોય, ત્યાં સુધી સંવિધાનની*

સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ માં નિર્દિષ્ટ વિષયો પર કાયદો ઘડવા માટે રાજ્ય વિધાનમંડળ જે પૂર્ણ સત્તાઓ ભોગવે છે તેના પર કોઈ અંકુશ કે મર્યાદા નથી.

*** *** ***

૧૩. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ માં નિર્દિષ્ટ વૈધાનિક શીર્ષકોના દાયરામાં કાયદો ઘડવાની પૂર્ણ સત્તાઓ ધરાવતા રાજ્ય વિધાનમંડળની વૈધાનિક સત્તા પર અંકુશ કે મર્યાદા માત્ર સંવિધાન દ્વારા જ લાદી શકાય અને ડોમિનિયન સરકાર અથવા બોમ્બે પ્રાંત કે બોમ્બે રાજ્ય દ્વારા પણ સ્વીકારવામાં આવેલી કોઈપણ જવાબદારી દ્વારા નહીં. અનુચ્છેદ ૨૪૬ હેઠળ રાજ્ય વિધાનમંડળને સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ માં નિર્દિષ્ટ વિષયો પર કાયદો ઘડવાની સત્તા સોંપવામાં આવી હતી અને આ સત્તા અનુચ્છેદ ૨૪૫(૧) ના આધારે સંવિધાનની જોગવાઈઓને આધીન હતી.

સંવિધાને પોતે જ આ સત્તા પર અંકુશો અથવા મર્યાદાઓ નિર્ધારિત કરી હતી, દા.ત., અનુચ્છેદ ૩૦૩ માં અથવા અનુચ્છેદ ૨૮૬(૨) માં. પરંતુ જ્યાં સુધી કોર્ટ એવા નિષ્કર્ષ પર ન આવે કે સંવિધાને પોતે તે વિષય પર સંપૂર્ણપણે અથવા શરતી રીતે કાયદો ઘડવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂક્યો છે, ત્યાં સુધી પોતાની વૈધાનિક સક્ષમતા અંતર્ગત કાયદો ઘડવાની રાજ્ય વિધાનમંડળની સત્તા પૂર્ણ હતી. એકવાર કાયદાનો વિષય સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ માંની કોઈપણ પ્રવિષ્ટિમાં સમાવિષ્ટ થઈ ગયો હોય, ત્યારે આવી

*વૈધાનિક સત્તા પરનો અંકુશ કે મર્યાદા સંવિધાનમાં જ શોધવી પડે અને જો ત્યાં આવો કોઈ અંકુશ કે મર્યાદા ન મળે તો ડોમિનિયન સરકાર અથવા બોમ્બે પ્રાંત કે બોમ્બે રાજ્ય દ્વારા આપવામાં આવેલી ખાતરી અથવા સ્વીકારવામાં આવેલી જવાબદારીની વિરુદ્ધમાં આવો કાયદો હોય તો પણ વાદગ્રસ્ત અધિનિયમ ઘડવાની રાજ્ય વિધાનમંડળ પાસે સંપૂર્ણ સક્ષમતા હતી."*

૨૯. ફરીથી બંસીધરના કેસ (પૂર્વોક્ત) માં આ કોર્ટે નીચે મુજબના શબ્દોમાં કાનૂની સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો:

> *"૮... એ સુસ્થાપિત છે કે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો અગાઉના કરાર અથવા અનુદાનની શરતો અને નિયમોમાં ફેરફાર કરતો કાયદો ઘડવા માટે સક્ષમ છે જે હેઠળ ભારત સરકાર અથવા રાજ્ય સરકારોની જવાબદારી ઊભી થાય છે. સંસદ અથવા રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતા માત્ર સંવિધાનમાં જ સમાવિષ્ટ સ્પષ્ટ પ્રતિબંધ દ્વારા સીમિત કરી શકાય છે અને જ્યાં સુધી સંવિધાનમાં તે વિષય પર સંપૂર્ણપણે અથવા શરતી રીતે કાયદો ઘડવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂકતી કોઈ જોગવાઈ ન હોય, ત્યાં સુધી સુસંગત યાદીઓમાં નિર્દિષ્ટ વિષયો પર કાયદો ઘડવા માટે વિધાનમંડળને પ્રદાન કરવામાં આવેલી પૂર્ણ સત્તાઓ પર કોઈ અંકુશ કે મર્યાદા નથી. આ મત જ્યુડિશિયલ કમિટીના ઠાકુર જગન્નાથ બક્ષ સિંહ વિ. ધ યુનાઇટેડ પ્રોવિન્સિસ [૧૯૪૯ એફ.સી.આર. ૧૧૧] ના નિર્ણય દ્વારા સમર્થિત છે જેમાં ઔધના તાલુકદારો દ્વારા યુનાઇટેડ પ્રોવિન્સિસ*

ટેનન્સી એક્ટ (યુ.પી. એક્ટ ૧૭/૧૯૩૯) વિરુદ્ધ આવી જ ફરિયાદ કરવામાં આવી હતી. જ્યુડિશિયલ કમિટી દ્વારા ઠેરવવામાં આવ્યું હતું કે ક્રાઉન તેના વિશેષાધિકારના ઉપયોગમાં જે રાજ્યક્ષેત્ર પર આવી વૈધાનિક સત્તા અસ્તિત્વ ધરાવે છે તે રાજ્યક્ષેત્રમાં જમીનનું અનુદાન આપે છે તે માત્ર હકીકતથી પોતાની વૈધાનિક સત્તાથી પોતાને વંચિત કરી શકતું નથી, અને પોતાની સાર્વભૌમ સક્ષમતાના કાયદેસરના દાયરામાં કાર્ય કરતી વૈધાનિક સંસ્થાના કાયદાને કોઈપણ કોર્ટ રદ કરી શકતી નથી. તેથી, જો એવું જણાય કે ક્રાઉન અનુદાનનું વિષયવસ્તુ પ્રાંતીય વિધાનમંડળની સક્ષમતામાં છે, તો જ્યાં સુધી સંવિધાન અધિનિયમ પોતે તે વિષય પર સંપૂર્ણપણે અથવા શરતી રીતે કાયદો ઘડવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ ન મૂકે ત્યાં સુધી તે વિધાનમંડળને તેના વિશે કાયદો ઘડતા કંઈપણ અટકાવી શકતું નથી. તદનુસાર, આવા કોઈપણ સ્પષ્ટ પ્રતિબંધની ગેરહાજરીમાં, યુનાઈટેડ પ્રોવિન્સિસ ટેનન્સી એક્ટ, ૧૯૩૯, કે જેણે આગ્રા અને ઔધમાં ખેતીની ગણોત અને તેની સાથે જોડાયેલી અન્ય બાબતોને લગતા કાયદાનું એકત્રીકરણ અને સુધારો કરીને, ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની સાતમી અનુસૂચિની યાદી ૨ ની આઇટમ ૨૧ હેઠળ પ્રાંતીય વિધાનમંડળની અનન્ય વૈધાનિક સક્ષમતા અંતર્ગતની બાબતો સાથે વ્યવહાર કર્યો હતો, તે પ્રાંતીય વિધાનમંડળના અધિકારક્ષેત્ર અંતર્ગત હતો, ભલે સ્વીકૃતપણે તેની કેટલીક જોગવાઈઓએ અપીલકર્તા તાલુકદાર દ્વારા તેના પુરોગામીને ક્રાઉન દ્વારા આપવામાં

*આવેલી સનદ દ્વારા પ્રમાણિત પોતાની એસ્ટેટના અનુદાનમાં સમાવિષ્ટ હોવાનો દાવો કરાયેલા સંપૂર્ણ અધિકારોમાં ઘટાડો કર્યો હતો. આ જ સિદ્ધાંતનો આ કોર્ટ દ્વારા મહારાજ ઉમેગ સિંહ અને અન્ય વિ. બોમ્બે રાજ્ય [૧૯૫૫ ૨ એસ.સી.આર. ૧૬૪] માં પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. તે નિર્દેશિત કરવામાં આવ્યું હતું કે સંવિધાનના અનુચ્છેદ ૨૪૬ ને ધ્યાનમાં લેતાં, વિલીનીકરણના કરારો પછી ડોમિનિયન સરકાર દ્વારા "રાજ્યો" ના શાસકોને આપવામાં આવેલા ગેરંટી પત્રોની કલમ ૫ ની શરતોમાંથી વૈધાનિક સક્ષમતામાં કોઈ ઘટાડો તારવી શકાતો નથી, જેણે અન્ય બાબતોની સાથે વિલીન થયેલા 'રાજ્યો' માં જાગીરો ચાલુ રાખવાની ખાતરી આપી હતી. આ સિદ્ધાંત આ કોર્ટના મહારાજા શ્રી ઉમેદ મિલ્સ લિ. વિ. ભારત સંઘ [૧૯૬૩ સપ્લી. ૨ એસ.સી.આર. ૫૧૫] ના તાજેતરના નિર્ણયમાં પણ રહેલો છે જેમાં એ દર્શાવવામાં આવ્યું હતું કે સંવિધાનના અનુચ્છેદ ૨૯૫ માં એવું કંઈ નથી જે સંસદને કરાર અથવા અનુદાનની શરતો અને નિયમોમાં ફેરફાર કરતો કાયદો ઘડતા અટકાવે કે જે હેઠળ ભારત સરકારની જવાબદારી ઊભી થાય છે...." (ભારપૂર્વક ઉમેરેલ)*

૩૦. સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે જે અન્ય એક મૂળભૂત પાસું હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ તે તેના દ્વારા પરિકલ્પિત સંઘીય માળખું છે. ભારતનું સંવિધાન વાસ્તવમાં સંઘીય સ્વરૂપનું છે કે નહીં તે માત્ર સંવિધાન સભામાં જ નહીં પરંતુ ૬૦ થી વધુ વર્ષોથી અદાલતોમાં પણ ચર્ચાનો વિષય રહ્યો છે. સંવિધાન સભાની ચર્ચાઓમાં વર્ણવેલ સંવૈધાનિક યોજનાનું

સ્વરૂપ એવું હતું કે દેશના શાસનમાં સંવિધાન ખરેખર સંઘીય માળખું પૂરું પાડે છે કે કેમ તે અંગે શંકાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ટીકા એવી હતી કે સંવિધાનમાં રહેલી યોજના સંઘીય કરતાં વધુ એકાત્મક હતી, જે માત્ર સંવિધાનની એવી કેટલીક જોગવાઈઓને કારણે જ નહીં જે કેન્દ્રને પ્રસંગોપાત હસ્તક્ષેપ કરવા અને રાજ્યો માટે કાયદા ઘડવા સક્ષમ બનાવતી હતી પરંતુ રાજ્યના શાસનને પોતાના હસ્તક લેવાની કેન્દ્રની સત્તાને કારણે પણ હતી. તે ટીકાનું ખંડન કરતાં, ડૉ. બી.આર. આંબેડકરે સંવિધાન સભામાં બોલતી વખતે નીચે મુજબના મહત્વપૂર્ણ શબ્દોમાં ભારતના સંવિધાનના વાસ્તવિક સ્વરૂપને સમજાવ્યું હતું:

> *"સંવૈધાનિક મહત્વનો માત્ર એક જ મુદ્દો છે જેનો હું સંદર્ભ આપવા માંગુ છું. ઘણું બધું કેન્દ્રીકરણ છે અને રાજ્યોને નગરપાલિકાઓ બનાવી દેવામાં આવ્યા છે તેવા કારણસર એક ગંભીર ફરિયાદ કરવામાં આવી છે. એ સ્પષ્ટ છે કે આ મત માત્ર અતિશયોક્તિ જ નથી, પરંતુ સંવિધાન ખરેખર શું કરવા ધારે છે તેની ગેરસમજ પર પણ આધારિત છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધો અંગે, જે મૂળભૂત સિદ્ધાંત પર તે ટકેલું છે તેને ધ્યાનમાં રાખવું આવશ્યક છે. સંઘવાદનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે વૈધાનિક અને કારોબારી સત્તા કેન્દ્ર દ્વારા ઘડવામાં આવનાર કોઈપણ કાયદા દ્વારા નહીં પરંતુ ખુદ સંવિધાન દ્વારા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિભાજિત કરવામાં આવે છે. સંવિધાન આ જ કરે છે. આપણા સંવિધાન હેઠળ રાજ્યો તેમની વૈધાનિક કે કારોબારી સત્તા માટે કોઈપણ રીતે કેન્દ્ર પર નિર્ભર નથી. આ*

*બાબતમાં કેન્દ્ર અને રાજ્યો સમકક્ષ છે. આવા સંવિધાનને કેન્દ્રવાદ કેવી રીતે કહી શકાય તે સમજવું મુશ્કેલ છે. એવું બની શકે કે અન્ય કોઈપણ સંઘીય સંવિધાનમાં જોવા મળે છે તેના કરતાં આપણું સંવિધાન કેન્દ્રને તેની વૈધાનિક અને કારોબારી સત્તાના અમલ માટે ખૂબ વિશાળ ક્ષેત્ર સોંપે છે. એવું પણ બની શકે કે અવશિષ્ટ સત્તાઓ રાજ્યોને બદલે કેન્દ્રને આપવામાં આવી હોય. પરંતુ આ લક્ષણો સંઘવાદનું હાર્દ બનતા નથી. સંઘવાદનું મુખ્ય લક્ષણ જેમ મેં કહ્યું તેમ સંવિધાન દ્વારા કેન્દ્ર અને એકમો વચ્ચે વૈધાનિક અને કારોબારી સત્તાના વિભાજનમાં રહેલું છે. આ સિદ્ધાંત આપણા સંવિધાનમાં સમાવિષ્ટ છે."*

૩૧. મુસદ્દા સંવિધાન પર સંવિધાન સભાની ચર્ચા દરમિયાન શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી દ્વારા આ ટીકાનો જે જવાબ આપવામાં આવ્યો હતો તેનો સૂર પણ આ જ હતો, જ્યારે તેમણે કહ્યું હતું:

*"સાહેબ, હું કેટલાક મૂળભૂત વાંધાઓમાં જવા માંગુ છું કારણ કે જેમ મેં કહ્યું તેમ આપણા માટે આ ટીકાઓનું ખંડન કર્યા વગર છોડી દેવું યોગ્ય રહેશે નહીં. હું એક એવી બાબત હાથ ધરવા માંગુ છું જે કદાચ આંશિક રીતે સૈદ્ધાંતિક છે પરંતુ જ્યાં સુધી આ દેશના સામાન્ય માણસનો સંબંધ છે ત્યાં સુધી તેનું ઔચિત્ય છે. શું આપણે એકતંત્રી સંવિધાન ઘડી રહ્યા છીએ? શું આ સંવિધાન દિલ્હીમાં સત્તાનું કેન્દ્રીકરણ કરી રહ્યું છે? શું એવો કોઈ માર્ગ પૂરો પાડવામાં આવ્યો છે કે જેના દ્વારા વિવિધ વિસ્તારોના લોકોની*

*સ્થિતિનું રક્ષણ થઈ શકે, તેમના સ્થાનિક વહીવટની બાબતોના સંબંધમાં તેમનો અવાજ સાંભળી શકાય? હું માનું છું કે એવો આક્ષેપ કરવો એ ખૂબ મોટો આક્ષેપ છે કે આ સંવિધાન સંવાયી સંવિધાન નથી, અને તે એકતંત્રી સંવિધાન છે. આપણે એ ભૂલવું ન જોઈએ કે ભારતીય સંવિધાન સંવાયી હોવું જોઈએ તે પ્રશ્ન અઢાર વર્ષ પહેલાં લંડનમાં ગોળમેજી પરિષદમાં આપણા તે નેતા દ્વારા નક્કી કરવામાં આવ્યો હતો જેઓ હવે આપણી વચ્ચે રહ્યા નથી."*

*"હું મારા માનનીય મિત્રને આ સંવિધાન સંવાયી છે કે નહીં તે જાણવા માટે, જ્યાં સુધી આ સંવિધાનનો સંબંધ છે ત્યાં સુધી એક ખૂબ જ સરળ કસોટી લાગુ કરવા કહીશ. રાજકીય દર્શનશાસ્ત્રની જર્મન વિચારધારામાંથી મને જે સરળ વ્યાખ્યા મળી છે તે એ છે કે પ્રથમ માપદંડ એ છે કે રાજ્યે આપેલ રાજકીય વ્યવસ્થાના અમલીકરણમાં બાધ્યકારી સત્તાનો ઉપયોગ કરવો જોઈએ, બીજો એ છે કે આ સત્તાઓનો નિયમિતપણે આપેલ પ્રદેશના તમામ રહેવાસીઓ પર ઉપયોગ થવો જોઈએ, અને ત્રીજો સૌથી મહત્વપૂર્ણ છે અને તે એ છે કે રાજ્યની પ્રવૃત્તિ ઉચ્ચ એકમ દ્વારા અમલ માટે આપવામાં આવેલા આદેશો દ્વારા સંપૂર્ણપણે મર્યાદિત ન હોવી જોઈએ. મહત્વપૂર્ણ શબ્દો 'સંપૂર્ણપણે મર્યાદિત ન હોવી જોઈએ' છે, જે એવી સંભાવના દર્શાવે છે કે સંવાયી સત્તાના ઉપયોગ દ્વારા રાજ્યની કેટલીક સત્તાઓ મર્યાદિત થવા બંધાયેલી છે. આ તમામ પરિબળોને ધ્યાનમાં રાખીને, હું આગ્રહપૂર્વક રજૂઆત કરીશ કે આપણું સંવિધાન એક*

*સંવાયી સંવિધાન છે. હું આગ્રહપૂર્વક રજૂઆત કરીશ કે આપણું સંવિધાન એવું છે કે જેમાં આપણે એકમોને એવી સત્તાઓ આપી છે જે વૈધાનિક ક્ષેત્રમાં અને કારોબારી ક્ષેત્રમાં બંનેમાં નક્કર અને નોંધપાત્ર છે." (વિશેષ ભાર મૂકેલ)*

૩૨. સંવિધાન દેશના શાસન માટે સંવાયી માળખું પૂરું પાડે છે કે નહીં તે આ કોર્ટના શ્રેણીબદ્ધ ચુકાદાઓનો વિષય રહ્યો છે, જે તમામનો સંદર્ભ આપવો કદાચ બિનજરૂરી હોઈ શકે પરંતુ કાનૂની સ્થિતિ પૂરતી સુસ્થાપિત જણાય છે કે સંવિધાન કેન્દ્ર તરફ મજબૂત ઝુકાવ સાથે અર્ધ–સંવાયી સ્વરૂપની જોગવાઈ કરે છે. ચુકાદાઓએ એ સિદ્ધાંતને માન્યતા આપી છે કે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની જેમ કે જ્યાં સંપ્રભુ રાજ્યો એક સંવાયી સંઘની રચના કરવા માટે એકઠા થયા હતા, જ્યાં દરેક રાજ્ય પોતાનું અલગ સંવિધાન ધરાવવાનો વિશેષાધિકાર ભોગવે છે, તેની જેમ સંવિધાન પોતાના સ્વરૂપમાં ચુસ્તપણે સંવાયી ન હોવા છતાં પણ, સંવાયી સંવિધાનના નોંધપાત્ર લક્ષણો ભારતીય સંવિધાનમાં જોવા મળે છે જે તેને સાચા અર્થમાં સંવાયી અને ચુસ્ત કાનૂની અર્થમાં સંવાયી ન હોય તો પણ એક અર્ધ–સંવાયી સંવિધાન બનાવે છે. આ વિષય પર આ કોર્ટના શ્રેણીબદ્ધ ચુકાદાઓ પૈકી જે બે ચુકાદાઓ વિશિષ્ટ રીતે ધ્યાન ખેંચે છે, તેનો આ તબક્કે સંક્ષિપ્તમાં ઉલ્લેખ કરી શકાય. આ કેસો પૈકીનો પ્રથમ કેસ આ કોર્ટનો કેશવાનંદ ભારતી કેસ (ઉપરોક્ત) નો સુપ્રસિદ્ધ ચુકાદો છે, જેમાં આ કોર્ટની તેર ન્યાયમૂર્તિઓની બેંચ, કે જેમાં સિકરી, સી.જે.આઈ. (તે સમયે માનનીય ન્યાયમૂર્તિ જે હોદ્દા પર હતા તે મુજબ) તે પૈકીના એક હતા,

તેઓ ભારતનું સંવિધાન સંવાયી સ્વરૂપનું હતું કે કેમ અને જો તેમ હોય તો સંવિધાનનું સંવાયી સ્વરૂપ સંવિધાનનું મૂળભૂત લક્ષણ બને છે કે કેમ તે વિશે વાત કરે છે. સિકરી, સી.જે.આઈ. એ નીચેના શબ્દોમાં સંવિધાનના મૂળભૂત લક્ષણોનો સારાંશ આપ્યો હતો:

*"૨૯૨. ... ... ...સાચી સ્થિતિ એ છે કે સંવિધાનની દરેક જોગવાઈમાં સુધારો કરી શકાય છે, શરત એ છે કે તેના પરિણામે સંવિધાનનો મૂળ પાયો અને માળખું યથાવત રહે. મૂળભૂત માળખું નીચેના લક્ષણોનું બનેલું છે તેમ કહી શકાય:*

*(૧) સંવિધાનની સર્વોચ્ચતા.*

*(૨) સરકારનું પ્રજાસત્તાક અને લોકશાહી સ્વરૂપ.*

*(૩) સંવિધાનનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ.*

*(૪) ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું પૃથક્કરણ;*

*(૫) સંવિધાનનું સંવાયી સ્વરૂપ.*

*૨૯૩. ઉપરોક્ત માળખું મૂળ પાયા પર નિર્મિત છે એટલે કે વ્યક્તિની ગરિમા અને સ્વતંત્રતા. આ સર્વોચ્ચ મહત્વનું છે. તેનો કોઈપણ પ્રકારના સુધારા દ્વારા નાશ કરી શકાતો નથી.*

*૨૯૪. ઉપરોક્ત પાયો અને ઉપરોક્ત મૂળભૂત લક્ષણો માત્ર આમુખમાંથી જ નહીં પરંતુ સંવિધાનની સમગ્ર યોજનામાંથી સરળતાથી જાણી શકાય છે, જેની હું પહેલેથી જ ચર્ચા કરી ચૂક્યો છું."*

આ જ પ્રકારના વિચારો ન્યાયમૂર્તિઓ શેલત અને ગ્રોવર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યા હતા જેમણે જાહેર કર્યું હતું કે સંવિધાનનું સંવાયી સ્વરૂપ તેના મૂળભૂત માળખાનો એક ભાગ છે.

૩૩. એસ.આર. બોમ્માઈ વિ. ભારત સંઘ ૧૯૯૪ (૩) એસ.સી.સી. ૧ માં, આ કોર્ટને સંવિધાન સ્વભાવે સંવાયી હતું કે નહીં તેની ચકાસણી કરવાની વધુ એક તક મળી હતી. પોતાના વતી અને ન્યાયમૂર્તિ કુલદીપ સિંહ વતી બોલતા, ન્યાયમૂર્તિ સાવંતે "કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા" પર એચ. એમ. સીરવાઈની ટીકાનો સંદર્ભ આપતાં ઠેરવેલ કે સંવાયીવાદના સિદ્ધાંતને એટલી હદે નિર્બળ કરવામાં આવ્યો નથી કે જેથી સંવિધાન સ્વરૂપમાં એકતંત્રી બની જાય. રાજ્યને પ્રદાન કરવામાં આવેલી અનન્ય વૈધાનિક સત્તાઓની સંવિધાનમાં ઉપસ્થિતિ અને કટોકટી દરમિયાન સંસદ દ્વારા આવી સત્તાઓનો ઉપયોગ કરી શકાય તેવી જોગવાઈ સંવિધાનના સંવાયી સ્વરૂપને અસર કરતી નથી અને તેને નિર્બળ બનાવતી નથી. તેવી જ રીતે, આંતરિક અશાંતિ સામે રાજ્યનું રક્ષણ કરવાની સંઘ પર ફરજ લાદતી અનુચ્છેદ ૩૫૫ ની જોગવાઈઓ સંવાયી સિદ્ધાંતો સાથે અસંગત નથી કે ન તો અનુચ્છેદ ૩૫૬ હેઠળ કેન્દ્ર સરકારમાં નિહિત સત્તાઓ સંવિધાનના સંવાયી સ્વરૂપ સાથે અસંગત છે.

કોર્ટે, ખાસ કરીને, એ પ્રશ્નની વિચારણા કરી હતી કે શું યાદી ૨ બિન–મહત્વપૂર્ણ બાબતો ધરાવે છે અને તે રીતે સંવિધાનને તેના સંવાયી સ્વરૂપથી વંચિત કરે છે. કોર્ટે અવલોકન કર્યું હતું કે યાદી ૨ માં રાજ્યોને સોંપવામાં આવેલા ખૂબ જ મહત્વપૂર્ણ વિષયો સમાવિષ્ટ છે જેમાં કર લાદવાની સત્તાનો પણ સમાવેશ થાય છે, જે સત્તાઓને પરસ્પર અનન્ય બનાવવામાં આવી છે જેથી સામાન્ય રીતે રાજ્યો પાસે તેમની પોતાની આવકનો સ્વતંત્ર સ્ત્રોત રહે. સદર ચુકાદામાંથી નીચેના પરિચ્છેદો પ્રસ્તુત છે:

"…….

*૯૭ (કે) યાદી ૨ માં રાજ્યોને સોંપાયેલા ખૂબ જ મહત્વપૂર્ણ વિષયોને જોતાં એવો મત ટકી શકે તેમ નથી કે રાજ્યોને બિન–મહત્વપૂર્ણ બાબતો સોંપવામાં આવી હતી, અને આ જ બાબત રાજ્યોની કર સત્તાઓને લાગુ પડે છે, જેને સંઘની કર સત્તાઓથી પરસ્પર અનન્ય બનાવવામાં આવી છે જેથી સામાન્ય રીતે રાજ્યો પાસે તેમની પોતાની આવકનો સ્વતંત્ર સ્ત્રોત રહે. યાદી ૨ માં કર સંબંધિત વૈધાનિક પ્રવિષ્ટિઓ દર્શાવે છે કે રાજ્યોને ઉપલબ્ધ આવકના સ્ત્રોતો નોંધપાત્ર છે અને ઉત્તરોત્તર વધુ નોંધપાત્ર બનશે. રાજ્યોની અનન્ય કર સત્તાઓ ઉપરાંત, રાજ્યો સંઘ દ્વારા એકત્રિત કરવામાં આવેલા કરનો વિનિયોગ કરવા માટે અથવા સંઘ દ્વારા એકત્રિત કરાયેલા કરમાં હિસ્સો મેળવવા માટે હકદાર બને છે.*

*૯૯. આમ, ઉપરોક્ત ચર્ચા દર્શાવે છે કે રાજ્યોનું સ્વતંત્ર સંવિધાનિક અસ્તિત્વ છે અને લોકોના રાજકીય, સામાજિક, શૈક્ષણિક અને સાંસ્કૃતિક*

જીવનમાં સંઘ જેટલી જ મહત્વપૂર્ણ ભૂમિકા રાજ્યોએ પણ ભજવવાની છે. તેઓ કેન્દ્રના ન તો ઉપગ્રહો છે કે ન તો એજન્ટો છે. એ હકીકત કે કટોકટી દરમિયાન અને અમુક અન્ય પરિસ્થિતિઓમાં તેમની સત્તાઓ પર કેન્દ્ર દ્વારા સરસાઈ મેળવવામાં આવે છે કે તેનું અતિક્રમણ કરવામાં આવે છે તે આપણા સંવિધાનના આવશ્યક સંવાયી સ્વરૂપનો નાશ કરનાર નથી. આવા સંજોગોમાં સત્તાનું અતિક્રમણ એ સંવિધાનનું સામાન્ય લક્ષણ નથી. તે અપવાદો છે અને વિશિષ્ટ પરિસ્થિતિઓની તાકીદની જરૂરિયાતોને પહોંચી વળવા માટે માત્ર પ્રસંગોપાત જ તેનો આશરો લેવાનો હોય છે. અપવાદો એ નિયમ નથી.

૧૦૦. આપણા હેતુ માટે, વધુમાં એ નક્કી કરવું ખરેખર જરૂરી નથી કે, ઉપર સંદર્ભિત સંવિંધાનની જોગવાઈઓ હોવા છતા , આપણું સંવિધાન સ્વભાવે સંવાયી, અર્ધ–સંવાયી કે એકતંત્રી છે. તે સંવિધાનને આપવામાં આવેલું સૈદ્ધાંતિક લેબલ નથી પરંતુ સંવિધાનની જોગવાઈઓની વ્યવહારુ અસરો છે જે વર્તમાન સંદર્ભમાં ઉપસ્થિત થતા પ્રશ્નનો નિર્ણય કરવા માટે મહત્વપૂર્ણ છે, એટલે કે, શું અનુચ્છેદ ૩૫૬(૧) હેઠળની સત્તાઓનો ઉપયોગ રાષ્ટ્રપતિ દ્વારા સંબંધિત રાજ્યના શાસન પર તેના પરિણામોની પરવા કર્યા વિના અને મનસ્વી રીતે કરી શકાય છે. જ્યાં સુધી રાજ્યો માત્ર વહીવટી એકમો નથી પરંતુ સંઘ જેવી જ વ્યવસ્થા સાથે અને સંઘની જેમ જ સમાન પ્રક્રિયા દ્વારા રચાયેલ સ્વતંત્ર ધારાસભા અને કારોબારી સાથે પોતાના અધિકારથી સંવિધાનિક સત્તાધીશો છે, ત્યાં સુધી કેન્દ્રની તરફેણમાં ગમે તેટલો ઝુકાવ હોય તો પણ, માત્ર એ કારણસર (અને તે સાચું છે તેમ માની લેતાં પણ) એવી દલીલ કરી શકાય નહીં કે

*સંવિધાનને એકતંત્રી અથવા અર્ધ–સંવાયી અથવા સંવાયી અને એકતંત્રી માળખાનું મિશ્રણ કહેવામાં આવ્યું છે, તેથી રાષ્ટ્રપતિ પાસે અનુચ્છેદ ૩૫૬(૧) હેઠળ ઉદ્‌ઘોષણા જારી કરવાની અમર્યાદિત સત્તા છે. જો સદર જોગવાઈ હેઠળ રાષ્ટ્રપતિની સત્તાઓ ઉપર ચર્ચા કરેલી મર્યાદાઓની અંદર ન્યાયિક પુનરાવલોકનને આધીન હોય, તો સંબંધિત સામગ્રીની ચકાસણી કરતી વખતે તે મર્યાદાઓ ચુસ્તપણે લાગુ કરવી પડશે."*

*(વિશેષ ભાર મૂકેલ)*

૩૪. મહત્વપૂર્ણ બાબત એ છે કે ન્યાયમૂર્તિ બી. પી. જીવન રેડ્ડીએ પોતાના વતી અને ન્યાયમૂર્તિ અગ્રવાલ વતી બોલતા, સંવિધાન સ્વરૂપમાં સંવાયી હોવાનું ઠેરવતી વખતે ચેતવણી આપી હતી કે કેન્દ્ર રાજ્યોને પ્રદાન કરવામાં આવેલી સત્તાઓ સાથે છેડછાડ કરી શકે નહીં. તેમને ફાળવવામાં આવેલા ક્ષેત્રની અંદર રાજ્યો કેન્દ્રના માત્ર આશ્રિત અંગો નથી. રાજ્યો સર્વોચ્ચ છે અને કેન્દ્ર તેમની સત્તાઓ સાથે છેડછાડ કરી શકે નહીં.

૩૫. ન્યાયમૂર્તિ કે. રામાસ્વામીએ પોતાના વતી બોલતા ભારતીય સંવિધાનના સંવાયીવાદને એક મૂળભૂત લક્ષણ તરીકે સ્વીકાર્યો હતો. ભારતના સંવિધાનના સંવાયી સ્વરૂપ સાથે સંબંધિત અન્ય એક ચુકાદો કુલદીપ નાયર વિ. ભારત સંઘ અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧ છે જેમાં આ કોર્ટે ઠેરવેલ કે ભારતીય સંવિધાનમાં સંવાયીવાદનું સ્વરૂપ હવે રેસ ઇન્ટેગ્રા રહ્યું નથી. સંવિધાન

સભાની ચર્ચાઓ કે જેનો આપણે અગાઉ ઉલ્લેખ કર્યો છે તેના પર આધાર રાખીને કોર્ટે જાહેર કર્યું હતું:

*"૫૦. અરજદારો વતી એવો કેસ ઊભો કરવા માટે ઘણી શક્તિ ખર્ચવામાં આવી છે કે ભારતનું સંવિધાન સંવાયી છે. ભારતીય સંવિધાનમાં સંવાયીવાદનું સ્વરૂપ હવે રેસ ઇન્ટેગ્રા રહ્યું નથી.*

*૫૧. એ પ્રતિપાદન સાથે કોઈ વિવાદ હોઈ શકે નહીં કે ભારતીય મોડેલ વ્યાપકપણે શાસનના સંવાયી સ્વરૂપ પર આધારિત છે. કેન્દ્ર તરફના ઝુકાવની ટીકાનો જવાબ આપતાં, મુસદ્દા સંવિધાન પર સંવિધાન સભામાં ચર્ચાઓ દરમિયાન શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીએ નીચે મુજબ જણાવ્યું હતું:*

....."

૩૬. આ પાસાની ચર્ચા પૂર્ણ કરતાં પહેલાં આપણે ઇન રે: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪૩ હેઠળ (સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪) એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૭૪૫ માં આ કોર્ટના ચુકાદાનો પણ સંદર્ભ લેવો જોઈએ જેમાં આ કોર્ટે ઠેરવેલ કે:

*"૩૯. આ પ્રશ્નની વિચારણા કરતી વખતે, સંવાયી સંવિધાનના એક મૂળભૂત લક્ષણને ધ્યાનમાં રાખવું જરૂરી છે. ઇંગ્લેન્ડમાં, સંસદ સંપ્રભુ છે; અને ડાયસીના શબ્દોમાં, સંસદીય સંપ્રભુતાના સિદ્ધાંતના ત્રણ વિશિષ્ટ લક્ષણો એ છે કે સંસદ પાસે ગમે તે કાયદો બનાવવાનો કે રદ કરવાનો*

*અધિકાર છે; ઇંગ્લેન્ડના કાયદા દ્વારા કોઈપણ વ્યક્તિ કે સંસ્થાને સંસદના કાયદાને અમાન્ય કરવાનો કે બાજુ પર રાખવાનો અધિકાર ધરાવનાર તરીકે માન્યતા આપવામાં આવી નથી, અને સંસદનો અધિકાર અથવા સત્તા રાણીના આધિપત્ય હેઠળના દરેક ભાગ સુધી વિસ્તરે છે (૧). બીજી બાજુ, સંવાયીવાદનું આવશ્યક લક્ષણ "એકબીજા સાથે સમાન દરજ્જો ધરાવતા અને એકબીજાથી સ્વતંત્ર હોય તેવા અંગો વચ્ચે મર્યાદિત કારોબારી, વૈધાનિક અને ન્યાયિક સત્તાઓની વહેંચણી" છે. સંવાયી રાજ્યના અસ્તિત્વ માટે સંવિધાનની સર્વોચ્ચતા મૂળભૂત છે જેથી સંવાયી એકમનું વિધાનમંડળ કે સભ્ય રાજ્યોના વિધાનમંડળો સત્તાના તે નાજુક સંતુલનનો નાશ ન કરે કે તેને હાનિ ન પહોંચાડે કે જે એવા રાજ્યોની વિશિષ્ટ જરૂરિયાતોને સંતોષે છે જે સંઘ રચવા ઇચ્છુક છે, પરંતુ એકતામાં પોતાની વ્યક્તિગત ઓળખ વિલીન કરવા તૈયાર નથી. સંવિધાનની આ સર્વોચ્ચતાનું રક્ષણ સત્તાની વહેંચણીની યોજનાના અર્થઘટનકાર તરીકે કાર્ય કરવા માટેની એક સ્વતંત્ર ન્યાયિક સંસ્થાની સત્તા દ્વારા થાય છે. કે ન તો સંવાયી કે રાજ્ય વિધાન ઘડવાની સામાન્ય પ્રક્રિયા દ્વારા સંવિધાનમાં કોઈ ફેરફાર શક્ય છે (૨). આમ બ્રિટિશ સંવિધાનના પ્રમુખ લક્ષણનો દાવો આપણા જેવા સંવાયી સંવિંધાન દ્વારા કરી શકાય નહી."*

૩૭. સંવિધાનના ભાગ ૧૩ માં સમાવિષ્ટ અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૭ ની જોગવાઈઓ તરફ આગળ વધતાં પહેલાં, આપણે તે ઐતિહાસિક પૃષ્ઠભૂમિને

પણ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેમાં સંવિધાનનો તે ભાગ ઘડવામાં આવ્યો હતો. આમ કરતી વખતે આપણે પ્રારંભમાં જ એ સ્વીકારવું જોઈએ કે આ કોર્ટના અગાઉના અનેક ચુકાદાઓમાં ભૂતકાળમાં ભાગ ૧૩ ના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યની ઘણી વખત તપાસ કરવામાં આવી છે. આજે જેમાં ભાગ ૧૩ નો સમાવેશ થાય છે તેના ક્રમિક વિકાસના વિવિધ તબક્કાઓનું નિરૂપણ વિસ્તૃત તેમજ ઝીણવટભર્યું બંને રહ્યું છે. ભાગ ૧૩ ના ઇતિહાસની તપાસ કરતી વખતે આ કોર્ટના ચુકાદાઓ ખૂબ વિગતમાં ગયા છે. તેથી, આપણું એવું સૂચવવું અવિવેકી ગણાશે કે ભાગ ૧૩ નો ઐતિહાસિક આધાર એવો વણખેડાયેલો વિસ્તાર છે કે જેના પર પ્રથમ વખત આગળ વધવામાં આવી રહ્યું છે. કેસોના વર્તમાન સમૂહ પહેલાંના વિદ્ધતાપૂર્ણ ચુકાદાઓ પ્રત્યે ન્યાયી રહેતાં, ભાગ ૧૩ ના વિકાસની તપાસ કરનાર અને તેના પરથી પોતાના તારણો કાઢતી વખતે તેના ક્રમિક વિકાસને શોધી કાઢનાર ન્યાયમૂર્તિઓના ગહન અભ્યાસ અને સમજણની ઉપયોગિતાને આપણે કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારવી જોઈએ, ભલે આવા અનુમાનો અને તારણો મોટાભાગે ભિન્ન રહ્યા હોય જે ત્યારે તદ્દન સ્વાભાવિક છે જ્યારે કોઈ વ્યક્તિ ઇતિહાસ અથવા તેના નિર્માણ તરફ દોરી જતી ઘટનાઓની તપાસ કરે છે.

૩૮. અમારા મતે, ભાગ ૧૩ ની શરૂઆતથી તેના સંબંધિત ન્યાયશાસ્ત્રના વિકાસને અત્યાર સુધી દર્શાવતા તમામ ચુકાદાઓનો સંદર્ભ આપવો બિનજરૂરી છે. અમારા મતે માત્ર અમુક ચુકાદાઓનો સંદર્ભ જ પર્યાપ્ત રહેશે. આ ચુકાદાઓ પૈકીનો પ્રથમ ચુકાદો કે જેનો આપણે સંદર્ભ લેવો જોઈએ તે એમ.પી.વી. સુંદરરામિયર વિ. આંધ્રપ્રદેશ રાજ્ય, એ.આઇ.આર. ૧૯૫૮ એસ.સી. ૪૬૮ માં

સંવિધાન બેંચનો ચુકાદો છે. તે સુતરના વેચાણ અને ખરીદીના આંતર-રાજ્ય વેપાર પર કર લાદતા આંધ્રપ્રદેશ રાજ્યને અટકાવવા માટે મનાઈ હુકમની રિટ (રિટ ઓફ પ્રોહિબિશન) માટે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવેલો કેસ હતો. અરજદારના જણાવ્યા અનુસાર આવા કોઈપણ કરની વસૂલાત અને ઉઘરાણી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૮૨ (૬) માં સમાવિષ્ટ જોગવાઈ વિરુદ્ધ હતી. કોર્ટ સમક્ષ વિચારણા માટે ઉપસ્થિત થયેલા પ્રશ્નો પૈકીનો એક પ્રશ્ન એ હતો કે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૬ અને ૩૦૧ ની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને શું રાજ્યો આંતર-રાજ્ય વેચાણ પર કર લાદી શકે છે. દલીલ એવી હતી કે અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતામાં કરવેરામાંથી સ્વતંત્રતાનો સમાવેશ થાય છે જેના પરિણામે આંતર-રાજ્ય વેચાણ પરનો કોઈપણ કર તે ખાતરીનું ઉલ્લંઘન કરશે. આ કોર્ટ દ્વારા સ્પષ્ટ શબ્દોમાં આ દલીલ ફગાવી દેવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું:

> *"(૫૦) અમારા મતે આ દલીલ ગંભીર ક્ષતિઓથી ગ્રસ્ત છે. તે એ બાબતની અવગણના કરે છે કે આપણું સંવિધાન ટેબ્યુલા-રાસા પર લખાયું ન હતું, ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ હેઠળ એક સંવાયી સંવિધાન સ્થાપિત કરવામાં આવ્યું હતું, અને ભલે તેમાં રદબાતલ કરવા, સુધારા અને ઉમેરા દ્વારા નોંધપાત્ર ફેરફાર થયા હોય, છતાં તે હજુ પણ એવું માળખું બની રહે છે જેના પર વર્તમાન સંવિધાન નિર્મિત છે, અને તે મુજબ સંવિધાનની જોગવાઈઓને ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટની જોગવાઈઓના પ્રકાશમાં વાંચવી જોઈએ."*

(વિશેષ ભાર મૂકેલ)

૩૯. ત્રણ વર્ષ પછી આ કોર્ટની સંવિધાન બેંચનો અટિયાબારી ટી કંપની લિ. કેસ (ઉપરોક્ત) માં ચુકાદો આવ્યો. તે કેસમાં અરજદારે હાઇકોર્ટ સમક્ષ આસામ ટેક્સેશન (ઓન ગુડ્સ કેરીડ બાય રોડ્સ ઓર ઇનલેન્ડ વોટરવેઝ) એક્ટ, (આસામ એક્ટ ૧૩/૧૯૫૪) ની સંવિધાનિક માન્યતાને પડકારી હતી. રિટ અરજી નિષ્ફળ જતાં, આ બાબત આ કોર્ટ સમક્ષ અપીલમાં લાવવામાં આવી હતી જેની સુનાવણી ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવેલી કેટલીક અરજીઓ સાથે કરવામાં આવી હતી. વાદગ્રસ્ત કાયદા દ્વારા આસામ રાજ્યમાં માર્ગ અને અંતર્દેશીય જળમાર્ગો દ્વારા લઈ જવામાં આવતા અમુક માલ પર કર લાદવામાં આવ્યો હતો. કાયદા હેઠળના કરારોપણને મુખ્યત્વે એ કારણસર પડકારવામાં આવ્યું હતું કે તે અન્ય બાબતોની સાથે સાથે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈ સાથેની અસંગતતાના કારણે સંવિધાનની સત્તા બહારનું હતું. આ કોર્ટે બહુમતી દ્વારા કાયદાની સંવિધાનિક માન્યતાને રદબાતલ ઠેરવતાં એવું ઠેરવ્યું હતું કે વાદગ્રસ્ત કરારોપણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલા મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક નિયંત્રણ તરીકે અમલમાં આવતું હતું. આ ચુકાદામાં ત્રણ અલગ અલગ દ્રષ્ટિકોણ રજૂ કરવામાં આવ્યા હતા, જે પૈકી એક–એક મત બી.પી. સિંહા, સી.જે.આઈ. અને જે.સી. શાહ, ન્યાયમૂર્તિ દ્વારા લેવામાં આવ્યો હતો અને ત્રીજો મત પી. બી. ગજેન્દ્રગડકર, કે. એન. વાંચૂ અને કે. સી. દાસ ગુપ્તા, ન્યાયમૂર્તિઓ ના બનેલા

બહુમતી પંચ દ્વારા લેવામાં આવ્યો હતો. અમે આ ત્રણ મતો પાછળના તર્કની ટૂંક સમયમાં ચર્ચા કરીશું પરંતુ તેમ કરતાં પહેલાં, સિન્હા, સી.જે.આઈ. દ્વારા આપવામાં આવેલા નિર્ણયમાંથી, સંવિધાનનો ભાગ ૧૩ જે ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં ઘડવામાં આવ્યો હતો, તે લાભદાયી રીતે ટાંકી શકીએ છીએ. અહેવાલના પેરા ૯ માં, સિન્હા, સી.જે.આઈ., જેમ તેઓ તે સમયે હતા, તેમણે નીચે મુજબના શબ્દોમાં ભાગ ૧૩ ના વિકાસને રેખાંકિત કર્યો હતો:

> *"૯. સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓના ગૂઢાર્થોને પૂર્ણપણે સમજવા માટે, તે જોગવાઈઓનો ઈતિહાસ અને પૃષ્ઠભૂમિ ધ્યાનમાં રાખવી જરૂરી છે. ધ કોન્સ્ટિટ્યુશન એક્ટ ઓફ ૧૯૩૫ (ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૨૬ ('જિઓ. ૫, પ્રકરણ ૨)), કે જે બ્રિટિશ ભારતના વિરોધાભાસમાં તે સમયના દેશી ભારત સહિત સમગ્ર ભારત માટે સંઘીય સંવિધાનની પરિકલ્પના કરતો હતો, જેનો સંપૂર્ણ અમલ થઈ શક્યો ન હતો અને જેણે સંપૂર્ણ પ્રાંતીય સ્વાયત્તતા પણ દાખલ કરી હતી, તેણે નીચે મુજબના શબ્દોમાં આંતરિક વેપાર પર અમુક નિયંત્રણોની મનાઈ ફરમાવતી કલમ ૨૯૭ ઘડી હતી:*
>
> *૨૯૭. (૧) કોઈ પણ પ્રાંતીય વિધાનમંડળ અથવા સરકાર —*
>
> *(એ) પ્રાંતની અંદર વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રાંતીય વૈધાનિક યાદીની પ્રવિષ્ટિના આધારે, અથવા ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણ સંબંધિત તે યાદીની પ્રવિષ્ટિના આધારે, કોઈપણ વર્ગ અથવા વર્ણનના*

માલના પ્રાંતમાં પ્રવેશ અથવા પ્રાંતમાંથી નિકાસ પર પ્રતિબંધ મૂકતો અથવા નિયંત્રિત કરતો કોઈપણ કાયદો પસાર કરવાની અથવા કોઈપણ કારોબારી પગલું ભરવાની સત્તા ધરાવશે નહીં; અથવા

(બી) આ અધિનિયમમાંની કોઈપણ બાબતના આધારે એવો કોઈપણ કર, ઉપકર, ટોલ અથવા લેણું લાદવાની સત્તા ધરાવશે નહીં કે જે, પ્રાંતમાં ઉત્પાદિત કે નિર્મિત થયેલા માલ અને તે રીતે ઉત્પાદિત કે નિર્મિત ન થયેલા તેવા જ માલ વચ્ચે, પહેલાં જણાવેલ માલની તરફેણમાં ભેદભાવ કરતો હોય; અથવા જે, પ્રાંતની બહાર ઉત્પાદિત કે નિર્મિત માલના કિસ્સામાં, એક વિસ્તારમાં ઉત્પાદિત કે નિર્મિત થયેલા માલ અને અન્ય વિસ્તારમાં ઉત્પાદિત કે નિર્મિત થયેલા તેવા જ માલ વચ્ચે ભેદભાવ કરતો હોય.

(૨) આ કલમના ઉલ્લંઘનમાં પસાર કરવામાં આવેલો કોઈપણ કાયદો, ઉલ્લંઘનની મર્યાદા સુધી, અમાન્ય રહેશે."

૧૦. એ ધ્યાને આવશે કે ઉપર ટાંકેલી કલમમાં સમાવિષ્ટ પ્રતિબંધ પ્રાંતની અંદર વેપાર અને વાણિજ્ય તથા ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણ સંબંધિત પ્રાંતીય વૈધાનિક યાદીની પ્રવિષ્ટિઓના સંદર્ભમાં માત્ર પ્રાંતીય સરકારો અને પ્રાંતીય વિધાનમંડળોને જ લાગુ પડતો હતો. તે કલમ સામાન્ય રીતે માલની પ્રાંતમાં આયાત અથવા પ્રાંતમાંથી નિકાસના સંબંધમાં મનાઈ અથવા નિયંત્રણો સાથે સંબંધિત હતી. તે કર વગેરે લાદવાની સત્તા સાથે પણ સંબંધિત હતી અને પ્રાંતની બહાર ઉત્પાદિત કે નિર્મિત થયેલા માલ અથવા વિવિધ

વિસ્તારોમાં ઉત્પાદિત થયેલા માલ સામેના ભેદભાવ પર પ્રતિબંધ મૂકતી હતી. સંવિધાનના ભાગ ૧૩ એ માત્ર રાજ્ય વિધાનમંડળોના સંબંધમાં જ નહીં, પરંતુ સંસદના સંબંધમાં પણ તે તમામ પ્રતિબંધો દાખલ કર્યા છે. ....

૧૧. આ સંબંધમાં એ યાદ રાખવું જરૂરી છે કે સંવિધાનના પ્રારંભ પહેલાં ભારતનો લગભગ બે–તૃતીયાંશ ભાગ સીધો બ્રિટિશ શાસન હેઠળ હતો અને તેને 'બ્રિટિશ ભારત' કહેવામાં આવતું હતું અને બાકીનો લગભગ એક–તૃતીયાંશ ભાગ રાજાઓ દ્વારા સીધો શાસિત હતો અને તે "દેશી રાજ્યો" તરીકે ઓળખાતો હતો. તેમની સંખ્યા ઘણી મોટી હતી અને તેમનામાં વિવિધ અંશે સાર્વભૌમત્વ રહેલું હતું. તે શાસકો પાસે, વ્યાપક રીતે કહીએ તો, કર લાદવાની અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહને નિયંત્રિત કરવાની સત્તા સાથે સાર્વભૌમ રાજ્યના તમામ લક્ષણો હતા. તે એક સુવિદિત હકીકત છે કે તે પૈકીના ઘણાએ વેપાર અવરોધો ઊભા કર્યા હતા જેણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને ગંભીરપણે અવરોધ્યો હતો, અને સામૂહિક વપરાશ માટેની ચીજવસ્તુઓને માત્ર બહાર જતી અટકાવી જ ન હતી પરંતુ અંદર પ્રવેશતી પણ રોકી હતી. વર્ષ ૧૯૪૭ અને ૧૯૫૦ ની વચ્ચે લગભગ તમામ દેશી રાજ્યોએ ભારત સરકાર સાથે કરારો કર્યા અને આખરે એક રાજકીય એકમ તરીકે ભારતમાં પોતાના વ્યક્તિત્વનું વિલીનીકરણ કર્યું, જેના પરિણામે જેને બ્રિટિશ ભારત કહેવામાં આવતું હતું તે, વ્યાપક રીતે કહીએ તો, સંવિધાન હેઠળ ભાગ 'એ' ના રાજ્યો બન્યા, અને આપણા હેતુ માટે અપ્રસ્તુત એવા અમુક અપવાદોને આધીન રહીને, દેશી રાજ્યો ભાગ 'બી' ના રાજ્યો બન્યા. આપણે એ પણ

*જાણીએ છીએ કે સંવિધાને ભાગ 'એ' રાજ્યો, ભાગ 'બી' રાજ્યો અને ભાગ 'સી' રાજ્યોની શ્રેણીઓ (અન્ય પ્રદેશો સંબંધિત ભાગ 'ડી' ને બાદ કરતાં) દાખલ કરી તે પહેલાં, ભાગ 'બી' રાજ્યો પોતે, આટલા બધા એકમોમાં રચાય તે પહેલાં, ઘણા નાના રાજ્યો ધરાવતા હતા, જેમણે પોતાની જાતને સંખ્યાબંધ રાજ્યોના સંઘોમાં રચ્યા હતા, અને તેમની અંદરોઅંદર પણ આવા વેપાર અવરોધો અને કસ્ટમ ચોકીઓ હતી. પરંતુ વિલીનીકરણ પછી પણ, સંવિધાને વેપાર અવરોધોના અસ્તિત્વની નોંધ લેવી પડી હતી અને તેથી તે તમામને નાબૂદ કરવાના અંતિમ ઉદ્દેશ્ય સાથે સંક્રમણકાલીન જોગવાઈઓ કરવી પડી હતી. તે દેશી રાજ્યો પૈકીના મોટાભાગના, નાના કે મોટા, પોતાના કર, ઉપકર, ટોલ અને અન્ય વેરા તથા શુલ્ક ધરાવતા હતા જે માત્ર મહેસૂલ એકત્ર કરવા માટે જ નહીં, પરંતુ વેપાર અવરોધો અને જકાતની દિવાલો તરીકે પણ હતા. આ હકીકતો અને સંજોગોની પૃષ્ઠભૂમિમાં જ સંવિધાને અનુચ્છેદ ૩૦૧ દ્વારા તે તમામ વેપાર અવરોધો અને જકાતની દિવાલોને નાબૂદ કરવાની જોગવાઈ કરી હતી. જ્યારે ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત ભારતીય ભૌગોલિક સીમાઓની અંદરનો સમગ્ર પ્રદેશ, પાકિસ્તાન બન્યો તે ભાગ સિવાય, એક રાજકીય એકમમાં ગૂંથાયો, ત્યારે રાષ્ટ્રીય એકતા, આર્થિક અને સાંસ્કૃતિક એકતા તેમજ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાના હિતમાં તે તમામ વેપાર અવરોધો અને કસ્ટમ ચોકીઓને નાબૂદ કરવી જરૂરી હતી."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૪૦. ગજેન્દ્રગડકર, ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલા બહુમતી મતે પણ નીચે મુજબના શબ્દોમાં ભાગ ૧૩ ના ઇતિહાસને રેખાંકિત કર્યો હતો:

*"૩૩. ચાલો આપણે પહેલાં ભાગ ૧૩ ની રાજકીય અને બંધારણીય પૃષ્ઠભૂમિને યાદ કરીએ. તે એક સામાન્ય જાણકારીની બાબત છે કે, સંવિધાન અપનાવવામાં આવ્યું તે પહેલાં, ભારતના રાજ્યક્ષેત્રનો લગભગ બે–તૃતીયાંશ ભાગ બ્રિટિશ શાસનને આધીન હતો અને તે સમયે બ્રિટિશ ભારત તરીકે જાણીતો હતો, જ્યારે ભારતના રાજ્યક્ષેત્રનો બાકીનો ભાગ ભારતીય રાજાઓ દ્વારા શાસિત હતો અને તેમાં કેટલાક દેશી રાજ્યોનો સમાવેશ થતો હતો. આ રાજ્યો પૈકીના મોટાભાગના રાજ્યોએ તે સંબંધમાં સર્વોચ્ચ સત્તા દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓની અંદર સાર્વભૌમ અધિકારોનો દાવો કર્યો હતો, અને તેઓએ વેપાર અને વાણિજ્ય સંબંધિત કર લાદવાની પોતાની વૈધાનિક સત્તાનો ઉપયોગ કરવાનો દાવો કર્યો હતો જેના કારણે અનિવાર્યપણે તેમની અને બાકીના ભારત વચ્ચે જકાત અવરોધો ઊભા થયા હતા. આવા અવરોધોની બાબતમાં બ્રિટિશ ભારત ધ કોન્સ્ટિટ્યુશન એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ ની જોગવાઈઓ દ્વારા સંચાલિત હતું. આ કલમની જોગવાઈઓનો આ ચુકાદા દરમિયાન પાછળથી સંદર્ભ આપવાનો અમને અવસર મળશે. આમ, ૧૯૫૦ પહેલાં વેપાર અને વાણિજ્યનો પ્રવાહ અનેક સ્થળોએ અવરોધાયેલો હતો જે દેશી રાજ્યોની સરહદો બનાવતા હતા. ભારતે ૧૯૪૭ માં રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી તે પછી અને સંવિધાન અપનાવવામાં આવ્યું તે પહેલાં, બાકીના*

*દેશ સાથે કેટલાક દેશી રાજ્યોના વિલીનીકરણ અને એકીકરણની ઐતિહાસિક પ્રક્રિયા ઝડપથી પૂર્ણ થઈ ગઈ હતી, જેના પરિણામે જ્યારે સંવિધાન પ્રથમ વખત પસાર કરવામાં આવ્યું ત્યારે ભારતના રાજ્યક્ષેત્રોમાં ભાગ 'એ' ના રાજ્યોનો સમાવેશ થતો હતો જે વ્યાપક રીતે કહીએ તો બ્રિટિશ ભારતના પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરતા હતા, અને ભાગ 'બી' ના રાજ્યો કે જે દેશી રાજ્યોના બનેલા હતા. ભારતીય સંઘ સાથે દેશી રાજ્યોના આ વિલીનીકરણ અથવા એકીકરણ પહેલાં કેટલાક રાજ્યોનું પોતાની અંદરોઅંદર વિલીનીકરણ અને એકત્રીકરણ થયું હતું. દેશી રાજ્યો દ્વારા તેમની વૈધાનિક સત્તાઓના ઉપયોગમાં જે વેપાર અવરોધો ઊભા કરવામાં આવ્યા હતા તેની જાણકારી સાથે જ સંવિધાન ઘડવૈયાઓએ ભાગ ૧૩ ના અનુચ્છેદો ઘડ્યા હતા. અનુચ્છેદ ૩૦૧ નો મુખ્ય ઉદ્દેશ્ય સ્પષ્ટપણે સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહના મુક્ત વહનને મંજૂરી આપવાનો હતો."*

૪૧. ત્યારબાદ ઓટોમોબાઈલ કેસ (ઉપરોક્ત) માં આ કોર્ટનો નિર્ણય આવ્યો જેમાં, આ કોર્ટે અન્ય બાબતોની સાથે સાથે એવા કારણસર રાજસ્થાન મોટર વ્હીકલ્સ એક્ટ સામેના પડકારની તપાસ કરી હતી કે સદર અધિનિયમ હેઠળ લાદવામાં આવેલ કર ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો હતો. એસ. કે. દાસ, ન્યાયમૂર્તિએ બહુમતી વતી બોલતાં નીચે મુજબના શબ્દોમાં ભાગ ૧૩ ની ઐતિહાસિક પૃષ્ઠભૂમિને પણ રેખાંકિત કરી હતી:

"૭. અત્યાર સુધી અમે હકીકતલક્ષી અને કાનૂની પૃષ્ઠભૂમિ રજૂ કરી છે કે જેની સામે અમારી સમક્ષ રહેલી સમસ્યાનું નિરાકરણ લાવવાનું છે. હવે અમારે ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અંગે થોડા શબ્દો કહેવા જોઈએ. આમ કરવું જરૂરી છે, કારણ કે ઓસ્ટ્રેલિયન અને અમેરિકન નિર્ણયો, ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ ના અથ ઘટન અંગેના ઓસ્ટ્રેલિયન નિર્ણયો અને અમેરિકન સંવિધાનની વાણિજ્ય કલમ અંગેના અમેરિકન નિર્ણયોના વ્યાપક સંદર્ભો આપવામાં આવ્યા છે. આ કોર્ટે અટિયાબારી ટી કંપની કેસ (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯ : (એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨) માં નિર્દેશ કર્યો હતો કે, આપણા સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે અમેરિકન અથવા ઓસ્ટ્રેલિયન નિર્ણયો પર આધાર રાખવો હંમેશા સલામત રહેશે નહીં. અન્ય સંઘીય સંવિધાનોમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની સમસ્યા સાથે કેવી રીતે કામ લેવામાં આવ્યું હતું તે દર્શાવવામાં તે નિર્ણયો મૂલ્યવાન હોવા છતાં, આપણા સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન તે ઐતિહાસિક પૃષ્ઠભૂમિના સંદર્ભમાં થવું જોઈએ કે જેમાં આપણું સંવિધાન ઘડવામાં આવ્યું હતું; તે સમસ્યાઓની પૃષ્ઠભૂમિ કે જેને સંવિધાન ઘડવૈયાઓએ સંવિધાન સભામાં જે ભારતીય લોકોનું પ્રતિનિધિત્વ કરતા હતા તેમની પ્રતિભા અનુસાર ઉકેલવાનો પ્રયાસ કર્યો હતો. આ સંબંધમાં ધ્યાને લેવા જેવી પ્રથમ બાબત એ છે કે સંવિધાન ઘડવૈયાઓ કોઈ કોરી સ્લેટ પર લખી રહ્યા ન હતા. તેમની પાસે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫

હતો અને તેમની પાસે તે વહીવટી માળખું પણ હતું કે જેની તે અધિનિયમે પરિકલ્પના કરી હતી. ભારત તે સમયે પ્રાંતો તરીકે ઓળખાતા વિવિધ વહીવટી એકમોનું બનેલું હતું, જે દરેકનું પોતાનું વહીવટી માળખું હતું. ત્યાં ભાષા, ધર્મ વગેરેના તફાવતો હતા. કેટલાક પ્રાંતો અન્ય પ્રાંતો કરતાં આર્થિક રીતે વધુ વિકસિત હતા. એક જ પ્રાંતની અંદર પણ, ઉદ્યોગો, સંદેશાવ્યવહાર વગેરેના દ્રષ્ટિકોણથી અલ્પવિકસિત, વિકસિત અને અત્યંત વિકસિત વિસ્તારો હતા. સંવિધાન ઘડવૈયાઓ જે આર્થિક એકીકરણની સમસ્યાનો સામનો કરી રહ્યા હતા તે અનેક પાસાં ધરાવતી સમસ્યા હતી. જોકે, બે પ્રશ્નો મુખ્ય હતા; એક પ્રશ્ન એ હતો કે સંઘીય, આર્થિક અને રાજકોષીય એકીકરણ કેવી રીતે પ્રાપ્ત કરવું, જેથી કરીને સમગ્ર ભારતના હિતોને અસર કરતી આર્થિક નીતિઓનો અમલ, ખાસ કરીને વિકાસશીલ અર્થતંત્રના સંદર્ભમાં, ભારતની એકતા પર સતત વધતો તણાવ લાવ્યા વિના કરી શકાય. બીજો પ્રશ્ન એ હતો કે વધુ પડતા પક્ષપાતી અથવા ભેદભાવપૂર્ણ અવરોધો ઊભા કર્યા વિના અલ્પવિકસિત વિસ્તારોના વિકાસને કેવી રીતે પ્રોત્સાહિત કરવો. પ્રાંતો ઉપરાંત, દેશી રાજ્યો પણ હતા જે દેશી ભારત તરીકે પણ જાણીતા હતા. ભારતે ૧૯૪૭ માં રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી તે પછી અને સંવિધાન અપનાવવામાં આવ્યું તે પહેલાં, બાકીના દેશ સાથે દેશી રાજ્યોના વિલીનીકરણ અને એકીકરણની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હતી જેથી જ્યારે સંવિધાન પ્રથમ વખત પસાર થયું ત્યારે ભારતના રાજ્યક્ષેત્રમાં ભાગ 'એ' ના રાજ્યો, જે

*વ્યાપક રીતે કહીએ તો બ્રિટિશ ભારતના પ્રાંતોનું પ્રતિનિધિત્વ કરતા હતા, અને ભાગ 'બી' ના રાજ્યો કે જે દેશી રાજ્યોના બનેલા હતા, તેનો સમાવેશ થતો હતો. દેશી રાજ્યો દ્વારા તેમની વૈધાનિક સત્તાઓના ઉપયોગમાં ઊભા કરવામાં આવેલા વેપાર અવરોધો હતા અને સંવિધાન ઘડવૈયાઓએ તે વેપાર અવરોધોના સંબંધમાં પણ જોગવાઈઓ કરવાની હતી. સંઘીય માળખા અથવા અર્ધ–સંઘીય માળખાના વિકાસમાં તે સમયની પ્રવર્તમાન પરિસ્થિતિઓના સંદર્ભમાં અનિવાર્યપણે સત્તાઓની વહેંચણીનો સમાવેશ થતો હતો અને આપણા સંવિધાનનો એક મૂળભૂત ભાગ સાતમી અનુસૂચિની ત્રણ વૈધાનિક યાદીઓ સાથેની તે વહેંચણી સાથે સંબંધિત છે. ... ... ... "*

૪૨. હિદાયતુલ્લાહ, ન્યાયમૂર્તિએ અલગ અસંમત મતમાં માત્ર ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૧૫ ના સંઘીય માળખાના ઐતિહાસિક વિકાસને જ નહીં પરંતુ આવા સંઘવાદના વિકાસ પર અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના રક્ષણ માટે સાયમન કમિશન અને સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોને પણ વિગતવાર રેખાંકિત કરી હતી. નામદાર ન્યાયમૂર્તિએ જે પૃષ્ઠભૂમિમાં ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ઘડવામાં આવ્યો હતો તેનો સંદર્ભ આપ્યો, જેમાં બટલર સમિતિ, ગોળમેજી પરિષદ, ફેડરલ સ્ટ્રક્ચર કમિટી, ફેડરલ લેજિસ્લેચર એન્ડ પ્રોવિન્શિયલ લેજિસ્લેચર કમિટી અને સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણોનો સમાવેશ થાય છે અને આખરે એવો નિષ્કર્ષ કાઢ્યો કે આ તમામ ભલામણો અને બંધારણીય માળખા

પાછળ રહેલો જાહેર ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો હતો કે સંઘમાં રાજ્યનું જોડાણ એ સિદ્ધાંતની તેની સ્વીકૃતિ સૂચવે છે કે તે મુક્ત પરસ્પર આદાન–પ્રદાન સામે એટલો મોટો અવરોધ ઊભો કરશે નહીં જે સંઘના ભવિષ્ય માટે જોખમરૂપ બને. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ના ઘડતરના દાયકાઓ પહેલાંના ઐતિહાસિક વિકાસના આધારે, નામદાર ન્યાયમૂર્તિએ નિષ્કર્ષ કાઢ્યો હતો કે:

> *"૯૫. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની પાછળ રહેલા ઇતિહાસની વિગતવાર તપાસ કેટલીક મૂળભૂત હકીકતો અને પૂર્વધારણાઓને ઉજાગર કરે છે. તે દર્શાવે છે કે આખી એક સદી દરમિયાન ચાલેલી પ્રક્રિયા એક અત્યંત કેન્દ્રીકૃત સરકારના વિભાજન અને અલગ તથા વિશિષ્ટ રાજકીય અસ્તિત્વ ધરાવતા સ્વાયત્ત પ્રાંતોની રચનાની હતી, જેને પાછળના સમયગાળામાં અંદરોઅંદર અને દેશી રાજ્યો સાથે એક સંઘમાં જોડવાના હતા. આ પ્રાપ્ત કરવા માટે, માત્ર કાયદા ઘડવાના વિષયોનું જ વિભાજન કરવામાં આવ્યું ન હતું, પરંતુ નાણાકીય સંસાધનોની પણ વહેંચણી કરવામાં આવી હતી અને સંઘ તથા પ્રાંતો માટે અલગ રાજકોષ સ્થાપિત કરવામાં આવ્યા હતા. કરાધાનના ક્ષેત્રો સીમાંકિત કરવામાં આવ્યા હતા, અને પ્રાંતો માટેના ક્ષેત્રો ખાસ કાળજીપૂર્વક પસંદ કરવામાં આવ્યા હતા જેથી આ એકમો શક્ય તેટલા સ્વનિર્ભર બને અને તેમની પાસે "રાષ્ટ્ર–નિર્માણની પ્રવૃત્તિઓ" માટે પૂરતા સાધનો બચે. આ વ્યવસ્થામાં, દેશી રાજ્યો માટે સમાન ધોરણે અને સમાનતાની શરતો પર જોડાવા માટેના દરવાજા ખુલ્લા હતા. સૌથી*

*મહત્વની હકીકત એ હતી કે અમેરિકન અને કેનેડિયન સંવિધાનોથી વિપરીત વાણિજ્ય સત્તા કેન્દ્ર અને પ્રાંતો વચ્ચે વહેંચાયેલી હતી, જેમ કે અમારા દ્વારા ટાંકવામાં આવેલી પ્રવિષ્ટિઓ સ્પષ્ટપણે દર્શાવે છે. પ્રાંતોની વાણિજ્ય સત્તા પ્રાંતોની અંદર વાપરી શકાય તેવી હતી. પ્રાંતોની વાણિજ્ય સત્તા પર નિયંત્રણ કલમ ૨૯૭ દ્વારા મૂકવામાં આવ્યું હતું. આ બે દિશાઓમાં હતું. પેટા-કલમ (૧) ના ખંડ (એ) એ પ્રાંતોની સીમાઓ પર માલના પ્રવેશ અને નિકાસ પરના નિયંત્રણો પર પ્રતિબંધ મૂક્યો હતો, અને ખંડ (બી) એ પ્રાંતમાં ઉત્પાદિત અને નિર્મિત થયેલા માલ અને તે રીતે ઉત્પાદિત કે નિર્મિત ન થયેલા માલ વચ્ચે માલ પર કર લાદવામાં ભેદભાવ તેમજ સ્થાનિક ભેદભાવો પર પ્રતિબંધ મૂક્યો હતો."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૪૩. હિદાયતુલ્લાહ, ન્યાયમૂર્તિ, જેમ તેઓ તે સમયે હતા, તેમના મતે વેપાર અને વાણિજ્ય અંગે ૧૯૩૫ ના અધિનિયમમાં અનેક ખામીઓ અસ્તિત્વ ધરાવતી હતી જેને સંવિધાનના ઘડવૈયાઓએ તેના સંઘીય માળખાને જાળવી રાખીને સુધારવાનો પ્રયાસ કર્યો હતો. આ સંબંધમાં નીચેનો પરિચ્છેદ બોધપ્રદ છે:

*"૯૬. ભારતના સંવિધાનનો મુસદ્દો તૈયાર કરતી વખતે, સંવિધાન સભા વિવિધ દેશોની સમસ્યાઓથી વાકેફ હોવાથી, જ્યાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા અલગ-અલગ રીતે પૂરી પાડવામાં આવી છે*

અને તે દેશોની અદાલતોએ સંબંધિત જોગવાઈઓને જે રીતે જોઈ છે તેનાથી પણ વાકેફ હોવાથી, તેમણે ભારતીય પરિસ્થિતિઓને અનુકૂળ આવી સ્વતંત્રતાનું એક માળખું વિકસાવવાનો પ્રયાસ કર્યો જ હશે. સંવિધાન સભાને સમજાયું કે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ અને ભેદભાવો પરના પ્રકરણની જોગવાઈઓ ભાગ્યે જ જરૂરિયાત પૂરી કરતી હતી અને તે અપૂરતી હતી. તેમણે નીચેના પ્રશ્નો નક્કી કરવાના હતા: (એ) શું વાણિજ્ય સત્તા માત્ર સંસદને જ આપવી કે સંસદ અને રાજ્ય વિધાનમંડળો વચ્ચે તેનું વિભાજન કરવું; (બી) શું આંતર–રાજ્ય એટલે કે રાજ્યોની સરહદો પર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવી કે રાજ્યની અંદર પણ તે સુનિશ્ચિત કરવી; (સી) શું નિયંત્રણો સામેનો પ્રતિબંધ નિરપેક્ષ બનાવવો કે શરતી, અને જો તેમ હોય, તો કઈ રીતે; (ડી) જો શરતી હોય, તો નિયંત્રણ કોના દ્વારા અને કઈ હદ સુધી લાદવાનું હતું; (ઇ) શું સ્વતંત્રતા વ્યક્તિગત હોવી જોઈએ કે સમગ્રપણે વેપાર અને વાણિજ્ય માટે પણ હોવી જોઈએ; (એફ) બ્રિટિશ ભારતના અને ખાસ કરીને જોડાણ કરનારા દેશી રાજ્યોના પ્રવર્તમાન કાયદાઓનું શું કરવું; (જી) શું કટોકટી માટે કોઈ વિશેષ જોગવાઈઓની જરૂર હતી; (એચ) રાજ્યોને માલના વેચાણ પર કર લાદવા માટે સક્ષમ બનાવવા માટે કઈ વિશેષ જોગવાઈઓ હોવી જોઈએ, જે કર નિષ્ણાતોના મતે રાજ્યો માટે આવકનો મુખ્ય સ્ત્રોત બનવાના હતા. વાસ્તવમાં આ તમામ બાબતો ભાગ ૧૩ માં આવરી

*લેવામાં આવી છે, અને જે દેશોએ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનો સ્વીકાર કર્યો હતો તેમના લો રિપોર્ટ્સમાં જે ખામીઓ પ્રગટ થઈ હતી તેને તે હેતુ માટે યોગ્ય ભાષા પસંદ કરીને ટાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, રાજકીય વ્યવસ્થાના વ્યાપક માળખા, એટલે કે સ્વાયત્ત રાજ્યોના સંઘની બાબતને નજરઅંદાજ કરવામાં આવી ન હતી. ૧૯૩૫ ના સંવિધાનના અમલ દરમિયાન આ સ્વાયત્ત પરિસ્થિતિઓ મજબૂત બની હતી અને તેના પરિણામે પ્રોફેસર કૂપલેન્ડે જેને "પ્રાંતીય–દેશભક્તિ" તરીકે વર્ણવી હતી તે તરફ દોરી ગઈ, જેના માટે વિદ્વાન પ્રોફેસરના મતે કારણ આ મુજબ હતું:*

*"વધુમાં, છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન, સંપૂર્ણ પ્રાંતીય સ્વશાસનના આગમનથી પ્રાંતીય દેશભક્તિની ભાવના મજબૂત બની છે. લોકોએ એવી સરકારોમાં નવો ગર્વ અનુભવ્યો જે હવે અમુક અર્થમાં તેમની પોતાની હતી." (ધ કોન્સ્ટિટ્યુશનલ પ્રોબ્લેમ ઇન ઇન્ડિયા, ભાગ ૩, પાનું ૪૦)."*

૪૪. ઉપર સંદર્ભિત આ કોર્ટના નિર્ણયો દ્વારા રજૂ કરવામાં આવેલી ઐતિહાસિક પૃષ્ઠભૂમિને હકીકતના પ્રશ્ન પર પડકારવામાં આવી નથી. તેમાંથી કાઢવામાં આવેલા તારણો, અગાઉ નોંધ્યા મુજબ, સદર પૃષ્ઠભૂમિ વિશે ન્યાયાધીશોના વ્યક્તિગત દ્રષ્ટિકોણના આધારે ભિન્ન હોઈ શકે છે. જોકે, આ કોર્ટના ચુકાદાઓમાં ઐતિહાસિક વર્ણનોમાં જોવા મળતું સમાન સૂત્ર સ્પષ્ટપણે

નજરે પડે છે અને આ તબક્કે તેનો ટૂંકમાં સારાંશ આપી શકાય છે. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં રહેલા આ સૂત્રો પૈકીનું પ્રથમ સૂત્ર એ હકીકત છે કે સંવિધાનના પ્રારંભ પહેલાં દેશના લગભગ ૨/૩ ભાગ પર બ્રિટિશરોનું શાસન હતું જ્યારે બાકીના ૧/૩ ભાગ પર રાજાઓ દ્વારા શાસન કરવામાં આવતું હતું જેઓ દેશી રાજ્યો તરીકે પણ ઓળખાતા હતા અને તેઓ પોતપોતાના પ્રદેશો પર વિવિધ અંશે સાર્વભૌમત્વ ભોગવતા હતા. આ શાસકો પાસે કર લાદવાની અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહનું નિયમન કરવાની સત્તા હતી. તે પૈકીના કેટલાકે વેપાર અવરોધો ઊભા કર્યા હતા જેથી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં અડચણ ઊભી થઈ હતી. એક જ રાજકીય એકમની રચના કરવા માટે ભારતના ડોમિનિયનમાં આ દેશી રજવાડાઓના વિલીનીકરણ સાથે, દેશનો જે ભાગ બ્રિટિશરો દ્વારા શાસિત હતો તે ભાગ 'એ' ના રાજ્યો તરીકે ઓળખાયો જ્યારે દેશી રાજ્યો ભાગ 'બી' ના રાજ્યો બન્યા. મહત્વની બાબત એ છે કે આ રાજ્યોના વિલીનીકરણ પછી પણ, સંવિધાને વેપાર અવરોધોના અસ્તિત્વને સ્વીકારવું પડ્યું હતું અને આખરે તેને નાબૂદ કરવાના હેતુથી સંક્રમણકાલીન જોગવાઈઓ કરવી પડી હતી. તે પૃષ્ઠભૂમિમાં જ ભારતીય સમગ્ર ભૌગોલિક સીમાઓ એક રાજકીય એકમમાં ગૂંથાઈ જવાના પરિણામે સંવિધાને અનુચ્છેદ ૩૦૧ દ્વારા આવા તમામ વેપાર અવરોધોને નાબૂદ કરવાની જોગવાઈ કરી હતી. આવા અવરોધોને દૂર કરવા પાછળનો સમગ્ર ઉદ્દેશ્ય રાષ્ટ્રીય એકતા અને દેશની આર્થિક એકતાના હિતમાં મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને સરળ બનાવવાનો હતો. સંવિધાનના ભાગ ૧૩ માં

સમાવિષ્ટ અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૭ નો વિકાસ પણ કેટલીક ઘટનાઓ, વળાંકો અને બદલાવોથી અંકિત થયેલ છે જેનો અમે આ તબક્કે ટૂંકમાં સંદર્ભ આપી શકીએ છીએ, પરંતુ, તેમ કરતી વખતે, આપણે યાદ રાખવાની જરૂર છે કે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ એ તે વિષય સાથે સંબંધ ધરાવતી હતી જે આખરે ભાગ ૧૩ ના છત્ર હેઠળ આવ્યો અને તેણે પ્રાંતીય સરકારોને દેશની અંદર વેપાર પર અવરોધો લાદવા પર પ્રતિબંધ મૂક્યો હતો. સદર જોગવાઈએ એવા ઉપકર, ટોલ અથવા અન્ય કરવેરા લાદવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો જે એક વિસ્તારમાં ઉત્પાદિત માલ અને અન્યત્ર ઉત્પાદિત તેવા જ માલ વચ્ચે ભેદભાવ કરતા હોય. સદર જોગવાઈના કારણે જ એમ.પી.વી. સુંદરરામિયર કેસ (ઉપરોક્ત) માં વેંકટરામ ઐયર, ન્યાયમૂર્તિએ એવું અવલોકન કર્યું હતું કે સંવિધાન ટેબ્યુલા રાસા પર લખાયું ન હતું.

૪૫. અનુચ્છેદ ૩૦૧ નું પ્રથમ મૂળ બીજ અન્ય મહાનુભાવો ઉપરાંત શ્રી કે. એમ. મુનશી, સર અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયર અને સર બી. એન. રાવ ની બનેલી મૂળભૂત અધિકારો અંગેની ઉપ–સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા મુસદ્દામાં ખંડ ૧૩ તરીકે જે રજૂ કરવામાં આવ્યું હતું તેમાં રહેલું હતું. સદર ખંડ નીચે મુજબના શબ્દોમાં હતો:

> *"સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન રહીને, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે દરિયાઈ પરિવહન દ્વારા હોય, મુક્ત રહેશે:*

*પરંતુ શરત એ છે કે કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં તેના પર કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે."*

સર બી. એન. રાવ ની નોંધ પરથી એ સ્પષ્ટ થાય છે કે ખંડ ૧૩ (ઉપરોક્ત) નો પ્રથમ ભાગ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ માંથી અપનાવવામાં આવ્યો હતો જ્યારે સદર ખંડના અંતે રહેલું પરંતુક નવું હતું.

૪૬. સર અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયરે ખંડ ૧૩ ના સંબંધમાં ૧૦મી, ૧૪મી અને ૧૫મી એપ્રિલ, ૧૯૪૭ ના મુસદ્દા અહેવાલમાં એવું સૂચન કર્યું હતું કે એ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે:

*"(૧) સંબંધિત એકમો સિવાયના ભારતના અન્ય ભાગોમા થી તે એકમોમાં આવતો માલ એવા શુલ્કો અને કરોમાંથી મુક્તિ મેળવી શકતો નથી કે જેને તે એકમોમાં ખુદ ઉત્પાદિત થયેલો માલ આધીન છે.*

*(૨) કટોકટીમાં સદર ખંડ દ્વારા ઘોષિત અધિકારો પર નિયંત્રણો લાદવાનું પણ એકમ માટે ખુલ્લું હોવું જોઈએ."*

૪૭. ઉપરોક્ત સૂચનો સ્વીકારવામાં આવ્યા હતા અને તેમાં સુધારો કરીને નીચે મુજબના શબ્દોમાં ખંડ ૧૪ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો:

*"૧૪. (૧) સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન રહીને, એકમો વચ્ચે નાગરિકો દ્વારા અને તેમની વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે:*

*પરંતુ કોઈ પણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં અથવા કટોકટીમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકશે:*

*પરંતુ આ કલમમાંનું કંઈ પણ કોઈ એકમને અન્ય એકમોમાંથી આયાત કરાયેલ માલ પર તે જ જકાતો અને કર લાદતાં અટકાવશે નહીં કે જેને સદર એકમમાં ઉત્પાદિત માલ આધીન છે:*

*પરંતુ વધુમાં એવી શરત છે કે કોઈ એકમ દ્વારા વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.*

*[વિશેષ નોંધ — અમારા અહેવાલના પેરા ૬ માં દર્શાવેલ મુશ્કેલીને પહોંચી વળવા માટે એક પરંતુક ઉમેરવો પડશે.]*

*(૨) સંઘના રાજ્યક્ષેત્રોની અંદર નાગરિકો સિવાયની કોઈપણ વ્યક્તિ દ્વારા અથવા તેની સાથેનો વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહાર સંઘના કાયદા દ્વારા વિનિયમિત અને નિયંત્રિત કરવામાં આવશે."*

૪૮. ઉપરોક્ત ખંડ ત્યારબાદ સલાહકાર સમિતિ સમક્ષ વિચારણા માટે આવ્યો જ્યાં વિસ્તૃત ચર્ચા થઈ હતી. જે બાબત નોંધપાત્ર મહત્વ ધરાવે છે તે સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરનું નિવેદન છે જ્યાં તેમણે જાહેર વ્યવસ્થા, નૈતિકતા, સ્વાસ્થ્યના હિતમાં અથવા કટોકટીમાં વાજબી નિયંત્રણ લાદવા માટે રાજ્યને સક્ષમ બનાવવા પાછળનો હેતુ સમજાવ્યો હતો:

"**અધ્યક્ષ:** તો પછી ચાલો આપણે ખંડ ૧૪ લઈએ

**સી. રાજગોપાલાચારી:** મને લાગે છે કે આપણે ૧૪(૧) માં એ ઉમેરવું જોઈએ કે આ મહેસૂલના વાસ્તવિક હેતુઓ માટે કર લાદવામાં બાધારૂપ રહેશે નહીં.

ઘણા સભ્યો: તે પછીથી આવે છે: "વિશેષ નોંધ: અમારા અહેવાલના પેરા ૬ માં દર્શાવેલ મુશ્કેલીને પહોંચી વળવા માટે એક પરંતુક ઉમેરવો પડશે."

**સી. રાજગોપાલાચારી:** તેથી જ હું તે ઉમેરી રહ્યો છું.

**અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર:** "સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન રહીને, એકમો વચ્ચે નાગરિકો દ્વારા અને તેમની વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે." તે સામાન્ય સિદ્ધાંત છે. ત્યારબાદ અપવાદો આવે છે, "પરંતુ કોઈ પણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં અથવા કટોકટીમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકશે." ધારો કે વ્યાપક દુષ્કાળ પડે છે, અને લોકો ભૂખે મરે છે, તો તે બાબતને અહીં પહોંચી વળવાનો આશય છે.

અને ત્યારબાદ "પરંતુ આ કલમમાંનું કંઈ પણ કોઈ એકમને અન્ય એકમોમાંથી આયાત કરાયેલ માલ પર તે જ જકાતો અને કર લાદતાં અટકાવશે નહીં કે જેને સદર એકમમાં ઉત્પાદિત માલ આધીન છે." એટલે કે, આપણે ભેદભાવ કરવો જોઈએ નહીં; પરંતુ તે જ સમયે, અંદર આવતો માલ કરમુક્ત

છટકી જવો જોઈએ નહીં; તે વિસ્તારમાં ઉત્પાદિત માલ જે જકાતને આધીન છે તે જ જકાતને તે આધીન હોવો જોઈએ.

અને ત્યારબાદ "પરંતુ વધુમાં એવી શરત છે કે કોઈ એકમ દ્વારા વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પ્રાધાન્ય આપવામાં આવશે નહીં." હવે, પરંતુક ઉમેરવા અંગેના અહેવાલના પેરા ૬ ને મહેરબાની કરીને વાંચો.

**કે.એમ. પનીક્કર:** રાજાજી (સી. રાજગોપાલાચારી) એ એકમોના કર ઉઘરાવવાના અધિકારનો પ્રશ્ન ઉઠાવ્યો છે, અને કહે છે કે આ અધિકાર નકારવો જોઈએ નહીં. જોકે, હું માનું છું કે એકમોને આપવામાં આવનારી આ એક જોખમી સત્તા છે. આના પરિણામે ઘણા બધા સ્પર્ધાત્મક એકમોનું નિર્માણ થઈ શકે છે. આપણે બે બાબતોની છૂટ આપી છે. આપણે એકમને તેના પોતાના ઉદ્યોગો પર કર લાદવાની મંજૂરી આપી છે. સમાનતા ખાતર, આપણે અંદર લાવવામાં આવતી વસ્તુઓ પર પણ કર લાદવાની મંજૂરી આપીએ છીએ. પરંતુ આપણા મિત્રો થોડા આગળ વધીને એમ કહેવા માંગે છે કે કર, અથવા પરિવહન જકાત કે અન્ય કોઈ પ્રકારની જકાત લાદવાનો અધિકાર એકમોને આપવો જ જોઈએ. મને ભય છે કે તે આ ખંડનો નિષેધ હશે. ભારતીય રાજ્યોમાં અમુક દરો અને જકાતો અસ્તિત્વમાં છે જેને અંદાજપત્રીય અને અન્ય કારણોસર અત્યારે તાત્કાલિક ધોરણે નાબૂદ કરી શકાય તેમ નથી. કરાર દ્વારા, સમય જતાં તેમને નાબૂદ કરવાનું શક્ય બની શકે છે, પરંતુ તાત્કાલિક નહીં.

***સી. રાજગોપાલાચારી:*** *જો દરેક જગ્યાએ રાજ્યો મહેસૂલ માટે કર અને જકાતો લાદી શકતા હોય, તો શું પ્રાંતો પણ તેમ ન કરી શકે?*

***અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર:*** *આપણે રાજ્યોને સંપૂર્ણ મુક્ત છૂટ આપતા નથી. એ નિર્દેશ કરવામાં આવ્યો છે કે હાલમાં રાજ્યોમાં અમુક પ્રકારની પરિસ્થિતિ પ્રવર્તે છે, અને...*

***કે.એમ. પનીક્કર:*** *મને પરિસ્થિતિ સ્પષ્ટ કરવા દો. રાજ્યોમાં આંતરિક સીમાશુલ્ક સંબંધિત પરિસ્થિતિ જટિલ છે. મોટી સંખ્યામાં રાજ્યોમાં આવા સીમાશુલ્ક અથવા જકાતો અસ્તિત્વમાં નથી. ઉદાહરણ તરીકે સમગ્ર પંજાબ રાજ્યો માટે આંતરિક સીમાશુલ્કનો કોઈ અધિકાર નથી. હૈદરાબાદ માટે, તેમની પાસે આયાત અને નિકાસ બંને પર માત્ર ૫% સુધીનો જ કર લાદવાનો અધિકાર છે. ત્રાવણકોર અને કોચીનમાં તે જેને ઇન્ટર-પોર્ટલ કન્વેન્શન કહેવાય છે તેના દ્વારા સંચાલિત થાય છે. મોટી સંખ્યામાં રાજ્યો પાસે અત્યારે પણ સીમાશુલ્ક લાદવાનો કોઈ જ અધિકાર નથી, પરંતુ તે પૈકીના નોંધપાત્ર રાજ્યો આ સત્તા ભોગવે છે અને આજે તેમની અંદાજપત્રીય સ્થિતિ તેમને મળતા સીમાશુલ્ક પર આધારિત છે, દરિયાકાંઠાના રાજ્યો અને આંતરિક રાજ્યો બંને. તેથી આ બાબતનો ઉકેલ લાવવા માટે તેમની સાથે સમજૂતી અને કરાર દ્વારા વ્યવસ્થા કરવી પડશે.*

***અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર:*** *યુનિયન પાવર્સ કમિટીનું ધ્યાન આ બાબત તરફ દોરવામાં આવ્યું હતું અને સર વી.ટી. કૃષ્ણમાચારી તથા સર બી.એલ.*

મિત્તર દ્વારા એવું સૂચન કરવામાં આવ્યું હતું કે તેમના અહેવાલમાં તેનો કંઈક સંદર્ભ આપવો જોઈએ. આપણે રાજ્યોને તે છૂટછાટ ભોગવવાની મંજૂરી આપવા માંગતા હતા જે તેઓ ભોગવતા આવ્યા છે. પરંતુ આપણે દેશને સ્પર્ધાત્મક એકમોમાં પરિવર્તિત થવા સામે સાવચેત રહેવું જોઈએ; તે સંઘના વિચારની વિરુદ્ધ હશે.

**અધ્યક્ષ:** નોંધ વિશે આપણે શું કરીશું? અહેવાલના પેરા ૬ માં દર્શાવેલ મુશ્કેલીને પહોંચી વળવા માટે એક પરંતુક ઉમેરવો પડશે. શું આપણે તેને જેમ છે તેમ રહેવા દઈશું કે તેનો મુસદ્દો ઘડીશું?

**સી. રાજગોપાલાચારી:** હું આ વિષય પર વિચાર કરનાર સભ્યોને વિનંતી કરીશ કે તેઓ મહેરબાની કરીને મને જણાવે કે એકમો તેમનું મહેસૂલ કેવી રીતે ઊભું કરશે. હાલની સ્થિતિએ, સંઘ પ્રાંતોને સબસિડી આપવાનું વિચારતો નથી. પ્રાંતો અથવા જૂથો પરસ્પર ભિન્ન છે, કેટલાક ધનિક છે અને કેટલાક ગરીબ છે. કેટલાક તેમના હાલના સંસાધનો વડે વહીવટ ચલાવવા સક્ષમ છે; પરંતુ અન્યોએ પોતાની બાબતોનું સંચાલન કરવા માટે તેમના મહેસૂલમાં વધારો કરવો પડી શકે છે. જો તમે તેમના પર આટલી બધી મર્યાદાઓ લાદશો, તો તેઓ તે કેવી રીતે કરી શકશે? મુક્ત વેપાર જરૂરી છે તેમ કહેવું બધું સારું છે; પરંતુ પ્રાંતોએ કેવી રીતે નિર્વાહ કરવો?

**અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર:** જ્યાં સુધી પ્રાંતીય વિધાનમંડળોનો સંબંધ છે, ખુદ હાલના ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટની કલમ ૨૯૭ મા જોગવાઈ છે:

(વાંચે છે) "કોઈપણ પ્રાંતીય વિધાનમંડળ કે સરકાર પાસે પ્રવિષ્ટિ  ના આધારે કોઈપણ કાયદો પસાર કરવાની અથવા વર્ણનની કોઈપણ કારોબારી કાર્યવાહી કરવાની સત્તા રહેશે નહીં..."

**સી. રાજગોપાલાચારી:** પરંતુ હાલમાં આપણી પાસે સીમાશુલ્કમાંથી આવક અને અન્ય આવકો છે.

**અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર:** તે દિવસે મદ્રાસના પ્રીમિયરે કહ્યું હતું કે તેઓ બોમ્બે અને મદ્રાસ બહારના અન્ય સ્થળોએથી કાપડની આયાત અટકાવી શકે છે: પરંતુ તેમને નિર્દેશ કરવામાં આવ્યો હતો કે જ્યાં સુધી સંવિધાનમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી તેઓ તેમ કરી શકે નહીં. વિવિધ એકમોની આત્મનિર્ભરતાનો આ સિદ્ધાંત આપણા દેશમાં જોખમી છે, કારણ કે આપણે એકબીજા પર નિર્ભર રહેવું પડે છે.

**ગોવિંદ વલ્લભ પંત:** આ કલમના મુખ્ય ભાગ વિશે સર્વસંમતિ છે અને તે સ્પષ્ટ છે કે એક એકમ દ્વારા બીજા એકમ સામે કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં. અન્યથા આપણે કોઈ સંઘ અથવા સંવાયી સંવિધાનની મૂળ ભાવનાની વિરુદ્ધ જઈશું. જો એકમો સામે ભેદભાવ રાખવામાં આવશે, તો અન્યથા થવા કરતાં આપણે વધુ વખત સંઘર્ષમાં આવી પડીશું. તેથી આ બાબત નિવારવી જોઈએ. વિચારવા જેવી એકમાત્ર બાબત એ છે કે ચેરમેન મારફતે આપણને મળેલા પ્રમુખના પત્રના પેરા ૬ માં કરવામાં આવેલા સૂચનને કેવી રીતે અમલમાં મૂકવું. શું આપણે એ મતલબની નોંધ જોડવી જોઈએ કે સંવિધાન સભા રાજ્યોના

*સંબંધમાં આ કલમને શ્રેષ્ઠ રીતે કેવી રીતે અમલમાં મૂકવી તે અંગે વિચારણા કરી શકે અથવા શું આપણે કોઈ મુસદ્દો રજૂ કરવો જોઈએ. જો આપણે મુસદ્દો રજૂ કરવાના નથી, તો પછી મામલો પૂરતો સરળ છે."*

૪૯. સલાહકાર સમિતિએ કલમ ૧૪ ના સંબંધમાં પેટા-સમિતિની ભલામણનો એવા એક ફેરફાર સાથે સ્વીકાર કર્યો કે બિન-નાગરિકો દ્વારા અથવા તેમની સાથેના વેપારના કેન્દ્રીય નિયમનની જોગવાઈ કરતો પેટા-ખંડ અસ્પષ્ટ અને બિનજરૂરી હોવાના કારણે પડતો મૂકવામાં આવ્યો હતો. સલાહકાર સમિતિએ ૨૩ એપ્રિલ, ૧૯૪૭ ના રોજ રજૂ કરેલા પોતાના અહેવાલમાં ઉપરોક્ત જોગવાઈને કલમ ૧૦ તરીકે સમાવિષ્ટ કરી હતી. સદર કલમમાં અમુક સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા અને સંવિધાન સભા દ્વારા તેને અપનાવવામાં આવ્યા હતા.

૫૦. ઓક્ટોબર, ૧૯૪૭ ના પ્રથમ મુસદ્દા સંવિધાનમાં, કલમ ૧૭ માં વધુ સુધારા થયા હતા અને આખરે તે ૧૯૪૮ ના મુસદ્દા સંવિધાનમાં મૂળભૂત અધિકારોના પ્રકરણમાં કલમ ૧૬ તરીકે નીચેના શબ્દોમાં સમાવિષ્ટ થઈને આવી હતી:

> *"૧૬. આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની અને સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે."*

૫૧. અહીં એ ઉલ્લેખ કરવો નોંધપાત્ર છે કે ૧૯૪૮ ના મુસદ્દા સંવિધાનમાં આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યની બાબત અનુચ્છેદ ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ માં હાથ ધરવામાં આવી હતી, જે અનુચ્છેદો નીચે મુજબના શબ્દોમાં હતા:

*"૨૪૩. વેપાર અથવા વાણિજ્યને લગતા કોઈપણ કાયદા અથવા નિયમન દ્વારા, પછી ભલે તે જમીન, જળ અથવા હવાઈ માર્ગે ચાલતો હોય, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં કે એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવશે નહીં.*

*૨૪૪. આ સંવિધાનના અનુચ્છેદ ૧૬ માં અથવા અગાઉના તરતના અનુચ્છેદમાં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય માટે તે કાયદેસર રહેશે —*

*(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવો કે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલને આધીન હોય, જોકે, તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય તે રીતે; અને*

*(બી) જાહેર હિતમાં જરૂરી હોય તેવા તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જમીન માર્ગે એવા વાજબી નિયંત્રણો લાદવા:*

*પરંતુ શરત એ છે કે આ સંવિધાનના પ્રારંભથી પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આ અનુચ્છેદના ખંડ (બી) ની જોગવાઈઓ આ સંવિધાનના અનુચ્છેદ ૩૦૬ ના ખંડ (એ) માં દર્શાવેલ ચીજવસ્તુઓ પૈકીની કોઈપણ ચીજવસ્તુના વેપાર અથવા વાણિજ્યને લાગુ પડશે નહીં.*

*૨૪૫. સંસદ આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ અને ૨૪૪ ની જોગવાઈઓના અમલીકરણ માટે પોતે યોગ્ય ગણે તેવા સત્તાધિકારીની કાયદા દ્વારા નિમણૂક કરશે અને તે રીતે નિમાયેલા સત્તાધિકારીને પોતે જરૂરી ગણે તેવી સત્તાઓ અને તેવી ફરજો પ્રદાન કરશે."*

૫૨. ઉદ્યોગ અને પુરવઠા મંત્રાલયે અનુચ્છેદ ૨૪૪ ના ખંડ (બી) અંગે કેટલાક વાંધા વ્યક્ત કર્યા હતા અને સદર ખંડને સંપૂર્ણપણે નાબૂદ કરવાની માંગ કરી હતી. મંત્રાલયે એવી દલીલ કરી હોવાનું જણાય છે કે એક રાજ્ય અને બીજા રાજ્યના રહેવાસીઓ વચ્ચેના ભેદભાવના આધાર સિવાય, જાહેર હિતમાં તે રાજ્ય દ્વારા કોઈ રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતામાં દખલ કરવાની જરૂર પડે તેવા સંજોગોનું પૂર્વાનુમાન કરવું શક્ય ન હતું, અને આ બાબત સંવિધાનની ભાવનાથી સંપૂર્ણપણે વિરુદ્ધ હશે. [જુઓ: બી. શિવા રાવ; ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ–૪, પૃષ્ઠ ૩૨૯]

૫૩. જોકે, અનુચ્છેદ ૨૪૪ ના પ્રસ્તાવિત ખંડ (બી) ના સમર્થનમાં આપવામાં આવેલી નોંધ સ્પષ્ટપણે સૂચવે છે કે ખંડ (બી) માં ઉલ્લેખિત

નિયંત્રણો કરવેરા સિવાયના અન્ય નિયંત્રણો હોવાનો આશય હતો. સર બી.એન. રાઉ દ્વારા જોડવામાં આવેલી સ્પષ્ટીકરણ નોંધ નીચેના શબ્દોમાં હતી:

> *"નોંધ: કોઈપણ ચોક્કસ રાજ્યમાં પૂર અથવા અન્ય કારણોસર પાકના વિનાશને લીધે મંદીના સમયગાળા દરમિયાન, તે રાજ્ય માટે જાહેર હિતમાં તેવા રાજ્યમાંથી કોઈપણ પાકની નિકાસ પર નિયંત્રણો લાદવા જરૂરી બની શકે છે. તેવી જ રીતે કોઈ રાજ્યમાં પ્લેગ જેવા કોઈ રોગચાળાના ફાટી નીકળવા પર, પડોશી રાજ્ય માટે તે રાજ્યના રહેવાસીઓ અને તેવા પડોશી રાજ્યના રહેવાસીઓ વચ્ચેના આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા જરૂરી બની શકે છે. અનુચ્છેદ ૨૪૪ ના ખંડ (બી) નો હેતુ રાજ્યને આવા નિયંત્રણો લાદવાની સત્તા આપવાનો છે."*

પ૪. ૮ સપ્ટેમ્બર, ૧૯૪૯ ના રોજ, ડૉ. બી.આર. આંબેડકરે અનુચ્છેદ ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ ને ૨૬ કરવાનો સુધારો રજૂ કર્યો હતો અને તે સ્વીકારવામાં આવ્યો હતો. તેની સાથે સાથે, મુસદ્દા અનુચ્છેદ ૨૭૪–એ થી ઈ ધરાવતો એક નવો ભાગ ૧૦–એ દાખલ કરવામાં આવ્યો હતો. ડૉ. આંબેડકરે ગૃહને જાણ કરી હતી કે જે અનુચ્છેદો અન્યથા વેરવિખેર હતા તેમને હવે એકસાથે લાવવામાં આવ્યા હતા જેથી સભ્યો વેપાર અને વાણિજ્ય અંગે સર્વગ્રાહી ખ્યાલ મેળવી શકે. અનુચ્છેદ ૨૭૪–એ એ અનુચ્છેદ ૧૬ નું પુનરાવર્તન હતું અને તેણે સામાન્ય સિદ્ધાંત નિર્ધારિત કર્યો હતો. અનુચ્છેદ ૨૭૪–બી એ સંસદને જાહેર હિતમાં નિયંત્રણો લાદવાની સત્તા આપી હતી. માલની અછતમાંથી ઉદ્ભવતી

પરિસ્થિતિને પહોંચી વળવા માટે સંસદને તેમ કરવું જરૂરી જણાય તે સિવાય, અનુચ્છેદ ૨૭૪–સી એ સંસદ અને રાજ્યના વિધાનમંડળોને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો કોઈપણ કાયદો ઘડવા પર પ્રતિબંધ મૂક્યો હતો; અનુચ્છેદ ૨૭૪–ડી એ રાજ્યના વિધાનમંડળોને બહારના માલના સંબંધમાં બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની અને જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદવાની સત્તા આપી હતી અને અનુચ્છેદ ૨૭૪–ઈ એ આંતર–રાજ્ય કમિશનની જોગવાઈ કરી હતી.

૫૫. સંવિધાન સભાની ચર્ચાઓ દર્શાવે છે કે અનુચ્છેદ ૨૭૪–એ થી ૨૭૪–ઈ દાખલ કરવાની બાબતની ઠાકુર દાસ ભાર્ગવ અને ડૉ. પી.એસ. દેશમુખ સહિત સભાના કેટલાક સભ્યો દ્વારા આકરી ટીકા કરવામાં આવી હતી, જેમણે આ કલમોમાં કેટલાક સુધારાઓ રજૂ કર્યા હતા પરંતુ તે નકારી કાઢવામાં આવ્યા હતા અને અનુચ્છેદ ૨૭૪ ડીડી અને ૨૭૪ ડીડીડી સહિત અનુચ્છેદ ૨૭૪–એ થી ૨૭૪–ઈ કોઈપણ ફેરફાર વિના અપનાવવામાં આવ્યા હતા. આ અનુચ્છેદોને હવે ફરીથી ક્રમાંકિત કરવામાં આવ્યા છે અને તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૭ તરીકે સ્થાન પામેલા છે.

૫૬. ઉપરોક્ત પૃષ્ઠભૂમિમાં જ પ્રશ્ન નં. ૧ નો જવાબ આપવો પડશે કે જે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના સાચા અને યોગ્ય અર્થઘટન પર નિર્ભર છે. આપણે પ્રારંભમાં જ કહેવું જોઈએ કે આ પ્રશ્નનો જવાબ આપવાનો પ્રયાસ કરતી

વખતે આપણે કોઈ વણાખેડાયેલા ક્ષેત્ર પર નથી, કારણ કે આ કોર્ટે અતિયાબારી ટી કંપની કેસ (ઉપરોક્ત) માં આ બાબતની ખૂબ વિગતવાર તપાસ કરી છે. ઓટોમોબાઇલ કેસ (ઉપરોક્ત) માં આ કોર્ટના ચુકાદાએ વળતરરૂપી કરની સંકલ્પના લાવીને અતિયાબારી માં વ્યક્ત થયેલા મંતવ્યમાં ફેરફાર કર્યો હતો જેને આ કોર્ટે સંવિધાનના ભાગ ૧૩ ની બહાર હોવાનું ઠેરવ્યું હતું.

૫૭. જ્યારે ન્યાયમૂર્તિ જે.સી. શાહે એવો મત વ્યક્ત કર્યો હતો કે તમામ કર, ભલે તે ભેદભાવપૂર્ણ હોય કે અન્યથા હોય, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલા મુક્ત વેપાર અને વાણિજ્ય પર એક અવરોધ બનશે, ત્યારે મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ ઠેરવ્યું હતું કે કર સ્વતઃ જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની સંપૂર્ણપણે બહાર હતા અને જ્યાં સુધી તે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અટકાવતા નાણાકીય અવરોધ તરીકે કામ ન કરે તે સિવાય ક્યારેય કોઈ નિયંત્રણ રચી શકે નહીં. ન્યાયમૂર્તિ શાહ દ્વારા લેવાયેલા મંતવ્યને પક્ષકારો તરફથી ઉપસ્થિત કોઈપણ વકીલ દ્વારા સમર્થન આપવામાં આવ્યું ન હતું કારણ કે નિખાલસપણે એ સ્વીકારવામાં આવ્યું હતું કે તે એક આત્યંતિક દ્રષ્ટિકોણ હતો જે કાનૂની રીતે અસમર્થનીય હતો. તેમ છતાં ડીલરો/કરદાતાઓ વતી જે દલીલ કરવામાં આવી હતી તે એ હતી કે બહુમતી મંતવ્ય કે જેણે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર "પ્રત્યક્ષ અને તાત્કાલિક" અસરની કસોટી પ્રતિપાદિત કરી હતી તે સાચો મત હતો. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર દ્વારા લખાયેલા બહુમતી ચુકાદામાં આવતા નીચેના ફકરાઓ પર ડીલરો/કરદાતાઓ માટેના વિદ્વાન વકીલ દ્વારા વિશેષરૂપે એ દલીલ કરવા માટે

આધાર રાખવામાં આવ્યો હતો કે તેણે સાચી કાનૂની સ્થિતિ પ્રતિપાદિત કરી હતી:

> *"૫૦. ચાલો હવે આપણે અનુચ્છેદ ૩૦૧ પર પાછા આવીએ અને તેના દાયરાની વિશાળતા અને વ્યાપ નક્કી કરીએ. સમગ્રપણે ભાગ ૧૩ ની સંબંધિત જોગવાઈઓની તેમજ સદર જોગવાઈઓ કરીને જેને સુરક્ષિત રાખવાનો આશય છે તે આર્થિક એકતાના સિદ્ધાંતની કાળજીપૂર્વક ચકાસણી કરતાં, અમને એ તારણ અનિવાર્ય જણાય છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પૂરી પાડવામાં આવેલી સ્વતંત્રતાનું વિષયવસ્તુ ૧૯૩૫ ના કન્સ્ટીટ્યુશન એક્ટની કલમ ૨૯૭ દ્વારા પરિકલ્પિત સ્વતંત્રતા કરતાં મોટું હતું, અને તેમાં અન્ય ગમે તે સમાવિષ્ટ હોય કે ન હોય, તેમાં ચોક્કસપણે વેપારના આવાગમનનો સમાવેશ થાય છે કે જે તમામ વેપારનું મૂળભૂત તત્વ છે અને તેનો અભિન્ન ભાગ છે. જો માલસામાનના પરિવહન અથવા હેરફેર પર માત્ર એ જ આધારે કર લાદવામાં આવે કે માલને આ રીતે લઈ જવામાં આવે છે અથવા પરિવહન કરવામાં આવે છે, તો અમારા મતે તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત વેપારની સ્વતંત્રતાને સીધી રીતે અસર કરે છે. જો ભાગ ૧૩ ની આવશ્યકતાઓ સંતોષ્યા વિના કરવેરા દ્વારા માલસામાનની હેરફેર, પરિવહન અથવા લઈ જવા પર અડચણ, અવરોધ કે બાધા ઊભી કરવાની મંજૂરી આપવામાં આવે, તો અનુચ્છેદ ૩૦૧ દ્વારા વેપારની જે સ્વતંત્રતા પર આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે તે ભ્રામક સાબિત થશે. જ્યારે અનુચ્છેદ ૩૦૧ એવી જોગવાઈ કરે છે કે સમગ્ર*

ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર મુક્ત રહેશે, ત્યારે મુખ્યત્વે વેપારનો હેરફેરનો ભાગ તેના ધ્યાનમાં છે અને વેપારનો હેરફેર અથવા પરિવહનનો ભાગ ભાગ ૧૩ ના અન્ય અનુચ્છેદો દ્વારા પૂરી પાડવામાં આવેલી મર્યાદાઓ અને અપવાદોને આધીન રહીને મુક્ત હોવો જ જોઈએ. અમારા મતે ભાગ ૧૩ ના અન્ય અનુચ્છેદો સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૩૦૧ નું આ પરિણામ છે.

૫૧. આમ ભાગ ૧૩ ના કેટલાક અનુચ્છેદો દ્વારા પૂરા પાડવામાં આવેલા આંતરિક પુરાવા દર્શાવે છે કે કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના અમલમાંથી બાકાત નથી; જેનો અર્થ એ છે કે કરવેરા કાયદાઓ એવા નિયંત્રણો સમાન બની શકે છે અને બને છે કે જેનાથી મુક્તિની ખાતરી સદર ભાગ હેઠળ વેપારને આપવામાં આવી છે. શું તેનો અર્થ એવો થાય છે કે તમામ કરવેરા કાયદાઓ ભાગ ૧૩ ની જોગવાઈઓને આકર્ષિત કરે છે, પછી ભલે વેપાર અથવા તેના આવાગમન પર તેમની અસર પ્રત્યક્ષ અને તાત્કાલિક હોય કે પરોક્ષ અને દૂરવર્તી હોય? ચોક્કસપણે એટલા માટે કે અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલા શબ્દો ખૂબ વ્યાપક છે, અને અમુક અર્થમાં અસ્પષ્ટ અને અનિશ્ચિત છે, જેથી તેમનું અર્થઘટન કરવાની અને તેમની ચોક્કસ વિશાળતા અને વ્યાપ નક્કી કરવાની સમસ્યા જટિલ અને મુશ્કેલ બને છે. જોકે, સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે આપણે હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ કે સંબંધિત જોગવાઈને "શૂન્યાવકાશમાં નહીં પરંતુ એક જ જટિલ દસ્તાવેજમાં આવતી જોગવાઈ તરીકે વાંચવી જોઈએ જેમાં એક ભાગ બીજા ભાગ પર પ્રકાશ પાડી શકે છે". (જુઓ:

જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા – ૧૯૩૬ એ.સી. ૫૭૮, પૃષ્ઠ ૬૧૩ પર). તેથી, અનુચ્છેદ ૩૦૧ નું અર્થઘટન કરતી વખતે આપણે આપણા સંવિધાનની સામાન્ય યોજના તેમજ કરવેરા કાયદાઓ સંબંધિત ચોક્કસ જોગવાઈઓને ધ્યાનમાં લેવી જોઈએ. અનુચ્છેદ ૩૦૧ નું અર્થઘટન સંપૂર્ણપણે સૈદ્ધાંતિક અથવા રૂઢિચુસ્ત બાબતો પર નક્કી થવું જોઈએ નહીં; સદર અનુચ્છેદનું અર્થઘટન કરતી વખતે આપણે વ્યવહારુ અભિગમ અપનાવવો જોઈએ અને સત્તાના પૃથક્કરણના તે આવશ્યક લક્ષણો ધ્યાનમાં રાખવા જોઈએ જેના પર આપણું સંવિધાન ટકેલું છે. આ એક સંવાયી સંવિધાન છે જેનું આપણે અર્થઘટન કરી રહ્યા છીએ, અને તેથી અનુચ્છેદ ૩૦૧ ની અસર તે મુજબ નક્કી થવી જોઈએ. તદુપરાંત, આ સંબંધમાં એ યાદ રાખવું અપ્રસ્તુત નથી કે જે અનુચ્છેદનું આપણે અર્થઘટન કરી રહ્યા છીએ તે કર લાદવાની સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તા પર એક સંવિધાનિક મર્યાદા લાદે છે, અને સામાન્ય રીતે, આવી મર્યાદા સિવાય, કરવેરા લાદવાની સત્તા જાહેર હિત માટે હોવાનું માની લેવામાં આવે છે અને તે ન્યાયિક સમીક્ષા કે ચકાસણીને પાત્ર બનશે નહીં. આ રીતે વિચારતાં, અમારા મતે એ ઠેરવવું વાજબી અને યોગ્ય રહેશે કે જે નિયંત્રણોમાંથી મુક્તિની ખાતરી અનુચ્છેદ ૩૦૧ દ્વારા આપવામાં આવી છે, તે એવા નિયંત્રણો હશે જે વેપારના મુક્ત પ્રવાહ અથવા આવાગમનને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે મર્યાદિત અથવા અવરોધિત કરે છે. કરવેરા નિયંત્રણો સમાન બની શકે છે અને બને છે; પરંતુ માત્ર એવા જ કર કે જે વેપારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરે છે તે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે.

*એવી દલીલ કે તમામ કર અનુચ્છેદ ૩૦૧ દ્વારા સંચાલિત થવા જોઈએ ભલે વેપાર પર તેમની અસર તાત્કાલિક હોય કે મધ્યવર્તી, પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, તે અમારા મતે એક આત્યંતિક અભિગમ અપનાવે છે જેને સમર્થન આપી શકાય નહીં. જો સદર દલીલ સ્વીકારવામાં આવે તો તેનો અર્થ એ થશે કે, ઉદાહરણ તરીકે, ઔદ્યોગિક કર્મચારીઓ માટે લઘુત્તમ વેતન નિર્ધારિત કરતો વૈધાનિક કાયદો પણ ભાગ ૧૩ હેઠળ આવી શકે છે કારણ કે આર્થિક અર્થમાં વધારાનું વેતન બિલ વેપાર અથવા વાણિજ્યને પરોક્ષ રીતે અસર કરી શકે છે. તેથી, અમને ખાતરી છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાની વિશાળતા અને વ્યાપની મર્યાદા નક્કી કરવામાં લાગુ કરવા માટેની એક તર્કસંગત અને વ્યવહારુ કસોટી આ હશે: શું વાદગ્રસ્ત નિયંત્રણ વેપાર અથવા તેના આવાગમન પર પ્રત્યક્ષ કે તાત્કાલિક રીતે અસર કરે છે? આ કસોટીના પ્રકાશમાં જ અમે વર્તમાન કાર્યવાહીમાં ચકાસણી હેઠળના અધિનિયમની કાયદેસરતા તપાસવાનો પ્રસ્તાવ રાખીએ છીએ."*

૫૮. સામાવાળા–રાજ્યો વતી તેનાથી વિંપરીત એવી દલીલ કરવામા આવી હતી કે કર લાદવાની સત્તા એ એક સંપ્રભુ સત્તા છે જે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ થી સંપૂર્ણપણે અપ્રભાવિત રહે છે. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કોઈપણ નિયંત્રણોથી મુક્ત હોવાનું સમજવાનું ન હતું, તેવા કરવેરામાંથી મુક્ત હોવાની વાત તો દૂર રહી કે જે લાદવા માટે રાજ્યના વિધાનમંડળો અન્યથા સક્ષમ હતા. ભારતના વિદ્વાન એટર્ની જનરલ અને રાજ્યો તરફથી હાજર રહેલા વિદ્વાન

વકીલોના મતે મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા દ્વારા કરવામાં આવેલું કાયદાનું નિરૂપણ એ સાચો મત હતો જેને ચુકાદામાં રજૂ કરાયેલા અન્ય બે વિરુદ્ધ મતોની સરખામણીએ પ્રાધાન્ય આપીને સ્વીકારવો જોઈએ. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદામાં આવતા નીચેના ફકરાઓ પર શ્રી રોહતગી અને સામાવાળા–રાજ્યો માટેના વિદ્વાન વકીલો દ્વારા વિશેષરૂપે આધાર રાખવામાં આવ્યો હતો:

> *"૧૪. આ સર્વગ્રાહી અર્થમાં જોતાં, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પરના કરવેરાના અનેક પરિણામો હશે અને તે કેન્દ્રીય તેમજ રાજ્ય બંને સૂચિઓમાં જાહેર કરવેરાના લગભગ સમગ્ર ક્ષેત્રને આવરી લેશે. એ વિચારવું લગભગ અશક્ય છે કે સંવિધાન–નિર્માતાઓ તે સર્વગ્રાહી અર્થમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કરવેરામાંથી મુક્ત રાખવાનો આશય ધરાવતા હતા. જો તેમ હોત, તો એક સ્થળેથી બીજા સ્થળે માલ અને ચીજવસ્તુઓ, માણસો અને પશુઓની હેરફેર પર, માલના વેચાણ અને ખરીદીને લગતા તમામ કરવેરા કાયદાઓ, આંતર–રાજ્ય અને રાજ્ય–અંતર્ગત બંને રીતે, અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવી જશે અને અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક એ બાબત અનિવાર્ય બનાવી દેશે કે તમામ વિધેયકો અથવા પૂર્વ–અસ્તિત્વ ધરાવતા કાયદાઓના સુધારાઓએ તે પરંતુક દ્વારા નિર્ધારિત સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તે બાબત રાજ્યોમાં નિહિત કરવેરાની સત્તા પર ખૂબ મોટો અવરોધ મૂકી દેશે અને સંવિધાન હેઠળ રાજ્યોની મર્યાદિત સંપ્રભુતાને માત્ર એક*

કપોળકલ્પિત બાબત બનાવી દેશે. તેથી, તે આત્યંતિક સ્થિતિને ક્ષતિપૂર્ણ ગણીને ફગાવી દેવી પડશે.

૧૫. આ સંબંધમાં, એ ધ્યાનમાં રાખવું પણ સુસંગત છે કે તમામ કરવેરા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની બાબતમાં અનિવાર્યપણે કોઈ અવરોધ કે નિયંત્રણરૂપ હોતા નથી. આવા અવરોધો કે નિયંત્રણો બનવાને બદલે, બીજી તરફ, તેઓ પરિવહનના વિવિધ પ્રકારના સાધનોને સુધારવા માટેના નાણાકીય સાધનો પૂરા પાડી શકે છે, ઉદાહરણ તરીકે, શેરડી પકવતા વિસ્તારોમાં, જ્યાં સુધી સારા રસ્તા ન હોય ત્યાં સુધી શેરડીના ખેતરોમાંથી ખાંડની મિલો સુધી શેરડીના પરિવહનની સુવિધા સંપૂર્ણપણે અભાવવાળી અથવા અપૂરતી હોઈ શકે છે. નવા રસ્તા બનાવવા તેમજ જૂના રસ્તા સુધારવા માટે, શેરડીના ઉત્પાદક અથવા આ ચીજવસ્તુના પરિવહનમાં રસ ધરાવતા અન્ય લોકો પર ઉપકર (સેસ) લાદવો પડે છે, અને ભારતના કેટલાક ભાગોમાં ખાંડના કારખાનાઓમાં લઈ જવાતી શેરડીના મણ અથવા ટન દીઠ ચોક્કસ દરે તે લાદવામાં આવ્યો હોવાનું જાણીતું છે. આવી આકરણી એ શેરડીના એક સ્થળેથી બીજા સ્થળે, પછી ભલે તે રાજ્ય–અંતર્ગત હોય કે આંતર–રાજ્ય હોય, પરિવહન પરનો કર છે. આ રીતે વસૂલ કરાયેલો કર જ વાહનવ્યવહારના નવા સાધનો શરૂ કરવાનું અથવા જૂના સાધનો સુધારવાનું શક્ય બનાવે છે. તેથી, એવું કહી શકાય નહીં કે દરેક કેસમાં કરવેરાનો અર્થ વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહ સામે અવરોધ કે નિયંત્રણ જ થવો જોઈએ. તેવી જ રીતે, મોટર વાહનવ્યવહાર દ્વારા અથવા રેલ્વે દ્વારા મુસાફરો અને માલની સુવિધા માટે, સામાન્ય ભાડા અથવા માલભાડા પર

સરચાર્જ લાદવામાં આવે છે, અથવા ભવિષ્યમાં લાદવામાં આવી શકે છે. આવા સરચાર્જ વિના, વાહનવ્યવહારના સાધનોમાં સુધારો બિલકુલ ઉપલબ્ધ થઈ શકશે નહીં. તેથી, મારા મતે, માલ અથવા મુસાફરોની હેરફેર પરના કરને વેપાર અને વાણિજ્યની બાબતમાં અનિવાર્યપણે કોઈ અવરોધ અથવા નિયંત્રણ દર્શાવતા કર તરીકે વર્ણવવો સાચો નથી. સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોમાં સામાન્ય રીતે કરવેરાનો સમાવેશ થતો નથી તેવા તારણના સમર્થનમાં આ બીજું એક યોગ્ય કારણ છે.

૧૬. મારા મતે, સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોમાં માત્ર કરવેરાનો સમાવેશ થતો નથી તેવું ઠેરવવા માટેનું બીજું એક ખૂબ જ પ્રબળ કારણ એ છે કે કરવેરાનો મૂળ અર્થ જ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ અને રક્ષણના આધારે, કુદરતી અને કાનૂની બંને વ્યક્તિઓ દ્વારા ઉપાર્જિત અથવા તેમની પાસે રહેલા નાણાંમાંથી ચૂકવણી કરવાની ફરજ પાડીને જાહેર હેતુઓ માટે નાણાં એકત્રિત કરવાની રાજ્યની સત્તા છે. આવા બોજ અથવા કરબોજ, પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, આખરી વિશ્લેષણમાં સરકારના સમર્થન માટે, આવા યોગદાન આપવાની પોતપોતાની ક્ષમતાના વિશેષ સંદર્ભ સાથે, નાગરિકો અથવા રાજ્યમાં રહેતા અથવા રાજ્યના નાગરિકો સાથે વ્યવહાર કરતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા ફાળા તરીકે અભિપ્રેત છે. આમ દરેક કરવેરામાં, તે સ્વરૂપે, જાહેર હેતુ અંતર્ગર્ભિત છે. તેથી, જ્યારે સંવિધાનનો ભાગ ૧૩ જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદવાની વાત કરે છે, ત્યારે સામાન્ય સંજ્ઞા "વાજબી નિયંત્રણો" માં કરવેરાનો સમાવેશ કરવાનો તેનો આશય હોઈ શકે નહીં. આ કોર્ટે રામજીલાલ વિ.

ઇન્કમ ટેક્સ ઓફિસર, મોહિન્દરગઢ (૧૯૫૧ એસ.સી.આર. ૧૨૭, પૃષ્ઠ ૧૩૬ પર) (એ.આઇ.આર. ૧૯૫૧ એસ.સી. ૯૭, પૃષ્ઠ ૧૦૦ પર) ના કેસમાં ઠેરવ્યું છે કે અનુચ્છેદ ૨૬૫ દ્વારા પરિકલ્પિત કાયદાની સત્તા દ્વારા કર લાદવા અને તેની વસૂલાત એ સંવિધાનના અનુચ્છેદ ૩૧(૧) માંના "મિલકતથી વંચિત કરવા" એ શબ્દપ્રયોગના દાયરાની બહાર છે. સંવિધાનના ભાગ ૩ અથવા ભાગ ૧૩ માં વપરાયેલા વાજબી નિયંત્રણો મોટાભાગના કેસોમાં મિલકતના અધિકારોથી સંપૂર્ણ વંચિત કરવા કરતાં ઓછા હશે. તેથી, અગાઉ દર્શાવ્યા મુજબ નાણાં વગેરે સાથે સંબંધિત ભાગ ૧૨ ને કર લાદવાની રાજ્યની સંપ્રભુ સત્તા સાથે સંબંધિત ભાગ તરીકે ગણવામાં આવ્યો છે, જેનો અર્થ હંમેશા જાહેર હિતમાં નાગરિકો અને અન્ય લોકો પર બોજ લાદવાનો થવો જોઈએ. જો વિધાનમંડળ દ્વારા એવો કર લાદતો કાયદો પસાર કરવામાં આવે જે તેના સાચા સ્વરૂપ અને અસરમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદવા માટેનો હોય, ઉદાહરણ તરીકે, ઊંચી ટેરિફ દીવાલ લાદીને, અથવા કોઈ રાજ્યમાં આયાત કે તેમાંથી નિકાસ અટકાવીને, તો આવો કાયદો તે સ્વરૂપે કરવેરાના મહત્વની બહાર છે, પરંતુ તે એક વ્યાપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો સંવિધાન-નિર્માતાઓનો આશય હતો. ભાગ ૧૩ માં સમાવિષ્ટ પ્રતિબંધમાં કરવેરાનો સમાવેશ થતો હતો તેવી દલીલ સામેના વાંધાઓનો આ રીતે સારાંશ આપી શકાય: (૧) કરવેરા, તે સ્વરૂપે, હંમેશા સૂચવે છે કે તે જાહેર હિતમાં છે. તેથી, તે એવા ચોક્કસ નિયંત્રણોની બહાર રહેશે, જેને અદાલતો દ્વારા વાજબી અને જાહેર હિતમાં હોવાનું વર્ણવી

શકાય. (૨) સરકાર ચલાવવાની સત્તા એક સંપ્રભુ રાજ્યમાં નિહિત છે. આપણા સંવિધાને કલ્યાણકારી રાજ્યનો પાયો નાખ્યો છે, જેનો અર્થ સરકાર અને વહીવટની પ્રવૃત્તિઓના વ્યાપને ઘણો વિસ્તૃત કરવાનો થાય છે, જેથી રાજ્ય માટે ઘણા મોટા પાયે અને ઘણા વ્યાપક ક્ષેત્રોમાં કર લાદવાનું અનિવાર્ય બને છે. ઉપર ઉલ્લેખિત ત્રણ સૂચિઓમાંની વૈધાનિક પ્રવિષ્ટિઓ કે જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને માલ અને મુસાફરોની હેરફેરના સંદર્ભમાં અમુક કરવેરા લાદવાની સત્તા આપે છે તે નિરર્થક નહીં તો બિનઅસરકારક બની જશે, જો એવું ઠેરવવામાં આવે કે માત્ર કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોની અંદર આવે છે. (૩) જો અપીલકર્તાઓ વતી કરવામાં આવેલી દલીલ સ્વીકારવામાં આવે, તો ઘણા કરવેરા, ઉદાહરણ તરીકે, કેન્દ્ર અને રાજ્યો દ્વારા વેચાણવેરો, અનુચ્છેદ ૩૦૩ અને ૩૦૪ માં નિર્ધારિત સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે, જેથી સંવિધાન દ્વારા પરિકલ્પિત રાજ્યોની મર્યાદિત સંપ્રભુતામાં ઘણો ઘટાડો થશે. (૪) કરવેરા સંબંધિત કાયદાઓ, જે અનિવાર્યપણે રાજ્યનું વૈધાનિક કાર્ય છે, ન્યાયિક રીતે વિચારણીય બનશે અને જ્યારે પણ કરવેરા કાયદાને અસંવિધાનિક તરીકે પડકારવામાં આવશે ત્યારે રાજ્યે અદાલતોને સંતોષ આપવો પડશે — એવો માર્ગ કે જે સત્તાના વિભાજનને ગંભીરપણે અસર કરશે જેના પર આપણા સંવિધાન સહિત આધુનિક સંવિધાનો આધારિત છે. (૫) માલ અને મુસાફરોની હેરફેર પરનો કરવેરો અનિવાર્યપણે અવરોધરૂપ હોતો નથી.

૧૭. તે તારણ બીજી આત્યંતિક સ્થિતિની ચર્ચા તરફ દોરી જાય છે કે કરવેરા સંપૂર્ણપણે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે. તે આત્યંતિક સ્થિતિ

એ હકીકતને ધ્યાનમાં રાખીને એટલી જ અસમર્થનીય છે કે અનુચ્છેદ ૩૦૪ માં, અને અનુચ્છેદ ૩૦૬ માં ૧૯૫૬ માં તે રદ કરવામાં આવ્યો તે પહેલાં, તે અનુચ્છેદોમાં દર્શાવેલા અમુક હેતુઓ માટે કરવેરાનો સંદર્ભ સમાવિષ્ટ હતો. પરંતુ અનુચ્છેદ ૩૦૬, જે હવે રદ થયેલ છે, તેમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલની આયાત પર અથવા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલની નિકાસ પર કર અથવા ડ્યુટીના સંદર્ભો હતા. આવા કરબોજ ખરેખર કસ્ટમ્સ અવરોધોને કારણે માલ અને ચીજવસ્તુઓના મુક્ત પ્રવાહમાં અવરોધરૂપ હતા, જેને નાબૂદ કરવાનો અનુચ્છેદ ૩૦૧ નો આશય હતો. તેવી જ રીતે, અનુચ્છેદ ૩૦૪, આંતર-રાજ્ય આયાત કરાયેલા માલ પર કર લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને માન્યતા આપતી વખતે, એવો આગ્રહ રાખે છે કે રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ પર સમાન કર લાદવામાં આવે. આ અનુચ્છેદ આમ મહેસૂલના હેતુ માટે તે સ્વરૂપે કરવેરા અને ભેદભાવ કરવા અથવા પસંદગી આપવાના હેતુ માટેના કરવેરા વચ્ચે સ્પષ્ટ તફાવત દર્શાવે છે, જે બંનેને સંવિધાન દ્વારા મુક્ત વેપાર અને વાણિજ્યમાં અવરોધ તરીકે ગણવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યાં સુધી કરબોજ માલ અને ચીજવસ્તુઓના મુક્ત પ્રવાહમાં અવરોધરૂપ ન હોય એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે, જેમાં આ શબ્દપ્રયોગમાં કેન્દ્રશાસિત પ્રદેશોનો પણ સમાવેશ થાય છે, તેની કાયદેસરતા ભાગ ૧૩ ની જોગવાઈઓ પર આધારિત પડકારને આધીન ન હતી. પરંતુ તેનો અર્થ એ નથી કે રાજ્ય વિધાનમંડળો અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ જોગવાઈઓના આધારે તેમની કરવેરા સત્તા મેળવે છે. અનુચ્છેદ ૩૦૪ એ માત્ર

આવી કરવેરા સત્તા અકબંધ રાખી હતી, પરંતુ તેમાં એવો પ્રતિબંધ હતો કે આવા કરવેરાને માલ અને ચીજવસ્તુઓના મુક્ત પ્રવાહને અવરોધવાની અસર થવા દેવામાં આવશે નહીં."

સિન્હા, સી.જે.આઈ.એ નીચે મુજબ તારણ કાઢ્યું હતું:

"૧૮. ..... આમ, ભાગ ૧૩ ની જોગવાઈઓના વાજબી અર્થઘટન પર, નીચેના પ્રતિપાદનો ઉદ્ભવે છે: (૧) ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંપૂર્ણપણે મુક્ત નથી, પરંતુ સંસદ અથવા રાજ્યના વિધાનમંડળ દ્વારા કાયદો ઘડવાની અમુક સત્તાઓને આધીન છે; (૨) અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલી સ્વતંત્રતાનો અર્થ કેવળ કરવેરામાંથી સ્વતંત્રતા નથી, પરંતુ કરવેરામાંથી એવી સ્વતંત્રતા ચોક્કસ દર્શાવે છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ રીતે અવરોધવાની અસર ધરાવે છે; (૩) અનુચ્છેદ ૩૦૧ માં પરિકલ્પિત સ્વતંત્રતા એ જાહેર હિતમાં સંસદ દ્વારા લાદવામાં આવેલા બિન-ભેદભાવપૂર્ણ નિયંત્રણોને આધીન છે (અનુચ્છેદ ૩૦૨); (૪) ભારતના કોઈપણ ભાગમાં માલની અછત જેવી કટોકટીનો સામનો કરવાના હેતુ માટે સંસદ દ્વારા ભેદભાવપૂર્ણ અથવા પસંદગીયુક્ત કાયદો પણ બનાવી શકાય છે [અનુચ્છેદ ૩૦૩(૨)]; (૫) જાહેર હિતમાં રાજ્યના વિધાનમંડળ દ્વારા વાજબી નિયંત્રણો લાદવામાં આવી શકે છે [અનુચ્છેદ ૩૦૪(બી)]; (૬) અન્ય રાજ્ય અથવા અન્ય રાજ્યોમાંથી

*આયાત કરાયેલા માલ પર રાજ્યના વિધાનમંડળ દ્વારા બિન-ભેદભાવપૂર્ણ કર લાદવામાં આવી શકે છે, જો તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર તેવા જ કર લાદવામાં આવ્યા હોય [અનુચ્છેદ ૩૦૪(એ)]; અને છેલ્લે (૭) અસ્તિત્વ ધરાવતા કાયદાઓ દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો ચાલુ રાખવામાં આવ્યા છે, સિવાય કે જ્યાં સુધી રાષ્ટ્રપતિ હુકમ દ્વારા અન્યથા નિર્દેશ ન આપે (અનુચ્છેદ ૩૦૫)."*

૫૯. અમે પરસ્પર વિરોધી દલીલોની તપાસ કરીએ તે પહેલાં, અમારે ઓટોમોબાઇલ કેસ (ઉપરોક્ત) માં આ કોર્ટના નિર્ણયનો પણ સંદર્ભ લેવો જોઈએ કે જેણે એવું જાહેર કરીને આતિયાબારી કેસ (ઉપરોક્ત) માં કાનૂની વિવેચનમાં એક નવો આયામ ઉમેર્યો હતો કે વળતરકારી સ્વરૂપના કરવેરા ભાગ ૧૩ ની બહાર આવે છે અને તેમને ક્યારેય સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતા નિયંત્રણો તરીકે ગણી શકાય નહીં. ન્યાયમૂર્તિ એસ.કે. દાસે બહુમતી વતી બોલતાં ભાગ ૧૩ ની બહાર આવતા વળતરકારી કરવેરાની વિભાવનાને નીચે મુજબના શબ્દોમાં સમજાવી હતી:

*"૧૦... અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલી ભાષા બિનશરતી હોવાથી, અદાલતે, એક સુવ્યવસ્થિત સમાજના સંચાલનમાં તે જોગવાઈ લાગુ કરવાની છે તે હકીકતને ધ્યાનમાં રાખીને, અનિવાર્યપણે અમુક મર્યાદાઓ ઉમેરવી પડે છે કે જેને આધીન રહીને જ તે સ્વતંત્રતા ભોગવી શકાય. આ*

મુદ્દાની ખૂબ જ સ્પષ્ટપણે ચર્ચા ન્યાયમૂર્તિ કુલ્લાગરે મેકકાર્ટર વિ. બ્રોડી (૧૯૫૦) ૮૦ સી.એલ.આર. ૪૩૨ માં લખેલા અસંમતિભર્યા અભિપ્રાયમાં કરવામાં આવી છે, જે અભિપ્રાયને પ્રિવી કાઉન્સિલ દ્વારા હ્યુજીસ એન્ડ વેલ પ્રોપ્રાઈટરી લિ. વિ. સ્ટેટ ઓફ ન્યૂ સાઉથ વેલ્સ ૧૯૫૫ એ.સી. ૨૪૧ માં નોંધપાત્ર રીતે માન્ય રાખવામાં આવ્યો હતો. વિદ્વાન ન્યાયમૂર્તિએ માત્ર માન્ય નિયમન શું હતું અને વેપાર તથા વાણિજ્યની સ્વતંત્રતામાં વાસ્તવિક હસ્તક્ષેપ શું હતો તે વચ્ચેનો તફાવત દર્શાવવા માટે કેટલાક ઉદાહરણો આપ્યા હતા. તેમણે નિર્દેશ કર્યો હતો કે મોટર વાહનોની બાબતમાં મોટાભાગના દેશોમાં એવો કાયદો છે જેમાં મોટર વાહનની નોંધણી કરાવવી અને નોંધણી પર ફી ચૂકવવી જરૂરી છે. દરેક મોટર વાહનમાં આગળ અને પાછળ નિર્દિષ્ટ પ્રકારના લેમ્પ (દીવા) હોવા જોઈએ અને જો વાહન રસ્તા પર ચલાવવામાં આવી રહ્યું હોય તો અંધકારના કલાકો દરમિયાન આ લેમ્પ ચાલુ હોવા જોઈએ. દરેક મોટર વાહનમાં હોર્ન જેવા ચેતવણી આપતા સાધનો હોવા જોઈએ; તે જાહેર જનતા માટે જોખમી હોય તેવી ઝડપે અથવા તેવી રીતે ચલાવવું જોઈએ નહીં. અમુક વિસ્તારોમાં મોટર વાહન ચોક્કસ ઝડપ કરતાં વધુ ઝડપે ચલાવવું જોઈએ નહીં. જાહેર ધોરીમાર્ગ પર મોટર વાહન પર લઈ જઈ શકાય તેવા ભારનું વજન મર્યાદિત હોય છે. આવા ઉદાહરણો અગણિત રીતે વધારી શકાય છે. કોઈને શંકા નથી કે ઉપરોક્ત જેવા નિયમોનો અમલ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને ખરેખર અસર કરતો નથી:

તેનાથી વિપરીત તેઓ વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને સરળ બનાવે છે. તેનું કારણ એ છે કે આ નિયમો વેપારી પર બોજ લાદે છે અથવા તેને વેપાર કરતા અટકાવે છે તેમ વાજબી રીતે કહી શકાય નહીં: ઉદાહરણ તરીકે, એવું સૂચન કરવું હાસ્યાસ્પદ હશે કે વેપારની સ્વતંત્રતા એવા કાયદાઓથી ક્ષતિગ્રસ્ત અથવા અવરોધાય છે જેમાં મોટર વાહનને રસ્તાની ડાબી બાજુએ રાખવું અને જાહેર જનતા માટે જોખમી હોય તે રીતે ન ચલાવવું જરૂરી છે. જો અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" શબ્દનો અર્થ "કોઈપણ વ્યક્તિ જે ઈચ્છે તે કરવાની સ્વતંત્રતા" થતો હોય, તો પરિણામે અરાજકતા સર્જાઈ શકે છે; ઉદાહરણ તરીકે, મોટર વાહનનો એક માલિક રસ્તાની ડાબી બાજુએ વાહન ચલાવવા ઈચ્છી શકે છે જ્યારે બીજો રસ્તાની જમણી બાજુએ વાહન ચલાવવા ઈચ્છી શકે છે. જો તેઓ સામસામેની દિશામાંથી આવે, તો અનિવાર્ય ટક્કર થશે. ઉદાહરણોનો બીજો વર્ગ વ્યાપારી સુવિધાઓ, જેમ કે રસ્તા, પુલ, એરડ્રોમ વગેરેના ઉપયોગ માટે શુલ્ક વસૂલવા સંબંધિત છે. રસ્તાના ઉપયોગ માટે અથવા પુલના ઉપયોગ માટે અથવા એરડ્રોમના ઉપયોગ માટે ટોલ અથવા કરની વસૂલાત એ વેપારીઓ માટે કોઈ અવરોધ અથવા બોજ અથવા નિવારક નથી, જેમને તેમની ગેરહાજરીમાં લાંબો અથવા ઓછો અનુકૂળ અથવા વધુ ખર્ચાળ માર્ગ લેવો પડી શકે છે. આવા વળતરકારી કર જ્યાં સુધી વાજબી રહે ત્યાં સુધી કોઈની સ્વતંત્રતા માટે કોઈ અડચણ નથી; પરંતુ અલબત્ત તેઓ વેપારની સ્વતંત્રતામાં અડચણરૂપ બની શકે છે. જો

*સંબંધિત સત્તાવાળાઓ ખરેખર કોઈના વેપારને અવરોધવા માંગતા હોય, તો તેઓ કર અથવા ટોલની રકમ સરળતાથી એવી રકમ સુધી વધારી શકે છે જે નિષેધાત્મક અથવા અવરોધક હોય અથવા અન્ય અડચણો ઊભી કરી શકે છે જે વેપાર અને વાણિજ્યને સરળ બનાવવાને બદલે તેમને અવરોધશે. અહીં જ "સ્વતંત્રતા" (અનુચ્છેદ ૩૦૧) અને "નિયંત્રણો" (અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૪) વચ્ચેનો વિરોધાભાસ સ્પષ્ટપણે દેખાય છે: જે વાસ્તવમાં વેપાર અને વાણિજ્યને સરળ બનાવે છે તે નિયંત્રણ નથી, અને જે વાસ્તવમાં વેપાર અને વાણિજ્યને અવરોધે છે અથવા તેના પર બોજ લાદે છે તે નિયંત્રણ છે. બાબતની વાસ્તવિકતા અથવા તત્ત્વ છે જે નક્કી કરવાનું હોય છે. પૂરી પાડવામાં આવેલી સુવિધા માટે ખરેખર શુલ્ક શું હશે અને વેપાર માટે ખરેખર અવરોધક શું હશે તે વચ્ચે અગાઉથી ભેદરેખા દોરવી શક્ય નથી; પરંતુ જો ભેદરેખા દોરવી જ પડે, તો તે વાસ્તવિક અને સ્પષ્ટ છે. કર પ્રતિબંધિત કર બને તે માટે તે પ્રત્યક્ષ કર હોવો જોઈએ જેની અસર વેપારના સંચાલનના ભાગને અવરોધવાની હોય. જ્યાં સુધી કર વળતરકારી અથવા નિયમનકારી રહે છે ત્યાં સુધી તે અવરોધ તરીકે કામ કરી શકતો નથી.*

*** *** ***

*૧૪. અમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી દલીલો પર કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી અમે એવા નિષ્કર્ષ પર આવ્યા છીએ કે મોટાભાગના રાજ્યો*

વતી રજૂ કરવામાં આવેલ સંકુચિત અર્થઘટન સ્વીકારી શકાય નહીં, એટલે કે, ભાગ ૧૩ માં સંબંધિત અનુચ્છેદો સાતમી અનુસૂચિની કોઈપણ સૂચિમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓના સંદર્ભમાં માત્ર કાયદાને જ લાગુ પડે છે. પરંતુ અમારે અહીં એક અપવાદ તરફ ધ્યાન દોરવું જોઈએ જે અમે આ ચુકાદાના અગાઉના ભાગમાં પહેલેથી જ દર્શાવ્યો છે. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધતા ન હોય તેવા નિયમનકારી પગલાં અને વ્યાપારી સુવિધાઓના ઉપયોગ માટેના વળતરકારી કરવેરા અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલ સ્વતંત્રતાથી બાધિત થતા નથી. તેમને સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓના દાયરામાંથી એ સરળ કારણસર બાકાત રાખવામાં આવ્યા છે કે તેઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અવરોધતા નથી પરંતુ તેને સરળ બનાવે છે.

*** *** ***

૧૭. તેથી, અમે એવા નિષ્કર્ષ પર આવ્યા છીએ કે અમારી સમક્ષ રજૂ કરાયેલું સૌથી વ્યાપક અર્થઘટન કે સંકુચિત અર્થઘટનો સ્વીકાર્ય નથી. આતિયાબારી ટી કંપની કેસમાં બહુમતી દ્વારા સ્વીકારવામાં આવેલ અર્થઘટન સાચું છે, પરંતુ આ સ્પષ્ટતાને આધીન છે. નિયમનકારી પગલાં અથવા વ્યાપારી સુવિધાઓના ઉપયોગ માટે વળતરકારી કર લાદતા પગલાં અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત નિયંત્રણોના દાયરામાં આવતા નથી અને આવા પગલાંઓએ

*સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી."*

૬૦. જોકે, ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે તેમના અસંમતિભર્યા ચુકાદામાં એવો મત વ્યક્ત કર્યો હતો કે ભલે કર વળતરકારી સ્વરૂપનો હોય તો પણ તે ત્યારે જ માન્ય ઉઘરાત ગણાશે જો તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) અને તેના પરંતુકના સંદર્ભમાં રાષ્ટ્રપતિની મંજૂરીની પ્રક્રિયામાંથી પસાર થાય. આ સંબંધમાં નીચેનો પરિચ્છેદ પ્રસ્તુત છે:

> *"૧૨૫. જ્યારે કર પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપાર પર લાદવામાં આવે ત્યારે તે એક નિયંત્રણ છે તે સ્વીકારી શકાય છે. પરંતુ આ રીતે વેપારી પર બોજ લાદતા કર અને સામાન્ય હોવાને કારણે અન્ય લોકોની સાથે સામાન્ય રીતે વેપારીઓ દ્વારા ચૂકવવામાં આવતા કર વચ્ચે તફાવત છે. પહેલો વેપાર હોવાના કારણે વેપાર પાસેથી લેવાતી ઉઘરાત છે, બીજો બધા પાસેથી લેવામાં આવે છે, અને વેપારીઓ તે ચૂકવે છે કારણ કે દરેકે તે ચૂકવવાનો હોય છે. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના દ્રષ્ટિકોણથી જોતાં આ બંને વચ્ચે મહત્ત્વપૂર્ણ તફાવત છે. પહેલો તે સ્વરૂપે વેપાર પરનો કરબોજ છે, અને તેને પ્રતિબંધિત કરતો કહી શકાય; બીજો વેપારી પર બોજ લાદી શકે છે, પરંતુ તે વેપારનું "નિયંત્રણ" નથી. આવો તફાવત કરવાનો ઇનકાર કરવાનો અર્થ એ થશે કે સૂચિ ૧ અને ૨ માં એવી કોઈ કરવેરા પ્રવિષ્ટિ નથી જે અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ને આધીન ન હોય,*

*ભલે કર ગમે તેટલો સામાન્ય હોય અને તેનો અમલ ગમે તેટલો બિન–ભેદભાવપૂર્ણ હોય. તમામ કરવેરાને અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં લાવવા અને તે રીતે તેમને અનુચ્છેદ ૩૦૪ ના દાયરામાં પણ લાવવા એ સંઘ (ફેડરેશન) ની વિભાવનાની અવગણના કરવા સમાન છે, જે ભારતના એકતાની જરૂરિયાતોને આધીન રહીને રાજ્યોને કાર્યવાહીની સ્વતંત્રતા આપે છે. જેમ સંકુચિત કાર્યવાહી દ્વારા એકતાને નષ્ટ થવા દઈ શકાય નહીં, તેમ અલગ રાજ્યોના અસ્તિત્વનું સંવિધાન જે પરિકલ્પના કરે છે તેનાથી પરના વિલીનીકરણ દ્વારા બલિદાન આપી શકાય નહીં. નિઃશંકપણે, ભાગ ૧૩ ભારતની આર્થિક એકતા સુનિશ્ચિત કરે છે અને સંઘીય રાજ્યોને ભારત નામના મોટા રાજ્યમાં જોડે છે. સંવિધાન કરવેરાની સ્વતંત્ર સત્તાઓની પણ મંજૂરી આપે છે. સંવિધાન જે બાબતની મંજૂરી આપતું નથી તે એ છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને "અમુક્ત" બનાવી દેવામાં આવે. જ્યારે બિન–વેપારીઓની સાથે વેપારીઓ દ્વારા સામાન્ય કર ચૂકવવામાં આવે ત્યારે પણ વેપાર અને વાણિજ્ય મુક્ત રહે છે. કર ભાગ ૧૩ નું ઉલ્લંઘન કરે છે કે કેમ તે પ્રશ્ન ત્યારે જ ઉદ્ભવી શકે છે જ્યારે તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર કર લાદવાનો પ્રયાસ કરે. આનાથી વિપરીત પ્રતિપાદન માટેનું સમર્થન ૧૯૩૬ એ.સી. ૫૭૮ જેમ્સ વિ. કોમનવેલ્થમાંથી મળતું નથી. જેમ્સ વિ. કોમનવેલ્થમાં પ્રિવી કાઉન્સિલે એવું ઠેરવ્યું ન હતું:*

*"કામગીરીઓની શ્રેણીમાં દરેક પગલું જે ચોક્કસ વ્યવહારની રચના કરે છે તે વેપારનું કૃત્ય છે, અને આ પગલાંઓમાંથી કોઈપણ પર રાજ્યના કાયદા હેઠળ નિયંત્રણ એ વેપાર તરીકે તેની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ હોવો જોઈએ" (પૃ.૬૨૯)*

*આ પરિચ્છેદ મેકઆર્થર્સ કેસ ૧૯૨૦ (૨૮) સી.એલ.આર. ૫૩૦ માં લેવાયેલા મતનું પ્રતિનિધિત્વ કરે છે. તે કેસ પૃ. ૬૩૧ પર નામંજૂર કરવામાં આવ્યો હતો. અમે આ મતની પહેલેથી જ વિગતવાર ચર્ચા કરી છે.*

*૧૨૬. આમ, કરવેરા કાયદાઓ અને કરવેરાને બે પ્રકારમાં વિભાજિત કરવા જોઈએ. જે કર સામાન્ય છે અને મહેસૂલી હેતુઓ માટેના છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારમાં રોકાયેલા લોકો પર તે જ રીતે પડે છે જે રીતે તેવા રોકાયેલા ન હોય તેવા અન્ય લોકો પર પડે છે, તે સામાન્ય રીતે ભાગ ૧૩ ની પહોંચમાં હોઈ શકે નહીં. મોટર ટ્રાન્સપોર્ટ માલિક એવો દાવો કરી શકતો નથી કે તે તેની ગેરેજની ઇમારતોના સંબંધમાં મિલકત વેરો અથવા તેમાં રોશની માટે વપરાતી વીજળી માટે વીજળી વેરો, અથવા તેના નફા પર આવકવેરો ચૂકવશે નહીં. ભાગ ૧૩ ને આવા કર સાથે કોઈ લેવાદેવા નથી ભલે તે વેપારીઓ પર પડતા હોય.*

**** *** *** ****

*૧૩૨. અમારા ચુકાદામાં, લાગુ કરવા માટેની પ્રથમ કસોટી એ છે કે કાયદાનો હેતુ અને વ્યાપ શું છે? વેપાર અને વાણિજ્યનું નિયમન અમુક જાહેર*

*હેતુ સિદ્ધ કરી શકે છે જે પ્રાસંગિક રીતે પરંતુ સ્વતંત્રતાને ક્ષતિ પહોંચાડ્યા વિના વેપાર અને વાણિજ્યને અસર કરે છે. જોકે, કેટલીકવાર નિયમન પોતે જ નિયંત્રણ સમાન બની શકે છે, અને જો આવો તબક્કો આવે, તો આપણા સંવિધાન હેઠળ તે નિયંત્રણ વાજબી રીતે જાહેર હિતમાં હોવું જોઈએ, અને જો આવું નિયંત્રણ લાદતો કાયદો રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવે તો રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે, જોકે, જો તે વેપારના નિયંત્રણના તબક્કે પહોંચતું નથી અને માત્ર વેપાર અને વાણિજ્યને પ્રાસંગિક રીતે સ્પર્શતું નિયમન જ રહે છે, તો તે નિયમન અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ના અમલની બહાર છે. આ જ કારણસર રસ્તાના નિયમો અને અગાઉ સંદર્ભ આપેલા તેવા જ પ્રકારની જોગવાઈઓ નિર્ધારિત કરતા કાયદાઓ તેમજ ટ્રક કેટલી ઊંચાઈ સુધી લોડ કરી શકાય તે માથા પરના પુલો અથવા વાયરો માટે જોખમી ન હોવી જોઈએ તેવું નિયમન રાષ્ટ્રપતિ સમક્ષ જવું પડતું નથી, કારણ કે તેઓ ખાતરીપૂર્વક અપાયેલી સ્વતંત્રતાને અસર કરતા નથી. આવા કાયદાઓનો હેતુ વેપાર અને વાણિજ્યનું નિયંત્રણ ગણી શકાય નહીં. અનુચ્છેદ ૩૦૧ માં સ્વતંત્રતાનો અર્થ અરાજકતા નથી. તેવી જ રીતે, અન્ય લોકોની સાથે સામાન્ય રીતે વેપારીઓ પાસેથી કરની માંગણી એ વેપાર અને વાણિજ્ય ચલાવવાના તેમના અધિકાર પર નિયંત્રણ નથી. મોટર વાહનોના લાયસન્સિંગની પદ્ધતિ એ એક નિયમન છે, પરંતુ જ્યાં સુધી લાયસન્સિંગ સત્તાધિકારીની મનસ્વી વિવેકબુદ્ધિ પર નિર્ભર ન બનાવવામાં આવે ત્યાં સુધી તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને ક્ષતિ પહોંચાડતું નથી. તેવી જ રીતે, વહીવટી હેતુઓ માટેની ફી પણ નિયમનના ભાગ*

*રૂપે જોઈ શકાય છે. આવા લાયસન્સિંગ અને ફી અનુચ્છેદ ૩૦૧ ની બહાર આવે છે, કારણ કે તેમને નિયંત્રણો તરીકે જોઈ શકાતા નથી, અને તેથી તેમને અનુચ્છેદ ૩૦૪ હેઠળ પ્રક્રિયા કરવાની જરૂર નથી. આવા નિયમનો ચોક્કસ ધોરણને આધીન રહીને દરેકને સમાન તક આપવા માટે ઘડવામાં આવ્યા છે. હેતુ જાહેર હેતુ હોવાથી, જ્યાં સુધી આવા નિયમનો નિયંત્રણો સમાન ન બને ત્યાં સુધી તેમને પડકારી શકાય નહીં. જોકે, જે કર વ્યવસાય શરૂ કરવા અને ચલાવવાના અધિકારની પૂર્વશરત બનાવવામાં આવે છે તે તદ્દન અલગ બાબત છે. તે વેપાર અને વાણિજ્ય ચલાવવાના અધિકાર પર એક નિયંત્રણ છે, અને કરની ચુકવણી પર તે નિયંત્રણમાંથી મુક્તિ મળે છે, જે આવી મુક્તિની કિંમત છે. આ જ દ્રષ્ટિકોણથી આ કેસમાં વાદગ્રસ્ત જોગવાઈઓની તપાસ થવી જોઈએ."*

૬૧. ન્યાયમૂર્તિ સુબ્બારાવ, જેમ તેઓ તે સમયે હતા, બહુમતી મત સાથે સંમત થયા પરંતુ તેમાં નીચેનો પરિચ્છેદ ઉમેર્યો હતો:

> *"૩૭. હવે પછીનો પ્રશ્ન એ છે કે, સ્વતંત્રતાની વિભાવનાનું વિષયવસ્તુ શું છે? "સ્વતંત્રતા" શબ્દ ચોક્કસ વ્યાખ્યા માટે સક્ષમ નથી, પરંતુ સદર સ્વતંત્રતાનું શું ઉલ્લંઘન કરશે અથવા તેને ઘટાડશે તે જણાવી શકાય છે. કોઈ ચોક્કસ કાયદો સદર સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે તેમ કહી શકાય તે પહેલાં, એ ખાતરી કરવી આવશ્યક છે કે વાદગ્રસ્ત જોગવાઈ વેપારના મુક્ત સંચાલનને અવરોધતા નિયંત્રણ તરીકે કામ કરે છે કે માત્ર તેને સરળ*

*બનાવતા નિયમન તરીકે કામ કરે છે. નિયંત્રણો સ્વતંત્રતાને અવરોધે છે, જ્યારે નિયમનો તેને પ્રોત્સાહન આપે છે. પોલીસ નિયમનો, જોકે તેઓ ઉપરછલ્લી રીતે સંચાલનની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરતા હોય તેવા જણાય છે, વાસ્તવમાં મુક્ત સંચાલન માટે જરૂરી શરતો પૂરી પાડે છે. લાઈટિંગ, ઝડપ, વાહનોની સારી સ્થિતિ, સમય, રસ્તાના નિયમો અને તેના જેવા અન્ય નિયમનો ખરેખર સંચાલનની સ્વતંત્રતાને ધીમી પાડવાને બદલે તેને સરળ બનાવે છે. તેવી જ રીતે, વળતરકારી ફી સાથેની લાયસન્સિંગ પદ્ધતિ નિયંત્રણો નહીં પરંતુ નિયમનકારી જોગવાઈઓ હશે; કારણ કે તેના વિના, સંદેશાવ્યવહાર અને વાહનવ્યવહારના જરૂરી માર્ગો, જેમ કે રસ્તા, જળમાર્ગો અને હવાઈ માર્ગો, અસરકારક રીતે જાળવી શકાતા નથી અને જાહેર કરાયેલી સ્વતંત્રતા વ્યવહારમાં પોકળ સાબિત થઈ શકે છે. તેવી જ રીતે, ટ્રાફિકના મુક્ત સંચાલનને સક્ષમ કરવા માટે જરૂરી સેવાઓ પૂરી પાડતા નિયમનો, ભલે તેના માટે શુલ્ક લેવામાં આવતો હોય કે નહીં, તેને પણ સ્વતંત્રતાને અવરોધતા નિયંત્રણો તરીકે વર્ણવી શકાય નહીં. આ બધું કહેવાનો અર્થ એ નથી કે નિયમનના રૂપમાં રજૂ કરાયેલી પરંતુ અસર અને તત્ત્વમાં નિયંત્રણ હોય તેવી દરેક જોગવાઈ માન્ય નિયમન તરીકે ચાલી શકે. કોઈ આપેલા કેસમાં વેપારનું નિયમન કરવાનો દાવો કરતી જોગવાઈ વાસ્તવમાં સ્વતંત્રતા પરનું નિયંત્રણ છે કે નહીં તે નક્કી કરવાનું અદાલતનું કામ છે. જો તે સત્તાનો દંભી ઉપયોગ હોય અને નિંયમનકારી જોગવાઈ વાસ્તવમા નિયંત્રણ હોય, તો જ્યાં સુધી*

સદર જોગવાઈ અનુગામી અનુચ્છેદો હેઠળ માન્ય નિયંત્રણો પૈકીની એક ન હોય ત્યાં સુધી તેને રદબાતલ કરવામાં આવશે. આ મત ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટ અને પ્રિવી કાઉન્સિલ દ્વારા ધ કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા કોન્સ્ટિટ્યુશન એક્ટની કલમ ૯૨ માં "સંપૂર્ણપણે મુક્ત" શબ્દોના અર્થઘટનના સંદર્ભમાં ઠેરવેલા સિદ્ધાંતો સાથે સુસંગત છે, જે આપણા સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના "મુક્ત" શબ્દ કરતાં વધુ ભારપૂર્વકનો છે.

*** *** ***

૩૯. પરંતુ વધુ મુશ્કેલ પ્રશ્ન એ છે કે, અનુચ્છેદ ૩૦૨ માં "નિયંત્રણો" શબ્દનો અર્થ શું થાય છે? "નિયંત્રિત કરવું" શબ્દનો શબ્દકોશ અર્થ "સીમિત કરવું, બાંધવું, મર્યાદિત કરવું" થાય છે. તેથી, સ્વતંત્રતા પર મૂકવામાં આવેલી કોઈપણ મર્યાદા એ તે સ્વતંત્રતા પરનું નિયંત્રણ છે. પરંતુ તે મર્યાદા વાસ્તવિક, પ્રત્યક્ષ અને તાત્કાલિક હોવી જોઈએ, કાલ્પનિક, પરોક્ષ કે દૂરવર્તી નહીં. આ સંદર્ભમાં, અમેરિકન અને ઓસ્ટ્રેલિયન નિર્ણયો દ્વારા વાણિજ્ય સત્તા અને રાજ્યની પોલીસ સત્તા અથવા વાણિજ્યની સ્વતંત્રતા અને તે સ્વતંત્રતાને અસર કરતા કાયદા બનાવવાની કોમનવેલ્થ સત્તા વચ્ચે સુમેળ સાધવાના તેમના પ્રયાસમાં વિકસાવવામાં આવેલા સિદ્ધાંતો યોગ્ય ફેરફારો અને ગોઠવણો સાથે ઉપયોગી રીતે લાગુ કરી શકાય છે. વિકસિત કરાયેલા તમામ સિદ્ધાંતો પૈકી, મારા મતે, સ્વતંત્રતા પર "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" નો સિદ્ધાંત આપણા સંવિધાન હેઠળ ઉદ્ભવી શકે તેવી મુશ્કેલ પરિસ્થિતિ માટે વાજબી ઉકેલ હશે. જો

કોઈ કાયદો, તેનો સ્ત્રોત ભલે ગમે તે હોય, વેપારના મુક્ત સંચાલનને સીધી અને તાત્કાલિક અસર કરે છે, તો તે સદર સ્વતંત્રતા પરનું નિયંત્રણ ગણાશે. પરંતુ જે કાયદાની સદર સ્વતંત્રતા પર માત્ર પરોક્ષ અને દૂરવર્તી અસરો હોઈ શકે તેને તેના પરનું નિયંત્રણ ગણી શકાય નહીં. કરવેરા કાયદામાંથી ઉદાહરણ લઈએ તો, કોઈ કાયદો મોટર વાહન દ્વારા માલ અથવા વ્યક્તિઓની હેરફેર પર કર લાદી શકે છે; તે વળતરકારી અથવા નિયમનકારી હોય તે સિવાય વેપારના મુક્ત સંચાલન પર પ્રત્યક્ષ નિયંત્રણ તરીકે કાર્ય કરે છે. બીજી બાજુ, કોઈ કાયદો વાહન પર મિલકત તરીકે કર લાદી શકે છે, અથવા જે ગેરેજમાં પરિવહન માટે વપરાતું વાહન રાખવામાં આવે છે તેના પર કર લાદી શકે છે. સદર કાયદો હેરફેર પર પરોક્ષ અસર કરી શકે છે, પરંતુ સદર કાયદો મુક્ત સંચાલન પર પ્રત્યક્ષ રીતે નિયંત્રણો લાદતો કાયદો નથી. આ સંદર્ભમાં, બે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે: પ્રથમ, જોકે કોઈ કાયદો મિલકત અથવા મોટર વાહન પર, યથાપ્રસંગ, કર લાદવાનો દાવો કરતો હોવા છતાં, તે વાસ્તવમાં અને હકીકતમાં હેરફેર પર જ કર લાદી શકે છે; બીજું, કાયદો કદાચ વેપારની હેરફેર પર ન હોય, પરંતુ મિલકત પર જ હોય, પરંતુ બોજ એટલો વધારે હોઈ શકે છે કે તે પરોક્ષ રીતે વેપારના મુક્ત પ્રવાહને અસર કરી શકે છે. પહેલા કિસ્સામાં, અદાલતે કર હેરફેર પર છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે ચોક્કસ કાયદાની જોગવાઈઓની ચકાસણી કરવી પડી શકે છે. જો જોગવાઈઓ હેરફેર પર કર દર્શાવે છે, તો તે અનુચ્છેદ ૩૦૨ ના અર્થમાં નિયંત્રણ ગણાશે. પાછળના કિસ્સામાં, જો જોગવાઈઓ દર્શાવે છે કે કર મિલકત પર છે, તો કરની વાજબીતા સંવિધાનના અનુચ્છેદ ૧૯ ની જોગવાઈઓની સામે

ચકાસવી પડી શકે છે. કોઈ કાયદો નિયંત્રણ લાદે છે કે નહીં તે પ્રશ્ન એ બાબત પર આધાર રાખે છે કે શું સદર કાયદો વેપારના સંચાલનની સ્વતંત્રતા પર પ્રત્યક્ષ અને તાત્કાલિક મર્યાદા લાદે છે. જો તે તેમ કરતો હોય, તો અવરોધનું પ્રમાણ તેના સ્વરૂપ કરતાં માત્રાના પ્રશ્ન સાથે વધુ સંબંધિત છે. જો તે નિયંત્રણ હોય, તો તેણે સંવિધાનના અનુચ્છેદ ૩૦૨ માં નિર્ધારિત શરતોનું પાલન કરવું આવશ્યક છે.

*** *** ***

૪૬. ઉપરોક્ત ચર્ચાનો સારાંશ નીચેના પ્રતિપાદનોમાં આપી શકાય: (૧) અનુચ્છેદ ૩૦૧ આંતર–રાજ્ય અથવા રાજ્યની અંદરના અવરોધો, અથવા આવા અવરોધો તરીકે કાર્ય કરતી અન્ય અડચણો દ્વારા કોઈપણ અવરોધ વિના વેપારના મુક્ત સંચાલનનો અધિકાર જાહેર કરે છે. (૨) સદર સ્વતંત્રતા અવરોધાતી નથી, પરંતુ બીજી તરફ, વેપારના મુક્ત સંચાલન માટેની શરતોનું નિર્માણ કરતા નિયમનો દ્વારા તેને પ્રોત્સાહન મળે છે, જેમ કે, વળતર સાથે કે વગર પોલીસ નિયમનો, સેવાઓની જોગવાઈ, રસ્તાઓની જાળવણી, એરડ્રોમ, વ્હાઈ (ઘાટ) વગેરેની જોગવાઈ. (૩) સંસદ જાહેર હિતમાં આવી સ્વતંત્રતા પર કાયદા દ્વારા નિયંત્રણો લાદી શકે છે; અને સદર કાયદો એવી કોઈપણ પ્રવિષ્ટિના આધારે બનાવી શકાય છે જેના સંબંધમાં સંસદ કાયદો બનાવવાની સત્તા ધરાવે છે. (૪) રાજ્ય પણ, પોતાની વૈધાનિક સત્તાના ઉપયોગમાં, અનુચ્છેદ ૩૦૪(બી) માં નિર્ધારિત બે શરતોને આધીન અને તેમાં ઉલ્લેખિત પરંતુકને

*આધીન રહીને સમાન નિયંત્રણો લાદી શકે છે. (૫) ન તો સંસદ કે ન તો રાજ્ય વિધાનમંડળ સૂચિઓમાંની કોઈપણ પ્રવિષ્ટિના આધારે સદર સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરીને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપતો અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરતો કાયદો બનાવી શકે છે. (૬) ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિઓનો સામનો કરવાના હેતુ માટે સંસદના કિસ્સામાં અને તેમાં ઉલ્લેખિત શરતોને આધીન રહીને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાજ્યના કિસ્સામાં પણ આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે. અને (૭) રાજ્ય અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાંથી આયાત કરાયેલા માલ પર બિન-ભેદભાવપૂર્ણ કર લાદી શકે છે, જે કર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર લાગુ પડતો હોય."*

૬૨. ઓટોમોબાઇલ કેસ (ઉપરોક્ત) માં નિર્ણયની ચોખ્ખી અસર એ છે કે જો કરવેરા વળતરકારી સ્વરૂપના હોય, તો તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની ખાતરીનું ઉલ્લંઘન કરતા નથી. કરદાતાને રાજ્ય દ્વારા પૂરા પાડવામાં આવતા પ્રત્યક્ષ અને નોંધપાત્ર લાભો/સુવિધાઓના સંદર્ભમાં કરના વળતરકારી સ્વરૂપને નિર્ધારિત કરવાનું છે કે કેમ તે આગળના પ્રશ્નની તપાસ કરવામાં આવી હતી અને જિંદાલ સ્ટેનલેસ સ્ટીલ કેસ (ઉપરોક્ત) માં તેનો હકારાત્મક જવાબ આપવામાં આવ્યો હતો, જ્યાં આ કોર્ટે ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ કેસો (ઉપરોક્ત) ના નિર્ણયોને ઉલટાવી દેતાં જાહેર કર્યું હતું કે કરદાતાને માત્ર દૂરવર્તી લાભ નહીં

પરંતુ માત્ર પ્રત્યક્ષ અને નોંધપાત્ર લાભ જ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કર્યા વિના વળતરકારી કરવેરા લાદવાનું વાજબી ઠેરવશે. કોર્ટ વતી બોલતાં, ન્યાયમૂર્તિ કાપડિયાએ અવલોકન કર્યું હતું કે:

> *"૪૯. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં વળતરકારી કરવેરાની વિભાવના પ્રતિપાદિત કરવામાં આવી હતી જેમાં વળતરકારી કરવેરાને નિયમનકારી કરવેરા સમકક્ષ ગણવામાં આવ્યા હતા. તે કેસમાં, કર વળતરકારી છે કે નહીં તે નક્કી કરવા માટે એક કાર્યસાધક કસોટી નિર્ધારિત કરવામાં આવી હતી. તે ચુકાદામાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે કોઈએ એ તપાસ કરવી પડે છે કે શું વેપાર એક વર્ગ તરીકે વેપાર/ધંધાના બહેતર સંચાલન માટે ચોક્કસ સુવિધાઓનો ઉપયોગ કરી રહ્યો છે કે નહીં. આ કાર્યસાધક કસોટી આજે પણ યથાવત રહે છે.*
>
> *૫૦. ઉપર જણાવ્યા મુજબ, ૧૯૯૫ પછીના યુગમાં, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં પ્રતિપાદિત સદર કાર્યસાધક કસોટી ત્યારે ખોરવાઈ ગઈ જ્યારે ભગતરામ કેસમાં, ત્રણ ન્યાયમૂર્તિઓની ખંડપીઠે "કેટલાક સંબંધ" ની કસોટી સ્પષ્ટ કરી અને કહ્યું કે જો કર અને વેપારને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપવામાં આવતી સુવિધાઓ વચ્ચે કોઈ સંબંધ હોય તો પણ આ ઉઘરાતને અમાન્ય તરીકે પડકારી શકાય નહીં. અમારા મતે, ભગતરામ કેસમાં સ્પષ્ટ કરાયેલી "કેટલાક સંબંધ" ની આ કસોટી માત્ર ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં પ્રતિપાદિત કાર્યસાધક કસોટીથી વિરુદ્ધ જ નથી પરંતુ તે વળતરકારી કરના મૂળ આધારને જ*

નષ્ટ કરે છે. અમે પુનરોચ્ચાર કરી શકીએ છીએ કે જ્યારે નિયમનમાં અથવા નિયમનકારી પગલાના ભાગ રૂપે કર લાદવામાં આવે છે ત્યારે ઉદ્યોગનું નિયંત્રક પરિબળ બોજમાંથી વળતર/ભરપાઈ તરફ બદલાય છે. ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટમાં સાત ન્યાયમૂર્તિઓની ખંડપીઠ દ્વારા પ્રતિપાદિત કાર્યસાધક કસોટી અને ભગતરામ કેસમાં ત્રણ ન્યાયમૂર્તિઓની ખંડપીઠ દ્વારા સ્પષ્ટ કરાયેલ "કેટલાક સંબંધ" ની કસોટી એકસાથે ટકી શકે નહીં. તેથી, અમારા મતે, ભગતરામ કેસમાં પ્રતિપાદિત મુજબ "કેટલાક સંબંધ" ની કસોટી વળતરકારી કરની વિભાવનાને લાગુ પડતી નથી અને તે મુજબ તે હદ સુધી, ભગતરામ રાજીવકુમાર વિ. સી.એસ.ટી. અને સ્ટેટ ઓફ બિહાર વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં આ કોર્ટના ચુકાદાઓ ઉલટાવી દેવામાં આવે છે.

*** *** *** ***

૫૨. અમારા મતે, બિહાર ચેમ્બર ઓફ કોમર્સના ચુકાદા દ્વારા અનુસરવામાં આવેલા ભગતરામ કેસમાં નિર્ણયની શુદ્ધતા વિશે સંદર્ભ કરનાર બેંચ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી શંકા સુસ્થાપિત હતી.

૫૩. અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર અને વાણિજ્ય પર વાદગ્રસ્ત કાયદાની "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" નો સિદ્ધાંત જે આટિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય માં પ્રતિપાદિત કરવામાં આવ્યો હતો અને અહેવાલ (એ.આઈ.આર.) ના પેરા ૧૯ મુજબ કર વળતરરૂપી છે કે નહીં તે નક્કી કરવા માટે ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ.

*રાજસ્થાન રાજ્ય માં સ્પષ્ટ કરવામાં આવેલ કાર્યકારી કસોટી લાગુ પડવાનું ચાલુ રહેશે, અને ભગતરામ રાજીવકુમાર વિ. સી.એસ.ટી. ના ચુકાદાના પેરા ૮ (એસ.સી.સી. ના) માં દર્શાવેલ તેમજ બિહાર રાજ્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં અનુસરવામાં આવેલી "અમુક જોડાણ" ની કસોટી, અમારા મતે, માન્ય કાયદો નથી. તદનુસાર, વિવિધ સ્થાનિક કાયદાઓની બંધારણીય માન્યતા કે જેઓ પેન્ડિંગ અપીલો, સ્પેશિયલ લીવ પિટિશનો અને રિટ પિટિશનોનો વિષય છે, તે હવે આ ચુકાદાના સંદર્ભમાં નિકાલ કરવા માટે સૂચિબદ્ધ કરવામાં આવશે."*

૬૩. ઉપરોક્તના પ્રકાશમાં આજે જે કાનૂની સ્થિતિ પ્રવર્તે છે તે એ છે કે વળતરરૂપી કર સંવિધાનના ભાગ ૧૩ ની બહાર ત્યારે જ આવશે જો કરદાતાઓ કરારોપણને અનુરૂપ લાભો અને સુવિધાઓ મેળવતા હોય. ગમે તેટલો પરોક્ષ કે દૂરનો હોય તેવો કોઈપણ અને પ્રત્યેક લાભ, અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનના કારણોસર થયેલા આક્ષેપ સામે કરારોપણને બચાવી શકશે નહીં. તેમ કહ્યા પછી, અમારે વેપારીઓ/કરદાતાઓ વતી ઉપસ્થિત વિદ્વાન વકીલોના યશ ખાતર ઉલ્લેખ કરવો જોઈએ કે સોની ઇન્ડિયા પ્રા. લિ. વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી એ.કે. ગાંગુલી અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિમિટેડ (સેઇલ) વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી બગારિયા દ્વારા કરવામાં આવેલા એક નબળા પ્રયાસ સિવાય, બાકીના તમામ વકીલોએ નિખાલસપણે સ્વીકાર્યું હતું કે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસ (ઉપરોક્ત) ના બહુમતી ચુકાદામાં પ્રતિપાદિત વળતરરૂપી કર સિદ્ધાંત માટે કોઈ બંધારણીય કે ન્યાયશાસ્ત્રીય આધાર ન હતો.

વેપારીઓ/કરદાતાઓ વતી ઉપસ્થિત વકીલોની ટીમનું નેતૃત્વ કરનાર શ્રી સાલ્વેએ પણ ઓટોમોબાઇલ કેસ (ઉપરોક્ત) માં પ્રતિપાદિત વળતરરૂપી કર સિદ્ધાંતનું સમર્થન કર્યું ન હતું. ભારતના વિદ્વાન એટર્ની જનરલ શ્રી રોહતગી અને કેટલાક રાજ્યો વતી ઉપસ્થિત મેસર્સ રાકેશ અને દિનેશ દ્વિવેદીએ પણ એવી દલીલ કરી હતી કે વળતરરૂપી કર સિદ્ધાંતનો કોઈ આધાર જ નથી અને માત્ર કોઈપણ ન્યાયશાસ્ત્રીય સમર્થનના અભાવને કારણે જ નહીં પરંતુ વ્યવહારમાં સદર સિદ્ધાંતના અમલમાં નડતી મુશ્કેલીઓને કારણે પણ તેને ત્યજી દેવો જોઈએ. બાર સમક્ષ કરવામાં આવેલી કબૂલાતોના પ્રકાશમાં, અમારા માટે આ પાસા પર લંબાણપૂર્વક ચર્ચા કરવાનું કદાચ બિનજરૂરી બની ગયું હોત પરંતુ મેસર્સ ગાંગુલી અને બગારિયા વેપારીઓ વતી ઉપસ્થિત તેમના સાથીઓ દ્વારા રજૂ કરવામાં આવેલા મંતવ્યો સાથે સંપૂર્ણપણે સહમત ન થયા હોવાથી, વળતરરૂપી કર સિદ્ધાંત ખરેખર ટકી શકે તેમ છે કે કેમ તે પ્રશ્નનો સીધો સામનો કરવા સિવાય અમારી પાસે બીજો કોઈ વિકલ્પ બચતો નથી. સદર પ્રશ્નને સ્પર્શતા ત્રણ વિશિષ્ટ પાસાંઓ તરત જ ધ્યાને લેવા જરૂરી છે. આ પાસાંઓ પૈકીનું પ્રથમ અને સૌથી અગત્યનું પાસું એ છે કે વળતરરૂપી કરનો ખ્યાલ સંવિધાન દ્વારા માન્ય રાખવામાં આવ્યો નથી. કર એ સામાન્ય જાહેર હિત માટે નાણાંની ફરજિયાત ઉઘરાણી છે અને થોમસ એમ. કુલી દ્વારા તેમના પુસ્તક ધ લો ઓફ ટેક્સેશન ના પૃષ્ઠ ૬૧ (કલાર્ક એ. નિકોલ્સ સંપાદિત, ૪થી આવૃત્તિ ૧૯૨૪) પર નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે:

*"કર એ વ્યક્તિઓ અને મિલકત પાસેથી લેવામાં આવતો ફરજિયાત પ્રમાણસર ફાળો છે, જે રાજ્ય દ્વારા તેના સાર્વભૌમત્વની રૂએ સરકારના નિર્વાહ માટે અને તમામ જાહેર જરૂરિયાતો માટે વસૂલવામાં આવે છે. કરની આ વ્યાખ્યા, જેને ઘણીવાર "કુલીની વ્યાખ્યા" તરીકે ઓળખવામાં આવે છે, તે ઘણી વિવિધ અદાલતો દ્વારા સ્પષ્ટપણે અથવા અન્યથા ટાંકવામાં આવી છે અને તેનું સમર્થન કરવામાં આવ્યું છે અથવા તેને માન્ય રાખવામાં આવી છે. જ્યારે કરની આ વ્યાખ્યા તેને 'ફાળો' તરીકે દર્શાવે છે, ત્યારે અન્ય વ્યાખ્યાઓ તેને 'જકાત', 'ડ્યુટી અથવા જકાત', 'ચાર્જીસ', 'બોજ', અથવા 'ઉઘરાણી' તરીકે સંદર્ભિત કરે છે; પરંતુ શબ્દપ્રયોગમાં આ ભિન્નતાઓ કોઈ વ્યવહારિક મહત્વ ધરાવતી નથી."*

*** *** *** ***

*** *** *** ***

આ શબ્દ પી. રામનાથ ઐયર દ્વારા ધ મેજર લો લેક્સિકોન – વોલ્યુમ ૬ – ૪થી આવૃત્તિ – પૃષ્ઠ નં. ૬૬૭૮ અને ૬૬૭૯ માં પણ નીચે મુજબના શબ્દોમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે:

*"કર" અને "કરો" શબ્દને રાષ્ટ્ર અથવા રાજ્યના ઉપયોગ માટે સરકાર દ્વારા નાગરિકની વ્યક્તિગત રીતે અથવા મિલકત પર આકારવામાં આવેલા દર અથવા નાણાંની રકમ; જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવા માટે વિધાન સત્તા દ્વારા વ્યક્તિઓ અથવા મિલકત પર લાદવામાં આવેલા બોજ*

અથવા ચાર્જ, અને સરકારના નિર્વાહ માટે અને તમામ જાહેર જરૂરિયાતો માટે રાજ્યની સત્તા દ્વારા વ્યક્તિઓ અને મિલકત પર વસૂલવામાં આવતા ફરજિયાત પ્રમાણસર ફાળા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

*** *** *** ***

*** *** *** ***

કર એ જાહેર બોજ છે, જેનો પોતાનો હિસ્સો વહન કરવા માટે દરેક વ્યક્તિને ફરજ પાડી શકાય છે, અને તે પણ વિધાનમંડળની ઇચ્છા નિર્દેશ કરે તે મુજબ, તેને મળતા રક્ષણના પ્રમાણમાં અથવા તેના દ્વારા ધારણ કરાયેલ મિલકતના પ્રમાણમાં હોય છે. કરારોપણની સત્તા સાર્વભૌમત્વની આનુષંગિક સત્તા કહેવાય છે, અને તે જેની આનુષંગિક છે તેની સાથે સમવ્યાપી છે."

ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિ. વિ. બિહાર રાજ્ય, એ.આઇ.આર. ૧૯૯૧ પટના ૭૫, ૮૧ માં ટાંક્યા મુજબ બ્લેકવેલ ઓન ટેક્સ ટાઇટલ્સ કર વિશે નીચે મુજબ જણાવે છે:

'કરને જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવા માટે વિધાન સત્તા દ્વારા વ્યક્તિઓ અથવા મિલકત પર લાદવામાં આવેલા બોજ અથવા ચાર્જ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.'

બ્લેક્સ લો ડિક્શનરી, ૭મી આવૃત્તિ, પૃષ્ઠ ૧૪૬૯ કરને નીચે મુજબ વ્યાખ્યાયિત કરે છે:

*"જાહેર આવક પ્રાપ્ત કરવા માટે સરકાર દ્વારા વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા મિલકત પર લાદવામાં આવેલ નાણાકીય ચાર્જ,"*

*જો કર આખરે વ્યાપક જાહેર હિત સાધવા માટે અને સરકારી તંત્ર ચલાવવા તથા લોકોને સભ્ય જીવન જીવવા માટે આવશ્યક સુવિધાઓ પૂરી પાડવા માટે જ હોય, તો વ્યાપક અર્થમાં કરનું સ્વરૂપ બિન–વળતરરૂપી હોવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.*

૬૪. બીજું એ કે, વળતરરૂપી કરનો ખ્યાલ કર અને ફી વચ્ચેના તફાવતને ભૂંસી નાખે છે. કર અને ફી વચ્ચેનો આવશ્યક તફાવત એ છે કે જ્યારે કરમાં ક્વિડ પ્રો કવોનું કોઈ તત્વ હોતું નથી, ત્યારે તે તત્વ વિનાની ફી કાયદેસર રીતે લાદી શકાતી નથી. કર અને ફી વચ્ચેના તફાવતની આ કોર્ટના ચુકાદાઓની એક લાંબી શ્રેણીમાં તપાસ કરવામાં આવી છે અને તેનું વિસ્તરણ કરવામાં આવ્યું છે. ***(જુઓ: કમિશનર, હિન્દુ રિલિજિયસ એન્ડોવમેન્ટ્સ, મદ્રાસ વિ. શ્રી લક્ષ્મીન્દ્ર તીર્થ સ્વામીયાર ઓફ શ્રી શિરુર મઠ (એ.આઈ.આર. ૧૯૫૪ એસ.સી. ૨૮૨), મહંત શ્રી જગન્નાથ રામાનુજ દાસ અને અન્ય વિ. ઓરિસ્સા રાજ્ય અને અન્ય (એ.આઈ.આર. ૧૯૫૪ એસ.સી. ૪૦૦), ધ હિંગિર–રામપુર કોલ કંપની લિ. વિ. ઓરિસ્સા રાજ્ય (એ.આઈ.આર. ૧૯૬૧ એસ.સી. ૪૫૯), કોર્પોરેશન ઓફ કલકત્તા અને અન્ય વિ. લિબર્ટી સિનેમા (એ.આઈ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૧૦૭), કેવલ કૃષ્ણ પુરી અને અન્ય વિ. પંજાબ રાજ્ય (૧૯૮૦) ૧ એસ.સી.સી. ૪૧૬, કૃષિ ઉપજ મંડી સમિતિ અને અન્ય વિ. ઓરિએન્ટ પેપર***

*એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિ. (૧૯૯૫) ૧ એસ.સી.સી. ૬૫૫), ગુજરાત રાજ્ય અને અન્ય વિ. અખિલ ગુજરાત પ્રવાસી વી.એસ. મહામંડળ (૨૦૦૪) ૫ એસ.સી.સી. ૧૫૫: પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. અને અન્ય (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧.*

૬૫. ત્રીજું અને છેલ્લે, વળતરરૂપી કર ભાગ ૧૩ ની બહાર હોવાનો ખ્યાલ વાસ્તવિક વ્યવહારમાં લાગુ કરવો મુશ્કેલ છે. કેસોના વર્તમાન જૂથમાં થયેલા અનુભવે તે મુશ્કેલીને પૂરતી રીતે દર્શાવી આપી છે. આ કેસોમાં રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા મોટાભાગના કાયદાઓમાં તે હેઠળ લાદવામાં આવેલા પ્રવેશ કરને વળતરરૂપી સ્વરૂપનો ગણાવવામાં આવ્યો છે. આ કદાચ સદર કરારોપણને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના દૂષણમાંથી બહાર લઈ જવા માટે કરવામાં આવ્યું હોઈ શકે છે. જોકે, પ્રશ્ન એ છે કે શું સદર કાયદાની શરતો અનુસાર એકત્રિત કરવામાં આવેલી કરની રકમનો ખરેખર રાજ્ય દ્વારા કરદાતાઓને સેવાઓ અને લાભો પૂરા પાડવા અથવા જાળવવાના હેતુ માટે ઉપયોગ કરવામાં આવે છે અને શું સંબંધિત રાજ્યે સદર કાયદાના અંતર્ગત રહેલા જાહેર હેતુ માટે ખરેખર તે રકમનો ઉપયોગ કર્યો છે કે કેમ તે નક્કી કરવા માટે અદાલતો નાણાંના પ્રવાહની તપાસ કરી શકે છે. આ પ્રક્રિયા ગંભીર મુશ્કેલીઓથી ભરેલી છે, જે હકીકત કરદાતાઓ/વેપારીઓ વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા વિવાદિત કરવામાં આવી ન હતી. તેથી, વળતરરૂપી કર સિદ્ધાંતનો વાસ્તવિક અમલ એટલી હદે મુશ્કેલીઓમાં મુકાય છે કે કોઈ તબક્કે આ સિદ્ધાંત પડી ભાંગે છે. તે દ્રષ્ટિએ મેસર્સ સાલ્વે, રોહતગી અને દ્વિવેદી એવી રજૂઆત કરવામાં સંપૂર્ણપણે વાજબી

હતા કે વળતરરૂપી કર સિદ્ધાંત કાનૂની રીતે અસમર્થનીય હતો અને તેને ત્યજી દેવા પાત્ર હતો. મેસર્સ ગાંગુલી અને બગારિયાની તેનાથી વિપરીત દલીલો હોવા છતાં, તે રજૂઆત સાથે સંમત થવામાં અમને કોઈ ખચકાટ નથી.

૬૬. વળતરરૂપી કર સિદ્ધાંત હવે સ્વીકાર્ય ન જણાતાં, આપણી પાસે માત્ર બે પરસ્પર સ્પર્ધાત્મક દ્રષ્ટિકોણ બચે છે, જેમાંથી એક ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર દ્વારા અને બીજો મુખ્ય ન્યાયમૂર્તિ બી.પી. સિન્હા દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે. બંધારણીય યોજના અને અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૭ માં પ્રયુક્ત ભાષાને ધ્યાનમાં રાખીને, કયો દ્રષ્ટિકોણ સાચો છે તે નિર્ણાયક પ્રશ્ન અમારા નિર્ણય માટે ઉપસ્થિત થાય છે, જેના પર હવે આપણે વધુ નજીકથી નજર નાખવા માટે આગળ વધવું જોઈએ.

અનુચ્છેદ ૩૦૧ નીચે મુજબ છે:

> ***"૩૦૧. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા.***— *આ ભાગની અન્ય જોગવાઈઓને અધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે"*

ઉપરોક્તનું સાદું વાંચન દર્શાવે છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કોઈપણ રીતે નિરપેક્ષ નથી, અને તે સંવિધાનના ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન છે. તે જોગવાઈઓમાં અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ નો સમાવેશ થાય છે, જે તે પ્રતિબંધોના સ્વરૂપ અને વ્યાપ્તિ સાથે સીધો સંબંધ ધરાવે છે જેને આધીન રહીને જ અનુચ્છેદ ૩૦૧ માં

ઉલ્લેખિત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાના અધિકારનો ઉપયોગ કરી શકાય છે. અનુચ્છેદ ૩૦૨ નીચે મુજબ વંચાય છે:

> ***"૩૦૨. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધો લાદવાની સંસદની સત્તા.—*** *સંસદ કાયદા દ્વારા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગની અંદર વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા પ્રતિબંધો લાદી શકે છે."*

૬૭. ઉપરોક્ત બાબત કોઈપણ પ્રકારની શંકાને સ્થાન આપતી નથી કે એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા પ્રતિબંધો લાદવાની સત્તા સંસદ ધરાવે છે. અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૨ ને સાથે વાંચતાં સ્પષ્ટ થાય છે કે, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા એવા પ્રતિબંધોને આધીન છે જે સંસદ કાયદા દ્વારા જાહેર હિતમાં લાદી શકે છે. આમ, અનુચ્છેદ ૩૦૨ પોતે જ સંસદને જાહેર હિતમાં જરૂરી જણાય તેવા પ્રતિબંધો લાદવાની સત્તા આપતું હોવાના કારણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનું નિરપેક્ષ સ્વરૂપ સમાપ્ત થઈ જાય છે. બદલામાં, અનુચ્છેદ ૩૦૩ સંસદ અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર પ્રતિબંધો મૂકે છે, જ્યારે તે કહે છે:

*"૩૦૩. વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર પ્રતિબંધો.—* *(૧) અનુચ્છેદ ૩૦૨ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્યને લગતી કોઈપણ પ્રવિષ્ટિની રૂએ, સંસદ કે રાજ્યના વિધાનમંડળ પાસે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો હોય કે આપવા સત્તા આપતો હોય, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો હોય કે ભેદભાવ કરવા સત્તા આપતો હોય તેવો કોઈ કાયદો બનાવવાની સત્તા રહેશે નહીં.*

*(૨) જો તેવા કાયદા દ્વારા એવી જાહેરાત કરવામાં આવે કે ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે, તો ખંડ (૧) માંની કોઈપણ બાબત સંસદને કોઈ પ્રાધાન્ય આપતો હોય કે પ્રાધાન્ય આપવા સત્તા આપતો હોય અથવા કોઈ ભેદભાવ કરતો હોય કે ભેદભાવ કરવા સત્તા આપતો હોય તેવો કોઈ કાયદો બનાવતાં અટકાવશે નહીં."*

૬૮. ઉપરોક્ત બાબતનું કાળજીપૂર્વકનું વાંચન દર્શાવે છે કે, અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદમાં નિહિત સત્તા હોવા છતાં, તે સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્યને લગતી કોઈપણ પ્રવિષ્ટિની રૂએ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો હોય કે પ્રાધાન્ય આપવા સત્તા આપતો હોય, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો હોય કે

ભેદભાવ કરવા સત્તા આપતો હોય તેવો કોઈ કાયદો બનાવી શકશે નહીં. અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૨) (ઉપરોક્ત) પરથી સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) અનુસાર સંસદમાં નિહિત સત્તા પરનો પ્રતિબંધ, જો તેવા કાયદા દ્વારા એવી જાહેરાત કરવામાં આવે કે અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિને પહોંચી વળવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે, તો કોઈપણ પ્રાધાન્ય આપવા અથવા આપવા સત્તા આપવા, અથવા કોઈપણ ભેદભાવ કરવા અથવા કરવા સત્તા આપવાના ઉદ્દેશ્યથી સંસદ દ્વારા કોઈ કાયદો બનાવવા સુધી વિસ્તરશે નહીં. આમ, અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) અને (૨) નું સંયુક્ત વાંચન સ્પષ્ટ કરે છે કે, જ્યારે સંસદ/રાજ્યના વિધાનમંડળ પાસે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપીને અથવા આપવા માટે સત્તા આપીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધ લાદતો કાયદો બનાવવાની કોઈ સત્તા રહેશે નહીં, ત્યારે સંસદની વૈધાનિક સત્તા પરની આવી મર્યાદા કોઈપણ પ્રાધાન્ય આપવા અથવા કોઈપણ ભેદભાવ કરવા કે કરવા સત્તા આપવા સુધી લાગુ થશે નહીં જો કાયદા દ્વારા એવી જાહેરાત કરવામાં આવે કે માલની અછતને કારણે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે જેના લીધે તેમ કરવું જરૂરી બન્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો, સંસદ ભલે અનુચ્છેદ ૩૦૨ હેઠળ જાહેર હિતમાં પ્રતિબંધો લાદી શકે, પરંતુ આ રીતે લાદવામાં આવેલો પ્રતિબંધ એક રાજ્ય અથવા બીજા રાજ્ય વચ્ચે પ્રાધાન્ય આપવાના કે ભેદભાવ કરવાના સ્વરૂપનો રહેશે નહીં, સિવાય કે જ્યારે કાયદો એવી જાહેરાત કરે કે ભારતના કોઈપણ ભાગમાં માલની અછતને કારણે આવું પ્રાધાન્ય કે ભેદભાવ કરવો જરૂરી બન્યો છે.

૬૯. તે આપણને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ પર લાવે છે, જે પણ અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૩ ની જેમ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરના પ્રતિબંધો સાથે સંબંધિત છે. તે નીચે મુજબ વંચાય છે:

***"૩૦૪. રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો.— અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા—***

*(એ) અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને*

*(બી) તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા વાજબી નિયંત્રણો લાદી શકે છે: પરંતુ શરત એ છે કે ખંડ (બી) ના હેતુઓ માટેનું કોઈ વિધેયક અથવા સુધારો રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં રજૂ કરવામાં આવશે નહીં અથવા લાવવામાં આવશે નહીં."*

સદર અનુચ્છેદ "નોન–ઓબસ્ટેન્ટ" ખંડ સાથે શરૂ થાય છે જે ઘણા કેસોમાં અદાલતી ચર્ચાઓનો વિષય રહ્યો છે. અમે હાલના તબક્કે નોન–ઓબસ્ટેન્ટ ખંડની અસર અથવા અનુચ્છેદ ૩૦૧ માં આવતા "આધીન રહીને"

શબ્દપ્રયોગ અને અનુચ્છેદ ૩૦૪ માંના નોન–ઓબસ્ટેન્ટ ખંડ વચ્ચેના પરસ્પર સંબંધ અંગે વિચારણા કરવાનો પ્રસ્તાવ રાખતા નથી. અમે તે પાસા તરફ થોડા સમય પછી આવીશું. અમે જે બાબત તપાસવા માંગીએ છીએ તે એ છે કે શું અનુચ્છેદ ૩૦૪(એ) કરને નિયંત્રણ તરીકે ગણે છે જેથી આવી કોઈપણ ઉઘરાત અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતી બને. તે પ્રશ્નનો જવાબ, અમે કોઈપણ ખચકાટ વિના કહીએ છીએ કે, નકારાત્મક છે. અનુચ્છેદ ૩૦૪(એ) કરને આપમેળે નિયંત્રણ તરીકે ગણવાથી વિપરીત, અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર તે લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને સ્પષ્ટપણે માન્યતા આપે છે. "રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા અન્ય રાજ્યો (અથવા કેન્દ્રશાસિત પ્રદેશો) માંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદી શકે છે" એ શબ્દપ્રયોગ કોઈપણ દ્વિઅર્થીપણું અથવા મૂંઝવણ ઊભી ન થાય તેટલો અત્યંત સ્પષ્ટ અને ચોક્કસ છે. એ સાચું છે કે કર લાદવા માટે રાજ્ય વિધાનમંડળને ઉપલબ્ધ સત્તાનો સ્ત્રોત સંવિધાનના અનુચ્છેદ ૨૬૫ અને ૨૬૬ માં જોવા મળે છે, પરંતુ અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટેની આવી સત્તાની ઉપલબ્ધતા અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા સ્પષ્ટપણે માન્ય રાખવામાં આવી છે. 'કાયદા દ્વારા લાદી શકે છે' એ શબ્દપ્રયોગ ચોક્કસપણે કર લાદવાની સત્તા પરનું નિયંત્રણ નથી. જોકે, તેનો અર્થ એવો નથી કે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાની સત્તા બિનશરતી અથવા અનિયંત્રિત છે. અમારા મતે, તે સત્તા પર બે નિયંત્રણો છે. "જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત

સમાન માલ આધીન હોય" એ શબ્દો રાજ્ય વિધાનમંડળની આવો કોઈપણ કર લાદવાની સત્તા પર પ્રથમ નિયંત્રણ મૂકે છે. આ શબ્દોનો ગર્ભિતાર્થ એ થશે કે અન્ય રાજ્યોમાંથી માલની આયાત પરનો કર ત્યારે જ વાજબી ઠરશે જો તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર પણ કર લાદવામાં આવતો હોય. બીજું નિયંત્રણ "જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય" એ શબ્દપ્રયોગ પરથી આવે છે. રાજ્ય વિધાનમંડળ કર લાદવાની બાબતમાં અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને આવો કર લાદનાર રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ કરી શકે નહીં. તેથી અનુચ્છેદ ૩૦૪(એ) ની ચોખ્ખી અસર એ છે કે જ્યારે અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાનું બંધારણીય રીતે માન્ય હોવાનું સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યું છે, ત્યારે આવી સત્તાનો ઉપયોગ ઉપર જણાવેલ બે પ્રતિબંધક શરતોને આધીન છે. જોકે, તે બાબત એ સિદ્ધાંતને નબળો પાડતી નથી કે જ્યાં સુધી રાજ્ય વિધાનમંડળો તે સત્તાના ઉપયોગ પર મૂકવામાં આવેલી મર્યાદાઓનું પાલન કરે ત્યાં સુધી અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવો એ બંધારણીય રીતે માન્ય છે. બીજી રીતે કહીએ તો, અન્ય રાજ્યોમાંથી માલની આયાત પર કર લાદવો એ ભાગ ૧૩ ની યોજના અથવા તેમાં સમાવિષ્ટ અનુચ્છેદ ૩૦૧ હેઠળ આપમેળે કોઈ અડચણ નથી.

૭૦. આ આપણને એ પ્રશ્ન તરફ દોરી જાય છે કે શું ખંડ (એ) અને (બી) ને સંયુક્ત રીતે વાંચવાના રહેશે. વેપારીઓ/કરદાતાઓ વતી એવી દલીલ

કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૩૦૪(એ) ની શરતો મુજબનો કર બિન–ભેદભાવપૂર્ણ હોવાના કારણે પ્રતિબંધિત ન હોય ત્યારે પણ, તે તેના ખંડ (બી) હેઠળનું નિયંત્રણ બની શકે છે. દલીલ એવી છે કે માત્ર કોઈ કર બિન–ભેદભાવપૂર્ણ હોવાને કારણે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) હેઠળની કસોટીમાં પાર ઉતરે છે તેનો અર્થ એવો નથી કે આવા કરની ઉઘરાત એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરનું નિયંત્રણ નથી. એવી દલીલ કરવામાં આવી હતી કે જ્યારે ભેદભાવપૂર્ણ કરને આપમેળે જ એક નિયંત્રણ તરીકે ગણવો જોઈએ, ત્યારે બિન–ભેદભાવપૂર્ણ કરની વાજબીતા ખંડ (બી) ના પરંતુકની શરતો મુજબ રાષ્ટ્રપતિ દ્વારા જોવાની રહેશે. એવી દલીલ કરવામાં આવી હતી કે જ્યાં સુધી કર લાદવાનો સંબંધ છે ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(એ) સમગ્ર ક્ષેત્રને સમાપ્ત કરતો નથી, કારણ કે જ્યારે કાયદો ખંડ (એ) ની જરૂરિયાતનું પાલન કરતો હોય ત્યારે પણ, તે ખંડ (બી) હેઠળ વાજબીપણા અને જાહેર હિતની કસોટીમાં નિષ્ફળ જઈ શકે છે, જે સંજોગોમાં રાષ્ટ્રપતિ આવો કર લાદવાના હેતુવાળા કોઈપણ વિધેયકને રજૂ કરવા માટેની મંજૂરી આપવાનો ઇનકાર કરી શકે છે.

૭૧. અમારા મતે, ઉપર નોંધાયેલી કોઈપણ દલીલમાં કોઈ તથ્ય નથી. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) બે અલગ વિષયો સાથે સંબંધ ધરાવે છે અને તેથી, તે એકબીજાથી સ્વતંત્ર હોવાનું સમજવું જોઈએ. જ્યારે ખંડ (એ) સંપૂર્ણપણે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા સાથે સંબંધ ધરાવે છે, ત્યારે ખંડ (બી) જાહેર હિતમાં વાજબી નિયંત્રણ લાદવા સાથે સંબંધ

ધરાવે છે. એ સુવિદિત છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈ મુજબ કર લાદવાની સાથે, વાજબી કે અવાજબી, એવું કોઈપણ નિયંત્રણ લાદવામાં આવી પણ શકે અથવા ન પણ આવી શકે. અમારા મતે, એવી દલીલમાં કોઈ તર્ક નથી કે રાજ્યનું વિધાનમંડળ એક અથવા વધુ વાજબી નિયંત્રણો લાદ્યા વિના કર લાદી શકતું નથી અથવા અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) ની જોગવાઈ મુજબ માત્ર નિયંત્રણો લાદતો કાયદો માલની આયાત પર કર લાદવાની સાથે જ હોવો જોઈએ. ખંડ (એ) અને (બી) વચ્ચે 'અને' શબ્દનો ઉપયોગ એવા અર્થઘટનને સ્વીકારતો નથી કે જે વિધાનમંડળ પર કર અને નિયંત્રણ બંને ફરજિયાતપણે એકસાથે લાદવાની કોઈ જવાબદારી મૂકે. કાયદો વાજબી કે અન્યથા કોઈપણ નિયંત્રણ વિના માત્ર કર લાદી શકે છે અથવા તે કોઈપણ પ્રકારનો કર લાદ્યા વિના માત્ર જાહેર હિતમાં વાજબી નિયંત્રણ લાદી શકે છે. તે કર પણ લાદી શકે છે અને જાહેર હિતમાં જરૂરી જણાય તેવું વાજબી નિયંત્રણ પણ લાદી શકે છે. તેમાં વપરાયેલ શબ્દાવલિને ધ્યાને લેતાં ત્રણેય પરિસ્થિતિઓ અનુચ્છેદ ૩૦૪ હેઠળ સંપૂર્ણપણે આવરી લેવાયેલ છે અને માન્ય છે. વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદામાં જે સંદર્ભમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેના આધારે 'અને' શબ્દનો અર્થ 'અથવા' તેમજ 'અને' બંને થઈ શકે છે. એટલું કહેવું પૂરતું છે કે કર લાદવો એ ભાગ ૧૩ હેઠળ નિયંત્રણ બનતો નથી સિવાય કે તેવા કિસ્સાઓમાં જ્યાં તે ભેદભાવપૂર્ણ પ્રકૃતિનો હોય. એકવાર અનુચ્છેદ ૩૦૪(એ) ને તે રીતે સમજવામાં આવે, તો વાજબી નિયંત્રણો સાથે સંબંધિત ખંડ (બી) અનિવાર્યપણે કર સિવાયના અન્ય નિયંત્રણોને જ લાગુ થવો જોઈએ. તેથી

ફલિત થાય છે કે કર લાદવા માટે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળના પરંતુકની શરતો મુજબ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સંપૂર્ણપણે બિનજરૂરી રહેશે. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની સાદી ભાષા પરથી આ દ્રષ્ટિકોણને સમર્થન મળે છે, જે ખંડ (બી) માં ઉલ્લેખિત વાજબી નિયંત્રણો સંબંધિત કાયદા પૂરતો મર્યાદિત છે.

૭૨. અનુચ્છેદ ૩૦૧, ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ અંગે અમે ઉપર જે કંઈ કહ્યું છે તેનો કુલ સાર નીચે મુજબ સારાંશિત કરી શકાય છે:

૧. અનુચ્છેદ ૩૦૧ ની દ્રષ્ટિએ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સંપૂર્ણ નથી પરંતુ તે ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન છે.

૨. ભાગ ૧૩ માં સમાવિષ્ટ અનુચ્છેદ ૩૦૨ સંસદને જાહેર હિતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો લાદવાની સત્તા આપે છે.

૩. જોકે, સંસદ અનુચ્છેદ ૩૦૨ ની જોગવાઈ મુજબ જે નિયંત્રણો લાદી શકે છે તે સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપી શકે નહીં.

૪. અનુચ્છેદ ૩૦૨ ની જોગવાઈ મુજબ સંસદ જે નિયંત્રણ લાદી શકે છે તે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપવા અથવા તેમની વચ્ચે ભેદભાવની પરવાનગી આપવા સુધી માત્ર ત્યારે જ વિસ્તરી શકે છે જો સંસદ

કાયદા દ્વારા એવી જાહેરાત કરે કે માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિ આવા ભેદભાવ અથવા પસંદગીને વાજબી ઠેરવે છે.

૫. અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાની સત્તાની ઉપલબ્ધતાને માન્ય રાખે છે, તેમ કરવા માટેની વૈધાનિક સત્તા સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ માં જોવા મળે છે.

૬. જોકે, કર લાદવાની આવી સત્તા એ શરતને આધીન છે કે કર લાદનાર રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર પણ કર લાદવામાં આવતો હોય અને તે કારણે તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન હોય.

૭. કર લાદવાની સત્તા પરની મર્યાદા સંપૂર્ણપણે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) દ્વારા આવરી લેવામાં આવી છે જે જ્યાં સુધી કર લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તાનો સંબંધ છે ત્યાં સુધી સમગ્ર ક્ષેત્રને સમાપ્ત કરે છે.

૮. પરિણામે માત્ર અન્ય રાજ્યોમાંથી માલની આયાત પરનો ભેદભાવપૂર્ણ કર જ અનુચ્છેદ ૩૦૧ ના અર્થમાં મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર એક અડચણ તરીકે કાર્ય કરશે.

૯. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) માં ઉલ્લેખિત જાહેર હિતમાં વાજબી નિયંત્રણો કર લાદવાને નિયંત્રણ તરીકે સમાવિષ્ટ કરતા નથી, ખાસ કરીને જ્યારે કર વાજબી અને જાહેર હિતમાં બંને હોવાનું માનવામાં આવે છે.

૭૩. ઉપર ગણાવેલા તારણો અનુચ્છેદ ૩૦૧ થી અનુચ્છેદ ૩૦૪ ની જોગવાઈઓના શાબ્દિક અર્થઘટન પર આધારિત છે. જે અર્થઘટન શાબ્દિક અને સંદર્ભગત બંને હોય તે હંમેશાં વધુ સ્વીકાર્ય જણાયું છે. તે એટલા માટે છે કારણ કે જ્યારે લખાણ અને સંદર્ભ બંનેને ધ્યાનમાં રાખવામાં આવે ત્યારે જ વૈધાનિક જોગવાઈઓને શ્રેષ્ઠ રીતે સમજી શકાય છે. કોર્ટો દ્વારા એવા અર્થઘટનને પસંદ કરવામાં આવે છે જે જોગવાઈના શાબ્દિક અર્થને સંદર્ભગત અર્થ સાથે સુસંગત બનાવે છે, તેના બદલે કે જે એકના ભોગે બીજાને પ્રાધાન્ય આપે.

૭૪. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા વિ. પીઅરલેસ જનરલ ફાયનાન્સ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કંપની લિ. (૧૯૮૭) ૧ એસ.સી.સી. ૪૨૪ માં આ કોર્ટે નીચેના શબ્દોમાં આ વિષય પરના કાયદાનો સંક્ષિપ્તમાં સારાંશ આપ્યો હતો:

> *"૩૩. અર્થઘટન લખાણ અને સંદર્ભ પર આધારિત હોવું જોઈએ. તેઓ અર્થઘટનનો આધાર છે. કોઈ એમ પણ કહી શકે કે જો લખાણ એ પોત છે, તો સંદર્ભ એ છે જે રંગ આપે છે. બંનેમાંથી કોઈની અવગણના કરી શકાય નહીં. બંને મહત્વપૂર્ણ છે. તે અર્થઘટન સર્વોત્તમ છે જે શાબ્દિક અર્થઘટનને સંદર્ભગત અર્થઘટન સાથે સુસંગત બનાવે છે... ... ... "*

૭૫. અમે એચ.એમ. સીરવઈ રચિત કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા (૪થી આવૃત્તિ) ના નીચેના ફકરાનો પણ સંદર્ભ આપી શકીએ છીએ જ્યાં પ્રતિષ્ઠિત લેખકે સંવૈધાનિક જોગવાઈઓને લાગુ પડતા અર્થઘટનના સુવર્ણ નિયમનો નીચેના શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે:

*"૨.૧૨. અર્થઘટનનો સુવર્ણ નિયમ એ છે કે શબ્દોને તેમના સામાન્ય, કુદરતી અને વ્યાકરણિક અર્થમાં વાંચવા જોઈએ, તે શરતને આધીન રહીને કે સંવિધાનમાં વૈધાનિક સત્તા પ્રદાન કરતા શબ્દોનું અર્થઘટન કરતી વખતે તે શબ્દોનું સૌથી ઉદાર અર્થઘટન કરવું જોઈએ જેથી તેઓ તેમના વ્યાપકતમ વિસ્તારમાં અસર ધરાવી શકે."*

૭૬. તો ચાલો હવે આપણે જોઈએ કે શું અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ નું કરવામાં આવેલું શાબ્દિક અર્થઘટન સંદર્ભગત અર્થઘટન સાથે મેળ બેસે છે. ભાગ ૧૩ નું સંદર્ભગત અર્થઘટન અનિવાર્યપણે તે ભાગના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યથી શરૂ થવું જોઈએ. અમે આ ચુકાદાના અગાઉના ભાગમાં અતિયાબારી અને ઓટોમોબાઇલ બંને કેસો (પૂર્વોક્ત) માં આ કોર્ટના નિર્ણયોમાં દર્શાવેલ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ખૂબ જ ઉપયોગી રીતે ટાંકી છે. જ્યારે સદર ફકરાઓને ફરીથી યાદ કરવા બિનજરૂરી છે, ત્યારે આપણે યાદ રાખવાની જરૂર છે કે ભાગ ૧૩ નો ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ ના રૂપમાં એક ઐતિહાસિક પુરોગામી હતો, જેણે બ્રિટિશ શાસનને આધીન ભારતના રાજ્યક્ષેત્રથી બનેલા તત્કાલીન બ્રિટિશ ભારત તરીકે ઓળખાતા પ્રદેશનું શાસન કર્યું હતું. બાકીના પ્રદેશો તે સમયે દેશી રજવાડાઓ હતા જેમણે સર્વોચ્ચ સત્તા દ્વારા લાદવામાં આવેલી મર્યાદાઓની અંદર સાર્વભૌમ અધિકારોનો દાવો કર્યો હતો. કર લાદવાની સત્તા એ દેશી રજવાડાઓ દ્વારા ભોગવવામાં આવતી એવી એક સત્તા હતી જેના કારણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહને અવરોધતા જકાત અવરોધો ઊભા થયા હતા. કલમ ૨૯૭ નો ઉદ્દેશ્ય આવા

વેપાર અવરોધોને દૂર કરવાનો હતો. તેણે પ્રાંતીય વિધાનમંડળ દ્વારા કોઈપણ વર્ગ અથવા પ્રકારના માલના પ્રાંતમાં પ્રવેશ અથવા પ્રાંતમાંથી નિકાસ પર નિયંત્રણ મૂકતો કોઈપણ કાયદો ઘડવા અથવા કોઈપણ કારોબારી પગલું લેવા સામે પ્રતિબંધની જોગવાઈ કરી હતી.

૭૭. વધુ મહત્ત્વની વાત એ છે કે, ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭(૧) ના ખંડ (બી) ની જોગવાઈ મુજબ કોઈ પ્રાંતીય વિધાનમંડળ અથવા સરકાર એવો કોઈ કર, સેસ, ટોલ અથવા શુલ્ક લાદી શકતી ન હતી જે પ્રાંતોમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત ન થયેલા માલ વચ્ચે ભેદભાવ કરતો હોય અથવા પ્રાંત બહાર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે એક વિસ્તારમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને બીજા વિસ્તારમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવ કરતો હોય. ભારતને આઝાદી મળતાં, તેણે અપનાવેલા સંવિધાનના ભાગ ૧૩ નો ઉદ્દેશ્ય આર્થિક એકતા લાવવાનો હતો. ભાગ ૧૩ પાછળનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં માલની હેરફેર અને વિનિમયને મુક્ત બનાવવાનો હતો. અનુચ્છેદ ૩૦૧ થી અનુચ્છેદ ૩૦૪ દ્વારા ૧૯૩૫ ના અધિનિયમ પાછળની યોજનાને મોટાભાગે અપનાવીને આ સિદ્ધ કરવામાં આવ્યું હતું. સદર જોગવાઈઓ અને ૧૯૩૫ ના અધિનિયમની કલમ ૨૯૭ વચ્ચેનો એકમાત્ર તફાવત એ હતો કે પાછળથી જણાવેલ જોગવાઈમાં પ્રતિપાદિત સિદ્ધાંતો સંઘ સરકાર અને સંઘ સંસદ તથા વિલીનીકરણ પછી ભારતનો ભાગ બનેલા પ્રદેશ સુધી વિસ્તૃત કરવામાં આવ્યા હતા. નોંધપાત્ર રીતે, ૧૯૩૫ ના અધિનિયમમાં

અને સંવિધાન હેઠળ ભાગ ૧૩ માં માન્યતા આપવામાં આવેલી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનો સાર સમાન રહ્યો હતો. તે જ કારણોસર ન્યાયમૂર્તિ વેંકટરામ અય્યરે એમ.પી.વી. સુંદરરામિયરના કેસ (પૂર્વોક્ત) માં અવલોકન કર્યું હતું અને જો અમે યોગ્ય રીતે કહી શકીએ તો ભારતનું સંવિધાન તબુલા રાસા પર લખાયું ન હતું. આ બંને જોગવાઈઓમાં સમાન લક્ષણ એ છે કે કર લાદવાની પ્રાંતીય વિધાનમંડળની સત્તા માત્ર એ મર્યાદાને આધીન માન્ય રાખવામાં આવી છે કે પ્રાંત અથવા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને બહારથી આયાત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. અતિયાબારી કેસ (પૂર્વોક્ત) માં, ગજેન્દ્રગડકર, ન્યાયમૂર્તિ મારફતે બોલતી બહુમતીએ ૧૯૩૫ ના અધિનિયમની કલમ ૨૯૭ અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ વચ્ચેના સહ–સંબંધની નોંધ લીધી હતી પરંતુ એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે અનુચ્છેદ ૩૦૧ એ માત્ર ૧૯૩૫ ના અધિનિયમની કલમ ૨૯૭ ને અપનાવી લીધી ન હતી પરંતુ તેની વિષયવસ્તુને વિસ્તૃત અને સમૃદ્ધ બનાવી હતી. જોકે, કોર્ટે એ બાબતની વિગતે સ્પષ્ટતા કરી ન હતી કે કલમ ૨૯૭ હેઠળ જે પરિકલ્પના કરવામાં આવી હતી તેના કરતાં અનુચ્છેદ ૩૦૧ એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને કેટલી વધુ સમૃદ્ધ અને વ્યાપક બનાવી હતી. કોર્ટે જણાવ્યું હતું કે:

> *"૪૨. ... ... ...તેથી જ અમે એવું ઠેરવવા પ્રેરાઈએ છીએ કે અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલા વ્યાપક અને અસંદિગ્ધ શબ્દો એ બાબત પર ભાર મૂકવાના આશયથી છે કે ખાતરી આપવામાં આવેલી વેપાર, વાણિજ્ય*

*અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કલમ ૨૯૭ હેઠળની સ્થિતિ કરતાં વિષયવસ્તુમાં વધુ સમૃદ્ધ અને વ્યાપક હતી; તે કેટલી વધુ વ્યાપક અને કેટલી વધુ સમૃદ્ધ છે તે ભાગ ૧૩ ના બાકીના અનુચ્છેદો સાથે વંચાતા અનુચ્છેદ ૩૦૧ ના યોગ્ય અને વાજબી અર્થઘટન પરથી જ નક્કી કરી શકાય છે. તેથી અમારા મતે, કર કાયદાઓ ભાગ ૧૩ ની બહાર છે તેવી દલીલ સ્વીકારી શકાય નહીં."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૭૮. અમે પ્રતિષ્ઠિત ન્યાયમૂર્તિઓ પ્રત્યે અત્યંત આદર સાથે ઉપરોક્ત મત સ્વીકારવા માટે સહમત થઈ શક્યા નથી. એવી દલીલ કે અનુચ્છેદ ૩૦૧ એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની વિષયવસ્તુને સમૃદ્ધ અને વિસ્તૃત બનાવી હતી, તે ભાષાની સરખામણી પરથી જે સ્પષ્ટ થાય છે તેનાથી આગળ વધીને બે જોગવાઈઓ વચ્ચે એટલે કે (એ) સંઘ સરકાર અને સંસદ સુધી ભેદભાવ સામેના પ્રતિબંધને વિસ્તારવો અને (બી) સંવિધાન દ્વારા વ્યાખ્યાયિત ભારતના રાજ્યક્ષેત્રને આ જોગવાઈ લાગુ કરવી, તે અમને પ્રભાવિત કરી શકી નથી. તેના બદલે અનુચ્છેદ ૩૦૧–૩૦૪ પર અમારા દ્વારા કરવામાં આવેલ શાબ્દિક અર્થઘટનને ભાગ ૧૩ ના સંદર્ભગત અને ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાંથી નોંધપાત્ર સમર્થન મળે છે.

૭૯. હવે આપણે વધુ એક સંદર્ભગત લક્ષણ તરફ વળી શકીએ છીએ જે ભાગ ૧૩ ના સાચા અને યોગ્ય અર્થઘટન પર પ્રભાવ ધરાવે છે, એટલે કે રાજ્ય

વિધાનમંડળને ઉપલબ્ધ કર લાદવાની સત્તાનું સાર્વભૌમ સ્વરૂપ. હવે તે યોગ્ય રીતે સુસ્થાપિત છે કે કર લાદવાની સંવૈધાનિક રીતે નિહિત સત્તાને માત્ર વિશિષ્ટ સંવૈધાનિક મર્યાદાઓ, જો કોઈ હોય તો, તેના દ્વારા જ નિયંત્રિત કે અંકુશિત કરી શકાય છે. અમે આ ચુકાદાના અગાઉના ભાગમાં વિગતવાર સમજાવ્યું છે કે કેવી રીતે કર લાદવાની સત્તા એ સંવિધાન દ્વારા જ નિર્દિષ્ટ કરવામાં આવેલી કેટલીક મર્યાદાઓ સાથેની એક સાર્વભૌમ સત્તા છે. અમે એ પણ વિગતે સમજાવ્યું છે કે કેવી રીતે રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતા સંવિધાનની સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા જ સીમિત કરી શકાય છે અને જ્યાં સુધી રાજ્યોની પૂર્ણ કર લાદવાની સત્તા પર કોઈ સ્પષ્ટ મર્યાદા ન હોય, ત્યાં સુધી તે સત્તાના ઉપયોગ પર અન્ય કોઈ બંધન નથી.

૮૦. પ્રસ્તુત કેસમાં ઉપરોક્ત સિદ્ધાંત લાગુ કરતાં, સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) માં ઉલ્લેખિત મર્યાદા સિવાય અન્ય રાજ્યોમાંથી માલની આયાત પર કર લાદવાની રાજ્યની સત્તા પર અમને કોઈ વિશિષ્ટ મર્યાદા જણાતી નથી. તે મર્યાદા, જેમ કે અમે પર્યાપ્ત રીતે સમજાવ્યું છે, અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરામાં આવતા ભેદભાવપૂર્ણ કર લાદવા પૂરતી સીમિત છે. જ્યાં સુધી કર બિન–ભેદભાવપૂર્ણ હોય અને તેથી અનુચ્છેદ ૩૦૪(એ) સાથે સુસંગત હોય, ત્યાં સુધી અન્ય રાજ્યમાંથી માલની આયાત પર કોઈપણ કર લાદવાની રાજ્યોની વૈધાનિક સત્તા પર કોઈ સ્પષ્ટ મર્યાદા તો દૂર રહી, કોઈ મર્યાદા જ નથી. પ્રસ્તુત કેસોમાં યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ સાથે વંચાતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ ના સંદર્ભમાં કર લાદવાની સત્તા વિવાદમાં ન હોવાથી, મુક્ત વેપાર, વાણિજ્ય અને

આંતરવ્યવહારના ખાતર હોય કે અન્યથા હોય, આવી સત્તાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકતી કોઈ વિશિષ્ટ મર્યાદાની ગેરહાજરીનો સીધો અર્થ એ થાય છે કે રાજ્ય વિધાનમંડળો એવા કર લાદવા માટે સ્વતંત્ર છે કે જે સ્વભાવે બિન–ભેદભાવપૂર્ણ છે.

૮૧. આ બાબત આપણને ભાગ ૧૩ ના અર્થઘટન સાથે સુસંગત ત્રીજા સંદર્ભગત લક્ષણ તરફ દોરી જાય છે. અમે આ ચુકાદાના અગાઉના ભાગમાં સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪ (પૂર્વોક્ત) માં આ કોર્ટના નિર્ણયો ઉપરાંત કુલદીપ નાયરના કેસ અને એસ.આર. બોમ્માઈના કેસમાં આ કોર્ટના નિર્ણયોનો સંદર્ભ આપીને ઠેરવ્યું છે કે ભારતીય સંવિધાન, શબ્દના ચુસ્ત અર્થમાં જો સંઘીય ન હોય તો પણ, ઓછામાં ઓછું સ્વરૂપમાં અર્ધ–સંઘીય તો છે જ. તે કાનૂની સિદ્ધાંત કરદાતાઓ/વેપારીઓના વિદ્વાન વકીલ દ્વારા પણ વિવાદિત કરવામાં આવ્યો નથી, અને તેને યોગ્ય રીતે સુસ્થાપિત ગણવો જોઈએ. તેટલો જ સુસ્થાપિત એ સિદ્ધાંત પણ છે કે ભારતનું સંઘીય માળખું સંવિધાનના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે. સુસ્થાપિત કાનૂની સ્થિતિ પર આધાર રાખીને એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગી, ત્યારબાદ શ્રી રાકેશ દ્વિવેદી, શ્રી પી.પી. રાવ, શ્રી એ.કે. સિંહા અને શ્રી દેવદત્ત કામથે સખત દલીલ કરી હતી, અને અમારા મતે યોગ્ય રીતે જ, કે આપણા સંવિધાનની જોગવાઈઓનો ઉદ્દેશ્ય વિધાયી અને કારોબારી ક્ષેત્રોમાં રાજ્યોને નોંધપાત્ર અને મહત્વપૂર્ણ સત્તાઓ નિહિત કરવાનો અને જાળવી રાખવાનો છે જેથી રાજ્યો તેમના શાસનના ક્ષેત્રમાં પોતાની સ્વાયત્તતા અને સાર્વભૌમત્વના હિસ્સાનો ઉપયોગ કરી શકે. આ બદલામાં ભાગ

૧૩ માં સમાવિષ્ટ જોગવાઈઓ સહિત સંવિધાનની જોગવાઈઓનું એ રીતે અર્થઘટન કરીને કરી શકાય છે કે જે સંઘીય વ્યવસ્થાને નબળી પાડવા કે અવમૂલ્યન કરવાને બદલે તેને જાળવી રાખે અને પ્રોત્સાહન આપે. આઈટીસી લિમિટેડ વિ. એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી અને અન્ય (૨૦૦૨) ૯ એસ.સી.સી. ૨૩૨ માં આ કોર્ટે ઠેરવ્યું હતું કે ભારતના સંવિધાનનું અર્થઘટન એવી રીતે થવું જોઈએ જેથી રાજ્ય વિધાનમંડળની સત્તાઓમાં ઘટાડો ન થાય. કેટલાક અનુચ્છેદો દ્વારા પરિકલ્પિત કેન્દ્રની સર્વોચ્ચતાને જાળવી રાખીને સંઘવાદને સમર્થન આપતા અને પ્રોત્સાહિત કરતા અર્થઘટનને પ્રાધાન્ય આપવું જોઈએ. એસ.આર. બોમ્માઈના કેસ (પૂર્વોક્ત) માં આ કોર્ટની નવ ન્યાયમૂર્તિઓની પીઠનો નિર્ણય પણ આ જ મતનો છે જ્યાં આ કોર્ટે એવું અર્થઘટન અપનાવવા સામે ચેતવણી આપી હતી જેની અસર રાજ્યો માટે અનામત રાખવામાં આવેલી સત્તાઓને ઘટાડવાની થતી હોય. આ કોર્ટે જણાવ્યું હતું કે:

> *"૨૭૬. આપણા સંવિધાનની યોજના હેઠળ રાજ્યોની સરખામણીએ કેન્દ્રને વધુ સત્તા આપવામાં આવી છે તે હકીકતનો અર્થ એ નથી કે રાજ્યો એ કેન્દ્રના માત્ર ઉપાંગો છે. તેમને ફાળવવામાં આવેલા ક્ષેત્રની અંદર, રાજ્યો સર્વોચ્ચ છે. કેન્દ્ર તેમની સત્તાઓ સાથે છેડછાડ કરી શકે નહીં. વિશેષ કરીને, કોર્ટોએ એવો કોઈ અભિગમ કે અર્થઘટન અપનાવવું જોઈએ નહીં, જેની અસર રાજ્યો માટે અનામત રાખવામાં આવેલી સત્તાઓને ઘટાડવાની થતી હોય અથવા ઘટાડવાનું વલણ ધરાવતી હોય. તે*

*સામાન્ય જ્ઞાનની બાબત છે કે છેલ્લા કેટલાક દાયકાઓમાં, વિશ્વભરમાં વલણ કેન્દ્ર સરકારોને મજબૂત બનાવવા તરફ રહ્યું છે, પછી ભલે તે તકનીકી/વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં થયેલી પ્રગતિનું પરિણામ હોય કે અન્યથા, અને યુ.એસ.એ. માં પણ તે સંવિધાનમાં રાજ્યોની તરફેણમાં સ્પષ્ટ ઝુકાવ હોવા છતાં કેન્દ્ર ઘણું વધુ શક્તિશાળી બન્યું છે. આ તમામ બાબતોએ કોર્ટને રાજ્યોની સત્તાઓમાં કોઈપણ સભાન ઘટાડા સામે સાવચેત કરવી જોઈએ. એટલું કહેવું જોઈએ કે ભારતીય સંવિધાનમાં સંઘવાદ એ વહીવટી સગવડની બાબત નથી, પરંતુ સિદ્ધાંતની બાબત છે – આપણી પોતાની ઐતિહાસિક પ્રક્રિયાનું પરિણામ અને જમીની વાસ્તવિકતાઓની સ્વીકૃતિ છે. આ પાસાની શ્રી એમ.સી. સેતલવાડ દ્વારા તેમના ટાગોર લો લેક્ચર્સ \"યુનિયન એન્ડ સ્ટેટ રિલેશન્સ અંડર ધ ઈન્ડિયન કોન્સ્ટીટ્યુશન\" (ઈસ્ટર્ન લો હાઉસ, કલકત્તા, ૧૯૭૪) માં વિગતવાર ચર્ચા કરવામાં આવી છે. ભારતીય સંઘનું સ્વરૂપ તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, વૈધાનિક સત્તાઓની વહેંચણી, નાણાકીય અને વહીવટી સંબંધો, કરવેરાની સત્તાઓ, વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગ સંબંધિત જોગવાઈઓના સંદર્ભમાં તમામનું વિશ્લેષણાત્મક રીતે વિવેચન કરવામાં આવ્યું છે. વર્તમાન હેતુઓ માટે તેમનો સંદર્ભ આપવો ન તો શક્ય છે કે ન તો જરૂરી છે. એટલી નોંધ લેવી પૂરતી છે કે રાજ્યોની સરખામણીએ આપણા સંવિધાનનો કેન્દ્ર તરફ ચોક્કસપણે ઝુકાવ છે: ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. રાજસ્થાન રાજ્ય. એટલું*

*જ ભારપૂર્વક જણાવવું જરૂરી છે કે કોર્ટોએ અર્થઘટનની પ્રક્રિયા દ્વારા નાજુક રીતે ઘડાયેલી સંવૈધાનિક યોજનાને અસ્તવ્યસ્ત ન કરવા બાબતે સાવચેત રહેવું જોઈએ."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૮૨. કેશવાનંદ ભારતીના કેસ (પૂર્વોક્ત) નો પણ સંદર્ભ આપી શકાય છે જ્યાં તેર ન્યાયમૂર્તિઓની પીઠે ચેતવણી આપી હતી કે અર્થઘટનની પ્રક્રિયાએ તે મૂળ કરારની જોગવાઈઓને ન્યૂન કે ઓછી કરવી જોઈએ નહીં જેના પર સંઘની સ્થાપના થઈ હતી અને ન્યાયિક અર્થઘટનની પ્રક્રિયા દ્વારા સંઘના ઘટક રાજ્યો પર નવો કરાર લાદવો પણ કાયદેસર નથી. મેસર્સ ઇન્ટરનેશનલ ટૂરિસ્ટ કોર્પોરેશન અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૧૮ માં આ કોર્ટનો નિર્ણય પણ આ જ મતનો છે જ્યાં આ કોર્ટે અવલોકન કર્યું હતું કે:

*"૬એ. શ્રી સોરાબજીની રજૂઆતમાં સ્પષ્ટ ક્ષતિ છે. અવશિષ્ટ સત્તાનો આશરો લઈને સંસદ માટે અનન્ય વૈધાનિક સક્ષમતાનો દાવો કરી શકાય તે પહેલાં, રાજ્ય વિધાનમંડળની વૈધાનિક અક્ષમતા સ્પષ્ટપણે સ્થાપિત થવી જોઈએ. પ્રવિષ્ટિ ૯૭ પોતે જ સ્પષ્ટ છે કે કોઈ બાબત તે પ્રવિષ્ટિ હેઠળ ત્યારે જ લાવી શકાય જો તે યાદી ૨ અથવા યાદી ૩ માં ગણાવવામાં ન આવી હોય અને કરના કિસ્સામાં જો તે બંને યાદીઓમાંથી કોઈમાં પણ ઉલ્લેખિત ન હોય. <u>આપણા જેવા સંઘીય સંવિધાનમાં જ્યાં વૈધાનિક</u>*

*વિષયોનું વિભાજન છે પરંતુ અવશિષ્ટ સત્તા સંસદમાં નિહિત છે, ત્યાં આવી અવશિષ્ટ સત્તાનું એટલું વિસ્તૃત અર્થઘટન કરી શકાય નહીં કે જેથી રાજ્ય વિધાનમંડળની સત્તામાં ઘટાડો થાય. તે ખુદ સંઘીય સિદ્ધાંતને પ્રભાવિત કરી શકે છે અને જોખમમાં મૂકી શકે છે. સંવિધાનનું સંઘીય સ્વરૂપ માંગ કરે છે કે એવું અર્થઘટન નકારી કાઢવું જોઈએ કે જે સંસદમાં નિહિત અવશિષ્ટ સત્તાઓને અનુસરીને સંસદ દ્વારા વૈધાનિક સત્તાના ઉપયોગને રાજ્યના કાયદા પર અતિક્રમણ કરવાની મંજૂરી આપે અને જેનાથી રાજ્યની સ્વાયત્તતા નષ્ટ થાય અથવા ઓછી અંકાય."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૮૩. તેથી આપણા સંવૈધાનિક માળખાના સંઘીય સ્વરૂપને નબળું પાડવાનું વલણ ધરાવતો અભિગમ ટાળવો જોઈએ અને સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે કોર્ટો દ્વારા સંઘવાદની વિભાવનાને સમર્થન આપતા અને પ્રોત્સાહિત કરતા અભિગમને પ્રાધાન્ય આપવું જોઈએ.

૮૪. ખાસ કરીને સાચા અને યોગ્ય અર્થઘટન પર સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના વ્યાપ અને અર્થ સાથે વ્યવહાર કરતાં સીરવઈએ તેમના ગ્રંથ કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા (પૂર્વોક્ત) માં ચેતવણી આપી હતી અને અવલોકન કર્યું હતું કે જો અનુચ્છેદ ૩૦૪(બી) નું એવી રીતે અર્થઘટન કરવામાં આવે કે જેમાં કર લાદવાને તે અનુચ્છેદના અર્થમાં એક નિયંત્રણ તરીકે સમાવિષ્ટ કરવામાં આવે, તો તે આપણા સંવિધાન હેઠળની યોજનાને સંપૂર્ણપણે

અસ્તવ્યસ્ત કરી નાખશે. અમારા મતે, પ્રખ્યાત લેખક આમ કહેવામાં સાચા હતા કારણ કે સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તાઓ પરસ્પર અનન્ય છે. જ્યારે સંસદ રાજ્યો માટે અનામત રાખેલા વિષયો પર કાયદો ઘડી શકતી નથી, ત્યારે રાજ્યો પણ એ જ રીતે સંઘની કરવેરા સત્તાઓ પર અતિક્રમણ કરી શકતા નથી. જો સંવૈધાનિક યોજના સંસદને રાજ્ય વિધાનમંડળોની કરવેરા સત્તાઓ હડપ કરવાની મંજૂરી આપતી નથી, તો કોઈપણ કર કાયદા માટે સંઘની કારોબારીની સંમતિને આવશ્યક પૂર્વશરત બનાવવાના ઓઠા હેઠળ આવી હડપ કરવાની પ્રક્રિયાને પણ ચાલવા દઈ શકાય નહીં. આ સંબંધમાં સીરવઈના પુસ્તક (વોલ્યુમ ૩, પૃષ્ઠ ૨૬૦૭) નો નીચેનો ફકરો માર્ગદર્શક છે:

> *"૨૩.૪૩. ત્રીજું, જો અનુચ્છેદ ૩૦૪(બી) માં કરનો સમાવેશ થાય તો આપણા સંવિધાનમાં કરવેરાની સમગ્ર યોજના સંપૂર્ણપણે ખોરવાઈ જશે. સંઘ અને રાજ્યોની કરવેરા સત્તાઓને પરસ્પર અનન્ય બનાવવામાં આવી છે જેથી સંસદ રાજ્યોને તેમની કરવેરા સત્તાઓથી વંચિત ન કરી શકે, જેમ કે એવા દેશોમાં બન્યું છે જ્યાં કરવેરાની સત્તાઓ સમવર્તી છે. જો સંઘ વિધાનમંડળ એટલે કે સંસદ રાજ્ય વિધાનમંડળોની કરવેરા સત્તાઓ છીનવી ન શકે અને છતાં અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ સંઘની કારોબારી માટે રાજ્ય વિધાનમંડળોને તેમની કરવેરા સત્તાઓથી વંચિત કરવાનો માર્ગ મોકળો રહે, તો તે આશ્ચર્યજનક બાબત હશે."*

૮૫. જી.કે. ક્રિષ્નનના કેસ (પૂર્વોક્ત) માં ન્યાયમૂર્તિ મેથ્યુ દ્વારા કરવામાં આવેલા નીચેના અવલોકનો પણ આ જ મત દર્શાવે છે:

*"૨૭. ... ... ...અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર ભેદભાવપૂર્ણ કર લાદવા પર પ્રતિબંધ મૂકે છે. સદર અનુચ્છેદ પરથી એ સ્પષ્ટ થતું નથી કે કેવળ કરને આંતરિક વેપારની સ્વતંત્રતા પરના નિયંત્રણ તરીકે ગણી શકાય. અનુચ્છેદ ૩૦૪(એ) નો ઉદ્દેશ્ય રાજ્યમાં ઉત્પાદિત માલ પર વહન કરાતા કર કરતાં વધુ ઊંચા દરે કર લાદીને આયાત કરાયેલા માલ સામેનો ભેદભાવ અટકાવવાનો છે. બહારના માલ સામેનો ભેદભાવપૂર્ણ કર એ કેવળ કર નથી પરંતુ વેપાર અને વાણિજ્ય માટે એક અવરોધ છે. અનુચ્છેદ ૩૦૪ પોતે જ કર અને નિયંત્રણ વચ્ચે ભેદરેખા દોરે છે. <u>તે સિવાય, સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તાઓ અલગ અને પરસ્પર અનન્ય છે. તે તદ્દન વિચિત્ર છે કે રાજ્યોને આપવામાં આવેલી કર લાદવાની સત્તા, દાખલા તરીકે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ હેઠળ માલના વેચાણ પર કર લાદતો કાયદો પસાર કરવાની સત્તા, સંઘ કારોબારીની સદ્‌ભાવના પર નિર્ભર રહેવી જોઈએ."</u>*

૮૬. એટલું કહેવું પૂરતું છે કે સંવિધાનની કોઈપણ જોગવાઈનું અર્થઘટન ત્યારે જ સાચું અને સંપૂર્ણ હશે જ્યારે કોર્ટ સંવિધાનને સમગ્રતામાં જુએ અને સંવૈધાનિક યોજનાના તમામ મહત્વના અને નોંધપાત્ર લક્ષણોને ધ્યાનમાં રાખે, અને સુમેળભર્યા અર્થઘટનની આવશ્યકતા પોતાને સતત યાદ કરાવતી રહે જેથી

કોઈ આપેલ જોગવાઈ પર કરાયેલ અર્થઘટન સંવિધાનની અન્ય કોઈપણ જોગવાઈ કે લક્ષણની અસર અથવા મહત્વને હળવું કરવાની કે ઘટાડવાની અસર ન ધરાવે. આ રીતે અર્થઘટન કરતાં, ભાગ ૧૩ માં આવતો અનુચ્છેદ ૩૦૧ અમારા મતે, જ્યાં સુધી આવા કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતા ન હોય તે સિવાયની પરિસ્થિતિઓમાં રાજ્યોની કરવેરા સત્તાઓ પર અવરોધ તરીકે કામ કરતો નથી. આમ, સંદર્ભગત અભિગમ એ શાબ્દિક અર્થઘટન સાથે સંપૂર્ણપણે સુસંગત થાય છે જે અમે ભાગ ૧૩ પર મૂક્યું છે.

૮૭. વેપારીઓ/કરદાતાઓ વતી નોંધપાત્ર દ્રઢતા સાથે એવી દલીલ કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૩૦૪ નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ સાથે શરૂ થતો હોવાથી એવું અનુમાન નીકળે છે કે સંવિધાનના ઘડવૈયાઓ કરવેરાને મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર માટે અડચણ ગણતા હતા. એવી દલીલ હતી કે જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ નો અર્થ એવો ન સમજવામાં આવે કે કર પણ મુક્ત વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો હોઈ શકે છે, ત્યાં સુધી સંવિધાનના ઘડવૈયાઓ માટે અનુચ્છેદ ૩૦૪ ની શરૂઆત નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝથી કરવાની કોઈ જરૂર નહોતી, કારણ કે નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ જોગવાઈની સામાન્યતા માટે માત્ર એક અપવાદ રૂપ બનવા માટે હોય છે. ભૂતકાળમાં કરવામાં આવેલી આવી જ રજૂઆતોની નોંધ આ કોર્ટ દ્વારા અને ન્યાયશાસ્ત્રીઓ દ્વારા એકસરખી રીતે ભાગ ૧૩ નું અર્થઘટન કરવાનો પ્રયાસ કરતી વખતે લેવામાં આવી છે. આ બાબત તે ફકરાઓ પરથી સ્પષ્ટ થાય છે કે જેમાં સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ માં 'ને આધીન' શબ્દપ્રયોગ અને અનુચ્છેદ ૩૦૪ માં નોન–

ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગથી ઉદ્ભવતી વિસંગતતા સાથે કામ લેવામાં આવ્યું છે. આ કોર્ટે ઘણીવાર અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગને કાં તો મૂંઝવણભર્યો અથવા બિનજરૂરી અધિકતા માન્યો છે. પરંતુ ભાગ ૧૩ માં નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગની સમસ્યા સંવિધાન સભામાં પણ ટીકાનો વિષય રહી હતી જે આ ચર્ચાઓના નીચેના ફકરાઓ પરથી સ્પષ્ટ થાય છે:

***સંવિધાન સભાની ચર્ચાઓ (વોલ્યુમ ૯, પૃષ્ઠ ૧૧૩૧):***

***"ડૉ. પી. એસ. દેશમુખ:*** *જો આપણે પ્રસ્તાવિત કરવામાં આવેલા નવા અનુચ્છેદોનું વિશ્લેષણ કરીએ, તો તેમને સમજવું ખૂબ જ મુશ્કેલ છે અને મને લાગે છે કે આ ટિપ્પણી સંપૂર્ણપણે વાજબી છે કે આ વકીલોનું સંવિધાન, "વકીલો માટે સ્વર્ગ" બનવા જઈ રહ્યું છે જ્યાં એટલા બધા અસંખ્ય છીંડાઓ હશે કે આપણે ઘણા ખંડોના અંતિમ અને સાચા અર્થઘટન પર પહોંચતા પહેલાં વર્ષોના વર્ષો વેડફી નાખીશું. જો આપણે આ અનુચ્છેદ ૨૭૪ વાંચીએ, તો સાહેબ, આપ જોશો કે આ સમગ્ર સંવિધાનમાં સૌથી અદ્ભુત અનુચ્છેદો પૈકીનો એક છે. આ એકમાત્ર નથી; આવા બીજા ઘણા છે. જો આપણે આ સંવિધાનમાં 'હોવા છતાં' શબ્દના ઉપયોગની ગણતરી કરીએ, તો મને ખાતરી છે કે તે શબ્દ જેટલી વાર વપરાયો છે તેની સંખ્યા સમગ્ર સંવિધાનમાં 'સંસદ' અથવા 'સંવિધાન' શબ્દના ઉપયોગ કરતાં ઘણી વધારે હશે. જો આપ મને પરવાનગી આપો, સાહેબ, તો હું આ પરિસ્થિતિનું થોડું ચિત્રાત્મક વર્ણન*

*કરીશ. આપણે સૌપ્રથમ એવી જોગવાઈ કરીએ છીએ અને કહીએ છીએ અથવા જાહેર કરીએ છીએ કે અમુક વ્યક્તિ એક પુરુષ છે. પછી, આપણે કહીએ છીએ, આ જાહેરાત હોવા છતાં, તમે સાડી અને માત્ર સાડી જ પહેરશો.*

***શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી:*** *તેના પર કોઈ પ્રતિબંધ નથી.*

***ડૉ. પી.એસ. દેશમુખ:*** *પછી, તમે પુરુષ ગણાતા હોવાની હકીકત હોવા છતાં, અને તમે સાડી સિવાય બીજું કંઈ પહેરતા નથી તે હકીકત હોવા છતાં, તમે ગાંધી ટોપી પણ પહેરશો. પછી આપણી પાસે બીજું 'હોવા છતાં' આવે છે. તમે પુરુષ હોવા છતાં, તમે સાડી સિવાય બીજું કંઈ ન પહેરશો તેમ હોવા છતાં, તમે ગાંધી ટોપી પણ પહેરશો તેમ હોવા છતાં, તમને પોતાને સ્ત્રી તરીકે વર્ણવવાની સ્વતંત્રતા રહેશે. (હાસ્ય) આ પ્રકારની કંઈક, એટલી જ રમુજી અને એટલી જ મનોરંજક વાસ્તવમાં આ અનુચ્છેદ ૨૭૪ ના સંબંધમાં પરિસ્થિતિ છે. જો આપ તેને આખો વાંચશો, તો આપ જોશો કે પહેલો ભાગ પૂરો થતાં જ, આપણે શરૂ કરીએ છીએ કે \"પહેલા ભાગમાં ગમે તે કહેવામાં આવ્યું હોવા છતાં, અમુક અને અમુક બાબત થશે\". આગળના ખંડમાં, આપણે માત્ર પહેલા ખંડમાં સમાવિષ્ટ બાબતો હોવા છતાં એટલું જ નહીં, પરંતુ અન્ય ખંડોમાં સમાવિષ્ટ બાબતો હોવા છતાં તેની સાથે જોડીને કહીએ છીએ અને પછી કંઈક વધુ ઉમેરીએ છીએ. મને લાગે છે કે મુસદ્દો ઘડવાની આના કરતાં વધુ સારી પદ્ધતિ છે. જો જટિલ પરિસ્થિતિઓનો સામનો કરવો અને પ્રસ્તાવિત પદ્ધતિ અનુસાર કંઈક જોગવાઈ*

કરવી જરૂરી હોય તો પણ, મુસદ્દો ઘડવાની અને એવી જોગવાઈ કરવાની વધુ સરળ અને સીધી રીત હોવી જોઈએ જે એટલી અગમ્ય ન હોય કે માત્ર અતિમાનવો જ આ સંવિધાન વાંચી શકે, ભલે એમ પણ માની લેવામાં આવે કે હવે પછી ભારતમાં માત્ર અતિમાનવો જ જન્મવાના છે. જો આ સંવિધાન સરેરાશ માણસ માટે બનાવવામાં આવ્યું હોય, જો તે સામાન્ય માણસના અધિકારો અને વિશેષાધિકારોને પ્રભાવિત કરવાનું હોય, તો તે જરૂરી છે કે આ સંવિધાનના મુસદ્દા ઘડવૈયાઓ વધુ સ્પષ્ટ હોવા જોઈએ અને એવી શબ્દાવલીનો ઉપયોગ કરવો જોઈએ જે વધુ સરળતાથી સમજી શકાય તેવી અને સરળ હોય.

*** *** *** ***

તેથી હું આશા રાખું છું કે સમગ્ર પ્રકરણને વધુ સરળ બનાવવામાં આવશે. રાજ્યો તેમજ સંસદ બંનેના હાથ બાંધી દેવાને બદલે, આપણી જાતને કોઈપણ નીતિ માટે પ્રતિબદ્ધ ન કરવી, પરંતુ સમગ્ર બાબત સંસદ પર છોડી દેવી ઘણી વધુ સારી રહેશે. અન્યથા, અનુચ્છેદ ૧૬ ના સંબંધમાં જે પરિસ્થિતિ પહેલેથી જ ઊભી થઈ છે તે ખુદ અનુચ્છેદ ૨૭૪ ના સંબંધમાં ઊભી થઈ શકે છે. તેથી, વધુ સરળ જોગવાઈઓ રાખવી વધુ સારું છે અને મેં તેમને સૌથી સરળ સ્વરૂપ આપ્યું છે. હું આશા રાખું છું કે આ બાબત સંવિધાનના મુસદ્દા ઘડવૈયાઓને યોગ્ય જણાશે અને જો તેઓ તેનો સ્વીકાર કરશે, તો હું તેમને કહી શકું છું કે તેઓ ઘણી બધી મુશ્કેલીઓમાંથી મુક્ત થઈ જશે. પરંતુ જો તેઓ પોતાના દ્વારા તૈયાર

*કરાયેલા મુસદ્દા પર જ આગ્રહ રાખશે, તો વેપાર અને વાણિજ્ય માટે માત્ર સમૃદ્ધ થવું જ નહીં પરંતુ અસ્તિત્વ ટકાવી રાખવું પણ ઘણું મુશ્કેલ બનશે."*

૮૮. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસ (પૂર્વોક્ત) માં, બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ એસ. કે. દાસે અનુચ્છેદ ૩૦૪ માં નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગથી ઉદ્ભવતી વિસંગતતાની નોંધ લીધી હતી અને તેને \"કંઈક અંશે અયોગ્ય\" ગણાવી હતી. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસ (પૂર્વોક્ત) માં બહુમતી ચુકાદાએ વાસ્તવમાં એવો મત લીધો હતો કે ભાગ ૧૩ ના અનુચ્છેદોની શ્રેણીમાં અપવાદ પર અપવાદનું મિશ્રણ માત્ર શાબ્દિક અર્થઘટનને મુશ્કેલ બનાવે છે. આ સંદર્ભમાં નીચેનો ફકરો બંધબેસતો છે:

> *"૧૦. અનુચ્છેદ ૩૦૪ ફરીથી અનુચ્છેદ ૩૦૧ અને અનુચ્છેદ ૩૦૩ બંનેનો ઉલ્લેખ કરતા નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝથી શરૂ થાય છે, જોકે અનુચ્છેદ ૩૦૪ માત્ર રાજ્યના વિધાનમંડળ સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૩૦૩ રાજ્ય વિધાનમંડળ અને સંસદ બંને સાથે સંબંધિત છે અને ફરીથી અનુચ્છેદ ૩૦૪ માં નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝ કંઈક અંશે અયોગ્ય છે. વાસ્તવિકતા એ છે કે ભાગ ૧૩ માં અનુચ્છેદોની શ્રેણીમાં અપવાદ પર અપવાદનું એટલું મિશ્રણ છે કે કેવળ શાબ્દિક અર્થઘટન કદાચ આ અનુચ્છેદોના સાચા આશયને પ્રગટ ન કરી શકે."*

૮૯. ન્યાયમૂર્તિ સુબ્બા રાવ, જેમ તેઓ તે સમયે હતા, તેમણે પણ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસ (પૂર્વોક્ત) માં આપેલા એક અલગ ચુકાદામાં

નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગને \"શબ્દાવલીમાં ખામી\" ગણાવી હતી. વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવ્યું કે નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ સાથે સદર અનુચ્છેદનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોવા છતાં પણ નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝને અનુચ્છેદ ૩૦૩ સાથે કોઈ પ્રસ્તુતતા નથી. ત્યાર પછી નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝનું મહત્વ અનુચ્છેદ ૩૦૪(બી) પૂરતું સીમિત રહ્યું હતું, જે ચુકાદાના નીચેના ફકરા પરથી સ્પષ્ટ થાય છે:

> *"૪૨. ... ... ...જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ નો સંબંધ છે ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ થોડી પ્રસ્તુતતા ધરાવી શકે છે, કારણ કે તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ જાહેર કરાયેલી સ્વતંત્રતા હોવા છતાં રાજ્યના વિધાનમંડળને વેપારની મુક્ત હેરફેર પર અવરોધ લાદવા સક્ષમ બનાવે છે. પરંતુ તેને અનુચ્છેદ ૩૦૩ સાથે કોઈ પ્રસ્તુતતા નથી, જે માત્ર રાજ્યના વિધાનમંડળને ભેદભાવપૂર્ણ કાયદો બનાવવાથી પ્રતિબંધિત કરે છે અને તે રાજ્યના વિધાનમંડળને અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ પરવાનગી આપેલ બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાથી કોઈપણ રીતે પ્રતિબંધિત કરતું નથી. પરંતુ, અનુચ્છેદ ૩૦૪(બી) ના સંદર્ભમાં, નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ અનુચ્છેદ ૩૦૩ ના સંબંધમાં પણ મહત્વ અને અર્થ ધરાવે છે, કારણ કે ખંડ (બી) તેમાં જણાવેલ મર્યાદાને આધીન રહીને અનુચ્છેદ ૩૦૩ દ્વારા લાદવામાં આવેલ પ્રતિબંધ હટાવે છે. તેથી, નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ સદર ક્લોઝ માટે યોગ્ય હોય તેવા અનુચ્છેદ ૩૦૪ ના માત્ર તે ભાગને જ લાગુ પડતો*

*ગણવો જોઈએ. જો તે રીતે વાંચવામાં આવે, તો અર્થઘટનમાં રહેલી મુશ્કેલી દૂર થઈ જાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) આયાત કરાયેલા માલ પર બિન-ભેદભાવપૂર્ણ કર લાદવાના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૧ દ્વારા લાદવામાં આવેલ સામાન્ય પ્રતિબંધ હટાવે છે, જે દર્શાવે છે કે જો સદર જોગવાઈ ન હોત તો તે સંબંધમાં કરવેરાનો કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ જાહેર કરાયેલી સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો હોત."*

૯૦. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે પણ અનુચ્છેદ ૩૦૪ માં નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝને કંઈક અંશે વિસંગત ગણાવ્યો હતો અને તેનું વર્ણન "સંવિધાનનું અચોક્કસ મુસદ્દાલેખન" તરીકે કર્યું હતું.

૯૧. એટલું કહેવું પૂરતું છે કે અનુચ્છેદ ૩૦૪ માં નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગની તેની શરૂઆતથી જ ટીકા થતી રહી છે અને તે ટીકા અમુક અંશે ભવિષ્યવાણીરૂપ પુરવાર થઈ છે કારણ કે છેલ્લા પચાસેક વર્ષોમાં ભાગ ૧૩ નું અર્થઘટન ખરેખર વકીલો માટે સ્વર્ગ સમાન રહ્યું છે. સીરવાઈએ તેમના ગ્રંથમાં નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝના ઉપયોગથી ઉદ્ભવતી આ વિસંગતતા તરફ ધ્યાન દોર્યું છે અને જણાવ્યું છે કે તે અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડો (એ) અને (બી) ને આવરી લે છે. તેઓ નોંધપાત્ર અદાલતી બળ સાથે એવી દલીલ કરે છે કે નોન-ઓબસ્ટેન્ટ ક્લોઝમાં અનુચ્છેદ ૩૦૧ નો સંદર્ભ એ હકીકતને ધ્યાનમાં લેતા અર્થહીન છે કે તેના હેઠળ આપવામાં આવેલી સ્વતંત્રતા પોતે જ અનુચ્છેદ ૩૦૪ સહિત ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન છે. આનો અનિવાર્યપણે એવો

અર્થ થશે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) અનુચ્છેદ ૩૦૧ માંથી કંઈપણ બાદ કરતા નથી. આ વિષય પર અમને તે યોગ્ય દ્રષ્ટિકોણ જણાય છે. જ્યારે એ સાચું છે કે વિધાનમંડળ શબ્દોનો વ્યય કરતું નથી અને કાયદાના કોઈપણ ભાગને અપ્રસ્તુત કે અતિરેક ગણી શકાય નહીં, તેમ છતાં અનુચ્છેદ ૩૦૪ માં આવતા નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝને જે એકમાત્ર તર્કસંગત અર્થ આપી શકાય તે એ છે કે તેનો ઉપયોગ માત્ર અત્યંત સાવચેતીના ભાગરૂપે અને સંભવિત પુનઃખાતરી તરીકે કરવામાં આવ્યો હતો કે અનુચ્છેદ ૩૦૧ ખરેખર અનુચ્છેદ ૩૦૪ ને આધીન છે, જે સદર ક્લોઝના ઉપયોગ વિના પણ અન્યથા આધીન જ હતું. તેથી આ ચર્ચાની ચોખ્ખી અસર એ છે કે અનુચ્છેદ ૩૦૧ માં આવતો 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન' એ શબ્દપ્રયોગ અને અનુચ્છેદ ૩૦૪ માં આવતો નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ જુદી જુદી દિશાઓમાં દોરી જતા નથી. સદર શબ્દપ્રયોગોના ઉપયોગને કારણે બંને જોગવાઈઓ વચ્ચે કોઈ વિરોધાભાસ નથી. સ્વતંત્ર રીતે અથવા સંયુક્ત રીતે અર્થઘટન કરવામાં આવે તો પણ, સદર બંને શબ્દપ્રયોગોનો સીધો અર્થ એ થાય છે કે અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ કરતાં અગ્રતા ધરાવે છે. જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત થતા માલ પર કર લાદવાની રાજ્ય વિધાનમંડળોની સત્તાને માન્યતા આપે છે, ત્યારે તે સદર સત્તાના ઉપયોગ પર મર્યાદાઓ પણ લાદે છે. બીજી બાજુ, અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (બી) તે ખંડની નીચે આવતા પરંતુકને આધીન રહીને વાજબી પ્રતિબંધો લાદવાની મંજૂરી આપે છે. આથી અમને એવી દલીલને ફગાવી દેવામાં કોઈ ખચકાટ નથી કે અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટ

ક્લોઝનો ઉપયોગ એ બાબતનું સૂચક છે કે સંવિધાન અનુચ્છેદ ૩૦૧ હેઠળ કરને પ્રતિબંધ તરીકે માન્યતા આપે છે અથવા અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ વાજબી પ્રતિબંધ લાદવાની સત્તામાં કર લાદવાની સત્તાનો સમાવેશ થાય છે જેથી પરંતુક હેઠળ નિર્ધારિત પ્રક્રિયાનું પાલન કરવામાં આવે તેવા સંજોગોમાં જ કર લાદવાની મંજૂરી મળી શકે.

૯૨. વેપારીઓ/કરદાતાઓ વતી એવી દલીલ કરવામાં આવી હતી કે રાજ્ય વિધાનમંડળો એવા કર લાદી શકે છે જે નાણાકીય અવરોધો તરીકે કામ કરી શકે અને તેનાથી આંતર–રાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અટકાવી અથવા પ્રતિબંધિત કરી શકે. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જો આવા વૈધાનિક નાણાકીય અવરોધને પણ ભાગ ૧૩ હેઠળ બાંહેધરી આપવામાં આવેલી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ ન ગણવામાં આવે, તો જે નાગરિકનો સદર ભાગ હેઠળનો અધિકાર પ્રભાવિત થાય છે તેની પાસે આવા કરવેરા સામે કોઈ નિવારણ રહેશે નહીં. રામજીલાલ વિ. ઇન્કમ ટેક્સ ઓફિસર, મોહિન્દરગઢ, એ.આઇ.આર. ૧૯૫૧ એસ.સી. ૯૭ માં આ કોર્ટના ચુકાદા પર આધાર રાખીને એવી દલીલ કરવામાં આવી હતી કે નાણાકીય કાયદા સામેનો પડકાર સંવિધાનના ભાગ ૩ હેઠળ પણ ટકી શકશે નહીં, જેથી નાગરિકના મુક્ત વેપાર અને વાણિજ્યના બંધારણીય અધિકારોનું માત્ર ઉલ્લંઘન જ નહીં થાય પરંતુ આવા ઉલ્લંઘન સામેનો ઉપાય પણ તેમને નકારવામાં આવશે. વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, અન્ય કારણો પૈકીનું

આ પણ એક કારણ હતું કે શા માટે કર લાદવાને મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પરના પ્રતિબંધ તરીકે ગણવામાં આવવો જોઈએ.

૯૩. રામજીલાલ કેસ (પૂર્વોક્ત) માં, નાભા રાજ્યમાં વ્યવસાય કરતા અરજદાર દ્વારા આ કોર્ટ સમક્ષ સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ એક અરજી દાખલ કરવામાં આવી હતી. પેપ્સુ રાજ્યમાં નાભાના વિલીનીકરણ સાથે, આકારણી સત્તાધિકારી દ્વારા અરજદારને પાછલા વર્ષો દરમિયાન તેણે મેળવેલી આવક માટે રિટર્ન ફાઇલ કરવા અને ઇન્કમ ટેક્સ ચૂકવવા જણાવાયું હતું. તેનાથી નારાજ થઈને, અરજદારે અન્ય બાબતોની સાથે સાથે એ કારણોસર કાર્યવાહીને પડકારી હતી કે પાછલા વર્ષ માટે કરની આકારણી અનુચ્છેદ ૧૪ હેઠળ તેને મળેલી બાંહેધરીવાળા અધિકારનું ઉલ્લંઘન કરે છે. આ કોર્ટે અનુચ્છેદ ૧૪ પર આધારિત દલીલને ફગાવી દેતાં ઠેરવ્યું હતું કે સંબંધિત કાયદા હેઠળ કરદાતાઓનું વાજબી વર્ગીકરણ કરવામાં આવ્યું હતું અને અનુચ્છેદ ૧૪ હેઠળ કાર્યવાહી સામેનો અરજદારનો પડકાર ટકી શકે તેમ ન હતો. તેમ કહ્યા પછી, કોર્ટે એ પ્રશ્નની તપાસ કરી હતી કે શું કર કાયદો સંવિધાનના અનુચ્છેદ ૩૧(૧) હેઠળ બાંહેધરી આપવામાં આવેલા મિલકતના અધિકારનું ઉલ્લંઘન કરે છે. સદર દલીલને નકારી કાઢતાં આ કોર્ટે ઠેરવ્યું હતું કે જો કરની વસૂલાત એ અનુચ્છેદ ૩૧(૧) ના અર્થમાં મિલકતથી વંચિત કરવા બરાબર હોય, તો તે અંગે અલગ જોગવાઈ કરવાનો કોઈ અર્થ ન રહેત જેવી કે અનુચ્છેદ ૨૬૫ માં કરવામાં આવી છે. આ કોર્ટે જાહેર કર્યું હતું કે અનુચ્છેદ ૩૧(૧) ને કર લાદવા સિવાય અન્ય રીતે મિલકતથી વંચિત કરવા સામેની બાંહેધરી તરીકે ગણવો જ જોઈએ, નહીં તો

અનુચ્છેદ ૨૬૫ સંપૂર્ણપણે નિરર્થક બની જાય. કોર્ટે જાહેર કર્યું હતું કે સંવિધાને કરવેરાને મિલકતના ફરજિયાત સંપાદન કરતાં અલગ ગણ્યો છે અને કરવેરા સામે રક્ષણ આપતી સ્વતંત્ર જોગવાઈઓ કરી છે.

૯૪. ત્યારબાદ કુન્નાથત થથુન્ની મુપિલ નાયર વિ. ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય, એ.આઈ.આર. ૧૯૬૧ એસ.સી. ૫૫૨ નો કેસ આવ્યો, જ્યાં ફરીથી વિચારણા માટે ઉપસ્થિત થયેલા પ્રશ્નો પૈકીનો એક પ્રશ્ન એ હતો કે શું સંવિધાનનો અનુચ્છેદ ૨૬૫ એ કર કાયદાની સંવિધાનિકતા સામેના પડકારનો સંપૂર્ણ જવાબ હતો. આ કોર્ટે ઠેરવ્યું હતું કે કર કાયદો માન્ય બને તે માટે, જે કર લાદવાની દરખાસ્ત કરવામાં આવી છે તે કર લાદનાર અને તેની વસૂલાતની સત્તા આપનાર વિધાનમંડળની વૈધાનિક સક્ષમતાની અંદર હોવો જોઈએ અને સદર કર સંવિધાનના અનુચ્છેદ ૧૩ હેઠળ નિર્ધારિત શરતને આધીન હોવો જોઈએ. આ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી આવી શરતો પૈકીની એક શરત એ હતી કે વિધાનમંડળ એવો કોઈ કાયદો બનાવશે નહીં જે અનુચ્છેદ ૧૪ માં સમાનતાના ખંડને છીનવી લેતો હોય કે ઘટાડતો હોય. કોર્ટે જાહેર કર્યું કે કાયદાના સમાન રક્ષણની બાંહેધરી કર કાયદાઓ સુધી પણ વિસ્તરવી જોઈએ. તેણે સ્પષ્ટ કર્યું કે દરેક વ્યક્તિ પર સમાન રીતે કર લાદવામાં ન આવે પરંતુ સમાન સ્વરૂપની મિલકત પર કર લાદવાનો હોય, ત્યારે કરવેરો સમાન ધોરણ દ્વારા જ લાદવો જોઈએ જેથી કરવેરાનો બોજ તે પ્રકારની અને તેટલા પ્રમાણની મિલકત ધરાવતી તમામ વ્યક્તિઓ પર સમાન રીતે પડે. સામાન્ય રીતે કહીએ તો, જો આવા કરવેરાના આધારે તે વિશિષ્ટ પ્રકારની અને તેટલા પ્રમાણની મિલકતના સંદર્ભમાં

કરવેરો દરેક વ્યક્તિ પર સમાન બોજ લાદતો હોય, તો કરવેરાનું પરિણામ ભલે એવું આવે કે જુદી જુદી વ્યક્તિઓ પરનો કુલ બોજ અસમાન હોઈ શકે, છતાં કાયદો અસમાનતાના કારણસર પડકારને પાત્ર બનશે નહીં. કોર્ટે તારણ કાઢ્યું હતું કે કર કાયદો અનુચ્છેદ ૧૪ હેઠળ સમાનતાના ખંડનું ઉલ્લંઘન કરે છે તે કારણસરના પડકારથી સંપૂર્ણપણે મુક્ત નથી, ભલે અદાલતોને કર કાયદા પાછળ રહેલી નીતિ સાથે અથવા કોઈ ચોક્કસ કર અલગ રીતે લાદવામાં આવી શક્યો હોત કે કેમ અથવા એવી રીતે લાદી શકાયો હોત કે જેને અદાલત ન્યાયીપણાના હિતમાં વધુ ન્યાયસંગત ગણાતી હોય તેની સાથે કોઈ નિસબત ન હોય.

૯૫. લક્ષ્મણપ્પા હનુમંતપ્પા જમખંડી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩ નો ચુકાદો પણ સમાન અસરમાં છે. શ્રીમતી ઉજ્જમ બાઈ વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ, એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૬૨૧ નો સંદર્ભ પણ આપી શકાય છે, જેમાં ઉપર જણાવેલ ત્રણ કેસોમાં આ કોર્ટના ચુકાદાઓની નોંધ લેવામાં આવી હતી જેથી એ તપાસી શકાય કે એક તરફ મુપિલ નાયર કેસમાં લેવાયેલા દ્રષ્ટિકોણ અને બીજી તરફ રામજીલાલ અને લક્ષ્મણપ્પા કેસો વચ્ચે કોઈ વિરોધાભાસ હતો કે નહીં; કોર્ટે વધુ ઝીણવટભરી તપાસ કરતાં જોયું કે આવો કોઈ વિરોધાભાસ ન હતો અને સ્પષ્ટ કર્યું કે ભાગ ૩ ના સંદર્ભમાં કરવેરા કાયદા સામેના પડકારની ગ્રાહ્યતાનો સંબંધ છે ત્યાં સુધી જ રામજીલાલ અને લક્ષ્મણપ્પા કેસોમાં કરવામાં આવેલું અવલોકન સંદર્ભ અનુસાર માત્ર અનુચ્છેદ ૩૧(૧) ના નિરસનને સંદર્ભિત હોવું જોઈએ. કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે

મુપિલ નાયર કેસમાં આ કોર્ટે ઠેરવ્યું હતું કે કર લાદનાર વિધાનમંડળ અનુચ્છેદ ૨૬૫ મુજબ કર લાદવા માટે સક્ષમ હતું તે માત્ર કારણસર કર કાયદો અનુચ્છેદ ૧૪ હેઠળના પડકારથી મુક્ત ન હતો. આ કોર્ટે કાનૂની સ્થિતિ નીચે મુજબના શબ્દોમાં સંક્ષિપ્તમાં રજૂ કરી હતી:

*"સત્તાવાર ચુકાદાઓનું તારણ આ રીતે સંક્ષિપ્તમાં રજૂ કરી શકાય:*

*(૧) કર ત્યારે જ માન્ય ગણાશે જો તે સક્ષમ વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા અધિકૃત હોય. તે અનુચ્છેદ ૨૬૫ છે.*

*(૨) ઉપરોક્ત મુજબ અધિકૃત કરાયેલો કાયદો સંવિધાનની કોઈપણ જોગવાઈથી વિરુદ્ધ ન હોવો જોઈએ. આમ, અનુચ્છેદ ૧૪ નું ઉલ્લંઘન કરતો કાયદો અમાન્ય ગણાશે, મુપિલ નાયર કેસ.*

*(૩) સક્ષમ વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલ અને અન્યથા અમાન્ય ન હોય તેવો કાયદો, અનુચ્છેદ ૩૧(૧) હેઠળ પડકારવાને પાત્ર નથી. રામજીલાલ કેસ અને લક્ષ્મણપ્પા કેસ.*

*(૪) વિધાનમંડળ તેના પર સક્ષમતા ધરાવતું ન હોવાને કારણે અથવા તે કોઈ બંધારણીય પ્રતિબંધનું ઉલ્લંઘન કરતું હોવાને કારણે જે કાયદો અધિકારક્ષેત્ર બહારનો હોય, તેનું કોઈ કાનૂની અસ્તિત્વ હોતું નથી, અને તેના હેઠળ લેવાયેલ કોઈપણ પગલું અનુચ્છેદ ૧૯(૧)(જી) નું ઉલ્લંઘન*

*હશે, હિંમતલાલ કેસ અને લક્ષ્મણપ્પા કેસ. જ્યારે કાયદો આભાસી કાયદો હોય ત્યારે પણ પરિણામ એ જ આવશે.*

*(૫) જ્યાં કાયદાકીય સત્તા વિના આકારણીની કાર્યવાહી કરવામાં આવે છે, અથવા જ્યાં કાર્યવાહી કુદરતી ન્યાયના નિયમોથી વિરુદ્ધ હોય, ત્યાં અનુચ્છેદ ૧૯(૧)(એફ) અને અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ બાંહેધરી આપવામાં આવેલા અધિકારનું ઉલ્લંઘન થાય છે; ટાટા આયર્ન એન્ડ સ્ટીલ કંપની લિ.; મુપિલ નાયર કેસ અને શ્રી મદન લાલ અરોરા કેસ."*

૯૬. અમારા મતે કાયદાનું ઉપરોક્ત કથન કાનૂની રીતે આક્ષેપાતીત છે. રામજીલાલ અને લક્ષ્મણપ્પા કેસો કર કાયદાને ભાગ ૩ હેઠળના પડકારના દાયરાની બહાર મૂકે છે તેવી દલીલ યોગ્ય રીતે જ ફગાવી દેવામાં આવી છે અને નાણાકીય કાયદાઓ પણ સંવિધાનના અનુચ્છેદ ૧૪ ની એરણ પર પડકાર માટે ખુલ્લા હોવાનું ઠેરવવામાં આવ્યું છે. તેથી, વ્યથિત નાગરિક પાસે કર કાયદા સામે કોઈ ઉપાય ન હોઈ શકે તેવી દલીલ ટકી શકતી નથી. જોકે આવા કાયદા સામેનો પડકાર સફળ થાય છે કે નહીં તે એક અલગ બાબત છે. હવે એ બાબત સુસ્થાપિત થઈ ચૂકી છે કે લાદવામાં આવનાર કરના પ્રમાણ તેમજ જે વિષયો અને વ્યક્તિઓ પર તે લાદવામાં આવી શકે છે તે બાબતમાં અદાલતો વિધાનમંડળ પ્રત્યે નોંધપાત્ર આદર દાખવે છે. માત્ર એટલા માટે કે નાણાકીય કાયદાને પડકારવા માટેનો અવકાશ મર્યાદિત છે, તે અમારા મતે એવું ઠેરવવાનું કોઈ કારણ નથી કે કર લાદનાર વિધાનમંડળની સક્ષમતાની અંદર હોય તેવા

કરવેરાને અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાંહેધરી આપવામાં આવેલા મુક્ત વેપાર અને વાણિજ્ય પરના પ્રતિબંધ તરીકે જોવો જોઈએ, જે અનુચ્છેદ શબ્દશઃ કે સંદર્ભગત રીતે કરવેરાને અવરોધ તરીકે માન્યતા આપતો નથી, સિવાય કે એવા કિસ્સાઓમાં જ્યાં તે કરવેરો પ્રકૃતિગત રીતે ભેદભાવપૂર્ણ હોય અને તેના કારણે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો હોય.

૯૭. રાજ્યો વતી વિદ્વાન એટર્ની જનરલ, અને મેસર્સ રાવ અને દ્વિવેદી દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આટિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસોમાં આ કોર્ટના ચુકાદાઓએ તેમના નિષ્કર્ષ માટે ઓસ્ટ્રેલિયન અને અમેરિકન ચુકાદાઓ પરથી સમર્થન મેળવ્યું હતું. એવી રજૂઆત કરવામાં આવી હતી કે જોકે પૂર્વોક્ત કેસમાં બહુમતી ચુકાદા દ્વારા અપનાવવામાં આવેલા દ્રષ્ટિકોણમાં એ સ્વીકારવામાં આવ્યું હતું કે આપણા સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે અન્ય અધિકારક્ષેત્રોના ચુકાદાઓ મદદરૂપ ન પણ હોઈ શકે, તેમ છતાં કોર્ટે તેના નિષ્કર્ષોને પુષ્ટિ આપવા માટે તે ચુકાદાઓનો સંદર્ભ આપ્યો હતો અને તેના પર આધાર રાખ્યો હતો. એવી દલીલ કરવામાં આવી હતી કે બહુમતી દ્વારા જે ઓસ્ટ્રેલિયન ચુકાદાઓ પર આધાર રાખવામાં આવ્યો હતો, તે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ત્યારપછીના ચુકાદાઓ દ્વારા ઉલટાવી દેવામાં આવ્યા છે, જે ચુકાદાઓ હવે એ સિદ્ધાંત તરફ આગળ વધી રહ્યા છે કે માત્ર ભેદભાવપૂર્ણ કર જ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સામેના પ્રતિબંધો તરીકે કામ કરશે. તે દ્રષ્ટિએ એવી દલીલ કરવામાં આવી હતી કે આટિયાબારી કેસમાં આ કોર્ટ દ્વારા વિદેશી ચુકાદાઓમાંથી ઉછીનો લેવાયેલો સૈદ્ધાંતિક આધાર

ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ત્યારપછીના ચુકાદાઓ દ્વારા ધ્વસ્ત થઈ ગયો હતો અથવા ઓછામાં ઓછો નોંધપાત્ર રીતે ક્ષીણ થઈ ગયો હતો, જેનાથી આટિયાબારી કેસમાં બહુમતી દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણની શુદ્ધતા ગંભીર શંકાઓને પાત્ર બની ગઈ છે.

૯૮. અમારા મતે, તે રજૂઆતમાં નોંધપાત્ર તથ્ય છે. આટિયાબારી કેસ (પૂર્વોક્ત) માં, બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે અમેરિકન અને ઓસ્ટ્રેલિયન ચુકાદાઓનો ઉલ્લેખ કરતી વખતે અવલોકન કર્યું હતું કે:

> *"૫૯. ... ... ... અમે અગાઉ આ ચુકાદાઓનો ઈરાદાપૂર્વક ઉલ્લેખ કર્યો નથી કારણ કે અમે માનતા હતા કે આપણા સંવિધાનના ભાગ ૧૩ ના સંબંધિત અનુચ્છેદોનું અર્થઘટન કરવાના હેતુ માટે સદર કલમ અથવા તેના પરના ચુકાદાઓનો ઉલ્લેખ કરવો કે તેના પર આધાર રાખવો અવાજબી ગણાશે. એ કહેવું સામાન્ય બાબત છે કે ઓસ્ટ્રેલિયન કોમનવેલ્થ દ્વારા અપનાવવામાં આવેલી સંઘીય રાજ્યવ્યવસ્થાની રાજકીય અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, સંવિધાનનું પોતાનું સ્વરૂપ, સત્તાઓની વહેંચણી અને સંવિધાનની સામાન્ય યોજના અલગ છે, અને તેથી જ્યારે આપણને આપણા સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરવાનું કહેવામાં આવે ત્યારે ઓસ્ટ્રેલિયન ચુકાદાઓમાંથી માર્ગદર્શન કે સહાય મેળવવી સલામત રહેશે નહીં. આ સંબંધમાં અમે એમ.પી.વી. સુંદરરામિયર એન્ડ કંપની ના કેસમાં આપણા સંવિધાનનું અર્થઘટન*

કરવામાં ઓસ્ટ્રેલિયન અને અમેરિકન ચુકાદાઓ પર આડેધડ આધાર રાખવા સામે ન્યાયમૂર્તિ વેંકટરામા ઐયર દ્વારા ઉચ્ચારવામાં આવેલી ચેતવણીનો પહેલેથી જ ઉલ્લેખ કર્યો છે. આવી જ સાવચેતી મુખ્ય ન્યાયમૂર્તિ ગ્વાયર દ્વારા છેક ૧૯૩૯ માં વ્યક્ત કરવામાં આવી હતી જ્યારે તેમણે ધ સેન્ટ્રલ પ્રોવિન્સિસ એન્ડ બેરાર સેલ્સ ઓફ મોટર સ્પિરિટ એન્ડ લ્યુબ્રિકન્ટ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૩૮. ઈન ધ મેટર ઓફ એ.આઈ.આર. ૧૯૩૯ એફ.સી. ૧ ના પૃષ્ઠ ૫ પર અવલોકન કર્યું હતું કે; "સંઘીય અને પ્રાંતીય સત્તાઓ કરતાં અન્ય કોઈ વિષયો એવા બહુ ઓછા છે કે જેના પર અન્ય અદાલતોના ચુકાદાઓ સાથે વધુ સાવધાનીપૂર્વક વર્તવાની જરૂર હોય, કારણ કે આખરી પૃથક્કરણમાં ચુકાદો સંવિધાનના તે શબ્દો પર નિર્ભર હોવો જોઈએ જેનું અદાલત અર્થઘટન કરી રહી છે; અને કોઈપણ બે સંવિધાનો સમાન શબ્દોમાં ન હોવાથી, એવું માની લેવું અત્યંત જોખમી છે કે તેમાંથી કોઈ એક પરનો ચુકાદો કોઈપણ યોગ્યતા/શરત વિના બીજાને લાગુ કરી શકાય છે. બંને કેસોમાં વપરાયેલા શબ્દો કે અભિવ્યક્તિઓ સમાન હોય તો પણ આવું બની શકે છે, કારણ કે કોઈ શબ્દ કે વાક્યપ્રયોગ તેના સંદર્ભમાંથી રંગ ધારણ કરી શકે છે અને તે મુજબ જુદા જુદા અર્થો ધરાવી શકે છે."

(ભારપૂર્વક ઉમેરેલ)

૯૯. તેમ કહ્યા પછી, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે જેને તેમણે "ભગિની સંવિધાનો" તરીકે વર્ણવ્યા હતા તેના અર્થઘટન દ્વારા ઊભા થયેલા સમાન પડકારોનો અન્ય અધિકારક્ષેત્રના ન્યાયાધીશોએ કેવી રીતે સામનો કર્યો તેના સંદર્ભ દ્વારા પોતાના નિષ્કર્ષોને સમર્થન આપવાના ઉદ્દેશ્યથી આ ચુકાદાઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે:

> *"૫૯. ... ... ...જ્યારે તમે એવી બંધારણીય જોગવાઈના અર્થઘટનની સમસ્યાનો સામનો કરી રહ્યા હોવ કે જે બિલકુલ સ્પષ્ટ કે સુગમ નથી ત્યારે તમે એ જાણવા તરફ પ્રેરાઓ છો કે અન્ય ભગિની સંવિધાનોમાં સમાન જોગવાઈઓ દ્વારા ઉપસ્થિત થયેલા પડકાર પ્રત્યે અન્ય ન્યાયિક મગજોએ કેવો પ્રતિસાદ આપ્યો છે. તે જ ભાવનાથી અમે પ્રિવી કાઉન્સિલના બે ચુકાદાઓનો ઉલ્લેખ કરવાનો પ્રસ્તાવ મૂકીએ છીએ કે જેઓ ઓસ્ટ્રેલિયન સંર્વિધાનની કલમ ૯૨ ના અથ ઘટન સાથે સંબંધિત હતા."*

૧૦૦. ત્યારબાદ કોર્ટે જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા (૧૯૩૬) એ.સી. ૫૭૮ અને કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા અને અન્ય વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ અને અન્ય [૧૯૫૦] એ.સી. ૨૩૫ માં ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ચુકાદાઓ પર આધાર રાખીને એવું ઠેરવ્યું હતું કે ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નું અર્થઘટન કરતી વખતે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ચુકાદાઓ દ્વારા વિકસાવવામાં આવેલી પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી એ આપણા

સંવિધાનને અને તેના અનુચ્છેદ ૩૦૧ ના અર્થઘટનને પણ લાગુ પડતી યોગ્ય કસોટી હતી. કોર્ટે જણાવ્યું હતું કે:

***<u>કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ</u>***

*"૬૧. ... ... ... સદર પ્રશ્ન નક્કી કરવામાં લોર્ડ પોર્ટર દ્વારા લાગુ કરવામાં આવેલી કસોટીઓ પૈકીની એક કસોટી એ હતી કે: "શું આ અધિનિયમ દૂરવર્તી કે આનુષંગિક રીતે નહીં (જે બાબતે તેઓ પાછળથી કંઈક કહેશે) પરંતુ પ્રત્યક્ષ રીતે બેંકિંગના આંતર-રાજ્ય વ્યવસાયને પ્રતિબંધિત કરે છે", અને તેમણે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે "બે સામાન્ય વિધાનો સ્વીકારી શકાય છે, (૧) રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું નિયમન તેની સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સુસંગત છે, અને (૨) કલમ ૯૨ નું ઉલ્લંઘન ત્યારે જ થાય છે જ્યારે કોઈ વૈધાનિક અથવા કારોબારી કાર્ય અમુક પરોક્ષ કે પરિણામલક્ષી અવરોધ ઊભો કરવાથી વિપરીત (કે જેને વાજબી રીતે દૂરવર્તી ગણી શકાય) આવા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરવા માટે પ્રવૃત્ત થાય છે". આ ચુકાદો આ રીતે અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપ અને અસર વિશે આપણે પહોંચેલા નિષ્કર્ષને વાજબી ઠેરવે છે."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૧૦૧. ઓટોમોબાઇલ કેસ (પૂર્વોક્ત) માં પણ બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ દાસે કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા અને અન્ય વિ. બેંક ઓફ ન્યુ

સાઉથ વેલ્સ અને અન્ય [૧૯૫૦] એ.સી. ૨૩૫ માં ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટના ચુકાદાઓ પર આધાર રાખીને પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટીને અનુસરી હતી. આ બાબત નીચેના ફકરા પરથી સ્પષ્ટ થાય છે:

> *"૧૦. ... ... ...ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ માં વપરાયેલ શબ્દપ્રયોગ "સંપૂર્ણપણે મુક્ત" હતો અને વારંવાર એ પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવ્યો હતો કે આ સ્વતંત્રતાનો અર્થ શું થાય છે. અમારો ઇરાદો ઓસ્ટ્રેલિયન નિર્ણયોના કંઈક અંશે વૈવિધ્યસભર ઇતિહાસનું પુનરાવર્તન કરવાનો નથી, જેના સંબંધમાં અગાઉના કેસોની સમીક્ષા કર્યા પછી લોર્ડ પોર્ટર દ્વારા કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ માં કહેવામાં આવ્યું હતું કે "કલમ ૯૨ હેઠળ નિર્ણિત કેસોની ભૂલભૂલામણીમાં કોઈ સુવર્ણ સૂત્ર નહોતું". અમારા હેતુ માટે વધુ મહત્ત્વનું એ છે કે તેમણે એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે તે નિર્ણયોમાંથી બે સામાન્ય પ્રતિપાદનો તરી આવ્યા હતા: (૧) રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું નિયમન તેની સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સુસંગત છે, અને (૨) ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નું ઉલ્લંઘન ત્યારે જ થાય છે જ્યારે કોઈ વૈધાનિક અથવા કારોબારી કૃત્ય આવા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે નિયંત્રિત કરવાનું કામ કરે, જે કોઈ પરોક્ષ અથવા પરિણામહીન અવરોધ ઊભો કરવાથી ભિન્ન છે જેને વ્યાજબી રીતે દૂરવર્તી ગણી શકાય. ... ... ... "*

૧૦૨. રાજ્યો વતી એવી દલીલ કરવામાં આવી હતી અને, અમારા મતે, યોગ્ય રીતે જ કે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ચુકાદા દ્વારા વિકસાવવામાં આવેલ "પ્રત્યક્ષ અને તાત્કાલિક" અસરની કસોટી પોતે જ હવે હળવી અને નબળી પડી ગઈ છે. ઓસ્ટ્રેલિયામાં પ્રવર્તમાન દ્રષ્ટિકોણ એવો છે કે સંરક્ષણવાદી પગલા તરીકે દાખલ કરાયેલા માત્ર એવા જ કર કે જે ભેદભાવપૂર્ણ છે, તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો તરીકે પરિણમે છે. આ બાબત કોલ વિ. વ્હીટફિલ્ડ (૧૯૮૮) ૧૬૫ સી.એલ.આર. ૩૬૦ માં ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના નિર્ણયો પરથી સ્પષ્ટ થાય છે. સદર કેસમાં કોર્ટે આ વિષય પરના કેસ કાયદાની સમીક્ષા કરી હતી અને એવી દલીલને નકારી કાઢી હતી કે જો ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નું અર્થઘટન માત્ર ભેદભાવપૂર્ણ બોજાઓને પ્રતિબંધિત કરવા પૂરતું કરવામાં આવે તો તેની અસર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનો ઇનકાર કરવા જેવી થશે. કોર્ટે જણાવ્યું કે:

> *" ... ... ..જોકે, સ્પષ્ટપણે, કલમ ૯૨ ને ભેદભાવપૂર્ણ બોજાઓમાંથી આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાંયધરી આપવા સાથે સંબંધિત ગણતું અર્થઘટન એવું પરિણામ લાવતું નથી કે જેનાથી આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યના સંબંધમાં મળેલી વૈધાનિક સત્તા તેના આવશ્યક વિષયવસ્તુથી વંચિત થઈ જાય."*

૧૦૩. કોર્ટે આ વિષય પરના કાયદાના ક્રમિક વિકાસની નોંધ લીધી અને ઠેરવ્યું કે કલમ ૯૨ દ્વારા માત્ર ભેદભાવપૂર્ણ બોજાઓ જ પ્રતિબંધિત છે અને કોઈ બોજો વાસ્તવમાં ભેદભાવપૂર્ણ છે કે નહીં તે હકીકત અને માત્રાનો પ્રશ્ન છે જેનો જવાબ ન્યાયિક અર્થઘટન અને છાપના આધારે આપવાનો રહે છે. આ સંબંધમાં નીચેનો પરિચ્છેદ માર્ગદર્શક છે:

*" સામાન્ય સ્વીકૃતિ જાળવી રાખવામાં નિષ્ફળ રહેલા સિદ્ધાંતથી હવે અલગ પડીને, અમે એવા અર્થઘટનને અપનાવીએ છીએ જે, જેમ અમે દર્શાવ્યું છે તેમ, ઇતિહાસ અને સંદર્ભ દ્વારા સમર્થિત છે. આમ કરતી વખતે, અમારે એવા કેસોના નિરાકરણ વિશે કંઈક કહેવું જોઈએ કે જેમાં વાદગ્રસ્ત કાયદાના પ્રથમ દર્શને કોઈ અસ્વીકાર્ય હેતુ જણાતો નથી, પરંતુ તેની અસર ભેદભાવપૂર્ણ હોય છે કારણ કે તે આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય સામે ભેદભાવ રાખે છે અને તે રીતે તે જ પ્રકારના આંતરિક-રાજ્ય વેપાર અને વાણિજ્યનું રક્ષણ કરે છે. અમે સૌપ્રથમ કલમ ૫૧(૧) હેઠળ ઘડવામાં આવેલા કોમનવેલ્થ કાયદાઓનો ઉલ્લેખ કરીએ છીએ જે આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્યના સંચાલનનું નિયમન કરે છે. આવા કાયદાઓ સામાન્ય રીતે સુસંગત અર્થમાં ભેદભાવ કરતા જણાશે નહીં જો તેઓ સંસદના અધિકારક્ષેત્ર હેઠળના આપેલ પ્રકારના તમામ વ્યવહારોને લાગુ પડતા હોય. જોકે, કલમ ૫૧(૧) હેઠળ ઘડવામાં આવેલ સામાન્ય કાયદો કલમ ૯૨ નો ભંગ કરે તે શક્ય છે જો તેની અસર ભેદભાવપૂર્ણ હોય અને તે ભેદભાવ સંરક્ષણવાદી કારણોસર હોય. શું આવો કાયદો*

*અસરમાં ભેદભાવપૂર્ણ છે અને શું તે ભેદભાવ સંરક્ષણવાદી સ્વરૂપનો છે તે હકીકત અને માત્રાના મુદ્દાઓ ઉપસ્થિત કરતા પ્રશ્નો છે. આ પ્રશ્નોનો જવાબ, અંતતઃ, ન્યાયિક છાપ પર નિર્ભર હોઈ શકે છે."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૧૦૪. કોર્ટે એ પણ ઠેરવેલ કે જો ભેદભાવ સંરક્ષણવાદી સ્વરૂપનો હોય તો જ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નું ઉલ્લંઘન થયેલ ગણાશે. કોર્ટે જણાવ્યું કે:

*"રાજ્યના કાયદાના કિસ્સામાં, કેસનું નિરાકરણ વાદગ્રસ્ત કાયદાના સ્વરૂપની વિચારણા સાથે શરૂ થવું જોઈએ. જો તે તમામ વેપાર અને વાણિજ્યને, આંતર-રાજ્ય અને આંતરિક-રાજ્ય બંનેને સમાન રીતે લાગુ પડતો હોય, તો કાયદાના પ્રથમ દર્શને ભેદભાવ જણાતો હોય તેની તુલનામાં તે સંરક્ષણવાદી હોવાની શક્યતા ઓછી છે. પરંતુ જ્યાં કાયદો સ્વરૂપમાં નહીં, તો પણ અસરમાં, આંતરિક-રાજ્ય વેપારની તરફેણમાં ભેદભાવ કરે છે, તો જો તે ભેદભાવ સંરક્ષણવાદી સ્વરૂપનો હોય તો તે તેમ છતાં કલમ ૯૨ નો ભંગ કરશે. જે કાયદાનો વાસ્તવિક ઉદ્દેશ કોઈ ઉત્પાદન અથવા સેવા માટેનું ધોરણ અથવા વાણિજ્યિક આચરણના માનદંડ નક્કી કરવાનો હોય, તે સામાન્ય રીતે સંરક્ષણવાદ પર આધારિત નહીં હોય અને કલમ ૯૨ દ્વારા પ્રતિબંધિત થશે નહીં. પરંતુ જો કોઈ કાયદો, જે અન્યથા સંરક્ષણવાદી ન હોય તેવા ઉદ્દેશના સંદર્ભમાં વાજબી*

*ઠરી શકે તેમ હોય, તે તે ઉદ્દેશની પ્રાપ્તિમાં આંતર–રાજ્ય વેપાર અથવા વાણિજ્ય સામે એવી રીતે અથવા એવી હદ સુધી ભેદભાવ કરે છે જે કાયદાને સંરક્ષણવાદી તરીકે દર્શાવવા માટે પૂરતું હોય, તો અદાલત એવા નિષ્કર્ષ પર પહોંચવામાં વાજબી ઠરશે કે તે તેમ છતાં કલમ ૯૨ નો ભંગ કરે છે."*

*(ભારપૂર્વક ઉમેરેલ)*

૧૦૫. ઉપરોક્ત પરિચ્છેદ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ ના અર્થઘટન અંગે ઓસ્ટ્રેલિયામાં ન્યાયિક અભિપ્રાયમાં મૂળભૂત પરિવર્તન દર્શાવે છે. અગાઉનો એવો અભિપ્રાય કે કરવેરાના સ્વરૂપના અવરોધ સહિતનો કોઈપણ અવરોધ જે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કરે છે તે કલમ ૯૨ નો ભંગ કરશે, તેને ઓસ્ટ્રેલિયન ન્યાયવિદો દ્વારા સ્પષ્ટપણે ત્યજી દેવામાં આવ્યો છે. તેના પરથી ફલિત થાય છે કે ભાગ ૧૩ ના અર્થઘટન માટે લાગુ પડતી સાચી કસોટી અંગે અતિયાબારી (ઉપરોક્ત) અને ઓટોમોબાઇલ (ઉપરોક્ત) કેસોમાં લેવાયેલા મત માટે અગાઉના નિર્ણયોમાંથી જે કોઈ સમર્થન ઉપલબ્ધ હતું, તે, જો અમે તે શબ્દપ્રયોગ વાપરીએ તો, સમય વીતવાની સાથે "ઓસરી ગયું છે".

૧૦૬. અમે, આ તબક્કે, વેપારીઓ વતી તેમના કેસના સમર્થનમાં કરવામાં આવેલી અન્ય એક દલીલનો વિચાર કરી શકીએ છીએ કે ભાગ ૧૩ ની યોજનામાં કરને નિયંત્રણો તરીકે ગણવામાં આવ્યા હતા. એવી દલીલ કરવામાં

આવી હતી કે સંવિધાનના અનુચ્છેદ ૩૦૬ ની ઉપસ્થિતિ, જે હવે કોન્સ્ટીટ્યુશન ૭મો એમેન્ડમેન્ટ એક્ટ, ૧૯૫૬ દ્વારા રદ કરવામાં આવેલ છે, તે પોતે જ એ હકીકત સૂચવે છે કે કરને મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો બનાવવાનો આશય હતો, અન્યથા, સંવિધાનના ઘડવૈયાઓ દ્વારા અનુચ્છેદ ૩૦૬ જેવી જોગવાઈનો સમાવેશ કરવાનું કોઈ કારણ નહોતું. અનુચ્છેદ ૩૦૬, જે સ્વરૂપમાં તેની નાબૂદી પહેલાં અસ્તિત્વમાં હતો, તે નીચે મુજબ હતો:

> ***"અનુચ્છેદ ૩૦૬. પ્રથમ અનુસૂચિના ભાગ બી માંના અમુક રાજ્યોની વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો લાદવાની સત્તા.*** *— આ ભાગની ઉપરોક્ત જોગવાઈઓમાં અથવા સંવિધાનની અન્ય કોઈપણ જોગવાઈઓમાં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, પ્રથમ અનુસૂચિના ભાગ બી માં નિર્દિષ્ટ કોઈપણ રાજ્ય કે જે આ સંવિધાનના પ્રારંભ પહેલાં અન્ય રાજ્યોમાંથી રાજ્યમાં માલની આયાત પર અથવા રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં માલની નિકાસ પર કોઈપણ કર અથવા જકાત લાદતું હતું, તે, જો તે સંબંધમાં ભારત સરકાર અને તે રાજ્યની સરકાર વચ્ચે કોઈ કરાર કરવામાં આવ્યો હોય, તો તેવા કરારની શરતોને આધીન રહીને અને આ સંવિધાનના પ્રારંભથી દસ વર્ષથી વધુ નહીં તેટલા સમયગાળા માટે કરારમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ આવા કર અથવા જકાત લાદવાનું અને વસૂલ કરવાનું ચાલુ રાખી શકે છે.*

*પરંતુ શરત એ છે કે રાષ્ટ્રપતિ આવા પ્રારંભથી પાંચ વર્ષની સમાપ્તિ પછી કોઈપણ સમયે આવા કોઈપણ કરારનો અંત લાવી શકે છે અથવા તેમાં ફેરફાર કરી શકે છે જો, અનુચ્છેદ ૨૮૦ હેઠળ રચાયેલા નાણા આયોગના અહેવાલ પર વિચારણા કર્યા પછી, તેઓ તેમ કરવું જરૂરી ગણે."*

૧૦૭. ઉપરોક્તનું ધ્યાનપૂર્વક વાંચન દર્શાવશે કે આ જોગવાઈ "નોન–ઓબસ્ટેન્ટ" ખંડ સાથે શરૂ થઈ હતી અને પ્રથમ અનુસૂચિના ભાગ બી માં નિર્દિષ્ટ કોઈપણ રાજ્ય માટે અન્ય રાજ્યોમાંથી રાજ્યમાં માલની આયાત પર અથવા રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં માલની નિકાસ પર કર અથવા જકાત લાદવાનું ચાલુ રાખવાનું સંવિધાનિક રીતે માન્ય રાખ્યું હતું, જો ભારત સરકાર અને તે રાજ્યની સરકાર વચ્ચે તે સંબંધમાં કરાર કરવામાં આવ્યો હોય અને તે કરારમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા દસ વર્ષથી વધુ નહીં તેટલા સમયગાળા માટે હોય.

૧૦૮. અનુચ્છેદ ૩૦૬ ના સમાવેશ પાછળનો ઐતિહાસિક તર્ક એ હકીકતમાં રહેલો હતો કે કેટલાક રાજ્યો તેમના પ્રદેશમાં માલની આયાત પર અને તેમના પ્રદેશમાંથી માલની નિકાસ પર કર/જકાત લાદતા હતા, જે કર અને ઉઘરાતો ભાગ ૧૩ ની યોજના સાથે અસંગત હતી, પરંતુ, રાજ્યો આ રીતે એકત્રિત થતી આવક પર મોટા પાયે નિર્ભર હોવાથી, આવી વસૂલાત માટે ઊભા કરાયેલા કર અવરોધોને એક ઝાટકે સંપૂર્ણપણે દૂર કરી શકાય તેમ નહોતા. તે બાબતને ધ્યાનમાં રાખીને સંવિધાનના ઘડવૈયાઓએ આવકની સ્થિરતાના

હિતમાં અનુચ્છેદ ૩૦૬ માં નિર્ધારિત શરતોને આધીન રહીને મર્યાદિત સમયગાળા માટે રાજ્યો દ્વારા ઉપયોગમાં લેવાતી સત્તાને જાળવી રાખવી જરૂરી ગણી હતી. તેથી, અનુચ્છેદ ૩૦૬ ની ખરી અસર એ હતી કે સંવિધાનિક યોજના હેઠળ રાજ્યમાં અને રાજ્યમાંથી માલની આયાત અને નિકાસ પર કસ્ટમ્સ ડ્યુટી લાદવાની સત્તા રાજ્યો પાસે ન હોવા છતાં અને રાજ્યની બહાર ઉત્પાદિત/બનાવેલા માલની તુલનામાં આવા કર અને ઉઘરાતો ભેદભાવપૂર્ણ હોવા છતાં પણ, સંબંધિત રાજ્યોની આવકની સ્થિરતાના વ્યાપક હિતમાં ભેદભાવપૂર્ણ જકાતો અને ઉઘરાતોને મંજૂરી આપવામાં આવી હતી, પરંતુ શરતી રીતે અને મર્યાદિત સમયગાળા માટે. તેથી, અનુચ્છેદ ૩૦૬ ની હાંસિયા નોંધમાં આવી ઉઘરાતો અને જકાતોને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પરના નિયંત્રણો તરીકે યોગ્ય રીતે દર્શાવવામાં આવી છે. આવા વર્ણનનું કારણ એવા કર અને ઉઘરાતોનું ભેદભાવપૂર્ણ સ્વરૂપ હતું. ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં જોતાં, એ દલીલ કરવી નિરર્થક છે કે અનુચ્છેદ ૩૦૬ એ નક્કી કરવામાં કોઈ મદદ પૂરી પાડે છે કે શું કર મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો તરીકે કામ કરે છે કે કેમ. સેરવાઈએ તેમના ગ્રંથ (ઉપરોક્ત) ના નીચેના પરિચ્છેદમાં અનુચ્છેદ ૩૦૬ ના સાચા તાત્પર્યનો યોગ્ય રીતે સારાંશ આપ્યો છે:

> *"૨૪.૪૨. વળી, અનુચ્છેદ ૩૦૬ એ ભૂતપૂર્વ દેશી રાજ્યોને, જે ભાગ બી રાજ્યો બન્યા હતા, અન્ય રાજ્યોમાંથી તેવા રાજ્યોમાં માલની આયાત પર કોઈપણ કર અથવા જકાત લાદવાનું ચાલુ રાખવા માટે અને મર્યાદિત સમયગાળા માટે આવા રાજ્યોમાંથી માલની નિકાસ પર જકાત લાદવા*

*માટે સક્ષમ બનાવ્યા હતા. આ જોગવાઈ ઘડવાનું કારણ સરળ છે. પ્રથમ તો, ભાગ બી રાજ્યો બ્રિટિશ ભારતની સામે અને અન્ય દેશી રાજ્યોની સામે સાર્વભૌમ રાજ્યો હોવાનો દાવો કરતા હતા, જેથી બ્રિટિશ ભારતના પ્રાંતો દેશી રાજ્યોના સંબંધમાં અને દેશી રાજ્યો એકબીજા માટે વિદેશી રાજ્યો જેવા હતા. દેશી રાજ્યો દ્વારા લાદવામાં આવતી આયાત અને નિકાસની જકાતો એ રીતે કસ્ટમ્સ ડ્યુટી હતી જે ટેરિફ અવરોધો ઊભા કરવા માટે જાણીતી છે. આમ માલની આયાત પરની કસ્ટમ્સ ડ્યુટી એક ટેરિફ દીવાલ ઊભી કરે છે જેને બહારના માલે પાર કરવી પડે છે કારણ કે આવી જકાત લાદતા દેશી રાજ્ય પર અન્ય રાજ્યોમાં ઉત્પાદિત અને બનાવેલા સમાન માલ પર કોઈ અનુરૂપ જકાત લાદવાની કોઈ જવાબદારી હોતી નથી. અને નિકાસની જકાતો માટે પણ આ જ વાત સાચી છે કારણ કે તે માલને રાજ્યની બહાર જતો અસરકારક રીતે અટકાવી શકે છે, એવા રાજ્યોમાં તેને વેચાણ અયોગ્ય બનાવીને જ્યાં માલ પર આવો કોઈ કર નથી અથવા ઘણો ઓછો કર લાગે છે. કરવેરાની આ યોજના મૂળભૂત રીતે આપણા સંવિધાનની યોજનાથી વિરુદ્ધ છે કારણ કે ભારતના રાજ્યો એકબીજા માટે વિદેશી રાજ્યો નથી, અને કોઈપણ રાજ્ય અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ પર જકાત કે કસ્ટમ્સ લાદી શકતું નથી, કારણ કે કોઈપણ રાજ્ય પાસે કસ્ટમ્સ ડ્યુટી લાદવાની સત્તા નથી. વિદેશી દેશોના સંબંધમાં તે સત્તા માત્ર સંસદની છે. બીજું, જ્યાં સુધી અન્ય રાજ્યોમાંથી આયાતનો સંબંધ છે ત્યાં સુધી આવી જકાતો સામાન્ય*

*રીતે અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરશે. જોકે, દેશી રાજ્યોની આવક વધતે-ઓછે અંશે કસ્ટમ્સ ડ્યુટી પર નિર્ભર હોવાથી, તેના પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાથી તે રાજ્યોની નાણાકીય વ્યવસ્થા ખોરવાઈ ગઈ હોત. તેથી, મર્યાદિત સમયગાળા માટે, આ જકાતો ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી."*

અમે ઉપર જે કંઈ કહ્યું છે તે તમામ બાબતોને જોતાં, વેપારીઓ વતી કરવામાં આવેલી દલીલને નકારી કાઢતાં અમને કોઈ સંકોચ નથી.

૧૦૯. ત્યારબાદ વેપારીઓ વતી એવી દલીલ કરવામાં આવી હતી કે કરનો અવાજબી રીતે ઊંચો દર આપમેળે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતું એક નિયંત્રણ બની શકે છે. વેપારીઓના વિદ્વાન વકીલના જણાવ્યા અનુસાર, અતિયાબારીના કેસ (ઉપરોક્ત) માં મુખ્ય ન્યાયમૂર્તિ સિંહા દ્વારા આપવામાં આવેલા લઘુમતી ચુકાદામાં પણ આ બાબત સ્વીકારવામાં આવી હતી. જો એમ હોય, તો આવું નિયંત્રણ સંવિધાનિક આવશ્યકતાઓને પરિપૂર્ણ કરી શકે તે માટેનો એકમાત્ર રસ્તો સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જોગવાઈના માધ્યમથી હોઈ શકે. અમારા મતે, તે દલીલમાં પણ કોઈ વજૂદ નથી અને અમે બે ચોક્કસ કારણોસર આવું કહીએ છીએ. પ્રથમ તો એટલા માટે કે કર, ભલે તે ઊંચો હોય કે નીચો, તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણ બનતો નથી. ભાગ ૧૩ ની જોગવાઈઓની અમારી શાબ્દિક સમજણના આધારે અમે ચુકાદાના અગાઉના ફકરાઓમાં તેમ ઠેરવેલ છે, જે સંદર્ભગત અર્થઘટન

સાથે મેળ ખાય છે. એમ હોવાથી, કર ભારે બોજો નાખે છે તે માત્ર હકીકત એવું ઠેરવવા માટેનું કોઈ કારણ નથી કે તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરનું નિયંત્રણ છે. આવો કોઈપણ અતિશય કર બોજો સંવિધાનના ભાગ ૩ હેઠળ પડકારવા માટે ખુલ્લો હોઈ શકે છે પરંતુ બોજાનું પ્રમાણ પોતે જ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની વિરુદ્ધના નિયંત્રણ તરીકે આ ઉઘરાતને રદબાતલ ઠેરવવા માટે વાજબી ઠરશે નહીં.

૧૧૦. બીજું એટલા માટે કે, કર લાદવો એ સાર્વભૌમત્વનું એક લક્ષણ અને એક અનિવાર્ય આવશ્યકતા બંને છે. કોઈપણ જવાબદાર સરકાર કર લાધા અને એકત્ર કર્યા વિના ચાલી શકે નહીં કારણ કે કર દ્વારા જ સરકારો ચાલે છે અને સામાન્ય જનહિતના ઉદ્દેશ્યો પ્રાપ્ત થાય છે. તેથી, કરવેરાની જરૂરિયાત પાછળના વૈચારિક અથવા ન્યાયિક આધાર અંગે વેપારીઓના વિદ્વાન વકીલ દ્વારા કોઈ વિવાદ કરવામાં આવ્યો નથી અને અમારા મતે, યોગ્ય રીતે જ વિવાદ કરાયો નથી. સરકારની જરૂરિયાતો પૂરી કરવા માટે કરવેરા આવશ્યક છે તે અન્યથા પણ સુસ્થાપિત છે. થોમસ એમ. કુલી દ્વારા લિખિત "અ ટ્રીટાઇઝ ઓન ધ કોન્સ્ટીટ્યુશનલ લિમિટેશન્સ" (૮મી આવૃત્તિ ૧૯૨૭ – વોલ્યુમ ૨ પૃષ્ઠ ૯૮૬) નો સંદર્ભ આ મુદ્દાને પ્રશંસનીય સ્પષ્ટતા સાથે સ્પષ્ટ કરે છે. કરવેરાની સત્તા સાથે વ્યવહાર કરતી વખતે કુલી જણાવે છે:

> *"જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવા સારુ વ્યક્તિઓ અથવા મિલકત પર વૈધાનિક સત્તા દ્વારા લાદવામાં આવતા બોજા અથવા ચાર્જ તરીકે*

*કરની વ્યાખ્યા કરવામાં આવે છે. કર લાદવાની સત્તા આવશ્યકતા પર આધારિત છે, અને તે પ્રત્યેક સાર્વભૌમત્વમાં અંતર્ગત છે. દરેક મુક્ત રાજ્યનું વિધાનમંડળ વૈધાનિક સત્તાના સામાન્ય પ્રદાન હેઠળ તે ધરાવશે, ભલે તેના દ્વારા ઉપયોગમાં લેવાની સત્તાઓમાં સંવિધાનમાં તેનો વિશેષ રૂપે ઉલ્લેખ કરવામાં આવ્યો હોય કે નહીં. તેના વિના કોઈપણ સંવિધાનિક સરકાર અસ્તિત્વ ધરાવી શકે નહીં, અને નિયમિત અને સ્થિર કરવેરા વિનાની કોઈપણ મનસ્વી સરકાર દમનકારી અને ત્રાસદાયક સરમુખત્યારશાહી સિવાય બીજું કંઈ હોઈ શકે નહીં, કારણ કે કરવેરાનો એકમાત્ર વિકલ્પ સત્તામાં રહેલા લોકો જેમને ભોગ બનનાર તરીકે પસંદ કરે તેવી વ્યક્તિઓ અથવા વસ્તુઓ પાસેથી સરકારની જરૂરિયાતો માટે કરવામાં આવતી બળજબરીપૂર્વકની ખંડણી જ હશે."*

૧૧૧. મેકકુલોચ વિ. મેરીલેન્ડ, ૧૭ યુ.એસ. ૩૧૬ (૧૮૧૯) માં આવતા નીચેના પરિચ્છેદનો પણ સંદર્ભ લઈ શકાય છે જ્યાં મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલે કરવેરાની સત્તાને માન્યતા આપી હતી અને દર્શાવ્યું હતું કે આવી સત્તાના દુરુપયોગ સામે એકમાત્ર સુરક્ષા સરકારના પોતાના માળખામાં જ રહેલી છે. કોર્ટે જણાવ્યું કે:

*"૪૩. ... .. .એ સ્વીકારવામાં આવે છે કે લોકો અને તેમની મિલકત પર કર લાદવાની સત્તા સરકારના અસ્તિત્વ માટે જ આવશ્યક છે, અને જે બાબતો પર તે લાગુ પડે છે તેના પર સરકાર તેને જ્યાં સુધી લઈ જવાનું*

*પસંદ કરે તે મહત્તમ હદ સુધી કાયદેસર રીતે તેનો ઉપયોગ કરી શકાય છે. આ સત્તાના દુરુપયોગ સામેની એકમાત્ર સુરક્ષા સરકારના પોતાના માળખામાં જ જોવા મળે છે. કર લાદવામાં, વિધાનમંડળ તેના મતદારો પર કાર્ય કરે છે. આ, સામાન્ય રીતે, ભૂલભરેલા અને દમનકારી કરવેરા સામે પૂરતી સુરક્ષા છે.*

*૭૭. તેથી, રાજ્યના લોકો તેમની સરકારને પોતાની જાત પર અને પોતાની મિલકત પર કર લાદવાનો અધિકાર આપે છે; અને સરકારની તાકીદની જરૂરિયાતો સીમિત હોઈ શકે નહીં તેથી, તેઓ આ અધિકારના ઉપયોગ માટે કોઈ મર્યાદા નક્કી કરતા નથી, તેના દુરુપયોગ સામે તેમનું રક્ષણ કરવા માટે ધારાસભ્યના હિત પર અને તેમના પ્રતિનિધિ પર મતદારોના પ્રભાવ પર વિશ્વાસપૂર્વક આધાર રાખે છે."*

૧૧૨. આ જ મતનો આ કોર્ટનો મદ્રાસ રાજ્ય વિ. એન. કે. નટરાજ મુદલિયાર (એ.આઇ.આર. ૧૯૬૯ એસ.સી. ૧૪૭) નો નિર્ણય છે જ્યાં આ કોર્ટે માન્ય રાખ્યું હતું કે કરના અયોગ્ય રીતે ઊંચા દર લાદવા સામે રાજકીય અને આર્થિક પરિબળો કાર્ય કરશે. કોર્ટે જણાવ્યું કે:

*"૧૬.... ... ...વળી, લોકશાહી સંવિધાનમાં કરના અયોગ્ય રીતે ઊંચા દર લાદવા સામે રાજકીય પરિબળો કામ કરશે. કોઈ ચીજવસ્તુના વેચાણ પરના કરનો દર સામાન્ય રીતે મનસ્વી બાબતો પર આધારિત હોઈ શકે નહીં, પરંતુ કોઈ ચોક્કસ ચીજવસ્તુમાં વેપારની સુવિધા, આંતરિક અને*

*બાહ્ય બજારની સ્થિતિ – અને ઊંચા કરના દર સહિતના ભાવથી ગ્રાહકો દૂર ભાગી ન જાય તેની સંભાવનાના પ્રકાશમાં હોય છે. કલમ ૮ ની પેટા–કલમ (૫) તરફ પણ ધ્યાન દોરવું જોઈએ જે રાજ્ય સરકારને, કલમ ૮ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, જાહેર હિતમાં આંતર–રાજ્ય વેપાર અથવા વાણિજ્ય પર કર માફ કરવાની અથવા વેચાણ પર નીચા દરે કર લાદવાની સત્તા આપે છે. એ સ્પષ્ટ છે કે વિધાનમંડળે વિચારણા કરી છે કે આર્થિક પરિબળો સાથે સુસંગત દરોની સ્થિતિસ્થાપકતા જાળવી રાખવાનો સ્પષ્ટ આશય રાખવામાં આવ્યો છે. "*

૧૧૩. સદર નિર્ણયમાંથી નીચેનો પરિચ્છેદ પણ પ્રસ્તુત છે જ્યાં આ કોર્ટે ઠેરવેલ કે વેપારનો મુક્ત પ્રવાહ અનિવાર્યપણે કરના દર પર નિર્ભર નથી પરંતુ વિવિધ પરિબળો પર નિર્ભર છે જેને કોર્ટે નીચેના શબ્દોમાં ઓળખી બતાવ્યા હતા:

*"૧૪. ... ... ... વેપારનો પ્રવાહ અનિવાર્યપણે વેચાણવેરાના દર પર નિર્ભર નથી: તે વિવિધ પરિબળો પર નિર્ભર છે, જેમ કે પુરવઠાનો સ્ત્રોત, વપરાશનું સ્થળ, વેપાર માર્ગોનું અસ્તિત્વ, નૂરના દર, વેપારની સુવિધાઓ, કાર્યક્ષમ પરિવહનની ઉપલબ્ધતા અને વેપાર ચલાવવા માટેની અન્ય સુવિધાઓ. એવા કિસ્સાઓની સહેલાઈથી કલ્પના કરી શકાય છે જેમાં દેશના કોઈ ચોક્કસ ભાગમાં કરનો ઓછો દર હોવા છતાં, માલ અન્ય ભાગમાંથી ખરીદી શકાય છે, જ્યાં કરનો ઊંચો દર પ્રવર્તે છે.*

*માની લો કે કોઈ ચોક્કસ રાજ્યમાં કોઈ ચીજવસ્તુના સંદર્ભમાં કરનો દર ૨ ટકા છે પરંતુ જો તે નીચા દરનો લાભ એ નૂર દ્વારા સરભર થઈ જતો હોય કે જે અન્ય રાજ્યના વેપારીએ તે ચીજવસ્તુને લાંબા અંતર સુધી લઈ જવા માટે ચૂકવવું પડી શકે છે, તો તે વેપારી નજીકના રાજ્યમાંથી માલ ખરીદવા તૈયાર થશે, ભલે તે રાજ્યમાં કરનો દર વધુ હોય. લાંબા સમયના વ્યાપારી સંબંધોનું અસ્તિત્વ, સંદેશાવ્યવહારની ઉપલબ્ધતા, ધિરાણ સુવિધાઓ અને અન્ય ઘણા પરિબળો – કુદરતી અને વ્યાપારી – વ્યાપારી સંબંધોની જાળવણીમાં ભાગ ભજવે છે અને માત્ર એટલા કારણે વેપારનો મુક્ત પ્રવાહ અવરોધાયો હોવાનું અનિવાર્યપણે માની શકાય નહીં કે કોઈ ચોક્કસ રાજ્યમાં વેચાણ પરના કરનો દર અન્ય રાજ્યોમાં પ્રવર્તતા દરો કરતાં વધુ છે."*

૧૧૪. વેપારીઓના કાઉન્સેલ દ્વારા મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદા પર રાખવામાં આવેલ આધાર પણ, અમારા મતે, તેમને કોઈ રીતે ઉપયોગી નથી. કરવેરાને ભારતના સંવિધાનના ભાગ ૧૩ ના વ્યાપ બહાર હોવાનું ઠેરવ્યા પછી, તેમણે નીચે મુજબનાં અવલોકનો કર્યા હતા:

*"૧૭. ... ... ... જો વિધાનમંડળ દ્વારા એવો કર લાદતો કોઈ કાયદો પસાર કરવામાં આવે જે તેના સાચા સ્વરૂપ અને પરિણામમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદવાનો ઇરાદો ધરાવતો હોય, ઉદાહરણ તરીકે, ઊંચી ટેરિફ દીવાલ લાદીને,*

*અથવા રાજ્યમાં થતી આયાતો કે રાજ્ય બહાર થતી નિકાસોને રોકીને, તો આવો કાયદો સ્વયં કરવેરાના મહત્વની બહાર છે, પરંતુ તે વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે કે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો સંવિધાન નિર્માતાઓનો ઈરાદો હતો."*

૧૧૫. ઉપરોક્તનું કાળજીપૂર્વકનું વાંચન દર્શાવશે કે મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ધ્યાનમાં બે પરિસ્થિતિઓ હતી. એક, જ્યાં રાજ્ય રાજ્યમાં થતી આયાતો અને રાજ્ય બહાર થતી નિકાસોને રોકે છે અને બીજી, જ્યાં રાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદવાના હેતુથી ઊંચી ટેરિફ દીવાલ લાદે છે. જ્યાં સુધી પ્રથમ શ્રેણી એટલે કે રાજ્યમાં આયાત અને રાજ્ય બહાર નિકાસ પર પ્રતિબંધ મૂકતા કાયદાઓનો સંબંધ છે, તે ભાગ ૧૩ ની વિચારણા હેઠળના નિયંત્રણોના સંદર્ભમાં એક નિયંત્રણ તરીકે કામ કરશે અને સદર ભાગ જે રીતે અને જે હદ સુધી તેમ કરવાની મંજૂરી આપે છે તે રીતે તે અનુમતિપાત્ર હોઈ શકે છે, પરંતુ, બીજા કિસ્સામાં, એટલે કે વિધાનમંડળ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ તરીકે કામ કરે તે રીતે ઊંચી ટેરિફ દીવાલ લાદે છે, તેમાં નોંધપાત્ર મુશ્કેલીઓ રહેલી છે. આવું એટલા માટે છે કારણ કે ચુકાદામાં એ વિગતે જણાવવામાં આવ્યું નથી કે કર નિયંત્રણ/અવરોધ તરીકે કામ કરે તે માટે શું ઊંચી ટેરિફ દીવાલ ગણાશે.

૧૧૬. દલીલો દરમિયાન પક્ષકારોના કાઉન્સેલને વારંવાર પૂછવામાં આવ્યું હતું કે શું ઉપર ટાંકવામાં આવેલા પરિચ્છેદમાં ઉલ્લેખિત દીવાલની ઊંચાઈ

અને પહોળાઈ નક્કી કરવા માટે કોઈ ઉદ્દેશ્યપૂર્ણ ધોરણો અને માપદંડો વિકસાવી શકાય છે. જો કે, તેઓ આવા કોઈ માપદંડો સૂચવવામાં અસમર્થ રહ્યા હતા. તેઓએ વાજબી રીતે સ્વીકાર્યું હતું કે કોર્ટ સમક્ષ ઉપસ્થિત થતી અસંખ્ય પરિસ્થિતિઓને લાગુ પડે તેવા આવા કોઈ માપદંડ વિકસાવવા અશક્ય નહીં તો મુશ્કેલ જરૂર હતા. આનો અર્થ એ થાય છે કે ટેરિફ દીવાલનો સિદ્ધાંત વાસ્તવમાં ભાંગી પડે છે અને તે ન્યાયિક રીતે સંચાલનક્ષમ પરિમાણોને અનુરૂપ નથી. જે એક પક્ષકાર માટે ઊંચી ટેરિફ દીવાલ અથવા નાણાકીય અવરોધ જણાય તે અન્ય માટે ન પણ હોય. વેપારીઓની એક શ્રેણી માટે જે નાણાકીય દીવાલ કે અવરોધ બની શકે છે તે અન્ય શ્રેણીઓ માટે ન પણ હોઈ શકે. તેવી જ રીતે, કોઈ ચોક્કસ ચીજવસ્તુ પર નિયત દરે કર ઊંચો હોઈ શકે છે પરંતુ અન્ય ચીજવસ્તુના સંદર્ભમાં વાજબી હોઈ શકે છે. એટલું કહેવું પૂરતું છે કે જ્યારે તેનો અમલ કરવાની અથવા તેને પ્રભાવશાળી બનાવવાની વાત આવે છે ત્યારે નાણાકીય દીવાલનો સિદ્ધાંત ગંભીર મુશ્કેલીઓમાં મુકાય છે. સદર સિદ્ધાંત પાછળનો તર્ક વાસ્તવમાં તૂટી પડે છે અને નિષ્ફળ નીવડે છે. આવી સ્થિતિ હોવાથી, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના લઘુમતી ચુકાદામાં પ્રતિપાદિત નાણાકીય દીવાલનો સિદ્ધાંત વાસ્તવમાં વ્યવહારુ નથી અને અમને સ્વીકાર્ય જણાયો નથી તેવું ઠેરવવામાં અમને લેશમાત્ર સંકોચ નથી. તેના પરથી એ ફલિત થાય છે કે માત્ર કર ઊંચો છે તે તેના સ્વરૂપને બદલવા અને ભાગ ૧૩ ના અર્થમાં નિયંત્રણનું સ્વરૂપ ધારણ કરવા માટેનું કોઈ કારણ નથી, ભલે આવા ભારે બોજથી વ્યથિત કોઈપણ વ્યક્તિને ભારતના સંવિધાનના ભાગ ૩ હેઠળ તેને ઉપલબ્ધ હોય તેવા તમામ કારણોસર

તેને પડકારવાની સ્વતંત્રતા રહેશે. અમે એ હકીકતથી વાકેફ છીએ કે આ કોર્ટના કેટલાક નિર્ણયો – રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૫૬૩; ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વગેરે વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪; વાય. વી. શ્રીનિવાસમૂર્તિ અને અન્ય વિ. મૈસૂર રાજ્ય અને અન્ય એ.આઇ.આર. ૧૯૫૯ એસ.સી. ૮૯૪; ડી. જી. ગોસ એન્ડ કંપની (એજન્ટ્સ) (પ્રા.) લિ. વિ. કેરળ રાજ્ય અને અન્ય (૧૯૮૦) ૨ એસ.સી.સી. ૪૧૦; એ. સુરેશ અને અન્ય વિ. તામિલનાડુ રાજ્ય અને અન્ય (૧૯૯૭) ૧ એસ.સી.સી. ૩૧૯ માં જાહેર કરવામાં આવ્યું છે કે માત્ર કર ભારે હોવાના કારણે તે ભાગ ૩ થી વિપરીત ગણાય નહીં, પરંતુ અવાજબી રીતે ઊંચા કરના દરથી વ્યથિત કોઈપણ વ્યક્તિ દ્વારા યોગ્ય કેસોમાં જ્યારે પણ આવો કોઈ પડકાર કરવામાં આવે ત્યારે તેની તપાસ કરવા માટે અમે તે પ્રશ્નને ખુલ્લો રાખીએ છીએ.

૧૧૭. આ બાબત આપણને એ પ્રશ્ન તરફ દોરી જાય છે કે શું અનુચ્છેદ ૩૦૩ માં આવતો શબ્દપ્રયોગ "વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" કર લાદવા સંબંધિત પ્રવિષ્ટિઓનો પણ સમાવેશ કરવા માટે પૂરતો વ્યાપક છે. અન્ય લોકો ઉપરાંત શ્રી દાતાર દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલ એ છે કે સદર અનુચ્છેદમાં આવતા શબ્દપ્રયોગ "વેપાર અને વાણિજ્ય સંબંધિત" નું ઉદારતાપૂર્વક અર્થઘટન થવું જોઈએ જેથી માત્ર યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૨, યાદી ૨ ની પ્રવિષ્ટિ ૨૬ અને યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ નો જ નહીં પરંતુ

સંસદ અને રાજ્ય વિધાનમંડળોને કર લાદવાની સત્તા આપતી અન્ય પ્રવિષ્ટિઓનો પણ સમાવેશ થાય. તે તર્ક દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે કર લાદવાને પણ ભાગ ૧૩ ની વિચારણા હેઠળ નિયંત્રણ તરીકે ગણવામાં આવે છે, જેથી વિધાનમંડળ માટે તેમ કરવા સારું અનુચ્છેદ ૩૦૪(બી) અને તેના પરંતુકનો આશરો લેવો જરૂરી બને છે. અમારા મતે તે દલીલમાં પણ કોઈ વજૂદ નથી.

૧૧૮. અમે બે ચોક્કસ કારણોસર આવું કહીએ છીએ. પ્રથમ તો એટલા માટે કે વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ આપમેળે વિધાનમંડળને કર લાદવાની સત્તા આપવા માટે પૂરતી નથી. સંવિધાનનું માળખું એવું છે કે કરવેરાની પ્રવિષ્ટિ અન્ય પ્રવિષ્ટિઓથી અલગ છે અને કર લાદવો ત્યારે જ શક્ય બને છે જ્યારે એવી કોઈ પ્રવિષ્ટિ હોય કે જે સક્ષમ વિધાનમંડળને તે લાદવાની સત્તા આપતી હોય. આ તફાવત આ કોર્ટના ન્યાયિક નિર્ણયો દ્વારા લાંબા સમયથી જાળવી રાખવામાં આવ્યો છે. આ સંદર્ભમાં અમે એમ.પી.વી. સુંદરરામિયરના કેસ (પૂર્વોક્ત) નો સંદર્ભ લઈ શકીએ છીએ જ્યાં આ કોર્ટે જાહેર કર્યું છે:

> *"૫૧. યાદી ૧ માં, પ્રવિષ્ટિઓ ૧ થી ૮૧ એવી વિવિધ બાબતોનો ઉલ્લેખ કરે છે જેના પર કાયદો ઘડવાની સત્તા સંસદ પાસે છે. પ્રવિષ્ટિઓ ૮૨ થી ૯૨ એવા કરવેરાઓની ગણતરી કરે છે જે સંસદના કાયદા દ્વારા લાદી શકાય છે. પ્રવિષ્ટિઓના આ બે જૂથોની ચકાસણી દર્શાવે છે કે જ્યારે*

કાયદા ઘડવાનો મુખ્ય વિષય પ્રથમ જૂથમાં આવે છે, ત્યારે તેના સંબંધિત કર બીજા જૂથમાં અલગથી દર્શાવવામાં આવ્યો છે. આમ, યાદી ૧ માં પ્રવિષ્ટિ ૨૨ "રેલ્વે" છે, અને પ્રવિષ્ટિ ૮૯ "રેલ્વે, સમુદ્ર અથવા હવાઈ માર્ગે લઈ જવામાં આવતા માલ અથવા મુસાફરો પર ટર્મિનલ કર; રેલ્વે ભાડા અને નૂર પરના કર" છે. જો પ્રવિષ્ટિ ૨૨ નું અર્થઘટન કર લાદવાનો સમાવેશ કરતું કરવામાં આવે, તો પ્રવિષ્ટિ ૮૯ નિરર્થક બની જશે. પ્રવિષ્ટિ ૪૧ માં "વિદેશી દેશો સાથે વેપાર અને વાણિજ્ય; કસ્ટમ્સ સરહદો પાર આયાત અને નિકાસ" નો ઉલ્લેખ છે. જો આ શબ્દપ્રયોગોનું અર્થઘટન તે વેપાર અને વાણિજ્યના સંદર્ભમાં લાદવામાં આવતી જકાતનો સમાવેશ કરતું કરવામાં આવે, તો પ્રવિષ્ટિ ૮૩ કે જે "નિકાસ જકાત સહિતની કસ્ટમ્સ જકાત" છે તે સંપૂર્ણપણે બિનજરૂરી બની જશે. પ્રવિષ્ટિઓ ૪૩ અને ૪૪ કોર્પોરેશનોની સ્થાપના, નિયમન અને વિસર્જન સાથે સંબંધિત છે. પ્રવિષ્ટિ ૮૫ કોર્પોરેશન ટેક્સ માટે અલગથી જોગવાઈ કરે છે. યાદી ૨ તરફ વળતાં, પ્રવિષ્ટિઓ ૧ થી ૪૪ એક જૂથ બનાવે છે જેમાં એવા વિષયોનો ઉલ્લેખ છે જેના પર રાજ્યો કાયદો ઘડી શકે છે. તે યાદીમાં પ્રવિષ્ટિઓ ૪૫ થી ૬૩ બીજું જૂથ બનાવે છે, અને તે કરવેરા સાથે સંબંધ ધરાવે છે. ઉદાહરણ તરીકે, પ્રવિષ્ટિ ૧૮ "જમીન" છે અને પ્રવિષ્ટિ ૪૫ "જમીન મહેસૂલ" છે. પ્રવિષ્ટિ ૨૩ "ખાણોનું નિયમન" છે અને પ્રવિષ્ટિ ૫૦ "ખનિજ અધિકારો પર કર" છે. ઉપરોક્ત વિશ્લેષણ – અને તે યાદીઓની પ્રવિષ્ટિઓ માટે સંપૂર્ણ નથી – એવા અનુમાન તરફ

*દોરી જાય છે કે કરવેરાનો મુખ્ય વિષયમાં સમાવેશ કરવાનો ઈરાદો નથી જેમાં વિસ્તૃત અર્થઘટન પર તેને સમાવિષ્ટ ગણવામાં આવી શકે છે, પરંતુ વિધાનિક સક્ષમતાના હેતુઓ માટે તેને એક અલગ બાબત તરીકે ગણવામાં આવે છે. અને આ તફાવત સંવિધાનના અનુચ્છેદ ૨૪૮, ખંડ (૧) અને (૨) ની ભાષામાં તેમજ યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૭ ની ભાષામાં પણ સ્પષ્ટપણે જણાય છે. ઉપરોક્ત યોજનાના સંદર્ભમાં પ્રવિષ્ટિ ૪૨ નું અર્થઘટન કરતાં, એવા નિષ્કર્ષનો પ્રતિકાર કરવો મુશ્કેલ છે કે પ્રવિષ્ટિ ૪૨ હેઠળ આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય પર કાયદો ઘડવાની સંસદની સત્તામાં આવા વેપાર અને વાણિજ્ય દરમિયાન વેચાણ પર કર લાદવાની સત્તાનો સમાવેશ થતો નથી."*

**** *** ****

*૫૫. સારાંશમાં: (૧) પ્રવિષ્ટિ ૫૪ એ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટની પ્રવિષ્ટિ ૪૮ ની અનુગામી છે, અને જ્યાં સુધી સંવિધાનમાં તેનાથી કંઈ પ્રતિકૂળ ન હોય ત્યાં સુધી તેમાં આંતર-રાજ્ય વેચાણ પરના કરનો સમાવેશ થાય છે તેવું અર્થઘટન કરવું કાયદેસર રહેશે અને એવું કંઈ પ્રતિકૂળ નથી. (૨) યાદીઓમાં પ્રવિષ્ટિઓના માળખા હેઠળ, કરવેરાને એક અલગ બાબત તરીકે ગણવામાં આવે છે અને અલગથી દર્શાવવામાં આવે છે. ... ... ... "*

૧૧૯. ઉપરોક્ત નિર્ણય, અમારા મતે, કાનૂની સ્થિતિનું સાચું પ્રતિપાદન છે, જેના સંદર્ભમાં એ સમજવું મુશ્કેલ છે કે વેપાર અને વાણિજ્ય સંબંધિત

પ્રવિષ્ટિઓમાં કર લાદવાનો પણ સમાવેશ થાય છે તેમ કેવી રીતે સમજી શકાય. તે ઉપરાંત, અમે અગાઉ દર્શાવેલા કારણોસર એકવાર કરવેરા ભાગ ૧૩ ની બહાર હોવાનું ઠેરવવામાં આવ્યા પછી, અનુચ્છેદ ૩૦૩ ના કોઈ નબળા અર્થઘટન કે સમજણ દ્વારા અમે તેને સદર ભાગમાં ફરી પાછા લાવી શકીએ એવો કોઈ રસ્તો નથી. અમે અગાઉ સમજાવ્યા મુજબ, અનુચ્છેદ ૩૦૩ એ અનુચ્છેદ ૩૦૨ નો અપવાદ છે, કારણ કે તે જાહેર હિતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા માટે અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદને આપવામાં આવેલી સત્તાને મર્યાદિત કરે છે. અનુચ્છેદ ૩૦૩(૨) દ્વારા આવરી લેવાયેલી પરિસ્થિતિ એટલે કે ભારતના પ્રદેશના કોઈપણ ભાગમાં માલની અછતથી ઉદ્ભવતી પરિસ્થિતિ સિવાય, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપે તે રીતે અનુચ્છેદ ૩૦૨ હેઠળ સત્તાનો ઉપયોગ કરી શકાતો નથી. બાર દ્વારા આવું અર્થઘટન ઘડી કાઢવામાં તેમની કુશળતા હોવા છતાં, અમે આ અનુચ્છેદમાં કોઈ કૃત્રિમ રીતે વિસ્તૃત અર્થ જોડી શકીએ નહીં.

૧૨૦. મુદલિયારના કેસ (પૂર્વોક્ત) માં આપેલા નિર્ણય પર આધાર રાખીને કરદાતા વતી એવી દલીલ કરવામાં આવી હતી કે આ કોર્ટે સેન્ટ્રલ સ્ટેટ ટેક્સ એક્ટની બંધારણીય માન્યતાને એ કારણસર માન્ય રાખી હતી કે આવો કર ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૨ ની વિચારણા હેઠળ જાહેર હિતમાં હતો, તેથી, તે કાયદેસર રીતે લાદવાપાત્ર હતો. વિદ્વાન કાઉન્સેલના જણાવ્યા અનુસાર, આનો અર્થ એ થયો કે કરને એક નિયંત્રણ તરીકે સ્વીકારવામાં આવ્યો હતો કે જે માત્ર ત્યારે જ લાદી શકાય જો તે અનુચ્છેદ ૩૦૨ માં નિર્ધારિત કર્યા

મુજબ જાહેર હિતમાં હોવાનું જણાય. અમને તે દલીલ ફગાવી દેવામાં કોઈ મુશ્કેલી નથી. મુદલિયારના કેસમાં, આ કોર્ટ અતિયાબારીના કેસમાં મોટી બેંચના નિર્ણયથી બંધાયેલી હતી અને તેનું પાલન કર્યું હતું જેમાં ઠેરવવામાં આવ્યું હતું કે કરવેરા પણ મુક્ત વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો હોઈ શકે છે જો તેઓ તેમના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ અને તુરંત અવરોધતા હોય. અમે, આ ચુકાદાના અગાઉના ભાગમાં, ભાગ ૧૩ ની જોગવાઈ અને સંવિધાનના માળખાના યોગ્ય અર્થઘટન પર તે દ્રષ્ટિકોણને કાયદાકીય રીતે અસમર્થનીય ઠેરવ્યો છે. અતિયાબારીના કેસનો જે આધાર પર નિર્ણય લેવામાં આવ્યો હતો તે આધાર જ એકવાર ખામીયુક્ત ઠેરવવામાં આવે, પછી તે નિર્ણયના રેશિયોનું માત્ર પાલન કરનાર મુદલિયાર ચકાસણી સામે ટકી શકે નહીં. જો કરવેરાને ભાગ ૧૩ ના વ્યાપ બહાર ગણવામાં આવે તો સેન્ટ્રલ સેલ્સ ટેક્સ અનુચ્છેદ ૩૦૨ ના સંદર્ભમાં માન્ય હતો કારણ કે આવો કર જાહેર હિતમાં હતો તેવી દલીલ માત્ર સૈદ્ધાંતિક બની જાય છે. આ બાબત આકસ્મિક રીતે અન્ય દરેક નિર્ણયના સંદર્ભમાં પણ સાચી ઠરશે જ્યાં નાની સંખ્યા ધરાવતી બેંચોએ સમાન અન્ય કાયદાઓ સાથે વ્યવહાર કર્યો હતો અને અતિયાબારી કેસના રેશિયોને અનુસરીને દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો.

૧૨૧. આ તબક્કે અમે કરદાતાઓ વતી રજૂ કરવામાં આવેલી અન્ય એક દલીલ પર વિચારણા કરી શકીએ છીએ જેમણે એવી દલીલ કરી હતી કે જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યમાંથી આવતા માલના સંદર્ભમાં ભેદભાવપૂર્ણ નાણાકીય કાયદા પર પ્રતિબંધ મૂકે છે, ત્યારે એવી કોઈ જોગવાઈ નહોતી કે જે

રાજ્યોને તેની પ્રાદેશિક સીમાઓની અંદર ભેદભાવપૂર્ણ કર લાદતા અટકાવે. એવી દલીલ હતી કે રાજ્યની અંદર ભેદભાવપૂર્ણ કરવેરા સામે કોઈ જોગવાઈ ન હોવાનો અર્થ એ થવો જોઈએ કે કર સામાન્ય રીતે નિયંત્રણો હશે અને જ્યાં સુધી રાજ્યો અનુચ્છેદ ૩૦૪(બી) નો આશરો ન લે ત્યાં સુધી તેઓ તેમની પ્રાદેશિક સીમાઓ અંદર વેપાર અને વાણિજ્ય પર આવા કર લાદી શકતા નથી. અમારા મતે, આ દલીલ નક્કર હોવા કરતાં હતાશાભરી વધુ છે. એ સાચું છે કે ભાગ ૧૩ રાજ્યોમાં ઉત્પાદિત માલ પર ભેદભાવપૂર્ણ કર લાદવા પર સ્પષ્ટપણે પ્રતિબંધ મૂકતો નથી, પરંતુ આવો કોઈ પ્રતિબંધ નથી તે હકીકતનો અર્થ અનિવાર્યપણે એવો નથી કે જો આવો ભેદભાવપૂર્ણ કરવેરો વાસ્તવમાં લાદવામાં આવે તો તે બંધારણીય રીતે માન્ય છે. રાજ્યના એક ભાગના માલ અને બીજા ભાગના માલ વચ્ચે પ્રતિકૂળ ભેદભાવ છે કે નહીં તે એક એવી બાબત છે જેનો નિર્ણય કેસ-દર-કેસના આધારે અને અનુચ્છેદ ૧૪ ની એરણ પર કરવો પડશે. આમ કહ્યા પછી, આપણે આપણી જાતને યાદ અપાવવાની જરૂર છે કે સંવિધાનના ભાગ ૧૩ નો ઉદ્દેશ્ય દેશી રાજ્યોએ લાદેલા નાણાકીય અને અન્ય અવરોધોમાંથી ઉદ્ભવતી મુશ્કેલીઓનો ઉકેલ લાવવાનો હતો અને જે મુક્ત વેપાર અને વાણિજ્યને ગંભીરપણે અવરોધતા હતા. સંવિધાન સભાની ચર્ચાઓ દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓ આવા અવરોધોને દૂર કરવા માટે ચિંતિત હતા. કર લાદવાના સંદર્ભમાં રાજ્યની અંદરનો આંતરિક ભેદભાવ ક્યારેય પડકારરૂપ માનવામાં આવ્યો ન હતો કારણ કે સંભવતઃ સંવિધાન સભાએ ક્યારેય તેને એવી

વાસ્તવિક શક્યતા તરીકે ગણી ન હતી જેના માટે ભેદભાવપૂર્ણ આંતરિક–રાજ્ય કર લાદવા પર પ્રતિબંધ મૂકતી કોઈ ચોક્કસ જોગવાઈની જરૂર પડે.

૧૨૨. કરદાતાઓ–વેપારીઓ વતી, આગળ એવી દલીલ કરવામાં આવી હતી કે રાજ્યમાં સ્થાનિક વિસ્તારની બહારથી માલની આયાત પર પ્રવેશ કર લાદવો એ સ્વયંભૂ ભેદભાવપૂર્ણ રહેશે જો આ રીતે આયાત કરાયેલ અથવા સમાન માલ રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત થતો ન હોય. વિદ્વાન કાઉન્સેલે દલીલ કરી હતી કે આવું એટલા માટે છે કારણ કે કરવેરો અસમાન રીતે લાગુ પડશે અને તેથી અનુચ્છેદ ૩૦૪(એ) માં સમાવિષ્ટ ભેદભાવ સામેની ખાતરીનું ઉલ્લંઘન થશે. તે રજૂઆતને પણ ફગાવી દેવામાં અમને કોઈ મુશ્કેલી નથી. તેનું કારણ સ્પષ્ટ છે. અમારા મતે, અનુચ્છેદ ૩૦૪(એ) ભેદભાવપૂર્ણ કરવેરા પર પ્રહાર કરે છે જેનો અર્થ એ થાય છે કે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ અને બહારથી આયાત કરવામાં આવતા માલ વચ્ચે કર અસમાન રીતે લાદવામાં આવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) માં ખાતરીનો સાર એ છે કે કરવેરાની બાબતમાં સમાન અથવા તેવા જ માલ સાથે સમાન વ્યવહાર કરવામાં આવે. તેથી, પ્રશ્ન એ છે કે જો પ્રવેશ કર લાદવાને પાત્ર માલ કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત ન થતો હોય તો શું તે ખાતરીનું ઉલ્લંઘન થાય છે. અમારો જવાબ નકારાત્મક છે. આ એટલા માટે છે કારણ કે જો રાજ્ય બહારનો માલ તે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલની સરખામણીમાં ગેરલાભની સ્થિતિમાં ન હોય તો કોઈ ભેદભાવનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એ સાચું છે કે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત ન થતા હોય તેવા માલ પર કર લાદવાથી આવો માલ વધુ મોંઘો થવાની સંભાવના છે

પરંતુ તે કરને ગેરબંધારણીય ગણવા માટે પૂરતું નથી. તેના પ્રજાજનોની જરૂરિયાતોથી વાકેફ એક સંવેદનશીલ સરકાર તેના પ્રજાજનો તેને પરવડી શકે તેટલા નીચા આવા કર રાખવા માટે ભારે દબાણ હેઠળ રહેશે. આપણી શાસન વ્યવસ્થામાં રહેલી લોકશાહી પ્રક્રિયાઓ અને દબાણો આ સંબંધમાં કોઈપણ વિચલનની આપમેળે કાળજી લેશે. જો કે, જે બાબત એકદમ સ્પષ્ટ છે તે એ છે કે માત્ર એટલા માટે કે જે માલ પર કર લાદવામાં આવ્યો છે તેવો સમાન અથવા તેવો જ માલ રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત થતો નથી, તેના આધારે અનુચ્છેદ ૩૦૪(એ) કર લાદવા પ્રત્યે નારાજગી દર્શાવશે નહીં. કલ્યાણી સ્ટોર્સ એ.આઇ.આર. ૧૯૬૬ એસ.સી. ૧૬૮૬ ના નિર્ણય પર આધાર રાખવો, અમારા મતે, કરદાતાઓને મદદરૂપ થતો નથી. તે કેસમાં બહુમતી ચુકાદાએ અનુચ્છેદ ૩૦૪(એ) ને કર અથવા જકાત લાદવાની સત્તાના સ્ત્રોત તરીકે જોયો હતો. અમે આ ચુકાદાના અગાઉના ભાગોમાં સમજાવ્યું છે કે કર/જકાત લાદવાની સત્તાનો સ્ત્રોત સાતમી અનુસૂચિમાં સમાવિષ્ટ ત્રણ યાદીઓની પ્રવિષ્ટિઓ સાથે વંચાણે લેવાતા સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ માં રહેલો છે. તે દ્રષ્ટિએ, અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્ય વિધાનમંડળોને આવી સત્તાઓની ઉપલબ્ધતાને માન્યતા આપતાં કર અથવા જકાત લાદવાની સત્તા પર માત્ર એક બંધારણીય નિયંત્રણ મૂકે છે. કર/જકાત લાદવા પરના નિયંત્રણો, જેમ કે અમે અગાઉના ફકરાઓમાં સમજાવ્યું છે, તે માત્ર ભેદભાવપૂર્ણ કર અને જકાત લાદવા પૂરતા સીમિત છે. કલ્યાણી સ્ટોર્સ જે હદ સુધી એવો મત અપનાવે છે કે કર લાદવાની સત્તા અનુચ્છેદ ૩૦૪(એ) માંથી શોધી શકાય છે, તે હદ સુધી તે નિર્ણય,

અમારા મતે, યોગ્ય નથી તેમજ એવું કહેવું પણ યોગ્ય નથી કે જે માલ પર કર લાદવામાં આવી રહ્યો છે તે રાજ્યમાં ઉત્પાદિત થતો ન હોવાથી કર લાદવાની સત્તા નષ્ટ થઈ જાય છે.

૧૨૩. કેટલાક કરદાતાઓ વતી ઉપસ્થિત રહીને શ્રી વેંકટરમને એવી દલીલ કરી હતી કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ એ ભાગ ૧૩ ના અનુચ્છેદ ૩૦૨ હેઠળ કેન્દ્ર દ્વારા પોતાની સત્તાનો ઉપયોગ કરવાનું એક ઉત્તમ ઉદાહરણ છે. તેમણે એવી દલીલ કરી હતી કે આ રીતે લાદવામાં આવેલા નિયંત્રણો એ દર્શાવે છે કે ભાગ ૧૩ ની વિચારણા હેઠળ કર અને નિયંત્રણો સમાનાર્થી છે.

૧૨૪. સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ એ છઠ્ઠા સુધારા અધિનિયમ, ૧૯૫૬ ને અનુસરીને ઘડવામાં આવ્યો હતો જેના દ્વારા આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન માલના વેચાણ અને ખરીદી પરના કરવેરાને સ્પષ્ટપણે સંસદની કાયદાકીય સક્ષમતાના વ્યાપમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં સુધી વિશેષ મહત્વના માલના વેચાણ કે ખરીદી પર કર લાદવાનો સંબંધ છે ત્યાં સુધી તેમાં રાજ્ય વિધાનમંડળની સત્તા પર નિયંત્રણો લાદવાની સત્તાનો સમાવેશ થતો હતો. છઠ્ઠા સુધારા અધિનિયમ ૧૯૫૬ દ્વારા ઉમેરવામાં આવેલી પ્રવિષ્ટિ ૯૨–એ સંસદને વેપાર અને વાણિજ્ય દરમિયાન વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અને ખરીદી પર કર લાદવાની સત્તા આપી. તે જ સુધારા દ્વારા રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૪ ને ફરીથી એવી રીતે તૈયાર કરવામાં આવી હતી જેથી માલના વેચાણ

અને ખરીદી પરના કરને ચાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૨–એ ની જોગવાઈઓને આધીન બનાવી શકાય. આ બે પ્રવિષ્ટિઓ નીચે મુજબ વંચાય છે:

*"૯૨–એ. વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પરના કર, જ્યાં આવું વેચાણ અથવા ખરીદી આંતર–રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન થાય છે.*

*૫૪. ચાદી–૧ ની પ્રવિષ્ટિ ૯૨–એ ની જોગવાઈઓને આધીન, વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પરના કર."*

૧૨૫. એ સ્પષ્ટ છે કે પ્રવિષ્ટિ ૯૨–એ હેઠળ રાજ્યોની સત્તાને સંસદની સત્તાઓને અધીન બનાવવામાં આવી છે. તેથી, સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટની કલમ ૧૫, જાહેર કરાયેલ માલના વેચાણ/ખરીદી પર કર લાદવાની સત્તા આપતા કોઈપણ રાજ્ય કાયદાની સરખામણીએ સર્વોપરી અસર ધરાવે છે. ઉપરોક્ત પરિપ્રેક્ષ્યમાં જોતાં, જ્યાં સુધી જાહેર કરાયેલ માલ પરના કરનો સંબંધ છે ત્યાં સુધી સંસદે રાજ્યની કાયદાકીય સત્તાને મર્યાદિત કરી છે. વિદ્વાન કાઉન્સેલ દ્વારા જે અર્થ તારવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે ભાગ ૧૩ ની સમજ હેઠળ કર પોતે જ નિયંત્રણો છે, તેવો અર્થ આવા નિયંત્રણોમાં વાંચવો અમારા માટે મુશ્કેલ છે. જાહેર કરાયેલ માલના સંદર્ભમાં રાજ્યની કરવેરાની સત્તા પર નિયંત્રણો લાદવા એ, અમારા મતે, ભારતના સંવિધાનના ભાગ ૧૩ ના હેતુઓ માટે કર પોતે જ નિયંત્રણો હોવાનું સૂચક નથી. એટલું જ નહીં, અનુચ્છેદ ૨૮૬(૩) સંસદ દ્વારા જાહેર કરાયેલા વિશેષ મહત્વના માલ પર કર લાદવાની

રાજ્યની સત્તા પર કોઈપણ નિયંત્રણ લાદવા માટે સંસદને સત્તાનો સ્ત્રોત પૂરો પાડે છે. અનુચ્છેદ ૨૮૬ (૩) નીચે મુજબ વંચાય છે:

***"૨૮૬. માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદવા અંગે નિયંત્રણ:***

*(૧)....*

*(૨)....*

*(૩) રાજ્યનો કોઈપણ કાયદો, જ્યાં સુધી તે લાદતો હોય, અથવા લાદવા માટે અધિકૃત કરતો હોય,—*

*(એ) સંસદ દ્વારા કાયદાથી આંતર-રાજ્ય વેપાર કે વાણિજ્યમાં વિશેષ મહત્વના જાહેર કરવામાં આવ્યા હોય તેવા માલના વેચાણ અથવા ખરીદી પરનો કર; અથવા*

*(બી) માલના વેચાણ અથવા ખરીદી પરનો કર, જે અનુચ્છેદ ૩૬૬ ના ખંડ (૨૯એ) ના ઉપ-ખંડ (બી), ઉપ-ખંડ (સી) અથવા ઉપ-ખંડ (ડી) માં નિર્દેશિત સ્વરૂપનો કર હોય,*

*તે સંસદ કાયદા દ્વારા નિર્દિષ્ટ કરે તેવા કર લાદવાની પદ્ધતિ, દરો અને કરની અન્ય આનુષંગિક બાબતોના સંબંધમાં નિયંત્રણો અને શરતોને આધીન રહેશે."*

૧૨૬. અમે ઉપર જે કહ્યું છે તેના પ્રકાશમાં, અમે પ્રશ્ન નં. ૧ નો જવાબ નકારાત્મક આપીએ છીએ અને જાહેર કરીએ છીએ કે બિન–ભેદભાવપૂર્ણ કર અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના અધિકાર પર સ્વયંભૂ રીતે કોઈ નિયંત્રણ રચતો નથી. તેથી, અતિયાબારી કેસ (પૂર્વોક્ત) માં વિપરીત અભિપ્રાય ધરાવતા નિર્ણયો અને ત્યારબાદના શ્રેણીબદ્ધ નિર્ણયો રદબાતલ ઠરશે, જેમાં ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (પૂર્વોક્ત) નો એવો નિર્ણય પણ સામેલ છે કે જેમાં જાહેર કરવામાં આવ્યું હતું કે કર સામાન્ય રીતે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો છે પરંતુ તે પૈકીના જે વળતરરૂપી પ્રકૃતિના છે તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતા નથી. પરિણામે જિંદાલ સ્ટેઈનલેસ લિમિટેડ(૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ માં આ કોર્ટના નિર્ણયો પણ રદબાતલ ઠરશે.

૧૨૭. **પ્રશ્ન નં. ૨ ના સંદર્ભમાં**

પ્રશ્ન નં. ૧ ના અમારા જવાબને ધ્યાને લેતાં, પ્રશ્ન નં. ૨ વિચારણા માટે ઉપસ્થિત થતો નથી.

૧૨૮. **પ્રશ્ન નં. ૩ ના સંદર્ભમાં**

પ્રશ્ન નં. ૧ અને ૨ માં અમે જે કહ્યું છે તેના પ્રકાશમાં, આ પ્રશ્ન પણ વિચારણા માટે બાકી રહેતો નથી.

૧૨૯. **પ્રશ્ન નં. ૪ ના સંદર્ભમાં**

વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની સંવિધાનિક માન્યતાને સ્પર્શતો આ પ્રશ્ન બે ભાગમાં વહેંચી શકાય છે. પ્રથમ ભાગ કે જેની શરૂઆતમાં સંક્ષિપ્તમાં ચર્ચા કરી શકાય છે તે એ છે કે શું વાદગ્રસ્ત કાયદાઓની સંવિધાનિક માન્યતાને કરદાતાઓના વિદ્વાન વકીલશ્રી દ્વારા દલીલ કરવામાં આવ્યા મુજબ અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં ચકાસવાની રહેશે કે પછી રાજ્યો દ્વારા દલીલ કરવામાં આવ્યા મુજબ માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં. પ્રશ્ન નં. ૧ ની ચર્ચા કરતી વખતે અમે જે કહ્યું છે તેના પ્રકાશમાં, અમને એવું ઠેરવવામાં કોઈ ખચકાટ નથી કે અનુચ્છેદ ૩૦૪(બી) કરવેરાને નિયંત્રણો તરીકે ધ્યાને લેતો નથી. પુનરાવર્તનના જોખમે પણ, અમે કહી શકીએ છીએ કે અનુચ્છેદ ૩૦૪(બી) માં નિર્દેશિત નિયંત્રણો બિન-નાણાકીય પ્રકૃતિના છે. તેથી, કોઈપણ કરવેરા કાયદાની સંવિધાનિક માન્યતા માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ની એરણ પર જ ચકાસવાની રહેશે અને જો કાયદો બિન-ભેદભાવપૂર્ણ જણાય, તો તે કાયદો અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પરિકલ્પિત કસોટી કે પ્રક્રિયામાંથી પસાર થયા વિના પણ સંવિધાનિક રીતે માન્ય જાહેર કરી શકાય છે. જોકે, જો કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ બિન-ભેદભાવની કસોટીમાં નિષ્ફળ જાય, તો તેને રદબાતલ કરવો જ પડશે કેમ કે જો તે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થયો હોય તો પણ તેને ટકાવી શકાતો નથી. તેનું કારણ એ છે કે જે બાબત અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં સંવિધાનિક રીતે અસ્વીકાર્ય છે તેને અનુચ્છેદ ૩૦૪(બી) ના માધ્યમથી

માન્યતા અને મંજૂરી આપી શકાય નહીં. એટલું કહેવું પૂરતું છે કે નાણાકીય કાયદાને જાહેર હિતના અસ્તિત્વ અથવા કર લાદવાની વાજબીતાના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૪(બી) ની કસોટીને આધીન કર્યા વિના માત્ર સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ જ પડકારી શકાશે.

૧૩૦. આ બાબત આપણને પ્રશ્ન નં. ૪ ના બીજા ભાગ તરફ દોરી જાય છે, એટલે કે શું વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમો સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરે છે. તે પાસામાં અનિવાર્યપણે વાદગ્રસ્ત અધિનિયમોનું કાળજીપૂર્વક વાંચન અને તેની અંતર્ગત રહેલી યોજનાની યોગ્ય સમજણ સમાવિષ્ટ રહેશે. જ્યારે અમે તે પાસા પર પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓને વિસ્તૃત રીતે સાંભળ્યા છે, ત્યારે અમે પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા ખૂબ વિગતવાર દલીલ કરવામાં આવી હતી તેવા બે પરિમાણો સિવાય અનુચ્છેદ ૩૦૪(એ) પર આધારિત તે પડકારના તમામ પરિમાણોની ચર્ચા કરવાનો પ્રસ્તાવ રાખતા નથી. આ બે પરિમાણો પૈકીનું પ્રથમ પરિમાણ સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ પર મુક્તિ અથવા ઉઘરાતના ઘટાડેલા દરોના સ્વરૂપના પ્રોત્સાહનો સહિતના પ્રોત્સાહનો આપીને ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવાની રાજ્યની સત્તાને સ્પર્શે છે. કરદાતાઓ વતી એવી દલીલ કરવામાં આવી હતી કે સ્થાનિક રીતે નિર્મિત/ઉત્પાદિત માલની તરફેણમાં મુક્તિઓ અને પ્રોત્સાહનો આપવા એ પણ કપટી ભેદભાવનું એક સ્વરૂપ છે જે અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં અસ્વીકાર્ય હતું કારણ કે આવી મુક્તિઓ અને પ્રોત્સાહનો અન્ય રાજ્યના માલને ગેરલાભની સ્થિતિમાં મૂકવાની અસર ધરાવતા હતા. શ્રી મહાવીર ઓઇલ મિલ્સ

અને અન્ય વિ. જમ્મુ અને કાશ્મીર રાજ્ય અને અન્ય (૧૯૯૬) ૨ એસ.સી.સી. ૩૯ માં આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની પીઠના નિર્ણય પર આધાર રાખીને એવી દલીલ કરવામાં આવી હતી કે કરની ચુકવણીમાંથી સ્થાનિક રીતે ઉત્પાદિત માલની તરફેણમાં મુક્તિઓ આપવી એ સંવિધાનિક રીતે અસ્વીકાર્ય અને અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરનાર હતું. તે એવો કેસ હતો જ્યાં રાજ્ય સરકારે રાજ્યની અંદરના લઘુ ઉદ્યોગો દ્વારા નિર્મિત માલને વેચાણ વેરાની ચુકવણીમાંથી સંપૂર્ણ મુક્તિ આપી હતી, ત્યારે પણ જ્યારે પડોશી રાજ્યોમાં માલના ઉત્પાદકો સહિત અન્ય ઉદ્યોગો દ્વારા ચૂકવવાપાત્ર વેચાણ વેરો ૮% ની આસપાસ હતો. અન્ય રાજ્યોના ખાદ્ય તેલના ઉત્પાદકો દ્વારા આ મુક્તિને એવા કારણસર પડકારવામાં આવી હતી કે તે ભેદભાવપૂર્ણ હતી અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ નું ઉલ્લંઘન કરનાર હતી.

૧૩૧. આ કોર્ટે ઠેરવેલ કે ખાદ્ય તેલના ઉત્પાદકોને આપવામાં આવેલી મુક્તિ સંપૂર્ણ અને બિનશરતી હતી, જ્યારે પડોશી રાજ્યોના ઉદ્યોગોમાંથી ખાદ્ય તેલના ઉત્પાદકોએ ૮% ના દરે વેચાણ વેરો ચૂકવવો પડતો હતો. સ્થાનિક તેલ ઉત્પાદક એકમોને મુક્તિ આપવાથી પૂર્વોક્ત ઉત્પાદકો ગેરલાભની સ્થિતિમાં મુકાયા હતા. આમ કહ્યા પછી, કોર્ટે સંવિધાનના અનુચ્છેદ ૧૪૨ હેઠળ પોતાની સત્તાઓનો ઉપયોગ કર્યો અને પરિસ્થિતિની તાકીદને અનુરૂપ રાહતોને ઘડીને સદર મુક્તિને રદબાતલ કરી હતી. કોર્ટે નિઃશંકપણે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ વિ. પંજાબ રાજ્ય (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭ માં ત્રણ ન્યાયમૂર્તિઓની પીઠના નિર્ણયની નોંધ લીધી હતી કે જેમાં યુ.પી. અને પંજાબ રાજ્યો દ્વારા અમુક

વિસ્તારોમાં સ્થાપિત નવા એકમોને ૩ થી ૭ વર્ષના નિર્ધારિત સમયગાળા માટે મુક્તિ આપતા બહાર પાડવામાં આવેલા જાહેરનામાઓને ભેદભાવપૂર્ણ તરીકે પડકારવામાં આવ્યા હતા. તે કેસમાં પણ મુક્તિ સામેનો પડકાર અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ના કથિત ઉલ્લંઘન પર આધારિત હતો. આ કોર્ટે જોકે પ્રશ્નગત જાહેરનામાઓને એવા કારણસર માન્ય રાખ્યા હતા કે તે ઔદ્યોગિક એકમોના એક વિશિષ્ટ વર્ગ સાથે સંબંધિત હતા અને તે હેઠળનો લાભ માત્ર મર્યાદિત સમયગાળા માટે જ સ્વીકાર્ય હતો. કોર્ટે અવલોકન કર્યું હતું કે જો સ્થાનિક ઉત્પાદકોની બહુમતી મોટી સંખ્યા વેચાણ વેરાને આધીન હતી, તો એવું કહી શકાય નહીં કે બહારના લોકો સામે સ્થાનિક ઉત્પાદકોને એક વર્ગ તરીકે તરફેણ આપવામાં આવી હતી.

વિડિયો ઇલેક્ટ્રોનિક્સ (પૂર્વોક્ત) ના નિર્ણયનો ઉલ્લેખ કરતાં મહાવીર (પૂર્વોક્ત) માં આ કોર્ટે તેને એવા કારણસર ભિન્ન ઠેરવેલ કે પંજાબ અને યુ.પી. ના જાહેરનામાઓ જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાથી ગુણાત્મક રીતે ભિન્ન હતા, કારણ કે પૂર્વોક્ત જાહેરનામાઓ માત્ર નિર્દિષ્ટ એકમોને જ લાભ આપતા હતા અને તે લાભને નિર્ધારિત સમયગાળા પૂરતો મર્યાદિત રાખતા હતા, જ્યારે પાછળનું જાહેરનામું આવી કોઈપણ મર્યાદાઓને આધીન નહોતું. આ બાબત, કોર્ટે જાહેર કર્યું કે, બહારના માલની સરખામણીમાં ભેદભાવમાં પરિણમી હતી. મહત્વની બાબત એ છે કે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ (પૂર્વોક્ત) માં આ કોર્ટે વિભેદ અને ભેદભાવ વચ્ચેના તફાવતને સ્વીકાર્યો હતો અને ઠેરવેલ કે દરેક વિભેદ એ ભેદભાવ નથી. આ કોર્ટે નોંધ્યું કે

ભેદભાવ શબ્દનો ઉપયોગ અનુચ્છેદ ૧૪ માં કરવામાં આવ્યો ન હતો જે રીતે તેનો ઉપયોગ અનુચ્છેદ ૧૬, અનુચ્છેદ ૩૦૩ અને અનુચ્છેદ ૩૦૪(એ) માં કરવામાં આવ્યો છે. આ કોર્ટે અવલોકન કર્યું કે અનુચ્છેદ ૩૦૪(એ) માં આ શબ્દના ઉપયોગમાં "ઈરાદાપૂર્વકના અને પ્રતિકૂળ પક્ષપાત" નું તત્વ સમાવિષ્ટ હતું. જ્યાં સુધી રાજ્ય દ્વારા અપનાવવામાં આવેલા પગલા પરથી આવો કોઈ પક્ષપાત સ્પષ્ટ થતો ન હોય, ત્યાં સુધી સ્થાનિક ઉદ્યોગોને તેમની વૃદ્ધિ, વિકાસ અને પ્રગતિમાં સહાય કરવાના હેતુથી માત્ર મુક્તિ અથવા પ્રોત્સાહનો આપવા એ ભેદભાવ ગણાતું નથી.

૧૩૨. અમે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ (પૂર્વોક્ત) માં અપનાવવામાં આવેલી તર્કશૈલી સાથે આદરપૂર્વક સંમત છીએ. "ભેદભાવ" શબ્દપ્રયોગ સંવિધાનમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો નથી, જોકે તે અનેક પ્રસંગોએ આ કોર્ટના અર્થઘટન માટે ઉપસ્થિત થયો છે. આ નિર્ણયો પૈકીનો સૌથી પ્રારંભિક નિર્ણય કાઠી રાણિંગ રાવત વિ. સૌરાષ્ટ્ર રાજ્ય એ.આઇ.આર. ૧૯૫૨ એસ.સી. ૧૨૩ માં આપવામાં આવ્યો હતો, જ્યાં આ કોર્ટની સાત ન્યાયમૂર્તિઓની પીઠે ઠેરવેલ કે તમામ વૈધાનિક વિભેદ અનિવાર્યપણે ભેદભાવપૂર્ણ હોતા નથી. ઓક્સફર્ડ ડિક્શનરીમાં આ શબ્દપ્રયોગના અર્થ પર આધાર રાખીને, ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રી, મુખ્ય ન્યાયમૂર્તિ (જેમ તેઓ તે સમયે હતા) એ સમજાવ્યું હતું :

*"૭. તમામ વૈધાનિક વિભેદ અનિવાર્યપણે ભેદભાવપૂર્ણ હોતા નથી. હકીકતમાં, "ભેદભાવ" શબ્દ અનુચ્છેદ ૧૪ માં આવતો નથી. "સામે*

*ભેદભાવ કરવો" શબ્દપ્રયોગનો ઉપયોગ અનુચ્છેદ ૧૫(૧) અને અનુચ્છેદ ૧૬(૨) માં કરવામાં આવ્યો છે, અને ઓક્સફર્ડ ડિક્શનરી અનુસાર તેનો અર્થ "કોઈના સંબંધમાં પ્રતિકૂળ ભેદ પાડવો; અન્યોથી પ્રતિકૂળ રીતે અલગ પાડવું" થાય છે. આમ, ભેદભાવમાં પ્રતિકૂળ પક્ષપાતનું એક તત્વ સમાવિષ્ટ હોય છે અને તે જ અર્થમાં આ સંદર્ભમાં સદર શબ્દપ્રયોગને સમજવાનો રહે છે. જો આવો પક્ષપાત છતો થાય અને તે અનુચ્છેદ ૧૫ અને ૧૬ માં જણાવેલા કોઈપણ કારણો પર આધારિત હોય, તો બની શકે કે સદર અધિનિયમ વધુ કંઈ પણ જોયા વિના વિશિષ્ટ સંવિધાનિક મનાઈનું ઉલ્લંઘન કરવા બદલ અમાન્ય ઠરે, સિવાય કે તે સદર અનુચ્છેદોના કોઈ એક અથવા બીજા પરંતુક દ્વારા બચાવી લેવાયો હોય. પરંતુ અનુચ્છેદ ૧૪ હેઠળની સ્થિતિ ભિન્ન છે. તે અનુચ્છેદ હેઠળ સમાન સંરક્ષણના દાવાઓની તપાસ એવી પૂર્વધારણા સાથે કરવામાં આવે છે કે રાજ્યનું પગલું વાજબી અને ઉચિત છે. સંવિધાનિકતાની આ પૂર્વધારણા વર્ગીકરણની તે વિશાળ સત્તામાંથી ઉદ્ભવે છે જે વિધાનમંડળ પાસે પોતાની નીતિઓને અમલમાં મૂકવા માટે વ્યક્તિઓના જુદા જુદા જૂથોના સંદર્ભમાં ભિન્ન રીતે અમલી બનતા કાયદાઓ ઘડવામાં અનિવાર્યપણે હોવી જ જોઈએ... ... .."*

**૧૩૩. ન્યાયમૂર્તિ ફઝલ અલીએ પોતાના સહમતીપૂર્ણ ચુકાદામાં નીચેના શબ્દોમાં આ સંકલ્પના સમજાવી હતી:**

*"૧૯. હું માનું છું કે "કારણ વિનાના ભેદભાવ" અને "કારણ સહિતના ભેદભાવ" વચ્ચે તફાવત કરવો જોઈએ. વર્ગીકરણનો સમગ્ર સિદ્ધાંત આ તફાવત પર અને તે સુવિદિત હકીકત પર આધારિત છે કે વ્યક્તિઓ અથવા વસ્તુઓના એક સમૂહને લાગુ પડતા સંજોગો વ્યક્તિઓ અથવા વસ્તુઓના અન્ય સમૂહને લાગુ પડતા સંજોગો સમાન જ હોય તે અનિવાર્ય નથી, જેથી ભિન્ન શરતો અને સંજોગોના ભિન્ન સમૂહ દ્વારા સંચાલિત વ્યક્તિઓ વચ્ચે અસમાન વર્તણૂકનો પ્રશ્ન વાસ્તવમાં ઉપસ્થિત થતો જ નથી. વેસ્ટ બંગાલ એક્ટ સામેનો મુખ્ય વાંધો એ હતો કે તેણે "કારણ વિના" અથવા કોઈપણ તર્કસંગત આધાર વિના ભેદભાવની પરવાનગી આપી હતી."*

અનુચ્છેદ ૩૦૪(એ) ની એરણ પર કોઈપણ નાણાકીય અધિનિયમ સામેના પડકારને અમારા મતે કાઠીના કેસ (પૂર્વોક્ત) માં નિર્ધારિત સમાન ધોરણથી ચકાસવો જોઈએ. કોર્ટે એ તપાસવું જોઈએ કે શું કરવામાં આવેલ વિભેદ બહારથી આયાત કરાયેલા માલની સામે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલની તરફેણમાં પ્રતિકૂળ પક્ષપાતના તત્વથી ઈરાદાપૂર્વકનો અથવા પ્રેરાયેલો છે. જો જવાબ હકારાત્મક હોય, તો આ વિભેદ અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરશે અને તે ભેદભાવ સમાન ગણાશે. તેનાથી વિપરીત, જો કોર્ટને એવું જણાય કે બહારના માલની સામે સ્થાનિક રીતે ઉત્પાદિત માલની તરફેણ કરતો ઈરાદાપૂર્વકના પક્ષપાતનું આવું કોઈ તત્વ નથી, તો તેણે આગળ વધીને એ જોવું પડશે કે શું આ વિભેદ માન્ય કારણો દ્વારા સમર્થિત છે કે નહીં. ન્યાયમૂર્તિ ફઝલ

અલીના શબ્દોમાં, કારણ વિનાનો ભેદભાવ અસંવૈધાનિક હશે જ્યારે કારણ સહિતનો ભેદભાવ કાયદેસર રીતે સ્વીકાર્ય હોઈ શકે છે. વિડિયો ઇલેક્ટ્રોનિક્સના કેસમાં, આ કોર્ટે નોંધ્યું હતું કે કરવામાં આવેલો વિભેદ કારણો દ્વારા સમર્થિત હતો. આ કોર્ટે ઠેરવેલ કે જો ભારતની આર્થિક એકતા એ સંવિધાનિક આકાંક્ષાઓ પૈકીની એક હોય અને જો આવી એકતા પ્રાપ્ત કરવી અને જાળવી રાખવી એ એક સંવિધાનિક ધ્યેય હોય, તો આવી એકતા અને ઉદ્દેશો ત્યારે જ પ્રાપ્ત કરી શકાય જો દેશના તમામ ભાગો સમાન રીતે વિકાસ પામે. જો અમે આદરપૂર્વક તેમ કહી શકીએ તો, તે તર્કશૈલીમાં નોંધપાત્ર વજૂદ રહેલું છે. અનેક પરિબળોના કારણે આર્થિક અને ઔદ્યોગિક રીતે પછાત રહેલા રાજ્ય પાસે દેશના અન્ય અને વધુ ભાગ્યશાળી પ્રદેશોની સમકક્ષ વિકાસ સાધવાની અને પ્રાપ્ત કરવાની તક તેમજ સ્વતંત્રતા હોવી જ જોઈએ, કે જેઓ ઐતિહાસિક કારણોસર વધુ ઝડપથી વિકાસ પામ્યા છે અને તે રીતે તેમના ઓછા ભાગ્યશાળી સાથી પ્રદેશો કરતાં સરસાઈ મેળવી ચૂક્યા છે. આવા અલ્પવિકસિત કે વિકાસશીલ રાજ્યોના દ્રષ્ટિકોણથી આર્થિક એકતા એક ભ્રમણા માત્ર બની રહેશે જો તેમની પાસે આવા વિકાસ અને પ્રગતિ માટે જરૂરી પ્રોત્સાહનો અને મુક્તિઓ આપીને પોતાના સંબંધિત પ્રદેશોમાં ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની તક અથવા કાનૂની અધિકાર ન હોય. એવી દલીલ કે મુક્તિ આપવાની સત્તાનો ઉપયોગ રાજ્ય દ્વારા એવા કિસ્સામાં પણ થઈ શકતો નથી જ્યાં આવી મુક્તિઓ સ્પષ્ટપણે ઔદ્યોગિક વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અથવા ઔદ્યોગિક પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી હોય, તે અમને સ્વીકાર્ય જણાઈ નથી. મુક્તિ આપવાની સત્તા એ કર લાદવાની સાર્વભૌમ

સત્તાનો એક ભાગ છે જેને એવા રાજ્યો પાસેથી છીનવી શકાય નહીં કે જેઓ અન્યથા કર અને જકાત લાદવા માટે સક્ષમ છે. વિડિયોના કેસમાં આ કોર્ટ દ્વારા જે સંકલ્પનાત્મક આધાર પર આવી મુક્તિઓ અને પ્રોત્સાહનોને માન્ય ગણવામાં આવ્યા હતા અને સમર્થન આપવામાં આવ્યું હતું, તે અમારા મતે ન્યાયશાસ્ત્રની દ્રષ્ટિએ સુદ્રઢ અને કાયદાકીય રીતે નિર્વિવાદ છે. તેથી, વિડિયો ઈલેક્ટ્રોનિક્સ કરવેરાની ઉઘરાતની માન્યતા તપાસતી વખતે અદાલતો દ્વારા અપનાવવાના અભિગમના સંબંધમાં કાનૂની સ્થિતિનું સાચું નિરૂપણ કરે છે. જ્યાં સુધી રાજ્યો દ્વારા કરવામાં આવેલો વિભેદ પ્રતિકૂળ પક્ષપાત ઊભો કરવાના હેતુવાળો ન હોય અને જ્યાં સુધી તે વિભેદ ઉદ્યોગોના એક વિશિષ્ટ વર્ગને લાભ પહોંચાડવાના હેતુવાળો હોય તથા લાભનો સમયગાળો મર્યાદિત હોય, ત્યાં સુધી એવું ઠેરવવું જ જોઈએ કે તે લાભ પોતાના પ્રદેશની અંદર ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની કાયદેસરની ઈચ્છામાંથી ઉદ્ભવે છે. આવા કિસ્સાઓમાં મુક્તિઓ અને પ્રોત્સાહનો આપવાનું એવા વિચારણાઓથી પ્રેરાયેલું માનવું જોઈએ કે જે વ્યાપક સંદર્ભમાં આર્થિક એકતાના સંવિધાનિક ધ્યેયને પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

૧૩૪. ઉપરોક્ત સંદર્ભમાં જોતાં મહાવીર ઓઇલના કેસમાં નિર્ણય ખરેખર ભિન્ન પાડી શકાય તેવો છે કારણ કે ખાદ્ય તેલના ઉત્પાદકોને સંપૂર્ણ અને બિનશરતી મુક્તિ આપવામાં આવી હતી જ્યારે રાજ્ય બહારના અન્ય ઉત્પાદકોને તેવી મુક્તિ આપવામાં આવી ન હતી. હાલના કેસોના જૂથમાં વાદગ્રસ્ત કાયદાઓ ઉપરોક્ત સંદર્ભિત અને વિડિયો ઈલેક્ટ્રોનિક્સ કેસમાં વિશદ રીતે સમજાવેલ

કસોટીઓને સંતોષે છે કે નહીં તે એક એવી બાબત છે જેના પર અમે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવા માંગતા નથી, કારણ કે સંદર્ભનો નિકાલ થયા પછી આ બાબતોની સુનાવણી કરતી નિયમિત બેંચો દ્વારા તે પાસા પર વિચારણા કરવામાં આવે તે માટે તેને ખુલ્લું રાખવું સૌથી વધુ યોગ્ય રહેશે.

૧૩૫. કરદાતાઓના જણાવ્યા અનુસાર જે બાબત ભેદભાવ સમાન બને છે તેનું બીજું પાસું અન્ય રાજ્યના સ્થાનિક વિસ્તારમાં વેચાણ, વપરાશ અથવા ઉપયોગ માટે રાજ્ય બહારથી આવતા માલ પર એવા દરે પ્રવેશ કર લાદવામાં આવતો હોવામાં રહેલું છે, જે કર લાદનાર રાજ્યમાં ઉત્પાદિત માલ પર જે દરે કર લાદવામાં આવે છે તેના કરતાં ભિન્ન હોય. સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર પ્રવેશ કર લાદતા રાજ્યના કાયદાઓની મૂળભૂત અથવા અમલીકરણની જોગવાઈઓમાં અમે ઊંડા ઊતરતા નથી. સંદર્ભનો ઉત્તર અપાયા પછી આ બાબતની સુનાવણી કરતી બેંચ દ્વારા આ વધુ યોગ્ય રીતે કરી શકાય છે. અમે જે તપાસવાનો પ્રસ્તાવ રાખીએ છીએ તે એ છે કે કર લાદનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલને મુક્તિ અથવા સમાયોજન/ સેટ–ઓફ/ ક્રેડિટ આપવી તે રાજ્ય બહારથી આવતા માલની સરખામણીએ આવા બહારના માલ સામે ભેદભાવ સમાન બની શકે કે નહીં. કરદાતાના જણાવ્યા અનુસાર તે આવા બહારના માલ સામે ભેદભાવ સમાન બને છે, જ્યારે રાજ્યના જણાવ્યા અનુસાર માલના ઉત્પાદન/નિર્માણ પછી તેના પરના કરવેરાની અસરને સમાન બનાવવાના ઉદ્દેશવાળી કોઈપણ જોગવાઈ કાયદેસર અને બંધારણીય રીતે માન્ય છે.

૧૩૬. રાજ્યો એવી દલીલ કરે છે કે સ્થાનિક માલને મુક્તિ આપવાનો ઉદ્દેશ ફક્ત તેવા કેસોમાં તે માલ પર પ્રવેશ કરની અસરને તટસ્થ કરવાનો છે કે જ્યાં આવા માલ પર ચૂકવવાપાત્ર વેટ/વેચાણ વેરો એ જે દરે પ્રવેશ કર આકારણીપાત્ર છે તે દર જેટલો જ હોય. આવા કેસોમાં મુક્તિ સ્થાનિક રીતે ઉત્પાદિત માલને પ્રવેશ કરની જવાબદારીમાંથી મુક્ત રાખવાની અસર ધરાવે છે. જે કેસોમાં વેટ/વેચાણ વેરાના દર અને પ્રવેશ કર વચ્ચે તફાવત હોય, તેમાં વેટ/વેચાણ વેરા પેટે ચૂકવેલ રકમનું સમાયોજન/ક્રેડિટ પ્રવેશ કરની જવાબદારીને પ્રમાણસર ઘટાડવાની અસર ધરાવે છે. એવી દલીલ કરવામાં આવે છે કે જ્યાં સુધી અન્ય રાજ્યમાંથી આવતા માલ માટે સમાન ક્રેડિટ/સમાયોજન/સેટ–ઓફ માન્ય રાખવામાં આવે છે, ત્યાં સુધી તેમના સંબંધમાં કોઈ ભેદભાવનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. આવો માલ જે રાજ્યમાંથી લાવવામાં આવ્યો હોય તે રાજ્યમાં તેના પર ચૂકવાયેલ કરનો દર, જેમાં તેના પર ચૂકવવાપાત્ર કેન્દ્રીય વેચાણ વેરો, જો કોઈ હોય, તેનો પણ સમાવેશ થાય છે, તે સંબંધિત કાયદા હેઠળ ચૂકવવાપાત્ર પ્રવેશ કર જેટલો હોઈ શકે છે, જે સંજોગોમાં આવા બહારના માલને પણ કર લાદનાર રાજ્યમાં ઉત્પાદિત માલ જેવો જ લાભ મળે છે, જે આવા માલના સંબંધમાં કોઈપણ ભેદભાવ વિશેની કોઈપણ ગેરસમજભરી છાપને દૂર કરે છે.

૧૩૭. નાણાકીય પગલાંઓની બંધારણીય માન્યતાની તપાસ કરતી વખતે કોર્ટો જે અભિગમ અપનાવે છે તે અંગેની કાનૂની સ્થિતિ આ કોર્ટના શ્રેણીબદ્ધ નિર્ણયો દ્વારા સુસ્થાપિત થયેલી છે. આ વિષય પરનો કાયદો એટલો

સુસ્થાપિત છે કે તેની કોઈ વિસ્તૃત ચર્ચા કરવાની જરૂર રહેતી નથી. કોર્ટોએ લગભગ સાર્વત્રિક રીતે એ સિદ્ધાંતનો સ્વીકાર કર્યો છે કે નાણાકીય ગોઠવણોની અંતર્નિહિત જટિલતાઓ અને આવી કવાયતમાં સમાવિષ્ટ વિવિધ તત્વો તથા પરિબળોને ધ્યાનમાં રાખીને કરવેરા સંબંધિત કાયદાઓમાં વિધાનમંડળને વધુ છૂટછાટ આપવી ઘટે છે. જે તમામ નિર્ણયોમાં આ કોર્ટે વિધાનમંડળને આવી છૂટછાટ આપી છે તે તમામ નિર્ણયોનો ઉલ્લેખ કરવો બિનજરૂરી છે. અમારા મતે આ કોર્ટના કેટલાક નિર્ણયોનો સંદર્ભ પૂરતો રહેશે. મફતલાલ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ૧૯૯૭(૫) એસ.સી.સી. ૫૩૬ માં અલગ પરંતુ સહમતીપૂર્ણ અભિપ્રાયમાં પરિપૂર્નન, ન્યાયમૂર્તિએ ઠેરવેલ કે:

> *"૩૪૩. ... ..કરવેરાના કાયદાઓની બાબતમાં, કોર્ટ વિધાનમંડળના વિવેકબુદ્ધિને ઘણી છૂટછાટ આપે છે. જો રાજ્ય વ્યાજબી રીતે કરે તો તેને કરવેરા માટે જિલ્લાઓ, વસ્તુઓ, વ્યક્તિઓ, પદ્ધતિઓ અને કરના દરની પણ પસંદગી કરવાની છૂટ છે. કોર્ટો અન્ય બાબતો કરતાં આર્થિક પ્રવૃત્તિઓ સંબંધિત કાયદાઓને વધુ છૂટછાટ સાથે જુએ છે. [જુઓ કલેક્ટર ઓફ કસ્ટમ્સ વિ. નાથેલ્લા સંપથુ ચેટ્ટી અને અન્ય એ.આઈ.આર. ૧૯૬૨ એસ.સી. ૩૧૬; ખયેરબારી ટી કંપની લિ. અને અન્ય વિ. આસામ રાજ્ય અને અન્ય એ.આઈ.આર. ૧૯૬૪ એસ.સી. ૯૨૫; આર. કે. ગર્ગ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય એ.આઈ.આર. ૧૯૮૧ એસ.સી. ૨૧૩૮; ગૌરી શંકર અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય (૧૯૯૪) ૬ એસ.સી.સી. ૩૪૯ અને યુનિયન ઓફ ઇન્ડિયા અને*

*અન્ય વિ. એ. સંન્યાસી રાવ અને અન્ય (૧૯૯૬) ૩ એસ.સી.સી. ૪૬૫]વગેરે."*

૧૩૮. આ કોર્ટની બંધારણીય બેંચના ખાંડિગે શામ ભટ વિ. એગ્રી. આઈ.ટી.ઓ., એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૫૯૧ ના નિર્ણયનો પણ સંદર્ભ આપી શકાય, જ્યાં આ કોર્ટે જાહેર કર્યું હતું કે કોઈ કાયદો પ્રથમદર્શનીય રીતે બિન-ભેદભાવપૂર્ણ દેખાઈ શકે છે અને તેમ છતાં સમાન સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ અને મિલકત પર તેની અસર અસમાન રીતે થઈ શકે છે, જે સંજોગોમાં તે કાયદો સમાનતા કલમનું ઉલ્લંઘન કરશે. આનો અર્થ એ થાય છે કે પ્રથમદર્શનીય સમાનતા એ કાયદો બંધારણીય રીતે માન્ય છે કે નહીં તે નક્કી કરવા માટેની એકમાત્ર કસોટી નથી. કાયદાની અસર શું છે તે પણ એટલું જ મહત્વપૂર્ણ છે. આ કોર્ટે ઠેરવેલ કે:

*"૭...જોકે કોઈ કાયદો એક્સ ફેસી (પ્રથમદર્શનીય રીતે) એક વર્ગમાં આવતા તમામ સાથે સમાન વ્યવહાર કરતો જણાય, પરંતુ જો વાસ્તવમાં તે સમાન સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ અથવા મિલકત પર અસમાન રીતે લાગુ થતો હોય, તો એમ કહી શકાય કે તે કાયદો સમાનતા કલમનું ઉલ્લંઘન કરે છે. ત્યારે સમાન સ્થિતિ ધરાવતી વ્યક્તિઓ અથવા મિલકત પર તેની વાસ્તવિક અસર જાણવા માટે કાયદાની અસરની કાળજીપૂર્વક ચકાસણી કરવાની કોર્ટની ફરજ રહેશે. તેનાથી વિપરીત, કોઈ કાયદો સમાન સ્થિતિમાં દેખાતી વ્યક્તિઓ સાથે ભિન્ન વ્યવહાર કરી શકે છે;*

*પરંતુ તપાસ કરતાં તેઓ સમાન સ્થિતિમાં ન હોવાનું જણાઈ શકે છે. બીજી રીતે કહીએ તો, પરિસ્થિતિનું સંચાલન કરનાર કાયદાની શબ્દાવલી નથી પરંતુ કાયદાની અસર નિર્ણાયક છે. જો દરેક જૂથની અંદર સમાનતા અને એકરૂપતા હોય, તો કાયદાને ભેદભાવપૂર્ણ ગણીને વખોડી શકાય નહીં, ભલે કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાંથી ઉદ્ભવતા આકસ્મિક સંજોગોને કારણે વર્ગમાં સમાવિષ્ટ કેટલાક લોકોને અન્યો કરતાં ફાયદો મળતો હોય, જ્યાં સુધી તેમને વિશેષ વ્યવહાર માટે અલગ તારવવામાં ન આવ્યા હોય. પુરુષોત્તમ ગોવિંદજી વિ. બી. એમ. દેસાઈ, અને કુન્નાથત થથુની મુપિલ નાયર વિ. કેરળ રાજ્ય જુઓ, કરવેરાનો કાયદો આ સિદ્ધાંતનો અપવાદ નથી. પરંતુ સિદ્ધાંતોના અમલીકરણમાં, વિવિધ તત્વોના નાણાકીય સમાયોજનની અંતર્નિહિત જટિલતાને ધ્યાનમાં રાખીને, કોર્ટો વર્ગીકરણની બાબતમાં વિધાનમંડળને વધુ વિવેકાધિકાર આપે છે, જ્યાં સુધી તે સદર સિદ્ધાંતના પાયામાં રહેલા મૂળભૂત સિદ્ધાંતોને વળગી રહે છે. વર્ગીકરણ કરવાની વિધાનમંડળની સત્તા "વિશાળ વ્યાપ અને લવચીકતા" ધરાવે છે જેથી તે તેની કરવેરા પ્રણાલીને તમામ યોગ્ય અને વ્યાજબી રીતે ગોઠવી શકે."*

૧૩૯. વી. ગુરુવૈયા નાયડુ એન્ડ સન્સ અને અન્ય વિ. તમિલનાડુ રાજ્ય અને અન્ય, (૧૯૭૭) ૧ એસ.સી.સી. ૨૩૪ માં કોર્ટ એ બાબતની તપાસ કરી રહી હતી કે રાજ્યની અંદરથી કે બહારથી આવતા ચામડા અને ખાલ પર વેચાણ વેરો લાદવો તે ભેદભાવપૂર્ણ અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન

કરનાર હતો કે નહીં. તે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરનાર હતો તેવી દલીલને નકારી કાઢતાં, આ કોર્ટે ઠેરવેલ કે:

> *"૮. ઉપરોક્ત બંને કેસોમાં સંબંધિત જોગવાઈઓને રદબાતલ કરવા માટે આ કોર્ટને દોરી ગયેલા સંજોગોમાંથી કોઈપણ સંજોગ હાલના કેસમાં અસ્તિત્વમાં નથી. મહેતાબના કેસમાં ભેદભાવ અસ્તિત્વમાં હોવાનું જણાયું હતું કારણ કે કાચા ચામડા અને ખાલ તેમજ કમાવેલા ચામડા અને ખાલ બંનેના સંબંધમાં સમાન દરે કર લાદવામાં આવતો હતો, ભલે કમાવેલા ચામડા અને ખાલની કિંમત ઘણી વધારે હતી. હાજી અબ્દુલ શુકુરના કેસમાં પરિસ્થિતિ વધુ ખરાબ હતી કારણ કે તે કેસમાં કાચા ચામડા અને ખાલના વેચાણ પરના કર કરતાં કમાવેલા ચામડા અને ખાલના સંબંધમાં ઊંચા દરે વેચાણ વેરો વસૂલવામાં આવ્યો હોવાનું જણાયું હતું, એ હકીકત છતાં કે કમાવેલા ચામડા અને ખાલની કિંમત કાચા ચામડા અને ખાલ કરતાં વધુ હતી. હાલના કેસમાં પરિસ્થિતિ નોંધપાત્ર રીતે ભિન્ન છે, કારણ કે અહીં કાચા ચામડા અને ખાલ માટે વેચાણ વેરાનો દર ૩ ટકા છે, જ્યારે કમાવેલા ચામડા અને ખાલ માટે ૧ ૧/૨ ટકા છે. તે સ્પષ્ટ છે કે કમાવેલા ચામડા અને ખાલના કેસમાં કરનો નીચો દર કમાવેલા ચામડા અને ખાલની ઊંચી કિંમત અને કાચા ચામડા અને ખાલની નીચી કિંમત વચ્ચેના તફાવતને સરભર કરવાના હેતુથી નિર્ધારિત કરવામાં આવ્યો છે. કમાવેલા ચામડા અને ખાલ માટે વેચાણ વેરાનો નીચો દર હોવા છતાં, આયાતી ચામડા અને ખાલ સામે ભેદભાવ*

રાખવામાં આવી રહ્યો છે તે દર્શાવવા માટે રેકોર્ડ પર કોઈ સામગ્રી લાવવામાં આવી નથી. કાચા સ્વરૂપમાં સ્થાનિક રીતે ખરીદવામાં આવેલ અને ત્યારબાદ કમાવવામાં આવેલ ચામડા અને ખાલ તથા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ ચામડા અને ખાલ વચ્ચે ભેદભાવ થશે તે દર્શાવવાની જવાબદારી અપીલકર્તા પર હતી. અમને જણાય છે કે, અપીલકર્તા આવી જવાબદારી અદા કરવામાં નિષ્ફળ રહ્યા છે.

૯. અનુચ્છેદ ૩૦૪(એ) માલ પર કર લાદતા અટકાવતો નથી; તે માલ પર એવા કર લાદવા પર પ્રતિબંધ મૂકે છે જે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ અને રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવમાં પરિણમે. તેનો હેતુ સ્થાનિક માલ દ્વારા વહન કરવામાં આવતા કર કરતાં વધુ દરે આવા માલ પર કર લાદીને આયાતી માલ સામેના ભેદભાવને રોકવાનો છે કારણ કે બંને દરો વચ્ચેનો તફાવત ટેરિફ દીવાલ અથવા નાણાકીય અવરોધ ઊભો કરશે અને આ રીતે આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને અવરોધશે. કર લાદવાથી ક્યારે ભેદભાવ બનશે તે પ્રશ્ન કરના દર અને જેના વેચાણના સંબંધમાં તે લાદવામાં આવે છે તે માલની બાબત સહિતના વિવિધ પરિબળો પર આધાર રાખે છે. રાજ્ય અધિનિયમની બીજી અનુસૂચિની બાબતો ૭(એ) અને ૭(બી) ની યોજના એવી છે કે રાજ્યમાં સ્થાનિક રીતે ખરીદવામાં આવતા કાચા ચામડા અને ખાલના કિસ્સામાં, રાજ્યમાં છેલ્લી ખરીદીના તબક્કે ૩ ટકાના દરે કર લાદવામાં આવશે. જ્યારે તે સ્થાનિક રીતે ખરીદાયેલા કાચા ચામડા અને ખાલને કમાવવામાં આવે છે અને સ્થાનિક રીતે કમાવેલા ચામડા અને ખાલ તરીકે

*વેચવામાં આવે છે, ત્યારે આવા વેચાણ પર કોઈ કર લાદવામાં આવશે નહીં કારણ કે તે ચામડા અને ખાલ જ્યારે કાચા સ્વરૂપમાં ખરીદવામાં આવ્યા હતા ત્યારે તેમના પર ૩ ટકાના દરે સ્થાનિક કર લાદવામાં આવી ચૂક્યો છે. તેની સામે, જે ચામડા અને ખાલ અન્ય રાજ્યોમાંથી કાચા સ્વરૂપમાં આયાત કરવામાં આવ્યા હોય અને ત્યારબાદ કમાવવામાં આવ્યા હોય અને પછી રાજ્યની અંદર કમાવેલા ચામડા અને ખાલ તરીકે વેચવામાં આવ્યા હોય, તેવા કિસ્સામાં કરની આકારણી કમાવેલા ચામડા અને ખાલના રાજ્યમાં પ્રથમ વેચાણના તબક્કે ૧ ૧/૨ ટકાના દરે થાય છે. આ કર લાદવાને ભેદભાવપૂર્ણ ગણી શકાય નહીં કારણ કે તે કાચા ચામડા અને ખાલની કિંમતની સરખામણીમાં કમાવેલા ચામડા અને ખાલની ઊંચી કિંમતને ધ્યાનમાં લે છે. તે એ હકીકતની પણ નોંધ લે છે કે તે ચામડા અને ખાલના સંબંધમાં રાજ્ય અધિનિયમ હેઠળ કોઈ કર ચૂકવવામાં આવ્યો નથી. વિધાનમંડળે, એવું જણાય છે કે, કમાવેલી સ્થિતિમાં ચામડા અને ખાલની કિંમત કાચી સ્થિતિમાં આવા ચામડા અને ખાલની કિંમત કરતાં બમણી ગણી હતી. કર લાદવાની બાબતમાં કોઈપણ ભેદભાવ અથવા વિભિન્ન વ્યવહારને દૂર કરવા અને અટકાવવા માટે, વિધાનમંડળે તેથી કમાવેલા ચામડા અને ખાલના વેચાણ માટે કરનો એવો દર નિર્ધારિત કર્યો હતો જે કાચા ચામડા અને ખાલના સંબંધમાં બાબત ૭(એ) હેઠળ લાદવામાં આવેલા દર કરતાં અડધો હતો."*

૧૪૦. માલવા બસ સર્વિસ (પ્રાઇવેટ) લિ. વિ. પંજાબ રાજ્ય અને અન્ય (૧૯૮૩) ૩ એસ.સી.સી. ૨૩૭ માં આ કોર્ટે ઠેરવેલ કે કરના દરમાં તફાવત

માત્રથી તેને ભેદભાવપૂર્ણ અને સમાનતા કલમનું ઉલ્લંઘન કરનાર ગણી શકાય નહીં:

> *"૨૧. અરજદારો વતી કરવામાં આવેલી આગામી રજૂઆત સંવિધાનના અનુચ્છેદ ૧૪ પર આધારિત છે. અરજદારો દ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે સદર અધિનિયમ સ્ટેજ કેરેજ તરીકે વપરાતા મોટર વાહન પર વાર્ષિક રૂ. ૩૫,૦૦૦ નો કર લાદીને પરંતુ માલવાહક વાહન તરીકે વપરાતા મોટર વાહન પર વાર્ષિક માત્ર રૂ. ૧૫૦૦ લાદીને પ્રતિકૂળ ભેદભાવના દોષથી પીડાય છે અને તેથી, રદબાતલ થવાને પાત્ર છે. તેમાં કોઈ વિવાદ નથી કે નાણાકીય કાયદો પણ સંવિધાનના અનુચ્છેદ ૧૪ ને આધીન છે.*
>
> *પરંતુ એ સુસ્થાપિત છે કે કેટલાક પર કર લાદવા માટે વિધાનમંડળે બધા પર કર લાદવો જરૂરી નથી. તે કરની જવાબદારીઓ લાદવામાં વ્યક્તિઓ અને વસ્તુઓનું વ્યાજબી વર્ગીકરણ અપનાવી શકે છે. જુદી જુદી વસ્તુઓના સંબંધમાં કરવેરાના જુદા જુદા દરો નિર્ધારિત કરવામાં આવ્યા છે માત્ર તે કારણસર કરવેરાના કાયદાને ભેદભાવપૂર્ણ ગણી શકાય નહીં, શરત એ છે કે એવું ઠેરવવું શક્ય હોય કે સદર વસ્તુઓ વિશિષ્ટ અને અલગ જૂથોની છે અને વર્ગીકરણ તથા કરવેરાના જુદા જુદા દરો લાદીને પ્રાપ્ત કરવાના ઉદ્દેશ વચ્ચે વ્યાજબી સંબંધ છે. માત્ર એ હકીકત કે કોઈ કર અમુક ચોક્કસ માલ અથવા વ્યક્તિઓ પર વધુ ભારે પડે છે તે તેની અમાન્યતામાં પરિણમી શકે નહીં. આ કોર્ટે ખાંડિગે શામ ભટ વિ.*

એગ્રિકલ્ચરલ ઇન્કમ ટેક્સ ઓફિસર માં કરવેરાના કાયદાના સંબંધમાં અવલોકન કર્યા મુજબ, માલ, વસ્તુઓ અથવા વ્યક્તિઓનું વર્ગીકરણ કરવાની વિધાનમંડળની સત્તા અનિવાર્યપણે વિશાળ અને લવચીક છે જેથી તે તેની કરવેરા પ્રણાલીને તમામ યોગ્ય અને વ્યાજબી રીતે ગોઠવવા માટે સક્ષમ બની શકે. સમુદાયના સામાજિક અને આર્થિક જીવનમાં સંકળાયેલી જટિલતાઓને ધ્યાનમાં રાખીને કોર્ટો કરવેરાના કાયદાની બંધારણીયતાને માન્ય રાખવાની તરફેણમાં વધુ સરળતાથી ઝૂકે છે. મહત્તમ સામાજિક કલ્યાણ પ્રાપ્ત કરવાના હેતુથી પોતાના દ્વારા દાખલ કરાયેલા કરવેરાના પગલાંઓનો ઉપયોગ કરવો એ આધુનિક વિધાનમંડળની ફરજોમાંની એક છે અને આ સંબંધમાં વિધાનમંડળની વિવેકબુદ્ધિ પર વિશ્વાસ રાખવો પડે છે. જ્યાં સુધી પ્રશ્ન હેઠળનો નાણાકીય કાયદો સ્પષ્ટપણે ભેદભાવપૂર્ણ ન હોય ત્યાં સુધી કોર્ટે ભેદભાવના કારણસર તેને રદબાતલ કરવાનું ટાળવું જોઈએ. આ કોર્ટે તેના અનેક નિર્ણયોમાં નિર્ધારિત કરેલા કેટલાક વ્યાપક સિદ્ધાંતો આ છે અને આ ચુકાદાને ટાંકણોથી બોજારૂપ બનાવવો બિનજરૂરી છે. આ સિદ્ધાંતો લાગુ કરતાં જણાય છે કે સ્ટેજ કેરેજ કે જે નિર્દિષ્ટ રૂટ અથવા રૂટો પર દરરોજ સરેરાશ લગભગ ૨૬૦ કિલોમીટરની મુસાફરી કરે છે અને જેમાં લગભગ નિશ્ચિત પ્રમાણમાં મુસાફરો હોય છે કે જે હંમેશા ખીચોખીચ ભરેલા હોય છે, તે અનિશ્ચિત રૂટો પર માલનું વહન કરતાં પબ્લિક કેરિયર્સ કરતાં એક વિશિષ્ટ અને અલગ વર્ગમાં આવે છે. વધુમાં પબ્લિક કેરિયર્સ રાજ્યમાં દરરોજ સંચાલન કરતા ન પણ હોય.

*અન્ય આર્થિક બાબતો પણ છે જે સ્ટેજ કેરેજ અને પબ્લિક કેરિયર્સને એકબીજાથી અલગ પાડે છે. મોટર વાહનોના કોઈપણ વર્ગ દ્વારા રસ્તાઓને થતો ઘસારો કરવેરાના હેતુઓ માટે મોટર વાહનોનું વર્ગીકરણ કરવામાં હંમેશા નિર્ણાયક પરિબળ ન હોઈ શકે. જી. કે. ક્રિષ્નન કેસમાં આ કોર્ટે સ્ટેજ કેરેજ અને કોન્ટ્રાક્ટ કેરેજ—જે બંને મુસાફરોને લઈ જવામાં રોકાયેલા છે—વચ્ચે થયેલા વર્ગીકરણને માન્ય રાખવા માટે આપેલા કારણો મુસાફરોને લઈ જતી સ્ટેજ કેરેજ અને માલનું પરિવહન કરતા પબ્લિક કેરિયર્સ વચ્ચે કરવામાં આવેલા વર્ગીકરણના કેસ માટે પ્રસ્તુત નથી. અરજદારોએ કોર્ટ સમક્ષ એવું ઠેરવવા માટે પૂરતી સામગ્રી રજૂ કરી નથી કે વાદગ્રસ્ત કરવેરો ઉપરોક્ત કારણસર ભેદભાવના દોષથી પીડાય છે."*

૧૪૧. ઉપરોક્તના સંદર્ભમાં જોતાં, અમે રાજ્ય વતી કરવામાં આવેલી આ રજૂઆતને સ્વીકારવા તરફ ઝૂકીએ છીએ કે જ્યાં સુધી મુક્તિ/સમાયોજન/ક્રેડિટ આપવા પાછળનો હેતુ રાજ્યની અંદરના માલ અને રાજ્ય બહારના માલ પર નાણાકીય બોજની અસરને સમાન બનાવવાનો છે, ત્યાં સુધી આવી મુક્તિ અથવા સેટ–ઓફ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતા પ્રતિકૂળ ભેદભાવ સમાન બનશે નહીં. આમ કહ્યા પછી, વાદગ્રસ્ત કાયદાઓ આવા સમકારીકરણનો ઉદ્દેશ પ્રાપ્ત કરે છે કે એવી પરિસ્થિતિ તરફ દોરી જાય છે જે રાજ્ય બહારના માલને કર લાદનાર રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલની સરખામણીમાં કોઈપણ ગેરલાભ ભોગવવા માટે ખુલ્લો મૂકે છે, તે બાબતની

તપાસ અમે આ બાબતોની સુનાવણી કરનારી નિયમિત બેંચો માટે ખુલ્લી રાખીએ છીએ.

૧૪૨. છૂટા પડતાં, અમારે એ ઉલ્લેખ કરવો જ જોઈએ કે પક્ષકારોના વિદ્વાન વકીલે કેટલાક અન્ય મુદ્દાઓ ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો હતો જેમ કે શું સમગ્ર રાજ્યને સ્થાનિક વિસ્તાર તરીકે ગણી શકાય અને શું દેશ બહારથી આયાત કરાયેલા માલ પર પ્રવેશ કર લાદી શકાય. જોકે, હાલના સંદર્ભમાં તે તમામ મુદ્દાઓ પર ધ્યાન આપવું અમને જરૂરી જણાતું નથી, જે આથી આ બાબતની સુનાવણી કરનારી નિયમિત બેંચ દ્વારા નક્કી કરવા માટે ખુલ્લા રાખવામાં આવે છે.

૧૪૩. તે અવલોકન સાથે સંદર્ભનો ઉત્તર આપવામાં આવે છે. અમારા દ્વારા ઉપર જે અવલોકન કરવામાં આવ્યું છે તેના પ્રકાશમાં આ બાબતોનો ઝડપી નિકાલ કરવા માટે રજિસ્ટ્રી હવે તે બાબતોને નિયમિત બેંચો સમક્ષ મૂકશે.

**એસ. એ. બોબડે, ન્યાયમૂર્તિ**

૧. અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કરવેરા એ નિયંત્રણો નથી તે પ્રશ્ન પર હું મુખ્ય ન્યાયમૂર્તિના ચુકાદા સાથે આદરપૂર્વક સંમત છું.

**<u>કરવેરા વેપાર પર નિયંત્રણો નથી</u>**

૨. ચુકાદામાં જણાવેલા કારણો ઉપરાંત, એવું જણાય છે કે કરને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણ તરીકે કેમ ન ગણવો જોઈએ તેનું એક વધુ મૂળભૂત કારણ રહેલું છે. તેનાથી વિપરીત એવું જણાય છે કે જે કર સાથે આપણો સંબંધ છે તેવો કર વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર આધારિત છે. આ બાબત ખાસ કરીને પ્રવેશ કર માટે સાચી છે. તે એવા વ્યવહારો પર લાદવામાં આવેલો કર છે જે તે સ્વતંત્રતા દરમિયાન કરવામાં આવે છે. વાસ્તવમાં, વેપારની આવી સ્વતંત્રતા વિના કોઈ વ્યવહાર ન હોત અને કર લાદવાનો કોઈ પ્રસંગ પણ ન હોત. કર લાદવો એ વ્યવહારથી એક અલગ ઘટના છે. કરને આકર્ષવા માટે વેપાર અને વાણિજ્ય થવું અનિવાર્ય છે. નિઃશંકપણે કર વ્યવહારને કરના પ્રમાણમાં ઓછો નફાકારક બનાવી શકે છે. પરંતુ તે વ્યવહાર પર અવરોધ બનવાથી ઘણું દૂર છે, જે વેપારનો એક ભાગ છે અને જે સ્વતંત્રતાની બાંયધરી અનુચ્છેદ ૩૦૧ હેઠળ આપવામાં આવી છે. એવા કરની સહજતાથી કલ્પના કરવી શક્ય નથી, જે સ્વયં વેપારની સ્વતંત્રતાને નિયંત્રિત કરે અથવા તેમાં અવરોધ ઊભો કરે. આ સંજોગો બસ દ્વારા કોઈ વ્યક્તિના આવાગમનની સ્વતંત્રતા અને આવા આવાગમન માટે બસની ટિકિટના ભાડા જેવા જ છે. એવી ભાગ્યે જ દલીલ કરી શકાય કે બસની ટિકિટનું ભાડું આવાગમનની સ્વતંત્રતાને અવરોધે છે.

૩. અન્ય સંબંધિત દલીલો પર મુખ્ય ન્યાયમૂર્તિના ચુકાદામાં પૂરતા પ્રમાણમાં વિચારણા કરવામાં આવી છે અને હું તેની સાથે સંપૂર્ણપણે સહમત થાઉં છું. હું આ સંબંધમાં આટિયાબારીમાં સિન્હા, સી.જે.આઈ. ના એ અભિપ્રાય સાથે પણ સંમત થઈશ કે કર એ કોઈ નિયંત્રણ નથી. સિન્હા, સી.જે.આઈ.એ અવલોકન કર્યું હતું કે ".....જો વિધાનમંડળ દ્વારા એવો કર લાદતો કોઈ કાયદો પસાર કરવામાં આવે કે જે તેના વાસ્તવિક સ્વરૂપ અને અસરમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદવાનો ઈરાદો ધરાવતો હોય, ઉદાહરણ તરીકે, ઊંચી ટેરિફ દીવાલ ઊભી કરીને, અથવા રાજ્યમાં આયાત કે રાજ્ય બહાર નિકાસ અટકાવીને, તો આવો કાયદો વાસ્તવમાં કરવેરાના મહત્વની બહાર છે, પરંતુ તે વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે કે જેને નાબૂદ કરવાનો સંવિધાન નિર્માતાઓનો ઈરાદો ભાગ–૧૩ દ્વારા હતો". જોકે, આવી કસોટીનો અમલ કરવો મુશ્કેલ છે કારણ કે આવો કાયદો ક્યારે વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરશે તે નક્કી કરવા માટેનું કોઈ વસ્તુલક્ષી ધોરણ તે દર્શાવતી નથી. સિદ્ધાંત મુજબ, કર વેપારની સ્વતંત્રતા પર પ્રતિબંધ બની શકે નહીં, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર, જેવું કે સિન્હા, સી.જે.આઈ. દ્વારા ઠેરવવામાં આવ્યું હતું. તેથી, માત્ર દરો ઊંચા હોવાને કારણે કરને વેપાર અવરોધ તરીકે અર્થઘટન કરવું શક્ય બનશે નહીં. કરવેરાના ઊંચા દરો અંગે વ્યક્ત કરવામાં આવેલી આશંકાઓ સંબંધે, મેકકુલોચ વિ. મેરીલેન્ડ, ૧૭ યુ.એસ. ૩૧૬

(૧૮૧૯) માં માર્શલ, સી.જે.આઈ. ના અવલોકનો પર આધાર રાખવો યોગ્ય રહેશે કે આવી સત્તાના દુરુપયોગ સામેની એકમાત્ર સુરક્ષા ખુદ સરકારના માળખામાં રહેલી છે.

**<u>અનુચ્છેદ ૩૦૪ (એ)</u>**

૪. રાજ્યમાં સ્થાનિક વિસ્તાર બહારથી માલની આયાત પર પ્રવેશ કર લાદવો એ સ્વતઃ ભેદભાવપૂર્ણ રહેશે કે કેમ, જો આયાત કરાયેલ માલ સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ રાજ્યમાં થતું ન હોય તે પ્રશ્ન સંબંધે, આયાત કરનાર રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોય તો પણ રાજ્યમાં આયાત કરાયેલા માલ પર કર લાદી શકાય છે તેવા નિષ્કર્ષ સાથે સંમત થવું મને મુશ્કેલ જણાય છે. હું આ સંબંધમાં અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ દ્વારા તારવવામાં આવેલા નિષ્કર્ષ સાથે સંમત થઈશ.

અનુચ્છેદ ૩૦૪ નીચે મુજબ વંચાય છે:

*"રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો.— અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા—*

*(એ) અન્ય રાજ્યો [અથવા કેન્દ્રશાસિત પ્રદેશો] માંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત*

*કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને*

*(બી) તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા વાજબી નિયંત્રણો લાદી શકે છે:*

*પરંતુ શરત એ છે કે ખંડ (બી) ના હેતુઓ માટેનું કોઈ વિધેયક અથવા સુધારો રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં રજૂ કરવામાં આવશે નહીં અથવા લાવવામાં આવશે નહીં."*

૫. બિન–ભેદભાવપૂર્ણ સિદ્ધાંત ભાગ ૧૩ ની બે જોગવાઈઓમાં અંતર્નિહિત છે: અનુચ્છેદ ૩૦૩ (૧) – સંસદ અનુચ્છેદ ૩૦૨ હેઠળ નિયંત્રણો લાદી શકતી નથી અને વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિ હેઠળ ભેદભાવપૂર્ણ કાયદો બનાવી શકતી નથી; બીજી જોગવાઈ અનુચ્છેદ ૩૦૪ (એ) છે જે (ભૂતપૂર્વ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭, કે જેણે – નકારાત્મક આદેશ દ્વારા, ભેદભાવપૂર્ણ વ્યવહાર પર પ્રતિબંધ મૂક્યો હતો, તેનાથી વિપરીત) રાજ્ય વિધાનમંડળોને માલ પર બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની સત્તા આપે છે. આમ, અનુચ્છેદ ૩૦૪ (એ) ભેદભાવપૂર્ણ અને બિન–ભેદભાવપૂર્ણ કર વચ્ચે તફાવત કરે છે. આ જોગવાઈના પાયામાં દેશની આર્થિક એકતા સ્થાપિત કરવાનો અને તેને પ્રોત્સાહિત કરવાનો ભાગ ૧૩ નો સર્વોચ્ચ ઉદ્દેશ્ય રહેલો છે. તેથી બિન–ભેદભાવ, અથવા સમાન વ્યવહાર તેના ઉદ્દેશ્યના

કેન્દ્રમાં છે, જેના પર શ્રી ટી. ટી. કૃષ્ણમાચારીએ સંવિધાન સભામાં તેમના ભાષણમાં ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું હતું કે "રાજ્ય દ્વારા નિયંત્રણોને અટકાવવા પડશે જેથી સત્તામાં રહેલા કેટલાક લોકોના વિશિષ્ટ તરંગો અથવા અમુક રાજ્યોની સંકુચિત પ્રાંતીય નીતિઓને અમલમાં આવવા અને દેશના સામાન્ય અર્થતંત્રને અસર કરવાની મંજૂરી ન આપી શકાય." [સંવિધાન સભાની ચર્ચાઓ, ૧૧૩૯ (૧૯૪૯)].

૬. તેથી, સદર અનુચ્છેદ રાજ્યના વિધાનમંડળની આયાતી માલ પર કર લાદવાની સત્તાને માન્યતા આપે છે, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય. જ્યારે એ બાબતમાં કોઈ શંકા નથી કે સદર અનુચ્છેદ રાજ્યમાં કાયદો ઘડવાની સત્તાને માન્યતા આપે છે, ત્યારે તે સમાન રીતે તે સત્તાને એવી શરત સાથે સીમિત પણ કરે છે કે જેનું આવા કાયદાએ પાલન કરવું આવશ્યક છે. તે શરત એ છે કે આયાતી માલ પર કર લાદતો કાયદો તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે "ભેદભાવ" કરી શકે નહીં. તે એ પણ માની લે છે કે આયાત પરનો કર એવો "કર છે કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય." આમ સદર અનુચ્છેદ બે શરતો લાદે છે: પ્રથમ, કાયદો અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો 'કોઈપણ કર' લાદી શકે છે કે જેને તે રાજ્યમાં 'ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ' આધીન હોય. આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર ત્યારે જ કર લાદી શકાય છે જ્યાં આયાત કરનાર રાજ્યમાં

સમાન માલનું વાસ્તવમાં ઉત્પાદન અથવા નિર્માણ થતું હોય અને તેના પર કર લાદવામાં આવતો હોય. બીજા શબ્દોમાં, (એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ (બી) આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ સમાન હોવો જોઈએ અને (સી) તે રીતે સ્થાનિક સ્તરે ઉત્પાદિત અથવા નિર્મિત માલ કરપાત્ર હોવો જોઈએ. બીજી શરત એ છે કે આયાતી માલ પર લાદવામાં આવતો કર આયાત કરાયેલા માલ અને આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ કરતો ન હોવો જોઈએ.

૭. આમ, સદર અનુચ્છેદનો આશય સ્પષ્ટપણે એ છે કે જ્યાં રાજ્યમાં આયાત કરાયેલા માલ પર કર અસ્તિત્વ ધરાવતો હોય ત્યાં આવા કર અને આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પરના કર વચ્ચે કોઈ ભેદભાવ ન હોવો જોઈએ. આયાતી માલ પરના કર માટેનું સંદર્ભ બિંદુ સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પરનો કર છે. જ્યાં આયાત કરનાર રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર કોઈ કર ન હોય ત્યાં ભેદભાવ સામેના પ્રતિબંધનું અર્થઘટન કરવું શક્ય નથી. નિઃશંકપણે, આવા અર્થઘટનની અસર એ થાય છે કે જ્યાં આયાત કરનાર રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન અથવા નિર્માણ થતું ન હોય અને તેથી, સમાન કરને આધીન ન હોય ત્યાં આયાતી માલ પર કર લાદી શકાતો નથી અને તે સદર અનુચ્છેદનો સ્પષ્ટ આશય જણાય છે.

૮. સામાન્ય સંજોગોમાં, જે રાજ્યમાં અમુક માલનું નિર્માણ થતું નથી તે રાજ્ય અન્ય રાજ્યોમાંથી આવા માલના પુરવઠા પર આધાર રાખશે અને આ

જોગવાઈની અસર આવી રીતે આયાત કરાયેલા માલને કરના વધારાના બોજ વિના ઉપલબ્ધ કરાવવાની રહેશે. સારાંશમાં, અનુચ્છેદ ૩૦૪ (એ) હેઠળના પ્રતિબંધથી બચવા માટે, જે આધાર પર કર લાદી શકાય છે તે માત્ર સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ પરના કરનું અસ્તિત્વ અથવા કરવેરાની સૈદ્ધાંતિક શક્યતા નથી, પરંતુ તેવા અથવા સમાન કરને આધીન હોય તેવા સમાન માલનું વાસ્તવિક ઉત્પાદન અથવા નિર્માણ છે. આ શરતના અભાવે, આ ઉઘરાત અનુચ્છેદ ૩૦૪ (એ) નો ભંગ કરનારી બનશે કારણ કે તે એક વધારાનો બોજ બનશે (ઉત્પાદક રાજ્યમાં માલ પર પહેલેથી જ કોઈ સ્વરૂપનો કર લાગી ચૂક્યો હોય છે). મારા મતે આ અર્થઘટન આર્થિક પ્રગતિને તેમજ કુદરતી સંસાધનોના અભાવ અથવા અન્ય ભૌગોલિક મર્યાદાઓને ધ્યાને લેતાં જે રાજ્યો ઉત્પાદન ક્ષમતાઓ ધરાવતા નથી અને તેનો વિકાસ કરવા સક્ષમ ન પણ હોઈ શકે તેવા રાજ્યોમાં માલની અવિરત ઉપલબ્ધતાને પણ આગળ ધપાવશે. તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના પાયામાં રહેલા ઉદ્દેશ્યોને પણ આગળ ધપાવે છે.

## <u>નિષ્કર્ષ</u>

૯. હું પ્રશ્ન નં. ૧ નો ઉત્તર નકારમાં આપું છું અને મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા તારવવામાં આવેલા તારણો સાથે સંમત થાઉં છું. હું મુખ્ય ન્યાયમૂર્તિ સાથે સહમત થઈને પ્રશ્ન નં. ૨, ૩ અને ૪ નો ઉત્તર પણ આપું છું.

**शिव कीर्ति सिंह, न्यायमूर्ति**

૧. હું ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. ના ચુકાદા સાથે આદરપૂર્વક સંમત હોવાથી, દસ્તાવેજો, સામગ્રીઓ, સંબંધિત સંવૈધાનિક જોગવાઈઓ અને પૂર્વચુકાદાઓની સમગ્ર શ્રેણીમાં ઊંડા ઊતરવાનો મારો કોઈ પ્રસ્તાવ નથી કે જેની નોંધ માત્ર ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. દ્વારા જ નહીં, પરંતુ એન. વી. રમણા, આર. ભાનુમતી, ડી. વાય. ચંદ્રચૂડ અને અશોક ભૂષણ, ન્યાયમૂર્તિઓ દ્વારા પણ તેમના અલગ વિગતવાર ચુકાદાઓમાં લેવામાં આવી ચૂકી છે, જેમાંથી પસાર થવાનો મને લહાવો મળ્યો હતો.

૨. ટી. એસ. ઠાકુર, સી.જે.આઈ. ના ચુકાદા અને અન્ય સમાન મંતવ્યો સાથે મારી સહમતિ નોંધતી વખતે, કેટલાક ભિન્ન ચુકાદાઓના પ્રકાશમાં, મુખ્ય મુદ્દાઓ અંગેની મારી સમજણ અને તેનો શા માટે કોઈ ચોક્કસ રીતે જ ઉત્તર આપવાની જરૂર છે તે રેખાંકિત કરવાનું હું જરૂરી સમજું છું.

૩. હાલના મુકદ્દમાને જન્મ આપનાર મૂળભૂત મુદ્દો સંવિધાનની ૭મી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્ય વિધાનમંડળને ઉપલબ્ધ વિશિષ્ટ સત્તાના ઉપયોગમાં માલ પર પ્રવેશ કર લાદવા માટે કેટલાક રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા વિવિધ કર કાયદાઓને અપાયેલા પડકારમાંથી ઉદ્ભવે છે. જો અતિયાબારીના કેસમાં અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના કેસમાં બંધારણીય બેંચના ચુકાદાઓ શંકા હેઠળ ન હોત, તો અતિયાબારીના કેસમાં બહુમતી મંતવ્ય મુજબ પ્રવેશ કરની "પ્રત્યક્ષ અથવા તાત્કાલિક" અસરની કસોટી લાગુ કરવી જરૂરી હતી. જો તે વેપાર

અને વાણિજ્યની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરતો હોય, તો તેને રદબાતલ કરવો પડતો હતો. આવા મંતવ્યે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય માટે વધુ સારી સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય વિધાનમંડળ દ્વારા લાદવામાં આવતી અમુક ઉઘરાતોને મંજૂરી આપી ન હોવાથી, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં બહુમતી મંતવ્ય દ્વારા નિયમનકારી અને વળતરરૂપી કરવેરાની વિભાવનાને એક સ્વીકાર્ય અપવાદ તરીકે આગળ ધપાવવામાં આવી હતી. તેનો ઉદ્દેશ્ય વેપાર અને વાણિજ્ય પર કર લાદવા દ્વારા રાજ્યો માટે સંસાધનોની જરૂરિયાત સાથે અનુચ્છેદ ૩૦૧ દ્વારા નિર્ધારિત વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનો સમન્વય સાધવાનો હતો. જો આવો કર રસ્તાઓનું નિર્માણ અને જાળવણી તથા અન્ય સમાન સુવિધાઓ જેવી પ્રવૃત્તિઓ દ્વારા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં સુધારો કરે અને મદદરૂપ બને તેવી સુવિધાઓ પૂરી પાડવા માટેનો હોય, તો તેને સ્વીકાર્ય ઠેરવવામાં આવ્યો હતો.

૪. અન્ય ચુકાદાઓમાં વિગતવાર ચર્ચા કર્યા મુજબ, આખરે રાજ્યોએ સામાન્ય કલ્યાણકારી પગલાં અને પોલીસ ફરજો માટે પણ કર લાદવા માટે પોતાની વૈધાનિક સત્તાનો ઉપયોગ કરવાની જરૂરિયાત અનુભવી. પરિણામે આવા કરને વળતરરૂપી કર તરીકે વાજબી ઠેરવવાનું વધુ ને વધુ મુશ્કેલ બન્યું અને આવા પ્રયાસોએ નિયમનકારી અને વળતરરૂપી કરની મૂળ વિભાવના પર અતિશય તાણ ઊભી કરી. એક તરફ વેપાર અને ઉદ્યોગે, અન્ય બાબતોની સાથે, એ કારણસર આવા પ્રયાસોની ગંભીરપણે ટીકા કરી કે તે વળતરરૂપી કર અને

નિયમિત કર વચ્ચેના તફાવતને ધૂંધળો બનાવે છે. બીજી તરફ, ભારતીય સંઘના ઘટક રાજ્યો અતિયાબારીના કેસ તેમજ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં સ્થિર થયેલા કાયદાથી સ્પષ્ટપણે નાખુશ છે કે જે તેમને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અસર કરતા કર લાદવાની પરવાનગી આપે છે પરંતુ એ શરતે કે તે વાસ્તવમાં કોઈ પ્રકારના અવેજ દ્વારા વાજબી ઠરેલી ફી ના સ્વરૂપમાં હોય.

૫. ઉપરોક્ત હકીકતલક્ષી પૃષ્ઠભૂમિમાં આ નવ ન્યાયમૂર્તિઓની બેંચ પર આવી પડેલો ભારે બોજ ભારતીય સંવિધાનના ભાગ ૧૩ માં સમાવિષ્ટ અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ નું એવી રીતે અર્થઘટન કરવાનો છે જે લખાણ તેમજ ઐતિહાસિક સંદર્ભ બંને દ્વારા વાજબી ઠરતું હોય અને એક તરફ દેશમાં વેપાર અને વાણિજ્યની મુક્ત અવરજવર હોવાની જરૂરિયાત તથા બીજી તરફ સંવિધાન દ્વારા રાજ્યોને આપવામાં આવેલી કર લાદવાની સાર્વભૌમ સત્તાઓ વચ્ચે ઇચ્છિત સંતુલન પણ સાધતું હોય. આવી સત્તા પરની મર્યાદા સંવિધાનમાં સ્પષ્ટ હોવી જોઈએ. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે, આવી મર્યાદા સંવિધાનના ભાગ ૧૩ ના માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) માં જ જોવા મળે છે.

૬. પ્રશ્ન નં. ૧ નો નકારમાં ઉત્તર આપવો અથવા બીજા શબ્દોમાં એમ જાહેર કરવું કે બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો તે આપમેળે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી, મારા મતે તેનો અર્થ એ થાય છે કે કાયદા દ્વારા કર લાદવાની મર્યાદાઓના સંબંધમાં અતિયાબારી કેસ (પૂર્વોક્ત) તેમજ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં બહુમતી મંતવ્ય હવે સારો કાયદો રહ્યો નથી.

કર લાદવાની બાબતમાં વળતરરૂપી કર સિદ્ધાંત હવે સુસંગત રહ્યો ન હોવાથી, રાજ્ય વિધાનમંડળો બહારના માલ પર તેમના દ્વારા લાદવામાં આવેલા કર સંબંધિત વેપારીઓ અથવા ઉત્પાદકોના લાભ માટે છે તેવી ઘોષણા કરવાની અને દર્શાવવાની જરૂરિયાત વિના પોતાની કર લાદવાની સત્તાઓનો ઉપયોગ કરવા માટે મુક્ત છે. પરંતુ આવો કર આખરી કર બોજ અને તંત્ર સંબંધિત જોગવાઈઓ બંનેમાં, મૂળભૂત રીતે, બિન-ભેદભાવપૂર્ણ હોવો જોઈએ. સંવિધાનના ભાગ ૧૩ નું પાલન સુનિશ્ચિત કરવા માટે, કરે અનુચ્છેદ ૩૦૪(એ) માં સમાવિષ્ટ બેવડી કસોટીઓમાં પાર ઉતરવું આવશ્યક છે – (૧) સ્થાનિક રીતે ઉત્પાદિત સમાન માલ પર પણ સમાન કર લાદવામાં આવવો જોઈએ અને (૨) રાજ્યના આવા પગલાંથી માલની બંને જાતો વચ્ચે ભેદભાવનો દોષ આકર્ષાવો જોઈએ નહીં.

૭. મારા મતે સમગ્ર ચર્ચા એવા વાજબી નિષ્કર્ષ તરફ દોરી જાય છે કે અતિયાબારી કેસમાં પોતાના ચુકાદાના ફકરા ૧૮ માં સિન્હા, સી.જે.આઈ. દ્વારા સારાંશિત મંતવ્યો સંવિધાનના ભાગ ૧૩ માંથી નીકળતા કાયદાને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં દર્શાવે છે. જોકે ફકરા ૧૬ માંના તે અવલોકનો વિશે આવું કહી શકાય નહીં જ્યાં ન્યાયમૂર્તિશ્રીએ આ શબ્દપ્રયોગ કર્યો હતો — "જો વિધાનમંડળ દ્વારા કાયદો પસાર કરવામાં આવે ..... ઊંચી ટેરિફ દીવાલ લાદતો--------તે વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે કે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો સંવિધાન નિર્માતાઓનો ઇરાદો હતો." આ અવલોકનો ચોક્કસપણે અતિ વિશાળ પ્રમાણની વ્યવહારુ મુશ્કેલીઓ ઊભી કરે છે. આથી આ અવલોકનોને

ઓબિટર (પ્રાસંગિક કથન) તરીકે ગણવા જોઈએ અથવા સમગ્ર ફકરાના પ્રકાશમાં તેનું એવું અર્થઘટન કરવું જોઈએ કે તેનો અર્થ એવા કર થાય કે જે ભેદભાવપૂર્ણ ટેરિફ દીવાલ/વેપાર અવરોધ ઊભો કરીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં અડચણ ઊભી કરે છે (ભારપૂર્વક જણાવેલ). ભાગ ૧૩ માટે કર દ્વારા કોઈ વાસ્તવિક અડચણ હોઈ શકે નહીં સિવાય કે કહેવાતી દીવાલ અથવા અવરોધ સ્થાનિક માલ અને બહારના માલ વચ્ચેના પ્રતિકૂળ ભેદભાવનો હોય.

**એન. વી. રમણા, ન્યાયમૂર્તિ**

અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ભાગ–૧ | પ્રસ્તાવના | પેરા ૧.૧–૧.૩ |
| ભાગ–૨ | કેસનો ઇતિહાસ | પેરા ૨.૧–૨.૩ |
| ભાગ–૩ | રજૂ કરાયેલી દલીલો | પેરા ૩.૧–૩.૧૦ |
| ભાગ–૪ | પુનર્વિચારણાની આવશ્યકતા | પેરા ૪.૧–૪.૨ |
| ભાગ–૫ | બંધારણીય અર્થઘટન | પેરા ૫.૧–૫.૯ |
| ભાગ–૬ | કરવેરાનો પરિચય અને તેનું મહત્વ | પેરા ૬.૧–૬.૨ |
| ભાગ–૭ | વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા | પેરા ૭.૧–૭.૪૧ |
| ભાગ–૮ | સંવિધાનનો અનુચ્છેદ ૩૦૪ | પેરા ૮.૧–૮.૨૬ |

| | | |
|---|---|---|
| ભાગ–૯ | તારણો | પેરા ૯.૧–૯.૨ |

## ભાગ – ૧ : પ્રસ્તાવના

૧.૧ વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ ટી.એસ. ઠાકુર અને મારા સાથી ભાઈ/બહેન ન્યાયમૂર્તિઓ દ્વારા તૈયાર કરવામાં આવેલા ડ્રાફ્ટ ચુકાદાઓનું વાચન કરવાનો મને વિશેષાધિકાર મળ્યો છે. હું મોટાભાગના મુદ્દાઓ પર વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના તારણ સાથે વ્યાપકપણે સહમત છું. સામાન્ય સંજોગોમાં વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિનો વિદ્વાતાપૂર્ણ ડ્રાફ્ટ ચુકાદો કદાચ અન્ય કોઈ સહમતીપૂર્ણ ચુકાદાની જરૂરિયાત ઊભી ન કરત. પરંતુ જ્યારે લગભગ પચાસ વર્ષોથી રાષ્ટ્રને મૂંઝવી રહેલા પાયાના મુદ્દાઓ પર વિચારણા કરવા માટે આ કોર્ટની નવ ન્યાયમૂર્તિઓની બેંચ રચવામાં આવી હોય અને કોર્ટમાં ચાર અઠવાડિયાના સમયગાળા દરમિયાન આવા મુદ્દાઓ પર ચર્ચા–વિચારણા કરવામાં આવી હોય, બંધારણીય પ્રશ્ન અંગે અસર ધરાવતા અનેક પાસાઓની વિગતવાર રજૂઆત કરવામાં આવી હોય, ત્યારે સહમતીપૂર્ણ ચુકાદાને પુનરાવર્તિત બોજ કે બિનજરૂરી કાનૂની કવાયત ગણી શકાય નહીં.[1] તેથી હું મારા

[1] સફર આટિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય અને અન્ય, એ.આઈ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨ [જે હવે પછી 'આટિયાબારી' તરીકે ઉલ્લેખિત છે] થી શરૂ થઈ; ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. રાજસ્થાન રાજ્ય, એ.આઈ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬ [જે હવે પછી 'ઓટોમોબાઇલ' તરીકે ઉલ્લેખિત છે] માં ચાલુ રહી. જી. કે. ક્રિષ્નન વિ. તામિલનાડુ રાજ્ય, એ.આઈ.આર. ૧૯૭૫ એસ.સી. ૫૮૩ [જે હવે પછી 'જીકે ક્રિષ્નન' તરીકે ઉલ્લેખિત છે] માં પ્રથમ વખત શંકા વ્યક્ત કરવામાં આવી. વળતરકારી કરનું મંદન ભગતરામ રાજીવ કુમાર વિ. સી.આઈ.ટી., એમ.પી., ૧૯૯૫ સપ્લિ. (૧) એસ.સી.સી. ૬૭૩ [જે હવે પછી 'ભગતરામ' તરીકે ઉલ્લેખિત છે] અને બિહાર રાજ્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય, (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬ [જે હવે પછી 'બિહાર

પોતાના કારણો દર્શાવતાં, વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના ચુકાદા સાથે સહમત થતો એક સંક્ષિપ્ત ચુકાદો આપવાનું પ્રસ્તાવિત કરું છું.

૧.૨ એક સાવચેતીરૂપે, હું ઉલ્લેખ કરી શકું કે અત્રેનો વિવાદાસ્પદ મામલો માત્ર કાનૂની દ્રષ્ટિકોણથી જ નહીં પરંતુ સામાન્ય માણસ માટે પણ મહત્વપૂર્ણ છે જે આખરે કરનો બોજ સહન કરે છે. બીજું, બંધારણીય બાબતોમાં, ભટકતી જટિલતાઓવાળા ચુકાદા કરતાં સ્પષ્ટતાવાળો ચુકાદો વધુ પસંદ કરવા યોગ્ય છે. લોર્ડ ડેનિંગ[2]ને ટાંકવું યોગ્ય રહેશે, તેમણે કહ્યું હતું—

'...**હું પ્લેગની જેમ લાંબા વાક્યો ટાળું છું: કારણ કે તે અસ્પષ્ટતા તરફ દોરી જાય છે.** જો સાંભળનારાઓ તેને સમજી ન શકે તો તેનો કોઈ અર્થ નથી... હું ક્યારેક અગાઉના પૂર્વચુકાદાઓનો સંદર્ભ લઉં છું. મારે તેમ કરવું પડે છે કારણ કે હું જાણું છું કે જ્યાં સુધી પુસ્તકોનું સમર્થન ન હોય ત્યાં સુધી લોકો મારા મંતવ્યો સ્વીકારવા તૈયાર થતા નથી. પરંતુ ક્યારેય બહુ લંબાણપૂર્વક નહીં. માત્ર એક કે બે વાક્ય... હું નિષ્કર્ષ સાથે સમાપન કરું છું – અને ઉપસંહાર સાથે – ફરીથી જેમ શેક્સપિયરમાં કોરસ કરે છે. તેમાં, હું બધા તાંતણાઓને એકસાથે જોડું છું અને પરિણામ આપું છું'.

---

ચેમ્બર ઓફ કોમર્સ' તરીકે ઉલ્લેખિત છે] માં થયું. આગળ જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય, એ.આઈ.આર. ૨૦૦૬ એસ.સી. ૨૫૫૦ [જે હવે પછી જિંદાલ (૨) તરીકે ઉલ્લેખિત છે] માં જૂના સૂત્રીકરણ પર પાછા ગયા. જયપ્રકાશ એસોસિએટ્સ વિ. એમ.પી. રાજ્ય, ૨૦૦૯ (૭) એસ.સી.સી. ૩૩૯ [જે હવે પછી 'જયપ્રકાશ' તરીકે ઉલ્લેખિત છે] માં મોટી બેંચ સમક્ષ મોકલવામાં આવ્યું; વધુમાં સંવિધાન પીઠે જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય, ૨૦૧૦ (૪) એસ.સી.સી. ૫૯૫ [જે હવે પછી 'જિંદાલ (૩)' તરીકે ઉલ્લેખિત છે] માં આ બાબત અમારી સમક્ષ મોકલેલ છે.

[2] લોર્ડ ડેનિંગ, ફેમિલી સ્ટોરી, પૃ. ૨૦૭ (૧૯૯૯)

(ભારપૂર્વક ઉમેરેલ)

જોકે મેં આ ચુકાદામાં તેને શક્ય તેટલો સરળ રાખવાનો પ્રયાસ કર્યો છે છતાં કાયદાના સારને જાળવી રાખવા માટે કેટલીકવાર કાનૂની પરિભાષા અનિવાર્ય બની જાય છે.

૧.૩ નીચે વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા વિગતવાર જણાવ્યા મુજબ સંદર્ભ હુકમમાં બાર (૧૨) જેટલા પ્રશ્નો ઘડવામાં આવ્યા હતા. તેમ છતાં, પ્રથમ દિવસે જ વિદ્વાન કાઉન્સેલોની સંમતિથી, અમે આ પ્રશ્નોને નીચે મુજબ પુનઃ ઘડ્યા હતા—

૧. શું બિન-ભેદભાવપૂર્ણ કર લાદવો તે સ્વયંભૂ રીતે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બની શકે?

૨. જો પ્રશ્ન નં. ૧ નો જવાબ હકારાત્મક હોય, તો શું વળતરરૂપી પ્રકૃતિનો કર પણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરી શકે?

૩. કર કે કરારોપણ વળતરરૂપી પ્રકૃતિનું છે કે કેમ તે નક્કી કરવા માટેની કસોટીઓ કઈ છે?

૪. શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘનકર્તા છે અને ખાસ કરીને શું પ્રવેશ કર સંબંધિત વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના

બંને અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) ના સંદર્ભમાં તેની ચકાસણી કરવાની રહેશે?

## ભાગ – ૨ : કેસનો ઈતિહાસ

૨.૧ હું અપીલોના જૂથમાંનો પ્રથમ કેસ (સિવિલ અપીલ નં. ૩૪૫૩/૨૦૦૨ (જિંદાલ સ્ટેઈનલેસ સ્ટીલ લિ. વિ. હરિયાણા રાજ્ય)) હાથ પર લઉં. ૫ મે, ૨૦૦૦ ના રોજ, હરિયાણા રાજ્યે ધ હરિયાણા લોકલ એરિયા ડેવલપમેન્ટ ટેક્સ ઓર્ડિનન્સ, ૨૦૦૦ (૨૦૦૦ નો વટહુકમ નં. ૧૦) બહાર પાડ્યો હતો. ત્યારબાદ સદર વટહુકમનું સ્થાન ધ હરિયાણા લોકલ એરિયા ડેવલપમેન્ટ ટેક્સ એક્ટ, ૨૦૦૦ દ્વારા લેવામાં આવ્યું હતું. તેમાં, સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર લાદવા અને તેની વસૂલાત કરવા માટે જોગવાઈ કરવામાં આવી હતી. તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ નું ઉલ્લંઘન કરે છે તેવા કારણોસર સદર અધિનિયમની માન્યતાને પડકારવામાં આવી હતી. ૨૧ ડિસેમ્બર, ૨૦૦૧[3] ના રોજ હાઈકોર્ટ દ્વારા સી.ડબલ્યુ.પી. નં. ૬૬૩૦/૨૦૦૦ (જિંદાલ સ્ટ્રિપ્સ લિમિટેડ વિ. હરિયાણા રાજ્ય) અને તેની સાથે જોડાયેલી અરજીઓ ફગાવી દેવામાં આવી હતી. અન્ય બાબતોની સાથે ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં આ કોર્ટના ચુકાદાઓને અનુસરીને, હાઈકોર્ટે સદર અધિનિયમની માન્યતાને બહાલ રાખી હતી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સદર ચુકાદાઓમાં આ કોર્ટ દ્વારા નિર્ધારિત

[3] જિંદાલ સ્ટ્રિપ્સ લિ. વિ. હરિયાણા રાજ્ય, [૨૦૦૩] ૧૨૯ એસ.ટી.સી. ૫૩૪

માપદંડો મુજબ પ્રવેશ કર વળતરરૂપી હતો અને તેથી, સંવિધાનના અનુચ્છેદ ૩૦૧/૩૦૪ નું ઉલ્લંઘન કરતો ન હતો. આ કોર્ટમાં અપીલ થતાં, ૨૬ સપ્ટેમ્બર, ૨૦૦૩ ના રોજના હુકમ દ્વારા સિવિલ અપીલ નં. ૩૪૫૩/૨૦૦૨ માં આ મામલો બંધારણીય બેંચને સંદર્ભિત કરવામાં આવ્યો હતો. સદર હુકમ જિંદાલ સ્ટ્રાઇપ લિ. વિ. હરિયાણા રાજ્ય [જે હવે પછી 'જિંદાલ (૧)' તરીકે ઉલ્લેખિત છે][4] તરીકે નોંધાયેલો છે. ૧૩ એપ્રિલ, ૨૦૦૬ ના રોજ, બંધારણીય બેંચે જિંદાલ (૨) માં પોતાનો ચુકાદો આપ્યો અને ભગતરામ તથા બિહાર ચેમ્બર ઓફ કોમર્સના અગાઉના ચુકાદાઓને ઉલટાવી દીધા હતા. બંધારણીય બેંચે વળતરરૂપી કરના ઘટકો નિર્ધારિત કર્યા હતા કે તે સમકક્ષતાના આધારે રાજ્ય દ્વારા કરદાતાઓને પૂરા પાડવામાં આવતા પ્રત્યક્ષ, માપી શકાય તેવા અને પરિમાણી શકાય તેવા વિશેષ લાભોનું મૂલ્ય છે. ત્યારબાદ બંધારણીય બેંચના ચુકાદાના પ્રકાશમાં નિર્ણય કરવા માટે આ મામલો આ કોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. ૧૪ જુલાઈ, ૨૦૦૬ ના રોજ, આ કોર્ટની ડિવિઝન બેંચે જિંદાલ સ્ટેઈનલેસ લિ. વિ. હરિયાણા રાજ્ય[5] માં પોતાના હુકમમાં એવું અવલોકન કર્યું હતું કે કરનું સ્વરૂપ નક્કી કરવા માટે સંબંધિત ડેટા હાઇકોર્ટ સમક્ષ મૂકવામાં આવ્યો ન હતો અને કરારોપણ વળતરરૂપી સ્વરૂપનું હતું કે કેમ તે મૂળભૂત મુદ્દા પર વિચારણા કરવા હાઇકોર્ટને જણાવ્યું હતું. તદનુસાર, રાજ્યે સોગંદનામા દ્વારા ડેટા

[4] ૨૦૦૩ (૮) એસ.સી.સી. ૬૦
[5] ૨૦૦૬ (૭) એસ.સી.સી. ૨૭૧

રજૂ કર્યો અને ૧૪ માર્ચ, ૨૦૦૭ ના રોજના હુકમ દ્વારા (જે જિંદાલ સ્ટ્રિપ્સ લિમિટેડ વિ. હરિયાણા રાજ્ય તરીકે નોંધાયેલ છે), હાઇકોર્ટની ડિવિઝન બેંચે ઠેરવ્યું કે કરારોપણ વળતરરૂપી સ્વરૂપનું ન હતું અને તે વેપાર તથા વાણિજ્યના મુક્ત પ્રવાહ પર પ્રતિબંધ સમાન હતું તેમજ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ નું ઉલ્લંઘન કરતું હતું. ૧૬ એપ્રિલ, ૨૦૦૮ ના રોજ, હરિયાણા રાજ્યે ૨૦૦૦ ના અધિનિયમને રદ કર્યો અને આ અપીલમાં વાદગ્રસ્ત એવો ધ હરિયાણા ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયાઝ એક્ટ, ૨૦૦૮ ઘડ્યો હતો. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન વિ. હરિયાણા રાજ્ય[6] માં હાઇકોર્ટે ધ હરિયાણા ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયાઝ એક્ટ, ૨૦૦૮ ની જોગવાઈઓને અસંવૈધાનિક અને શૂન્ય જાહેર કરી હતી. પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે હરિયાણા અધિનિયમને અમાન્ય ઠેરવ્યો, આ બાબતો ફરીથી આ કોર્ટ સમક્ષ આવી અને એક જોડાયેલી બાબત જયપ્રકાશ એસોસિએટ્સ[7] માં (બે ન્યાયમૂર્તિઓની બેંચે) દસ પ્રશ્નો બંધારણીય બેંચને સંદર્ભિત કર્યા હતા.[8]

[6] (૨૦૦૯) ૨૧ વી.એસ.ટી. ૧૦ (પી એન્ડ એચ)

[7] ૨૦૦૯ (૭) એસ.સી.સી. ૩૩૯.

[8] પ્રશ્નો નીચે મુજબ છે— ૧. શું પ્રવેશ કર લાદવા સંબંધિત રાજ્યના કાયદાઓની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) ના સંદર્ભમાં તેમની ચકાસણી કરવી પડશે અને શું અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) એ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) સાથે સંયોજક છે કે તેનાથી અલગ છે? ૨. શું પરિશિષ્ટ ૭ ની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના સંદર્ભમાં પ્રવેશ કર લાદવો એ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘનકર્તા છે? જો જવાબ હકારાત્મક હોય, તો જો પ્રવેશ કર વળતરરૂપી પ્રકૃતિનો હોય તો શું આવા કરારોપણનું રક્ષણ કરી શકાય અને જો ઉપરોક્ત પ્રશ્નનો જવાબ હકારાત્મક હોય, તો પ્રવેશ કરની વળતરરૂપી પ્રકૃતિ નક્કી કરવા માટે કયા માપદંડો લાગુ કરવાના રહેશે. ૩. શું સંવિધાનના પરિશિષ્ટ ૭ ની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨, પરિશિષ્ટની અન્ય કરવેરા પ્રવિષ્ટિઓની જેમ, માત્ર કર લાદવાની સત્તાનો ઉપયોગ કરવા માટે કરવેરાનું ક્ષેત્ર પૂરું પાડે છે અને શું પ્રવેશ કરની વસૂલાત, કે જે રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થયેલ મહેસૂલ હોવાને કારણે સામાન્ય રીતે રાજ્યના સંચિત નિધિમાં જમા કરવામાં આવશે અને અનુચ્છેદ ૨૬૬ મુજબ સંવિધાનમાં દર્શાવેલી રીતે તથા હેતુઓ માટે અને કાયદા અનુસાર તેનો વિનિયોગ કરવો પડશે, અને શું પરિશિષ્ટ ૭ ની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ માં એવું કંઈપણ સ્પષ્ટ કે સુસ્પષ્ટ નથી કે જે રાજ્યને જે સ્થાનિક વિસ્તારમાં કર એકત્રિત કરવામાં આવ્યો હતો તે જ સ્થાનિક વિસ્તારમાં તેને ખર્ચવા માટે ફરજ પાડે? ૪. શું ફી ને સુસંગત એવા ક્વિડ પ્રો ક્વો ના સિદ્ધાંતો ભાગ

૨.૨ પ્રશ્નો પૈકીનો એક પ્રશ્ન એ છે કે શું પ્રવેશ કર લાદવા સંબંધિત રાજ્ય અધિનિયમની બંને અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) ના સંદર્ભમાં ચકાસણી કરવાની રહેશે. જ્યારે આ મામલો જિંદાલ (૩)[9] ની સાથે બંધારણીય બેંચ સમક્ષ મૂકવામાં આવ્યો, ત્યારે બંધારણીય બેંચ સમક્ષ રાજ્ય દ્વારા એવી દલીલો રજૂ કરવામાં આવી હતી કે આટિયાબારી અને ઓટોમોબાઇલ દ્વારા પ્રતિપાદિત કરવામાં આવેલી કસોટીઓ અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા અને ભારતના સંવિધાનની સંબંધિત વૈધાનિક પ્રવિષ્ટિઓ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૬ હેઠળ રાજ્યની કરવેરા લાદવાની સત્તા વચ્ચે સંતુલન સાધવામાં નિષ્ફળ રહી છે. બંધારણીય બેંચને આટિયાબારી અને ઓટોમોબાઇલ પર પુનર્વિચારણા કરવા માટે યોગ્ય મોટી બેંચને સંદર્ભિત કરવામાં યોગ્યતા જણાઈ હતી. આમ કરવા માટે કેશવ મિલ્સ[10], જી. કે. કૃષ્ણન, દાઉદી બોહરા[11] પરથી

---

૧૩ હેઠળ લાદવામાં આવતા કરના કિસ્સામાં લાગુ પડશે?. ૫. જ્યાં વેચવા, વાપરવા અથવા વપરાશ કરવા માટેનો માલ 'સ્થાનિક વિસ્તાર' માં માલનું વહન અટકી ગયા પછી સ્થિર (નિશ્ચલ) થઈ જાય છે, ત્યાં શું પ્રવેશ કર બિલકુલ લાદી શકાય? ૬. જ્યારે રાજ્યની સરહદ પર માલના પ્રવેશ પર કોઈ પ્રતિબંધ ન હોય અથવા જ્યારે તે એવા સ્થાનિક વિસ્તારમાંથી પસાર થાય કે જેમાં તેનું વેચાણ, ઉપયોગ કે વપરાશ થતો નથી, ત્યારે શું પ્રવેશ કરને માલના વહન પરનો કર કહી શકાય? ૭. શું આતિયાબારી (પૂર્વોક્ત) અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના કેસ (પૂર્વોક્ત) માં વાહનો પરના કર (સામાન્ય રીતે 'પરિવહન' તરીકે જાણીતા) ના કેસોના સંદર્ભમાં અનુચ્છેદો ૩૦૧ થી ૩૦૪ નું કરવામાં આવેલું અર્થઘટન પ્રવેશ કરના કેસોને લાગુ પડે છે અને જો તેમ હોય, તો કઈ હદ સુધી. ૮. શું બિન-ભેદભાવપૂર્ણ પરોક્ષ રાજ્ય કર કે જે આગળ ધકેલી શકાય તેમ છે અને વેપારીઓ દ્વારા ગ્રાહકો પર આગળ ધકેલવામાં આવ્યો છે, તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે? ૯. શું રાજ્યની અંદર માલ પરનો એવો કર કે જે વેપારમાં સીધો અવરોધ ઊભો કરે છે અને આમ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે, તેને માત્ર સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના સંદર્ભથી બચાવી શકાય કે અન્ય કોઈ અનુચ્છેદ દ્વારા પણ બચાવી શકાય? ૧૦. શું ચાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ હેઠળનું કરારોપણ, ભલે તે વળતરરૂપી કરારોપણના સ્વરૂપનું માનવામાં આવે તો પણ, સમકક્ષતાના સિદ્ધાંત પર એ દર્શાવવું આવશ્યક છે કે સંબંધિત 'સ્થાનિક વિસ્તાર' માં પૂરી પાડવામાં આવનાર સુવિધા/સેવાઓ પ્રાપ્ત કરવા માટે થયેલા ખર્ચ દ્વારા પરિમાણિત લાભનું મૂલ્ય દર્શાવવામાં આવે છે (જે ખર્ચ બદલામાં સેવાઓ/સુવિધાઓ પૂરી પાડનાર માટે વળતર/ભરપાઈનો આધાર બને છે) અને શું પ્રવેશ કરના હેતુ માટે સમગ્ર રાજ્યને અથવા તેના કોઈ ભાગને સ્થાનિક વિસ્તાર તરીકે સમાવી શકાય?

[9] ૨૦૧૦ (૪) એસ.સી.સી. ૫૯૫

[10] એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૧૬૩૬

[11] ૨૦૦૫ (૨) એસ.સી.સી. ૬૭૩

આધાર લેવામાં આવ્યો હતો. આ રીતે આ મામલો અમારી સમક્ષ આવ્યો છે.

૨.૩ પ્રવેશ કર હરિયાણા રાજ્ય દ્વારા ધ હરિયાણા ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયાઝ એક્ટ, ૨૦૦૮ ની જોગવાઈઓ હેઠળ લાદવામાં આવે છે. સદર અધિનિયમની કલમ ૩ કરારોપણ સંબંધિત જોગવાઈ ધરાવે છે જેમાં જણાવવામાં આવ્યું છે કે કર 'રાજ્યમાં વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગના વિકાસના હેતુ માટે તેમજ વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહ માટે માળખાગત સુવિધાઓના નિર્માણ અને જાળવણી માટે' લાદવામાં આવે છે. સદર અધિનિયમની કલમ ૨૫ એવી જોગવાઈ કરે છે કે કરારોપણની ઉપજ સરકાર દ્વારા અધિસૂચિત ફંડમાં વિનિયોગ કરવામાં આવશે અને રાજ્યમાં વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગના વિકાસ અથવા તેને સુવિધાજનક બનાવવા માટે તેનો અનન્યપણે ઉપયોગ કરવામાં આવશે તેમજ અન્ય બાબતોની સાથે એવા લાભોની પણ જોગવાઈ કરે છે કે જેના માટે આ ઉપજનો ઉપયોગ કરી શકાશે. અપીલમાં રહેલા મોટાભાગના રાજ્યોએ વાદગ્રસ્ત કાયદાઓ હેઠળ સમાન જોગવાઈઓ ઘડી છે.

## ભાગ–૩ : રજૂ કરવામાં આવેલી દલીલો

અરજદારો/અપીલકર્તાઓ (કરદાતા(ઓ)) ની દલીલો

૩.૧ વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી હરીશ સાલ્વેએ નીચે મુજબ દલીલ કરી હતી—

* કર સામાન્ય રીતે પ્રતિબંધ સમાન હોય છે પરંતુ માત્ર એવા કર જે વેપાર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક પ્રતિબંધ મૂકે છે તે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે. આ કસોટી લાગુ કરીને જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા રક્ષણ ન મળે ત્યાં સુધી કોર્ટ તે કાયદાને અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનકર્તા તરીકે રદબાતલ ઠેરવી શકે છે.

* અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) ને એકસાથે વંચાણે લેવાનું પરિણામ એ જણાય છે કે રાજ્યમાં ઉત્પાદિત/બનાવેલા અથવા આયાત કરાયેલા માલ પર રાજ્ય દ્વારા કર લાદી શકાય છે અને તે દ્વારા અન્ય રાજ્ય સાથેના અથવા તે જ રાજ્યના વિવિધ વિસ્તારો વચ્ચેના વેપારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો મૂકી શકાય છે.

* પરંતુકમાં પૂરી પાડવામાં આવેલી મહત્વપૂર્ણ સંઘીય સુરક્ષા રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી છે. અનુચ્છેદ ૩૦૧ રાજ્યની વૈધાનિક સત્તા પર નિયંત્રણ મૂકવા માટે કાર્ય કરે છે. છેલ્લે, તેઓ દલીલ કરે છે કે યોગ્ય કેસોમાં અનુચ્છેદ ૩૦૪ ના પરંતુકનું સંકુચિત અર્થઘટન (રીડ ડાઉન) કરી શકાય છે.

પ્રત્યુત્તરમાં તેઓ દલીલ કરે છે કે સંવિધાનનો અનુચ્છેદ ૩૦૪(એ) સ્વયં* ઉલ્લંઘનના નિયમની પરિકલ્પના કરતો હોવાથી તેની હેઠળ અસરની

કસોટી કે તુલનાત્મક કર બોજ કસોટીનો કોઈ પ્રશ્ન રહેતો નથી કારણ કે તેનું લખાણ આવા અર્થઘટનને સ્વીકારતું નથી.

૩.૨ શ્રી એ. કે. ગાંગુલી, તેમની મુખ્ય દલીલો નીચે મુજબ છે—

આટિયાબારી અને ઓટોમોબાઇલ* ના નિર્ણયો પર 'પુનર્વિચારણા' કરવા માટે મોટી બેંચને કરવામાં આવેલ સંદર્ભ હુકમ વાજબી નથી અને તે આ નામદાર કોર્ટ દ્વારા નિર્ધારિત સુસ્થાપિત કાયદાથી વિપરીત છે કારણ કે તે સંવિધાનના અનુચ્છેદ ૧૪૧ હેઠળ બંધનકર્તા પૂર્વચુકાદો રચે છે.

* સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના અર્થઘટન અંગે તેઓ રજૂઆત કરે છે કે ખંડ (એ) ના મુસદ્દામાં જ એ બાબત સમાવિષ્ટ છે કે અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) પરસ્પર અનન્ય (વિશિષ્ટ) નથી. એવી રજૂઆત કરવામાં આવે છે કે ખંડ (બી) એવા કાયદાઓનું રક્ષણ કરવા માટે પ્રવેશદ્વાર તરીકે કાર્ય કરે છે જે ખંડ (એ) માં નિર્ધારિત બેવડી શરતોનું પાલન કરતા નથી.

* વધુમાં તેમણે વળતરરૂપી કરની વિભાવનાને સમર્થન આપ્યું હતું જે સમયની કસોટી પર ખરી ઉતરી છે.

૩.૩ વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી ટી.આર. અંધ્યારુજીના નીચે મુજબ દલીલ કરે છે—

* પૂર્વના ચુકાદાથી કોઈ જાહેર અનિષ્ટ થતું ન હોવાથી મોટી બેંચને સંદર્ભ કરવાની કોઈ જરૂરિયાત નથી. વૈકલ્પિક રીતે તેઓ રજૂઆત કરે છે કે રાજ્યો દ્વારા

લાદવામાં આવતા વળતરરૂપી કર અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને મોટા પ્રમાણમાં નકારી કાઢશે કારણ કે રાજ્ય વેપાર સુવિધાઓ વગેરેના સુધારણા માટે કરનો ઉપયોગ કરશે તેનો કોઈ પુરાવો નથી. અધિનિયમમાં રાજ્ય એવું માની લે તો પણ કે એકત્રિત કરાયેલ કરનો ઉપયોગ તે ચોક્કસ હેતુ માટે કરવામાં આવશે, તે મતલબની ઘોષણા માત્ર મુક્ત વેપારના સંકોચનને નકારવા માટેની એક ચતુર યુક્તિ ગણાશે.

* તેથી, તેમની રજૂઆત છે કે જ્યાં કોઈ રાજ્ય વળતરરૂપી કર લાદ્યો હોવાનો દાવો કરે છે, ત્યાં તેને અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતનું પાલન કર્યા વિના કર લાદવાની મંજૂરી આપવી જોઈએ નહીં. અન્યથા તેમના જણાવ્યા મુજબ, જેમ ૨૨ રાજ્યો દ્વારા કરવામાં આવ્યું છે તેમ કર વળતરરૂપી છે તેવા માત્ર કથન દ્વારા તમામ કર વેપારની સ્વતંત્રતાના દાયરાની બહાર થઈ જશે.

૩.૪ શ્રી અરવિંદ પી. દાતાર રજૂઆત કરે છે—

* વળતરરૂપી કરની વિભાવના પ્રવિષ્ટિ નં. ૫૬ અને ૫૭ પૂરતી મર્યાદિત રાખવામાં આવે અને રાજ્ય યાદીમાંના અન્ય કોઈપણ કર/જકાત પર લાગુ કરવામાં ન આવે.

વધુમાં, ઓટોમોબાઇલ કેસ* માં વિચારણામાં લેવાયેલી વ્યવહારુ કસોટી સંતોષકારક રીતે કાર્ય કરી શકી નથી.

ન તો આટિયાબારીની "પ્રત્યક્ષ અથવા તાત્કાલિક અસર" ની કસોટી કે ન તો ઓટોમોબાઇલ કેસ* ની "વ્યવહારુ કસોટી" વ્યવહારમાં શક્ય છે.

* તેમણે ધ કોમ્પિટિશન એક્ટ, ૨૦૦૨ ની કલમ ૩ માંથી લેવાયેલ "વેપાર અને વાણિજ્ય પર નોંધપાત્ર પ્રતિકૂળ અસર [એએઇટીસી]" ને અપનાવવા માટે બેંચને સૂચન કર્યું હતું. વાદગ્રસ્ત કાયદા પહેલાં અને પછી એએઇટીસી ના અમલ વચ્ચેનો તફાવત વેપાર અને વાણિજ્ય પરની અસર પૂરી પાડશે.

વાસ્તવિક અથવા સંભવિત એએઇટીસી પુરવાર કરવા માટે પ્રથમદર્શી રીતે* સ્થાપિત કરવાનો સાબિતીનો બોજો અરજદાર પર રહેશે.

૩.૫ શ્રી એસ. કે. બગારિયા, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી જે. ધનખર, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી એન. વેંકટરામન, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી આર. શ્રીવાસ્તવ, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી ધ્રુવ અગ્રવાલ, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી ગોપાલ જૈન, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી તુષાર મહેતા, વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ, શ્રી દિલીપ ટંડન, શ્રીમતી સુરુચિ અગ્રવાલ, કરદાતાઓ વતી શ્રી વી. લક્ષ્મીકુમારને કાં તો ઉપરોક્ત નામાંકિત અધિવક્તાઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો અપનાવી લીધી છે અથવા ઉપરોક્ત અધિવક્તાઓ દ્વારા પહોંચવામાં આવેલા તારણો માટે વૈકલ્પિક કારણો પૂરા પાડ્યા છે.

૩.૬ ભારતના વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગી રજૂઆત કરે છે —

* કર લાદવાની સત્તા એ યાદી ૨ ની ઓક્ક્સ પ્રવિષ્ટિઓ હેઠળ પ્રદાન કરાયેલ સાર્વભૌમત્વનું એક લક્ષણ છે. એ નોંધવું જરૂરી છે કે આપણા સંવિધાન હેઠળ ભારતની સંસદ દ્વારા પણ આવી સત્તાને દબાવી શકાય નહીં.

* ભાગ ૧૩ સામાન્ય રીતે કર સાથે સંબંધ ધરાવતો નથી, સિવાય કે જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(એ) નો સંબંધ છે. ભાગ ૧૩ માત્ર ઈરાદાપૂર્વકના ભેદભાવ સાથે સંબંધિત છે. જો આર્થિક સ્થિતિને હળવી કરવા માટે ભેદભાવ કરવામાં આવે તો તેવું પગલું અનુચ્છેદ ૩૦૪(એ) ના અનિષ્ટ હેઠળ આવરી લેવાશે નહીં.

* વધુમાં, ૩૦૪(એ) અને ૩૦૪(બી) પરસ્પર સ્વતંત્ર છે જેમાં માત્ર (એ) કરવેરાને લાગુ પડે છે અને (બી) બિન–નાણાકીય પગલાંઓને લાગુ પડે છે. હંમેશા એવું માની લેવામાં આવે છે કે કર જાહેર હિતમાં લાદવામાં આવે છે અને તે વાજબી હોય છે. તેથી અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કરવેરાનો સમાવેશ કરવો એ એક અતિરેકરૂપ કવાયત ગણાશે જે આપણા સંવિધાન ઘડવૈયાઓનો ક્યારેય ઈરાદો હોઈ શકે નહીં. તેથી, રાજ્યની સાર્વભૌમ સત્તાને કારોબારીનું રમકડું બનાવી શકાય નહીં.

* સંઘવાદને આર્થિક એકતાથી અલગ રાખવાનો રહેશે. ભાગ ૧૩ અને ભાગ ૩ અલગ પાયા પર છે. ભાગ ૩ સ્વભાવે વ્યક્તિલક્ષી છે અને અતિશય કરવેરા તથા અન્ય બોજાઓને આવરી લેવા માટે પૂરતા ઉપાયો ધરાવે છે.

તદુપરાંત, આટિયાબારી* માં નામદાર મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના મંતવ્ય પર કોઈ પુનર્વિચારણાની જરૂર નથી અને આ કોર્ટ દ્વારા પણ તેને જ અનુસરવું જોઈએ. તેઓ રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની કોઈપણ કસોટીએ એ બાબતની સીમારેખા દોરવી પડશે કે ક્યારે કર વેપાર અવરોધ બને છે. અદાલતો દ્વારા આવી ચકાસણી વાજબી નથી.

* ભાગ ૧૩ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૫ ની કલમ ૨૯૭ માં પોતાનું મૂળ ધરાવે છે. એ બાબત ધ્યાને લેવાની છે કે અગાઉ અનુચ્છેદ ૩૦૧ સંવિધાનના ભાગ ૩ હેઠળ અનુચ્છેદ ૧૬ તરીકે ઉપસ્થિત હતો જેને ત્યારબાદ હટાવી લેવામાં આવ્યો હતો.

કર લાદવાની સત્તાનો સ્ત્રોત અનુચ્છેદ ૨૪૫ તેમજ અનુચ્છેદ ૨૪૬ બંને હેઠળ રહેલો છે. આપણે અનુચ્છેદ ૨૪૬ ને અલગ કરવો જોઈએ નહીં અને કર લાદવાની સત્તા માત્ર ૨૪૬ હેઠળ વાંચવી જોઈએ નહીં. તેઓ દલીલ કરે છે કે આપણું સંવિધાન એક જીવંત અને પરિવર્તનશીલ દસ્તાવેજ છે જે વિવિધ રાજ્યોને સમાન તકોનું ક્ષેત્ર પૂરું પાડવા બાબતે વિચારશીલ હતું. તેઓ છેલ્લે દલીલ કરે છે કે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ કેસ* ને બહાલ રાખવો જોઈએ.

સામાવાળા(ઓ) (રાજ્યો/સત્તાધિકારીઓ) ની દલીલો

૩.૭ વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી પી. પી. રાવ દલીલ કરે છે—

* રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૨ નો વ્યાપ ઘટાડી શકાય નહીં.

* ભેદભાવ માત્ર ત્યારે જ ઉદ્ભવે છે જો માલ ઉપલબ્ધ હોય. જો કોઈ ઉત્પાદન ન હોવાના કારણોસર કોઈ કર લાદી શકાતો નથી તો ઉપભોક્તા રાજ્ય તેની આવક ગુમાવે છે અને તે ખુદ તે રાજ્યના અસ્તિત્વ માટે નુકસાનકારક છે. તેથી, જે અર્થઘટન રાજ્યના ઉદ્દેશ્ય અને સ્વાયત્તતાને પોષક હોય તે સમવાયી સંવિધાનમાં અપનાવવું જોઈએ.

* ૩૦૪(એ) એ ૩૦૧ નો ભાગ નથી અને કર લાદવા પરનો એકમાત્ર પ્રતિબંધ સંવિધાનનો અનુચ્છેદ ૩૦૪(એ) છે.

તેઓ દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કરવેરાના સમાવેશ અંગે આટિયાબારીની બેંચ સમક્ષ ક્યારેય દલીલ કરવામાં આવી ન હતી. આટિયાબારી* માં કરવામાં આવેલું અવલોકન પર ઇનક્યુરિયમ છે કારણ કે તે સંબંધમાં કોઈ ચર્ચા કે વિચારણા કરવામાં આવી ન હતી.

૩.૮ વિદ્વાન કાઉન્સેલ શ્રી રાકેશ દ્વિવેદી રજૂઆત કરે છે—

* ભાગ ૧૩ એ સંવિધાનનું મૂળભૂત લક્ષણ નથી અને સંવિધાનની દરેક જોગવાઈ, ભલે તે મહત્વની હોય, તેને મૂળભૂત લક્ષણના સ્થાને મૂકી શકાય નહીં. આર્થિક એકતા વ્યાખ્યાયિત કરવામાં આવી નથી અને વેપાર, વાણિજ્ય તથા આંતરવ્યવહાર માટે રાજકીય એકતા પણ એટલી જ મહત્વપૂર્ણ છે.

* જો અનુચ્છેદ ૧૯(૧)(જી) સ્પષ્ટપણે નાગરિકોને આપવામાં આવ્યો હોય, તો વિદેશીઓને તેવો જ અધિકાર આપવા માટે અનુચ્છેદ ૩૦૧ નો વિસ્તાર કરી શકાય નહીં.

* અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" નો અર્થ કરવેરામાંથી મુક્ત એવો થતો નથી.

* અનુચ્છેદ ૩૦૧ માં "ને આધીન" એ પ્રબળ શબ્દપ્રયોગ છે અને તે ઓછામાં ઓછા અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ને આધીન હોવાનું દર્શાવે છે. અનુચ્છેદ ૩૦૨–૩૦૪ એ કેટલીક મર્યાદાઓ સાથે ૬મી અનુસૂચિ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ હેઠળની સત્તાઓનું માત્ર પુનઃકથન છે. દરેક પુનઃકથિત સત્તા સ્વયં અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા પર પ્રભાવી બને છે.

* વળતરરૂપી કર અને ફી વચ્ચેનું સમીકરણ આપણા સંવિધાનની યોજના સાથે અસંગત છે જે આ બે વિભાવનાઓ વચ્ચે સ્પષ્ટપણે ભેદ પાડે છે.

આટિયાબારી અને ઓટોમોબાઇલ* ના ચુકાદાઓએ પ્રત્યક્ષ અને તાત્કાલિક અવરોધ તથા વળતરરૂપી કરની વિભાવનાઓ સુધી પહોંચવામાં ભૂલ કરી હતી.

* વધુમાં, અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કર લાદવાની સત્તાને કારોબારીની મંજૂરીને આધીન કરવી વાજબી રહેશે નહીં કારણ કે રાષ્ટ્રપતિની સંમતિની ન્યાયિક સમીક્ષા થઈ શકતી નથી.

૩.૯ વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી શ્યામ દિવાન દલીલ કરે છે કે—

* અનુચ્છેદ ૩૦૧ ના શબ્દો સંરક્ષણવાદી અવરોધોથી મુક્ત છે.

* કર દેખીતી રીતે જ એક નિયંત્રણ છે જેના કારણે આ કોર્ટે પ્રત્યેક કેસના આધારે અવરોધની ઊંચાઈ તપાસવી જરૂરી બનશે.

૩.૧૦ શ્રી દિનેશ દ્વિવેદી, વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ, શ્રી એસ. વી. ગિરી, વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ, શ્રી એ. કે. સિન્હા, વિદ્વાન વરિષ્ઠ અધિવક્તા, શ્રી જે. કે. ગિલ્ડા, છત્તીસગઢ રાજ્યના વિદ્વાન એડવોકેટ જનરલ, શ્રીમતી માધવી દિવાન, ભારતના વિદ્વાન એટર્ની જનરલને સહાયક, શ્રી દેવદત્ત કામથ, કર્ણાટક રાજ્ય માટેના વિદ્વાન અધિક એડવોકેટ જનરલ, શ્રી એસ. એસ. શમશેરી, રાજસ્થાન રાજ્ય માટેના વિદ્વાન અધિક એડવોકેટ જનરલ, એ કાં તો ઉપર દર્શાવેલ નામોવાળા અધિવક્તાઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતો અપનાવી છે અથવા ઉપરોક્ત ઉલ્લેખિત અધિવક્તાઓ દ્વારા પહોંચવામાં આવેલા તારણો માટે વૈકલ્પિક કારણો રજૂ કર્યા છે.

ભાગ – ૪ : પુનર્વિચારણાની જરૂરિયાત

૪.૧ વેપારીઓ/કરદાતાઓ તરફના વિદ્વાન કાઉન્સેલે ખુદ સંદર્ભને જ નકારી કાઢવા માટે દલીલ કરી હતી. શ્રી ટી. આર. અંધ્યારુજિના અને શ્રી એ. કે. ગાંગુલી, વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલે રજૂઆત કરી હતી કે પ્રત્યક્ષ અને તાત્કાલિક

અસરનો સિદ્ધાંત તેમજ વળતરકારી કર કે જે આંતરરાજ્ય વેપારના સંદર્ભમાં કર કાયદાની માન્યતા સામે એક વ્યવહારુ કસોટી પૂરી પાડે છે તે સુદૃઢ છે. તેથી, આતિયાબારી અને ઓટોમોબાઇલના કેસોમાં લેવાયેલા નિર્ણયોની પુનર્વિચારણા કરવાની કોઈ જરૂરિયાત નથી. તેઓએ એવી રજૂઆત કરી હતી કે આ બે નિર્ણયોનું આ કોર્ટ દ્વારા અડધો ડઝન ચુકાદાઓમાં અને વિવિધ હાઇકોર્ટો દ્વારા અનુસરણ કરવામાં આવ્યું છે, અને તેથી, તેમાં સમાવિષ્ટ કાનૂની સિદ્ધાંતે સ્ટેરે ડેસિસિસ (પૂર્વનિર્ણયના સિદ્ધાંત) નો દરજ્જો પ્રાપ્ત કરી લીધો છે. તેમના જણાવ્યા અનુસાર, બંધારણ અથવા કાયદામાં કોઈ અનિવાર્ય ફેરફારોના અભાવે, સંદર્ભ જરૂરી ન હોઈ શકે. તેઓએ નિર્દેશ કર્યો હતો કે ઓટોમોબાઇલના નિર્ણય પછી, જે કોઈ રાજ્યે માલના પ્રવેશ પર કર લાદવા માટે કાયદો બનાવ્યો હતો, તેણે આવા કાયદાને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ની અસરથી બચાવવા માટે આવા કરને વળતરકારી જાહેર કર્યો હતો. અમે આ રજૂઆતો પર અત્યંત ગંભીર અને સભાનપણે વિચારણા કરી છે અને આ કોઈપણ દલીલો સાથે સંમત થઈ શકતા નથી.

૪.૨ આ કોર્ટે પોતાના અસ્તિત્વના ૬૦ વર્ષોમાં અંદાજે ૬૦ બંધારણીય ચુકાદાઓને ઉલટાવ્યા છે[12], જે આપણું રાષ્ટ્ર તુલનાત્મક રીતે યુવાન છે અને ઘણા પાસાઓમાં ન્યાયશાસ્ત્રનો વિકાસ કરી રહ્યું છે તે હકીકતને ધ્યાનમાં લેતાં, પોતાનામાં જ એક પ્રભાવશાળી દર છે. વધુમાં એ નોંધવું રસપ્રદ છે કે નવ કે તેથી વધુ ન્યાયાધીશોની બેન્ચ સંખ્યા ધરાવતા આ કોર્ટના માત્ર સત્તર ચુકાદાઓ

[12] એ. લક્ષ્મીનાથ, પ્રેસિડેન્ટ ઇન ઇન્ડિયા (૩જી આવૃત્તિ) પૃ. ૧૭૮ (૨૦૦૯)

છે.[13] વધુમાં એ નોંધવું મહત્વપૂર્ણ છે કે મોટાભાગે નવ ન્યાયાધીશોની બેન્ચના નિર્ણયોથી કાયદાકીય ઉપાય દ્વારા કાયદામાં ફેરફાર થયો છે જેમ કે માધવ રાવ સિંધિયા[14], આર. સી. કૂપર[15] વગેરે. આ બધું એ નિર્દેશ કરે છે કે ઉચ્ચ બેન્ચ સંખ્યાબળની રચના કરવાની કવાયત ત્યાં કરવામાં આવી છે જ્યાં સામાન્ય જનતા માટે ગંભીર મુશ્કેલી ઊભી કરનાર મુદ્દાનો ઉકેલ લાવવાની ગંભીર આવશ્યકતા હતી. આ આંકડાઓ પોતાના નિર્ણયોને ઉલટાવવામાં દાખવેલા સંયમની સાક્ષી પૂરે છે. જ્યારે આતિયાબારીનો નિર્ણય લેવામાં આવ્યો હતો, ત્યારે પોતાની માન્ય બંધારણીય સક્ષમતાની અંદર કર લાદવાની રાજ્યોની સાર્વભૌમ સત્તા સંકુચિત થઈ ગઈ હતી. સંભવતઃ, આ કારણોસર, આતિયાબારીના નિર્ણયના બે વર્ષ પછી ઓટોમોબાઇલનો નિર્ણય એ આધાર પર આવ્યો હતો કે આતિયાબારીમાં અપાયેલો ચુકાદો અપૂરતો હતો. ખરેખર, ઓટોમોબાઇલે વળતરકારી કરના સિદ્ધાંતને દાખલ કરીને કરમાં નવો આયામ ઉમેર્યો હતો, જે બંધારણીય યોજનામાં તેની ગેરહાજરી દ્વારા ખૂબ જ સ્પષ્ટપણે

[13] ઇન રે સી કસ્ટમ્સ એક્ટ, એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૭૬૦ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); સ્ટેટ ટ્રેડિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિ. વિ. સીટીઓ, એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૮૧૧ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); ગોલકનાથ વિ. પંજાબ રાજ્ય, એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૧૬૪૩ [જે હવે પછી 'ગોલકનાથ' તરીકે ઉલ્લેખિત છે] (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ); નરેશ શ્રીધર મિરાજકર વિ. મહારાષ્ટ્ર રાજ્ય, એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૧ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); સુપ્રિન્ટેન્ડેન્ટ એન્ડ રિમેમ્બ્રન્સર ઓફ લીગલ અફેર્સ વિ. કોર્પોરેશન ઓફ કલકત્તા, એ.આઇ.આર. ૧૯૬૭ એસ.સી. ૯૯૭ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); આર.સી. કૂપર વિ. યુ.ઓ.આઈ., (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮ (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ); માધવરાવ જીવાજીરાવ સિંધિયા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૧૯૭૧) ૧ એસ.સી.સી. ૮૫ (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ); કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય, ૧૯૭૩ ૪ એસ.સી.સી. ૨૨૫ [જે હવે પછી કેશવાનંદ ભારતી તરીકે ઉલ્લેખિત છે] (૧૩ ન્યાયમૂર્તિઓની બેંચ); અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજ સોસાયટી વિ. ગુજરાત રાજ્ય, (૧૯૭૪) ૧ એસ.સી.સી. ૭૧૭ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); ઇન્દિરા સાહની વિ. યુ.ઓ.આઈ., ૧૯૯૨ સપ્લિ. (૩) એસ.સી.સી. ૨૧૫ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ ઓન રેકોર્ડ એસોસિએશન વિ. યુ.ઓ.આઈ., (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); એસ.આર. બોમ્માઈ વિ. યુ.ઓ.આઈ., (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧ [જે હવે પછી 'એસ.આર. બોમ્માઈ' તરીકે ઉલ્લેખિત છે] (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); એટર્ની જનરલ ઓફ ઇન્ડિયા વિ. અમૃતલાલ પ્રજવનદાસ (૧૯૯૪) ૫ એસ.સી.સી. ૫૪ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ વિ. યુ.ઓ.આઈ., ૧૯૯૭ (૫) એસ.સી.સી. ૫૩૬ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); એન.એમ.ડી.સી. વિ. પંજાબ રાજ્ય, (૧૯૯૭) ૭ એસ.સી.સી. ૩૩૯ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ); ટી.એમ.એ. પઈ ફાઉન્ડેશન કેસ, (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ (૧૧ ન્યાયમૂર્તિઓની બેંચ); આઈ.આર. કોએલ્હો વિ. તામિલનાડુ રાજ્ય, (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧ (૯ ન્યાયમૂર્તિઓની બેંચ).

[14] એ.આઇ.આર. ૧૯૭૧ એસ.સી. ૫૩૦

[15] એ.આઇ.આર. ૧૯૭૦ એસ.સી. ૫૬૪

જણાઈ આવે છે. વળતરકારી કરની આ ન્યાયિક નવીનતા માલના પ્રવેશ પર કર લાદવાની બાબતમાં અમુક હદ સુધી રાજ્યની સત્તાને બંધનમુક્ત કરવા માટે જણાઈ હતી. એ બાબત નિર્વિવાદ છે કે ભાગ ૧૩ માં ક્યાંય પણ, અને ખાસ કરીને અનુચ્છેદ ૩૦૧ માં, સ્પષ્ટપણે કે ગર્ભિત રીતે વળતરકારી કરની પરિકલ્પના કરવામાં આવી નથી. બંધારણીય સિદ્ધાંતનું પાલન કરવા માટે વળતરકારી કરની વ્યવહારુ કસોટી અંગે જી. કે. કૃષ્ણન (૧૯૭૪) ના નિર્ણયના એક દાયકાની અંદર શંકા વ્યક્ત કરવામાં આવી હતી, ત્યારબાદ ભગત રામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના નિર્ણયો આવ્યા હતા. ૧૯૬૦ થી ૧૯૯૬ સુધી, રાજ્ય ચાદીની પ્રવિષ્ટિ પર મુજબ કર લાદવાની રાજ્યની સત્તા અને આવા પ્રવેશ કરને અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪(એ) ની કથિત મનાઈહુકમ જેવી કઠોરતામાંથી મુક્તિ આપવા માટે વળતરકારી કરના સિદ્ધાંતના સંબંધમાં અનિશ્ચિતતા પ્રવર્તતી રહી હતી. આમ, આતિયાબારીમાં નિર્ધારિત કરાયેલ સિદ્ધાંત અર્થાત્ "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" અને ઓટોમોબાઇલમાં વિકસિત કરાયેલ "વળતરકારી કર" ના સિદ્ધાંતે કોઈ આખરીપણું પ્રાપ્ત કર્યું હતું તેવી દલીલ કરવી યોગ્ય રહેશે નહીં. વધુમાં, જિંદાલ (૨) માં પણ, વળતરકારી કરના પાસા પર ન્યાયમૂર્તિ એસ. એચ. કાપડિયા (જેઓ તે સમયે ન્યાયમૂર્તિ તરીકે હતા) દ્વારા પણ શંકા વ્યક્ત કરવામાં આવી હતી. તેથી, આ જિંદાલ (૩) માં આ કોર્ટની પાંચ ન્યાયાધીશોની બેન્ચના સંદર્ભ હુકમમાં રહેલા યોગ્ય તર્ક પર શંકા કરવાનું કારણ હોઈ શકે નહીં. આમ પુનર્વિચારણાની જરૂરિયાત છે.

## <u>ભાગ – ૫ : બંધારણીય અર્થઘટન</u>

૫.૧ બંધારણીય મુકદ્દમાનો ઉકેલ આખરે લખાણની સ્પષ્ટ અને સરળ ભાષા પર આધારિત છે. ભાષામાં અસ્પષ્ટતા હોય તેવા સંજોગોમાં અથવા જ્યારે ભાષા બે ભિન્ન અર્થો ધરાવવા સક્ષમ હોય ત્યારે સંદર્ભનું વિશ્લેષણ કરવામાં કોઈ અવરોધ નથી.[16] બંધારણીય લખાણનું અર્થઘટન કરતી વખતે કોર્ટ તમામ સાધનોનો ઉપયોગ કરવામાં અને અર્થઘટનના તમામ સહાયક સાધનોનો વિનિયોગ કરવામાં કોઈ સંકોચ અનુભવી શકે નહીં. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ ભાગ ૧૩ ની વિવિધ જોગવાઈઓનું વિસ્તૃત વિશ્લેષણ કર્યું છે અને સંદર્ભગત પાસાંઓ લખાણગત પાસાંઓ સાથે મેળ ખાય છે કે કેમ તે જોવા માટે સંદર્ભગત પાસાંઓની વિચારણા કરી છે. અનુચ્છેદ ૩૦૧, ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ના તાત્પર્ય અંગે વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા સારાંશિત કરાયેલ નવ સિદ્ધાંતો સાથે હું આદરપૂર્વક સંમત છું.

૫.૨ અર્થઘટનના સામાન્ય સિદ્ધાંતો ઉપરાંત મારા સુવિચારિત અભિપ્રાય મુજબ, સંવિધાનની સંબંધિત જોગવાઈઓ ખાસ કરીને ધારાકીય સત્તાઓને લગતી જોગવાઈઓ, તે સત્તાઓને મર્યાદિત કરતી જોગવાઈઓ, સંવિધાનસભાની ચર્ચાઓ જેવા બાહ્ય સહાયક સાધનો, અન્ય દસ્તાવેજો અને પૂર્વચુકાદાઓ ધ્યાનમાં લેવા જરૂરી છે. ગમે તે હોય, એ સુસ્થાપિત સિદ્ધાંત છે કે સામાન્ય રીતે સંવિધાનનું અર્થઘટન સૌથી વધુ લાભદાયક અને શક્ય તેટલા વ્યાપક ફલકનું હોવું જોઈએ. કોર્ટે સંવિધાનની મૂળ ભાવનામાંથી અર્થ તારવવો જોઈએ અને ભાષાનું સંકુચિત અને પાંડિત્યપૂર્ણ રીતે અર્થઘટન થવું જોઈએ નહીં.

[16] આર.બી.આઈ. વિ. પીઅરલેસ જનરલ ફાઈનાન્સ, એ.આઈ.આર. ૧૯૮૭ એસ.સી. ૧૦૨૩

ઇન રી સીપી એન્ડ બેરાર એક્ટ, ૧૯૩૮[17] માં, મુખ્ય ન્યાયમૂર્તિ ગ્વાયરે આ સિદ્ધાંતનો નીચે મુજબ સારાંશ આપ્યો હતો –

> "...કોર્ટે ખુદ કાયદાની ભાષામાંથી જ સંસદનો અર્થ અને આશય જાણવાનો પ્રયાસ કરવો જોઈએ; પરંતુ સંસદના હેતુઓ સાથે તેને કોઈ લેવાદેવા નથી.... સંવિધાનનું કોઈપણ સંકુચિત અને પાંડિત્યપૂર્ણ અર્થમાં અર્થઘટન કરવાનું નથી.... જે લોકોની ફરજ તેનું અર્થઘટન કરવાની છે તેઓ એક વ્યાપક અને ઉદાર ભાવનાથી પ્રેરિત હોવા જોઈએ; પરંતુ આના પરથી મારો એવો કોઈ આશય નથી કે તેઓ કોઈપણ કાનૂની અથવા બંધારણીય સિદ્ધાંતના હિતમાં, અથવા ક્ષતિઓની પૂર્તિ કરવાના કે કલ્પિત ભૂલોને સુધારવાના હેતુસર પણ કાયદાની ભાષાને ખેંચવા કે વિકૃત કરવા માટે મુક્ત છે."

૫.૩ એટલો જ મહત્વપૂર્ણ મુદ્દો એ છે કે ધારાકીય સત્તાઓ ખાસ કરીને કરવેરાની સત્તાઓની ગર્ભિત રીતે ચકાસણી થઈ શકે નહીં. જ્યાં સુધી રાજ્યનો કાયદો ઘડવાની રાજ્યની સત્તા પર કોઈ સ્પષ્ટ મર્યાદા ન હોય, ત્યાં સુધી અર્થઘટનની પ્રક્રિયા દ્વારા રાજ્યની સત્તાને સંકુચિત કરવી તે કોર્ટનું કાર્યક્ષેત્ર નથી. આપણે એવા તબક્કે પહોંચ્યા છીએ કે દરેક કાયદાની ચકાસણી આમુખ અને રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સંદર્ભમાં થવી જોઈએ. આતમ પ્રકાશ વિ. હરિયાણા રાજ્ય [જે હવે પછી 'આતમ પ્રકાશ' તરીકે ઉલ્લેખિત છે][18] માં

---

[17] ૧૯૩૯ એફ.સી.આર. ૧૮

[18] (૧૯૮૬) ૨ એસ.સી.સી. ૨૪૯

ઠેરવ્યા મુજબ, જો આમુખ માર્ગદર્શક પ્રકાશ છે તો રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અર્થઘટનનું પુસ્તક છે, આ બાબત આતમ પ્રકાશમાં સ્પષ્ટપણે સમજાવવામાં આવી હતી.

'આમુખ લોકોની આશાઓ અને આકાંક્ષાઓને મૂર્તિમંત અને વ્યક્ત કરે છે. માર્ગદર્શક સિદ્ધાંતો નિકટવર્તી લક્ષ્યો નિર્ધારિત કરે છે. જ્યારે આપણે સંવિધાનની સામે કાયદાઓની ચકાસણી કરવાનું કાર્ય હાથ ધરીએ છીએ, ત્યારે આ ચશ્મા દ્વારા જ આપણે 'દૂર દ્રષ્ટિ' કે 'નજીક દ્રષ્ટિ'થી જોવું પડશે. સંવિધાન સ્વયં–અનન્ય (સુઈ–જેનેરીસ) હોવાથી, જ્યાં બંધારણીય મુદ્દાઓ વિચારણા હેઠળ હોય, ત્યાં સંકુચિત અર્થઘટનકારી નિયમો કે જે વૈધાનિક અધિનિયમોનું અર્થઘટન કરતી વખતે પ્રસ્તુત હોઈ શકે છે તે અહીં અસ્થાને હોઈ શકે છે. મૂળરૂપે સંવિધાનના આમુખમાં ભારતને 'સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક' તરીકે રચવાના ભારતના લોકોના સંકલ્પની ઘોષણા કરવામાં આવી હતી અને આપણી આશાઓ અને આકાંક્ષાઓ તરીકે 'ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા' રજૂ કરવામાં આવ્યા હતા, જે અધિકારો ફ્રેન્ચ ડેકલેરેશન્સ ઓફ ધ રાઇટ્સ ઓફ મેનમાં ઉલ્લેખિત છે. તે ૧૯૫૦ માં હતું જ્યારે આપણે હજુ સંસ્થાનવાદી–સામંતવાદી શાસનમાંથી બહાર આવ્યા હતા. સમય વીતતો ગયો. લોકોની આશાઓ અને આકાંક્ષાઓ વધતી ગઈ. ૧૯૭૭ માં ૪૨મા સુધારાએ ભારતને સમાજવાદી પ્રજાસત્તાક તરીકે જાહેર કર્યું. સંવિધાનના આમુખમાં 'સમાજવાદી' શબ્દ દાખલ કરવામાં આવ્યો હતો.

'સમાજવાદી' શબ્દ દાખલ કરવાનો ગર્ભિતાર્થ, કે જે હવે લોકોની આશાઓ અને આકાંક્ષાઓનું કેન્દ્ર બની ગયો છે અને સંવિધાનના અનુચ્છેદોમાં સમાવિષ્ટ તમામ બાબતોને માર્ગદર્શન અને પ્રેરણા આપવા માટે એક દીવાદાંડી સમાન છે, તે સ્પષ્ટપણે "સામંતવાદી શોષિત સમાજ" ના સ્થાને "જીવંત ધબકતા સમાજવાદી કલ્યાણકારી સમાજ" ની સ્થાપના કરવાનો છે. સંવિધાનનો કોઈપણ અનુચ્છેદ હોય કે જેનું આપણે અર્થઘટન કરવા માંગતા હોઈએ, કોઈપણ કાયદો હોય કે જેની બંધારણીય માન્યતા સામે પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હોય, આપણે એવું અર્થઘટન આપવાનો પ્રયાસ કરવો જોઈએ કે જે સમાજવાદી લોકતાંત્રિક રાજ્ય તરફની કૂચ અને પ્રગતિને પ્રોત્સાહન આપશે.'[19]

૫.૪ આપણો બંધારણીય ઈતિહાસ દર્શાવે છે કે આપણે એક સમયે વ્યક્તિગત અધિકારોનો [દા.ત. મિલકતનો અધિકાર] દ્રઢતાપૂર્વક બચાવ કર્યો હતો. ધીમે ધીમે આપણે સંવિધાનના ભાગ ૩ નું ન્યાયિક અર્થઘટન કરવા માટેના એક સાધન તરીકે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો આશરો લઈને સામુદાયિક અધિકારો તરફ આગળ વધ્યા છીએ. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો એ સંવિધાનમાં એક આદર્શમૂલક (નોર્મેટિવ) લક્ષ્ય છે. આવા મહત્વપૂર્ણ ભાગને માત્ર ભાગ ૩ ના અર્થઘટન પૂરતો મર્યાદિત રાખી શકાય નહીં અને રથના બે પૈડાં[20] સુધી ઘટાડી શકાય નહીં, બલ્કે તે એક તેજસ્વી સૂર્ય સમાન છે જે સંવિધાનના પ્રત્યેક ભાગમાં પ્રકાશિત થવો જોઈએ.

---

[19] એજન.

[20] મિનરવા મિલ્સ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, એ.આઈ.આર. ૧૯૮૦ એસ.સી. ૧૭૮૯

૫.૫ કાનૂની પાસાંઓની વિચારણા કરતાં પહેલાં, આપણે અમુક વાસ્તવિક પરિદ્રશ્યોનો પ્રાસંગિક સંદર્ભ લેવાની જરૂર છે જે ભારતના તમામ પ્રદેશોની આર્થિક એકતા, સંતુલિત વૃદ્ધિ અને વિકાસના મુદ્દાઓ માટે સુસંગત હોઈ શકે છે. ઇન્ડિયા એટલે કે ભારત આર્થિક એકતા ધરાવતો દેશ હોવાનું કહેવાય છે. પરંતુ આવા દાવાને એ કારણસર ટકાવી શકાય નહીં કે ૮૨.૫° રેખાંશ અથવા ભારતીય માનક સમય રેખા ભારતને વ્યાપક રીતે સમૃદ્ધ પશ્ચિમ અને ગરીબ પૂર્વ તરીકે સ્પષ્ટપણે વિભાજિત કરતી જણાય છે. ટોચના ૫ રાજ્યો ભારતની કુલ અર્થવ્યવસ્થામાં ૪૪.૮૭% હિસ્સો ધરાવે છે.[21] દક્ષિણ ભારતના પાંચ રાજ્યો ૨૫.૯૮% હિસ્સો ધરાવે છે.[22] ઉત્તર–પૂર્વ ભારતના આઠ રાજ્યો અર્થવ્યવસ્થામાં માત્ર ૨.૬૪% હિસ્સો ધરાવે છે.[23] ૧૩ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોનું કુલ રાજ્ય ઘરેલું ઉત્પાદન (ગ્રોસ સ્ટેટ ડોમેસ્ટિક પ્રોડક્ટ) રૂ. ૧ લાખ કરોડ કરતાં ઓછું છે.[24] જ્યારે ૨૦૦૪–૨૦૦૫ ના ભાવોએ મહારાષ્ટ્રમાં ૨૦૧૩–૧૪ માં વિકાસ દર ૮.૭૧% નોંધાયો હતો ત્યારે રાજસ્થાનમાં માત્ર ૪.૬% નો વિકાસ દર નોંધાયો હતો.[25] તેંડુલકર સૂત્ર અનુસાર બિહારમાં ગરીબી રેખા નીચેની વસ્તી ૫૪.૪% છે જ્યારે જમ્મુ કાશ્મીરમાં માત્ર ૧૩.૨% છે.[26] વસ્તી ગણતરી ૨૦૧૧ મુજબ ઉત્તર પ્રદેશમાં વસ્તી ૧૯,૯૮,૧૨,૩૪૧ નોંધાઈ હતી જ્યારે

[21] નીતિ આયોગ (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી): http://niti.gov.in/state-statistics. સુસંગત કોષ્ટક http://niti.gov.in/content/gsdp-constant-2004-05prices-2004-05-2014-15 છે

[22] એજન.

[23] એજન.

[24] એજન.

[25] નીતિ આયોગ, જીએસડીપી અને સ્થિર ભાવોએ, ટકાવારી વૃદ્ધિ કોષ્ટક પર ઉપલબ્ધ છે (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી): http://niti.gov.in/content/gsdp-constant2004-05prices-percent-growth-2004-05-2014-15

[26] તેંડુલકર સમિતિનો અહેવાલ. કોષ્ટક પીઆરએસ વેબસાઇટ પર ઉપલબ્ધ છે (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી), http://www.prsindia.org/theprsblog/?tag=tendulkar-committee

કેરળમાં ૩,૩૪,૦૬,૦૬૧ છે.[27] કેરળમાં સાક્ષરતા દર ૯૪% છે જ્યારે બિહારમાં તે ૬૧% છે.[28] કેરળમાં જાતિ પ્રમાણ ૧૦૮૪ છે જ્યારે હરિયાણામાં ૮૭૯ છે.[29] આંધ્ર પ્રદેશમાં ૧૨.૦૪% વસ્તી ઝૂંપડપટ્ટીમાં રહે છે જ્યારે આસામમાં માત્ર ૦.૬૩% વસ્તી ઝૂંપડપટ્ટીમાં રહે છે.[30] રાજકીય અને આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે સંઘની ઉપયોગિતા ઉપર દર્શાવેલ આંકડાઓ કે પરિણામોમાં પ્રતિબિંબિત થતી નથી. આપણે જે પ્રાપ્ત કર્યું છે તેમાં બધું ગુમાવી દીધું નથી. આપણે એકબીજા સાથે અને જે સાચું છે તેના માટે ઊભા રહ્યા છીએ? આપણે કાયદાઓ ઘડ્યા છે અને યોગ્ય કારણોસર તેને રદબાતલ પણ કર્યા છે. આપણે આંચકાઓ સહન કર્યા છે પરંતુ ક્યારેય હાર માની નથી. આપણે ગરીબી અને ભૂખમરાનો સામનો કર્યો છે. આપણે પડોશીઓની ચિંતા કરી છે અને એક કલ્યાણકારી રાજ્ય બનવાનો પ્રયાસ કર્યો છે. આપણે ઘણી બધી મહાન વસ્તુઓનું નિર્માણ કર્યું છે અને તેનાથી પણ ઘણું વધારે સિદ્ધ કર્યું છે. આપણે વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં પ્રગતિ કરી છે અને બ્રહ્માંડમાં એવા અંતરો સુધી પહોંચ્યા છીએ જે પાંચ દાયકા પહેલાં અકલ્પ્ય હતા. આપણે આંતરરાષ્ટ્રીય પરિદ્રશ્યમાં એક પ્રતિષ્ઠિત નામ પ્રાપ્ત કર્યું છે. આપણે મહાન કલાકારો, અનેક નેતાઓ અને મહાપુરુષો આપ્યા છે. આપણે કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિથી આટલી સરળતાથી ડર્યા નથી. વર્તમાનને

---

[27] ઉત્તર પ્રદેશ, સેન્સસ ઓફ ઇન્ડિયા (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી) http://censusindia.gov.in/2011census/censusinfodashboard/stock/profiles/en/IND009_Uttar%20Pradesh.pdf; કેરળ http://censusindia.gov.in/2011census/censusinfodashboard/stock/profiles/en/IND032_Kerala.pdf

[28] (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી) http://censusindia.gov.in/2011-prov-results/data_files/india/Final_PPT_2011_chapter6.pdf

[29] કેરળ સ્ટેટ પ્રોફાઇલ, સેન્સસ ઓફ ઇન્ડિયા (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી) http://censusindia.gov.in/2011census/censusinfodashboard/stock/profiles/en/IND032_Kerala.pdf; હરિયાણા સ્ટેટ પ્રોફાઇલ, સેન્સસ ઓફ ઇન્ડિયા http://censusindia.gov.in/2011census/censusinfodashboard/stock/profiles/en/IND006_Haryana.pdf

[30] (છલ્લે ૧૫.૧૦.૨૦૧૬ ના રોજ મુલાકાત લીધી) http://www.census2011.co.in/slums.php.

પરેશાન કરતી કોઈપણ સમસ્યાના નિરાકરણનું પ્રથમ પગલું એ સ્વીકારવું છે કે એક ભારત છે પરંતુ ભારત એ રાજ્યોનો સંઘ છે. સંવિધાન હેઠળ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવતા રાજ્યોને સંવિધાન હેઠળની તેમની ફરજો બજાવવા માટે સંસાધનોની જરૂર પડે છે.

૫.૬ આ કેસના કાનૂની પાસાંઓ પર વિગતવાર ચર્ચા કરતાં પહેલાં અમુક બંધારણીય સિદ્ધાંતો અને વિચારધારાને ધ્યાનમાં લેવા જરૂરી છે. સંવિધાનની યોજનાને ધ્યાનમાં લેતાં, સંઘ અને રાજ્યની સત્તા સમાંતર છે. રાજ્ય વિધાનસભાઓ પર સંસદને એક અધિવિધાનમંડળ (સુપર–લેજિસ્લેચર) તરીકે સ્વીકારી શકાય નહીં. ધારાકીય મોરચે, સંવિધાનની ૭મી અનુસૂચિ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૬ ની ભાષા પરથી સત્તાનું સીમાંકન સ્પષ્ટ જણાય છે. જનતાએ વહીવટ કરવા અને કલ્યાણકારી પગલાં પૂરા પાડવાની સત્તા રાજ્યોમાં નિહિત કરી છે. આ પ્રક્રિયા માટે તે ચોક્કસ પ્રદેશની અગ્રતાઓને અને વિશિષ્ટતાઓને ધ્યાનમાં રાખીને વહીવટ કરવા માટે જનતા દ્વારા ચૂંટાયેલી રાજ્ય સરકાર છે.

૫.૭ રાજ્ય પર નિયંત્રણો લાદતી વખતે આ બંધારણીય સિદ્ધાંતની અવગણના થવી જોઈએ નહીં. આપણે એક રાષ્ટ્ર છીએ તેનો આનંદ અનુભવતી વખતે, આપણે રાજ્યોના અધિકારોની અવગણના કરવી જોઈએ નહીં. સૌપ્રથમ તો હકીકતો અને વાસ્તવિકતાઓને ભૂલી શકાય નહીં. સંઘ એકલવાયો અસ્તિત્વ ધરાવતો નથી બલ્કે તે રાજ્યોનું એક સહકારી સંગઠન છે. વિવિધ સમસ્યાઓ

અને રાજ્યો વચ્ચે પ્રવર્તતા તફાવતોને ધ્યાનમાં લેતાં, રાજ્યની કર લાદવાની સત્તાના મહત્વની અવગણના કરી શકાય નહીં કે તેને રુંધી શકાય નહીં. આપણા દેશમાં ગરીબી, બેરોજગારી, પછાતપણું અને પ્રતિકૂળ આબોહવા વગેરે બેકાબૂ બની રહ્યા છે. અમુક રાજ્યો કુદરતી આપત્તિઓ, વિદ્રોહ અને ઉગ્રવાદનો સામનો કરી રહ્યા છે. ભૌગોલિક સ્થિતિ, સંસ્થાનવાદી સંસ્થાઓ અને ભેદભાવયુક્ત નીતિઓ જેવા વિવિધ પરિબળોને કારણે માત્ર અમુક જ સ્થળોએ અતિ–વિકાસ અને ઔદ્યોગિકીકરણ થયું છે, જ્યારે બાકીનો દેશ અલ્પવિકાસ હેઠળ પીડાઈ રહ્યો છે, જેના પરિણામે માત્ર અમુક સમૃદ્ધ વિસ્તારોમાં જ સંપત્તિનું કેન્દ્રીકરણ થયું છે. આ વિશાળ સંઘમાં, કોઈપણ રાજ્ય માત્ર એ હકીકતના કારણે કે ઇતિહાસ તેમના માટે અનુકૂળ રહ્યો નથી અને તેઓ અલ્પવિકસિત રહ્યા છે, ભેદભાવ અને સંકોચનો અનુભવ કરાવવો જોઈએ નહીં. લાદવામાં આવેલું કોઈપણ નિયંત્રણ તે માલ અને વેપારની મુક્ત હેરફેરમાં અવરોધો ઊભા કરે છે તેવા કારણોસર રાજ્યના કુદરતી વિકાસના માર્ગમાં આડે આવવું જોઈએ નહીં. વિકાસ અને તકો માટે તમામ રાજ્યોને સમાન તકોનું ક્ષેત્ર (લેવલ પ્લેઇંગ ફીલ્ડ) પૂરું પાડવું આવશ્યક છે. આપણા સંવિધાનના ઘડવૈયાઓનો મહાન આશય લેસેઝ ફેર (મુક્ત અર્થતંત્રવાળું) રાજ્ય ન બનાવવાનો હતો.[31] આપણા દેશને એક સહકારી સંઘીય રાજ્ય બનાવવા માટે કૃતનિશ્ચયી થઈને, આપણા ઘડવૈયાઓએ આ ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે ચોક્કસ નિયમો નિર્ધારિત કર્યા હતા. અર્થઘટન દ્વારા, સંવિધાનનું એવું પુનર્ગઠન કરી શકાય નહીં કે જેથી આપણા ઘડવૈયાઓ દ્વારા પરિકલ્પિત લક્ષ્ય આવા અર્થઘટન દ્વારા વધુ સંપૂર્ણ રીતે સિદ્ધ થઈ શકે.

[31] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, વોલ્યુમ ૯, ૮ સપ્ટેમ્બર, ૧૯૪૯.

આપણા સંવિધાન દ્વારા સોંપવામાં આવેલા કાર્યોના સ્પષ્ટ સીમાંકનને ધ્યાનમાં લેતાં આવું પગલું વાજબી ગણાશે નહીં.

૫.૮ ભારતીય સંઘીય માળખામાં સંઘ અને રાજ્યો સહ–સમાન (સમકક્ષ) છે. આપણા ઘડવૈયાઓએ એક અનોખું સંઘીય માળખું બનાવ્યું છે જેને એક કે બે વાક્યોમાં સંક્ષિપ્ત કરી શકાય નહીં. આપણા સંઘવાદના સ્વરૂપનો અભ્યાસ સંવિધાનની તમામ જોગવાઈઓની સંપૂર્ણ સમજ મેળવીને જ કરી શકાય છે. ભારતીય સંઘીય માળખામાં સંઘ અને રાજ્યો સમકક્ષ છે તેની પુષ્ટિ સંવિધાનસભા સમક્ષ માનનીય પી. એસ. દેશમુખ, શ્રી ટી. ટી. કૃષ્ણમાચારી અને માનનીય ડૉ. બી. આર. આંબેડકર[32] ના પ્રવચનોમાંથી મળી શકે છે. આપણા સંવિધાનમાં વણાયેલું સામાન્ય તત્વજ્ઞાન એ છે કે કેન્દ્ર અને રાજ્યો બંનેને સત્તાના સ્પષ્ટ સીમાંકન સાથે આપણા અનોખા સંઘને જાળવી રાખવા માટે જરૂરી એવી નોંધપાત્ર સત્તાઓ સોંપવામાં આવી છે. ભારતને અર્ધ–સંઘીય કહેવું યોગ્ય ન ગણાય કારણ કે આપણી વિશેષતાઓ અનોખી છે અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા વગેરે જેવા અન્ય દેશો કરતાં તદ્દન ભિન્ન છે. ભારતમાં અદાલતોએ આપણા ઘડવૈયાઓએ પરિકલ્પિત કરેલા આ અનોખા સંતુલનને

[32] સંવૈધાનિક મહત્વનો માત્ર એક જ મુદ્દો છે જેનો હું સંદર્ભ આપવા માંગુ છું. ઘણું બધું કેન્દ્રીકરણ છે અને રાજ્યોને નગરપાલિકાઓ બનાવી દેવામાં આવ્યા છે તેવા કારણસર એક ગંભીર ફરિયાદ કરવામાં આવી છે. એ સ્પષ્ટ છે કે આ મત માત્ર અતિશયોક્તિ જ નથી, પરંતુ સંવિધાન ખરેખર શું કરવા ધારે છે તેની ગેરસમજ પર પણ આધારિત છે. કેન્દ્ર અને રાજ્યો વચ્ચેના સંબંધો અંગે, જે મૂળભૂત સિદ્ધાંત પર તે ટકેલું છે તેને ધ્યાનમાં રાખવું આવશ્યક છે. સંઘવાદનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે વૈધાનિક અને કારોબારી સત્તા કેન્દ્ર દ્વારા ઘડવામાં આવનાર કોઈપણ કાયદા દ્વારા નહીં પરંતુ ખુદ સંવિધાન દ્વારા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિભાજિત કરવામાં આવે છે. સંવિધાન આ જ કરે છે. આપણા સંવિધાન હેઠળ રાજ્યો તેમની વૈધાનિક કે કારોબારી સત્તા માટે કોઈપણ રીતે કેન્દ્ર પર નિર્ભર નથી. આ બાબતમાં કેન્દ્ર અને રાજ્યો સમકક્ષ છે. આવા સંવિધાનને કેન્દ્રવાદ કેવી રીતે કહી શકાય તે સમજવું મુશ્કેલ છે. એવું બની શકે કે અન્ય કોઈપણ સંઘીય સંવિધાનમાં જોવા મળે છે તેના કરતાં આપણું સંવિધાન કેન્દ્રને તેની વૈધાનિક અને કારોબારી સત્તાના અમલ માટે ખૂબ વિશાળ ક્ષેત્ર સોંપે છે. એવું પણ બની શકે કે અવશિષ્ટ સત્તાઓ રાજ્યોને બદલે કેન્દ્રને આપવામાં આવી હોય. પરંતુ આ લક્ષણો સંઘવાદનું હાર્દ બનતા નથી. સંઘવાદનું મુખ્ય લક્ષણ જેમ મેં કહ્યું તેમ સંવિધાન દ્વારા કેન્દ્ર અને એકમો વચ્ચે વૈધાનિક અને કારોબારી સત્તાના વિભાજનમાં રહેલું છે. આ સિદ્ધાંત આપણા સંવિધાનમાં સમાવિષ્ટ છે. (ભારપૂર્વક ઉમેરેલ)

જાળવી રાખવા પ્રયાસ કરવો જોઈએ, આ સંતુલન કાર્યમાં કોઈપણ હસ્તક્ષેપ આપણા નિર્માતાઓ દ્વારા નિર્ધારિત ભવ્ય દ્રષ્ટિકોણ માટે હાનિકારક સાબિત થશે.[33] કેન્દ્ર–રાજ્ય સંબંધો પરના સરકારીયા કમિશનના અહેવાલમાં પણ આપણા સંઘવાદના ઉભયજીવી સ્વરૂપની નોંધ લેવામાં આવી છે. આપણા સંવિધાન હેઠળ પરિકલ્પિત સહકારી સંઘવાદ એ પસંદગીની નીતિનું પરિણામ છે જે આપણા ઘડવૈયાઓએ અન્ય સંવિધાનોના કાર્યકારી અનુભવના ડહાપણમાંથી તારવ્યું હતું. ભારતમાં સંઘવાદના સ્વરૂપને દર્શાવતા કેટલાક ચુકાદાઓ આ પ્રમાણે છે: (૧) પશ્ચિમ બંગાળ (૬ ન્યાયાધીશોની બેન્ચ), જે રાજ્યમાં નિહિત જમીન અને જમીન પરના અધિકારો સંપાદિત કરવાની સંઘની સત્તાને લગતો કેસ છે. આ કેસમાં બે મતો આવ્યા હતા, એક મુખ્ય ન્યાયમૂર્તિ બી. પી. સિન્હા દ્વારા (બહુમતી અભિપ્રાય) અને બીજો ન્યાયમૂર્તિ કે. સુબ્બા રાવ દ્વારા (અસંમતિપૂર્ણ અભિપ્રાય). બહુમતી મત અનુસાર, ધારાકીય અને કારોબારી બાબતોમાં સંઘ અને રાજ્યો વચ્ચે સત્તાઓની વહેંચણી નિઃશંકપણે છે; પરંતુ સત્તાઓની વહેંચણી એ હંમેશા રાજકીય સાર્વભૌમત્વનો સૂચકઆંક હોતો નથી. ફાળવવામાં આવેલા ક્ષેત્રોમાં ધારાકીય અને કારોબારી સત્તાઓનો ઉપયોગ અસંખ્ય નિયંત્રણોથી ઘેરાયેલો છે, જેથી રાજ્યોની સત્તાઓ સંઘ સાથે સમાન કક્ષાની નથી અને ઘણી બાબતોમાં સ્વતંત્ર નથી. લઘુમતી ચુકાદામાં ઠેરવવામાં આવ્યું હતું કે ભારતીય સંવિધાન સંઘીય વિભાવનાનો સ્વીકાર કરે છે અને સમકક્ષ બંધારણીય

[33] પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા, [૧૯૬૪] ૧ એસ.સી.આર. ૩૭૧ [જે હવે પછી 'વેસ્ટ બેંગાલ' તરીકે ઉલ્લેખિત છે], એસ. આર. બોમ્માઈ, કર્ણાટક રાજ્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, [૧૯૭૮] ૨ એસ.સી.આર. ૧, (સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪) એ.આઇ.આર. ૧૯૬૫ એસ.સી. ૭૪૫, આઈટીસી લિમિટેડ વિ. એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટ કમિટી અને અન્ય, (૨૦૦૨) ૧ એસ.સી.આર. ૪૪૧ [જે હવે પછી 'આઇટીસી' તરીકે ઉલ્લેખિત છે].

સંસ્થાઓ અર્થાત્ સંઘ અને રાજ્યો વચ્ચે સાર્વભૌમ સત્તાઓની વહેંચણી કરે છે. આ સંકલ્પના એવો નિર્દેશ કરે છે કે જ્યાં સુધી સંવિધાન આવા હસ્તક્ષેપ માટે સ્પષ્ટપણે જોગવાઈ ન કરે ત્યાં સુધી એક પક્ષ બીજાના સરકારી કાર્યો અથવા સાધનો પર અતિક્રમણ કરી શકે નહીં. (૨) કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય [જે હવે પછી 'કેશવાનંદ ભારતી' તરીકે ઉલ્લેખિત છે][34] માં, બહુમતીએ ઠેરવ્યું હતું કે સંવિધાનના અનુચ્છેદ ૩૬૮ હેઠળ આપવામાં આવેલી સત્તા અમર્યાદિત ન હતી. તેઓએ એવો મત વ્યક્ત કર્યો હતો કે સુધારા દ્વારા સંવિધાનના મૂળભૂત માળખાને નુકસાન પહોંચાડી શકાય નહીં કે નષ્ટ કરી શકાય નહીં. અને, સંવિધાનના મૂળભૂત માળખાં શું છે તે અંગે આ દરેક ન્યાયાધીશો દ્વારા ઉદાહરણો આપવામાં આવ્યા હતા. તેમાં સંવિધાનની સર્વોચ્ચતા, સરકારનું લોકશાહી, પ્રજાસત્તાક સ્વરૂપ, સંવિધાનનું બિનસાંપ્રદાયિક સ્વરૂપ, ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્ર વચ્ચે સત્તાનું વિભાજન, સંવિધાનનું સંઘીય સ્વરૂપ, કાયદાનું શાસન, દરજ્જા અને તકની સમાનતા; સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય; રાષ્ટ્રની એકતા અને અખંડિતતા તથા સંવિધાનની વિવિધ જોગવાઈઓ દ્વારા સુરક્ષિત વ્યક્તિનું ગૌરવ સામેલ છે. (૩) એસ. આર. બોમ્મઈમાં, આ કોર્ટે વિવિધ રાજ્યોમાં કેન્દ્ર દ્વારા બહાર પાડવામાં આવેલી કટોકટીની ઉદઘોષણાઓની બંધારણીય માન્યતા નક્કી કરતી વખતે અવલોકન કર્યું હતું કે અમેરિકન વિદ્વાનો દ્વારા સમજવામાં આવતો સંઘવાદ ભારતીય સંવિધાનમાં ગેરહાજર છે જે શુદ્ધ સંઘીય સ્વરૂપ અને શુદ્ધ એકતંત્રી સ્વરૂપનું વધુ એક સંકર (હાઇબ્રિડ) છે. જોકે, સત્તાની વહેંચણી ગેરહાજર છે તેમ કહીને તેને ફગાવી

[34] ૧૯૭૩ (૪) એસ.સી.સી. ૨૨૫

શકાય નહીં. ન્યાયમૂર્તિ અહમદી દ્વારા એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા જાળવી રાખવા માટે આપણા સ્થાપક પિતાઓ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સત્તાઓ અને કાર્યોની વહેંચણી કરતી વખતે મજબૂત કેન્દ્રની તરફેણમાં ઝૂકેલા જણાય છે. પરંતુ આવી વ્યવસ્થાની "અસરો" જાણીને તેના આવશ્યક લક્ષણો સમજી શકાય છે. ન્યાયમૂર્તિઓ સાવંત અને કુલદીપ સિંહના જણાવ્યા મુજબ: સંવિધાનમાં રહેલી જે વિશેષતાઓ કેન્દ્રને રાજ્યો પર સર્વોચ્ચ સત્તાઓ પ્રદાન કરે છે તે માત્ર એક અપવાદ છે અને તે સંવિધાનની સામાન્ય વિશેષતાઓ નથી. ન્યાયમૂર્તિ કે. રામાસ્વામીએ અવલોકન કર્યું હતું કે ભારતીય સંઘવાદ સમગ્ર રાષ્ટ્રને એક રાષ્ટ્રીય સરકારના નિયંત્રણ હેઠળ રાખે છે, જ્યારે રાજ્યોને તેમના કાયદાકીય ક્ષેત્રમાં તેમની સાર્વભૌમ સત્તાનો ઉપયોગ કરવાની મંજૂરી આપવામાં આવે છે. ન્યાયમૂર્તિઓ જીવન રેડ્ડી અને અગ્રવાલના જણાવ્યા અનુસાર, કેન્દ્રની તરફેણમાં ઝુકાવ રાજ્યોને કેન્દ્રના માત્ર ઉપાંગો બનાવી દેતો નથી. રાજ્યો તેમને ફાળવવામાં આવેલા ક્ષેત્રમાં સર્વોચ્ચ છે. આ કોર્ટ દ્વારા લેવાયેલું અંતિમ તારણ એ હતું કે સંઘવાદનું મૂળભૂત લક્ષણ એ છે કે પ્રત્યેક યાદીને ધ્યાનમાં લીધા વિના, દરેક વિધાનમંડળ સર્વોચ્ચ છે. (૪) આઈ.ટી.સી. માં, ન્યાયમૂર્તિ રૂમા પાલની આગેવાની હેઠળની બહુમતીએ ઠેરવેલ કે ભારતના સંવિધાનનું એ રીતે અર્થઘટન થવું જોઈએ કે જેથી તે રાજ્ય વિધાનમંડળોની સત્તાઓમાં ઘટાડો ન કરે અને કેટલાક અનુચ્છેદો દ્વારા પરિકલ્પિત કેન્દ્રીય સર્વોચ્ચતાને જાળવી રાખીને સંઘવાદનું પણ રક્ષણ કરે. (૫) પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ.[35] માં, તે ભારત સંઘમાં

[35] એ.આઇ.આર. ૨૦૦૫ એસ.સી. ૧૬૪૬

નિહિત વિધાનની અવશેષી સત્તાના વ્યાપ અને તાત્પર્ય તેમજ ભારતના સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૫૨, ૫૪ અને ૯૭ તથા યાદી ૨ ની પ્રવિષ્ટિઓ ૨૩, ૪૯, ૫૦ અને ૬૬ સાથે સંબંધિત હતું. જેમાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે સંઘવાદ એ ભારતીય સંવિધાનના મૂળભૂત સ્તંભો પૈકીનો એક છે અને સંવિધાનના અનુચ્છેદ ૨૪૫, ૨૪૮, ૨૫૦, ૨૫૬, ૨૫૭, ૩૫૬ તથા સાતમી અનુસૂચિની યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૭ ને ધ્યાનમાં લેતાં, એવું કહેવું શક્ય નથી કે ભારત સંઘવાદનું સમર્થક નથી પરંતુ અનોખું સંઘીય સ્વરૂપ ધરાવતું હોવા છતાં તેને અર્ધ–સંઘીય અથવા સંકર સંઘીય રાજ્ય કહી શકાય છે. આમ બંધારણીય અદાલતોએ એવું અર્થઘટન કર્યું છે કે ભારત સંઘીય શાસનવ્યવસ્થા ધરાવે છે અને દરેક રાજ્ય બંધારણીય શાસનની મહત્વપૂર્ણ ભૂમિકા સાથે સ્વતંત્ર બંધારણીય અસ્તિત્વ ધરાવે છે.

૫.૯ આ પાસાંઓને ધ્યાનમાં રાખીને, આપણે આ કેસોમાં વિવાદોની વિચારણા કરવાની અને નીચે મુજબના નિયમો અને સિદ્ધાંતોના સંદર્ભમાં સંવિધાનની સંબંધિત જોગવાઈઓનું અર્થઘટન કરવાની જરૂર છે, જે આ પ્રમાણે છે—

૧. સંવિધાનના દરેક ભાગનું અર્થઘટન કરવા માટે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ઉપયોગ થવો જોઈએ; અને

૨. સંઘીય સંવિધાનમાં, રાજ્યની સત્તાનું રક્ષણ કરતું હોય તેવા અર્થઘટનને પ્રાથમિકતા આપવી જોઈએ.

## ભાગ–૬: કરવેરાનો પરિચય અને તેનું મહત્વ

૬.૧ આધુનિક યુગમાં રાજ્યો માત્ર રાજકીય પ્રવૃત્તિઓ અને કાયદો ઘડવાના કાર્યો પૂરતા જ ચુસ્તપણે સીમિત નથી. તેઓ કલ્યાણકારી સમાજમાં કાર્ય કરે છે. રાજ્યોની આવી કાર્યપદ્ધતિની કલ્પના આપણા ઘડવૈયાઓ દ્વારા પણ કરવામાં આવી હતી, જેઓ રાજ્યએ ઉપાડવાની અને નિભાવવાની થતી જવાબદારીઓથી વાકેફ હતા. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અસ્તિત્વનું આ જ કારણ છે અને જે સરકાર માટે આદર્શ અને સકારાત્મક માપદંડો નિર્ધારિત કરે છે. જ્યારે રાજ્ય પર તેની પ્રાથમિક જવાબદારી તરીકે આવા આદર્શ લક્ષ્યોનો બોજ હોય, ત્યારે આવી પ્રવૃત્તિઓ અનિવાર્યપણે નાણાકીય સંસાધનોની ઉપલબ્ધતા પર નિર્ભર રહે છે. સાર્વભૌમત્વની વ્યાખ્યાએ તાજેતરના ભૂતકાળમાં એક નવો રંગ ધારણ કર્યો છે, 'સાર્વભૌમત્વ એ જવાબદારી છે'. લોકશાહી વ્યવસ્થામાં ચૂંટાયેલી સરકારો હંમેશા તેના લોકો પ્રત્યે જવાબદાર હોય છે. જો કોઈ ઊંચો કરવેરો હોય જે તેમના જીવનને અસર કરતો હોય, તો આ બાબત સરકારો પર કર ઘટાડવાનું દબાણ લાવે છે અને ચૂંટાયેલી સરકારો દર પાંચ વર્ષે જનતાને જવાબદેહ હોય છે. કોઈપણ સરકાર એવો કર વધારી શકે નહીં જેનાથી જાહેર અસુવિધા થાય. આ સંદર્ભમાં, સાર્વભૌમત્વ હવે અનંત સત્તા નથી, બલ્કે તે જવાબદારી છે. લોકશાહીમાં એક જવાબદાર સરકારે હંમેશા કરવેરા શક્ય તેટલા ઓછા રાખવાનો પ્રયાસ કરવો જોઈએ, જેથી વ્યક્તિઓ પર કોઈ ભારે બોજ ન પડે. જોકે સંવિધાન હેઠળ રાજ્યોને કર લાદવાની સત્તા આપવામાં આવી છે, પરંતુ તેનો અર્થ એવો બિલકુલ થતો નથી કે તેઓએ અતિશય ઊંચા દરે કર

લાદવો જોઈએ. કર એ સરકારના ખર્ચને એવા લોકો વચ્ચે વહેંચવાનો એક માર્ગ છે જેઓ અમુક અંશે લાભો ભોગવવા માટે વિશેષાધિકાર ધરાવે છે અને તેથી તેમણે તેનો બોજ સહન કરવો જ જોઈએ. મૂળભૂત રીતે સાર્વભૌમત્વના ઉપયોગમાં તેના આનુષંગિક પરિણામ તરીકે કાયદેસરના કરવેરાનો પણ સમાવેશ થાય છે. બીજી તરફ કરદાતાઓ/વેપારીએ જણાવ્યું હતું કે રાજ્ય દ્વારા વાપરવામાં આવતી તમામ સત્તાઓ જેવી કે પોલીસ સત્તાઓ, એમિનન્ટ ડોમેઈનની સત્તા અને કર લાદવાની સત્તા પણ સાર્વભૌમત્વના આનુષંગિક પરિણામો છે.[36] અન્ય સમાન સત્તાઓની સરખામણીમાં કરવેરાની સત્તાઓના ઉપયોગમાં છૂટછાટ નકારવા માટે આ કોર્ટને ફરજ પાડતું હોય તેવું કશું જ નથી. જોકે રાજ્ય દ્વારા વાપરવામાં આવતી તમામ સત્તાઓ સાર્વભૌમત્વના આનુષંગિક પરિણામો છે, તેમ છતાં સરકારને વર્તમાન સ્તરે ટકાવી રાખવા માટે અને આપણા ઘડવૈયાઓ દ્વારા નિર્ધારિત સંવૈધાનિક લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે કરવેરાને અલગ સ્થાને રાખવાની જરૂર છે.

૬.૨ કર એ જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવા અર્થે સક્ષમ વિધાનમંડળ દ્વારા વ્યક્તિઓ અથવા મિલકત પર લાદવામાં આવેલો બોજ કે પ્રભાર છે.[37] કરના મહત્વના તત્વો એ કહી શકાય કે પ્રથમ, તે એક ફરજિયાત વસૂલાત છે; બીજું, તે રાજ્યને અથવા તેના વતી કોઈ જાહેર સત્તામંડળને ચૂકવવાપાત્ર છે; અને ત્રીજું, તે જાહેર હિતના હેતુઓ માટેની વસૂલાત છે.

[36] જગન્નાથબક્ષ સિંહ વિ. યુ.પી. રાજ્ય (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૨૨૦; દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કંપની, (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪; કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ, ઉદયપુર, રાજસ્થાન વિ. મેકડોવેલ એન્ડ કંપની લિ., (૨૦૦૯) ૧૦ એસ.સી.સી. ૭૫૫.

[37] કુલી ઓન ટેક્સેશન-વોલ્યુમ ૧, ૪થી આવૃત્તિ, પ્રકરણ ૨.

આપણા સંવિધાને કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કરવેરાની સત્તાઓનું સીમાંકન કર્યું છે. સંઘ તેમજ રાજ્યોની કરવેરાની સત્તા ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં રહેલી છે. સંવિધાનનો અનુચ્છેદ ૨૪૬ ઠેરવે છે કે સંસદ પાસે સંઘ યાદી (સાતમી અનુસૂચિની યાદી ૧) માં દર્શાવેલ કોઈપણ બાબત સંબંધે કાયદા ઘડવાની અનન્ય સત્તા છે. રાજ્ય યાદી (સાતમી અનુસૂચિની યાદી ૨) માં દર્શાવેલ કોઈપણ બાબત સંબંધે કાયદા ઘડવાની રાજ્યો પાસે સંપૂર્ણ સત્તા છે અને સંસદ તથા રાજ્ય વિધાનમંડળ બંને પાસે સમવર્તી યાદી (સાતમી અનુસૂચિની યાદી ૩) માં દર્શાવેલ કોઈપણ બાબત સંબંધે કાયદા ઘડવાની સત્તા છે. અનુચ્છેદ ૨૬૫ મુજબ, કાયદાની સત્તા સિવાય કોઈ કર લાદવામાં કે વસૂલ કરવામાં આવશે નહીં. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ માત્ર યાદી ૧ અને ૨ માં જ જોવા મળે છે, જે દર્શાવે છે કે આપણી સંવૈધાનિક યોજનામાં કેન્દ્ર અને રાજ્યોની કરવેરાની સત્તાઓ પરસ્પર અનન્ય છે. સમવર્તી યાદીમાં એવી કોઈ પ્રવિષ્ટિઓ નથી જે કર લાદવાની સત્તા આપતી હોય. આવી સ્થિતિ હોવાથી, જે ક્ષણે કર કાયદામાં સમાવિષ્ટ કરારોપણ પ્રતિબંધિત ક્ષેત્રમાં અતિક્રમણ કરે છે, તે ક્ષણે તે રદ થવાપાત્ર બને છે.

## ભાગ–૭: વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા

૭.૧ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાના સંદર્ભમાં કર કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવે છે કે કેમ તે પ્રશ્ન પર વિચાર કરવા

માટે, સંવૈધાનિક જોગવાઈઓ, સંવિધાન સભાની ચર્ચાઓ અને પૂર્વચુકાદાઓનો સંદર્ભ લેવો જરૂરી છે. શરૂઆત કરવા માટે, હું ભાગ ૧૩ ને અક્ષરશઃ ટાંકીને, સૌપ્રથમ સંબંધિત અનુચ્છેદો પર વિચાર કરીશ.

ભાગ ૧૩

ભારતના રાજ્યક્ષેત્રની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર

૩૦૧. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા.— આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે.

૩૦૨. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો લાદવાની સંસદની સત્તા.— સંસદ કાયદા દ્વારા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગની અંદર વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા નિયંત્રણો લાદી શકશે.

૩૦૩. વેપાર અને વાણિજ્ય સંબંધમાં સંઘની અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર નિયંત્રણો.— (૧) અનુચ્છેદ ૩૦૨ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, સંસદ કે રાજ્યના વિધાનમંડળ પાસે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો,

અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો બનાવવાની સત્તા રહેશે નહીં.

(૨) ખંડ (૧) માંની કોઈ બાબત સંસદને કોઈપણ પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા કોઈપણ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો બનાવવાથી અટકાવશે નહીં, જો આવા કાયદા દ્વારા એવી જાહેરાત કરવામાં આવી હોય કે ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતને કારણે ઊભી થયેલી પરિસ્થિતિને પહોંચી વળવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે.

૩૦૪. રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો. — અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા—

(એ) અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને

(બી) તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા વાજબી નિયંત્રણો લાદી શકે છે:

પરંતુ શરત એ છે કે ખંડ (બી) ના હેતુઓ માટેનું કોઈ વિધેયક અથવા સુધારો રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં રજૂ કરવામાં આવશે નહીં અથવા લાવવામાં આવશે નહીં.

૩૦૫. વિદ્યમાન કાયદાઓ અને રાજ્યના ઈજારાની જોગવાઈ કરતા કાયદાઓની વ્યાવૃત્તિ.— અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૩ માંની કોઈ બાબત કોઈપણ વિદ્યમાન કાયદાની જોગવાઈઓને અસર કરશે નહીં, સિવાય કે જ્યાં સુધી રાષ્ટ્રપતિ હુકમ દ્વારા અન્યથા નિર્દેશ ન આપે; અને અનુચ્છેદ ૩૦૧ માંની કોઈ બાબત ધ કોન્સ્ટીટ્યુશન (ફોર્થ અમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૫૫ ના પ્રારંભ પહેલાં બનાવવામાં આવેલા કોઈપણ કાયદાના અમલને અસર કરશે નહીં, જ્યાં સુધી તે અનુચ્છેદ ૧૯ ના ખંડ (૬) ના ઉપ–ખંડ (૨) માં નિર્દેશિત કોઈપણ બાબત સાથે સંબંધિત હોય, અથવા તેવી કોઈપણ બાબત સંબંધિત કોઈપણ કાયદો બનાવવાથી સંસદ કે રાજ્યના વિધાનમંડળને અટકાવશે નહીં.

૩૦૬. [પ્રથમ અનુસૂચિના ભાગ બી માંના અમુક રાજ્યોની વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો લાદવાની સત્તા.][38] ધ કોન્સ્ટીટ્યુશન (સેવન્થ અમેન્ડમેન્ટ) એક્ટ, ૧૯૫૬ ની કલમ ૨૯ અને અનુસૂચિ દ્વારા રદ થયેલ.

[38] રદ કરાયેલ અનુચ્છેદ ૩૦૬— "આ ભાગની પૂર્વોક્ત જોગવાઈઓમાં અથવા આ સંવિધાનની અન્ય કોઈપણ જોગવાઈઓમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, પ્રથમ અનુસૂચિના ભાગ બી માં નિર્દિષ્ટ કોઈપણ રાજ્ય, કે જે આ સંવિધાનના પ્રારંભ પહેલાં અન્ય રાજ્યોમાંથી તે રાજ્યમાં માલની આયાત પર અથવા તે રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં માલની નિકાસ પર કોઈપણ કર અથવા જકાત લાદતું હતું તે, જો તે સંબંધમાં ભારત સરકાર અને તે રાજ્યની સરકાર વચ્ચે કોઈ કરાર કરવામાં આવ્યો હોય, તો તેવા કરારની શરતોને આધીન રહીને અને આ સંવિધાનના પ્રારંભથી દસ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે, જે કરારમાં નિર્દિષ્ટ કરવામાં આવે, આવો કર અથવા જકાત લાદવાનું અને વસૂલ કરવાનું ચાલુ રાખી શકશે : પરંતુ શરત એ છે કે રાષ્ટ્રપતિ આવા પ્રારંભથી પાંચ વર્ષની સમાપ્તિ પછી કોઈપણ સમયે, જો અનુચ્છેદ ૨૮૦ હેઠળ રચાયેલા નાણા પંચના અહેવાલ પર વિચારણા કર્યા પછી તેમને તેમ કરવું જરૂરી જણાય, તો આવા કોઈપણ કરારને સમાપ્ત અથવા તેમાં ફેરફાર કરી શકશે."

૩૦૭. અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ ના હેતુઓ પાર પાડવા માટે સત્તામંડળની નિમણૂક.— સંસદ કાયદા દ્વારા એવા સત્તામંડળની નિમણૂક કરી શકે છે જેને તે અનુચ્છેદ ૩૦૧, ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ના હેતુઓ પાર પાડવા માટે યોગ્ય માને, અને તે રીતે નિમાયેલા સત્તામંડળને તે જરૂરી માને તેવી સત્તાઓ અને તેવી ફરજો સોંપી શકે છે.

૭.૨ એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે જ્યારે જોગવાઈની ભાષા સ્પષ્ટ અને અસંદિગ્ધ હોય, ત્યારે કાયદા ઘડનારાઓનો આશય ખુદ જોગવાઈના સાદા વાંચન પરથી જ તારવવો જોઈએ. સામાન્ય રીતે, અધિનિયમનું અર્થઘટન કરવા માટે આપણે જોગવાઈની સ્પષ્ટ ભાષાથી આગળ જવાની જરૂર રહેતી નથી.

૭.૩ ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવામાં આવી છે, પરંતુ વેપારની આવી સ્વતંત્રતા સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે. જ્યારે આપણે સાર્વભૌમ રાજ્યની સંપૂર્ણ કરવેરા સત્તા પર અનુચ્છેદ ૩૦૧ ની અસરનું મૂલ્યાંકન કરીએ છીએ, ત્યારે શરૂઆતના શબ્દો મહત્વપૂર્ણ બની જાય છે. ગમે તે હોય, અનુચ્છેદ ૩૦૧ માત્ર વેપાર અને વાણિજ્યના સર્વત્ર પ્રવાહની ખાતરી આપે છે, જોકે આ સ્વતંત્રતા ન તો નિરપેક્ષ સ્વતંત્રતા છે કે ન તો તે નિયમનોથી મુક્ત છે.

૭.૪ અનુચ્છેદ ૩૦૧ નું પૃથક્કરણ દર્શાવે છે કે તેમાં ત્રણ મહત્વપૂર્ણ ભાગો અથવા શબ્દસમૂહો છે. તે આ મુજબ છે, 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન', અને 'સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય

અને આંતરવ્યવહાર', 'મુક્ત રહેશે'. ગમે તે રીતે વાંચવામાં આવે, તેનો સાદો અર્થ એ છે કે સંવિધાનના અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૭ ને આધીન રહીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે. 'અન્ય જોગવાઈઓને આધીન' શબ્દસમૂહમાં મુખ્યત્વે જે બે જૂથની જોગવાઈઓ પરિકલ્પિત છે તે અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ (એ) અને (બી) છે. અનુચ્છેદ ૩૦૩. સંસદ કાયદા દ્વારા જાહેર હિતમાં વેપારની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરી શકે છે અને આવો કાયદો અનુચ્છેદ ૩૦૧ થી મુક્ત રહેશે.

૭.૫ સંવિધાનનો અનુચ્છેદ ૩૦૧ 'આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન' એ શબ્દસમૂહથી શરૂ થાય છે. આ શબ્દસમૂહ શું અપેક્ષા રાખવી તે અંગેનો પ્રારંભિક સંકેત આપે છે? આ શબ્દસમૂહના સ્થાનને ધ્યાનમાં લેવું જોઈએ. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની ઘોષણા પહેલાં પણ, તેને મર્યાદાઓને આધીન કરવામાં આવી રહી છે. વધુમાં અનુચ્છેદ ૩૦૧ ના શરૂઆતના શબ્દો, એટલે કે, 'આ ભાગની જોગવાઈઓને આધીન' એ જરૂરી બનાવે છે કે ભાગ ૧૩ ની વ્યાપ્તિ અને અર્થ સમજવા માટે ભાગ ૧૩ ના તમામ અનુચ્છેદોને એકસાથે વાંચવા પડે. જ્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ નો સંબંધ છે ત્યાં સુધી 'ને આધીન' એ પ્રભાવશાળી અભિવ્યક્તિ છે. તે ઓછામાં ઓછા અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ની અધીનતા દર્શાવે છે. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ સાતમી અનુસૂચિ હેઠળની રાજ્ય યાદી સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ હેઠળની સત્તાઓનું પુનઃનિરૂપણ સમાવિષ્ટ કરે છે. દરેક પુનઃનિરૂપિત સત્તા પોતાની મેળે જ અનુચ્છેદ ૩૦૧ માંની વેપારની સ્વતંત્રતા પર સર્વોપરી બને છે.

૭.૬ જો રાજ્યો કરવેરા સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિ હેઠળ કાયદા બનાવે, વાજબી નિયંત્રણો ઊભા કરે અથવા મુક્ત વેપાર પર કર લાદે, તો અનુચ્છેદ ૩૦૧ તેનું મુખ્ય સ્થાન ગુમાવે છે. આવી સત્તા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર સર્વોપરી બને છે. આમ, અનુચ્છેદ ૩૦૧ દ્વારા કરવામાં આવેલી સામાન્ય ઘોષણાને અનુચ્છેદ ૩૦૨ દ્વારા સંસદની તરફેણમાં અને અનુચ્છેદ ૩૦૩ તથા ૩૦૪ દ્વારા રાજ્યોની તરફેણમાં હળવી કરવામાં આવી છે. એ નોંધવું રસપ્રદ છે કે અનુચ્છેદ ૩૦૪ નોન–ઓબસ્ટેન્ટ ખંડથી શરૂ થાય છે જ્યારે અનુચ્છેદ ૩૦૨ માં નોન–ઓબસ્ટેન્ટ ખંડ નથી. અનુચ્છેદ ૩૦૧ માંની વેપારની સ્વતંત્રતા પોતે જ ૩૦૨ અને ૩૦૪ ને આધીન હોવાથી, મારા મતે ઘડવૈયાઓનો આશય સ્પષ્ટ જણાય છે. સંવિધાન અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપારની સ્વતંત્રતા પરના અતિશય ભારની અસરથી અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) હેઠળના રાજ્યના વિધાનોનું રક્ષણ અને બચાવ કરે છે.

૭.૭ ન્યાયશાસ્ત્રનો આ એક સુદ્રઢ સિદ્ધાંત છે કે સમગ્ર અધિનિયમનું અર્થઘટન એકંદરે કરવું જોઈએ અને અલગથી નહીં. તેમ કરતી વખતે, કોઈપણ જોગવાઈમાંના કોઈપણ ખંડને અવગણી શકાય નહીં, ખાસ કરીને જ્યારે આપણે સંવિધાનનું અર્થઘટન કરીએ છીએ જે 'સુપ્રિમા લેક્સ' છે. અનુચ્છેદ ૩૦૧ ના સંદર્ભમાં સંઘ અને રાજ્યોની સત્તા વચ્ચેનો તફાવત એ છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ની જેમ અનુચ્છેદ ૩૦૨ કર કાયદાઓને લાગુ પડતો નથી, પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર

લાદી શકાય છે. અનુચ્છેદ ૩૦૧, ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ની સમજ પરથી જે ફલિત થાય છે તેનો સારાંશ નીચે મુજબ છે—

૧. અનુચ્છેદ ૩૦૨ એ અનુચ્છેદ ૩૦૧ નો અપવાદ છે.

૨. અનુચ્છેદ ૩૦૨ હેઠળની મર્યાદા ફરીથી અનુચ્છેદ ૩૦૩ ને આધીન છે.

૩. અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૩ કરવેરાની પ્રવિષ્ટિઓ હેઠળના કાયદાઓનો સંદર્ભ આપતા નથી.

૪. અનુચ્છેદ ૩૦૪ એ એક અપવાદ હોઈ શકે છે જેને સામાન્ય રીતે બિન–કર ભેદભાવપૂર્ણ કર અને નિયંત્રણો સાથે સંબંધિત હોવાનું અર્થઘટન કરવામાં આવે છે.

૭.૮ સાદા વાંચન ઉપરાંત, આપણા સંવિધાનમાં મુક્ત વેપારના ખંડને સમજવામાં સંબંધિત જોગવાઈઓનું વિશ્લેષણ અને અનુચ્છેદ ૩૦૧ નો વૈધાનિક ઈતિહાસ પણ પ્રસ્તુત છે. સંવિધાન સભાની ચર્ચાઓ અને વૈધાનિક ઈતિહાસના સંદર્ભમાં પણ આ બાબત વિચારી શકાય છે જે સમાન રીતે મહત્વપૂર્ણ બાહ્ય સહાયકો છે.

૭.૯ આ સંબંધમાં, એ યાદ રાખવું જરૂરી છે કે સંવિધાનના પ્રારંભ પહેલાં, ભારતનો લગભગ બે–તૃતીયાંશ ભાગ સીધો બ્રિટિશ શાસન હેઠળ હતો અને તેને 'બ્રિટિશ ભારત' કહેવામાં આવતું હતું અને બાકીનો લગભગ એક–તૃતીયાંશ ભાગ

દેશી રાજાઓ દ્વારા સીધો શાસિત હતો અને તે 'દેશી રાજ્યો' તરીકે ઓળખાતો હતો. તેમની સંખ્યા ઘણી મોટી હતી અને તેમનામાં વિવિધ અંશે સાર્વભૌમત્વ નિહિત હતું. તે શાસકો પાસે, વ્યાપક રીતે કહીએ તો, કર લાદવાની અને આંતર-રાજ્ય વેપારનું નિયમન કરવાની સત્તા સાથે સાર્વભૌમ રાજ્યના તમામ લક્ષણો હતા. તે એક સુવિદિત હકીકત છે કે તેમનામાંથી ઘણાએ વેપાર અવરોધો ઊભા કર્યા હતા જેણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને ગંભીરપણે અવરોધ્યો હતો, અને તેનાથી સામૂહિક વપરાશ માટેની ચીજવસ્તુઓને માત્ર બહાર જતી અટકાવી જ ન હતી પરંતુ અંદર પ્રવેશતી પણ રોકી હતી. વર્ષ ૧૯૪૭ અને ૧૯૫૦ ની વચ્ચે, લગભગ તમામ ભારતીય રાજ્યોએ ભારત સરકાર સાથે કરારો કર્યા અને એક રાજકીય એકમ તરીકે ભારતમાં વિલીન થયા, જેના પરિણામે જેને બ્રિટિશ ભારત કહેવામાં આવતું હતું તે, વ્યાપક રીતે કહીએ તો, સંવિધાન હેઠળ આવ્યું. દેશી રાજ્યો ભાગ 'બી' ના રાજ્યો બન્યા. આ ભાગ 'બી' ના રાજ્યો, બદલામાં, નાના રાજ્યો અથવા વ્યક્તિગત દેશી રજવાડાઓના અમુક પ્રકારના સંઘો હતા. તેઓએ, મોટાભાગે, પોતાની અંદરોઅંદર પણ વેપાર અવરોધો અને જકાત ચોકીઓ ઊભી કરી હતી. આ પૃષ્ઠભૂમિમાં, ભારત પ્રથમ વખત એક રાજકીય એકમ તરીકે રચાયું હતું. આથી, રાષ્ટ્રીય એકતા, આર્થિક અને સાંસ્કૃતિક એકતા તેમજ વેપારની સ્વતંત્રતાના હિતમાં તે તમામ વેપાર અવરોધો અને જકાત ચોકીઓને નાબૂદ કરવી જરૂરી હતી.

૭.૧૦ ૧૯૪૭ માં સંવિધાન સભાનું ધ્યાન આકર્ષિત કરનારા પ્રારંભિક કાર્યો પૈકીનું એક સંઘના રાજ્યક્ષેત્રોની અંદર વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું હતું. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે મુસદ્દા સંવિધાનમાં, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કે જે મૂળભૂત અધિકારનો એક ભાગ હતી, તેને તે સ્વરૂપે પડતી મૂકવામાં આવી હતી. ડૉ. કે. એમ. મુનશી[39] અને સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર[40] દ્વારા મૂળભૂત અધિકારો અંગેની પેટા–સમિતિને સુપરત કરવામાં આવેલી નોંધોમાં મૂળભૂત સિદ્ધાંતો ઘડવામાં આવ્યા હતા. પેટા–સમિતિએ ૨૯ માર્ચ, ૧૯૪૭ ના રોજ આ વિષય પર સર બી. એન. રાવની મુસદ્દા જોગવાઈ પર ચર્ચા કરી હતી અને તેને નીચેના સ્વરૂપમાં અપનાવવામાં આવી હતી:

સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન રહીને, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે દરિયાઈ પરિવહન દ્વારા હોય, મુક્ત રહેશે:

પરંતુ શરત એ છે કે કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં તેના પર કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે.

---

[39] બી. શિવ રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૨, પૃ. ૬૯ (૧૯૬૭). [જે હવે પછી 'બી. શિવ રાવ' તરીકે ઉલ્લેખિત છે]ડો. કે. એમ. મુનશી દ્વારા મૂળભૂત અધિકારો પરની નોંધ અને મુસદ્દા અનુચ્છેદોમાંથી અર્ક, તા. ૧૭ માર્ચ, ૧૯૪૭ –અનુચ્છેદ ૫- (૧) સંઘના કાયદાની મર્યાદાઓમાં અને તે અનુસાર પ્રત્યેક નાગરિક ધરાવે છે :(૧) સંઘના રાજ્યક્ષેત્રોની અંદર મુક્ત હેરફેર અને વેપારનો અધિકાર.

[40] બી. શિવ રાવ, પૃ. ૬૮અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર દ્વારા મૂળભૂત અધિકારો પરની નોંધમાંથી અર્ક, તા. ૧૪ માર્ચ, ૧૯૪૭–'સંઘની સત્તાઓ વ્યાપ્તિમાં મર્યાદિત હોવાથી, (એ) આંતર-રાજ્ય અને આંતર-પ્રાંતીય વેપારની સ્વતંત્રતા, (બી.) આંતર-રાજ્ય અને આંતર-પ્રાંતીય હેરફેર... લાવવા માટે કાળજી રાખવી પડશે...'

૭.૧૧ જ્યારે પેટા–સમિતિના અહેવાલનો મુસદ્દો વિચારણા હેઠળ હતો ત્યારે સદર ખંડ પર ટિપ્પણી કરતાં સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે એવું સૂચન કર્યું હતું કે સંઘના અન્ય એકમોમાંથી કોઈ ચોક્કસ એકમમાં પ્રવેશતો માલ તે જકાત અને કરવેરામાંથી છટકી જવો જોઈએ નહીં કે જે સંબંધિત એકમમાં જ ઉત્પાદિત માલ પર લાદવામાં આવ્યા હતા. આ સૂચનો પેટા–સમિતિ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા અને ૧૬ એપ્રિલ, ૧૯૪૭ ના રોજ સલાહકાર સમિતિને સુપરત કરવામાં આવેલા અહેવાલમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ૨૧ એપ્રિલ, ૧૯૪૭ ના રોજ સલાહકાર સમિતિ સમક્ષ આ ખંડ પર ચર્ચા થઈ હતી. શ્રી સી. રાજગોપાલાચારીએ એવો મત વ્યક્ત કર્યો હતો કે સાચા મહેસૂલી હેતુઓ માટે એકમોને અમુક પ્રકારની કસ્ટમ જકાત વસૂલવાની મંજૂરી આપવી જોઈએ, જેના સંદર્ભમાં શ્રી કે. એમ. પનીક્કરનો પ્રત્યુત્તર આપણી ચર્ચા માટે પ્રસ્તુત છે:

કે. એમ. પનીક્કર: રાજાજી (સી. રાજગોપાલાચારી) એ એકમોના કર લાદવાના અધિકારનો પ્રશ્ન ઉઠાવ્યો છે, અને કહ્યું છે કે આ અધિકારનો ઇનકાર કરવો જોઈએ નહીં. જોકે, હું માનું છું કે એકમોને આપવામાં આવનારી આ એક જોખમી સત્તા છે. આનું પરિણામ સ્પર્ધાત્મક એકમોના નિર્માણમાં આવી શકે છે. આપણે બે બાબતોની મંજૂરી આપી છે. આપણે એકમને તેના પોતાના ઉદ્યોગો પર કર લાદવાની મંજૂરી આપી છે. આપણે સમાનતા જાળવવા ખાતર બહારથી લાવવામાં આવતી વસ્તુઓ પર પણ કર લાદવાની મંજૂરી આપીએ છીએ. પરંતુ આપણા મિત્ર થોડા વધુ આગળ વધીને એવું કહેવા માંગે છે કે એકમોને કર

અથવા ટ્રાન્ઝિટ જકાત કે કોઈ પ્રકારની જકાત લાદવાનો અધિકાર આપવો જ જોઈએ. મને ભય છે કે, તે આ ખંડનો નકાર હશે.[41]

૭.૧૨ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલા સલાહકાર સમિતિના તા. ૨૩.૦૪.૧૯૪૭ ના વચગાળાના અહેવાલમાં નીચે મુજબની ભલામણો કરવામાં આવી હતી:

> "સૈદ્ધાંતિક રીતે આ ખંડ સાથે સહમત થતાં અમે ભલામણ કરીએ છીએ કે મૂળભૂત અધિકારોમાં સમાવિષ્ટ થવાને બદલે, તેને સંવિધાનના અન્ય કોઈ ભાગમાં સ્થાન મળવું જોઈએ."

૭.૧૩ સભાની ઉપરોક્ત ચર્ચા–વિચારણાઓ અને નિર્ણયોને ધ્યાનમાં રાખીને, સર બી.એન. રાઉએ ઓક્ટોબર, ૧૯૪૭ ના તેમના મુસદ્દા સંવિધાનમાં ભાગ ૩–રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો સહિતના મૂળભૂત અધિકારો[42] હેઠળ નીચે મુજબના ખંડનો સમાવેશ કર્યો હતો:–

> ૧૭. એકમો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા. [સરખાવો કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા કોન્સ્ટીટ્યુશન એક્ટ, કલમો ૯૨ અને ૯૯, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫, કલમ ૨૯૭]
>
> પરંતુ શરત એ છે કે આ કલમમાંનું કંઈપણ કોઈપણ એકમને તે એકમમાં ઉત્પાદિત અથવા તૈયાર કરાયેલા માલ જે કરને પાત્ર છે તે લાદતાં અટકાવશે

[41] બી. શિવ રાવ, પૃ. ૨૫૩
[42] બી. શિવ રાવ, પૃ. ૭૦૧

નહીં, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા તૈયાર કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય:

વધુમાં શરત એ છે કે વેપાર, વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં:

વળી એવી પણ શરત છે કે આ કલમમાંનું કંઈપણ સંઘીય સંસદને જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અથવા આરોગ્યના હિતમાં કે કટોકટીના સંજોગોમાં એકમો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા નિયંત્રણો લાદતાં અટકાવશે નહીં.

૭.૧૪ કેટલાક ફેરફારો સાથે, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૪૮ ના મુસદ્દા સંવિધાનમાં મૂળભૂત અધિકારોના પ્રકરણમાં આ ખંડ જાળવી રાખવામાં આવ્યો હતો. પરંતુકનો નવેસરથી મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો અને સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધોને લગતા મુસદ્દા સંવિધાનના ભાગ ૯ માં એક અલગ શીર્ષક, અર્થાત્ "આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય" હેઠળ એક સ્વતંત્ર અનુચ્છેદ તરીકે તેનો સમાવેશ કરવામાં આવ્યો હતો.[43]

૭.૧૫ વધુમાં જ્યારે મુસદ્દા સંવિધાન પ્રકાશિત કરવામાં આવ્યું અને સૂચનો તથા મંતવ્યો માટે પ્રસારિત કરવામાં આવ્યું, ત્યારે સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે નીચે મુજબ ટિપ્પણી કરી હતી:–

[43] બી. શિવ રાવ, પૃ. ૫૨૪ અને પૃ. ૬૧૦

"અલ્લાદી કૃષ્ણાસ્વામી ઐયરની ટિપ્પણીઓ: આ સંદર્ભમાં આંતરરાજ્ય વેપાર અંગે મુસદ્દા સંવિધાનમાં ત્રણ મુખ્ય જોગવાઈઓ છે:

૧. અનુચ્છેદ ૧૬ દ્વારા સુરક્ષિત આંતર–રાજ્ય વેપારની સ્વતંત્રતા:

૨. સંઘીય કાયદા દ્વારા હસ્તક્ષેપને અધીન:.

૩. યાદી ૨ ની બાબત ૩૩,[44] માં જોગવાઈ કર્યા મુજબની મર્યાદા સુધી કોઈ જોગવાઈ અથવા રાજ્યના કાયદા દ્વારા હસ્તક્ષેપ.

અનુચ્છેદ ૨૪૪ ના પેટા–ખંડ (બી) હેઠળ હસ્તક્ષેપ કરવાની સત્તા અત્યંત કઠોર છે અને મૂળ મુસદ્દામાં પૂરી પાડવામાં આવેલી સત્તા કરતાં ઘણી વ્યાપક છે. શું આ જોગવાઈ અનુચ્છેદ ૧૬ દ્વારા સુરક્ષિત કરાયેલી વેપારની સ્વતંત્રતાને વ્યવહારિક રીતે નિરર્થક બનાવી દેશે નહીં કારણ કે 'જાહેર હિત' શબ્દપ્રયોગ અસ્પષ્ટ અને અનિશ્ચિત છે અને તે ન્યાયિક સમીક્ષાને પાત્ર બની શકતો નથી."

૭.૧૬ વેપાર અને વાણિજ્યને લગતા મુસદ્દા અનુચ્છેદો મુસદ્દા સંવિધાનના વિવિધ ભાગોમાં વેરવિખેર હતા (એટલે કે, કલમ ૧૬ અને અનુચ્છેદ ૨૪૩ થી ૨૪૫) અને તેનો હેતુ આ તમામ વેરવિખેર જોગવાઈઓને એક જ શીર્ષક હેઠળ એકસાથે જોડવાનો હતો. ડૉ. આંબેડકરે સંવિધાન સભા સમક્ષ જણાવ્યું હતું કે.:

[44] સંવિધાનનો મુસદ્દો, ૨૧ ફેબ્રુઆરી, ૧૯૪૮-સાતમી અનુસૂચિ, યાદી ૨- રાજ્ય યાદી૩૩. આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની જોગવાઈઓના હેતુઓ માટે અન્ય રાજ્યો સાથે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું વિનિયમન.

જનાબ, આ તબક્કે મારે ગૃહને માત્ર એટલું જ જણાવવાની જરૂર છે કે મૂળભૂત રીતે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા સાથે સંબંધિત અનુચ્છેદો મુસદ્દા સંવિધાનના વિવિધ ભાગોમાં વેરવિખેર હતા. એક અનુચ્છેદને મૂળભૂત અધિકારોની યાદીમાં સ્થાન મળ્યું હતું, અર્થાત્ અનુચ્છેદ ૧૬, જેમાં કહેવામાં આવ્યું હતું કે સંસદ દ્વારા બનાવવામાં આવેલા કોઈપણ કાયદાને અધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર અને વાણિજ્ય મુક્ત રહેશે. અન્ય અનુચ્છેદો, અર્થાત્ ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ મુસદ્દા સંવિધાનના અન્ય કોઈ ભાગમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા. ચર્ચા દરમિયાન એવું જણાયું હતું કે ગૃહના મોટી સંખ્યામાં સભ્યો અનુચ્છેદ ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ ના ગર્ભિતાર્થો સમજવાની સ્થિતિમાં ન હતા, કારણ કે આ અનુચ્છેદો અનુચ્છેદ ૧૬ થી અલગ પડી ગયા હતા. તેથી, ગૃહને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા સંબંધિત તમામ જોગવાઈઓનું સંપૂર્ણ ચિત્ર આપવા માટે, મુસદ્દા સમિતિને લાગ્યું કે મુસદ્દા સંવિધાનના વિવિધ ભાગોમાં વેરવિખેર થયેલા આ તમામ અલગ–અલગ અનુચ્છેદોને એક જ ભાગમાં એકત્રિત કરવા અને તેમને ક્રમબદ્ધ રીતે રજૂ કરવા તે વધુ સારું રહેશે, જેથી એક જ નજરે એ જાણી શકાય કે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સંબંધમાં કઈ જોગવાઈઓ છે. હું એ પણ કહેવા માંગીશ કે, આ ભાગમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર વેપાર અને વાણિજ્યને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો કોઈ ઈરાદો નથી, એટલે કે, સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત રહેશે તેવી મૂળભૂત જોગવાઈમાંથી વિચલિત થવાની કોઈપણ સત્તાથી સંસદ તેમજ રાજ્યો બંનેને વંચિત કરવાનો નથી.[45]

[45] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ, વોલ્યુમ ૯, ૮ સપ્ટેમ્બર ૧૯૪૯

(ભારપૂર્વક ઉમેરેલ)

૭.૧૭ ઉપરોક્ત વૈધાનિક ઇતિહાસ અને સંવિધાન સભાની ચર્ચાઓ પરથી, ચાર પ્રતિપાદનો ઉદ્ભવે છે:–

(એ) મુસદ્દા સંવિધાનની કલમ ૧૬, ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ ની ભાગ ૧૦–એ (હવે ભાગ ૧૩) ના અનુચ્છેદો સાથેની સરખામણી પરથી એ સ્પષ્ટ થાય છે કે તેઓ માત્ર ક્રમબદ્ધ રીતે ગોઠવવામાં આવ્યા ન હતા પરંતુ તેમાં નોંધપાત્ર ફેરફાર કરવામાં આવ્યા હતા.

(બી) વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા એ કોઈ મૂળભૂત અધિકાર નથી.

(સી) ભારતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંપૂર્ણપણે મુક્ત નથી.

(ડી) ભેદભાવપૂર્ણ કર (જેમ કે અમુક સ્વતંત્ર રાજ્યો દ્વારા લાદવામાં આવતી તત્કાલીન કસ્ટમ જકાત) સંવાયતંત્ર માટે હાનિકારક છે.

ગંગાના મેદાનોને મરે અથવા પોટોમેક નદીઓના પાણી દ્વારા ક્યારેય ફળદ્રુપ બનાવી શકાય નહીં

૭.૧૮ પૂર્વચુકાદાઓ પણ એ વિચારને સમર્થન આપે છે કે અનુચ્છેદ ૩૦૧ માં કરવેરા કાયદાઓ અભિપ્રેત નથી. સંબંધિત પૂર્વચુકાદાઓ પર

વિચારણા કરતાં પહેલાં, ઓસ્ટ્રેલિયા, યુ.એસ.એ. અને કેનેડામાં અમલમાં મુકાયેલા મુક્ત વેપારના અધિકારની મર્યાદા અને વ્યાપનો સંક્ષિપ્ત સંદર્ભ લઈ શકાય છે. એ ધ્યાનમાં રાખવાનું છે કે ગંગાના મેદાનોને મરે[46] કે પોટોમેક[47] ના પાણીથી ક્યારેય ફળદ્રુપ બનાવી શકાય નહીં. પરંતુ તેઓ જે માર્ગે આગળ વધ્યા છે અને પોતાના દેશોને ગૌરવ તરફ લઈ ગયા છે તે જોવું મહત્વપૂર્ણ છે. એ ઉલ્લેખ કરવો અનિવાર્ય છે કે અનુચ્છેદ ૩૦૧ ના મુસદ્દા ઘડતરની પ્રક્રિયા દરમિયાન, તેના માટેની ફૂટનોટમાં ઓસ્ટ્રેલિયન સંવિધાનનો સંદર્ભ હતો. એ નિર્વિવાદ છે કે આપણા ઘડવૈયાઓ વિદ્વાન વ્યક્તિઓ હતા જેમણે આ મહાન સંવાયતંત્રોના ડહાપણ અને અનુભવને ધ્યાનમાં રાખીને આપણું સંવિધાન તૈયાર કર્યું હતું.

૭.૧૯ ભાગ ૧૩ માટેની મુખ્ય પ્રેરણા અમેરિકન અને ઓસ્ટ્રેલિયન મોડેલો રહ્યા છે. સંવિધાન સભા સમક્ષ ઉપસ્થિત આ મોડેલોને ભારતના સંવિધાનના ઘડવૈયાઓ દ્વારા ભારતીયોની જરૂરિયાતો અનુસાર પુનઃડિઝાઇન કરવામાં આવ્યા હતા અને વિસ્તૃત કરવામાં આવ્યા હતા. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે અન્ય દેશો દ્વારા આપવામાં આવેલું અર્થઘટન માત્ર સૂચક છે. તેઓ પ્રેરક મૂલ્ય ધરાવી શકે છે કારણ કે ભારતની તુલનામાં સંદર્ભ અને ઇતિહાસ તદ્દન ભિન્ન રહ્યો છે. ઓછામાં ઓછું સંવિધાનના ભાગ ૧૩ ના સંબંધમાં વિદેશી કેસો પર વધુ પડતો આધાર રાખ્યા વિના સ્વદેશી અર્થઘટન પ્રદાન કરવું જોઈએ, કારણ કે તેમાં ફેરફાર થઈ શકે છે જે અનિવાર્યપણે આ મામલાને ફરીથી છેડશે.

[46] ઓસ્ટ્રેલિયાની સૌથી લાંબી નદી
[47] યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં નદી

તદુપરાંત, આપણું બંધારણીય માળખું ઓસ્ટ્રેલિયન અને અમેરિકન સંવિધાનો હેઠળ પૂરા પાડવામાં આવેલા માળખાં કરતાં તદ્દન અલગ છે.

૭.૨૦ ઓસ્ટ્રેલિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં, લાગુ સંવિધાનિક જોગવાઈઓનો શાબ્દિક અર્થ કાઢીને, અદાલતોએ 'વાણિજ્ય ખંડ' અથવા 'મુક્ત વેપાર ખંડ' નું અર્થઘટન એવી રીતે કર્યું હતું કે (સંવાયી એકમો) પર આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય પર કોઈપણ કર લાદવા માટે સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. સદભાગ્યે તાજેતરમાં, આ અધિકારક્ષેત્રોમાં કાયદો હળવો કરવામાં આવ્યો છે જેથી સંવાયી એકમો ઉપકરો લાદીને પણ આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યનું નિયમન કરવા માટે સક્ષમ બન્યા છે. ઓસ્ટ્રેલિયા, કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં આંતર–રાજ્ય વેપારને સંચાલિત કરતા પૂર્વચુકાદાઓના સંક્ષિપ્ત સંદર્ભ દ્વારા આ બાબત સ્પષ્ટ થશે.

કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા

૭.૨૧ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ જાહેર કરે છે કે 'કસ્ટમ્સની સમાન જકાત લાદવામાં આવતાં, રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સાગર પરિવહન દ્વારા હોય, સંપૂર્ણપણે મુક્ત રહેશે.' કોલ વિ. વ્હાઇટફિલ્ડ [જે હવે પછી 'કોલ' તરીકે ઉલ્લેખિત છે][48] માં, અને ત્યારબાદ કેસલમેઇન ટૂહીઝ લિ. વિ. સાઉથ

[48] (૧૯૮૮) ૧૬૫ સી.એલ.આર. ૩૬૦

ઓસ્ટ્રેલિયા[49] માં અને તાજેતરમાં, બેટફેર પ્રાઇવેટ લિ. વિ. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા[50] માં, કોર્ટે અવલોકન કર્યું હતું કે ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નો માત્ર એટલો જ અર્થ હતો કે ઓસ્ટ્રેલિયા તે પગલાંઓથી મુક્ત હતું જે ભેદભાવપૂર્ણ અને સંરક્ષણવાદી બોજ સમાન હતા. કોલ કેસમાં ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું કે કલમ ૯૨ પ્રત્યક્ષ અને પરોક્ષ બંને સંરક્ષણવાદી ભેદભાવને પ્રતિબંધિત કરે છે: –

> 'આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યને લાગુ પાડવામાં ભેદભાવની વિભાવના અનિવાર્યપણે હકીકતલક્ષી ભેદભાવ તેમજ કાનૂની અમલ બંનેને આવરી લે છે. કોઈ કાયદો આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય સામે ત્યારે ભેદભાવ કરશે જો તે કાયદો દેખીતી રીતે તે વેપાર અથવા વાણિજ્યને કોઈ અસમર્થતા કે ગેરલાભને આધીન કરતો હોય અથવા જો કાયદાનો હકીકતલક્ષી અમલ એવું પરિણામ લાવતો હોય'.[51]

૭.૨૨ આ પહેલાં, ૧૯૮૮ [કોલ] સુધી ઓસ્ટ્રેલિયન અદાલતો એકરૂપતા પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ કરતી રહી હતી. અગાઉના ચુકાદાઓએ અધિકાર આધારિત અભિગમ અપનાવ્યો હતો, જેમાં બોજ હેઠળ મુકાયેલો એક પણ વેપારી ઓસ્ટ્રેલિયન સંવિંધાનની કલમ ૯૨ ના ઉલ્લઘનનો દાવો કરી શકતો હતો.[52] અગાઉના પૂર્વચુકાદાઓમાં આપવામાં આવેલા આવા વ્યાપક અર્થઘટનને કારણે કોલ કેસમાં હાઇકોર્ટ દ્વારા વધુ સંકુચિત કસોટીનો વિકાસ થયો. અગાઉના

[49] (૧૯૯૦) ૧૬૯ સી.એલ.આર. ૪૩૬
[50] (૨૦૦૮) ૨૩૪ સી.એલ.આર. ૪૧૮
[51] એજન, પૃ. ૩૯૯
[52] કોમનવેલ્થ વિ. બેંક ઓફ ન્યૂ સાઉથ વેલ્સ, (૧૯૪૯) ૭૯ સી.એલ.આર. ૪૯૭.

પૂર્વચુકાદાઓ ઉપલબ્ધ હતા અને આર્તિયાબારી તથા ઓટોમોબાઇલ મા પણ ટાંકવામાં આવ્યા હતા. એ નોંધવું રસપ્રદ છે કે બેંક નેશનાલાઇઝેશન કેસ[53] માંથી અનુભવ મેળવીને આપણા ઘડવૈયાઓ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ જેવા વ્યાપક કાયદા દ્વારા દેશના કુદરતી વિકાસને રુંધી નાખવા અંગે ચિંતિત હતા.[54]

યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા

૭.૨૩ યુ.એસ. સંવિધાનના અનુચ્છેદ ૧, કલમ ૮, ખંડ ૩ માં જણાવવામાં આવ્યું છે કે "વિદેશી રાષ્ટ્રો સાથે અને વિવિધ રાજ્યો વચ્ચે તથા ભારતીય જનજાતિઓ સાથે વાણિજ્યનું નિયમન કરવાની વૈધાનિક સત્તા કોંગ્રેસ પાસે રહેશે." આ ખંડ, જે 'કોમર્સ ક્લોઝ' તરીકે પણ ઓળખાય છે, લાંબા સમયથી ન્યાયિક ચકાસણી હેઠળ રહ્યો છે. આ અનુચ્છેદના સીધા વાંચનનો અર્થ એ થાય છે કે સંઘીય ધારાસભા આંતર-રાજ્ય વેપારનું નિયમન કરવા માટે સત્તા ધરાવે છે.

૭.૨૪ બ્રાઉન વિ. મેરીલેન્ડ[55] માં, વિદેશી વસ્તુઓના તમામ આયાતકારો અને જથ્થાબંધ વેપારીઓ માટે લાયસન્સ મેળવવું ફરજિયાત બનાવતા મેરીલેન્ડના કાયદાની સંવિધાનિકતા સાથે સંકળાયેલા કેસમાં, મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલે એવો તર્ક આપ્યો હતો કે મેકકુલોચ[56] નો તર્ક આંતર-રાજ્ય વાણિજ્યમાં સંકળાયેલા ખાનગી સાહસો પર રાજ્ય દ્વારા કરવેરા લાદવા માટે "સંપૂર્ણપણે

[53] એજન.
[54] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ, વોલ્યુમ ૯, ૮ સપ્ટેમ્બર ૧૯૪૯
[55] ૨૫ યુ.એસ. (૧૨ વ્હીટ.) ૪૧૯ (૧૮૨૭)
[56] ૪ વ્હીટ. ૩૧૬ (૧૮૧૯)

લાગુ પડે છે". આમ, મેરીલેન્ડના કાયદાને અસંવિધાનિક ઠેરવતા, ન્યાયમૂર્તિ માર્શલે જણાવ્યું હતું કે:

> 'અમે (કોઈ રાજ્યની પોતાના પ્રદેશમાં રહેલી મિલકત પર પોતાના નાગરિકો પર કર લાદવાની) આ સત્તાને પવિત્ર ગણીએ છીએ.... અમે એ સ્વીકારી શકીએ નહીં કે તેનો ઉપયોગ વાણિજ્યનું નિયમન કરવાની (કોંગ્રેસની) સત્તાને અવરોધવા કે નિષ્ફળ બનાવવા માટે થઈ શકે છે. એવું જોવામાં આવ્યું છે કે રાજ્યો પાસે રહેલી સત્તાઓનો ઉપયોગ એવી રીતે થઈ શકે છે કે જે કોંગ્રેસમાં નિહિત સત્તાઓ સાથે સંઘર્ષમાં આવે. જ્યારે આવું બને છે, ત્યારે જે સર્વોચ્ચ નથી તેણે સર્વોચ્ચ છે તેને આધીન થવું પડશે'.

૭.૨૫ ફ્રીમેન વિ. હેવિટ[57] માં સુપ્રિમ કોર્ટે રાજ્યો પર એવી પ્રવૃત્તિઓ પર કર લાદવા પર પ્રતિબંધ મૂક્યો હતો જે સીધી રીતે આંતર–રાજ્ય વાણિજ્યને અસર કરતી હતી કારણ કે આ બાબતોનું નિયમન કરવા માટે ફેડરલ સરકાર એકમાત્ર સત્તામંડળ હતી. નીચેનો અંશ સુસંગત હોઈ શકે છે–

> 'કોમર્સ ક્લોઝ માત્ર રાજ્યો વચ્ચેના વાણિજ્યના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે કાયદા ઘડવા માટે કોંગ્રેસને અપાયેલ અધિકાર માત્ર ન હતો, પરંતુ તેણે પોતાના સ્વબળે રાજ્યોના હસ્તક્ષેપથી મુક્ત એવા વેપાર ક્ષેત્રનું સર્જન કર્યું હતું. ટૂંકમાં, કોંગ્રેસ દ્વારા કાયદો અમલમાં મૂક્યા વિના પણ

[57] ૩૨૯ યુ.એસ. ૨૪૯ (૧૯૪૬)

કોમર્સ ક્લોઝ એ રાજ્યોની સત્તા પર એક મર્યાદા છે.... રાજ્યની સત્તા પરની આ મર્યાદા... માત્ર પ્રતિકૂળ પગલાં માટે આંતર-રાજ્ય વાણિજ્યને અલગ તારવવા સામે રાજ્યને રોકતી નથી. રાજ્યો વચ્ચેના વેપારના મુક્ત પ્રવાહને અવરોધવાની અસર ધરાવતી હોય તેવું વાજબી રીતે ગણી શકાય તેવું કોઈપણ પગલું ભરવા પર પણ રાજ્ય પ્રતિબંધિત છે. સ્થાનિક વાણિજ્ય પણ સમાન બોજાને આધીન છે તે બાબત અપ્રસ્તુત છે'.

૭.૨૬ ૧૯૭૭ માં કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ વિ. બ્રેડી[58] ના એક ઐતિહાસિક ચુકાદામાં, સુપ્રિમ કોર્ટે ઉપરોક્ત અભિગમમાંથી પાછા ફરીને વ્યાવહારિક અસરોનો અભિગમ અપનાવ્યો હતો, જેના અનુસાર, જે રાજ્ય કાયદો "કર લાદતા રાજ્ય સાથે નોંધપાત્ર સંબંધ ધરાવતી પ્રવૃત્તિને લાગુ થતો હોય, વાજબી રીતે વહેંચાયેલો હોય, આંતર-રાજ્ય વાણિજ્ય સામે બિન-ભેદભાવપૂર્ણ હોય, અને રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ સાથે વાજબી રીતે સંબંધિત હોય" તેને રાજ્ય પાસે વૈધાનિક સક્ષમતાનો અભાવ છે તે કારણસર અમાન્ય ઠેરવી શકાશે નહીં. ત્યારબાદ સુપ્રિમ કોર્ટે રાજ્યોને કાયદાઓ ઘડવા માટે વધુ સશક્ત બનાવ્યા છે અને હવે તેમાં ફક્ત એટલી જ અપેક્ષા રાખવામાં આવે છે કે લાદવામાં આવેલા કર અને કરદાતાઓને પૂરા પાડવામાં આવતા સામાન્ય લાભો, જેમાં જાહેર માર્ગોની જાળવણી અને સામૂહિક પરિવહન ચલાવવા જેવી નાગરિક સેવાઓનો સમાવેશ થાય છે, વચ્ચે વાજબી સંબંધ અથવા જોડાણ હોવું જોઈએ

[58] ૪૩૦ યુ.એસ. ૨૭૪ (૧૯૭૭)

(જુઓ ડી.એચ. હોમ્સ કંપની લિ. વિ. શર્લી મેકનામારા[59]). કોમનવેલ્થ એડિસન કંપની વિ. સ્ટેટ ઓફ મોન્ટાના[60] માં સુપ્રિમ કોર્ટે અવલોકન કર્યું છે કે–

> 'જ્યારે કોઈ સામાન્ય મહેસૂલી કર આંતરરાજ્ય વાણિજ્ય સામે ભેદભાવ કરતો નથી અને રાજ્યની અંદર થતી પ્રવૃત્તિઓ મુજબ પ્રમાણસર વહેંચાયેલો હોય છે, ત્યારે રાજ્ય સંવિધાન દ્વારા કોઈપણ અડચણ વિના પોતાની નાણાકીય નીતિઓનું અનુસરણ કરવા માટે સ્વતંત્ર છે.'

ચુકાદાઓની આ શ્રૃંખલા પરથી સ્પષ્ટ થાય છે કે અમેરિકા કોમર્સ ક્લોઝ હેઠળ રાજ્યોને તેમની પોતાની નાણાકીય નીતિ વિકસાવવા માટે સશક્ત બનાવવા તરફ આગળ વધી રહ્યું છે. બીજી તરફ, આપણા સંવિધાને તે બાબત સીધી રીતે પ્રાપ્ત કરી છે જે યુ.એસ. કોર્ટો ન્યાયિક અર્થઘટન દ્વારા પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી રહી છે.

કેનેડા

૭.૨૭ કેનેડિયન સંવિધાન કલમ ૧૨૧ હેઠળ વેપારની સ્વતંત્રતાની નીચે મુજબ પરિકલ્પના કરે છે 'કોઈપણ એક પ્રાંતની વૃદ્ધિ, ઉત્પાદન અથવા નિર્માણની તમામ વસ્તુઓ, સંઘ બન્યા પછી અને ત્યારથી, અન્ય દરેક પ્રાંતમાં મુક્તપણે પ્રવેશ મેળવશે'. કેનેડાની અદાલતો દ્વારા આપવામાં આવેલા અર્થઘટનનો સંદર્ભ લેતા પહેલાં સંઘીય યોજનાની નોંધ લેવી મહત્વપૂર્ણ છે. કલમ ૯૨(૨) હેઠળ પ્રાંતીય કર લાદવાની સત્તા ત્રણ મર્યાદાઓ દ્વારા

[59] ૪૮૬ યુ.એસ. ૨૪ (૧૯૮૮)
[60] ૪૫૩ યુ.એસ. ૬૦૯ (૧૯૮૧)

પ્રતિબંધિત છે (૧) કર 'પ્રત્યક્ષ' હોવો જોઈએ (૨) કર 'પ્રાંતની અંદર' હોવો જોઈએ (૩) કર 'પ્રાંતીય હેતુઓ' માટે હોવો જોઈએ.[61] પ્રત્યક્ષ કરવેરાના ક્ષેત્રમાં સંઘીય અને પ્રાંતીય સત્તાઓ એકબીજા પર વ્યાપ્ત થાય છે, જેમાં સૌથી વધુ નફાકારક બે કર, એટલે કે આવકવેરો અને વેચાણવેરો શામેલ છે. ગોલ્ડ સીલ કેસ (૧૯૨૧)[62] માં સુપ્રિમ કોર્ટ દ્વારા કલમ ૧૨૧ નું અર્થઘટન કરવામાં આવ્યું છે, આ કેસમાં કેનેડાની સુપ્રિમ કોર્ટે ન્યાયમૂર્તિ ડફ દ્વારા અવલોકન કર્યું હતું કે:

> '૧૯૧૯ ના સુધારાને ઘડવાની કેનેડાની સંસદની ક્ષમતાનો ઇનકાર કરવામાં આવે છે. આ બાબત સાથે હું સંમત નથી. અને, પ્રથમ તો, હું બી.એન.એ. એક્ટની કલમ ૧૨૧ પર આધારિત દલીલ સ્વીકારવામાં અસમર્થ છું; જે સંદર્ભમાં આ કલમ આવેલી છે તે સંદર્ભને ધ્યાનમાં લેતાં અપનાવવામાં આવેલી શબ્દાવલી, મારા મતે, દર્શાવે છે કે આ ખંડનો વાસ્તવિક ઉદ્દેશ્ય સંઘના કોઈપણ પ્રાંતના ઉત્પાદનોમાં આંતરપ્રાંતીય વેપારને અસર કરતી કસ્ટમ્સ ડ્યુટી લાદવા પર પ્રતિબંધ મૂકવાનો છે.'[63]

તે જ રીતે, ન્યાયમૂર્તિ મિગ્નોલ્ટે જણાવ્યું હતું કે:

> 'હું માનું છું કે, મેં હમણાં જ ટાંકેલા કાયદાની જેમ, કલમ ૧૨૧ નો ઉદ્દેશ્ય એવો હુકમ કરવાનો ન હતો કે કોઈપણ પ્રાંતની વૃદ્ધિ, ઉત્પાદન અથવા નિર્માણની તમામ વસ્તુઓને અન્ય પ્રાંતોમાં પ્રવેશ આપવામાં આવે, પરંતુ માત્ર એટલું સુનિશ્ચિત કરવાનો હતો કે તેમને "મુક્ત" પ્રવેશ આપવામાં

[61] કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ કેનેડા, પીટર ડબ્લ્યુ. હોગ, વોલ્યુમ ૧, પૃ. ૮૫૭.
[62] ગોલ્ડ સીલ લિ. વિ. આલ્બર્ટા એ.જી. (૧૯૨૧) ૬૨ એસ.સી.આર. ૪૨૪.
[63] એજન, પૃ. ૪૫૬ પર

આવે, એટલે કે તેમના પ્રવેશની શરત તરીકે લાદવામાં આવતા કોઈપણ કર અથવા ડ્યુટી વિના. અહીં આવશ્યક શબ્દ "મુક્ત" છે અને આંતરપ્રાંતીય વેપારની બાબતોમાં કસ્ટમ ડ્યુટી અથવા સમાન પ્રકારના અન્ય ચાર્જ લાદવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.'[64]

૭.૨૮ સંઘીય સંવિધાનો ધરાવતા ઓસ્ટ્રેલિયા અને યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના કાયદાનો પરિપ્રેક્ષ્ય દર્શાવે છે કે શરૂઆતમાં તે દેશોની સર્વોચ્ચ અદાલતોએ તેમની સંબંધિત સંવિધાનિક જોગવાઈઓનું એવું અર્થઘટન કર્યું હતું કે જે રાજ્યો (સંઘીય એકમો) ને કોઈપણ કર લાદવા અથવા આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યનું નિયમન કરવા પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકતું હતું, પરંતુ ત્યારબાદ આ અધિકારક્ષેત્રોમાં પણ એક મોટો બદલાવ આવ્યો છે અને હાલમાં પ્રવર્તમાન જોગવાઈઓનું એવું અર્થઘટન કરવામાં આવ્યું છે જેથી રાજ્યોને આવી સત્તાઓ નકારવામાં ન આવે.

ભારતીય કેસ કાયદો

૭.૨૯ કેસના મુખ્ય વિવાદ પર પાછા ફરતાં, એ નોંધી શકાય કે પરિવહનના કેસોના સંદર્ભમાં પ્રવેશ કર અને વળતરરૂપી કર પરના બે અગ્રણી ચુકાદાઓ ઉપરાંત, વિવિધ હાઇકોર્ટો અને આ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા મોટી સંખ્યામાં કેસો આપણી સમક્ષ છે. જોકે તમામ કેસોનો સંદર્ભ લેવો જરૂરી નથી. થોડા કેસોનો સંદર્ભ લેવો પૂરતો રહેશે.

[64] એજન, પૃ. ૪૭૦ પર.

૭.૩૦ આટિયાબારીમાં, આસામ ટેક્સેશન (ઓન ગુડ્સ કેરીડ બાય રોડ્સ એન્ડ ઇનલેન્ડ વોટરવેઝ) એક્ટ, ૧૯૫૪, જે સ્પષ્ટપણે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૬ હેઠળ આવે છે, તેની માન્યતા વિચારણા હેઠળ આવી હતી. તેને અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરનાર અને અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા રક્ષિત ન હોવાના આધારે પડકારવામાં આવ્યો હતો. પડકાર માન્ય રાખવામાં આવ્યો હતો. આટિયાબારીમાંથી નીચેના અંશને ટાંકવો જરૂરી છે:

> '...એ સ્પષ્ટ છે કે સદર સ્વતંત્રતાનો વિષયવસ્તુ ભલે ગમે તે હોય પરંતુ તેનો હેતુ સંપૂર્ણ સ્વતંત્રતા હોવાનો નથી; વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની બાબતોમાં સંપૂર્ણ સ્વતંત્રતા, જો અંધાધૂંધી અને અરાજકતા નહીં તો પણ, આર્થિક મૂંઝવણ તરફ દોરી જશે; અને તેથી અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાને ભાગ ૧૩ ના અન્ય અનુચ્છેદો દ્વારા પૂરા પાડવામાં આવેલા અપવાદોને આધીન બનાવવામાં આવી છે. ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા સદર અનુચ્છેદો દ્વારા નિર્દિષ્ટ કરાયેલી રીતે મર્યાદિત છે પરંતુ તે ભાગ ૧૩ ની બહાર સંવિધાનની અન્ય કોઈપણ જોગવાઈઓ દ્વારા મર્યાદિત નથી. એટલા માટે જ અમને એવું જણાય છે કે અનુચ્છેદ ૩૦૧, તેના યોગ્ય સંદર્ભમાં વંચાતા અને ભાગ ૧૩ ના અન્ય સંબંધિત અનુચ્છેદો દ્વારા નિર્ધારિત મર્યાદાઓને આધીન રહીને, સંસદ અને રાજ્યોની ધારાસભાઓની વૈધાનિક સત્તા પર સંવિધાનિક મર્યાદા લાદતું હોવાનું ગણવું જોઈએ. વૈધાનિક યાદીઓમાંની કઈ પ્રવિષ્ટિઓ અનુચ્છેદ ૩૦૧

ની જોગવાઈઓને આકર્ષિત કરશે તે બીજી બાબત છે; તે ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાના વિષયવસ્તુ પર આધાર રાખશે; પરંતુ જ્યાં પણ એવું ઠેરવવામાં આવે કે અનુચ્છેદ ૩૦૧ લાગુ પડે છે ત્યાં પ્રશ્ન હેઠળની ધારાસભાની વૈધાનિક સક્ષમતા ભાગ ૧૩ ના સંબંધિત અનુચ્છેદોના પ્રકાશમાં ચકાસવી પડશે; આ સ્થિતિ અમને અનિવાર્ય જણાય છે.

૫૦. ચાલો હવે આપણે અનુચ્છેદ ૩૦૧ પર પાછા ફરીએ અને તેના વ્યાપની વિશાળતા અને સીમા નક્કી કરીએ. સમગ્રપણે ભાગ ૧૩ ની સંબંધિત જોગવાઈઓની તેમજ સદર જોગવાઈઓ બનાવીને જે આર્થિક એકતાના સિદ્ધાંતનું રક્ષણ કરવાનો ઈરાદો છે તેની કાળજીપૂર્વક ચકાસણી કરતાં, અમને આ નિષ્કર્ષ અનિવાર્ય જણાય છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પૂરી પાડવામાં આવેલી સ્વતંત્રતાના વિષયવસ્તુમાં....

૫૧. ચોક્કસપણે મુક્ત વેપારના આવાગમનનો સમાવેશ થાય છે જે તમામ વેપારનો મુખ્ય સાર છે અને તેનો અભિન્ન ભાગ છે. જો માલના પરિવહન અથવા હેરફેર પર માત્ર એ આધાર પર જ કર લાદવામાં આવે કે માલને આ રીતે લઈ જવામાં આવે છે અથવા તેનું પરિવહન કરવામાં આવે છે, તો અમારા મતે, તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત વેપારની સ્વતંત્રતાને સીધી રીતે અસર કરે છે. જો ભાગ ૧૩ ની જરૂરિયાતોને સંતોષ્યા વિના કરવેરા દ્વારા માલની હેરફેર, પરિવહન અથવા વહનને અવરોધવા, રોકવા કે અડચણરૂપ બનવા દેવામાં

આવે, તો વેપારની જે સ્વતંત્રતા પર અનુચ્છેદ ૩૦૧ દ્વારા આટલો ભાર મૂકવામાં આવ્યો છે તે ભ્રામક બની જશે. જ્યારે અનુચ્છેદ ૩૦૧ જોગવાઈ કરે છે કે ભારતના સમગ્ર પ્રદેશમાં વેપાર મુક્ત રહેશે, ત્યારે પ્રાથમિક રીતે તેના ધ્યાનમાં વેપારનો હેરફેરનો ભાગ છે અને ભાગ ૧૩ ના અન્ય અનુચ્છેદો દ્વારા પૂરી પાડવામાં આવેલી મર્યાદાઓ અને અપવાદોને આધીન રહીને વેપારનો આવાગમન અથવા પરિવહનનો ભાગ અલબત્ત મુક્ત હોવો જોઈએ.... આ ઉપરાંત, આ સંદર્ભમાં એ યાદ રાખવું અપ્રસ્તુત નથી કે જે અનુચ્છેદનું આપણે અર્થઘટન કરી રહ્યા છીએ તે કર લાદવાની સંસદ અને રાજ્ય ધારાસભાઓની સત્તા પર સંવિધાનિક મર્યાદા લાદે છે, અને સામાન્ય રીતે, આવી મર્યાદા સિવાય, કરવેરા લાદવાની સત્તા જાહેર હિત માટે હોવાનું માની લેવામાં આવશે અને તે ન્યાયિક સમીક્ષા કે ચકાસણીને આધીન રહેશે નહીં. આમ વિચારતાં અમે માનીએ છીએ કે એવું ઠેરવવું વાજબી અને યોગ્ય રહેશે કે જે નિયંત્રણોમાંથી મુક્તિની ખાતરી અનુચ્છેદ ૩૦૧ દ્વારા આપવામાં આવી છે, તે એવા નિયંત્રણો હશે કે જે સીધી અને તાત્કાલિક રીતે વેપારના મુક્ત પ્રવાહ અથવા આવાગમનને પ્રતિબંધિત કરે છે અથવા તેમાં અવરોધ ઊભો કરે છે. કર નિયંત્રણો સમાન હોઈ શકે છે અને હોય છે; પરંતુ માત્ર એવા જ કર જે સીધા અને તાત્કાલિક રીતે વેપારને પ્રતિબંધિત કરે છે તે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે.'

(ભારપૂર્વક ઉમેરેલ)

૭.૩૧ આટિયાબારીમાં, મુખ્ય ન્યાયમૂર્તિ બી. પી. સિન્હાએ વિસંમત અભિપ્રાય આપતાં ઠેરવ્યું હતું કે કેવળ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના શબ્દો હેઠળ આવે છે તેવો કોઈપણ નિષ્કર્ષ સંવિધાન હેઠળ વાજબી ઠેરવી શકાય નહીં. વાસ્તવમાં, એવું અવલોકન કરવામાં આવ્યું છે કે માત્ર એવા જ કર જે વેપારને સીધી અને તાત્કાલિક રીતે અસર કરે છે તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે, જોકે બંને વિદ્વાન ન્યાયમૂર્તિઓએ અલગ–અલગ ભાષાનો ઉપયોગ કર્યો હતો, પરંતુ ભાવાર્થ એકસમાન જણાય છે. માત્ર એવા કાયદાઓ જે મુક્ત વેપારના અધિકાર પર પ્રતિબંધાત્મક રીતે કાર્ય કરે છે તે પ્રતિબંધિત છે. તે ભલે ગમે તે હોય, અનુચ્છેદ ૩૦૧ નું તમામ કરવેરામાંથી મુક્તિ સહિત તમામ પ્રકારના અવરોધો, નિયંત્રણો અને વેપાર અવરોધોમાંથી મુક્તિ તરીકે અર્થઘટન કરવું જોઈએ તેવી રજૂઆતને નકારી કાઢતાં, વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ નીચે મુજબ જણાવ્યું હતું:

> 'મારા મતે, આવી આત્યંતિક સ્થિતિ માટે કોઈ આધાર નથી. એ યાદ રાખવું જરૂરી છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારમાં ભારતના દરેક નાગરિકની એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં હેરફેરની વ્યક્તિગત સ્વતંત્રતાનો સમાવેશ થાય છે, જે સંવિધાનના અનુચ્છેદ ૧૯(૧)(ડી) દ્વારા પણ ખાતરી આપવામાં આવેલ છે. અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલી ત્રણ સંજ્ઞાઓમાં માત્ર મુક્ત ખરીદી અને વેચાણ જ નહીં, પરંતુ સોદાબાજી અને કરાર કરવાની સ્વતંત્રતા અને આવા સોદા તથા કરાર સંબંધિત માહિતીનું પ્રસારણ તેમજ તમામ પાસાઓમાં ઉત્પાદન, વિતરણ અને

વપરાશના હેતુઓ માટે માલ અને ચીજવસ્તુઓનું પરિવહન, એટલે કે જમીન, હવાઈ અથવા જળ માર્ગે પરિવહનનો સમાવેશ થાય છે. તેમાં માત્ર માલ અને ચીજવસ્તુઓમાં વાણિજ્યનો જ નહીં, પરંતુ પરિવહનના તમામ સાધનો દ્વારા મનુષ્યો અને પ્રાણીઓના પરિવહનનો પણ સમાવેશ થવો જોઈએ. આમ વાણિજ્યમાં ટેલિગ્રાફ, ટેલિફોન અથવા વાયરલેસ દ્વારા વ્યવહારો અને માલ તથા ચીજવસ્તુઓના વેચાણ, ખરીદી, વિનિમય વગેરે સંબંધિત દરેક પ્રકારના કરારનો સમાવેશ થશે.

૧૫. આ સર્વગ્રાહી અર્થમાં જોતાં, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પરના કરવેરાના અનેક પરિણામો હશે અને તે કેન્દ્રીય તેમજ રાજ્ય બંને યાદીઓમાં જાહેર કરવેરાના લગભગ સમગ્ર ક્ષેત્રને આવરી લેશે. એ વિચારવું લગભગ અશક્ય છે કે સંવિધાન–નિર્માતાઓ તે સર્વગ્રાહી અર્થમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કરવેરામાંથી મુક્ત રાખવાનો આશય ધરાવતા હતા. જો તેમ હોત, તો એક સ્થળેથી બીજા સ્થળે માલ અને ચીજવસ્તુઓ, માણસો અને પ્રાણીઓની હેરફેર પર, માલના વેચાણ અને ખરીદીને લગતા તમામ કરવેરા કાયદાઓ, આંતર–રાજ્ય અને રાજ્યાંતરિક બંને રીતે, અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવી જશે અને અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક એ બાબત અનિવાર્ય બનાવી દેશે કે તમામ વિધેયકો અથવા સુધારાઓ અથવા પૂર્વ–અસ્તિત્વ ધરાવતા કાયદાઓએ તે પરંતુક દ્વારા નિર્ધારિત સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તે બાબત રાજ્યોમાં નિહિત કરવેરાની સત્તા પર ખૂબ મોટો અવરોધ મૂકી દેશે અને સંવિધાન હેઠળ રાજ્યોની મર્યાદિત સંપ્રભુતાને માત્ર એક

કાલ્પનિક બાબત બનાવી દેશે. તેથી, તે આત્યંતિક સ્થિતિને ક્ષતિપૂર્ણ ગણીને ફગાવી દેવી પડશે.'

૭.૩૨ નાણાં એકત્રિત કરવા માટે રાજ્યની કર લાદવાની સત્તાના મહત્વની ચર્ચા કરતાં, વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ આ મુજબ અભિપ્રાય આપ્યો હતો:–

> 'મારા મતે, સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોમાં કેવળ કરવેરાનો સમાવેશ થતો નથી તેવું ઠેરવવા માટેનું અન્ય એક અત્યંત પ્રબળ કારણ એ છે કે કરવેરાનો સાચો અર્થ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ અને રક્ષણના બળે કુદરતી અને કાયદાકીય બંને પ્રકારની વ્યક્તિઓ દ્વારા ઉપાર્જિત અથવા તેમની પાસે રહેલા નાણાંમાંથી ચૂકવણી કરવાની ફરજ પાડીને જાહેર હેતુઓ માટે નાણાં એકત્રિત કરવાની રાજ્યની સત્તા છે. આવા બોજ અથવા કરબોજ, પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, આખરી વિશ્લેષણમાં સરકારના સમર્થન માટે, આવા યોગદાન આપવાની પોતપોતાની ક્ષમતાના વિશેષ સંદર્ભ સાથે, નાગરિકો અથવા રાજ્યમાં રહેતા અથવા રાજ્યના નાગરિકો સાથે વ્યવહાર કરતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવતા ફાળા તરીકે અભિપ્રેત છે. આમ દરેક કરવેરામાં, તે સ્વરૂપે, જાહેર હેતુ અંતર્ગર્ભિત છે. તેથી, જ્યારે સંવિધાનનો ભાગ ૧૩ જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદવાની વાત કરે છે, ત્યારે સામાન્ય

સંજ્ઞા "વાજબી નિયંત્રણો" માં કરવેરાનો સમાવેશ કરવાનો તેનો આશય હોઈ શકે નહીં'

૭.૩૩ ઓટોમોબાઇલમાં, પડકાર રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ સામે હતો. રાજસ્થાન હાઇકોર્ટ સમક્ષ અપીલકર્તાઓ અસફળ રહ્યા હતા, જેણે સદર અધિનિયમ માન્ય રાખ્યો હતો. ૪:૩ ની બહુમતીથી આ કોર્ટે હાઇકોર્ટના ચુકાદાને બહાલી આપી હતી. મુખ્ય ચુકાદો લખનાર ન્યાયમૂર્તિ એસ. કે. દાસે અવલોકન કર્યું હતું કે ભાગ ૧૩ નો ઉદ્દેશ્ય સંઘીય આર્થિક અને રાજકોષીય એકીકરણ પ્રાપ્ત કરવાનો છે અને તે આર્થિક એકતાના પ્રશ્નોનું નિરાકરણ કરે છે. તેમણે ઠેરવ્યું કે, "વેપાર સુવિધાઓના ઉપયોગ માટે નિયમનકારી પગલાં અથવા વળતરરૂપી કર લાદતા પગલાં અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત નિયંત્રણોના દાયરામાં આવતા નથી અને આવા પગલાંઓએ સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી, (અને) ભાગ ૧૩ ના સંબંધિત અનુચ્છેદો સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓના સંબંધમાં કાયદાને જ લાગુ પડે છે. પરંતુ આપણે અહીં એક અપવાદ તરફ ધ્યાન દોરવું જોઈએ જે અમે આ ચુકાદાના અગાઉના ભાગમાં પહેલેથી જ દર્શાવેલ છે. આવા નિયમનકારી પગલાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધતા નથી અને વેપાર સુવિધાઓના ઉપયોગ માટેના વળતરરૂપી કર અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલી સ્વતંત્રતા હેઠળ બાધિત થતા નથી. તેઓ સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓના દાયરામાંથી એ સાદા કારણસર બાકાત

રાખવામાં આવ્યા છે કે તેઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અટકાવતા નથી પરંતુ તેના બદલે તેને સુવિધાજનક બનાવે છે".

૭.૩૪ ન્યાયમૂર્તિ કે. સુબ્બા રાવ (તે વખતે તેઓશ્રી જે પદ પર હતા) એ એક અલગ અભિપ્રાયમાં બહુમતી સાથે સંમતિ દર્શાવી હતી અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરવા બદલ પડકારાયેલા કાયદાની ચકાસણી કરતી વખતે લાગુ કરવાના નીચેના સિદ્ધાંતોનો સારાંશ આપ્યો હતો (૧) અનુચ્છેદ ૩૦૧ આંતર–રાજ્ય કે રાજ્યાંતરિક સરહદો અથવા આવા અવરોધો તરીકે કાર્ય કરતી અન્ય અડચણોના રૂપમાં કોઈપણ અવરોધ વિના વેપારના મુક્ત આવાગમનના અધિકારની જાહેરાત કરે છે. (૨) સદર સ્વતંત્રતા વેપારના મુક્ત આવાગમન માટેની પરિસ્થિતિઓનું સર્જન કરતા વિનિયમો દ્વારા અડચણરૂપ બનતી નથી, પરંતુ બીજી તરફ, તેને પ્રોત્સાહન મળે છે, જેમ કે, વળતર સાથે અથવા વળતર વિના, પોલીસ વિનિયમો, સેવાઓની જોગવાઈ, રસ્તાઓની જાળવણી, વિમાનમથકો, ગોદીઓ વગેરેની જોગવાઈ. (૩) સંસદ, કાયદા દ્વારા, જાહેર હિતમાં આવી સ્વતંત્રતા પર નિયંત્રણો લાદી શકે છે; અને સદર કાયદો એવી કોઈપણ પ્રવિષ્ટિના આધારે બનાવી શકાય છે જેના સંદર્ભમાં કાયદો બનાવવાની સત્તા સંસદ ધરાવે છે. (૪) રાજ્ય પણ, પોતાની વૈધાનિક સત્તાનો ઉપયોગ કરીને, અનુચ્છેદ ૩૦૪(બી) માં નિર્ધારિત બે શરતોને આધીન રહીને અને તેમાં દર્શાવેલા પરંતુકને આધીન રહીને, આવા જ નિયંત્રણો લાદી શકે છે. (૫) સંસદ કે રાજ્ય વિધાનમંડળ યાદીઓમાંની કોઈપણ પ્રવિષ્ટિના આધારે સદર સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરીને, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય

આપતો અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરતો કાયદો બનાવી શકતા નથી. (૬) ભારતના પ્રદેશના કોઈપણ ભાગમાં માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિઓનો સામનો કરવાના હેતુ માટે સંસદના કિસ્સામાં અને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાજ્યના કિસ્સામાં પણ, તેમાં દર્શાવેલી શરતોને આધીન રહીને આ પ્રતિબંધ હટાવી લેવામાં આવ્યો છે; અને (૭) રાજ્ય અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાંથી આયાત કરાયેલા માલ પર બિન–ભેદભાવપૂર્ણ કર લાદી શકે છે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલને આધીન છે.

૭.૩૫ ઉપર ચર્ચા કર્યા મુજબ, આ કોર્ટની બંધારણીય બેંચે આટિયાબારીમાં માર્ગ અથવા આંતરિક જળમાર્ગો દ્વારા લઈ જવાતા માલ પર કર લાદતા આસામ અધિનિયમને રદબાતલ ઠેરવ્યો હતો. કેટલીક વધારાની જોગવાઈઓ કરીને, આસામ વિધાનસભાએ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સાથે તે જ નામાભિધાન સાથે રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૬ હેઠળ આવતો ૧૯૬૧ નો આસામ એક્ટ નં. ૧૦ ઘડ્યો, જેને ખાયરબારી ટી કંપની વિ. આસામ રાજ્ય[65] માં સંવિધાનના અનુચ્છેદ ૩૨ હેઠળ અવાજબી તરીકે પડકારવામાં આવ્યો હતો. આ કોર્ટે આ કેસ હાથ પર લીધો તે સમય સુધીમાં, સંવિધાનના ભાગ ૧૩ માં સમાવિષ્ટ જોગવાઈઓના વ્યાપ અને અસર અંગે ઓટોમોબાઈલમાં વિચારણા કરવામાં આવી ચૂકી હતી. પડકારને ફગાવી દેતાં આ કોર્ટે અવલોકન કર્યું કે અનુચ્છેદ ૩૦૪ ની બે શરતોને પૂર્ણ કરતા કાયદા દ્વારા સ્વતંત્રતાને પ્રતિબંધિત

[65] (૧૯૬૪) ૫ એસ.સી.આર. ૯૭૫ : એ.આઇ.આર. ૧૯૬૪ એસ.સી. ૯૨૫

કરી શકાય છે. કાયદાની સંવિધાનિકતાની ચકાસણી કરતી વખતે, એવું માની લેવું જોઈએ કે ધારાસભા લોકોની જરૂરિયાતોને સમજે છે અને તેનું મૂલ્યાંકન કરે છે અને તે જે કાયદા ઘડે છે તે અનુભવ દ્વારા સ્પષ્ટ થયેલી સમસ્યાઓ તરફ લક્ષિત હોય છે અને ધારાસભા એવા કાયદા ઘડે છે જેને લોકોના પ્રતિનિધિઓ જે હેતુ માટે તે ઘડવામાં આવ્યા છે તે હેતુ માટે વાજબી માને છે. કાયદાની સંવિધાનિકતાની તરફેણમાં અનુમાન છે. જોકે, જ્યારે એવું દર્શાવવામાં આવે કે કોઈ અધિનિયમ વેપારની સ્વતંત્રતા પર અતિક્રમણ કરે છે, ત્યારે એ તપાસ કરવી જરૂરી બને છે કે શું રાજ્યે સાબિત કર્યું છે કે કરવેરા દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો અનુચ્છેદ ૩૦૪(બી) ના અર્થમાં વાજબી અને જાહેર હિતમાં છે. એવું પણ ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ પસાર કરાયેલા કાયદાને પૂર્વવર્તી અસર આપી શકાય છે.

૭.૩૬ જિંદાલ (૨) માં, બંધારણીય બેંચ દ્વારા કાયદાનો નીચે મુજબ સારાંશ આપવામાં આવ્યો હતો:

> 'અનુચ્છેદ ૩૦૧ કેન્દ્રીય વિધાનમંડળ અને રાજ્ય વિધાનમંડળો પર બંધનકર્તા છે, પરંતુ સંસદ અનુચ્છેદ ૩૦૨ હેઠળ કાયદો ઘડીને અનુચ્છેદ ૩૦૧ દ્વારા લાદવામાં આવેલી મર્યાદામાંથી મુક્તિ મેળવી શકે છે. તે જ રીતે, અનુચ્છેદ ૩૦૪ દ્વારા લાદવામાં આવેલી શરતોના પાલનમાં રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલો કાયદો અનુચ્છેદ ૩૦૧ થી બાધિત થશે નહીં. અનુચ્છેદ ૩૦૧ આમ ભાગ ૧૩ ની અન્ય

જોગવાઈઓને આધીન રહીને આંતર–રાજ્ય તેમજ રાજ્યાંતરિક વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની જોગવાઈ કરે છે અને અનુરૂપ રીતે તે વૈધાર્નિક સત્તાઓ પર સામાન્ય મયા  દા લાદે છે, જે નીચેના સંજોગોમાં હળવી કરવામાં આવે છે:

(એ) અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદની તરફેણમાં મર્યાદા હળવી કરવામાં આવી છે, જે કિસ્સામાં સંસદ જાહેર હિતમાં નિયંત્રણો લાદી શકે છે. જોકે સંસદને અનુચ્છેદ ૩૦૨ હેઠળ જાહેર હિતમાં વેપારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા નિયંત્રણો લાદવા માટે સક્ષમ બનાવતો આ પ્રતિબંધ મર્યાદિત છે, છતાં પણ, અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) માં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે અનુચ્છેદ ૩૦૨ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સંસદ કોઈપણ કાયદો બનાવવામાં, જાહેર હિતમાં પણ, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપવા માટે અધિકૃત નથી. જોકે, સદર સ્પષ્ટતા એક અપવાદને આધીન છે અને તે પણ ફક્ત સંસદની તરફેણમાં છે, જ્યાં અછતના કિસ્સામાં કાયદા બનાવવામાં સંસદ માટે ભેદભાવ અથવા પ્રાધાન્ય સ્વીકાર્ય છે. આ બાબત અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૨) માં પૂરી પાડવામાં આવી છે.

(બી) જ્યાં સુધી રાજ્ય વિધાનમંડળોનો સંબંધ છે, અનુચ્છેદ ૩૦૧ દ્વારા લાદવામાં આવેલી મર્યાદા ઉપરાંત, અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૧) વધારાની મર્યાદા લાદે છે, એટલે કે, તેણે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૨૬ અથવા

યાદી ૩ હેઠળ વેપાર અને વાણિજ્ય સંબંધિત પોતાની સત્તાઓનો ઉપયોગ કરતી વખતે એક રાજ્ય અથવા બીજા રાજ્ય વચ્ચે પ્રાધાન્ય આપવું જોઈએ નહીં અથવા ભેદભાવ કરવો જોઈએ નહીં. જોકે, રાજ્ય વિધાનમંડળો પરની આ મર્યાદા બે કિસ્સાઓમાં હટાવી લેવામાં આવી છે, એટલે કે, તે ભગીની રાજ્ય(રાજ્યો) અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ એવો કર લાદી શકે છે જે તેના પોતાના રાજ્યમાં ઉત્પાદિત સમાન માલ પર લાદવામાં આવે છે પરંતુ તે આયાત કરેલા માલ અને રાજ્યમાં ઉત્પાદિત માલ વચ્ચે ભેદભાવ ન કરે તે રીતે [જુઓ અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ)]. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) રાજ્ય વિધાનમંડળને ભગીની રાજ્ય(રાજ્યો)માંથી આયાત કરાયેલા માલ પર બિન-ભેદભાવપૂર્ણ કર લાદવા માટે અધિકૃત કરે છે, ભલે તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં દખલ કરતો હોય. બીજું, અનુચ્છેદ ૩૦૩(૧) હેઠળનો પ્રતિબંધ રાજ્ય વિધાનમંડળ દ્વારા ભેદભાવપૂર્ણ નિયંત્રણો લાદવામાં આવે તો પણ હટાવી લેવામાં આવશે, શરત એ છે કે તે નીચેની ત્રણ શરતો પૂર્ણ કરે, એટલે કે, આવા નિયંત્રણો જાહેર હિતમાં હોવા જોઈએ; તેઓ વાજબી હોવા જોઈએ; અને છેલ્લે, તેઓ વિધેયક રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવાને આધીન હોવા જોઈએ.'

૭.૩૭ એ નોંધવાની જરૂર છે કે આટિયાબારી એક એવા કાયદા સામેના પડકાર સાથે સંબંધિત હતો જે સ્પષ્ટપણે પ્રવિષ્ટિ ૫૪ હેઠળ આવે છે જ્યારે ઓટોમોબાઇલ એ રાજસ્થાન મોટર વ્હીકલ ટેક્સેશન એક્ટ સામેના પડકાર સાથે સંબંધિત કેસ છે. મોટર વાહનો પરના કર એ એવો વિષય છે જે પ્રવિષ્ટિ ૫૭ હેઠળ આવે છે. ભાગ ૧૩ ના સંબંધમાં આ કોર્ટ દ્વારા ત્યારબાદ નક્કી કરવામાં આવેલા કેસો, આ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા તે પ્રવિષ્ટિ ૫૪ અને ૫૭ સાથે સંબંધિત ન હતા. તે ભલે ગમે તે હોય, થોડું વિચલિત થઈને, હવે મને પ્રવિષ્ટિ ૫૨ ના વ્યાપ અને તેના હેઠળ પરિકલ્પિત કરના સ્વરૂપની ચકાસણી કરવા દો. રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૨ 'તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલના પ્રવેશ પરના કર' સાથે સંબંધિત છે. આ અપીલોમાં જે વિવિધ અધિનિયમો વાદગ્રસ્ત છે તેવા આ પ્રવિષ્ટિ હેઠળ બનેલા કાયદા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલના પ્રવેશ પર કર લાદે છે. કરપાત્ર ઘટના એ અન્ય રાજ્યમાં સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ છે. કન્સાઇઝ ઓક્સફોર્ડ ડિક્શનરીમાં વ્યાખ્યાયિત કર્યા મુજબ ક્રિયાપદ 'પ્રવેશ કરવો' નો અર્થ 'અંદર આવવું કે જવું' અને સંજ્ઞા તરીકે 'પ્રવેશ' એ આવવા કે જવાની ક્રિયા છે.[66] માલના પ્રવેશ અને માલના વેચાણ વચ્ચે સ્પષ્ટ તફાવત છે. વેચાણ પર કર લાદતા ઘણા કાયદા વેચાણને 'રોકડ અથવા વિલંબિત ચૂકવણી માટે વ્યવસાય દરમિયાન એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિને મિલકતનું હસ્તાંતરણ' તરીકે વ્યાખ્યાયિત કરે છે. જ્યારે માલ રાજ્યમાં પ્રવેશે છે ત્યારે તે વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે હોઈ શકે છે. પ્રવેશ અને વેચાણની હકીકત એક જ સમયે ન પણ બને અને તેથી, માલનો

[66] કન્સાઇઝ ઓક્સફર્ડ ડિક્શનરી, પૃ. ૮૭૪ (૧૦મી આવૃત્તિ)

પ્રવેશ એ એક બાબત છે અને વપરાશ, ઉપયોગ અથવા વેચાણ એ બીજી બાબત છે. તેથી, માત્ર એ હકીકત કે માલ વેચાણ માટે બનાવાયેલ છે, તે માલના પ્રવેશ પર કાયદાકીય રીતે કરપાત્ર ઘટના માટે કોઈ મહત્વ ધરાવતી નથી.

૭.૩૮ હંસા કોર્પ.[67] માં, કર્ણાટક ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયાઝ ફોર કન્ઝમ્પશન, યુઝ ઓર સેલ ધેરઇન એક્ટ, ૧૯૭૯ ની બંધારણીય માન્યતાને આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવી હતી. આ કોર્ટે સદર અધિનિયમની માન્યતા બહાલ રાખી હતી અને નિર્દેશ કર્યો હતો કે આટિયાબારી અને ઓટોમોબાઇલમાં કરવામાં આવેલું પ્રતિપાદન રાજ્ય યાદીની પ્રવિષ્ટિ પર હેઠળના પ્રવેશ કર માટે પણ લાગુ પડતું હતું. આ કોર્ટે કાયદાની સ્થિતિનો નીચે મુજબ સારાંશ આપ્યો હતો:—

> 'બંધારણના અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેતાં રાજ્ય યાદીની પ્રવિષ્ટિ પર રાજ્ય વિધાનમંડળને સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે માલના પ્રવેશ પર કર લાદવા માટેનો કાયદો ઘડવાની સત્તા આપે છે. સામાન્ય બોલચાલમાં આ કર 'ઓક્ટ્રોય' તરીકે ઓળખાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનો અને મ્યુનિસિપાલિટીઓની સ્થાપના અને વહીવટની જોગવાઈ કરતા વિવિધ કાયદાઓ હેઠળ મ્યુનિસિપાલિટીને સોંપવામાં આવેલી સત્તા હેઠળ ઓક્ટ્રોય વસૂલવાપાત્ર હતી. આ રીતે સમજવામાં આવેલી ઓક્ટ્રોય કર્ણાટક રાજ્યમાં વિવિધ મ્યુનિસિપાલિટીઓ અને મ્યુનિસિપલ કોર્પોરેશનો દ્વારા લાદવામાં આવી

[67] ૧૯૮૦ (૪) એસ.સી.સી. ૪૬૩

રહી હતી. કેટલાક સમયથી એવી લાગણી પ્રબળ બની હતી કે ઓક્ટ્રોયનું સ્વરૂપ આપત્તિજનક હતું અને તે વેપાર અને વાણિજ્યના વિકાસમાં અવરોધરૂપ બનતી હતી અને તેને નાબૂદ કરવા માટે બૂમરાણ મચી હતી. વેપારી સમુદાયના રોષની નોંધ લઈને, કર્ણાટક રાજ્યે ૧ એપ્રિલ, ૧૯૭૯ થી ઓક્ટ્રોય નાબૂદ કરી હતી. તેમ છતાં, કોઈને એ બાબતે શંકા નહોતી કે ઓક્ટ્રોય મ્યુનિસિપાલિટીઓ માટે આવકનો એક મોટો સ્ત્રોત હતો અને તેની નાબૂદી મ્યુનિસિપલ નાણાકીય સ્થિતિ પર એટલો મોટો ફટકો મારશે કે તે નુકસાન માટે વળતર અનિવાર્ય બની જશે. તદનુસાર, રાજ્ય સરકારે વર્ષ દર વર્ષ મ્યુનિસિપાલિટીઓને વળતર આપવાની નીતિ અપનાવી હતી. આ વળતર માટે ભંડોળ ઊભું કરવા માટે, વેચાણ વેરાના દરો વધારવામાં આવ્યા હતા અને કેટલાક કિસ્સાઓમાં સરચાર્જ લાદવામાં આવ્યો હતો. આ રીતે એકત્રિત થયેલી રકમ મ્યુનિસિપલ બજેટની ખાધ પૂરવા માટે પૂરતી ન હતી. મ્યુનિસિપાલિટીઓને વળતર આપવા માટે નાણાકીય વ્યવસ્થામાં વધુ વધારો કરવા માટે, વાદગ્રસ્ત કાયદા હેઠળ કર લાદીને વધારાનું ભંડોળ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કોઈ શંકા નથી કે, લાદવામાં આવેલ કર સ્થાનિક વિસ્તારોમાં અનુસૂચિત માલના પ્રવેશ પરનો હતો જેનો અર્થ એ થયો કે તેમાં ઓક્ટ્રોયના તમામ વ્યાપક લક્ષણો હતા, તેમ છતાં કર લાદવાની રીત, વસૂલાતની પદ્ધતિ અને તે ચૂકવવા માટે જવાબદાર વ્યક્તિઓની યોજના વાદગ્રસ્ત અધિનિયમ દ્વારા એવી રીતે કરવામાં આવી હતી જેથી ઓક્ટ્રોયના

આપત્તિજનક લક્ષણો દૂર કરી શકાય. આકારણી કલમ દર્શાવે છે તેમ, સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવનાર દરે સ્થાનિક વિસ્તારમાં અનુસૂચિત માલના પ્રવેશ પર ૨% મૂલ્યાનુસારથી વધુ નહીં તેવા દરે કર લાદવાનો હતો. કરપાત્ર ઘટના સ્થાનિક વિસ્તારમાં અનુસૂચિત માલનો પ્રવેશ હશે. વાસ્તવમાં, સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે પ્રવેશતા લગભગ તમામ કલ્પી શકાય તેવા માલ પર ઓક્ટ્રોય લાદવામાં આવી રહી હતી. પરિશિષ્ટમાં દર્શાવેલા માલની પસંદગી કરવામાં એક સ્પષ્ટ નીતિ જણાય છે, જેનો સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ કરપાત્ર ઘટના પ્રદાન કરશે. કર લાદવા માટે પસંદ કરાયેલ માલ કાપડ, તમાકુ અને ખાંડ છે. છેક ૧૯૫૭ માં અનુસૂચિત માલ પર વેચાણ વેરો નાબૂદ કરવાની માંગ કરવામાં આવી હતી અને કેન્દ્ર સરકારના કહેવાથી રાજ્ય સરકારો ઉપરોક્ત અનુસૂચિત માલ પર વેચાણ વેરો લાદવાનો પોતાનો અધિકાર એ શરતે જતો કરવા સંમત થઈ હતી કે કેન્દ્ર સરકાર તેના પર વધારાની એક્સાઇઝ ડ્યુટી લાદશે અને આવી ડ્યુટીની ચોખ્ખી ઉપજ સંમતિ આપનારા રાજ્યો વચ્ચે વહેંચશે. સંસદે તદનુસાર એડિશનલ ડ્યુટીઝ ઓન ગુડ્સ (ગુડ્સ ઓફ સ્પેશિયલ ઈમ્પોર્ટન્સ) એક્ટ, ૧૯૫૭ ઘડ્યો છે. તેથી, કેટલીક અન્ય વસ્તુઓના સંબંધમાં વેચાણ વેરાના દરો વધારતી વખતે અને સરચાર્જ લાદતી વખતે રાજ્ય સરકાર અનુસૂચિત માલ પર વેચાણ વેરો લાદી શકી ન હોત. તેથી,

સ્થાનિક વિસ્તારમાં તેમના પ્રવેશ પર વાદગ્રસ્ત અધિનિયમ હેઠળ કર લાદવા માટે તેમની પસંદગી કરવામાં આવી હતી'.

***

'આ નિર્ણયોના સમગ્ર અવલોકન પરથી એ સુસ્થાપિત જણાય છે કે જો કોઈ કર વળતરરૂપી સ્વરૂપનો હોય તો તે અનુચ્છેદ ૩૦૧ હેઠળના પડકારથી મુક્ત રહેશે. જો બીજી તરફ કર વળતરરૂપી સ્વરૂપનો હોવાનું દર્શાવવામાં ન આવે, તો કર કાયદાની માન્યતા ટકાવી રાખવા માંગતા પક્ષકાર માટે એ દર્શાવવું જરૂરી રહેશે કે અનુચ્છેદ ૩૦૪ ની જરૂરિયાતો સંતોષવામાં આવી છે'.

૭.૩૯ આટિયાબારીમાં, બહુમતીએ ઠેરવ્યું હતું કે વિધાનમંડળની કાયદાકીય સક્ષમતા ભાગ ૧૩ ના સંબંધિત અનુચ્છેદોના સંદર્ભમાં નક્કી કરવી પડશે અને કઈ પ્રવિષ્ટિઓ અનુચ્છેદ ૩૦૧ ને આકર્ષિત કરશે તેનો આધાર બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાના વિષયવસ્તુ પર રહેશે. જયપ્રકાશમાં, આ કોર્ટે ઠેરવ્યું હતું કે ઓટોમોબાઇલમાં વિકસાવવામાં આવેલો વળતરરૂપી કરનો ખ્યાલ પ્રવેશ કરની સામાન્ય વિભાવનાને લાગુ પડતો નથી. અગાઉ નિર્દેશ કર્યા મુજબ આટિયાબારી એ પ્રવિષ્ટિ ૫૬ હેઠળના કર સાથે સંબંધિત કેસ છે, જ્યારે ઓટોમોબાઇલ એ પ્રવિષ્ટિ ૫૭ હેઠળનો કેસ છે. આ બાબતને ધ્યાને લેતાં પ્રવેશ કર સાથે કામ પાર પાડતી વખતે આટિયાબારી અને ઓટોમોબાઇલમાં બહુમતી

મંતવ્ય લાગુ કરવું સલામત રહેશે નહીં. તેથી હું ઠેરવવા માટે મજબૂર છું કે કેવળ કર કાયદો બંધારણના અનુચ્છેદ ૩૦૧ માં પરિકલ્પિત નથી.

૭.૪૦ એ બાબત નિર્વિવાદ છે કે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલો કાયદો બંધારણીય મર્યાદાઓને આધીન છે. મૂળભૂત અધિકારોનું હનન કરતો કાયદો અનુચ્છેદ ૧૩ ના આધારે રદબાતલ ઠરે છે. અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૫ અને સાતમી અનુસૂચિમાં સંબંધિત કાયદાકીય પ્રવિષ્ટિઓ હેઠળ સોંપવામાં આવેલી સત્તાઓની બહારના વિષયને લગતો કેન્દ્ર અથવા રાજ્યોનો કાયદો કાયદાકીય અસમર્થતાના કારણે અધિકારક્ષેત્ર બહારનો ગણાશે. આ મર્યાદાઓ ઉપરાંત, કેન્દ્ર અથવા રાજ્યોનો કાયદો અન્ય બંધારણીય મર્યાદાઓને પણ આધીન છે. ભાગ ૧૩ ની જોગવાઈઓ, ખાસ કરીને અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) પણ કેન્દ્ર અને રાજ્યોના કાયદાકીય અધિકારક્ષેત્ર પર મર્યાદા તરીકે કાર્ય કરે છે. કાયદા ઘડવા માટે સક્ષમ વિધાનમંડળને અનુચ્છેદ ૨૪૫ અને અનુચ્છેદ ૨૪૬ હેઠળ આપવામાં આવેલી સત્તા 'બંધારણની જોગવાઈઓને આધીન' છે. તેમ છતાં, જો કોઈ રાજ્ય સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિઓ ૪૫ થી ૬૩ માં ગણાવેલા વિષયોના સંબંધમાં અનુચ્છેદ ૨૪૬(૩) સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૫(૧) હેઠળ કાયદો ઘડે, તો શું તેને માત્ર એ કારણસર અમાન્ય ઠેરવી શકાય કે તે અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪(એ) નું પાલન કરતો નથી, તે શંકાસ્પદ છે. ખરેખર ભાગ ૧૨ માં નાણાકીય પગલાં સાથે સંબંધિત બંધારણની વિવિધ જોગવાઈઓ, દાખલા તરીકે અનુચ્છેદો ૨૬૫, ૨૬૯, ૨૭૬ અને ૨૮૬, ખાસ કરીને કર સાથે

સંબંધિત છે, પરંતુ ભાગ ૧૩ માં, અનુચ્છેદ ૩૦૪(એ) સિવાય, અન્ય કોઈ અનુચ્છેદ કર સાથે સંબંધિત નથી. વધુમાં બંધારણના ભાગ ૧૨ નું પ્રકરણ ૧ ખાસ કરીને 'નાણાં' સંબંધિત જોગવાઈઓ સાથે સંબંધિત છે, જ્યારે ભાગ ૧૩ ભારતના રાજ્યક્ષેત્રની અંદર 'વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર' સાથે સંબંધિત છે. આમ, આ બે ભાગોને સ્પષ્ટપણે અલગ રાખવામાં આવ્યા છે. જોકે દરેક કાયદો બંધારણની તમામ જોગવાઈઓને આધીન બનાવવામાં આવે છે, તેમ છતાં તેનો અર્થ એવો નથી કે રાજ્ય દ્વારા ઘડવામાં આવેલ દરેક કર કાયદો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંબંધિત સામાન્ય જોગવાઈઓને જવાબદાર બનાવવો જોઈએ. બંધારણની જોગવાઈઓ, બંધારણ સભાની ચર્ચાઓ અને પૂર્વચુકાદાઓ આપણને આવા નિષ્કર્ષ તરફ દોરી જાય છે. આ નિષ્કર્ષ માટેના કારણો નીચે મુજબ સંક્ષિપ્તમાં જણાવવામાં આવ્યા છે:—

**પ્રથમ,** કરવેરા એ સાર્વભૌમત્વનું એક આનુષંગિક લક્ષણ છે, જેને કોઈપણ ગર્ભિત મર્યાદાઓ દ્વારા ઘટાડી શકાતું નથી.[68]

**બીજું,** કલ્યાણકારી રાજ્ય સુનિશ્ચિત કરવું એ કોઈપણ સાર્વભૌમ સરકારનો એક ભાગ છે. તે પ્રાપ્ત કરવા માટે, કલ્યાણકારી પ્રવૃત્તિઓના હેતુઓ માટે મહેસૂલ ઊભું કરવા સરકાર માટે કર એ એકમાત્ર ઉપલબ્ધ માર્ગ છે. તેથી, અદાલતો સાર્વભૌમ રાજ્યની કર લાદવાની સત્તાને ઘટાડી શકતી નથી.

[68] મહારાજ ઉમેગ સિંહ વિ. સ્ટેટ ઓફ બોમ્બે, એ.આઈ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦.

**ત્રીજું,** ભાગ ૧૩ ની મૂળ સંકલ્પના માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળના ભેદભાવપૂર્ણ કરને રોકવા માટે જ હતી.

**ચોથું,** અસુવિધાની દલીલ નવી કસોટીઓ લાવવા અને આપણા બંધારણના ઘડવૈયાઓ દ્વારા જે કલ્પના કરવામાં આવી હતી તેનાથી આગળ જોગવાઈનો વિસ્તાર કરવા માટે અનુચ્છેદ ૩૦૧ ના અર્થઘટનને અસર કરી શકે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) એ એક અલગ જોગવાઈ છે જે માત્ર ભેદભાવપૂર્ણ કર સાથે સંબંધિત છે. આવી જોગવાઈનું અસ્તિત્વ એવું કહેવા માટે પુરાવો પૂરો પાડી શકતું નથી કે અનુચ્છેદ ૩૦૧ રાજ્યની કર લાદવાની સત્તાને આધીન નથી.

**પાંચમું,** સાતમી અનુસૂચિમાં કર સંબંધિત પ્રવિષ્ટિઓ વિશિષ્ટ રીતે પૂરી પાડવામાં આવી છે. આપણા બંધારણ હેઠળ એ સુસ્થાપિત સિદ્ધાંત છે કે સામાન્ય પ્રવિષ્ટિમાંથી કર લાદવાની સત્તા મેળવી શકાતી નથી.[69] આ સિદ્ધાંતના પ્રકાશમાં બંધારણ સભાએ નીચે મુજબની સમયરેખામાં અનુચ્છેદો અને પ્રવિષ્ટિઓ પસાર કરી હતી: ૧૩ જૂન, ૧૯૪૯ ના રોજ વર્તમાન અનુચ્છેદ ૨૪૫ જે (મુસદ્દા બંધારણમાં) અનુચ્છેદ ૨૧૭ હતો તે પસાર કરવામાં આવ્યો હતો. ૦૨ સપ્ટેમ્બર, ૧૯૪૯ ના રોજ રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૨ (જે મુસદ્દા બંધારણમાં પ્રવિષ્ટિ ૬૧ હતી) પસાર કરવામાં આવી હતી. ૦૮ સપ્ટેમ્બર, ૧૯૪૯ ના રોજ ભાગ ૧૩ (જે મુસદ્દા બંધારણમાં ભાગ ૧૦–એ હતો) પસાર કરવામાં આવ્યો હતો. આ દર્શાવે છે કે આપણા બંધારણના ઘડવૈયાઓ કર જોગવાઈઓના પરસ્પર પ્રભાવથી વાકેફ હતા તેવું માની લેવામાં આવે છે. તેથી,

[69] એમ.પી.વી. સુંદરરામિયર એન્ડ કંપની વિ. ધ સ્ટેટ ઓફ આંધ્ર પ્રદેશ અને અન્ય, એ.આઇ.આર. ૧૯૫૮ એસ.સી. ૪૬૮

રાજ્યની કર લાદવાની સત્તા પર લાદવામાં આવેલી એકમાત્ર સ્પષ્ટ મર્યાદા બંધારણનો અનુચ્છેદ ૩૦૪(એ) છે.

**છઠ્ઠું,** આપણે ભાગ ૧૩ માં અનુચ્છેદ ૩૦૧ ની કાયદાકીય સફરને અવગણી શકીએ નહીં. મુસદ્દો તૈયાર કરવાના તબક્કે, મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને વાસ્તવમાં મૂળભૂત અધિકાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ તેનો સ્વીકાર કરવામાં આવ્યો ન હતો. આખરે મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંબંધિત તમામ જોગવાઈઓને એક જ સ્થળે લાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. જે મૂળભૂત અધિકાર તરીકે શરૂ થયું હતું તે શું બંધારણીય અધિકાર તરીકે ઘડવામાં આવ્યું? આમ, અનુચ્છેદ ૩૦૧ ને માત્ર એક બંધારણીય અધિકાર તરીકે સમાવિષ્ટ કરવાના સંબંધમાં કાયદાકીય ઇતિહાસમાંથી પુષ્કળ માર્ગદર્શન મળે છે.

**સાતમું,** અનુચ્છેદ ૩૦૯ ની અનુચ્છેદ ૩૦૧ ના અર્થઘટન પર કોઈ અસર પડી શકે નહીં, કારણ કે તેણે માત્ર અમુક ભેદભાવપૂર્ણ કરવેરાને બચાવ્યા હતા. કારણ કે ઘડવૈયાઓ મર્યાદિત સમયગાળા માટે આવા ભેદભાવપૂર્ણ કર લાદવાનું ચાલુ રાખવા માંગતા હતા, જે અન્યથા માલની આયાત પર અથવા નિકાસ પર કર લાદવાની રાજ્ય વિધાનમંડળની સક્ષમતા બહારનું હોત. તેથી અનુચ્છેદ ૩૦૧ હેઠળ કર આવરી લેવામાં આવ્યા નથી, ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ માત્ર આંતર–રાજ્ય ભેદભાવપૂર્ણ કર પર જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**આઠમું,** કર વ્યવસ્થાપન એ રાજકીય ક્ષેત્રનો વિષય છે. ન્યાયતંત્રએ સરકાર માટે ચોક્કસ મોકળાશ પૂરી પાડવી જોઈએ કારણ કે કર એ સરકારોની જીવાદોરી છે.

**નવમું,** ભારતીય બંધારણનો અનુચ્છેદ ૩૦૧ 'મુક્ત' શબ્દનો ઉપયોગ કરે છે. 'મુક્ત' શબ્દનો અર્થ થાય છે 'જે સીમિત કે પ્રતિબંધિત નથી'. કાં તો વેપાર 'મુક્ત છે અથવા મુક્ત નથી'. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત છે તેવું જણાવવું અને ત્યારબાદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ હેઠળના અનુગામી અનુચ્છેદો દ્વારા આ અનુચ્છેદ ૩૦૧ ને મર્યાદિત કરવો એ માત્ર એ દશા  વે છે કે અનુચ્છેદ ૩૦૧ માત્ર સ્પષ્ટતાકારી સ્વરૂપનો છે. જો વેપાર ખરેખર મુક્ત હોત તો બંધારણના મોટાભાગના અનુચ્છેદો અપ્રસ્તુત બની ગયા હોત. ઈતિહાસ, સંદર્ભ અને અર્થઘટન પરથી એ સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૩૦૧ એ માત્ર એક સ્વરૂપ છે જેને ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન રહીને સમજવાનું છે. જો તેને દાખલ કરવા માટે અન્ય કોઈ હેતુ સૂચવી શકાતો ન હોય, તો તમામ શંકાઓ દૂર કરવાની ઇચ્છામાં એક પર્યાપ્ત હેતુ જોવા મળે છે એટલે કે, અનુચ્છેદ ૩૦૧ ના શબ્દો કોઈપણ શંકા વિના એક સ્પષ્ટતાકારી જોગવાઈ છે અને સ્વતંત્રતાનો વ્યાપ અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ હેઠળ સ્પષ્ટપણે આપવામાં આવેલા તે ભેદભાવપૂર્ણ કર, પ્રતિબંધો (કેવળ કરવેરા સિવાય) અને મનાઈઓ પૂરતો મર્યાદિત છે.

૭.૪૧ આટિયાબારી અને ઓટોમોબાઇલમાં આ કોર્ટે અનુચ્છેદ ૩૦૪ માં બિન–અવરોધક કલમ પર આધાર રાખીને ઠેરવ્યું હતું કે, અનિવાર્ય ગર્ભિતાર્થ દ્વારા, કર કાયદો અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવે છે. આ દ્રષ્ટિકોણ યોગ્ય નથી કારણ કે બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે લખાણ અને સંદર્ભ બંને વાંચવા પડે છે. આ સંબંધમાં, હું નામદાર મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલા તર્ક અને કાઢવામાં આવેલા તારણો સાથે આદરપૂર્વક સંમત થાઉં છું કે અનુચ્છેદ ૩૦૪(એ) માં બિન–અવરોધક કલમ અનુચ્છેદ ૩૦૧ ના અર્થઘટનમાં નિર્ણાયક નથી.

## ભાગ–૮ : બંધારણનો અનુચ્છેદ ૩૦૪

૮.૧ શું માલના પ્રવેશ પર કર લાદતા કાયદાને બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) ના સંદર્ભમાં ચકાસવાની જરૂર છે? બંધારણના અનુચ્છેદ ૩૦૪ ના ગર્ભિતાર્થને સમજવા માટે, આ જોગવાઈઓની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધ્યાનમાં રાખવી જરૂરી છે. ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ એ સમગ્ર બ્રિટિશ ભારત માટે સંઘીય બંધારણની પરિકલ્પના કરી હતી. સરકારે કલમ ૨૯૭ હેઠળ આંતરિક વેપારના સંબંધમાં કાયદો ઘડવા માટે રાજ્યોના વિધાનમંડળ પર નીચે મુજબની શરતોમાં નિયંત્રણ લાદ્યું હતું:—

'**૨૯૭**. (૧) કોઈ પણ પ્રાંતીય વિધાનમંડળ અથવા સરકાર—

(એ) પ્રાંતની અંદર વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રાંતીય વિધાન યાદીમાંની પ્રવિષ્ટિના આધારે, અથવા ચીજવસ્તુઓના ઉત્પાદન,

પુરવઠા અને વિતરણ સંબંધિત તે ચાદીમાંની પ્રવિષ્ટિના આધારે, કોઈપણ વર્ગ અથવા પ્રકારના માલના પ્રાંતમાં પ્રવેશ અથવા તેમાંથી નિકાસ પર પ્રતિબંધ મૂકતો કે નિયંત્રિત કરતો કોઈપણ કાયદો પસાર કરવાની અથવા કોઈપણ કારોબારી પગલું ભરવાની સત્તા ધરાવશે નહીં; અથવા

(બી) આ અધિનિયમમાંની કોઈપણ બાબતના આધારે એવો કોઈ કર, સેસ, ટોલ અથવા શુલ્ક લાદવાની સત્તા ધરાવશે નહીં જે, પ્રાંતમાં ઉત્પાદિત અથવા તૈયાર કરવામાં આવેલા માલ અને તે રીતે ઉત્પાદિત કે તૈયાર ન કરવામાં આવેલા સમાન માલ વચ્ચે, અગાઉના માલની તરફેણમાં ભેદભાવ કરતો હોય અથવા જે, તે પ્રાંત બહાર ઉત્પાદિત કે તૈયાર કરવામાં આવેલા માલના કિસ્સામાં, અન્ય વિસ્તારમાં ઉત્પાદિત કે તૈયાર કરવામાં આવેલા માલ વચ્ચે ભેદભાવ કરતો હોય.

(૨) આ કલમના ઉલ્લંઘનમાં પસાર કરવામાં આવેલો કોઈપણ કાયદો, ઉલ્લંઘનની હદ સુધી, અમાન્ય રહેશે.'

૮.૨ એ નોંધી શકાય છે કે ઉપર ટાંકવામાં આવેલી કલમમાં સમાવિષ્ટ પ્રતિબંધ માત્ર પ્રાંતીય સરકારો અને પ્રાંતીય વિધાનમંડળોને વેપાર અને વાણિજ્ય તથા ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણને લગતી વૈધાનિક ચાદીમાંની પ્રવિષ્ટિઓના સંદર્ભમાં જ લાગુ પડતો હતો. આ કલમ સામાન્ય રીતે પ્રાંતમાં માલની આયાત અથવા તેમાંથી નિકાસના સંબંધમાં

પ્રતિબંધો અથવા નિયંત્રણો સાથે સંબંધિત હતી. તે કર વગેરે લાદવાની સત્તા સાથે પણ સંબંધિત હતી અને પ્રાંતની બહાર ઉત્પાદિત કે નિર્મિત માલ અથવા વિવિધ વિસ્તારોમાં ઉત્પાદિત માલ સામેના ભેદભાવ પર પ્રતિબંધ મૂકતી હતી.

૮.૩ શ્રી કે. એમ. મુનશી, સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર અને સર બી. એન. રાવની બનેલી મૂળભૂત અધિકારો અંગેની પેટા-સમિતિએ ૨૯ માર્ચ, ૧૯૪૭ ના રોજ નીચે મુજબના સ્વરૂપમાં ખંડ ૧૩ રજૂ કર્યો હતો:—

> 'સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન રહીને, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે દરિયાઈ પરિવહન દ્વારા હોય, મુક્ત રહેશે:
>
> પરંતુ શરત એ છે કે કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં તેના પર કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે.'[70]
>
> (ભારપૂર્વક ઉમેરેલ)

૮.૪ ઉપર દર્શાવેલ પરંતુકે જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદવા માટે 'એકમ' ને સત્તા આપી હતી. સર બી. એન. રાવે પેટા-સમિતિ દ્વારા ચર્ચા કરાયેલા ઉપરોક્ત મુસદ્દા પરની પોતાની ટિપ્પણીઓમાં જણાવ્યું હતું કે 'ખંડ ૧૩ નો પ્રથમ ફકરો ઓસ્ટ્રેલિયન બંધારણ (કલમ ૯૨) માંથી સ્વીકારવામાં આવ્યો છે જ્યારે પરંતુક નવો હતો'. વધુમાં, સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે ૧૦, ૧૪ અને ૧૫ એપ્રિલ, ૧૯૪૭ ના

[70] બી. શિવ રાવ, ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, અ સ્ટડી (૨જી આવૃત્તિ), પૃ. ૬૯૯ થી ૭૦૭

મુસદ્દા અહેવાલ પરની પોતાની ટિપ્પણીઓમાં ખંડ ૧૩ ના સંબંધમાં સૂચવ્યું હતું કે તે સ્પષ્ટ કરવું આવશ્યક છે કે:

'(૧) સંબંધિત એકમો સિવાય ભારતના અન્ય ભાગોમાંથી એકમોમાં આવતો માલ તે જકાતો અને કરવેરામાંથી છટકી શકે નહીં જે ખુદ એકમોમાં ઉત્પાદિત માલ પર લાગુ પડે છે.

(૨) કટોકટીની સ્થિતિમાં આ ખંડ દ્વારા જાહેર કરાયેલા અધિકારો પર નિયંત્રણો મૂકવાનું પણ એકમ માટે ખુલ્લું હોવું જોઈએ"[71]

૮.૫ સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરના સૂચનો સ્વીકારવામાં આવ્યા હતા અને તે મુજબ ખંડમાં સુધારો કરવામાં આવ્યો હતો અને નીચે મુજબ ખંડ ૧૪ તરીકે સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો:

૧૪. (૧) સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન રહીને, નાગરિકો દ્વારા અને તેમની વચ્ચે એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે:

પરંતુ શરત એ છે કે કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં અથવા કટોકટીમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે:

[71] એજન, પૃ. ૧૫૭-૧૬૧

પરંતુ શરત એ છે કે આ કલમમાંની કોઈપણ બાબત કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરાયેલા માલ પર તે જ જકાતો અને કરવેરા લાદતા અટકાવશે નહીં જે તે એકમમાં ઉત્પાદિત માલ પર લાગુ પડે છે:

વધુમાં પરંતુ શરત એ છે કે એકમ દ્વારા વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પ્રાધાન્ય આપવામાં આવશે નહીં.[72]

૮.૬ એ નોંધવું પ્રસ્તુત હોઈ શકે કે પ્રથમ પરંતુકમાં વાજબી નિયંત્રણ લાદવામાં આવ્યું હતું, જ્યારે બિન-ભેદભાવપૂર્ણ કર લાદવાની જોગવાઈ બીજા પરંતુકમાં હતી. ત્રીજો પરંતુક અનુચ્છેદ ૩૦૩ નો પુરોગામી હતો. ૨૧.૦૪.૧૯૪૭ ના રોજ, ઉપરોક્ત ખંડ ૧૪ સલાહકાર સમિતિની વિચારણા માટે આવ્યો હતો. જાહેર વ્યવસ્થા, નૈતિકતા, સ્વાસ્થ્ય અથવા કટોકટીના હિતમાં વાજબી નિયંત્રણ લાદવા માટે રાજ્યને સક્ષમ બનાવવાના હેતુને સમજાવતાં, સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે કહ્યું હતું:

> 'ધારો કે સામાન્ય દુષ્કાળ પડે અને લોકો ભૂખે મરતા હોય તો અહીં તે બાબતનો સામનો કરવાનો અર્થ છે'

સલાહકાર સમિતિએ ખંડ ૧૪ ના સંબંધમાં પેટા-સમિતિની ભલામણ 'એક ફેરફાર સાથે સ્વીકારી હતી; બિન-નાગરિકો દ્વારા અથવા તેમની સાથેના

[72] એજન.

વેપારના કેન્દ્રીય નિયમનની જોગવાઈ કરતો પેટા–ખંડ અસ્પષ્ટ અને બિનજરૂરી હોવાને કારણે પડતો મૂકવામાં આવ્યો હતો.[73]

૮.૭ સલાહકાર સમિતિએ ૨૩.૦૪.૧૯૪૭ ના રોજ પોતાનો અહેવાલ રજૂ કર્યો જેમાં ખંડ ૧૦ માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી હતી:

'૧૦. સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન રહીને, નાગરિકો દ્વારા અને તેમની વચ્ચે એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે:

પરંતુ શરત એ છે કે કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા સ્વાસ્થ્યના હિતમાં અથવા કોઈપણ કટોકટીમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે:

પરંતુ શરત એ છે કે આ કલમમાંની કોઈપણ બાબત કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરાયેલા માલ પર તે જ જકાતો અને કરવેરા લાદતા અટકાવશે નહીં જે તે એકમમાં ઉત્પાદિત માલ પર લાગુ પડે છે:

પરંતુ વધુમાં કે, કોઈ એકમ દ્વારા વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં'.[74]

---

[73] એજન, પૃ. ૨૫૩

[74] એજન, પૃ. ૨૯૭

૮.૮ ૦૧.૦૫.૧૯૪૭ ના રોજ અમુક સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા જે સંવિધાનસભા દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. સુધારેલ કલમ ૧૦ નીચે મુજબ વંચાય છે:

'૧૦. સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન રહીને, નાગરિકો દ્વારા અને તેમની વચ્ચે એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે:

પરંતુ કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં કે કોઈપણ કટોકટીમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે:

પરંતુ આ કલમમાંની કોઈપણ બાબત કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવેલા માલ પર એ જ જકાત અને કર લાદતાં અટકાવશે નહીં જે તે એકમમાં ઉત્પાદિત થયેલા માલ પર લાગુ છે:

પરંતુ વધુમાં કે, કોઈ એકમ દ્વારા વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં.

૮.૯ ઑક્ટોબર, ૧૯૪૭ ના પ્રથમ મુસદ્દા સંવિધાનમાં, કલમ ૧૭ નીચે મુજબ વંચાય છે:

'૧૭. કોઈપણ ફેડરલ કાયદાની જોગવાઈઓને આધીન રહીને, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, જો ફેડરેશનના નાગરિકો વચ્ચે હોય તો, મુક્ત રહેશે:

પરંતુ આ કલમમાંની કોઈપણ બાબત કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદતાં અટકાવશે નહીં કે જે તે એકમમાં ઉત્પાદિત અથવા તૈયાર કરાયેલા સમાન માલ પર લાગુ પડતો હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા તૈયાર કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય:

પરંતુ વધુમાં કે, વેપાર, વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં:

પરંતુ એમ પણ કે આ કલમમાંની કોઈપણ બાબત જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં કે કટોકટીના કિસ્સાઓમાં એકમો વચ્ચેના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર અધિનિયમ દ્વારા નિયંત્રણો લાદવાથી ફેડરલ સંસદને અટકાવશે નહીં'.[75]

૮.૧૦ ૦૧.૧૧.૧૯૪૭ ના રોજ, ડ્રાફ્ટિંગ કમિટીએ કલમ ૧૭ પર વિચારણા કરી અને તેનો એવો અભિપ્રાય હતો કે 'આ કલમના પ્રથમ અને બીજા પરંતુકને જુદા જુદા રાજ્યો વચ્ચેના સંબંધો અંગેના પ્રકરણમાં સ્વતંત્ર કલમો તરીકે સ્થાનાંતરિત કરવા જોઈએ અને ત્રીજો પરંતુક બિનજરૂરી હતો.[76]

[75] બી. શિવ રાવ, ફ્રેમિંગ ઓફ ઈન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૩, પૃ. ૯ (૨જી આવૃત્તિ)
[76] એજન, પૃ. ૩૩૦

૮.૧૧ ૨૮.૦૧.૧૯૪૮ ના રોજ, ડ્રાફ્ટિંગ કમિટીએ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંબંધિત ત્રણ નવી કલમો, એટલે કે કલમ ૧૯૨ ઈ, ૧૯૨ એફ અને ૧૯૨ જી દાખલ કરવાનો નિર્ણય કર્યો. ૨૮.૦૧.૧૯૪૮ ના રોજ ડ્રાફ્ટિંગ કમિટી દ્વારા રજૂ કરવામાં આવેલી કલમ ૧૯૨ ઈ, ૧૯૨ એફ અને ૧૯૨ જી નીચે મુજબ વંચાય છે:

'૧૯૨–ઈ. વેપાર, વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક રાજ્ય અથવા તેના કોઈપણ ભાગને બીજા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં.

૧૯૨–એફ. આ સંવિધાનના અનુચ્છેદ ૧૭ માં અથવા તુરત અગાઉના અનુચ્છેદમાં કોઈપણ બાબત સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય માટે તે કાયદેસર રહેશે કે—

અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવો કે જેના પર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા તૈયાર થયેલો સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા તૈયાર થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય: અને

જાહેર વ્યવસ્થા, નૈતિકતા અને આરોગ્યના હિતમાં અથવા કટોકટીના કિસ્સાઓમાં તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા કોઈપણ નિયંત્રણો લાદવા.

*સમિતિનો એવો અભિપ્રાય છે કે અનુચ્છેદ ૧૯૨–ઈ અને ૧૯૨–એફ માં સમાવિષ્ટ જોગવાઈઓ મૂળભૂત અધિકારો સાથે સંબંધિત ભાગ–૩ કરતાં આ પ્રકરણમાં વધુ યોગ્ય રીતે સમાવિષ્ટ થવી જોઈએ.

૧૯૨–જી (૧) ભારતના પ્રદેશની અંદર વેપાર અને વાણિજ્ય સંબંધિત આ સંવિધાનની જોગવાઈઓના અમલીકરણ અને જાળવણી માટે રાષ્ટ્રપતિ જેને નિમણૂક કરવા યોગ્ય ગણે તેવા સભ્યોનું બનેલું એક આંતર–રાજ્ય વાણિજ્ય આયોગ રહેશે.

(૨) આયોગના સભ્યોના હોદ્દાની મુદત અને તેઓને ચૂકવવામાં આવનાર મહેનતાણું રાષ્ટ્રપતિ આદેશ દ્વારા નક્કી કરે તે મુજબનું રહેશે.

(૩) આયોગની કાર્યપદ્ધતિ રાષ્ટ્રપતિ દ્વારા આદેશ મારફતે વ્યાખ્યાયિત કરવામાં આવશે અને આયોગ પાસે ન્યાયનિર્ણયની સત્તા સહિતની એવી સત્તાઓ રહેશે જે રાષ્ટ્રપતિ વખતોવખત આદેશ દ્વારા તેને પ્રદાન કરે.

(૪) રાષ્ટ્રપતિ દ્વારા ન્યાયનિર્ણય માટે તેને મોકલવામાં આવેલા રાજ્યો વચ્ચેના વેપાર અથવા વાણિજ્ય સંબંધિત કોઈપણ વિવાદનો નિર્ણય કરવો તે આયોગની ફરજ રહેશે અને આયોગનો નિર્ણય આખરી રહેશે અને તેને કોઈપણ કોર્ટમાં પડકારી શકાશે નહીં'.

૨૯.૦૧.૧૯૪૮ ના રોજ, સદર કલમમાં વધુ સુધારો કરવામાં આવ્યો હતો અને સુધારેલી કલમ નીચે મુજબ વંચાય છે:

'*૧૯૨–ઈ. વેપાર કે વાણિજ્યના કોઈપણ નિયમન દ્વારા, પછી ભલે તે રસ્તાઓ, રેલવે અથવા નદીઓ મારફતે આંતરિક વહનના માધ્યમથી હોય કે દરિયાઈ નૌકાવહન દ્વારા હોય, એક રાજ્ય અથવા તેના કોઈપણ ભાગને બીજા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં કે તેમની વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવશે નહીં.

*૧૯૨–એફ. આ સંવિધાનના અનુચ્છેદ ૧૭ માં અથવા તુરત અગાઉના અનુચ્છેદમાં કોઈપણ બાબત સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય માટે તે કાયદેસર રહેશે કે—

(એ) અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવો કે જેના પર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા તૈયાર થયેલો સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા તૈયાર થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને

(બી) જાહેર હિતમાં આવશ્યક હોય તેવા વાજબી નિયંત્રણો તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા લાદવા.

*સમિતિનો એવો અભિપ્રાય છે કે અનુચ્છેદ ૧૯૨–ઈ અને ૧૯૨–એફ માં સમાવિષ્ટ જોગવાઈઓ મૂળભૂત અધિકારો સાથે સંબંધિત ભાગ–૩ કરતાં આ પ્રકરણમાં વધુ યોગ્ય રીતે સમાવિષ્ટ થવી જોઈએ.

*૧૯૨-જી. આ સંવિધાનના અનુચ્છેદ ૧૯૨-ઈ અને ૧૯૨-એફ ની જોગવાઈઓના અમલીકરણ માટે સંસદ કાયદા દ્વારા યોગ્ય ગણે તેવા સત્તામંડળની નિમણૂક કરશે અને તે રીતે નિમાયેલા સત્તામંડળને તે જરૂરી સમજે તેવી સત્તાઓ અને તેવી ફરજો પ્રદાન કરશે.

૧૯૪૮ ના મુસદ્દા સંવિધાનમાં, મૂળભૂત અધિકારોના પ્રકરણમાં કલમ ૧૬ નો સમાવેશ કરવામાં આવ્યો હતો જે નીચે મુજબ વંચાય છે:

'૧૬. આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની જોગવાઈઓ અને સંસદ દ્વારા બનાવવામાં આવેલા કોઈપણ કાયદાને આધીન રહીને, સમગ્ર ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે.

આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય અંગે અનુચ્છેદ ૨૪૩, અનુચ્છેદ ૨૪૪ અને અનુચ્છેદ ૨૪૫ માં જોગવાઈ કરવામાં આવી હતી જે નીચે મુજબ વંચાય છે:

'*૨૪૩. વેપાર અથવા વાણિજ્ય સંબંધિત કોઈપણ કાયદા અથવા નિયમન દ્વારા, પછી ભલે તે જમીન, પાણી કે હવાઈ માર્ગે ચાલતો હોય, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં કે એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવશે નહીં.

*૨૪૪. આ સંવિધાનના અનુચ્છેદ ૧૬ માં અથવા તુરત અગાઉના અનુચ્છેદમાં કોઈપણ બાબત સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય માટે તે કાયદેસર રહેશે કે—

(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવો કે જેના પર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા તૈયાર થયેલો સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા તૈયાર થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય: અને

(બી) જાહેર હિતમાં આવશ્યક હોય તેવા વાજબી નિયંત્રણો તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા લાદવા:

પરંતુ આ સંવિધાનના પ્રારંભથી પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આ અનુચ્છેદના ખંડ (બી) ની જોગવાઈઓ આ સંવિધાનના અનુચ્છેદ ૩૦૬ ના ખંડ (એ) માં ઉલ્લેખિત કોઈપણ ચીજવસ્તુઓના વેપાર અથવા વાણિજ્યને લાગુ પડશે નહીં.

૨૪૫. આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ અને ૨૪૪ ની જોગવાઈઓના અમલીકરણ માટે સંસદ કાયદા દ્વારા યોગ્ય ગણે તેવા સત્તામંડળની નિમણૂક

કરશે અને તે રીતે નિમાયેલા સત્તામંડળને તે જરૂરી સમજે તેવી સત્તાઓ અને તેવી ફરજો પ્રદાન કરશે.'[77]

૮.૧૨ ફેબ્રુઆરી, ૧૯૪૮ ના મુસદ્દા સંવિધાન પરની ટીકાઓ અને સૂચનોમાં, ઉદ્યોગ અને પુરવઠા મંત્રાલયની ટિપ્પણી પરની નોંધ સુસંગત છે. ઉદ્યોગ અને પુરવઠા મંત્રાલયે એવો મત વ્યક્ત કર્યો છે કે અનુચ્છેદ ૨૪૪ નો ખંડ (બી) સૈદ્ધાંતિક રીતે ગંભીર વાંધાને પાત્ર છે અને તેને સંપૂર્ણપણે રદ કરવો જોઈએ. મંત્રાલયે ધ્યાન દોર્યું છે કે એવા સંજોગોની અગાઉથી કલ્પના કરવી શક્ય નથી કે જેમાં જાહેર હિતમાં રાજ્ય દ્વારા કોઈ રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરવાની જરૂર પડે, સિવાય કે તે એક રાજ્ય અને બીજા રાજ્યના રહીશો વચ્ચે ભેદભાવના આધારે હોય, અને આ સંવિધાનની ભાવનાથી તદ્દન વિપરીત હશે.[78]

૮.૧૩ ૦૮.૦૯.૧૯૪૯ ના રોજ, માનનીય ડૉ. આંબેડકરે આ અનુચ્છેદોને રદ કરવા માટે દરખાસ્ત રજૂ કરી હતી અને કોઈપણ વિરોધ વિના સંવિધાનસભા દ્વારા તે દરખાસ્ત સ્વીકારવામાં આવી હતી. જોકે, આ અનુચ્છેદોનો સાર તે જ દિવસે તરત જ ત્યારબાદ માનનીય ડૉ. આંબેડકર દ્વારા રજૂ કરવામાં આવેલા અન્ય સુધારામાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો. આ તમામ અનુચ્છેદો ભાગ ૧૦–એ માં ઉમેરવામાં આવ્યા હતા. સંવિધાનના મુસદ્દા

[77] એજન, પૃ. ૪૫૩ થી ૪૫૪

[78] બી. શિવ રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, વોલ્યુમ ૪, પૃ. ૩૨૯

ઘડવાના તબક્કાની ઘટનાઓ, ખાસ કરીને ભાગ ૧૩, નીચે મુજબની બાબતો દર્શાવે છે જેનો હું પુનરાવર્તનના ભોગે સારાંશ આપી શકું છું:

**પ્રથમ,** શરૂઆતમાં મુક્ત વેપારનો અધિકાર એ મૂળભૂત અધિકાર હતો, પરંતુ સલાહકાર સમિતિ દ્વારા તેને સ્વીકારવામાં આવ્યો ન હતો અને સ્વીકાર માટે સંવિધાનસભામાં તેને મૂકવામાં પણ આવ્યો ન હતો.

**બીજું,** જોકે અનુચ્છેદ ૩૦૪ ની પુરોગામી કલમ સલાહકાર સમિતિ અને ડ્રાફ્ટિંગ કમિટી સમક્ષ વારંવારના ફેરફારોમાંથી પસાર થઈ હતી, છતાં એવું ક્યારેય સૂચવવામાં આવ્યું ન હતું કે વેપારની સ્વતંત્રતાનો અર્થ કર ચૂકવણીમાંથી મુક્તિ થાય છે.

**ત્રીજું,** રાજ્યની કર લાદવાની સત્તા વિશેની કોઈપણ શંકા દૂર કરવા માટે અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવાની સંઘીય એકમની સત્તા ખાસ દર્શાવવામાં આવી હતી. તાર્કિક નિષ્કર્ષ એ છે કે આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદવાની રાજ્યની સત્તા આખરી ખંડમાં ખાસ બચાવી લેવામાં આવી છે અને જાહેર કરવામાં આવી છે, તેથી પ્રવેશ કર લાદતા કાયદાને અનુચ્છેદ ૩૦૪(બી) ના સંદર્ભમાં ચકાસવો અમાન્ય રહેશે.

**ચોથું,** કરવેરા ક્યારેય વેપારની સ્વતંત્રતા પર નિયંત્રણ બનવા માટે અભિપ્રેત ન હતા.

૮.૧૪ આ સંદર્ભના એક ભાગ રૂપે જે અન્ય મહત્વના પ્રશ્નનો જવાબ આપવાની જરૂર છે તે એ છે કે શું પ્રવેશ કર લાદવા સંબંધિત રાજ્યના અધિનિયમોને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) ના સંદર્ભમાં ચકાસવા પડશે કે પછી ફક્ત અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) ના સંદર્ભમાં જ? બીજા શબ્દોમાં કહીએ તો, શું અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) સંયોજક છે કે વિયોજક? તેનો જવાબ એ હોવો જોઈએ કે ઈતિહાસ, સંદર્ભ અને સ્પષ્ટ શબ્દો દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) સ્વભાવે વિયોજક છે. કર લાદવાની બાબતને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના સંદર્ભમાં ચકાસવાની જરૂર નથી. ભારતીય સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) ને વિયોજક રીતે વાંચવાના કારણો નીચે મુજબ છે.

**પ્રથમ,** કાયદાકીય ઈતિહાસ અને ઘડવૈયાઓનો આશય, જેમ કે ઉપર સ્પષ્ટ કરવામાં આવ્યું છે, તે સ્પષ્ટપણે દર્શાવે છે કે કરવેરાને પ્રથમ સ્થાને ક્યારેય નિયંત્રણો તરીકે ગણવામાં આવ્યા ન હતા.

**બીજું,** અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની રાજ્યની સત્તાને રોકતો કે મર્યાદિત કરતો નથી. ફક્ત ભેદભાવપૂર્ણ કર લાદવા પર જ પ્રતિબંધ છે, કહેવાનો અર્થ એ છે કે, તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર પણ કર લાદવામાં આવે, જેથી આયાત કરાયેલા માલ અને રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન રહે.

**ત્રીજું,** અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડો 'અને' શબ્દ દ્વારા જોડાયેલા છે. પેટા–ખંડ (એ) રાજ્ય પર ભેદભાવપૂર્ણ કર ન લાદવાનું નિયંત્રણ મૂકે છે, જ્યારે પેટા–ખંડ (બી) વેપાર, વાણિજ્ય અને વ્યવહાર સંબંધિત અન્ય નિયંત્રણો સાથે સંબંધિત છે.

**ચોથું,** અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) નું ધ્યાનપૂર્વક વાંચન દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) વિયોજક છે. આ બાબત પરંતુક દ્વારા સ્પષ્ટ થાય છે, જે એવી અસર ધરાવે છે કે અનુચ્છેદ ૩૦૪ (બી) ના હેતુ માટેનું વિધેયક રાજ્યોની ધારાસભા દ્વારા રાષ્ટ્રપતિની અગાઉથી મંજૂરી મેળવીને જ રજૂ કરી શકાય છે. જો ખંડ (એ) અને (બી) વિયોજક ન હોત, તો પરંતુકની ભાષા ચોક્કસપણે અલગ હોત અને ખંડ (એ) ના હેતુ માટેના વિધેયકનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોત. પરંતુકમાં અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભની સ્પષ્ટ ગેરહાજરી એ દ્રષ્ટિકોણને ચોક્કસપણે સમર્થન આપે છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) ભિન્ન અને વિયોજક છે. સુસ્થાપિત કાયદો છે કે, પરંતુકનો હેતુ અનુચ્છેદના મુખ્ય કાર્યકારી ભાગને સ્પષ્ટ કરવાનો છે. તેનો ઉપયોગ ક્યારેય જોગવાઈના કાર્યકારી ભાગને વિસ્તૃત કરવા માટે થતો નથી અથવા તેવો અર્થઘટન કરવામાં આવતો નથી.

**પાંચમું,** જો કોઈ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) ને સંયોજક રીતે વાંચે, તો તે સંવિધાનના સંઘીય સ્વરૂપને પોષક બનશે નહીં, જે મૂળભૂત માળખું છે.

૮.૧૫ હવે હું કેટલાક સામાન્ય અવલોકનો કરીને અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલા "ભેદભાવ" શબ્દના ભાવાર્થ અને વ્યાપ્તિની ચર્ચા કરીશ. અનુચ્છેદ ૩૦૪(એ) નું અર્થઘટન દેશના સંતુલિત વિકાસને ધ્યાનમાં રાખીને થવું જોઈએ, જે આર્થિક એકીકરણનો એક મહત્વપૂર્ણ ભાગ છે. દેશની આર્થિક એકતા પ્રાપ્ત કરવા માટે, કરવેરા લાદ્યા વિના વેપાર અને વાણિજ્યની મંજૂરી આપવી એ જ એકમાત્ર ઉપાય નથી પરંતુ સર્વાંગી સમૃદ્ધિ લાવીને પણ તે પ્રાપ્ત કરી શકાય છે. સંવિધાનનો ભાગ ૧૩ કેટલાક પ્રકારના વિભેદની મંજૂરી આપે છે, ઉદાહરણ તરીકે, કોઈ પછાત પ્રદેશને પ્રોત્સાહિત કરવા માટે અથવા દેશના એવા ભાગો માટે સમાન તકોનું ક્ષેત્ર ઊભું કરવા માટે કે જેઓ આર્થિક વિકાસના ઇચ્છિત સ્તરે પહોંચ્યા ન હોય. તેથી, ભાગ ૧૩ બેવડા ઉદ્દેશ્યની કલ્પના કરે છે: (૧) અવરોધો દૂર કરીને સરળ વેપાર, વાણિજ્ય અને વ્યવહાર દ્વારા સામાન્ય બજારની સુવિધા ઊભી કરવી; અને (૨) નિયમનો (અથવા નિયંત્રણો) જે પછાત પ્રદેશોના વિકાસ માટે અથવા જાહેર હિતમાં જરૂરી હોઈ શકે છે. સંવિધાન સભાની ચર્ચાઓનો સંક્ષિપ્ત સંદર્ભ આ બાબતને પૂરતા પ્રમાણમાં દર્શાવશે. માનનીય સભ્ય શ્રી પી. એસ. દેશમુખે કહ્યું હતું કે:

> 'આપણે કેટલા દંભપૂર્વક નક્કી કર્યું હતું કે સર્વત્ર "મુક્ત વેપાર" રહેશે! તે એટલી સરળ બાબત નથી અને હું માનું છું કે સંઘના વિવિધ એકમોની ઉન્નતિ અને પ્રગતિમાં ઘણી ભિન્નતા રહેલી છે. તેમાંના કેટલાક આસામ અથવા ઓરિસ્સા જેવા પછાત છે જ્યાં ખૂબ ઓછા ઉદ્યોગો છે અને ખૂબ જ ઓછો વેપાર, ઓછામાં ઓછું સ્થાનિક વસ્તીના હાથમાં છે. આપણે

કદાચ તેમને કેટલુંક રક્ષણ આપવું પડશે જેથી કરીને તેઓ ઝડપથી અન્ય એકમોની સમકક્ષ આવી શકે. ઉદ્યોગોને સહાય અને રાહતો તથા અન્ય બાબતોનો સંબંધ છે ત્યાં સુધી સમયાંતરે આપણી જોગવાઈઓમાં ફેરફાર કરવો પણ જરૂરી બની શકે છે. તેથી હું નથી માનતો કે તમામ ભેદભાવ, જેને તે કહેવામાં આવે છે (વાસ્તવમાં તે નથી), ને રોકવો યોગ્ય છે, જેઓ પછાત છે અને વધુ અદ્યતન એકમો સાથે સ્પર્ધા કરવામાં અસમર્થ છે, અને તેથી જેમને સહાયની જરૂર છે તેમને મદદ કરવાની તમામ શક્યતાઓને રોકવી યોગ્ય નથી. તે દ્રષ્ટિકોણથી, મારો સુધારો સંસદને સંપૂર્ણ મોકળાશ (બ્લેન્ક ચેક) આપવા માંગે છે અને માત્ર સમગ્ર સંઘના અથવા કોઈ ચોક્કસ રાજ્ય કે રાજ્યોના જ નહીં, પરંતુ તમામ રાજ્યો અને તેમના પરસ્પરના વેપાર અને વાણિજ્ય અંગેની નીતિનું નિર્ધારણ સંપૂર્ણપણે તેના પર છોડી દેવા માંગે છે. તેથી, મેં એક ખૂબ જ સરળ જોગવાઈ પ્રસ્તાવિત કરી છે જે મારા સુધારા નં. ૩૪૦ માં સમાવિષ્ટ છે'.

(ભારપૂર્વક જણાવેલ)

સર અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે જણાવ્યું હતું કે:

'મારા મિત્ર શ્રી કૃષ્ણમાચારીએ ધ્યાન દોર્યું છે કે ઓસ્ટ્રેલિયન સંવિધાનમાં આ સ્વતંત્રતા સંબંધિત ખંડે ઘણી મુશ્કેલીઓ અને સર્વોચ્ચ અદાલતના પરસ્પર વિરોધી નિર્ણયોને જન્મ આપ્યો છે. ઓસ્ટ્રેલિયાના એવા ભાગોમાં, જેઓ પોતાની સુખાકારી માટે કૃષિ પરિસ્થિતિઓ પર નિર્ભર છે,

એવી લાગણી પ્રવર્તી રહી છે કે ઉત્પાદક પ્રદેશો માટે તેમના હિતોનો ભોગ લેવામાં આવી રહ્યો છે, અને ઉત્પાદન અને કૃષિ હિતો વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. તેથી, એક સંઘરાજ્યમાં તમારે જે કરવાનું છે તે એ છે કે, પ્રથમ, તમારે ભારતના વ્યાપક હિતોને ધ્યાનમાં લેવા પડશે અને બને ત્યાં સુધી વેપાર અને વ્યવહારની સ્વતંત્રતા આપવી પડશે. બીજું, તમે પ્રાદેશિક હિતોને સંપૂર્ણપણે અવગણી શકો નહીં. ત્રીજું, ભારતના કોઈપણ ભાગમાં ઉદ્ભવી શકે તેવી વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરવા માટે કટોકટીના કોઈપણ કિસ્સામાં કેન્દ્ર પાસે હસ્તક્ષેપ કરવાની સત્તા હોવી જોઈએ. તમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી યોજનામાં આ ત્રણેય પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે'.

૮.૧૬ અનુચ્છેદ ૩૦૧ માં રહેલા મુક્ત વેપારના ખંડને અર્થપૂર્ણ રીતે અમલમાં મૂકતી વખતે ભારતમાં આર્થિક એકતા અને પ્રાદેશિક હિતોને કઈ હદ સુધી ધ્યાનમાં રાખવા જોઈએ? વિડિયો ઇલેક્ટ્રોનિક્સ[79] માં આ કોર્ટને આ પાસાઓની ઊંડાણપૂર્વક ચર્ચા કરવાની તક મળી હતી. આ કોર્ટે એવું પણ સૂચન કર્યું હતું કે ભેદભાવનું લેબલ લાગ્યા વિના પ્રદેશો વચ્ચે અને પ્રદેશો વચ્ચે આદાન–પ્રદાન થતા માલ વચ્ચે વિભેદ હોઈ શકે છે. વિડિયો ઇલેક્ટ્રોનિક્સ માંથી નીચેનો પરિચ્છેદ પ્રસ્તુત છે:

'આર્થિક એકતા એ એક ઇચ્છિત ધ્યેય છે, આર્થિક સંતુલન અને સમૃદ્ધિ પણ ધ્યેય છે. સમાનતા પર વિકાસ એ સંવિધાનની પ્રતિબદ્ધતાઓમાંની

[79] વિડીયો ઇલેક્ટ્રોનિક્સ વિ. સ્ટેટ ઓફ પંજાબ, (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭.

એક છે. અનુચ્છેદ ૩૮ અને ૩૯ માં સમાવિષ્ટ માર્ગદર્શક સિદ્ધાંતોનો આર્થિક એકતા તેમજ વિકસિત અને અલ્પવિકસિત વિસ્તારોના આર્થિક વિકાસ સાથે સુમેળ સાધવો જોઈએ. સંવિધાનના અનુચ્છેદ ૧૪ ના તે પ્રકાશમાં, એ જરૂરી છે કે અનુચ્છેદ ૩૦૧ માં રહેલા પ્રતિબંધો અને અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) ની વ્યાપ્તિને સમજવામાં અને અર્થઘટન કરવામાં આવે. સંવિધાન એ એક જીવંત અસ્તિત્વ છે અને વપરાયેલા શબ્દપ્રયોગોના ગૂઢ અર્થને ત્યારે જ અમલમાં મૂકી શકાય જ્યારે કોઈ ચોક્કસ પરિસ્થિતિ ઊભી થાય. એવું નથી કે બદલાતા સમય સાથે અર્થ બદલાય છે પરંતુ બદલાતો સમય વપરાયેલા શબ્દપ્રયોગોના અર્થને સમજાવે છે અને પ્રકાશિત કરે છે. વપરાયેલા શબ્દપ્રયોગોનો ભાવાર્થ વિકસતી ગતિશીલ પરિસ્થિતિઓમાં પોતાનો આકાર અને રંગ ધારણ કરે છે. કોઈ પછાત રાજ્ય કે અશાંત રાજ્ય અદ્યતન કે વિકસિત રાજ્યો સાથે સમાનતાથી સ્પર્ધામાં ઊતરી શકતું નથી. રાજ્યની અંદર પણ ઘણીવાર એવા પછાત વિસ્તારો હોય છે જેનો વિકાસ ત્યારે જ થઈ શકે જો કેટલાક વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવે. જો રાજ્યના એકમોના કોઈપણ ભાગને સબસિડી કે ગ્રાન્ટના રૂપમાં પ્રોત્સાહનો આપવામાં આવે જેથી તે પોતાની કમજોરી કે પ્રારંભિક અવસ્થામાંથી બહાર આવીને અન્યો સાથે સમાન ધોરણે સ્પર્ધા કરી શકે, તો અમારા મતે, તે સંવિધાનના ભાગ ૧૩ ના હાર્દ અને શબ્દોનું ઉલ્લંઘન કરતું નથી અને કરી શકતું નથી. જોકે, આ ત્યારે જ માન્ય છે જો કોઈ માન્ય કારણ હોય, એટલે કે, વિભેદ કરવા માટે

વાજબી અને તર્કસંગત કારણો હોય. જો કોઈ કારણ ન હોય, તો તે શત્રુતાપૂર્ણ ભેદભાવ સમાન બનશે'.[80]

૮.૧૭ માત્ર 'વિભેદ' અને 'ભેદભાવ' વચ્ચે મહત્વપૂર્ણ તફાવત છે. ભાગ ૧૩ દ્વારા ભેદભાવને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, વિભેદને નહીં. ફરીથી વિડિયો ઇલેક્ટ્રોનિક્સ માં આ કોર્ટના કેટલાક અવલોકનોનો સંદર્ભ સુસંગત રહેશે:

'... દરેક વિભેદ ભેદભાવ નથી. અનુચ્છેદ ૧૪ માં 'ભેદભાવ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી પરંતુ અનુચ્છેદ ૧૬, ૩૦૩ અને ૩૦૪(એ) માં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) માં તેનો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તેમાં ઇરાદાપૂર્વક અને હેતુપૂર્ણ વિભેદનું એક તત્વ સામેલ હોય છે જેના દ્વારા આર્થિક અવરોધ ઊભો થાય છે અને તેમાં પ્રતિકૂળ પૂર્વગ્રહનું તત્વ સામેલ હોય છે. ભેદભાવ એ અયોગ્ય વર્ગીકરણ સૂચવે છે. કાઠી રાજિંગ રાવત વિ. ધ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્ર, [૧૯૫૨] એસ.સી.આર. ૪૩૫ માં આ કોર્ટના અવલોકનોનો સંદર્ભ આપી શકાય છે જ્યાં અહેવાલના પાના નં. ૪૪૨ પર મુખ્ય ન્યાયમૂર્તિ શાસ્ત્રીએ પુનરોચ્ચાર કર્યો હતો કે તમામ કાયદાકીય વિભેદ અનિવાર્યપણે ભેદભાવપૂર્ણ હોતા નથી. અહેવાલના પાના નં. ૪૪૮ પર, ન્યાયમૂર્તિ ફઝલ અલીએ 'કારણ વિનાનો ભેદભાવ' અને 'કારણ સાથેનો ભેદભાવ' વચ્ચેના તફાવતની નોંધ લીધી હતી.

[80] એજન, પૃ. ૧૧૩

વર્ગીકરણનો સમગ્ર સિદ્ધાંત આના પર અને એ સુવિદિત હકીકત પર આધારિત છે કે જોગવાઈઓ અથવા ઉદ્દેશ્યોના એક સમૂહને આવરી લેતી પરિસ્થિતિઓ જોગવાઈઓ અને ઉદ્દેશ્યોના અન્ય સમૂહને આવરી લેતી પરિસ્થિતિઓ જેવી જ હોય તે જરૂરી નથી જેથી કરીને વિવિધ સંજોગો દ્વારા આવરી લેવામાં આવેલી જોગવાઈઓ વચ્ચે અસમાન વર્તનનો પ્રશ્ન ઊભો થતો નથી'.[81]

૮.૧૮ ઉપરોક્ત કેસમાં એક રાજ્ય દ્વારા તેના રહેવાસીઓને આપવામાં આવેલી મુક્તિ અને પ્રોત્સાહનને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરનાર તરીકે પડકારવામાં આવ્યા હતા. આર્થિક સમાનતાની વિભાવનાને માન્યતા આપતાં, આ કોર્ટે ઠેરવેલ કે :

'બદલાતી પરિસ્થિતિઓ સાથે આર્થિક અવરોધની વિભાવના ગતિશીલ અર્થમાં અપનાવવી જોઈએ. જે બાબત એક સમયે આર્થિક અવરોધ બને છે તે ઘણીવાર બીજા સમયે તેવી રહેતી નથી. સંવિધાનની ૭મી અનુસૂચિની યાદી ૨ ના વિધાન વિષયોની પૂર્ણ સત્તાઓમાંથી ઉદ્ભવતા મુક્તિ આપવાના અધિકારથી રાજ્યના લોકોને વંચિત રાખવું ખોટું ગણાશે. એક સંઘીય શાસનવ્યવસ્થામાં, મર્યાદિત સમયગાળા માટે ચોક્કસ વર્ગને મુક્તિ આપવાની સત્તા તમામ રાજ્યો ધરાવતા હોવાથી, આવી મુક્તિ આપવાની બાબત આર્થિક એકતાની વિભાવનાથી વિપરીત ઠેરવી શકાય નહીં. ભારતના લોકો દ્વારા આર્થિક એકતાની વિષયવસ્તુમાં ઔદ્યોગિક

[81] એજન, પૃ. ૧૦૬-૧૦૭.

વિકાસ હાંસલ કરવા માટે ખાસ કેસોમાં મુક્તિ આપવાની કે કરના દરમાં ઘટાડો કરવાની અથવા વૃદ્ધિ અને વિકાસમાં આર્થિક સમાનતા પ્રાપ્ત કરવા માટે કર પ્રોત્સાહનો પૂરા પાડવાની સત્તાનો અનિવાર્યપણે સમાવેશ થશે. જ્યારે તમામ રાજ્યો પાસે મુક્તિ આપવા અથવા દરો ઘટાડવા માટેની આવી જોગવાઈઓ હોય ત્યારે રાજ્યો વચ્ચે પરસ્પર આર્થિક યુદ્ધ અથવા દેશના આવા આર્થિક વિઘટનનો પ્રશ્ન જ ઊભો થતો નથી. કોઈપણ પક્ષકાર માટે એવું કહેવાનો અવકાશ નથી કે આ રીતે અથવા બીજી રીતે આમ કરવું જોઈએ અને આમ ન કરવું જોઈએ. તે નિર્વિવાદ છે કે રાજ્યો માટે કર વસૂલ કરવો અને ત્યારબાદ તે માફ કરવો અથવા સ્થાનિક ઉત્પાદકોને સબસિડીના સ્વરૂપમાં પાછો ચૂકવવો મુક્ત છે અને તેનાથી કોઈ ભેદભાવ થશે નહીં કે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નો બાધ નડશે નહીં. આ કેસમાં અને તમામ સંવિધાનિક નિર્ણયોની જેમ બાબતના સારતત્વને એ જોવા માટે તપાસવું પડશે કે શું સંવિધાનિક આદેશના ઉલ્લંઘનમાં કોઈ ભેદભાવ છે કે કેમ'.

(ભારપૂર્વક જણાવેલ)

૮.૧૯ આમ જણાવ્યા મુજબ, વિડિયો ઈલેક્ટ્રોનિક્સ માં નિર્ધારિત સિદ્ધાંત એ છે કે, જો રાજ્યના કોઈ પછાત વિસ્તારને વિકાસ માટે પ્રોત્સાહનની જરૂર હોય, અને આવા સંજોગોમાં સક્ષમ ધારાસભા દ્વારા ઈચ્છિત ચોક્કસ સમયગાળા માટે સબસિડી અથવા કર મુક્તિ દ્વારા ઉદ્યોગના વિકાસ માટે

પ્રોત્સાહનો આપવામાં આવે, તો તે સ્વીકાર્ય રહેશે અને અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરાની બહાર રહેશે. આવો રાજ્યનો અધિનિયમ સ્વાભાવિક રીતે ભેદભાવપૂર્ણ નથી, પરંતુ તેનો હેતુ આર્થિક સમાનતા સુનિશ્ચિત કરવાનો છે જે આર્થિક એકતાનું એક પાસું છે.

૮.૨૦ ચોક્કસ પ્રદેશના વિકાસ તરફ નિર્દેશિત રાજ્યનો કાયદો ભાગ ૧૩ હેઠળ સ્વીકાર્ય છે. તેના સમર્થનમાં, આપણે "જાહેર હિત" અને "સામાન્ય જનતાના હિત" ની વિભાવનાઓ સાથે સંકળાયેલી સંવિધાન સભાની ચર્ચાઓનો ફરીથી ઉલ્લેખ કરી શકીએ છીએ. મૂળભૂત અધિકારો સાથે સંબંધિત પ્રકરણમાં ખંડ ૧૩ રજૂ કરવામાં આવ્યો હતો જેમાં વાજબી નિયંત્રણને આધીન મુક્ત વેપાર, વાણિજ્ય અને વ્યવહારના અધિકારને મૂળભૂત અધિકાર બનાવવામાં આવ્યો હતો. પંડિત ઠાકુર દાસ ભાર્ગવે 'સામાન્ય જનતાના હિતો' ના સ્થાને 'જાહેર હિત' શબ્દો મૂકવા માટે એક સુધારો[82] રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો, તેમણે કહ્યું હતું કે:

> 'હું દાવો કરું છું કે આ બંને શબ્દપ્રયોગો વચ્ચે ઘણો મોટો તફાવત છે. રાજ્યના સંદર્ભમાં 'જાહેર હિત' માં વધુમાં વધુ તે રાજ્યના રહેવાસીઓના હિતોનો જ સમાવેશ થશે, જોકે 'જાહેર' શબ્દમાં જનતાના ભાગોનો સમાવેશ થાય છે. તેથી, રાજ્યના રહેવાસીઓના એક ભાગના હિતોનો અર્થ પણ 'જાહેર હિત' થશે, જ્યારે જો તમે "સામાન્ય જનતાના હિતો"

[82] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, ૧૯૪૯, વોલ્યુમ ૯, પૃષ્ઠ ૧૧૪૫. [એટલે કે યાદી ૪ (સાતમો સમાહ) નો સુધારો નં. ૨૬૯, પ્રસ્તાવિત નવા અનુચ્છેદ ૨૭૪-ડી ના ખંડ (બી) માં, 'જાહેર હિતમાં' શબ્દોના સ્થાને, 'સામાન્ય જનતાના હિતો અને અનુચ્છેદ ૧૩ ની જોગવાઈ સાથે અસંગત ન હોય' શબ્દો પ્રતિસ્થાપિત કરવામાં આવે.]

શબ્દોનો ઉપયોગ કરો છો તો તે સમગ્ર ભારતના સામાન્ય લોકોના હિતોનો સંદર્ભ આપશે. એવું બની શકે છે કે ઘણા પ્રસંગોએ ડૉ. આંબેડકરના સુધારામાં સમજવામાં આવેલા જાહેર હિત અને અનુચ્છેદ ૧૩ માં વપરાયેલા 'સામાન્ય જનતાના હિતો' વચ્ચે સંઘર્ષ ઊભો થઈ શકે. જ્યારે આવો સંઘર્ષ ઊભો થાય ત્યારે જો આપણે "સામાન્ય જનતાના હિતમાં" શબ્દોની જગ્યાએ 'જાહેર હિત' શબ્દો સ્વીકારીએ તો તે સામાન્ય હિત સામે પ્રાંતવાદ અને અમુક લોકોના હિતોને પ્રોત્સાહન આપવા સમાન બનશે'[83].

૮.૨૧ આ સુધારો નકારી કાઢવામાં આવ્યો હતો. આ સુધારો પસાર ન થયો તે હકીકત એ દર્શાવે છે કે 'જાહેર હિત' નો અર્થ એવો પ્રાદેશિક હિત હોઈ શકે છે જેને સુરક્ષિત રાખવાની જરૂર છે જે કદાચ 'સામાન્ય જનતાના હિતમાં' ન હોય પરંતુ કોઈ નાના પ્રદેશ માટે વિશિષ્ટ હોય. વિડિયો ઇલેક્ટ્રોનિક્સ માં આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની ખંડપીઠ દ્વારા 'ભેદભાવ' શબ્દનું જે રીતે અર્થઘટન કરવામાં આવ્યું છે તેનાથી આવા અર્થઘટનને સમર્થન મળે છે. આમ કહી શકાય કે ભાગ ૧૩ માં સમાન સૂત્ર આર્થિક એકતા અને સમાનતાની પ્રાપ્તિ છે જે જ્યાં પણ જરૂરી હોય ત્યાં વાજબી અને તર્કસંગત કારણોસર વિભેદને સંપૂર્ણપણે બાકાત રાખતું નથી. ભાગ ૧૩ નું હાર્દ અને આત્મા ભારતના ક્ષેત્ર પ્રદેશમાં શત્રુતાપૂર્ણ ભેદભાવને નાબૂદ કરવાનો છે.

[83] કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, ૧૯૪૯, વોલ્યુમ ૯, પૃ. ૧૧૨૫.

૮.૨૨ બીજું પાસું એ છે કે અનુચ્છેદ ૩૦૪ (એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદવા પર એક મર્યાદા છે. આ સત્તા એ શરતને આધીન છે કે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ પર પણ કર લાદવામાં આવે, જેથી રાજ્યની બહારથી આયાત કરાયેલા માલ વચ્ચે ભેદભાવ ન થાય. અનુચ્છેદ ૩૦૪(એ) આયાત કરાયેલા માલ પર આવો કર લાદવા માટે રાજ્યની ધારાસભા પર કોઈ મર્યાદા નથી. અનુચ્છેદ ૩૦૪ (એ) હેઠળ પરિકલ્પિત એકમાત્ર શરત એ છે કે, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર તેમજ જો તે માલ તે રાજ્યમાં ઉત્પાદિત થયો હોય તો તેના પર પણ સમાન કર લાદવાપાત્ર છે.

૮.૨૩ એવી દલીલ કે કર લાદવાની સત્તા અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં નહીં પરંતુ અનુચ્છેદ ૩૦૪ (એ) માં રહેલી છે, તે સાચી નથી. અનુચ્છેદ ૩૦૪ માં આવતા "કાયદા દ્વારા કરી શકશે" શબ્દો વિધાન સત્તાનો સ્ત્રોત નથી. જો રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદવાનું નક્કી કરે તો તે રાજ્યોને આપવામાં આવેલો એક વિકલ્પ છે. વિધાન સત્તાનો સ્ત્રોત અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં રહેલો છે જે નિર્વિવાદ છે. આ સત્તા કોઈ ગર્ભિત મર્યાદાને આધીન નથી. સરળ વાંચન દર્શાવે છે કે આપેલ પરિસ્થિતિમાં, રાજ્ય પોતાની પસંદગીથી અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈ કર ન લાદવાનો નિર્ણય કરી શકે છે અથવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા અમુક માલ પર કર લાદવાનો વિકલ્પ પસંદ કરી શકે છે. ખરેખર તમામ પ્રવેશ કર કાયદાઓમાં,

ચાર્જિંગ કલમ ફક્ત અનુસૂચિત માલ પર જ પ્રવેશ કર લાદવા સક્ષમ બનાવે છે. અનુસૂચિત માલ એવો માલ છે જેને પ્રવેશ કર આકર્ષિત કરતો જાહેર કરવામાં આવ્યો હોય.

૮.૨૪ ભેદભાવ એ એક સાપેક્ષ વિભાવના છે; ભેદભાવ કરવા માટે એક સંદર્ભ બિંદુની જરૂર પડે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યને કર લાદવાની મંજૂરી આપતી સક્ષમ જોગવાઈ હોવાને બદલે એક પ્રતિબંધિત જોગવાઈ છે, જે માલ પર એવો કર લાદતા અટકાવે છે જેના પરિણામે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવ સર્જાય. તેનો ઉદ્દેશ્ય સ્થાનિક માલ પર લાગતા કર કરતાં વધુ દરે આવા માલ પર કર લાદીને આયાત કરેલા માલ સામેના ભેદભાવને રોકવાનો છે કારણ કે બંને દરો વચ્ચેનો તફાવત જકાતની દીવાલ અથવા નાણાકીય અવરોધ ઊભો કરશે અને આ રીતે આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને અવરોધશે. જ્યાં માલનું રાજ્યમાં જ ઉત્પાદન કે નિર્માણ થતું નથી તેવી પરિસ્થિતિમાં તે કર લાદવા પર આપમેળે પ્રતિબંધ મૂકતો નથી અને આયાત કરાયેલા માલ પર કર લાદવાની રાજ્યની સત્તાને અસર કરતો નથી. તે ફક્ત રાજ્યની અંદર ઉત્પાદિત ઉત્પાદનો વિરુદ્ધ આયાત કરેલા માલ પર કર લાદવાના આધારે ભેદભાવને પ્રતિબંધિત કરે છે જે ત્યારે જ બનશે જો કર લાદતા રાજ્યમાં ઉત્પાદનની પૂર્વશરત સંતોષાતી હોય.

૮.૨૫ વેચાણ વેરાના સંદર્ભમાં મુક્તિ/સેટ ઓફ/ક્રેડિટ અંગે વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિશ્રી દ્વારા આપવામાં આવેલા તારણો અને કારણો સાથે હું સહમત છું.

૮.૨૬ આ કોર્ટ દ્વારા ઓટોમોબાઇલ માં વિકસાવવામાં આવેલા વળતરરૂપી કરના સિદ્ધાંત પર ખાસ્સી ચર્ચા થઈ હતી. હું વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિશ્રીના ચુકાદામાં વિચારણા, તર્ક અને તારણ સાથે આદરપૂર્વક સહમત છું, જેમણે ઠેરવ્યું હતું કે વળતરરૂપી કરની વિભાવનાનો ન તો કોઈ ન્યાયશાસ્ત્રીય આધાર છે અને ન તો તે ભારતીય સંવિધાનિક કાયદાનો ભાગ છે. એ નોંધવું રસપ્રદ અને સ્પષ્ટ છે કે મુસદ્દો તૈયાર કરવાના તબક્કે, પેટા સમિતિ તેમજ સલાહકાર સમિતિ દ્વારા વિચારણાના તબક્કે અને જ્યારે સંવિધાન સભા દ્વારા ભાગ ૧૦એ (હવે ભાગ ૧૩) અપનાવવામાં આવ્યો ત્યારે, એક ક્ષણ માટે પણ વળતરરૂપી કરના સિદ્ધાંતનો વિચાર કરવામાં આવ્યો ન હતો.

## <u>ભાગ–૯: તારણો</u>

૯.૧ ઉપર મુજબના વિશ્લેષણ અને તર્ક પરથી નીચે મુજબના તારણો ફલિત થાય છે—

એ. સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) ની મર્યાદા સિવાય ભાગ ૧૩ તેના દાયરામાં કરવેરા કાયદાઓની પરિકલ્પના કરતો નથી.

બી. અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) વિયોજક છે.

સી. સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ દર્શાવેલા નિયંત્રણોમાં કરવેરાનો સમાવેશ થતો નથી.

ડી. એવું કહેવું સાચું નથી કે જે માલ પર કર લાદવામાં આવી રહ્યો છે તે રાજ્યમાં ઉત્પાદિત થતો ન હોવાથી કર લાદવાની સત્તા નાબૂદ થઈ જાય છે, એટલે કે, જો રાજ્યની અંદર માલનું ઉત્પાદન કે નિર્માણ ન થતું હોય તો અનુચ્છેદ ૩૦૪ (એ) કર લાદવા પર પ્રતિબંધ મૂકતો નથી.

ઈ. સંવિધાનનો અનુચ્છેદ ૩૦૪(એ) ભેદભાવ (સંરક્ષણવાદ માટે) સામે રક્ષણ આપે છે અને માત્ર વિભેદ સામે નહીં.

૯.૨ આ કેસ પૂર્ણ કરતાં પહેલાં, કોર્ટ સમક્ષ જે રીતે આ કેસની સુનાવણી હાથ ધરવામાં આવી તે બદલ હું મારી પ્રશંસા વ્યક્ત કરવા માંગુ છું. એટર્ની જનરલનો વિશેષ ઉલ્લેખ કરવો અને આભાર માનવો જરૂરી છે, જેઓ ઉપસ્થિત રહ્યા હતા અને કોર્ટને સહાય કરી હતી. છેલ્લે, યુવા વકીલો પોતાના વરિષ્ઠોને સક્ષમતાથી સહાય કરતા જોવા મળ્યા તે એક અદ્ભુત દ્રશ્ય હતું જે ભારતીય સુપ્રિમ કોર્ટ બારની જીવંતતા દર્શાવે છે.

## આર. ભાનુમતી, ન્યાયમૂર્તિ

૧. મેં માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રીનો ચુકાદો વાંચી જોયો છે. હું અમુક ઉમેરાઓ સાથે પ્રશ્ન નં. ૧ અને ૪ પર માનનીય મુખ્ય ન્યાયમૂર્તિશ્રી દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણ સાથે સહમત છું. પ્રશ્ન નં. ૨ અને ૩ પર, 'વળતરરૂપી

કર' ના પ્રશ્ન પર જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) ને રદબાતલ ઠેરવતા મુખ્ય ન્યાયમૂર્તિશ્રીના મંતવ્યો સાથે સહમત થતાં, મેં મારા કારણો નોંધ્યા છે જે મારા મતે સ્પષ્ટ કરવા જરૂરી છે.

નિર્ણય કરવા માટે કાયદાના મહત્ત્વના પ્રશ્નો ઉપસ્થિત થાય છે જે વેપાર, વાણિજ્ય અને વ્યવહાર તથા રાષ્ટ્રની આર્થિક એકતાના દ્રષ્ટિકોણથી નોંધપાત્ર મહત્વ ધરાવે છે, તેથી હું મારા તારણો માટે મારા પોતાના કારણો આપવા માંગુ છું.

૧(એ). **પ્રશ્ન નં. ૧ :—** સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલા મુક્ત વેપાર, વાણિજ્ય અને વ્યવહારના અધિકાર પર બિન–ભેદભાવપૂર્ણ કર આપમેળે કોઈ નિયંત્રણ ઊભું કરતો નથી તેવું ઠેરવતા મુખ્ય ન્યાયમૂર્તિશ્રીના તારણ સાથે હું સહમત છું. અતિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ ના નિર્ણયો જે હદ સુધી જાહેર કરે છે કે સામાન્ય રીતે કરવેરા વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો છે, તે હદ સુધી તેમને રદબાતલ ઠેરવતા મંતવ્ય સાથે પણ હું સહમત છું. જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ ને રદબાતલ ઠેરવતા મુખ્ય ન્યાયમૂર્તિશ્રી દ્વારા લેવાયેલા દ્રષ્ટિકોણ સાથે પણ હું સહમત છું. જ્યાં સુધી ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં વિકસાવવામાં આવેલી વળતરરૂપી કરની વિભાવનાનો સંબંધ છે, મારો એવો અભિપ્રાય

છે કે, વર્તમાન ચુકાદા જેવા ત્યારપછીના ન્યાયિક ચુકાદામાં વળતરરૂપી કરને ત્યજી દેવાથી સંબંધિત રાજ્યોના હિતો પર પ્રતિકૂળ અસર પડી શકે છે.

૧(બી). **પ્રશ્ન નં. ૪:**— હું મુખ્ય ન્યાયમૂર્તિશ્રી દ્વારા પ્રશ્ન નં. ૪ પર લેવાયેલા દ્રષ્ટિકોણ સાથે સહમત છું, જોકે નીચેના ઉમેરાઓ સાથે:—

(૧) જ્યારે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા એન્ટ્રી ટેક્સ એક્ટ દ્વારા પ્રવેશ કર લાદવામાં આવે છે, ત્યારે પ્રવિષ્ટિ ૫૨ દ્વારા પરિકલ્પિત 'સ્થાનિક વિસ્તાર' શબ્દ 'સમગ્ર રાજ્ય' અથવા કાયદામાં અધિસૂચિત કર્યા મુજબના 'સ્થાનિક વિસ્તાર'ને આવરી લઈ શકે છે. હું બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં લેવાયેલા તે દ્રષ્ટિકોણ સાથે સહમત છું કે પ્રવેશ કરના દ્રષ્ટિકોણથી રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સંગ્રહ છે અને જ્યાં સદર અધિનિયમ દ્વારા પરિકલ્પિત સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યને આવરી લે છે, ત્યાં રાજ્ય અને 'સ્થાનિક વિસ્તાર' વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે અદ્રશ્ય થઈ જાય છે.

(૨) અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર પ્રવેશ કર લાદવાની વૈધાનિક સત્તા રાજ્યો પાસે છે જ્યારે અન્ય દેશોમાંથી આયાત કરાયેલો તે માલ તેમાં ઉપયોગ, વપરાશ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે છે.

(૩) સ્થાનિક રીતે ઉત્પાદિત માલ માટે રાજ્ય દ્વારા આપવામાં આવતી કર રાહતો/લાભો/સબસિડી ચોક્કસ સમયગાળા પૂરતી જ મર્યાદિત હોવી અનિવાર્યપણે જરૂરી નથી.

૧(સી). **પ્રશ્ન નં. ૨ અને ૩:—**

પ્રશ્ન નં. ૧ પરના તારણોના પ્રકાશમાં જ્યાં સુધી વળતરરૂપી કરનો સંબંધ છે, હું ઠેરવું છું કે ઓટોમોબાઇલ ના અનુસંધાનમાં યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવતા કરવેરાને આપવામાં આવેલું 'વળતરરૂપી' નામકરણ અયોગ્ય છે. વળતરરૂપી કરની વિભાવના પચાસ વર્ષ પહેલાં ન્યાયિક ચુકાદાઓ દ્વારા વિકસાવવામાં આવી હતી. તે સમયની કસોટી પર ખરી ઉતરી છે અને તેથી, વર્તમાન ચુકાદા જેવા કોઈપણ ત્યારપછીના ન્યાયિક ચુકાદાથી સંબંધિત પક્ષકારોના હિતો પર પ્રતિકૂળ અસર પડવી જોઈએ નહીં. માત્ર ઓટોમોબાઇલ અને તેના પછીના કેસોમાં ન્યાયિક અર્થઘટનો અને નવીનતાઓના કારણે જ રાજ્ય સરકારોને આવકનું કોઈ નુકસાન થવું જોઈએ નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટી પાર કરવાને આધીન રહીને, યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર, ભલે તેને વળતરરૂપી કર તરીકે ઓળખવામાં આવ્યો હોય, તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. મારા મતે, જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ માં પરિમાણપાત્ર માહિતીનો અભિગમ અપનાવવો એ યોગ્ય દ્રષ્ટિકોણ નથી: કર માટે, નિકટવર્તી

અવેજની કોઈ જરૂરિયાત હોતી નથી અને જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) ને રદબાતલ ઠેરવવામાં આવે છે. હું ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં લેવાયેલા દ્રષ્ટિકોણ સાથે સહમત છું કારણ કે તે ઓટોમોબાઇલ માં નિર્ધારિત વળતરરૂપી કરના મૂળ માળખા સાથે સુસંગત છે.

૧(ડી). ઉપરોક્ત તારણો માટે, મેં ચર્ચાના નીચેના શીર્ષકો હેઠળ મારા મંતવ્યો અને કારણો રજૂ કર્યા છે:—

- પ્રસ્તાવના ..... [પેરા નં. ૧–૧(ડી)]
- સંદર્ભની પૃષ્ઠભૂમિ ..... [પેરા નં. ૨–૭]
- સંવિધાનનું માળખું/વૈધાનિક સત્તાઓની વહેંચણી ..... [પેરા નં. ૮–૧૪]
- વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતા ..... [પેરા નં. ૧૫–૨૭]
- અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા સંવિધાનના ભાગ ૧૩ અને અન્ય ભાગો જેવા કે ભાગ ૩, ૪, ૧૨ વગેરેને આધીન છે ..... [પેરા નં. ૨૮–૩૫]
- આનુષંગિક પ્રશ્નો સાથે પ્રશ્ન નં. ૧ ..... [પેરા નં. ૩૬–૧૦૩]
- આનુષંગિક પ્રશ્નો સાથે પ્રશ્ન નં. ૪ ..... [પેરા નં. ૧૦૪–૧૭૭]

- પ્રશ્ન નં. ૨ અને ૩ ..... [પેરા નં. ૧૭૮–૧૯૧]
- અન્યાયી સમૃદ્ધિ ..... [પેરા નં. ૧૯૨–૧૯૮]
- તારણો ..... [પેરા નં. ૧૯૯]

***સંદર્ભની પૃષ્ઠભૂમિ:***

૨. ઓટોમોબાઈલ માં વળતરરૂપી કરની વિભાવના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓના અપવાદ તરીકે ન્યાયિક રીતે વિકસાવવામાં આવી છે. ૧૯૯૫ પહેલાંના નિર્ણયોમાં ઠેરવવામાં આવ્યું હતું કે સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલના પ્રવેશ પર લાદવામાં આવેલ પ્રવેશ કર એ વળતરના સ્વરૂપમાં છે, જેની સાથે વેપારીઓને ઉપલબ્ધ કરાવવામાં આવેલી હાલની સુવિધાનો ખર્ચ, અથવા વેપારીઓને પૂરી પાડવા માટે આયોજિત ચોક્કસ સુવિધાનો ખર્ચ, વધતે–ઓછે અંશે અનુરૂપ હોવો જોઈએ. ૧૯૯૫ પહેલાંના નિર્ણયોમાં એ બાબત પર વધુ ભાર મૂકવામાં આવ્યો હતો કે તાત્કાલિક અથવા ભવિષ્યમાં વેપાર સુવિધાઓ પૂરી પાડવા અથવા તેમાં વધારો કરવાના કારણે થતા ખર્ચાઓને પહોંચી વળવાના ચોક્કસ ઉદ્દેશ્ય માટે જ કર લાદવો આવશ્યક છે; શરત એ છે કે જે કર એકત્રિંત કરવાનો પ્રયાસ કરવામા આવે છે તે સેવા અથવા સુવિધાના ખર્ચ પરના વાસ્તવિક અથવા અંદાજિત ખર્ચ સાથે વાજબી સંબંધ પર આધારિત હોય. પરંતુ ભગતરામ રાજીવકુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ

ટેક્સ, એમ.પી. અને અન્ય ૧૯૯૫ સપ્લી. (૧) એસ.સી.સી. ૬૭૩ અને સ્ટેટ ઓફ બિહાર અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬ ના નિર્ણયોમાં ઠેરવવામાં આવ્યું હતું કે જો કર લાદવાનો ઉદ્દેશ્ય વેપારીઓને કોઈ વિશેષ લાભ આપવાનો ન હોય, પરંતુ વેપારીઓ સહિત સામાન્ય જનતાને લાભ પહોંચાડવાનો હોય તો પણ સદર ઉઘરાતને વળતરરૂપી ગણી શકાય છે. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં, આ કોર્ટે એ સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો કે કર અને વેપાર સુવિધાઓ વચ્ચેનો "અમુક સંબંધ" તેને વળતરરૂપી કર તરીકે દર્શાવવા માટે પૂરતો છે. કોર્ટે આગળ વધીને એવું ઠેરવ્યું હતું કે રાજ્યના વિવિધ સ્થાનિક વિસ્તારોમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવાના કારણે વેપારીઓને થતો પરોક્ષ અથવા આનુષંગિક લાભ કાયદેસર રીતે વળતરરૂપી કરની વિભાવના હેઠળ લાવી શકાય છે અને વળતરરૂપી કર તથા વેપાર સુવિધા વચ્ચેનો સંબંધ પ્રત્યક્ષ કે ચોક્કસ હોવો અનિવાર્ય નથી. જિંદાલ સ્ટ્રાઈપ લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦ માં, આ કોર્ટે વળતરરૂપી કરના સંદર્ભમાં સત્તાવાર રીતે સિદ્ધાંતો નિર્ધારિત કરવા માટે આ બાબત બંધારણીય બેંચને મોકલી આપી હતી.

૩. જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૭૧ માં, બંધારણીય બેંચે વળતરરૂપી કર સંબંધિત વિવિધ નિર્ણયોની વિચારણા કરી હતી અને ઠેરવ્યું હતું કે

જ્યારે પણ વળતરરૂપી કર લાદતા કાયદાને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનકર્તા તરીકે પડકારવામાં આવે છે, ત્યારે કોર્ટે એ જોવાનું રહે છે કે શું વાદગ્રસ્ત કાયદો પ્રથમ દર્શનીય રીતે તે પરિમાણપાત્ર માહિતી સાથે પ્રમાણસરતા દર્શાવે છે કે જેના આધારે વળતરરૂપી કર લાદવાનો પ્રયાસ કરવામાં આવે છે. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું:

"૪૬. ...તેણે પરિમાણપાત્ર લાભ સાથે વ્યાપકપણે પ્રમાણસરતા દર્શાવવી આવશ્યક છે. જો જોગવાઈઓ અસ્પષ્ટ હોય અથવા જો સદર અધિનિયમ પ્રથમ દર્શનીય રીતે પરિમાણપાત્ર લાભ દર્શાવતો ન હોય તો પણ, સેવા/સુવિધા પૂરી પાડનાર તરીકે રાજ્ય પર કોર્ટ સમક્ષ સામગ્રી રજૂ કરીને એ દર્શાવવાની જવાબદારી રહેશે કે, વળતરરૂપી કરની ચુકવણી એ તેના કરદાતા(ઓ)ને પૂરા પાડવામાં આવેલા અથવા પૂરા પાડવામાં આવનાર પરિમાણપાત્ર/માપી શકાય તેવા લાભનું વળતર/ભરપાઈ છે. જેવું એ દર્શાવવામાં આવે કે સદર અધિનિયમ વેપારની સ્વતંત્રતા પર તરાપ મારે છે, તેવું એ તપાસવું જરૂરી બને છે કે શું રાજ્યે સાબિત કર્યું છે કે કરવેરાના રૂપમાં તેના દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો અનુચ્છેદ ૩૦૪ (બી) ના અર્થમાં વાજબી અને જાહેર હિતમાં છે."

૪. બંધારણીય બેંચે વધુમાં ઠેરવ્યું કે ભગતરામ માં પ્રતિપાદિત "અમુક સંબંધ" ની કસોટી માત્ર ઓટોમોબાઇલ માં રજૂ કરાયેલી કાર્યકારી કસોટીની વિરુદ્ધ જ ન હતી પરંતુ તેણે વળતરરૂપી કરના મૂળ આધારને જ નષ્ટ કરી દીધો

હતો. તેથી એવું ઠેરવવામાં આવ્યું હતું કે ભગતરામ માં પ્રતિપાદિત "અમુક સંબંધ" ની કસોટી યોગ્ય અભિપ્રાય ન હતો અને ભગતરામ તથા બિહાર ચેમ્બર ઓફ કોમર્સ ના ચુકાદાઓને રદબાતલ ઠેરવવામાં આવ્યા હતા.

૫. તારીખ ૧૩.૦૪.૨૦૦૬ ના રોજ જિંદાલ સ્ટેનલેસ (૨) માં બંધારણીય બેંચના ચુકાદા પછી, આ મામલો ડિવિઝન બેંચ સમક્ષ ગયો, જેણે જિંદાલ સ્ટેનલેસ લિ. (૩) અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૭૧ માં અહેવાલ થયેલા તારીખ ૧૪.૦૭.૨૦૦૬ ના પોતાના હુકમ દ્વારા, બંધારણીય બેંચ દ્વારા નિર્ધારિત સિદ્ધાંતોના પ્રકાશમાં પડકારની પુનઃ તપાસ કરવા હાઇકોર્ટોને નિર્દેશ આપ્યો હતો. આમ કરતી વખતે, આ કોર્ટે જાન્યુઆરી, ૨૦૦૭ માં અપીલોને સૂચિબદ્ધ કરવાનો નિર્દેશ આપીને અપીલો પર પોતાની હકૂમત જાળવી રાખી હતી અને તે દરમિયાન સંબંધિત પક્ષકારોને રેકોર્ડ પર સામગ્રી રજૂ કરવાની તકો આપ્યા પછી સદર અધિનિયમ સામેના પડકારનો નિકાલ કરવા હાઇકોર્ટોને વિનંતી કરી હતી. આ રીતે મામલો રિમાન્ડ થયા પછી, જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) માં બંધારણીય બેંચ દ્વારા નિર્ધારિત પરિમાણોના અનુસંધાનમાં, પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે તારીખ ૧૪.૦૩.૨૦૦૭ ના ચુકાદા દ્વારા એવો દ્રષ્ટિકોણ અપનાવ્યો હતો કે હરિયાણા લોકલ એરિયા ડેવલપમેન્ટ એક્ટ, ૨૦૦૦ હેઠળની ઉઘરાત વળતરરૂપી ન હતી. હરિયાણા રાજ્યે સિવિલ અપીલ નં. ૪૭૧૫/૨૦૦૮ માં ઉપરોક્ત તારીખ ૧૪.૦૩.૨૦૦૭ ના ચુકાદાને પડકાર્યો હતો અને અલગ કેસોમાં હુકમોને પડકારતી અન્ય કેટલીક અપીલો દાખલ કરી હતી.

૬. સંવિધાનના અનુચ્છેદ ૩૦૧, ૩૦૪ અને ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓ સંબંધિત મુદ્દાઓના મહત્વને ધ્યાનમાં રાખીને, જયપ્રકાશ એસોસિએટ્સ લિ. વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ અને અન્ય (૨૦૦૯) ૭ એસ.સી.સી. ૩૩૯ [બે ન્યાયમૂર્તિઓ] માં, એવું જણાવીને કે વળતરરૂપી કરની વિભાવના એ ન્યાયિક રીતે વિકસાવવામાં આવેલી વિભાવના છે અને એક રીતે સંઘીય નિયંત્રણ અને રાજ્ય કરવેરા બોર્ડ વચ્ચે સંતુલન પરિબળ પૂરું પાડે છે, આ મામલો સંવિધાનના અનુચ્છેદ ૧૪૫(૩) મુજબ બૃહદ બેંચ સમક્ષ સંદર્ભિત કરવામાં આવ્યો હતો. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે આ વિભાવનાનો આધાર વાહનવ્યવહારના કેસોમાં રહેલો હતો અને તે પ્રવેશ કરની સામાન્ય ધારણાને લાગુ પડતી ન હતી. કોર્ટે સંવિધાનના અનુચ્છેદ ૧૪૫(૩) મુજબ અપીલોના જૂથને બૃહદ બેંચ સમક્ષ સંદર્ભિત કરવું જરૂરી માન્યું અને સંદર્ભ માટે દસ પ્રશ્નો ઘડ્યા હતા. ત્યારબાદ, જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૫૯૫ માં, જયપ્રકાશ એસોસિએટ્સ માં કરાયેલા સંદર્ભનો ઉલ્લેખ કર્યા પછી, આ મામલો બૃહદ બેંચ સમક્ષ સંદર્ભિત કરવામાં આવ્યો હતો. તદનુસાર, આ બાબતો હવે આ બૃહદ બેંચ સમક્ષ છે.

૭. જોકે સંદર્ભ માટે દસ પ્રશ્નો ઘડવામાં આવ્યા હતા, પરંતુ જ્યારે આ બાબતો આ બૃહદ બેંચ સમક્ષ વિચારણા માટે આવી ત્યારે વિચારણા માટેના મુદ્દાઓને સંક્ષિપ્ત કરીને નીચે મુજબના ચાર પ્રશ્નો બનાવવામાં આવ્યા હતા:—

(૧) શું બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો તે સ્વયંભૂ રીતે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બની શકે?

(૨) જો પ્રશ્ન નં. ૧ નો જવાબ હકારાત્મક હોય, તો શું વળતરરૂપી પ્રકૃતિનો કર પણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરી શકે?

(૩) કર કે ઉઘરાત વળતરરૂપી પ્રકૃતિની છે કે કેમ તે નક્કી કરવા માટેની કસોટીઓ કઈ છે?

(૪) શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘનકર્તા છે અને ખાસ કરીને શું પ્રવેશ કર સંબંધિત વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના બંને અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) ના સંદર્ભમાં તેની ચકાસણી કરવાની રહેશે?

***સંવિધાનનું માળખું/વૈધાનિક સત્તાઓની વહેંચણી:***

૮. સંવિધાનનો અનુચ્છેદ ૧ ભારતનું વર્ણન રાજ્યોના સંઘ તરીકે કરે છે, જે તેની એકતાના અવિનાશી સ્વરૂપને સૂચિત કરે છે. દેશ રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશો તરીકે ઓળખાતા અનેક એકમોમાં વિભાજિત છે અને સંવિધાન માત્ર સંઘ સરકારનું માળખું જ નહીં પરંતુ રાજ્ય સરકારોનું માળખું પણ નિર્ધારિત કરે છે.

૯. સંવિધાનનો અનુચ્છેદ ૨૪૫ "સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ" સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૨૪૫(૧) એવી જોગવાઈ કરે છે કે સંસદ ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડી શકે છે, અને રાજ્યનું વિધાનમંડળ સમગ્ર રાજ્ય માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડી શકે છે. વિધાનના વિષયો મુજબ, સંવિધાનના સાતમા પરિશિષ્ટમાં સમાવિષ્ટ ત્રણ યાદીઓના સંદર્ભમાં સંઘ અને રાજ્યો વચ્ચે તમામ કલ્પી શકાય તેવા વિષયોની વહેંચણી કરવામાં આવી છે. ત્રણેય યાદીઓ સંપૂર્ણ છે, તેમ છતાં સિદ્ધાંતના ભાગરૂપે અને અણધાર્યા સંજોગોને પહોંચી વળવા માટે પણ, અનુચ્છેદ ૨૪૮ અને યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૭ એવી જોગવાઈ કરે છે કે અવશિષ્ટ સત્તા સંઘમાં નિહિત છે એટલે કે સંસદ પાસે સમવર્તી અથવા રાજ્ય યાદીમાં ઉલ્લેખ ન હોય તેવી કોઈપણ બાબત સંબંધે કોઈપણ કાયદો ઘડવાની અનન્ય સત્તા છે.

૧૦. અનુચ્છેદ ૨૪૬ એવી જોગવાઈ કરે છે કે યાદી ૧ માં દર્શાવેલ બાબતોના સંબંધમાં, સંસદ પાસે અનન્ય અધિકારક્ષેત્ર છે; યાદી ૨ માં દર્શાવેલ બાબતોના સંબંધમાં, રાજ્ય વિધાનમંડળો પાસે અનન્ય અધિકારક્ષેત્ર છે; અને યાદી ૩ માં દર્શાવેલ બાબતોના સંબંધમાં, અનુચ્છેદ ૨૫૪ માં નિર્ધારિત શિસ્તને આધીન રહીને તે બંને કાયદો ઘડી શકે છે. પરંતુ યાદી ૧ ની બાબતોના સંબંધમાં સંસદની સત્તા અનુચ્છેદ ૨૪૬ ના "ખંડ (૨) અને (૩) માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં" ની છે. બીજા શબ્દોમાં કહીએ તો, યાદી ૧ ને યાદી ૩ અને ૨ કરતાં અગ્રતા છે; અને યાદી ૩ ને યાદી ૨ કરતાં અગ્રતા છે. સંઘ અને રાજ્ય વચ્ચેના

વૈધાનિક સંબંધોનું માળખું અનુલ્લંઘનીય છે. [એ. કે. ગોપાલન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ એ.આઇ.આર. ૧૯૫૦ એસ.સી. ૨૭]

૧૧. અનુચ્છેદ ૨૪૫(૧) ના પ્રારંભિક શબ્દો જણાવે છે તેમ, સંઘ અને રાજ્ય વિધાનમંડળો બંનેની વૈધાનિક સત્તાઓ સંવિધાનની અન્ય જોગવાઈઓને આધીન છે, જોકે સંવિધાન દ્વારા તેમને અનુક્રમે સોંપવામાં આવેલા ક્ષેત્રોમાં તેમની સત્તાઓ સંપૂર્ણ છે. રાજ્ય વિધાનમંડળની વૈધાનિક સક્ષમતા માત્ર સંવિધાનમાં જ સમાવિષ્ટ સ્પષ્ટ મનાઈ દ્વારા જ મર્યાદિત કરી શકાય છે. જ્યાં સુધી સંવિધાનમાં કોઈ એવી જોગવાઈ ન હોય કે જે તે વિષય પર સંપૂર્ણપણે અથવા શરતી રીતે કાયદો ઘડવાની સ્પષ્ટપણે મનાઈ ફરમાવતી હોય, ત્યાં સુધી સંવિધાનના સાતમા પરિશિષ્ટની યાદી ૨ અને યાદી ૩ માં દર્શાવેલા વિષયો પર કાયદો ઘડવા માટે રાજ્ય વિધાનમંડળો ભોગવતા હોય તેવી સંપૂર્ણ સત્તાઓ પર કોઈ બંધન કે મર્યાદા નથી. એ નોંધનીય છે કે જોકે અનુચ્છેદ ૨૪૫ ની શરૂઆત 'આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને...' શબ્દોથી થાય છે; પરંતુ અનુચ્છેદ ૨૪૬ ની થતી નથી. પરંતુ અનુચ્છેદ ૨૪૬ માત્ર અનુચ્છેદ ૨૪૫ હેઠળ પ્રદાન કરવામાં આવેલી વૈધાનિક સત્તાઓની વહેંચણીની જ જોગવાઈ કરતો હોવાથી, 'સંવિધાનની જોગવાઈઓને આધીન' શબ્દો અનુચ્છેદ ૨૪૬ ને પણ સમાન રીતે લાગુ પડે છે.

૧૨. કાયદા ઘડવાની સંસદ અને રાજ્ય વિધાનમંડળની સત્તા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ માંથી ઉદ્ભવે છે. મહારાજ ઉમેગ સિંહ અને અન્ય વિ. ધ સ્ટેટ

ઓફ બોમ્બે અને અન્ય, ૧૯૫૫ (૨) એસ.સી.આર. ૧૬૪ માં સંઘ અને રાજ્યની વૈધાનિક સત્તાઓના સ્ત્રોતની વિચારણા કરતાં, નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:—

> "અનુચ્છેદ ૨૪૬ હેઠળ રાજ્ય વિધાનમંડળને સંવિધાનના સાતમા પરિશિષ્ટની યાદી ૨ અને ૩ માં દર્શાવેલ વિષયો પર કાયદો ઘડવાની સત્તા આપવામાં આવી હતી અને આ સત્તા અનુચ્છેદ ૨૪૫(૧) ના આધારે સંવિધાનની જોગવાઈઓને આધીન હતી."

૧૩. આ કોર્ટની બંધારણીય બેંચે કે. ટી. પ્લાન્ટેશન પ્રાઇવેટ લિમિટેડ અને અન્ય વિ. સ્ટેટ ઓફ કર્ણાટક (૨૦૧૧) ૯ એસ.સી.સી. ૧ (પાંચ ન્યાયમૂર્તિઓ) માં નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "૧૮૬. આ કોર્ટની બંધારણીય બેંચે હોએક્સ્ટ ફાર્માસ્યુટિકલ્સ લિ. કેસમાં ઠેરવ્યું હતું કે યાદી ૩ ની વિવિધ પ્રવિષ્ટિઓ વિધાન કરવાની "સત્તાઓ" નથી પરંતુ વિધાનના "ક્ષેત્રો" છે. ત્યારબાદ, આ કોર્ટની બંધારણીય બેંચે સ્ટેટ ઓફ ડબલ્યુ.બી. વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. (૨૦૦૪) ૧ એસ.સી.સી. ૧૦ માં ઠેરવ્યું હતું કે સંવિધાનનો અનુચ્છેદ ૨૪૫ એ વૈધાનિક સત્તાનો મુખ્ય સ્ત્રોત છે. તે એવી જોગવાઈ કરે છે કે આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને, સંસદ ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડી શકે છે, અને

રાજ્યનું વિધાનમંડળ સમગ્ર રાજ્ય માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડી શકે છે."

૧૪. અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ નું અર્થઘટન કરતી વખતે, સ્ટેટ ઓફ કેરળ અને અન્ય વિ. માર અપ્રેમ કુરી કંપની લિમિટેડ અને અન્ય (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬ માં, આ કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:—

"૩૫. અનુચ્છેદ ૨૪૫ સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૨૪૫ ના શીર્ષક (હેડ નોટ) માં ભૂતકાળનું ક્રિયાપદ "મેડ" (ઘડવામાં આવેલા) સ્થાન પામે છે. વર્તમાનકાળનું ક્રિયાપદ "મેક" (ઘડવું), અનુચ્છેદ ૨૪૫ (૧) માં મોજૂદ છે જ્યારે ભૂતકાળનું ક્રિયાપદ "મેડ", અનુચ્છેદ ૨૪૫ (૨) માં સ્થાન ધરાવે છે. વૈધાનિક સત્તા અનુચ્છેદ ૨૪૫ માંથી મેળવવામાં આવે છે, જ્યારે સંવિધાનના સાતમા પરિશિષ્ટની પ્રવિષ્ટિઓ માત્ર સંબંધિત વિધાનમંડળોના વૈધાનિક ક્ષેત્રોનું સીમાંકન કરે છે અને તે રીતે વૈધાનિક સત્તા પ્રદાન કરતી નથી. સંસદ પાસે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્ર માટે અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડવાની સત્તા છે, જ્યારે રાજ્યનું વિધાનમંડળ માત્ર તે રાજ્ય અથવા તેના ભાગ માટે જ કાયદા ઘડી શકે છે. આમ, અનુચ્છેદ ૨૪૫ અન્ય બાબતોની સાથે સંસદ દ્વારા અને રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ દર્શાવે છે.

.....

૩૭. આમ, અનુચ્છેદ ૨૪૬, સંઘ અને રાજ્યો વચ્ચે અનુચ્છેદ ૨૪૫ દ્વારા પ્રદાન કરવામાં આવેલી વૈધાનિક સત્તાઓની વહેંચણીની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૫ ની શરૂઆત "આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને" અભિવ્યક્તિ સાથે થાય છે. તેથી, અનુચ્છેદ ૨૪૬ ને "સંવિધાનની અન્ય જોગવાઈઓને આધીન" તરીકે વાંચવો જોઈએ.

૩૮. આ નિર્ણયના હેતુઓ માટે, જે મુદ્દા પર ભાર મૂકવાની જરૂર છે તે એ છે કે અનુચ્છેદ ૨૪૫ ધારાકીય સત્તાઓ પ્રદાન કરવા સાથે સંબંધિત છે જ્યારે અનુચ્છેદ ૨૪૬ ધારાકીય સત્તાઓની વહેંચણીની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૫ કાયદાઓની વ્યાપ્તિ સાથે સંબંધિત છે જ્યારે અનુચ્છેદ ૨૪૬ ધારાકીય સત્તાઓની વહેંચણી સાથે સંબંધિત છે. આ અનુચ્છેદોમાં, સંવિધાનના ઘડવૈયાઓએ "બનાવવા" શબ્દનો ઉપયોગ કર્યો છે અને "અમલ" શબ્દનો ઉપયોગ કર્યો નથી, જેનો એક વિશિષ્ટ કાનૂની અર્થ થાય છે. [જુઓ ધ જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭ ની કલમ ૩(૧૩).] [ભારપૂર્વક ઉમેરેલ]"

***વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા:***

૧૫. સંવિધાનનો અનુચ્છેદ ૩૦૧, ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓ, અનુચ્છેદો ૩૦૨–૩૦૫ કે જે સંસદ અને રાજ્ય વિધાનમંડળો દ્વારા આ સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદવાની મંજૂરી આપે છે તેને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની

જોગવાઈ કરે છે. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને મુક્ત બનાવવા પાછળનો અંતર્ગત વિચાર ભારતની આર્થિક એકતા પર ભાર મૂકવાનો અને દેશની એકતા આંતરિક અવરોધો દ્વારા ખંડિત ન થાય તે સુનિશ્ચિત કરવાનો છે.

૧૬. સંવિધાનના ઘડવૈયાઓ ભારતમાં વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહની ઇચ્છા રાખતા હતા કારણ કે તેઓ સમજતા હતા કે દેશની આર્થિક એકતા અને સંકલન એ રાષ્ટ્રની રાજકીય અને આર્થિક એકતાની સ્થિરતા અને પ્રગતિ માટે મુખ્ય આધારભૂત બળ પૂરું પાડે છે, અને દેશે આંતરિક વેપાર પરના અવરોધો વિના એક જ આર્થિક એકમ તરીકે કાર્ય કરવું જોઈએ. સ્થાનિક અને પ્રાદેશિક ખેંચતાણને આધીન રાજ્ય વિધાનમંડળો ભવિષ્યમાં વેપાર અવરોધો ઊભા ન કરે તે સુનિશ્ચિત કરવા માટે, સંવિધાનમાં અનુચ્છેદ ૩૦૧ નો સમાવેશ કરવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૧ સામાન્ય રીતે એવી જોગવાઈ કરે છે કે "આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે". વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સામાન્ય સ્વરૂપની ઘોષણા કર્યા પછી, સંવિધાનનો ભાગ ૧૩ અનુચ્છેદો ૩૦૨ થી ૩૦૪ માં આ સ્વતંત્રતાની મર્યાદાઓ નિર્ધારિત કરે છે, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવામાં સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તાઓનું પુનઃકથન કરે છે. અનુચ્છેદો ૩૦૨ થી ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદો નથી. અનુચ્છેદો ૩૦૨ થી ૩૦૪ કેટલીક મર્યાદાઓ સાથે અનુચ્છેદ ૨૪૬ અને સાતમી અનુસૂચિ હેઠળની

સત્તાઓનું નિરૂપણ કરે છે. દરેક પુનઃકથિત સત્તા પોતે જ અનુચ્છેદ ૩૦૧ માંની સ્વતંત્રતા પર અગ્રતા ધરાવે છે.

૧૭. જો જાહેર હિતમાં આવશ્યક હોય તો અનુચ્છેદ ૩૦૨ સંસદને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવાની સત્તા આપે છે. આ જોગવાઈનો હેતુ સુસંતુલિત અર્થતંત્રનું રક્ષણ કરવા અને માલ તથા સેવાઓના યોગ્ય આયોજન અથવા પુરવઠા માટે ભારત સરકારને માલની હેરફેર પર નિયંત્રણ લાદવાની મંજૂરી આપવાનો છે. દેશના એક ભાગમાં દુષ્કાળનો પ્રકોપ હોઈ શકે છે જ્યારે બીજા ભાગમાં વિપુલતા હોઈ શકે છે, જેવો અનાજના સંબંધમાં દેશનો ભૂતકાળનો અનુભવ રહ્યો છે. જો આવી પરિસ્થિતિઓમાં સંસદ પાસે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવાની અસરકારક સત્તા ન હોય, તો તે રાષ્ટ્રની એકતાને નબળી પાડશે. એવું અનુમાન કરવું વાજબી છે કે લોકોના પ્રતિનિધિ તરીકે સંસદ જાહેર હિતની બહેતર નિર્ણાયક છે અને તેના નિર્ણયને અદાલતો સહિતના અન્ય કોઈપણ નિર્ણય પર પ્રાધાન્ય મળવું જોઈએ.

૧૮. જોકે સંસદ વેપાર અને વાણિજ્યમાં ચીજવસ્તુઓની મુક્ત હેરફેર પર નિયંત્રણ મૂકવા માટે સત્તા ધરાવે છે, તેમ છતાં સામાન્ય રીતે આ સંદર્ભમાં સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાઓ બિન–ભેદભાવપૂર્ણ સ્વરૂપના હોવા જોઈએ. સંવિધાનનો અનુચ્છેદ ૩૦૩(૧) સંસદ અને રાજ્ય વિધાનમંડળને "સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ

પ્રવિષ્ટિના આધારે, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો" બનાવવાથી પ્રતિબંધિત કરે છે. પસંદગી અથવા ભેદભાવ એ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા પર નિયંત્રણ સમાન ત્યારે જ ગણાય છે જો તે સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે બનાવવામાં આવેલો કાયદો હોય. અનુચ્છેદ ૩૦૩(૧) નો અમલ વેપાર અને વાણિજ્ય પરની વિશિષ્ટ પ્રવિષ્ટિઓ પૂરતો છે અને તેને વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ સિવાયની તમામ ધારાકીય પ્રવિષ્ટિઓ પર અનુચ્છેદ ૩૦૧ ના સામાન્ય અમલ સાથે ગૂંચવવો જોઈએ નહીં. પરંતુ જ્યારે દેશનો કોઈપણ ભાગ માલની અછતથી પીડાતો હોય, ત્યારે સંસદ આવી પરિસ્થિતિને પહોંચી વળવા માટે ભેદભાવપૂર્ણ કાયદો પણ પસાર કરી શકે છે [અનુચ્છેદ ૩૦૩(૨)]. અનુચ્છેદ ૩૦૩(૨) એ અનુચ્છેદ ૩૦૩(૧) નો એક અપવાદ છે એટલા અંશે કે જ્યારે ઉપરોક્ત પસંદગી અને ભેદભાવ માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિનો સામનો કરવાના હેતુથી કરવામાં આવે ત્યારે અનુચ્છેદ ૩૦૩(૧) ની મર્યાદાઓ નિષ્પ્રભાવી થઈ જાય છે, અને સંસદ આવી પરિસ્થિતિઓમાં એવો કાયદો ઘડી શકે છે જે પસંદગી આપે છે અથવા આપવા માટે અધિકૃત કરે છે અથવા કોઈ ભેદભાવ કરે છે અથવા કરવા માટે અધિકૃત કરે છે.

૧૯. અનુચ્છેદ ૩૦૪(એ) મુજબ, રાજ્ય વિધાનમંડળ અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદી શકે છે જે તે રાજ્યમાં ઉત્પાદિત થતા સમાન માલ પર પણ લાગુ પડતો હોય, જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર તે રીતે નિર્મિત કે ઉત્પાદિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય. રાજ્ય વિધાનમંડળ જાહેર હિતમાં જરૂરી હોય તે રીતે તે રાજ્ય સાથેના અથવા તે રાજ્યની અંદર વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદવા માટે પણ અધિકૃત છે, પરંતુ તે એ શરતને આધીન છે કે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં કોઈ વિધેયક કે સુધારો રજૂ કરી શકાશે નહીં [અનુચ્છેદ ૩૦૪(બી)]. અનુચ્છેદ ૩૦૪ નોન–ઓબસ્ટેન્ટ ખંડથી શરૂ થાય છે અને તેનો આશય અનુચ્છેદ ૩૦૧ અને અનુચ્છેદ ૩૦૩ બંને પર સર્વોપરી રહેવાનો છે. અનુચ્છેદ ૩૦૪(એ) માલ પર કરવેરા લાદવા પર રોક લગાવતો નથી; તે માત્ર એવા કરને પ્રતિબંધિત કરે છે જે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને કર લાદનાર રાજ્યમાં નિર્મિત કે ઉત્પાદિત સમાન માલ વચ્ચે ભેદભાવ કરતા હોય.

૨૦. અનુચ્છેદ ૩૦૫ હેઠળ, સંવિધાનના પ્રારંભ સમયે અસ્તિત્વ ધરાવતા કર કાયદાઓ, ભલે તેઓ આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતા હોય, તેમ છતાં તેને નિયંત્રિત કરવાની સંસદની સત્તા સાથે સુરક્ષિત રાખવામાં આવ્યા હતા. તે જ સમયે, રાષ્ટ્રપતિને યોગ્ય જણાય તેવા તે કાયદાઓમાં કોઈપણ ફેરફારો કરવાની સત્તા આપવામાં આવી હતી. આ

અનુચ્છેદ તેના વર્તમાન સ્વરૂપમાં સંવિધાનના ચોથા સુધારા, ૧૯૫૫ દ્વારા ઉમેરવામાં આવ્યો હતો, અને તે ચોથા સુધારાના અમલમાં આવતા પહેલાં પસાર કરાયેલા રાજ્યના એકાધિકારની જોગવાઈ કરતા તમામ પ્રવર્તમાન કાયદાઓનું રક્ષણ કરે છે. અનુચ્છેદ ૩૦૭ હેઠળ, સંસદને અનુચ્છેદો ૩૦૧ થી ૩૦૪ ના હેતુઓને પાર પાડવા માટે યોગ્ય જણાય તેવા સત્તાધિકારીની નિમણૂક કરવાની અને તે સત્તાધિકારીને જરૂરી જણાય તેવી સત્તાઓ અને ફરજો સોંપવાની સત્તા આપવામાં આવી છે.

૨૧. સંવિધાનનો ભાગ ૧૨ અને ભાગ ૧૩ એ માપદંડો નિર્ધારિત કરે છે કે જેની મર્યાદામાં રાજ્ય સરકારો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને નિયંત્રિત કરતા કાયદા ઘડવા/કર લાદવાના પોતાના અધિકારનો ઉપયોગ કરી શકે છે. સંવિધાનમાં ભાગ ૧૩ (જે આજે અસ્તિત્વમાં છે તે સ્વરૂપે) નો સમાવેશ કરવાનો હેતુ, જે ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ માંથી ફલિત થાય છે, તે નિયંત્રણો અને બિન-ભેદભાવપૂર્ણ કર કાયદાઓને આધીન રહીને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પ્રદાન કરવાનો હતો. આ સંદર્ભમાં, અનુચ્છેદ ૩૦૧ કોઈ ઉચ્ચ અધિકાર પ્રદાન કરતો નથી. સંવિધાન સભાની ચર્ચા-વિચારણાઓ પણ દર્શાવે છે કે ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની કોઈ સંપૂર્ણ સ્વતંત્રતા પ્રદાન કરવાનો આશય ધરાવતા ન હતા. એ નોંધવું જરૂરી છે કે તેમણે ઓસ્ટ્રેલિયન સંવિધાનમાં જોવા મળતા શબ્દપ્રયોગ "સંપૂર્ણપણે મુક્ત" ને સ્વીકાર્યો ન હતો. "બંધારણ સભાની ચર્ચા-વિચારણાઓ ૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯" નો સંદર્ભ

દર્શાવે છે કે ડૉ. બી.આર. આંબેડકરે બંધારણ સભા સમક્ષ ભાગ ૧૦એ: ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર અનુચ્છેદો ૨૭૪એ થી ૨૭૪ડી (જે અનુચ્છેદો ૩૦૧ થી ૩૦૪ અને ૩૦૭ ને અનુરૂપ છે) રજૂ કરતી વખતે ખાસ નોંધ્યું હતું કે ભારતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો કોઈ ઈરાદો નથી. ચર્ચાના પ્રસ્તુત અંશો નીચે મુજબ છે:—

> "....હું એ પણ કહેવા માંગુ છું કે આ ભાગમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર વેપાર અને વાણિજ્યને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો કોઈ ઈરાદો નથી, એટલે કે, સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત રહેશે તેવી મૂળભૂત જોગવાઈઓથી વિચલિત થવાની કોઈપણ સત્તાથી સંસદ તેમજ રાજ્યો બંનેને વંચિત કરવાનો કોઈ ઈરાદો નથી. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અમુક મર્યાદાઓને આધીન રાખવામાં આવી છે જે સંસદ દ્વારા લાદવામાં આવી શકે છે અથવા જે વિવિધ રાજ્યોના વિધાનમંડળો દ્વારા લાદવામાં આવી શકે છે, પરંતુ એ હકીકતને આધીન રહીને કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરવાની સંસદની સત્તામાં સમાવિષ્ટ મર્યાદા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતમાંથી ઉદ્ભવતા કેસો પૂરતી મર્યાદિત છે અને રાજ્યોના કિસ્સામાં તેને જાહેર હિતના કારણોસર વ્યાજબી ઠેરવવી આવશ્યક છે. જાહેર હિતમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં હસ્તક્ષેપ કરવાની રાજ્યોની કાર્યવાહી પણ એ શરતને આધીન રાખવામાં આવી છે કે વેપાર અને વાણિજ્યની

સ્વતંત્રતાને અસર કરતા કોઈપણ વિધેયક માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી હોવી આવશ્યક રહેશે; અન્યથા, રાજ્ય આવો કાયદો ઘડવાની સ્થિતિમાં રહેશે નહીં....." (કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ (સીએડી) ૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯ પૃષ્ઠ ૧૧૨૬)

૨૨. વાસ્તવમાં, શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીએ રાજ્યોને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર કોઈપણ પ્રકારનું નિયંત્રણ લાદવાથી વંચિત રાખવાના વિચારનો વિરોધ કરતી વખતે, 'વેપાર અને વાણિજ્ય' ને રાજ્યના સીધા નિયમનને આધીન રાખવા પર ભાર મૂક્યો હતો, જેથી દેશની આર્થિક પ્રગતિ અવરોધાય નહીં. સંબંધિત અંશ નીચે મુજબ છે:—

"શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી:.... હું ગૃહને જણાવવા માંગુ છું કે જ્યાં સુધી મારો સંબંધ છે, હું માનું છું કે આ દેશના ભાવિ આર્થિક સુધારણાને અનુરૂપ વેપાર અને વાણિજ્ય માટે આપણે આપી શકીએ તેટલી મહત્તમ સ્વતંત્રતા અને વેપાર તથા વાણિજ્યને આપણે આપી શકીએ તેટલી મહત્તમ છૂટછાટ છે. મૂળભૂત રીતે એવું સૂચન કરવામાં આવ્યું હતું તેમ પણ જો આપણે તેને મૂળભૂત અધિકારની બાબત બનાવીએ, અને અનુચ્છેદ ૧૬ માં મૂકવામાં આવેલા નિયંત્રણો વિના પણ, મને ભય છે કે દેશની આર્થિક પ્રગતિ લગભગ અશક્ય બની જશે. માનનીય સભ્ય દ્વારા નાગરિક સ્વતંત્રતાની બાબતને વેપાર અને વાણિજ્ય સંબંધિત અધિકારોની બાબત સાથે ગૂંચવવાનો પ્રયાસ કરવાનો બિલકુલ કોઈ અર્થ

નથી. વિશ્વ લગભગ એવી સ્થિતિ પર આવી ગયું છે જ્યાં સરકાર દ્વારા નિયંત્રણ અને અમુક પ્રકારના માર્ગદર્શન વિના વેપાર અને વાણિજ્ય ચલાવી શકાતા નથી. જો મારા માનનીય મિત્રો એવું વિચારતા હોય કે આપણે ઓગણીસમી સદીના દિવસોમાં છીએ જ્યારે લેસેઝ ફેઅરના ઉત્સાહીઓનું વિશ્વની દરેક બાબત પર વ્યવહારિક રીતે નિયંત્રણ હતું, તો મને ડર છે કે તેઓ ભૂલ કરી રહ્યા છે." [સીએડી પૃષ્ઠ નં. ૧૧૪૦ તા. ૦૮.૦૯.૧૯૪૯]

૨૩. શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીના મંતવ્યોનું પુનરાવર્તન કરતાં, શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે ધ્યાન દોર્યું કે જે યોજના વિકસાવવામાં આવી છે તેમાં કોઈ ચોક્કસ રાજ્યના હિતો સાથે ભારતના વ્યાપક હિત, દેશની વિશાળ ભૌગોલિકતા જ્યાં એક પ્રદેશનું હિત બીજા પ્રદેશના હિતથી અલગ પડે છે, અને આપણા દેશની ભાવિ સમૃદ્ધિને ધ્યાનમાં લેવામાં આવી છે. સંબંધિત અંશ નીચે મુજબ છે: —

"શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર:.... એવું બની શકે કે દેશના એક ભાગમાં ખાતર અને અન્ય ચીજોની જરૂર હોય જ્યારે દેશના અન્ય ભાગના નફાખોરો અસરગ્રસ્ત ભાગમાંથી માલનું પરિવહન કરવાનો પ્રયાસ કરે. તે જ સમયે, વ્યાપક અર્થતંત્ર અને આપણા દેશની ભાવિ સમૃદ્ધિના હિતમાં, વેપારની અમુક અંશે સ્વતંત્રતાની ખાતરી આપવી જ જોઈએ.

મારા મિત્ર, શ્રી કૃષ્ણમાચારીએ નિર્દેશ કર્યો છે કે ઓસ્ટ્રેલિયન સંવિધાનમાંના આ સ્વતંત્રતા ખંડે નોંધપાત્ર મુશ્કેલીઓ અને સર્વોચ્ચ અદાલતના પરસ્પર વિરોધી નિર્ણયોને જન્મ આપ્યો છે. ઓસ્ટ્રેલિયાના જે ભાગો પોતાની સુખાકારી માટે કૃષિ પરિસ્થિતિઓ પર નિર્ભર છે ત્યાં એવી લાગણી પ્રવર્તી રહી છે કે ઉત્પાદક પ્રદેશો માટે તેમના હિતોનો ભોગ લેવામાં આવી રહ્યો છે, અને ઉત્પાદન તથા કૃષિ હિતો વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. તેથી, સંઘરાજ્યમાં તમારે જે કરવાનું છે તે એ કે સૌપ્રથમ, તમારે ભારતના વ્યાપક હિતોને ધ્યાનમાં લેવા પડશે અને શક્ય હોય ત્યાં સુધી વેપાર અને આંતરવ્યવહારની સ્વતંત્રતા આપવી પડશે. બીજું, તમે પ્રાદેશિક હિતોને સંપૂર્ણપણે અવગણી શકો નહીં. ત્રીજું, ભારતના કોઈપણ ભાગમાં ઉદ્ભવી શકે તેવી વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરવા માટે કટોકટીના કોઈપણ કિસ્સામાં કેન્દ્રની હસ્તક્ષેપની સત્તા હોવી જોઈએ. તમારી સમક્ષ મૂકવામાં આવેલી યોજનામાં આ ત્રણેય પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે." [સીએડી પૃષ્ઠ નં. ૧૧૪૩ તા. ૦૮.૦૯.૧૯૪૯]

૨૪. રાજ્યો દ્વારા લાદવામાં આવી શકે તેવા વાજબી નિયંત્રણો અને રાષ્ટ્રપતિ પાસેથી મંજૂરી મેળવવાની આવશ્યકતાનો સંદર્ભ આપતાં, શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે વધુમાં નીચે મુજબ અવલોકન કર્યું:—

શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર:.... "તેથી, જો સંકુચિત દેશભક્તિ અથવા અલગતાવાદના કારણે, સમગ્ર ભારતના વ્યાપક હિતોની સલાહ લીધા વિના જો

કોઈ વિધેયક અથવા સુધારો રજૂ કરવામાં આવે, તો રાષ્ટ્રપતિ, અર્થાત્ ભારતનું મંત્રીમંડળ, મંજૂરી રોકી રાખવા માટે મુક્ત રહેશે. તેથી આ એક અત્યંત મર્યાદિત સત્તા છે જે રાજ્યના વિધાનમંડળને આપવામાં આવી છે. છેવટે આપવામાં આવેલી સત્તાનું સ્વરૂપ શું છે? આ સત્તા જાહેર હિતમાં આવશ્યક હોય તેવા તે રાજ્ય સાથેના અથવા તે રાજ્યની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર આવા વાજબી નિયંત્રણો લાદવા પૂરતી મર્યાદિત છે; તેથી રાષ્ટ્રપતિ, જેઓએ મંજૂરી આપવાની છે, તેમને એ જોવાની તક મળશે કે કાયદો જાહેર હિતમાં છે અને લાદવામાં આવેલ નિયંત્રણ વાજબી છે. આ નિયંત્રણોને વ્યાખ્યાયિત કરવાના હેતુ માટે કોઈ ચુસ્ત ચોક્કસ ફોર્મ્યુલા તૈયાર કરવી શક્ય નથી." [સીએડી પૃષ્ઠ નં. ૧૧૪૪ તા. ૦૮.૦૯.૧૯૪૯]

૨૫. બંધારણ સભાની ચર્ચા–વિચારણાઓમાંથી જે ઉદ્દેશ્ય ફલિત થાય છે તે મુજબ સંવિધાનમાં ભાગ ૧૩ નો સમાવેશ કરવાનો હેતુ રાષ્ટ્રના વ્યાપક અર્થતંત્રના હિતને સુનિશ્ચિત કરવાનો અને વેપાર, વાણિજ્ય તથા આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં આર્થિક વિકાસને અવરોધતા અવાજબી વેપાર અવરોધોને અટકાવવાનો હતો. સંવિધાનના ઘડવૈયાઓ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહને આર્થિક એકતા માટે મહત્વપૂર્ણ ગણતા હતા, પરંતુ તેઓએ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને ઈશ્વરીય દરજ્જો આપ્યો ન હતો કે તેના પ્રત્યે કોઈ અંધ આસક્તિ રાખી ન હતી. વાસ્તવમાં, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા શરૂઆતમાં એક મૂળભૂત અધિકાર તરીકે રાખવાની હતી પરંતુ તેને 'મૂળભૂત

અધિકારો' સંબંધિત ભાગમાંથી દૂર કરવામાં આવી હતી કારણ કે એવું માનવામાં આવ્યું હતું કે મૂળભૂત અધિકાર તરીકે તેમાં કોઈ મોટું તત્ત્વ નહોતું.

૨૬. એવું માનવામાં આવ્યું હતું કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને આટલા ઊંચા સ્થાને રાખવાની જરૂર નથી. બંધારણ સભાની નીચેની પ્રસ્તુત ચર્ચા–વિચારણાઓનો સંદર્ભ લેવો યોગ્ય છે.

> "અતુલ ચંદ્ર ગુપ્તા (એડવોકેટ, કલકત્તા હાઇકોર્ટ) એ સૂચન કર્યું છે કે અનુચ્છેદ ૨૪૪ ના ખંડ (બી) ને રદ કરવો જોઈએ કારણ કે આ ખંડ તેની અસ્પષ્ટ સામાન્યતા દ્વારા અનુચ્છેદો ૧૬ અને ૨૪૩ ને નકારી કાઢે છે.

નોંધ: અનુચ્છેદ ૨૪૪ નો ખંડ (બી) એ બંધારણ સભા દ્વારા સ્વીકારવામાં આવેલી સલાહકાર સમિતિની ભલામણ પર આધારિત છે. મુસદ્દા સમિતિએ સદર ભલામણમાં આવતા "જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં" શબ્દોના સ્થાને "જાહેર હિતમાં" શબ્દો મૂકવા જરૂરી માન્યા છે. [ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન (વોલ્યુમ ૪) (પૃષ્ઠ ૩૨૮)]

શ્રી સી. સુબ્રમણ્યમ (મદ્રાસ : સામાન્ય): "....મુસદ્દાના મુખ્ય ભાગમાં ત્રણ અનુચ્છેદો ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ છે જે આ વિષય 'આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય' સાથે સંબંધિત છે. ત્યારબાદ સંઘ યાદીમાં ધારાકીય સત્તાઓની યાદીમાં, આપણને પ્રવિષ્ટિ ૭૩ માં "યાદી નં. ૨ ની પ્રવિષ્ટિ ૨૩ ની જોગવાઈઓને આધીન આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય" જોવા મળે છે. ત્યારબાદ યાદી ૨ માં બાબત ૩૨ એ "રાજ્યની અંદર વેપાર અને વાણિજ્ય;

બજારો અને મેળાઓ" છે; અને બાબત ૩૩ એ "આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની જોગવાઈઓના હેતુઓ માટે અન્ય રાજ્યો સાથે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું નિયમન" નો ઉલ્લેખ કરે છે. તેથી, તમે જોશો કે અનુચ્છેદ ૨૪૪ ને આધીન રહીને આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય એ સંઘનો વિષય છે. સંસદ તેની સાથે કામ પાર પાડી શકે છે. રાજ્યની અંદર વેપાર અને વાણિજ્ય તથા અનુચ્છેદ ૨૪૪ માં જોગવાઈ કર્યા મુજબ આંતર–રાજ્ય વાણિજ્ય રાજ્ય વિધાનમંડળોને સોંપવામાં આવ્યા છે. તમે જોશો, સાહેબ, કે અનુચ્છેદ ૨૪૪ માં, ભલે તે આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય હોય, રાજ્ય વિધાનમંડળને અમુક કર લાદવાની અને અમુક નિયંત્રણો લાદવાની ચોક્કસ સત્તાઓ આપવામાં આવી છે. આ બાબતને ધ્યાનમાં રાખીને, જો આપણે અનુચ્છેદ ૧૬ પર આવીએ, તો આપણને શબ્દો મળે છે, "આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની જોગવાઈઓને આધીન", એટલે કે, આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યના સંદર્ભમાં પણ, રાજ્ય વિધાનમંડળને કેટલીક સત્તાઓ આપવામાં આવી છે અને તેને આ અનુચ્છેદ દ્વારા સ્પર્શ કરવામાં આવ્યો નથી. તેથી તેને છોડી દઈએ તો, આ અનુચ્છેદ આ રીતે વંચાશે કે "સંસદ દ્વારા બનાવવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે". હું ખરેખર સમજી શકતો નથી કે આ મૂળભૂત અધિકાર કેવી રીતે હોઈ શકે અને શું કોઈ અધિકાર અનામત રાખવામાં આવ્યો છે કે નહીં. મૂળભૂત અધિકારની મૂળ વિભાવના જ એ છે કે સંઘ અથવા રાજ્ય બંનેમાંથી કોઈ વિધાનમંડળના ક્ષેત્રાધિકારમાંથી અમુક અધિકાર બહાર

કાઢી લેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, સાર્વભૌમત્વ જનતામાં રહેલું છે, પરંતુ તે સાર્વભૌમત્વ વિધાનમંડળોને સોંપવામાં આવે છે અથવા અમુક વિષયોના સંદર્ભમાં વિધાનમંડળો દ્વારા તે સાર્વભૌમત્વ વ્યક્ત કરવામાં આવે છે. [સીએડી પૃષ્ઠ નં. ૭૯૮, ૩૦.૦૭.૧૯૪૯–૧૮.૦૯.૧૯૪૯]

માનનીય ડૉ. બી.આર. આંબેડકર: ....હવે, હું એ દલીલની સંપૂર્ણ પ્રશંસા કરું છું કે આ અનુચ્છેદ ૧૬ મૂળભૂત અધિકારોની યાદીમાં અયોગ્ય સ્થાને છે, અને અમુક અંશે, હું શ્રી સુબ્રમણ્યમ સાથે સહમત છું. પરંતુ હું તેમને સમજાવીશ કે આ બાબતને મૂળભૂત અધિકારોમાં સામેલ કરવી શા માટે જરૂરી જણાઈ હતી. મારા મિત્ર, શ્રી સુબ્રમણ્યમને યાદ હશે કે જ્યારે બંધારણ સભાની શરૂઆત થઈ, ત્યારે આપણે અમુક મર્યાદાઓ હેઠળ શરૂઆત કરી હતી. તે મર્યાદાઓ પૈકીની એક એ હતી કે દેશી રજવાડાઓ માત્ર ત્રણ વિષયો – વિદેશી બાબતો, સંરક્ષણ અને સંદેશાવ્યવહાર પર જ સંઘમાં જોડાશે. અન્ય કોઈપણ બાબતમાં તેઓ સંઘની સંસદને તેની ધારાકીય અને કારોબારી અધિકારક્ષેત્રનો વિસ્તાર કરવાની મંજૂરી આપવા માટે સંમત નહોતા.....અથવા ટૂંકમાં અને અલગ ભાષામાં કહીએ તો, તેઓ યાદી નં. ૧ માં એક પ્રવિષ્ટિ તરીકે વેપાર અને વાણિજ્યનો સમાવેશ કરવાની મંજૂરી આપવા તૈયાર નહોતા. જો આપણા માટે યાદી ૧ માં વેપાર અને વાણિજ્યનો સમાવેશ કરવો શક્ય હોત, જેનો અર્થ એ થાય કે સંસદ પાસે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કાયદા બનાવવાની કારોબારી સત્તા હોત, તો આપણે અનુચ્છેદ ૧૬ હેઠળ, મૂળભૂત અધિકારોમાં વેપાર અને વાણિજ્યને લાવવાની જરૂર જણાત નહીં. પરંતુ બંધારણ સભાની શરૂઆતમાં

પ્રવર્તમાન મૂળભૂત બાબતોને કારણે તે દરવાજો બંધ થઈ ગયો હોવાથી, અમારે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્યની બાબતમાં એકરૂપતા લાવવાના હેતુથી કોઈક શીર્ષક હેઠળ કોઈ સ્થાન શોધવું પડ્યું હતું. નોંધપાત્ર પ્રમાણમાં ચાતુર્ય વાપર્યા પછી, અમારા મોટા ભાગના લોકોની એ ઈચ્છા કે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત હોવું જોઈએ તેને અમલમાં મૂકવા માટે અમને જે એકમાત્ર પદ્ધતિ મળી તે તેને મૂળભૂત અધિકારો હેઠળ લાવવાની હતી. આ જ કારણ છે કે, ભલે તે અજુગતું લાગતું હોય, અમે વિચાર્યું કે વેપાર અને વાણિજ્યને મૂળભૂત અધિકારો હેઠળ લાવવા સિવાય અમારી પાસે બીજો કોઈ રસ્તો બચ્યો નથી. હું માનું છું કે તેનાથી મારા મિત્ર શ્રી સુબ્રમણ્યમને સંતોષ થશે કે શા માટે અમે વેપાર અને વાણિજ્યને મૂળભૂત અધિકારોની યાદીમાં આ સ્થાન આપ્યું, જોકે સૈદ્ધાંતિક રીતે, હું સંમત છું કે આ વિષય મૂળભૂત અધિકારોના વિષયવસ્તુ સાથે સુસંગત નથી.

બીજી દલીલના સંદર્ભમાં, કે વેપાર અને વાણિજ્યને અનુચ્છેદ ૨૪૪ ને આધીન કરવામાં આવ્યા હોવાથી, આપણે વ્યવહારિક રીતે મૂળભૂત અધિકારનો નાશ કર્યો છે, હું માનું છું કે હું વાજબી રીતે કહી શકું છું કે મારા મિત્ર શ્રી સુબ્રમણ્યમે કાં તો અનુચ્છેદ ૨૪૪ વાંચ્યો નથી, અથવા તે અનુચ્છેદનું ખોટું અર્થઘટન કર્યું છે. અનુચ્છેદ ૨૪૪ ની ખૂબ જ મર્યાદિત વ્યાપ્તિ છે. તે ફક્ત આંતર-રાજ્ય વાણિજ્ય અને વેપાર સાથે વ્યવહાર કરતી વખતે પ્રાંતીય વિધાનમંડળોને અન્ય રાજ્યમાંથી ઉત્પાદિત અથવા પરિવહન કરાયેલા માલના પ્રવેશ પર અમુક નિયંત્રણો લાદવાની સત્તા આપે છે, શરત એ છે કે કાયદો એવો

હોય કે તે રાજ્યની અંદર ઉત્પાદિત માલ અને રાજ્ય બહારથી આયાત કરાયેલા માલ વચ્ચે કોઈ અસમાનતા કે ભેદભાવ ન લાદતો હોય. હવે, મને ખાતરી છે કે તેઓ સંમત થશે કે તે ખૂબ જ મર્યાદિત કાયદો છે. તે નિશ્ચિતપણે સમગ્ર ભારતમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનો અધિકાર છીનવી લેતો નથી જેને મુક્ત રાખવાની જરૂર છે." [સીએડી પૃષ્ઠ નં. ૧૧૨૫, ૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯]

૨૭. બંધારણ સભામાં આ ચર્ચા પછી, ભાગ ૧૦એ (હાલમાં સંવિધાનનો ભાગ ૧૩) રજૂ કરવામાં આવ્યો હતો અને વર્તમાન સ્વરૂપમાં સ્વીકારવામાં આવ્યો હતો. એ હકીકત કે ભાગ ૧૩ માં મુક્ત વેપાર અને વાણિજ્ય શરૂઆતમાં મૂળભૂત અધિકાર તરીકે દાખલ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ મૂળભૂત અધિકારો સંબંધિત ભાગમાંથી ખસેડવામાં આવ્યા હતા, તે દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓ માનતા હતા કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને મૂળભૂત અધિકારોની સમકક્ષ દરજ્જો આપવાની જરૂર નથી.

***અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા ભાગ ૧૩ અને સંવિધાનના અન્ય ભાગો ભાગ ૩, ૪ અને ૧૨ વગેરેને આધીન છે:***

૨૮. એવી દલીલ રજૂ કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૩૦૧ "માત્ર" ભાગ ૧૩ ને "આધીન" છે અને તેને સંવિધાનની સામાન્ય અને વિશેષ સત્તાઓ દ્વારા પ્રતિબંધિત કરી શકાય નહીં. આ સંદર્ભમાં, બંધારણ સભાની ચર્ચા–વિચારણાઓ પર આધાર રાખવામાં આવ્યો હતો જ્યાં પંડિત ઠાકુર દાસ ભાર્ગવ

દ્વારા અનુચ્છેદ ૨૭૯એ માં એક સુધારો રજૂ કરવામાં આવ્યો હતો: "હું ઇચ્છું છું કે 'ભાગ' શબ્દના સ્થાને 'સંવિધાન' શબ્દ મૂકવામાં આવે", જેને મંજૂર કરવામાં આવ્યો ન હતો. બંધારણીય સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાનો અર્થ તમામ કાયદાઓમાંથી મુક્તિ નથી, તે ભાગ ૧૩ માં અને સંવિધાનના અન્ય ભાગોમાં રહેલા નિયંત્રણોને આધીન છે.

૨૯. અનુચ્છેદ ૩૦૧ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની જોગવાઈ કરે છે. તે સમવાયી માળખાના સંચાલન માટે જરૂરી એવું આર્થિક–રાજકીય સંતુલન સાધે છે. અનુચ્છેદ ૩૦૧ નું એવો અર્થઘટન કરી શકાય નહીં કે તે સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ માં સંબંધિત "ક્ષેત્રો" ના સંદર્ભમાં કર લાદવાની રાજ્યની સંપૂર્ણ સત્તા પરનો પ્રતિબંધ છે. તેનો અર્થ એ છે કે કરવેરા લાદવાની આવી સંપૂર્ણ સત્તાનો ઉપયોગ વેપાર અવરોધો ઊભા કરવા અથવા "રાજ્યની અંદર ઉત્પાદિત માલ" અને "આયાત કરાયેલ માલ" વચ્ચે ભેદભાવ કરવા માટે કરવામાં આવશે નહીં. અનુચ્છેદ ૩૦૧ માં "આધીન" શબ્દપ્રયોગ એક પ્રભાવશાળી શબ્દપ્રયોગ છે. તે અનુચ્છેદો ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ ને સ્વતંત્રતાની આધીનતા દર્શાવે છે.

૩૦. "આધીન" શબ્દપ્રયોગની વ્યાપ્તિને ધ્યાનમાં લેતા આ કોર્ટે કે.ટી. પ્લાન્ટેશન (પી) લિ. વિ. કર્ણાટક રાજ્ય (૨૦૧૧) ૯ એસ.સી.સી. ૧ માં અવલોકન કર્યું હતું કે:

"ધ લેન્ડ રિફોર્મ્સ એક્ટ ની કલમ ૧૧૦ રાજ્ય સરકારને કલમ ૧૦૭ અને ૧૦૮ માં દર્શાવેલ કોઈપણ જમીનને આપવામાં આવેલી મુક્તિ પાછી ખેંચવાની સત્તા આપે છે. સદર અધિનિયમની કલમ ૧૦૭ ને ખુદ કલમ ૧૧૦ ને "આધીન" કરવામાં આવી છે. "આધીન" શબ્દો એવી જોગવાઈનો વિચાર વ્યક્ત કરે છે જે બીજી જોગવાઈ અથવા અન્ય જોગવાઈઓ કે જેને તે આધીન કરવામાં આવી છે તેને સ્થાન આપી દે છે.

૬૫. બ્લેક્સ લો ડિક્શનરી, પમી આવૃત્તિ, પૃષ્ઠ ૧૨૭૮ પર, "આધીન" શબ્દપ્રયોગ નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે:

"આધીન – જવાબદાર, ગૌણ, તાબેદાર, ઉતરતું, આજ્ઞાકારી; દ્વારા સંચાલિત અથવા પ્રભાવિત; પરંતુ શરત એ છે કે; જોગવાઈ કરેલ; માટે ઉત્તરદાયી."

૬૬. કલમ ૧૦૭ ને કલમ ૧૧૦ ને આધીન કરવામાં આવી હોવાથી, પૂર્વોક્ત કલમ જે જોગવાઈને તે આધીન કરવામાં આવી છે અર્થાત્ કલમ ૧૧૦ જે વિધાનમંડળની ઈચ્છા છે તેને સ્થાન કરી આપવાનો વિચાર વ્યક્ત કરે છે...."

૩૧. સમગ્ર ઉદ્દેશો પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે સમગ્ર સંવિધાનના વાચનમાંથી સંવિધાનનું અર્થઘટન નિષ્પન્ન થવું જોઈએ. ભાગ ૧૩ સમગ્રપણે એક સંતુલિત યોજના પર આધારિત છે અને તેનું અર્થઘટન ભાગ ૩, ભાગ ૧૨ તથા રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અનુચ્છેદ ૩૮ અને ૩૯ સહિત સંવિધાનના અન્ય ભાગોના સંદર્ભમાં થવું જોઈએ. આ પ્રત્યેક ભાગોને અલગ

પાડીને કે અભેદ્ય ખાનાઓ તરીકે નહીં પરંતુ એક તાર્કિક સમગ્રતા તરીકે સુમેળપૂર્ણ રીતે વાંચવા જોઈએ. સંવિધાનને એક તાર્કિક સમગ્રતા તરીકે ગણવું જોઈએ અને જોગવાઈઓને અલગ પાડીને વાંચવાની નથી. કેશવાનંદ ભારતી વિ. કેરળ રાજ્ય, (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ માં કોર્ટે જણાવ્યું હતું કે:

> "૫૬. ....શૂન્યાવકાશમાં શબ્દોનું અર્થઘટન કરવું અને ત્યારબાદ તે અર્થને કોઈ અનુચ્છેદમાં દાખલ કરવો તે યોગ્ય નથી. લોર્ડ ગ્રીને બિડી વિ. જનરલ એક્સિડન્ટ, ફાયર એન્ડ લાઈફ એશ્યોરન્સ કોર્પોરેશન (૧૯૪૮) [ઓલ ઈ.આર. ૯૯૫, ૯૯૮] માં અવલોકન કર્યું હતું
>
> .....
>
> ૬૧. હું ગ્વાયર, સી.જે. અને લોર્ડ રાઈટના અવલોકનનો પણ સંદર્ભ આપી શકું છું:
>
> "સામાન્ય શબ્દોમાં સત્તાની મંજૂરી, સ્વતંત્ર રીતે જોતાં, નિઃશંકપણે વ્યાપક અર્થમાં અર્થઘટન પામશે; પરંતુ તેને એ જ અધિનિયમની અન્ય સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા, સંદર્ભના ગર્ભિતાર્થો દ્વારા, અને અધિનિયમની જે સામાન્ય યોજના જણાય છે તેમાંથી ઉદ્ભવતી વિચારણાઓ દ્વારા પણ મર્યાદિત કરી શકાય છે." (ગ્વાયર, સી.જે. મુજબ — ધ સેન્ટ્રલ પ્રોવિન્સીસ એન્ડ બેરાર એક્ટ, ૧૯૩૯, એફ.સી.આર. ૧૮ પાના નં. ૪૨ એમ.આર. ૫૨).

"તેથી, પ્રશ્ન અર્થઘટનનો છે અને આખરી ઉપાય તરીકે તેનો નિર્ણય વપરાયેલા વાસ્તવિક શબ્દોના આધારે થવો જોઈએ, જેને શૂન્યાવકાશમાં નહીં પરંતુ એક જ જટિલ દસ્તાવેજમાં સમાવિષ્ટ તરીકે વાંચવામાં આવે, જેમાં એક ભાગ બીજા ભાગ પર પ્રકાશ પાડી શકે છે. સંવિધાનને સમવાયી કરાર તરીકે વર્ણવવામાં આવ્યું છે, અને અર્થઘટને તેના તમામ ભાગો વચ્ચે સંતુલન જાળવવું જોઈએ." (લોર્ડ રાઈટ મુજબ — જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા, ૧૯૩૬ એ.સી. ૫૭૮ પાના નં. ૬૧૩ પર).

કિહોતો હોલોહન વિ. ઝાચીલ્હુ અને અન્ય (૧૯૯૨) સપ્લી. ૨ એસ.સી.સી. ૬૫૧ [ફકરા ૨૬ અને ૨૭] પણ જુઓ."

૩૨. ટી.એમ.એ. પાઈ ફાઉન્ડેશન વિ. કર્ણાટક રાજ્ય, (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૪૮૧ માં સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે:—

"૧૪૮. ....જ્યારે સંવિધાનિક જોગવાઈઓનું અર્થઘટન કરવામાં આવે ત્યારે એ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ કે અર્થઘટન એવું હોવું જોઈએ કે જેથી તેના સમાવેશના ઉદ્દેશ્યને આગળ ધપાવી શકાય. તેમને અલગ પાડીને વાંચી શકાય નહીં અને અર્થ તથા હેતુ પૂરો પાડવા માટે તેમને સુમેળપૂર્ણ રીતે વાંચવા જોઈએ. તેમનું એ રીતે અર્થઘટન કરી શકાય નહીં કે જે અન્ય જોગવાઈને નિરર્થક બનાવી દે. જો જરૂરી હોય, તો હેતુલક્ષી અને સુમેળભર્યું અર્થઘટન કરવું જોઈએ."

ઉપરોક્ત નિર્ણયો પરથી એ ફલિત થાય છે કે સંવિધાનનું અર્થઘટન કરતી વખતે તેને એક સમગ્રતા તરીકે વાંચવા પર ભાર મૂકવો જોઈએ, અને એવી રીતે કે જેથી સંવિધાનના કોઈપણ ભાગનો આશય અને ઉદ્દેશ્ય નિષ્ફળ ન જાય. આ સંબંધમાં, સંવિધાનની જોગવાઈઓ પ્રત્યે સમગ્રલક્ષી અભિગમ હોવો જોઈએ.

૩૩. ભાગ ૧૩ નો ઉદ્દેશ્ય આંતર–રાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો નથી. ભાગ ૧૩ ને સંવિધાનના અન્ય ભાગો એટલે કે ભાગ ૩, ૪ અને ૧૨ ની સાથે તેમજ સાર્વભૌમત્વ અને સંઘવાદના મૂળભૂત લક્ષણો સાથે વાંચવો પડશે. મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર એ ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓ તેમજ અન્ય સંવિધાનિક જોગવાઈઓને આધીન છે. અનુચ્છેદ ૩૦૧ માં ભાગ ૧૩ ને 'માત્ર' આધીન એવા શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" શબ્દ અલગ પાડીને કે ભાગ ૧૩ ના મર્યાદિત સંદર્ભમાં વાંચવાનો નથી, પરંતુ તેને સમગ્ર સંવિધાનના ભાગ તરીકે વાંચવો પડશે. "મુક્ત" શબ્દને એવો અર્થ આપી શકાય નહીં કે જે રાજ્યની વૈધાનિક સત્તાઓને નિષ્પ્રભાવી બનાવી દે. ઉદાહરણ તરીકે, કામે રાખવામાં આવેલા કામદારોને લઘુત્તમ વેતન, ગ્રેચ્યુઈટી, પ્રોવિડન્ટ ફંડ વગેરે ચૂકવવામાંથી મુક્તિ આપવા માટે અનુચ્છેદ ૩૦૧ નો ઉપયોગ થાય છે તેવું ઠેરવી શકાય નહીં.

૩૪. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદો કે પરંતુકો નથી અને તેથી, પરંતુકના અર્થઘટનના સિદ્ધાંતો તેમને લાગુ કરી શકાય

નહીં. પરંતુ અટિયાબારી અને ઓટોમોબાઇલ બંને કેસો એ આધાર પર આગળ વધ્યા હતા કે અનુચ્છેદ ૩૦૨ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદ સ્વરૂપ છે.

અટિયાબારીમાં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઠેરવેલ કે:

"આમ, અનુચ્છેદ ૩૦૨ ની અસર અનુચ્છેદ ૩૦૧ દ્વારા નિર્ધારિત સામાન્ય નિયમ માટે એક અપવાદ પૂરો પાડવાની છે...." [પૃષ્ઠ ૮૫૩–૮૫૪]

તેવી જ રીતે, ઓટોમોબાઇલમાં ન્યાયમૂર્તિ દાસે ઠેરવેલ કે:

"....વાસ્તવિક સ્થિતિ એ છે કે ભાગ ૧૩ ના અનુચ્છેદોની શ્રેણીમાં અપવાદ પર અપવાદનું એવું મિશ્રણ થયેલું છે કે કેવળ શાબ્દિક અર્થઘટન અનુચ્છેદોના સાચા આશયને પ્રગટ ન પણ કરી શકે...." [પૃષ્ઠ ૫૨૦]

"...અમને એવું જણાય છે કે જ્યાં સુધી સંસદનો સંબંધ છે, અનુચ્છેદ ૩૦૩(૧) એ અનુચ્છેદ ૩૦૨ દ્વારા સંસદની તરફેણમાં આપવામાં આવેલી છૂટછાટમાંથી એક અપવાદ બનાવે છે; અનુચ્છેદ ૩૦૨ દ્વારા આપવામાં આવેલી રાહત પોતે જ અનુચ્છેદ ૩૦૧ ની સામાન્ય શરતોના અપવાદના સ્વરૂપમાં છે. અપવાદ અથવા પરંતુકની મુખ્ય વિધાનના અર્થઘટન પર એવી પ્રતિકૂળ અસર થાય છે કે જેથી તેના સ્પષ્ટ શબ્દોમાં સ્પષ્ટપણે આવતી બાબતને ગર્ભિત રીતે તેમાંથી બાકાત કરી દેવામાં

આવે, તેવું માનવું અર્થઘટનના સામાન્ય સિદ્ધાંતોની વિરુદ્ધ હશે....” [પૃષ્ઠ ૫૨૮]

અટિયાબારી અને ઓટોમોબાઇલમાં ઉપરોક્ત દ્રષ્ટિકોણ સાચો નથી. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ એ અનુચ્છેદ ૨૪૬ અને સાતમી અનુસૂચિ હેઠળની સત્તાઓનું પુનઃકથન સમાવિષ્ટ કરે છે. પ્રત્યેક પુનઃકથિત સત્તા સ્વયંભૂ રીતે અનુચ્છેદ ૩૦૧ માંની સ્વતંત્રતા પર પ્રભાવી બને છે.

૩૫. વધુમાં અટિયાબારીમાં બહુમતીએ ઠેરવેલ કે:

“...અનુચ્છેદ ૩૦૧ માં પ્રતિપાદિત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનો સિદ્ધાંત સંવિધાનની અન્ય જોગવાઈઓને આધીન નથી, પરંતુ તે માત્ર ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને જ આધીન કરવામાં આવ્યો છે, તેનો અર્થ એ છે કે, એકવાર અનુચ્છેદ ૩૦૧ માં સમાવિષ્ટ સ્વતંત્રતાનો વ્યાપ અને ફલક નક્કી થઈ જાય, પછી તેને ભાગ ૧૩ ની બહારની કોઈપણ જોગવાઈ દ્વારા નિયંત્રિત કરી શકાય નહીં...” [પૃષ્ઠ ૮૪૮]

બહુમતીએ અનુચ્છેદ ૩૦૧ ને “માત્ર ભાગ ૧૩ ને આધીન” તરીકે વાંચ્યો હોવાનું જણાય છે. વિદ્વાન લેખક એચ.એમ. સીરવાઈના અભિપ્રાય મુજબ પણ, અટિયાબારીમાં બહુમતીનો એવો દ્રષ્ટિકોણ કે અનુચ્છેદ ૩૦૧ “માત્ર ભાગ ૩” ને આધીન છે તે સાચો ન હતો. એચ.એમ. સીરવાઈના પુસ્તક 'કોન્સ્ટીટ્યુશનલ લો

ઓફ ઇન્ડિયા', ૪થી આવૃત્તિ, વોલ્યુમ ૩ માંથી સંબંધિત ફકરો ટાંકવો ઉચિત છે:

> ".....તેના કારણો આ મુજબ છે — (૧) તેમાં અનુચ્છેદ ૩૦૧ માં "આધીન" શબ્દ પછી "માત્ર" શબ્દ ઉમેરીને વાંચવામાં આવ્યો જે ત્યાં નથી અને આ અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોની વિરુદ્ધ છે. વધુમાં, અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૫ માં ઉલ્લેખિત કાયદા બનાવવાની સત્તા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ દ્વારા સંચાલિત થાય છે, અને તેથી, તે આપણા સંવિધાનની જોગવાઈઓને આધીન છે. (૨) અનુચ્છેદ ૩૦૪(બી) નું પરંતુક કે જે ખંડ (બી) ના હેતુ માટે વિધેયક પર રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિની આવશ્યકતા રાખે છે, તે આપણને અનિવાર્યપણે ભાગ ૧૩ ની બહાર ભાગ ૧૧ તરફ લઈ જાય છે, કારણ કે તે ભાગમાં આવેલ અનુચ્છેદ ૨૫૫ એવી જોગવાઈ કરે છે કે વિધેયક રજૂ કરવા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવામાં નિષ્ફળતા તેમની પાછળથી મળેલી મંજૂરી દ્વારા સરભર કરી શકાય છે. તેથી એ ફલિત થાય છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા માત્ર અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા અનુમતિ પ્રાપ્ત પ્રતિબંધ પૂરતી મર્યાદિત નથી કારણ કે તેના પરંતુક પર અનુચ્છેદ ૨૫૫ પ્રભાવી બને છે. (૩). વેપારનો ઉલ્લેખ માત્ર અનુચ્છેદ ૩૦૧ માં જ નહીં પરંતુ અનુચ્છેદ ૧૯(૧)(જી) માં પણ કરવામાં આવ્યો છે અને ભાગ ૧૩ ના યોગ્ય અર્થઘટન માટે તે અનુચ્છેદનો સંબંધ જરૂરી છે. અનુચ્છેદ ૧૯(૧)(જી) પ્રત્યેક નાગરિકને

કોઈપણ વેપાર કે વ્યવસાય કરવાનો અધિકાર સુનિશ્ચિત કરે છે. પરંતુ માલસામાન અથવા મિલકત વિના વેપાર કરી શકાતો નથી અને મિલકત સંપાદન કરવાનો, ધારણ કરવાનો અને તેનો નિકાલ કરવાનો અધિકાર અનુચ્છેદ ૧૯(૧)(એફ) હેઠળ ખાતરીબદ્ધ છે. વળી, માત્ર અનુચ્છેદ ૩૦૩ જ ભેદભાવની વાત કરતો નથી; અનુચ્છેદ ૧૪ અને ૧૫ પણ તેવું જ કરે છે અને આ અનુચ્છેદોનો ૩૦૩ સાથેનો સંબંધ ધ્યાનમાં લેવો જ જોઈએ." [પૃષ્ઠ ૨૫૯૧]

રાજ્યોની એ રજૂઆત સાચી છે કે અટિયાબારી અને ઓટોમોબાઇલ બંનેમાં બહુમતીનો દ્રષ્ટિકોણ સાચો નથી. ભાગ ૧૩ અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને સંવિધાનના અન્ય ભાગો, ખાસ કરીને ભાગ ૩, ૪ અને ૧૨ તથા સાર્વભૌમત્વ અને સંઘવાદના મૂળભૂત લક્ષણો સાથે વાંચવા પડશે.

**પ્રશ્ન નં. ૧: શું બિન-ભેદભાવપૂર્ણ કર લાદવો તે સ્વયંભૂ રીતે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બની શકે?**

**કર લાદવાની સત્તા એ રાજ્યના સાર્વભૌમત્વનું આનુષંગિક લક્ષણ છે:—**

૩૬. સાતમી અનુસૂચિની રાજ્ય યાદી હેઠળ કરવેરા અને જકાત લાદવા સંબંધિત પ્રવિષ્ટિઓ પ્રવિષ્ટિઓ ૪૬-૬૨ છે અને સાતમી અનુસૂચિની સમવર્તી યાદી હેઠળ પ્રવિષ્ટિઓ ૩૫, ૪૩ અને ૪૪ છે. કર લાદવાની સત્તા એ રાજ્યનો સાર્વભૌમ અધિકાર છે અને તે સરકારના અસ્તિત્વ માટે જ અત્યંત આવશ્યક છે.

કર દ્વારા મહેસૂલ એકત્ર કરવાની રાજ્યની સત્તા પરના કોઈપણ બંધનો રાજ્યની સ્વાયત્તતા અને શાસન પર સીધી અસર કરે છે.

૩૭. 'કર' શબ્દ સામાન્ય રીતે સરકારના ખર્ચાઓ માટે મહેસૂલ એકત્ર કરવા માટેની સાર્વભૌમ સત્તાના ઉપયોગને વ્યક્ત કરવા માટે વપરાય છે. ન્યાયાધીશ કુલીએ પોતાના યાદગાર પુસ્તક "લો ઓફ ટેક્સેશન" માં જણાવ્યું હતું કે કરવેરા એ જાહેર હેતુ માટે મહેસૂલ એકત્ર કરવાની એક પદ્ધતિ છે; અને કરવેરાની સત્તા એ સાર્વભૌમત્વનું આવશ્યક અને અંતર્નિહિત લક્ષણ છે, જે અધિકારની રૂએ દરેક સ્વતંત્ર સરકારનું છે. તેમણે કરવેરાની સત્તાને સાર્વભૌમ રાજ્યમાં રહેલી એવી અંતર્નિહિત સત્તા તરીકે વ્યાખ્યાયિત કરી છે કે જે જાહેર ખર્ચાઓને પહોંચી વળવાના હેતુ માટે તેના અધિકારક્ષેત્ર હેઠળની મિલકત અથવા વ્યવસાયોમાંથી ફાળવણીના કોઈ વાજબી નિયમ અનુસાર નાણાં અથવા અન્ય મિલકતનું યોગદાન વસૂલ કરે છે: —

> "...એ સ્પષ્ટ છે કે તે સાર્વભૌમત્વનું એક આનુષંગિક લક્ષણ છે, અને જેનું તે આનુષંગિક લક્ષણ છે તેની સાથે તે સમવ્યાપી છે. જે તમામ વિષયો પર રાજ્યની સાર્વભૌમ સત્તા વિસ્તરે છે તે તમામ કરવેરાના પાત્રો છે, પરંતુ જેના પર તે વિસ્તરતી નથી તે, અત્યંત સુદ્રઢ સિદ્ધાંતો અનુસાર, કરવેરામાંથી મુક્ત છે. આ વિધાન લગભગ સ્વયંસિદ્ધ કહી શકાય.

કરવેરાની સત્તા એ સાર્વભૌમત્વનું એક આવશ્યક અને અંતર્નિહિત લક્ષણ છે, જે અધિકારની રૂએ દરેક સ્વતંત્ર સરકારનું છે. લોકો દ્વારા સ્પષ્ટપણે આપવામાં આવી ન હોવા છતાં તે સરકાર પાસે રહેલી છે. આ સત્તા લોકોમાં અંતર્નિહિત છે કારણ કે સરકારના નિર્વાહ માટે તેમના તરફથી યોગદાન જરૂરી છે. વાસ્તવમાં કરવેરાની સત્તાને "જાહેર ખર્ચાઓને પહોંચી વળવાના હેતુ માટે સાર્વભૌમ રાજ્યમાં તેના અધિકારક્ષેત્ર હેઠળની મિલકત અથવા વ્યવસાયમાંથી, ફાળવણીના કોઈ વાજબી નિયમ અનુસાર, નાણાં અથવા અન્ય મિલકતનું યોગદાન વસૂલ કરવાની અંતર્નિહિત સત્તા" તરીકે વ્યાખ્યાયિત કરી શકાય."

(કુલી, ટેક્સેશન (૪થી આવૃત્તિ) પૃષ્ઠ ૭૨, ૧૪૯, ૧૫૦; માર્કેટ લો રિવ્યુ વોલ્યુમ ૨૨ અંક ૩ એપ્રિલ, ૧૯૩૮ માં અહેવાલ થયેલ હરમન એમ. નોએલર દ્વારા લખાયેલ લેખ 'પાવર ટુ ટેક્સ' માં સંદર્ભિત.)

૩૮. આ નામદાર કોર્ટે રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય, (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૨૨૦ થી શરૂ કરીને કેસોની હારમાળામાં ઠેરવ્યું છે કે કર લાદવાની સત્તા એ રાજ્યની સાર્વભૌમ સત્તા છે, જ્યાં આ નામદાર કોર્ટે અવલોકન કર્યું હતું કે:—

> "..... કરવેરાની સત્તા, નિઃશંકપણે, રાજ્યનો સાર્વભૌમ અધિકાર છે; જેમ કે મેકકુલોચ વિ. મેરીલેન્ડ [૪ લો એડિ. ૫૭૯ પૃ. ૬૦૭] માં મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલ દ્વારા અવલોકન કરવામાં આવ્યું હતું: "લોકો અને તેમની મિલકત પર કર લાદવાની સત્તા સરકારના અસ્તિત્વ માટે જ

અનિવાર્ય છે, અને સરકાર જ્યાં સુધી તેને લઈ જવાનું પસંદ કરે તેટલી મહત્તમ હદ સુધી તે જે બાબતો પર લાગુ પડે છે તેના પર કાયદેસર રીતે વાપરી શકાય છે." તે અર્થમાં, કર લાદવામાં આવેલી રકમના સંદર્ભમાં અથવા જે મિલકતને કરનો વિષય બનાવવામાં આવી છે તેના સંદર્ભમાં, કરવેરાની સત્તાનો વાજબી રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે કે કેમ તેની તપાસ કરવી તે કોર્ટનું કાર્ય નથી. સંવિધાનનો અનુચ્છેદ ૨૬૫ જોગવાઈ કરે છે કે કાયદાની સત્તા સિવાય કોઈ કર લાદવામાં કે વસૂલ કરવામાં આવશે નહીં; અને તેથી, કર કાયદેસર રીતે લાદવામાં આવ્યો છે કે નહીં તે નક્કી કરવા માટે, પ્રથમ એ તપાસ કરવી જરૂરી રહેશે કે અધિનિયમ પસાર કરનાર વિધાનમંડળ તેને પસાર કરવા માટે સક્ષમ હતું કે તે કે નહીં." [ભાર આપેલ છે] [પૃષ્ઠ ૨૩૨–૨૩૩]

૩૯. કર લાદવાની સત્તા એ સાર્વભૌમ સત્તા છે અને તે વૈધાનિક સ્વરૂપ ધરાવે છે તથા તેનો ઉપયોગ સંવિધાનીય મર્યાદામાં કરવાનો રહે છે. પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ લિ. અને અન્ય (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧ માં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:—

"૧૦૯. કરવેરાનો પ્રાથમિક ઉદ્દેશ મહેસૂલ એકત્રિત કરવાનો છે. ઉદ્યોગ, વાણિજ્ય અથવા અન્ય કોઈપણ પ્રવૃત્તિનું નિયમન કરવાના હેતુ માટે કર લાદવાની સત્તાનો ઉપયોગ કરી શકાય છે; આવો કર, વધુ યોગ્ય રીતે કહીએ તો કરભાર લાદવાનો હેતુ, નિયમનને અસરકારક બનાવવાના હેતુ

માટે સાર્વભૌમ સત્તાનો ઉપયોગ કરવાનો છે, જોકે આનુષંગિક રીતે તે કર મહેસૂલમાં ફાળો આપી શકે છે....”

કરવેરાની સત્તાને આવશ્યકતામાંથી ઉદ્ભવતી સાર્વભૌમત્વની અંતર્નિહિત વિશેષતા ગણવામાં આવી છે. આ જ મતનો યાદલાપતિ વેંકટેશ્વરલુ વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય (૧૯૯૨) સપ્લી. (૧) એસ.સી.સી. ૭૪ [પેરા ૯], ઉત્તર પ્રદેશ રાજ્ય અને અન્ય વિ. સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ લિ. અને અન્ય (૧૯૯૧) ૪ એસ.સી.સી. ૧૩૯ [પેરા ૪૪], અમૃત વનસ્પતિ કું. લિ. અને અન્ય વિ. પંજાબ રાજ્ય અને અન્ય (૧૯૯૨) ૨ એસ.સી.સી. ૪૧૧ [પેરા ૧૦], દેના બેંક વિ. ભીખાભાઈ પ્રભુદાસ પારેખ એન્ડ કું. અને અન્ય (૨૦૦૦) ૫ એસ.સી.સી. ૬૯૪ [પેરા ૮] માં પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો.

૪૦. સંવિધાન અને તેના અંતર્નિહિત નિયંત્રણોને આધીન રહીને, કરવેરાની સત્તાને રાજકીય અને સર્વોચ્ચ ગણવામાં આવે છે. કોઈપણ સભ્ય સરકારના અસ્તિત્વ માટે કર લાદવાની સત્તા અનિવાર્ય છે કારણ કે તે તેના આધાર અને નિર્વાહ માટે એક આવશ્યકતા છે. કરવેરા વિના, મહેસૂલના સ્ત્રોતના અભાવે, સરકાર લકવાગ્રસ્ત થઈ જશે. કેટલું મહેસૂલ મેળવવું અને કયા સ્ત્રોતમાંથી મેળવવું તે નાણાકીય નીતિની બાબત છે અને તે સંપૂર્ણપણે રાજ્યની જરૂરિયાતો પર આધાર રાખે છે. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો દ્વારા નિર્દેશિત કર્યા મુજબ, રાજ્યના અસ્તિત્વ અને તેની કલ્યાણકારી પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે, રાજ્ય (૧) કર અને શુલ્ક; (૨) ટ્રેઝરી બિલ બહાર પાડીને મેળવેલી લોન,

લોન અથવા વેઝ એન્ડ મીન્સ એડવાન્સિસ; (૩) લાયસન્સ માટેની ફી; (૪) પૂરી પાડવામાં આવેલી સેવાઓ માટેની ફી; અને (૫) દંડ અથવા અન્ય નાણાકીય દંડ (અનુચ્છેદ ૧૯૯, ૨૦૭ અને ૨૬૬) દ્વારા મહેસૂલ એકત્રિત કરવાની સત્તા ધરાવે છે. રાજ્ય વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે દેવાની ચુકવણીને ધ્યાનમાં રાખીને લોન લેવા સામે નાણાકીય મર્યાદાઓ રહેલી છે; અન્યથા પણ કર વધુ યોગ્ય છે કારણ કે તે જાહેર કલ્યાણના સ્વરૂપમાં સંપત્તિના પુનઃવિતરણનો એક માર્ગ છે.

૪૧. ઈલેલ હોટેલ્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ્સ લિ. અને અન્ય વિ. ભારત સંઘ (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૯૮ માં ઠેરવવામાં આવ્યું હતું કે:—

> "૨૦ ....કરવેરા હવે સરકારના ખર્ચાઓને પહોંચી વળવા માટે નાણાં એકત્રિત કરવાનો માત્ર એક સ્ત્રોત નથી. તે નાણાકીય અને સામાજિક ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટેનું એક માન્ય નાણાકીય સાધન છે..."

૪૨. સંવિધાનના ભાગ ૧૧ અને ૧૨ અનુક્રમે "સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો" અને "નાણાં, મિલકત, કરારો અને દાવાઓ" સાથે સંબંધ ધરાવે છે. નાણાં વગેરે સાથે સંબંધિત ભાગ ૧૨ ને કર લાદવાની રાજ્યોની સાર્વભૌમ સત્તા સાથે સંબંધ ધરાવતા ભાગ તરીકે ગણવામાં આવ્યો છે, જેનો અર્થ હંમેશાં જાહેર હિતમાં નાગરિકો અને અન્ય લોકો પર બોજ લાદવો એવો જ થવો જોઈએ. સરકારનો કારોબાર ચલાવવા માટે સાર્વભૌમ રાજ્યમાં કરવેરાની સત્તા નિહિત કરવામાં આવેલી છે. આપણા સંવિધાને એક કલ્યાણકારી રાજ્યનો પાયો નાખ્યો

છે, જેણે સરકાર અને વહીવટીતંત્રની પ્રવૃત્તિઓનો ખૂબ જ વિસ્તાર કર્યો છે જેથી રાજ્ય માટે મોટા પાયે અને ઘણા વ્યાપક ક્ષેત્રોમાં કર લાદવાનું આવશ્યક બન્યું છે. સંસદ અથવા રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતા માત્ર સંવિધાનમાં જ સમાવિષ્ટ સ્પષ્ટ પ્રતિબંધ દ્વારા મર્યાદિત કરી શકાય છે. સંવિધાન દ્વારા સંઘ અને રાજ્ય વિધાનમંડળોમાં નિહિત વિધાન કરવાની પૂર્ણ સત્તાઓ સંવિધાન પોતે લાદેલા નિયંત્રણો સિવાય અન્ય કોઈ મર્યાદાઓને આધીન નથી.

૪૩. મહારાજ ઉમેગ સિંહ અને અન્ય વિ. બોમ્બે રાજ્ય અને અન્ય, એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૫૪૦ માં, આ કોર્ટે ઠેરવ્યું હતું કે પોતાની વૈધાનિક સક્ષમતાની અંદર કાયદો ઘડવાની રાજ્યની સત્તા પૂર્ણ હોવાથી અને ખુદ સંવિધાનમાં આવી સત્તા પર મૂકવામાં આવેલી સ્પષ્ટ મર્યાદાના અભાવમાં તેમાં કોઈ કાપ મૂકી શકાતો ન હોવાથી, તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર કર લાદવાની રાજ્યની વૈધાનિક સત્તાઓ પર કોઈ સ્પષ્ટ પ્રતિબંધ નથી. કરવેરા રાજ્યનું જીવનરક્ત હોવાથી, ગર્ભિતાર્થ દ્વારા તેમનો નાશ કરી શકાય નહીં.

૪૪. કર લાદવાની સત્તા એ સાર્વભૌમ સત્તા છે અને તે વૈધાનિક સ્વરૂપ ધરાવે છે. સંઘીય વ્યવસ્થામાં, સંઘ અને રાજ્યો વચ્ચે સત્તાઓની વહેંચણી દ્વારા વૈધાનિંક સત્તાનો ઉપયોગ કરવામા આવે છે; બંને પોતપોતાના ક્ષેત્રમાં સર્વોચ્ચ છે. રાજ્યની સત્તા તેના ક્ષેત્રની મર્યાદિત વ્યાપ્તિ છતાં સ્વભાવે પૂર્ણ છે. જ્યાં સંવિધાનીય આશય સ્પષ્ટ અને સુનિશ્ચિત હોય તે સિવાય, રાજ્યની પૂર્ણ સત્તાને

અર્થઘટન દ્વારા ક્ષીણ કરવી જોઈએ નહીં. પ્રસ્તુત સંદર્ભમાં, આપણે યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ "તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પરના કર" સાથે સંબંધ ધરાવીએ છીએ. પ્રવેશ કર એ તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણના હેતુ માટે 'સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ' પર લાદવામાં આવતો કર છે. રાજ્યો પોતપોતાના ક્ષેત્રમાં સ્વાયત્ત એકમો છે અને સાતમી અનુસૂચિની યાદી ૨ માં ગણાવેલા ક્ષેત્રોમાં કાયદો ઘડવાની સક્ષમતા ધરાવે છે.

૪૫. રાજ્ય યાદીમાં, અઢાર પ્રવિષ્ટિઓ છે જેના પર રાજ્ય વિધાનમંડળ કર લાદવાની સત્તા ધરાવે છે. રાજ્યો અને માત્ર રાજ્યો જ કર લાદવા અને મહેસૂલ એકત્ર કરવા સંબંધિત ઉપરોક્ત ક્ષેત્રોમાં કાયદો ઘડવાની સત્તા ધરાવે છે. રાજ્યો દ્વારા કર લાદવા સંબંધિત યાદી ૨ ની ઉપરોક્ત પ્રવિષ્ટિઓ, તેમના ક્ષેત્રની મર્યાદિત વ્યાપ્તિ છતાં, સ્વભાવે પૂર્ણ છે. પોતાનો વહીવટ ચલાવવા માટે રાજ્યો પાસે મહેસૂલ હોવું જરૂરી છે અને રાજ્યો કર લાદવાની પોતાની સત્તાનો ઉપયોગ કરીને મહેસૂલ એકત્ર કરવા માટે હકદાર છે. સંવિધાન હેઠળ સ્પષ્ટપણે આપવામાં આવેલી કરવેરાની આવી મહત્વપૂર્ણ સત્તાને ક્ષીણ થવા દઈ શકાય નહીં અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને આધીન બનાવી શકાય નહીં.

૪૬. કરને હંમેશાં એક વિશિષ્ટ બાબત તરીકે ગણવામાં આવ્યો છે અને તેને સાતમી અનુસૂચિના અન્ય તમામ વૈધાનિક ક્ષેત્રોથી અલગ સ્થાન પર રાખવામાં આવ્યો છે. તે પુનરાવર્તિત કરવું યોગ્ય રહેશે કે કરવેરાની સત્તા એ

આવશ્યકતામાંથી ઉદ્ભવતું સાર્વભૌમત્વનું એક અંતર્નિહિત લક્ષણ છે. અગાઉ નોંધ્યું છે તેમ, કર વસૂલાત માત્ર રાજ્યના અસ્તિત્વ માટે જ મૂળભૂત નથી પરંતુ તેની કલ્યાણકારી પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે પણ છે, તેથી, તે અન્ય વૈધાનિક સત્તાના ઉપયોગ માટે પૂર્વ–શરત બને છે. કર કાયદાઓને આપવામાં આવેલો વિશેષ દરજ્જો નીચેની વિશેષ જોગવાઈઓ પરથી સ્પષ્ટ થાય છે: અનુચ્છેદ ૨૬૫ જોગવાઈ કરે છે કે કાયદાની સત્તા સિવાય કોઈ કર લાદવામાં કે વસૂલ કરવામાં આવશે નહીં; તેથી કારોબારી સત્તાના ઉપયોગ દ્વારા કોઈ કર લાદી કે વસૂલ કરી શકાતો નથી. સંવિધાનના અનુચ્છેદ ૧૧૦ અને ૧૯૯ હેઠળ કર કાયદાઓને નાણાં વિધેયકોનો દરજ્જો આપવામાં આવ્યો છે અને, તેથી, રજૂ કરવાની તેમની પ્રક્રિયા અલગ છે. અનુચ્છેદ ૧૦૯ અને ૧૯૮ મુજબ તે સંસદ અને રાજ્ય વિધાનમંડળના માત્ર નીચલા ગૃહોમાં જ રજૂ થઈ શકે છે. નાણાં વિધેયક હોવાના કારણે, તમામ મહેસૂલ એકત્રિત ભંડોળમાં જમા કરવામાં આવે છે અને તે માત્ર વિનિયોગ વિધેયકો (અનુચ્છેદ ૧૧૪ અને ૨૦૪) મારફતે જ બહાર કાઢી શકાય છે.

અનુચ્છેદ ૩૦૧ માંની સ્વતંત્રતાનો અર્થ કરવેરામાંથી સ્વતંત્રતા નથી:—

૪૭. ઐતિહાસિક રીતે, અનુચ્છેદ ૩૦૧ નો આશય 'દેશી રાજ્યો' અને બાકીના ભારત વચ્ચેના અવરોધોને દૂર કરવાનો હતો. આમ, અનુચ્છેદ ૩૦૧ નું અર્થઘટન વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર સંભવિત અસર કરી શકે તેવી કોઈપણ કે દરેક કાર્યવાહીને લક્ષ્ય બનાવવાના બદલે, તેના ઉદ્દેશ એટલે કે

"રાષ્ટ્રના આર્થિક એકીકરણ" ના સંદર્ભમાં થવું જોઈએ. અનુચ્છેદ ૩૦૧ માં રહેલા "મુક્ત" શબ્દનો અર્થ કરવેરામાંથી સ્વતંત્રતા નથી; કેવળ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતા નથી. એક રીતે જોઈએ તો, રાજ્ય વિધાનમંડળ દ્વારા લાદવામાં આવતા દરેક કરની વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહ પર પરોક્ષ અસર થઈ શકે છે. જો કોઈપણ કર કાયદા ઘડવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને અનુચ્છેદ ૩૦૧ હેઠળની મર્યાદાને આધીન હોવાનું ઠેરવવામાં આવે, તો યાદી ૨ ની વિવિધ પ્રવિષ્ટિઓ હેઠળ કર લાદવાની રાજ્યની વૈધાનિક સત્તા નિષ્પ્રભાવી બની જશે.

૪૮. સંવિધાનના ભાગ ૧૨ ની વિવિધ જોગવાઈઓમાં કર લાદવાની રાજ્યની સત્તા પર અમુક નિયંત્રણો સ્પષ્ટપણે સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. માલના વેચાણ અથવા ખરીદી પર કર લાદવા સંબંધિત નિયંત્રણો [અનુચ્છેદ ૨૮૬]; વ્યવસાયો, વેપારો, આજીવિકાઓ અને રોજગાર પરના કર, જેના સંદર્ભમાં રાજ્ય વિધાનમંડળની વ્યવસાયો પર કર લાદવાની સત્તા ત્યાં મર્યાદિત છે જ્યાં ચૂકવવાપાત્ર કુલ રકમ વાર્ષિક બે હજાર પાંચસો રૂપિયાથી વધુ ન હોય [અનુચ્છેદ ૨૭૬(૨)]; રાજ્યની કરવેરા સત્તા પર ખુદ સંવિધાન દ્વારા લાદવામાં આવેલી મર્યાદા અથવા કાયદા દ્વારા મર્યાદાઓ નિર્ધારિત કરવાની સત્તા સંસદને આપવામાં આવી છે [અનુચ્છેદ ૨૮૬ (૨) અને (૩)]; અમુક કિસ્સાઓમાં પાણી અથવા વીજળીના સંબંધમાં રાજ્યો દ્વારા કરવેરામાંથી મુક્તિ અને રાષ્ટ્રપતિની સંમતિ મેળવ્યા પછી આવો કર લાદવાની રાજ્ય વિધાનમંડળની સત્તા [અનુચ્છેદ ૨૮૮, ૨૮૮ (૧) અને (૨)]; તેવી જ રીતે, યાદી ૨ માં

ઓછામાં ઓછી પાંચ પ્રવિષ્ટિઓ [પ્રવિષ્ટિઓ ૫૦, ૫૧, ૫૪, ૫૫ અને ૫૭] છે જે સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે તેઓ ચાદી ૧ અને ચાદી ૩ હેઠળ સંસદ દ્વારા ઘડેલા કાયદા મારફતે નિર્ધારિત મર્યાદાઓ/સિદ્ધાંતોને આધીન છે.

૪૯. સંવિધાનમાં, જ્યાં પણ કરમાંથી મુક્તિની વિચારણા કરવામાં આવી હતી, ત્યાં તેની સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી હતી—રાજ્યના કરવેરામાંથી સંઘની મિલકતને મુક્તિ [અનુચ્છેદ ૨૮૫]; વીજળી પરના કરમાંથી મુક્તિ [અનુચ્છેદ ૨૮૭]; અમુક કિસ્સાઓમાં પાણી અથવા વીજળીના સંબંધમાં રાજ્યો દ્વારા કરવેરામાંથી મુક્તિ [અનુચ્છેદ ૨૮૮]; સંઘના કરવેરામાંથી રાજ્યની મિલકત અને આવકને મુક્તિ [અનુચ્છેદ ૨૮૯]. આમ સંસદ/રાજ્ય વિધાનમંડળની કર સત્તામાંથી મુક્તિ સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે પ્રદાન થયેલી હોવી જોઈએ. અનુચ્છેદ ૨૮૯(૨) દર્શાવે છે કે રાજ્ય સરકાર દ્વારા અથવા તેના વતી ચલાવવામાં આવતા વેપાર કે વ્યવસાય પર પણ કર લાદી શકાય છે અને સંસદ કાયદા દ્વારા જે જોગવાઈ કરે તે "તેવી હદ સુધી", જો કોઈ હોય તો, કર હોઈ શકે છે. જ્યારે રાજ્ય સરકાર દ્વારા અથવા તેના વતી ચલાવવામાં આવતા વેપાર કે વ્યવસાય પર પણ કર લાદી શકાતો હોય, ત્યારે દેશમાં ખાનગી વ્યક્તિઓ અને કંપનીઓ દ્વારા કરવામાં આવતા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કરમુક્ત ગણવું ભૂલભરેલું હશે; અને તે પણ, ગર્ભિતાર્થ દ્વારા.

૫૦. એ સુસ્થાપિત છે કે સંવિધાનના ભાગ ૩ માં આપેલા મૂળભૂત અધિકારો પણ કરવેરામાંથી મુક્ત નથી અને કરવેરાને "નિયંત્રણ નહીં" તરીકે

ઠેરવવામાં આવેલ છે. ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ (બોમ્બે) પ્રા. લિ. અને અન્ય વગેરે વિ. ભારત સંઘ અને અન્ય વગેરે (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧ માં, આયાતી ન્યૂઝપ્રિન્ટ પર કર લાદીને વર્તમાનપત્ર ઉદ્યોગ પર પરોક્ષ કર લાદવાના પગલાંને અનુચ્છેદ ૧૯(૧)(એ) ના ઉલ્લંઘનકારી તરીકે પડકારવામાં આવ્યો હતો. પ્રેસ કરવેરામાંથી મુક્ત નથી તેવું ઠેરવતાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે:—

> "૪૯. ....તેમ છતાં અમેરિકન અદાલતોએ વર્તમાનપત્ર સંસ્થાઓ પર કર લાદવાની રાજ્યની સત્તાને માન્ય રાખી છે, અલબત્ત, કાયદાની યોગ્ય પ્રક્રિયાના સિદ્ધાંતને લાગુ કરીને અદાલતો દ્વારા ન્યાયિક પુનરાવલોકનને આધીન રહીને.... કરવેરા એ સરકારના નિર્વાહ માટે અને સંવિધાનીય રીતે તે પાર પાડી શકે તેવા અન્ય કોઈપણ જાહેર હેતુઓ માટે ચૂકવણી કરવા સારું વ્યક્તિઓ અથવા તેમની મિલકત પર કરભાર લાદવાની કે વસૂલ કરવાની સાર્વભૌમત્વની અથવા તેના સરકારી એજન્ટો પૈકીના એકની કાનૂની ક્ષમતા છે.
>
> ...
>
> ૬૫. વર્તમાનપત્ર ઉદ્યોગ બે મૂળભૂત અધિકારો ભોગવે છે, એટલે કે અનુચ્છેદ ૧૯(૧)(એ) હેઠળ ખાતરી આપવામાં આવેલી વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને સંવિધાનના અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ ખાતરી આપવામાં આવેલી કોઈપણ વ્યવસાય, આજીવિકા, વેપાર, ઉદ્યોગ

અથવા ધંધો કરવાની સ્વતંત્રતા; પ્રથમ એટલા માટે કે તે અભિવ્યક્તિ અને સંચારના ક્ષેત્ર સાથે સંબંધિત છે અને બીજું એટલા માટે કે સંચાર એક આજીવિકા કે વ્યવસાય બની ગયું છે અને જ્યાં અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તે ક્ષેત્રમાં વેપાર, ધંધા અને ઉદ્યોગનો પ્રવેશ થયો છે. જોકે અભિવ્યક્તિની સ્વતંત્રતા ભોગવવાના અધિકાર પર કોઈ કર હોઈ શકે નહીં, પરંતુ વ્યવસાય, આજીવિકા, વેપાર, ધંધા અને ઉદ્યોગ પર કર લાદવાપાત્ર છે. તેથી વર્તમાનપત્ર ઉદ્યોગ પર કર લાદવાપાત્ર છે. પરંતુ જ્યારે આવો કર અભિવ્યક્તિની સ્વતંત્રતાના ક્ષેત્રમાં અતિક્રમણ કરે છે અને તે સ્વતંત્રતાને રુંધે છે, ત્યારે તે અસંવિધાનીય બની જાય છે. જ્યાં સુધી તે વાજબી મર્યાદામાં હોય અને અભિવ્યક્તિની સ્વતંત્રતામાં અવરોધરૂપ ન બને, ત્યાં સુધી તે અનુચ્છેદ ૧૯(૨) ની મર્યાદાનું ઉલ્લંઘન કરશે નહીં. તે વ્યવસાય, આજીવિકા, વેપાર, ધંધા કે ઉદ્યોગના ક્ષેત્રમાંથી ક્યારે અભિવ્યક્તિની સ્વતંત્રતાના ક્ષેત્રમાં પ્રવેશે છે અને તે સ્વતંત્રતામાં દખલ કરે છે તે નક્કી કરવાનું નાજુક કાર્ય અદાલતોને સોંપવામાં આવ્યું છે.

....

૬૯. સામાન્ય કર કાયદાઓના કિસ્સામાં, કાયદાઓને માત્ર ત્યારે જ પડકારી શકાય જો તેઓ કાં તો ખુલ્લેઆમ જપ્તીકારી હોય અથવા જપ્ત કરવા માટેનું છદ્મ સાધન હોય. બીજી તરફ, ન્યૂઝપ્રિન્ટ પરના કરના કિસ્સામાં, સ્પષ્ટપણે

અને સીધી રીતે કરને આભારી હોય તેવો એક અલગ અને દેખીતો બોજ દર્શાવવો પૂરતો હોઈ શકે છે." [ભાર ઉમેરેલ છે]

૫૧. ઓલ બિહાર સ્કૂલ્સ એસોસિએશન અને અન્ય વિ. બિહાર રાજ્ય અને અન્ય (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૨૦૬ માં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે ધાર્મિક લઘુમતી સંસ્થાઓ કરવેરાના પગલાં અને સામાજિક કલ્યાણના કાયદાઓ સહિતના સામાન્ય કાયદાઓમાંથી મુક્ત નથી. તેવી જ રીતે, પ્રિન્ટર્સ (મૈસૂર) લિ. અને અન્ય વિ. આસિસ્ટન્ટ કોમર્શિયલ ટેક્સ ઓફિસર અને અન્ય (૧૯૯૪) ૨ એસ.સી.સી. ૪૩૪ માં, એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ કેસનો સંદર્ભ લીધા પછી, એવું ઠેરવવામાં આવ્યું હતું કે પ્રેસ કરવેરા અથવા સામાન્ય કાયદામાંથી મુક્ત નથી. આમ જ્યારે મૂળભૂત અધિકારો પણ કરવેરામાંથી મુક્ત નથી, ત્યારે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર કરવેરામાંથી મુક્તિનો દાવો કરી શકે નહીં.

કર એ સ્વયં નિયંત્રણ નથી:—

૫૨. અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદવાની મંજૂરી આપે છે, જે કર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર લાગુ પડતો હોય જેથી કરીને આ રીતે આયાત કરાયેલા માલ અને રાજ્યમાં આ રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય. અનુચ્છેદ ૩૦૪(એ) જણાવે છે કે બિન–ભેદભાવપૂર્ણ કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના પ્રવાહને અવરોધતો નથી. અનુચ્છેદ

૩૦૪(એ) ત્યારે લાગુ થાય છે જ્યારે નીચેની શરતો સંચિત રીતે સંતોષાતી હોય: —

(એ) રાજ્ય વિધાનમંડળ કાયદા દ્વારા કર લાદે છે;

(બી) અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી તે રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ પર કર લાદવામાં આવે છે;

(સી) તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર પણ કર લાદવામાં આવે છે; અને

(ડી) આયાત કરવામાં આવતા માલ અને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવતો નથી.

જ્યારે આ ચાર શરતો પરિપૂર્ણ થાય છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪(એ) બિન–ભેદભાવપૂર્ણ કર લાદવા માટે બંધારણીય માર્ગ પૂરો પાડે છે. અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ, રાજ્ય વિધાનમંડળો દ્વારા ભેદભાવપૂર્ણ નિયંત્રણો લાદવામાં આવ્યા હોય તો પણ અનુચ્છેદ ૩૦૧ હેઠળનો પ્રતિબંધ હટી જાય છે, શરત એ છે કે તેઓ નીચેની શરતો પૂર્ણ કરે—(એ) આવા નિયંત્રણો જાહેર હિતમાં હોય; (બી) તે વાજબી હોય; અને (સી) તે વિધેયક અથવા સુધારો રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવાને આધીન હોય.

૫૩. જ્યારે રાજ્યો પાસે અન્ય રાજ્યોમાંથી આયાત થતા માલ પર કર લાદવાની વૈધાનિક સત્તા છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી

આયાત થતા માલ અને રાજ્યોમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવમાં પરિણમે તેવો માલ પર કર લાદવાની રાજ્યોની આ સત્તા પર નિયંત્રણો મૂકે છે. અનુચ્છેદ ૩૦૧ ના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૪ માં રહેલો નોન–ઓબસ્ટેન્ટ ખંડ વાસ્તવમાં એ દર્શાવે છે કે, કર એ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતો ન હોવાથી, માલના સ્ત્રોત અથવા ગંતવ્ય સ્થાનના આધારે થતા ભેદભાવ સામે જોગવાઈ કરવા માટે અનુચ્છેદ ૩૦૪(એ) લાવવામાં આવ્યો હતો. આમ, અનુચ્છેદ ૩૦૪(એ) એ રાજ્યોની કર સત્તાઓ પરનું એવું નિયંત્રણ છે કે જેમાં રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ અને કર લાદતા રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવ કરવાનો નથી.

૫૪. સંવિધાન સભાની ચર્ચાઓ દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહની બાંહેધરી આપવાનો આશય ધરાવતા હોવા છતાં, તેઓએ તેનું દેવીકરણ કર્યું ન હતું. અગાઉ ચર્ચા કર્યા મુજબ, સંવિધાનનો મુસદ્દો તૈયાર કરતી વખતે, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા ધરાવતી જોગવાઈ શરૂઆતમાં મૂળભૂત અધિકારો તરીકે દર્શાવવામાં આવી હતી; પરંતુ ચર્ચાઓ પછી, તેને એક અલગ ભાગ [ભાગ ૧૩] માં ખસેડવામાં આવી હતી. સંવિધાનના ઘડવૈયાઓનો એવો આશય ન હતો કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર કરવેરામાંથી મુક્ત રહે. અનુચ્છેદ ૩૦૪ રાજ્યોને કર લાદવાની સત્તા પૂરી પાડે છે, અલબત્ત તે ઉઘરાત ભેદભાવપૂર્ણ ન હોય તેને આધીન રહીને. તેથી, અનુચ્છેદ ૩૦૧ ને કર કાયદાઓમાંથી મુક્તિ તરીકે વાંચવો જોઈએ નહીં.

૫૫. આ સંબંધમાં, આપણે સંવિધાન સભાની ચર્ચાઓ/ભારતના સંવિધાનના ઘડતરનો ઉપયોગી સંદર્ભ લઈ શકીએ છીએ:

શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર

"અને ત્યારબાદ, "પરંતુ શરત એ છે કે આ કલમમાંનું કંઈપણ કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવતા માલ પર તે જ શુલ્ક અને કર લાદતા અટકાવશે નહીં કે જે શુલ્ક અને કર તે એકમમાં ઉત્પાદિત માલને લાગુ પડે છે". એટલે કે આપણે ભેદભાવ કરવો જોઈએ નહીં; પરંતુ તે જ સમયે, અંદર આવતો માલ કોઈપણ કર વિના છૂટી જવો જોઈએ નહીં: તેના પર તે જ શુલ્ક લાગુ થવો જોઈએ જે તે વિસ્તારમાં ઉત્પાદિત માલ પર લાગુ થાય છે" (ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ બાય યુનિવર્સલ લો, લો પબ્લિશિંગ પ્રા. કંપની પ્રા. લિ. વોલ્યુમ ૨ પાનું ૨૫૩)

ગોવિંદ વલ્લભ પંત

"આ ખંડના મુખ્ય ભાગ અંગે સર્વસંમતિ છે અને તે સ્પષ્ટ છે કે એક એકમ દ્વારા બીજા એકમ સામે કોઈ ભેદભાવ થવો જોઈએ નહીં. અન્યથા આપણે સંઘીય સંવિધાનના સંઘના મૂળ ભાવની વિરુદ્ધ જઈશું. જો એકમો સામે ભેદભાવ કરવામાં આવશે તો આપણે અન્યથા કરતાં વધુ વાર સંઘર્ષમાં આવી પડીશું. તેથી આ બાબત ટાળવી જોઈએ." (ધ ફ્રેમિંગ ઓફ

ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન, સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ બાય યુનિવર્સલ લો, લો પબ્લિશિંગ પ્રા. કંપની પ્રા. લિ. વોલ્યુમ ૨ પાનું ૨૫૪)

શ્રી કૃષ્ણસ્વામી અય્યર

"જ્યાં સુધી અનુચ્છેદ ૧૬ નો સંબંધ છે, વેપારની સ્વતંત્રતાની બાંહેધરીનું સત્વ જાળવી રાખવામાં આવ્યું છે. અમે રાજ્યો અને કેન્દ્રને ભેદભાવપૂર્ણ કાયદાઓ પસાર કરવા પર પ્રતિબંધ મૂક્યો છે" [સંવિધાન સભાની ચર્ચાઓ તારીખ ૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯ (પાનું ૧૧૪૪)]

૫૬. કરવેરા કાયદાને વૈધાનિક સક્ષમતાના કારણસર તેમજ સંવિધાનના ભાગ ૩ હેઠળ બાંહેધરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનના કારણસર પડકારી શકાય છે. રાય રામકૃષ્ણ અને અન્ય વિ. ધ સ્ટેટ ઓફ બિહાર (૧૯૬૪) ૧ એસ.સી.આર. ૮૯૭ માં, આ કોર્ટે એવું ઠેરવતી વખતે કે કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૧૪ અને ૧૯ દ્વારા નિર્ધારિત બંધારણીય મર્યાદાઓની બહાર નથી, એવું ઠેરવ્યું હતું કે તેમ છતાં આ પડકાર સાથે સાવચેતી અને સાવધાનીપૂર્વક કામ લેવું જોઈએ:

"૧૩. .....કે કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૧૯ અને ૧૪ દ્વારા નિર્ધારિત બંધારણીય મર્યાદાઓની બહાર નથી, અને તેઓ એ પણ સ્વીકારે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા નિર્ધારિત વ્યાજબીપણાની કસોટી ન્યાયનિર્ણય યોગ્ય છે. અલબત્ત, એ સાચું છે કે લોકો અને તેમની મિલકત પર કર લાદવાની સત્તા એ સરકારનું અનિવાર્ય લક્ષણ છે અને

સરકાર જે બાબતોને તે લાગુ પડે છે તેના સંદર્ભમાં જ્યાં સુધી યોગ્ય માને ત્યાં સુધી કાયદેસર રીતે સદર સત્તાનો ઉપયોગ કરી શકે છે. જે બાબતો પર કર લાદવાનો છે તે જ્યાં સુધી વિધાનમંડળની વૈધાનિક સક્ષમતાની અંદર હોય, ત્યાં સુધી વિધાનમંડળ દ્વારા તેની જરૂરિયાતોની તાકીદ અનુસાર તેના પર કર લાદી શકાય છે, કારણ કે તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે રાજ્ય કરવેરા દ્વારા મહેસૂલ એકત્રિત કરવા માટે હકદાર છે. કરવેરા કાયદા દ્વારા લાદવામાં આવતા કરનું પ્રમાણ, જે શરતોને આધીન તે લાદવામાં આવે છે, જે રીતે તેની વસૂલાત કરવાનો પ્રયાસ કરવામાં આવે છે, તે તમામ બાબતો વિધાનમંડળની સક્ષમતાની અંદર છે, અને કરવેરા કાયદો અનુચ્છેદ ૧૯ નું ઉલ્લંઘન કરે છે તેવી નાગરિક દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી દલીલ સાથે કામ લેતી વખતે કોર્ટો સ્વાભાવિક રીતે જ સાવચેત અને સાવધાન રહેશે. જ્યાં ઉદાહરણ તરીકે, એવું જણાય કે કરવેરા કાયદો સ્પષ્ટપણે ભેદભાવપૂર્ણ છે, અથવા કરની આકારણી અને ઉઘરાત માટે કોઈ પ્રક્રિયાત્મક તંત્ર પૂરું પાડતો નથી, અથવા તે જમીયુક્ત છે, ત્યાં અદાલતો વાદગ્રસ્ત કાયદાને ગેરબંધારણીય ગણીને રદબાતલ ઠેરવવામાં વાજબી ઠરશે. આવા કેસોમાં, વાદગ્રસ્ત કાયદાની મહત્વપૂર્ણ જોગવાઈઓનું સ્વરૂપ એવું હોય છે કે કોર્ટ એવો દ્રષ્ટિકોણ અપનાવવામાં વાજબી ગણાશે કે, સારતત્વમાં, આ કરવેરા કાયદો વિધાનમંડળ દ્વારા તેના જમીયુક્ત ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે અપનાવવામાં આવેલો એક મુખવટો છે. આ બાબત કુન્નાથત થથુન્ની મૂપિલ નાયર વિ. સ્ટેટ ઓફ કેરળ

[૧૯૬૧] ૩ એસ.સી.આર. ૭૭ ના કેસમાં આ કોર્ટના નિર્ણય દ્વારા સ્પષ્ટ થાય છે, જ્યાં કરવેરા કાયદાને રદબાતલ ઠેરવવામાં આવ્યો હતો કારણ કે તે ઘણી ગંભીર ક્ષતિઓથી પીડાતો હતો. બીજી તરફ, આપણે રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ [૧૯૬૨] ૪૬ આઈ.ટી.આર. ૧૬૯ (એસ.સી.) ના કેસનો સંદર્ભ લઈ શકીએ છીએ, જ્યાં કરવેરા કાયદા સામે તેની જોગવાઈઓ ગેરવાજબી હોવાના કારણસરનો પડકાર નકારી કાઢવામાં આવ્યો હતો અને એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે જ્યાં સુધી વાદગ્રસ્ત કાયદામાં રહેલી ક્ષતિઓ એટલા ગંભીર સ્વરૂપની ન હોય કે જેને વૈધાનિક સત્તાના દંભી ઉપયોગ તરીકે વર્ણવવાનું વાજબી ઠરે; ત્યાં સુધી કોર્ટ કરવેરા કાયદાને માન્ય રાખશે." [ભારપૂર્વક ઉમેરેલ]

૫૭. હરિ કૃષ્ણ ભાર્ગવ વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય એ.આઇ.આર. ૧૯૬૬ એસ.સી. ૬૧૯ માં, રામજીલાલ પર નિર્ણયોની શ્રેણીની જે અસર પડી હતી તેની નોંધ લેતાં બેંચે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે જોકે કર લાદવાની સત્તા એ એવી સત્તા નથી કે જે મૂળભૂત અધિકારોથી પર હોય, તેમ છતાં કરવેરા કાયદાને માત્ર એવા કારણસર પડકારી શકાય નહીં કે તે કઠોર અને અતિશય છે. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:—

"૧૦. એવી રજૂઆત કરવામાં આવી હતી કે થાપણો જમા કરાવવાની ફરજ પાડવાની સત્તાઓના ઉપયોગને ગેરબંધારણીય ન ગણવામાં આવે

તો પણ, તેનો ઉપયોગ કઠોર છે અને રાજ્ય દ્વારા કરવામાં આવેલી માંગણીઓ અતિશય છે. રાજ્ય દ્વારા કરવેરા સત્તાના ઉપયોગની ચકાસણી નિઃશંકપણે સંવિંધાનના પ્રકરણ ૩ દ્વારા બા હેધરી આપવામાં આવેલી મૂળભૂત સ્વતંત્રતાઓના પ્રકાશમાં થવી જોઈએ. તે એવી સત્તા નથી કે જે મૂળભૂત અધિકારોથી પર હોય, જેવું કે અગાઉના કેટલાક નિર્ણયોમાં માની લેવામાં આવ્યું હતું : રામજીલાલ વિ. ઈન્કમ–ટેક્સ ઓફિસર (૧૯૫૧) ૧૯ આઈ.ટી.આર. ૧૭૪ (એસ.સી.) ; લક્ષ્મણપ્પા હનુમંતપ્પા વિ. યુનિયન ઓફ ઈન્ડિયા (યુ.ઓ.આઈ.) (૧૯૫૪) ૨૬ આઈ.ટી.આર. ૭૫૪ (એસ.સી.) ; અને એસ. અનંત કૃષ્ણન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ આઈ.એલ.આર. [૧૯૫૨] મદ્રાસ ૯૩૩ માં ન્યાયમૂર્તિ વેંકટરામ અય્યર દ્વારા વ્યક્ત કરાયેલ દ્રષ્ટિકોણ. પરંતુ હવે આ કોર્ટના નિર્ણયો (દા.ત.) કુન્નાથત થથુન્ની મૂપિલ નાયર વિ. ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૭ દ્વારા એ બાબત સુસ્થાપિત થઈ ગઈ છે કે કરવેરા કાયદો એ "સંવિધાનના અનુચ્છેદ ૧૩ માં નિર્ધારિત શરતો" ને આધીન છે. તદનુસાર, કરવેરા કાયદાને એવા કારણસર પડકારી શકાય છે કે તે સંપત્તિ હરણ કરનારો (જપ્તીયુક્ત) છે; અથવા તો સદર કાયદો કર આકારણી માટે કોઈ પ્રક્રિયા કે તંત્ર નિર્ધારિત કરતો નથી, પરંતુ માત્ર કર કઠોર અથવા અતિશય હોવાના કારણસર તેને પડકારી શકાય નહીં." [ભારપૂર્વક ઉમેરેલ]

ઉપરોક્ત નિર્ણયોની શ્રેણી અને અન્ય નિર્ણયોમાં લેવાયેલો સુસંગત દ્રષ્ટિકોણ એ છે કે કરવેરા કાયદાઓને એવા કારણસર પડકારી શકાય છે કે તેઓ ભાગ ૩ હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે, પરંતુ તેમ છતાં તેનો અર્થ એવો થતો નથી કે કરવેરામાંથી મુક્તિ છે અથવા કર એ સ્વયં મૂળભૂત અધિકારો પર કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરનું નિયંત્રણ છે.

કર એ સ્વયં નિયંત્રણ નથી:—

૫૮. ઉપરોક્ત સંવિધાન સભાની ચર્ચાઓ અને અનુચ્છેદ ૩૦૧ નો ઇતિહાસ દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૧ માં પરિકલ્પિત સ્વતંત્રતા એ કરવેરામાંથી સ્વતંત્રતા નથી પરંતુ માત્ર વેપારના અવરોધોમાંથી મુક્તિ છે. જ્યાં સુધી કર બિન–ભેદભાવપૂર્ણ રહે છે, ત્યાં સુધી તેની કાયદેસરતા અનુચ્છેદ ૩૦૧ હેઠળ નક્કી કરી શકાતી નથી. સંવિધાનના અનુચ્છેદ ૨૪૬(૩) હેઠળ, સાતમી અનુસૂચિની યાદી ૨ માં ગણાવેલી કોઈપણ બાબતના સંબંધમાં તેવા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા ઘડવાની અનન્ય સત્તા રાજ્ય પાસે છે. અનુચ્છેદ ૨૪૬(૩) એ અનુચ્છેદ ૨૪૬ ના ખંડ (૧) અને (૨) ને આધીન છે એટલે કે સાતમી અનુસૂચિની યાદી ૧ અને ૩ માં ગણાવેલી બાબતોને આધીન છે. અનુચ્છેદ ૨૬૫ મુજબ, કર માત્ર કાયદાની સત્તા હેઠળ જ લાદી શકાય છે અને તેમાં કારોબારીની કોઈ ભૂમિકા નથી. અનુચ્છેદ ૩૬૬(૨૮) હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ કરવેરામાં કોઈપણ કર લાદવાનો સમાવેશ થાય છે: "કરવેરા" માં કોઈપણ કર અથવા ઉઘરાત લાદવાનો સમાવેશ થાય છે, પછી

ભલે તે સામાન્ય હોય કે સ્થાનિક હોય કે વિશેષ હોય, અને "કર" નું અર્થઘટન તે મુજબ કરવામાં આવશે. તે કાયદા દ્વારા અમલ કરાવી શકાય તેવા જાહેર હેતુઓ માટે જાહેર સત્તામંડળ દ્વારા કોઈપણ બોજના ભાગરૂપે નાણાંની ફરજિયાત વસૂલાત કરવાની એક સાર્વભૌમ સત્તા છે. કર લાદવો એ કરદાતાઓને કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવતી ફરજિયાત ઉઘરાત છે.

૫૯. રાજ્યની કર લાદવાની સત્તા ભારતના સંવિધાનના ભાગ ૧૧ અને ૧૨ દ્વારા સ્વતંત્ર રીતે સુદ્રઢ થયેલી છે અને તેને માત્ર વ્યાજબીપણાના કારણસર જ પડકારી શકાય છે. એ પુનરોચ્ચાર કરવાની જરૂર નથી કે શાસનના હેતુ માટે અને પોતાની કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કર લાદવાની રાજ્યોની સત્તા એ રાજ્યના સાર્વભૌમત્વનું એક આવશ્યક લક્ષણ છે અને તે અર્થમાં તે સર્વોચ્ચ દરજ્જાની સત્તા છે. એ સુસ્થાપિત છે કે કર જાહેર હિતમાં લાદવામાં આવે છે અને તેથી, સંવિધાન દ્વારા પરિકલ્પિત કોઈપણ સ્વતંત્રતાના ઉપભોગ પર તેને સ્વયં એક નિયંત્રણ ગણી શકાય નહીં. કરવેરા કાયદાને વ્યક્તિગત સ્વતંત્રતાઓ પરના નિયંત્રણ તરીકે જોવું અત્યંત અયોગ્ય ગણાશે.

૬૦. કરની આવશ્યક લાક્ષણિકતાઓ એ છે કે: (૧) તે કરદાતાની સંમતિ વિના વૈધાનિક સત્તા હેઠળ લાદવામાં આવે છે અને તેની ચુકવણી કાયદા દ્વારા અમલમાં મૂકવામાં આવે છે; (૨) તે કર ચૂકવનારને કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવેલી ઉઘરાત છે; અને (૩) તે સામાન્ય

બોજનો એક ભાગ છે. કમિશનર હિન્દુ રિલિજિયસ એન્ડોમેન્ટ્સ, મદ્રાસ વિ. શ્રી લક્ષ્મીન્દ્ર તીર્થ સ્વામીયાર ઓફ શ્રી શિરુર મઠ ૧૯૫૪ એસ.સી.આર. ૧૦૦૫ માં, બંધારણીય બેંચે કરની લાક્ષણિકતાઓ નિર્ધારિત કરી હતી કે જેનું ત્યારથી સતત પાલન કરવામાં આવી રહ્યું છે અને તે નીચે મુજબ છે:—

> "....કર એ કાયદા દ્વારા અમલ કરાવી શકાય તેવા જાહેર હેતુઓ માટે જાહેર સત્તામંડળ દ્વારા નાણાંની ફરજિયાત ઉઘરાત છે અને તે "પૂરી પાડવામાં આવેલી સેવાઓ બદલ" ની ચુકવણી નથી. આ વ્યાખ્યા, તમામ મતે, સામાન્ય અર્થમાં જે તેની અંદર સમાવિષ્ટ છે તેવી ઉઘરાતના અન્ય સ્વરૂપોથી અલગ પાડીને કરની આવશ્યક લાક્ષણિકતાઓને છતી કરે છે. એવું કહેવાય છે કે કરવેરાનું સત્વ ફરજિયાતપણું છે, એટલે કે, તે કરદાતાની સંમતિ વિના વૈધાનિક સત્તા હેઠળ લાદવામાં આવે છે અને તેની ચુકવણી કાયદા દ્વારા અમલમાં મુકાય છે. કરની બીજી લાક્ષણિકતા એ છે કે તે કર ચૂકવનાર પર કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવેલી ઉઘરાત છે. આ બાબત એવું કહીને વ્યક્ત કરવામાં આવે છે કે કર લાદવો એ સામાન્ય મહેસૂલના હેતુઓ માટે છે, જે એકત્રિત થતાં રાજ્યની મહેસૂલ બને છે. કરનો ઉદ્દેશ્ય કોઈ ચોક્કસ વ્યક્તિને કોઈ વિશેષ લાભ આપવાનો ન હોવાથી, જેમ કહેવાય છે તેમ કરદાતા અને જાહેર સત્તામંડળ વચ્ચે "ક્વિડ પ્રો કવો" નું કોઈ તત્વ હોતું નથી. કરવેરાનું બીજું લક્ષણ એ છે કે તે સામાન્ય બોજનો એક ભાગ

હોવાથી, કરદાતા પર લાદવામાં આવેલી ઉઘરાતનું પ્રમાણ સામાન્ય રીતે તેની ચૂકવવાની ક્ષમતા પર આધાર રાખે છે."

ઉપરોક્ત નિર્ણયનું ઇન્ડિયન મેડિકલ એસોસિએશન વિ. વી.પી. શાંથા અને અન્ય (૧૯૯૫) ૬ એસ.સી.સી. ૬૫૧ માં અને સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય વિ. અખિલ ગુજરાત પ્રવાસી વી.એસ. મહામંડળ અને અન્ય (૨૦૦૪) ૫ એસ.સી.સી. ૧૫૫ માં પણ અનુસરણ કરવામાં આવ્યું હતું.

૬૧. આ કોર્ટની પાંચ ન્યાયમૂર્તિઓની બેંચે ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા, વગેરે વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪ માં ઠેરવ્યું છે કે માત્ર કરનું અતિશયપણું અથવા તો એવો સંજોગ પણ કે જે તેના લાદવાથી જેમના પર કરનો બોજ પડે છે તે વ્યક્તિઓની કમાણી અથવા નફામાં ઘટાડો થવા તરફ દોરી જાય છે તે બાબત સ્વયં અને તેનાથી વધુ કશું વિના, અનુચ્છેદ ૧૯(૧)(જી) નું ઉલ્લંઘન બનતી નથી. ચુકાદામાંથી સુસંગત અંશ નીચે મુજબ છે:

"૬૨. કરવેરા કાયદો એ સ્વયં અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળની સ્વતંત્રતા પરનું નિયંત્રણ નથી. કરની નીતિ, તેના અમલીકરણમાં, અલબત્ત, કેટલાક વ્યક્તિગત કેસોમાં અમુક મુશ્કેલીઓ લાવી શકે છે. પરંતુ જ્યાં સુધી કાયદો કેસોની સામાન્યતામાંથી તારણ કાઢવાની પ્રક્રિયાનું પ્રતિનિધિત્વ કરે છે અને સર્વોચ્ચ સામાન્ય પરિબળને પ્રતિબિંબિત કરે છે ત્યાં સુધી તે અનિવાર્ય છે. એવું કહેવાય છે કે, દરેક ઉદ્દેશ્યના પોતાના

શહીદો હોય છે. વળી પાછું, માત્ર કરનું અતિશયપણું અથવા તો એવો સંજોગ પણ કે જે તેના લાદવાથી જેમના પર કરનો બોજ પડે છે તે વ્યક્તિઓની કમાણી અથવા નફામાં ઘટાડો થવા તરફ દોરી જાય છે તે બાબત સ્વયં અને તેનાથી વધુ કશું વિના, અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળના અધિકારોનું ઉલ્લંઘન બનતી નથી."

૬૨. એક્સપ્રેસ હોટેલ્સ પ્રાઇવેટ લિમિટેડ વિ. સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૭૭ માં સમાન દ્રષ્ટિકોણ વ્યક્ત કરવામાં આવ્યો હતો. કરવેરા કાયદો એ સ્વયં અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળની સ્વતંત્રતા પરનું નિયંત્રણ નથી:

"૨૮. જ્યાં સુધી એવી દલીલનો સંબંધ છે કે વિલાસિતાની માત્ર જોગવાઈ પર, તેના વાસ્તવિક ઉપયોગ વિના, કર લાદવાથી અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થાય છે, તો એ સુસ્થાપિત કાયદો છે કે માત્ર કરનું અતિશયપણું અથવા તે કમાણી પર અસર કરે છે તે બાબતને સ્વયં અનુચ્છેદ ૧૯(૧)(જી) નું ઉલ્લંઘન કરતી ગણી શકાય નહીં...."

૬૩. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્ય વિધાનમંડળને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર બિન-ભેદભાવપૂર્ણ કર લાદવાની સત્તા આપે છે. અનુચ્છેદ ૩૦૪(એ) માલ પર કર લાદતા અટકાવતો નથી; તે માલ પર એવો કર લાદવા પર પ્રતિબંધ મૂકે છે કે જેના પરિણામે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા

માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવ થાય. તેનો હેતુ સ્થાનિક માલ કરતાં વધુ કર લાદીને આયાત કરાયેલા માલ સાથે ભેદભાવ થતો અટકાવવાનો છે. અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ, રાજ્યો જાહેર હિતમાં જરૂરી હોય તે મુજબ તે રાજ્ય સાથે અથવા તે રાજ્યની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદી શકે છે; શરત એ છે કે તેઓ વિધેયક રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવે. કર મહેસૂલ એકત્રિત કરવાના હેતુથી લાદવામાં આવતા હોવાથી, તે નિયંત્રણો નથી અને તે જાહેર હિતમાં હોવાનું માનવામાં આવે છે. આમ, કેવળ કર એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરનું નિયંત્રણ નથી અને તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે.

આતિયાબારી અને ઓટોમોબાઇલ માં બહુમતી દ્રષ્ટિકોણ: પુનઃમૂલ્યાંકનની આવશ્યકતા:—

૬૪. આતિયાબારી ટી કંપની લિ. વિ. ધ સ્ટેટ ઓફ આસામ અને અન્ય, ૧૯૬૧ એસ.સી.આર. ૮૦૯ માં, આસામ વિધાનમંડળે રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૬ હેઠળ કાર્ય કરીને આસામ ટેક્સેશન (ઓન ગુડ્સ કેરીડ બાય રોડ્સ ઓર ઇનલેન્ડ વોટરવેઝ) એક્ટ, ૧૯૫૪ ઘડ્યો હતો અને રેલ્વે તથા હવાઈ માર્ગ સિવાયના અન્ય કોઈપણ માધ્યમ દ્વારા આસામ રાજ્યમાંથી લઈ જવામાં આવતી પેટીમાંની ચા પર પાઉન્ડ દીઠ એક આનાના દરે કર લાદ્યો હતો. અપીલકર્તા કે જેઓ આસામ રાજ્ય મારફતે પશ્ચિમ બંગાળ રાજ્યમાં આવેલા કલકત્તા ખાતે

પોતાની ચા લઈ જતા હતા, તેઓએ અન્ય બાબતોની સાથે સાથે એવા કારણસર સદર અધિનિયમની કાયદેસરતાને પડકારી હતી કે તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે. અપીલકર્તાની દલીલ એવી હતી કે અનુચ્છેદ ૩૦૧ ના શબ્દો અત્યંત વ્યાપક અને અસંદિગ્ધ છે અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહાર પર નિયંત્રણ મૂકતા કરવેરા કાયદાને તેના દાયરામાંથી બાકાત રાખવો અવાજબી ગણાશે. સામાવાળા–આસામ રાજ્યે એવી રજૂઆત કરી હતી કે સંવિધાનના ભાગ ૧૧ અને ૧૨ હેઠળ કર લાદવાની રાજ્યની સાર્વભૌમ સત્તાની જોગવાઈઓ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે અને આ કર ભાગ ૧૩ નું ઉલ્લંઘન કરતો નથી.

૬૫. ભાગ ૧૩ ની વિવિધ જોગવાઈઓની ચર્ચા કર્યા પછી અને સંવિધાનિક પૃષ્ઠભૂમિ શોધી કાઢ્યા પછી, બહુમતી વતી બોલતા, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે નીચે મુજબ ઠેરવેલ કે:—

> ".....આ રીતે વિચારણા કરતા અમે માનીએ છીએ કે એવું ઠેરવવું વાજબી અને યોગ્ય રહેશે કે જે નિયંત્રણોમાંથી મુક્તિની ખાતરી અનુચ્છેદ ૩૦૧ દ્વારા આપવામાં આવી છે તે એવા નિયંત્રણો હશે જે વેપારના મુક્ત પ્રવાહ અથવા હેરફેરને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત અથવા અવરોધિત કરે છે. કરવેરા નિયંત્રણો સમાન બની શકે છે અને બને પણ છે; પરંતુ માત્ર એવા કરવેરા જે વેપારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરે છે તે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે. એવી

દલીલ કે તમામ કરવેરા અનુચ્છેદ ૩૦૧ દ્વારા શાસિત થવા જોઈએ ભલે વેપાર પર તેમની અસર તાત્કાલિક હોય કે મધ્યવર્તી, પ્રત્યક્ષ હોય કે દૂરવર્તી, તે અમારા મતે એક આત્યંતિક અભિગમ અપનાવે છે જેને સમર્થન આપી શકાય નહીં. જો સદર દલીલ સ્વીકારવામાં આવે તો તેનો અર્થ, ઉદાહરણ તરીકે, એવો થશે કે ઔદ્યોગિક કર્મચારીઓ માટે લઘુત્તમ વેતન નિર્ધારિત કરતો કાયદાકીય અધિનિયમ પણ ભાગ ૧૩ હેઠળ આવી શકે છે કારણ કે આર્થિક દૃષ્ટિએ વધારાનું વેતન બિલ પરોક્ષ રીતે વેપાર અથવા વાણિજ્યને અસર કરી શકે છે. તેથી, અમને સંતોષ છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાના વ્યાપ અને પરિમાણની મર્યાદાઓ નક્કી કરવામાં લાગુ કરવા માટેની એક તર્કસંગત અને વ્યવહારુ કસોટી આ રહેશે: શું વાદગ્રસ્ત નિયંત્રણ વેપાર અથવા તેની હેરફેર પર પ્રત્યક્ષ કે તાત્કાલિક રીતે કાર્ય કરે છે?" [પૃષ્ઠ ૮૬૦] [ભાર ઉમેરેલ]

બહુમતીએ પોતાનો અભિપ્રાય એવા તર્ક પર આધારિત રાખ્યો હતો કે કોઈપણ કાયદો ભલે તે કરવેરા સંબંધિત હોય કે અન્યથા, જે એવા કોઈપણ નિયંત્રણો લાદે છે જે માલની હેરફેર અથવા પરિવહનને પ્રત્યક્ષ રીતે બાધિત કરવાની અસર ધરાવતા હોય, તે અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓને આકર્ષિત કરશે અને તેની માન્યતા માત્ર ત્યારે જ ટકાવી શકાય જો તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૨ અથવા અનુચ્છેદ ૩૦૪(બી) ને સંતોષતો હોય.

૬૬. મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાએ તેમના અસંમતિપૂર્ણ ચુકાદામાં ભારત સરકાર સાથે "દેશી રાજ્યો" ના જોડાણનો અને કેવી રીતે "દેશી રાજ્યો" એ આખરે એક રાજકીય એકમ તરીકે ઉભરી આવવા માટે પોતાના અસ્તિત્વને ભારતમાં વિલીન કર્યું, જેના પરિણામે જેને બ્રિટિશ ભારત કહેવામાં આવતું હતું તે સંવિધાન હેઠળ 'ભાગ–એ રાજ્યો' બન્યા, અને "દેશી રાજ્યો" 'ભાગ–બી રાજ્યો' બન્યા, તેનો ઉલ્લેખ કર્યો હતો. મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાએ નિર્દેશ કર્યો હતો કે મોટા કે નાના મોટાભાગના "દેશી રાજ્યો" પાસે તેમના પોતાના કર, ઉપકર, ટોલ અને અન્ય જકાત તથા શુલ્ક હતા જે માત્ર આવક ઊભી કરવા માટે જ નહીં પરંતુ વેપાર અવરોધો અને ટેરિફ દિવાલો તરીકે પણ હતા. તે પરિસ્થિતિઓની પૃષ્ઠભૂમિમાં, તે તમામ વેપાર અવરોધો અને કસ્ટમ ચોકીઓને નાબૂદ કરવી જરૂરી હતી અને સાથે જ તે રાષ્ટ્રીય એકતા, આર્થિક અને સાંસ્કૃતિક એકતા તથા અનુચ્છેદ ૩૦૧ દ્વારા સંવિધાનમાં ખાતરી આપવામાં આવેલી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના હિતમાં પણ હતું. કર લાદવાની સત્તા સાર્વભૌમત્વમાં અંતર્ગત છે, જાહેર હેતુ દરેક કરવેરામાં અંતર્ગત છે અને કેવળ કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા માટે કોઈ અવરોધ નથી તેવું અવલોકન કરતાં, મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાએ નીચે મુજબ ઠેરવેલ કે:—

> "....જો એવું હોત, તો એક સ્થળેથી બીજા સ્થળે, આંતર–રાજ્ય અને રાજ્ય–અંદર એમ બંને પ્રકારની માલ અને ચીજવસ્તુઓ, મનુષ્યો અને પ્રાણીઓની હેરફેર પર માલના વેચાણ અને ખરીદી સંબંધિત કરવેરાના તમામ કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવી જશે અને અનુચ્છેદ

૩૦૪(બી) નો પરંતુક એ આવશ્યક બનાવી દેશે કે તમામ વિધેયકો અથવા પૂર્વ–અસ્તિત્વ ધરાવતા કાયદાઓના સુધારાઓએ તે પરંતુક દ્વારા નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તે રાજ્યોમાં નિહિત કરવેરાની સત્તા સામે ઘણો મોટો અવરોધ ઊભો કરશે અને સંવિધાન હેઠળ રાજ્યોના મર્યાદિત સાર્વભૌમત્વને માત્ર એક કલ્પના બનાવી દેશે. તેથી, તે આત્યંતિક સ્થિતિને અસમર્થનીય ગણી નકારી કાઢવી પડશે." [પૃષ્ઠ ૮૨૭]

.....

મારા મતે, કેવળ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની શરતો હેઠળ આવતો નથી તેવું ઠેરવવા માટેનું બીજું એક ખૂબ જ સચોટ કારણ એ છે કે કરવેરાનો મૂળ અર્થ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અને સુરક્ષાના આધારે, કુદરતી અને કાનૂની બંને પ્રકારની વ્યક્તિઓ દ્વારા કમાયેલા અથવા તેમની પાસે રહેલા નાણાંની ચૂકવણી કરવા દબાણ કરીને જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવાની રાજ્યની સત્તા છે. આવા બોજા અથવા જકાત, પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, આખરી વિશ્લેષણમાં નાગરિકો અથવા રાજ્યમાં રહેતી અથવા રાજ્યના નાગરિકો સાથે વ્યવહાર કરતી વ્યક્તિઓ દ્વારા સરકારના સમર્થન માટે, આવું યોગદાન આપવાની તેમની સંબંધિત ક્ષમતાઓના વિશેષ સંદર્ભ સાથે, એક યોગદાન તરીકે અભિપ્રેત છે. આમ જાહેર હેતુ દરેક કરવેરામાં, તે રીતે, અંતર્ગત છે. તેથી,

જ્યારે સંવિધાનનો ભાગ ૧૩ જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદવાની વાત કરે છે, ત્યારે સામાન્ય શબ્દ "વાજબી નિયંત્રણો" ની અંદર કરવેરાનો સમાવેશ કરવાનો તેનો કોઈ હેતુ હોઈ શકે નહીં..... [પૃષ્ઠ ૮૨૮]

.....

કરવેરાનો ભાગ ૧૩ માં સમાવિષ્ટ પ્રતિબંધમાં સમાવેશ થતો હતો તેવી દલીલ સામેના વાંધાઓને આ રીતે સંક્ષિપ્ત કરી શકાય છે: (૧) કરવેરા, તે રીતે, હંમેશાં એવો સંકેત આપે છે કે તે જાહેર હિતમાં છે. તેથી, તે એવા ચોક્કસ નિયંત્રણોની બહાર રહેશે, જેને અદાલતો દ્વારા વાજબી અને જાહેર હિતમાં હોવાનું લક્ષણ આપી શકાય છે. (૨) સાર્વભૌમ રાજ્યમાં સરકાર ચલાવવાની સત્તા નિહિત છે. આપણા સંવિધાને એક કલ્યાણકારી રાજ્યનો પાયો નાખ્યો છે, જેનો અર્થ સરકાર અને વહીવટની પ્રવૃત્તિઓના વ્યાપમાં ઘણો વિસ્તરણ કરવાનો થાય છે, જેનાથી રાજ્ય માટે ઘણા મોટા પાયે અને વધુ વ્યાપક ક્ષેત્રોમાં કર લાદવાનું આવશ્યક બને છે. ઉપર ઉલ્લેખિત ત્રણ યાદીઓમાંની ધારાકીય પ્રવિષ્ટિઓ જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને માલ અને મુસાફરોની હેરફેરના સંદર્ભમાં ચોક્કસ કરવેરા લાદવાની સત્તા આપે છે, જો એવું ઠેરવવામાં આવે કે કેવળ કર અનુચ્છેદ ૩૦૧ ની શરતો હેઠળ આવે છે, તો તે નિરર્થક નહીં તો બિનઅસરકારક બની જશે. (૩) જો અપીલકર્તાઓ વતી કરવામાં આવેલી દલીલ

સ્વીકારવામાં આવે, તો ઘણા કર, ઉદાહરણ તરીકે, કેન્દ્ર અને રાજ્યો દ્વારા વેચાણ વેરો, અનુચ્છેદ ૩૦૩ અને ૩૦૪ માં નિર્ધારિત પ્રક્રિયામાંથી પસાર થવું પડશે, જેનાથી સંવિધાન દ્વારા પરિકલ્પિત રાજ્યોના મર્યાદિત સાર્વભૌમત્વમાં ઘણો ઘટાડો થશે. (૪) કરવેરા સંબંધિત કાયદાઓ, જે અનિવાર્યપણે રાજ્યનું એક ધારાકીય કાર્ય છે, તે ન્યાયનિર્ણયક્ષમ બની જશે અને દરેક વખતે જ્યારે કોઈ કરવેરા કાયદાને અસંવિધાનિક તરીકે પડકારવામાં આવે ત્યારે રાજ્યે અદાલતોને સંતોષ આપવો પડશે — એક એવો માર્ગ જે સત્તાના વિભાજનને ગંભીરપણે અસર કરશે જેના પર આપણા સહિત આધુનિક સંવિધાનો આધારિત છે. (૫) માલ અને મુસાફરોની હેરફેર પર કરવેરો એ અનિવાર્યપણે કોઈ અવરોધ નથી." [પૃષ્ઠ ૮૨૯]

.....

"અનુચ્છેદ ૩૦૧, જેની સાથે ભાગ ૧૩ શરૂ થાય છે, તેમાં "મુક્ત રહેશે" એવા મહત્વપૂર્ણ શબ્દો છે અને તે સમગ્ર ભાગ દ્વારા રજૂ કરાયેલી સમસ્યાઓના ઉકેલની ચાવી પૂરી પાડે છે. આ અનુચ્છેદ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્વતંત્રતા એ તમામ કાયદાઓમાંથી સંપૂર્ણ મુક્તિ નથી. અગાઉ દર્શાવ્યા મુજબ, ત્રણ યાદીઓમાંની કેટલીક પ્રવિષ્ટિઓ સૂચવે છે કે સંસદ અને રાજ્ય વિધાનમંડળો બંનેને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના સંબંધમાં કાયદો ઘડવાની સત્તા આપવામાં આવી છે,

પરંતુ તે પણ એટલું જ સ્પષ્ટ છે કે કાયદાની અસર વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહના માર્ગમાં અવરોધો ઊભા કરવાની હોવી જોઈએ નહીં. મારા મતે, તે પણ એટલું જ સ્પષ્ટ છે કે અનુચ્છેદ દ્વારા પરિકલ્પિત સ્વતંત્રતા એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના સંબંધમાં કરવેરાના ભારણમાંથી સંપૂર્ણ મુક્તિ નથી, જેમ કે યાદી ૧ માં પ્રવિષ્ટિ ૮૯ અને ૯૨એ, યાદી ૨ માં પ્રવિષ્ટિ ૫૨, ૫૪ અને ૫૬ થી ૬૦ અને યાદી ૩ માં પ્રવિષ્ટિ ૩૫ દ્વારા દર્શાવવામાં આવ્યું છે. આ તમામ પ્રવિષ્ટિઓ સ્પષ્ટ શબ્દોમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના વિવિધ પાસાઓના સંબંધમાં કરવેરાની વાત કરે છે. તેથી, કેન્દ્ર અને રાજ્ય વિધાનમંડળ પાસે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના સંબંધમાં કરવેરા દ્વારા કાયદો બનાવવાની એવી સત્તા છે, જેથી વેપાર અવરોધો, ટેરિફ દિવાલો અથવા જકાત ઊભા ન થાય, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર હાનિકારક અસર કરે છે. તે સ્વતંત્રતાને જાહેર હિતમાં નિયંત્રણો લાદવા માટે સંસદમાં અથવા રાજ્યના વિધાનમંડળમાં નિહિત સત્તા દ્વારા વધુ મર્યાદિત કરવામાં આવી છે. સંસદને અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૨) માં દર્શાવેલ અમુક સખત મર્યાદિત સંજોગોમાં પસંદગી આપવા અથવા ભેદભાવ કરવાના સ્વરૂપમાં કાયદો ઘડવા માટે વધુ અધિકૃત કરવામાં આવી છે. આમ, ભાગ ૧૩ ની જોગવાઈઓના યોગ્ય અર્થઘટન પર, નીચેના વિધાનો ઉભરી આવે છે: (૧) ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર સંપૂર્ણપણે મુક્ત નથી, પરંતુ સંસદ

અથવા રાજ્યના વિધાનમંડળ દ્વારા કાયદા ઘડવાની ચોક્કસ સત્તાઓને આધીન છે; (૨) અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલી સ્વતંત્રતાનો અર્થ કેવળ કરવેરામાંથી મુક્તિ નથી, પરંતુ કરવેરામાંથી એવી મુક્તિ છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ રીતે અવરોધવાની અસર ધરાવે છે; (૩) અનુચ્છેદ ૩૦૧ માં પરિકલ્પિત સ્વતંત્રતા જાહેર હિતમાં સંસદ દ્વારા લાદવામાં આવેલા બિન-ભેદભાવપૂર્ણ નિયંત્રણોને આધીન છે (અનુચ્છેદ ૩૦૨); (૪) ભારતના કોઈપણ ભાગમાં માલની અછત જેવી કટોકટીનો સામનો કરવાના હેતુથી સંસદ દ્વારા ભેદભાવપૂર્ણ અથવા પસંદગીયુક્ત કાયદો પણ બનાવી શકાય છે [અનુચ્છેદ ૩૦૩(૨)]; (૫) જાહેર હિતમાં રાજ્યના વિધાનમંડળ દ્વારા વાજબી નિયંત્રણો લાદવામાં આવી શકે છે [અનુચ્છેદ ૩૦૪(બી)]; (૬) જો તે રાજ્યમાં ઉત્પાદિત અથવા બનાવવામાં આવેલા માલ પર સમાન કર લાદવામાં આવતા હોય તો અન્ય રાજ્ય અથવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર રાજ્યના વિધાનમંડળ દ્વારા બિન-ભેદભાવપૂર્ણ કર લાદવામાં આવી શકે છે [અનુચ્છેદ ૩૦૪(એ)]; અને છેલ્લે (૭) રાષ્ટ્રપતિ આદેશ દ્વારા અન્યથા નિર્દેશ આપે તે સિવાય, અસ્તિત્વમાં રહેલા કાયદાઓ દ્વારા લાદવામાં આવેલા નિયંત્રણો ચાલુ રાખવામાં આવ્યા છે (અનુચ્છેદ ૩૦૫)." [પૃષ્ઠ ૮૩૧-૮૩૨] [ભાર ઉમેરેલ]

૬૭. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. રાજસ્થાન રાજ્ય અને અન્ય (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧ માં સાત ન્યાયમૂર્તિઓની એક મોટી બેંચની રચના કરવામાં આવી હતી, જેમાં રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ અને તે હેઠળ બનાવવામાં આવેલા નિયમોની માન્યતા પડકાર હેઠળ હતી. રાજસ્થાન અધિનિયમની કલમ ૪ મુજબ "કોઈપણ જાહેર સ્થળે ઉપયોગમાં લેવાતા અથવા રાજસ્થાનમાં ઉપયોગ માટે રાખવામાં આવેલા" મોટર વાહનના દરેક માલિકે અધિનિયમની અનુસૂચિમાં નિર્દિષ્ટ યોગ્ય દરે કર ચૂકવવો જરૂરી હતો. તેમાંના અપીલકર્તાઓ કે જેઓ સ્ટેજ કેરેજ ઓપરેટર્સ હતા તેઓએ એ કારણસર રાજસ્થાન અધિનિયમની માન્યતાને પડકારી હતી કે આવી વસૂલાત સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે અને તેના અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા રક્ષિત નથી. રાજસ્થાન અધિનિયમની માન્યતાને ૪:૩ ની બહુમતીથી માન્ય રાખવામાં આવી હતી. બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ એસ.કે. દાસ, અટિયાબારીના બહુમતી મંતવ્ય સાથે સંમત થયા કે માત્ર તે જ નિયંત્રણો કે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત અથવા અવરોધિત કરે છે તે અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનમાં ગણાશે. પરંતુ ઓટોમોબાઇલમાં બહુમતીએ એક સ્પષ્ટતા ઉમેરી હતી કે વેપારની સુવિધાઓના ઉપયોગ માટે વળતરરૂપી કર લાદતા નિયમનકારી પગલાં અથવા પગલાંઓ અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત નિયંત્રણોના

દાયરામાં આવશે નહીં અને આવા પગલાંઓએ અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી.

૬૮. રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ ની જોગવાઈઓ નિયમનકારી સ્વરૂપની છે તેવા બહુમતી મંતવ્ય સાથે સંમત થતાં, અલગ ચુકાદો આપતાં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નો વિસ્તૃત સંદર્ભ આપીને એવું ઠેરવ્યું હતું કે કોર્ટે એ સુનિશ્ચિત કરવું પડશે કે આપેલ કેસમાં વાદગ્રસ્ત કાયદો હેરફેરને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અસર કરે છે કે કેમ. એવું ઠેરવવામાં આવ્યું હતું કે "જો કોઈ કર વેપારની હેરફેર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે અસર કરે તો જ તે સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરશે; બીજી તરફ જો તેની અસર પરોક્ષ અને દૂરવર્તી હોય તો તે બિન–વાંધાજનક રહેશે."

૬૯. કરદાતાઓ વતી અમારી સમક્ષ એવી દલીલ કરવામાં આવી છે કે અટિયાબારી અને ઓટોમોબાઇલમાં બહુમતી ચુકાદાઓએ ઠેરવ્યું હતું કે રાજ્ય કરવેરા કાયદાએ અનુચ્છેદ ૩૦૪(એ) ઉપરાંત અનુચ્છેદ ૩૦૪(બી) નું પણ પાલન કરવું આવશ્યક છે. કરવામાં આવેલી રજૂઆતોનો મુખ્ય ભાર એ છે કે પ્રવેશ કર અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળના 'નિયંત્રણ' શબ્દપ્રયોગમાં આવે છે. તેઓ રજૂઆત કરે છે કે રાજ્યમાં આયાત થતા માલ પર કર લાદતા રાજ્યના કાયદાને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ વાજબી ઠેરવવો પડી શકે છે, જો તેને રકમની દ્રષ્ટિએ એટલી હદ સુધી અતિશય હોવાના કારણસર પડકારવામાં આવે

કે તે માલ અથવા વ્યક્તિઓની હેરફેર પર નિયંત્રણ તરીકે કાર્ય કરે અને વેપાર તથા વાણિજ્યની સ્વતંત્રતા પર બોજ લાદે.

૭૦. રાજ્યો વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી પી.પી. રાવ, શ્રી રાકેશ દ્વિવેદી, શ્રી વી. ગિરી, શ્રી શ્યામ દિવાન અને શ્રી અજિત કુમાર સિંહા તથા અન્ય કાઉન્સેલે એવી ઝીણવટભરી દલીલો રજૂ કરી હતી કે અટિયાબારી અને ઓટોમોબાઇલના ચુકાદાઓમાં ભૂલભરેલો અભિગમ છે અને અટિયાબારી તથા ઓટોમોબાઇલમાં બહુમતી મંતવ્યો પર પુનર્વિચારણા થવી જોઈએ તેવી તેમની દલીલોને સમર્થન આપવા માટે તેઓએ નીચે મુજબની રજૂઆતો કરી હતી:—

(૧) બહુમતીએ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ નો સંદર્ભ આપ્યો હતો અને રાષ્ટ્રની આર્થિક એકતાનો ઉલ્લેખ કર્યો હતો તેમ છતાં, ભાગ ૧૩ ના ઇતિહાસ અને સંવિધાન સભાની ચર્ચાઓ પર કોઈ વિગતવાર ચર્ચા કરવામાં આવી ન હતી કે જેણે ભાગ ૧૩ પર નોંધપાત્ર પ્રકાશ પાડ્યો હતો અને પરિણામે એવું ઠેરવવામાં ભૂલ કરી કે અનુચ્છેદ ૩૦૧ તેના યોગ્ય સંદર્ભમાં વાંચતા સંસદ અને રાજ્યની ધારાકીય સત્તાઓ પર સંવિધાનિક મર્યાદાઓ લાદે છે. [પૃષ્ઠ ૮૪૮] અટિયાબારીમાં બહુમતીએ ઠેરવ્યું હતું કે :—

"....વેપારની હેરફેરની સ્વતંત્રતા માલના વહન અથવા તેની હેરફેર પર લાદવામાં આવતા કરવેરાના સ્વરૂપમાં કોઈપણ નિયંત્રણોને આધીન હોઈ શકે નહીં, તેનો અર્થ માત્ર એટલો જ છે કે સદર નિયંત્રણો રાજ્ય

વિધાનમંડળો દ્વારા અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાત સંતોષ્યા પછી જ લાદી શકાય છે....” [પૃષ્ઠ ૮૬૧].

જો અટિયાબારીના સદર મંતવ્યને અપનાવવામાં આવે તો પ્રત્યેક કાયદા માટે, રાજ્ય વિધાનમંડળોએ અનુચ્છેદ ૩૦૪(બી) ની પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. કલ્યાણકારી રાજ્ય તરીકે તેની જવાબદારીઓ નિભાવવા માટે રાજ્યોને સક્ષમ બનાવવા આવક ઊભી કરવા માટે કર એ એક મહત્વપૂર્ણ માધ્યમ છે. કર લાદવાની રાજ્ય વિધાનમંડળની આવી સંપૂર્ણ સત્તાઓને ઘટાડી શકાય નહીં અથવા અનુચ્છેદ ૩૦૧ ને આધીન બનાવી શકાય નહીં.

(૨) બહુમતીએ અનુચ્છેદ ૩૦૧ ને માત્ર ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન હોવાનું વાંચ્યું હતું. [પૃષ્ઠ ૮૪૮]

(૩) બહુમતીએ ઓસ્ટ્રેલિયા અને યુ.એસ.એ. ના સંવિધાનોમાંથી આધાર મેળવ્યો હતો પરંતુ ઓસ્ટ્રેલિયન અને અમેરિકન સંવિધાનમાં ભાગ ૧૩ ની સમકક્ષ કોઈ જોગવાઈ જોવા મળતી નથી. હવે તો ઓસ્ટ્રેલિયા અને યુ.એસ.એ. પણ “પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી” ને નકારી કાઢે છે અને તેઓએ “ભેદભાવનો સિદ્ધાંત” અપનાવ્યો છે.

૭૧. ભારતના વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગીએ વધારામાં એવી રજૂઆત કરી છે કે કરવેરાને અનુચ્છેદ ૩૦૪(બી) ના દાયરામાં લાવવું એ સંઘવાદના સંવિધાનિક માળખા માટે તદ્દન અજાણ્યું છે કારણ કે તે અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકના આધારે, રાજ્યની સાર્વભૌમ સત્તા પર સર્વોચ્ચ

ન્યાયનિર્ણય કરવાની સત્તા રાષ્ટ્રપતિને આપશે અને રાજ્યની સાર્વભૌમ સત્તાને કોઈ ગર્ભિત મર્યાદાને આધીન રાખી શકાય નહીં કારણ કે તે દેશના સાર્વભૌમત્વ, સંઘવાદ અને આર્થિક એકતાને નષ્ટ કરશે.

૭૨. અનુચ્છેદ ૩૦૧ વેપાર અને વાણિજ્યની "નિયંત્રણો" માંથી સ્વતંત્રતાની ખાતરી આપે છે અને તમામ "કાયદાઓ" માંથી સ્વતંત્રતાની નહીં. સંપૂર્ણ આદર સાથે, અટિયાબારીમાં, "પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી" લાગુ કરીને, યાદી ૨ ની પ્રવિષ્ટિઓના સંદર્ભમાં કાયદો ઘડવાની રાજ્ય વિધાનમંડળની સત્તાઓની તપાસ કરવાને બદલે, બહુમતી કાયદાની અસરોમાં ગઈ છે. અટિયાબારીના બહુમતી મંતવ્ય મુજબ, અનુચ્છેદ ૩૦૧ એ રાજ્યની ધારાકીય સત્તાઓના ઉપયોગ પર એક મર્યાદા છે, જે મારા મતે સાતમી અનુસૂચિની યાદી ૨ માંની વિવિધ પ્રવિષ્ટિઓ હેઠળ રાજ્યોને સ્પષ્ટપણે આપવામાં આવેલી ધારાકીય સત્તાને નકારે છે અથવા મર્યાદિત કરે છે. રાજ્યોના કાઉન્સેલ દ્વારા યોગ્ય રીતે દલીલ કરવામાં આવી હતી તેમ, અટિયાબારી અને ઓટોમોબાઇલમાં સંવિધાન સભાની ચર્ચાઓનો કોઈ વિગતવાર સંદર્ભ આપવામાં આવ્યો ન હતો કે જે ભાગ ૧૩ ના વ્યાપ પર નોંધપાત્ર પ્રકાશ પાડે છે.

૭૩. અટિયાબારી અને ઓટોમોબાઇલમાં લેવાયેલું એ મંતવ્ય કે કરવેરા નિયંત્રણ સમાન બની શકે છે અને બને પણ છે, તે દોષપૂર્ણ છે. રાજ્યની કર લાદવાની સત્તા સંવિંધાનના ભાગ ૧૨ દ્વારા સ્વત ત્ર રીતે સુદ્દઢ થયેલી છે અને તેને માત્ર વાજબીપણાના કારણસર જ પડકારી શકાય છે. અદાલતી ચુકાદાઓની

શ્રેણી દ્વારા, એ સ્વીકારવામાં આવ્યું છે કે સંવિધાનના અનુચ્છેદ ૧૯(૧)(જી), ૧૪ અને ભાગ ૩ હેઠળ કરવેરા કાયદા સામેના પડકાર સાથે પણ સાવચેતીપૂર્વક કામ લેવું જોઈએ અને અત્યંત વિચાર–વિમર્શ પછી જ કાયદાને રદબાતલ કરવો જોઈએ.

અનુચ્છેદ ૩૦૧ માં રહેલી સ્વતંત્રતા એ કરવેરામાંથી સ્વતંત્રતા નથી— બિન–ભેદભાવપૂર્ણ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે:—

૭૪. અટિયાબારીમાં, મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાએ બહુમતી દ્વારા લેવાયેલા દૃષ્ટિકોણ કરતાં અનુચ્છેદ ૩૦૧ અંગે અલગ દૃષ્ટિકોણ અપનાવ્યો હતો અને નીચે મુજબ તારણ કાઢ્યું હતું:—

> ".....(૨) અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલી સ્વતંત્રતાનો અર્થ કેવળ કરવેરામાંથી સ્વતંત્રતા નથી, પરંતુ કરવેરામાંથી એવી સ્વતંત્રતા છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ રીતે અવરોધવાની અસર ધરાવે છે; ....." [પૃષ્ઠ ૮૩૧]

> "મારા મતે, સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની શરતો હેઠળ કેવળ કર આવતો નથી તેવું ઠેરવવા માટેનું બીજું એક ખૂબ જ સચોટ કારણ એ છે કે કરવેરાનો મૂળ અર્થ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓ અને સંરક્ષણના આધારે, કુદરતી અને કાનૂની બંને પ્રકારની વ્યક્તિઓ દ્વારા કમાયેલા અથવા તેમની પાસે રહેલા નાણાંની ચૂકવણી કરવા દબાણ કરીને જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવાની રાજ્યની સત્તા છે. આવા

બોજા અથવા જકાત, પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, આખરી વિશ્લેષણમાં નાગરિકો અથવા રાજ્યમાં રહેતી અથવા રાજ્યના નાગરિકો સાથે વ્યવહાર કરતી વ્યક્તિઓ દ્વારા સરકારના સમર્થન માટે, આવું યોગદાન આપવાની તેમની સંબંધિત ક્ષમતાઓના વિશેષ સંદર્ભ સાથે, એક યોગદાન તરીકે અભિપ્રેત છે. આમ જાહેર હેતુ દરેક કરવેરામાં, તે રીતે, અંતર્ગત છે. તેથી, જ્યારે સંવિધાનનો ભાગ ૧૩ જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદવાની વાત કરે છે, ત્યારે સામાન્ય શબ્દ "વાજબી નિયંત્રણો...." ની અંદર કરવેરાનો સમાવેશ કરવાનો તેનો કોઈ હેતુ હોઈ શકે નહીં" [પૃષ્ઠ ૮૨૮]

મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાના જણાવ્યા મુજબ, 'માલ અથવા મુસાફરોની હેરફેર' પરના કર સહિતનો દરેક કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની બાબતમાં અનિવાર્યપણે કોઈ અવરોધ અથવા નિયંત્રણ ન હતો. મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાના મતે, કરવેરા તેના મૂળ સ્વરૂપથી જ ભાગ ૧૩ માં વપરાયેલા "વાજબી નિયંત્રણ" શબ્દપ્રયોગમાં સમાવી શકાય નહીં. મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાનું મંતવ્ય સાચું મંતવ્ય છે અને આ કોર્ટ દ્વારા લેવાયેલા સુસંગત વલણ સાથે સુસંગત છે કે કરવેરા કાયદાઓ સ્વયં કોઈ 'નિયંત્રણ' નથી.

અટિયાબારી અને ઓટોમોબાઇલ: ઓસ્ટ્રેલિયન અને અમેરિકન કેસોનો સંદર્ભ:—

૭૫. ધ કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા કોન્સ્ટીટ્યુશન એક્ટ ૧૯૦૦ માં અસ્તિત્વમાં આવ્યો હતો. પ્રકરણ ૧, ભાગ ૫ સંસદની સત્તાઓ નિર્ધારિત કરે છે

જેમાં, કલમ ૫૧(૧) ના આધારે, સંસદને 'અન્ય દેશો સાથે અને રાજ્યો વચ્ચે વેપાર અને વાણિજ્ય' ના સંબંધમાં કાયદો ઘડવાની સત્તા આપવામાં આવી છે. પ્રકરણ ૪, કલમો ૮૧–૧૦૫એ 'નાણા અને વેપાર' સાથે સંબંધિત છે. આ પ્રકરણમાં અમારા હેતુ માટે સૌથી સુસંગત જોગવાઈ કલમ ૯૨ છે જેના પર સતત વિચારણા કરવામાં આવી છે અને વિવિધ અદાલતી ચુકાદાઓ દ્વારા તે વિકસિત થઈ છે. કલમ ૯૨ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને માત્ર કસ્ટમ ડ્યુટી લાદવાને આધીન રહીને સંપૂર્ણપણે મુક્ત જાહેર કરે છે. વધુમાં, કલમ ૯૯ આદેશ આપે છે કે કોમનવેલ્થ વેપાર, વાણિજ્ય અથવા મહેસૂલ સંબંધિત કોઈપણ કાયદો અથવા નિયમન બનાવતી વખતે એક રાજ્ય અથવા તેના કોઈપણ ભાગને બીજા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ પર કોઈ પસંદગી આપશે નહીં. કલમ ૧૦૨ હેઠળ, જ્યાં સુધી રેલ્વેનો સંબંધ છે ત્યાં સુધી રાજ્યોને કોઈ પસંદગી આપવા અથવા ભેદભાવ કરવાથી પ્રતિબંધિત કરતો કાયદો બનાવવાની સત્તા સંસદને આપવામાં આવી છે, પરંતુ રેલ્વેના બાંધકામ અને જાળવણીના સંબંધમાં રાજ્યો દ્વારા કરવામાં આવેલી નાણાકીય જવાબદારીઓને યોગ્ય ધ્યાનમાં રાખીને.

૭૬. ભારતમાં આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના વ્યાપની ખાતરી કરતી વખતે સંવિધાનના ઘડવૈયાઓએ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ પર વિચાર–વિમર્શ કર્યો હતો. પંડિત ઠાકુર દાસ ભાર્ગવ ભારતમાં વેપાર અને વાણિજ્યને સંપૂર્ણપણે મુક્ત બનાવવાના પક્ષમાં હતા. જોકે, ડ્રાફ્ટ કમિટી વતી બોલતા શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીએ ઓસ્ટ્રેલિયન

સંવિધાનની કલમ ૯૨ ની સમકક્ષ ભારતમાં વેપાર અને વાણિજ્યની સંપૂર્ણ સ્વતંત્રતાની ખાતરી આપવાથી જે મુશ્કેલીઓનો સામનો કરવો પડી શક્યો હોત તે દર્શાવી હતી.

૭૭. શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીના નીચેના અવલોકનો નોંધવા યોગ્ય છે:

"....મને ખબર નથી કે તેઓ સમજે છે કે નહીં કે જ્યાં સુધી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનો સંબંધ છે ત્યાં સુધી આપણે જેને માન્યતા આપીએ છીએ તેવો સર્વસમાવેશક અધિકાર આપવો જોઈએ નહીં, જે કદાચ ઓસ્ટ્રેલિયન સંવિધાનના અનુચ્છેદ ૯૨ નો પડઘો પાડે છે, જેણે આજે ઓસ્ટ્રેલિયાની આર્થિક સ્થિતિ ખૂબ જ મુશ્કેલ બનાવી દીધી છે. ઓસ્ટ્રેલિયામાં તેઓ એવું અનુભવે છે કે સંવિધાનમાં સુધારા માટેની તેમની જોગવાઈઓ એટલી મુશ્કેલ હોવાના કારણે તેઓ સંવિધાનમાં સુધારો કરવા સક્ષમ નથી, અને અનુચ્છેદ ૯૨ એ તેમણે હાથ ધરેલા કોઈપણ પ્રગતિશીલ કાયદા સામે અવરોધ બનીને ઊભો છે. તે સાચું હોઈ શકે કે ખોટું હોઈ શકે – ઓસ્ટ્રેલિયાના લોકો સરકારની પડખે છે પરંતુ જ્યારે તેઓ બેંકિંગનું રાષ્ટ્રીયકરણ કરવા માંગતા હતા, ત્યારે ઓસ્ટ્રેલિયન સંવિધાનના અનુચ્છેદ ૯૨ ને બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાની સરકારની સત્તા સામે અવરોધ તરીકે ઠેરવવામાં આવ્યો છે. આ સંવિધાનના અમલીકરણમાં ભાવી સરકારના હાથ બાંધી દેવાનો કોઈ અર્થ નથી."

**[સંવિધાન સભાની ચર્ચાઓ, વોલ્યુમ ૯, પૃષ્ઠ.૧૧૪૨, તારીખ ૩૦.૦૭.૧૯૪૯–૧૮.૦૯.૧૯૪૯]**

૭૮. શ્રી ટી.ટી. કૃષ્ણમાચારીએ રેખાંકિત કર્યું હતું કે કેવી રીતે કલમ ૯૨ ઓસ્ટ્રેલિયામાં ખાનગી બેંકોના રાષ્ટ્રીયકરણ વચ્ચે અવરોધરૂપ બની હતી. આ અવલોકન સંભવતઃ ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટ દ્વારા અપનાવવામાં આવેલા મંતવ્યની નોંધ લઈને કરવામાં આવ્યું હતું, જેને પાછળથી પ્રિવિ કાઉન્સિલ દ્વારા કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ (૧૯૪૯) ૭૯ સી.એલ.આર. ૪૯૭ : [૧૯૫૦] એ.સી. ૨૩૫, (જે બેંક રાષ્ટ્રીયકરણ કેસ તરીકે પ્રખ્યાત છે) માં બહાલી આપવામાં આવી હતી. ૧૯૪૭ માં, ઓસ્ટ્રેલિયન સરકારે ઓસ્ટ્રેલિયામાં ખાનગી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવાનો નિર્ણય લીધો હતો. આ પ્રક્રિયાના અનુસંધાનમાં, ધ બેંકિંગ એક્ટ, ૧૯૪૭ ઘડવામાં આવ્યો હતો. જોકે, આ નીતિએ કેટલાક વિવાદોનો સામનો કરવો પડ્યો હતો અને આખરે અદાલતો સમક્ષ તેને પડકારવામાં આવી હતી. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સે બેંકિંગ એક્ટ, ૧૯૪૭ ની સંવિધાનિક માન્યતાને પડકારી હતી. ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટે સદર અધિનિયમની કેટલીક જોગવાઈઓને અમાન્ય ગણી અને તેથી, તેને રદબાતલ કરી હતી. કોમનવેલ્થ સરકારે પ્રિવિ કાઉન્સિલમાં આ નિર્ણય સામે અપીલ કરી હતી, જોકે, પ્રિવિ કાઉન્સિલે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના નિર્ણયને બહાલી આપી હતી.

૭૯. આપણા સંવિધાનના ઘડવૈયાઓએ ઓસ્ટ્રેલિયન સંવિધાનની વેપાર અને વાણિજ્ય સંબંધિત જોગવાઈઓના સંદર્ભમાં ઉદ્ભવેલી સમસ્યાઓની નોંધ લીધી હતી. વિચાર–વિમર્શ પછી, ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ માં આવતો "સંપૂર્ણપણે મુક્ત" શબ્દપ્રયોગ ભારતીય સંવિધાનમાં લેવામાં આવ્યો ન હતો અને સામેલ કરવામાં આવ્યો ન હતો. ભારતીય સંવિધાનના ઘડવૈયાઓએ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સંદર્ભમાં ઓસ્ટ્રેલિયામાં સર્જાયેલી અસ્પષ્ટતાની સ્થિતિ ટાળવા માટે ખૂબ સાવચેતી રાખી હતી, છતાં અટિયાબારી અને ઓટોમોબાઇલમાં અદાલતી વિકાસના કારણે, ભારતીય પરિદ્રશ્યમાં પણ મૂંઝવણો ઊભી થઈ હતી.

૮૦. અતિયાબારી અને ઓટોમોબાઇલે 'પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી' અપનાવી હતી જે ઓસ્ટ્રેલિયામાં શ્રેણીબદ્ધ ચુકાદાઓ [જેમ્સ વિ. સ્ટેટ ઓફ સાઉથ ઓસ્ટ્રેલિયા (૧૯૨૭) ૪૦ સી.એલ.આર. ૧; જેમ્સ વિ. કોવાન (૧૯૩૨) એ.સી. ૫૪૨; જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા (૧૯૩૬) એ.સી. ૫૭૮] દ્વારા વિકસિત થઈ હતી અને બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં તેના પર મુખ્યત્વે આધાર રાખવામાં આવ્યો હતો. બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે કલમ ૯૨ નો ભંગ માત્ર ત્યારે જ થશે જ્યારે પડકાર હેઠળનો કાયદો વેપાર અને વાણિજ્ય પર પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે નિયંત્રણ લાદતો હોય. કોર્ટે અવલોકન કર્યું હતું કે જ્યાં નિયંત્રણ પરોક્ષ અથવા દૂરવર્તી હોય, ત્યાં કલમ ૯૨ દ્વારા પૂરી પાડવામાં આવેલી સ્વતંત્રતા હણાઈ જશે નહીં. જે કસોટી પર દરેક વાદગ્રસ્ત કાયદાની ચકાસણી થવી જોઈએ તે નીચે મુજબના શબ્દોમાં ઘડવામાં

આવી હતી: શું પડકાર હેઠળનો કાયદો આનુષંગિકથી વિપરીત પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે તે વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણ લાદે છે જેમાં વ્યક્તિ સંકળાયેલી હતી? અતિયાબારી અને ઓટોમોબાઇલ ભારતના સંવિધાનના ભાગ ૧૩ ના હેતુઓ માટે 'કર' ને એક નિયંત્રણ તરીકે ઠેરવવા માટે ઓસ્ટ્રેલિયન કેસો સાથે મૂળભૂત રીતે સંમત થયા હતા. અતિયાબારીમાં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે અવલોકન કર્યું હતું:

> "એ કહેવું સામાન્ય બાબત છે કે ઓસ્ટ્રેલિયન કોમનવેલ્થ દ્વારા અપનાવવામાં આવેલી સંઘીય રાજ્યવ્યવસ્થાની રાજકીય અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, ખુદ સંવિધાનનું માળખું, સત્તાઓની વહેંચણી અને સંવિધાનની સામાન્ય યોજના અલગ છે, અને તેથી જ્યારે આપણને આપણા સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરવાનું કહેવામાં આવે ત્યારે ઓસ્ટ્રેલિયન નિર્ણયોમાંથી માર્ગદર્શન અથવા સહાય મેળવવી સલામત રહેશે.".

ઓસ્ટ્રેલિયન પ્રણાલીમાંથી 'વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રત્યક્ષ અને તાત્કાલિક અવરોધ' નો ખ્યાલ ઉછીનો લેવા માટે ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે વધુમાં બેંક રાષ્ટ્રીયકરણ કેસ પર આધાર રાખ્યો હતો. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરના ચુકાદામાંથી સુસંગત અંશ નીચે મુજબ છે:

> "કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ (૧૯૨૭) ૪૦ સી.એલ.આર. ૧ ના કેસમાં, કે જેનો હાર્ટ અને તત્વની કસોટીના

સંબંધમાં પહેલેથી જ સંદર્ભ આપવામાં આવ્યો છે, તેમાં પ્રિવિ કાઉન્સિલ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ ની જોગવાઈઓના પ્રકાશમાં બેંકિંગ એક્ટ (કોમનવેલ્થ) (૧૯૪૭ નો નં. ૫૭) ની કલમ ૪૬ ની માન્યતાની તપાસ કરી રહી હતી. સદર પ્રશ્નનો નિર્ણય કરવામાં લોર્ડ પોર્ટર દ્વારા લાગુ કરવામાં આવેલી કસોટીઓ પૈકીની એક કસોટી આ હતી: "શું આ કાયદો દૂરવર્તી કે આનુષંગિક રીતે નહીં (જે બાબતે તેઓ પાછળથી કંઈક કહેશે) પરંતુ પ્રત્યક્ષ રીતે બેંકિંગના આંતરરાજ્ય વ્યવસાયને પ્રતિબંધિત કરે છે", અને તેમણે એવો નિષ્કર્ષ કાઢ્યો હતો કે "બે સામાન્ય વિધાનો સ્વીકારી શકાય છે, (૧) કે રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું નિયમન તેની સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સુસંગત છે, અને (૨) કે કલમ ૯૨ નો ભંગ માત્ર ત્યારે જ થાય છે જ્યારે કોઈ વૈધાનિક અથવા કારોબારી કાર્ય આવા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને, કોઈ પરોક્ષ અથવા પરિણામી અવરોધ ઊભો કરવાથી વિપરીત જેને વાજબી રીતે દૂરવર્તી ગણી શકાય, પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે નિયંત્રિત કરવા માટે પ્રવૃત્ત થાય છે"." [એસ.સી.આર. નું પૃષ્ઠ ૮૭૦]

૮૧. ફરીથી ઓટોમોબાઇલમાં, સંવિધાનના ભાગ ૧૩ ના હેતુ માટે 'કર' એક નિયંત્રણ છે તેવું આખરે ઠેરવવા માટે ઓસ્ટ્રેલિયન અને અમેરિકન કેસો પર, ખાસ કરીને કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ અને જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા પર આધાર રાખવામાં આવ્યો હતો. બહુમતી મંતવ્ય સાથે સહમત થતાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવે નિર્દેશ કર્યો હતો કે

અનુચ્છેદ ૩૦૧ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ માંથી ઉછીનો લેવામાં આવ્યો હતો, અને બંને જોગવાઈઓની ભાષામાં રહેલા તફાવતો તથા બંને દેશોમાં સંઘવાદના વિકાસનો સંદર્ભ આપ્યા પછી, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરના સિદ્ધાંત" સાથે સંમત થવાનું પસંદ કર્યું હતું. ન્યાયમૂર્તિ સુબ્બા રાવના નીચેના અવલોકનો સ્પષ્ટપણે દર્શાવે છે કે તેમના દ્વારા અમેરિકન અને ઓસ્ટ્રેલિયન નિર્ણયો પર ભારે આધાર રાખવામાં આવ્યો હતો:—

> "આ સંદર્ભમાં, વાણિજ્ય સત્તા અને રાજ્યની પોલીસ સત્તા અથવા વાણિજ્યની સ્વતંત્રતા અને તે સ્વતંત્રતાને અસર કરતા કાયદા ઘડવાની કોમનવેલ્થની સત્તા વચ્ચે સમાધાન સાધવાના તેમના પ્રયાસમાં અમેરિકન અને ઓસ્ટ્રેલિયન નિર્ણયો દ્વારા વિકસાવવામાં આવેલા સિદ્ધાંતોને યોગ્ય ફેરફારો અને સમાયોજનો સાથે ઉપયોગી રીતે લાગુ કરી શકાય છે. વિકસિત થયેલા તમામ સિદ્ધાંતો પૈકી, મારા મતે, સ્વતંત્રતા પર "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" નો સિદ્ધાંત આપણા સંવિધાન હેઠળ ઉદ્ભવી શકે તેવી મુશ્કેલ પરિસ્થિતિ માટે એક વાજબી સમાધાન હશે. જો કોઈ કાયદો, તેનો સ્ત્રોત ભલે ગમે તે હોય, વેપારની મુક્ત હેરફેરને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે અસર કરતો હોય, તો તે સદર સ્વતંત્રતા પર નિયંત્રણ ગણાશે. પરંતુ એવો કાયદો જેની સદર સ્વતંત્રતા પર માત્ર પરોક્ષ અને દૂરવર્તી અસર હોઈ શકે તેને તેના પર નિયંત્રણ ગણી શકાય નહીં."

૮૨. ઓસ્ટ્રેલિયન કેસોના પ્રકાશમાં અતિયાબારી અને ઓટોમોબાઇલમાં લેવાયેલા ઉપરોક્ત મંતવ્યો ભારતીય રાજ્યવ્યવસ્થાના વિશિષ્ટ લક્ષણો અને સંવિધાન સભાની ચર્ચાઓને ધ્યાનમાં રાખ્યા વિના, ભારતીય કાનૂની પ્રણાલીમાં વિદેશી ખ્યાલનું યાંત્રિક પ્રત્યારોપણ દર્શાવે છે. અનુચ્છેદ ૩૦૧ માં 'સ્વતંત્રતા' નો અર્થ કરમાંથી મુક્તિ હતો કે કેમ તે મૂળભૂત પ્રશ્નની ચર્ચા કરતી વખતે અતિયાબારી અને ઓટોમોબાઇલમાં બહુમતી મતે પોતાની આગવી ઓળખ ધરાવતા 'દેશી રાજ્યો' ના બ્રિટિશ ભારત સાથેના વિલીનીકરણની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ અને ભારતીય સંવિધાનના સંઘીય સ્વરૂપની નોંધ લીધી હોય તેમ જણાતું નથી. બહુમતી મતે કર કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ને આધીન હોવાની પૂર્વધારણા સાથે શરૂઆત કરી હોય તેમ જણાય છે અને પાછળથી એવા નિષ્કર્ષ પર આવ્યા હતા કે જો તમામ કર કાયદાઓને અનુચ્છેદ ૩૦૧ માં લાવવામાં આવે, તો કર લાદવાની રાજ્યની વૈધાનિક સત્તા નષ્ટ થઈ જશે. ત્યારબાદ, રાજ્યની કર સત્તાને બચાવવાના પ્રયાસરૂપે, તેઓએ ઓસ્ટ્રેલિયન અને અમેરિકન કેસોમાંથી 'પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી' તથા 'વળતરરૂપી કર' ના ખ્યાલો ઉછીના લીધા હતા.

૮૩. આ સંબંધમાં, વિદ્વાન લેખક એચ.એમ. સીરવાઈએ કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા, ૪થી આવૃત્તિ, વોલ્યુમ ૩ માં નીચે મુજબ અવલોકન કર્યું છે:

> "એવી રજૂઆત કરવામાં આવે છે કે અતિયાબારી કેસમાં બહુમતી ચુકાદા દ્વારા અને ઓટોમોબાઇલ કેસમાં તમામ ચુકાદાઓ દ્વારા અપનાવવામાં

આવેલા અર્થઘટનના સિદ્ધાંતો અર્થઘટનના સુસ્થાપિત સિદ્ધાંતોથી ઘણા દૂર જાય છે. તેઓ પહેલા 'ઇતિહાસ' ના સંદર્ભ દ્વારા સંવિધાનના ઘડવૈયાઓનો આશય નક્કી કરવાનો પ્રયાસ કરે છે અને પછી કયું અર્થઘટન તે આશયને શ્રેષ્ઠ રીતે સાકાર કરશે તે વિચારવા આગળ વધે છે. પરંતુ જો કોઈ આશય પહેલાથી જ ધારી લેવામાં આવે, તો જે શબ્દોનું અર્થઘટન કરવાનું છે તેમાં તેને વાંચવું મુશ્કેલ નથી. એવી રજૂઆત કરવામાં આવે છે કે શબ્દોનું અર્થઘટન તેમની શરતો અનુસાર અથવા અર્થઘટન માટેના સુવિખ્યાત બાહ્ય સાધનો અનુસાર થવું જોઈએ" [પૃષ્ઠ ૨૫૯૮]

શ્રી સીરવાઈએ એ બાબત પણ નિર્દેશિત કરી છે કે ઓસ્ટ્રેલિયન પરિદ્રશ્ય ભારતીય પરિદ્રશ્ય સમાન છે તે અવલોકન જ ત્રુટિપૂર્ણ હતું. અતિયાબારી અને ઓટોમોબાઇલમાં આ કોર્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ ઓસ્ટ્રેલિયન અને ભારતીય સંવિધાનોનો તુલનાત્મક અભ્યાસ એવા નિષ્કર્ષ તરફ કેવી રીતે દોરી ગયો કે બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં કરવામાં આવેલ કલમ ૯૨ નું અર્થઘટન ભારતીય વ્યવસ્થામાં યોગ્ય રીતે અપનાવી શકાય, તે અસ્પષ્ટ છે. શ્રી સીરવાઈએ પૃષ્ઠ ૨૫૯૯ પર નીચે મુજબ અવલોકન કર્યું છે:—

"...આપણા સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓ ધરમૂળથી અલગ છે. ઓસ્ટ્રેલિયન નિર્ણયો ટાંકતા ન્યાયાધીશો તે ચેતવણીનું પુનરાવર્તન કરે છે કે અન્ય સંવિધાનો પરના નિર્ણયોના સંદર્ભ દ્વારા સંવિધાનની

જોગવાઈઓનું અર્થઘટન કરવું સલામત નથી, તેમ છતાં તે નિર્ણયોનો માત્ર સંદર્ભ જ લેવામાં આવતો નથી પરંતુ તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ કર એક નિયંત્રણ બની શકે છે તેવા અર્થઘટનને સમર્થન આપતા હોવાનું જણાય છે. પરંતુ એવી રજૂઆત કરવામાં આવે છે કે જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા નો નિર્ણય કે કર 'નિયંત્રણ' બની શકે છે તે એવા નિષ્કર્ષને સમર્થન આપી શકતો નથી કે અનુચ્છેદ ૩૦૧ માં કરનો સમાવેશ થાય છે...” [પૃષ્ઠ ૨૫૯૯]

૮૪. રસપ્રદ વાત એ છે કે, અતિયાબારી અને ઓટોમોબાઇલમાં જે ઓસ્ટ્રેલિયન કેસો પર આધાર રાખવામાં આવ્યો હતો તે સમયની કસોટી પર ટકી શક્યા નહીં. આજની તારીખે, ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટના સાત ન્યાયમૂર્તિઓની પીઠના ચુકાદાના આધારે, જેમ્સ વિ. કોમનવેલ્થ અને બેંક રાષ્ટ્રીયકરણ કેસના નિર્ણયો રદબાતલ ઠરેલા છે. કોલ વિ. વ્હાઇટફિલ્ડ (૧૯૮૮) ૭૮ એ.એલ.આર. ૪૨ માં, ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટે કલમ ૯૨ અને વેપાર તથા વાણિજ્યની સ્વતંત્રતા સંબંધિત અન્ય આનુષંગિક જોગવાઈઓ પર વિચારણા કરી હતી અને “પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર” ની કસોટીને મહત્વહીન ગણી હતી; કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું હતું:—

“૪૮. સામાન્ય સ્વીકૃતિ જાળવી રાખવામાં નિષ્ફળ રહેલા સિદ્ધાંતથી હવે વિચલિત થઈને, અમે તે અર્થઘટન અપનાવીએ છીએ જે, જેમ કે અમે દર્શાવ્યું છે, ઇતિહાસ અને સંદર્ભ દ્વારા સમર્થિત છે. આમ કરતી વખતે,

અમારે એવા કેસોના નિરાકરણ વિશે કંઈક કહેવું જોઈએ કે જેમાં વાદગ્રસ્ત કાયદાના પ્રથમ દર્શને કોઈ અસ્વીકાર્ય હેતુ જણાતો નથી, પરંતુ તેની અસર ભેદભાવપૂર્ણ છે કારણ કે તે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય સામે ભેદભાવ કરે છે અને તે રીતે તે જ પ્રકારના રાજ્યની અંદરના વેપાર અને વાણિજ્યનું રક્ષણ કરે છે....”

૮૫. કોલ વિ. વ્હાઇટફિલ્ડમાં, હાઇકોર્ટે બેંક રાષ્ટ્રીયકરણ કેસમાં સત્તાવાર રીતે અપનાવવામાં આવેલા “વ્યક્તિગત અધિકારો” ના અભિગમનો અસ્વીકાર કરતાં ઠેરવ્યું હતું કે કલમ ૯૨ માત્ર ભેદભાવપૂર્ણ સંરક્ષણવાદી બોજ સામે જ આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાંયધરી આપે છે. આ નિર્ણયે સંવિધાનની કલમ ૯૨ સાથે તે સમયે જોડાયેલી “સંપૂર્ણપણે અસ્વીકાર્ય સ્થિતિ” નો અંત આણ્યો હતો, કારણ કે ઓસ્ટ્રેલિયામાં આંતરરાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સંબંધિત અગાઉના એંસી વર્ષના ન્યાયિક વિકાસે “ન તો અર્થની સ્પષ્ટતા આપી હતી કે ન તો કામગીરીની નિશ્ચિતતા આપી હતી”. કોલ વિ. વ્હાઇટફિલ્ડે નિર્ધારિત કર્યું હતું કે બોજ 'સંરક્ષણવાદી' બનવા માટે તેણે 'સંરક્ષણવાદી અર્થમાં' આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય સામે 'ભેદભાવ' કરવો જ જોઈએ. કોર્ટે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

“એવો કાયદો કે જેનો વાસ્તવિક ઉદ્દેશ્ય ઉત્પાદન કે સેવા માટેનું ધોરણ અથવા વ્યાપારી વર્તણૂકનું ધોરણ નિર્ધારિત કરવાનો હોય તે સામાન્ય રીતે સંરક્ષણવાદ પર આધારિત રહેશે નહીં અને કલમ ૯૨ દ્વારા

પ્રતિબંધિત થશે નહીં. પરંતુ જો કોઈ કાયદો, જે અન્યથા એવા ઉદ્દેશ્યના સંદર્ભમાં વાજબી હોઈ શકે જે સંરક્ષણવાદી નથી, તે ઉદ્દેશ્યની પ્રાપ્તિમાં આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય સામે એવી રીતે અથવા એવી હદ સુધી ભેદભાવ કરે છે જે કાયદાને સંરક્ષણવાદી તરીકે દર્શાવવા માટે પૂરતી હોય, તો કોર્ટ એવા નિષ્કર્ષ પર આવવા માટે વાજબી ઠરશે કે તે છતાં કલમ ૯૨ નું ઉલ્લંઘન કરે છે." [પૃષ્ઠ ૬૬]

૮૬. આ આવશ્યકતા કલમ ૯૨ ના ઈતિહાસના મૂલ્યાંકન પર આધારિત હતી, જેણે દર્શાવ્યું હતું કે તેનો ઉદ્દેશ્ય આંતર-વસાહતી મુક્ત વેપાર પ્રાપ્ત કરવાનો હતો. જેમ કે બેટફેર પ્રા. લિ. વિ. વેસ્ટર્ન ઓસ્ટ્રેલિયા (૨૦૦૮) ૨૪૪ એ.એલ.આર. ૩૨ માં અવલોકન કરવામાં આવ્યું હતું:

"કલમ ૯૨ ની રચના "ઓસ્ટ્રેલિયામાં લેસે-ફેર અર્થતંત્ર" ઊભું કરવા માટે કરવામાં આવી ન હતી; બલ્કે, તેની કામગીરી વધુ મર્યાદિત હતી, જે બજારમાં આંતરરાજ્ય ખેલાડીઓની સ્પર્ધા સામે તે બજારના રાજ્યની અંદરના ખેલાડીઓના રક્ષણ માટે રાજ્યની સરહદોનો વેપાર સરહદો અથવા અવરોધો તરીકે ઉપયોગ અટકાવવા માટે હતી." [પૃષ્ઠ ૪૫] [ભાર આપેલ છે]

જ્યારે કોલ વિ. વ્હાઇટફિલ્ડમાંના તર્કને ત્યારપછીના કેસોમાં સમજાવવામાં આવ્યો છે અને વિકસાવવામાં આવ્યો છે, ત્યારે મૂળભૂત રીતે આ ચુકાદો સમયની કસોટી પર ટકી રહ્યો છે.

૮૭. ઉપરોક્ત બાબત પરથી સ્પષ્ટપણે જણાય છે કે જે જર્જરિત ઝૂંપડી પર અતિયાબારી અને ઓટોમોબાઇલનો નિર્ણય આધારિત હતો તે પોતે જ તૂટી પડી છે. ઓસ્ટ્રેલિયામાં વેપાર અને વાણિજ્યના સંબંધમાં "સ્વતંત્રતા" નો ખ્યાલ પણ આજના વેપાર અને વાણિજ્યની ગતિશીલતાને અનુકૂળ થવા માટે નોંધપાત્ર રીતે બદલાયો છે.

૮૮. તેવી જ રીતે, યુ.એસ. સંવિધાનનો અનુચ્છેદ ૧, કલમ ૮, ખંડ ૩ કોંગ્રેસને "વિદેશી રાષ્ટ્રો સાથે, અને વિવિધ રાજ્યો વચ્ચે, તથા ઇન્ડિયન આદિજાતિઓ સાથે વાણિજ્યનું નિયમન કરવાની" સત્તા આપે છે. કોંગ્રેસની સત્તા માત્ર રાજ્યો વચ્ચેના વેપારના નિયમન પૂરતી મર્યાદિત નથી, બલ્કે તે આંતરરાષ્ટ્રીય વેપારનું પણ નિયમન કરી શકે છે. જ્યાં સુધી આંતરરાજ્ય વેપારનો સંબંધ છે, વાણિજ્ય ખંડ હેઠળ કોંગ્રેસ પ્રવૃત્તિઓના વ્યાપક ક્ષેત્રોનું નિયમન કરવાની સત્તા ધરાવે છે જેમ કે આંતરરાજ્ય વાણિજ્યના માધ્યમોનો ઉપયોગ, આંતરરાજ્ય વાણિજ્યના સાધનોનું રક્ષણ, અથવા આંતરરાજ્ય વાણિજ્યમાં વ્યક્તિઓ કે વસ્તુઓ, અને એવી પ્રવૃત્તિઓ જે આંતરરાજ્ય વાણિજ્યને નોંધપાત્ર રીતે અસર કરે છે; જ્યારે ભારતીય સંવિધાનમાં, રાજ્યો પાસે સંવિધાનીય મર્યાદાઓને આધીન રહીને યાદી ૨ માં ગણાવેલા વિષયો પર કાયદો ઘડવાની પૂર્ણ સત્તા છે. અતિયાબારી અને ઓટોમોબાઇલે ફ્રીમેન વિ. હ્યુઇટ ૩૨૯ યુ.એસ. ૨૪૯ (૧૯૪૬) પર આધાર રાખવામાં ભૂલ કરી હતી, જેને ખુદ યુ.એસ. સુપ્રિમ કોર્ટે કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ, ઇન્ક. વિ. ચાર્લ્સ આર. બ્રેડી [૧૯૭૭] યુ.એસ.એસ.સી. ૫૪ : (૧૯૭૭) ૪૩૦ યુ.એસ. ૨૭૪ માં નકારી

કાઢેલ છે. કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટમાં, યુ.એસ. સુપ્રિમ કોર્ટે વળતરરૂપી હોવાનું મનાતી આંતરરાજ્ય ઉઘરાત સાથે કામ પાર પાડતી વખતે, રાજ્ય કર વાણિજ્ય ખંડનું ઉલ્લંઘન કરે છે કે કેમ તે નિર્ધારિત કરવા માટે ચાર ભાગની કસોટી ઘડી હતી: (૧) સંબંધ: રાજ્ય કર સત્તા લાદવાને વાજબી ઠેરવવા માટે કરદાતા અને રાજ્ય વચ્ચે પર્યાપ્ત સંબંધ હોવો જોઈએ; (૨) વાજબી વહેંચણી: રાજ્યએ કરદાતાની આવકના તેના વાજબી હિસ્સા કરતાં વધુ કર લાદવો જોઈએ નહીં; (૩) કોઈ ભેદભાવ નહીં: રાજ્યએ રાજ્ય બહારના કરદાતાઓ સાથે રાજ્યની અંદરના કરદાતાઓ કરતાં અલગ વ્યવહાર કરવો જોઈએ નહીં; અને (૪) સેવાઓ સાથે સંબંધિત: કર રાજ્ય દ્વારા કરદાતાને પૂરી પાડવામાં આવતી સેવાઓ સાથે વાજબી રીતે સંબંધિત હોવો જોઈએ.

૮૯. ઉપરોક્ત બાબતને ધ્યાને લેતાં, આજે જે સ્થિતિ માન્ય રહે છે તે એ છે કે અતિયાબારી અને ઓટોમોબાઇલમાં જેમના પર આધાર રાખવામાં આવ્યો હતો તે યુ.એસ. સુપ્રિમ કોર્ટ, પ્રિવિ કાઉન્સિલ અને ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ચુકાદાઓ યુ.એસ.એ. માં કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટમાં અને ઓસ્ટ્રેલિયામાં કોલ વિ. વ્હાઇટફિલ્ડમાં રદબાતલ ઠેરવવામાં આવ્યા છે. 'વેપાર અને વાણિજ્ય પર પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર' નો સિદ્ધાંત ફગાવી દેવામાં આવ્યો છે અને એવું ઠેરવવામાં આવ્યું છે કે વ્યાપારી વર્તણૂકના ધોરણો 'સંરક્ષણવાદી' કે 'ભેદભાવપૂર્ણ' હોવા જોઈએ નહીં. અતિયાબારીમાં નિર્ધારિત 'પ્રત્યક્ષ અને તાત્કાલિક કસોટી' અને ઓટોમોબાઇલમાં પ્રતિપાદિત 'વળતરરૂપી કર' ના સિદ્ધાંતોને રદબાતલ ઠેરવવાના રહે છે અને મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાનો લઘુમતી

ચુકાદો કે 'કેવળ કર' અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો નથી તેને બહાલી આપવાની રહે છે.

અનુચ્છેદ ૩૦૪ (એ) અને (બી) પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવા જોઈએ: —

૯૦. અનુચ્છેદ ૩૦૪ ની પાર્શ્વ નોંધમાં "નિયંત્રણો" શબ્દ સત્તાઓની બહુલતા સૂચવે છે અને તે દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) અલગ–અલગ સત્તાઓ પ્રદાન કરે છે. અનુચ્છેદ ૩૦૪(એ) કર સાથે સંબંધ ધરાવે છે; અનુચ્છેદ ૩૦૪(બી) એવા નિયંત્રણો સાથે સંબંધ ધરાવે છે જે વાજબી હોય અને જાહેર હિતમાં હોય. સંવિધાનના ઘડવૈયાઓનો આશય અનુચ્છેદ ૩૦૪(બી) માં કરનો સમાવેશ કરવાનો હોઈ શકે નહીં; કારણ કે "વાજબીપણું" અને "જાહેર હિત" ના તત્વો કરમાં અંતર્નિહિત હોય છે. "અને" શબ્દનો ઉપયોગ જોગવાઈઓ સંયુક્ત છે તેવા અર્થઘટનને મદદ કરતો નથી. તેનો માત્ર એટલો જ અર્થ થાય છે કે:—

(૧) રાજ્ય બહારથી આવતા માલ પર એ રીતે કર લાદી શકે છે જેથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય [અનુચ્છેદ ૩૦૪(એ)]

–અને–

(૨) તે ઉપરાંત તે રાષ્ટ્રપતિની સંમતિને આધીન રહીને વાજબી અને જાહેર હિતમાં હોય તેવા અન્ય નિયંત્રણો પણ લાદી શકે છે [અનુચ્છેદ ૩૦૪(બી)]. [ભાર આપેલ છે]

અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) પરસ્પર સ્વતંત્ર છે, તે એ હકીકત પરથી પણ સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક એટલે કે રાષ્ટ્રપતિની મંજૂરી માત્ર અનુચ્છેદ ૩૦૪(બી) ને જ સંદર્ભિત છે અને અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ વિચારાયેલા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદતા કાયદાને નહીં. આ એટલા માટે છે કારણ કે, અનુચ્છેદ ૩૦૪(એ) માં એક અંતર્નિહિત રક્ષણાત્મક ઉપાય છે, તે હદે કે અન્ય રાજ્યમાંથી આવતા માલ પર લાદવામાં આવતા કર ભેદભાવપૂર્ણ હોઈ શકે નહીં અને તેથી, કોઈ રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર નથી.

૯૧. એ નોંધવું સુસંગત છે કે અનુચ્છેદ ૩૦૪(એ) માં અર્ધવિરામ પછી "અને" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જ્યારે એ કહેવું સાચું છે કે "અને" શબ્દ સામાન્ય રીતે સંયોજક હોય છે, તેમ છતાં તેનો ઉપયોગ જે સંદર્ભમાં કરવામાં આવ્યો હતો તે સંદર્ભમાં પરંતુકના શબ્દો પરથી મેળવવામાં આવેલા વૈધાનિક આશયના આધારે તેને ઘણીવાર પરસ્પર સ્વતંત્ર (વિભાજક) તરીકે પણ અર્થઘટિત કરવામાં આવે છે. મહર્ષિ મહેશ યોગી વૈદિક વિશ્વવિદ્યાલય અધિનિયમ, ૧૯૯૫ ની કલમ ૪(૧) ના સંબંધમાં "અને" શબ્દ સંયોજક છે કે વિભાજક તે બાબત પર વિચારણા કરતાં, મહર્ષિ મહેશ યોગી વૈદિક

વિશ્વવિદ્યાલય વિ. મધ્ય પ્રદેશ રાજ્ય અને અન્ય (૨૦૧૩) ૧૫ એસ.સી.સી. ૬૭૭ માં અને "અને" શબ્દ વિભાજક તરીકે વપરાયો હોવાનું અવલોકન કરતાં, આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું હતું:—

> "૯૩. .... અમે ઈશ્વર સિંહ બિંદ્રા વિ. ઉત્તર પ્રદેશ રાજ્ય, એ.આઇ.આર. ૧૯૬૮ એસ.સી. ૧૪૫૦ માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નીચેના નિર્ણયનો પણ સંદર્ભ લઈએ છીએ, જેમાં પેરા ૧૧ માં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું છે: (એ.આઇ.આર. પૃષ્ઠ ૧૪૫૪)
>
> "૧૧. ... સંદર્ભમાં તેને પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવું વધુ યોગ્ય રહેશે. સ્ટ્રાઉડ્સ જ્યુડિશિયલ ડિક્શનરી, ત્રીજી આવૃત્તિ, પૃષ્ઠ ૧૩૫ પર જણાવવામાં આવ્યું છે કે 'અને' નો સામાન્ય રીતે સંચયી અર્થ હોય છે, જે તે જોડે છે તે તમામ શરતોની પરિપૂર્ણતાની આવશ્યકતા રાખે છે, અને અહીં તે 'અથવા' નો વિરોધાભાસ છે. જોકે, કેટલીકવાર આવા સંબંધમાં પણ, સંદર્ભના બળે, તેને 'અથવા' તરીકે વાંચવામાં આવે છે. તેવી જ રીતે મેક્સવેલ ઓન ઇન્ટરપ્રિટેશન ઓફ સ્ટેચ્યુટ્સ, ૧૧મી આવૃત્તિમાં એ સ્વીકારવામાં આવ્યું છે કે 'વિધાનમંડળના આશયને પૂર્ણ કરવા માટે ક્યારેક સંયોજકો "અથવા" અને "અને" ને એકબીજાના સ્થાને વાંચવા જરૂરી જણાય છે'." [ભાર આપેલ છે]

૯૪. ડિરેક્ટર ઓફ માઇન્સ સેફ્ટી વિ. તાંડુર એન્ડ નયંદગી સ્ટોન ક્વોરીઝ (પ્રા.) લિ. (૧૯૮૭) ૩ એસ.સી.સી. ૨૦૮ (એસ.સી.સી. પૃષ્ઠ

૨૧૧, પેરા ૪) માં આ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્ણયના પેરા ૪ નો પણ અમે સંદર્ભ લઈ શકીએ છીએ

> "૪. સાદા અર્થ અનુસાર, ખંડ (એ) અને (બી) નીચેના બે પરંતુકો સાથે વંચાણે લેવાતા અધિનિયમની કલમ ૩ ની પેટા–કલમ (૧) માં રહેલો અપવર્જન ખંડ, કલમ ૩(૧) ના ખંડ (એ) ના પરંતુકના ઉપ–ખંડ (૨) ના પેરા (બી) ના અંતે વપરાયેલા 'અને' શબ્દનું તે જે સંદર્ભમાં આવે છે તેમાં 'અથવા' તરીકે અર્થઘટન થવું જોઈએ; અને જો તે રીતે અર્થઘટન કરવામાં આવે, તો પેરા (એ), (બી) અને (સી) માં નિર્ધારિત ત્રણ શરતો પૈકીની કોઈપણ એકનું અસ્તિત્વ તરત જ કલમ ૩ ની પેટા–કલમ (૧) ના ખંડ (એ) અને (બી) ના પરંતુકને આકર્ષશે અને તેના દ્વારા ખાણને સદર અધિનિયમની જોગવાઈઓને આધીન બનાવશે. હાઇકોર્ટે એ હકીકતની અવગણના કરી હતી કે ત્રણેય ખંડો પૈકી પ્રત્યેકમાં નકારાત્મક ભાષાના ઉપયોગથી એ ગર્ભિત હતું કે ખંડ (બી) ના અંતે વપરાયેલા 'અને' શબ્દને વિભાજક રીતે વાંચવાનો હતો. અમારું તે અર્થઘટન સદર અધિનિયમની યોજના દ્વારા પ્રગટ થતા વૈધાનિક આશયને અનુરૂપ છે જે મુખ્યત્વે ખાણોમાં કામે રાખવામાં આવેલા કામદારોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે છે." [ભાર આપેલ છે]

૯૫. .....રાજ્યના વિદ્વાન વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી છે તેમ આમુખમાં તેમજ કલમ ૪ માં વપરાયેલ "અને" શબ્દપ્રયોગ સંયોજક રીતે વાંચવો

જોઈએ તેવું ઠેરવવા અમે વલણ ધરાવતા નથી. બીજી બાજુ, જે સંદર્ભમાં સદર શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેમાં તેને જોગવાઈનું વિભાજક વાચન ઊભું કરતાં "અથવા" તરીકે વાંચવો પડશે."

૯૨. એ.કે. ગોપાલન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ એ.આઈ.આર. ૧૯૫૦ એસ.સી. ૨૭ માં, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૨(૭)(એ) ના સંદર્ભમાં, સંવિધાન પીઠે અવલોકન કર્યું હતું કે તે એક સક્ષમકારી જોગવાઈ હોવાથી 'અને' શબ્દ વિભાજક રીતે વાંચવો જોઈએ અને નીચે મુજબ ઠેરવ્યું હતું:—

> "૨૪૮. .....વાસ્તવમાં ખંડ (૪)(બી) અટકાયત પોતે જ સંસદ દ્વારા ખંડ (૭) ના ઉપ–ખંડ (એ) અને (બી) હેઠળ બનાવવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓ અનુસાર હોવાની વિચારણા કરે છે. તેથી, અટકાયત સંસદ દ્વારા ખંડ (૭) ના ઉપ–ખંડ (એ) અને (બી) હેઠળ બનાવવામાં આવતા તે જ કાયદા હેઠળ હોઈ શકે છે. બીજા મુદ્દા અંગે એવી દલીલ છે કે ખંડ (૭) હેઠળ કાયદો ઘડવાની સંસદ પાસે મુનસફી છે અને તે કોઈપણ કાયદો ઘડવા માટે બંધાયેલી નથી પરંતુ જ્યારે આપણી સંસદ કાયદો ઘડવાનું પસંદ કરે છે ત્યારે તેણે એવા સંજોગો કે જે હેઠળ અને એવા વર્ગ કે વર્ગોના કેસો કે જેમાં વ્યક્તિને ત્રણ મહિના કરતાં વધુ સમય માટે અટકાયતમાં રાખી શકાય, તે બંને નિર્ધારિત કરવા જ જોઈએ. અરજદારના વિદ્વાન વકીલ દ્વારા સૂચવવામાં આવેલી રીતે ખંડ (૭)(એ) નું અર્થઘટન કરવા હું અસમર્થ છું. તે સંસદને બે બાબતો નિર્ધારિત કરવા

માટે સશક્ત કરતી એક સક્ષમકારી જોગવાઈ છે. સંસદ બેમાંથી કોઈ એક અથવા બંને નિર્ધારિત કરી શકે છે. જો કોઈ પિતા પોતાના નાજુક બાળકને કહે કે તે ટેબલ ટેનિસ અને બેડમિન્ટન રમી શકે છે પરંતુ ફૂટબોલની સખત રમત નહીં, તો તેનો સ્પષ્ટ અર્થ એવો નથી થતો કે બાળકે, જો તે રમવાનું પસંદ કરે તો, ટેબલ ટેનિસ અને બેડમિન્ટન બંને રમવા જ જોઈએ. તે બાળકને આપવામાં આવેલો એક વિકલ્પ છે. તેવી જ રીતે, સંવિધાન સંસદને બે બાબતો નિર્ધારિત કરવાની સત્તા આપે છે. સંસદ બિલકુલ નિર્ધારિત કરવા બંધાયેલી નથી પરંતુ જો તે નિર્ધારિત કરવાનું પસંદ કરે તો તે બેમાંથી કોઈ એક અથવા બંને નિર્ધારિત કરી શકે છે....." [ભાર આપેલ છે]

ઉપરોક્ત નિર્ણયોના સિદ્ધાંતને લાગુ કરતાં, અનુચ્છેદ ૩૦૪ માં અર્ધવિરામ પછી 'અને' શબ્દપ્રયોગ વપરાયો હોવાથી, તેને અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) નું વિભાજક વાચન ઊભું કરતાં 'અથવા' તરીકે વાંચવો પડશે, જે દર્શાવે છે કે રાજ્ય વિધાનમંડળ અનુચ્છેદ ૩૦૪(એ) અથવા અનુચ્છેદ ૩૦૪(બી) અથવા બંને હેઠળ પોતાની સત્તાનો ઉપયોગ કરી શકે છે.

શું પરંતુક સાથે જોડાયેલ અનુચ્છેદ ૩૦૪(બી) કર કાયદાઓને લાગુ પડે છે–ન્યાયિક અભિગમ:—

૯૩. અતિયાબારીમાં, બહુમતીએ ઠેરવ્યું હતું કે "કર કાયદાઓ" અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપમાં આવે છે અને તેથી, કોઈપણ કાયદો ભલે તે કરવેરા સંબંધિત

હોય કે અન્યથા, જે માલની હેરફેર અથવા પરિવહન પર કોઈ પ્રત્યક્ષ નિયંત્રણ લાદે છે તે અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓને આકર્ષે છે, અને તેની માન્યતા ત્યારે જ ટકી શકે જો તે અનુચ્છેદ ૩૦૨ અથવા અનુચ્છેદ ૩૦૪ ની જરૂરિયાતો સંતોષતો હોય. અતિયાબારીમાં વ્યક્ત ઉપરોક્ત મંતવ્ય અનુસાર, રાજ્ય વિધાનમંડળ માટે કેટલીક કર સંબંધિત પ્રવિષ્ટિઓ એટલે કે વેચાણ વેરો (પ્રવિષ્ટિ ૫૪, યાદી ૨); જુગાર સંબંધિત કાયદો (પ્રવિષ્ટિ ૩૪, યાદી ૨) અથવા શરત અને જુગાર પર કર (પ્રવિષ્ટિ ૬૨, યાદી ૨); અને માર્ગ દ્વારા અથવા અંતર્દેશીય જળમાર્ગો દ્વારા માલ અથવા મુસાફરોના વહન પર કર (પ્રવિષ્ટિ ૫૬, યાદી ૨) ના સંબંધમાં બિલકુલ કોઈ કાયદો પસાર કરવો શક્ય નથી. જો ઉપરોક્ત પ્રવિષ્ટિઓ હેઠળના કાયદાઓને એવા કારણોસર પડકારવામાં આવે કે તેઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રત્યક્ષ નિયંત્રણ તરીકે અમલમાં આવે છે, તો અતિયાબારીમાં વ્યક્ત મંતવ્ય મુજબ, આ કાયદાઓને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ વાજબી ઠેરવવા પડી શકે છે. અતિયાબારીનો અભિગમ યાદી ૨ ની વિવિધ કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ હેઠળ પોતાની સત્તાઓનો ઉપયોગ કરીને કાયદા ઘડવાની રાજ્ય વિધાનમંડળની સાર્વભૌમ સત્તાઓને સંપૂર્ણપણે છીનવી લેશે, જે સંવિધાનના ઘડવૈયાઓનો આશય હોઈ શકે નહીં.

***અનુચ્છેદ ૩૦૪(બી) માત્ર બિન-નાણાકીય કાયદાઓને લાગુ પડે છે અને કર કાયદાઓને નહીં:—***

૯૪. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) એ બે અલગ–અલગ સત્તાઓ છે અને વેપાર, વાણિજ્ય તથા આંતરવ્યવહારની સ્વતંત્રતા તેમને આધીન છે. અનુચ્છેદ ૩૦૪(બી) જાહેર હિતમાં લાદવામાં આવતા વાજબી નિયંત્રણો સાથે સંબંધ ધરાવે છે. અનુચ્છેદ ૩૦૪(બી) જાહેર હિતમાં વાજબી નિયંત્રણો લાદતા બિન–નાણાકીય કાયદાઓ સાથે સંબંધ ધરાવે છે અને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કર કાયદાઓનો સમાવેશ થતો નથી. આ સંબંધમાં, યુનિવર્સલ લો પબ્લિશિંગ કું. પ્રા. લિ. દ્વારા પ્રકાશિત "ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ–ધ પ્રોજેક્ટ કમિટી" માં પ્રસિદ્ધ થયેલ તારીખ ૨૩.૦૪.૧૯૪૭ ના 'મૂળભૂત અધિકારોના વિષય પર સલાહકાર સમિતિના વચગાળાના અહેવાલ' પર આધાર રાખવામાં આવ્યો છે. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી રાકેશ દ્વિવેદી આપણને અનુચ્છેદ ૩૦૪(બી) અને અનુચ્છેદ ૩૦૪(બી) માં પરંતુકના વર્તમાન સ્વરૂપ તરફ દોરી જતી ઘટનાઓની શૃંખલામાંથી લઈ ગયા છે. "ન્યાયિક રીતે અમલવારીપાત્ર મૂળભૂત અધિકારો" નો ડ્રાફ્ટ અનુચ્છેદ ૧૦ (સદર પુસ્તકનું પૃષ્ઠ નં. ૨૯૭) જે હાલમાં ભાગ ૧૩ છે, 'મૂળરૂપે પ્રસ્તાવિત' નીચે મુજબ વંચાતો હતો:—

> "૧૦. સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન રહીને, નાગરિકો દ્વારા અને તેમની વચ્ચે એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે:

પરંતુ કોઈ એકમ જાહેર વ્યવસ્થા, નીતિમત્તા અથવા આરોગ્યના હિતમાં અથવા કટોકટીમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે:

પરંતુ આ કલમમાંનું કંઈ પણ કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવતા માલ પર તે જ શુલ્ક અને કર લાદતાં અટકાવશે નહીં જેને તે એકમમાં ઉત્પાદિત માલ આધીન હોય:

પરંતુ વધુમાં એવી જોગવાઈ છે કે કોઈપણ એકમ દ્વારા વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પ્રાધાન્ય આપવામાં આવશે નહીં." [ભાર ઉમેરેલ]

૯૫. મુસદ્દા અનુચ્છેદ ૧૦ નો પ્રથમ પરંતુક અનુચ્છેદ ૩૦૪(બી) ને અનુરૂપ છે અને બીજો પરંતુક અનુચ્છેદ ૩૦૪(એ) સાથે સંબંધિત છે. મુસદ્દા અનુચ્છેદ ૧૦ [અનુચ્છેદ ૩૦૪(બી)] નો તે પ્રથમ પરંતુક માત્ર "જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્ય અથવા કટોકટીમાં" ને જ સંબંધિત છે તે બાબત સંવિધાન સભાની ચર્ચાઓ/સલાહકાર સમિતિની કાર્યવાહી પરથી પણ સ્પષ્ટ થાય છે. આ સંદર્ભમાં, આપણે સંવિધાન સભાની ચર્ચાઓમાં શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરના વક્તવ્યનો સંદર્ભ લઈ શકીએ છીએ, જે નીચે મુજબ છે:—

> "અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર: "સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન રહીને, નાગરિકો દ્વારા અને તેમની વચ્ચે એકમો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે." તે સામાન્ય સિદ્ધાંત છે. ત્યારબાદ અપવાદો આવે છે, "પરંતુ એવી જોગવાઈ છે કે કોઈપણ એકમ જાહેર

વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં અથવા કટોકટીની સ્થિતિમાં કાયદા દ્વારા વાજબી નિયંત્રણો લાદી શકે છે." ધારો કે વ્યાપક દુષ્કાળ છે, અને લોકો ભૂખે મરે છે, તો અહીં તેની જ વ્યવસ્થા કરવાનો હેતુ છે.

અને પછી "પરંતુ એવી જોગવાઈ છે કે આ કલમમાંનું કંઈ પણ કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવતા માલ પર તે જ જકાતો અને કર લાદતા અટકાવશે નહીં જે તે એકમમાં ઉત્પાદિત માલ પર લાદવામાં આવે છે." એટલે કે, આપણે ભેદભાવ કરવો જોઈએ નહીં; પરંતુ તે જ સમયે, અંદર આવતો માલ કરમુક્ત જવો જોઈએ નહીં; તે વિસ્તારમાં ઉત્પાદિત માલ પર હોય તેવી જ જકાતને તે આધીન હોવો જોઈએ." [ભાર ઉમેરેલ] (સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ–પ્રોજેક્ટ કમિટીના સદર પુસ્તકનું પૃષ્ઠ ૨૫૩)

૯૬. ઓક્ટોબર ૧૯૪૭ માં, મુસદ્દા સમિતિ દ્વારા રજૂ કરવામાં આવેલા મુસદ્દાએ તે સમયના અનુચ્છેદ ૧૦ ને મૂળભૂત અધિકારો (સ્વતંત્રતાનો અધિકાર) પરના ભાગની બહાર અનુચ્છેદ ૨૪૩ અને ૨૪૪ માં ખસેડ્યો અને અનુચ્છેદ ૨૪૪(બી) હેઠળની સત્તા રાજ્યો પાસે રાખવામાં આવી હતી. સ્વીકારવામાં આવેલ અનુચ્છેદ ૨૪૪(બી) નીચે મુજબ વંચાય છે:—

"૨૪૪. આ સંવિધાનના અનુચ્છેદ ૧૬ માં અથવા તરત અગાઉના અનુચ્છેદમાં કંઈ પણ સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય માટે નીચે મુજબ કરવાનું કાયદેસર રહેશે—

(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા માલ પર એવો કોઈપણ કર લાદવો કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય; અને

(બી) જાહેર હિતમાં જરૂરી હોય તેવા તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા એવા વાજબી નિયંત્રણો લાદવા."

૯૭. આ સંબંધમાં સદર પુસ્તક ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ–પ્રોજેક્ટ કમિટીના પૃષ્ઠ ૩૨૮ માં સંદર્ભિત "અનુચ્છેદ ૨૪૪ (બી) માટેની નોંધ" નીચે મુજબ વંચાય છે:—

"નોંધ: અનુચ્છેદ ૨૪૪ નો ખંડ (બી) સંવિધાન સભા દ્વારા સ્વીકારવામાં આવેલી સલાહકાર સમિતિની ભલામણ પર આધારિત છે. મુસદ્દા સમિતિએ સદર ભલામણમાં આવતા "જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં" શબ્દોના સ્થાને "જાહેર હિતોમાં" શબ્દો મૂકવા જરૂરી ગણ્યા છે." [પૃષ્ઠ ૩૨૮]

ઉપરોક્ત નોંધ સ્પષ્ટપણે દર્શાવે છે કે ચર્ચા–વિચારણા પછી, સલાહકાર સમિતિની ભલામણોના આધારે "જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્ય અથવા કટોકટીમાં" શબ્દસમૂહને બદલે "જાહેર હિત" શબ્દ મૂકવામાં આવ્યો

હતો. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓ કર કાયદાઓને અનુચ્છેદ ૩૦૪(બી) ના દાયરામાં લાવવાનો ક્યારેય ઈરાદો ધરાવતા નહોતા.

૯૮. ચર્ચા પછી, મુસદ્દા અનુચ્છેદ ૧૦ ના પ્રથમ પરંતુકને અનુચ્છેદ ૨૭૪(ડી)(બી) [હાલના અનુચ્છેદ ૩૦૪(બી)] તરીકે સ્વીકારવામાં આવ્યો હતો. પ્રથમ મુસદ્દા સંવિધાનના પૃષ્ઠ ૩૩૦ પરથી જણાય છે તેમ, સમિતિનો એવો અભિપ્રાય હતો કે પ્રથમ અને બીજા પરંતુકને વિવિધ રાજ્યો વચ્ચેના સંબંધો સાથે કામ પાર પાડતા પ્રકરણમાં સ્વતંત્ર ખંડો તરીકે સ્થાનાંતરિત કરવા જોઈએ અને શરૂઆતના શબ્દો "સંઘના કાયદા દ્વારા નિયમનને આધીન" ને ધ્યાને લેતા ત્રીજો પરંતુક બિનજરૂરી જણાયો હતો અને તે મુજબ, તેને અનુચ્છેદ ૨૭૪(ડી)(બી) [હાલના અનુચ્છેદ ૩૦૪(બી)] માં સ્વીકારવામાં આવ્યો હતો જે નીચે મુજબ વંચાય છે:—

> "(બી) જાહેર હિતમાં જરૂરી હોય તેવા તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર એવા વાજબી નિયંત્રણો લાદવા.

પરંતુ એવી જોગવાઈ છે કે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના આ અનુચ્છેદના ખંડ (બી) ના હેતુઓ માટેનું કોઈ વિધેયક કે સુધારો રાજ્યના વિધાનમંડળમાં રજૂ કરવામાં કે લાવવામાં આવશે નહીં તેમજ તે હેતુ માટે રાજ્યના રાજ્યપાલ અથવા શાસક દ્વારા કોઈ વટહુકમ બહાર પાડવામાં આવશે નહીં."

૯૯. જો અનુચ્છેદ ૩૦૪(બી) કર કાયદાઓને આવરી લેતો હોવાનું પણ ઠેરવવામાં આવે, તો તે રાજ્યોને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પણ કર લાદતા કાયદા બનાવવાની સત્તા આપવા સમાન બનશે. વાસ્તવમાં સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ માં રાજ્યોને આવી સત્તા આપતી આવી કોઈ પ્રવિષ્ટિ નથી. આ અંગે ટિપ્પણી કરતાં, વિદ્વાન લેખક એચ.એમ. સીરવાઈએ તેમના કોન્સ્ટીટ્યુશનલ લો ઓફ ઇન્ડિયા ૪થી આવૃત્તિ, વોલ્યુમ ૩ માં નીચે મુજબ અવલોકન કર્યું હતું:—

> "૨૪.૪૩. કેવળ કર એ વેપારની સ્વતંત્રતા પરનું નિયંત્રણ નથી તેવા તારણને સમર્થન આપતા અન્ય કારણો પણ છે. અનુચ્છેદ ૩૦૪ પોતે જ કરવેરા અને નિયંત્રણો વચ્ચે તફાવત કરે છે અને આ હકીકત પરથી યોગ્ય તારણ એ કાઢી શકાય કે અનુચ્છેદ ૩૦૪ (બી) માં નિયંત્રણોમાં કરનો સમાવેશ થતો નથી. બીજું, નોન–ઓબસ્ટેન્ટે ખંડના આધારે, અનુચ્છેદ ૩૦૪ (બી) એવા ભેદભાવપૂર્ણ નિયંત્રણો લાદવા માટે પણ સક્ષમ બનાવે છે જે અનુચ્છેદ ૩૦૩ (૧) દ્વારા પ્રતિબંધિત છે. આપણે જોયું છે કે અનુચ્છેદ ૩૦૩(૧) સંભવતઃ કરવેરાનો સંદર્ભ આપી શકે નહીં. ત્રીજું, જો અનુચ્છેદ ૩૦૪ (બી) માં કરનો સમાવેશ થાય તો આપણા સંવિધાનમાં કરવેરાની સમગ્ર યોજના સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ જશે. સંઘ અને રાજ્યોની કરવેરાની સત્તાઓને પરસ્પર અપવર્જક બનાવવામાં આવી છે જેથી સંસદ રાજ્યોને તેમની કરવેરાની સત્તાઓથી વંચિત ન કરી શકે, જેમ કે એવા દેશોમાં બન્યું છે જ્યાં કરવેરાની સત્તાઓ સમવર્તી છે.

જો સંઘ વિધાનમંડળ, એટલે કે સંસદ રાજ્ય વિધાનમંડળોની કરવેરાની સત્તાઓ છીનવી ન શકે અને તેમ છતાં અનુચ્છેદ ૩૦૪ (બી) હેઠળ સંઘ કારોબારી માટે રાજ્ય વિધાનમંડળોને તેમની કરવેરાની સત્તાઓથી વંચિત રાખવાનું શક્ય બને, તો તે આશ્ચર્યજનક બાબત ગણાશે. વળી, જો નિયંત્રણોમાં કરનો સમાવેશ થાય, તો બે પ્રશ્નો ઉદ્ભવશે. ભાષાની દ્રષ્ટિએ, અનુચ્છેદ ૩૦૨ ત્યારે આ મુજબ થશે: "સંસદ, કાયદા દ્વારા, વેપાર અને વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કર સહિતના એવા નિયંત્રણો લાદી શકે છે..." આ અનુચ્છેદ ત્યારે સત્તાનો સ્ત્રોત બની જશે કારણ કે જ્યાં સુધી અવશિષ્ટ પ્રવિષ્ટિનો આશરો લેવામાં ન આવે ત્યાં સુધી "વેપારની સ્વતંત્રતા પર" કર સંબંધિત કોઈ કાયદાકીય પ્રવિષ્ટિ નથી, અનુચ્છેદ ૩૦૪ (બી) માં પણ એ જ પ્રશ્ન ઉપસ્થિત થશે, અને તેમાં આશરો લેવા માટે કોઈ અવશિષ્ટ પ્રવિષ્ટિ પણ નહીં હોય, અને તે આગળ એવો પ્રશ્ન ઉભો કરશે કે શું આપણા સંવિધાન હેઠળ કરવેરાની વાજબીતાને ન્યાયનિર્ણયપાત્ર બનાવવામાં આવી છે." [પૃષ્ઠ ૨૬૦૭]

કર લાદવો એ રાજ્યની આર્થિક જીવાદોરી છે. સંવિધાનના ઘડવૈયાઓ કરને અનુચ્છેદ ૩૦૪(બી) ના દાયરામાં સમાવવાનો ક્યારેય ઈરાદો ધરાવતા નહોતા. કર લાદવાની રાજ્યની પૂર્ણ સત્તા પર કેન્દ્રને વીટો આપવો એ કેન્દ્ર–રાજ્ય સંતુલન અને સહકારી સંઘવાદને સંપૂર્ણપણે વિકૃત કરશે. આવા અર્થઘટનનો સંવિધાન સભાની ચર્ચાઓમાં કોઈ આધાર નથી અને તે નકારી કાઢવાને પાત્ર છે.

૧૦૦. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક દ્વારા અભિપ્રેત રાષ્ટ્રપતિની મંજૂરી પાછળનો તર્ક એ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે વિદેશી દેશો સાથેનો વેપાર અને વાણિજ્ય તેમજ આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય એ સાતમી અનુસૂચિની યાદી ૧ માં સમાવિષ્ટ વિષયો છે (પ્રવિષ્ટિ ૪૧ અને ૪૨, યાદી ૧). વધુમાં, સંઘ દ્વારા નિયંત્રિત ઉદ્યોગોના ઉત્પાદન, પુરવઠો અને વિતરણમાં વેપાર અને વાણિજ્ય, ખાદ્ય પદાર્થો, જેમાં ખાદ્ય તેલ, તેલીબિયાં અને તેલ; પશુ આહાર; કાચું કપાસ, કપાસિયા; અને કાચો શણ એ યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ ના વિષયો છે. યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૪ ભાવ નિયંત્રણ સાથે સંબંધિત છે. તેમાં જણાવ્યા મુજબ માત્ર રાજ્ય-અંદરનો વેપાર અને વાણિજ્ય એ યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ ને આધીન રહીને યાદી ૨ માં (પ્રવિષ્ટિ ૨૬, યાદી ૨) છે. આમ સંસદે રાજ્યની અંદરના વેપાર અને વાણિજ્યના સંબંધમાં પણ મોટા ભાગના ક્ષેત્રને આવરી લીધું છે. આ પૃષ્ઠભૂમિમાં વિધેયક રજૂ કરતાં પહેલાં રાષ્ટ્રપતિની મંજૂરીની આવશ્યકતા ધરાવતા પરંતુક સાથે રાજ્યને તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદવાની સત્તા આપવામાં આવી છે. તેથી, તર્ક એ છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાના સંબંધમાં રાજ્યનો બિન-નાણાકીય કાયદો યાદી ૧ માં સંસદના અનન્ય કાયદાકીય ક્ષેત્રમાં અથવા યાદી ૩ માં સંસદના વ્યાપ્ત ક્ષેત્રમાં અતિક્રમણ કરતો હશે. તેના પરથી ફલિત થાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) રાજ્યોના બિન-નાણાકીય કાયદાઓ સાથે સંબંધિત છે. ઉપરોક્ત સંદર્ભમાં, અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં પરિકલ્પિત રાષ્ટ્રપતિની

સંમતિ એ અનુચ્છેદ ૨૫૪ માં અભિપ્રેત સંમતિને કંઈક અંશે સમાન હશે. આવી સંમતિઓ ન્યાયિક રીતે સમીક્ષાપાત્ર નથી. [જુઓ કૈસર–ઇ–હિંદ (પી) લિ. અને અન્ય વિ. નેશનલ ટેક્સટાઇલ કોર્પો. (મહારાષ્ટ્ર નોર્થ) લિ. અને અન્ય (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૧૮૨, (પેરા ૨૩ થી ૨૭)]

૧૦૧. જો સંવિધાનના ઘડવૈયાઓનો એવો ઈરાદો હોત કે આંતર–રાજ્ય વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને લગતા કર કાયદાઓ માટે રાજ્યના કાયદાને રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર પડે, તો સંવિધાનમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી હોત. અનુચ્છેદ ૨૭૪ જણાવે છે કે જેમાં રાજ્યો રસ ધરાવતા હોય તેવો કોઈપણ કર અથવા જકાત લાદતું કે તેમાં ફેરફાર કરતું; અથવા જે ઇન્કમ ટેક્સ એક્ટ હેઠળ "કૃષિ આવક" ના અર્થમાં ફેરફાર કરતું હોય અથવા વહેંચણીના સિદ્ધાંતોમાં ફેરફાર કરતું હોય; અથવા, સંઘના હેતુ માટે સરચાર્જ લાદતું હોય તેવું કોઈપણ વિધેયક કે સુધારો રાષ્ટ્રપતિની ભલામણ સિવાય સંસદના કોઈપણ ગૃહમાં રજૂ કરવામાં કે લાવવામાં આવશે નહીં". આ રાજ્યો માટે મહેસૂલનું મહત્વ અને સંઘ પરની મર્યાદાઓ પણ દર્શાવે છે. જો ઘડવૈયાઓ રાજ્યના કર કાયદાઓ માટે અનુચ્છેદ ૩૦૪ માં સમાન માળખું રાખવાનો ઈરાદો ધરાવતા હોત તો તેમણે સ્પષ્ટપણે તેમ જણાવ્યું હોત. અનુચ્છેદ ૨૮૮ પાણી અને વીજળીના સંબંધમાં રાજ્યો દ્વારા કર લાદવાના સંદર્ભમાં રાષ્ટ્રપતિની ભૂમિકાની પણ જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૮૮(૧) હેઠળ, પ્રવર્તમાન રાજ્ય કાયદાઓ દ્વારા લાદવામાં આવેલ કર માત્ર રાષ્ટ્રપતિ દ્વારા કરવામાં આવેલા હુકમને આધીન રહીને જ ચાલુ રહેશે. અનુચ્છેદ ૨૮૮(૨) હેઠળ રાજ્યનું વિધાનમંડળ કોઈપણ આંતર–રાજ્ય નદી

અથવા નદી ખીણના નિયમન કે વિકાસ માટે કોઈપણ પ્રવર્તમાન કાયદા અથવા સંસદ દ્વારા બનાવેલા કોઈપણ કાયદા હેઠળ સ્થાપિત સત્તાધિકારી દ્વારા સંગ્રહિત, ઉત્પાદિત, વપરાશમાં લેવાયેલ, વિતરિત કે વેચવામાં આવેલ પાણી અથવા વીજળીના સંબંધમાં ત્યાં સુધી કર લાદી શકશે નહીં, સિવાય કે તે કાયદો રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યો હોય અને તેમની સંમતિ પ્રાપ્ત થઈ હોય. આ ફરીથી દર્શાવે છે કે કરવેરાના સંબંધમાં રાષ્ટ્રપતિની સંમતિ ખાસ રીતે પૂરી પાડવી પડે છે.

૧૦૨. ઉપરોક્ત ચર્ચાના પ્રકાશમાં, અતિયાબારીમાં પૃષ્ઠ ૮૬૧ પર વ્યક્ત થયેલ બહુમતી અભિપ્રાય કે વેપારની હેરફેરની સ્વતંત્રતા કરવેરાના સ્વરૂપમાં કોઈપણ નિયંત્રણને આધીન હોઈ શકે નહીં અને આવો કાયદો અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતો પૂર્ણ કર્યા પછી જ પસાર કરી શકાય છે, તે યોગ્ય અભિપ્રાય નથી. વિદ્વાન વરિષ્ઠ એડવોકેટ શ્રી રાકેશ દ્વિવેદી દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં મને તથ્ય જણાય છે કે સંસદે રાજ્યની અંદર અને બહાર બંને વેપાર અને વાણિજ્યના સંબંધમાં વિશાળ ક્ષેત્ર આવરી લીધું છે અને આ પૃષ્ઠભૂમિમાં જ રાજ્યને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળના પરંતુકની પરિપૂર્ણતાને આધીન રહીને તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર "જાહેર હિત" માં એવા વાજબી નિયંત્રણો લાદવાની સત્તા આપવામાં આવી છે. તેથી ફલિત થાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) રાજ્યોના બિન-નાણાકીય કાયદાઓ સાથે સંબંધિત છે. કર લાદવાની રાજ્યની સાર્વભૌમ કાયદાકીય સત્તાને રાષ્ટ્રપતિની સંમતિને આધીન કરવી એ વાસ્તવમાં સંઘવાદના

તે સ્તંભને નબળો પાડશે જેના પર આ દેશ રચાયેલો છે. સંવિધાનમાં સ્પષ્ટ જોગવાઈની ગેરહાજરીમાં, કર કાયદાઓ માટે આવી રાષ્ટ્રપતિની મંજૂરી જોગવાઈમાં ગર્ભિત રીતે વાંચી શકાય નહીં.

***પ્રશ્ન નં. ૧ પર તારણ:—***

૧૦૩. બિન–ભેદભાવપૂર્ણ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ ગણાતા નથી. યોગ્ય આદર સાથે, અતિયાબારીમાં લેવાયેલો અને ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટમાં માન્ય રાખવામાં આવેલો એવો અભિપ્રાય કે કરવેરા નિયંત્રણ સમાન છે અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કરવેરાના સ્વરૂપમાં નિયંત્રણને આધીન હોઈ શકે નહીં, તે યોગ્ય અભિપ્રાય નથી અને તેને ઉલટાવી દેવાને પાત્ર છે. જોકે, પ્રશ્ન નં. ૨ અને ૩ નો ઉત્તર આપતી વખતે દર્શાવેલા કારણોસર હું ઓટોમોબાઈલ કેસમાં વિકસાવવામાં આવેલી વળતરરૂપી કરની વિભાવના સાથે સંમત થાઉં છું.

***પ્રશ્ન નં. ૪: શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ એન્ટ્રી ટેક્સ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર છે અને ખાસ કરીને શું એન્ટ્રી ટેક્સને લગતા વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં ચકાસણી થવી જરૂરી છે?***

૧૦૪. જે મુખ્ય પ્રશ્નનો ઉકેલ લાવવાની જરૂર છે તે એ છે કે શું યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ લાદવામાં આવેલ કર અનુચ્છેદ ૩૦૧ પર અતિક્રમણ કરશે.

યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ નીચે મુજબ વંચાય છે: "સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે માલના પ્રવેશ પર કર". પ્રવિષ્ટિનું સાદું વાચન દર્શાવે છે કે એન્ટ્રી ટેક્સ યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ ની શરતો સંતોષાય તો જ લાદી શકાય છે એટલે કે: (૧) સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર લાદવાનો હોય; (૨) સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે હોય.

૧૦૫. સંવિધાનમાં અન્ય બે પ્રવિષ્ટિઓ પણ છે જે દેશની અંદર૨ વ્યાપાર યોગ્ય ચીજવસ્તુઓની હેરફેર પર અનિવાર્યપણે આવતા કરવેરા લાદવાની સત્તા આપે છે, એટલે કે, રાજ્ય યાદીની પ્રવિષ્ટિ પ૬ અને સંઘ યાદીની પ્રવિષ્ટિ ૮૯. રાજ્ય યાદીની પ્રવિષ્ટિ પ૬ રાજ્યને "માર્ગ દ્વારા અથવા આંતરદેશીય જળમાર્ગો દ્વારા લઈ જવાતા માલ અને મુસાફરો પર કર" લાદવાની સત્તા આપે છે; જ્યારે સંઘ યાદીની પ્રવિષ્ટિ ૮૯ "રેલવે, સમુદ્ર અથવા હવાઈ માર્ગે લઈ જવાતા માલ અથવા મુસાફરો પર ટર્મિનલ ટેક્સ; રેલવે ભાડા અને નૂર પર કર" લાદવાની કલ્પના કરે છે. પ્રવિષ્ટિ પર૨ હેઠળ કરવેરાના સંચાલકીય સ્વરૂપમાં ભિન્નતાઓ છે, તેમ છતાં અનિવાર્યપણે તે સ્થાનિક વિસ્તારમાં વેચાણ, વપરાશ અથવા તેમાં ઉપયોગ માટે માલના પ્રવેશ પરની વસૂલાત છે. એન્ટ્રી ટેક્સ વ્યવસ્થા હેઠળ, સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે લાવવામાં આવેલા માલ પર એન્ટ્રી ટેક્સ ચૂકવવા માટે કોઈ કંપની, વેપારી પેઢી કે વ્યક્તિ જવાબદાર રહેશે. સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ ના

સંબંધમાં જે મુખ્ય પ્રશ્નનો ઉકેલ લાવવાની જરૂર છે તે એ છે કે શું સદર પ્રવિષ્ટિ હેઠળ લાદવામાં આવેલ કર અનુચ્છેદ ૩૦૧ પર અતિક્રમણ કરશે.

***એન્ટ્રી ટેક્સનો ઈતિહાસ અને હેતુ:—***

૧૦૬. "એન્ટ્રી ટેક્સ" શબ્દનો ઈતિહાસ "ઓક્ટ્રોય" નામના ચોક્કસ કર તરફ જાય છે. "ઓક્ટ્રોય" શબ્દ ફ્રેન્ચ શબ્દ 'ઓક્ટ્રોયર' પરથી આવ્યો છે જેનો અર્થ 'મંજૂર કરવું' થાય છે અને તેના મૂળ ઉપયોગમાં તેનો અર્થ શહેરમાં લાવવામાં આવતા માલ પર 'આયાત' અથવા 'ટોલ' અથવા 'ટાઉન ડ્યુટી' થતો હતો. શરૂઆતમાં, ઓક્ટ્રોય બંદરો પર ઉઘરાવવામાં આવતી હતી પરંતુ અત્યંત ઉપજ આપનારી હોવાથી, નગરોએ ઓક્ટ્રોય સીમાઓ બનાવીને તેને ઉઘરાવવાનું શરૂ કર્યું. તેઓ "ટાઉન ડ્યુટીઝ" તરીકે જાણીતા થયા. "ઓક્ટ્રોય" શબ્દ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૧૯ હેઠળ ઘડવામાં આવેલા શેડ્યુલ્ડ ટેક્સ રૂલ્સમાં જોવા મળ્યો હતો. આ શબ્દપ્રયોગ સ્થાનિક વહીવટના એકમના વિસ્તારમાં પ્રવેશ પર લાદવામાં આવતા કરને સૂચવતો હતો. ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ હેઠળ પ્રાંતીય વિધાન યાદીની બાબત ૪૯ તરીકે આ પ્રવિષ્ટિનું પુનર્ગઠન કરીને ઘડવામાં આવી હતી. બાબત ૪૯ આ મુજબ વંચાય છે: "સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે માલના પ્રવેશ પર સેસ". બર્મા શેલ ઓઈલ સ્ટોરેજ એન્ડ ડિસ્ટ્રિબ્યુટિંગ કો. ઓફ ઈન્ડિયા લિ. બેલગામ વિ. બેલગામ બોરો મ્યુનિસિપાલિટી બેલગામ સેલ, ૧૯૬૩ એસ.સી.આર. સપ્લી. (૨) ૨૧૬ માં, ભારતીય સુપ્રિમ કોર્ટે ટર્મિનલ

ટેક્સ અને ઓક્ટ્રોય વચ્ચે તફાવત કરતા ઠેરવેલ કે વપરાશ અથવા ઉપયોગ કે વેચાણ માટે મ્યુનિસિપલ વિસ્તારમાં લાવવામાં આવતા માલના સંબંધમાં ઓક્ટ્રોય વસૂલવાપાત્ર છે.

૧૦૭. જ્યારે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ઘડવામાં આવ્યો, ત્યારે ટર્મિનલ ટેક્સને ઓક્ટ્રોયથી અલગ કરવામાં આવ્યા હતા અને સંઘ યાદીમાં સમાવવામાં આવ્યા હતા જ્યારે ઓક્ટ્રોય પ્રાંતોને ફાળવવામાં આવી હતી. “ઓક્ટ્રોય” શબ્દ ટાળવામાં આવ્યો હતો કારણ કે ટર્મિનલ ટેક્સ પણ એક અર્થમાં 'ઓક્ટ્રોય' છે. આ યોજના સંવિધાનમાં એ તફાવત સાથે અપનાવવામાં આવી છે કે 'ઓક્ટ્રોય' સંબંધિત પ્રવિષ્ટિમાં 'સેસ' શબ્દના સ્થાને 'કર' શબ્દ મૂકવામાં આવ્યો છે. ઓક્ટ્રોય લાદવાની વસૂલાતની એક અપ્રચલિત પદ્ધતિ હોવા બદલ પણ ટીકા થઈ હતી, જેમાં શહેરની સીમા બહાર ચેકપોસ્ટ પર વાહનોને રોકવાનો સમાવેશ થતો હતો, જેનાથી વાહન વ્યવહારના પ્રવાહમાં અવરોધ થતો હતો અને વ્યવસાયિક કલાકોનો બગાડ, ઇંધણનું નુકસાન વગેરે થતું હતું.

૧૦૮. 'ઓક્ટ્રોય' ની જેમ એન્ટ્રી ટેક્સ એ સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે માલના પ્રવેશ પરનો કર છે. જોકે, અન્ય બાબતોની સાથે નીચેની બાબતોમાં એન્ટ્રી ટેક્સ ઓક્ટ્રોયથી અલગ છે:— પ્રથમ તો, તે ચેકપોસ્ટ પર ઉઘરાવવામાં આવતો નથી; પરંતુ સ્થાનિક વિસ્તારની બહારથી થયેલી ખરીદીના રિટર્ન અથવા સ્થાનિક વિસ્તારમાં પ્રવેશેલા માલની

વિગતો રજૂ કરીને ચૂકવવાપાત્ર છે. એન્ટ્રી ટેક્સનું વહીવટી સંચાલન કરવું સરળ છે કારણ કે રિટર્ન સ્વ–આકારણી પર ફાઇલ કરવામાં આવે છે અને તે ઓક્ટ્રોય સાથે સંકળાયેલી કનડગતને ટાળે છે. બીજું, ઓક્ટ્રોયની સામે તે મૂલ્યાનુસાર કર તરીકે લાદવામાં આવે છે, જે સામાન્ય રીતે વિશિષ્ટ અને મૂલ્યાનુસાર વસૂલાતનું સંયોજન હોય છે. ત્રીજું, એન્ટ્રી ટેક્સ રાજ્ય કક્ષાની વસૂલાત છે જ્યારે ઓક્ટ્રોય સ્થાનિક વસૂલાત છે; એન્ટ્રી ટેક્સની આવકને રાજ્યની આવક ગણવામાં આવે છે અને તે સ્થાનિક સંસ્થાઓના વિકાસ માટે અને સામાન્ય રીતે રાજ્ય માટે ખર્ચવામાં આવે છે.

૧૦૯. કરદાતાઓ વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે પ્રવિષ્ટિ ૫૨ માં "સ્થાનિક વિસ્તાર" શબ્દો સાથે જોડાયેલો યોગ્ય અર્થ એ નગરપાલિકા, ડિસ્ટ્રિક્ટ બોર્ડ, લોકલ બોર્ડ, યુનિયન બોર્ડ, પંચાયત અથવા તેના જેવી સ્થાનિક સંસ્થા દ્વારા વહીવટ કરવામાં આવતો વિસ્તાર છે. આ સંબંધમાં, ડાયમંડ શુગર મિલ્સ લિમિટેડ વિ. સ્ટેટ ઓફ યુ.પી. [૧૯૬૧] ૩ એસ.સી.આર. ૨૪૨ પર આધાર રાખવામાં આવ્યો છે, જેમાં આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે:—

> "રાજ્ય સરકાર દ્વારા સંચાલિત વિસ્તાર તરીકે રાજ્યનો સમગ્ર વિસ્તાર પણ "સ્થાનિક વિસ્તાર" શબ્દપ્રયોગમાં સમાવવાનો ઈરાદો હતો કે કેમ, તે અંગે આપણે વર્તમાન કેસમાં વિચારણા કરવાની જરૂર નથી.
>
> "...અમારો એવો અભિપ્રાય છે કે સંવિધાનની પ્રવિષ્ટિ ૫૨ માં "સ્થાનિક વિસ્તાર" શબ્દો સાથે જોડવા જેવો યોગ્ય અર્થ (જ્યારે વિસ્તાર કાયદો

લાદનારા રાજ્યનો એક ભાગ હોય) એ નગરપાલિકા, ડિસ્ટ્રિક્ટ બોર્ડ, લોકલ બોર્ડ, યુનિયન બોર્ડ, પંચાયત અથવા તેના જેવી સ્થાનિક સંસ્થા દ્વારા વહીવટ કરવામાં આવતો વિસ્તાર છે. તેથી ફેક્ટરી પરિસર એ "સ્થાનિક વિસ્તાર" નથી."

આ કોર્ટે એમ.ઓ. શમસુદ્દીન વિ. સ્ટેટ ઓફ કેરળ (૧૯૯૫) ૩ એસ.સી.સી. ૩૫૧ માં પણ ઠેરવેલ કે:

"સ્થાનિક વિસ્તાર શબ્દપ્રયોગનો ઉપયોગ સંવિધાનના વિવિધ અનુચ્છેદો એટલે કે ૩(બી), ૧૨, ૨૪૫(૧), ૨૪૬, ૨૭૭, ૩૨૧, ૩૨૩–એ અને ૩૭૧–ડી માં કરવામાં આવ્યો છે. તેઓ દર્શાવે છે કે સંવિધાનિક આશય 'સ્થાનિક વિસ્તાર' ને એવા કોઈપણ વિસ્તારના અર્થમાં સમજવાનો હતો જેનો વહીવટ સ્થાનિક સંસ્થા દ્વારા થતો હોય, ભલે તે કોર્પોરેશન, મ્યુનિસિપલ બોર્ડ, ડિસ્ટ્રિક્ટ બોર્ડ વગેરે હોય. હાઇકોર્ટે આ પાસા પર ઠેરવેલ અને અમારા મતે યોગ્ય રીતે ઠેરવેલ કે આ વ્યાખ્યા સમગ્ર રાજ્યને સ્થાનિક વિસ્તાર તરીકે સમાવતી નથી કારણ કે કલમમાં 'સ્થાનિક વિસ્તાર' ની આગળ 'એક' ('એ') શબ્દનો ઉપયોગ મહત્વપૂર્ણ છે."

૧૧૦. ઉપર ચર્ચા કર્યા મુજબ, એન્ટ્રી ટેક્સ ચેકપોસ્ટ સાથે જોડાયેલ નગરપાલિકા કે પંચાયતના કહેવાથી ઉઘરાવવામાં આવતો નથી. તે કરદાતાઓ દ્વારા પોતાના રિટર્ન ફાઇલ કરીને ચૂકવવાપાત્ર છે. એન્ટ્રી ટેક્સ એ રાજ્ય કક્ષાની

વસૂલાત છે, જે રાજ્ય વિધાનમંડળ દ્વારા સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ માટે માલના પ્રવેશ પર લાદવામાં આવે છે. સ્થાનિક સત્તાધિકારીઓ પોતે આ કર લાદી શકતા નથી. આ સત્તા રાજ્ય વિધાનમંડળની છે અને અન્ય કોઈની નથી. બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં, આ કોર્ટ સમક્ષ યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના સંદર્ભમાં "સ્થાનિક વિસ્તાર" શબ્દનું અર્થઘટન કરવાનું કાર્ય ઉપસ્થિત થયું હતું. કોર્ટે અવલોકન કર્યું કે જ્યાં રાજ્ય વિધાનમંડળે સમગ્ર રાજ્યને આવરી લેતો કર લાધો હોય અને આવા કરની આવક રાજ્યની સામાન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓ માટે ખર્ચવામાં આવતી હોય, ત્યાં રાજ્ય અને સ્થાનિક વિસ્તારો વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે લુપ્ત થઈ જાય છે. બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં, નીચે મુજબ ઠેરવેલ કે:—

> "૧૨. ....જ્યાં અધિનિયમ દ્વારા અભિપ્રેત સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યને આવરી લે છે ત્યાં રાજ્ય અને સ્થાનિક વિસ્તારો વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે લુપ્ત થઈ જાય છે. (જો સ્થાનિક વિસ્તારો રાજ્યના અમુક શહેરો અથવા નગરો પૂરતા સીમિત હોય અને વસૂલાત માત્ર તે સ્થાનિક વિસ્તારોમાં માલના પ્રવેશ પર જ હોય તો સ્થિતિ નિઃશંકપણે અલગ હશે. આ એક મહત્વપૂર્ણ તફાવત છે જેને આ પાસાને સમજતી વખતે અને પચાસ અને સાઠના દાયકામાં આપવામાં આવેલા આ કોર્ટના નિર્ણયોની તપાસ કરતી વખતે ધ્યાનમાં રાખવો જોઈએ). રાજ્યમાં પૂરી પાડવામાં આવતી સુવિધાઓ એ સ્થાનિક વિસ્તારોમાં પણ પૂરી પાડવામાં આવતી

સુવિધાઓ જ છે. રાજ્યના હિતો અને સ્થાનિક સત્તાધિકારીઓના હિતો, મૂળભૂત રીતે, અલગ નથી....

૩૬. ...પ્રવિષ્ટિ પર રાજ્ય વિધાનમંડળને આ કર લાદવાની સત્તા આપે છે. સ્થાનિક સત્તાધિકારીઓ પોતે આ કર લાદી શકતા નથી. આ સત્તા રાજ્ય વિધાનમંડળની છે અને અન્ય કોઈની નથી. જ્યાં સુધી સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણના હેતુ માટે માલના પ્રવેશ પર કર લાદવામાં આવે છે, ત્યાં સુધી પ્રવિષ્ટિ પર ની જરૂરિયાત સંતોષાય છે. આ રીતે લાદવામાં આવેલા કરનું સ્વરૂપ એન્ટ્રી ટેક્સનું છે — ભલે તેને ગમે તે નામથી ઓળખવામાં આવે.....એન્ટ્રી ટેક્સના દ્રષ્ટિકોણથી, કોઈ કહી શકે કે રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સમાહાર છે. આમ, રાજ્યના હેતુઓ માટે ખર્ચ કરવો એ સ્થાનિક વિસ્તારોના હેતુઓ માટે ખર્ચ કરવો છે. જ્યાં સ્થાનિક વિસ્તારો રાજ્યના અમુક શહેરો કે નગરો પૂરતા સીમિત હોય ત્યાં કદાચ પરિસ્થિતિ અલગ હોઈ શકે. પરંતુ જ્યાં સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યમાં વિસ્તરેલા છે, ત્યાં એવી દલીલ કરી શકાતી નથી કે રસ્તાઓ, નદીઓ અને પરિવહન તથા સંદેશાવ્યવહારના અન્ય સાધનોના સુધારણા માટેની કલ્યાણકારી યોજનાઓ પાછળ ખર્ચવામાં આવેલા નાણાં સ્થાનિક વિસ્તારો પર અથવા તેના હેતુઓ માટે ખર્ચવામાં આવતા નથી. સ્થાનિક વિસ્તારોના હેતુઓ અને જરૂરિયાતો રાજ્યના હેતુઓ અને જરૂરિયાતોથી ભિન્ન નથી — કોઈપણ સંજોગોમાં કોઈ નોંધપાત્ર અંશે તો નહીં જ....."

એન્ટ્રી ટેક્સ એ રાજ્ય કક્ષાની વસૂલાત છે અને એન્ટ્રી ટેક્સની આવકને રાજ્યની આવક ગણવામાં આવે છે. બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં ઠેરવેલ કે, "રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સમાહાર છે.... સ્થાનિક વિસ્તારોના હેતુઓ અને જરૂરિયાતો રાજ્યના હેતુઓ અને જરૂરિયાતોથી અલગ નથી." એન્ટ્રી ટેક્સની વસૂલાત રાજ્ય કક્ષાની પ્રવિષ્ટિ હોવાથી, તે સ્થાનિક સંસ્થાઓના વિકાસ પાછળ અને સામાન્ય રીતે રાજ્ય માટે ખર્ચવામાં આવે છે. જ્યારે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા એન્ટ્રી ટેક્સ એક્ટ દ્વારા એન્ટ્રી ટેક્સ લાદવામાં આવે છે, ત્યારે પ્રવિષ્ટિ પર દ્વારા અભિપ્રેત 'એક સ્થાનિક વિસ્તાર' શબ્દ 'સમગ્ર રાજ્ય' અથવા કાયદામાં અધિસૂચિત કર્યા મુજબના 'એક સ્થાનિક વિસ્તાર' ને આવરી લઈ શકે છે. બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં લેવાયેલા અભિપ્રાય સાથે હું સંમત છું કે એન્ટ્રી ટેક્સના દ્રષ્ટિકોણથી, રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સમાહાર છે અને જ્યાં સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યને આવરી લે છે, ત્યાં 'રાજ્ય' અને 'એક સ્થાનિક વિસ્તાર' વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે લુપ્ત થઈ જાય છે.

૧૧૧. રાજ્યો વતી ઉપસ્થિત રહેલા કાઉન્સેલ રજૂઆત કરે છે કે વેપારી પર એન્ટ્રી ટેક્સનો બોજો, જો કોઈ હોય તો, તે સ્વયં માલની આંતર-રાજ્ય હેરફેર પરનું નિયંત્રણ બની શકતો નથી. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર સ્વતઃ નિયંત્રણ ગણાવા માટે, કરની વસૂલાતે અન્ય પરિબળો સાથે મળીને રાજ્ય બહારથી આયાત થતા સમાન માલની સરખામણીમાં દેશી રીતે માલનું ઉત્પાદન કે નિર્માણ કરનાર વ્યક્તિઓની તરફેણમાં વાસ્તવમાં નોંધપાત્ર ફાયદો ઊભો કરવો જોઈએ. વેપારીને થતી દરેક અસુવિધાના કારણે કર

લાદવા માટે રાજ્ય વિધાનમંડળને ઉપલબ્ધ સાર્વભૌમ સત્તાનો નાશ થઈ શકે નહીં. જો કર એવા પ્રકારનો હોય કે ડીલર દ્વારા વહન કરવામાં આવેલો બોજ, જો કોઈ હોય તો, તે તેના દ્વારા તેના વેપાર અને વ્યવસાયના ભાગરૂપે સમાવી શકાતો હોય, તો વેપારીએ તેને સહન કરવો પડશે. તે પછી તે કરને ભેદભાવપૂર્ણ બનાવતો નથી અથવા એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલના પ્રવાહ પર કોઈ નિયંત્રણ ઊભું કરતો નથી.

૧૧૨. એન્ટ્રી ટેક્સ લાદવો એ માત્ર "માલની હેરફેર અથવા પરિવહન પર" નથી; સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ પર ની વિચારણા દર્શાવે છે કે એન્ટ્રી ટેક્સના કિસ્સામાં કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ છે જ્યાં તેનો વપરાશ, ઉપયોગ અથવા તેમાં વેચાણ થવાનું છે. જો માલ માત્ર સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે અને પછી તે સ્થાનિક વિસ્તારની બહાર અન્ય ગંતવ્ય સ્થાન તરફ આગળ વધે, તો પ્રવિષ્ટિ પર હેઠળ કોઈ કર લાદી શકાતો નથી. યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ વસૂલાત આકર્ષવા માટે, માલ જે સ્થાનિક વિસ્તારમાં કરપાત્ર બને છે ત્યાં સ્થિર થવો જોઈએ, એ અર્થમાં કે તેની આગળની હેરફેર અને પરિવહન સમાપ્ત થઈ જાય છે અને તે સ્થાનિક વિસ્તારમાં તે માલનો ઉપયોગ, વપરાશ અથવા વેચાણ થવાનું માનવામાં આવે છે. પ્રવિષ્ટિ પર હેઠળ કરપાત્ર ઘટના માત્ર સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ નથી, પરંતુ માલનો વપરાશ, ઉપયોગ અથવા વેચાણ પણ થવાનું છે તે હકીકત હોવાથી, તેનું અનિવાર્ય પરિણામ એ આવે છે કે તે સ્થાનિક વિસ્તારમાં માલની હેરફેર પૂર્ણ થાય છે. એન્ટ્રી ટેક્સ લાદવાની સત્તા રાજ્ય વિધાનમંડળની સક્ષમતા અંતર્ગત

છે. વેપારની હેરફેરની સમાપ્તિ પર એન્ટ્રી ટેક્સ વસૂલવાપાત્ર હોવાથી અને માલ ઉપયોગ, વપરાશ અથવા વેચાણના હેતુ માટે સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ્યો હોવાથી, એન્ટ્રી ટેક્સની વસૂલાત વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારના પ્રવાહને અવરોધતી નથી અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતી નથી.

૧૧૩. વિવિધ રાજ્યોના કાયદાઓ તરફ અમારું ધ્યાન દોરતાં, કરદાતાઓ વતી વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી હરીશ સાલ્વેએ રજૂઆત કરી હતી કે રાજ્યના કાયદાઓ દ્વારા લાદવામાં આવેલ એન્ટ્રી ટેક્સ ભેદભાવપૂર્ણ છે અને તેમણે ભેદભાવના સંદર્ભમાં એન્ટ્રી ટેક્સ કાયદાઓને નીચે મુજબ ચાર અલગ અલગ શ્રેણીઓમાં વ્યાપકપણે વર્ગીકૃત કર્યા હતા:—

| **રાજ્યો** | **કથિત ભેદભાવ** |
|---|---|
| તમિલનાડુ/આંધ્રપ્રદેશ/કેરળ/ઝારખંડ | અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર જ પ્રવેશ કર લાદવામાં આવે છે; રાજ્યની અંદર ઉત્પાદિત માલ પર કોઈ પ્રવેશ કર લાદવામાં આવતો નથી જે ભેદભાવપૂર્ણ છે. |
| આસામ/બિહાર/હરિયાણા/કેરળ (પોસ્ટ)ઝારખંડ/પશ્ચિમ બંગાળ/તમિલનાડુ/મિઝોરમ/અરુણાચલ પ્રદેશ/આંધ્રપ્રદેશ | દેખીતી રીતે, કાયદાઓ જણાવે છે કે તમામ માલ પર કર લાદવામાં આવે છે; પરંતુ સ્થાનિક રીતે ઉત્પાદિત માલને મુક્તિ આપે છે |
| ઓરિસ્સા/મધ્યપ્રદેશ | સ્થાનિક ઉત્પાદકોને કાચા માલ પર ચૂકવેલા પ્રવેશ કરનું સેટ–ઓફ આપવામાં આવે છે અને આમ સ્થાનિક રીતે ઉત્પાદિત |

| | |
|---|---|
| | માલને તરફેણકારી વાગારૂપ ગણવામાં આવે છે. |
| છત્તીસગઢ | કારોબારીને ૫૦% સુધી પ્રવેશ કર લાદવા માટે અતિશય પ્રતિનિધાયન, જે બદલામાં અમુક માલ પર ઊંચા દરે પ્રવેશ કર લાદે છે અને સમાન માલ માટે ઓછો દર લાદે છે જે ભેદભાવપૂર્ણ છે. |

અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર જ લાદવામાં આવેલ પ્રવેશ કર: રાજ્યની અંદર ઉત્પાદિત માલ પર કોઈ પ્રવેશ કર ન લાદવો—શું તે ભેદભાવપૂર્ણ છે:—

૧૧૪. કરદાતાઓની દલીલ એવી છે કે પ્રવેશ કર માત્ર અન્ય રાજ્યોમાંથી સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર જ લાદવામાં આવે છે અને જ્યારે સ્થાનિક રીતે ઉત્પાદિત માલ એક સ્થાનિક વિસ્તારમાંથી બીજા સ્થાનિક વિસ્તારમાં જાય છે ત્યારે તેના પર કોઈ પ્રવેશ કર લાદવામાં આવતો નથી; અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સાથે ભેદભાવ કરવામાં આવતો હોવાથી, આવું કરારોપણ અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ બચાવી શકાય તેમ નથી. તેમની એવી દલીલ છે કે માત્ર રાજ્ય બહારથી આવતા માલ પર જ પ્રવેશ કર લાદવો અને એક સ્થાનિક વિસ્તારમાંથી બીજા સ્થાનિક વિસ્તારમાં માલના રાજ્ય–અંતર્ગત પ્રવેશ પર કે

માલની હેરફેર પર ન લાદવો એ ભેદભાવનો સ્પષ્ટ કિસ્સો છે, જે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે.

૧૧૫. કરદાતાઓ એવી દલીલ કરીને અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલા 'કોઈપણ કર' શબ્દપ્રયોગના વ્યાપક તાત્પર્યને સંકુચિત કરવાનો પ્રયાસ કરે છે કે ખુદ પ્રવેશ કર લાદવામાં જ સમકક્ષતા લાવવી જોઈએ. આવી દલીલ કરીને, અપીલકર્તાઓ એ હકીકત વિસરી ગયા છે કે રાજ્ય વિધાનમંડળ એન્ટ્રી ટેક્સ એક્ટમાં સમકક્ષતાની જોગવાઈ કરવા માટે હંમેશા સ્વતંત્ર છે, અને વૈકલ્પિક રીતે સેલ્સ ટેક્સ અથવા વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ્સના અન્ય અધિનિયમોમાં સમાયોજન અને સેટ–ઓફ માટેની જોગવાઈઓ કરી શકે છે.

૧૧૬. 'કોઈપણ કર' શબ્દપ્રયોગનો અર્થ કોઈપણ જકાત અથવા વસૂલાત દ્વારા કરવામાં આવતી કોઈપણ ઉઘરાણી થાય છે. અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત માલ પર લાદવામાં આવતા તમામ કરની અસર એવી હોવી જોઈએ કે જેથી આયાત કરાયેલા માલ અથવા સ્થાનિક રીતે ઉત્પાદિત માલ બંનેમાંથી કોઈની સાથે ભેદભાવ ન થાય. ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ થી વિપરીત, અનુચ્છેદ ૩૦૪(એ) એકરૂપતાની વાત કરતો નથી. ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ નીચે મુજબ છે:— "કસ્ટમ્સની એકસમાન જકાત લાદવા પર, રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સમુદ્રી પરિવહન દ્વારા હોય, સંપૂર્ણપણે મુક્ત રહેશે." ભારતમાં કોઈ ચોક્કસ કર લાદવામાં એકરૂપતા

સુનિશ્ચિત કરવા માટે રાજ્યોની વૈધાનિક સત્તા પર આવું કોઈ નિયંત્રણ લાદવામાં આવ્યું નથી. "પરંતુ એવી રીતે કે જેથી ભેદભાવ ન થાય" એ શબ્દપ્રયોગના ઉપયોગ પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય સંરક્ષણવાદને પ્રતિબંધિત કરવાનો છે. વધુમાં, ભારતના સંવિધાનમાં ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૫૫ જેવી કોઈ જોગવાઈ નથી કે જે એક વિષય પર એક કર કાયદો ફરજિયાત બનાવતી હોય. ભારતમાં, કર લાદતો કાયદો માત્ર કરવેરાના એક જ વિષય સાથે સંબંધ ધરાવે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય વિધાનમંડળ સંવિધાન દ્વારા ક્યાંય બંધાયેલું નથી.

૧૧૭. પ્રવેશ કરના કિસ્સામાં કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ છે. પોતાના સ્વભાવથી જ, પ્રવેશ કર દેશી માલ પર કરભારની કલ્પના કરતો નથી. બીજા રાજ્યમાંથી સ્થાનિક વિસ્તારમાં આયાત કરવામાં આવતા માલ પર પ્રવેશ કર લાદવામાં આવે છે પરંતુ તે જ રાજ્યના અન્ય સ્થાનિક વિસ્તારમાંથી સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર પ્રવેશ કર આકર્ષાતો નથી. આ રીતે જોતાં એવું લાગી શકે કે રાજ્ય બહારથી આયાત કરાયેલ માલને ગેરલાભની સ્થિતિમાં મૂકવામાં આવે છે પરંતુ કર સંબંધિત વ્યવહારની દ્રષ્ટિએ કોઈ ભેદભાવ થતો નથી. અનુચ્છેદ ૩૦૪(એ) નો સાર નાણાકીય બોજના સામ્ય અને ભેદભાવની ગેરહાજરી સુનિશ્ચિત કરવામાં રહેલો છે. અનુચ્છેદ ૩૦૪(એ) મુજબ, એકમાત્ર જરૂરિયાત એ છે કે સ્થાનિક વિસ્તારમાં આયાત કરવામાં આવેલા માલ સાથે ભેદભાવ ન થવો જોઈએ. જેમ કે નીચે ચર્ચા કરવામાં આવી છે, કર સંબંધિત વ્યવહારમાં માલ વચ્ચે કોઈ ભેદભાવ નથી.

૧૧૮. અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલો 'કોઈપણ કર' શબ્દપ્રયોગ સામાન્ય પ્રકૃતિનો છે અને તે માલ પરના એવા તમામ કરને આવરી લે છે જે લાદવા માટે રાજ્ય સાતમી અનુસૂચિની યાદી ૨ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ ના આધારે સક્ષમ છે. રાજ્ય વિધાનમંડળ દ્વારા અપનાવવામાં આવેલી એવી કોઈ યોજના કે જેના દ્વારા વિવિધ શીર્ષકો હેઠળ માલ પર (કાં તો સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ) અનેક કર લાદવામાં આવે છે, જો તે સમકક્ષતા અને બિન-ભેદભાવના સિદ્ધાંતને અનુરૂપ હોય તો તેમાં કોઈ ખામી કાઢી શકાય નહીં. દા.ત., યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ હેઠળ લાદવામાં આવતો વેચાણ વેરો અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ લાદવામાં આવતો પ્રવેશ કર બંને માલ પરના કર છે. તે કરનો બોજ છે જે ભેદભાવ કરી શકે છે, તેનું સ્વરૂપ નહીં. રાજ્યો નિકાસ કરનાર રાજ્યમાં ચૂકવવામાં આવેલા વેચાણ વેરા સામે સેટ-ઓફ આપીને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના પ્રવેશ કરના બોજને સમાન કરવા માટે સ્વતંત્ર છે. આવી રીતે, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને સ્થાનિક રીતે ઉત્પાદિત/તૈયાર કરાયેલા માલ દ્વારા ઉઠાવવામાં આવતા કરબોજમાં સમાનતા લાવી શકાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલ 'કોઈપણ કર' શબ્દપ્રયોગ દરેક કરનો અલગથી ઉલ્લેખ કરે છે, જેનાથી આયાતી માલ પર પ્રવેશ કર લાદવા પર પ્રતિબંધ મુકાય છે સિવાય કે, સ્થાનિક રીતે ઉત્પાદિત/તૈયાર કરાયેલા માલ પર પ્રવેશ કર લાદવામાં આવે, કરદાતાઓની આ દલીલ અનુચ્છેદ ૩૦૪(એ) ના ન્યાયી અને વાજબી અર્થઘટન તરફ દોરી જતી નથી. અલગ-અલગ મથાળા

હેઠળ લાદવામાં આવેલા કરવેરાની સર્વાંગી અસરને ધ્યાનમાં લેવાની જરૂર છે. માલ દ્વારા વહન કરવામાં આવતો કરબોજ માલની કિંમતનો એક ભાગ બને છે અને જો સ્થાનિક રીતે ઉત્પાદિત/તૈયાર કરાયેલા માલ અને આયાતી માલ બંને પર સમાન કરબોજ લાદવામાં આવે, પછી ભલે તે કર કયા મથાળા હેઠળ લાદવામાં આવ્યા હોય, જેમ કે પ્રવેશ કર અથવા વેચાણ વેરો વગેરે, તો કોઈ ભેદભાવ થયો હોવાનું કહી શકાય નહીં.

૧૧૯. જો સ્થાનિક માલ અને બહારથી આયાત કરાયેલા માલ પરના કરબોજને સમાન કરવા માટે પ્રવેશ કર લાદવામાં ન આવે, તો નીચા કર દરવાળા રાજ્ય તરફ વેપારનું મોટા પાયે સ્થળાંતર થશે, જેનાથી ઊંચા કર દરવાળા રાજ્યો, જ્યાં માલનો ઉપયોગ અથવા વપરાશ થાય છે, તેમને મહેસૂલનું નુકસાન થશે. ચાલો આપણે મોટર વાહનોના કિસ્સામાં પ્રવેશ કરનું એક ઉદાહરણ લઈએ. મોટર વાહનો પર વેચાણ વેરાની પદ્ધતિ એક રાજ્યથી બીજા રાજ્યમાં ભિન્ન હોય છે. કરના દરો પણ વાહનોની શ્રેણી મુજબ બદલાય છે, એટલે કે કાર, જીપ, સ્કૂટર, મોટરસાઇકલ, ટ્રક, ટ્રેક્ટર વગેરે. આંતર–રાજ્ય વેચાણ વેરાનો તફાવત ઊંચા કર દરવાળા રાજ્યોમાંથી નીચા કર દરવાળા રાજ્યો તરફ વેપારના સ્થળાંતરને પ્રેરિત કરવા માટે પૂરતો મોટો હોય છે. વેપારના આ સ્થળાંતરની વેચાણ વેરાની વસૂલાત પર અસર પડે છે અને તેના પરિણામે જે રાજ્ય અને સ્થાનિક વિસ્તારમાં વાહનોનો ઉપયોગ થાય છે તેને કરની આવકનું નુકસાન થાય છે; પરંતુ નીચા કર દરવાળા રાજ્યની તિજોરીને કરનો લાભ થાય છે જ્યાં વાહનો ખરીદવામાં આવ્યા હોવાનું દર્શાવવામાં આવે છે. આમ, રાજ્યની અંદર

ખરીદેલા વાહનો અને બહારથી ખરીદેલા વાહનો સાથે સમાન વ્યવહાર કરવા માટે, જે આયાતકાર રાજ્યમાં વાહનોનો ઉપયોગ થાય છે તેના દ્વારા પ્રવેશ કર લાદવો વાજબી છે.

૧૨૦. ઘણીવાર આવું સ્થળાંતર માત્ર કાગળ પર જ થાય છે; ઉદાહરણ તરીકે, તમિલનાડુમાં વાહનોના ઉત્પાદકો દેશભરના ગ્રાહકોને તેમના ઉત્પાદનો વેચવા માટે નીચા કર દરવાળા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં સ્થાનિક ડીલરોને રોકી શકે છે. જ્યાં અડીને આવેલા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં કરના દરોમાં મોટો તફાવત હોય છે, ત્યાં નીચા કર દરવાળા પ્રદેશોમાં સ્થિત ડીલરો ઊંચા કર દરવાળા વિસ્તારો/પ્રદેશોના રાજ્યના ખરીદદારો માટે એજન્ટ તરીકે કામ કરે છે. વાહનોનું ભૌતિક રીતે પરિવહન થતું નથી પરંતુ વેચાણ ઊંચા કર દરવાળા રાજ્યની બહાર થયું હોવાનું દર્શાવવામાં આવે છે. જે રાજ્યમાં વેચાણ થયું હોવાનું કહેવાય છે તેને ફાયદો થાય છે પરંતુ જે રાજ્યમાં વાહનનો ઉપયોગ થાય છે તે તેના વેચાણ વેરાની આવક ગુમાવે છે. કરના દરોમાં તફાવતનું પ્રમાણ દેખીતી રીતે એટલું મોટું હોય છે કે તે ઊંચા કર દરવાળા રાજ્યોમાંથી નીચા કર દરવાળા પ્રદેશો તરફ વેપારના સ્થળાંતરને પ્રેરિત કરે છે. આવા કિસ્સાઓમાં, પ્રવેશ કર લાદવાથી જે રાજ્યમાં વાહનનો ઉપયોગ થાય છે તેને થયેલા મહેસૂલી નુકસાનની ભરપાઈ થાય છે, અને સાથે સાથે સ્થાનિક રીતે ખરીદેલા વાહનો અને અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ખરીદેલા વાહનો વચ્ચેના ભેદભાવને અટકાવે છે.

૧૨૧. રાજ્યના એક સ્થાનિક વિસ્તારમાંથી બીજા સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ ઉત્પાદક પાસેથી માલ ખરીદનાર ડીલર દ્વારા અથવા કોઈ વ્યક્તિ દ્વારા કરી શકાય છે. તે જ રાજ્યમાં એક સ્થાનિક વિસ્તારમાંથી બીજા સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ કરાવનાર ડીલર પર વેચાણ વેરા/વેટના રૂપમાં કર લાદવામાં આવશે; તેવી જ રીતે વ્યક્તિએ અન્ય સ્થાનિક વિસ્તારમાં, જ્યાંથી તેણે માલ ખરીદ્યો હતો, ત્યાં પહેલેથી જ વેચાણ વેરો ચૂકવી દીધો હશે. અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ પર લાદવામાં આવતા પ્રવેશ કરના કિસ્સામાં, તમિલનાડુ અને આંધ્રપ્રદેશના રાજ્ય અધિનિયમોના કિસ્સાઓની જેમ, ખરીદનાર રાજ્યમાં ચૂકવવામાં આવેલા વેચાણ વેરા/વેટની હદ સુધી સેટ–ઓફ આપવામાં આવે છે; કેરળ જેવા કેટલાક રાજ્યોમાં, પ્રવેશ કર લાદ્યા પછી, ચૂકવેલ પ્રવેશ કરની હદ સુધી, જે રાજ્યમાં માલ આયાત કરવામાં આવ્યો છે ત્યાં ચૂકવવાપાત્ર વેચાણ વેરા/વેટમાંથી ઇનપુટ ક્રેડિટ આપવામાં આવે છે. દેશી માલ અને બહારના માલ બંને માટે કરબોજ લગભગ સમાન હોય છે. આ એટલા માટે છે કારણ કે, જ્યાં બહારથી લાવવામાં આવેલા માલ પર પ્રવેશ કર લાદવામાં આવે છે, ત્યાં પ્રવેશ કર તરીકે ચૂકવેલ રકમની ક્રેડિટનો લાભ વેટ ચૂકવવાના હેતુ માટે ઇનપુટ ક્રેડિટ તરીકે આપવામાં આવે છે. તદુપરાંત, જો કોઈ રાજ્ય અધિનિયમ સ્થાનિક વેચાણ વેરો ભરતા માલને સેટ–ઓફ અને વૈધાનિક મુક્તિ પ્રદાન કરે છે, જેનાથી આયાતી માલ અને સ્થાનિક માલ પરના ચોખ્ખા કરબોજને સમાન બનાવવામાં આવે છે, તો જ્યાં સુધી તે પ્રવેશ કર સામે વેચાણ

વેરાનું સંતુલન જાળવી રાખે છે ત્યાં સુધી તે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ અસંગત બનતો નથી.

૧૨૨. કોઈ ચોક્કસ કિસ્સામાં પ્રવેશ કર અડચણરૂપ બને છે કે કેમ તે પ્રશ્ન હંમેશાં કર લાદનાર રાજ્યમાં માલ લાવનારા વ્યક્તિઓ પર લાદવામાં આવેલા બોજ અને રાજ્યની અંદર માલનું ઉત્પાદન કે નિર્માણ કરનારા વ્યક્તિઓ દ્વારા સહન કરવામાં આવતા બોજની સરખામણીના સંદર્ભમાં નક્કી કરવો પડશે. અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદતા અટકાવતો નથી. વપરાયેલ શબ્દપ્રયોગ 'કોઈપણ કર' છે; જે બાબત પ્રતિબંધિત છે તે માલ પર કર લાદવાની એવી પ્રથા છે કે જે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે ભેદભાવમાં પરિણમે. તેનો હેતુ સ્થાનિક માલ કરતાં તેના પર વધુ કર લાદીને આયાતી માલ સાથે ભેદભાવ થતો અટકાવવાનો છે. જો બંને શ્રેણીઓ પરનો કરબોજ લગભગ સમાન હોય, તો પ્રવેશ કર દેખીતી રીતે રાજ્યની સરહદો પાર વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહ માટે અડચણરૂપ બની શકે નહીં. કરદાતાઓની એ દલીલમાં કોઈ તથ્ય નથી કે માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર જ પ્રવેશ કર લાદવો અને દેશી માલ પર નહીં, તે ભેદભાવપૂર્ણ છે અને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરનારું છે.

૧૨૩. શ્રેણીબદ્ધ ચુકાદાઓમાં, આ કોર્ટે આયાતી માલ પર પ્રવેશ કર લાદવાના પગલાને એવું ઠેરવીને રદબાતલ કર્યું છે કે તે કર લાદવો ભેદભાવપૂર્ણ

છે અને તે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા સુરક્ષિત નથી. ઇન્ડિયન સિમેન્ટ એન્ડ અન્સ વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ એન્ડ અન્સ (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૭૪૩ માં, આંધ્રપ્રદેશ સરકારે જથ્થાબંધ ગ્રાહકોને સ્થાનિક રીતે ઉત્પાદિત સિમેન્ટના વેચાણ પર વેચાણ વેરાનો દર ઘટાડીને ૪% કરતું જાહેરનામું બહાર પાડ્યું હતું, બીજી તરફ, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ સિમેન્ટના વેચાણ પર લાદવામાં આવેલ વેચાણ વેરો ૧૩.૭૫% ના દરે લાદવામાં આવ્યો હતો. આમ, દેશી સિમેન્ટ ઉત્પાદકોને ૯.૭૫% નો લાભ મળ્યો હતો. અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ સિમેન્ટના વેચાણ પર લાદવામાં આવેલા વેચાણ વેરાને વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહમાં અડચણરૂપ હોવાના આધારે પડકારવામાં આવ્યો હતો. સુપ્રિમ કોર્ટે જાહેરનામાને અમાન્ય ઠેરવ્યું હતું કારણ કે તે આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યને અસર કરતું હોવાથી અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ બાધિત હતું.

૧૨૪. વેસ્ટર્ન ઇલેક્ટ્રોનિક એન્ડ અન્ વિ. સ્ટેટ ઓફ ગુજરાત એન્ડ અન્સ (૧૯૮૮) ૨ એસ.સી.સી. ૫૪૮ માં, ગુજરાત રાજ્યે તમામ ઇલેક્ટ્રોનિક માલ પર, પછી ભલે તે સ્થાનિક રીતે ઉત્પાદિત હોય કે બહારથી આયાત કરાયેલ હોય, ૧૫% ના દરે વેચાણ વેરો લાદ્યો હતો. થોડા સમય પછી, રાજ્યે સ્થાનિક ઉત્પાદન એકમોને પ્રોત્સાહિત કરવાના હેતુથી બહારથી આયાત કરાયેલા માલ પર કર ઘટાડીને ૧૦% અને સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર ૧% કર્યો. સુપ્રિમ કોર્ટે ઠેરવ્યું કે ગુજરાત રાજ્યમાં આયાત કરાયેલા માલ અને તે રાજ્યની અંદર ઉત્પાદિત માલ વચ્ચે કરના અલગ–અલગ દરો લાગુ કરવા તે ભેદભાવપૂર્ણ છે

અને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરનારું છે અને, તે મુજબ, જાહેરનામું રદ કર્યું.

૧૨૫. સ્ટેટ ઓફ યુ.પી. એન્ડ અન્ વિ. લક્ષ્મી પેપર માર્ટ એન્ડ અન્સ (૧૯૯૭) ૨ એસ.સી.સી. ૬૯૭ માં, રાજ્ય સરકારે ઉત્તર પ્રદેશની અંદરથી ખરીદેલા કાગળમાંથી બનાવેલી એક્સરસાઇઝ–બુક્સને વેચાણ વેરો લાદવામાંથી મુક્તિ આપી હતી. જ્યારે, ઉત્તર પ્રદેશ રાજ્યની બહાર ઉત્પાદિત થયેલી એક્સરસાઇઝ–બુક્સ પર ૫% ના દરે વેચાણ વેરો લાદવામાં આવ્યો હતો. સ્થાનિક રીતે ઉત્પાદિત એક્સરસાઇઝ–બુક્સને આપવામાં આવેલી સદર મુક્તિને પડકારવામાં આવી હતી. આ કોર્ટ દ્વારા તે પડકાર માન્ય રાખવામાં આવ્યો હતો અને સ્થાનિક રીતે ઉત્પાદિત એક્સરસાઇઝ–બુક્સને આપવામાં આવેલી મુક્તિ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) ના અર્થમાં ભેદભાવપૂર્ણ હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

મુક્તિ અથવા સેટ–ઓફ વગેરે આપીને સ્થાનિક રીતે ઉત્પાદિત માલ માટે પસંદગીયુક્ત વ્યવહાર અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલને આવી મુક્તિ અથવા સેટ–ઓફ ન આપવો – ભેદભાવપૂર્ણ નથી:—

૧૨૬. મહેસૂલ એકત્રિત કરવા માટે રાજ્યો પાસે કર લાદવાની સાર્વભૌમ સત્તા હોવા છતાં, કરના દરોમાં માત્ર તફાવત હોવો અથવા સ્થાનિક ઉત્પાદકને કર પ્રોત્સાહન કે છૂટછાટ આપવી તે પોતાનામાં ભેદભાવ ગણી શકાય નહીં.

“ભેદભાવ” શબ્દમાં “ઈરાદાપૂર્વક અને હેતુપૂર્ણ તફાવત” નું તત્વ સામેલ છે. તે ભારતમાં આર્થિક અને પ્રાદેશિક અસંતુલન ઊભું કરે છે અને ચિંતાનો વિષય છે.

૧૨૭. રાજ્યોની એવી દલીલ છે કે કર લાદવાની વિધાયક સત્તા ઉપરાંત, રાજ્યની અંદર ઉત્પાદન એકમો અને વેપારીઓને પ્રોત્સાહિત કરવા તેમજ આર્થિક વૃદ્ધિ અને વિકાસ હાંસલ કરવા માટે રાજ્યની અંદર ઉત્પાદિત માલને મુક્તિ, કર છૂટછાટો અથવા પ્રોત્સાહનો આપવાની સત્તા પણ રાજ્યો પાસે છે. આ બાબતનો પુનરોચ્ચાર કરતા વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી છે કે આવા નાણાકીય પગલાં આર્થિક સમાનતા માટે તેમજ રાષ્ટ્રની આર્થિક એકતાને વધુ મજબૂત કરવા માટે જરૂરી છે જેની કરદાતાઓ પોતે પણ ઇચ્છા રાખે છે. વીડિયો ઇલેક્ટ્રોનિક્સ પ્રા. લિ. અને અન્ વિ. સ્ટેટ ઓફ પંજાબ અને અન્ (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭ પર આધાર રાખતા એવી રજૂઆત કરવામાં આવી હતી કે દેશી માલને આપવામાં આવતી કર રાહત, મુક્તિ અથવા કર છૂટછાટમાં રહેલો દરેક તફાવત, જે રાજ્યમાં આયાત થતા માલ પર કરના દરમાં તફાવતમાં પરિણમી શકે છે, તે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ અસંગત બનતા ભેદભાવ સમાન થશે નહીં. રાજ્યો રજૂઆત કરે છે કે દરેક તફાવત એ ભેદભાવ નથી, અને માત્ર તે જ નિયંત્રણો કે જે વેપાર, વાણિજ્ય અને વ્યવહારના પ્રવાહમાં અવરોધ ઊભો કરે છે તે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ અસંગત ઠરશે. વર્ષોથી સુપ્રિમ કોર્ટ દ્વારા રાજ્યોની ઉપરોક્ત દલીલ પર સાનુકૂળતાપૂર્વક વિચાર કરવામાં આવ્યો છે. વૃદ્ધિ અને વિકાસમાં આર્થિક સમાનતા હાંસલ કરવા માટે વિવિધ પ્રદેશોમાં પ્રવર્તતા કુદરતી

અથવા આર્થિક પરિબળોને ધ્યાનમાં રાખીને કર પ્રોત્સાહનો આપીને જેને પ્રોત્સાહિત કરવાની જરૂર છે તેવા તફાવતની સુપ્રિમ કોર્ટે નોંધ લીધી છે.

૧૨૮. ભાગ ૧૩ બેવડા ઉદ્દેશ્યની કલ્પના કરે છે:— (૧) અવરોધો દૂર કરીને વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સરળતા દ્વારા સામાન્ય બજારની સુવિધા; અને (૨) નિયમનો અથવા નિયંત્રણો દ્વારા આર્થિક રીતે પછાત પ્રદેશોનો વિકાસ કે જે પ્રાસંગિક રીતે રાજ્યો અથવા પ્રદેશો વચ્ચે ભેદ પાડી શકે છે. ભાગ ૧૩ માત્ર "સ્વતંત્રતા" વિશે નથી પરંતુ દેશના આર્થિક એકીકરણ અને સમાનતાને હાંસલ કરવાના હેતુથી આંતર–રાજ્ય વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર નિયંત્રણ અને સંતુલન (ચેક્સ એન્ડ બેલેન્સ) ની સંહિતા છે. દેશનો સંતુલિત વિકાસ એ આર્થિક એકીકરણનું એટલું જ મહત્વપૂર્ણ પાસું છે. અનુચ્છેદ ૩૦૧ માં ઉલ્લેખિત "સ્વતંત્રતા" એ "સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં" શબ્દપ્રયોગ પરથી ભાવ ગ્રહણ કરવો જોઈએ; સંઘની કલ્પના માત્ર રાજકીય સંઘ તરીકે જ નહીં પરંતુ આર્થિક સંઘ તરીકે પણ કરવામાં આવી હતી. ભવ્ય વિઝન દેશને માત્ર રાજકીય રીતે જ નહીં પરંતુ અત્યાર સુધીના વિભિન્ન પ્રાંતો અને રજવાડાઓનું આર્થિક સંઘ રચીને પણ એકીકૃત કરવાનું હતું. માલ અને સેવાઓની હેરફેરની સ્વતંત્રતા અને સામાન્ય બજારની રચના આ સંદર્ભમાં સમજવી જોઈએ. આમ, ભાગ ૧૩ ની ભાવનાને સંવિધાનના સંઘીય સ્વરૂપને યોગ્ય માન આપીને સુસંગત આર્થિક સંઘ વચ્ચે સંતુલન હાંસલ કરવાના સંદર્ભમાં જોવી જોઈએ અને રાજ્યના વ્યક્તિગત વિકાસ માટેના અવરોધના અર્થમાં નહીં.

૧૨૯. અમે પ્રોફેસર ડી.ડી. બાસુ દ્વારા કમ્પેરેટિવ ફેડરલિઝમ, પ્રિન્ટિસ હોલ ઓફ ઇન્ડિયા, ૧૯૮૭ માં લખાયેલા નીચેના ફકરાનો ઉપયોગી સંદર્ભ લઈ શકીએ છીએ, જે નીચે મુજબ વંચાય છે:

> "કોઈપણ સંઘીય માળખાની મોટી સમસ્યા પ્રાદેશિક અને સ્થાનિક હિતોના વિકાસને અટકાવવાની છે જે સમગ્ર રાષ્ટ્રના હિતો માટે નુકસાનકારક છે. સંઘની મજબૂતી આંતર-રાજ્ય અવરોધોને શક્ય તેટલા ઓછા કરીને જ પ્રાપ્ત કરી શકાય છે, જેથી લોકો અનુભવી શકે કે તેઓ એક રાષ્ટ્રના સભ્યો છે, ભલે તેઓ હાલ પૂરતા દેશના ચોક્કસ ભૌગોલિક વિભાગોના રહેવાસી હોય. આ ઉદ્દેશ્ય પ્રાપ્ત કરવાના સાધનોમાંનું એક દરેક નાગરિકને સંઘના સમગ્ર રાજ્યક્ષેત્રમાં મુક્તપણે ફરવા-ફરવાની અને તેના કોઈપણ ભાગમાં રહેવાની અને સ્થાયી થવાની સ્વતંત્રતાની ખાતરી આપવાનું છે.
>
> .....

જોકે પ્રાદેશિક સ્વાયત્તતા જાળવવા અથવા સુરક્ષિત કરવા માટે સંઘની રચના કરવામાં આવે છે, પરંતુ તે રાષ્ટ્રીય હિતોના ભોગે કરવામાં આવતી નથી. જ્યાં સુધી રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવામાં ન આવે ત્યાં સુધી, દેશ ટુકડાઓમાં વહેંચાઈ જશે, જેના પરિણામે એક નબળી સરકાર બનશે જે વિદેશી આક્રમણ સામે પોતાનું રક્ષણ કરવામાં અસમર્થ હશે, અને એવા યુગમાં આર્થિક અરાજકતા પણ ઊભી થશે જ્યારે દેખીતી રીતે સ્થાનિક અશાંતિની વ્યાપક પ્રતિક્રિયા થતી

હોય. સંઘની આ છેલ્લે ઉલ્લેખિત આર્થિક તાકાત જ છે જે સમગ્ર સંઘીય રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતા જાળવવા માટેના સુરક્ષા ઉપાય દ્વારા સુનિશ્ચિત કરવાનો હેતુ ધરાવે છે, જે સુરક્ષા ઉપાયનું ઉલ્લંઘન ન કરવાનો સંઘ અને રાજ્યો બંનેને આદેશ આપવામાં આવ્યો છે." [પૃષ્ઠ ૬૧૩]

ભાગ ૧૩ અને તેની જોગવાઈઓનું અર્થઘટન એવી રીતે થવું જોઈએ કે જે પછાત પ્રદેશને પ્રોત્સાહિત કરે અથવા દેશના તે ભાગો માટે સમાન તકોનું વાતાવરણ ઊભું કરે કે જેઓ વિકાસના ઇચ્છિત સ્તરે પહોંચ્યા ન હોય.

૧૩૦. ઐતિહાસિક રીતે, ભારતમાં પ્રાદેશિક અસંતુલન બ્રિટિશ શાસનથી શરૂ થયું હતું. તે સમય દરમિયાન, ઉદ્યોગપતિઓએ દેશના કેટલાક નિર્ધારિત પ્રદેશો જેમ કે કોલકાતા, મુંબઈ, ચેન્નાઈ જેવા મહાનગરોમાં વિકાસ શરૂ કર્યો હતો જે ઉત્પાદન, વેપાર અને પરિવહન સુવિધાઓ માટે સમૃદ્ધ સંભાવનાઓ ધરાવતા હતા. આના પરિણામે રાજ્યો વચ્ચે અસમાન વૃદ્ધિ થઈ, જેનાથી કેટલાક રાજ્યો ઓછા વિકસિત રહ્યા. દેશના પ્રાદેશિક અસંતુલન અને સામાન્ય અર્થવ્યવસ્થાની સંવિધાનના ઘડવૈયાઓ દ્વારા નોંધ લેવામાં આવી હતી. સંવિધાન સભા દેશના વિવિધ ભાગોમાં અસમાન વિકાસ અને વેપાર અવરોધો દૂર કરીને તેમજ દેશના ઓછા વિકસિત ભાગો માટે આર્થિક તકો અને આર્થિક સમાનતાના માર્ગો પ્રદાન કરીને સમાન તકોનું ક્ષેત્ર ઊભું કરવાની જરૂરિયાત પ્રત્યે સભાન હતી. સંવિધાન સભાની ચર્ચાઓમાં રાજ્યોને અમુક હદ સુધીની લવચીકતા આપવાનું વાજબી ઠેરવતા મહત્વપૂર્ણ અવલોકનો કરવામાં આવ્યા છે. આ સંદર્ભમાં, તા.

૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯ ની સંવિધાન સભાની ચર્ચાઓનો સંદર્ભ નોંધવો સુસંગત છે જેમાં ડૉ. પી.એસ. દેશમુખે ભાગ ૧૩ માં રાજ્યોને સત્તા આપતા શ્રેણીબદ્ધ સુધારાઓ પ્રસ્તાવિત કર્યા હતા:—

ડૉ. પી.એસ. દેશમુખ: "વેપાર અને વાણિજ્ય એવી બાબતો નથી કે જે હંમેશ માટે એક જ વાર નક્કી થઈ જાય; તે એવી બાબતો છે જે રોજેરોજ ઉદ્ભવે છે અને વધે છે. તેમાં ફેરફાર થઈ શકે છે; એવા સંજોગો અને પરિસ્થિતિઓ હોઈ શકે છે જ્યારે આખી બાબતમાં સુધારો કરવો પડે. કોઈ ચોક્કસ રાજ્યનો સંબંધ છે ત્યાં સુધી અથવા એક કરતાં વધુ રાજ્યોના સંબંધમાં આવું ઉદ્ભવી શકે છે. આપણે કેટલા આડંબરપૂર્વક નક્કી કર્યું કે દરેક જગ્યાએ 'મુક્ત વેપાર' રહેશે. તે એટલું સરળ નથી અને હું આશા રાખું છું કે હવે આ બાબત વ્યાપકપણે સમજાઈ ગઈ છે. ઉદાહરણ તરીકે, આપણે જાણીએ છીએ કે સંઘના વિવિધ એકમોની ઉન્નતિ અને પ્રગતિનો તબક્કો નોંધપાત્ર રીતે ભિન્ન છે. તેમાંથી કેટલાક આસામ અથવા ઓરિસ્સા જેવા પછાત છે જ્યાં ખૂબ ઓછા ઉદ્યોગો છે અને ઓછામાં ઓછું સ્થાનિક વસ્તીના હાથમાં ખૂબ ઓછો વેપાર છે. તેઓ અન્ય એકમોની સમકક્ષ ઝડપથી આવી શકે તે માટે આપણે કદાચ તેમને થોડું રક્ષણ આપવું પડશે. ઉદ્યોગોને સહાય અને છૂટછાટો તથા અન્ય બાબતોનો સંબંધ છે ત્યાં સુધી આપણી જોગવાઈઓમાં સમયાંતરે ફેરફાર કરવો પણ જરૂરી બની શકે છે. તેથી મને નથી લાગતું કે તમામ કહેવાતા ભેદભાવ (હકીકતમાં તે નથી) પર પ્રતિબંધ મૂકવો યોગ્ય છે, જેઓ પછાત છે અને વધુ વિકસિત લોકો સાથે સ્પર્ધા કરવામાં અસમર્થ છે, અને તેથી, જેમને 'સહાય' ની જરૂર છે તેમને મદદ કરવાની તમામ

શક્યતાઓને અવરોધે છે. તે દ્રષ્ટિકોણથી, મારો સુધારો સંસદને સંપૂર્ણ છૂટ (બ્લેન્ક ચેક) આપવા અને નીતિનું નિર્ધારણ સંપૂર્ણપણે તેના પર છોડી દેવા માંગે છે. માત્ર સમગ્ર સંઘના કે કોઈ ચોક્કસ રાજ્ય કે રાજ્યોના વેપાર અને વાણિજ્યના સંબંધમાં જ નહીં, પરંતુ તમામ રાજ્યો અને તેમના પરસ્પર વેપાર અને વાણિજ્યનો સંબંધ છે ત્યાં સુધી. તેથી, મેં એક ખૂબ જ સરળ જોગવાઈ પ્રસ્તાવિત કરી છે જે મારા સુધારા નં. ૩૪૦ માં સમાવિષ્ટ કરવામાં આવી છે." [પૃષ્ઠ નં. ૧૧૩૩]

જોકે પ્રસ્તાવિત સુધારાઓ સ્વીકારવામાં આવ્યા ન હતા, પરંતુ ચર્ચામાં સ્વીકારવામાં આવ્યું હતું કે રાજ્યોને અમુક અંશે છૂટછાટ આપવા માટેની લવચીકતા જરૂરી અને ઇચ્છનીય પણ હતી. તા. ૩૦.૦૭.૧૯૪૯ થી ૧૮.૦૯.૧૯૪૯ ની સંવિધાન સભાની ચર્ચાઓમાં શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર દ્વારા કરવામાં આવેલા નીચેના અવલોકનનો સંદર્ભ લેવો ઉચિત છે:—

શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યર: ".....મારા મિત્ર ડૉ. આંબેડકરે, તેમણે વિકસાવેલી યોજનામાં, ભારતના વ્યાપક હિતો તેમજ ચોક્કસ રાજ્યના હિતો અને આ દેશના વિશાળ ભૂગોળને ધ્યાનમાં લીધા છે કે જેમાં એક પ્રદેશના હિતો બીજા પ્રદેશના હિતોથી ભિન્ન છે..... મારા મિત્ર શ્રી કૃષ્ણમાચારીએ ધ્યાન દોર્યું છે કે ઓસ્ટ્રેલિયન સંવિધાનમાં સ્વતંત્રતાની આ કલમે નોંધપાત્ર મુશ્કેલી અને સર્વોચ્ચ અદાલતના પરસ્પર વિરોધી નિર્ણયો ઊભા કર્યા છે. ઓસ્ટ્રેલિયાના તે ભાગોમાં, જેઓ પોતાની સુખાકારી માટે કૃષિ પરિસ્થિતિઓ પર નિર્ભર છે, એવી

લાગણી રહી છે કે ઉત્પાદક પ્રદેશો માટે તેમના હિતોનો ભોગ લેવામાં આવી રહ્યો છે, અને ઉત્પાદન તથા કૃષિ હિતો વચ્ચે સ્પર્ધા રહી છે. તેથી, સંઘમાં તમારે જે કરવાનું છે તે એ છે કે, પ્રથમ, તમારે ભારતના વ્યાપક હિતોને ધ્યાનમાં લેવા પડશે અને શક્ય તેટલી હદ સુધી વેપાર અને વ્યવહારની સ્વતંત્રતા આપવી પડશે. બીજું, તમે પ્રાદેશિક હિતોને સંપૂર્ણપણે અવગણી શકો નહીં. ત્રીજું, ભારતના કોઈપણ ભાગમાં ઉદ્ભવી શકે તેવી વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરવા માટે કટોકટીના કોઈપણ કિસ્સામાં કેન્દ્રની હસ્તક્ષેપ કરવાની સત્તા હોવી જોઈએ. તમારી સમક્ષ મૂકવામાં આવેલી યોજનામાં આ ત્રણેય પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે." [ભારપૂર્વક ઉમેરેલ] [પૃષ્ઠ નં. ૧૧૪૩]

૧૩૧. પ્રસ્તાવિત મુસદ્દા અનુચ્છેદ ૧૦ પરના પોતાના અવલોકનોમાં શ્રી સી. રાજગોપાલાચારી દ્વારા આવી જ ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી:

> "સી. રાજગોપાલાચારી: હું આ વિષય પર વિચાર કરનારા સભ્યોને વિનંતી કરીશ કે તેઓ મહેરબાની કરીને મને જણાવે કે એકમો તેમનું મહેસૂલ કેવી રીતે એકત્ર કરશે. વાસ્તવમાં, સંઘ પ્રાંતોને સબસિડીના વિતરણની કલ્પના કરતું નથી. પ્રાંતો અથવા જૂથો અંદરોઅંદર ભિન્ન છે, કેટલાક ધનિક છે અને કેટલાક ગરીબ છે. કેટલાક તેમના હાલના સંસાધનોથી વ્યવસ્થા કરવા સક્ષમ છે; પરંતુ અન્ય લોકોએ તેમના કારભારોનું સંચાલન કરવા માટે તેમના મહેસૂલમાં વધારો કરવો પડી શકે છે. જો તમે તેમના પર આટલી બધી મર્યાદાઓ લાદશો, તો તેઓ તે કેવી રીતે કરી

શકે? મુક્ત વેપાર જરૂરી છે તે કહેવું ઘણું સારું છે; પરંતુ પ્રાંતોએ જીવવું કેવી રીતે?"

[ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન સિલેક્ટ ડોક્યુમેન્ટ્સ–ધ પ્રોજેક્ટ કમિટી, વોલ્યુમ ૨, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, યુનિવર્સલ લો પબ્લિશિંગ કંપની પ્રા. લિ. નું પૃષ્ઠ નં. ૨૫૪]

૧૩૨. વિવિધ કારણોને લીધે ભારતમાં નોંધપાત્ર પ્રાદેશિક અસમાનતાઓ છે. આર્થિક દ્રષ્ટિએ કહીએ તો, આ કારણો પૈકી સૌથી સ્પષ્ટ કારણો ભૂગોળ અને તેના પરિણામે ઊભી થતી આર્થિક અસમર્થતા છે. દરિયાકિનારા અને ખનિજ સંપત્તિ, જળ સંસાધનો સહિતના કુદરતી સંસાધનોની ઉપલબ્ધતા ધરાવતા રાજ્યો અન્ય રાજ્યો કરતાં ચોક્કસપણે ફાયદાકારક સ્થિતિ ધરાવે છે. જ્યારે ડુંગરાળ વિસ્તારો, નદીઓ અને ગાઢ જંગલો સહિત એવો ભૂપ્રદેશ ધરાવતા રાજ્યો કે જે કોઈ પ્રદેશમાં પહોંચવું મુશ્કેલ બનાવે છે, તેઓ આર્થિક વિકાસના ઓછા સંકેતો દર્શાવે છે. બારમાસી જળ સ્ત્રોતોનો અભાવ અથવા ઓછા વરસાદને કારણે પાણીની અછત પણ કોઈ પ્રદેશના વિકાસને મર્યાદિત કરી શકે છે. ઐતિહાસિક રીતે, પ્રારંભિક ભૌગોલિક લાભ ધરાવતા પહેલેથી જ આગળ પડતા રાજ્યોને વિકાસની વધુ તકો ઉપલબ્ધ થઈ છે. પહેલેથી જ વિકસિત પ્રદેશોમાં ઉદ્યોગો સ્થાપવાની ખાનગી ક્ષેત્રની સ્વાભાવિક વૃત્તિ હોય છે, જે તે ઉદ્યોગોને જાળવી રાખવા માટે જરૂરી માળખાગત સહાય પૂરી પાડે છે. આણે આ આગળ પડતા રાજ્યોમાં વિકાસને વેગ આપ્યો છે; અને નોંધપાત્ર રોકાણ

આકર્ષવામાં અસમર્થ રહેલા પછાત પ્રદેશોમાં વધુ વિકાસ જોવા મળ્યો નથી. આ વલણને સંતુલિત કરવા માટે, પછાત પ્રદેશો તરફ રોકાણો વાળવા માટે વિવિધ પ્રોત્સાહક અને બિન-પ્રોત્સાહક યોજનાઓ દાખલ કરવામાં આવી છે. જોકે, આ નીતિઓની સફળતા મર્યાદિત રહી છે કારણ કે ઘણીવાર આ પછાત પ્રદેશો ધરાવતા રાજ્યો તેમના ખર્ચાઓ પૂરા કરવા અને પરિવહન, સંદેશાવ્યવહાર, વીજળી, બેંકિંગ અને વીમો વગેરે જેવા આર્થિક ઓવરહેડ્સ પૂરા પાડવા માટે અસમર્થ હોય છે. આણે એવા રાજ્યો વચ્ચેનું અંતર વધાર્યું છે જ્યાં ભૂતકાળના રોકાણોએ ખાનગી રોકાણોને આકર્ષવા માટે પૂરતું સામાજિક અને આર્થિક માળખું ઊભું કર્યું છે અને એવા રાજ્યો વચ્ચેનું અંતર વધાર્યું છે જેઓની ભૂતકાળમાં ઉપેક્ષા કરવામાં આવી હતી અને માળખાગત સુવિધાઓના અભાવે તેઓ રોકાણો આકર્ષવામાં અસમર્થ છે. [સંદર્ભ: એન. જે. કુરિયન, "રિજનલ ડિસ્પેરિટીઝ ઇન ઇન્ડિયા", ભારતીય યોજના આયોગ, ૨૦૦૧, વિઝન-૨૦૨૫ રિજનલ ડિસ્પેરિટીઝ અહેવાલ.]

૧૩૩. 'ધ હિન્દુ' માં પ્રકાશિત થયેલો એક તાજેતરનો સમાચાર લેખ, જેનું શીર્ષક "ધ ગેપ બિટવીન રિચ એન્ડ પુઅર સ્ટેટ્સ" છે, તે રાજ્યો વચ્ચેની આ આર્થિક અસમાનતાનું વર્ણન કરે છે. લેખકો એવી રજૂઆત કરે છે કે વૈશ્વિક અનુભવોથી વિપરીત, ભારત તેના મોટા રાજ્યો વચ્ચે વિભિન્નતાના વલણો દર્શાવવાનું ચાલુ રાખે છે, તેથી દેશની આર્થિક વિવિધતાને સ્વીકારવાનો આ સમય છે. બદલાતી ભવિષ્યની જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ ધરાવતા રાજ્યો વચ્ચે આવી આર્થિક અસમાનતાની વચ્ચે, આગળનો માર્ગ સમાન તકોનું ક્ષેત્ર

ઊભું કરવા માટે રાજ્યોને નાણાકીય અને વિધાયક સત્તાઓનું વધુ હસ્તાંતરણ કરવાનો છે. આ લેખનો સુસંગત ભાગ નીચે મુજબ વંચાય છે:—

> "...કુલ વસ્તીના ૮૫ ટકા હિસ્સો ધરાવતા ભારતના ૧૨ સૌથી મોટા રાજ્યોનું ૧૯૬૦ થી ૨૦૧૪ સુધીનું માથાદીઠ ચોખ્ખું સ્થાનિક ઉત્પાદન દર્શાવે છે કે ભારતના રાજ્યોમાં આર્થિક અસમાનતા વિશ્વમાં સૌથી વધુ અસમાનતાઓ પૈકીની એક છે...
>
> ભારતમાં સૌથી ધનિક અને સૌથી ગરીબ મોટા રાજ્ય વચ્ચેનો આ ચાર ગણો તફાવત વિશ્વમાં સૌથી વધુ છે. યુ.એસ., યુરોપિયન યુનિયન અને ચીન જેવી અન્ય સંઘીય રાજવ્યવસ્થાઓમાં આ જ ગુણોત્તર બે થી ત્રણ ગણો છે. અમારું કન્વર્જન્સ વિશ્લેષણ દર્શાવે છે કે રાજ્યો વચ્ચેની આ આર્થિક અસમાનતા માત્ર વધી રહી છે અને ઘટી રહી નથી. આજે વિશ્વમાં ભારત એકમાત્ર એવો મોટો દેશ છે જે તેના રાજ્યો વચ્ચે આર્થિક વિભિન્નતાનો અનુભવ કરી રહ્યો છે અને એકરૂપતાનો નહીં, જેવું કે આર્થિક સિદ્ધાંત પ્રતિપાદિત કરશે."

> ".....રાજ્યો વચ્ચેની આર્થિક વિવિધતાના ભારતના ઇતિહાસમાં ૧૯૯૦–પહેલાં અને ૧૯૯૦–પછીના સમયગાળા લગભગ બે અલગ–અલગ યુગ જેવા દેખાય છે. આર્થિક સિદ્ધાંત એવું સૂચવે છે કે ગરીબ પ્રદેશો આખરે સમાનતા લાવવા માટે ધનિક રાજ્યોની બરાબરી કરવા વધુ ઝડપથી વિકાસ પામે છે, જેવું કે વૈશ્વિક સ્તરે થઈ રહ્યું છે. રાષ્ટ્રો વચ્ચે અને દેશની અંદર પણ અસમાનતા ઘટવાના વૈશ્વિક અનુભવોથી

વિપરીત, ભારત વાસ્તવમાં તેના મોટા રાજ્યો વચ્ચે વધતી જતી વિભિન્નતાના વલણો દર્શાવે છે, જેનો અર્થ એ છે કે ધનિક રાજ્યો વધુ ઝડપથી વિકાસ કરવાનું ચાલુ રાખશે."

"કારણો ગમે તે હોય, એ તદ્દન સ્પષ્ટ છે કે વધુ સમૃદ્ધ રાજ્યની પ્રાથમિકતાઓ હજુ પણ ખૂબ ગરીબ હોય તેવા રાજ્યો કરતાં સાવ અલગ હશે. ભારતની સાંસ્કૃતિક અને રાજકીય વિવિધતા એક સુસ્થાપિત હકીકત છે. તેની આર્થિક વિવિધતાને પણ સ્વીકારવાનો આ સમય છે. વિવિધ ભાવિ જરૂરિયાતો અને પ્રાથમિકતાઓ ધરાવતા રાજ્યો વચ્ચે આવી આર્થિક અસમાનતા વચ્ચે, સમગ્ર ભારત માટે દિલ્હી–આધારિત સૌને એક જ માપદંડથી મૂલવતી નીતિ વ્યવસ્થા સંપૂર્ણપણે અપ્રસ્તુત છે..... આર્થિક રીતે વૈવિધ્યસભર રાષ્ટ્રો માટે સામાન્ય બજાર નીતિઓને સંતુલિત કરવામાં યુરોપિયન યુનિયનનો સંઘર્ષ તેનાથી પણ વધુ વિવિધતા ધરાવતા ભારત માટે હળવી ચેતવણી સમાન હોવો જોઈએ." [ભારપૂર્વક ઉમેરેલ]

[પ્રવીણ ચક્રવર્તી અને વિવેક દેહેજિયા દ્વારા [નવી દિલ્હી આવૃત્તિ તારીખ ૫મી સપ્ટેમ્બર, ૨૦૧૬]]

૧૩૪. રાષ્ટ્રની આર્થિક એકતા એ અનુચ્છેદ ૩૦૧ માં સ્વતંત્રતાનો પાયાનો ઉદ્દેશ્ય હોવાથી, ભારતના સંવિધાન દ્વારા અપનાવવામાં આવેલી આર્થિક એકતાની વિભાવનાને વ્યાખ્યાયિત કરવી જરૂરી બનશે. પ્રથમ તો,

આર્થિક એકતાનું સ્વરૂપ સંઘીય હોવું અનિવાર્ય છે; તેમાં તમામ રાજ્યોનો સમાન વિકાસ સામેલ હોવો જોઈએ. તમામ રાજ્યોને, ખાસ કરીને અલ્પવિકસિત અને દૂરના સરહદી રાજ્યોને, તેમના રહેવાસીઓનું કલ્યાણ સુનિશ્ચિત કરવા માટે પોતાનો વિકાસ કરવાનો અધિકાર છે. બીજું, વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાનો ઉદ્દેશ્ય તમામ રાજ્યોના વિકાસમાં યોગદાન આપીને આર્થિક એકતાને પ્રોત્સાહન આપવાનો છે. ત્રીજું, રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતો મુજબ, રાજ્યોએ સામાન્ય હિત સાધવાનું છે; લોકોના કલ્યાણ માટે ઊભી રહેલી સામાજિક વ્યવસ્થા સુનિશ્ચિત અને સુરક્ષિત કરવાની છે; આજીવિકાના પર્યાપ્ત સાધનો પૂરા પાડવાનો પ્રયાસ કરવાનો છે; અને પોતાની આર્થિક ક્ષમતાની મર્યાદામાં કામ કરવાનો, શિક્ષણ મેળવવાનો અને જાહેર સહાય મેળવવાનો અધિકાર પણ સુરક્ષિત કરવાનો છે.

૧૩૫. રાજ્યોનું પુનર્ગઠન એ હજુ એક અન્ય પરિબળ છે જેને ધ્યાનમાં રાખવું પડશે. ઉત્તર પ્રદેશના અલ્પવિકસિત પહાડી વિસ્તારમાંથી ઉત્તરાખંડ રાજ્યની રચના; બિહાર રાજ્યના મુખ્યત્વે આદિવાસી વિસ્તારોમાંથી ઝારખંડ રાજ્ય, મધ્ય પ્રદેશ રાજ્યમાંથી છત્તીસગઢ રાજ્ય અને આંધ્રપ્રદેશ રાજ્યમાંથી તેલંગાણા રાજ્યનું તાજેતરનું વિભાજન ધ્યાને આવે છે. નવા વિભાજિત થયેલા રાજ્યોએ તેમની નવી રાજધાનીઓ વિકસાવવી પડશે, યોગ્ય સમયે હાઇકોર્ટો સહિત નવું રાજ્ય માળખું ઊભું કરવું પડશે. તેઓએ ઉત્પાદન અને નિર્માણ માટે તેમજ રોજગારીની તકો ઊભી કરવા માટે પોતાના ઔદ્યોગિક પાયા વિકસાવવા પડશે. મૂડી રોકાણ આકર્ષવા માટે, તેઓએ પરિવહન, સંદેશાવ્યવહાર, વીજળી

અને ટેકનોલોજી જેવી માળખાગત સુવિધાઓ પૂરી પાડવી પડશે. રાજ્યોના પુનર્ગઠન ઉપરાંત, કલ્યાણકારી રાજ્ય તરીકે, રાજ્ય જીવનધોરણ અને આર્થિક ન્યાય સુનિશ્ચિત કરીને રોજગારીની તકો ઊભી કરવા અને લોકોના કલ્યાણને પ્રોત્સાહન આપવા માટે બંધાયેલું છે. કલ્યાણકારી રાજ્યની બહુવિધ પ્રવૃત્તિઓને ધ્યાને લેતાં, એ જરૂરી છે કે કર લાદવાની પોતાની સત્તાનો ઉપયોગ કરવામાં રાજ્યો પાસે છૂટછાટ/લવચીકતા હોવી જોઈએ અને તેથી, રાજ્યો દ્વારા લેવાયેલા પગલાં કે જે તફાવતમાં પરિણમે છે તે વેપાર, વાણિજ્ય અને વ્યવહારના મુક્ત પ્રવાહને અવરોધતા ભેદભાવ સમાન હોઈ શકે નહીં.

૧૩૬. રાજ્યની અંદર ઉત્પાદન પ્રવૃત્તિઓમાં કાચા માલની પ્રાપ્તિ, માલનું ઉત્પાદન, ઉત્પાદિત માલનું માર્કેટિંગ અને ઉત્પાદિત માલની નિકાસ સુધીની કેટલીય પ્રવૃત્તિઓ સામેલ છે. ઉત્પાદન પ્રવૃત્તિઓ રાજ્યને માત્ર વેપાર કેન્દ્રમાંથી ઉત્પાદન કેન્દ્રમાં પરિવર્તિત કરે છે, જે સ્થાનિક લોકો માટે રોજગારીની તકો ઊભી કરે છે, અને તે રીતે રાજ્યના વિકાસને વેગ આપે છે. ઉત્પાદન એ રાજ્યના અર્થતંત્રને પ્રોત્સાહન આપવા માટેનું એક વિશાળ પગલું છે; તે સંબંધિત રાજ્યોના રહેવાસીઓ માટે તકો અને સામાજિક–આર્થિક લાભો લાવે છે. તેનાથી વિપરીત, રાજ્યની બહારથી આવતો માલ રોજગારીની કોઈ તકો ઊભી કર્યા વિના અથવા રાજ્યના અર્થતંત્રને વેગ આપ્યા વિના માત્ર રાજ્યના બજારની સંભાવનાઓનો ઉપયોગ કરે છે. આમ સ્થાનિક રીતે ઉત્પાદિત માલને મુક્તિ/સેટ–ઓફ/કર પ્રોત્સાહનો આપવા અને બહારથી આવતા માલને આવી મુક્તિ ન આપવી તે ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં.

૧૩૭. તદુપરાંત, દરેક તફાવત અનિવાર્યપણે ભેદભાવપૂર્ણ હોતો નથી. અનુચ્છેદ ૩૦૪(એ) માં વપરાયેલા 'ભેદભાવ' શબ્દ માટે ઈરાદાપૂર્વકના અને હેતુપૂર્ણ તફાવતનું એવું તત્વ જરૂરી છે જે આર્થિક અવરોધ ઊભો કરે છે. તેમાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સાથેના વ્યવહાર વચ્ચેના ઈરાદાપૂર્વકના તફાવતનું તત્વ સામેલ છે. "તફાવત અને ભેદભાવ" વચ્ચેનો ભેદ કાઠી રાણિંગ રાવત વિ. ધ સ્ટેટ ઓફ સૌરાષ્ટ્ર (૧૯૫૨) એસ.સી.આર. ૪૩૫ માં સ્પષ્ટ કરવામાં આવ્યો છે, જેમાં સંવિધાન પીઠે નીચે મુજબ ઠેરવ્યું હતું:—

> પતંજલિ શાસ્ત્રી, ન્યાયમૂર્તિ: ....
>
> "તમામ વૈધાનિક વિભેદ અનિવાર્યપણે ભેદભાવપૂર્ણ હોતા નથી. હકીકતમાં, "ભેદભાવ" શબ્દ અનુચ્છેદ ૧૪ માં આવતો નથી. "સામે ભેદભાવ કરવો" શબ્દપ્રયોગનો ઉપયોગ અનુચ્છેદ ૧૫(૧) અને અનુચ્છેદ ૧૬(૨) માં કરવામાં આવ્યો છે, અને ઓક્સફર્ડ ડિક્શનરી અનુસાર તેનો અર્થ "કોઈના સંબંધમાં પ્રતિકૂળ ભેદ પાડવો; અન્યોથી પ્રતિકૂળ રીતે અલગ પાડવું" થાય છે. આમ, ભેદભાવમાં પ્રતિકૂળ પક્ષપાતનું એક તત્વ સમાવિષ્ટ હોય છે અને તે જ અર્થમાં આ સંદર્ભમાં સદર શબ્દપ્રયોગને સમજવાનો રહે છે. જો આવો પક્ષપાત છતો થાય અને તે અનુચ્છેદ ૧૫ અને ૧૬ માં જણાવેલા કોઈપણ કારણો પર આધારિત હોય, તો બની શકે કે સદર કાયદો, વધુ કંઈ પણ જોયા વિના, વિશિષ્ટ

સંવિધાનિક મનાઈનું ઉલ્લંઘન કરવા બદલ દોષપાત્ર ઠરે, સિવાય કે તે સદર અનુચ્છેદોના કોઈ એક અથવા બીજા પરંતુક દ્વારા બચાવી લેવાયો હોય. પરંતુ અનુચ્છેદ ૧૪ હેઠળની સ્થિતિ ભિન્ન છે. તે અનુચ્છેદ હેઠળ સમાન સંરક્ષણના દાવાઓની તપાસ એવી પૂર્વધારણા સાથે કરવામાં આવે છે કે રાજ્યનું પગલું વાજબી અને ઉચિત છે. સંવિધાનિકતાની આ પૂર્વધારણા વર્ગીકરણની તે વિશાળ સત્તામાંથી ઉદ્ભવે છે જે વિધાનમંડળ પાસે પોતાની નીતિઓને અમલમાં મૂકવા માટે વ્યક્તિઓના જુદા જુદા જૂથોના સંદર્ભમાં ભિન્ન રીતે અમલી બનતા કાયદાઓ ઘડવામાં અનિવાર્યપણે હોવી જ જોઈએ. પોતાના પ્રદેશના જુદા જુદા ભાગોની જરૂરિયાતો અનુસાર ભિન્ન પ્રક્રિયાઓ ધરાવતી જુદી જુદી અદાલતોની રચના કરીને ફોજદારી ટ્રાયલનું નિયમન કરવાની રાજ્યની સત્તા એ તેની પોલીસ સત્તાનો આવશ્યક ભાગ છે — (સરખાવો મિઝોરી વિ. લુઈસ) (૩). જોકે ભિન્ન (૧) [૧૯૫૦] એસ.સી.આર. ૮૮ (૩) ૧૦૧ યુ.એસ. ૨૨ (૯૨) એ.આઇ.આર. ૧૯૫૧ હૈદરાબાદ ૧૧."

"ફઝલ અલી, ન્યાયમૂર્તિ: ...હું માનું છું કે "કારણ વિનાના ભેદભાવ" અને "કારણ સહિતના ભેદભાવ" વચ્ચે તફાવત કરવો જોઈએ. વર્ગીકરણનો સમગ્ર સિદ્ધાંત આ તફાવત પર અને તે સુવિદિત હકીકત પર આધારિત છે કે વ્યક્તિઓ અથવા વસ્તુઓના એક સમૂહને લાગુ પડતા સંજોગો વ્યક્તિઓ અથવા વસ્તુઓના અન્ય સમૂહને લાગુ પડતા સંજોગો સમાન જ હોય તે અનિવાર્ય નથી, જેથી ભિન્ન શરતો અને સંજોગોના ભિન્ન

સમૂહ દ્વારા સંચાલિત વ્યક્તિઓ વચ્ચે અસમાન વ્યવહારનો પ્રશ્ન વાસ્તવમાં ઉપસ્થિત થતો જ નથી...." [ભાર ઉમેરેલ છે]

૧૩૮. દેશના ઓછા વિકસિત ભાગોને પ્રોત્સાહિત કરવા માટે નિયંત્રણો અને સંતુલનો દ્વારા આર્થિક સંકલનનો ઇચ્છિત ઉદ્દેશ, જેથી તેઓ અન્યો સાથે સમાન ધોરણે સ્પર્ધા કરી શકે, તે સંવિધાનના ભાગ ૧૩ નું ઉલ્લંઘન કરતો નથી. વિડીયો ઈલેક્ટ્રોનિક્સમાં, ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે નીચે મુજબ ઠેરવેલ:

"૨૦. અમે જે રીતે જોઈએ છીએ તે મુજબ પ્રશ્ન એ છે કે, સંવિધાનની વિવિધ જોગવાઈઓના અર્થઘટનનો સમન્વય કેવી રીતે કરવો, એ સાચું છે કે જો કોઈ ચોક્કસ જોગવાઈ, ભલે તે કરવેરાની જોગવાઈ હોય કે અન્યથા, ભારતીય સંઘની અંદર વેપારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ કે તાત્કાલિક રીતે અવરોધતી હોય તો તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર ગણાશે. વધુમાં એ ધ્યાનમાં રાખવું પડશે કે અનુચ્છેદ ૩૦૧ આદેશ આપે છે કે સમગ્ર ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે. તેથી, આ કેસમાં પ્રથમ પ્રશ્ન જેની તપાસ કરવાની રહે છે તે એ છે કે, શું આ કેસોમાં વેચાણ વેરાની જોગવાઈઓ (મુક્તિ વગેરે) સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના અર્થમાં વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરે છે કે કેમ. અમે અનુચ્છેદ ૩૦૪ સાથે વંચાણે લેવાતા સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની યોજના અને અતિયાબારીના કેસ [૧૯૬૧] ૧ એસ.સી.આર. ૮૦૯ (પૂર્વોક્ત) માં આ

કોર્ટના અવલોકનો, તેમજ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ, રાજસ્થાનના કેસ [૧૯૬૩] ૧ એસ.સી.આર. ૪૯૧ (પૂર્વોક્ત) માં આ કોર્ટ દ્વારા કરવામાં આવેલા અવલોકનો તપાસ્યા છે. અમારા મતે સંવિધાનના ભાગ ૧૩ ને અલગ રીતે વાંચી શકાય નહીં. તે સમવાયી યોજનાની કલ્પના કરતા અને રાજ્યોને સાતમી અનુસૂચિની યાદી ૨ ને લગતી બાબતોના સંબંધમાં વૈધાનિક સત્તાઓ પ્રદાન કરતી સામાન્ય યોજના ધરાવતા એક જ સંવિધાનિક દસ્તાવેજનો અભિન્ન અંગ છે. તે રાજ્યોને પોતાના હેતુઓ માટે મહેસૂલ એકત્ર કરવાની સંપૂર્ણ સત્તાઓ પણ પ્રદાન કરે છે અને એવી આવશ્યકતા રાખતું નથી કે રાજ્યના દરેક કાયદાએ રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવી જ જોઈએ. ભારતનું સંવિધાન એક જીવંત દસ્તાવેજ છે. તેનું અર્થઘટન એવી રીતે થવું જોઈએ કે જેથી તે જીવંત રહે અને આર્થિક, રાજકીય અને સામાજિક રીતે વિકાસશીલ અને વિકસતા સમાજમાં પરિસ્થિતિની તાકીદની જરૂરિયાતોને અનુરૂપ પોતાને અનુકૂળ બનાવે. તેથી તેમાં વપરાયેલા શબ્દપ્રયોગોના અર્થનું એવું અર્થઘટન થવું જોઈએ કે જે ભારતીય સંઘમાં જુદા જુદા રાજ્યોની સત્તા અને અધિકારોની વહેંચણીની વર્તમાન સમસ્યાને ઉકેલવાનો પ્રયાસ કરે, અને વિકાસશીલ સજીવ તંત્રમાં ઉદ્ભવી શકે તેવી ભવિષ્યની આકસ્મિક પરિસ્થિતિઓનો પૂર્વાનુમાન કરે. સંવિધાન સંબંધિત સમયે વર્તમાનને સમજવા અને ભવિષ્યનું પૂર્વાનુમાન કરવા સક્ષમ હોવું જોઈએ, જે વિકાસશીલ અને જીવંત તંત્ર માટે સ્વાભાવિક અને આવશ્યક પરિણામ છે. તે સંવિધાનિક

ન્યાયનિર્ણયનો ભાગ હોવું જ જોઈએ. તેથી, રાજ્યોને અન્ય તમામ રાજ્યોની સમકક્ષ લાવવા અને તે દ્વારા ભારતની આર્થિક એકતાનો વિકાસ કરવા માટે રાજ્યોનો આર્થિક વિકાસ કરવો એ આ ભૂમિની સંવિધાનિક આકાંક્ષાઓની મુખ્ય પ્રતિબદ્ધતાઓ અથવા લક્ષ્યો પૈકીનું એક છે. એક સુવ્યવસ્થિત સમાજના સંચાલન માટે તમામ રાજ્યોની આર્થિક સમાનતા આર્થિક એકતા જેટલી જ મહત્વપૂર્ણ છે.

...

૨૨. એ તપાસવું પડશે કે શું દરોમાં તફાવત સ્વયંભૂ એવો ભેદભાવ ઊભો કરે છે કે જેથી તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪(એ) ના દાયરામાં આવે. એ સ્પષ્ટ છે કે બે રાજ્યો વચ્ચે વેપારનો મુક્ત પ્રવાહ અનિવાર્યપણે અથવા સામાન્ય રીતે માત્ર કરના દર પર જ નિર્ભર હોતો નથી. માલની કિંમત સહિતના ઘણા પરિબળો એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલની હેરફેરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેથી માત્ર એ હકીકત કે સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલા માલ પરના કરના દરમાં તફાવત છે, તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના અર્થમાં બે રાજ્યો વચ્ચેના વેપારને અવરોધવા સમાન ગણાશે નહીં. જેમ કે સ્પષ્ટ છે, અનુચ્છેદ ૩૦૪ એ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો અપવાદ છે. અપવાદનો આશરો લેવાની જરૂરિયાત ત્યારે જ ઊભી થશે જો વાદગ્રસ્ત કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૩ હેઠળ બાધિત થતો હોય. જો તેમ ન હોય તો સંવિધાનનો અનુચ્છેદ ૩૦૪ બિલકુલ ચિત્રમાં આવશે નહીં.

અહેવાલના નટરાજ મુદલિયારના કેસ [૧૯૬૮] ૩ એસ.સી.આર. ૮૨૯ માંના અવલોકનો જુઓ. એ ધ્યાનમાં રાખવું પડશે કે કુદરતી અથવા વ્યાપારી પરિબળોની વિચારણા પર આધારિત વિભેદો હોઈ શકે છે કે જે વિવિધ વિસ્તારોમાં વધતા-ઓછા અંશે અમલમાં હોય. કોઈ રાજ્યને કોઈ ચીજવસ્તુ પર ઊંચા દરે કર લાદવાની મંજૂરી આપી શકાય છે, કાં તો જ્યારે તેનો રાજ્યમાં બિલકુલ વપરાશ થતો ન હોય અથવા જો એવું લાગતું હોય કે રાજ્યમાંના ગ્રાહકો પર પડતો બોજ તેના કરતાં વધુ રહેશે અને મહેસૂલને મોટો લાભ થશે. વેચાણ વેરાના દર લાદવા પર વિવિધ રાજકીય, આર્થિક અને સામાજિક પરિબળોની અસર પડે છે. તે જ ચીજવસ્તુના વેચાણ પર કરના ભિન્ન દરનું પ્રચલન એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરવાના ઉદ્દેશ્યનું નિર્ણાયક પરિબળ અલગ રીતે ગણી શકાય નહીં. મૂળરૂપે ઘડવામાં આવેલા સંવિધાન હેઠળ વેચાણ વેરામાંથી મળતી મહેસૂલ રાજ્યો માટે અનામત રાખવામાં આવી હતી.

...

૨૪. ઉદ્દેશ સ્થાનિક માલ દ્વારા વહન કરવામાં આવતા દર કરતાં ઊંચા દરે આવા માલ પર કર લાદીને આયાતી માલ સામેનો ભેદભાવ અટકાવવાનો છે. કર લાદવો ક્યારે ભેદભાવ સમાન બનશે તે પ્રશ્ન કરના દર અને જેના વેચાણ પર તે લાદવામાં આવ્યો છે તે માલની વસ્તુ સહિતના વિવિધ પરિબળો પર આધાર રાખશે. દરેક વિભેદ એ ભેદભાવ નથી. 'ભેદભાવ' શબ્દ અનુચ્છેદ ૧૪ માં વપરાયો નથી પરંતુ અનુચ્છેદ ૧૬, ૩૦૩ અને ૩૦૪(એ) માં વપરાયો છે. જ્યારે

અનુચ્છેદ ૩૦૪(એ) માં તેનો ઉપયોગ થાય છે, ત્યારે તેમાં ઈરાદાપૂર્વકના અને સહેતુક વિભેદનું તત્વ સમાવિષ્ટ હોય છે જે આર્થિક અવરોધ ઊભો કરે છે અને તેમાં પ્રતિકૂળ પક્ષપાતનું તત્વ સમાવિષ્ટ હોય છે. ભેદભાવ એ અયોગ્ય વર્ગીકરણ સૂચવે છે. કાઠી રાણિંગ રાવત વિ. સ્ટેટ ઓફ સૌરાષ્ટ્ર, ૧૯૫૨ એસ.સી.આર. ૪૩૫ માં આ કોર્ટના અવલોકનોનો સંદર્ભ આપી શકાય છે જ્યાં મુખ્ય ન્યાયમૂર્તિ શાસ્ત્રીએ અહેવાલના પૃ. ૪૪૨ પર પુનરોચ્ચાર કર્યો હતો કે તમામ વૈધાનિક વિભેદ અનિવાર્યપણે ભેદભાવપૂર્ણ હોતા નથી. અહેવાલના એ.આઇ.આર. ના પૃ. ૪૪૮ પર, ન્યાયમૂર્તિ ફઝલ અલીએ 'કારણ વિનાના ભેદભાવ' અને 'કારણ સહિતના ભેદભાવ' વચ્ચેના તફાવતની નોંધ લીધી હતી. વર્ગીકરણનો સમગ્ર સિદ્ધાંત આ બાબત પર અને તે સુવિદિત હકીકત પર આધારિત છે કે જોગવાઈઓ અથવા વસ્તુઓના એક સમૂહને આવરી લેતા સંજોગો જોગવાઈઓ અને વસ્તુઓના અન્ય સમૂહને આવરી લેતા સંજોગો સમાન જ હોય તે અનિવાર્ય નથી, જેથી સંજોગોના ભિન્ન સમૂહો દ્વારા આવરી લેવાયેલી જોગવાઈઓ વચ્ચે અસમાન વ્યવહારનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

...

૨૮. આર્થિક અવરોધની સંકલ્પના બદલાતી પરિસ્થિતિઓ સાથે ગતિશીલ અર્થમાં અપનાવવી જોઈએ. જે એક સમયે આર્થિક અવરોધ સમાન હોય છે તે ઘણીવાર બીજા સમયે તેવો રહેતો નથી. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ માં વૈધાનિક વિષયોની સંપૂર્ણ સત્તાઓમાંથી ઉદ્ભવતા

મુક્તિ આપવાના અધિકારથી રાજ્યના લોકોને વંચિત રાખવું ખોટું ગણાશે. સમવાયી રાજ્યવ્યવસ્થામાં, મર્યાદિત સમયગાળા માટે ચોક્કસ વર્ગને મુક્તિ આપવાની સત્તા તમામ રાજ્યો ધરાવતા હોવાથી, આવી મુક્તિ આપવાને આર્થિક એકતાની સંકલ્પનાની વિરુદ્ધનું ગણી શકાય નહીં. ભારતના લોકો દ્વારા આર્થિક એકતાના વિષયવસ્તુમાં ઔદ્યોગિક વિકાસ હાંસલ કરવા માટે અથવા વૃદ્ધિ અને વિકાસમાં આર્થિક સમાનતા પ્રાપ્ત કરવા માટે કર પ્રોત્સાહનો પૂરા પાડવા માટે ખાસ કેસોમાં મુક્તિ આપવાની અથવા કરનો દર ઘટાડવાની સત્તાનો અનિવાર્યપણે સમાવેશ થશે. જ્યારે તમામ રાજ્યો પાસે મુક્તિ આપવા અથવા દરો ઘટાડવાની આવી જોગવાઈઓ હોય ત્યારે રાજ્યો વચ્ચે પરસ્પર આર્થિક યુદ્ધ અથવા દેશના આર્થિક વિઘટનનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કોઈપણ પક્ષકાર માટે એવું કહેવાનું શક્ય નથી કે આ એક રીતે અથવા બીજી રીતે થવું જોઈએ અને આ ન થવું જોઈએ. તે વિવાદિત થઈ શકે નહીં કે કર વસૂલ કરવો અને ત્યારબાદ તેને માફ કરવો અથવા સબસિડીના સ્વરૂપમાં સ્થાનિક ઉત્પાદકોને પરત ચૂકવવો એ રાજ્યો માટે ખુલ્લું છે અને તે ન તો ભેદભાવ કરશે કે ન તો સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ બાધિત થશે. આ કેસમાં અને તમામ સંવિધાનિક ન્યાયનિર્ણયોની જેમ, સંવિધાનિક આદેશના ઉલ્લંઘનમાં કોઈ ભેદભાવ છે કે કેમ તે શોધી કાઢવા માટે બાબતના તત્ત્વને જોવું પડશે." [ભાર ઉમેરેલ છે]

આમ વિડીયો ઈલેક્ટ્રોનિક્સમાં અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ "ભેદભાવ" ના વ્યાપ પર વિચારણા કરતી વખતે, આ કોર્ટે એવો અપવાદ ઘડ્યો છે કે રાજ્યો

પાસે મર્યાદિત સમયગાળા માટે ચોક્કસ વર્ગને મુક્તિ આપવાની સત્તાઓ છે અને આવી મુક્તિ આપવાને ભેદભાવપૂર્ણ ગણી શકાય નહીં. ખાસ કેસોમાં કરનો દર ઘટાડવો અથવા કર પ્રોત્સાહનો પૂરા પાડવા એ ઔદ્યોગિક વિકાસ હાંસલ કરવા અને વૃદ્ધિ તથા વિકાસમાં આર્થિક સમાનતા પ્રાપ્ત કરવા માટે છે.

૧૩૯. શ્રી મહાવીર ઓઇલ મિલ્સ અને અન્ય વિ. સ્ટેટ ઓફ જે એન્ડ કે અને અન્ય (૧૯૯૬) ૧૧ એસ.સી.સી. ૩૯ માં, જોકે, આ કોર્ટની ડિવિઝન બેંચે વિપરીત અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. જમ્મુ અને કાશ્મીર રાજ્યે જમ્મુ અને કાશ્મીર રાજ્યની અંદરના લઘુ ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ખાદ્ય તેલને વેચાણ વેરામાંથી મુક્તિ આપી હતી જ્યારે અન્ય રાજ્યોમાં ઉત્પાદિત ખાદ્ય તેલ પર ૮ ટકાના દરે વેચાણ વેરો લાદ્યો હતો. તારીખ ૨૦.૧૨.૧૯૯૩ ના રોજ ત્યારપછીનું એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું જેના પરિણામે ખાદ્ય તેલ પર ચૂકવવાપાત્ર વેચાણ વેરાનો સામાન્ય દર ૮% થયો હતો. આસપાસના રાજ્યોના ખાદ્ય તેલના ઉત્પાદકોએ દાવો કર્યો હતો કે સ્થાનિક ઉદ્યોગોને કરની ચુકવણીમાંથી આપવામાં આવેલી મુક્તિ ભેદભાવપૂર્ણ હતી. જમ્મુ અને કાશ્મીર સરકાર દ્વારા ખાદ્ય તેલના ઉત્પાદકોને આપવામાં આવેલી મુક્તિ સંપૂર્ણ હતી અને મુક્તિનો સમયગાળો પાંચ વર્ષનો હતો — જે પાછળથી બીજા પાંચ વર્ષ માટે લંબાવવામાં આવ્યો હતો. સદર કાયદાને એ કારણસર રદ કરવામાં આવ્યો હતો કે રાજ્યે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત ભેદભાવ કર્યો હતો. કોર્ટે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ માં ઘડવામાં આવેલા સીમિત અપવાદને લાગુ કરવાનો ઇનકાર કર્યો હતો અને અવલોકન કર્યું હતું કે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ

માંના સદર અપવાદને કોઈ અલગ પ્રકારના કેસોને આવરી લેવા માટે વિસ્તૃત કે વ્યાપક બનાવી શકાય નહીં. આ કોર્ટે ઠેરવેલ કે જમ્મુ અને કાશ્મીર રાજ્યની અંદર ખાદ્ય તેલ ઉદ્યોગોને દસ વર્ષના સમયગાળા માટે આપવામાં આવેલી બિનશરતી મુક્તિ અને તે જ સમયે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા ખાદ્ય તેલ પર ૮% ના દરે વેચાણ વેરો લાદવો એ ભેદભાવપૂર્ણ અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરનાર હતો.

૧૪૦. જોકે, વિડીયો ઈલેક્ટ્રોનિક્સના નિર્ણયનો દિગ્વિજય સિમેન્ટ કંપની લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન અને અન્ય (૧૯૯૭) ૫ એસ.સી.સી. ૪૦૬ માં બંધારણીય બેંચ દ્વારા અનુમોદનપૂર્વક સંદર્ભ લેવામાં આવ્યો હતો. દિગ્વિજયમાં, રાજસ્થાન સરકારે રાજ્યમાં કોઈપણ ડીલર દ્વારા સિમેન્ટના આંતર–રાજ્ય વેચાણ પરનો વેચાણ વેરો ઘટાડીને ૪% કર્યો હતો. ગુજરાતમાં સિમેન્ટના ઉત્પાદકો દ્વારા સદર જાહેરનામાને ભેદભાવપૂર્ણ અને અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર ગણાવીને પડકારવામાં આવ્યું હતું. ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની વિ. સ્ટેટ ઓફ મદ્રાસ એ.આઈ.આર. ૧૯૬૩ એસ.સી. ૯૨૮ અને સ્ટેટ ઓફ મદ્રાસ વિ. એન.કે. નટરાજ મુદલિયાર (૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯ ના અગાઉના નિર્ણયો પર આધાર રાખીને, આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ:—

> "૨૪. વાદગ્રસ્ત જાહેરનામાઓ ગુજરાત રાજ્ય અને રાજસ્થાન રાજ્ય વચ્ચે વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને અટકાવવાની અસર ધરાવતા હતા

તેવી અરજદારોના વિદ્વાન કાઉન્સેલની દલીલ સાથે અમે સંમત થવામાં અસમર્થ છીએ. રાજસ્થાન રાજ્ય દ્વારા કરના દરમાં ઘટાડો અન્ય રાજ્યોના સિમેન્ટના ઉત્પાદકો સાથેની સ્પર્ધામાં તે રાજ્યની બહાર સિમેન્ટ વેચવામાં તે રાજ્યના સ્થાનિક સિમેન્ટ ઉત્પાદકોને ફાયદો કરાવવાની અસર ધરાવતો હતો. સદર જાહેરનામાઓએ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સિમેન્ટની મુક્ત હેરફેરને અવરોધી ન હતી. ગુજરાતમાંથી રાજસ્થાનમાં સિમેન્ટની હેરફેરને અસર થઈ ન હતી. એકમાત્ર અસર એ હતી કે અરજદારોએ દેશના અન્ય ભાગોમાં વધુ કઠિન સ્પર્ધાનો સામનો કરવો પડ્યો હતો. આને અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર કહી શકાય નહીં. બીજી બાજુ, વેચાણ વેરાનો અવરોધ ઘટ્યો હતો જેના પરિણામે આંતર–રાજ્ય વેપારના જથ્થામાં વધારો થયો હતો."

૧૪૧. બંધારણ સભાની ચર્ચાઓ અને વિડીયો ઈલેક્ટ્રોનિક્સ તથા દિગ્વિજયના નિર્ણયો પરથી એ ફલિત થાય છે કે આર્થિક એકતાનો અર્થ આર્થિક એકરૂપતા નથી. સમવાયી વ્યવસ્થામાં, કેટલાક રાજ્યો અન્ય રાજ્યોની સરખામણીમાં ઓછા વિકસિત હોઈ શકે છે. રાજ્યોના પછાત વિસ્તારોના વિકાસને પ્રોત્સાહિત કરવા માટે, રાજ્ય સરકાર વેચાણ વેરામાં રાહતો અને મુક્તિઓ આપીને અથવા નાણાકીય સબસિડી આપીને ઉદ્યોગોને પ્રોત્સાહિત કરી શકે છે. જ્યારે મર્યાદિત સમયગાળા માટે ઉદ્યોગોના કોઈ ચોક્કસ વર્ગને આવું પ્રોત્સાહન આપવામાં આવે છે, ત્યારે રાજ્ય સરકારનું પગલું ભેદભાવપૂર્ણ હોતું નથી; બલ્કે તેનો હેતુ આર્થિક સમાનતા સુનિશ્ચિત કરવાનો હોય છે.

૧૪૨. વિડીયો ઈલેક્ટ્રોનિક્સ અને દિગ્વિજયમાં, આ કોર્ટે ઠેરવેલ કે રાજ્ય માટે એવું કર માળખું તૈયાર કરવું બંધારણીય રીતે અનુમતિપાત્ર છે કે જે રાજ્યોની વિશિષ્ટ આર્થિક વાસ્તવિકતાઓને ધ્યાનમાં લે છે. દેશના સંતુલિત આર્થિક વિકાસ માટે અને ઓછા વિકસિત રાજ્યો અન્ય રાજ્યો સાથે સમાન ધોરણે સ્પર્ધા કરવા સક્ષમ બને તે સુનિશ્ચિત કરવા માટે, પ્રાદેશિક અસમાનતાઓનું નિરાકરણ લાવવું જ જોઈએ. સંવિધાનની કામગીરીની સમીક્ષા માટેના રાષ્ટ્રીય પંચ દ્વારા અવલોકન કરવામાં આવ્યું છે તે મુજબ, વ્યાપક પ્રાદેશિક અસમાનતાઓ એક વાસ્તવિકતા બની ગઈ છે અને તેથી તે ભારતના ભાવિ આર્થિક વિકાસ માટે અવરોધ ઊભો કરી શકે છે.

૧૪૩. સંવિધાનના મૂળભૂત લક્ષણ તરીકે સમવાયતંત્ર સાથે ભારત રાજ્યોનો સંઘ છે. જોકે, રાજ્યોની મહેસૂલ એકત્ર કરવાની સત્તા સમવાયી માળખા દ્વારા મર્યાદિત થયેલી છે. તેથી, તે અત્યંત મહત્વપૂર્ણ છે કે રાજ્યો પૂરતી મહેસૂલ પેદા કરીને પોતાના આર્થિક અને વિકાસલક્ષી લક્ષ્યોને સાકાર કરવા માટે સશક્ત બને. આ સંદર્ભમાં, એવું કહેવું કે સ્થાનિક રીતે નિર્મિત કે ઉત્પાદિત માલ પર તે જ સમયે કર લાદ્યા વિના રાજ્યો આયાતી માલ પર પ્રવેશ કર લાદી શકતા નથી, તે માત્ર રાજ્યોની વિકાસલક્ષી જરૂરિયાતોને પાંગળી જ નહીં બનાવે, પરંતુ તેમને કેન્દ્ર તરફથી મળતી નાણાકીય સહાય પર નિર્ભર રહેવા તરફ પણ ધકેલી દેશે. આપણા સંવિધાનની સમવાયી ભાવના એવી પરિસ્થિતિની પરવાનગી આપી શકે નહીં જ્યાં પૂરતા મહેસૂલી સ્ત્રોતની પહોંચ વિના, રાજ્યો પોતાના સાર્વભૌમ અને કલ્યાણકારી કાર્યો કરવા માટે જરૂરી મહેસૂલ જાળવી રાખવામાં અસમર્થ

બને, જેમાં રાજ્યના લોકોને મૂળભૂત સુવિધાઓ અને ગરિમાપૂર્ણ માનવ જીવન પૂરું પાડવાનો પણ સમાવેશ થાય છે.

૧૪૪. અગાઉ ચર્ચા કર્યા મુજબ, દેશનો વિકાસ દેખીતી રીતે અસંતુલિત અને અસમાન છે. યોજના પંચ અને ક્રમશઃ નાણા પંચોના નિષ્ઠાપૂર્વકના પ્રયાસો છતાં, પ્રાદેશિક અસમાનતાઓને દૂર કરી શકાઈ નથી અને બલ્કે વિકસિત અને પછાત રાજ્યો વચ્ચેનું અંતર સમય જતાં વધુ પહોળું થયું છે. સમવાયી રાજ્યવ્યવસ્થામાં, આર્થિક એકતાની સંકલ્પનાનું પોષણ થવું જોઈએ, પરંતુ પછાત રાજ્યોના આર્થિક વિકાસ વિના તેને ટકાવી શકાય નહીં. તે સંદર્ભમાં, જ્યારે કોઈ રાજ્ય અન્ય રાજ્યોના ઉત્પાદકો સાથે સ્પર્ધા કરવા માટે સક્ષમ બનાવવા હેતુથી નવા સ્થપાયેલા ઉદ્યોગોને અથવા સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા માટે વેચાણ વેરાના દરમાં રાહત કે ઘટાડો આપે છે, ત્યારે તે આર્થિક વિકાસ અને આર્થિક એકતાના અંતિમ ઉદ્દેશ્યને પૂર્ણ કરવા માટે કરવામાં આવે છે. આનાથી સ્થાનિક ઉત્પાદકોની તરફેણમાં સમાન સ્પર્ધાત્મક તકના ક્ષેત્રમાં થોડો ઝુકાવ આવી શકે છે અથવા સાથી રાજ્યોના ઉત્પાદકોને ગેરલાભ થઈ શકે છે; પરંતુ તેને ભેદભાવપૂર્ણ અને અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરનાર કહી શકાય નહીં.

૧૪૫. હું આ મુદ્દા પર મારા તારણનો નીચે મુજબ સારાંશ આપું છું:—

હું દિગ્વિજય અને વિડીયો ઈલેક્ટ્રોનિક્સમાં બંધારણીય બેંચના મંતવ્યો સાથે સંમત થાઉં છું, પરંતુ મહાવીર ઓઈલ મિલ્સના મંતવ્યોનું સમર્થન કરતો

નથી. તદનુસાર, લક્ષ્મી પેપર માર્ટમાં પ્રસ્થાપિત કાયદો, જે મહાવીર ઓઈલ્સ પર આધાર રાખે છે, તેને પણ કાયદાની દ્રષ્ટિએ અમાન્ય ઠેરવવામાં આવે છે. વધુમાં, ઈન્ડિયન સિમેન્ટ પર કોઈ વિચારણા કરવાની જરૂર નથી કારણ કે દિગ્વિજયમાં તેને સ્પષ્ટપણે રદબાતલ કરવામાં આવ્યો છે. આ સંબંધમાં તારણોનો નીચે મુજબ સારાંશ આપી શકાય છે:—

સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલા માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય તો તે અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો નથી; રાજ્યમાં ઉત્પાદન/નિર્માણને પ્રોત્સાહિત કરવા માટે સ્થાનિક ઉત્પાદકોને આપવામાં આવેલ કરના દરમાં રાહતનું કોઈપણ પ્રોત્સાહન/લાભ ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં.

જ્યારે કોઈ સ્થાનિક માલનું ઉત્પાદન ન થતું હોય ત્યારે અનુચ્છેદ ૩૦૪(એ) ના પ્રત્યાઘાતો:—

૧૪૬. રાજ્ય કાયદા દ્વારા આયાતી માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે કે જે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર લાદવામાં આવતો હોય. કરદાતાઓની એવી રજૂઆત છે કે જ્યારે કોઈ રાજ્ય તેના પ્રદેશની અંદર માલનું ઉત્પાદન કે નિર્માણ કરતું ન હોય ત્યારે તે સમાન આયાતી માલ પર કર લાદવા માટે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા તેને પ્રદાન કરવામાં આવેલી સત્તાનો આશરો લઈ શકે નહીં. પોતાની દલીલોના સમર્થનમાં, કરદાતાઓએ કલ્યાણી સ્ટોર્સ વિ. સ્ટેટ ઓફ ઓરિસ્સા (૧૯૬૬) ૧ એસ.સી.આર. ૮૬૫ પર આધાર રાખ્યો હતો,

જ્યાં ઓરિસ્સા રાજ્યમાં કોઈપણ વિદેશી દારૂનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હતું પરંતુ ઓરિસ્સા રાજ્યમાં આયાત કરવામાં આવતા વિદેશી દારૂ પર કર લાદવામાં આવ્યો હતો. જ્યારે તે ઉઘરાતને અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરનાર ગણાવીને પડકારવામાં આવી, ત્યારે એવું ઠેરવવામાં આવ્યું હતું કે:—

> "૭. ....વધારેલા દરે જકાત લાદતું જાહેરનામું સંપૂર્ણપણે એક નાણાકીય માપદંડ છે અને તેને જાહેર હિતમાં વેપારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણ કહી શકાય નહીં. અનુચ્છેદ ૩૦૧ એ સમગ્ર ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા જાહેર કરી છે, અને તે સ્વતંત્રતા પરના નિયંત્રણને ત્યારે જ વાજબી ઠેરવી શકાય જો તે અનુચ્છેદ ૩૦૪ ની અંદર આવતું હોય. નિયંત્રણની વાજબીતા જે હેતુ માટે નિયંત્રણ લાદવામાં આવ્યું છે તેના પ્રકાશમાં નક્કી કરવી પડશે, એટલે કે, "જાહેર હિતમાં જરૂરી હોય તે મુજબ". "જાહેર હિતમાં જરૂરી" શું ગણી શકાય તેના સંપૂર્ણ વર્ગીકરણમાં પ્રવેશ્યા વિના, એવું કહી શકાય કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કાયદેસર રીતે લાદવામાં આવી શકે તેવા નિયંત્રણો એવા છે કે જે પ્રદેશની અંદર જાહેર આરોગ્ય, સલામતી, નૈતિકતા અને સંપત્તિનું રક્ષણ કરવા માંગે છે. અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ સત્તાનો ઉપયોગ ત્યારે જ અસરકારક બની શકે જો અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર લાદવામાં આવેલ કર અથવા જકાત અને તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર લાદવામાં આવેલ કર અથવા જકાત એવી હોય કે જેથી આયાતી માલ સામે કોઈ ભેદભાવ ન હોય. ઓરિસ્સા

રાજ્યમાં કોઈ વિદેશી દારૂનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોવાથી અનુચ્છેદ ૩૦૪ દ્વારા આપવામાં આવેલી કાયદો ઘડવાની સત્તા ઉપલબ્ધ નથી અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ દ્વારા વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર કરાયેલ નિયંત્રણ નિરંકુશ રહે છે." [ભાર ઉમેરેલ છે]

કરદાતાઓ વતી વિદ્વાન કાઉન્સેલે એવી દલીલ કરવા માટે કલ્યાણી સ્ટોર્સ પર આધાર રાખ્યો છે કે રાજ્ય માટે પ્રવેશ કર લાદવાનો એકમાત્ર માર્ગ અનુચ્છેદ ૩૦૪(એ) છે અને તેનો લાભ ત્યારે જ મેળવી શકાય છે જ્યારે ભેદભાવ અટકાવવા માટે રાજ્યની અંદર સમાન માલનું ઉત્પાદન થતું હોય. જોકે, કલ્યાણી સ્ટોર્સમાં પ્રસ્થાપિત કાયદો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ લાદવામાં આવેલા પ્રવેશ કરના કિસ્સામાં લાગુ કરી શકાય નહીં. કલ્યાણી સ્ટોર્સનો સિદ્ધાંત યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ હેઠળ લાદવામાં આવતા દારૂના વેચાણ પર લાદવામાં આવતી કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી પૂરતો મર્યાદિત ઉપયોગ ધરાવે છે અને તે પણ અત્યાર સુધી તે વાસ્તવમાં જે મર્યાદિત હદ સુધી અમલમાં છે તેટલા પૂરતો જ. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ હેઠળ રાજ્યમાં નિર્મિત કે ઉત્પાદિત આલ્કોહોલિક પીણાં વગેરે પર કાઉન્ટરવેઇલિંગ એક્સાઇઝ ડ્યુટી અને ભારતમાં અન્યત્ર નિર્મિત કે ઉત્પાદિત સમાન માલ પર સમાન કે તેથી વધુ દરે કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી લાદવાની સત્તા યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળની ઉઘરાત કરતાં તત્ત્વતઃ ભિન્ન છે અને તેથી, પૂર્વોક્ત સંબંધિત કાયદાનું અર્થઘટન પાછળના પર લાગુ કરી શકાય નહીં.

૧૪૭. વધુમાં, કલ્યાણી સ્ટોર્સે અનુચ્છેદ ૩૦૪ માં રહેલા નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ "અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં...." પર ધ્યાન આપ્યું હોય તેમ જણાતું નથી. નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝને અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ ના તત્ત્વને અનુરૂપ યોગ્ય રીતે સમજવો જોઈએ. રાજ્ય વિધાનમંડળની સત્તાનો સાચો સ્ત્રોત ભાગ ૧૧ માં, અનુચ્છેદ ૨૪૬ અને યાદી ૨ ની પ્રવિષ્ટિઓ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ માં રહેલો છે. અનુચ્છેદ ૩૦૪ એ સત્તાનો સ્ત્રોત નથી; તે સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિઓ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓનું અમુક મર્યાદાઓ સાથે પુનઃનિરૂપણ સમાવિષ્ટ કરે છે.

૧૪૮. કલ્યાણી સ્ટોર્સમાં લેવાયેલા કડક અભિપ્રાયને સ્ટેટ ઓફ કેરળ વિ. અબ્દુલ કાદિર અને અન્ય (૧૯૬૯) ૨ એસ.સી.સી. ૩૬૩ માં હળવો કરવામાં આવ્યો હતો. કેરળ રાજ્યે બહારથી રાજ્યમાં આયાત કરવામાં આવતા તમાકુ પર કર લાધો હતો. કેરળ રાજ્યની અંદર કોઈ તમાકુનું નિર્માણ કે ઉત્પાદન થતું ન હતું. કોર્ટે, કર કાયદા સામેના પડકાર પર, તમાકુ પરના કરની ઉઘરાતને માન્ય રાખી હતી અને અવલોકન કર્યું હતું કે સાચો અભિગમ એ જોવાનો હતો કે શું વાદગ્રસ્ત કર અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને અવરોધતો હતો કે કેમ. કોર્ટે જણાવ્યું હતું કે તમાકુ પર કર લાદવાથી વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહમાં કોઈ અવરોધ ઊભો થતો ન હતો.

૧૪૯. અનુચ્છેદ ૩૦૪(એ) નો પ્રથમ ભાગ અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવાની રાજ્યની સત્તાનું પુનઃનિરૂપણ કરે છે. અનુચ્છેદ ૩૦૪(એ) નો બીજો ભાગ રાજ્ય વિધાનમંડળની સત્તા પર મર્યાદા મૂકે છે. તે એવી જોગવાઈ કરે છે કે રાજ્ય આયાતી માલ પર માત્ર એવી રીતે જ કર લાદી શકે કે જેથી સ્થાનિક રીતે ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ સાથે તેનો ભેદભાવ ન થાય, એટલે કે આંતરિક સમાન માલની સરખામણીમાં બિન–ભેદભાવની મર્યાદા. જ્યારે એવી પરિસ્થિતિ ઊભી થાય છે જ્યાં તે રાજ્યમાં કોઈ સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું નથી, ત્યારે કર માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ના વ્યાપમાં આવતો નથી; મર્યાદા દૂર થઈ જાય છે પરંતુ કર લાદવાની સત્તા કાયમ રહે છે. રાજ્યની કર લાદવાની સાર્વભૌમ અને સંપૂર્ણ સત્તાને એવી મર્યાદાને આધીન બનાવીને નિર્બળ કરી શકાય નહીં કે રાજ્ય માત્ર તેવા જ માલ પર કર લાદી શકે કે જે તેના પ્રદેશની અંદર પણ ઉત્પાદિત થતો હોય.

૧૫૦. આ બાબતને એક ઉદાહરણ દ્વારા વધુ સારી રીતે સમજાવી શકાય છે: ઝિંક (જસત) એ લોખંડ અને સ્ટીલના ગેલ્વેનાઇઝેશનમાં વપરાતો એક મહત્વપૂર્ણ ખનિજ સ્ત્રોત છે. તેનો ઉપયોગ ઓટોમોટિવ, ઇલેક્ટ્રિકલ અને મશીનરી ઉદ્યોગોમાં પણ થાય છે. હરિયાણા પાસે ઝિંક અયસ્ક (કાચી ધાતુ) નથી, જોકે, તેની પાસે ઉપર જણાવેલ ઉદ્યોગો છે. જો ઓડિશા કે રાજસ્થાનમાંથી ઝિંકની આયાત કરવામાં આવે, તો હરિયાણા રાજ્ય તેના પર કર લાદી શકે છે, ભલે ઝિંકનું કોઈ સ્થાનિક ઉત્પાદન ન હોય. તેનો અર્થ એ નથી કે આયાતી ઝિંક

સામે ભેદભાવ છે. ભેદભાવમાં ઈરાદાપૂર્વકના અને સહેતુક વિભેદનું તત્વ સમાવિષ્ટ હોય છે; તુલનાત્મક માલ વિના આયાતી ઝિંક સાથે અસમાન વ્યવહાર અથવા ભેદભાવ થઈ શકે નહીં. આમ, રાજ્યનો કાયદો કે જે આયાતી માલ પર કર લાદે છે જ્યાં સમાન માલ તે રાજ્યમાં નિર્મિત કે ઉત્પાદિત થતો નથી, તે અનુચ્છેદ ૩૦૪(એ) ની જરૂરિયાતને પૂર્ણ કરશે અને ભેદભાવનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં.

૧૫૧. એ સાચું છે કે જ્યારે રાજ્યની અંદર સમાન માલનું ઉત્પાદન થતું ન હોય, ત્યારે અન્ય રાજ્યોમાંથી કર લાદતા રાજ્યમાં લાવવામાં આવતા આવા માલ પર કરના ઊંચા દરની શક્યતાઓ રહે છે પરંતુ તેનો અર્થ એ નથી કે આવા માલને કરમાંથી સંપૂર્ણ રક્ષણ મળવું જોઈએ. કર લાદતા રાજ્યની અંદર કોઈ સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું નથી તે કારણસર આયાત કરાયેલા માલ પર કર લાદવાની રાજ્યની સત્તાને સંકુચિત કરી શકાય નહીં. આવા માલ પર અતિશય કરવેરાને અનુચ્છેદ ૧૯(૬) અને અનુચ્છેદ ૧૪ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૧૯(૧)(જી) માં ભાગ ૩ હેઠળ પડકારવા માટે ખુલ્લો રહેશે. આ અવલોકનો સાથે, હું ઠેરવું છું કે જ્યારે રાજ્યની અંદર કોઈ સમાન સ્થાનિક માલનું ઉત્પાદન થતું ન હોય ત્યારે આયાતી માલ પર કર લાદવાની સત્તા છીનવાઈ જતી નથી અને તેથી, કલ્યાણી સ્ટોર્સમાં પ્રસ્થાપિત કરવામાં આવેલો કાયદો યોગ્ય કાયદો નથી.

આયાતી માલ પર પ્રવેશ કરની ઉઘરાત:—

૧૫૨. મોટાભાગના રાજ્યો દેશની બહારથી આયાત કરાયેલા માલ પર જ્યારે તેઓ સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશ કરે છે ત્યારે પ્રવેશ કર લાદે છે. જે મુદ્દો ઉપસ્થિત થાય છે તે એ છે કે શું રાજ્ય વિધાનમંડળ અન્ય દેશોમાંથી આયાત કરાયેલા માલ પર જ્યારે તેઓ સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશ કરે છે ત્યારે પ્રવેશ કર લાદવા માટે સક્ષમ છે કે કેમ.

૧૫૩. કરદાતાઓની એવી દલીલ છે કે કસ્ટમ્સ સરહદો પાર આયાત અને નિકાસ યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧ દ્વારા આવરી લેવાયેલ છે; નિકાસ જકાત સહિત કસ્ટમ્સ જકાત સાતમી અનુસૂચિની યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ દ્વારા આવરી લેવાયેલ છે અને આમ "નિકાસ જકાત સહિત કસ્ટમ્સ જકાત સહિત કસ્ટમ્સ સરહદો પાર આયાત/નિકાસ" ને લગતા વ્યવહારો સંસદના અનન્ય ક્ષેત્રાધિકારમાં આવે છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે સંવિધાનના અનુચ્છેદ ૨૮૬ ના ખંડ ૧(ડી) નો આદેશ સરહદો પાર આયાત અને નિકાસ (યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧) અને "નિકાસ જકાત સહિત કસ્ટમ્સ જકાત" (યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩) ના સંબંધમાં સંઘની વૈધાનિક સત્તામાં દખલ ન થાય તે માટે રાજ્યને વેચાણ વેરો લાદતા અટકાવે છે. એવી દલીલ કરવામાં આવે છે કે જો રાજ્યને દેશની બહારથી આયાત કરાયેલા માલ પર યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ હેઠળ પ્રવેશ કર લાદવાની મંજૂરી આપવામાં આવે, તો તે 'આયાતી માલ પર કર' લાદવા સમાન બનશે જે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧ અને પ્રવિષ્ટિ ૮૩ હેઠળ સંસદની સત્તાઓનું સ્પષ્ટ અતિક્રમણ છે.

૧૫૪. તેનાથી વિપરીત, રાજ્યો એવી દલીલ કરે છે કે એકવાર કસ્ટમ્સ ડ્યુટીની ચુકવણી પર આયાતી માલ ક્લિયર થઈ જાય, તે પછી માલ ભારતમાં માલના સમૂહ સાથે ભળી જાય છે અને જ્યારે આવો આયાતી માલ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ કરે છે, ત્યારે રાજ્યો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ પોતાની વૈધાનિક સત્તાનો ઉપયોગ કરીને પ્રવેશ કર લાદવા માટે તેમની વૈધાનિક સક્ષમતાની સંપૂર્ણ મર્યાદામાં છે. રાજ્યો વતી કાઉન્સેલે અમારી સમક્ષ એવી રજૂઆત કરી છે કે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ હેઠળની કરપાત્ર ઘટના અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળની કરપાત્ર ઘટના ભિન્ન છે; યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ ના સંદર્ભમાં કરપાત્ર ઘટના એ આયાતનું કૃત્ય છે એટલે કે વિદેશમાંથી ભારતમાં માલ લાવવો, જ્યારે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો પ્રવેશ છે. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧, જે વિદેશી દેશો સાથેના વેપાર અને વાણિજ્ય, કસ્ટમ્સ સરહદો પાર આયાત અને નિકાસ અને કસ્ટમ્સ સરહદોની વ્યાખ્યા સાથે સંબંધિત છે, તેને યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ સાથે વાંચવી પડશે.

**"આયાત" શબ્દનો અર્થ:—**

૧૫૫. "આયાત" એટલે કોઈપણ કસ્ટમ્સ સરહદ પાર સમુદ્ર અથવા હવાઈ માર્ગે લાવવું અથવા લઈ જવું. કસ્ટમ્સ એક્ટની કલમ ૨(૨૩) માં આયાત

અને કલમ ૨(૨૫) માં આયાતી માલની વ્યાખ્યા નીચે મુજબ આપવામાં આવી છે:—

"(૨૩) "આયાત", તેના વ્યાકરણના રૂપો અને સજાતીય અભિવ્યક્તિઓ સાથે, એટલે ભારત બહારના કોઈ સ્થળેથી ભારતમાં લાવવું;

....

(૨૫) "આયાતી માલ" એટલે ભારત બહારના કોઈ સ્થળેથી ભારતમાં લાવવામાં આવેલ કોઈપણ માલ, પરંતુ તેમાં એવા માલનો સમાવેશ થતો નથી જેને ઘરેલું વપરાશ માટે ક્લિયર કરવામાં આવેલ હોય;"

૧૫૬. "આયાત" શબ્દનો અર્થ પી. રામનાથ ઐયરના "ધ મેજર લો લેક્સિકન", ૪થી આવૃત્તિ ૨૦૧૦ માં નીચે મુજબ સમજાવવામાં આવ્યો છે:—

""આયાત" શબ્દનો અર્થ વિદેશમાંથી દેશમાં વેપારી માલ લાવવો એવો થાય છે અને તે "નિકાસ" શબ્દથી સીધો વિપરીત છે જેનો અર્થ વાણિજ્યમાં માલસામાન તરીકે રાજ્ય અથવા દેશમાંથી બહાર લઈ જવો એવો થાય છે. "નિકાસ" શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્રની દ્રષ્ટિએ "બહાર લઈ જવું" દર્શાવે છે અને "આયાત" નો અર્થ "અંદર લાવવું" થાય છે. તેનો વાણિજ્યિક અર્થ "નિકાસ" શબ્દથી તદ્દન વિરોધી છે. વિદેશમાંથી દેશમાં લાવવામાં આવેલ માલ. અમુક માલની આયાત, જેમ કે કૉપિરાઇટ

પુસ્તકોના અધિકૃત પુનઃમુદ્રણો, નકલી સિક્કા અને અશિષ્ટ અથવા અશ્લીલ મુદ્રણો સ્પષ્ટપણે પ્રતિબંધિત છે અને અમુક અન્ય માલ, જેમ કે વાઇન, સ્પિરિટ્સ અને તમાકુના સંબંધમાં, તેમની આયાતના સ્થળ અને રીતભાત અંગે નિયંત્રણો લાદવામાં આવે છે. વેચાણ માટે વિદેશમાંથી દેશમાં લાવવામાં આવેલ માલ અથવા સેવાઓ, અથવા આવા માલ કે સેવાઓ લાવવા." (ટ્રેડ ફાઇનાન્સ એન્ડ બેંકિંગ) [પૃષ્ઠ ૩૨૦૭]

૧૫૭. તેવી જ રીતે, ધ ફોરેન ટ્રેડ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ (૧૯૯૨ નો ૨૨) ની કલમ ૨(ઈ) મુજબ, "આયાત" અને "નિકાસ" નો અર્થ અનુક્રમે જમીન, સમુદ્ર અથવા હવાઈ માર્ગે કોઈપણ માલ ભારતમાં લાવવો અથવા ભારત બહાર લઈ જવો એવો થાય છે.

૧૫૮. કસ્ટમ્સ સરહદો પાર "આયાત" અને "નિકાસ" તેમજ 'કસ્ટમ્સ સરહદો' ની વ્યાખ્યા યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧ દ્વારા આવરી લેવાયેલ છે અને "નિકાસ જકાત સહિત કસ્ટમ્સ જકાત" સાતમી અનુસૂચિની યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ દ્વારા આવરી લેવાયેલ છે. સાતમી અનુસૂચિની યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧ અને પ્રવિષ્ટિ ૮૩ નીચે મુજબ વંચાય છે:—

"૪૧. વિદેશી દેશો સાથે વેપાર અને વાણિજ્ય; કસ્ટમ્સ સરહદો પાર આયાત અને નિકાસ; કસ્ટમ્સ સરહદોની વ્યાખ્યા.

૮૩. નિકાસ જકાત સહિત કસ્ટમ્સ જકાત."

૧૫૯. ધ ટેરિટોરિયલ વૉટર્સ, કોન્ટિનેન્ટલ શેલ્ફ, એક્સક્લુઝિવ ઇકોનોમિક ઝોન એન્ડ અધર મેરીટાઇમ ઝોન્સ એક્ટ, ૧૯૭૬ ની કલમ ૫(૧) સાથે વંચાણે લેતાં કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૨(૨૮) મુજબ, 'ઇન્ડિયન કસ્ટમ્સ વૉટર્સ' નો અર્થ કન્ટિગ્યુઅસ ઝોનની સીમા સુધી સમુદ્રમાં વિસ્તરેલું જળ થાય છે, એટલે કે એવી રેખા, જેનું પ્રત્યેક બિંદુ બેઝ લાઇનના સૌથી નજીકના બિંદુથી ૨૪ નોટિકલ માઇલના અંતરે હોય. આ વ્યાખ્યાઓ કસ્ટમ્સ સરહદને વ્યાખ્યાયિત કરે છે.

૧૬૦. વહાણ/વિમાનમાં આયાત કરાયેલા માલને દેશમાં ક્લિયર કરવામાં આવે તે પહેલાં કસ્ટમ્સ જકાતની ચુકવણી જરૂરી બને છે. સિવાય કે તે ચોક્કસ વહાણ/વિમાન દ્વારા આગમનના બંદર/વિમાનમથક પર કસ્ટમ્સ ક્લિયરન્સ માટે ન હોય અને તે જ વહાણ/વિમાન દ્વારા ટ્રાન્ઝિટ માટે અથવા અન્ય કસ્ટમ્સ સ્ટેશન પર કે ભારત બહારના કોઈપણ સ્થળે ટ્રાન્સ-શિપમેન્ટ માટે નિર્ધારિત હોય, આયાતકારોએ ઉતારવામાં આવેલા માલની વિગતવાર કસ્ટમ્સ ક્લિયરન્સ ઔપચારિકતાઓનું પાલન કરવું પડે છે. જે માલ ઉતારવામાં આવે છે તેના સંબંધમાં, આયાતકારો પાસે વસૂલવાપાત્ર જકાત ચૂકવ્યા પછી તેને ઘરેલું વપરાશ માટે ક્લિયર કરવાનો અથવા કસ્ટમ્સ એક્ટમાં નિર્ધારિત વેરહાઉસિંગની જોગવાઈઓ અનુસાર વસૂલવાપાત્ર જકાતની તાત્કાલિક ચુકવણી કર્યા વિના તેને વેરહાઉસિંગ માટે ક્લિયર કરવાનો વિકલ્પ હોય છે. કલમો ૪૫ થી ૪૮ ઘરેલું વપરાશ માટે આયાતી માલના ક્લિયરન્સ સાથે સંબંધિત છે. કલમ ૪૬ મુજબ, દરેક આયાતકારે વિનિયમો દ્વારા નિર્ધારિત નમૂનામાં ઘરેલું વપરાશ

અથવા વેરહાઉસિંગ માટે માલના ક્લિયરન્સ માટે બિલ ઓફ એન્ટ્રી ફાઇલ કરવી જરૂરી છે. કસ્ટમ્સ એક્ટની કલમ ૪૭ મુજબ, યોગ્ય અધિકારી એવી ખાતરી થવા પર કે ઘરેલું વપરાશ માટે દાખલ કરાયેલ માલ પ્રતિબંધિત માલ નથી અને આયાતકારે આયાત જકાત ચૂકવી દીધી છે તેમજ નિર્ધારિત ઔપચારિકતાઓ યોગ્ય રીતે પૂર્ણ કરવામાં આવી છે તેવી ખાતરી થયા પછી, ઘરેલું વપરાશ માટે માલના ક્લિયરન્સનો હુકમ કરે છે. સ્પષ્ટપણે કસ્ટમ્સ એક્ટનું પ્રકરણ ૯ વેરહાઉસિંગ, આયાતી માલ રાખવા અને તેના ક્લિયરન્સ માટેની એક સુવિધા છે. કલમ ૬૮ આયાતકાર દ્વારા ઘરેલું વપરાશ માટે વેરહાઉસ કરેલા માલના ક્લિયરન્સની જોગવાઈ કરે છે. કલમ ૬૮ હેઠળ, બિલ ઓફ એન્ટ્રી રજૂ કરીને, આયાત જકાત વગેરે ચૂકવીને અને ક્લિયરન્સ માટેનો હુકમ મેળવીને વેરહાઉસ કરેલા માલને ઘરેલું વપરાશ માટે ક્લિયર કરી શકાય છે.

૧૬૧. જે ક્ષણે આયાતી માલ સદર અધિનિયમની કલમ ૪૭ હેઠળ અથવા કસ્ટમ્સ એક્ટની કલમ ૬૮ હેઠળ ઘરેલું વપરાશ માટે ક્લિયર કરવામાં આવે છે, તે જ ક્ષણે આયાતી માલ દેશમાં માલના સમૂહ સાથે ભળી જાય છે અને સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ કરે છે. ભારતના રાજ્યક્ષેત્રમાં માલની આયાત અને દેશની અંદર માલનું પરિવહન એ અભિન્ન નથી. માલની આયાત તથા કસ્ટમ્સ ક્લિયરન્સ અને સ્થાનિક વિસ્તારોમાં માલનો પ્રવેશ એ બે અલગ–અલગ ઘટનાઓ છે. કસ્ટમ્સ ડ્યુટીના કિસ્સામાં, કરપાત્ર ઘટના એ ભારતના રાજ્યક્ષેત્રમાં માલનો પ્રવેશ છે. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ કરપાત્ર ઘટના એ સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો પ્રવેશ

છે. આ બંને કરપાત્ર ઘટનાઓ કાયદાની દ્રષ્ટિએ અલગ છે અને તેમાં કોઈ અતિવ્યાપ્તિ નથી.

૧૬૨. ભારતીય સંવિધાન હેઠળ, કર સંબંધિત સત્તાઓની વહેંચણી પરસ્પર અપવર્જક રીતે અને મિલકત અથવા માલના વિવિધ પાસાઓના સંદર્ભમાં ખૂબ જ વિગતવાર કરવામાં આવી છે. પ્રોવિન્સ ઓફ મદ્રાસ વિ. મેસર્સ બોડ્ડુ પૈડન્ના એન્ડ સન્સ એ.આઈ.આર. ૧૯૪૨ એફ.સી. ૩૩ = ૧૯૪૨ એફ.સી.આર. ૯૦ માં ઉત્પાદન અને વેચાણ પર ઉત્પાદક દ્વારા ચૂકવવાપાત્ર એક્સાઇઝ ડ્યુટી અને વેચાણ વેરા અંગેના મુદ્દા પર વિચારણા કરતાં, ફેડરલ કોર્ટે ઠેરવેલ કે:—

> "જો વેચાણ વેરો ચૂકવનાર કરદાતા કેન્દ્રીય એક્સાઇઝ ડ્યુટીને આધીન હોય તેવી ચીજવસ્તુઓનો ઉત્પાદક અથવા નિર્માતા પણ હોય, તો એક અર્થમાં કોઈ શંકા વિના અતિવ્યાપ્તિ હોઈ શકે છે; પરંતુ કાયદામાં કોઈ અતિવ્યાપ્તિ નથી. તેણે ચૂકવવા પડતા બંને કર આર્થિક રીતે બે અલગ અને ભિન્ન આરોપણ છે. સૈદ્ધાંતિક રીતે કેન્દ્રીય ધારાસભાને કોઈ ચીજવસ્તુ અસ્તિત્વમાં આવે કે તરત જ તેના પર એક્સાઇઝ ડ્યુટી લાદતા અટકાવે તેવું કશું જ નથી, પછી ભલે તે પછી તેનું ગમે તે થાય, ભલે તે વેચાય, વપરાય, નાશ પામે અથવા આપી દેવામાં આવે... ઉત્પાદનની હકીકત જ ડ્યુટીને આકર્ષિત કરે છે, ભલે તે પછીથી વસૂલવામાં આવે... વેચાણ વેરાના કિસ્સામાં, કરની જવાબદારી વેચાણના પ્રસંગે ઉદ્ભવે છે,

અને વેચાણને ઉત્પાદન અથવા નિર્માણ સાથે કોઈ અનિવાર્ય સંબંધ નથી.

....બે પૂરક સત્તાઓ છે, જે પ્રત્યેક ચોક્કસ અને નિશ્ચિત શબ્દોમાં વ્યક્ત કરવામાં આવી છે, ત્યારે માલના વેચાણ પર કર લાદવાની પ્રાંતીય સત્તાના ભોગે 'એક્સાઇઝ ડ્યુટી' શબ્દપ્રયોગના અર્થનો વિસ્તાર કરવાનું કોઈ કારણ નથી." [પૃષ્ઠ ૧૦૧]

૧૬૩. ગવર્નર જનરલ ઓફ કાઉન્સિલ વિ. પ્રોવિન્સ ઓફ મદ્રાસ એ.આઇ.આર. ૧૯૪૫ પી.સી. ૯૮ = ૫૮ એલ.ડબલ્યુ. ૨૨૮ માં નીચેના શબ્દોમાં બોડ્ડુ પૈડન્ના ની પુષ્ટિ કરવામાં આવી છે:—

"અહીં ફરીથી તેમના લોર્ડશિપ્સ બોડ્ડુ પૈડન્ના કેસ (૧) માં ફેડરલ કોર્ટના તર્ક અને તારણો સાથે સંપૂર્ણપણે સંમત થાય છે. બંને કર, જેમાંનો એક ઉત્પાદક પર તેના માલના સંબંધમાં લાદવામાં આવે છે, અને બીજો વિક્રેતા પર તેના વેચાણના સંબંધમાં લાદવામાં આવે છે, તે, જેમ કે ત્યાં દર્શાવવામાં આવ્યું છે, એક અર્થમાં ઓવરલેપ થઈ શકે છે. પરંતુ કાયદામાં કોઈ અતિવ્યાપ્તિ નથી. આ કર અલગ અને ભિન્ન આરોપણ છે. જો વાસ્તવમાં તેઓ ઓવરલેપ થાય છે, તો તે એટલા માટે હોઈ શકે છે કારણ કે કરવેરા સત્તામંડળ, એક્સાઇઝ ડ્યુટી લાદતી વખતે, જે ક્ષણે એક્સાઇઝપાત્ર વસ્તુ તેના વેચાણના પ્રસંગે પ્રથમ વખત ફેક્ટરી અથવા વર્કશોપમાંથી બહાર નીકળે તે ક્ષણે તે ડ્યુટી લાદવાનું અનુકૂળ માને છે.

પરંતુ કર વસૂલવાની તે પદ્ધતિ એ વહીવટની એક આકસ્મિકતા છે, તે એક્સાઇઝ ડ્યુટીનો મૂળ સાર નથી જે ખુદ ઉત્પાદન દ્વારા આકર્ષિત થાય છે."

૧૬૪. રામ કિશન રામ નાથ અગ્રવાલ વિ. સેક્રેટરી, મ્યુનિસિપલ કમિટી, કામ્પ્ટી, યુનિયન ઓફ ઈન્ડિયા એ.આઇ.આર. ૧૯૫૦ એસ.સી. ૧૧ માં, જે બીડી ઉત્પાદકને લગતો કેસ હતો જેને એક્સાઇઝ ડ્યુટી અને ઓક્ટ્રોય ચૂકવવી પડતી હતી, તેમાં સુપ્રિમ કોર્ટે ફેડરલ કોર્ટના ચુકાદાને માન્ય રાખ્યો હતો અને ઠેરવ્યું હતું કે 'એક્સાઇઝ ડ્યુટી' એ 'ઉત્પાદક' પરનો કર હતો જ્યારે 'ઓક્ટ્રોય ડ્યુટી' એ ચોક્કસ વિસ્તારમાં 'માલના પ્રવેશ' પરનો 'કર' હતો. તમાકુ જ્યારે ઉત્પાદનના તબક્કે પહોંચે છે ત્યારે તે એક્સાઇઝ ડ્યુટીને આધીન બને છે અને તે ચોક્કસ વિસ્તારમાં માલના પ્રવેશ પરની વસૂલાત સાથે સંઘર્ષમાં આવતી નથી. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે "બે અલગ–અલગ સંજોગોમાંથી ઉદ્ભવતા બે સ્વતંત્ર આરોપણ કાયદામાં માન્ય ન હતા એવું વિચારવું ખોટું છે".

૧૬૫. ગુજરાત અંબુજા સિમેન્ટ લિ. વિ. ભારત સંઘ (૨૦૦૫) ૪ એસ.સી.સી. ૨૧૪ માં, ટ્રાન્સપોર્ટ ઓપરેટરો દ્વારા માલના વહન પર સર્વિસ ટેક્સ લાદવાને સંસદની વૈધાનિક સક્ષમતાની બહાર હોવાના આધારે પડકારવામાં આવ્યો હતો. આ કોર્ટે ઠેરવેલ કે કરના ઉદ્દેશ્ય, કરના ભારણ તેમજ વસૂલાત તંત્ર વચ્ચે ભેદ રહેલો છે. વૈધાનિક સક્ષમતા વસૂલાતના ઉદ્દેશ્યના

સંદર્ભમાં નક્કી કરવાની હોય છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સર્વિસ ટેક્સ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૬ હેઠળનો કર અલગ છે.

૧૬૬. અગાઉ નોંધ્યા મુજબ, આપણા સંવિધાન હેઠળ, કર લાદવાની સત્તામાં કોઈ અતિવ્યાપ્તિ નથી. સંવિધાન સંઘ અને રાજ્યોને કરવેરાની સ્વતંત્ર સત્તાઓ આપે છે. સંઘ અને રાજ્યોની કર લાદવાની સત્તાઓ પરસ્પર અપવર્જક છે. આ બાબત અન્ય સંઘીય સંવિધાનો હેઠળ ઊભી થયેલી મુશ્કેલીઓને ટાળે છે, જેમ કે હોઇસ્ટ ફાર્માસ્યુટિકલ્સ વિ. બિહાર રાજ્ય (૧૯૮૩) ૪ એસ.સી.સી. ૪૫ અને પશ્ચિમ બંગાળ રાજ્ય વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧ માં યોગ્ય રીતે અવલોકન કરવામાં આવ્યું છે.

૧૬૭. અપીલકર્તાઓની અન્ય દલીલ એવી છે કે યુએસ કોર્ટો દ્વારા શરૂઆતમાં લાગુ કરવામાં આવ્યો હતો તે મુજબ યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ ના સંદર્ભમાં 'અનબ્રોકન પેકેજ' નો સિદ્ધાંત લાગુ કરવો જોઈએ. 'અનબ્રોકન પેકેજ' નો સિદ્ધાંત એવી ધારણા રાખે છે કે કસ્ટમ્સ અવરોધ પાર કર્યા પછી પણ જ્યાં સુધી આયાતકારના ગંતવ્ય સ્થાને આયાત કરાયેલ પેકેજ તોડવામાં ન આવે અને માલ બહાર કાઢવામાં ન આવે ત્યાં સુધી માલની આયાત ચાલુ રહે છે. આ દલીલ મુખ્યત્વે રાજ્ય સત્તામંડળો દ્વારા વિદેશી માલ પર પ્રવેશ કર લાદવામાંથી બચાવવા માટે ભારપૂર્વક રજૂ કરવામાં આવી હતી. અપીલકર્તાઓએ દલીલ કરી હતી કે પેકેજ તોડવામાં આવે તે પહેલાં રાજ્ય સત્તામંડળો દ્વારા યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ કોઈ પ્રવેશ કર લાદી શકાય નહીં.

૧૬૮. આવી દલીલમાં એ હકીકતના પ્રકાશમાં કોઈ વજુદ જણાતું નથી કે 'અનબ્રોકન પેકેજ' ના સિદ્ધાંતને માત્ર ભારતીય કોર્ટો દ્વારા જ નહીં, પરંતુ અમેરિકન કોર્ટો દ્વારા પણ નકારી કાઢવામાં આવ્યો છે. અમેરિકન સંદર્ભમાં, પ્રોફેસર ટ્રાઇબના અમેરિકન કોન્સ્ટીટ્યુશનલ લો સ્ટેટ્સ નો સંદર્ભ આપી શકાય છે, જેમાં વિદ્વાન પ્રોફેસરે નીચેના શબ્દોમાં 'અનબ્રોકન પેકેજ' ના સિદ્ધાંતની ટીકા કરી છે:

> "ડોર્મન્ટ કોમર્સ ક્લોઝના સંદર્ભમાં, કોર્ટે ઘણા સમય પહેલાં આંતરરાજ્ય વેપાર પર લાગુ કરાયેલા 'અનબ્રોકન–પેકેજ સિદ્ધાંતને.....વાજબી કરતાં વધુ કૃત્રિમ' ગણાવીને ફગાવી દીધો હતો અને કોર્ટે એવું તારણ કાઢ્યું છે કે કર લાદનાર રાજ્યમાંથી પરિવહન દરમિયાન માલ પર લાદવામાં આવેલા કર વાસ્તવમાં આંતરરાજ્ય વાણિજ્ય પર જ સંભવિત પુનરાવર્તિત કર છે અને તેથી કોમર્સ ક્લોઝ દ્વારા પ્રતિબંધિત છે. પરંતુ આંતરરાજ્ય પરિવહનમાં તેમના સંચલન પહેલાં અથવા આવા પરિવહનની પૂર્ણતા પછી માલ પર લાદવામાં આવેલા બિન–ભેદભાવપૂર્ણ કર એવા કર છે કે જે બહુવિધ રીતે લાગુ થઈ શકતા નથી અને તેથી અધિકારક્ષેત્રની ચકાસણીમાંથી પાર ઉતરવા માટે પૂરતા પ્રમાણમાં સ્થાનિક છે." [પૃષ્ઠ ૧૧૬૨–૧૧૬૩]

૧૬૯. રાજ્યો વતી વિદ્વાન કાઉન્સેલે યોગ્ય રીતે દલીલ કરી હતી કે ચીફ જસ્ટિસ માર્શલ દ્વારા બ્રાઉન વિ. સ્ટેટ ઓફ મેરીલેન્ડ માં પ્રતિપાદિત

'ઓરિજિનલ પેકેજ સિદ્ધાંત' અથવા 'અનબ્રોકન પેકેજ સિદ્ધાંત' ને ભારતીય કોર્ટો દ્વારા પણ સ્પષ્ટપણે નામંજૂર કરવામાં આવ્યો છે. આ સંબંધમાં, પ્રોવિન્સ ઓફ મદ્રાસ વિ. બોડ્ડુ પૈડન્ના એન્ડ સન્સ એ.આઇ.આર. ૧૯૫૨ એફ.સી. ૩૩ = ૧૯૫૨ એફ.સી.આર. ૯૦; બોમ્બે રાજ્ય વિ. એફ.એન. બલસારા (સીબી) એ.આઇ.આર. ૧૯૫૧ એસ.સી. ૩૧૮; ત્રાવણકોર–કોચીન રાજ્ય વિ. શણમુઘા વિલાસ કેશ્યુ નટ ફેક્ટરી (૧૯૫૪) એસ.સી.આર. ૫૩ પર આધાર રાખવામાં આવ્યો છે.

૧૭૦. ગ્રામાફોન કંપની ઓફ ઇન્ડિયા લિ. વિ. બિરેન્દ્ર બહાદુર પાંડે (૧૯૮૪) ૨ એસ.સી.સી. ૫૩૪ માં, આ કોર્ટે ધ કૉપિરાઇટ એક્ટ, ૧૯૫૭ ની કલમ ૫૩ માં "આયાત" શબ્દનું અર્થઘટન કરતી વખતે, નીચેના શબ્દોમાં 'અનબ્રોકન/ઓરિજિનલ પેકેજના સિદ્ધાંત' ને નકારી કાઢ્યો હતો:

> "૩૭. કલકત્તા હાઇકોર્ટે એવું માન્યું હતું કે દેશમાં માલની આયાત ત્યારે જ થઈ હોવાનું કહી શકાય જો સ્થાનિક વિસ્તારમાં મિલકતના સમૂહ સાથે આયાત કરાયેલ માલનું જોડાણ અથવા મિશ્રણ થયું હોય. બીજા શબ્દોમાં કહીએ તો હાઇકોર્ટે અમેરિકન કોર્ટ દ્વારા પ્રતિપાદિત 'ઓરિજિનલ પેકેજ સિદ્ધાંત' પર આધાર રાખ્યો હતો. હાઇકોર્ટ દ્વારા ધ સેન્ટ્રલ ઇન્ડિયા સ્પિનિંગ એન્ડ વીવિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપની લિ. ધી એમ્પ્રેસ મિલ્સ, નાગપુર વિ. મ્યુનિસિપલ કમિટી, વર્ધા [૧૯૫૮] ૧ એસ.સી.આર. ૧૧૦૨ માં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખવામાં

આવ્યો હતો. તે સી.પી. એન્ડ બેરાર મ્યુનિસિપાલિટીઝ એક્ટ હેઠળ ઉદ્ભવેલો એક કેસ હતો અને પ્રશ્ન એ હતો કે 'મ્યુનિસિપાલિટીની હદમાં આયાત કરાયેલા અથવા તેમાંથી નિકાસ કરાયેલા માલ અથવા પશુઓ પર ટર્મિનલ ટેક્સ' લાદવાની સત્તામાં એવા માલ પર કર લાદવાના અધિકારનો સમાવેશ થાય છે કે જે 'વર્ધા ખાતે ન તો ચડાવવામાં આવ્યો હતો કે ન તો ઉતારવામાં આવ્યો હતો પરંતુ મ્યુનિસિપલ વિસ્તારમાંથી માત્ર પસાર કરવામાં આવ્યો હતો'. આ કોર્ટે કહ્યું કે તેમાં સમાવેશ થતો નથી. 'આયાત' શબ્દનો અર્થ માત્ર અંદર લાવવું એટલો જ નહીં પરંતુ તેના કરતાં વિશેષ કંઈક, એટલે કે 'સ્થાનિક વિસ્તારમાં મિલકતના સમૂહ સાથે માલનું જોડાણ અને મિશ્રણ' હોવાનું માનવામાં આવ્યું હતું, અને આમ બ્રાઉન વિ. સ્ટેટ ઓફ મેરીલેન્ડ ૬ એલ. એડ. ૭૮ માં ચીફ જસ્ટિસ માર્શલ દ્વારા 'ઓરિજિનલ પેકેજ સિદ્ધાંત' ના પ્રતિપાદનનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. વિદ્વાન ન્યાયાધીશો દ્વારા તેઓ જે તારણ પર પહોંચ્યા તે તારણ પર પહોંચવા માટે આપેલું અન્ય કારણ એ હતું કે તે વસૂલાત પોતે જ એક 'ટર્મિનલ ટેક્સ' હતી અને તેથી આપેલા સંદર્ભમાં 'આયાત અને નિકાસ' શબ્દોને મુસાફરીના મધ્યવર્તી તબક્કા સાથે નહીં પરંતુ ટર્મિનસ (અંતિમ મુકામ) ના વિચાર સાથે સંબંધ હતો. અમારે કહેવું પડે છે કે આ કેસ ખરેખર અમને કોઈ માર્ગદર્શન આપતો નથી કારણ કે 'ટર્મિનલ ટેક્સ' ના સંદર્ભમાં 'આયાત અને નિકાસ' શબ્દોનું અર્થઘટન કોર્ટ દ્વારા કરવામાં આવ્યું હતું તે સિવાય અન્ય કોઈ રીતે થઈ શકે તેમ ન

હતું. જોકે અમારે કહેવું જ જોઈએ કે ચીફ જસ્ટિસ માર્શલ દ્વારા પ્રતિપાદિત 'ઓરિજિનલ પેકેજ સિદ્ધાંત' જેના પર આધાર રાખવામાં આવ્યો હતો તેને સૌપ્રથમ ફેડરલ કોર્ટ દ્વારા પ્રોવિન્સ ઓફ મદ્રાસ વિ. બોડ્ડુ પૈડન્ના: ૧૯૪૨ એફ.સી.આર. ૯૦ માં અને ફરીથી સુપ્રિમ કોર્ટ દ્વારા બોમ્બે રાજ્ય વિ. એફ.એન. બલસારા માં સ્પષ્ટપણે અસ્વીકાર કરવામાં આવ્યો હતો. દેખીતી રીતે આ નિર્ણયો સેન્ટ્રલ ઇન્ડિયા સ્પિનિંગ એન્ડ વીવિંગ એન્ડ મેન્યુફેક્ચરિંગ કંપની લિ., ધી એમ્પ્રેસ મિલ્સ, નાગપુર વિ. મ્યુનિસિપલ કમિટી, વર્ધા ના કેસનો નિર્ણય કરનાર કોર્ટના ધ્યાને લાવવામાં આવ્યા ન હતા. તેથી અમને આ કેસમાંથી કોઈ મદદ મળતી નથી. અમે કહ્યું તેમ, 'આયાત' શબ્દ જ્યાં વપરાયો છે તેવા અન્ય કાયદાઓનો સંદર્ભ આપીને તેનો અર્થ શોધવા કરતાં કૉપિરાઇટ એક્ટમાં જોવા મળે છે તે મુજબ તેનું અર્થઘટન કરવાનું અમે વધુ પસંદ કરીએ છીએ."

૧૭૧. કસ્ટમ્સ એક્ટનું પ્રકરણ ૮ ટ્રાન્ઝિટમાં રહેલા માલ સાથે સંબંધિત છે. કલમ ૫૪ બિલ ઓફ ટ્રાન્સ–શિપમેન્ટ રજૂ કરવા પર જકાતની ચુકવણી કર્યા વિના માલના ટ્રાન્સ–શિપમેન્ટ સાથે સંબંધિત છે. ઇનલેન્ડ કન્ટેનર ડેપો અને લેન્ડ કસ્ટમ સ્ટેશન એ કાયદાની રચના છે. તેઓ આયાત પર કસ્ટમ્સ જકાત લાદવા માટેની કરપાત્ર ઘટનાના નિર્ણાયક નથી. ઘણી જોગવાઈઓ સુવિધાજનક છે અને/અથવા મૂલ્યાંકન અને દરો નક્કી કરવાના હેતુઓ માટે બનાવાયેલી છે. મહત્ત્વનું પાસું એ છે કે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ તેમજ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨

મુજબ કરપાત્ર ઘટના એ 'આયાત' અથવા 'ભારતમાં માલ લાવવો' છે અને તે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ની કરપાત્ર ઘટનાથી તદ્દન ભિન્ન છે.

૧૭૨. કરદાતાઓએ એવી દલીલ કરી હતી કે કારખાનાના એકમમાં વેરહાઉસ હોઈ શકે છે જ્યાં માલ જમા કરવામાં આવે છે અને બોન્ડ હેઠળ રાખવામાં આવે છે જે વેચાણ અથવા ઉત્પાદનની પણ પરવાનગી આપી શકે છે. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે ખુદ વેરહાઉસ તે જ સ્થાનિક વિસ્તારમાં હોઈ શકે છે, ઉદાહરણ તરીકે દિલ્હી/મુંબઈમાં.

૧૭૩. કલમો ૨(૪૩), ૨(૪૪) અને ૨(૪૫) વેરહાઉસ, વેરહાઉસમાં રખાયેલ માલ અને વેરહાઉસિંગ સ્ટેશન સાથે સંબંધિત છે. કલમ ૯ મુજબ બોર્ડે સરકારી ગેઝેટમાં જાહેરનામું બહાર પાડીને સ્થળોને વેરહાઉસિંગ સ્ટેશનો તરીકે જાહેર કરવા જરૂરી છે કે જ્યાં માત્ર જાહેર વેરહાઉસોની નિમણૂક કરી શકાય અને ખાનગી વેરહાઉસોને લાયસન્સ આપી શકાય. જાહેર વેરહાઉસો કલમ ૫૭ હેઠળ નિયુક્ત કરવામાં આવે છે અને ખાનગી વેરહાઉસોને કલમ ૫૮ હેઠળ લાયસન્સ આપવામાં આવે છે.

૧૭૪. રાજ્યો વતી એવી રજૂઆત કરવામાં આવી હતી કે કોઈપણ કરદાતા દ્વારા એવી કોઈ રજૂઆત કરવામાં આવી નથી કે તેમના કારખાનાના એકમોમાં અથવા તેઓ જ્યાં સ્થિત છે તે સ્થાનિક વિસ્તારમાં કોઈ વેરહાઉસિંગ સ્ટેશન છે અથવા તો ત્યાં કોઈ જાહેર વેરહાઉસ કે ખાનગી વેરહાઉસ સ્થિત છે. ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, વેદાંતા અને નાલ્કો સંબંધિત એસ.એલ.પી. તરફ અમારું

ધ્યાન દોરવામાં આવ્યું હતું અને એવી દલીલ કરવામાં આવી હતી કે કરદાતાઓએ કોઈ પુરાવો રજૂ કર્યો નથી કે ન તો એવી કોઈ રજૂઆત છે કે બિલ ઓફ એન્ટ્રી કારખાનાના એકમોમાં અથવા કરદાતાઓના એકમ જેવા જ સ્થાનિક વિસ્તારમાં આવેલા લેન્ડ કસ્ટમ્સ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી હોય. આથી, એવી રજૂઆત કરવામાં આવી છે કે વેરહાઉસ અને વેરહાઉસ બોન્ડ આધારિત દલીલો પ્લીડિંગ્સ અને હકીકતોમાં કોઈપણ આધાર વગર રજૂ કરવામાં આવી છે.

૧૭૫. કલમ ૫૮ અને ૫૭ ની સરખામણી દર્શાવે છે કે લાયસન્સ પ્રાપ્ત ખાનગી વેરહાઉસ જાહેર વેરહાઉસથી ભિન્ન છે. કલમ ૫૮ "લાયસન્સદાર દ્વારા અથવા તેના વતી આયાત કરાયેલ જકાતપાત્ર માલ, અથવા અન્ય કોઈપણ આયાતી માલ" શબ્દપ્રયોગનો ઉપયોગ કરે છે. જાહેર વેરહાઉસો કે જેમાં જકાતપાત્ર માલ જમા કરી શકાય છે તેના સંબંધમાં કલમ ૫૭ માં આવા સમાન શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. એ સ્પષ્ટ છે કે ખાનગી વેરહાઉસમાં જમા કરાયેલા માલને એવો માલ ગણવામાં આવે છે કે જે અગાઉથી જ આયાત થઈ ચૂક્યો છે. વધુમાં, 'વેરહાઉસિંગ બોન્ડ' ની જોગવાઈ કલમ ૫૯ માં કરવામાં આવી છે જે ત્યારે આપવામાં આવે છે જ્યાં માલ વેરહાઉસિંગ માટે દાખલ કરવામાં આવ્યો હોય અને જકાતની આકારણી પછી, આકારણી કરાયેલ જકાતની રકમ કરતાં બમણી રકમ માટે બોન્ડ નિષ્પાદિત કરવામાં આવે છે. જ્યારે કલમ ૫૯ ની જરૂરિયાતોનું પાલન કરવામાં આવે છે ત્યારે માલ વેરહાઉસમાં જમા કરવાની પરવાનગી આપવામાં આવે છે. આ દર્શાવે છે કે જાહેર વેરહાઉસો અને ખાનગી વેરહાઉસો બંનેમાં માત્ર એવા માલ માટે જ જમા કરવાની

મંજૂરી આપવામાં આવે છે જે અગાઉથી જ આયાત થયેલ હોય. માંગણાની તારીખે અથવા તે પહેલાં તમામ જકાત અથવા વ્યાજ ચૂકવવા માટે કલમ ૫૯(૨) માં કડક જોગવાઈ કરવામાં આવી છે. કલમ ૬૨ હેઠળ, યોગ્ય કસ્ટમ્સ અધિકારી વેરહાઉસમાં રાખવામાં આવેલા તમામ માલ પર નિયંત્રણ રાખે છે અને તેઓ કોઈપણ વેરહાઉસને તાળું મરાવી શકે છે. માલનો માલિક યોગ્ય અધિકારીની મંજૂરીથી માલનો વ્યવહાર કરી શકે છે, વેચાણ માટે માલ પ્રદર્શિત કરી શકે છે અને વેરહાઉસમાં આવા માલના સંબંધમાં કોઈપણ ઉત્પાદન પ્રક્રિયા અથવા અન્ય કામગીરી પણ હાથ ધરી શકે છે.

૧૭૬. આવું વેરહાઉસિંગ અથવા વેરહાઉસિંગ બોન્ડ પ્રવેશ કર લાદતા અટકાવી શકતા નથી, ખાસ કરીને જ્યાં કારખાનાના એકમમાં વેરહાઉસ સ્થાપવામાં આવ્યું હોય. ઉપર નિર્ધારિત કરવામાં આવેલા કાયદાના આધારે, હું ઠેરવું છું કે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળના કરપાત્ર બનાવો ભિન્ન છે; જ્યારે આવા માલ રાજ્યના સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશ કરે છે ત્યારે કારખાનાના એકમમાં આવેલા વેરહાઉસમાં આયાતી માલની કોઈપણ હેરફેર રાજ્યને પ્રવેશ કર લાદવા અને તેની વસૂલાત કરવાથી અટકાવી શકશે નહીં.

૧૭૭. સંક્ષિપ્તમાં, પ્રશ્ન નં. ૪ પરનું તારણ નીચે મુજબ છે:—

સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના સંદર્ભમાં પ્રવેશ કર અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી, જો કરારોપણ બિન–ભેદભાવપૂર્ણ હોય

એટલે કે અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટીમાં પાર ઉતરતું હોય. અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ટકી શકે તેવું કરારોપણ, બિન–ભેદભાવપૂર્ણ હોવાના કારણે સ્વયંભૂ* અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર રહેશે.

જ્યારે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા એન્ટ્રી ટેક્સ એક્ટ દ્વારા પ્રવેશ કર લાદવામાં આવે છે, ત્યારે પ્રવિષ્ટિ ૫૨ દ્વારા પરિકલ્પિત 'સ્થાનિક વિસ્તાર' શબ્દપ્રયોગ કાયદામાં સૂચિત કર્યા મુજબ 'સમગ્ર રાજ્ય' અથવા 'સ્થાનિક વિસ્તાર' ને આવરી શકે છે. હું બિહાર ચેમ્બર ઓફ કોમર્સ* માં લેવાયેલા એ મત સાથે સહમત છું કે પ્રવેશ કરના દ્રષ્ટિકોણથી રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સંગ્રહ છે અને જ્યાં અધિનિયમ દ્વારા પરિકલ્પિત સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યને આવરી લે છે, ત્યાં રાજ્ય અને 'સ્થાનિક વિસ્તાર' વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે અદ્રશ્ય થઈ જાય છે.

* અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) ને પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવાના રહે છે; બંને ભિન્ન વિષયવસ્તુઓને લાગુ પડે છે; જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) કર સાથે સંબંધિત છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪(બી) માત્ર બિન–નાણાકીય બાબતો સાથે સંબંધિત છે.

પ્રશ્ન નં. ૪ હેઠળ ઉદ્ભવતા આનુષંગિક પ્રશ્નો પરના તારણો:—

* જ્યાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કર વ્યવહારની બાબતમાં સમકક્ષતા હોય, ત્યાં સ્થાનિક

રીતે ઉત્પાદિત માલ પર આવો કોઈ કર ન હોય ત્યારે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર પ્રવેશ કર લાદવો એ ભેદભાવપૂર્ણ નથી.

દરેક વિભેદ એ ભેદભાવ નથી. સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલા માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય તો, અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો નથી. રાજ્યમાં સ્થાનિક ઉત્પાદકો/ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક ઉત્પાદકોને કરના દરમાં આપવામાં આવેલ છૂટછાટનું કોઈપણ પ્રોત્સાહન/લાભ ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં. દિગ્વિજય અને વિડીયો ઈલેક્ટ્રોનિક્સ સાચો કાયદો નિર્ધારિત કરે છે. મહાવીર ઓઇલ મિલ્સ* એ સાચો અભિપ્રાય નથી.

માત્ર એ કારણસર કે કર લાદતા રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું નથી, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર પ્રવેશ કર લાદવો તે ભેદભાવપૂર્ણ નથી. કલ્યાણી સ્ટોર્સ* માં નિર્ધારિત કરવામાં આવેલો કાયદો યોગ્ય કાયદો નથી.

* ભારત બહારથી આયાત કરાયેલા માલ કે જે સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશ કરે છે તેના પર પ્રવેશ કર લાદવો એ રાજ્યની વૈધાનિક સક્ષમતાની અંદર છે.

પ્રશ્ન નં. ૨: જો પ્રશ્ન નં. ૧ નો જવાબ હકારાત્મક હોય, તો શું વળતરરૂપી પ્રકૃતિનો કર પણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરી શકે છે?

પ્રશ્ન નં. ૩: કર કે કરારોપણ વળતરરૂપી પ્રકૃતિનું છે કે કેમ તે નક્કી કરવા માટેની કસોટીઓ કઈ છે?

૧૭૮. 'વળતરરૂપી કર' ની સંકલ્પના એ ન્યાયિક રીતે વિકસાવવામાં આવેલી સંકલ્પના છે. અતિયાબારીમાં બહુમતીએ ઠેરવ્યું હતું કે કરવેરા નિયંત્રણો સમાન હોઈ શકે છે અને તેવા બને છે અને તેથી કર કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ ચકાસણીને આધીન છે. અતિયાબારીમાં, "વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" ની કસોટી વિકસાવવામાં આવી હતી. અતિયાબારીમાં બહુમતીએ આ રીતે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્યની કર લાદવાની સત્તાને સંપૂર્ણપણે સંકોચી લીધી હતી અને તે દ્વારા એવું ઠેરવ્યું હતું કે રાજ્યની વૈધાનિક સત્તા અનુચ્છેદ ૩૦૧ માંની સ્વતંત્રતાની જોગવાઈને આધીન છે. આની કર લાદવાની રાજ્યની વૈધાનિક સત્તા અને તેની નાણાકીય સ્વાયત્તતા પર પ્રતિકૂળ અસર પડી હતી.

૧૭૯. ઓટોમોબાઈલમાં, સુપ્રિમ કોર્ટે અતિયાબારીના મંતવ્યોને બહાલ રાખ્યા હતા, તેમ છતાં વળતરરૂપી કરને અનુચ્છેદ ૩૦૧ ના અપવાદ તરીકે અલગ તારવવામાં આવ્યા હતા. ઓટોમોબાઈલમાં, આ કોર્ટે વળતરરૂપી કરની સંકલ્પના વિકસાવી હતી અને ઠેરવ્યું હતું કે "નિયમનકારી પગલાં અથવા વેપારની સુવિધાઓના ઉપયોગ માટે વળતરરૂપી કર લાદતાં પગલાં અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત નિયંત્રણોના દાયરામાં આવતા નથી". વળતરરૂપી કર એવા કર હોવાનું ઠેરવવામાં આવ્યું હતું કે જે વેપાર, વાણિજ્ય અને

આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતા નથી, બલ્કે તેને સુગમ બનાવે છે. વધુમાં, કોર્ટે કર વળતરરૂપી છે કે નહીં તે સુનિશ્ચિત કરવા માટે નીચેની શરતોમાં એક "કાર્યકારી કસોટી" નિર્ધારિત કરી હતી:—

> "૨૭.... અમને એવું જણાય છે કે કર વળતરરૂપી છે કે નહીં તે નક્કી કરવા માટેની કાર્યકારી કસોટી એ તપાસ કરવાની છે કે શું વેપારી લોકો પોતાના વ્યવસાયના વધુ સારા સંચાલન માટે અમુક સુવિધાઓનો ઉપયોગ કરી રહ્યા છે અને સદર સુવિધાઓ પૂરી પાડવા માટે જેટલું જરૂરી છે તેના કરતાં દેખીતી રીતે ઘણું વધારે ચૂકવી રહ્યા નથી. ઝીણવટભરી કસોટી દ્વારા કરના વળતરરૂપી સ્વરૂપને પારખવું અશક્ય હશે, અને બાબતોના સ્વભાવને જોતાં તેમ થઈ શકે નહીં."

૧૮૦. ઓટોમોબાઇલમાં, પીઠે વળતરરૂપી કરના નામે એકત્ર કરાયેલા કરવેરા માટે અલગ ભંડોળ સ્થાપવાની જરૂરિયાતને નકારતાં, ઠેરવ્યું હતું કે રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓનો લાભ મેળવતા વેપારીઓ પાસેથી આ રીતે એકત્ર કરાયેલા વળતરરૂપી કર માટે રાજ્યે અલગ ભંડોળ રાખવાની જરૂર નથી; બલ્કે જો રાજ્ય વેપારીઓના વ્યવસાયના વધુ સારા સંચાલન માટે અમુક સુવિધાઓ પૂરી પાડે તો તે પૂરતું છે. આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ કે:—

> "૨૮. ન તો અમે એવું માનીએ છીએ કે જ્યાં સુધી કર ચૂકવનારા વેપારીઓ માટે સુવિધાઓ પૂરી પાડવામાં આવતી હોય અને તે પૂરી પાડવામાં થતો ખર્ચ રાજ્ય દ્વારા ભલે ગમે તે સ્ત્રોતમાંથી ભોગવવામાં

આવતો હોય ત્યાં સુધી કરમાંથી એકત્રિત કરાયેલા નાણાં અલગ ભંડોળમાં મૂકવામાં ન આવે તેનાથી કોઈ ફરક પડશે...”

આવું અવલોકન કર્યા પછી, ખુદ ઓટોમોબાઇલમાં, આ કોર્ટે વળતરરૂપી કરના દાયરામાંથી ક્વિડ પ્રો કવોના તત્વને બાકાત રાખ્યું હતું. કરદાતાઓ 'સુવિધાઓ પૂરી પાડવા માટે જેટલું જરૂરી છે તેના કરતાં ઘણું વધારે ચૂકવી રહ્યા નથી' તે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકતી વખતે, કોર્ટનો આશય માત્ર અત્યંત વધુ પડતો કર લાદવા પર પ્રતિબંધ મૂકવાનો હતો. 'વળતરરૂપી કર' ના નામે 'ફી' લાદવાની સત્તા આપવાનો કોર્ટનો ક્યારેય કોઈ આશય ન હતો.

૧૮૧. વિવિધ કેસોમાં, આ કોર્ટે વારંવાર ઠેરવ્યું છે કે લાયસન્સિંગ અથવા ભાવ નિયંત્રણ જેવા નિયમનકારી પગલાં અથવા વળતરરૂપી પગલાંને ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરનારા ગણી શકાય નહીં. જી. કે. કૃષ્ણન વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫ માં મોટર વાહન કરમાં વધારાને બહાલ રાખતી વખતે, આ કોર્ટે ઠેરવ્યું હતું કે વળતરરૂપી કર એ વેપાર અને વાણિજ્યના હેરફેરના ભાગ પર નિયંત્રણ નથી. ન તો કર રસ્તાના રૂપમાં પૂરી પાડવામાં આવેલી ભૌતિક સુવિધાઓના વાસ્તવિક ઉપયોગ બદલ રાજ્યને યોગ્ય વળતરથી વધુ હોવો જોઈએ કે ન તો વળતરરૂપી ઉદ્દેશ્ય સાબિત કરવા માટે રસ્તાઓની જાળવણી માટે કોઈ અલગ ભંડોળ અથવા નાણાંની સ્પષ્ટ ફાળવણી હોવી જરૂરી છે, જ્યારે આવો ઉદ્દેશ્ય વૈકલ્પિક પુરાવા દ્વારા સાબિત થતો હોય.

૧૮૨. કૃષ્ણનના કેસમાં લેવાયેલા નિર્ણયનો ઇન્ટરનેશનલ ટુરિસ્ટ્સ કોર્પોરેશન અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૧૮ માં પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો, જેમાં ધ પંજાબ પેસેન્જર્સ એન્ડ ગુડ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૨ અને અન્ય રાજ્યોના તેવા જ સમાન કાયદાઓ હેઠળ મુસાફરો અને માલસામાન પર કર લાદવાને પડકારવામાં આવ્યો હતો. હરિયાણા રાજ્યે દિલ્હી અને જમ્મુ તથા કાશ્મીર વચ્ચે મોટર વાહનો ચલાવતા ટ્રાન્સપોર્ટરો પર કર લાધો હતો. ટ્રાન્સપોર્ટરો રાજ્યમાં મુસાફરોને બેસાડ્યા કે ઉતાર્યા વિના, હરિયાણામાંથી પસાર થતાં રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ઉપયોગ કરતા હતા. ધોરીમાર્ગોના નિર્માણ અને જાળવણીની જવાબદારી નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા પાસે હોવાથી, ટ્રાન્સપોર્ટરો દ્વારા એવી દલીલ કરવામાં આવી હતી કે આ કરને ભાગ્યે જ વળતરરૂપી ગણી શકાય. પરંતુ કોર્ટે આ દલીલ નકારી કાઢી હતી અને ઠેરવ્યું હતું કે જો કરવેરા નિયમન અને સેવા પરના ખર્ચના પ્રમાણમાં રાખવાના હોય, તો તે કર નહીં પરંતુ ફી બની રહેશે. એ દર્શાવવામાં આવ્યું હતું કે ફીના કેસમાં, સરકાર પાસેથી મળેલા લાભોને ચોક્કસપણે ઓળખવા અને માપવા શક્ય બની શકે છે અને નિયમનકારી તથા વળતરરૂપી કરના કેસમાં, મળેલા લાભો અને થયેલા ખર્ચને ઓળખવા અને માપવા તેમજ આવા લાભો અનુસાર કર લાદવો લગભગ અશક્ય હશે. નીચે મુજબ ઠેરવવામાં આવેલ કે:—

> “૯. જ્યારે ફીના કેસમાં સરકાર પાસેથી મળેલા લાભોને ચોક્કસપણે ઓળખવા અને માપવા તેમજ મળેલા લાભો અને થયેલા ખર્ચ અનુસાર ફી

લાદવી શક્ય હોઈ શકે છે, ત્યારે નિયમનકારી અને વળતરરૂપી કરના કેસમાં કોઈપણ ચોકસાઈ સાથે મળેલા લાભો અને થયેલા ખર્ચને ઓળખવા અને માપવા તથા મળેલા લાભો અને થયેલા ખર્ચ અનુસાર કર લાદવો સામાન્ય રીતે લગભગ અશક્ય હશે. નિયમનકારી અને વળતરરૂપી કરને કાયદેસર ઠેરવવા માટે જે જરૂરી છે તે કરારોપણ પાછળ ચોક્કસ, ઓળખી શકાય તેવા ઉદ્દેશ્યનું અસ્તિત્વ અને કરારોપણના વિષય તથા ઉદ્દેશ્ય વચ્ચે સંબંધનું હોવું છે. જો કરારોપણ પાછળનો ઉદ્દેશ્ય ઓળખી શકાય તેવો હોય અને જો કરારોપણના વિષય તથા ઉદ્દેશ્ય વચ્ચે પર્યાપ્ત સંબંધ હોય, તો કરારોપણ દ્વારા વસૂલ કરાયેલા નાણાંને અલગ ભંડોળમાં મૂકવામાં આવે અથવા કરારોપણ ખર્ચના પ્રમાણમાં હોય તે જરૂરી નથી. નિયમનકારી અને વળતરરૂપી કરમાંથી વસૂલ કરાયેલી મહેસૂલ અને સામાન્ય પ્રકૃતિના અન્ય કરવેરાનું મિશ્રણ કરવા સામે કોઈ પ્રતિબંધ હોઈ શકે નહીં કે ન તો વળતરરૂપી અને નિયમનકારી કરારોપણ પાછળના ઉદ્દેશ્ય પર સદર કરારોપણમાંથી થયેલી વસૂલાત કરતાં વધુ કે ઓછો ખર્ચ થવા સામે કોઈ વાંધો હોઈ શકે." [ભાર ઉમેરેલ છે]

૧૮૩. મેસર્સ ભગતરામ રાજીવકુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. અને અન્ય ૧૯૯૫ સપ્લિ. (૧) એસ.સી.સી. ૬૭૩ માં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે જો કર અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વેપારને આપવામાં આવેલી સુવિધાઓ વચ્ચે કોઈ કડી અથવા કોઈ સંબંધ હોય તો પણ કરારોપણને અમાન્ય તરીકે પડકારી શકાય નહીં.

૧૮૪. સ્ટેટ ઓફ બિહાર અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬ માં તે જ સિદ્ધાંતને અનુસરવામાં આવ્યો હતો, જેમાં આ કોર્ટે એવા કાયદા સામેના પડકાર પર વિચારણા કરી હતી જેમાં બિહાર રાજ્યે સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશતા માલ પર પ્રવેશ કર લાદ્યો હતો. સદર અધિનિયમને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનકર્તા તરીકે પડકારવામાં આવ્યો હતો. ભગતરામ નો સંદર્ભ લીધા પછી, નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:—

> "૧૮. આ સંબંધમાં, અમારા ધ્યાને લાવવામાં આવેલા થોડા નિર્ણયોની નોંધ લેવી જરૂરી છે. ભગતરામ રાજીવકુમાર (૧૯૯૫) સપ્લિ. ૧ એસ.સી.સી. ૬૭૩ માં, આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની પીઠે એવી દલીલ નકારી કાઢી છે કે વળતરરૂપી બનવા માટે, કરે વેપારને સુગમ બનાવવો જ જોઈએ. કારણ સ્પષ્ટ છે: જો કોઈ પગલું વેપારને સુગમ બનાવે છે, તો તે વેપાર પર નિયંત્રણ નહીં પરંતુ તેને પ્રોત્સાહન હશે. એવું અવલોકન કરવામાં આવ્યું હતું: [એસ.સી.સી. પૃષ્ઠ ૬૭૮, પેરા ૮]
>
> "...વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અશોક સેનની એવી રજૂઆત કે વળતર માત્ર તે જ છે જે વેપારને સુગમ બનાવે છે, તે યોગ્ય જણાતી નથી. કરના વળતરરૂપી સ્વરૂપની સંકલ્પનાને વિસ્તૃત કરવામાં આવી છે અને જો કર તથા આવા વેપારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ વચ્ચે નોંધપાત્ર અથવા થોડો પણ સંબંધ હોય તો તે

કરારોપણને અમાન્ય તરીકે પડકારી શકાય નહીં. રાજ્યનું એવું વલણ કે મેળવેલી મહેસૂલ સ્થાનિક સંસ્થાઓને થયેલા નુકસાનનું વળતર આપવા માટે તેમને સોંપવામાં આવી રહી છે, તે આ કરારોપણને વળતરરૂપી પ્રકૃતિનું બનાવે છે, કારણ કે તેમની નાણાકીય સ્થિતિમાં વધારો થવાથી તેઓ વધુ કાર્યક્ષમ રીતે મ્યુનિસિપલ સેવાઓ પૂરી પાડવા સક્ષમ બનશે, જે વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને મદદ કરશે અથવા સરળ બનાવશે, જેના કારણે પૂર્વોક્ત નિર્ણયોમાં, ખાસ કરીને હંસા કોર્પોરેશન કેસ (૧૯૮૦) ૪ એસ.સી.સી. ૬૯૭ માં જે જણાવવામાં આવ્યું છે તેના સંદર્ભમાં આ કરારોપણને વળતરરૂપી પ્રકૃતિનું ગણવું પડશે". [ભાર આપેલ છે]

૧૮૫. જિંદાલ સ્ટેનલેસ લિમિટેડ (૨) માં બંધારણીય પીઠે ઓટોમોબાઇલ પર આધાર રાખ્યા પછી એવું તારણ કાઢ્યું હતું કે જે કર કાયદાનો ઉદ્દેશ્ય મહેસૂલ એકત્ર કરવાનો છે અને જે કર કાયદાનો ઉદ્દેશ્ય નિયમન કરવાનો છે તે બંને વચ્ચે તફાવત છે. વાદગ્રસ્ત કાયદો નિયમનકારી સત્તાના ઉપયોગનું પરિણામ છે કે કર લાદવાની સત્તાનું, તે નક્કી કરવા માટે કોર્ટે એક કાર્યકારી કસોટી ઘડી હતી: "જો વાદગ્રસ્ત કાયદો વેપાર જેવી પ્રવૃત્તિ જે શરતો હેઠળ થવાની છે તેને નિયંત્રિત કરવા માંગતો હોય તો આવો કાયદો નિયમનકારી છે". પીઠે એવું તારણ કાઢ્યું હતું કે વેપાર અને વાણિજ્યની હેરફેરને માપદંડ તરીકે પસંદ કરતા અને વાસ્તવમાં તેને અવરોધતા વળતરરૂપી કર કાયદાનો સમન્વય

કરવાનો એકમાત્ર રસ્તો તેને નિયમનકારી ઠેરવવાનો છે અને તેથી, તે અનુચ્છેદ ૩૦૧, ૩૦૨ અને ૩૦૪ ના દાયરાની બહાર છે.

"૩૮.... જો વાદગ્રસ્ત કાયદો એવી શરતોને નિયંત્રિત કરવા માંગતો હોય કે જે હેઠળ વેપાર જેવી પ્રવૃત્તિ હાથ ધરવાની હોય, તો આવો કાયદો નિયમનકારી છે. નિયમન માટેની ચુકવણી એ મહેસૂલ માટેની ચુકવણી કરતાં અલગ છે. જો વાદગ્રસ્ત કરવેરા સંબંધિત કે બિન–કરવેરા સંબંધિત કાયદો કોઈ પ્રવૃત્તિને, જેમ કે વેપાર અને વાણિજ્યના આવાગમનને તેના અમલના માપદંડ તરીકે પસંદ કરે છે અને જો આવા કાયદાના અમલની અસર તે પ્રવૃત્તિને અવરોધવાની હોય, તો તે કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ એક પ્રતિબંધ છે. જોકે, જો ઘડવામાં આવેલ કાયદો શિસ્ત અથવા આચરણનો અમલ કરાવવા માટે હોય કે જે હેઠળ વેપારે કામગીરી કરવાની હોય અથવા જો ચુકવણી વેપાર કે ઉત્પાદનની શરતો અથવા આનુષંગિક બાબતોના નિયમન માટે હોય, તો તે ઉઘરાત નિયમનકારી છે. અનુચ્છેદ ૩૦૧, ૩૦૨ અને ૩૦૪ ની યોજના સાથે વળતરરૂપી કરના ખ્યાલનો સુમેળ સાધવાની આ રીત છે. ..."

બેંચે વધુમાં ઠેરવેલ:

"૪૫. સારાંશમાં કહીએ તો, દરેક ઉઘરાતનો આધાર એ નિર્ણાયક પરિબળ છે. "કર" ના કિસ્સામાં, ઉઘરાત એ ચૂકવવાની ક્ષમતા કે શક્તિના સિદ્ધાંત પર આધારિત સામાન્ય બોજનો એક ભાગ છે. "ફી" ના

કિસ્સામાં, સમકક્ષતાના સિદ્ધાંત પર આધારિત ચૂકવણી કરનારને (આવી વ્યક્તિ તરીકે) થતો વિશેષ લાભ એ આધાર છે. જ્યારે કર નિયમનના ભાગ રૂપે અથવા નિયમનકારી પગલાના ભાગ રૂપે લાદવામાં આવે છે, ત્યારે તેનો આધાર "બોજ" ના ખ્યાલમાંથી માપી શકાય તેવા/પરિમાણીકરણ યોગ્ય લાભના ખ્યાલ તરફ બદલાય છે અને પછી તે "વળતરરૂપી કર" બને છે અને તેની ચુકવણી ત્યારે મહેસૂલ માટે નહીં પરંતુ સેવા/સુવિધા પ્રદાતાને ભરપાઈ/વળતર તરીકે હોય છે. તે પછી વળતર પરનો કર છે. વળતરરૂપી કર સ્વભાવે મિશ્ર છે પરંતુ તે કર કરતાં ફીની વધુ નજીક છે કારણ કે ફી અને વળતરરૂપી કર બંને સમકક્ષતાના સિદ્ધાંત પર અને ભરપાઈ/વળતરના આધાર પર આધારિત છે. જો વાદગ્રસ્ત કાયદો વેપાર અને વાણિજ્ય જેવી પ્રવૃત્તિને તેના અમલના માપદંડ તરીકે પસંદ કરે છે અને જો કાયદાના અમલની અસર વેપાર અને વાણિજ્યને અવરોધવાની હોય તો અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન થાય છે.

૪૬. રાજ્ય પરનો બોજ: ઉપરોક્ત કસોટીઓ/માપદંડો લાગુ કરતાં, જ્યારે પણ કોઈ કાયદો સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો હોવા તરીકે વાદગ્રસ્ત બને, ત્યારે અદાલતે જોવાનું રહે છે કે શું વાદગ્રસ્ત કાયદો દેખીતી રીતે કે સ્પષ્ટપણે એવો પરિમાણીકરણ યોગ્ય ડેટા દર્શાવે છે કે જેના આધારે વળતરરૂપી કર લાદવાની માંગ કરવામાં આવી છે. સદર અધિનિયમ દેખીતી રીતે એવો લાભ દર્શાવતો હોવો જોઈએ જે પરિમાણીકરણ યોગ્ય કે માપી શકાય તેવો હોય. તેણે પરિમાણીકરણ યોગ્ય લાભ સાથેનું પ્રમાણસરપણું વ્યાપકપણે

દર્શાવવું જોઈએ. જો જોગવાઈઓ અસ્પષ્ટ હોય અથવા જો અધિનિયમ દેખીતી રીતે પરિમાણીકરણ યોગ્ય લાભ ન દર્શાવતો હોય, તો અદાલત સમક્ષ સામગ્રી રજૂ કરીને એ દર્શાવવાનો બોજ સેવા/સુવિધા પ્રદાતા તરીકે રાજ્ય પર રહેશે કે, વળતરરૂપી કરની ચુકવણી એ તેના ચૂકવનાર(ઓ)ને પૂરા પાડવામાં આવેલા અથવા પૂરા પાડવાના થતા પરિમાણીકરણ યોગ્ય/માપી શકાય તેવા લાભ માટેની ભરપાઈ/વળતર છે. જેવું એ દર્શાવવામાં આવે કે અધિનિયમ વેપારની સ્વતંત્રતા પર તરાપ મારે છે, તેવું એ તપાસવું જરૂરી બને છે કે શું રાજ્યે સાબિત કર્યું છે કે કરવેરા દ્વારા તેના દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો અનુચ્છેદ ૩૦૪(બી) ના અર્થમાં વાજબી અને જાહેર હિતમાં છે [ખચેરબારી ટી કંપની લિ. અને અન્ય વિ. આસામ રાજ્ય ના નિર્ણયનો (એ.આઇ.આર. નો) પેરા ૩૫ જુઓ]."

વળતરરૂપી કર માટે, જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) એ આમ એક આવશ્યક તત્વ તરીકે (૧) દેખીતી ઘોષણા; અને (૨) તેના ચૂકવનારાઓને પૂરા પાડવામાં આવતા પરિમાણીકરણ યોગ્ય લાભો સાથે પ્રમાણસરતાની કસોટીઓ સમાવિષ્ટ કરી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે ફીની જેમ વળતરરૂપી કર હંમેશાં લાભોના પ્રમાણમાં હોવા જોઈએ અને ભગતરામ તથા બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં આપવામાં આવેલા નિર્ણયો કાયદાની દ્રષ્ટિએ અયોગ્ય જાહેર કરવામાં આવ્યા હતા.

૧૮૬. જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) સુધી વળતરરૂપી કરને કર તરીકે ગણવામાં આવતા હતા અને માત્ર જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) એ વળતરરૂપી કરને 'ફી' ની સમકક્ષ ગણાવ્યો અને ઠેરવ્યું કે વળતરરૂપી કર "મૂલ્ય માટે ચૂકવણી" ના સિદ્ધાંત પર આધારિત છે અને તે 'ફી' નો એક પેટા–વર્ગ છે. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે વળતરરૂપી કર એ વળતર/ભરપાઈ છે. 'કર' અને 'ફી' વચ્ચેનો તફાવત મુખ્યત્વે એ હકીકતમાં રહેલો છે કે 'કર' સામાન્ય બોજના ભાગરૂપે લાદવામાં આવે છે, જ્યારે 'ફી' એ કોઈ સરકારી એજન્સી દ્વારા આપવામાં આવતા ચોક્કસ લાભ કે વિશેષાધિકારની ચુકવણી માટે હોય છે. 'કર' અને 'ફી' વચ્ચેનો તફાવત ગુજરાત અંબુજા એક્સપોર્ટ્સ લિમિટેડ અને અન્ય વિ. ઉત્તરાખંડ રાજ્ય અને અન્ય (૨૦૧૬) ૩ એસ.સી.સી. ૬૦૧ માં નીચે મુજબ સ્પષ્ટ કરવામાં આવ્યો છે:

> "....કર અને ફીના ખ્યાલ વચ્ચેના તફાવત પર વિચાર કરવો જરૂરી છે. મેથ્યુઝ વિ. ચિકોરી માર્કેટિંગ બોર્ડ (૧૯૩૮) ૬૦ સી.એલ.આર. ૨૬૩ માં લેથમ, મુખ્ય ન્યાયમૂર્તિ દ્વારા આપવામાં આવેલી કરની સ્પષ્ટ અને સંક્ષિપ્ત વ્યાખ્યા આ વિષય પર વારંવાર ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ટાંકવામાં આવે છે. "કર", લેથમ, મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું કે, "કાયદા દ્વારા અમલવારી કરાવી શકાય તેવા જાહેર હેતુઓ માટે જાહેર સત્તામંડળ દ્વારા નાણાંની ફરજિયાત વસૂલાત છે, અને તે પૂરી પાડવામાં આવેલી સેવાઓ માટેની ચુકવણી નથી". કરના આવશ્યક લક્ષણો છતા કરવામાં આ વ્યાખ્યા કરને ફીથી અલગ પાડવામાં પણ મદદ કરે છે. એ સાચું છે કે કર

અને ફી વચ્ચે કોઈ સામાન્ય તફાવત નથી. બંને જાહેર સત્તામંડળો દ્વારા નાણાંની ફરજિયાત વસૂલાત છે; પરંતુ જ્યાં કર જાહેર હેતુઓ માટે લાદવામાં આવે છે અને બદલામાં પૂરી પાડવામાં આવેલી સેવાનો કોઈ અવેજ તેને સમર્થન આપતો નથી અને આપવાની જરૂર પણ નથી, જ્યારે ફી અનિવાર્યપણે પૂરી પાડવામાં આવેલી સેવાઓ બદલ લાદવામાં આવે છે અને આ રીતે ફી ચૂકવનાર વ્યક્તિ અને તેને લાદનાર જાહેર સત્તામંડળ વચ્ચે ક્વિડ પ્રો ક્વો નું એક તત્વ રહેલું હોય છે.... ફી ના સંબંધમાં, એકત્રિત કરવામાં આવેલી ફી અને પૂરી પાડવા ધારેલી સેવા વચ્ચે સહસંબંધ હોય છે, અને હંમેશાં હોવો જ જોઈએ.... જોકે, કર અને ફી વચ્ચેનો તફાવત મહત્વપૂર્ણ છે, અને તે સંવિધાન દ્વારા માન્ય રાખવામાં આવ્યો છે. ત્રણેય યાદીઓમાંની કેટલીક પ્રવિષ્ટિઓ સંબંધિત વિધાનમંડળોને કર લાદવાની સત્તા આપે છે; પરંતુ આ રીતે પ્રદાન કરવામાં આવેલી કર લાદવાની સત્તા ઉપરાંત દરેક યાદી સદર યાદીમાં આવરી લેવાયેલી કોઈપણ બાબતના સંબંધમાં ફી લાદવાની સત્તાનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે, જેમાં અલબત્ત કોઈપણ કોર્ટમાં લેવામાં આવતી ફી બાકાત છે."

આ જ મત તમિલનાડુ રાજ્ય વિ. ટીવીએલ સાઉથ ઇન્ડિયન શુગર મિલ્સ એસોસિએશન (૨૦૧૫) ૧૩ એસ.સી.સી. ૭૮૮, કૃષિ ઉપજ મંડી સમિતિ અને અન્ય વિ. ઓરિએન્ટ પેપર એન્ડ ઇન્ડસ્ટ્રીઝ લિ. (૧૯૯૫) ૧ એસ.સી.સી.

૬૫૫ અને કૃષ્ણ દાસ વિ. ટાઉન એરિયા કમિટી, ચિરગાંવ (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૬૪૫ માં પુનરોચ્ચારિત કરવામાં આવ્યો હતો.

૧૮૭. તેનો પુનરોચ્ચાર થવો જ જોઈએ કે તમામ કર જાહેર હેતુ માટે નિર્ધારિત હોય છે અને જાહેર હિતમાં લાદવામાં આવે છે. કર લાદવાનો ઉદ્દેશ્ય રાજ્યની તિજોરી ભરવાનો નથી, પરંતુ જાહેર કલ્યાણ સહિતના વિવિધ કાર્યો સંપન્ન કરવા માટેનો છે કે જેના માટે સદર ભંડોળ જરૂરી છે. કરવેરા એ રાજ્યો માટે નફો કરવાની કવાયત નથી; અગાઉ જણાવ્યા મુજબ, રાજ્યો વિવિધ કાર્યો કરે છે કે જેના માટે તેમને ભંડોળની જરૂર પડે છે અને મહેસૂલ એકત્રિત કરવા માટે કર લાદવાની સત્તા ધરાવે છે અને આ રીતે વ્યવહારિક રીતે તમામ કર એ રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ અથવા સુવિધાઓ માટે ચૂકવવામાં આવતા નાણાં છે. અનુચ્છેદ ૨૬૬(૧) એવી જોગવાઈ કરે છે કે રાજ્ય સરકાર દ્વારા મેળવવામાં આવતી કરવેરા સહિતની તમામ મહેસૂલ એકત્રિત થઈને એક એકત્રિત ભંડોળ બનાવશે—રાજ્યનું એકત્રિત ભંડોળ (ધ કન્સોલિડેટેડ ફંડ ઓફ ધ સ્ટેટ). આ ભંડોળ એક જળાશય છે અને તેમાં મૂકવામાં આવેલા સંસાધનો સમગ્રનો એક ભાગ છે. તમામ મહેસૂલ તેમાં સમાવિષ્ટ થઈ જાય છે અને તેને અલગ તારવી શકાતી નથી. રાજ્યનું એકત્રિત ભંડોળ એ રાજ્ય માટે એક એકીકૃત ખાતું છે અને તેમાંથી નાણાં ઉપાડવા એ વિનિયોગ અધિનિયમ (એપ્રોપ્રિયેશન એક્ટ) પસાર કરવાની આવશ્યકતા દ્વારા સંરક્ષિત છે. વધુમાં, અનુચ્છેદ ૨૬૬(૩) એવું જણાવીને કે 'કોઈપણ એકત્રિત ભંડોળમાંથી નાણાં કાયદા અનુસાર — સંવિધાનમાં પૂરા પાડવામાં આવેલા હેતુઓ માટે અને તે રીતે

સિવાય વિનિયોગ કરી શકાશે નહીં' જાહેર નાણાંના કાયદેસર ઉપયોગની ખાતરી કરવાના અવેજમાં અન્ય એક રક્ષણાત્મક ઉપાય પૂરો પાડે છે. રાજ્યના એકત્રિત ભંડોળમાં એકત્ર કરાયેલા નાણાંના વિનિયોગની રીત સંવિધાનના ભાગ ૬, પ્રકરણ ૩ હેઠળ આવે છે, જેમાં અનુચ્છેદ ૨૦૨ થી ૨૦૬ નો સમાવેશ થાય છે. એકત્રિત ભંડોળમાં જમા થયેલા નાણાંના વિનિયોગ માટે પૂરતા બંધારણીય સંરક્ષણો છે. રાજ્યો દ્વારા પ્રવેશ કરના સ્વરૂપમાં પ્રાપ્ત થતી મહેસૂલ અનિવાર્યપણે આ ભંડોળનો ભાગ બને છે, અને એકવાર તે આ રીતે સમાવિષ્ટ થઈ જાય પછી, રાજ્યોને તેમના ખર્ચ અંગે 'પરિમાણીકરણ યોગ્ય ડેટા' રજૂ કરીને 'નિકટવર્તી ક્વિડ પ્રો ક્વો' દર્શાવવા માટે કહી શકાય નહીં. વ્યક્તિગત કેસોમાં થયેલા ખર્ચ અને લાદવામાં આવેલી અનુરૂપ ઉઘરાત વચ્ચેનો સીધો સંબંધ ગણિતીય ચોકસાઈ સાથે દર્શાવવો રાજ્યો માટે શક્ય ન પણ હોય.

૧૮૮. હું ઠેરવું છું કે વિવિધ રાજ્યો દ્વારા લાદવામાં આવેલો પ્રવેશ કર, જે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના ક્ષેત્ર હેઠળ આવે છે, તે માત્ર એક સાદો કર છે, ભલે નામાભિધાનથી તેને 'વળતરરૂપી કર' તરીકે ઓળખવામાં આવતો હોય. અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટી પાર કરવાની શરતે, યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલો પ્રવેશ કર, ભલે તેને વળતરરૂપી કર તરીકે ઓળખવામાં આવે, તો પણ તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) માં વળતરરૂપી કરને ફી ની સમકક્ષ ગણાવતા ઠેરવવામાં આવેલા સિદ્ધાંતના વ્યાપક પ્રત્યાઘાતો પડ્યા હતા. કેટલીક હાઈકોર્ટો જેમ કે ઓરિસ્સા, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશે પ્રવેશ કરની ઉઘરાતને વળતરરૂપી તરીકે

માન્ય રાખી હતી. ઘણી અન્ય હાઇકોર્ટોએ જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) માં નિર્ધારિત કસોટી લાગુ કરીને આ ઉઘરાત રદબાતલ ઠેરવી હતી. જે કેસોમાં ઉઘરાત રદબાતલ ઠેરવવામાં આવી હતી, તેમાં હાઇકોર્ટોએ ઠેરવ્યું હતું કે કરદાતાને વળતર આપવા માટે રાજ્યોની બહારથી માલ આયાત કરનારા વેપારીઓને કયા લાભો પૂરા પાડવામાં આવ્યા હતા તે રાજ્ય દર્શાવી શક્યું નથી.

૧૮૯. જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) માં વળતરરૂપી કરને 'ફી' ની સમકક્ષ ગણવાના અને 'પરિમાણીકરણ યોગ્ય ડેટા અભિગમ' દ્વારા 'નિકટવર્તી ક્વિડ પ્રો ક્વો' સાબિત કરવાનું રાજ્યો માટે ફરજિયાત બનાવવાના સંકુચિત અભિગમ સાથે હું અસંમત છું. હવે જ્યારે અમે ઠેરવ્યું છે કે કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે, ત્યારે 'વળતરરૂપી કર' ના નામે લાદવામાં આવતા કર પણ અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે. નિયમનકારી અથવા વળતરરૂપી કરને માન્ય રાખવા માટે, વ્યાપક માપદંડો નિર્ધારિત કરી શકાતા નથી કારણ કે તે ઉઘરાતના સ્વરૂપના આધારે બદલાઈ શકે છે. ઓટોમોબાઇલ કેસમાં ખુદ વળતરરૂપી કરના માપદંડો નિર્ધારિત કરવામાં આવ્યા છે (દાસ, ન્યાયમૂર્તિ, પૃષ્ઠ ૫૩૬–૫૩૭ પર). આ રીતે એકત્રિત કરાયેલા નાણાં અલગ ભંડોળમાં મૂકવામાં આવે અથવા ઉઘરાત ખર્ચના પ્રમાણમાં હોવી જોઈએ તે જરૂરી નથી.

૧૯૦. જ્યાં સુધી પ્રવેશ કર લાદવાનો સંબંધ છે, કેટલાક રાજ્યોના કાયદાઓ દેખીતી રીતે જ જાહેર કરે છે કે તેઓ વળતરરૂપી છે. આ રીતે લાદવામાં આવેલો વળતરરૂપી કર રાજ્યના એકત્રિત ભંડોળમાં સમાવિષ્ટ થઈ જાય છે.

એકવાર ભંડોળમાં સંમિશ્રણ થઈ જાય અને નાણાં વિવિધ સ્થાનિક વિસ્તારોના વિકાસના જાહેર હેતુઓ જેવા કે રસ્તાઓ અને પુલોનું નિર્માણ, જાળવણી તથા વેપારને સુગમ બનાવતી અન્ય સુવિધાઓ પાછળ ખર્ચવામાં આવે, ત્યારે વેપારીઓ દ્વારા વહન કરવામાં આવતી કરની જવાબદારી અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે તેઓ જે લાભ ભોગવે છે તેની વચ્ચે હંમેશાં એક સંબંધ રહેશે.

૧૯૧. પ્રશ્ન નં. ૨ અને ૩ પરના તારણોનો સારાંશ આપવા માટે:—

જ્યાં સુધી પ્રશ્ન નં. ૧ પરના તારણના પ્રકાશમાં વળતરરૂપી કરનો સંબંધ છે, હું ઠેરવું છું કે ઓટોમોબાઇલ ના અનુસંધાનમાં યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલા કરને આપવામાં આવેલું 'વળતરરૂપી' નામાભિધાન બિનજરૂરી છે. વળતરરૂપી કરનો ખ્યાલ પચાસ વર્ષ પહેલાં ન્યાયિક ચુકાદાઓ દ્વારા વિકસાવવામાં આવ્યો હતો. તે સમયની કસોટી પર ખરો ઊતર્યો છે અને તેથી, વર્તમાન ચુકાદા જેવા કોઈપણ અનુગામી ન્યાયિક ચુકાદાથી સંકળાયેલા પક્ષકારોના હિતને પૂર્વગ્રહ થવો જોઈએ નહીં. માત્ર ઓટોમોબાઇલ* અને તેના પછીના કેસોમાં ન્યાયિક અર્થઘટન અને નવીનતાઓના કારણે રાજ્ય સરકારોને મહેસૂલનું કોઈ નુકસાન થવું જોઈએ નહીં.

* અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટી પાર કરવાની શરતે, યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલો પ્રવેશ કર, ભલે તેને વળતરરૂપી કર તરીકે ઓળખવામાં આવે, તો પણ તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. ઉઘરાત દ્વારા વસૂલ કરવામાં આવેલા નાણાં અલગ ભંડોળમાં

મૂકવામાં આવે અથવા ઉઘરાત ખર્ચના પ્રમાણમાં હોવી જોઈએ તે જરૂરી નથી. નિયમનકારી/વળતરરૂપી કરમાંથી પ્રાપ્ત થતી મહેસૂલને રાજ્યના એકત્રિત ભંડોળમાં સમાવિષ્ટ કરવા પર કોઈ પ્રતિબંધ નથી કારણ કે તે સામાન્ય સ્વરૂપના અન્ય કરવેરાથી અલગ નથી. વધુમાં, વળતરરૂપી ઉઘરાત પાછળના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે કરવામાં આવેલા ખર્ચના પ્રમાણની તપાસ થઈ શકતી નથી.

જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૭૧ પરિમાણીકરણ યોગ્ય ડેટા અભિગમ અપનાવવામાં યોગ્ય મત નથી; કર માટે, નિકટવર્તી ક્વિડ પ્રો ક્વો ની કોઈ આવશ્યકતા નથી અને જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) ને ઉલટાવવામાં આવે છે. ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં લેવાયેલો મત સાચો છે કારણ કે તે ઓટોમોબાઇલ* માં નિર્ધારિત વળતરરૂપી કરના મૂળ માળખા સાથે સુસંગત છે.

રિફંડ અને અન્યાયી સમૃદ્ધિ:—

૧૯૨. છેલ્લે, કાયદાઓની માન્યતા બહાલ રાખવામાં આવે અથવા અન્યથા જે પણ પરિસ્થિતિ હોય તે કિસ્સામાં કરની ચુકવણી/કરના રિફંડ અંગે કરદાતાઓ દ્વારા ઉઠાવવામાં આવેલા એક મહત્વપૂર્ણ મુદ્દા પર વિચાર કરવો જરૂરી છે. એ બાબત રેકર્ડ પર આવી છે કે રાજ્યના ઘણા એન્ટ્રી ટેક્સ કાયદાઓ ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ ના અનુસંધાનમાં ઘડવામાં આવ્યા

છે. પરંતુ જિંદાલ સ્ટેનલેસ લિ. (૨), જેને અમે હવે ઉલટાવી દીધો છે, તેણે પરસ્પર વિરોધી ન્યાયિક ચુકાદાઓનું એક પરિદ્રશ્ય ઊભું કર્યું છે, જેના કારણે કેટલીક હાઇકોર્ટોએ વાદગ્રસ્ત કાયદાને બિન–વળતરરૂપી હોવાના આધારે રદબાતલ ઠેરવ્યો છે, જ્યારે અન્યોએ તે કાયદાઓને વળતરરૂપી જાહેર કરીને માન્ય રાખ્યા છે. કેટલાક રાજ્યોમાં, હાઇકોર્ટોએ અરજદારોને માંગણીના ૩૩% અને કેટલાક કેસોમાં માંગણીના ૫૦% ચૂકવવાનો નિર્દેશ આપતા વચગાળાના હુકમો પસાર કર્યા છે. જ્યારે કોર્ટ દ્વારા આ બાબતો દાખલ કરવામાં આવી, ત્યારે કરદાતાઓને માંગણીના ૫૦% ચૂકવવાનો નિર્દેશ આપતા વચગાળાના હુકમો પસાર કરવામાં આવ્યા હતા. પરંતુ, આ કોર્ટ એ હકીકતને નજરઅંદાજ કરી શકે નહીં કે કરદાતાઓએ એવી રજૂઆત કરી નથી અને એ સાબિત કરવા માટે પુરાવા રજૂ કર્યા નથી કે તેમણે ગ્રાહકો પર કરનો બોજ નાખ્યો નથી. આવી રજૂઆતના અભાવમાં, સામાન્ય ધારણા એ છે કે તેમણે કરનો બોજ આગળ ધપાવી દીધો છે. જો તેઓએ અન્યથા દલીલ કરી હોત, તો તેનું કથન કરવાનો અને તેને સાબિત કરવાનો બોજ તેમના પર હોત. આવા કોઈપણ કથન અને પુરાવાના અભાવમાં, રિફંડનો દાવો યોગ્ય નથી.

૧૯૩. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી ગિરીએ એવી દલીલ કરી છે કે, જેમ સેલ્સ ટેક્સના કિસ્સામાં થાય છે તેમ, એન્ટ્રી ટેક્સ એક્ટ હેઠળ કરવામાં આવેલી ચુકવણીને માલની કિંમત નક્કી કરવાના હેતુ માટે કાયદેસર રીતે ધ્યાને લઈ શકાય છે જે સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ ડીલર તરીકે તે જ વ્યક્તિ દ્વારા વસૂલ કરી શકાય છે. તેથી એવી રજૂઆત કરવામાં આવી છે કે પ્રશ્નગત માલ દ્વારા સહન

કરવામાં આવેલ બોજ વાસ્તવમાં ગ્રાહક પર નાખી દેવામાં આવ્યો છે અને કોઈપણ સંજોગોમાં કરદાતાઓ કોઈપણ રિફંડ મેળવવા માટે હકદાર બનશે નહીં.

૧૯૪. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી રાકેશ દ્વિવેદીએ એવી રજૂઆત કરી છે કે અન્યાયી સમૃદ્ધિનો સિદ્ધાંત એવા કેસોમાં લાગુ કરવામાં આવે છે કે જ્યાં રાજ્યોએ સુપ્રિમ કોર્ટના અગાઉના ચુકાદાઓના આધારે કાર્ય કર્યું હોય અથવા જ્યાં કાયદાઓ ઘણા લાંબા સમયથી અમલમાં હોય અને આવા કાયદાઓના આધારે લોકોના અધિકારો અને જવાબદારીઓ સ્ફટિકીકૃત થઈ ગઈ હોય, અને જ્યાં પાછળથી કાયદાઓને અધિકારક્ષેત્ર બહાર જાહેર કરવામાં આવે અને અગાઉના ચુકાદાઓને ઉલટાવી દેવામાં આવે. વધુમાં એવી રજૂઆત કરવામાં આવી છે કે આવા કેસોમાં, ખાસ કરીને કરવેરાની બાબતોમાં, કાયદો ભવિષ્યલક્ષી રીતે જાહેર કરવામાં આવે છે અને આવા ભવિષ્યલક્ષી અમલ પાછળનું કારણ પહેલેથી જ ઉઘરાવવામાં આવેલા કરવેરાનું રક્ષણ કરવાનું છે. પોતાની દલીલોના સમર્થનમાં, તેમણે સિન્થેટીક્સ એન્ડ કેમિકલ્સ વિ. યુ.પી. રાજ્ય (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૦૯; બેલસુંદ શુગર કંપની લિ. વિ. બિહાર રાજ્ય (૧૯૯૯) ૯ એસ.સી.સી. ૬૨૦; મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિ. વિ. ભારત સંઘ (૧૯૯૭) ૫ એસ.સી.સી. ૫૩૬ વગેરેમાં આ કોર્ટના નિર્ણયો પર આધાર રાખ્યો હતો.

૧૯૫. શ્રેણીબદ્ધ ન્યાયિક ચુકાદાઓ દ્વારા, આ કોર્ટે કરવેરા કાયદાઓના સંબંધમાં 'અન્યાયી સમૃદ્ધિ' ની વિભાવના સ્પષ્ટપણે સ્થાપિત કરી છે. 'અન્યાયી

સમૃદ્ધિ' નો સિદ્ધાંત એ છે કે કોઈ પણ વ્યક્તિને અન્યના ભોગે અન્યાયી રીતે સમૃદ્ધ થવાની મંજૂરી આપી શકાય નહીં. 'અન્યાયી સમૃદ્ધિ' ના સિદ્ધાંત હેઠળ વસૂલાત/ચુકવણીનો અધિકાર ત્યાં ઉદ્ભવે છે જ્યાં લાભ જાળવી રાખવો એ ન્યાયથી વિરુદ્ધ અથવા સામ્યતાની વિરુદ્ધ ગણવામાં આવે છે. રિફંડ આપવાના હેતુ માટે 'અન્યાયી સમૃદ્ધિ' ની વિભાવના લાગુ પડે છે. આ વિભાવના જોગવાઈ કરે છે કે જો કોઈ વ્યક્તિ પ્રવર્તમાન કર કાયદાઓ અનુસાર સરકારને કર/ડ્યુટી ચૂકવે છે અને તેને ગ્રાહકો પર નાખી દે છે અને, પાછળથી, તે કર/ડ્યુટી ચૂકવવાપાત્ર ન હોવાનું જણાય છે, તો સરકારી સત્તાવાળાઓ પાસેથી રિફંડનો દાવો કરી શકાતો નથી, કારણ કે તેણે જે કોઈ જવાબદારી વહોરી હતી તે પહેલેથી જ વસૂલ કરી લેવામાં આવી છે. અને, જો તેને રિફંડ મળે છે, તો તે અન્યાયી રીતે સમૃદ્ધ થશે.

૧૯૬. મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિ. વિ. ભારત સંઘ (૧૯૯૭) ૫ એસ.સી.સી. ૫૩૬ માં, આ કોર્ટની નવ–ન્યાયમૂર્તિઓની બેંચે સદર સિદ્ધાંતના વ્યાપ અને ક્ષેત્ર પર વિગતવાર વિચારણા કરી હતી. કોર્ટે ઠેરવેલ કે સેન્ટ્રલ એક્સાઈઝ એન્ડ સોલ્ટ એક્ટ એ એક સ્વયં–સંપૂર્ણ સંહિતા છે જે રિફંડના દાવાના નિર્ધારણ માટે પણ જોગવાઈ કરે છે. સદર અધિનિયમે સ્પષ્ટપણે જાહેર કર્યું હોવાનું જણાયું હતું કે તેની જોગવાઈઓ અનુસાર સિવાય કોઈ રિફંડ કરવામાં આવશે નહીં. કોર્ટે વધુમાં ઠેરવેલ કે અનુચ્છેદ ૩૨ અને ૨૨૬ હેઠળના અધિકારક્ષેત્રના ઉપયોગના સંબંધમાં પણ, કોર્ટ સદર અધિનિયમની જોગવાઈમાં વ્યક્ત થયેલા વૈધાનિક આશયની ચોક્કસપણે નોંધ લેશે. કરનો બોજ ગ્રાહકો પર

નાખી દેવામાં આવ્યો હોય તેવા કેસમાં કોર્ટે રિફંડના વ્યાપ અંગે વધુમાં વિસ્તૃત ચર્ચા કરી હતી. બહુમતી મંતવ્યમાંથી એક અંશ નીચે મુજબ છે:

> "૧૦૮. રિફંડનો દાવો, પછી ભલે તે ઉપરના પ્રતિપાદન... (૧) માં વિચાર્યા મુજબ અધિનિયમની જોગવાઈઓ હેઠળ કરવામાં આવ્યો હોય અથવા ઉપરના પ્રતિપાદન (૨) દ્વારા વિચારવામાં આવેલી પરિસ્થિતિઓમાં દાવા કે રિટ પિટિશનમાં કરવામાં આવ્યો હોય, તે ત્યારે જ સફળ થઈ શકે છે જો અરજદાર/વાદી એવો આક્ષેપ કરે અને સ્થાપિત કરે કે તેણે ડ્યુટીનો બોજ અન્ય વ્યક્તિ/અન્ય વ્યક્તિઓ પર નાખ્યો નથી. તેનો રિફંડનો દાવો ત્યારે જ મંજૂર/ડિક્રી કરવામાં આવશે જ્યારે તે સ્થાપિત કરે કે તેણે ડ્યુટીનો બોજ આગળ ધપાવ્યો નથી અથવા જે હદ સુધી તેણે તે આગળ ધપાવ્યો નથી, જેવી પરિસ્થિતિ હોય. પુનઃસ્થાપન (રેસ્ટિટ્યુશન) માટેના દાવાને બંધારણીય અનિવાર્યતા તરીકે ગણવામાં આવે કે વૈધાનિક આવશ્યકતા તરીકે, તે ન તો સંપૂર્ણ અધિકાર છે કે ન તો બિનશરતી જવાબદારી છે, પરંતુ તે ચુકાદાના મુખ્ય ભાગમાં સમજાવ્યા મુજબ ઉપરોક્ત જરૂરિયાતને આધીન છે. જ્યાં ડ્યુટીનો બોજ આગળ ધપાવી દેવામાં આવ્યો હોય, ત્યાં દાવેદાર એવું કહી શકે નહીં કે તેને કોઈ વાસ્તવિક નુકસાન કે પૂર્વગ્રહ થયો છે. આવા કિસ્સામાં વાસ્તવિક નુકસાન કે પ્રતિકૂળ અસર તે વ્યક્તિ દ્વારા સહન કરવામાં આવે છે જેણે આખરે બોજ ઉઠાવ્યો છે અને માત્ર તે જ વ્યક્તિ કાયદેસર રીતે તેના રિફંડનો દાવો કરી શકે છે. પરંતુ જ્યાં આવી વ્યક્તિ આગળ ન આવે

અથવા જ્યાં એક કે બીજા કારણસર તેને રકમ રિફંડ કરવી શક્ય ન હોય, તો તે ન્યાયી અને ઉચિત છે કે તે રકમ રાજ્ય દ્વારા, એટલે કે, લોકો દ્વારા જાળવી રાખવામાં આવે. આવા પ્રતિપાદનમાં કોઈ અનૈતિકતા કે અયોગ્યતા સંકળાયેલી નથી.

.....

અન્યાયી સમૃદ્ધિનો સિદ્ધાંત એ એક ન્યાયી અને હિતકારી સિદ્ધાંત છે. કોઈ પણ વ્યક્તિ બંને છેડેથી ડ્યુટી વસૂલ કરવાનો પ્રયાસ કરી શકે નહીં. બીજા શબ્દોમાં કહીએ તો, તે એક છેડે ખરીદનાર પાસેથી ડ્યુટી વસૂલ કરી શકે નહીં અને તે જ ડ્યુટી તેની પાસેથી કાયદા વિરુદ્ધ વસૂલ કરવામાં આવી હોવાના કારણોસર રાજ્ય પાસેથી પણ વસૂલ કરી શકે નહીં. કોર્ટની સત્તા કોઈ વ્યક્તિને અન્યાયી રીતે સમૃદ્ધ કરવા માટે વાપરવા માટે નથી. જોકે, અન્યાયી સમૃદ્ધિનો સિદ્ધાંત રાજ્યને લાગુ પડતો નથી. રાજ્ય દેશના લોકોનું પ્રતિનિધિત્વ કરે છે. કોઈ પણ લોકો અન્યાયી રીતે સમૃદ્ધ થયા હોવાની વાત કરી શકે નહીં."

૧૯૭. ગોડફ્રે ફિલિપ્સ ઇન્ડિયા લિ. વિ. યુ.પી. રાજ્ય (૨૦૦૫) ૨ એસ.સી.સી. ૫૧૫ માં, ઉત્તર પ્રદેશ ટેક્સ ઓન લક્ઝરીઝ એક્ટ, ૧૯૯૫ તેમજ અન્ય રાજ્ય અધિનિયમોની બંધારણીય માન્યતાને અન્ય બાબતોની સાથે સાથે રાજ્ય વિધાનમંડળોની વૈધાનિક સક્ષમતાના કારણોસર પડકારવામાં આવી હતી. કોર્ટે અરજી મંજૂર કરી અને ઠેરવેલ કે રાજ્ય વિધાનમંડળો તમાકુ અને તમાકુના ઉત્પાદનો પર લક્ઝરી ટેક્સ લાદવા માટે સક્ષમ ન હતા અને સદર અધિનિયમો

અધિકારક્ષેત્ર બહાર તથા ગેરબંધારણીય જાહેર કરવામાં આવ્યા હતા. જોકે, વચગાળાના સમયગાળા દરમિયાન, અપીલકર્તાઓ દ્વારા ગ્રાહકો પાસેથી કર વસૂલ કરવામાં આવ્યો હતો અને રાજ્ય સરકારોને ચૂકવવામાં પણ આવ્યો હતો. કોર્ટે નીચે મુજબ ઠેરવેલ:

> "૯૪. રાજ્ય સરકારો વતી એવું જણાવવામાં આવ્યું હતું કે લક્ઝરી ટેક્સની વસૂલાત સામે આ કોર્ટમાંથી વચગાળાના હુકમો મેળવ્યા પછી, અપીલકર્તાઓએ ગ્રાહકો પાસેથી આવો કર વસૂલ કરવાનું ચાલુ રાખ્યું હતું. એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે તેઓએ સંબંધિત રાજ્ય સરકારોને આવો કર ચૂકવ્યો ન હતો. તેથી, એવી રજૂઆત કરવામાં આવી હતી કે જો અપીલકર્તાઓને ગ્રાહકો પાસેથી લક્ઝરી ટેક્સ પેટે એકત્રિત કરેલી રકમ પોતાની પાસે રાખી મૂકવાની મંજૂરી આપવામાં આવે, તો તે તેમના દ્વારા "અન્યાયી સમૃદ્ધિ" સમાન બનશે.
>
> ૯૫. અમારા મતે, આ રજૂઆત વાજબી છે અને માન્ય રાખવાને પાત્ર છે. જો અપીલકર્તાઓએ આ કોર્ટમાંથી વચગાળાના હુકમો મેળવ્યા પછી ગ્રાહકો પાસેથી લક્ઝરી ટેક્સ પેટે કોઈ રકમ એકત્ર કરી હોય, તો તેઓ સદર રકમ સંબંધિત રાજ્ય સરકારોને ચૂકવશે."

ગોડફ્રે ફિલિપ્સ ઇન્ડિયા લિ. માં ઉપરોક્ત નિર્ણય પરથી સ્પષ્ટ થાય છે કે કરની કાયદેસરતાને સફળતાપૂર્વક પડકારવામાં આવી હોય ત્યારે પણ, તેની

ગેરકાયદેસરતા હોવા છતાં રાજ્યનો કર ડીલર/ઉત્પાદક દ્વારા પોતાની પાસે રાખી મૂકવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી.

૧૯૮. એ સુસ્થાપિત છે કે રિફંડનો દાવો ત્યારે જ મંજૂર કરી શકાય જ્યારે દાવેદાર એ સ્થાપિત કરે કે તેણે ગ્રાહકો પર કરનો બોજ નાખ્યો નથી. જ્યારે કોઈ વ્યક્તિએ કરનો બોજ સહન કયો ન હોય ત્યારે તેને અણધાર્યો લાભ થાય તે રીતે કોઈપણ રિફંડ આપી શકાય નહીં. વર્તમાન કેસમાં કરદાતાઓ દ્વારા ગ્રાહકો પર કરનો બોજ નાખવામાં આવ્યો હોવાની શક્યતાને નકારી શકાય નહીં. વર્તમાન કેસમાં ઉપર ઠેરવવામાં આવેલા કાયદાને લાગુ કરતાં, તે સ્પષ્ટ થાય છે કે કરદાતાઓ વાદગ્રસ્ત કાયદાઓ માન્ય અથવા ગેરબંધારણીય જાહેર કરવામાં આવે કે કેમ તેને ધ્યાનમાં લીધા વિના રિફંડનો દાવો કરી શકતા નથી. જ્યાં સુધી કરદાતાઓ એ સાબિત ન કરે કે તેઓએ ગ્રાહકો પર કરનો બોજ પસાર કર્યો નથી, ત્યાં સુધી તેઓ રિફંડનો દાવો કરી શકતા નથી અને અન્યાયી રીતે સમૃદ્ધ થઈ શકતા નથી.

૧૯૯. પ્રશ્ન નં. ૧ થી ૪ પરના તારણોનો સારાંશ નીચે મુજબ છે:–

પ્રશ્ન નં. ૧:

બિન–ભેદભાવપૂર્ણ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બનતા નથી. યોગ્ય આદર સાથે, અતિયાબારીમાં લેવાયેલો અને ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટમાં માન્ય રાખવામાં આવેલો એવો અભિપ્રાય કે કરવેરા નિયંત્રણ સમાન છે અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા કરવેરાના સ્વરૂપમાં

નિયંત્રણને આધીન હોઈ શકે નહીં, તે યોગ્ય અભિપ્રાય નથી અને તેને ઉલટાવી દેવાને પાત્ર છે. જોકે, પ્રશ્ન નં. ૨ અને ૩ નો ઉત્તર આપતી વખતે નીચે દર્શાવેલા કારણોસર હું ઓટોમોબાઇલ કેસમાં વિકસાવવામાં આવેલી વળતરરૂપી કરની વિભાવના સાથે સંમત થાઉં છું.

પ્રશ્ન નં. ૪:–

– સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના સંદર્ભમાં પ્રવેશ કર અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી, જો આ ઉઘરાત બિન–ભેદભાવપૂર્ણ હોય એટલે કે અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટીમાં પાર ઊતરતી હોય. અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ટકી શકે તેવી ઉઘરાત, બિન–ભેદભાવપૂર્ણ હોવાના કારણે આપમેળે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર રહેશે.

– જ્યારે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા એન્ટ્રી ટેક્સ એક્ટ દ્વારા પ્રવેશ કર લાદવામાં આવે છે, ત્યારે પ્રવિષ્ટિ ૫૨ દ્વારા પરિકલ્પિત 'સ્થાનિક વિસ્તાર' શબ્દ કાયદામાં અધિસૂચિત કર્યા મુજબ 'સમગ્ર રાજ્ય' અથવા 'સ્થાનિક વિસ્તાર' ને આવરી શકે છે. હું બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં લેવાયેલા એ મત સાથે સંમત છું કે પ્રવેશ કરના દ્રષ્ટિકોણથી રાજ્ય એ સ્થાનિક વિસ્તારોનો સંગ્રહ છે અને જ્યાં અધિનિયમ દ્વારા પરિકલ્પિત સ્થાનિક વિસ્તારો સમગ્ર રાજ્યને આવરી લે છે, ત્યાં રાજ્ય અને 'સ્થાનિક વિસ્તાર' વચ્ચેનો તફાવત વ્યવહારિક રીતે અદ્રશ્ય થઈ જાય છે.

– અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) ને પરસ્પર સ્વતંત્ર રીતે વાંચવાના રહે છે; બંને ભિન્ન વિષયવસ્તુઓને લાગુ પડે છે; જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) કર સાથે સંબંધિત છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪(બી) માત્ર બિન–નાણાકીય બાબતો સાથે સંબંધિત છે.

– જ્યાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કર વ્યવહારની બાબતમાં સમકક્ષતા હોય, ત્યાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર આવો કોઈ કર ન હોય ત્યારે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર પ્રવેશ કર લાદવો એ ભેદભાવપૂર્ણ નથી.

– દરેક વિભેદ એ ભેદભાવ નથી. સ્થાનિક રીતે ઉત્પાદિત માલ અને આયાત કરાયેલા માલ પરના કરના દરમાં કોઈપણ તફાવત, જો આવો તફાવત ભેદભાવપૂર્ણ ન હોય તો, અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ દોષપૂર્ણ ઠરતો નથી. રાજ્યમાં સ્થાનિક ઉત્પાદકો/ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક ઉત્પાદકો/નિર્માતાઓને કરના દરમાં આપવામાં આવેલ છૂટછાટનું કોઈપણ પ્રોત્સાહન/લાભ ભેદભાવપૂર્ણ કહી શકાય નહીં. દિગ્વિજય અને વિડિયો ઈલેક્ટ્રોનિક્સ સાચો કાયદો નિર્ધારિત કરે છે. મહાવીર ઓઇલ મિલ્સ એ સાચો અભિપ્રાય નથી.

– માત્ર એ કારણસર કે કર લાદતા રાજ્યમાં સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ થતું નથી, અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર પ્રવેશ કર

લાદવો તે ભેદભાવપૂર્ણ નથી. કલ્યાણી સ્ટોર્સ માં નિર્ધારિત કરવામાં આવેલો કાયદો યોગ્ય કાયદો નથી.

– ભારત બહારથી આયાત કરાયેલા માલ કે જે સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે પ્રવેશ કરે છે તેના પર પ્રવેશ કર લાદવો એ રાજ્યની વૈધાનિક સક્ષમતાની અંદર છે.

પ્રશ્ન નં. ૨ અને ૩:–

– પ્રશ્ન નં. ૧ પરના તારણના પ્રકાશમાં જ્યાં સુધી વળતરરૂપી કરનો સંબંધ છે, હું ઠેરવું છું કે ઓટોમોબાઈલ ના અનુસંધાનમાં યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્ય સરકાર દ્વારા લાદવામાં આવેલા કરને આપવામાં આવેલું 'વળતરરૂપી' નામાભિધાન અયોગ્ય છે. વળતરરૂપી કરનો ખ્યાલ પચાસ વર્ષ પહેલાં ન્યાયિક ચુકાદાઓ દ્વારા વિકસાવવામાં આવ્યો હતો. તે સમયની કસોટી પર ખરો ઊતર્યો છે અને તેથી, વર્તમાન જેવા કોઈપણ અનુગામી ન્યાયિક ચુકાદાથી સંકળાયેલા પક્ષકારોના હિતને પૂર્વગ્રહ થવો જોઈએ નહીં. માત્ર ઓટોમોબાઈલ અને તેના પછીના નિર્ણયોમાં ન્યાયિક અર્થઘટનો અને નવીનતાઓના કારણે રાજ્યોને મહેસૂલનું કોઈ નુકસાન થવું જોઈએ નહીં.

– અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટી પાર કરવાની શરતે, યાદી ૨ ની પ્રવિષ્ટિ પર હેઠળ રાજ્યો દ્વારા લાદવામાં આવેલો પ્રવેશ કર, ભલે તેને વળતરરૂપી કર તરીકે ઓળખવામાં આવે, તો પણ તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. ઉઘરાત દ્વારા વસૂલ કરવામાં આવેલા નાણાં અલગ ભંડોળમાં

મૂકવામાં આવે અથવા ઉઘરાત ખર્ચના પ્રમાણમાં હોવી જોઈએ તે જરૂરી નથી. નિયમનકારી/વળતરરૂપી કરમાંથી પ્રાપ્ત થયેલી મહેસૂલને રાજ્યના એકત્રિત ભંડોળમાં સમાવિષ્ટ કરવા પર કોઈ પ્રતિબંધ નથી કારણ કે તે સામાન્ય પ્રકૃતિના અન્ય કરવેરાથી અલગ નથી. વધુમાં, વળતરરૂપી ઉઘરાત પાછળના ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે કરવામાં આવેલા ખર્ચના પ્રમાણની તપાસ થઈ શકતી નથી.

– જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧ પરિમાણીકરણ યોગ્ય ડેટા અભિગમ અપનાવવામાં સાચો મત નથી; કર માટે, નિકટવર્તી ક્વિડ પ્રો ક્વો ની કોઈ આવશ્યકતા નથી અને જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) ને ઉલટાવવામાં આવે છે. ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ માં લેવાયેલો મત સાચો છે કારણ કે તે ઓટોમોબાઈલ માં નિર્ધારિત વળતરરૂપી કરના મૂળ માળખા સાથે સુસંગત છે.

અન્યાયી સમૃદ્ધિ:

રિફંડના પ્રશ્ન પર વિચાર કરવા માટે અન્યાયી સમૃદ્ધિનો ખ્યાલ લાગુ પડે છે. જ્યાં સુધી કરદાતાઓ એ સ્થાપિત ન કરે કે તેઓએ ગ્રાહકો પર કરનો બોજ પસાર કર્યો નથી, ત્યાં સુધી તેઓ રિફંડનો દાવો કરી શકતા નથી અને અન્યાયી રીતે સમૃદ્ધ થઈ શકતા નથી.

**ડો. ડી. વાય. ચંદ્રચૂડ, ન્યાયમૂર્તિ**

આ ચુકાદો નીચેના ભાગોનો સમાવેશ કરવા માટે સંરચિત છે:

એ પ્રસ્તાવના;

બી સંવિધાનનો ભાગ ૧૩ : લખાણ અને સંદર્ભ;

સી માર્ગદર્શક તરીકે સંવિધાનિક ઇતિહાસ;

ડી દિશાસૂચક નિર્ણયો : અતિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ;

ડી.૧ અતિયાબારી: અનુચ્છેદ ૩૦૧ અને કરવેરા

ડી.૨ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ

ઈ વળતરરૂપી કર;

ઈ.૧ મૂળ સમજ

ઈ.૨ ખચેરબારી

ઈ.૩ ત્યારપછીના વિનિયોગ

ઈ.૪ નિર્ણાયક વળાંક

ઈ.૫ સૈદ્ધાંતિક ચિંતાઓ અને અસંગતતાઓ

એફ સ્વતંત્રતાની વિષયવસ્તુ : માલ, સેવાઓ, વ્યક્તિઓ અને મૂડી;

જી કરવેરા અને સંઘવાદ;

એચ કર લાદવાની સત્તાઓ;

એચ.૧ અનુચ્છેદ ૨૪૫ અને સંવૈધાનિક મર્યાદાઓ

એચ.૨ સાર્વભૌમત્વ અને સંવૈધાનિક મર્યાદાઓ

એચ.૩ ભાગ ૧૩ અને કરવેરા

એચ.૩.૧ તમામ કર અવરોધરૂપ નથી

એચ.૩.૨ અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪

એચ.૩.૩ અનુચ્છેદ ૩૦૪ નું અર્થઘટન

એચ.૩.૪ સંયોજક કે વિયોજક: ‘કરી શકશે’; ‘અને’

એચ.૩.૫ અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાનું સમગ્ર ક્ષેત્ર નથી

આઈ કર વિધાન : ન્યાયિક સમીક્ષા અને ભાગ ૧૩;

આઈ.૧ કરવેરા અને ભાગ ૧૨

આઈ.૨ ન્યાયિક સમીક્ષાનું ધોરણ

આઈ.૩ આટિયાબારીમાં મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના મંતવ્યની મર્યાદાઓ

આઈ.૪ રાષ્ટ્રપતિની મંજૂરી : અનુચ્છેદ ૩૦૪(બી)નો પરંતુક

જે અનુચ્છેદ ૩૦૪(એ) : બિન-ભેદભાવનો સિદ્ધાંત;

જે.૧ પૂર્વચુકાદા — ૧૯૬૩ થી ૧૯૮૦

જે.૨ મુક્તિઓ અને પ્રોત્સાહનો: વિડીયો ઇલેક્ટ્રોનિક્સ અને મહાવીર

જે.૩ અનુચ્છેદ ૩૦૪(એ) અને વાજબી વર્ગીકરણ

જે.૩.૧ ઔપચારિક અને વાસ્તવિક સમાનતા

જે.૪ ગૃહ રાજ્યમાં ઉત્પાદન અને નિર્માણ

કે પ્રવેશ કર;

કે.૧ ઓક્ટ્રોય અને ટર્મિનલ કર

કે.૨ પ્રવેશ કર અને અનુચ્છેદ ૩૦૪(એ)

કે.૩ 'સ્થાનિક વિસ્તાર'નો અર્થ

કે.૪ વિભાજ્યતા

કે.૫ કરબોજની સમાનતા

કે.૬ પ્રવેશ કર અને આયાત કરાયેલ માલ

એમ પ્રત્યક્ષ અને અનિવાર્ય અસરની કસોટી;

એન નિષ્કર્ષ.

એ પ્રસ્તાવના

૧. નવ ન્યાયમૂર્તિઓની ખંડપીઠને સંદર્ભો, અથવા કોઈપણ સંજોગોમાં નવ ન્યાયમૂર્તિઓ દ્વારા લેવાતા નિર્ણયો, તુલનાત્મક રીતે એક વિરલ બાબત છે. આપણી ન્યાયિક સંસ્થાઓમાં પૂર્વચુકાદાઓની સમૃદ્ધ પરંપરા હોવા છતાં, સંવિધાન અપનાવ્યા પછીથી નવ ન્યાયમૂર્તિઓની ખંડપીઠ દ્વારા માત્ર આઠ રિપોર્ટેડ નિર્ણયો જ આવ્યા છે[84]. પ્રસ્તુત સંદર્ભ બંધારણીય કાયદાના એવા ક્ષેત્રને આવરી લે છે જે વણઉકેલાયેલી જટિલતાથી ભરેલું છે. સંવિધાનના મુસદ્દાકારોએ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને રાષ્ટ્રની આર્થિક એકતાના હાર્દમાં રહેલી ગણી હતી. તેઓ સુપેરે વાકેફ હતા કે રાજ્યોની અંદરથી ઉદ્ભવતા સંકુચિત દબાણો અખિલ ભારતીય સામાન્ય બજારના નિર્માણ સામે વાસ્તવિક પડકારો ઊભા કરી શકે છે. રાજ્યોની અંદર સંરક્ષણવાદી નીતિઓના જોખમોને તેમ છતાં દેશના તમામ વિસ્તારોના વિકાસની આકાંક્ષાઓને પૂર્ણ કરવાની જરૂરિયાત સાથે સંતુલિત કરવાના હતા. આઝાદીની પૂર્વસંધ્યાએ પ્રાંતો અને તત્કાલીન દેશી રજવાડાઓમાં આર્થિક સિદ્ધિના સ્તરો બિલકુલ સમાન નહોતા. ઘણા તત્કાલીન દેશી

[84] ૯ ન્યાયમૂર્તિઓના નિર્ણયો : અમદાવાદ સેન્ટ ઝેવિયર્સ કોલેજ સોસાયટી વિ. ગુજરાત રાજ્ય (૧૯૭૪) ૧ એસ.સી.સી. ૭૧૭; ઇન્દ્રા સાહની વિ. યુનિયન ઓફ ઇન્ડિયા ૧૯૯૨ સપ્લિ. (૩) એસ.સી.સી. ૨૧૭; સુપ્રિમ કોર્ટ એડવોકેટ્સ-ઓન-રેકોર્ડ એસોસિએશન વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૩) ૪ એસ.સી.સી. ૪૪૧; એસ.આર. બોમ્માઈ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧; એટર્ની જનરલ ઓફ ઇન્ડિયા વિ. અમૃતલાલ પ્રજીવનદાસ (૧૯૯૪) ૫ એસ.સી.સી. ૫૪; મફતલાલ ઇન્ડસ્ટ્રીઝ લિ. વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૯૭) ૫ એસ.સી.સી. ૫૩૬; સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૯૮ (૧૯૯૮) ૭ એસ.સી.સી. ૭૩૯; આઈ. આર. કોએલ્હો વિરુદ્ધ તામિલનાડુ રાજ્ય (૨૦૦૭) ૨ એસ.સી.સી. ૧.

રજવાડાઓને વેપાર અને વાણિજ્ય પરનું પોતાનું નિયંત્રણ કોઈ રાષ્ટ્રીય સત્તાને સોંપી દેવા અંગે ચિંતાઓ હતી. આ પૃષ્ઠભૂમિમાં ભાગ ૧૩ ઘડવામાં આવ્યો હતો. તે ઘડવૈયાઓના સંતુલનકારી દ્રષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરે છે અને આર્થિક વૃદ્ધિ અને વિકાસ સાથે ગાઢ રીતે સંકળાયેલા ક્ષેત્રમાં મુક્ત વેપાર અને નિયમન, રાજ્ય અને સંઘીય નિયંત્રણ વચ્ચે તેમજ પ્રાંતીય સ્વાયત્તતા અને રાષ્ટ્રીય હિતો વચ્ચે સંતુલન સ્થાપવાનો પ્રયાસ કરે છે.

૨. તેમ છતાં, ભાગ ૧૩ ની રચના કરતા તમામ છ બંધારણીય અનુચ્છેદો – અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૬ – ઘડવામાં અપનાવવામાં આવેલી જોગવાઈઓના શબ્દપ્રયોગો સંવિધાન સભામાં ટીકાને પાત્ર બન્યા હતા. એક સભ્યએ એવી ફરિયાદ કરી હતી કે કેટલીક જોગવાઈઓ "વકીલો માટે સ્વર્ગ બની જવાની દહેશત ઊભી કરે છે જ્યાં એટલા બધા અસંખ્ય છીંડાંઓ હશે કે આપણે ઘણી કલમોના આખરી અને સાચા અર્થઘટન પર પહોંચી શકીએ તે પહેલાં વર્ષોના વર્ષો વેડફી નાખીશું"[85]. ઘણા વર્ષો પછી, આ કોર્ટના એક પ્રતિષ્ઠિત ન્યાયમૂર્તિએ "ભાગ ૧૩ ના અનુચ્છેદોની શ્રેણીમાં અપવાદ પર અપવાદના એવા મિશ્રણ વિશે વાત કરી હતી કે કેવળ પાઠ્યગત અર્થઘટન કદાચ અનુચ્છેદોના વાસ્તવિક આશયને પ્રગટ ન કરી શકે[86]". તે ટીપ્પણીઓ આજે પણ પ્રસ્તુત છે. આ કોર્ટની સંવિધાન પીઠો દ્વારા ક્રમિક નિર્ણયો આપવા છતાં મુક્ત વેપાર અને વાણિજ્યના

[85] પી.એસ. દેશમુખ: કોન્સ્ટીટ્યુઅન્ટ એસેમ્બલી ડિબેટ્સ, વોલ્યુમ ૯, પૃ. ૧૧૩૧; એ પણ જુઓ: બી. શિવ રાવ, ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન — અ સ્ટડી, પૃ. ૭૦૪ (૧૯૭૮)

[86] ન્યાયમૂર્તિ એસ. કે. દાસ : (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧, પેરા ૧૦, પૃ. ૫૨૦

ક્ષેત્રમાં કાયદો અસ્થિર સ્થિતિમાં રહ્યો છે. આવી જ એક ન્યાયિક ભાવનાત્મક અપીલ ઓસ્ટ્રેલિયામાં પણ વ્યક્ત થઈ છે[87]. આમ બનવું તે આશ્ચર્યજનક ન લાગવું જોઈએ : આ સંવિધાનનું એક એવું ક્ષેત્ર છે જે સંઘીય માળખા, રાજ્યોની કર લાદવાની સત્તા અને વૃદ્ધિ, વિકાસ તથા મુક્ત વેપાર વચ્ચેના સંબંધ અંગેની મુખ્ય ચિંતાઓને સ્પર્શે છે.

૩. ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સની જોગવાઈ કરતા બંધારણીય સુધારાને અપનાવવા સાથે આ દરેક ચિંતાઓ તીવ્ર સમકાલીન પ્રસ્તુતતા ધરાવે છે. જ્યારે સુનાવણી શરૂ થઈ ત્યારે ઘણા વકીલોને આ સંદર્ભની અવિરત પ્રસ્તુતતા અંગે શંકાઓ હતી. એકસો અને પ્રથમ બંધારણીય સુધારો પસાર થવાની સાથે, માલ અને સેવાઓ પર કર લાદવાની વૈધાનિક સત્તાની વહેંચણીમાં નોંધપાત્ર ફેરફાર થયો છે. પ્રવેશ કર લાદવા માટેની કર પ્રવિષ્ટિ (સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨), જે પ્રસ્તુત સંદર્ભમાં વિવાદના કેન્દ્રસ્થાને છે, તે એક એવી બંધારણીય પ્રક્રિયાના ભાગરૂપે રદ થઈ ગયેલ છે જેના દ્વારા જીએસટી હેઠળ ઘણા કરવેરાઓને સમાવી લેવામાં આવી રહ્યા છે. તેમ છતાં, આ સંદર્ભનો ઉત્તર આપવો જરૂરી છે, જેનું એક મુખ્ય કારણ ભૂતકાળની જવાબદારીઓ અને હકોનું નિર્ધારણ કરવાનું છે. પરંતુ વધુ મૂળભૂત રીતે, આ સંદર્ભ પોતાના રાજ્યમાં વૃદ્ધિ અને વિકાસ લાવવાની જરૂરિયાત અંગે રાજ્યોની નાણાકીય અને નિયમનકારી ચિંતાઓ સાથે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના

[87] ક્રિ ઇ કર : (૧) મેરિયમ-વેબસ્ટર અનુસાર: ભાવનાત્મક પોકાર (અપીલ અથવા વિરોધ સ્વરૂપે); (૨) ઓક્સફર્ડ ડિક્શનરી અનુસાર: એક ભાવનાત્મક અપીલ, ફરિયાદ અથવા વિરોધ.

સંબંધ વિશે બંધારણીય સિદ્ધાંતના મહત્વના પ્રશ્નો ઉપસ્થિત કરે છે. ઉપસ્થિત થયેલા પ્રશ્નો એક તરફ મુક્ત વેપાર અને બીજી તરફ વૃદ્ધિ તથા વિકાસ સાથે સંવિધાનના સંકલન પર અત્યંત મહત્વપૂર્ણ અસર ધરાવે છે.

૪. આ ચુકાદો તે સામાજિક–આર્થિક અને રાજકીય પરિબળોની તપાસ કરશે જેના કારણે સંવિધાનના ઘડવૈયાઓ અનુચ્છેદ ૩૦૧ હેઠળની બાંયધરી સ્વીકારવા તરફ પ્રેરાયા હતા. સામાજિક યાતનાઓ સાથે જોડાયેલી ભાગલાની રાજકીય પૃષ્ઠભૂમિએ એવા બંધારણીય માળખા માટે એક મજબૂત આધાર પૂરો પાડ્યો હતો જે રાષ્ટ્રને એક સુગ્રથિત એકમ તરીકે એકતાંતણે બાંધી શકે. સંવિધાનના મુસદ્દાકારોની દ્રષ્ટિમાં વેપાર અને વાણિજ્યના સાધનોની કલ્પના આર્થિક એકીકરણ લાવવાના માધ્યમ તરીકે કરવામાં આવી હતી. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપારની સ્વતંત્રતાની બાંયધરી આપીને એક સામાન્ય બજારમાં ભારતનું આર્થિક એકીકરણ સિદ્ધ કરવાનું હતું. તેમ છતાં, તેના જન્મ સમયે આ નવું રાષ્ટ્ર ભિન્ન ભિન્ન સામાજિક ઉપલબ્ધિઓ અને આર્થિક વિકાસ ધરાવતા વિવિધ પ્રદેશોનું બનેલું હતું. પછી ભલે તે તત્કાલીન દેશી રજવાડાઓ હોય કે બ્રિટિશ ભારતનો ભાગ બનેલા રાજ્યો હોય, તેમની પોતાની ચિંતાઓ હતી. ભાગ ૧૩ ઘડવૈયાઓના એક એવા પ્રયાસને પ્રતિબિંબિત કરે છે જેમાં એક તરફ સ્વતંત્રતા અને બીજી તરફ રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક બંને પ્રકારના જાહેર હિતના વિવિધ પાસાઓના રક્ષણ માટે નિયમન કરવાની જરૂરિયાત વચ્ચે સંતુલન સાધવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૨ હેઠળની

નિયમનકારી સત્તા રાષ્ટ્રીય વૈધાનિક સંસ્થાને રાષ્ટ્રીય સ્વરૂપના જાહેર હિતના પાસાઓને સમજવા અને તેનું નિયમન કરવા સમર્થ બનાવે છે. નવરચિત સંઘમાં સંતુલન જાળવી રાખવા માટે નિયમનના ક્ષેત્રની અંદર કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચણીની પરિકલ્પના કરવામાં આવી હતી. વેપાર અને વાણિજ્યના સંબંધમાં રાજ્યોની નિયમનકારી આવશ્યકતાઓ પર આપવામાં આવેલું ધ્યાન, એક વ્યવહારુ અને સ્વીકાર્ય સામાજિક કરારનું નિર્માણ કરવા માટે રાજ્યોને સાથે રાખવાની જરૂરિયાતને પ્રતિબિંબિત કરતું હતું જેને આ બંધારણીય દસ્તાવેજ મૂર્ત સ્વરૂપ આપે છે.

૫. સંવિધાનનો ભાગ ૧૩ સભાનપણે ઘડવામાં આવેલા એક એવા બંધારણીય અધિમાળખાને પ્રતિબિંબિત કરે છે જે વેપાર કરવાની અને વાણિજ્યમાં જોડાવાની સ્વતંત્રતાને માત્ર ખુદ વેપાર અને વાણિજ્યના દ્રષ્ટિકોણથી જ નહીં, પરંતુ એક વ્યાપક રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યથી જુએ છે જેમાં કેન્દ્રની નિયમનકારી સત્તાઓમાં પ્રતિબિંબિત રાષ્ટ્રની જરૂરિયાતો તેમજ પોતાના હિતો અને જવાબદારીઓ તથા પોતાની જનતા પ્રત્યેની પ્રતિબદ્ધતાઓને જાળવી રાખવા માટે ઘટક રાજ્યોની ચિંતાઓ બંનેનો સમાવેશ થાય છે.

૬. સંવિધાન સભાની ચર્ચાઓ ઈતિહાસ પર આધારિત એક મૂલ્યવાન આંતરદ્રષ્ટિ પૂરી પાડે છે, જે ભાગ ૧૩ ના લખાણના અર્થ અને વિષયવસ્તુ પર પ્રકાશ પાડવામાં આપણને મદદ કરે છે. સંવિધાનના શબ્દોનું અર્થઘટન કરવામાં ઈતિહાસ અત્યંત મહત્ત્વપૂર્ણ મૂલ્ય ધરાવે છે, કારણ કે સંવિધાન સ્વીકારવા

પૂર્વેની ઘટનાઓ તે ચિંતાઓ પર પ્રકાશ ફેંકે છે જે લખાણને અપનાવવા તરફ દોરી ગઈ હતી. તેમ છતાં, આપણું સમકાલીન ન્યાયશાસ્ત્ર સ્વીકારે છે તેમ, સંવિધાનના લખાણને તે ઇતિહાસના સંદર્ભ દ્વારા જડવત્ બનાવી શકાય નહીં જેણે લખાણની ભાષાનું નિર્માણ કર્યું હતું. ઘડવૈયાઓને પ્રેરિત કરનારી ચિંતાઓ એક ઐતિહાસિક સંદર્ભ પૂરો પાડે છે જે બંધારણીય અર્થઘટન માટે સહાયક નીવડે છે. પરંતુ, એ સમજવું મહત્ત્વનું છે કે એક જીવંત દસ્તાવેજ તરીકે સંવિધાને સામાજિક પરિવર્તન સાથે વિકસવું પડે છે. છેલ્લા સાત દાયકાઓમાં ભારતે શાસન વ્યવસ્થામાં જે પડકારોનો સામનો કર્યો છે તેને બંધારણીય લખાણને વર્તમાન અર્થ આપતી વખતે અવગણી શકાય નહીં. સંવિધાનના શબ્દોને તેના ઘડવૈયાઓના આશયના સંદર્ભમાં તેની વિષયવસ્તુ પૂરતા જડવત્ રાખી શકાય નહીં. ત્યારપછીની પેઢીઓ પર એવો અર્થ આપવાનું કાર્ય આવી પડે છે જે સાતત્યની ભાવના સુનિશ્ચિત કરવાની સાથે સાથે, બંધારણીય દસ્તાવેજમાં વર્તમાન અને ભવિષ્યના પડકારોને પહોંચી વળવાની ક્ષમતાનો સંચાર કરી શકે.

૭. મને વિદ્વાન અને પ્રતિષ્ઠિત મુખ્ય ન્યાયમૂર્તિશ્રીના ચુકાદાનો મુસદ્દો વાંચવાનું બહુમાન પ્રાપ્ત થયું છે. તેમાં ઉપસ્થિત કરવામાં આવેલા કેટલાક નિર્ણાયક મુદ્દાઓ સાથે સંમત ન થઈ શકવાની મારી સ્થિતિને કારણે મારો ચુકાદો આપવો અનિવાર્ય બન્યો છે, ખાસ કરીને તેના એ નિષ્કર્ષ પર કે કરવેરા (ભેદભાવપૂર્ણ કર સિવાય) ક્યારેય પણ ભાગ ૧૩ ના અર્થમાં નિયંત્રણો હોઈ શકે નહીં. જે પાસાઓ પર અમે સંમત છીએ, તેના પર મેં મારા પોતાના કારણો રજૂ કર્યા છે.

બી સંવિધાનનો ભાગ ૧૩ : લખાણ અને સંદર્ભ

૮. સંવિધાનનો ભાગ ૧૩ બંધારણીય ગૂંચવણોનો પુષ્કળ પ્રમાણમાં હિસ્સો ધરાવે છે. પાંચ કરતાં વધુ દાયકાઓના ન્યાયિક વિચાર–વિમર્શ છતાં, તેની જોગવાઈઓના સાચા અર્થ અંગેની ચર્ચા તે શિક્ષણવિદો, વકીલો અને ન્યાયમૂર્તિઓને સતત મૂંઝવતી રહી છે જેમને તેની જોગવાઈઓનો અભ્યાસ કરવાનો પ્રસંગ મળ્યો છે.

૯. ભાગ ૧૩ નો વ્યાપ ભારતના રાજ્યક્ષેત્રની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર છે. અનુચ્છેદ ૩૦૧[88] આદેશ આપે છે કે ભાગ ૧૩ ની "અન્ય જોગવાઈઓને આધીન" રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે. આ રીતે પ્રદાન કરાયેલી સ્વતંત્રતા તે નિયંત્રણોને આધીન છે જે ભાગ ૧૩ ની અનુગામી જોગવાઈઓમાં વિચારવામાં આવ્યા છે. નિયંત્રણોના સ્ત્રોત, નિયંત્રણોનો વ્યાપ અને નિયંત્રણ લાદવાની સત્તા પરની મર્યાદાઓ કે શરતો ભાગ ૧૩ માં વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે.

૧૦. અનુચ્છેદ ૩૦૧ ઘડતી વખતે, સંવિધાનના ઘડવૈયાઓએ ઓસ્ટ્રેલિયન અને યુ.એસ. સંવિધાનના લખાણથી સભાનપણે એક અલગ માર્ગ અપનાવ્યો હતો. યુ.એસ. સંવિધાનનો અનુચ્છેદ ૧ કલમ ૮ કોંગ્રેસને (ઇન્ડિયન જનજાતિઓ ઉપરાંત) "વિદેશી રાષ્ટ્રો સાથે અને વિવિધ રાજ્યો વચ્ચે વાણિજ્યનું નિયમન કરવાની" સત્તા પ્રદાન કરે છે. ઓસ્ટ્રેલિયન સંવિધાનની

[88] અનુચ્છેદ ૩૦૧: વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા : આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે.

કલમ ૯૨ એવી જોગવાઈ કરે છે કે "કસ્ટમ્સની એકસમાન જકાત લાદવા પર, રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સમુદ્રી નૌકાવહન દ્વારા, સંપૂર્ણપણે મુક્ત રહેશે". ઓસ્ટ્રેલિયન સંવિધાનમાં આવતો 'સંપૂર્ણપણે મુક્ત' શબ્દપ્રયોગ ભારતના સંવિધાનના ઘડતરમાં સભાનપણે સ્વીકારવામાં આવ્યો ન હતો. "સંપૂર્ણપણે મુક્ત" ના બદલે વધુ સરળ શબ્દપ્રયોગ, "મુક્ત", પસંદ કરવામાં આવ્યો હતો.

૧૧. ડૉ. બી. આર. આંબેડકરે સંવિધાનના મુસદ્દા ભાગ ૧૦એ (ભાગ ૧૩ ને અનુરૂપ) ની રજૂઆત કરતી વખતે સ્વતંત્રતાના વ્યાપને વ્યાખ્યાયિત કરવામાં "સંપૂર્ણપણે" વિશેષણને બાકાત રાખવાની અસર પર ભાર મૂક્યો હતો. ડૉ. આંબેડકરે અવલોકન કર્યું હતું કે:

> "હું એ પણ કહેવા માંગીશ કે આ ભાગમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર, વેપાર અને વાણિજ્યને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો કોઈ આશય નથી, એટલે કે, સંસદ તેમજ રાજ્યો બંનેને એ મૂળભૂત જોગવાઈમાંથી વિચલિત થવાની કોઈપણ સત્તાથી વંચિત કરવાનો હેતુ નથી કે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત રહેશે."

એક ચોક્કસ સ્તરે, "સંપૂર્ણપણે મુક્ત" શબ્દપ્રયોગ 'મુક્ત' ની વાસ્તવિક વિષયવસ્તુમાં ભાગ્યે જ કશો ઉમેરો કરે છે. જોકે, તુલનાત્મક બંધારણીય ઇતિહાસના સંદર્ભમાં, 'સંપૂર્ણ' શબ્દને બાકાત રાખવો તે ઘણો મહત્ત્વપૂર્ણ હતો. સંપૂર્ણ સ્વતંત્રતાનો એવો અર્થ નીકળી શકે કે તે સ્વતંત્રતા નિયંત્રણોને આધીન

નથી. 'સંપૂર્ણ' શબ્દનો ઉપયોગ એવું અનુમાન ઊભું કરવા સક્ષમ હતો કે સ્વતંત્રતા બિનશરતી હતી. ડૉ. આંબેડકરના અવલોકનો નિર્દેશ કરે છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર ભલે મુક્ત રહેવાના હોય, છતાં તે સ્વતંત્રતા બિનશરતી નથી પરંતુ તે ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન છે. સ્વતંત્રતા પ્રદાન કરતી વખતે, સંવિધાન સ્પષ્ટપણે સ્વીકારે છે કે તે જે સ્વતંત્રતા આપે છે તે ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન રહેશે.

૧૨. અનુચ્છેદ ૩૦૧ નું બીજું પાસું કે જેમાં યુ.એસ. અને ઓસ્ટ્રેલિયન સંવિધાનોથી સભાનપણે જુદો માર્ગ અપનાવવામાં આવ્યો હતો તે એ છે કે આપણા સંવિધાનમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા માત્ર રાજ્યો વચ્ચે જ નહીં પરંતુ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વિસ્તરેલી છે. 'રાજ્યો વચ્ચે' શબ્દપ્રયોગ આંતર–રાજ્ય અથવા રાજ્યની સરહદો પારના આવાગમનને આવરી લે છે. "રાજ્યો વચ્ચે" (જે ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ માં વપરાયેલ છે) અને "વિવિધ રાજ્યો વચ્ચે" (જે યુ.એસ. સંવિધાનના અનુચ્છેદ ૧ કલમ ૮ માં વપરાયેલ છે) તેવા શબ્દપ્રયોગોને ત્યજી દઈને, અનુચ્છેદ ૩૦૧ આંતર–રાજ્ય અને રાજ્યાંતર્ગત (રાજ્યની અંદરના) વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર બંનેનો સમાવેશ કરવા માટે આ સ્વતંત્રતાને વધુ વ્યાપક ક્ષેત્રની બાંયધરી આપે છે. 'સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં', એટલે ભારતના પ્રત્યેક ભાગમાં. બીજા શબ્દોમાં, અનુચ્છેદ ૩૦૧ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સ્વતંત્રતા રાજ્યની સરહદો પારના આંતર–રાજ્ય આવાગમન પર વિસ્તરે છે પરંતુ તે ફક્ત તેટલા પૂરતી સીમિત નથી.

૧૩. સંવિધાન સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને માન્ય રાખવાની સાથે તે સ્વતંત્રતાને ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન બનાવે છે. અનુચ્છેદ ૩૦૨[89] સંસદને એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવાની સત્તા આપે છે. આ બાબત શરતોને આધીન છે. પ્રથમ, નિયંત્રણો કાયદા દ્વારા લાદવામાં આવવા જોઈએ. બીજું, તે જાહેર હિતમાં જરૂરી હોય તેવા હોવા જોઈએ. જોકે, અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી અપાયેલી સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવાની અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદની સત્તા અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) માં નિર્ધારિત બંધારણીય મર્યાદાઓને આધીન છે. અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧)[90] હેઠળ, સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, સંસદ દ્વારા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો કાયદો બનાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આવી જ મર્યાદા રાજ્ય વિધાનમંડળો પર પણ લાદવામાં આવી છે. અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) માં રહેલી નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ રાજ્યના વિધાનમંડળને લાગુ

[89] અનુચ્છેદ ૩૦૨ : વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો લાદવાની સંસદની સત્તા : સંસદ કાયદા દ્વારા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગની અંદર વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા નિયંત્રણો લાદી શકશે.

[90] અનુચ્છેદ ૩૦૩ : વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર નિયંત્રણો : (૧) અનુચ્છેદ ૩૦૨ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો બનાવવાની સત્તા ન તો સંસદ પાસે કે ન તો રાજ્યના વિધાનમંડળ પાસે રહેશે. (૨) ખંડ (૧) માંનું કંઈપણ સંસદને કોઈ પ્રાધાન્ય આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો બનાવવાથી રોકશે નહીં, જો તેવા કાયદા દ્વારા એવી ઘોષણા કરવામાં આવે કે ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતમાંથી ઉદ્ભવતી પરિસ્થિતિને પહોંચી વળવાના હેતુ માટે તેમ કરવું જરૂરી છે.

પડવાના સંદર્ભમાં કંઈક અંશે અસંગત છે. સંસદને લાગુ પડવાના સંદર્ભમાં, અનુચ્છેદ ૩૦૨ પર અસરકારક એવી નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈનો આશય સંસદ જ્યારે જાહેર હિતમાં નિયંત્રણ લાદવા માટે કાયદો ઘડતી હોય ત્યારે તેના પર બંધારણીય મર્યાદા લાદવાનો હતો. અનુચ્છેદ ૩૦૨ માત્ર સંસદને જ લાગુ પડે છે અને રાજ્ય વિધાનમંડળોને નહીં, તેથી અનુચ્છેદ ૩૦૩ માં સમાવિષ્ટ નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ તે હદે કલાવિહીન છે. ગમે તે હોય, સાતમી અનુસૂચિની યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે કાયદો ઘડતી વખતે અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૧) સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદો ઘડવાની સત્તા પર બંધારણીય મર્યાદા લાદે છે. સાતમી અનુસૂચિની યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે કાયદો ઘડતી વખતે આ બંધારણીય મર્યાદા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપવા અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરવા સામે રોક લગાવે છે. જોકે, અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) હેઠળ સંસદની સત્તા પરની બંધારણીય મર્યાદા ખંડ (૨) દ્વારા હટાવી લેવામાં આવે છે જ્યાં સંસદ ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતથી ઉદ્ભવતી પરિસ્થિતિને પહોંચી વળવા માટે કાયદો ઘડે છે. આમ અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા અનુચ્છેદ ૩૦૨ હેઠળના સંસદીય નિયંત્રણોને આધીન છે. નિયંત્રણો લાદવાની સત્તા અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) માંની મર્યાદાઓને આધીન છે. જોકે, તે મર્યાદાઓ અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૨) દ્વારા વિચારવામાં આવેલી પરિસ્થિતિમાં હળવી કરી શકાય છે. રાજ્યો વચ્ચે પ્રાધાન્ય આપવાની અથવા

ભેદભાવ કરવાની અસર ધરાવતો કાયદો ઘડવા પરનો પ્રતિબંધ, ભારતના કોઈપણ ભાગમાં માલની અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે જરૂરી હોય ત્યારે સંસદના સંબંધમાં ખંડ (૨) દ્વારા ઉઠાવી લેવામાં આવે છે.

૧૪. અનુચ્છેદ ૩૦૪[91] "અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં", એવી એક નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ સાથે શરૂ થાય છે. ખંડ (એ) હેઠળ, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કર લાદી શકે છે કે જે તે રાજ્યમાં નિર્મિત કે ઉત્પાદિત થયેલા સમાન માલ પર લાગુ પડતો હોય. આ બાબત એવી રીતે કરવાની રહે છે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને કર લાદનારા રાજ્યમાં આ રીતે નિર્મિત કે ઉત્પાદિત થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય. અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલના સંદર્ભમાં રાજ્યની કર લાદવાની સત્તાને બિન–ભેદભાવની બંધારણીય મર્યાદાને આધીન બનાવે છે. બિન–ભેદભાવનો પ્રતિબંધ એ બીજા રાજ્યમાંથી આયાત કરાયેલા માલ પર લાદવામાં આવતા કરના સંદર્ભમાં છે. સમાન વ્યવહાર એ રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ પર લાદવામાં આવતા કરના સંદર્ભમાં છે. અનુચ્છેદ ૩૦૧ નો સંદર્ભ આપતી નોન–ઓબસ્ટેન્ટ જોગવાઈ એ સ્પષ્ટ આશય ધરાવે છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) ની વિચારણા હેઠળના

[91] અનુચ્છેદ ૩૦૪ : રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો : અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા — (એ) અન્ય રાજ્યો [અથવા કેન્દ્રશાસિત પ્રદેશો] માંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ એવો કર લાદી શકશે કે જે તે રાજ્યમાં નિર્મિત કે ઉત્પાદિત થયેલા સમાન માલ પર લાગુ પડતો હોય, જોકે, તે એવી રીતે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે નિર્મિત કે ઉત્પાદિત થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને (બી) તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા વાજબી નિયંત્રણો લાદી શકશે: પરંતુ શરત એ છે કે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના ખંડ (બી) ના હેતુઓ માટેનું કોઈ વિધેયક કે સુધારો રાજ્યના વિધાનમંડળમાં રજૂ અથવા દાખલ કરવામાં આવશે નહીં.

સ્વરૂપનો કર, જો તે જોગવાઈ ન હોત તો, અનુચ્છેદ ૩૦૧ ની વ્યાપ્તિમાં આવ્યો હોત. આ નોન-ઓબસ્ટેન્ટ જોગવાઈની અસર એ છે કે અનુચ્છેદ ૩૦૧ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં (જે અન્યથા આ પ્રકારના કરને તેના કાર્યક્ષેત્રમાં લાવત), અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) રાજ્યમાં આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર નિર્મિત કે ઉત્પાદિત માલ વચ્ચે બિન-ભેદભાવની બંધારણીય મર્યાદાને આધીન રહીને રાજ્ય દ્વારા આયાતી માલ પર કર લાદવાનું સમર્થ બનાવે છે. અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૧) અને અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) બંને બિન-ભેદભાવના સિદ્ધાંતોને મૂર્ત સ્વરૂપ આપે છે, જોકે જુદા જુદા પાસાઓ સાથે.

૧૫. અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૧) એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચેની પસંદગી અથવા ભેદભાવ સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૩૦૪ (એ) રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ પર લાદવામાં આવતા બિન-ભેદભાવપૂર્ણ કર સાથે સંબંધિત છે, જ્યારે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર એવો કર લાદવામાં આવ્યો હોય. અનુચ્છેદ ૩૦૨ પ્રતિબંધોના નાણાકીય કે બિન-નાણાકીય સ્વરૂપ અંગે કોઈપણ શરત વિના સામાન્ય રીતે પ્રતિબંધોનો ઉલ્લેખ કરે છે. અનુચ્છેદ ૩૦૨ હેઠળ પ્રતિબંધ લાદવાની સત્તા પર અનુચ્છેદ ૩૦૩ દ્વારા લાદવામાં આવેલી બંધારણીય મર્યાદા પણ નાણાકીય કે બિન-નાણાકીય જોગવાઈના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવી નથી. અનુચ્છેદ ૩૦૪ (એ) એ પ્રતિબંધનો એક પ્રકાર છે, એટલે કે કરની બિન-ભેદભાવપૂર્ણ વસૂલાત. અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (બી) રાજ્યના વિધાનમંડળને તે રાજ્ય સાથે

અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા વ્યાજબી પ્રતિબંધો કાયદા દ્વારા લાદવા માટે સક્ષમ બનાવે છે. "તે રાજ્ય સાથે અથવા તેની અંદર" એ શબ્દપ્રયોગ દર્શાવે છે કે રાજ્ય વિધાનમંડળ પોતાની સત્તાનો ઉપયોગ કરીને આંતર-રાજ્ય તેમજ રાજ્યની અંદરના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર બંનેના સંબંધમાં પ્રતિબંધો લાદી શકે છે. આમ કરવાની રાજ્યની સત્તા, જોકે, ત્રણ મર્યાદાઓથી બંધાયેલી છે: પહેલી એ કે પ્રતિબંધ વ્યાજબી હોવો જોઈએ; બીજી એ કે પ્રતિબંધ જાહેર હિતમાં જરૂરી હોવો જોઈએ; અને ત્રીજી જે પરંતુકમાં જણાવવામાં આવી છે તે એ કે ખંડ (બી) ના હેતુઓ માટેનું વિધેયક કે સુધારો રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં દાખલ કરવામાં આવશે નહીં કે રજૂ કરવામાં આવશે નહીં.

૧૬. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને ખંડ (બી) ની જોગવાઈઓનું સાદું અર્થઘટન એ દર્શાવશે કે જ્યાં સુધી રાજ્ય વિધાનમંડળોનો સંબંધ છે ત્યાં સુધી ખંડ (એ) કરવેરા સંબંધિત કાયદાઓના સમગ્ર ક્ષેત્ર માટે સંપૂર્ણ નથી. અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) બિન-ભેદભાવના સિદ્ધાંતને સમાવિષ્ટ કરે છે અને તેને એક મર્યાદા તરીકે નિયત કરે છે કે જેને આધીન રહીને રાજ્ય કાયદા દ્વારા રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ પર કર લાદી શકે છે. ખંડ (એ) એક શરતને આધીન અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવાની રાજ્યની સત્તા પર અનુચ્છેદ ૩૦૧ માંથી ઉદ્ભવતા પ્રતિબંધને હટાવે છે: રાજ્ય કોઈપણ કર લાદી શકે છે કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત

સમાન માલ આધીન હોય. ખંડ (એ), બીજા શબ્દોમાં કહીએ તો, માત્ર અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલના કરવેરા સાથે જ સંબંધિત છે.

૧૭. અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (બી) રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વ્યાજબી પ્રતિબંધોનો ઉલ્લેખ કરે છે. રાજ્યની અંદરનો પ્રતિબંધ ખંડ (બી) ના દાયરામાં આવે છે પરંતુ ખંડ (એ) માં આવતો નથી. ખંડ (એ) અને (બી) સંયોજક શબ્દ 'અને' દ્વારા અલગ કરવામાં આવ્યા છે. જોકે, 'અને' શબ્દપ્રયોગનો ઉપયોગ અનુચ્છેદ ૩૦૪ ના પ્રારંભિક ભાગ સાથે વાંચવો આવશ્યક છે. અનુચ્છેદ ૩૦૪ જોગવાઈ કરે છે કે રાજ્યનું વિધાનમંડળ [ખંડ (એ) માં સમાવિષ્ટ] બિન–ભેદભાવના સિદ્ધાંતને આધીન રહીને અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કાયદા દ્વારા કર લાદી 'શકે છે'. રાજ્ય વિધાનમંડળ જાહેર હિતમાં જરૂરી હોય તેવા વ્યાજબી પ્રતિબંધો પણ [ખંડ (બી) હેઠળ] લાદી શકે છે. ખંડ (બી), જોકે, પરંતુકને આધીન છે.

૧૮. બંધારણના ભાગ ૧૩ ની જોગવાઈઓમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા અને તે પ્રતિબંધોનું વિસ્તૃત વર્ણન સમાવિષ્ટ છે કે જેને બંધારણ સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાઓની અંદર હોવાનું ધારે છે. સંસદને આપવામાં આવેલી કાયદાકીય સત્તા અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૩ માં નિર્દિષ્ટ કરવામાં આવેલી મર્યાદા સુધી આ સ્વતંત્રતાના વ્યાપને

પ્રતિબંધિત કરી શકે છે. તેવી જ રીતે, રાજ્ય વિધાનમંડળો અનુચ્છેદ ૩૦૩ (૧) અને અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ મર્યાદાઓને આધીન છે. સંસદ તેમજ રાજ્ય વિધાનમંડળો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરવામાં પોતાની કાયદો બનાવવાની સત્તાના ઉપયોગ પર બંધારણીય મર્યાદાઓને આધીન છે.

૧૯. અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાનો વ્યાપ આ રીતે ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન રાખવામાં આવ્યો છે. ભાગ ૧૩ ની તે જોગવાઈઓ એ વ્યાપને વ્યાખ્યાયિત કરે છે કે જે હદ સુધી કાયદા દ્વારા પ્રતિબંધ લાદી શકાય છે તેમજ પ્રતિબંધ નિયત કરતી વખતે સંસદ અને રાજ્ય વિધાનમંડળોની સત્તા પરની મર્યાદાઓને પણ વ્યાખ્યાયિત કરે છે.

સી માર્ગદર્શક તરીકે બંધારણીય ઇતિહાસ

૨૦. બંધારણ એક ઐતિહાસિક અને તુલનાત્મક માળખામાં ઘડવામાં આવ્યું હતું. ઐતિહાસિક રીતે, આઝાદી પૂર્વે ભારતમાં એક તરફ બ્રિટિશ ભારતીય પ્રદેશો અને બીજી તરફ દેશી રજવાડાઓની ઉપસ્થિતિ હતી. બંધારણના ઘડવૈયાઓ ભાગ ૧૩ ઘડતી વખતે ભારતને આર્થિક રીતે સંકલિત અસ્તિત્વમાં બાંધવાનો ઇરાદો ધરાવતા હતા. ભાગ ૧૩ અપનાવતી વખતે, બંધારણના ઘડવૈયાઓનો ઇરાદો લેઇસેઝ–ફેર ની વિભાવના પર એટલો વિસ્તાર કરવાનો નહોતો જેટલો ભારતને એક આર્થિક એકમ તરીકે એકીકૃત કરવા પર હતો.

૨૧. બંધારણ સામાજિક, આર્થિક અને રાજકીય ઉથલપાથલના સંદર્ભમાં ઘડવામાં આવ્યું હતું. બંધારણ સભાની ચર્ચાઓ એ સમસ્યાઓ અને ચિંતાઓ અંગે એક સમૃદ્ધ આંતરદ્રષ્ટિ પૂરી પાડે છે કે જે બંધારણના મુસદ્દાકારોના મનમાં ઉપસ્થિત હતી, જ્યારે તેઓએ જેને ભાગ ૧૩ બનવાનું હતું તેને સ્વીકાર્યું હતું. ડૉ. બી. શિવ રાવ તેમના 'ધ ફ્રેમિંગ ઓફ ઇન્ડિયાઝ કોન્સ્ટીટ્યુશન'[92] શીર્ષક હેઠળના આધારભૂત ગ્રંથમાં તે ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સમજાવે છે જેણે સંઘના પ્રદેશોની અંદર વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા તરફ બંધારણ સભાનું ધ્યાન આકર્ષિત કર્યું હતું:

> "બ્રિટિશ શાસન હેઠળ, કોઈપણ આંતર–પ્રાંતીય જકાત કે અન્ય વેપાર અવરોધો વિના, બ્રિટિશ ભારતમાં વેપારની સ્વતંત્રતા એ સ્થાપિત પ્રથા હતી. એપ્રિલ, ૧૯૩૭ માં પ્રાંતીય સ્વાયત્તતાના આગમન સાથે, આ બાબતને વૈધાનિક આધાર પર મૂકવી જરૂરી માનવામાં આવી હતી. તદનુસાર, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ એ પ્રાંતીય સરકારોને દેશની અંદર વેપાર પર અવરોધો લાદવા પર પ્રતિબંધ મૂક્યો હતો; તેમજ તેઓ એવો કોઈ કર, સેસ, ટોલ અથવા અન્ય લેણું વસૂલ કરી શકતી ન હતી જે કોઈ એક વિસ્તારમાં ઉત્પાદિત માલ અને અન્યત્ર ઉત્પાદિત સમાન માલ વચ્ચે ભેદભાવ કરતું હોય. પરંતુ આ સમગ્ર ઉપખંડમાં આંતરિક વેપારની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાથી ઘણી દૂર હતી. ભારતીય દેશી રાજ્યો પોતાની સરહદો પર નિકાસ અને આયાત

[92] (પ્રકરણ ૨૨ ભાગ. ૬૯૯)

જકાત લાદી શકતા હતા, અને ઘણીવાર લાદતા પણ હતા, અને તેમાંથી કેટલાક આ સ્ત્રોતમાંથી નોંધપાત્ર મહેસૂલ મેળવતા હતા."

૨૨. ૨૯ માર્ચ ૧૯૪૭ ના રોજ, મૂળભૂત અધિકારો અંગેની પેટા-સમિતિએ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર બી. એન. રાઉ દ્વારા રજૂ કરવામાં આવેલી મુસદ્દા જોગવાઈઓની ચર્ચા કરી અને તેને સ્વીકારી હતી, જે નીચે મુજબ વંચાતી હતી:

"સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સમુદ્રી જળપરિવહન દ્વારા હોય, મુક્ત રહેશે: પરંતુ કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં તેના પર કાયદા દ્વારા વ્યાજબી પ્રતિબંધો લાદી શકે છે." (એજન, પૃ. ૬૯૯)

૨૩. પેટા-સમિતિના અહેવાલ પર ચર્ચા કરતી વખતે અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે અભિપ્રાય આપ્યો હતો કે: (૧) સંઘના અન્ય એકમોમાંથી કોઈ ચોક્કસ એકમમાં પ્રવેશતો માલ તે જકાત અને કરમાંથી મુક્ત ન થવો જોઈએ કે જેને સંબંધિત એકમમાં જ ઉત્પાદિત માલ આધીન હતો; (૨) કટોકટીમાં એકમ આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય પર પ્રતિબંધો મૂકવા માટે સક્ષમ હોવું જોઈએ; (૩) આ અધિકાર બિન-નાગરિકો સુધી પણ વિસ્તરવો જોઈએ; અને (૪) વેપારની સ્વતંત્રતામાં વિશેષરૂપે દરિયાકાંઠાના વેપારનો સમાવેશ થવો જોઈએ. આ સૂચનો સ્વીકારવામાં આવ્યા પછી, સલાહકાર

સમિતિએ ચર્ચા માટે આ મુદ્દો હાથ પર લીધો. આ ઘટનાક્રમ પર ટિપ્પણી કરતાં, બી. શિવ રાવ (પૂર્વોક્ત) વિશેષ રૂપે સી. રાજગોપાલાચારીના દ્રષ્ટિકોણનો ઉલ્લેખ કરે છે, જે એવો હતો કે સંઘના એકમો પાસે મહેસૂલ એકત્ર કરવા માટે કસ્ટમ જકાત અને અન્ય કર લાદવાની સત્તા હોવી જોઈએ. જોકે, અન્ય બાબતોની સાથે અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર દ્વારા વિપરીત અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો હતો. જે બન્યું તે અંગે શિવ રાવનું નિવેદન નીચે ટાંકવામાં આવ્યું છે:

> "ચર્ચાઓ દરમિયાન, રાજગોપાલાચારીએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે એકમોને વાસ્તવિક મહેસૂલી હેતુઓ માટે કસ્ટમ જકાત અને અન્ય કર લાદવાની સત્તા આપવી જોઈએ; જો આ સ્વીકારવામાં ન આવે, તો આ ખંડ તેમની પાસેથી તેમની આવક વધારવાનું એક મહત્વપૂર્ણ સાધન છીનવી લેશે અને તેમની વચ્ચેના તુલનાત્મક રીતે વધુ ગરીબ એકમોની પ્રગતિને અવરોધશે. બીજી તરફ, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર અને કે. એમ. પનીક્કરને ડર હતો કે પ્રાંતો અથવા રાજ્યોને આવી કરવેરા સત્તા આપવાથી તેમની વચ્ચે સ્પર્ધાને પ્રોત્સાહન મળી શકે છે અને આ રીતે સંઘીય વિચાર નબળો પડી શકે છે અને તેથી, તેને અટકાવવો જોઈએ. સમિતિએ એક ફેરફાર સાથે પેટા-સમિતિ દ્વારા ભલામણ કરાયેલ જોગવાઈઓને સ્વીકારી હતી; બિન-નાગરિકો દ્વારા અથવા તેમની સાથેના વેપારના કેન્દ્રીય નિયમનની જોગવાઈ કરતી પેટા-કલમ અસ્પષ્ટ

અને બિનજરૂરી હોવાને કારણે પડતી મૂકવામાં આવી હતી." (એજન, પૃ. ૭૦૦)

૨૪. આ ખંડ પર બંધારણ સભામાં ચર્ચા કરવામાં આવી હતી. બી. એન. રાઉએ ઓક્ટોબર ૧૯૪૭ ના મુસદ્દા બંધારણમાં નીચેના ખંડોનો સમાવેશ કર્યો હતો:

"કોઈપણ ફેડરલ કાયદાની જોગવાઈઓને આધીન, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, જો ફેડરેશનના નાગરિકો વચ્ચે હોય તો, મુક્ત રહેશે: પરંતુ આ કલમમાંનું કંઈપણ કોઈપણ એકમને અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવતા માલ પર એવો કોઈપણ કર લાદતા અટકાવશે નહીં કે જેને તે એકમમાં નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ આધીન હોય, જોકે, એવી રીતે કે જેથી આ રીતે નિર્મિત અથવા ઉત્પાદિત માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય: પરંતુ વધુમાં એ કે વેપાર, વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં: પરંતુ એમ પણ કે આ કલમમાંનું કંઈપણ ફેડરલ સંસદને જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં અથવા કટોકટીના કિસ્સામાં એકમો વચ્ચેના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા પ્રતિબંધો લાદતા અટકાવશે નહીં." (એજન, પૃ. ૭૦૧)

૨૫. ડ્રાફ્ટિંગ કમિટીએ ત્યારપછી ઉપરોક્ત પર તુકોનો નવો મુસદ્દો તૈયાર કર્યો જેને મુસદ્દા બંધારણના ભાગ ૯ માં "આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય" ના મથાળા હેઠળ સ્વતંત્ર અનુચ્છેદો તરીકે સામેલ કરવામાં આવ્યા. અનુચ્છેદ ૧૬ (જે મૂળભૂત અધિકારો પરના પ્રકરણનો એક ભાગ હતો) એ એવી જોગવાઈ કરી હતી કે અનુચ્છેદ ૨૪૪ ની અને સંસદ દ્વારા બનાવવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે. અનુચ્છેદ ૨૪૩ એ એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે પસંદગીઓ અને ભેદભાવ પર પ્રતિબંધ મૂક્યો હતો. અનુચ્છેદ ૨૪૪ એ અન્ય રાજ્યમાંથી આયાત કરવામાં આવતા માલ પર રાજ્ય દ્વારા બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની પરવાનગી આપી હતી, જે રાજ્યમાં ઉત્પાદિત માલ પર લાદવામાં આવતા કરને સમાન હોય.

૨૬. અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરને આંતર–રાજ્ય વેપાર પર વ્યાજબી પ્રતિબંધો લાદવાની મંજૂરી આપવા સામે તીવ્ર વાંધો હતો, એવા કારણોસર કે આનાથી મુસદ્દા અનુચ્છેદ ૧૬ હેઠળ સુરક્ષિત વેપારની સ્વતંત્રતા વ્યવહારિક રીતે રદબાતલ થઈ જશે, કારણ કે "જાહેર હિતમાં" એવો શબ્દપ્રયોગ અસ્પષ્ટ હતો. જ્યારે બંધારણ સભામાં મુસદ્દા અનુચ્છેદ ૧૬ હાથ પર લેવામાં આવ્યો, ત્યારે તેને મૂળભૂત અધિકારો હેઠળના અનુચ્છેદ તરીકે સ્વીકારવા સામે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા. આ દ્રષ્ટિકોણ મુજબ, અનુચ્છેદ ૧૬ હેઠળ વેપારની સ્વતંત્રતાને સંસદ દ્વારા બનાવેલા કાયદા અને કર તથા પ્રતિબંધો લાદવાની રાજ્યની સત્તાને આધીન રાખવાથી આપવામાં આવેલી સ્વતંત્રતાના મૂળભૂત

સ્વરૂપનો નાશ થતો હતો અને એવો કોઈ અંશ બાકી રહેતો ન હતો કે જેને સંસદ અથવા રાજ્યો દ્વારા ઘટાડી શકાય નહીં.

૨૭. ડૉ. બી. આર. આંબેડકરે અનુચ્છેદ ૧૬ ના સમાવેશ અંગે પ્રતિક્રિયા આપતી વખતે આ અનુચ્છેદ સાથે સંકળાયેલા ઇતિહાસ તરફ ધ્યાન દોર્યું હતું. ભારતીય દેશી રાજ્યો શરૂઆતમાં માત્ર વિદેશી બાબતો, સંરક્ષણ અને સંદેશાવ્યવહારના સંબંધમાં જ સંઘમાં જોડાવા સંમત થયા હતા. તેઓ સાતમી અનુસૂચિની સંઘ યાદીમાં તેના સમાવેશ દ્વારા કેન્દ્રીય સંસદને વેપાર અને વાણિજ્ય પર કાયદાકીય અધિકાર આપવા તૈયાર ન હતા. શિવ રાવ[93] જણાવે છે કે બીજી તરફ એવું માનવામાં આવતું હતું કે જો સમગ્ર સંઘમાં વેપાર અને વાણિજ્ય મુક્ત ન હોય તો અખિલ ભારતીય સંઘની રચના અર્થહીન બની જશે. ડૉ. આંબેડકરના ભાષણ પછી, મુસદ્દા અનુચ્છેદ ૧૬ ને બંધારણમાં ઉમેરવા માટે સ્વીકારવામાં આવ્યો હતો.

૨૮. ત્યારબાદ, બંધારણ સભાએ ડૉ. આંબેડકરનો એ દ્રષ્ટિકોણ સ્વીકાર્યો કે ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને વિશેષ રૂપે સમર્પિત એક અલગ ભાગ, ભાગ ૧૦–એ અપનાવવામાં આવે. ભાગ ૧૦–એ માં અનુચ્છેદ ૨૬૪–એ થી ૨૬૪–ઈ નો સમાવેશ થવાનો હતો. છેવટે, મૂળભૂત અધિકારો પરના પ્રકરણમાંથી અનુચ્છેદ ૧૬ ને એવા કારણોસર કાઢી નાખવામાં આવ્યો હતો કે અનુચ્છેદ ૨૬૪–એ (જે વર્તમાન અનુચ્છેદ ૩૦૧ ને સમકક્ષ છે) માં અધિકારના સમાવેશ સાથે અનુચ્છેદ ૧૬ ને જાળવી રાખવો

[93] (પૂર્વોક્ત પૃષ્ઠ ૭૦૩ પર)

અનાવશ્યક બની ગયો હતો. ડૉ. આંબેડકરે સમજાવ્યું કે વિવિધ ભાગોમાં વેરવિખેર થયેલા જુદા જુદા અનુચ્છેદોને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સાથે સંબંધિત એક જ ભાગમાં એકસાથે લાવવામાં આવ્યા હતા. શિવ રાવ અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરના અવલોકનોનો ઉલ્લેખ કરે છે, જે નોંધપાત્ર છે:

> "અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે જવાબ આપ્યો કે આંતર-રાજ્ય વેપારની સ્વતંત્રતા સંબંધિત જોગવાઈને બંધારણના એક ભાગમાંથી બીજા ભાગમાં તબદીલ કરવાથી તેમાં સમાવિષ્ટ અધિકારના સ્વરૂપમાં કોઈ ફેરફાર થતો નથી કે તેને અસર થતી નથી: માત્ર મૂળભૂત અધિકારો પરના પ્રકરણમાં કોઈ જોગવાઈ મૂકવાથી તેની સાથે કોઈ વિશિષ્ટ પવિત્રતા જોડાતી નથી, કે ન તો તેની ન્યાયનિર્ણયક્ષમતા આવા સ્થાન પર આધાર રાખે છે." (એજન, પૃ. ૭૦૬)

વધુમાં, ભારતીય દેશી રાજ્યોના એકીકરણ સાથે અને મજબૂત સંઘ વાસ્તવિકતા બનવાની સાથે મૂળભૂત અધિકારો પરના પ્રકરણમાં આંતર-રાજ્ય વેપારની સ્વતંત્રતા માટેની જોગવાઈ જાળવી રાખવાની કોઈ જરૂરિયાત જણાઈ ન હતી.

૨૯. દેશના ભાગલા અને વસ્તીના વિશાળ વર્ગ પર લાદવામાં આવેલી અપરંપાર માનવીય યાતનાઓએ રાષ્ટ્રની એકતા જાળવી રાખવાની આવશ્યકતા માટે એક પ્રબળ રાજકીય પૃષ્ઠભૂમિ પૂરી પાડી હતી. સંઘીય રાજ્યવ્યવસ્થામાં એક મજબૂત કેન્દ્રની ભૂમિકા સોંપવામાં, બંધારણના ઘડવૈયાઓ પાસે સ્વતંત્ર

અને લોકશાહી ભારતની રાજકીય એકતા જાળવવા માટે એક બંધારણીય દ્રષ્ટિકોણ હતો. બ્રિટિશ અને ભારતીય દેશી રાજ્યો બંનેનો આર્થિક ઇતિહાસ દુષ્કાળ અને અછતથી ગ્રસ્ત હતો. એક તરફ બ્રિટિશ ભારત અને બીજી તરફ ભારતીય દેશી રાજ્યો સહિત વિવિધ પ્રાંતો વચ્ચે સાધનોની અસમાનતા અને વિકાસમાં રહેલી વિષમતાઓ બંધારણના ઘડવૈયાઓના મનમાં ઉપસ્થિત હતી. બંધારણના ઘડવૈયાઓએ એવી કલ્પના કરી હતી કે મુસદ્દા ભાગ ૧૦–એ (વર્તમાન ભાગ ૧૩) ની જોગવાઈઓ એક રાષ્ટ્રના શીર્ષક હેઠળ આર્થિક પ્રગતિ હાંસલ કરવા માટેનું એક સાધન બનવી જોઈએ. ભાગ ૧૩ રાષ્ટ્રના આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા માટેની આધારશિલા હતો. બંધારણના ઘડવૈયાઓની દ્રષ્ટિમાં, ભારતને આર્થિક અને નાણાકીય સંઘના સંદર્ભમાં એક તાંતણે બાંધવાનું હતું.

૩૦. બંધારણ અપનાવવા પૂર્વેના સામાજિક અને રાજકીય વાતાવરણમાં, ભાગ ૧૩ માં બજાર અર્થતંત્ર ઊભું કરવા પર એટલો ભાર નહોતો: લેઇસેઝ–ફેર એ કોઈ આકર્ષક રાજકીય સિદ્ધાંત નહોતો. વાસ્તવમાં, પંડિત ઠાકુર દાસ ભાર્ગવ દ્વારા રજૂ કરાયેલા એક સુધારાનો જવાબ આપતાં કે વેપારની સ્વતંત્રતા સંપૂર્ણ હોવી જોઈએ, ટી. ટી. કૃષ્ણમાચારીએ એમ કહીને પ્રતિક્રિયા આપી હતી કે જે હદ સુધી સ્વતંત્રતાની મંજૂરી આપવામાં આવી હતી તે "આ દેશના ભવિષ્યના આર્થિક સુધારણા સાથે સુસંગત રહીને વેપાર અને વાણિજ્ય માટે આપણે આપી શકીએ તેવી મહત્તમ સ્વતંત્રતા છે, વેપાર અને વાણિજ્યને આપણે આપી શકીએ તેવી મહત્તમ છૂટછાટ છે". તેમણે અવલોકન કર્યું:

"મૂળભૂત રીતે એવું સૂચન કરવામાં આવ્યું હતું કે આપણે તેને મૂળભૂત અધિકારની બાબત બનાવવી જોઈએ, અને અનુચ્છેદ ૧૬ માં મૂકવામાં આવેલા પ્રતિબંધો વિના પણ, મને ડર છે કે દેશની આર્થિક પ્રગતિ લગભગ અશક્ય બની જશે. માનનીય સભ્ય નાગરિક સ્વાતંત્ર્યની બાબતને વેપાર અને વાણિજ્યના સંબંધમાં અધિકારોની બાબત સાથે ભેળવવાનો પ્રયાસ કરે તેનો કોઈ જ અર્થ નથી. વિશ્વ લગભગ એવી સ્થિતિમાં આવી ગયું છે જ્યાં સરકાર દ્વારા નિયંત્રણ અને કોઈ પ્રકારના માર્ગદર્શન વિના વેપાર અને વાણિજ્ય ચલાવી શકાતા નથી. જો મારા માનનીય મિત્રો એવું વિચારતા હોય કે આપણે ઓગણીસમી સદીના દિવસોમાં છીએ જ્યારે લેઇસેઝ–ફેરના ઉત્સાહીઓ પાસે વ્યવહારિક રીતે વિશ્વની દરેક બાબતનું સંચાલન હતું, તો મને ડર છે કે તેઓ ભૂલ કરી રહ્યા છે."

બંધારણ સભાને પોતાના સંબોધનમાં, ટી. ટી. કૃષ્ણમાચારીએ રાજ્યની સત્તાઓના ઉપયોગ પર નિયંત્રણ રાખવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો કે જેનો ઉપયોગ સંકુચિત પ્રાંતીય હિતો સાધવા માટે થઈ શકે તેવી આશંકા હતી:

"વેપાર અને વાણિજ્યની અમુક હદ સુધીની સ્વતંત્રતાની મંજૂરી આપવી જ પડશે. તેમાં કોઈ શંકા નથી કે રાજ્ય દ્વારા પ્રતિબંધોને અટકાવવા પડશે જેથી સત્તામાં રહેલા કેટલાક લોકોની ચોક્કસ વિચિત્રતાઓ અથવા અમુક

રાજ્યોની સંકુચિત પ્રાંતીય નીતિઓને અમલમાં આવવા અને દેશના સામાન્ય અર્થતંત્રને પ્રભાવિત કરવાની મંજૂરી ન મળે."

૩૧. તેમ છતાં પ્રાદેશિક ચિંતાઓને નજરઅંદાજ કરી શકાતી ન હતી. બંધારણ સભાને સંબોધતા, અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે દેશના વિવિધ પ્રદેશોના હિતોની વિવિધતા, ભૌગોલિક સ્થિતિ અને આર્થિક સિદ્ધિઓ વિશે વાત કરી હતી. તેમના પર પણ ધ્યાન આપવાની જરૂર હતી:

"મારા મિત્ર, ડૉ. આંબેડકરે આ યોજના તૈયાર કરી છે અને તેમાં ભારતના વ્યાપક હિતો તેમજ ચોક્કસ રાજ્યોના હિતો અને આ દેશના વિશાળ ભૂગોળને ધ્યાનમાં લીધો છે કે જેમાં એક પ્રદેશના હિતો બીજા પ્રદેશના હિતો કરતાં અલગ પડે છે. એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે દેશના એક ભાગમાં દુષ્કાળનો પ્રકોપ હોઈ શકે છે જ્યારે બીજા ભાગમાં વિપુલતા હોઈ શકે છે. એવું બની શકે કે દેશના એક ભાગમાં ખાતર અને અન્ય વસ્તુઓની જરૂર હોય જ્યારે દેશના બીજા ભાગના નફાખોરો અસરગ્રસ્ત ભાગમાંથી માલનું પરિવહન કરવાનો પ્રયાસ કરે. તે જ સમયે, વિશાળ અર્થતંત્રના હિતમાં અને આપણા દેશની ભવિષ્યની સમૃદ્ધિ માટે, વેપારની અમુક અંશ સુધીની સ્વતંત્રતાની ખાતરી આપવી જ જોઈએ."

દેશને આર્થિક સમૃદ્ધિ હાંસલ કરવા માટે સક્ષમ બનાવવાની ચિંતા સાથે સુસંગત રહીને, તેમણે ભાગ ૧૩ પાછળ રહેલી નીચેની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરી હતી:

"તેથી એક ફેડરેશન (સંઘ) માં તમારે જે કરવાનું છે તે એ છે કે, પ્રથમ તમારે ભારતના વ્યાપક હિતોને ધ્યાનમાં લેવા પડશે અને બને ત્યાં સુધી વેપાર અને આંતરવ્યવહારની સ્વતંત્રતા આપવી પડશે. બીજું, તમે પ્રાદેશિક હિતોને સંપૂર્ણપણે નજરઅંદાજ કરી શકો નહીં. ત્રીજું, ભારતના કોઈપણ ભાગમાં ઉદ્ભવી શકે તેવી વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરવા માટે કટોકટીના કોઈપણ સંજોગોમાં કેન્દ્રની હસ્તક્ષેપ કરવાની સત્તા હોવી જ જોઈએ. તમારી સમક્ષ રજૂ કરવામાં આવેલી યોજનામાં આ ત્રણેય પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે."

૩૨. મુસદ્દા અનુચ્છેદ ૨૭૪ (ડી) ના પરંતુક [જે વર્તમાન અનુચ્છેદ ૩૦૪ (બી) ના પરંતુકને સમકક્ષ છે] નો સમાવેશ એ આધાર પર વાજબી ઠેરવવામાં આવ્યો હતો કે તે જરૂરી છે "જો સમગ્ર ભારતના વ્યાપક હિતનો વિચાર કર્યા વિના સંકુચિત દેશભક્તિ અથવા અલગતાવાદના કારણે," રાજ્ય વિધાનમંડળ દ્વારા કોઈ વિધેયક અથવા સુધારો રજૂ કરવામાં આવે. અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયર દ્વારા આને જાહેર હિતમાં આવશ્યક હોય તે રીતે તે રાજ્ય સાથે અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વ્યાજબી પ્રતિબંધો લાદવા માટે "રાજ્યના કાયદા ઘડતરને આપવામાં આવેલી ખૂબ જ મર્યાદિત સત્તા" તરીકે ગણવામાં આવી હતી. તેથી, એવી પરિકલ્પના કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ, જેઓએ મંજૂરી આપવાની હતી, તેમની પાસે એ જોવાની તક રહેશે કે કાયદો જાહેર હિતમાં છે અને લાદવામાં આવેલો પ્રતિબંધ

વ્યાજબી છે. વધુમાં, તેમણે અવલોકન કર્યું કે "આ પ્રતિબંધોને વ્યાખ્યાયિત કરવા માટે કોઈ જડબેસલાક ફોર્મ્યુલા તૈયાર કરવી શક્ય નથી."

૩૩. ભાગ ૧૩ ના સમાવેશ અંગેની બંધારણ સભાની ચર્ચાઓ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની ખાતરી આપવા પાછળના બંધારણીય દર્શન વિશે બહુ ઓછી અસ્પષ્ટતા છોડે છે. તે સ્વતંત્રતાની ખાતરી આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી પ્રેરિત હતી. તે ધ્યેય પ્રાપ્ત કરવા તરફ, બંધારણના ઘડવૈયાઓએ રાષ્ટ્રને એક આર્થિક એકમમાં વણી લેવાની આવશ્યકતા સ્વીકારી હતી. તે જ સમયે, રાજ્યો માટે નિયમનકારી ભૂમિકાની મંજૂરી આપીને રાજ્યોમાં પ્રચલિત વિવિધતાનું પ્રતિનિધિત્વ કરતા પ્રાદેશિક હિતોને માન્યતા આપવાની હતી. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના સંબંધમાં રાજ્ય વિધાનમંડળોના મહત્વને સ્વીકારતી વખતે, બંધારણના ઘડવૈયાઓને રાષ્ટ્રના આર્થિક વિકાસ માટે જોખમ ઊભું કરતા સંકુચિત હિતો અથવા સંકુચિત પ્રાંતીય નીતિઓ તરીકે વર્ણવેલી બાબતો અંગે સ્પષ્ટ ચિંતાઓ હતી. આથી, કેન્દ્ર સરકારને હસ્તક્ષેપ કરવાની એવી સત્તા આપવામાં આવી હતી જે રાજ્યોને આપવામાં આવેલી નિયમનકારી સત્તા કરતાં ગુણાત્મક રીતે ભિન્ન હતી. એક આર્થિક એકમ તરીકે રાષ્ટ્રના આર્થિક વિકાસના લક્ષ્યને આગળ ધપાવવાનું લક્ષ્ય સંકુચિત હિતોની પાછળ દોડીને નષ્ટ ન થાય તે સુનિશ્ચિત કરવાની ભૂમિકા કેન્દ્ર સરકારને સોંપવામાં આવી હતી. તે પૃષ્ઠભૂમિમાં જ અનુચ્છેદ ૩૦૪ (બી) ના પરંતુકમાં ભાગ ૧૩ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા પર જાહેર હિતમાં વ્યાજબી પ્રતિબંધો લાદવા માટે રાજ્ય

વિધાનમંડળમાં રજૂ કરવામાં આવતા વિધેયક અથવા સુધારા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી ફરજિયાત બનાવવામાં આવી હતી.

૩૪. બંધારણના ઘડવૈયાઓ સાવચેત હતા જ્યારે તેમણે નોંધ્યું કે આવા પ્રતિબંધો કેવું સ્વરૂપ લઈ શકે છે તે કોઈ જડબેસલાક ફોર્મ્યુલા દ્વારા સ્પષ્ટ કરવું શક્ય નથી. ભારતીય બંધારણને અપનાવવાની પૂર્વસંધ્યાએ ભારતીય અર્થતંત્રનું સ્વરૂપ વેપાર ઉદારીકરણના યુગમાં અને ત્યારપછી ઉભરી આવેલા અર્થતંત્ર કરતાં ધરમૂળથી ભિન્ન હતું. હું આ ચુકાદાના પછીના ભાગમાં તે ફેરફારોની અસર અંગે ચર્ચા કરીશ. આ તબક્કે, એ નોંધવું પૂરતું રહેશે કે બંધારણે ભાગ ૧૩ માં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની જે ખાતરી અપનાવી હતી તે રાષ્ટ્રીય નીતિના એક મહત્વપૂર્ણ પાસા તરીકે આર્થિક પ્રગતિને પ્રોત્સાહન આપવાનું એક સાધન હતી.

ડી. સીમાચિહ્નરૂપ નિર્ણયો : અટિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ

૩૫. પાંચ દાયકા કરતાં વધુ સમય પહેલાં આપવામાં આવેલા બે નિર્ણયોએ ભાગ ૧૩ હેઠળના બંધારણીય ન્યાયશાસ્ત્રને ઘડ્યું છે. તેઓ આ કાર્યવાહીમાં સંદર્ભ (રેફરન્સ) ની મુખ્ય ધરી બનાવે છે. પહેલો નિર્ણય અટિયાબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય[94] માં બંધારણીય બેન્ચનો નિર્ણય છે. બીજો નિર્ણય ધ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. રાજસ્થાન રાજ્ય[95] માં સાત ન્યાયમૂર્તિઓનો નિર્ણય છે.

[94] (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯
[95] (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧

૩૬. અટિયાબારીમાં, સાતમી અનુસૂચિની રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૫૬ હેઠળ રાજ્ય વિધાનમંડળ દ્વારા ધ આસામ ટેક્સેશન (ઓન ગુડ્ઝ કેરીડ બાય રોડ્ઝ એન્ડ ઇનલેન્ડ વોટર વેઝ) એક્ટ, ૧૯૫૪ ઘડવામાં આવ્યો હતો. આ કાયદામાં પાઉન્ડ દીઠ નિર્દિષ્ટ દરે મોટર વાહનો દ્વારા (રેલવે અને હવાઈ માર્ગ સિવાય) વહન કરવામાં આવતી પેટીઓમાં રહેલી નિર્મિત ચા પર કર લાદવાની જોગવાઈ કરવામાં આવી હતી.

૩૭. હાઇકોર્ટની સ્પેશિયલ બેન્ચે સદર અધિનિયમની માન્યતાને પડકારતી અરજીઓ ફગાવી દીધી હતી. સુપ્રિમ કોર્ટ દ્વારા બહુમતીથી આપવામાં આવેલા ચુકાદા દ્વારા, ચાના ઉત્પાદકો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલો અને અનુચ્છેદ ૩૨ હેઠળની અરજીઓ મંજૂર કરવામાં આવી હતી. બહુમતીએ સદર અધિનિયમને અલ્ટ્રા વાયર્સ ઠેરવ્યો હતો.

૩૮. ન્યાયમૂર્તિ પી. બી. ગજેન્દ્રગડકરે ન્યાયમૂર્તિઓ કે. એન. વાંચૂ અને કે. સી. દાસગુપ્તા વતી અગ્રણી બહુમતી ચુકાદો આપ્યો હતો, જ્યારે ન્યાયમૂર્તિ જે. સી. શાહે અલગ ચુકાદો આપ્યો હતો. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઠેરવ્યું હતું કે સદર અધિનિયમે વેપારની સ્વતંત્રતા પર સીધો પ્રતિબંધ લાદ્યો હતો અને અનુચ્છેદ ૩૦૪(બી) ની જોગવાઈઓનું પાલન ન થવાને કારણે તે ગેરબંધારણીય હતો. ન્યાયમૂર્તિ શાહે ઠેરવ્યું હતું કે ભાગ ૧૩ એ સાતમી અનુસૂચિની યાદીઓ સાથે વંચાતા અનુચ્છેદ ૨૪૫, ૨૪૬ અને ૨૪૮ હેઠળ સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાઓ પર પ્રતિબંધો લાદે છે.

આ દ્રષ્ટિકોણ મુજબ, વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના પ્રતિબંધોમાં કરવેરાના સ્વરૂપના બોજનો સમાવેશ થાય છે. સદર અધિનિયમે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કર્યું હોવાનું ઠેરવવામાં આવ્યું હતું અને અનુચ્છેદ ૩૦૪ (બી) ના પરંતુકનું પાલન કરવામાં નિષ્ફળ રહેતાં તે ગેરબંધારણીય હોવાનું જણાયું હતું. મુખ્ય ન્યાયમૂર્તિ બી. પી. સિન્હા એવા કારણોસર બહુમતી સાથે અસંમત થયા હતા કે બંધારણનો ભાગ ૧૩ એવા નિષ્કર્ષને વાજબી ઠેરવતો નથી કે કેવળ કરવેરા (ટેક્સેશન સિમ્પલિસિટર) એ બંધારણના અનુચ્છેદ ૩૦૧ ની અંદર આવે છે.

૩૯. અટિયાબારીમાં વ્યક્ત કરાયેલા દ્રષ્ટિકોણની શુદ્ધતા પર ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (પૂર્વોક્ત) માં સાત ન્યાયમૂર્તિઓની મોટી બેન્ચ દ્વારા પુનર્વિચારણા કરવામાં આવી હતી. ધ રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ માં રાજસ્થાનમાં કોઈપણ જાહેર સ્થળોએ ઉપયોગમાં લેવાતા અથવા ઉપયોગ માટે રાખવામાં આવેલા મોટર વાહનો પર કર લાદવાની જોગવાઈ કરવામાં આવી હતી. રાજસ્થાન હાઇકોર્ટે, તેની પૂર્ણ બેન્ચ દ્વારા આપવામાં આવેલા ચુકાદાને ધ્યાનમાં રાખીને સદર અધિનિયમની જોગવાઈઓ સામેના પડકારને નકારી કાઢ્યો હતો. રાજસ્થાન હાઇકોર્ટનો નિર્ણય અટિયાબારીમાં ચુકાદો જાહેર કરવામાં આવ્યો તે પહેલાં આપવામાં આવ્યો હતો. જ્યારે આ કોર્ટમાં સાત ન્યાયમૂર્તિઓની બેન્ચે આ મામલા પર વિચારણા કરી, ત્યારે ન્યાયમૂર્તિ એસ. કે. દાસે પોતાની તરફથી અને ન્યાયમૂર્તિઓ કાપૂર અને સરકાર વતી અગ્રણી બહુમતી ચુકાદો આપ્યો.

૪૦. ત્રણ ન્યાયાધીશોનું મંતવ્ય એ હતું કે અધિનિયમ અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો નથી કારણ કે લાદવામાં આવેલા કર વળતરરૂપ પ્રકૃતિના હતા કે જેણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધી ન હતી. આટિયાબારીમાં બહુમતી દ્વારા કરવામાં આવેલા અર્થઘટનને "સાચું, પરંતુ આ સ્પષ્ટતાને આધીન" હોવાનું ઠેરવવામાં આવ્યું હતું કે વ્યાપારી સુવિધાઓના ઉપયોગ માટેના નિયમનકારી પગલાં અથવા વળતરરૂપ કર લાદતા પગલાં અનુચ્છેદ ૩૦૧ દ્વારા વિચારાયેલા નિયંત્રણોના દાયરામાં આવતા નથી અને તેઓએ સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી. ન્યાયમૂર્તિ બી. સુબ્બા રાવ એક સહમતી ચુકાદામાં ન્યાયમૂર્તિ એસ. કે. દાસના મંતવ્ય સાથે સંમત થયા હતા.

૪૧. ન્યાયમૂર્તિ એમ. હિદાયતુલ્લાહે પોતાના વતી અને ન્યાયમૂર્તિઓ રાજગોપાલ અય્યંગાર અને મુધોળકર વતી વિસંમત ચુકાદો આપ્યો હતો. લઘુમતીના મંતવ્ય મુજબ, જે કર વ્યવસાયમાં પ્રવેશવાના અને ચલાવવાના અધિકાર માટેની પૂર્વશરત બનાવવામાં આવે છે તે વેપાર અને વાણિજ્ય ચલાવવાના અધિકાર પર એક નિયંત્રણ છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સદર કર વહીવટી હેતુઓ માટેની ફી ન હતો, તેનો ઉદ્દેશ્ય મહેસૂલ એકત્રિત કરવાનો હતો. લઘુમતીના ચુકાદામાં ઠેરવવામાં આવ્યું હતું કે સદર કર સીધો વેપાર પર અને તેની હેરફેર પર હતો.

૪૨. આટિયાબારીના ત્રણ ચુકાદાઓમાં અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (પૂર્વોક્ત) ના ત્રણ ચુકાદાઓમાં વિચારસરણીના વિવિધ અને ભિન્ન પ્રવાહોના વિશ્લેષણને સરળ બનાવવા માટે, નીચેના શીર્ષકો હેઠળ વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યો પર વિચારણા કરવી જરૂરી બનશે:

ડી.૧ આટિયાબારી : અનુચ્છેદ ૩૦૧ અને કરવેરા

૪૩. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ આટિયાબારીમાં પોતાના ચુકાદામાં ઠેરવ્યું હતું કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાનું એટલી વ્યાપક રીતે અર્થઘટન કરી શકાય નહીં કે જેમાં તમામ કરવેરામાંથી સ્વતંત્રતા સહિત તમામ અડચણો, નિયંત્રણો અને અવરોધોમાંથી સ્વતંત્રતાનો સમાવેશ થાય:

> "૧૩. અપીલકર્તાઓ વતી વિદ્વાન વકીલે ભારપૂર્વક એવી દલીલ કરી હતી કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા વિચારવામાં આવેલી સ્વતંત્રતાનું તમામ પ્રકારના કરવેરામાંથી મુક્તિ સહિત તમામ પ્રકારના અવરોધો, નિયંત્રણો અને વેપાર અડચણોમાંથી મુક્તિ તરીકે તેના સૌથી વ્યાપક અર્થમાં અર્થઘટન થવું જોઈએ. મારા મતે, આવી આત્યંતિક સ્થિતિ માટે કોઈ વાજબી આધાર નથી." (એજન, પૃષ્ઠ ૮૨૬ પર)

વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર શબ્દપ્રયોગોને વ્યાખ્યાયિત કરતાં, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ ઠેરવ્યું કે:

"૧૩.....અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલા ત્રણ શબ્દોમાં માત્ર મુક્ત ખરીદ–વેચાણ જ નહીં, પરંતુ સોદાબાજી અને કરાર કરવાની સ્વતંત્રતા અને આવા સોદાઓ તથા કરારો સંબંધિત માહિતીનું આદાન–પ્રદાન તેમજ તમામ પાસાઓમાં ઉત્પાદન, વિતરણ અને વપરાશના હેતુઓ માટે માલ અને ચીજવસ્તુઓની હેરફેર, એટલે કે જમીન, હવાઈ અથવા જળમાર્ગે પરિવહનનો સમાવેશ થાય છે. તેમાં માત્ર માલ અને ચીજવસ્તુઓમાં વાણિજ્ય જ નહીં, પરંતુ પરિવહનના તમામ સાધનો દ્વારા મનુષ્યો અને પશુઓની હેરફેરનો પણ સમાવેશ થવો જોઈએ. આથી વાણિજ્યમાં ટેલિગ્રાફ, ટેલિફોન અથવા વાયરલેસ દ્વારા વ્યવહારો અને માલ તથા ચીજવસ્તુઓના વેચાણ, ખરીદી, વિનિમય વગેરે સંબંધિત દરેક પ્રકારના કરારનો સમાવેશ થશે." (એજન, પૃષ્ઠ ૮૨૬–૮૨૭ પર)

૪૪. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના મતે, આ વ્યાપક અર્થમાં, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પરનો કરવેરો સંઘ અને રાજ્ય બંને યાદીઓમાં જાહેર કરવેરાના લગભગ સમગ્ર ક્ષેત્રને આવરી લેશે. તેથી, "તે વ્યાપક અર્થમાં સંવિધાનના ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કરવેરામાંથી મુક્ત કરવાનો આશય ધરાવતા હતા એવું વિચારવું લગભગ અશક્ય છે". (ભારપૂર્વક ઉમેરેલ)

૪૫. અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાની આવી વ્યાપક વ્યાખ્યા ન અપનાવવા માટે મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદામાં રજૂ કરવામાં આવેલું પ્રથમ

કારણ એ છે કે મહેસૂલ એકત્રિત કરવા માટે કર લાદવાની સત્તા એ સાર્વભૌમત્વની અભિવ્યક્તિ છે. સાર્વભૌમ સત્તા હોવાને કારણે, તે સામાન્ય રીતે ન્યાયનિર્ણયપાત્ર નથી. બીજું, શાસનના હેતુ માટે નાણાં એકત્રિંત કરવાની રાજ્યોની સત્તા સવિધાનના ભાગ ૧૨ માં સ્પષ્ટ કરવામાં આવી છે. અનુચ્છેદ ૨૬૫ કાયદાની સત્તા સિવાય કર લાદવા કે વસૂલ કરવા પર પ્રતિબંધ મૂકે છે. નાણાં સાથે સંબંધિત સંવિધાનનો ભાગ ૧૨ અને ભાગ ૧૩ એ સ્વયંપૂર્ણ જોગવાઈઓ છે, જેમાં એક ભાગ બીજાને આધીન નથી:

> "તેથી, ભાગ ૧૨ અને ૧૩ બંને પોતપોતાના ક્ષેત્રોમાં સ્વયંપૂર્ણ બનવાનો આશય ધરાવે છે. તેથી, એવું કહી શકાય નહીં કે એક બીજાને આધીન છે." (એજન, પૃષ્ઠ ૮૨૪ પર)

અનુચ્છેદ ૩૦૧ દ્વારા પ્રદત્ત સ્વતંત્રતાની આવી વ્યાપક વ્યાખ્યા ન અપનાવવા માટે મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદામાં રજૂ કરવામાં આવેલું ત્રીજું કારણ રાજ્યોની કર લાદવાની સત્તાની ક્ષીણતા છે, જે આવું અર્થઘટન અપનાવવાથી પરિણમશે:

> "૧૪...તે વ્યાપક અર્થમાં સંવિધાનના ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને કરવેરામાંથી મુક્ત કરવાનો આશય ધરાવતા હતા એવું વિચારવું લગભગ અશક્ય છે. જો તેમ હોત, તો આંતર–રાજ્ય અને રાજ્યની અંદર બંને રીતે એક સ્થળેથી બીજા સ્થળે માલ અને ચીજવસ્તુઓ, મનુષ્યો અને પશુઓની હેરફેર પર માલના વેચાણ અને

ખરીદી સંબંધિત તમામ કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવી જશે અને અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક એ બાબત જરૂરી બનાવશે કે તમામ વિધેયકો અથવા અગાઉથી અસ્તિત્વમાં રહેલા કાયદાઓના સુધારાઓએ તે પરંતુક દ્વારા નિર્ધારિત સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. તે રાજ્યોમાં નિહિત કરવેરાની સત્તા પર ઘણો મોટો અવરોધ ઊભો કરશે અને સંવિધાન હેઠળ રાજ્યોના મર્યાદિત સાર્વભૌમત્વને માત્ર એક કલ્પના બનાવી દેશે. તેથી, તે આત્યંતિક સ્થિતિને અસમર્થનીય ગણીને નકારી કાઢવી પડશે." (એજન, પૃષ્ઠ ૮૨૭ પર)

ચોથું, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ ઠેરવ્યું કે અનુચ્છેદ ૩૦૪ બે ભાગોમાં વહેંચાયેલો છે: (૧) ખંડ (એ) જે રાજ્ય વિધાનમંડળ દ્વારા ભેદભાવપૂર્ણ કર લાદવા સાથે સંબંધિત છે; અને (૨) ખંડ (બી) જે વ્યાજબી પ્રતિબંધો લાદવા સાથે સંબંધિત છે. મુખ્ય ન્યાયમૂર્તિના મતે, આ બાબત દર્શાવે છે કે કર લાદવો એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરના વ્યાજબી પ્રતિબંધોના દાયરામાં નથી:

"૧૨.....પરંતુ અનુચ્છેદ ૩૦૪ ની જોગવાઈઓની ઝીણવટભરી તપાસ દર્શાવશે કે તે બે ભાગોમાં વહેંચાયેલ છે એટલે કે (૧) રાજ્ય વિધાનમંડળ દ્વારા ભેદભાવપૂર્ણ કર લાદવા સાથે સંબંધિત; અને (૨) વ્યાજબી પ્રતિબંધો લાદવા સાથે સંબંધિત, આમ દર્શાવે છે કે ભેદભાવપૂર્ણ કે

અન્યથા કર લાદવો એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વ્યાજબી પ્રતિબંધો લાદવાથી તદ્દન અલગ વર્ગ છે." (એજન, પૃષ્ઠ ૮૨૪ પર)

પાંચમું, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ અભિપ્રાય આપ્યો કે "તમામ કર અનિવાર્યપણે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની બાબતમાં કોઈ અડચણ કે નિયંત્રણ બનતા નથી":

"૧૫.....તમામ કરવેરા એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની બાબતમાં અનિવાર્યપણે કોઈ અડચણ કે નિયંત્રણ નથી. આવા અવરોધો કે નિયંત્રણો બનવાને બદલે, તે બીજી તરફ પરિવહનના વિવિધ પ્રકારના સાધનોને સુધારવા માટેનાં સાધનો પૂરા પાડી શકે છે, ઉદાહરણ તરીકે, શેરડી પકવતા વિસ્તારોમાં જ્યાં સુધી સારા રસ્તા ન હોય ત્યાં સુધી શેરડીના ખેતરોમાંથી ખાંડની મિલો સુધી શેરડીના પરિવહનની સુવિધા સંપૂર્ણપણે અભાવવાળી અથવા અપૂરતી હોઈ શકે છે. નવા રસ્તા બનાવવા તેમજ જૂના રસ્તાઓને સુધારવા માટે, શેરડીના ઉત્પાદક અથવા આ ચીજવસ્તુના પરિવહનમાં રસ ધરાવતા અન્ય લોકો પર સેસ લાદવો પડે છે, અને ભારતના કેટલાક ભાગોમાં ખાંડની ફેક્ટરીઓમાં પરિવહન થતી શેરડીના પ્રતિ મણ અથવા ટન દીઠ ચોક્કસ દરે લાદવામાં આવ્યો હોવાનું જાણીતું છે. આવું લાદવું એ શેરડીના એક સ્થળેથી બીજા સ્થળે રાજ્યની અંદર અથવા આંતર-રાજ્ય પરિવહન પરનો કર છે. આ

રીતે વસૂલ કરવામાં આવેલો કર જ આવાગમનના નવા સાધનો શરૂ કરવાનું અથવા જૂના સાધનોને સુધારવાનું શક્ય બનાવે છે. તેથી, એવું કહી શકાય નહીં કે દરેક કિસ્સામાં કરવેરાનો અર્થ વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહ સામે અવરોધ કે નિયંત્રણ જ હોવો જોઈએ. તેવી જ રીતે, મોટર ટ્રાન્સપોર્ટ દ્વારા અથવા રેલવે દ્વારા મુસાફરો અને માલસામાનની સુવિધા માટે સામાન્ય ભાડાં અથવા નૂર પર સરચાર્જ વસૂલવામાં આવે છે, અથવા ભવિષ્યમાં વસૂલવામાં આવી શકે છે. આવા સરચાર્જ વિના, આવાગમનના સાધનોમાં સુધારો બિલકુલ ઉપલબ્ધ ન થઈ શકે. આથી, મારા મતે, માલ અથવા મુસાફરોની હેરફેર પરના કરને વેપાર અને વાણિજ્યની બાબતમાં અનિવાર્યપણે અવરોધ અથવા નિયંત્રણ દર્શાવતા કર તરીકે વર્ણવવો યોગ્ય નથી. એ તારણના સમર્થનમાં આ બીજું એક સારું કારણ છે કે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોમાં કરવેરાનો સામાન્ય રીતે સમાવેશ થતો નથી." (એજન, પૃષ્ઠ ૮૨૭–૮૨૮ પર)

છઠ્ઠું, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના મતે "કેવળ કરવેરા" અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોના દાયરામાં આવતા નથી કારણ કે કરવેરાની સત્તા પાછળનો મૂળ હેતુ રાજ્ય દ્વારા આપવામાં આવતી સુવિધાઓ અને સંરક્ષણના આધારે જેમના પર કર લાદવામાં આવ્યો છે તેમની પાસેથી તેઓએ કમાયેલા કે ધારણ કરેલા નાણાંની ચૂકવણી કરાવીને જાહેર હેતુઓ માટે નાણાં એકત્રિત કરવાની રાજ્યની ક્ષમતા છે. દરેક કરવેરામાં જાહેર હેતુ ગર્ભિત હોય છે. ભાગ ૧૩ જ્યારે 'જાહેર હિતમાં

વ્યાજબી પ્રતિબંધો' નો ઉલ્લેખ કરે છે, ત્યારે તે અભિવ્યક્તિના દાયરામાં કરવેરાનો સમાવેશ કરવાનો તેનો આશય હોઈ શકે નહીં.

૪૬. તે જ સમયે, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ તે 'આત્યંતિક પ્રતિપાદન' ને નકારી કાઢ્યું હતું કે કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની સંપૂર્ણપણે બહાર રહેશે. તે વલણને એ કારણોસર નકારી કાઢવામાં આવ્યું હતું કે પ્રથમ તો, અનુચ્છેદ ૩૦૪ માં કરવેરાનો ચોક્કસ ઉલ્લેખ છે અને બીજું, અનુચ્છેદ ૩૦૫ તેના નિરસન પહેલાં અમુક હેતુઓ માટે કરવેરાનો ચોક્કસ ઉલ્લેખ કરતો હતો. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ નીચેના અવલોકનોમાં એક ભેદરેખા દોરી હતી:

> "૧૭.....આમ આ અનુચ્છેદ મહેસૂલના હેતુ માટે કેવળ કરવેરા અને ભેદભાવ કરવા અથવા પ્રાધાન્ય આપવાના હેતુ માટે કરવેરા વચ્ચે સ્પષ્ટ ભેદ દર્શાવે છે, જે બંનેને સંવિધાન દ્વારા મુક્ત વેપાર અને વાણિજ્યમાં અવરોધરૂપ ગણવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, જ્યાં સુધી લાદવામાં આવેલો કર એક રાજ્ય અને બીજા રાજ્ય (આ અભિવ્યક્તિમાં કેન્દ્રશાસિત પ્રદેશોનો પણ સમાવેશ થાય છે) વચ્ચે માલ અને ચીજવસ્તુઓના મુક્ત પ્રવાહમાં અડચણરૂપ સ્વરૂપનો ન હોય, ત્યાં સુધી તેની કાયદેસરતા ભાગ ૧૩ ની જોગવાઈઓ પર આધારિત પડકારને પાત્ર ન હતી." (એજન, પૃષ્ઠ ૮૩૦ પર)

૪૭. આ દ્રષ્ટિકોણ મુજબ, જે કાયદો ઊંચી ટેરિફ દીવાલ જેવા માધ્યમ દ્વારા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદે છે તે કરવેરાનું પગલું નથી પરંતુ વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે:

> "૧૬.....જો વિધાનમંડળ દ્વારા એવો કર લાદતો કાયદો પસાર કરવામાં આવે કે જે તેના સાચા સ્વરૂપ અને અસરમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદવા માટેનો હોય, ઉદાહરણ તરીકે, ઊંચી ટેરિફ દીવાલ લાદીને, અથવા કોઈ રાજ્યમાં આયાત કે તેમાંથી નિકાસ અટકાવીને, તો આવો કાયદો કેવળ કરવેરાના મહત્વની બહાર છે, પરંતુ તે એક વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો સંવિધાન–નિર્માતાઓનો આશય હતો." (એજન, પૃષ્ઠ ૮૨૯ પર)

મુખ્ય ન્યાયમૂર્તિના તારણો નીચેના પ્રતિપાદનોમાં પુનરાવર્તિત કરવામાં આવ્યા છે:

> "૧૬....ભાગ ૧૩ માં સમાવિષ્ટ પ્રતિબંધમાં કરવેરાનો સમાવેશ થતો હતો તેવી દલીલ સામેના વાંધાઓનો આ રીતે સારાંશ આપી શકાય: (૧) કરવેરા, તે સ્વરૂપે, હંમેશા સૂચવે છે કે તે જાહેર હિતમાં છે. તેથી, તે એવા ચોક્કસ નિયંત્રણોની બહાર રહેશે, જેને અદાલતો દ્વારા વાજબી અને જાહેર હિતમાં હોવાનું વર્ણવી શકાય. (૨) સરકાર ચલાવવાની સત્તા એક સાર્વભૌમ રાજ્યમાં નિહિત છે. આપણા સંવિધાને કલ્યાણકારી રાજ્યનો

પાયો નાખ્યો છે, જેનો અર્થ સરકાર અને વહીવટની પ્રવૃત્તિઓના વ્યાપને ઘણો વિસ્તૃત કરવાનો થાય છે, જેથી રાજ્ય માટે ઘણા મોટા પાયે અને ઘણા વ્યાપક ક્ષેત્રોમાં કર લાદવાનું અનિવાર્ય બને છે. ઉપર ઉલ્લેખિત ત્રણ યાદીઓમાંની વૈધાનિક પ્રવિષ્ટિઓ કે જે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારોને માલ અને મુસાફરોની હેરફેરના સંદર્ભમાં અમુક કરવેરા લાદવાની સત્તા આપે છે તે નિરર્થક નહીં તો બિનઅસરકારક બની જશે, જો એવું ઠેરવવામાં આવે કે કેવળ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના શબ્દોની અંદર આવે છે. (૩) જો અપીલકર્તાઓ વતી કરવામાં આવેલી દલીલ સ્વીકારવામાં આવે, તો ઘણા કરવેરા, ઉદાહરણ તરીકે, સંઘ અને રાજ્યો દ્વારા વેચાણવેરો, અનુચ્છેદ ૩૦૩ અને ૩૦૪ માં નિર્ધારિત સમગ્ર પ્રક્રિયામાંથી પસાર થવું પડશે, જેથી સંવિધાન દ્વારા પરિકલ્પિત રાજ્યોના મર્યાદિત સાર્વભૌમત્વમાં ઘણો ઘટાડો થશે. (૪) કરવેરા સંબંધિત કાયદાઓ, જે અનિવાર્યપણે રાજ્યનું વૈધાનિક કાર્ય છે, તે ન્યાયનિર્ણયપાત્ર બનશે અને જ્યારે પણ કરવેરા કાયદાને ગેરબંધારણીય તરીકે પડકારવામાં આવશે ત્યારે રાજ્યે અદાલતોને સંતોષ આપવો પડશે — એવો માર્ગ કે જે સત્તાના વિભાજનને ગંભીરપણે અસર કરશે જેના પર આપણા સંવિધાન સહિત આધુનિક સંવિધાનો આધારિત છે. (૫) માલ અને મુસાફરોની હેરફેર પરનો કરવેરો અનિવાર્યપણે અવરોધરૂપ હોતો નથી." (એજન, પૃષ્ઠ ૮૨૯–૮૩૦ પર)

મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદામાં જે મૂળભૂત સિદ્ધાંત પ્રતિપાદિત કરવામાં આવ્યો છે તે એ છે કે:

"૧૮.....(૨) અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલી સ્વતંત્રતાનો અર્થ કેવળ કરવેરામાંથી સ્વતંત્રતા નથી, પરંતુ તે એવા કરવેરામાંથી સ્વતંત્રતા છે કે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને સીધી રીતે અવરોધવાની અસર ધરાવે છે." (એજન, પૃષ્ઠ ૮૩૧ પર)

૪૮. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના મતે કસોટી એ છે કે શું કરવેરો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને સીધી રીતે અવરોધવાની અસર ધરાવે છે કે કેમ. જો તે ધરાવતો હોય, તો તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવે છે. આ કસોટી કરના સાચા સ્વરૂપ અને તેની અસરની છે. શું તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદે છે? આવા અવરોધનું એક ઉદાહરણ ઊંચી ટેરિફ દીવાલ છે જે ત્યારબાદ વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે. ઊંચી ટેરિફ દીવાલ એ કર કાયદાઓ હેઠળ વેપારની સ્વતંત્રતા માટેના અવરોધનું એક ઉદાહરણ છે, કોઈ સર્વગ્રાહી વિગતીકરણ નથી. જે કર વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને અવરોધે છે તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવે છે.

૪૯. બહુમતી વતી ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરનો ચુકાદો ઠેરવે છે કે કરવેરા લાદવાની સત્તા બંધારણીય જોગવાઈઓને આધીન છે:

"૩૫...રાજ્યની કરવેરા સત્તાના આ સ્વરૂપ પર આધાર રાખીને, વિદ્વાન એટર્ની જનરલે અમને એવું ઠેરવવા જણાવ્યું છે કે કર લાદતા કોઈપણ

કાયદાને ભાગ ૧૩ લાગુ પડી શકે નહીં. અમારા મતે, આ દલીલ યોગ્ય રીતે આધારિત 'નથી'....." તેથી, ખરી પરિસ્થિતિ એવી જણાય છે કે, જોકે સરકારના અસ્તિત્વ માટે જ કર લાદવાની સત્તા આવશ્યક છે, છતાં તેનો ઉપયોગ અનિવાર્યપણે તે સંબંધમાં કરવામાં આવેલી બંધારણીય જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થવો જોઈએ. એવું કહી શકાય નહીં કે કરવેરાની સત્તા સ્વતઃ કોઈપણ બંધારણીય મર્યાદાઓની બહાર છે." (એજન, પૃષ્ઠ ૮૪૬ પર)

૫૦. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે સૌપ્રથમ નોંધ્યું કે કાયદાની સત્તા હેઠળ કર લાદવાની સંવિધાનના અનુચ્છેદ ૨૬૫ હેઠળની સત્તા સાતમી અનુસૂચિમાં સંબંધિત વૈધાનિક પ્રવિષ્ટિઓ સાથે વંચાતા અનુચ્છેદ ૨૪૫ ને સંદર્ભિત છે. અનુચ્છેદ ૨૪૫ સંવિધાનની જોગવાઈઓને આધીન હોવાથી, સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કર લાદવાની સત્તા બંધારણીય જોગવાઈઓના અમલને આધીન છે, જેમાં ભાગ ૧૩ નો સમાવેશ થવો જ જોઈએ:

"૩૭....હવે, જો આપણે અનુચ્છેદ ૨૪૫ ને જોઈએ કે જે સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓના વ્યાપ સાથે સંબંધિત છે, તો તે "આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને" એ શબ્દોથી શરૂ થાય છે; બીજા શબ્દોમાં કહીએ તો, કર લાદતા કાયદાઓ સહિતના કાયદા બનાવવાની સંસદ અને રાજ્યોના વિધાનમંડળોની સત્તા આ સંવિધાનની જોગવાઈઓને આધીન છે અને તે

અનિવાર્યપણે ભાગ ૧૩ ની જોગવાઈઓનો અમલ લાવે છે." (એજન, પૃષ્ઠ ૮૪૭–૮૪૮ પર)

બીજું, આ દ્રષ્ટિકોણ મુજબ, અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા માત્ર ભાગ ૧૩ ની જોગવાઈઓને આધીન છે જેનો અર્થ એ થાય છે કે આ સ્વતંત્રતાના વ્યાપને ભાગ ૧૩ ની બહાર નિયંત્રિત કરી શકાતો નથી. ત્રીજું, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરના મતે, અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતા એ ભાગ ૧૩ હેઠળ વિચારવામાં આવેલા નિયંત્રણો સિવાયના તમામ નિયંત્રણોમાંથી મુક્તિ છે:

"૪૨....સંક્ષિપ્તમાં કહીએ તો સંકુચિત અર્થમાં પણ વેપારમાં ખરીદ અને વેચાણ, અથવા ચીજવસ્તુઓની આપ–લે કે વિનિમય સંબંધિત તમામ પ્રવૃત્તિઓનો સમાવેશ થશે અને એક સ્થળેથી બીજા સ્થળે હેરફેર એ આવી વ્યાપારી પ્રવૃત્તિઓનો મૂળ આત્મા છે. જ્યારે અનુચ્છેદ ૩૦૧ વેપારની સ્વતંત્રતાનો ઉલ્લેખ કરે છે, ત્યારે સ્વતંત્રતાનો અર્થ શું થાય છે તે તપાસવું જરૂરી છે. શેનાથી સ્વતંત્રતા? એ આ સંદર્ભમાં નક્કી કરવાનો સ્પષ્ટ પ્રશ્ન છે. આ તબક્કે, અમે એવા વિધાનથી જ સંતોષ માનીશું કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી વેપારની સ્વતંત્રતા એ ભાગ ૧૩ ના અન્ય અનુચ્છેદો દ્વારા પૂરા પાડવામાં આવેલા નિયંત્રણો સિવાયના તમામ નિયંત્રણોમાંથી મુક્તિ છે." (એજન, પૃષ્ઠ ૮૫૩ પર)

ચોથું, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટ ખંડની અસર તરફ ધ્યાન દોરે છે જે અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓ હોવા છતાં કર લાદવા માટે સક્ષમ બનાવે છે:

> "૪૬.....જોકે, આંતરિક માલ પર કેવી રીતે કર લાદી શકાય તે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પૂરી પાડવામાં આવેલ છે. અનુચ્છેદ ૩૦૧ નો સંદર્ભ આપતો નોન–ઓબસ્ટેન્ટ ખંડ અનુચ્છેદ ૩૦૪(એ) સાથે જશે, અને તે દર્શાવે છે કે નોન–ઓબસ્ટેન્ટ ખંડ સાથેના અનુચ્છેદ ૩૦૪(એ) વિના માલ પર કર લાદવાની પરવાનગી ન મળી શકી હોત. આ બાબત આકસ્મિક રીતે અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતાના વ્યાપ અને પહોળાઈને નિર્ધારિત કરવામાં મદદ કરે છે; બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૩૦૪(એ) એ અનુચ્છેદ ૩૦૧ નો અન્ય એક અપવાદ છે." (એજન, પૃષ્ઠ ૮૫૬ પર)

આ દ્રષ્ટિકોણથી, અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) એકસાથે વાંચવા પડે. કર વિધાન અનુચ્છેદ ૩૦૧ માં સમાવિષ્ટ છે તે અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબ્સ્ટેન્ટે ખંડના ઉપયોગ પરથી નીકળતું એક અનુમાન છે. આખરે, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઠેરવ્યું કે વેપારની હેરફેર એ અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું મૂળ તત્વ છે. જો માલસામાનના પરિવહન અથવા હેરફેર પર માત્ર એ જ આધારે કર લાદવામાં આવે કે માલને લઈ

જવામાં આવે છે અથવા પરિવહન કરવામાં આવે છે, તો તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપારની સ્વતંત્રતાને સીધી રીતે અસર કરશે:

> "૪૯.....તેમાં ચોક્કસપણે વેપારના આવાગમનનો સમાવેશ થાય છે કે જે તમામ વેપારનું મૂળભૂત તત્વ છે અને તેનો અભિન્ન ભાગ છે. જો માલસામાનના પરિવહન અથવા હેરફેર પર માત્ર એ જ આધારે કર લાદવામાં આવે કે માલસામાનને આ રીતે લઈ જવામાં આવે છે અથવા તેનું પરિવહન કરવામાં આવે છે, તો અમારા મતે તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત વેપારની સ્વતંત્રતાને સીધી રીતે અસર કરે છે. જો ભાગ ૧૩ ની આવશ્યકતાઓ સંતોષ્યા વિના કરવેરા દ્વારા માલસામાનની હેરફેર, પરિવહન અથવા લઈ જવા પર અડચણ, અવરોધ કે બાધા ઊભી થવા દેવામાં આવે, તો અનુચ્છેદ ૩૦૧ દ્વારા વેપારની જે સ્વતંત્રતા પર આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે તે ભ્રામક સાબિત થશે. જ્યારે અનુચ્છેદ ૩૦૧ એવી જોગવાઈ કરે છે કે સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર મુક્ત રહેશે, ત્યારે મુખ્યત્વે તેના ધ્યાનમાં વેપારનો હેરફેરનો ભાગ છે અને ભાગ ૧૩ ના અન્ય અનુચ્છેદો દ્વારા પૂરી પાડવામાં આવેલી મર્યાદાઓ અને અપવાદોને આધીન રહીને વેપારનો આવાગમન અથવા પરિવહનનો ભાગ અલબત્ત મુક્ત હોવો જ જોઈએ." (એજન, પૃ. ૮૫૯)

૫૧. સમવાયી સંવિધાનમાં રાજ્યોની સત્તાઓ જાળવી રાખવા માટે સંતુલન સાધવાની જરૂરિયાતની ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે નોંધ લીધી હતી.

તેમણે ઘડેલી કસોટી એ છે કે જે નિયંત્રણો અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવે છે તે એવા નિયંત્રણો છે જે વેપારના મુક્ત પ્રવાહ અથવા આવાગમનને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત અથવા અવરોધિત કરે છે:

> "૫૦.....આમ વિચારતાં અમે માનીએ છીએ કે એવું ઠેરવવું વાજબી અને યોગ્ય રહેશે કે જે નિયંત્રણોમાંથી મુક્તિની ખાતરી અનુચ્છેદ ૩૦૧ દ્વારા આપવામાં આવી છે, તે એવા નિયંત્રણો હશે જે સીધા અને તાત્કાલિક રીતે વેપારના મુક્ત પ્રવાહ અથવા આવાગમનને પ્રતિબંધિત અથવા અવરોધિત કરે છે. કરવેરા નિયંત્રણો સમાન બની શકે છે અને બને પણ છે; પરંતુ માત્ર એવા જ કરવેરા જે પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપારને પ્રતિબંધિત કરે છે તે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે. એવી દલીલ કે તમામ કરવેરા અનુચ્છેદ ૩૦૧ દ્વારા શાસિત થવા જોઈએ, ભલે વેપાર પર તેમની અસર તાત્કાલિક હોય કે મધ્યવર્તી, પ્રત્યક્ષ હોય કે દૂરવર્તી, તે અમારા મતે એક આત્યંતિક અભિગમ અપનાવે છે જેને સમર્થન આપી શકાય નહીં." (એજન, પૃ. ૮૬૦)

૫૨. આખરી વિશ્લેષણમાં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર એવા અર્થઘટનને પણ નકારે છે કે જેના હેઠળ તમામ કરવેરાને અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં લાવી શકાય. વિદ્વાન ન્યાયમૂર્તિ જે સિદ્ધાંત અપનાવે છે તે એ છે કે કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના અમલમાંથી બાકાત નથી અને તે સ્વતંત્રતા પરના નિયંત્રણો સમાન બની શકે છે અને બને પણ છે. તેમ છતાં, માત્ર એવા જ કરવેરા

કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવે છે જે વેપાર અથવા તેના આવાગમનને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરે છે.

૫૩. ન્યાયમૂર્તિ શાહ બહુમતીના એ તારણ સાથે જોડાયા હતા કે આસામ અધિનિયમ અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાની ખાતરીનું ઉલ્લંઘન કરે છે અને અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળની કસોટીમાં પાર ઉતર્યો નથી. પરંતુ ન્યાયમૂર્તિ શાહ ઘણા વ્યાપક આધાર પર બહુમતીના તારણ સાથે સંમત થયા હતા કે તમામ કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવે છે. તેમના મતે, વેપાર અને વાણિજ્યમાં માલસામાનનું આવાગમન અને તેના કરતાં ઘણું બધું સમાવિષ્ટ છે. આ દ્રષ્ટિએ, માલસામાનનું આવાગમન અસરકારક વાણિજ્યનું એક મહત્વપૂર્ણ ઘટક હોઈ શકે છે, છતાં આવાગમન પોતે વાણિજ્યનું અનિવાર્ય ઘટક નથી. તેમના મતે:

> "૬૬.....જેની ખાતરી આપવામાં આવી છે તે તેના વિશાળતમ વ્યાપમાં રહેલી સ્વતંત્રતા છે — વાણિજ્યિક આંતરવ્યવહારમાં મનાઈ, નિયંત્રણ, બોજ કે અવરોધમાંથી મુક્તિ. માત્ર માલસામાનના આવાગમનને પ્રતિબંધિત કરતી ભેદભાવપૂર્ણ જકાતો જ નહીં કે જે નિયંત્રણોમાં સમાવિષ્ટ છે અને અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવે છે, પરંતુ વાણિજ્યિક આંતરવ્યવહાર પરના તમામ કરવેરા, ભલે તે મહેસૂલ એકત્ર કરવાના ઉપાય તરીકે લાદવામાં આવ્યા હોય, તે પણ આ રીતે તેની ઝપટમાં આવે છે. એક તરફ ભેદભાવપૂર્ણ જકાત અને વેપાર અવરોધો તથા બીજી તરફ

વાણિજ્યિક આંતરવ્યવહાર પર મહેસૂલ એકત્ર કરવા માટેના કરવેરા વચ્ચેનો તફાવત હેતુનો છે, ગુણવત્તાનો નહીં. વાણિજ્યિક આંતરવ્યવહાર પરના બોજના આ બંને સ્વરૂપો અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું અતિક્રમણ કરે છે." (એજન, પૃ. ૮૭૪–૮૭૫)

ન્યાયમૂર્તિ શાહના ચુકાદામાં, અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા કરના બોજ તેમજ અન્ય અવરોધોમાંથી મુક્તિ સૂચવે છે પરંતુ તે સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે.

૫૪. બહુમતીના ચુકાદા અને ન્યાયમૂર્તિ શાહના દ્રષ્ટિકોણ વચ્ચેનો ભેદ બરાબર એ બાબતમાં રહેલો છે કે કર કાયદાઓને કઈ હદ સુધી અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતા માનવામાં આવ્યા છે. બહુમતી માટે, આવાગમન એ વેપારનો આત્મા છે જ્યારે ન્યાયમૂર્તિ શાહ માટે, તે તમામ પરિસ્થિતિઓમાં અનિવાર્ય ઘટક નથી. બહુમતી માટે, ભાગ ૧૩ ની મર્યાદાઓને આધીન રહીને વેપારનો આવાગમન અથવા પરિવહનનો ભાગ જ મુક્ત હોવો જોઈએ. જોકે, માત્ર એવા જ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવે છે જે સીધા અને તાત્કાલિક રીતે વેપારને અવરોધે છે. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે એવી દલીલને ફગાવી દીધી હતી કે તમામ કરવેરા અનુચ્છેદ ૩૦૧ દ્વારા શાસિત હોવા જોઈએ, પછી ભલે એક તરફ વેપાર પર તેમની અસર તાત્કાલિક અને પ્રત્યક્ષ હોય કે બીજી તરફ તે દૂરવર્તી અને "મધ્યવર્તી" હોય. ન્યાયમૂર્તિ શાહ માટે વાણિજ્યિક આંતરવ્યવહાર

પર કરવેરાનો દરેક કાયદો, ભલે તે મહેસૂલ વસૂલાત માટેનો ઉપાય હોય, તે પણ અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવે છે.

૫૫. આ કહ્યા પછી, એ નોંધવું પણ જરૂરી છે કે તે જ સમયે બહુમતીના ચુકાદામાં વ્યક્ત થયેલા મંતવ્યો અને ન્યાયમૂર્તિ શાહના મંતવ્યો વચ્ચે ભાગ ૧૩ ના અમુક નિર્ણાયક પાસાઓ પર સૈદ્ધાંતિક સંમતિ હતી. પ્રથમ તો, બહુમતીએ (અગાઉ નોંધ્યા મુજબ) સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાઓ પર બંધારણીય પ્રતિબંધો અને મર્યાદાઓની વાત કરી હતી, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાગ ૧૩ આવી મર્યાદાનો સ્ત્રોત છે. ન્યાયમૂર્તિ શાહ નીચેના અવલોકનોમાં આ આધાર સાથે સંમત થયા હતા:

> "૬૪....વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર કર લાદવાની કાયદાકીય સત્તાના ઉપયોગ પર, ભાગ ૧૨ માં સમાવિષ્ટ અમુક જોગવાઈઓ દ્વારા પ્રતિબંધો નિર્ધારિત કરવામાં આવ્યા છે, દા.ત., અનુચ્છેદ ૨૭૬, ૨૮૬, ૨૮૭, ૨૮૮ અને ૨૮૯: પરંતુ આ પ્રતિબંધો તે સત્તાની સીમાને સંપૂર્ણપણે સીમિત કરતા નથી. કર લાદવાની કાયદાકીય સત્તા ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત સ્વતંત્રતાઓ દ્વારા પણ પ્રતિબંધિત છે, દા.ત., અનુચ્છેદ ૧૪, ૧૫(૧), ૧૯(૧)(જી) અને ૩૧(૧) અને તે ભાગ ૧૩ દ્વારા વધુ પ્રતિબંધિત છે. સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ નો ખંડ (૧) સ્પષ્ટપણે એવી જોગવાઈ કરે છે કે કાયદા ઘડવાની સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાઓ સંવિધાનની જોગવાઈઓને

આધીન છે; અને અનુચ્છેદ ૩૦૧ નિઃશંકપણે એવી જોગવાઈઓ પૈકીની એક છે કે જેને કાયદાકીય સત્તાઓ આધીન છે." (એજન, પૃ. ૮૭૩)

બીજું, બહુમતીની જેમ જ ન્યાયમૂર્તિ શાહે અનુચ્છેદ ૩૦૪ ની નોન–ઓબ્સ્ટેન્ટે જોગવાઈ પર ભાર મૂક્યો હતો જે અનુચ્છેદ ૩૦૧ ના સંદર્ભમાં કાર્ય કરે છે. તેમના મતે, જો અનુચ્છેદ ૩૦૧ કરવેરાના બોજ સાથે સંબંધિત ન હોત, તો અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબ્સ્ટેન્ટે જોગવાઈનો સમાવેશ કરવાનું કોઈ કારણ ન હતું:

"૭૪.... જો અનુચ્છેદ ૩૦૧ અને અનુચ્છેદ ૩૦૩ કરના સ્વરૂપના નિયંત્રણો અથવા બોજ સાથે સંબંધિત ન હોત, તો અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (૧) જે નોન–ઓબ્સ્ટેન્ટે ખંડને આધીન છે તેનો સમાવેશ કરવાનું કારણ સમજી શકાય નહીં. નિઃશંકપણે, સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓ કરવેરાની વધારાની કે સ્વતંત્ર સત્તાઓ લાદતી નથી; સાતમી અનુસૂચિની યાદીઓ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫, ૨૪૬ અને ૨૪૮ દ્વારા કરવેરાની સત્તાઓ પ્રદાન થયેલી જોવા મળે છે, અને ભાગ ૧૩ ની જોગવાઈઓ કાયદાકીય સત્તાના ઉપયોગને સીમિત કરનારી છે. સંવિધાને અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૩ (જે ખરેખર અનુચ્છેદ ૩૦૩(૧) હોવો જોઈએ) ના અપવાદ તરીકે કરવેરાના ચોક્કસ ક્ષેત્ર સાથે કામ કરવાનું પસંદ કર્યું છે તે સંજોગ એ અનુમાનને દ્રઢપણે સમર્થન આપે છે કે કરવેરા એ એવા પ્રતિબંધો પૈકીનું એક હતું કે જેને લાદવામાંથી અનુચ્છેદ

૩૦૧ ની ખાતરી દ્વારા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને મુક્ત જાહેર કરવામાં આવ્યા છે." (એજન, પૃ. ૮૮૧)

ત્રીજું, અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) માં 'નિયંત્રણો' શબ્દપ્રયોગમાં કરના સ્વરૂપના નિયંત્રણનો સમાવેશ થાય છે તેવું ઠેરવવામાં ન્યાયમૂર્તિ શાહ બહુમતી જેવું જ વલણ અપનાવે છે:

"૭૫.....ખંડ (બી) સામાન્ય નિયંત્રણ સાથે સંબંધિત છે જેમાં કરના સ્વરૂપમાં બોજ લાદીને મૂકવામાં આવતા નિયંત્રણનો સમાવેશ થાય છે. ખંડ (એ) મર્યાદિત ક્ષેત્રમાં કરવેરાના ચોક્કસ બોજ સાથે સંબંધિત છે." (એજન, પૃ. ૮૮૧)

૫૬. બહુમતીના ચુકાદા અને ન્યાયમૂર્તિ શાહના નિર્ણય વચ્ચેનો મૂળભૂત તફાવત એ બાબતમાં રહેલો છે કે કર લાદવાની સત્તાને કઈ હદ સુધી અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની અંદર કે બહાર ગણવામાં આવે છે. બહુમતી માટે દરેક કરવેરા કાયદો અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતો નથી. અનુચ્છેદ ૩૦૧ હેઠળની ખાતરી એવા નિયંત્રણો સામે છે જે વેપારના મુક્ત પ્રવાહ અથવા આવાગમનને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત અથવા અવરોધિત કરે છે. માત્ર એવા જ કરવેરા કે જે વેપારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરે છે તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવશે. ન્યાયમૂર્તિ શાહ માટે વાણિજ્યિક આંતરવ્યવહાર પરના તમામ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓને આકર્ષિત કરશે.

૫૭. બહુમતી દ્વારા અપનાવવામાં આવેલા દ્રષ્ટિકોણની મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદા સાથેની સરખામણી કેટલાક મુદ્દાઓ પર મૂળભૂત તફાવતો અને અન્ય પાસાઓ પર મુખ્યત્વે માત્રાનો તફાવત દર્શાવે છે. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ પોતાની ચર્ચાની શરૂઆત એ આધાર સાથે કરી હતી કે કરવેરા ભાગ ૧૨ દ્વારા શાસિત થાય છે અને ભાગ ૧૨ તથા ભાગ ૧૩ સ્વયં–સંપૂર્ણ અને સ્વતંત્ર જોગવાઈઓ છે. વધુમાં, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ ઠેરવ્યું હતું કે કરવેરા એ સાર્વભૌમત્વનું આવશ્યક લક્ષણ હોવાથી, તમામ કરવેરા કાયદાઓ પર અનુચ્છેદ ૩૦૪(બી) લાગુ કરીને કરવેરાની રાજ્યની સત્તાને ગૌણ બનાવી દેવી સમવાયી માળખામાં યોગ્ય રહેશે નહીં. તેમ છતાં, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા આખરે એ બાબત સ્વીકારે છે કે તમામ નહીં પરંતુ કેટલાક કર વિધાનો અનુચ્છેદ ૩૦૧ ના આદેશને આધીન છે. તેમના મતે, જ્યાં સુધી કર લાદવો એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં અવરોધરૂપ ન હોય, ત્યાં સુધી તે કસોટીમાં પાર ઉતરવો જ જોઈએ અને તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવશે નહીં. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે પણ (બહુમતી વતી બોલતા) ઠેરવ્યું કે વેપારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરતો કર કાયદો અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદામાં કસોટી એ છે કે શું કોઈ કર કાયદો "વેપારના મુક્ત પ્રવાહ પર પ્રત્યક્ષ રીતે લાદવાની અસર ધરાવે છે". બહુમતી દ્વારા અપનાવવામાં આવેલી "એવા કરવેરા કે જે સીધા અને તાત્કાલિક રીતે વેપારને પ્રતિબંધિત કરે છે" ની કસોટી મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા દ્વારા અપનાવવામાં આવેલી કસોટી સાથે વ્યાપક સહ–સંબંધ ધરાવે છે. આ પાસા પર

વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના મત કરતાં બહુમતીના મતમાં રહેલો તફાવત મુખ્યત્વે માત્રાનો તફાવત હતો. મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાએ નોંધ્યું હતું કે તેઓ બહુમતી સાથે એ કારણસર અસંમત હતા કે સંવિધાન એવા અનુમાનને યોગ્ય ઠેરવતું નથી કે કેવળ કરવેરા (ટેક્સેશન સિમ્પ્લીસિટર) અનુચ્છેદ ૩૦૧ ની શરતો હેઠળ આવે છે. તેમના મતે, તે કેસમાં આસામનો કાયદો રાજ્ય બહારના વેપારીઓ કે ઉત્પાદકો સામે કોઈ ભેદભાવ વિનાનો કેવળ કરવેરાનો કાયદો હતો. બહુમતીએ આ કરને ગેરબંધારણીય ઠેરવ્યો હતો કારણ કે તેનો હેતુ માલસામાન પર માત્ર એ જ કારણસર કર વસૂલવાનો હતો કે તે રાજ્યના વિસ્તારમાં સડક માર્ગે કે આંતરિક જળમાર્ગો દ્વારા લઈ જવામાં આવે છે. બહુમતી માટે, આ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતું એક નિયંત્રણ હતું જેને અનુચ્છેદ ૩૦૪(બી) ની આવશ્યકતાઓને સંતોષીને જ કાયદેસર રીતે પ્રાપ્ત કરી શકાયું હોત. બીજી તરફ, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા માત્ર ભેદભાવપૂર્ણ કરને જ વેપાર પરના નિયંત્રણ તરીકે ગણશે.

## ડી.૨ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ

૫૮. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં સાત ન્યાયમૂર્તિઓની પીઠે, આપવામાં આવેલા ત્રણ ચુકાદાઓમાં નીચેની બાબતોની વિચારણા કરી હતી: (૧) અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું સ્વરૂપ અને વ્યાપ; (૨) કર લાદવાની સત્તા; (૩) કર લાદવાની સત્તા પર બંધારણીય મર્યાદાઓ અથવા નિયંત્રણો; (૪) રાજ્યોના સાર્વભૌમત્વને ક્ષતિ ન પહોંચે તે રીતે ભાગ

૧૩ ની જોગવાઈઓનું અર્થઘટન કરવાની આવશ્યકતા; અને (૫) શું ભાગ ૧૩ રાજકોષીય કાયદાઓને નિયંત્રિત કરે છે, અને જો તેમ હોય તો, કઈ હદ સુધી.

ડી.૨.૧ સ્વતંત્રતા અને નિયમન

૫૯. બહુમતીના મુખ્ય ચુકાદામાં ન્યાયમૂર્તિ એસ. કે. દાસે ઠેરવ્યું કે જોકે અનુચ્છેદ ૩૦૧ "બિનશરતી છે", તેમ છતાં સ્વતંત્રતા સામાજિક સુવ્યવસ્થાની વિચારણાઓ દ્વારા અનિવાર્યપણે મર્યાદિત હોવી જોઈએ :

> "૧૦.... અનુચ્છેદ ૩૦૧ માં વપરાયેલી ભાષા બિનશરતી હોવાથી, અદાલતે, એક સુવ્યવસ્થિત સમાજના સંચાલનમાં તે જોગવાઈ લાગુ કરવાની છે તે હકીકતને ધ્યાનમાં રાખીને, અનિવાર્યપણે અમુક મર્યાદાઓ ઉભેરવી પડે છે કે જેને આધીન રહીને જ તે સ્વતંત્રતા ભોગવી શકાય." (એજન, પૃ. ૫૨૧)

૬૦. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે એક સંમત ચુકાદામાં ઠેરવ્યું કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પ્રદાન કરવામાં આવેલી સ્વતંત્રતા એ સીમાઓ પારના વેપારની સ્વતંત્રતા છે. આ સ્વતંત્રતા અવરોધો વિનાના મુક્ત વેપાર માટેની છે :

> "૩૫..... સદર સંયુક્ત પદાવલિનો અર્થ સીમાઓ પારનો વેપાર થાય છે: જે મુક્ત છે તે તે વેપાર છે. સ્વતંત્રતાની વિભાવનામાં એ ગર્ભિત છે કે તેના માટે અવરોધો હશે. આવા અંતરાયો અથવા અવરોધો, વર્તમાન સંદર્ભમાં, સીમાઓ પાર વેપાર કરવાની સ્વતંત્રતા માટે હોઈ શકે છે. અનુચ્છેદ ૩૦૧

સદર અવરોધો અથવા વાસ્તવમાં અવરોધ તરીકે કામ કરતી અડચણોમાંથી મુક્તિ પૂરી પાડે છે. અવરોધોમાંથી આ મુક્તિ શૂન્યાવકાશમાં કામ કરી શકતી નથી અને તે અવકાશ દ્વારા મર્યાદિત હોવી જોઈએ. બે રાજ્યો વચ્ચે રાજ્યોની સીમા પર અથવા બે જિલ્લાઓ, બે તાલુકાઓ, બે નગરો વચ્ચે અથવા નગરના બે ભાગો વચ્ચે અવરોધ ઊભો કરી શકાય છે. અવરોધ કોઈ ચોક્કસ સ્થળે, સીમા પર હોઈ શકે છે અથવા સીમા પાર ન થાય ત્યાં સુધી સતત અડચણનું સ્વરૂપ ધારણ કરી શકે છે. તે વિવિધ સ્વરૂપો લઈ શકે છે. નિયંત્રણો આવાગમન પહેલાં અથવા પછીના હોઈ શકે છે. તે પૂર્વ પ્રતિબંધ અથવા અનુવર્તી બોજ હોઈ શકે છે. પરંતુ મૂળભૂત વિચાર એ છે કે અવરોધ એ કોઈ ચોક્કસ સ્થળે અથવા વિવિધ સ્થળોએ ગતિમાન વેપારની આડે મૂકવામાં આવેલી અડચણ છે. "મુક્ત રહેશે" શબ્દપ્રયોગ આવા અવરોધોમાંથી આવા પરિવહન અથવા આવાગમનની સ્વતંત્રતા ફરજિયાત સ્વરૂપે જાહેર કરે છે." (એજન, પૃ. ૫૪૭–૫૪૮)

૬૧. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં હોવાથી, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ઠેરવ્યું કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા આંતર–રાજ્ય અને અંતઃરાજ્ય બંને અવરોધો દૂર કરે છે, અને સમગ્ર દેશને એક એકમ બનાવે છે :

"૩૬.....અનુચ્છેદ ૩૦૧ હેઠળ જાહેર કરાયેલી સ્વતંત્રતાને આંતર–રાજ્ય અથવા અંતઃરાજ્ય અવરોધો અથવા આવા અવરોધો તરીકે કાર્ય કરતી

અન્ય કોઈપણ અડચણો વિના, મૂર્ત કે અમૂર્ત, વાણિજ્યિક કે બિન–વાણિજ્યિક, વ્યક્તિઓ અથવા વસ્તુઓના મુક્ત આવાગમનના અધિકાર તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે." (એજન, પૃ. ૫૪૮)

૬૨. તેમ છતાં, બહુમતીનો ચુકાદો એવો તર્ક રજૂ કરે છે કે સુવિધાજનક નિયમનોથી અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા ક્ષતિગ્રસ્ત થતી નથી. આવા નિયમનો સુવિધાજનક છે કારણ કે તેઓ વેપારને પ્રોત્સાહન આપે છે અને તેને પ્રતિબંધિત કરતા નથી. સુવિધાજનક નિયમનોની વિભાવના એ દ્રષ્ટિકોણ સાથે સુસંગત છે કે સુવ્યવસ્થિત સમાજ જાળવી રાખવા માટે અનુચ્છેદ ૩૦૧ હેઠળનો અધિકાર નિયમનક્ષમ છે. પરિવહન વાહનોની ગતિ મર્યાદા, માન્ય વજન નિર્ધારિત કરતા અથવા વાહનોની નોંધણી ફરજિયાત બનાવતા નિયમનો વેપારને અવરોધતા નથી. આ ઉદાહરણોનો ઉલ્લેખ કરતાં ન્યાયમૂર્તિ એસ. કે. દાસે ઠેરવ્યું :

"૧૦.....કે ઉપરોક્ત જેવા નિયમોનો અમલ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને ખરેખર અસર કરતો નથી; તેનાથી વિપરીત તેઓ વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને સરળ બનાવે છે. તેનું કારણ એ છે કે આ નિયમો વેપારી પર બોજ લાદે છે અથવા તેને વેપાર કરતા અટકાવે છે તેમ વાજબી રીતે કહી શકાય નહીં: ઉદાહરણ તરીકે, એવું સૂચન કરવું હાસ્યાસ્પદ હશે કે વેપારની સ્વતંત્રતા એવા કાયદાઓથી ક્ષતિગ્રસ્ત અથવા અવરોધાય છે જેમાં મોટર વાહનને રસ્તાની ડાબી બાજુએ રાખવું

અને જાહેર જનતા માટે જોખમી હોય તેવી રીતે ન ચલાવવું જરૂરી હોય. જો અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" શબ્દનો અર્થ "કોઈપણ વ્યક્તિ જે ઈચ્છે તે કરવાની સ્વતંત્રતા" થતો હોય, તો પરિણામે અરાજકતા સર્જાઈ શકે છે." (એજન, પૃ. ૫૨૨)

ન્યાયમૂર્તિ સુબ્બા રાવે પણ એ જ વલણ અપનાવ્યું હતું. તેમના મતે, સુવિધાજનક નિયમનો વેપારને પ્રતિબંધિત કરતા નથી :

"૩૭...કોઈ ચોક્કસ કાયદો સદર સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે તેમ કહી શકાય તે પહેલાં, એ ખાતરી કરવી આવશ્યક છે કે વાદગ્રસ્ત જોગવાઈ વેપારના મુક્ત આવાગમનને અવરોધતા નિયંત્રણ તરીકે કામ કરે છે કે માત્ર તેને સરળ બનાવતા નિયમન તરીકે કામ કરે છે. નિયંત્રણો સ્વતંત્રતાને અવરોધે છે, જ્યારે નિયમનો તેને પ્રોત્સાહન આપે છે. પોલીસ નિયમનો, જોકે તેઓ ઉપરછલ્લી રીતે આવાગમનની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરતા હોય તેવા જણાય છે, વાસ્તવમાં મુક્ત આવાગમન માટે જરૂરી શરતો પૂરી પાડે છે. લાઈટિંગ, ઝડપ, વાહનોની સારી સ્થિતિ, સમય, રસ્તાના નિયમો અને તેના જેવા અન્ય નિયમનો ખરેખર આવાગમનની સ્વતંત્રતાને ધીમી પાડવાને બદલે તેને સરળ બનાવે છે. તેવી જ રીતે, વળતરરૂપ ફી સાથેની લાયસન્સિંગ પદ્ધતિ નિયંત્રણો નહીં પરંતુ નિયમનકારી જોગવાઈઓ હશે; કારણ કે તેના વિના, સંદેશાવ્યવહારના જરૂરી માર્ગો, જેમ કે રસ્તા, જળમાર્ગો અને હવાઈ

માર્ગો, અસરકારક રીતે જાળવી શકાતા નથી અને જાહેર કરાયેલી સ્વતંત્રતા વ્યવહારમાં પોકળ સાબિત થઈ શકે છે. તેવી જ રીતે, ટ્રાફિકના મુક્ત આવાગમનને સક્ષમ કરવા માટે જરૂરી સેવાઓ પૂરી પાડતા નિયમનો, ભલે શુલ્ક લેવામાં આવતો હોય કે નહીં, તેને પણ સ્વતંત્રતાને અવરોધતા નિયંત્રણો તરીકે વર્ણવી શકાય નહીં." (એજન, પૃ. ૫૪૯)

નોંધપાત્ર રીતે, ન્યાયમૂર્તિ સુબ્બા રાવના આ અવલોકનો દર્શાવે છે કે સુવિધાઓના ઉપયોગ માટેની ફી અથવા વેપારને સરળ બનાવતા નિયમનો માટેના ચાર્જ વેપારના મુક્ત પ્રવાહને અટકાવતા નથી અથવા અવરોધતા નથી. કારણ કે, તે સુવિધાઓ વિના, વેપાર મુશ્કેલ બની જશે.

### ડી.૨.૨ કરવેરા અને બંધારણીય મર્યાદાઓ

૬૩. ન્યાયમૂર્તિ એસ. કે. દાસે ઠેરવ્યું કે સરકારના અસ્તિત્વ માટે કર લાદવાની સત્તા અનિવાર્ય છે. તેમ છતાં, તેમના મતે, તે બંધારણીય જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થઈ શકે છે. સંવિધાનનો ભાગ ૧૨ કર લાદવાની સત્તાને નિયંત્રિત કરે છે. પરંતુ, ભાગ ૧૨ કર લાદવાની સત્તા પરની તમામ મર્યાદાઓ પૂર્ણ કરતો નથી:

"૧૩.... સરકારના અસ્તિત્વ માટે જ કર લાદવાની સત્તા અનિવાર્ય હોવા છતાં, તેનો ઉપયોગ તે સંબંધમાં કરાયેલી બંધારણીય જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થઈ શકે છે. તે સામાન્ય સિદ્ધાંત તરીકે નિર્ધારિત કરી શકાય નહીં કે કર લાદવાની સત્તા કોઈપણ બંધારણીય મર્યાદાઓના દાયરાની

બહાર છે. અમે સંવિધાનના ભાગ ૧૨ ની જોગવાઈઓની કાળજીપૂર્વક ચકાસણી કરી છે અને અમે એ બાબત સાથે સંમત થવામાં અસમર્થ છીએ કે તે જોગવાઈઓ કર લાદવાની સત્તા પરની તમામ મર્યાદાઓ પૂર્ણ કરી દે છે." (એજન, પૃ. ૫૨૭)

૬૪. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે કરવેરાની સત્તા મર્યાદાને આધીન છે કે કેમ તે દ્રષ્ટિકોણથી આ મુદ્દા પર વિચારણા કરી હતી. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે એ કાનૂની અનુમાનનું વિશ્લેષણ કર્યું હતું કે કરવેરા જાહેર હિતમાં છે અને કરનો કોઈ ચોક્કસ દર વાજબી છે કે કેમ તે નક્કી કરવાનું અદાલત માટે શક્ય નથી. આ બાબતની વિચારણા કરતાં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે આ પ્રમાણે અવલોકન કર્યું હતું:

"૩૯..... કરવેરાનો કાયદો સંસદ દ્વારા અથવા રાજ્યના વિધાનમંડળ દ્વારા, જે તે કેસ મુજબ, બંધારણમાં સમાવિષ્ટ પ્રવિષ્ટિઓના આધારે તે હેઠળ પ્રદત્ત સત્તાનો ઉપયોગ કરીને ઘડવામાં આવે છે. તે બંધારણ હેઠળ ઘડવામાં આવેલા અન્ય કોઈપણ કાયદા જેવો જ એક કાયદો છે. આ કોર્ટે, કે. થાથુન્ની મુપિલ નાયર વિ. કેરળ રાજ્ય [એ.આઈ.આર. (૧૯૬૨) એસ.સી. ૫૫૨] માં અને બાલાજી વિ. આઈ.ટી. ઓફિસર [એ.આઈ.આર. (૧૯૬૨) એસ.સી. ૧૨૩] માં ઠેરવેલ કે જો કરવેરાનો કાયદો બંધારણના અનુચ્છેદ ૧૯ હેઠળ સુનિશ્ચિત કરવામાં આવેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરતો હોય તો તે અમાન્ય ઠરશે. "તેથી,

કરવેરાના કાયદાએ પણ બંધારણના અનુચ્છેદ ૧૯(૬) માં નિયત કરવામાં આવેલી બે કસોટીઓ પૂર્ણ કરવી જોઈએ. એવું કહેવાય છે કે કરવેરાનો કાયદો હંમેશા જાહેર હિતમાં હોય છે. સામાન્ય રીતે, તે તેમ હોઈ શકે છે, પરંતુ તે બાબત સ્વીકારી શકાય નહીં કે તેના કોઈ અપવાદ હોઈ શકે નહીં. કરવેરાનો કાયદો એ અર્થમાં જાહેર હિતમાં હોઈ શકે કે પ્રાપ્ત થયેલી આવક જાહેર કલ્યાણ માટે વાપરી શકાય, પરંતુ એવા પ્રસંગો બની શકે છે, જ્યારે કરવેરાનો દર અથવા તેની પદ્ધતિ કુદરતી ન્યાયના સિદ્ધાંતો અથવા તો કરવેરાના સુસ્થાપિત સિદ્ધાંતોથી એટલી વિરુદ્ધ હોઈ શકે કે તે જાહેર કલ્યાણને પ્રોત્સાહન આપવાને બદલે જનતાને ક્યારેય સરભર ન થઈ શકે તેવું નુકસાન પહોંચાડી શકે, જેના કારણે કોર્ટે એવું ઠેરવવું પડી શકે કે તે જાહેર હિતમાં નથી. હું એ દલીલ સાથે પણ સંમત થઈ શકતો નથી કે કોઈપણ કેસમાં કરવેરાનો દર વાજબી છે કે નહીં તે ઠેરવવું કોર્ટ માટે અશક્ય છે". (સદર, પૃષ્ઠ ૫૫૩ પર)

આ દ્રષ્ટિકોણમાં, જો કોઈ નિયંત્રણ અવાજબી હોય, તો તેના પર નાણાકીય બોજ લાદવા કરતાં સ્વતંત્રતા માટે વધુ નુકસાનકારક અન્ય કોઈ નિયંત્રણ હોઈ શકે નહીં, જે ચોક્કસ સંજોગોમાં તે સ્વતંત્રતાનો જ નાશ કરી શકે છે. પરિણામે, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે એ ધારણાને નકારી કાઢી હતી કે કરવેરાના કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ દ્વારા સુનિશ્ચિત કરાયેલ સ્વતંત્રતાના કાર્યક્ષેત્રની બહાર છે. નાણાકીય કાયદો જાહેર હિતમાં હોવાનું અનુમાન એ ન્યાયિક સમીક્ષાને બાકાત રાખતું નથી જ્યાં કાયદાએ તે સીમાઓનું ઉલ્લંઘન કર્યું હોય.

૬૫. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે સ્પષ્ટપણે ઠેરવ્યું હતું કે "કરવેરા એ ભાગ ૧૩ માં સમાવિષ્ટ મનાઈ હેઠળ આવે છે[96]."

૬૬. બહુમતીનો મૂળભૂત આધાર એ છે કે કરવેરાનો કાયદો બંધારણીય મર્યાદાઓ અથવા નિયંત્રણોને આધીન છે. અનુચ્છેદ ૨૬૫ હેઠળ, કાયદાની સત્તાથી જ કર લાદી શકાય છે. અનુચ્છેદ ૨૭૫, જે સંસદને ભારતના સમગ્ર પ્રદેશ માટે અને રાજ્યોના વિધાનમંડળોને સંબંધિત રાજ્યોના પ્રદેશો માટે કાયદો ઘડવાની સત્તા આપે છે, તે "આ બંધારણની જોગવાઈઓને આધીન" છે. આ શબ્દપ્રયોગમાં ભાગ ૧૨ અને ભાગ ૧૩ નો સમાવેશ થાય છે. ન્યાયમૂર્તિ એસ. કે. દાસે આ પ્રમાણે ઠેરવેલ :

> "૧૩.... અનુચ્છેદ ૨૭૫, જે સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવતા કાયદાઓની વ્યાપ્તિ સાથે સંબંધિત છે, તે સ્પષ્ટપણે જણાવે છે કે કાયદા ઘડવાની સંસદની અને રાજ્યોના વિધાનમંડળોની સત્તા "આ બંધારણની જોગવાઈઓને આધીન" છે. "આ બંધારણની જોગવાઈઓને આધીન" શબ્દપ્રયોગ નિશ્ચિતપણે ભાગ ૧૨ અને ભાગ ૧૩ બંનેની જોગવાઈઓનો સમાવેશ કરવા માટે પૂરતો વિસ્તૃત છે. અનુચ્છેદ ૨૭૫ ની જોગવાઈઓને ધ્યાને લેતા, બંધારણના ભાગ ૧૩ માંના નિયંત્રણો કરવેરાના કાયદાઓને લાગુ પડતા નથી તેવી દલીલ સ્વીકારવાનું અમને મુશ્કેલ જણાય છે." (સદર, પૃષ્ઠ ૫૨૭–૫૨૮ પર)

[96] સદર, પૃષ્ઠ-૬૩૭ પર

૬૭. કરવેરાની સત્તા બંધારણીય મર્યાદાઓને આધીન છે જેમાં ભાગ ૧૩ નો સમાવેશ થાય છે તેવું ઠેરવ્યા પછી, ન્યાયમૂર્તિ એસ. કે. દાસે જેને "સંકુચિત અર્થઘટન" તરીકે વર્ણવ્યું હતું તેને નકારી કાઢ્યું હતું, જે એવી ધારણા રજૂ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ના અપવાદ સિવાય, ભાગ ૧૩ ની અન્ય કોઈ જોગવાઈ કરવેરાના કાયદાઓ સુધી વિસ્તરતી નથી. તે રજૂઆત ન્યાયમૂર્તિ સુબ્બા રાવ દ્વારા પણ સ્વીકારવામાં આવી ન હતી.

ડી.૨.૩ રાજ્યનું સાર્વભૌમત્વ

૬૮. બહુમતી રાજ્યોના સાર્વભૌમત્વને જાળવી રાખવાની જરૂરિયાત પ્રત્યે સભાન હતી. અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપક અર્થઘટન દ્વારા અને જો કરવેરાના તમામ ઉપાયોને તેના દાયરામાં લાવવામાં આવે તો રાજ્યોની સ્વાયત્તતા જોખમાશે. આવો દ્રષ્ટિકોણ અપનાવવાથી એવી પરિસ્થિતિ સર્જાશે જ્યાં રાજ્યના વિધાનમંડળ દ્વારા પસાર કરાયેલ દરેક કાયદો અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકને આધીન રહેશે. ન્યાયમૂર્તિ એસ. કે. દાસે અવલોકન કર્યું હતું કે આવું પરિણામ લાવનાર અર્થઘટન ટાળવું જોઈએ :

> "૧૧..... અમારા મતે, આવું અર્થઘટન રાજ્યના વિધાનમંડળોની કાયદાકીય સત્તાને ગંભીરપણે અસર કરશે, જે સત્તા સૂચિ ૨ ના વિષયોના સંબંધમાં સંપૂર્ણ હોવાનું ઠેરવવામાં આવ્યું છે. રાજ્યો પાસે તેમનો વહીવટ ચલાવવા માટે મહેસૂલ પણ હોવું જોઈએ અને સૂચિ ૨ માં કર લાદવા સંબંધિત કેટલીક બાબતો છે. બંધારણના ઘડવૈયાઓનો એવો આશય

રહ્યો હશે કે તે બાબતો હેઠળ રાજ્યો પોતાના હેતુઓ માટે મહેસૂલ એકત્ર કરવા માટે હકદાર બનશે. જો સૌથી વ્યાપક દ્રષ્ટિકોણ સ્વીકારવામાં આવે, તો આપણા બંધારણ દ્વારા પરિકલ્પિત સત્તાઓની વહેંચણી હેઠળ રાજ્યોને ફાળવવામાં આવેલા ક્ષેત્રોમાં પણ તમામ વ્યવહારિક હેતુઓ માટે રાજ્યની સ્વાયત્તતાનો અંત આવી જશે. બંધારણની સાતમી અનુસૂચિની સૂચિઓમાંની પ્રવિષ્ટિઓની તપાસ દર્શાવે છે કે રાજ્ય સૂચિ (સૂચિ ૨) અને સમવર્તી સૂચિ (સૂચિ ૩) માં મોટી સંખ્યામાં પ્રવિષ્ટિઓ છે કે જેના હેઠળ રાજ્યના વિધાનમંડળ પાસે કાયદા ઘડવાની સત્તા છે. આમાંની કેટલીક પ્રવિષ્ટિઓ હેઠળ, રાજ્યનું વિધાનમંડળ વિવિધ પ્રકારના કર અને જકાત લાદી શકે છે, જેમ કે મિલકત વેરો, વ્યવસાય વેરો, વેચાણ વેરો, એક્સાઇઝ ડ્યુટી વગેરે, અને આમાંની કોઈપણ બાબત સંબંધિત કાયદો વેપાર અને વાણિજ્ય પર પરોક્ષ અસર કરી શકે છે. ઉપર ઉલ્લેખિત સૂચિઓમાંની વિવિધ પ્રવિષ્ટિઓ હેઠળ ઘડવામાં આવેલા કરવેરા સિવાયના અન્ય કાયદાઓ પણ વેપાર અને વાણિજ્યને પરોક્ષ રીતે અથવા દૂરવર્તી રીતે અસર કરી શકે છે. જો એવું ઠેરવવામાં આવે કે રાજ્યના વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલ દરેક કાયદો જે ટેરિફ, લાયસન્સિંગ, માર્કેટિંગ નિયમનો, ભાવ-નિયંત્રણ વગેરે પર પ્રત્યાઘાત પાડે છે, તેના માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી હોવી આવશ્યક છે, તો બંધારણ જ્યાં સુધી રાજ્યો અને રાજ્યના વિધાનમંડળોને તેમને ફાળવેલા

ક્ષેત્રોમાં સંપૂર્ણ સત્તા આપે છે ત્યાં સુધી તે અર્થહીન બની જશે". (સદર, પૃષ્ઠ ૫૨૪–૫૨૫ પર)

૬૯. સહમતિ આપતા ચુકાદામાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવે પણ નોંધ્યું હતું કે કલ્પના કરી શકાય તેમ, રાજ્યના વિધાનમંડળ દ્વારા તેની કાયદાકીય સત્તાના અનુસંધાનમાં ઘડવામાં આવેલ દરેક કાયદો વેપારને દૂરવર્તી રીતે અસર કરી શકે છે. જો આવો કાયદો દાખલ કરનાર દરેક વિધેયકને અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીને આધીન રાખવામાં આવે તો તેના પરિણામે રાજ્યોની સ્વાયત્તતામાં ગંભીર ઘટાડો થશે :

"૩૮. બંધારણ સંસદ અને રાજ્યોના વિધાનમંડળોને વિવિધ બાબતોના સંબંધમાં કાયદા ઘડવાની વ્યાપક સત્તાઓ પ્રદાન કરે છે. બંધારણની સાતમી અનુસૂચિની સૂચિઓમાંની પ્રવિષ્ટિઓ પર એક નજર નાખતા જણાશે કે આ રીતે ઘડાયેલા દરેક કાયદાની જાહેર કરાયેલી સ્વતંત્રતા પર કંઈક અંશે પ્રત્યાઘાત પડી શકે છે. મિલકત વેરો, વ્યવસાય વેરો, વેચાણ વેરો, એક્સાઇઝ ડ્યુટી અને અન્ય કરવેરા એ તમામની વેપારના મુક્ત પ્રવાહ પર પરોક્ષ અસર થઈ શકે છે. તેવી જ રીતે, સૂચિઓની વિવિધ પ્રવિષ્ટિઓના આધારે ઘડવામાં આવેલા કરવેરા સિવાયના અન્ય કાયદાઓ પણ વેપારને દૂરવર્તી રીતે અસર કરી શકે છે. જો એવું ઠેરવવામાં આવે કે આવો પ્રત્યાઘાત પાડી શકે તેવો કોઈપણ કાયદો કાં તો સંસદ દ્વારા અથવા રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિથી રાજ્યના વિધાનમંડળ દ્વારા

પસાર થવો જોઈએ, તો પ્રાંતીય સ્વાયત્તતાનો અંત આવશે, કારણ કે તે સંજોગોમાં, કેટલાક અપવાદો સાથે, સદર તમામ કાયદાઓ કાં તો સંસદ દ્વારા અથવા કેન્દ્રીય કારોબારી સરકારની સંમતિથી રાજ્યના વિધાનમંડળ દ્વારા ઘડવા પડશે. આવું અર્થઘટન કરીને, આપણે પુખ્ત મતાધિકાર પર ચૂંટાયેલા રાજ્યના વિધાનમંડળને કેન્દ્રીય કારોબારીની દાસી બનાવી દઈશું." (સદર, પૃષ્ઠ ૫૫૦ પર)

૭૦. વેપાર પર કલ્પના કરી શકાય તેવી, ભલે દૂરવર્તી હોય તો પણ, અસર કરતા હોય તેવા તમામ રાજ્ય કાયદાઓને રાષ્ટ્રપતિની મંજૂરીને આધીન બનાવતા દ્રષ્ટિકોણને અપનાવવાથી રાજ્યની સ્વાયત્તતા પર થતા પરિણામ અંગે ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહ પણ ચિંતિત હતા :

"૧૨૪... રાજ્યોને સ્વતંત્ર અસ્તિત્વના સાધનો અને રાષ્ટ્ર–નિર્માણની પ્રવૃત્તિઓ માટેના સંસાધનો પૂરા પાડવા માટે સુવિચારીત એવા કરવેરાના મથાળાઓની વિસ્તૃત વહેંચણી દ્વારા રાજ્યોની નાણાકીય સ્વતંત્રતા સુરક્ષિત કરવામાં આવી હતી. ભાગ્યે જ એવો કોઈ કર હશે કે જેને ઉઘરાવવા માટે રાજ્યો અધિકૃત હોય અને જે વેપારીઓ પર પડતો નથી તેમ કહી શકાય. મિલકત વેરો, વેચાણ વેરો, મ્યુનિસિપલ કર, વીજળી વેરો (માત્ર થોડાં ઉદાહરણો આપવા માટે) વેપારીઓ તેમજ બિન–વેપારીઓ બંને દ્વારા ચૂકવવામાં આવે છે. એવું કહેવું કે આ તમામ કરવેરા એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરના તેટલા બધા

પ્રતિબંધો છે, તે સમગ્ર બંધારણીય દસ્તાવેજને વેપાર અને વાણિજ્યને અધીન બનાવવું છે. વેપારી જે કંઈ કર ચૂકવે છે તે તેના પર બોજરૂપ હોવો જ જોઈએ તે બાબત સ્વયંસિદ્ધ હોવાથી, તેને સ્પર્શતો કોઈપણ કર અનુચ્છેદ ૩૦૪ હેઠળ આવી જશે, જો "પ્રતિબંધ" શબ્દને આટલો વ્યાપક અર્થ આપવામાં આવે, તો આવો દરેક કાયદો રાષ્ટ્રપતિની મરજીને આધીન બની જશે, અને આવો કોઈ આશય હોઈ શકે નહીં. તેથી "પ્રતિબંધ" નો અર્થ માત્ર કરના બોજ કરતાં કંઈક વધુ હોવો જોઈએ." (સદર, પૃષ્ઠ ૬૩૩–૬૩૪ પર)

આ દ્રષ્ટિકોણમાં, કરનો દરેક બોજ વેપાર અને વાણિજ્ય પરનો પ્રતિબંધ ગણાશે નહીં.

ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે પણ આ ચિંતા વ્યક્ત કરી હતી જ્યારે તેમણે અવલોકન કર્યું કે :

"૧૨૫... તમામ કરવેરાઓને અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં લાવવા અને તે રીતે તેમને અનુચ્છેદ ૩૦૪ ના દાયરામાં પણ લાવવા, એ સંઘ (ફેડરેશન) ની વિભાવનાની ઉપેક્ષા કરવા સમાન છે, જે ભારતીય એકતાની જરૂરિયાતોને આધીન રહીને રાજ્યોને કાર્યવાહીની સ્વતંત્રતા આપે છે. જેવી રીતે સંકુચિત કાર્યવાહી દ્વારા એકતાને નષ્ટ થવા દઈ શકાય નહીં. બંધારણ જે પરિકલ્પના કરે છે તેનાથી આગળના

વિલીનીકરણ દ્વારા અલગ રાજ્યોના અસ્તિત્વનો ભોગ આપી શકાય નહી." (સદર, પૃષ્ઠ ૬૩૪–૬૩૫ પર)

ઈ. વળતરકારી કરવેરા

ઈ.૧ મૂળભૂત સમજ

૭૧. બહુમતીના ચુકાદાએ રાજ્યની સ્વાયત્તતા જાળવવાની તેની અનુભવાયેલી ચિંતાના પ્રતિભાવરૂપે વળતરકારી કરવેરાની વિભાવના વિકસાવી હતી. વળતરકારી કરવેરા, જે વેપારની સુવિધાઓના ઉપયોગ માટેના શુલ્કના સ્વરૂપમાં હોય છે, જ્યાં સુધી તે વાજબી હોય ત્યાં સુધી તેને વેપારની સ્વતંત્રતામાં અવરોધરૂપ ગણવામાં આવશે નહીં. પ્રથમ આ વિભાવના ઘડી કાઢીને અને ત્યારબાદ તેને અનુચ્છેદ ૩૦૧ ના દાયરા બહાર મૂકીને, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં કોર્ટે સુનિશ્ચિત કર્યું કે વળતરકારી કરવેરા અનુચ્છેદ ૩૦૪(એ) ની બંધારણીય કસોટીને આધીન રહેશે નહીં. વળતરકારી સ્વરૂપ ધરાવતા કરવેરા કાયદાના એક વર્ગને ભાગ ૧૩ માંથી અલગ તારવવામાં આવ્યો હતો.

૭૨. વળતરકારી કરવેરા એટલે શું? આ વિભાવનાને સમજાવતા, બહુમતીના ચુકાદામાં ન્યાયમૂર્તિ એસ. કે. દાસે ઠેરવેલ કે :

"૧૦... ઉદાહરણોનો બીજો વર્ગ રસ્તાઓ, પુલો, વિમાનમથકો વગેરે જેવી વેપારની સુવિધાઓના ઉપયોગ માટે શુલ્ક વસૂલવા સંબંધિત છે.

રસ્તાના ઉપયોગ માટે અથવા પુલના ઉપયોગ માટે અથવા વિમાનમથકના ઉપયોગ માટે ટોલ અથવા કરની વસૂલાત એવા વેપારીઓ માટે કોઈ અવરોધ અથવા બોજ કે પ્રતિરોધક નથી, જેમને તેની ગેરહાજરીમાં લાંબો અથવા ઓછો અનુકૂળ કે વધુ ખર્ચાળ માર્ગ અપનાવવો પડી શકે છે. આવા વળતરકારી કરવેરા જ્યાં સુધી વાજબી રહે ત્યાં સુધી કોઈની સ્વતંત્રતામાં કોઈ અવરોધરૂપ નથી; પરંતુ અલબત્ત તેઓ વેપારની સ્વતંત્રતામાં અવરોધમાં ફેરવાઈ શકે છે." (સદર, પૃષ્ઠ ૫૨૨ પર)

આ દ્રષ્ટિકોણમાં, કોઈ કર પ્રતિબંધિત બનવા માટે, તે એવો કર હોવો જોઈએ કે જેની અસર "વેપારના સંચલન ભાગ"[97] ને પ્રત્યક્ષ રીતે અવરોધવાની હોય. જ્યાં સુધી કર વળતરકારી અથવા નિયમનકારી રહે છે, ત્યાં સુધી તે અવરોધ તરીકે કામ કરતો નથી. ફરીથી, નીચેના અવલોકનોમાં આ બાબત વિગતવાર સમજાવવામાં આવી હતી :

"૧૪....પરંતુ આપણે અહીં એક અપવાદ તરફ ધ્યાન દોરવું જ જોઈએ જે આપણે આ ચુકાદાના અગાઉના ભાગમાં પહેલેથી જ દર્શાવેલ છે. એવા નિયમનકારી ઉપાયો કે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધતા નથી અને વેપારની સુવિધાઓના ઉપયોગ માટેના વળતરકારી કરવેરા અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરાયેલ સ્વતંત્રતા હેઠળ બાધિત થતા નથી." (સદર, પૃષ્ઠ ૫૨૮ પર)

[97] સદર, પૃષ્ઠ-૫૨૩ પર

બહુમતીના દ્રષ્ટિકોણમાં :

"૧૭....નિયમનકારી ઉપાયો અથવા વેપારની સુવિધાઓના ઉપયોગ માટે વળતરકારી કર લાદતા ઉપાયો અનુચ્છેદ ૩૦૧ દ્વારા અભિપ્રેત પ્રતિબંધોના દાયરામાં આવતા નથી અને આવા ઉપાયોએ બંધારણના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી." (સદર, પૃષ્ઠ ૫૩૩ પર)

વળતરકારી કરવેરા અનુચ્છેદ ૩૦૧ ની બહાર હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. વેપારની સ્વતંત્રતાને અવરોધતા 'પ્રતિબંધો' ન હોવાથી, વળતરકારી કરવેરા અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે નહીં અને અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની કડક શરતોને આધીન ન હતા.

૭૩. રાજસ્થાન રાજ્ય દ્વારા લાદવામાં આવેલ કર વળતરકારી હોવાનું ઠેરવવામાં આવ્યું હતું કારણ કે તેણે વેપાર અને વાણિજ્યને સરળ બનાવ્યું હતું :

"૧૯....કરવેરા એ વળતરકારી કરવેરા છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને અવરોધવાને બદલે રસ્તાઓ પૂરા પાડીને અને રસ્તાઓને સારી સ્થિતિમાં સમારકામ હેઠળ જાળવી રાખીને તેમને સરળ બનાવે છે." (સદર, પૃષ્ઠ ૫૩૬ પર)

કોઈ કર માત્ર એટલા કારણસર વળતરકારી રહેતો બંધ થશે નહીં કે જે ચોક્કસ અથવા નિર્દિષ્ટ રકમની ગણતરી કરવામાં આવી છે તે વાસ્તવમાં

સુવિધાઓ પૂરી પાડવા માટે ઉપયોગમાં લેવાતી નથી. કર વળતરકારી છે કે નહીં તે અંગેની કસોટી આ પ્રમાણે ઘડવામાં આવી છે :

> "૧૯...અમને એવું જણાય છે કે કર વળતરકારી છે કે નહીં તે નક્કી કરવા માટેની વ્યવહારુ કસોટી એ તપાસ કરવાની છે કે શું વેપારી લોકો તેમના વ્યવસાયના વધુ સારા સંચાલન માટે અમુક સુવિધાઓનો ઉપયોગ કરી રહ્યા છે અને તે સુવિધાઓ પૂરી પાડવા માટે જે જરૂરી છે તેના કરતાં સ્પષ્ટપણે ઘણું વધારે ચૂકવી રહ્યા નથી." (સદર, પૃષ્ઠ ૫૩૬ પર)

કરમાંથી મળતી આવક અલગ ફંડમાં જમા ન કરવામાં આવે તો પણ જ્યાં સુધી કર ચૂકવતા વેપારીઓ માટે સુવિધાઓ પૂરી પાડવામાં આવતી હોય ત્યાં સુધી તેનાથી કોઈ ફરક પડશે નહીં. પોતાના સહમતિ આપતા ચુકાદામાં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે પણ 'પ્રત્યક્ષ અને તુરંત અસર' ની કસોટી અપનાવી હતી. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે ઠેરવેલ કે :

> "૩૮...જો કોઈ કાયદો સામાન્ય મહેસૂલ હેતુઓ માટે વેપારના સંચલન પર પ્રત્યક્ષ અને તુરંત કર લાદે છે, તો તે સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરશે. બીજી તરફ, જો અસર પરોક્ષ અને દૂરવર્તી હોય, તો તે બિન-વાંધાજનક રહેશે. કોર્ટે એ ખાતરી કરવી પડશે કે શું આપેલ કેસમાં વાદગ્રસ્ત કાયદો સદર સંચલનને પ્રત્યક્ષ રીતે અસર કરે છે કે પરોક્ષ અને દૂરવર્તી રીતે અસર કરે છે." (સદર, પૃષ્ઠ ૫૫૦-૫૫૧ પર)

આ દ્રષ્ટિકોણમાં જે કાયદો વેપારના મુક્ત સંચલનને પ્રત્યક્ષ અને તુરંત અસર કરે છે તે સ્વતંત્રતા પરનો પ્રતિબંધ છે. જોકે, એવો ઉપાય જે વળતરરૂપ અથવા નિયમનકારી હોય તે વેપારમાં અવરોધ ઊભો કરતો નથી:

> "૪૦.... વિકસિત થયેલા તમામ સિદ્ધાંતો પૈકી, મારા મતે, સ્વતંત્રતા પર "પ્રત્યક્ષ અને તુરંત અસર" નો સિદ્ધાંત આપણા બંધારણ હેઠળ ઉદ્ભવી શકે તેવી મુશ્કેલ પરિસ્થિતિનો એક વાજબી ઉકેલ હશે. જો કોઈ કાયદો, તેનો સ્ત્રોત ગમે તે રહ્યો હોય, વેપારના મુક્ત સંચલનને પ્રત્યક્ષ અને તુરંત અસર કરે છે, તો તે સદર સ્વતંત્રતા પરનો પ્રતિબંધ ગણાશે. પરંતુ જે કાયદાની સદર સ્વતંત્રતા પર માત્ર પરોક્ષ અને દૂરવર્તી અસરો હોઈ શકે છે, તેને તેના પરનો પ્રતિબંધ ગણી શકાય નહીં. કરવેરાના કાયદામાંથી દૃષ્ટાંત લઈએ તો, કોઈ કાયદો મોટર વાહન દ્વારા માલ અથવા વ્યક્તિઓના સંચલન પર કર લાદી શકે છે; જ્યારે તે વળતરરૂપ અથવા નિયમનકારી હોય તે સિવાય, તે વેપારના મુક્ત સંચલન પર પ્રત્યક્ષ રીતે પ્રતિબંધ તરીકે કામ કરે છે. બીજી તરફ, કોઈ કાયદો વાહન પર મિલકત તરીકે, અથવા જે ગેરેજમાં પરિવહન માટે વપરાતું વાહન રાખવામાં આવે છે તેના પર કર લાદી શકે છે. સદર કાયદાની સંચલન પર પરોક્ષ અસરો પડી શકે છે, પરંતુ સદર કાયદો મુક્ત સંચલન પર પ્રત્યક્ષ રીતે પ્રતિબંધો લાદતો કાયદો નથી."

૭૪. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે એવું વલણ અપનાવ્યું હતું કે જ્યારે કર વેપાર પર પ્રત્યક્ષ અને તુરંત લાદવામાં આવે ત્યારે તે પ્રતિબંધ સમાન બનશે. પરંતુ, તેમના મતે, બિન–વેપારીઓની સાથે સામાન્ય રીતે વેપારીઓ દ્વારા ચૂકવવામાં આવતા કર અને વેપાર પરના કર વચ્ચે ભેદ પાડવો પડશે. ખુદ વેપાર પર તે નાતે લાદવામાં આવતા કરને મહેસૂલના હેતુઓ માટે લાદવામાં આવતા સામાન્ય કરવેરાથી અલગ પાડવો જોઈએ. બાદમાં દર્શાવેલા કરવેરા સામાન્ય રીતે ભાગ ૧૩ ના દાયરામાં આવતા નથી :

> "૧૨૫. જ્યારે કોઈ કર વેપાર પર પ્રત્યક્ષ અને તુરંત લાદવામાં આવે ત્યારે તે એક પ્રતિબંધ છે તે બાબત સ્વીકારી શકાય. પરંતુ આ રીતે વેપારી પર બોજ નાખતા કર અને સામાન્ય હોવાના કારણે અન્યોની સાથે વેપારીઓ દ્વારા સંયુક્તપણે ચૂકવવામાં આવતા કર વચ્ચે તફાવત છે. પ્રથમ એ વેપાર હોવાના કારણસર વેપાર પાસેથી લેવાતી ઉઘરાત છે, જ્યારે બીજો તમામ પાસેથી લેવામાં આવે છે, અને વેપારીઓ તે એટલા માટે ચૂકવે છે કારણ કે દરેકે તે ચૂકવવો પડે છે. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના દ્રષ્ટિકોણથી જોતાં આ બંને વચ્ચે મહત્વપૂર્ણ તફાવત રહેલો છે. પ્રથમ એ ખુદ વેપાર પરનો કરવેરો છે, અને તે તેને પ્રતિબંધિત કરે છે તેમ કહી શકાય; બીજો વેપારી પર બોજ નાખી શકે છે, પરંતુ તે વેપાર પરનો 'પ્રતિબંધ' નથી. આવો ભેદ પાડવાનો ઈનકાર કરવાનો અર્થ એ થશે કે યાદી ૧ અને ૨ માં એવી કોઈ કરવેરા પ્રવિષ્ટિ નથી કે જે અનુચ્છેદ ૩૦૧

અને ૩૦૪ ને આધીન ન હોય, પછી ભલે તે કર ગમે તેટલો સામાન્ય હોય અને તેનું આરોપણ ગમે તેટલું બિન–ભેદભાવપૂર્ણ હોય."

૭૫. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે ટ્રાફિક નિયમો અને રસ્તાના નિયમો જેવા સહાયક નિયમનોની વિભાવના સ્વીકારી હતી. આવી નિયમનકારી જોગવાઈઓ, તેમના મતે, બિલકુલ પ્રતિબંધો નથી કારણ કે તે વેપારને અવરોધતી નથી અથવા તેની સ્વતંત્રતાને હાનિ પહોંચાડતી નથી. પરિણામે, વેપારને સેવાઓ પૂરી પાડવા બદલની ફી તેને અવરોધશે નહીં અથવા પ્રતિબંધિત કરશે નહીં. તેવી જ રીતે, વહીવટી ફીને પણ નિયમનના એક ભાગ તરીકે ગણી શકાય અને તેનું પ્રતિબંધ તરીકે વર્ગીકરણ થઈ શકે નહીં. જોકે, જે કર વ્યવસાયમાં પ્રવેશવાના અને વ્યવસાય ચલાવવાના અધિકાર માટેની પૂર્વશરત હોય તે એક અલગ સ્થાને રહેલો છે:

"૧૩૧. હવે આપણે જોઈએ કે વેપાર અને વાણિજ્ય પર પ્રત્યક્ષ રીતે અસર કરતા કરવેરાના કાયદાઓની માન્યતા શું તેઓ નિયમનકારી છે તે કારણસર ટકાવી શકાય કે કેમ. અહીં, ફી અને કર વચ્ચે ભેદ પાડવો જ જોઈએ. પૂરી પાડવામાં આવેલી સેવાઓના બદલામાં અથવા વહીવટી ચાર્જીસ દર્શાવવા તરીકે લેવામાં આવતી ફી એ શુદ્ધ અને સાદા કર કરતાં તદ્દન અલગ છે. સરકારને વહીવટી ખર્ચ પહોંચી વળવા સક્ષમ બનાવવા માટે જ્યારે ફીની માંગ કરવામાં આવે ત્યારે તે નિયમનનું સ્વરૂપ ધારણ

કરી શકે છે. પરંતુ જે કર સાથે આપણને નિસબત છે, તે તે સંકુચિત અર્થમાં ભાગ્યે જ ફી છે. તે મહેસૂલ એકત્રિત કરવા માટેનો કર છે."

ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે બહુમતીના ચુકાદા સાથે એ કારણસર વિસંમતિ દર્શાવી હતી કે પ્રશ્નગત કર સ્પષ્ટપણે વહીવટી હેતુઓ માટેની ફી ન હતો અને સેવાઓ બદલ ચૂકવણી તરીકે પણ તેને વાજબી ઠેરવી શકાય તેમ ન હતું. કરનો ઉદ્દેશ્ય મહેસૂલ એકત્ર કરવાનો હતો, જે તેને ફીથી અલગ પાડતો હતો.

૭૬. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ ના નિર્ણયની શુદ્ધતા — તેમજ ખરેખર આટિયાબારી ના અગાઉના નિર્ણયની શુદ્ધતા — આ રેફરન્સના કેન્દ્રમાં રહેલી છે. આ તબક્કે, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માંથી ઉદ્ભવેલા મૂળભૂત સિદ્ધાંતોનું પુનરાવર્તન કરવું જરૂરી બનશે. આ નિર્ણય અને તે જે સિદ્ધાંતો ઘડવા આગળ વધે છે તેનો પોતાનો તર્ક છે. પ્રથમ, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ પ્રતિપાદિત કરે છે કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા એ સહાયક નિયમનો સાથે સુસંગત છે કે જે વેપારમાં અવરોધ ઊભો કરવાને બદલે તેને વધારે છે. બીજું, જોકે કર લાદવાની સત્તા સરકારનું આવશ્યક લક્ષણ છે, તેમ છતાં તે બંધારણના ભાગ ૧૩ સહિતની બંધારણીય મર્યાદાઓને આધીન છે. પરિણામે, કરવેરા કાયદાઓ સૈદ્ધાંતિક રીતે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર નથી. ત્રીજું, કોઈ કાયદો અનુચ્છેદ ૩૦૧ દ્વારા સુનિશ્ચિત થયેલી સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે કે નહીં તે નક્કી કરવા માટે લાગુ કરવાની કસોટી એ છે કે શું તેની પ્રત્યક્ષ અને તુરંત અસર વેપારના સંચલનને અવરોધવાની છે. આવો પ્રભાવ ધરાવતો કાયદો, જેમાં કરવેરા

કાયદાનો પણ સમાવેશ થાય છે, જ્યાં તે રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવ્યો હોય ત્યાં અનુચ્છેદ ૩૦૪ ની જોગવાઈઓને આધીન હોવો જોઈએ. ચોથું, રાજ્ય દ્વારા વેપાર અને વાણિજ્યને પૂરી પાડવામાં આવતી સુવિધાઓના અવેજમાં લાદવામાં આવતા વળતરરૂપ કર અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે. પાંચમું, વળતરરૂપ કર વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતો નથી અને તેણે બંધારણના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની શરતોનું પાલન કરવાની જરૂર નથી.

ઈ.૨ ખેરબારી

૭૭. આટિયાબારી માં, આસામ રાજ્ય દ્વારા ઘડવામાં આવેલ ૧૯૫૪ નો એક કાયદો અમાન્ય ઠર્યો હતો. ત્યારબાદ રાજ્ય વિધાનમંડળે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવી હતી અને આસામ ટેક્સેશન (ઓન ગુડ્સ કેરીડ બાય રોડ ઓર ઓન ઈનલેન્ડ વોટરવેઝ) એક્ટ – ૧૯૬૧ ઘડવા આગળ વધ્યું હતું. એક બંધારણીય બેંચે ખેરબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય[98] માં નવા કાયદા સામેના પડકાર પર નિર્ણય કર્યો હતો.

૭૮. બહુમતીનો ચુકાદો આપનાર ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઠેરવ્યું કે ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ ના ચુકાદાએ આટિયાબારી[99] માં બહુમતી મંતવ્યમાં "સ્પષ્ટતાકારી રાઈડર" દાખલ કર્યો હતો અને તેણે અગાઉના નિર્ણયને "સારભૂત રીતે સ્વીકાર્યો" હતો[100].

[98] (૧૯૬૪) ૫ એસ.સી.આર. ૯૭૫

[99] સદર, પૃષ્ઠ-૯૮૫ પર

[100] સદર, પૃષ્ઠ ૯૮૬ પર

૭૯. ખેરબારી માં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરનો અભિપ્રાય વળતરરૂપ કરની વિભાવના અંગે કંઈક અંશે ખચકાટ દર્શાવતો જણાય છે. વિદ્વાન ન્યાયાધીશે નોંધ્યું કે વળતરરૂપ કર ઓસ્ટ્રેલિયામાં કલમ ૯૨ ના સંદર્ભમાં વૈચારિક ધોરણે વિકસાવવામાં આવ્યા હતા, જે કલમ "શબ્દોમાં સંપૂર્ણ" છે અને તેના "અક્ષરશઃ અર્થઘટન મુજબ, કોઈ અપવાદ સ્વીકારતી નથી". ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે નિર્દેશ કર્યો કે જે બંધારણીય મજબૂરીઓના કારણે ઓસ્ટ્રેલિયામાં વળતરરૂપ કર એ સ્વતંત્રતામાં અવરોધક ન હોવાની વિભાવના અપનાવવામાં આવી હતી, તે બાબતો ભારતમાં ગેરહાજર હતી. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ ખાસ કરીને અનુચ્છેદ ૩૦૧ દ્વારા સુનિશ્ચિત થયેલી સ્વતંત્રતા પર પ્રતિબંધો લાદવાની જોગવાઈ કરે છે. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે આ પાસા પર ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહના લઘુમતી મંતવ્યનો ઉલ્લેખ કર્યો હતો. વળતરરૂપ કરની વિભાવના અંગે તેમના અવલોકનો નીચે મુજબ છે :

> "૧૩... કલમ ૯૨ શબ્દોમાં સંપૂર્ણ છે અને તેના અક્ષરશઃ અર્થઘટન અનુસાર, તે કોઈ અપવાદ સ્વીકારતી નથી. તેથી, ઓસ્ટ્રેલિયાના નિર્ણયોએ સદર વર્ણન ધરાવતા કાયદાઓને કલમ ૯૨ ના દાયરામાંથી બહાર કાઢવા માટે વળતરરૂપ અથવા નિયમનકારી કર કાયદાઓ જેવા ભેદ દાખલ કરવા પડ્યા હતા. જોકે, આપણા બંધારણમાં, અનુચ્છેદ ૩૦૧ ના શબ્દો મહદંશે કલમ ૯૨ ની જેમ જ ઘડવામાં આવ્યા હોવા છતાં, અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૪ સદર બંને અનુચ્છેદોની આવશ્યકતાઓને આધીન રહીને વેપારની સ્વતંત્રતા પર વાજબી

પ્રતિબંધો લાદવાની જોગવાઈ કરે છે, અને તેથી, વેપારની સ્વતંત્રતા અને તેના પર લાદવા માટે માન્ય હોઈ શકે તેવા પ્રતિબંધોના સંબંધમાં ઓસ્ટ્રેલિયામાં અને આ દેશમાં ન્યાયિક નિર્ણયો સમક્ષ ઊભી થયેલી સમસ્યા બિલકુલ સમાન નથી. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા લઘુમતી મંતવ્યમાં આ બાબતના આ પાસાનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે."

૮૦. ખેરબારી માં, સુપ્રિમ કોર્ટના ચુકાદામાં એક કરતાં વધુ સ્થળોએ નોંધવામાં આવ્યું હતું કે પ્રશ્નગત કરને આસામ રાજ્ય દ્વારા તે વળતરરૂપ હોવાના આધારે સમર્થન આપવામાં આવ્યું ન હતું. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઠેરવ્યું કે જો રાજ્ય દ્વારા આ કાયદાને વળતરરૂપ હોવાનો દાવો કરવામાં આવ્યો હોત, તો આ સ્થિતિ પર પુનર્વિચાર કરવા માટે એક મોટી બેંચની રચના કરવી જરૂરી બની હોત. આ એટલા માટે હતું કારણ કે આટિયાબારી માં અગાઉનો કાયદો અમાન્ય ઠરવાના પરિણામે ૧૯૫૪ નો રાજ્ય કાયદો ઘડવામાં આવ્યો હતો. આટિયાબારી માં, બહુમતીનો મત એવો હતો કે આવો કર (ભલે વળતરરૂપ હોય તો પણ) અનુચ્છેદ ૩૦૪(બી) નું પાલન કર્યા પછી જ માન્ય રાખી શકાય. અગાઉનો કાયદો 'તે વળતરરૂપ હોવા છતાં' રદબાતલ કરવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે જોયું કે અરજદારોને એવી દલીલ કરતા રોકવા તે અન્યાયી હશે કે ઉઘરાતનું વળતરરૂપ સ્વરૂપ ભાગ ૧૩ હેઠળ તેની માન્યતા માટે પ્રસ્તુત નથી. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે તે મુજબ નીચે પ્રમાણે ઠેરવેલ:

"૧૪.... જો વર્તમાન કેસમાં, અમારી સમક્ષ એવી દલીલ કરવામાં આવી હોત કે અધિનિયમ દ્વારા લાદવામાં આવેલો કર વળતરરૂપ પ્રકૃતિનો છે, તો મોટી બેંચની રચના કરીને આ પ્રશ્ન પર ફરી એકવાર વિચારણા કરવી જરૂરી બની હોત. યાદ કરી શકાશે કે જે અધિનિયમ સાથે આપણને સંબંધ છે તે આ કોર્ટના આટિયાબારી ટી કંપની કેસ [(૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯] ના નિર્ણયના સીધા પરિણામ સ્વરૂપે આસામ વિધાનમંડળ દ્વારા પસાર કરવામાં આવ્યો છે; તે નિર્ણય એવો હતો કે જો અધિનિયમ દ્વારા લાદવામાં આવેલો કર વળતરરૂપ પ્રકૃતિનો હોય, તો પણ અધિનિયમ માત્ર ત્યારે જ ટકાવી શકાય જો તે અનુચ્છેદ ૩૦૪(બી) ની જોગવાઈઓનું પાલન કર્યા પછી પસાર કરવામાં આવ્યો હોય. આસામ વિધાનમંડળે તે મુજબ સદર પ્રક્રિયા અપનાવી છે અને અધિનિયમ પસાર કર્યો છે. જો અધિનિયમ વળતરરૂપ પ્રકૃતિનો હોત, તો અમારા માટે સમગ્ર સ્થિતિ પર ફરી એકવાર વિચાર કરવો જરૂરી બન્યો હોત, કારણ કે તે સ્પષ્ટપણે અન્યાયી અને અયોગ્ય ગણાશે કે અગાઉનો અધિનિયમ વળતરરૂપ પ્રકૃતિનો હોવા છતાં રદબાતલ થવો જોઈતો હતો અને વર્તમાન અધિનિયમની માન્યતા ચકાસવામાં, અરજદારો માટે એવી દલીલ કરવાનું ખુલ્લું રહેવું જોઈએ કે તેનું વળતરરૂપ સ્વરૂપ અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળની તપાસ માટે અપ્રસ્તુત છે."

૮૧. જોકે મોટી બેંચ સમક્ષ રેફરન્સ મોકલવાનું નિવારી શકાયું હતું કારણ કે હાઈકોર્ટે સદર અધિનિયમ વળતરરૂપ ન હોવાનું ઠેરવ્યું હતું અને રાજ્ય દ્વારા

તેનાથી વિપરીત કોઈ રજૂઆત કરવામાં આવી ન હતી. આસામ વિધાનમંડળના નવા કાયદાને તે અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે તેવા પડકાર સામે માન્ય રાખવામાં આવ્યો હતો :

> "૪૫. અલબત્ત, એ સાચું છે કે જો સદર કર વેપારની સ્વતંત્રતા પર પ્રત્યક્ષ અને તુરંત પ્રતિબંધ લાદતો હોય તો અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૩૦૧ ની જોગવાઈઓના સંદર્ભમાં કર કાયદાઓની માન્યતા સામે પ્રશ્ન ઉઠાવી શકાય છે; પરંતુ જો કોઈ કરવેરાનો કાયદો અનુચ્છેદ ૧૪, ૧૯ અથવા ૩૦૧ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો હોય તો તેને રદ કરવાની આ કોર્ટને મળેલી સત્તાનો ઉપયોગ સાવચેતીપૂર્વક કરવો પડશે, એ બાબત ધ્યાનમાં રાખીને કે શાસનના હેતુ માટે અને પોતાની કલ્યાણકારી પ્રવૃત્તિઓ ચલાવવા માટે કર લાદવાની રાજ્યની સત્તા એ સાર્વભૌમત્વનું અનિવાર્ય લક્ષણ છે અને તે અર્થમાં તે સર્વોચ્ચ સ્વરૂપની સત્તા છે. કયા સંજોગોમાં કરવેરા કાયદાને ગેરબંધારણીય તરીકે રદબાતલ કરી શકાય તે કે.ટી. મૂપિલ નાયર વિ. કેરળ રાજ્ય, [(૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૭] માં આ કોર્ટના નિર્ણયમાં દર્શાવવામાં આવ્યું છે..... આવા કરવેરા કાયદાના સંદર્ભમાં જ કે જેને યોગ્ય રીતે સંપૂર્ણપણે જપ્તીરૂપ ગણી શકાય, કોર્ટની સત્તા કાયદેસર રીતે ઉત્સાહિત અને ઉપયોગમાં લઈ શકાય છે".

રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદાને ખેરબારી માં તે વળતરરૂપ હોવાના આધારે માન્ય રાખવામાં આવ્યો ન હતો – કારણ કે રાજ્ય

દ્વારા આવા વાજબીપણા પર ભાર મૂકવામાં આવ્યો ન હતો – પરંતુ એ આધારે માન્ય રાખવામાં આવ્યો હતો કે તેની જોગવાઈઓ અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૩૦૧ નું ઉલ્લંઘન કરતી ન હતી. સદર અધિનિયમ જમીરૂપ ન હતો અને તે અનુચ્છેદ ૧૪, ૧૯ અને ૩૦૧ હેઠળ યોગ્ય ઠરતો હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

ઈ.૩ અનુગામી અમલીકરણો

૮૨. ૧૯૬૨ અને ૧૯૯૫ ની વચ્ચે, કોઈ કર વળતરરૂપ છે કે નહીં તે નક્કી કરવા માટે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં અપનાવવામાં આવેલી કાર્યકારી કસોટી મુખ્યત્વે મોટર વાહન કરના સંદર્ભમાં અપનાવવામાં આવી હતી. આ સંદર્ભમાં એસ. કે. મદાર સાહેબ વિ. આંધ્ર પ્રદેશ રાજ્ય[101]; બોલાની ઓર્સ લિ. વિ. ઓરિસ્સા રાજ્ય[102]; જી. કે. કૃષ્ણન વિ. તામિલનાડુ રાજ્ય[103]; ઇન્ટરનેશનલ ટૂરિસ્ટ કોર્પોરેશન વિ. હરિયાણા રાજ્ય[104]; માલવા બસ સર્વિસ (પ્રા.) લિ. વિ. પંજાબ રાજ્ય[105]; મીનાક્ષી વિ. કર્ણાટક રાજ્ય[106]; બી. એ. જયરામ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[107] અને મહારાષ્ટ્ર રાજ્ય વિ. મધુકર બાલકૃષ્ણ બડિયા[108] ના નિર્ણયો જુઓ.

---

[101] [૧૯૭૨] ૪ એસ.સી.સી. ૬૩૫
[102] [૧૯૭૪] ૨ એસ.સી.સી. ૭૭૭
[103] [૧૯૭૫] ૧ એસ.સી.સી. ૩૭૫
[104] [૧૯૮૧] ૨ એસ.સી.સી. ૩૧૮, ૧૯૮૧ એસ.સી.સી. (ટેક્સ) ૧૦૩
[105] [૧૯૮૩] ૩ એસ.સી.સી. ૨૩૭, ૧૯૮૩ એસ.સી.સી. (ટેક્સ) ૧૬૨
[106] એ.આઇ.આર. (૧૯૮૩) એસ.સી. ૧૨૮૩, (૧૯૮૪) સપ્લિ. એસ.સી.સી. ૩૨૬, (૧૯૮૪) એસ.સી.સી. (ટેક્સ) ૨૦૬
[107] [૧૯૮૪] ૧ એસ.સી.સી. ૧૬૮
[108] [૧૯૮૮] ૪ એસ.સી.સી. ૨૯૦, (૧૯૮૮) એસ.સી.સી. (ટેક્સ) ૫૦૬

૮૩. ઇન્ટરનેશનલ ટૂરિસ્ટ કોર્પોરેશન વિ. હરિયાણા રાજ્ય[109] માં, આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચ વતી ચુકાદો આપતાં ન્યાયમૂર્તિ ઓ. ચિનપ્પા રેડ્ડીએ નિયમનકારી અને વળતરરૂપ કરની કસોટીને એવું નિર્ધારિત કરીને વધુ પરિષ્કૃત કરી હતી કે ઉઘરાત પાછળ એક ચોક્કસ અથવા ઓળખી શકાય તેવો ઉદ્દેશ્ય હોવો જોઈએ અને વિષયવસ્તુ તથા તે ઉદ્દેશ્ય વચ્ચે સંબંધ (નેક્સસ) હોવો જોઈએ. આ કોર્ટે ઠેરવેલ કે:

> "૯. જ્યારે કોઈ ફીના કિસ્સામાં સરકાર પાસેથી મળેલા લાભોને ચોક્કસપણે ઓળખવા અને માપવા તથા મળેલા લાભો અને થયેલા ખર્ચ અનુસાર ફી લાદવી શક્ય બની શકે છે, ત્યારે નિયમનકારી અને વળતરરૂપ કરના કિસ્સામાં સામાન્ય રીતે પ્રાપ્ત થયેલા લાભો અને થયેલા ખર્ચને કોઈપણ ચોકસાઈ સાથે ઓળખવા અને માપવા તથા પ્રાપ્ત લાભો અને થયેલા ખર્ચ અનુસાર કર લાદવો લગભગ અશક્ય હશે. નિયમનકારી અને વળતરરૂપ કરને કાયદેસર ઠેરવવા માટે જે જરૂરી છે તે ઉઘરાત પાછળ ચોક્કસ, ઓળખી શકાય તેવા ઉદ્દેશ્યનું અસ્તિત્વ અને ઉઘરાતના વિષયવસ્તુ તથા ઉદ્દેશ્ય વચ્ચે સંબંધ હોવો તે છે. જો ઉઘરાત પાછળનો ઉદ્દેશ્ય ઓળખી શકાય તેવો હોય અને જો ઉઘરાતના વિષયવસ્તુ તથા ઉદ્દેશ્ય વચ્ચે પૂરતો સંબંધ હોય, તો એ જરૂરી નથી કે ઉઘરાત દ્વારા વસૂલ કરાયેલા નાણાંને અલગ ભંડોળમાં મૂકવામાં આવે અથવા ઉઘરાત ખર્ચના પ્રમાણમાં જ હોવી જોઈએ." (સદર, પૃષ્ઠ ૩૨૮ પર)

[109] (૧૯૮૧) ૨ એસ.સી.સી. ૩૧૮

વળતરરૂપ કરમાં સંબંધ (નેક્સસ) ની આવશ્યકતાનું અર્થઘટન કરવું એ ન્યાયિક રીતે વિકસિત સિદ્ધાંતના અન્યથા અસ્પષ્ટ અને અનિશ્ચિત મૂળતત્ત્વમાં સ્પષ્ટતા લાવવા માટેના આ કોર્ટના પ્રયાસને દર્શાવે છે.

૮૪. જી. કે. કૃષ્ણન વિ. તામિલનાડુ રાજ્ય[110] માં, મોટર વ્હીકલ ટેક્સેશન એક્ટ, ૧૯૩૧ હેઠળ મોટર વાહનો પરના કરને અનુચ્છેદ ૩૦૧ ના ઉલ્લંઘનના આધારે પડકારવામાં આવ્યો હતો. એક અધિસૂચના દ્વારા, ત્રિમાસિક ધોરણે લાદવામાં આવતા કરના દરમાં વધારો કરવામાં આવ્યો હતો. આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ વતી ચુકાદો આપનાર ન્યાયમૂર્તિ કે. કે. મેથ્યુએ અવલોકન કર્યું કે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ ના ચુકાદાએ આટિયાબારી ના નિર્ણયને "વ્યવહારિક રીતે ઉલટાવી દીધો (ઓવરરૂલ કર્યો)" હતો:

> "૧૩.....જ્યાં સુધી તેણે એવું ઠેરવ્યું હતું કે જો રાજ્ય વિધાનમંડળ રસ્તાઓની જાળવણી માટે જરૂરી નાણાં એકત્ર કરવા માટે કર લાદવા માંગતું હોય, તો તે અનુચ્છેદ ૩૦૪(બી) માં જોગવાઈ કર્યા મુજબ માત્ર રાષ્ટ્રપતિની મંજૂરી મેળવ્યા પછી જ કરી શકાય". (સદર, પૃષ્ઠ ૩૮૦ પર)

ન્યાયમૂર્તિ મેથ્યુએ ઠેરવ્યું કે વેપાર કરવાની સ્વતંત્રતામાં દખલગીરી કરતા કાયદા અને માત્ર નિયમન કરતા કાયદા વચ્ચે સ્પષ્ટ ભેદ છે:

---

[110] [૧૯૭૫] ૧ એસ.સી.સી. ૩૭૫

"૧૪.... અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" શબ્દનો અર્થ નિયમનમાંથી મુક્તિ થતો નથી. વેપારનું નિર્માણ કરતી પ્રવૃત્તિઓ હાથ ધરવાની સ્વતંત્રતામાં દખલગીરી કરતા કાયદાઓ અને તેમાં રોકાયેલા લોકો પર યોગ્ય વર્તણૂકના નિયમો અથવા સદર પ્રવૃત્તિઓ યોગ્ય અને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે નિર્દેશિત અન્ય નિયંત્રણો લાદતા કાયદાઓ વચ્ચે સ્પષ્ટ તફાવત રહેલો છે. આ ભેદને નિયમન તરીકે વર્ણવવામાં આવે છે. "નિયમન" શબ્દનો કોઈ નિશ્ચિત અર્થ નથી. જે બાબત પર તે લાગુ કરવામાં આવે છે તેના સ્વરૂપ અનુસાર તેનો અર્થ બદલાય છે. કોઈપણ આપેલ કેસમાં કદાચ સાચો ઉકેલ એવા વ્યવહાર અથવા પ્રવૃત્તિના લક્ષણો કે જેના આધારે તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની શ્રેણીમાં આવે છે અને એવા લક્ષણો કે જે વ્યવહાર અથવા કાર્યમાં કોઈને કોઈ સ્વરૂપે અચૂક જોવા મળતા હોવા છતાં વિભાવના માટે અનિવાર્ય નથી, તે બંને વચ્ચે ભેદ પાડીને શોધી શકાય છે. જે બાબત પ્રસ્તુત છે તે વેપાર અને વાણિજ્યના અનિવાર્ય લક્ષણ અને વ્યવહારની એવી આનુષંગિક બાબતો કે જે જરૂરીપણે તેને વેપાર અને વાણિજ્યનું સ્વરૂપ આપતી નથી, તે વચ્ચેનો તફાવત છે. સમયના કલાકો, સાધનસામગ્રી, ભારનું વજન/કદ, લાઇટ્સ સંબંધિત આવી બાબતો, જે પરિવહનની આનુષંગિક બાબતો રચે છે, તે અવિભાજ્ય હોવા છતાં પણ, વ્યવહારને વેપાર કે વાણિજ્યનું તેનું આવશ્યક લક્ષણ પ્રદાન કરતી નથી. આવી

આનુષંગિક બાબતોના સંચાલન માટેના કાયદાઓ "નિયમન" કરે છે. (સદર, પૃષ્ઠ ૩૮૧ પર)

૮૫. ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં પૂર્વચુકાદાઓની પરંપરાને અનુસરીને ઠેરવ્યું કે કોઈ કાયદો પ્રતિબંધિત કર બનવા માટે, તે એક પ્રત્યક્ષ કર હોવો જોઈએ કે જેની અસર વેપારના સંચલન ભાગને અવરોધવાની હોય. જોકે, જે કર વળતરરૂપ અથવા નિયમનકારી હોય તે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા પર પ્રતિબંધ તરીકે અસર કરતો નથી. વળતરરૂપ કરના સ્વરૂપ અંગે નીચેના અવલોકનોમાં વિચારણા કરવામાં આવી હતી :

> "૧૭. સખત રીતે કહીએ તો, વળતરરૂપ કર રસ્તાઓના કરવામાં આવતા ઉપયોગના પ્રકાર અને પ્રમાણ પર આધારિત હોય છે, ઉદાહરણ તરીકે, માઇલેજ અથવા ટન–માઇલેજ ચાર્જ અથવા તેના જેવું કંઈક, અને જો ઉપજ સંબંધિત રસ્તાઓના સમારકામ, જાળવણી, દેખરેખ અને ઘસારા પાછળ ખર્ચવામાં આવે અને તે ઉઘરાતની વસૂલાતમાં સંચલનમાં કોઈ નોંધપાત્ર દખલગીરી થતી ન હોય. "વાજબી વળતર" શબ્દપ્રયોગ અનુકૂળ છે પરંતુ અસ્પષ્ટ છે. વાજબીપણાનું ધોરણ માત્ર એ બાબતમાં રહેલું હોઈ શકે કે તે ટ્રાફિક પર કેટલી ગંભીરતાથી બોજ નાખે છે અને સામાન્ય બાબતોમાંથી ઉદ્ભવતા તેની આકારણીમાં અતિરેકના પુરાવા કેવા છે. માર્ગ દ્વારા સંચલનની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવાના હેતુ માટે જે

અનિવાર્ય છે તે એ છે કે તેના પર એવો કોઈ નાણાકીય બોજ ન લાદવો જોઈએ કે જે રસ્તાના સ્વરૂપમાં પૂરી પાડવામાં આવેલી ભૌતિક સુવિધાઓના વાસ્તવિક ઉપયોગ બદલ રાજ્યને યોગ્ય વળતર આપવાની સીમાથી આગળ વધતો હોય. આ વિભાવનાને વ્યાખ્યાયિત કરવામાં ઘણી મોટી મુશ્કેલીઓ રહેલી છે. પરંતુ આ વિભાવના ચોક્કસ ભૌતિક સેવા પૂરી પાડવા બદલના વળતર, કે જેનો ચોક્કસ ઉપયોગ કરવામાં આવ્યો છે, અને રાજ્યના સામાન્ય ખર્ચમાં સહાયતા માટે પરિવહન પર લાદવામાં આવેલા બોજ વચ્ચેના વાસ્તવિક ભેદ પર આધારિત જણાય છે. એ સ્પષ્ટ છે કે મોટર વાહનોને તેમના સુરક્ષિત, કાર્યક્ષમ અને કરકસરયુક્ત ઉપયોગ માટે નોંધપાત્ર પહોળાઈ, મજબૂતી અને ટકાઉપણું ધરાવતા રસ્તાઓની જરૂર હોય છે; આવા રસ્તાઓની જાળવણી માટે સરકારને નાણાં ખર્ચવા પડે છે. પરંતુ, વાહનોના સામાન્ય વપરાશકર્તાઓ અને ખાસ કરીને સાર્વજનિક મોટર વાહનોના વપરાશકર્તાઓ આવા રસ્તાઓ સાથે વિશેષ અને સીધો સંબંધ ધરાવતા હોવાથી, અને તેઓ તેમનાથી વિશેષ અને પ્રત્યક્ષ લાભ મેળવે છે તેમ કહી શકાતું હોવાથી, રાજ્યના કરદાતાઓ તરીકે તેમના સામાન્ય યોગદાન ઉપરાંત રસ્તાઓની જાળવણી માટે વિશેષ યોગદાન આપવા તેમને કહેવામાં આવે તે અવાજબી જણાતું નથી. જોકે, જો રસ્તાની જાળવણી અને સારસંભાળ માટે યોગ્ય યોગદાન મેળવવાના હેતુથી નહીં, પરંતુ વેપાર અથવા વાણિજ્ય પર વિપરીત અસર કરવાના હેતુથી કોઈ ચાર્જ લાદવામાં આવે,

તો તે વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પરનો પ્રતિબંધ બનશે." (સદર, પૃષ્ઠ ૩૮૨ પર)

૮૬. જી. કે. કૃષ્ણન (પૂર્વોક્ત) માં ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં સાત ન્યાયમૂર્તિઓની મોટી બેંચ દ્વારા લેવાયેલા મંતવ્યથી બંધાયેલી હતી. જોકે, ઉપરોક્ત અંશ "વાજબી વળતર" જેવી વિભાવનાઓને લાગુ કરવામાં કોર્ટે જોયેલી મુશ્કેલીઓ દર્શાવે છે, જે શબ્દપ્રયોગ ગમે તેટલો અનુકૂળ હોય તો પણ અસ્પષ્ટ છે. કોર્ટે વળતરરૂપ કરના સિદ્ધાંત પાછળના તર્કની નોંધ લીધી: વેપારને સરળ બનાવતી સેવાઓની જોગવાઈ બદલ રાજ્યને વળતર આપવું. વળતરરૂપ કર એ કરવેરાના સામાન્ય ઉપાય કરતાં અલગ છે. રાજ્ય પોતાના સામાન્ય ખર્ચમાં સહાય માટે મહેસૂલ એકત્રિત કરવાના ભાગરૂપે કર લાદી શકે છે. જોકે, આખરી વિશ્લેષણમાં રાજ્યની તમામ મહેસૂલ જાહેર હેતુઓ માટે જ ખર્ચવામાં આવે છે, તેમ છતાં સામાન્ય ખર્ચને પહોંચી વળવા માટે સાધનસંપત્તિ એકત્ર કરવાના ભાગરૂપે લાદવામાં આવેલો બોજ વળતરરૂપ નથી. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં સુપ્રિમ કોર્ટ દ્વારા વિકસિત વિભાવના અનુસાર વળતરરૂપ કર એ વેપાર અને વાણિજ્ય માટે ઉપલબ્ધ કરાયેલી તમામ સુવિધાઓની જોગવાઈ અથવા ઉપયોગ બદલ રાજ્યને યોગ્ય વળતર પૂરું પાડવા માટે છે.

૮૭. ન્યાયમૂર્તિ મેથ્યુએ અવલોકન કર્યું કે આવી બાબતોમાં, ગાણિતિક ચોકસાઈ કરતાં એક સ્થૂળ અંદાજ જરૂરી હોય છે. રાજ્ય વિધાનમંડળ દ્વારા

ઘડવામાં આવેલો કાયદો ન્યાયિક સમીક્ષાની કસોટીમાં પાર ઊતરતો હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

૮૮. જી. કે. કૃષ્ણન (પૂર્વોક્ત) નો ચુકાદો એ બાબતે પણ નોંધપાત્ર છે કારણ કે તે એ પ્રશ્ન ઊભો કરે છે કે શું અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા અભિપ્રેત પ્રતિબંધોમાં બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાનો સમાવેશ થશે. ન્યાયમૂર્તિ મેથ્યુએ ઠેરવ્યું કે એ બાબત વિચિત્ર હતી કે રાજ્યોને પ્રદાન કરવામાં આવેલી કર લાદવાની સત્તા તેમ છતાં અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરી પર આધારિત હોવી જોઈએ :

> "૨૭. અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા વિચારાયેલા નિયંત્રણોમાં બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાનો સમાવેશ થશે કે કેમ તે એક એવી બાબત છે જેના પર મતભેદને અવકાશ છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર ભેદભાવપૂર્ણ કર લાદવા પર પ્રતિબંધ મૂકે છે. સદર અનુચ્છેદ પરથી એ સ્પષ્ટ નથી કે કેવળ કરને આંતરિક વેપારની સ્વતંત્રતા પર નિયંત્રણ તરીકે ગણી શકાય કે કેમ. અનુચ્છેદ ૩૦૪(એ) નો ઉદ્દેશ્ય રાજ્યમાં ઉત્પાદિત માલ પરના કર કરતાં આયાતી માલ પર વધુ દરે કર લાદીને તેની સામે થતા ભેદભાવને રોકવાનો છે. બહારના માલ સામેનો ભેદભાવપૂર્ણ કર એ કેવળ કર નથી પરંતુ વેપાર અને વાણિજ્યમાં એક અવરોધ છે. અનુચ્છેદ ૩૦૪ પોતે જ કર અને નિયંત્રણ વચ્ચે તફાવત પાડે છે. તે ઉપરાંત, સંઘ અને રાજ્યોની કરવેરા લાદવાની સત્તાઓ અલગ અને પરસ્પર અનન્ય છે. એ

બાબત તદ્દન વિચિત્ર છે કે રાજ્યોને અપાયેલી કરવેરા લાદવાની સત્તા, કહો કે દાખલા તરીકે, માલના વેચાણ પર કર લાદતો કાયદો પસાર કરવા માટે યાદી ૨ ની એન્ટ્રી ૫૪ હેઠળ, તે સંઘ કારોબારીની સદ્‌ભાવના પર નિર્ભર રહેવી જોઈએ. એવું કહેવાય છે કે વેચાણ પરનો કર માલની હેરફેરને અવરોધતો નથી. પરંતુ ન્યાયમૂર્તિ શાહે સ્ટેટ વિ. નટરાજા [એ.આઇ.આર. ૧૯૬૯ એસ.સી. ૧૪૭ : (૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯ : (૧૯૬૮) ૨૨ એસ.ટી.સી. ૩૭૬] માં જણાવેલ કે: "ધ્યાને લેવું રહ્યું કે, આંતર-રાજ્ય વેચાણ પર સેન્ટ્રલ સેલ્સ ટેક્સ હેઠળનો કર, તેના મૂળ સ્વરૂપમાં એક એવો કર છે જે વેપાર અને વાણિજ્યની હેરફેર પર બોજરૂપ બને છે." (સદર, પૃષ્ઠ ૩૮૫ પર)

ન્યાયમૂર્તિ મેથ્યુએ એ પણ અવલોકન કર્યું હતું કે અનુચ્છેદ ૩૦૧ ને વેપાર અને વાણિજ્યના હેરફેરના ભાગ પૂરતો મર્યાદિત રાખવા માટે કોઈ આધાર છે કે કેમ તે અંગે કોઈ નિર્ણય આપવાનું કોર્ટ સમક્ષ ઉપસ્થિત ન હતું. જોકે, કોર્ટે ઠેરવ્યા મુજબ, આ બાબતને આગળ ધપાવવી બિનજરૂરી હતી કારણ કે તે કેસમાં રાજ્યના જાહેરનામા હેઠળ લાદવામાં આવેલ કર વળતરરૂપ સ્વરૂપનો હોવાનું ઠેરવવામાં આવ્યું હતું અને તેથી તે સ્વતંત્રતા પર નિયંત્રણ મૂકનારો ન હતો.

## ઈ.૪ નિર્ણાયક વળાંક

૮૯. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના ચુકાદામાં ઠેરવવામાં આવ્યું હતું કે વળતરરૂપ કર અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર રહે છે. ન્યાયમૂર્તિ મેથ્યુએ ધ

મદ્રાસ મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૩૧ ને માન્ય રાખતી વખતે જી. કે. ક્રિષ્નન (ઉપરોક્ત) માં ચેતવણી આપી હતી કે વ્યાજબી વળતરનો ખ્યાલ "અનુકૂળ પરંતુ અસ્પષ્ટ" છે અને તેને વ્યાખ્યાયિત કરવામાં "ખૂબ મોટી" મુશ્કેલીઓ પર ભાર મૂક્યો હતો. આ મુદ્દો મેસર્સ ભગતરામ રાજીવ કુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી.[111] માં સામે આવ્યો હતો. મધ્ય પ્રદેશ સ્થાનિય ક્ષેત્ર મેં માલ કે પ્રવેશ પર કર અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ખાંડ જેવા માલ પર પ્રવેશ કર લાદવામાં આવ્યો હતો કે જેના પર કોઈ વેચાણ વેરો વસૂલી શકાય તેમ ન હતો. ખાંડ પર કોઈ વેચાણ વેરો લાદી શકાતો ન હતો કારણ કે તે એવા માલ પૈકીનો એક છે કે જેના પર ધ એડિશનલ ડ્યુટીઝ ઓફ એક્સાઇઝ એક્ટ, ૧૯૫૭ હેઠળ વધારાની આબકારી જકાત વસૂલી શકાય છે. આ કોર્ટે ઠેરવ્યું કે ખાંડ એવી ચીજવસ્તુ હોવા છતાં કે જેના પર વધારાની આબકારી જકાત ચૂકવવાપાત્ર હોવાને કારણે કોઈ વેચાણ વેરો વસૂલી શકાય તેમ નથી, તેમ છતાં તે પ્રવેશ કર કાયદાની કરવેરા જોગવાઈઓની અંદર આવતી હતી. પ્રવેશ કર કાયદાને એવા કારણોસર પડકારવામાં આવ્યો હતો કે તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે અને તે નિયમનકારી કે વળતરરૂપ ન હતો. આ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે ઠેરવ્યું કે વળતરરૂપ કર તરીકે ઉઘરાતને વાજબી ઠેરવવા માટે રાજ્ય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડાઓ વિવાદિત ન હતા. જોકે, બેન્ચે નીચેના અવલોકનોમાં વળતરરૂપ કર શું બને છે તેની કસોટીને નવેસરથી ઘડી કાઢી :

---

[111] [૧૯૯૫ સપ્લિ. (૧) એસ.સી.સી. ૬૭૩]

"૮..... કરના વળતરરૂપ સ્વરૂપના ખ્યાલને વિસ્તૃત કરવામાં આવ્યો છે અને જો કર અને આવા વેપારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પૂરી પાડવામાં આવતી સુવિધાઓ વચ્ચે નોંધપાત્ર અથવા કોઈક જોડાણ પણ હોય, તો આ ઉઘરાતને અમાન્ય તરીકે પડકારી શકાય નહીં. રાજ્યનું એ વલણ કે મેળવેલ મહેસૂલ સ્થાનિક સંસ્થાઓને થયેલા નુકસાનની ભરપાઈ કરવા માટે તેમને સોંપવામાં આવી રહ્યું છે, તે આ કરભારને વળતરરૂપ સ્વરૂપનો બનાવે છે, કારણ કે તેમની નાણાકીય સ્થિતિમાં વધારો થવાથી તેઓ મ્યુનિસિપલ સેવાઓ વધુ કાર્યક્ષમ રીતે પૂરી પાડવા માટે સક્ષમ બનશે, જેનાથી વેપાર અને વાણિજ્યના મુક્ત પ્રવાહને મદદ મળશે અથવા તે સરળ બનશે, જેના કારણે ઉપરોક્ત નિર્ણયોમાં, વિશેષ કરીને હંસા કોર્પોરેશન કેસમાં જે જણાવવામાં આવ્યું છે તેને ધ્યાને લેતાં, આ કરભારને વળતરરૂપ સ્વરૂપનો ગણવો પડશે." (સદર, પૃષ્ઠ ૬૭૮ પર)

૯૦. આ અવલોકનો ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં સાત ન્યાયાધીશોના ચુકાદામાં અપનાવવામાં આવેલી કસોટીથી સ્પષ્ટ વિચલન દર્શાવે છે. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં ઘડવામાં આવેલ વળતરરૂપ કરની કસોટી એ છે કે શું વેપાર પાસે તેના વ્યવસાયના સંચાલન માટે સુવિધાઓનો ઉપયોગ છે અને તેણે સુવિધાઓ પૂરી પાડવા માટે જે જરૂરી છે તેના કરતાં સ્પષ્ટપણે ઘણી વધારે રકમ ચૂકવવી પડતી નથી. આ કસોટીની નોંધપાત્ર રીતે હળવી કરવામાં આવેલી પુનઃવ્યાખ્યામાં, ભગતરામમાં કર અને "પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે" પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ વચ્ચે "નોંધપાત્ર અથવા તો કોઈક જોડાણ" ની જરૂરિયાત

રાખવામાં આવી હતી. કરને વળતરરૂપ ગણવા માટેનો અંતર્ગત આધાર અથવા પાયો લગભગ નાબૂદ થઈ ગયો હતો. ભગતરામમાં સ્ટેટ ઓફ કર્ણાટક વિ. હંસા કોર્પોરેશન[112] ના અગાઉના નિર્ણયનો સંદર્ભ એ બાબતને સ્પષ્ટપણે નજરઅંદાજ કરે છે કે તે કેસમાં રાજ્યે કર વળતરરૂપ પ્રકૃતિનો હોવાના કારણોસર તેની માન્યતાને ટકાવી રાખવા માટે કોઈ પ્રયાસ કર્યો ન હતો. તેથી, હંસા કોર્પોરેશનમાં બેન્ચે સ્પષ્ટપણે સ્પષ્ટ કર્યું હતું કે કર વળતરરૂપ હતો કે કેમ તેની તપાસ કરવી કોર્ટ માટે જરૂરી ન હતી. તેમ છતાં, હંસા કોર્પોરેશનના નિર્ણયનું ભગતરામમાં એવા સિદ્ધાંત માટેના આધારભૂત ચુકાદા તરીકે અર્થઘટન કરવામાં આવ્યું હતું કે પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ અને માંગવામાં આવેલી ચૂકવણી વચ્ચે કોઈપણ જોડાણ, ભલે પ્રત્યક્ષ હોય કે પરોક્ષ, પૂરતું રહેશે.

૯૧. સ્ટેટ ઓફ બિહાર વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ[113] માં બે ન્યાયાધીશોની અન્ય બેન્ચ દ્વારા ભગતરામના નિર્ણયનું અનુસરણ કરવામાં આવ્યું હતું. તેમાં વિવાદ ધ બિહાર ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્ઝ ઇનટુ લોકલ એરિયાઝ ફોર કન્ઝમ્પશન, યુઝ ઓર સેલ ધેરઇન એક્ટ, ૧૯૯૩ દ્વારા લાદવામાં આવેલા પ્રવેશ કર અંગેનો હતો. હાઇકોર્ટે સદર અધિનિયમને એ કારણોસર અમાન્ય ઠેરવ્યો હતો કે રાજ્યે તે વળતરરૂપ કે નિયમનકારી હતો તેને વાજબી ઠેરવવા માટે કોઈ સામગ્રી રજૂ કરી ન હતી કે રાજ્યે અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતો પૂર્ણ કરી ન હતી. અપીલમાં રાજ્યની રજૂઆત એ હતી કે ઇન્ડિયા સિમેન્ટ લિ. વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ[114] માં આ કોર્ટના નિર્ણયના પરિણામે

[112] (૧૯૮૦) ૪ એસ.સી.સી. ૬૯૭
[113] (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬
[114] (૧૯૯૦) ૧ એસ.સી.સી. ૧૨

રાજ્યને થયેલા મહેસૂલના નુકસાનની ઓછામાં ઓછી આંશિક ભરપાઈ કરવા માટે રાજ્ય વિધાનમંડળ દ્વારા આ કાયદો ઘડવાનો ઈરાદો રાખવામાં આવ્યો હતો. રાજ્યે એવી રજૂઆત કરી હતી કે ખનિજો પરના સેસમાંથી મહેસૂલના નુકસાનને કારણે, રાજ્ય માટે તેની કલ્યાણકારી યોજનાઓને ટેકો આપવા માટે મહેસૂલના વૈકલ્પિક સ્ત્રોતો શોધવા જરૂરી હતા. એવો દાવો કરવામાં આવ્યો હતો કે એકત્રિત કરાયેલા નાણાં રાજ્યના કલ્યાણ માટે ખર્ચવામાં આવશે, જે સ્થાનિક વિસ્તારોમાં વિભાજિત હતું. વધુમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે જો આ ઉઘરાત વળતરરૂપ ન હોય તો પણ, અનુચ્છેદ ૨૫૫ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવામાં આવી હતી. આ કાયદો વળતરરૂપ હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. નીચેની કસોટીઓ નિર્ધારિત કરવામાં આવી હતી:

> "૧૨....કરના વળતરરૂપ સ્વરૂપને સ્થાપિત કરવાના હેતુસર એવી શરત મૂકી શકાય નહીં અને મૂકી શકાતી નથી કે પ્રવેશ કર પેટે એકત્રિત કરાયેલ દરેક રૂપિયો વેપારી સુવિધાઓ પૂરી પાડવા પાછળ ખર્ચાયેલો દર્શાવવો જરૂરી છે. જો કર અને પૂરી પાડવામાં આવેલી વેપારી સુવિધાઓ વચ્ચે કોઈક જોડાણ સ્થાપિત થાય તો તે પૂરતું છે. આ જોડાણ પ્રત્યક્ષ હોઈ શકે છે અથવા પરોક્ષ હોઈ શકે છે, જેમ કે ભગતરામ રાજીવકુમાર વિ. સી.એસ.ટી. [૧૯૯૫ સપ્લિ. (૧) એસ.સી.સી. ૬૭૩ : (૧૯૯૫) ૯૬ એસ.ટી.સી. ૬૫૪] : (એસ.સી.સી. પૃષ્ઠ ૬૭૮, પેરા ૮) માં આ કોર્ટ દ્વારા ઠેરવવામાં આવ્યું છે....." કરના વળતરરૂપ સ્વરૂપના ખ્યાલને

વિસ્તૃત કરવામાં આવ્યો છે અને જો કર અને આવા વેપારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપવામાં આવતી સુવિધાઓ વચ્ચે નોંધપાત્ર અથવા તો કોઈક જોડાણ પણ હોય તો ઉઘરાતને અમાન્ય તરીકે પડકારી શકાય નહીં".....જોકે સામા સોગંદનામામાં જણાવવામાં આવ્યું નથી, છતાં અમે એ હકીકતની નોંધ લઈ શકીએ છીએ કે રાજ્ય વેપાર માટે રસ્તાઓ, જળમાર્ગો અને બજારો વગેરે બનાવવા અને તેની જાળવણી સહિત અનેક સુવિધાઓ પૂરી પાડે છે. વાસ્તવમાં, ઉઘરાત રાજ્ય દ્વારા હોવાથી, રાજ્યે કરનું વળતરરૂપ સ્વરૂપ સ્થાપિત કર્યું છે કે કેમ તે સુનિશ્ચિત કરવા માટે આપણે રાજ્ય દ્વારા પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ તરફ પણ જોવું જોઈએ." (સદર, પૃષ્ઠ ૧૪૭ પર)

બિહાર ચેમ્બર ઓફ કોમર્સમાં કોર્ટે ઠેરવ્યું હતું કે જ્યાં સુધી "કર અને પૂરી પાડવામાં આવેલી વેપારી સુવિધાઓ વચ્ચે કોઈક સંબંધ સ્થાપિત થાય છે" ત્યાં સુધી ઉઘરાત વળતરરૂપ સ્વરૂપની હોવાનું ઠેરવવામાં આવશે.

૯૨. જિંદાલ સ્ટ્રિપ લિ. વિ. સ્ટેટ ઓફ હરિયાણા[115] માં બે ન્યાયાધીશોની બેન્ચ દ્વારા આ નિર્ણયો અંગે શંકા વ્યક્ત કરવામાં આવી હતી.

૯૩. જિંદાલ સ્ટ્રિપમાં અપીલોનો એક સમૂહ સામેલ હતો જેમાં હરિયાણા લોકલ એરિયા ડેવલપમેન્ટ ટેક્સ એક્ટ, ૨૦૦૦ ને એવા કારણોસર પડકારવામાં આવ્યો હતો કે તે અનુચ્છેદ ૩૦૧ નું "ઉલ્લંઘન કરનાર" હતો અને તેને અનુચ્છેદ

[115] (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦

૩૦૪ દ્વારા બચાવી શકાયો ન હતો. બે ન્યાયાધીશોની બેન્ચે ઠેરવ્યું હતું કે ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના નિર્ણયો વળતરરૂપ કર લાદવાના એ અંતર્ગત સિદ્ધાંતોથી વિચલિત થયા હોવાનું જણાય છે કે જેઓ ૧૯૬૨ થી ૧૯૯૫ સુધી પ્રચલિત રહ્યા હતા. સંદર્ભ મોકલનાર બેન્ચના મંતવ્ય મુજબ, જો ઉપરોક્ત બે કેસોમાં પ્રતિપાદિત કરાયેલી કસોટીને કાયદાની સ્થિતિ તરીકે સ્વીકારવામાં આવે, તો કોઈપણ કર અનુચ્છેદ ૩૦૧ દ્વારા નિર્ધારિત સ્વતંત્રતાનું ઉલ્લંઘન કર્યા વિના વળતરરૂપ કરની કસોટીમાં પાર ઉતરી શકે. જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) વિ. સ્ટેટ ઓફ હરિયાણા[116] માં સંવિધાન પીઠ દ્વારા આ સંદર્ભની સુનાવણી કરવામાં આવી હતી, જિંદાલ સ્ટેનલેસમાં સંવિધાન પીઠે નિયમનકારી અને કરવેરા સંબંધિત સત્તાઓ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કર્યો હતો. કોર્ટે ઠરાવ્યું કે, કરવેરા વિષયક કાયદા બોજના ખ્યાલ પર અને ચૂકવણી કરવાની ક્ષમતાના સિદ્ધાંત પર આધારિત છે. બીજી તરફ, નિયમનકારી ચાર્જીસ એ સેવાઓ અથવા સુવિધાઓ પૂરી પાડવા માટે રાજ્ય દ્વારા કરવામાં આવેલ ખર્ચ અથવા વ્યય માટેનું વળતર છે:

> "૩૧...આ તબક્કે એટલું જણાવવું પર્યાપ્ત છે કે વિશેષ આકારણીઓ, સુધારણા શુલ્ક, ફી, નિયમનકારી શુલ્કનો આધાર સમકક્ષતાના સિદ્ધાંત પર આધારિત સેવાઓ/સુવિધાઓ પૂરી પાડવા માટે થયેલા અથવા થવાપાત્ર ખર્ચ કે વ્યયનું "વળતર/ભરપાઈ" છે, કરવેરાથી વિપરીત કે જેનો આધાર ચૂકવવાની ક્ષમતાના સિદ્ધાંત પર આધારિત "બોજ" નો

[116] (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૪૧

ખ્યાલ છે. આ તબક્કે, અમે સ્પષ્ટ કરી શકીએ છીએ કે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ [(૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧ : એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬] ના ઉપરોક્ત કેસમાં, આ કોર્ટે નિયમનકારી શુલ્કને વળતરરૂપ કર સમકક્ષ ગણ્યા છે અને તે સાત ન્યાયાધીશોની બેન્ચ દ્વારા વ્યક્ત કરાયેલું મંતવ્ય હોવાથી, આપણે તે આધારે આગળ વધવું પડશે. તેનું પરિણામ એ આવે છે કે વળતરરૂપ કર એ ફીનો પેટા–વર્ગ બની જાય છે". (સદર, પૃષ્ઠ ૨૬૪ પર)

આ તફાવતના આધારે, સંવિધાન પીઠે ઠેરવ્યું કે જો કોઈ કાયદો, નાણાકીય હોય કે અન્યથા, વેપાર કે વાણિજ્યની હેરફેર પર કાર્ય કરે છે અને તેની અસર તે પ્રવૃત્તિને અવરોધવાની હોય, તો તે કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ એક નિયંત્રણ બનશે. જોકે, જો કાયદો વેપારની શરતો અથવા બનાવોના નિયમન માટે ચૂકવણી લાગુ કરવાનો પ્રયાસ કરે છે, તો તે નિયમનકારી સ્વરૂપનો છે:

"૩૮.....જો વાદગ્રસ્ત કાયદો એવી શરતોને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરે છે કે જે હેઠળ વેપાર જેવી પ્રવૃત્તિ થવાની હોય, તો આવો કાયદો નિયમનકારી છે. નિયમન માટેની ચૂકવણી એ મહેસૂલ માટેની ચૂકવણીથી અલગ છે. જો વાદગ્રસ્ત કરવેરા સંબંધિત કે બિન–કરવેરા સંબંધિત કાયદો કોઈ પ્રવૃત્તિને, કહો કે, વેપાર અને વાણિજ્યની હેરફેરને તેના અમલના માપદંડ તરીકે પસંદ કરે છે અને જો આવા કાયદાના અમલની અસર

પ્રવૃત્તિને અવરોધવાની હોય, તો તે કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ એક નિયંત્રણ છે. જોકે, જો ઘડાયેલ કાયદો શિસ્ત અથવા આચરણ લાગુ કરવા માટે હોય કે જે હેઠળ વેપારે કાર્ય કરવાનું હોય અથવા જો ચૂકવણી વેપાર કે ઉત્પાદનની શરતો અથવા બનાવોના નિયમન માટે હોય તો તે ઉઘરાત નિયમનકારી છે." (સદર, પૃષ્ઠ ૨૬૬ પર)

૯૪. સંવિધાન પીઠે ઠેરવ્યું કે કરવેરા સામાન્ય બોજના એક ભાગ તરીકે લાદવામાં આવે છે. જ્યારે ફી નો પાયો "સમકક્ષતાનો સિદ્ધાંત" છે, ત્યારે કરનો આધાર ચૂકવવાની ક્ષમતા છે. ફી અથવા વળતરરૂપ કરનો મુખ્ય આધાર સમકક્ષતા અને "જથ્થાત્મક માપી શકાય તેવો લાભ" છે. વળતરરૂપ કર વ્યાપકપણે પ્રમાણસર હોવો જોઈએ:

"૪૨...વળતરરૂપ કર "મૂલ્ય પેટે ચૂકવણી" ના સિદ્ધાંત પર આધારિત છે. તે "ફી" નો એક પેટા–વર્ગ છે. સરકારના દૃષ્ટિકોણથી, વળતરરૂપ કર એ વેપારની સુવિધાઓ પૂરી પાડવા માટેનો શુલ્ક છે. તે વેપાર અને વાણિજ્યના મૂલ્યમાં વધારો કરે છે જે ખુદ કરના કિસ્સામાં બનતું નથી. કર એ આવક, મિલકત, ખર્ચ અથવા ક્ષમતા કે સામર્થ્યની અન્ય કોઈપણ કસોટી (ક્ષમતાનો સિદ્ધાંત) મુજબ પ્રગતિશીલ અથવા પ્રમાણસર હોઈ શકે છે. કરવેરા પ્રમાણસર હોવા કરતાં પ્રગતિશીલ હોઈ શકે છે. વળતરરૂપ કર, ફીની જેમ, હંમેશા લાભોના પ્રમાણમાં હોય છે. તેઓ સમકક્ષતાના સિદ્ધાંત પર આધારિત હોય છે. જોકે, વળતરરૂપ કર કોઈ વ્યક્તિ પર

વર્ગના સભ્ય તરીકે લાદવામાં આવે છે, જ્યારે ફી વ્યક્તિ પર ખુદ વ્યક્તિ તરીકે લાદવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ "સમકક્ષતાના સિદ્ધાંત" ની સરખામણીએ "ક્ષમતાના સિદ્ધાંત" ને ધ્યાનમાં રાખે, તો એક તરફ કર અને બીજી તરફ ફી અથવા વળતરરૂપ કર વચ્ચેનો તફાવત સરળતાથી સ્પષ્ટ કરી શકાય છે." (સદર, પૃષ્ઠ ૨૬૭ પર)

૯૫. સંવિધાન પીઠે ઠેરવ્યું કે વળતરરૂપ કર એ નિયમનનો ખર્ચ પહોંચી વળવા માટે અથવા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને વિશેષ લાભ પૂરો પાડવા માટે કરવામાં આવેલા ખર્ચને પહોંચી વળવા માટે મેળવેલા વિશેષ લાભોના વ્યાપક પ્રમાણમાં લાદવામાં આવેલો ફરજિયાત ફાળો છે. જ્યારે પણ કોઈ કાયદાને અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરનાર તરીકે પડકારવામાં આવે, ત્યારે કોર્ટે નક્કી કરવું જ જોઈએ કે શું કાયદો દેખીતી રીતે અથવા સ્પષ્ટપણે એવો જથ્થાત્મક ડેટા દર્શાવે છે કે જેના આધારે વળતરરૂપ કર લાદવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. કાયદામાં જથ્થાત્મક લાભ સાથેનું વ્યાપક પ્રમાણ દર્શાવવું આવશ્યક છે. જો કાયદો આ બાબત ન દર્શાવતો હોય તો પણ, રાજ્ય તેના પર મૂકવામાં આવેલો બોજ એવી સામગ્રી રજૂ કરીને હળવો કરી શકે છે જે દર્શાવે કે વળતરરૂપ કરની ચૂકવણી એ કર ચૂકવનારને પૂરા પાડવામાં આવેલા અથવા પૂરા પાડવામાં આવનાર જથ્થાત્મક/માપી શકાય તેવા લાભ માટેનું વળતર અથવા ભરપાઈ છે. સંવિધાન પીઠ દ્વારા એવું ઠેરવીને સંદર્ભનો જવાબ આપવામાં આવ્યો હતો કે ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના નિર્ણયો દ્વારા વળતરરૂપ કર શું બને છે તેની કસોટીમાં એવી રીતે નોંધપાત્ર ફેરફાર કરવામાં

આવ્યો હતો જે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં સાત ન્યાયાધીશોના ચુકાદા સાથે અસંગત હતો. કર અને પૂરી પાડવામાં આવેલી સુવિધાઓ વચ્ચે 'કોઈક સંબંધ' અથવા 'કોઈક જોડાણ' પૂરતું રહેશે, 'ભલે તે પ્રત્યક્ષ હોય કે પરોક્ષ', તેવું ઠેરવીને ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના ચુકાદાઓ વળતરરૂપ કરના સ્થાપિત ખ્યાલથી વિચલિત થયા હોવાનું ઠેરવવામાં આવ્યું હતું અને તેથી તેમને રદબાતલ કરવામાં આવ્યા હતા.

### ઇ.૫ સૈદ્ધાંતિક ચિંતાઓ અને અસંગતતાઓ

પર નિયંત્રણો લાદવા સક્ષમ બનાવે છે. શું કરવેરા ભાગ ૧૩ ના દાયરામાં આવે છે, અને જો તેમ હોય તો, કઈ હદ સુધી, તેની નીચે અલગથી ચર્ચા કરવામાં આવી રહી છે.

### એચ.૩ ભાગ ૧૩ અને કરવેરા

૧૩૬. રાજ્યો તરફથી મૂળભૂત રજૂઆત એ છે કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા એ કરવેરામાંથી મુક્તિ (સ્વતંત્રતા) નથી. આ રજૂઆત પ્રાથમિક રીતે એ આધાર પર રજૂ કરવામાં આવી છે કે ભારતીય સંવિધાન રાજ્યોની સ્થિતિને એક સંઘીય માળખાના બંધારણીય એકમો તરીકે કલ્પે છે, જે પૈકીનું દરેક રાજ્ય તેને ફાળવેલા ક્ષેત્રોમાં સાર્વભૌમ છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે કરવેરો એ સાર્વભૌમ સત્તાની એક અભિવ્યક્તિ છે જે સરકારના અસ્તિત્વ માટે પાયારૂપ છે. કલ્યાણકારી અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે કરની આવક જરૂરી છે. તેથી, એવી રજૂઆત કરવામાં આવી છે કે અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાને કરવેરામાંથી મુક્તિ તરીકે ન અર્થઘટન કરવા માટેના આ પ્રબળ કારણો છે.

૧૩૭. રજૂઆતનું આગળનું અંગ એ છે કે અનુચ્છેદ ૨૬૫ હેઠળ, સક્ષમ વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદા હેઠળ જ કર લાદી શકાય છે અને સોંપાયેલી ધારાકીય સત્તા સિવાય, કર લાદવા અને તેની વસૂલાતમાં કારોબારીની કોઈ ભૂમિકા હોતી નથી. ભાગ ૧૨ ના વિવિધ અનુચ્છેદો હેઠળ [દાખલા તરીકે અનુચ્છેદો ૨૭૬(૨), ૨૮૬(૧) અને ૨૮૮(૨)] સંવિધાન રાજ્યોની કરવેરા સત્તાઓ પર મર્યાદાઓની જોગવાઈ કરે છે અથવા કાયદા દ્વારા મર્યાદાઓ

નિર્ધારિત કરવા માટે સંસદ પર સત્તાઓ સોંપવામાં આવી છે (અનુચ્છેદ ૨૮૬ ના ખંડ ૨ અને ૩). સાતમી અનુસૂચિની રાજ્ય યાદીમાં ઓછામાં ઓછી પાંચ પ્રવિષ્ટિઓ (પ્રવિષ્ટિઓ ૫૦, ૫૧, ૫૪, ૫૫ અને ૫૭) છે જે યાદી ૧ અને યાદી ૩ હેઠળ બનાવેલા કાયદા દ્વારા સંસદ દ્વારા નિર્ધારિત મર્યાદાઓ અથવા સિદ્ધાંતોને ખાસ કરીને આધીન છે. બીજા શબ્દોમાં, એવી રજૂઆત કરવામાં આવી છે કે જ્યાં પણ સંવિધાન દ્વારા કરવેરામાંથી મુક્તિ અથવા રાજ્યોની કરવેરા સત્તાઓ પર મર્યાદાની કલ્પના કરવામાં આવી છે, ત્યાં અનુચ્છેદો ૨૮૫, ૨૮૭, ૨૮૮ અને ૨૮૯ હેઠળ સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી છે. પરિણામે, એવી રજૂઆત કરવામાં આવી છે કે કરવેરા સત્તામાંથી મુક્તિ એ અનુમાન કે અર્થઘટનની બાબત ન હોઈ શકે અને તે સ્પષ્ટ તથા અસંદિગ્ધ રીતે પ્રદાન થયેલી હોવી જોઈએ. તદુપરાંત, અનુચ્છેદ ૨૮૯(૨) હેઠળ, રાજ્ય સરકાર દ્વારા અથવા તેના વતી ચલાવવામાં આવતા વેપાર કે વ્યવસાય પર સંસદ કાયદા દ્વારા નક્કી કરે "તે હદ સુધી" કર લાદી શકાય છે.

આ બાબતના આધારે અને એનડીએમસી વિ. સ્ટેટ ઓફ પંજાબ[136] માં આ કોર્ટની નવ ન્યાયમૂર્તિઓની પીઠના ચુકાદાના આધારે, એવી રજૂઆત કરવામાં આવી છે કે એવી પરિસ્થિતિમાં જ્યાં સંવિધાન રાજ્યના વેપાર કે વ્યવસાયને પણ કરને આધીન રાખે છે, ત્યાં ખાનગી વ્યક્તિઓ દ્વારા ચલાવવામાં આવતા વેપાર, વાણિજ્ય અને વ્યવહારની તરફેણમાં મુક્તિની કલ્પના ખાસ કરીને ગર્ભિત રીતે કરી શકાય નહીં.

[136] (૧૯૯૭) ૭ એસ.સી.સી. ૩૩૯

૧૩૮. આ રજૂઆતનું મૂલ્યાંકન કરતી વખતે, શરૂઆતમાં એ નોંધવું જરૂરી રહેશે કે બે આત્યંતિક વલણો છે જે વિચારધારાના પરસ્પર વિરોધી છેડા પર રહેલા છે. પ્રથમ એ અટિયાબારી કેસમાં ન્યાયમૂર્તિ જે.સી. શાહ દ્વારા અપનાવવામાં આવેલું વલણ છે કે તમામ કરવેરા ભાગ ૧૩ ના દાયરા અને વ્યાપમાં આવે છે. આ રજૂઆત એવું માની લે છે કે પ્રત્યેક કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બને છે. વિચારધારાનો વિરોધી છેડો એ છે કે કરવેરા આપમેળે મુક્ત વેપાર પર ક્યારેય પ્રતિબંધ બની શકે નહીં, કારણ કે મહેસૂલ એકત્રિત કરવા દ્વારા જ રાજ્ય વેપાર અને વાણિજ્યના વ્યવહારો માટે સલામત, સુરક્ષિત અને કાર્યક્ષમ સાધનો માટે વ્યવસ્થિત પરિસ્થિતિઓ પૂરી પાડે છે. આ દ્રષ્ટિકોણ મુજબ, માત્ર ભેદભાવપૂર્ણ કર જ ભાગ ૧૩ ની વિરુદ્ધ જશે [અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો હોવાથી] અને, જ્યાં સુધી કર બિન-ભેદભાવપૂર્ણ હોય, ત્યાં સુધી તે ભાગ ૧૩ ની જોગવાઈઓની વિરુદ્ધ હોઈ શકે નહીં. આ સ્થિતિ મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા દ્વારા રજૂ કરાયેલા દ્રષ્ટિકોણને વ્યાપકપણે અનુરૂપ થશે. ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટના ચુકાદામાં જે મધ્યમ માર્ગ આગળ વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તે એ હતો કે વળતરરૂપ કર ભાગ ૧૩ ની બહાર રહેશે કારણ કે તેઓ વેપારને પ્રતિબંધિત કરવાને બદલે તેને સુગમ બનાવે છે. જે કર વળતરરૂપ નથી અને જે તેમની પ્રત્યક્ષ અને તુરંત અસરમાં વેપારને પ્રતિબંધિત કરે છે તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ની કડક જોગવાઈઓને આધીન રહેશે.

એચ.૩.૧ તમામ કરવેરા અવરોધરૂપ નથી

૧૩૯. પરસ્પર વિરોધી દ્રષ્ટિકોણોની યોગ્યતાનું મૂલ્યાંકન કરતી વખતે, એ બાબતનો ઇનકાર કરી શકાય નહીં કે વ્યવસ્થિત સમાજ એ એવા વાતાવરણ માટેની પૂર્વશરત છે જેમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર વિકાસ પામી શકે. વેપાર અને વાણિજ્ય કાયદાના શાસનના પાયા પર ટકી રહે છે અને વિકાસ પામે છે. કરારોની પવિત્રતાને એવી કાનૂની વ્યવસ્થા દ્વારા માન્યતા આપવી, રક્ષણ આપવું અને અમલમાં મૂકવી આવશ્યક છે જે અધિકારોનું સર્જન કરે છે અને નિવારણ માટે ઉપાયો પૂરા પાડે છે. વળી, માલસામાન, સેવાઓ, વ્યક્તિઓ અને મૂડીના મુક્ત સંચલન માટે જાહેર વ્યવસ્થા અને એવી પરિસ્થિતિઓનું અસ્તિત્વ હોવું જરૂરી છે જે વેપાર અને વાણિજ્યને નિર્બાધપણે ચાલવા દે. હિંસા, અશાંતિ અને સામાજિક અવ્યવસ્થા વચ્ચે ન તો વેપાર કે ન તો વાણિજ્ય વિકાસ પામી શકે છે. સામાજિક વ્યવસ્થાની પરિસ્થિતિઓ પૂરી પાડવા માટે નિર્ધારિત વિવિધ પ્રવૃત્તિઓને ટકાવી રાખવા માટે કરવેરા રાજ્યને મહેસૂલ પૂરું પાડે છે. રાજ્ય મૂર્ત અને અમૂર્ત બંને પ્રકારનું માળખાગત માળખું પૂરું પાડે છે. કરની આવક એ રાજ્યો માટે શાસન ચલાવવા માટે જરૂરી જરૂરિયાતોનો એક અનિવાર્ય ભાગ છે. અનુચ્છેદ ૨૬૫ મુજબ સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદા દ્વારા કર લાદવા જરૂરી છે. મહેસૂલ એકત્રિત કરવાની સત્તા વિના, વેપાર અને વાણિજ્યના અસ્તિત્વ માટે જરૂરી પરિસ્થિતિઓનું નિર્માણ કરવાની રાજ્યની ક્ષમતા છીનવાઈ જશે. તેથી, મૂળભૂત સિદ્ધાંતની બાબત તરીકે એવું માની શકાય નહીં કે કોઈપણ સ્વરૂપમાં કરવેરો એ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર બોજ છે અને દરેક કર

અનિવાર્યપણે વેપારમાં અવરોધ ઊભો કરે છે. આવું વિસ્તૃત અર્થઘટન માત્ર એટલા માટે સ્વીકારી શકાય નહીં કારણ કે કરવેરાના માધ્યમથી મહેસૂલ એકત્ર કરીને, રાજ્ય કાયદાના શાસન પર આધારિત રાજકીય અને કાનૂની વ્યવસ્થા પૂરી પાડે છે જ્યાં કરાર આધારિત વ્યવહારો અસરકારક રીતે અમલમાં મૂકી શકાય છે. કર લાદતા દરેક કાયદાને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર માટે અવરોધ તરીકે ગણવો જોઈએ તેવું આત્યંતિક વલણ ટકી શકે તેમ નથી.

૧૪૦. સંવિધાનના ભાગ ૩ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતા અને કરવેરાની સત્તા વચ્ચેના સંબંધના સંદર્ભમાં, આ કોર્ટનું એવું સાતત્યપૂર્ણ વલણ રહ્યું છે કે મૂળભૂત અધિકારો [ખાસ કરીને, અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ વેપાર અને વ્યવસાયની સ્વતંત્રતા] કરવેરામાંથી મુક્તિ આપતા નથી. ઇન્ડિયન એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ વિરુદ્ધ ભારત સંઘ[137] ના કેસમાં, આ કોર્ટે ઠેરવેલ કે અનુચ્છેદ ૧૯(૧)(એ) અને અનુચ્છેદ ૧૯(૧)(જી) દ્વારા બાંહેધરી આપવામાં આવેલા અધિકારો ખંડ (૨) અને (૬) ને આધીન છે અને અખબાર ઉદ્યોગને સ્પષ્ટ શબ્દોમાં કરવેરામાંથી મુક્તિ આપવામાં આવી નથી. બીજી તરફ, સાતમી અનુસૂચિની સંઘ યાદીની પ્રવિષ્ટિ ૯૨ સંસદને અખબારોના વેચાણ અથવા ખરીદી પર અને તેમાં પ્રકાશિત થતી જાહેરાતો પર કર લાદવા માટે કાયદા ઘડવાની સત્તા આપે છે. પોલીસ સત્તા, કરવેરા અને વિશિષ્ટ સત્તા (એમિનન્ટ ડોમેન) શાંતિ અને સુશાસન માટે આવશ્યક સામાજિક નિયંત્રણનું એક સ્વરૂપ

[137] (૧૯૮૫) ૧ એસ.સી.સી. ૬૪૧

હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. અન્યોની જેમ, અખબારો પણ સામાન્ય નાણાકીય બોજ ઉઠાવવાની આવશ્યકતામાંથી મુક્ત નથી તેવું ઠેરવવામાં આવ્યું હતું:

> "૪૩....તેમના અખબારોનું પરિવહન રસ્તાઓ, રેલવે અને હવાઈ સેવાઓ દ્વારા કરવું પડે છે. તેમની મિલકતની સુરક્ષા માટે વ્યવસ્થા કરવી પડે છે. સરકારે તેમને અન્ય ઘણી સેવાઓ પૂરી પાડવી પડે છે. આ તમામ બાબતો રાજ્યના નાણાકીય સંસાધનો પર મોટો બોજ નાખે છે કારણ કે આમાંની ઘણી સેવાઓ પર ભારે સબસિડી આપવામાં આવે છે. સ્વાભાવિક રીતે આવા મોટા અખબારી સંગઠનોએ જાહેર તિજોરીમાં તેમનો યોગ્ય હિસ્સો આપવો પડશે. તેમણે અન્ય તમામની જેમ સામાન્ય નાણાકીય બોજ ઉઠાવવો પડશે." (સદર, પૃષ્ઠ ૬૭૧ પર)

આ કોર્ટે ઠેરવેલ કે સામાન્ય કરવેરા કાયદાના કિસ્સામાં, જો કોઈ કાયદો ખુલ્લેઆમ જપ્તીકારક હોય અથવા જપ્ત કરવા માટેનું છળકપટપૂર્ણ સાધન હોય તો તેને પડકારી શકાય છે. બીજી તરફ, ન્યૂઝપ્રિન્ટ પરના કરના કિસ્સામાં, "સ્પષ્ટ અને નોંધપાત્ર બોજારૂપતા, જે સ્પષ્ટપણે અને પ્રત્યક્ષ રીતે કરને આભારી હોય" તે દર્શાવવું પૂરતું રહેશે. તેથી અખબાર ઉદ્યોગ પર કોઈ કર લાદી શકાય નહીં તેવી રજૂઆતને નકારી કાઢવાનું ઠેરવતી વખતે, આ કોર્ટે ઠેરવેલ કે આવી કોઈપણ ઉઘરાત સંવિધાનની જોગવાઈઓ હેઠળ ન્યાયિક સમીક્ષાને આધીન હતી.

૧૪૧. ગવર્નમેન્ટ ઓફ તામિલનાડુ વિરુદ્ધ અહોબિલા મઠ[138] ના કેસમાં, આ કોર્ટે ઠેરવેલ કે ધાર્મિક સંપ્રદાયની સંસ્થા દ્વારા ધારણ કરવામાં આવેલી જમીનો પર આકારણી લાદવાથી સંવિધાનના અનુચ્છેદ ૨૬ દ્વારા બાંહેધરી આપવામાં આવેલો અધિકાર આકર્ષાતો નથી. ઓલ બિહાર ક્રિશ્ચિયન સ્કૂલ્સ એસોસિએશન વિરુદ્ધ બિહાર રાજ્ય[139] ના કેસમાં, આ કોર્ટે ઠેરવેલ કે સહાય ન મેળવતી લઘુમતી સંસ્થા દેશના સામાન્ય કાયદાઓના અમલમાંથી મુક્ત નથી અને અન્ય બાબતોની સાથે, કરવેરાના પગલાંઓમાંથી મુક્તિનો દાવો કરી શકતી નથી. આ નિર્ણયો ઉપરાંત, આ કોર્ટના એવા ચુકાદાઓ છે જે ઠેરવે છે કે કરવેરા કાયદો એ અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળની સ્વતંત્રતા પર આપમેળે કોઈ પ્રતિબંધ નથી. ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વિરુદ્ધ ભારત સંઘ[140] ના કેસમાં, આ કોર્ટે ઉપરોક્ત સિદ્ધાંત નિર્ધારિત કરતી વખતે ઠેરવેલ કે માત્ર કરનું અતિશયપણું અથવા નફાની કમાણીમાં ઘટાડો એ આપમેળે તેનાથી વધુ કંઈપણ વિના અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળના અધિકારોનું ઉલ્લંઘન બનતું નથી. (આ સંદર્ભમાં આ પણ જુઓ : એક્સપ્રેસ હોટેલ્સ (પ્રા.) લિ. વિરુદ્ધ ગુજરાત રાજ્ય[141], અને પંકજ જૈન એજન્સીઝ વિરુદ્ધ ભારત સંઘ[142]).

---

[138] (૧૯૮૭) ૧ એસ.સી.સી. ૩૮
[139] (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૨૬૬
[140] (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪
[141] (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૭૭
[142] (૧૯૯૪) ૫ એસ.સી.સી. ૧૯૮

૧૪૨. પ્રજલાલ મણિલાલ એન્ડ કંપની વિરુદ્ધ એમ.પી. રાજ્ય[143] ના કેસમાં, આ કોર્ટે ઠેરવેલ કે કોઈ ચોક્કસ ચીજવસ્તુ પરના કરના દરમાં વધારો એ તે ચીજવસ્તુમાં મુક્ત વેપાર અને વાણિજ્યને આપમેળે અવરોધે છે તેમ કહી શકાય નહીં. કોર્ટે એ સિદ્ધાંતની પુનઃપુષ્ટિ કરી હતી કે પ્રતિબંધ અથવા અવરોધ બનવા માટે કોઈ કાયદાકીય પગલાંએ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ અથવા તુરંત અવરોધવો જોઈએ જેથી તે અનુચ્છેદ ૩૦૧ ના નિષેધની અંદર આવે. કોઈ કર અમુક કિસ્સાઓમાં વેપારના પ્રવાહને પ્રત્યક્ષ અને તુરંત રીતે પ્રતિબંધિત અથવા અવરોધિત કરી શકે છે. કર લાદવાથી દરેક કિસ્સામાં આવું થાય છે કે કેમ તેનો નિર્ણય તેના પોતાના તથ્યો અને સમય તથા સંજોગોની પોતાની પરિસ્થિતિના આધારે કરવાનો રહેશે.

## એચ.૩.૨ અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪

૧૪૩. અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ વેપાર અને વાણિજ્ય પરના પ્રતિબંધોની જોગવાઈ કરે છે. ત્રણેય અનુચ્છેદો પૈકી પ્રત્યેકની પાર્શ્વ નોંધ સ્પષ્ટપણે વેપાર અને વાણિજ્ય પર અથવા તેના સંબંધમાં પ્રતિબંધોની વિચારણા કરે છે. અનુચ્છેદ ૩૦૨ ની પાર્શ્વ નોંધ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધો લાદવાની સંસદની સત્તાનો ઉલ્લેખ કરે છે. અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદને એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના પ્રદેશના કોઈપણ ભાગમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં કાયદા દ્વારા પ્રતિબંધો લાદવાની સત્તા આપવામાં આવી છે. પરિણામે,

[143] (૧૯૮૬) સપ્લિ. ૧ એસ.સી.સી. ૨૦૧

પ્રતિબંધો લાદવાની અનુચ્છેદ ૩૦૨ હેઠળની સંસદીય સત્તા માત્ર આંતરરાજ્ય વેપાર પૂરતી જ મર્યાદિત નથી પરંતુ ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં પ્રતિબંધો સુધી વિસ્તરે છે. જોકે, અનુચ્છેદ ૩૦૩ સંસદ અને રાજ્ય વિધાનમંડળો બંને પર મર્યાદા લાદે છે. અનુચ્છેદ ૩૦૩ હેઠળ, સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, ન તો સંસદ કે ન તો કોઈ રાજ્યનું વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાથમિકતા આપતો અથવા આપવાની સત્તા આપતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરતો અથવા કરવાની સત્તા આપતો કાયદો ઘડી શકે છે. અનુચ્છેદ ૩૦૩ માં એક બિન–અવરોધક જોગવાઈ છે જે અનુચ્છેદ ૩૦૨ ઉપર અગ્રતા ધરાવે છે. અનુચ્છેદ ૩૦૩ માં રહેલી બિન–અવરોધક કલમ સ્પષ્ટપણે રાજ્યના વિધાનમંડળના સંબંધમાં અપ્રસ્તુત છે કારણ કે અનુચ્છેદ ૩૦૨ પ્રથમ દર્શને રાજ્ય વિધાનમંડળને લાગુ પડતો નથી. સ્પષ્ટપણે આ બિન–અવરોધક જોગવાઈ માત્ર સંસદના સંબંધમાં જ અર્થ ધરાવી શકે છે કારણ કે તે એવી શરત મૂકવાની અસર ધરાવે છે કે અનુચ્છેદ ૩૦૨ હેઠળ જાહેર હિતમાં પ્રતિબંધો લાદવાની સંસદની સત્તા એ અનુચ્છેદ ૩૦૩ હેઠળ બિન–ભેદભાવના સિદ્ધાંત અને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાથમિકતા ન આપવાના સિદ્ધાંતને આધીન છે.

૧૪૪. ભલે ગમે તે હોય, અનુચ્છેદ ૩૦૩ જે ધોરણ પ્રતિપાદિત કરે છે તેની અસર એ છે કે કાયદો ઘડતી વખતે ન તો સંસદ કે ન તો કોઈ રાજ્યનું વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાથમિકતા આપી શકે છે અથવા

કોઈ ભેદભાવ કરી શકે છે. અનુચ્છેદ ૩૦૩ એ "સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" શબ્દો સાથે પૂર્ણ થાય છે. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના કેસમાં ન્યાયમૂર્તિ સુબ્બા રાવ દ્વારા આ શબ્દો અત્યંત વ્યાપક અર્થ ધરાવતા હોવાનું ઠેરવવામાં આવ્યું હતું. સાતમી અનુસૂચિમાં ખાસ કરીને વેપાર અને વાણિજ્યનો ઉલ્લેખ કરતી પ્રવિષ્ટિઓ સંઘ યાદીની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨, રાજ્ય યાદીની પ્રવિષ્ટિઓ ૨૬ અને ૨૭ તથા સમવર્તી યાદીની પ્રવિષ્ટિ ૩૩ છે. સંઘ યાદીની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨ નીચે મુજબ છે :

૪૧. વિદેશો સાથે વેપાર અને વાણિજ્ય; સીમાશુલ્ક સરહદો પાર આયાત અને નિકાસ; સીમાશુલ્ક સરહદોની વ્યાખ્યા.....

૪૨. આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય.

રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૨૬ નીચે મુજબ છે :

૨૬. યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ ની જોગવાઈઓને આધીન રાજ્યની અંદર વેપાર અને વાણિજ્ય.

૨૭. યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ ની જોગવાઈઓને આધીન માલસામાનનું ઉત્પાદન, પુરવઠો અને વિતરણ.

સમવર્તી યાદીની પ્રવિષ્ટિ ૩૩ નીચે મુજબ છે :

૩૩. નીચેની બાબતોમાં વેપાર અને વાણિજ્ય તથા તેનું ઉત્પાદન, પુરવઠો અને વિતરણ –

(એ) કોઈપણ ઉદ્યોગના ઉત્પાદનો જ્યાં સંસદ દ્વારા કાયદાથી જાહેર હિતમાં સંઘ દ્વારા આવા ઉદ્યોગનું નિયંત્રણ યોગ્ય હોવાનું જાહેર કરવામાં આવ્યું હોય, અને આવા ઉત્પાદનો જેવા જ પ્રકારનો આયાતી માલસામાન;

(બી) ખાદ્ય પદાર્થો, જેમાં ખાદ્ય તેલીબિયાં અને તેલનો સમાવેશ થાય છે;

(સી) ઢોરનો ઘાસચારો (પશુ આહાર), જેમાં ખોળ અને અન્ય સાંદ્ર પદાર્થોનો સમાવેશ થાય છે;

(ડી) કાચું કપાસ, ભલે તે લોઢેલું હોય કે વણલોઢેલું, અને કપાસિયા; અને

(ઈ) કાચો શણ.

૧૪૫. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના કેસમાં એવી દલીલ કરવામાં આવી હતી કે "સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓના આધારે" એ શબ્દપ્રયોગ "સદર પ્રવિષ્ટિઓના આધારે" શબ્દો કરતાં વધુ વ્યાપક અર્થ ધરાવે છે. તેથી, અનુચ્છેદ ૩૦૩ હેઠળ સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાંની કોઈપણ પ્રવિષ્ટિના આધારે ઘડવામાં આવેલો કોઈપણ કાયદો, જો તે વેપાર અને વાણિજ્ય સાથે સંબંધિત હોય, તો તે અપવાદ

હેઠળ આવરી લેવામાં આવશે. આ રજૂઆત સ્વીકારતા, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે નીચે મુજબ ઠેરવ્યું હતું :

> "૪૨...."કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિ" શબ્દો અત્યંત વ્યાપક અર્થ ધરાવે છે અને તેઓ ખૂબ જ ઉદાર અર્થઘટનને અવકાશ આપે છે. વપરાયેલ શબ્દપ્રયોગ આ અર્થઘટનને સમર્થન આપે છે. અપવાદનું કારણ પણ તેને પુષ્ટિ આપે છે. જે અનિષ્ટને ટાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે તેના દ્રષ્ટિકોણથી, પ્રથમદર્શી રીતે (એક્સ–ફેસી) વેપાર અને વાણિજ્યનો ઉલ્લેખ કરતી પ્રવિષ્ટિના આધારે ઘડવામાં આવેલા કાયદા અને વેપાર તથા વાણિજ્યને અસર કરતી કોઈપણ પ્રવિષ્ટિના આધારે ઘડવામાં આવેલા કાયદા વચ્ચે સિદ્ધાંતોના આધારે કોઈ ભેદ હોઈ શકે નહીં. ઉદાહરણ તરીકે, સંસદ દ્વારા રેલવે, ધોરીમાર્ગો, શિપિંગ વગેરે સંબંધિત પ્રવિષ્ટિઓ હેઠળ કાયદો ઘડવામાં આવી શકે છે. આ પ્રવિષ્ટિઓ સ્પષ્ટપણે વેપાર અને વાણિજ્યનો ઉલ્લેખ કરતી નથી, જોકે તેઓ વેપાર અને વાણિજ્યને પ્રત્યક્ષ રીતે અસર કરી શકે છે. જો રાજ્યો વચ્ચે પ્રાથમિકતા આપતો અથવા ભેદભાવ કરતો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૨૬ હેઠળ ઘડવામાં આવેલો કાયદો વાંધાજનક હોય, તો અન્ય કોઈપણ પ્રવિષ્ટિના આધારે ઘડવામાં આવે તો પણ તે વાંધાજનક હોવો જોઈએ. તેથી, હું ઠેરવીશ કે સદર ભેદભાવપૂર્ણ પ્રતિબંધો લાદતી કોઈપણ પ્રવિષ્ટિના આધારે સંસદ દ્વારા ઘડવામાં આવેલો કોઈપણ કાયદો સદર અનુચ્છેદ હેઠળ આવશે." (સદર, પૃષ્ઠ ૫૫૯–૫૬૦ પર)

૧૪૬. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહ, જેમણે પોતાના તરફથી અને ન્યાયમૂર્તિઓ રાજગોપાલ આયંગર અને મુધોલકર વતી અસંમત ચુકાદો આપ્યો હતો, તેમણે અનુચ્છેદ ૩૦૩ ની ભાષાનું સમાન અર્થઘટન અપનાવ્યું હતું. વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવ્યું હતું કે સાતમી અનુસૂચિમાં યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨, યાદી ૨ ની પ્રવિષ્ટિઓ ૨૬ અને ૨૭ તથા યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ ઉપરાંત આંતરરાજ્ય વેપારનું નિયમન કરતી અન્ય ઘણી પ્રવિષ્ટિઓ છે. તે સંદર્ભમાં, તેમણે અવલોકન કર્યું કે:

> "૧૦૩....અનુચ્છેદ ૩૦૩ ના 'વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે' શબ્દોનો અર્થ અમારા દ્વારા છેલ્લે જણાવવામાં આવેલી પાંચ પ્રવિષ્ટિઓ જ નહીં પરંતુ અન્ય પ્રવિષ્ટિઓ પણ છે, દા.ત., યાદી ૨ ની પ્રવિષ્ટિ ૮, યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૨૯, ૩૦, ૮૧, યાદી ૩ ની પ્રવિષ્ટિ ૨૯, ૧૫ (દરેક યાદીમાંથી માત્ર થોડીક પ્રવિષ્ટિઓનો ઉલ્લેખ કરીએ તો). આમ, એક હેતુ સિદ્ધ થાય છે જે સર્વોપરી છે એટલે કે વાણિજ્ય સત્તાઓનો ઉપયોગ, ભલે તે ગમે ત્યાંથી મેળવેલ હોય, એક રાજ્ય અને બીજા રાજ્ય વિધાનમંડળ વચ્ચે અથવા બંને સંયુક્ત રીતે કાર્ય કરતા હોય ત્યારે પ્રાથમિકતાઓ અને ભેદભાવ ઊભા કરવા માટે કરવાનો નથી. આ સંદર્ભમાં સત્તાની વિષયવસ્તુ અથવા તેના સ્ત્રોતનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થઈ શકતો નથી, કારણ કે આ નિષેધ આત્યંતિક (સંપૂર્ણ) છે. આ અનુચ્છેદ ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૫ ની કલમ ૨૯૭ કરતાં ઘણી આગળ વધે છે. સદર કલમમાં, નિષેધ માત્ર પ્રાંતીય

વિધાનમંડળ અથવા સરકાર સામે જ હતો. અહીં આ નિષેધ માત્ર આમને જ આવરી લેતો નથી પરંતુ તે સંસદ અને કેન્દ્રીય કારોબારી સામે પણ છે. કારોબારી અંગને સત્તાવિહીન કરવામાં આવ્યું છે, કારણ કે પ્રતિબંધોનો સ્ત્રોત 'કાયદો' હોવો જોઈએ અને જો કાયદો ઘડી શકાતો ન હોય, તો કારોબારી પગલું આપમેળે તેનાથી વધુ કંઈપણ વિના બિનઅસરકારક રહેશે. વધુમાં, કલમ ૨૯૭ માત્ર માલસામાન અને તેના પર ભેદભાવપૂર્ણ કરવેરા સાથે જ સંબંધિત હતી. સદર અનુચ્છેદ માત્ર માલસામાનના આવાગમન અથવા તેના કરવેરાને જ નહીં પરંતુ મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારમાં અંતર્ગત અન્ય તમામ બાબતોને પણ પોતાની સાથે આવરી લે છે."

૧૪૭. જોકે, એવી રજૂઆત કરવામાં આવી છે કે આ અર્થઘટન એમ.પી.વી. સુંદરરામિયર વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય[144] ના ચુકાદા પછી અપનાવવામાં આવેલી સ્થિતિથી વિપરીત હશે : તેના સમર્થનમાં, એવી રજૂઆત કરવામાં આવી છે કે સાતમી અનુસૂચિની યાદીઓમાં કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓ કરવેરા સિવાયની પ્રવિષ્ટિઓથી અલગ દર્શાવવામાં આવી છે. તેથી, એવી દલીલ કરવામાં આવી છે કે, અનુચ્છેદ ૩૦૩ ના શબ્દોનું કરવેરા સંબંધિત પ્રવિષ્ટિઓનો સમાવેશ કરવા માટે અર્થઘટન કરી શકાય નહીં. મૂળભૂત સિદ્ધાંતની બાબત તરીકે આ રજૂઆત સ્વીકારી શકાય નહીં. એમ.પી.વી. સુંદરરામિયરના ચુકાદામાં જે નિર્ધારિત કરવામાં આવ્યું છે તે એ છે કે સાતમી અનુસૂચિની યાદીઓમાં,

[144] એ.આઇ.આર. (૧૯૫૮) એસ.સી. ૪૬૮

કરવેરાના વિષયોને અલગ શીર્ષકો હેઠળ હાથ ધરવામાં આવ્યા છે. તેથી, કરના વિષયને બિન–કરવેરા પ્રવિષ્ટિ સાથે જોડી શકાય નહીં. એવું ઠેરવવામાં આવ્યું હતું કે :

> "૫૧. યાદી ૧ માં, પ્રવિષ્ટિઓ ૧ થી ૮૧ તે વિવિધ બાબતોનો ઉલ્લેખ કરે છે કે જેના પર કાયદો ઘડવાની સંસદ સત્તા ધરાવે છે. પ્રવિષ્ટિઓ ૮૨ થી ૯૨ તે કરવેરાઓની ગણતરી કરે છે જે સંસદના કાયદા દ્વારા લાદી શકાય છે. પ્રવિષ્ટિઓના આ બે જૂથોની ચકાસણી દર્શાવે છે કે જ્યારે કાયદા ઘડવાનો મુખ્ય વિષય પ્રથમ જૂથમાં સ્થાન પામે છે, ત્યારે તેના સંબંધમાં કર બીજા જૂથમાં અલગથી દર્શાવવામાં આવ્યો છે..... ઉપરોક્ત યોજનાના પ્રકાશમાં પ્રવિષ્ટિ ૪૨ નું અર્થઘટન કરતાં, એવા નિષ્કર્ષનો ઇનકાર કરવો મુશ્કેલ છે કે પ્રવિષ્ટિ ૪૨ હેઠળ આંતરરાજ્ય વેપાર અને વાણિંજ્ય પર કાયદો ઘડવાની સ  સદની સત્તામાં આવા વેપાર અને વાણિજ્ય દરમિયાન વેચાણ પર કર લાદવાની સત્તાનો સમાવેશ થતો નથી."

૧૪૮. આ સિદ્ધાંત અનુચ્છેદ ૩૦૩ ના શબ્દોના અર્થઘટન પર કોઈ અસર કરશે નહીં જે સંસદ અને રાજ્ય વિધાનમંડળોને સાતમી અનુસૂચિની કોઈપણ યાદીમાં "વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાથમિકતા આપવાથી અને એક રાજ્ય તથા બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરવાથી રોકે છે. આ શબ્દો એટલે કે "વેપાર અને વાણિજ્ય

સંબંધિત પ્રવિષ્ટિ" અત્યંત વ્યાપક અર્થ ધરાવે છે. કાયદામાં "સંબંધિત" શબ્દપ્રયોગનો જાણીતો અર્થ રહેલો છે જે તેના દાયરાને વિષય સાથે વાજબી રીતે નિકટવર્તી અથવા જોડાયેલી તમામ બાબતો સુધી વિસ્તૃત કરે છે. જ્યારે સંવિધાન અનુચ્છેદ ૩૦૩ હેઠળ એક રાજ્ય કરતાં બીજા રાજ્ય વચ્ચે બિન–ભેદભાવના સિદ્ધાંત અને પ્રાથમિકતા ન આપવાનો આદેશ આપે છે, ત્યારે તે શબ્દોને માત્ર અગાઉ નોંધેલી પ્રવિષ્ટિઓ (યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨, યાદી ૨ ની પ્રવિષ્ટિઓ ૨૬ અને ૨૭ તથા યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩) પૂરતા જ મર્યાદિત રાખવાનો કોઈ આધાર નથી.

૧૪૯. સંક્ષિપ્તમાં પુનરાવર્તન કરીએ તો, અનુચ્છેદ ૩૦૩ નો વ્યાપ માત્ર ઉપર જણાવેલી ચાર પ્રવિષ્ટિઓ પૂરતો જ મર્યાદિત છે તેવી રજૂઆત નીચેના કારણોસર સ્વીકારવા યોગ્ય ગણી શકાય નહીં :

(૧) અનુચ્છેદ ૩૦૩ માં મુખ્ય શબ્દપ્રયોગો "કોઈપણ કાયદો બનાવવાની સત્તા રહેશે" જે એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈપણ ભેદભાવ કરે છે અને "વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે" છે;

(૨) "કોઈપણ કાયદો બનાવવાની સત્તા" શબ્દપ્રયોગ તેના સ્પષ્ટ અને શાબ્દિક અર્થ મુજબ કરવેરા કાયદાઓનો સમાવેશ કરશે. આને "કરવેરા કાયદા સિવાયનો કોઈપણ કાયદો" તરીકે વાંચવા માટે કોઈ વાજબીપણું નથી;

(૩) "વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિ" શબ્દપ્રયોગ વ્યાપક મહત્વ ધરાવે છે, જેનો અર્થ તેની સાથે જોડાયેલ અથવા સંબંધ ધરાવતી કોઈ બાબત થાય છે. 'વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિ' શબ્દો વિસ્તૃત અર્થ ધરાવતા શબ્દો છે અને તેનું સંકુચિત અર્થઘટન કરી શકાય નહીં.

૧૫૦. સ્ટેટ ઓફ મદ્રાસ વિ. એન. કે. નટરાજ મુદલિયાર[145] માં, આ કોર્ટની બંધારણીય બેંચે, સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ ની જોગવાઈઓનું અર્થઘટન કરતી વખતે, એવી રજૂઆત પર વિચારણા કરી હતી કે અનુચ્છેદ ૩૦૩ ના અર્થમાં ધારાકીય યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓમાં વેપાર અને વાણિજ્ય પર કર લાદવા સંબંધિત પ્રવિષ્ટિઓનો સમાવેશ થશે નહીં. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૩૦૩ માંના શબ્દો યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨, યાદી ૨ ની પ્રવિષ્ટિઓ ૨૬ અને ૨૭ અને યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ પૂરતા જ સીમિત રાખવા જોઈએ. જોકે, આ મુદ્દો બંધારણીય બેંચ દ્વારા ખુલ્લો રાખવામાં આવ્યો હતો, જે નીચેના અંશો પરથી સ્પષ્ટ થાય છે :

"૧૨. રાજ્ય વતી એવી દલીલ કરવામાં આવી હતી કે અનુચ્છેદ ૩૦૩ હેઠળની સત્તાનો ઉપયોગ માત્ર સંસદની એવી સત્તાને પ્રતિબંધિત કરવા માટે જ થઈ શકે છે જે ધારાકીય યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિના આધારે ઉદ્ભવે છે અને એવી રજૂઆત કરવામાં આવી હતી કે વેપાર અને વાણિજ્ય પર કર લાદવા સંબંધિત પ્રવિષ્ટિ એ વેપાર અને

[145] (૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯

વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિ નથી અને તેથી કરવેરાની સત્તાના પ્રયોગ દ્વારા સંસદ પર સત્તા વાપરવા અથવા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાથમિકતા આપવાને અધિકૃત કરવા અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરવા કે ભેદભાવ કરવા અધિકૃત કરવા સામે કોઈ પ્રતિબંધ નથી. તે દલીલના સમર્થનમાં સુંદરરામિયર એન્ડ કંપની વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ મનુ/એસસી/૦૧૫૧/૧૯૫૮ : [૧૯૫૮] ૧ એસ.સી.આર. ૧૪૨૨ ના ચુકાદા પર આધાર રાખવામાં આવ્યો હતો જેમાં ન્યાયમૂર્તિ વેંકટરામ ઐયરે ધ્યાન દોર્યું હતું કે સાતમી અનુસૂચિની યાદી ૧ અને ૨ માં પ્રવિષ્ટિઓની યોજના હેઠળ, કોઈપણ બાબતના સંબંધમાં વાપરી શકાય તેવી કરવેરાની સત્તા એ તે બાબતના સંબંધમાં કાયદો ઘડવાની સત્તા કરતાં એક ભિન્ન સત્તા છે. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે "સાતમી અનુસૂચિમાંની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિ" એટલે કે સાતમી અનુસૂચિમાં યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨, યાદી ૩ ની પ્રવિષ્ટિઓ ૨૬ અને ૨૭ અને યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ શબ્દપ્રયોગ હતો, અને તે અન્ય કોઈ સુધી વિસ્તરતો નહોતો. બીજી તરફ, એવી દલીલ કરવામાં આવી હતી કે તમામ ધારાકીય પ્રવિષ્ટિઓ કે જે વેપાર અને વાણિજ્યને સીધી રીતે અસર કરે છે તે પણ "વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિ" શબ્દપ્રયોગના દાયરામાં આવે છે.....

૧૩. અમારી સમક્ષ દલીલ કરાયેલા બે પ્રશ્નો પર અમારે કોઈ અભિપ્રાય વ્યક્ત કરવાની જરૂર નથી. સાતમી અનુસૂચિની યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ યાદી ૧ ની પ્રવિષ્ટિઓ ૪૧ અને ૪૨, યાદી ૨ ની પ્રવિષ્ટિઓ ૨૬ અને ૨૭ અને યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૩ પૂરતી મર્યાદિત છે કે વેપાર અને વાણિજ્યને અસર કરતી તમામ સામાન્ય પ્રવિષ્ટિઓ સાથે સંબંધિત છે, તે પ્રશ્ન વર્તમાન કેસમાં સૈદ્ધાંતિક છે. તેમજ અનુચ્છેદ ૩૦૩ ના હેતુ માટે માલના વેચાણ અથવા ખરીદી પરના કર સંબંધિત પ્રવિષ્ટિઓ એટલે કે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૨(એ) અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ એ વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ છે કે કેમ તે નક્કી કરવાનું પણ અમે જરૂરી માનતા નથી, કારણ કે, અમારા મતે, રાજ્ય દ્વારા ઉઘરાવવામાં આવનાર અને જાળવી રાખવામાં આવનાર કર લાદવાના હેતુ માટે માત્ર ઘડવામાં આવેલો અધિનિયમ, માત્ર જુદા જુદા રાજ્યોમાં કરના ભિન્ન દરો પ્રવર્તે છે તેટલા માત્રથી, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાથમિકતા આપતો અથવા પ્રાથમિકતા આપવાને અધિકૃત કરતો, અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા ભેદભાવ કરવાને અધિકૃત કરતો કાયદો બનતો નથી."

૧૫૧. સ્ટેટ ઓફ તામિલનાડુ વિ. સીતાલક્ષ્મી મિલ્સ[146] માં બંધારણીય બેંચના ત્યારપછીના ચુકાદામાં, કરદાતાએ મદ્રાસ હાઈકોર્ટ સમક્ષ એવો દાવો કર્યો હતો કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ ની કલમ ૮(૨)(બી) હેઠળ સરકારને અથવા બિનનોંધાયેલ વેપારીઓને આંતરરાજ્ય વેપાર દરમિયાન થયેલા

[146] (૧૯૭૪) ૪ એસ.સી.સી. ૪૦૮

વેચાણના ટર્નઓવર પર ઊંચા દરે કર ચૂકવવા માટે તે જવાબદાર નહોતો, ભલે તેઓએ સી અને ડી ફોર્મ મેળવ્યા ન હોય, કારણ કે કલમ ૨(બી) સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૩(૧) નું ઉલ્લંઘન કરે છે. હાઇકોર્ટે તે દાવાઓ સ્વીકાર્યા હતા. અપીલમાં, બંધારણીય બેંચે અવલોકન કર્યું:

> "૮....સામાન્ય રીતે, માલના વેચાણ પરનો કર વેપારના મુક્ત પ્રવાહ અથવા સંચલનમાં સીધો દખલ કરતો નથી. પરંતુ કર એવો હોઈ શકે છે કે તેના દર અથવા અન્ય વિશેષતાઓને કારણે, તે માલના મુક્ત સંચલનને અવરોધવાનું કામ કરી શકે છે. સ્ટેટ ઓફ મદ્રાસ વિ. એન. કે. નટરાજ મુદલિયાર માં ન્યાયમૂર્તિ શાહ દ્વારા આપવામાં આવેલો બહુમતી ચુકાદો એ આધાર પર ચાલે છે કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ હેઠળનો કર તેના મૂળ સ્વરૂપમાં એક એવો કર છે જે વેપાર અને વાણિજ્યના સંચલનને અવરોધે છે, પરંતુ પ્રશ્નવાળા કેસમાં લાદવામાં આવેલો કર ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓ દ્વારા બચી ગયો હતો. કોર્ટે ત્યારે જણાવ્યું હતું કે કર લાદવાની સત્તાનો ઉપયોગ સામાન્ય રીતે લોકહિતમાં હોવાનું માની લેવામાં આવશે અને સંસદ અનુચ્છેદ ૩૦૨ હેઠળ એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં લોકહિતમાં જરૂર જણાય તે મુજબ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા સક્ષમ હોવાથી, સદર કર બચી ગયો હતો. ...

૯. આ કેસમાં ન્યાયમૂર્તિ બછાવતે તેમના ચુકાદામાં જણાવ્યું હતું કે જો રાજ્ય–અંદરના વેચાણ પરનો કર અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો ન હોય, તો તાર્કિક રીતે, આંતરરાજ્ય વેચાણ પરનો કર પણ તેમ કરી શકે નહીં, કે કર એ વેપારના મુક્ત પ્રવાહ પર અથવા દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં માલના મુક્ત સંચલન અથવા પરિવહન પર સીધી કે તાત્કાલિક અસર કરતો નથી, કર એ વેચાણ પર છે, અને સંચલન એ વેચાણનું આનુષંગિક અને પરિણામ છે. તેમણે વધુમાં અવલોકન કર્યું કે એમ માની લેવામાં આવે તો પણ કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ અનુચ્છેદ ૩૦૧ ના વ્યાપમાં આવે છે, તો પણ તે ઓક્ઝસપણે સંસદ દ્વારા લોકહિતમાં બનાવવામાં આવેલો કાયદો છે અને અનુચ્છેદ ૩૦૨ દ્વારા બચી જાય છે.....

૧૦. અગાઉ જણાવ્યા મુજબ, કલમ ૮(૨)(બી) જાહેર કરાયેલ માલ સિવાયના અન્ય માલના વેચાણ સાથે સંબંધિત છે અને તે નોંધાયેલા વેપારીઓ અથવા સરકારો સિવાયની વ્યક્તિઓને માલના આંતરરાજ્ય વેચાણ પૂરતી મર્યાદિત છે. નિયત કરાયેલ કરનો દર ૧૦ ટકા અથવા સંબંધિત રાજ્યની અંદર માલના વેચાણ અથવા ખરીદી પર લાદવામાં આવેલ કરનો દર, બેમાંથી જે વધારે હોય તે છે. ટેક્સેશન ઇન્ક્વાયરી કમિટીનો અહેવાલ દર્શાવે છે કે આ જોગવાઈ ઘડવાનું મુખ્ય કારણ નોંધાયેલા વેપારીઓ મારફતે આંતરરાજ્ય વેપારનું માર્ગીકરણ કરવાનું હતું, જેમના પર સંબંધિત સરકારનું ઘણું નિયંત્રણ હોય છે અને આમ કરચોરી અટકાવવાનું હતું:

"જ્યાં એક રાજ્યના નોંધાયેલા વેપારીઓ અને બીજા રાજ્યના બિનનોંધાયેલા વેપારીઓ અથવા ગ્રાહકો વચ્ચે વ્યવહારો થાય છે, ત્યાં કર લાદવાનો આ નીચો દર યોગ્ય રહેશે નહીં, કારણ કે તે અનુચ્છેદ ૨૮૬ ની વર્તમાન જોગવાઈઓએ કર્યું છે તેટલા જ વત્તાઓછા અંશે કરચોરીને પ્રોત્સાહિત કરે તેવી સંભાવના છે. જો આ અટકાવવું હોય, તો એ જરૂરી છે કે આ પ્રકારના વ્યવહારો પર તે જ દરે કરપાત્ર હોવા જોઈએ જે નિકાસ કરતા રાજ્યો તેમના પોતાના પ્રદેશોમાં સમાન વ્યવહારો પર લાદે છે. આયાત કરતા રાજ્યના બિનનોંધાયેલા વેપારીઓ અને ગ્રાહકો સ્થાનિક રીતે ખરીદેલી ચીજવસ્તુઓના ગ્રાહકો કરતાં કોઈપણ લાભ મેળવવામાં અસમર્થ રહેશે, તેમજ અલબત્ત તેઓ, આ પદ્ધતિ હેઠળ, કરવેરામાંથી સંપૂર્ણપણે બચી શકશે નહીં, જેમ કે હાલમાં તેમનામાંથી ઘણા કરે છે." [જુઓ ટેક્સેશન ઇન્ક્વાયરી કમિશનનો અહેવાલ, ૧૯૫૩–૫૪, ભાગ ૩, પૃષ્ઠ ૫૭].....

બીજા શબ્દોમાં કહીએ તો, બિનનોંધાયેલા વેપારીઓને આંતરરાજ્ય વેચાણને નિરુત્સાહિત કરવા માટે જ સંસદે કરનો ઊંચો દર, એટલે કે ૧૦ ટકા પૂરો પાડ્યો હતો. પરંતુ જો આવા માલના રાજ્ય–અંદરના વેચાણ પર લાગુ પડતો દર ૧૦ ટકાથી વધુ હોય તો તેનાથી પણ હેતુ સિદ્ધ થઈ શકે નહીં. ત્યારે ૧૦ ટકાનો દર અનુકૂળ રહેશે અને સ્થાનિક ગ્રાહકોની સરખામણીમાં તેઓ લાભની સ્થિતિમાં રહેશે. આ કારણે જ સંસદે, ધારાકીય નીતિની બાબત તરીકે,

જોગવાઈ કરી હતી કે કરનો દર ૧૦ ટકા અથવા રાજ્ય–અંદરના વેચાણને લાગુ પડતો દર, બેમાંથી જે વધારે હોય તે રહેશે.....

૧૧. જો કરચોરી અટકાવવી એ લોકહિતનું એક પગલું હોય, તો તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે સંસદ અનુચ્છેદ ૩૦૨ હેઠળ તે હેતુ માટે જોગવાઈ કરવા સક્ષમ છે, ભલે તે જોગવાઈ આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય પર નિયંત્રણો લાદતી હોય." (સદર, પૃષ્ઠ ૪૧૩–૪૧૪ પર)

પરિણામે આ કાનૂની જોગવાઈને એ કારણસર માન્ય રાખવામાં આવી હતી કે લોકહિતમાં કરચોરી અટકાવવાના એક પગલા તરીકે, સંસદ તેને અનુચ્છેદ ૩૦૨ હેઠળ ઘડવા માટે સક્ષમ હતી, ભલે તે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણ મૂકતી હોય.

એચ.૩.૩ અનુચ્છેદ ૩૦૪ નું અર્થઘટન

૧૫૨. વર્તમાન કેસમાં ખૂબ મહત્વ ધરાવતો મુદ્દો એ છે કે શું એવી પૂર્વધારણા કરવી યોગ્ય રહેશે કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળના ભેદભાવપૂર્ણ કર સિવાય અને બાદ કરતાં, કરવેરા ભાગ ૧૩ ના ક્ષેત્ર અને દાયરાની બહાર રહેશે. જો આ રજૂઆત સ્વીકારવામાં આવે, તો તેનું અનિવાર્ય પરિણામ એ આવશે કે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પરિકલ્પિત સ્વરૂપનો માત્ર ભેદભાવપૂર્ણ કર જ અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતાની બાંહેધરીનો ભંગ કરશે. બિન–ભેદભાવપૂર્ણ કર ભાગ ૧૩ ના દાયરાની બહાર રહેશે. એકવાર કોઈ કર અનુચ્છેદ ૩૦૪(એ) ના માપદંડોને પૂર્ણ કરે, પછી તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનો

ભંગ કરશે નહીં. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) ને – દલીલના સંદર્ભમાં વૈકલ્પિક રીતે ગણવા પડશે અને ખંડ (એ) સાથે સુસંગત હોય તેવા કરને ખંડ (બી) ની જરૂરિયાતો પૂર્ણ કરવાની જરૂર રહેશે નહીં.

૧૫૩. ન્યાયમૂર્તિ જી. પી. સિંહ તેમના પ્રખ્યાત ગ્રંથ, 'પ્રિન્સિપલ્સ ઓફ સ્ટેચ્યુટરી ઇન્ટરપ્રિટેશન'[147] માં જણાવે છે કે બંધારણીય જોગવાઈઓની હાંસિયાની નોંધો, અર્થઘટનની બાબત તરીકે, સંવિધાનનો એક ભાગ ગણવામાં આવે છે અને જોગવાઈના અર્થ અંગે કેટલુંક માર્ગદર્શન પૂરું પાડે છે:

> "સંવિધાનના અનુચ્છેદો સાથે જોડાયેલી હાંસિયાની નોંધો બંધારણ સભા દ્વારા પસાર કરાયેલા સંવિધાનનો ભાગ બનતી હોવાનું ઠેરવવામાં આવ્યું છે અને તેથી અનુચ્છેદોના અર્થઘટન કરવામાં, દા.ત. અનુચ્છેદ ૨૮૬, 'પ્રથમદર્શી રીતે', 'અનુચ્છેદના અર્થ અને હેતુ અંગે કેટલીક કડી' પૂરી પાડવા તરીકે તેમનો ઉપયોગ કરવામાં આવ્યો છે."

જ્યારે અનુચ્છેદ ૩૦૧ એવી જોગવાઈ કરે છે કે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે, ત્યારે આ બાંહેધરી ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન બનાવવામાં આવી છે. ભાગ ૧૩ માં એક તરફ "ને આધીન" અને બીજી તરફ "કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં" બંને શબ્દપ્રયોગોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. "ને આધીન"

---

[147] ૧૪મી આવૃત્તિ, પૃષ્ઠ ૧૯૦- ફૂટનોટ ૯૧ માં. બંગાળ ઇમ્યુનિટી કંપની લિ. વિ. સ્ટેટ ઓફ બિહાર, એ.આઇ.આર. ૧૯૫૫ એસસી ૬૬૧, પૃષ્ઠ ૬૭૬ : (૧૯૫૫) ૨ એસ.સી.આર. ૬૦૩. ગોલકનાથ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઇ.આર. ૧૯૬૭ એસસી ૧૬૪૩, પૃષ્ઠ ૧૬૫૮ : ૧૯૬૭ (૨) એસ.સી.આર. ૭૬૨ પણ જુઓ, જ્યાં અનુચ્છેદ ૩૬૮ ની હાંસિયાની નોંધનો સંદર્ભ લેવામાં આવ્યો હતો.

શબ્દપ્રયોગનો એક જાણીતો કાનૂની અર્થ છે જે દર્શાવે છે કે એક જોગવાઈ બીજી જોગવાઈ અથવા અન્ય જોગવાઈઓ કે જેને તે આધીન બનાવવામાં આવી છે તેને માર્ગ આપે છે. આ સિદ્ધાંત સાઉથ ઇન્ડિયન કોર્પોરેશન (પ્રા.) લિ. વિ. બોર્ડ ઓફ રેવન્યુ[148] માં આ કોર્ટના ચુકાદામાં પ્રતિપાદિત કરવામાં આવ્યો છે.

૧૫૪. સ્ટેટ ઓફ બોમ્બે વિ. ધ યુનાઇટેડ મોટર્સ (ઇન્ડિયા) લિ.[149] માં, મુખ્ય ન્યાયમૂર્તિ પતંજલિ શાસ્ત્રીએ, બંધારણીય બેંચ વતી બોલતા, બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની રાજ્યોની સત્તાઓને અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા ગૌણ હોવા અંગે જણાવ્યું હતું. વિદ્વાન ન્યાયમૂર્તિએ ઠેરવેલ કે :

> "૧૧....એ જોવામાં આવશે કે અનુચ્છેદ ૩૦૧ માં જાહેર કરાયેલ આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત સાથી રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાની રાજ્યની સત્તાને સ્પષ્ટપણે ગૌણ બનાવવામાં આવ્યો છે, શરત માત્ર એટલી છે કે સ્થાનિક મૂળના સમાન માલની તરફેણમાં કોઈ ભેદભાવ કરવામાં ન આવે. આમ ભારતના રાજ્યો પાસે પરિચિત મિલકત વેરા ઉપરાંત, અમેરિકન રાજ્ય કાયદામાં જેને ઉપયોગ કર, કુલ આવક કર વગેરે કહેવામાં આવે છે તે લાદવાની સંપૂર્ણ સત્તા છે, માત્ર એ શરતે કે આવો કર કર લાદતા રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન પ્રકારના તમામ માલ પર લાદવામાં આવે, જોકે આવા કરવેરા નિઃશંકપણે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યને અવરોધવા માટે ગણતરી કરાયેલા છે. બીજા શબ્દોમાં કહીએ તો, સાથી

[148] (૧૯૬૪) ૪ એસ.સી.આર. ૨૮૦
[149] (૧૯૫૩) ૪ એસ.સી.આર. ૧૦૬૯

રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર "કોઈપણ" બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાની રાજ્યની સત્તા સમક્ષ ભારતની વ્યાપારી એકતાને નમતું જોખવું પડે છે." (સદર, પૃષ્ઠ ૧૦૮૧ પર)

૧૫૫. અનુચ્છેદ ૩૦૪ એક નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈથી શરૂ થાય છે જે અનુચ્છેદ ૩૦૧ અથવા ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં અમલમાં આવે છે. આ પ્રકારની નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈ એક વિશિષ્ટ અર્થ ધરાવે છે. ચંદાવરકર સીતા રત્ન રાવ વિ. આશાલતા એસ. ગુરમ[150] માં, આ કોર્ટે ઠેરવેલ કે:

"૬૮...એ સુસ્થાપિત છે કે 'કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં' શબ્દપ્રયોગ 'ને આધીન' શબ્દસમૂહથી તદ્દન વિપરીત છે, જે પાછળનો શબ્દસમૂહ એક જોગવાઈ અન્ય જોગવાઈ અથવા અન્ય જોગવાઈઓ કે જેને તે આધીન કરવામાં આવી છે તેને સ્થાન આપે છે તેવો વિચાર વ્યક્ત કરે છે." (સદર, પૃષ્ઠ ૪૭૮ પર)

સાઉથ ઇન્ડિયા કોર્પોરેશન વિ. બોર્ડ ઓફ રેવન્યુ[151] માં, સંવિધાનના અનુચ્છેદ ૩૭૨ અને ૨૭૮ નું અર્થઘટન કરતી વખતે, આ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે "સંવિધાનમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં" શબ્દસમૂહ એ 'સંવિધાનના અન્ય અનુચ્છેદો હોવા છતાં' અથવા એવું કહેવાની સમકક્ષ છે કે અન્ય અનુચ્છેદો તે ચોક્કસ અનુચ્છેદના અમલમાં અવરોધરૂપ બનશે નહીં.

[150] (૧૯૮૬) ૪ એસ.સી.સી. ૪૪૭
[151] (૧૯૬૪) ૪ એસ.સી.આર. ૨૮૦

૧૫૬. અનુચ્છેદ ૩૦૧ ને લાગુ કરવામાં અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈનો ઉપયોગ ચર્ચાસ્પદ રહ્યો છે. તે એટલા માટે કારણ કે જ્યારે અનુચ્છેદ ૩૦૧ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાંહેધરીને ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓને આધીન બનાવે છે, ત્યારે અનુચ્છેદ ૩૦૪ એક નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈથી શરૂ થાય છે જે અનુચ્છેદ ૩૦૧ માં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં અમલમાં આવે છે. આ બંને જોગવાઈઓનું વાજબી અર્થઘટન અથવા અર્થ કરવો પડશે. તે મુજબ અર્થઘટન કરતાં, અનુચ્છેદ ૩૦૪, તેની નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈમાં, અર્થ એ થવો જોઈએ કે તે ખંડ (એ) અને (બી) દ્વારા જે પરિકલ્પિત છે તેને મંજૂરી આપશે, ભલે તે અન્યથા અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાના દાયરામાં આવતું હોય. તેવી જ રીતે, અનુચ્છેદ ૩૦૩ ને લાગુ કરવામાં, અનુચ્છેદ ૩૦૪ માંની નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈ દર્શાવે છે કે અનુચ્છેદ ૩૦૩ માં સમાવિષ્ટ મનાઈ હોવા છતાં, રાજ્ય વિધાનમંડળ આ જોગવાઈના દાયરામાં આવતી બાબતનું કંઈક કરવા માટે સક્ષમ છે. અનુચ્છેદ ૩૦૪ ની નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈ ત્યારપછી આવતા ખંડ (એ) અને (બી) બંનેનું નિયમન કરે છે. ખંડ (એ) ના આધારે, રાજ્યનું વિધાનમંડળ, અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓ હોવા છતાં, બિન–ભેદભાવપૂર્ણ કર લાદી શકે છે. એ નોંધવું જરૂરી છે કે કર લાદવાની સત્તા અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) દ્વારા આપવામાં આવેલી નથી પરંતુ તે એક એવી સત્તા છે જે રાજ્ય યાદીમાંની ધારાકીય પ્રવિષ્ટિઓ સાથે વાંચતા સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ રાજ્યોની કાયદાકીય સત્તામાં શોધી શકાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) એ સ્પષ્ટ

સંકેત છે કે જોકે કર અનુચ્છેદ ૩૦૧ ના અર્થમાં નિયંત્રણ બની શકે છે, તેમ છતાં બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો રાજ્ય વિધાનમંડળ માટે માન્ય છે. અનુચ્છેદ ૩૦૪(એ) એક એવા પ્રતિબંધને હટાવે છે જે નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈ ન હોત તો અસ્તિત્વમાં રહ્યો હોત. જોકે, અનુચ્છેદ ૩૦૪(એ) આદેશ આપે છે કે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર જે કર લાદવામાં આવી રહ્યો છે તે એવો કર હોવો જોઈએ કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય. વધુમાં, સદર કર આયાત કરાયેલા માલ અને તે રીતે નિર્મિત તથા ઉત્પાદિત માલ વચ્ચે ભેદભાવ કરશે નહીં.

એચ.૩.૪ સંયોજક કે વિયોજક: ‘કરી શકશે’; ‘અને’

૧૫૭. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) “અને” શબ્દપ્રયોગના ઉપયોગ દ્વારા અલગ કરવામાં આવ્યા છે. મુદ્દો એ છે કે શું “અને” શબ્દપ્રયોગનું અર્થઘટન સંયોજક તરીકે કરવું જોઈએ કે વિયોજક તરીકે. ખંડ (બી) રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદા હેઠળ તે રાજ્ય સાથેના અથવા તેની અંદરના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં જરૂરી હોય તેવા વાજબી નિયંત્રણો લાદવાની વિચારણા કરે છે. પરંતુક માત્ર ખંડ (બી) ના સંબંધમાં જ લાગુ પડે છે અને ખંડ (એ) ને નહીં. તે એવી શરત મૂકે છે કે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં ખંડ (બી) ના હેતુઓ માટે કોઈ વિધેયક અથવા સુધારો દાખલ કરવામાં આવશે નહીં અથવા રજૂ

કરવામાં આવશે નહીં. જોકે પરંતુકના આ આદેશનું નિવારણ અનુચ્છેદ ૨૫૫ હેઠળ થઈ શકે છે જે નીચે મુજબ જોગવાઈ કરે છે :

> "અનુચ્છેદ ૨૫૫ : સંસદનો કે રાજ્યના વિધાનમંડળનો કોઈ અધિનિયમ અને આવા કોઈપણ અધિનિયમની કોઈ જોગવાઈ માત્ર એ કારણસર અમાન્ય ગણાશે નહીં કે આ સંવિધાન દ્વારા જરૂરી એવી કેટલીક ભલામણ અથવા પૂર્વ મંજૂરી આપવામાં આવી ન હતી, જો તે અધિનિયમને સંમતિ આપવામાં આવી હોય–
>
> (એ) જ્યાં જરૂરી ભલામણ રાજ્યપાલની હતી, ત્યાં રાજ્યપાલ દ્વારા અથવા રાષ્ટ્રપતિ દ્વારા;
>
> (બી) જ્યાં જરૂરી ભલામણ અથવા પૂર્વ મંજૂરી રાષ્ટ્રપતિની હતી, ત્યાં રાષ્ટ્રપતિ દ્વારા."

તેથી, વિધેયક દાખલ કરતાં પહેલાં અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ જરૂરી પૂર્વ મંજૂરી મેળવવામાં ન આવી હોય તો પણ, જો વિધાનમંડળ દ્વારા પસાર કરાયેલા અધિનિયમને રાષ્ટ્રપતિ દ્વારા સંમતિ આપવામાં આવે તો આ ખામીનું નિવારણ થઈ શકે છે.

૧૫૮. અનુચ્છેદ ૩૦૪ એવી જોગવાઈ કરે છે કે રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા (એ) ખંડ (એ) માં જણાવ્યા મુજબ બિન–ભેદભાવપૂર્ણ કર લાદી શકશે; અને (બી) વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર

વાજબી નિયંત્રણો લાદી શકશે. અનુચ્છેદ ૩૦૪ ના પ્રારંભિક ભાગમાં રહેલા 'કરી શકશે' શબ્દપ્રયોગને ખંડ (એ) અને (બી) ને અલગ પાડતા 'અને' શબ્દપ્રયોગ સાથે મળીને વાંચવો પડશે. 'કરી શકશે' શબ્દપ્રયોગનો ઉપયોગ એ આશયનો સંકેત આપે છે કે રાજ્યનું વિધાનમંડળ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે બંધાયેલ નથી (જોકે જો તે તેમ કરે છે, તો તે કર બિન–ભેદભાવપૂર્ણ હોવો જોઈએ). તેવી જ રીતે, રાજ્ય વિધાનમંડળ પાસે ખંડ (બી) હેઠળ નિયંત્રણો લાદવાની સમર્થકારી સત્તા છે. વિધાનમંડળ તેમ 'કરી શકશે'. કર લાદવો કે નિયંત્રણ લાદવું તે અંગે તેની પાસે વિવેકબુદ્ધિ છે અને તે તેમ કરવા બંધાયેલ નથી.

૧૫૯. 'અને' શબ્દ સામાન્ય રીતે સંયોજક અર્થમાં વપરાય છે (જી. પી. સિંહ, ઇન્ટરપ્રિટેશન ઓફ સ્ટેચ્યુટ્સ[152]). જોકે, હંમેશા આવું હોતું નથી. 'કરી શકશે' શબ્દપ્રયોગના ઉપયોગ સાથે જોડીને જોતાં, અનુચ્છેદ ૩૦૪ માં 'અને' શબ્દપ્રયોગનું અર્થઘટન 'અને/અથવા' થવું જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો, રાજ્યનું વિધાનમંડળ અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) નો અથવા તે બંનેમાંથી કોઈપણ એકનો આશરો લઈ શકે છે.

૧૬૦. જ્યારે 'કરી શકશે' અને 'અને' શબ્દપ્રયોગો એકસાથે વાપરવામાં આવે છે ત્યારે કાનૂની અર્થઘટનની બારીકીઓ રૂથ સુલિવન દ્વારા "સ્ટેચ્યુટરી ઇન્ટરપ્રિટેશન" માં સંક્ષિપ્તમાં રજૂ કરવામાં આવી છે. કાનૂની સ્થિતિનું નિવેદન આ મુજબ છે:

[152] સદર, પૃષ્ઠ ૫૩૦ પર

"૨) "અને" અને "અથવા"

એ) સંયુક્ત અથવા સંયુક્ત અને પૃથક "અને"

"અને" અને "અથવા" બંને સહજ રીતે સંદિગ્ધ છે. "અને" હંમેશા એ અર્થમાં સંયોજક હોય છે કે તે હંમેશા "અને" ની પહેલાં અને પછી સૂચિબદ્ધ શક્યતાઓના સંચયનો સંકેત આપે છે. જોકે, "અને" એ બાબતમાં સંદિગ્ધ છે કે તે સંયુક્ત અથવા સંયુક્ત અને પૃથક હોઈ શકે છે. સંયુક્ત "અને" ના કિસ્સામાં, દરેક સૂચિબદ્ધ શક્યતાનો સમાવેશ થવો આવશ્યક છે: (એ) અને (બી) બંને; (એ), (બી) અને (સી) તમામ. સંયુક્ત અને પૃથક "અને" ના કિસ્સામાં, તમામ શક્યતાઓનો સમાવેશ થઈ શકે છે, પરંતુ તેમ થવું આવશ્યક નથી: (એ) અથવા (બી) અથવા બંને; (એ) અથવા (બી) અથવા (સી), અથવા કોઈપણ બે, અથવા ત્રણેય. બીજા શબ્દોમાં કહીએ તો, સંયુક્ત અને પૃથક "અને" એ "અને/અથવા" ની સમકક્ષ છે.....

કયો અર્થ યોગ્ય છે તે સંદર્ભ પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે, જ્યારે સત્તાઓની યાદીમાં અંતિમ બાબત પહેલાં "અને" નો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે સંયુક્ત અને પૃથક હોય છે:

આ અધિનિયમના હેતુઓને પાર પાડવા માટે, ગવર્નર ઇન કાઉન્સિલ નીચેની બાબતો અંગે વિનિયમો બનાવી શકશે

(એ) જે શરતો પર લાયસન્સ આપી શકાય;

(બી) હથિયાર વિક્રેતાઓ દ્વારા જે માહિતી અને ફી પૂરી પાડવી જરૂરી હોઈ શકે; અને

(સી) હથિયારના માલિકો પાસેથી જે વાર્ષિક ફી વસૂલ કરી શકાય.....

આ જોગવાઇમાં ગવર્નર ઇન કાઉન્સિલને સૂચિબદ્ધ વિષયો પૈકીના કોઈપણ એક અથવા વધુ પર વિનિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે. જોકે, જો "કરી શકશે" ની જગ્યાએ "કરશે" મૂકવામાં આવે તો શું થાય છે તેની નોંધ લો. જો ગવર્નર ઇન કાઉન્સિલ માટે (એ) શરતો (બી) માહિતી અને (સી) ફી અંગે વિનિયમો બનાવવાનું ફરજિયાત હોય, તો સંયુક્ત અને પૃથક "અને" એ સંયુક્ત બની જાય છે".

અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં, પ્રારંભિક ભાગમાં 'કરી શકશે' શબ્દપ્રયોગનો ઉપયોગ, ખંડ (એ) અને (બી) ને અલગ પાડતા 'અને' સાથે મળીને, એ દર્શાવે છે કે સાચો અર્થ અને આશય સંયુક્ત તેમજ પૃથક અને/અથવા દ્વારા વ્યક્ત થાય છે. રાજ્ય વિધાનમંડળ ખંડ (એ) હેઠળ આવતો કર તેમજ ખંડ (બી) હેઠળ આવતું વાજબી નિયંત્રણ લાદી શકે છે. વૈકલ્પિક રીતે તે તેમાંથી કોઈપણ એક લાદી શકે છે. આ સમર્થકારી જોગવાઈઓ હોવાથી, વિધાનમંડળ બંનેમાંથી કોઈપણનો આશરો ન પણ લે. જોકે, જ્યારે તે કર અને/અથવા નિયંત્રણ લાદે છે, ત્યારે રાજ્ય વિધાનમંડળે અનુક્રમે ખંડ (એ) અને (બી) ની શરતોનું પાલન કરવું પડશે.

એચ.૩.૫ અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાનું સમગ્ર ક્ષેત્ર નથી

૧૬૧. રાજ્યોની રજૂઆત એવી છે કે અનુચ્છેદ ૩૦૪(એ) એ એકમાત્ર એવી જોગવાઈ છે જે સ્પષ્ટપણે કરના પગલાં સાથે વ્યવહાર કરે છે અને ખંડ (બી) નું કર લાદવાને આવરી લેવા માટે ક્યારેય અર્થઘટન કરી શકાય નહીં. આ રજૂઆત એક કરતાં વધુ તર્ક પર આધારિત છે. પ્રથમ, એવી રજૂઆત કરવામાં આવી છે કે જ્યારે અનુચ્છેદ ૩૦૪ અલગ–અલગ શબ્દપ્રયોગો, કર અને નિયંત્રણો વાપરે છે, ત્યારે નિયંત્રણોના દાયરામાં કરને લાવવા માટે કોઈ કારણ કે ઔચિત્ય નથી. બીજું, એવી રજૂઆત કરવામાં આવી છે કે અનુચ્છેદ ૩૦૪(એ) નો ખંડ (બી) જાહેર હિતમાં વાજબી નિયંત્રણ લાદવાની કલ્પના કરે છે. એવી રજૂઆત કરવામાં આવી છે કે કરવેરા જાહેર હિતમાં હોવાનું માની લેવામાં આવે છે. ત્રીજું, એવી રજૂઆત કરવામાં આવી છે કે અનુચ્છેદ ૧૯ ના સંદર્ભમાં, આ કોર્ટના ચુકાદાઓએ ઠેરવ્યું છે કે અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળની ખાતરી કરવેરામાંથી કોઈ મુક્તિ આપતી નથી.

૧૬૨. અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા ભેદભાવયુક્ત કર પ્રતિબંધિત છે. ભાગ ૧૩ ના હેતુઓ માટે અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાના સમગ્ર ક્ષેત્ર માટે સર્વગ્રાહી નથી તે દર્શાવવા માટે બંધારણીય લખાણમાં આંતરિક સામગ્રી રહેલી છે. પ્રથમ, અનુચ્છેદ ૩૦૪(એ) એવી જોગવાઈ કરે છે કે રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદી શકશે કે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા થયેલા સમાન

માલ પર લાદવામાં આવેલ હોય. ખંડ (એ) નો દાયરો માલ પરના કરનો છે, જેમાં માલનું મૂળ સ્થાન કર લાદનાર રાજ્ય સિવાયનું અન્ય રાજ્ય હોય છે. અનુચ્છેદ ૩૦૧ (જેના પર અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ નોન–ઓબસ્ટેન્ટે ખંડ અમલમાં આવે છે) ભૌગોલિક વ્યાપ ધરાવે છે જે ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વિસ્તરે છે. અનુચ્છેદ ૩૦૧ માત્ર રાજ્યોની સીમાઓ પાર જ નહીં પરંતુ ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગની અંદર પણ સમાન રીતે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની ખાતરી આપે છે. જો વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા ભેદભાવયુક્ત કર દ્વારા પ્રતિબંધિત થાય — જેમ કે અનુચ્છેદ ૩૦૪(એ) પૂર્વધારણા કરે છે — તો તે જ તર્ક અનુસાર રાજ્યની અંદર આંતરિક હેરફેર પર ભેદભાવયુક્ત કર લાદવો એ અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનો ભંગ કરવો જોઈએ. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના કરને જ આવરી લેતો હોવાથી, રાજ્યની સીમાઓ પાર ન કરતા માલ પરનો ભેદભાવયુક્ત કર અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરામાં આવશે નહીં. છતાં તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે. રાજ્ય પાસે તેમ કરવા માટે અથવા આવો કર લાદવા માટે જાહેર હિતમાં સંભવતઃ કોઈ વાજબી સમર્થન હોઈ શકે છે અને જો તેણે તેમ કરવું હોય, તો તેણે અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતો પૂર્ણ કરવી પડશે. જો અનુચ્છેદ ૩૦૪(બી) નું કરનો સમાવેશ ન કરતું હોવાનું અર્થઘટન કરવામાં આવે, તો રાજ્યનું હિત ગમે તેટલું વાજબી હોય છતાં પણ આવી કાર્યવાહી પ્રતિબંધિત થઈ જશે.

૧૬૩. એક બીજું કારણ છે કે શા માટે ભાગ ૧૩ ની ભાષા અને યોજના એવા નિષ્કર્ષ પર દોરી જવી જોઈએ કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા વિચારાયેલા પ્રકારના ભેદભાવયુક્ત કર જ આ ભાગના દાયરામાં આવતા નથી. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર માલ પરના કરને જ આવરી લે છે (ઉપર જોયા મુજબ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ). રાજ્ય વિધાનમંડળ દ્વારા માલ સિવાય અન્ય બાબત પર લાદવામાં આવેલ કર અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરામાં આવતો નથી. સાતમી અનુસૂચિની યાદી ૨ ની કરવેરા સંબંધી પ્રવિષ્ટિઓમાં માલ પરના કર સિવાય રાજ્ય વિધાનમંડળોની ધારાકીય સક્ષમતામાં આવતા વિવિધ કરોનો સમાવેશ થાય છે. યાદી ૨ ની કરવેરા સંબંધી પ્રવિષ્ટિઓ (પ્રવિષ્ટિ ૪૬ થી ૬૨) પૈકી ઘણી એવી છે જે માલના કરવેરાના પાસાઓ સાથે વ્યવહાર કરે છે. તેમાં પ્રવિષ્ટિ ૫૧ ((૧) માનવ વપરાશ માટેના આલ્કોહોલિક દારૂ; અને (૨) રાજ્યમાં ઉત્પાદિત અને પેદા થયેલા અફીણ, શણ અને અન્ય માદક દ્રવ્યો અને નાર્કોટિક્સ પર આબકારી જકાત અને ભારતમાં અન્યત્ર ઉત્પાદિત કે પેદા થયેલા સમાન માલ પર કાઉન્ટરવેલિંગ જકાતની જોગવાઈ); પ્રવિષ્ટિ ૫૨ (વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પરના કર); પ્રવિષ્ટિ ૫૩ (વીજળીના વપરાશ અને વેચાણ પરના કર); પ્રવિષ્ટિ ૫૪ (યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૨(એ) ને આધીન રહીને વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પરના કર); પ્રવિષ્ટિ ૫૬ (માર્ગ દ્વારા અથવા આંતરદેશીય જળમાર્ગો પર લઈ જવાતા માલ પરના કર); પ્રવિષ્ટિ ૫૭ (યાદી ૩ ની પ્રવિષ્ટિ ૩૫ ને આધીન રહીને રસ્તાઓ

પર ઉપયોગ માટે યોગ્ય, યાંત્રિક રીતે ચાલતા કે ન ચાલતા વાહનો પરના કર) અને પ્રવિષ્ટિ ૫૮ (બોટ પરના કર) નો સમાવેશ થાય છે. માલ સિવાય અન્ય પરના કર સાથે સંબંધિત પ્રવિષ્ટિઓમાં પ્રવિષ્ટિ ૫૬ (અન્ય બાબતો સાથે માર્ગ દ્વારા અથવા આંતરદેશીય જળમાર્ગો પર લઈ જવાતા મુસાફરો પરના કર); પ્રવિષ્ટિ ૫૯ (ટોલ); પ્રવિષ્ટિ ૬૦ (વ્યવસાયો, વેપારો, આજીવિકાઓ અને રોજગારો પર કર); પ્રવિષ્ટિ ૬૧ (માથાદીઠ કર); અને પ્રવિષ્ટિ ૬૨ (મનોરંજન, ગમ્મત, શરત અને જુગાર પરના કર સહિત મોજશોખની વસ્તુઓ પરના કર) નો સમાવેશ થાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર માલ પરના કરને જ લાગુ પડે છે. જે કર માલ પર કે માલ સાથે સંબંધિત પાસાઓ પર નથી તે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા શાસિત થતો નથી. માલ સિવાયની બાબતો પરનો ભેદભાવયુક્ત કર તે અનુચ્છેદના પ્રતિબંધ હેઠળ આવતો નથી. ઉદાહરણ તરીકે, મોજશોખ, મનોરંજન, ગમ્મત, શરત અને જુગાર પરનો ભેદભાવયુક્ત કર અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા શાસિત થશે નહીં. તેવી જ રીતે, પ્રવિષ્ટિ ૫૬ હેઠળ રસ્તાઓ અથવા આંતરદેશીય જળમાર્ગો પર લઈ જવાતા મુસાફરો પરના કર પર અનુચ્છેદ ૩૦૪(એ) લાગુ થશે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) નો દાયરો અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના ભેદભાવવિહીન કરનો હોવાથી, એ સ્પષ્ટ છે કે આ જોગવાઈ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતા તેવા ભેદભાવયુક્ત કરો માટે પણ સર્વગ્રાહી નથી. માલ સિવાય અન્ય રાજ્યોની ધારાકીય સક્ષમતામાં આવતા એવા કરો છે, જે અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરાની બહાર છે. જો તે કરો વેપાર,

વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધે છે તો તેઓ અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ન આવતા હોવા છતાં પણ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે.

૧૬૪. ત્રીજું, અનુચ્છેદ ૩૦૨ સંસદને સેન્ટ્રલ સેલ્સ ટેક્સ લાદવા સક્ષમ બનાવે છે તેમ ઠેરવવામાં આવ્યું છે (સીતાલક્ષ્મી મિલ્સ) (પૂર્વોક્ત). અનુચ્છેદ ૩૦૨ માં 'નિયંત્રણો' શબ્દપ્રયોગનું અર્થઘટન કરવેરાના પગલાના રૂપમાં રહેલા નિયંત્રણને બાકાત ન કરતું હોવાનું કરવામાં આવ્યું છે. જો અનુચ્છેદ ૩૦૨ ના હેતુઓ માટે 'નિયંત્રણ' શબ્દપ્રયોગ નાણાકીય કર લાદવાના રૂપમાં રહેલા ધારાકીય પગલાને બાકાત કરતો નથી, તો તેને દેખીતી રીતે જ અનુચ્છેદ ૩૦૪ માંના 'નિયંત્રણો' શબ્દસમૂહના દાયરામાંથી બાકાત રાખી શકાય નહીં.

૧૬૫. ચોથું, આ નિષ્કર્ષને અનુચ્છેદ ૩૦૪ માં સમાવિષ્ટ નોન-ઓબસ્ટેન્ટે જોગવાઈ દ્વારા સમર્થન મળે છે. નોન-ઓબસ્ટેન્ટે જોગવાઈનો સાદો અર્થ એ છે કે રાજ્ય વિધાનમંડળો અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ પોતાની કાયદો ઘડવાની સત્તાના ઉપયોગમાં, અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) દ્વારા વિચારાયેલા સ્વરૂપનો કાયદો ઘડી શકે છે, એ હકીકત છતાં પણ કે આવું ધારાકીય પગલું અન્યથા અનુચ્છેદ ૩૦૧ ના દાયરા અને ક્ષેત્રમાં આવતું હોય. અનુચ્છેદ ૩૦૪(એ) માંની નોન-ઓબસ્ટેન્ટે જોગવાઈ અનુચ્છેદ ૩૦૧ નો ઉલ્લેખ કરે છે. સ્પષ્ટપણે, જ્યાં સુધી કોઈ બાબત અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં ન આવતી હોય, ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(એ) માં નોન-ઓબસ્ટેન્ટે ખંડનો સમાવેશ કરવાનું કોઈ કારણ નથી. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ

૩૦૪(એ) એ દર્શાવે છે કે ધારાકીય પગલું અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવતું હોવા છતાં, જો તે અનુચ્છેદ ૩૦૪ નું પાલન કરતું હોય તો તે સ્વીકાર્ય છે. અનુચ્છેદ ૩૦૧ હોવા છતાં, અનુચ્છેદ ૩૦૪(એ) ને ધ્યાને લેતાં તે સ્વીકાર્ય છે. અનુચ્છેદ ૩૦૪(એ) આ પ્રતિબંધ દૂર કરે છે.

૧૬૬. અનુચ્છેદ ૩૦૧ માં આધીનતાના ખંડનો અને અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈનો ઉપયોગ બિનકુશળ મુસદ્દા ઘડતરના કિસ્સા તરીકે ટીકા પામ્યો છે. જે ખંડ કોઈ બંધારણીય જોગવાઈને અથવા તે બાબતે કોઈ વૈધાનિક જોગવાઈને બીજી જોગવાઈને આધીન બનાવે છે તે ખંડ જે જોગવાઈમાં સમાવિષ્ટ હોય તેને તે જે જોગવાઈને આધીન કરવામાં આવી હોય તેને ગૌણ બનાવે છે. બીજી તરફ, 'કંઈપણ હોવા છતાં' શબ્દથી શરૂ થતી નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈ એ દર્શાવવાનો આશય ધરાવે છે કે જે લખાણમાં તે જોગવાઈ સમાવિષ્ટ છે તે બીજી જોગવાઈ પર સર્વોપરી અસર ધરાવે છે. ટીકા એ છે કે અનુચ્છેદ ૩૦૧ માં "આ ભાગની અન્ય જોગવાઈઓને આધીન રહીને" અને અનુચ્છેદ ૩૦૪(એ) માં "અનુચ્છેદ ૩૦૧ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં" એ શબ્દપ્રયોગો અસંગત છે. કારણ કે, અગાઉનો શબ્દપ્રયોગ અનુચ્છેદ ૩૦૧ ને ભાગ ૧૩ ની અન્ય જોગવાઈઓ [અનુચ્છેદ ૩૦૪(એ) સહિત] ને આધીન બનાવે છે. તેથી, અનુચ્છેદ ૩૦૪(એ) માં નોન–ઓબસ્ટેન્ટે ખંડનો ઉપયોગ કરવો બિનજરૂરી હતો.

૧૬૭. આ ટીકાની નોંધ લીધા પછી, અનુચ્છેદ ૩૦૧ ના લખાણને અનુચ્છેદ ૩૦૪ સાથે સુમેળ સાધવો જરૂરી છે. અનુચ્છેદ ૩૦૧ હેઠળ સ્વતંત્રતાની ખાતરી ભાગ ૧૩ ને આધીન છે. અનુચ્છેદ ૩૦૪ રાજ્ય વિધાનમંડળને તેની ધારાકીય સત્તાના ઉપયોગમાં (અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ) કાયદો ઘડવા માટે સક્ષમ બનાવે છે, ભલે તે અન્યથા અનુચ્છેદ ૩૦૧ અથવા ૩૦૩ ના દાયરામાં આવતો હોય. અનુચ્છેદ ૩૦૩ માં એવો આદેશ સમાવિષ્ટ છે કે સાતમી અનુસૂચિની યાદીઓમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓના આધારે સંસદ કે રાજ્યનું વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ અગ્રતા આપી શકશે નહીં અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરી શકશે નહીં. અનુચ્છેદ ૩૦૩ (સંસદના સંબંધમાં) એવી પૂર્વધારણા કરે છે કે જાહેર હિતમાં એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે અથવા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગ પર વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદવા માટે અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ એક રાજ્યને અગ્રતા આપવા માટે અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરવા માટે કરી શકાતો નથી. જોકે, જ્યારે સંસદ ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતની પરિસ્થિતિ સાથે કામ કરતી હોય ત્યારે અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૨) દ્વારા આ પ્રતિબંધ હટાવી લેવામાં આવે છે. રાજ્યના વિધાનમંડળના સંબંધમાં, અનુચ્છેદ ૩૦૩(૧) રાજ્યો વચ્ચે અગ્રતા આપવા સામે અથવા કોઈપણ ભેદભાવ કરવા સામે તે જ આદેશ લાદે છે. જોકે, અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૨) રાજ્ય વિધાનમંડળોને લાગુ પડતો નથી.

અનુચ્છેદ ૩૦૩ નો ખંડ (૧) એક રાજ્ય સામે બીજા રાજ્ય સાથે ભેદભાવ કરવા પર અથવા તેમની વચ્ચે અગ્રતા આપવા પરનો અંકુશ છે. બીજા શબ્દોમાં કહીએ તો, જે વ્યવહાર એક રાજ્યને આપવામાં આવે છે તે જ વ્યવહાર અન્ય દરેક રાજ્યને આપવો પડશે. અગ્રતા આપવી અથવા ભેદભાવ કરવો પ્રતિબંધિત છે. અનુચ્છેદ ૩૦૩(૧) એ આંતરરાષ્ટ્રીય વેપાર પરિભાષામાં 'મોસ્ટ ફેવર્ડ નેશન' (સૌથી વધુ પસંદગીપાત્ર રાષ્ટ્ર) નો દરજ્જો આપતી જોગવાઈ જેવો છે. આવા 'એમએફએન' ખંડ હેઠળ, એક રાષ્ટ્ર રાજ્યને આપવામાં આવતો વ્યવહાર બીજા રાજ્યને પણ આપવો પડે છે. અનુચ્છેદ ૩૦૩(૧) રાજ્યો વચ્ચે પરસ્પર સમાન સિદ્ધાંતને મૂર્તિમંત કરે છે જેથી જ્યારે સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો તેમની કાયદો ઘડવાની સત્તાના ઉપયોગમાં કાયદો ઘડે ત્યારે રાજ્યો વચ્ચે વ્યવહારની સમાનતા સુનિશ્ચિત કરી શકાય. કાયદો ઘડનાર રાજ્ય વિધાનમંડળે અન્ય રાજ્યોને સમાન વ્યવહાર આપવો જરૂરી છે અને અનુચ્છેદ ૩૦૩(૧) ના અમલ દ્વારા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં અગ્રતા આપવાથી અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરવાથી રોકવામાં આવે છે. જોકે, અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના વિધાનમંડળને અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર ત્યાં સુધી કર લાદવાની મંજૂરી આપે છે જ્યાં સુધી તે કર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા થયેલા સમાન માલ પર લાદવામાં આવતો કર હોય. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૩૦૪(એ) અનુચ્છેદ ૩૦૧ હેઠળ ઊભા થતા પ્રતિબંધને હટાવવાની અસર ધરાવે છે. તેથી

અનુચ્છેદ ૩૦૧ માંના આધીનતાના ખંડ અને અનુચ્છેદ ૩૦૪ ના નોન–ઓબસ્ટેન્ટે ખંડ વચ્ચે સુમેળ સાધી શકાય છે.

૧૬૮. સંવિધાનનો અનુચ્છેદ ૩૦૬ (સંવિધાન (સાતમો સુધારો) અધિનિયમ, ૧૯૫૬ દ્વારા તેના રદ થતાં પહેલાં) પ્રથમ અનુસૂચિના ભાગ બી ના અમુક રાજ્યોની વેપાર અને વાણિજ્ય પર નિયંત્રણો લાદવાની સત્તા સાથે સંબંધિત હતો. અનુચ્છેદ ૩૦૬ તેના રદ થતાં પહેલાં નીચે મુજબની જોગવાઈ કરતો હતો:

> "૩૦૬. આ ભાગની પૂર્વોક્ત જોગવાઈઓમાં અથવા આ સંવિધાનની અન્ય કોઈપણ જોગવાઈઓમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, પ્રથમ અનુસૂચિના ભાગ બી માં નિર્દિષ્ટ કોઈપણ રાજ્ય, કે જે આ સંવિધાનના પ્રારંભ પહેલાં અન્ય રાજ્યોમાંથી તે રાજ્યમાં માલની આયાત પર અથવા તે રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં માલની નિકાસ પર કોઈપણ કર અથવા જકાત લાદતું હતું તે, જો તે સંબંધમાં ભારત સરકાર અને તે રાજ્યની સરકાર વચ્ચે કોઈ કરાર કરવામાં આવ્યો હોય, તો તેવા કરારની શરતોને આધીન રહીને અને આ સંવિધાનના પ્રારંભથી દસ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે, જે કરારમાં નિર્દિષ્ટ કરવામાં આવે, આવો કર અથવા જકાત લાદવાનું અને વસૂલ કરવાનું ચાલુ રાખી શકશે : પરંતુ શરત એ છે કે રાષ્ટ્રપતિ આવા પ્રારંભથી પાંચ વર્ષની સમાપ્તિ પછી કોઈપણ સમયે, જો અનુચ્છેદ ૨૮૦ હેઠળ રચાયેલા નાણા પંચના

અહેવાલ પર વિચારણા કર્યા પછી તેમને તેમ કરવું જરૂરી જણાય, તો આવા કોઈપણ કરારને સમાપ્ત અથવા તેમાં ફેરફાર કરી શકશે."

ઉપરોક્ત જોગવાઈ સ્પષ્ટપણે કલ્પના કરે છે કે ભાગ બી ના રાજ્યોમાં આયાત અને ત્યાંથી નિકાસ પર જે કર અને જકાત લાદવામાં આવતા હતા તે નિયંત્રણો હતા. તેથી, નિર્ધારિત સમયગાળા માટે તેમના ચાલુ રહેવાની જોગવાઈ કરવા માટે એક ચોક્કસ જોગવાઈનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આવા કર અને જકાત અન્યથા અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતા હોત તે બાબત તેમના ચાલુ રહેવાની મંજૂરી આપતી નોન–ઓબસ્ટેન્ટે જોગવાઈ પરથી સ્પષ્ટ થાય છે.

૧૬૯. સંવિધાનમાં મૂળ રીતે સમાવિષ્ટ કરવામાં આવેલ અનુચ્છેદ ૩૦૬ એ સ્પષ્ટ સંકેત પૂરો પાડતો હતો કે સંવિધાનના ઘડવૈયાઓ રાજ્યો વચ્ચે માલની આયાત અથવા નિકાસ પરના કર કે જકાતથી ભિન્ન અર્થમાં 'નિયંત્રણો' શબ્દપ્રયોગ વાપરવાનો આશય ધરાવતા ન હતા.

૧૭૦. અનુચ્છેદ ૩૦૪(એ) વિગતવાર જણાવે છે કે કરવેરાનું ચોક્કસ સ્વરૂપ — માલ પરનો ભેદભાવવિહીન કર — અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો હોવાનું અર્થઘટન કરવામાં આવશે નહીં. પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાના સમગ્ર ક્ષેત્ર માટે સર્વગ્રાહી નથી. અનુચ્છેદ ૩૦૪(એ) ત્રણ વ્યાખ્યાયિત લક્ષણો ધરાવે છે. પ્રથમ એ છે કે તે કર માલ પરનો કર છે. બીજું એ છે કે તે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરનો કર છે. ત્રીજું એ રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા સમાન માલના સંબંધમાં બિન–ભેદભાવનું ધોરણ છે. અનુચ્છેદ

૩૦૪(એ) માં સમાવિષ્ટ માપદંડને પૂર્ણ કરવામાં નિષ્ફળ જતો કર અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે. પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) એવું ઠેરવવા માટેનો આધાર બની શકે નહીં કે પ્રત્યેક નાણાકીય પગલું (ભેદભાવયુક્ત કર સિવાય) ભાગ ૧૩ ના દાયરાની બહાર રહેલું છે. એક વાત એ છે કે કરનો દર કરવેરાનું માત્ર એક તત્વ છે. નાણાકીય વસૂલાતમાં આકારણી, વસૂલાત માટેનું તંત્ર તથા સેટ–ઓફ અને મુક્તિઓ સહિતના અન્ય તત્વો પણ રહેલા છે જે આ કર એવી રીતે અમલમાં આવે છે કે નહીં કે જે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અવરોધે તેના પર મહત્વપૂર્ણ અસર પાડી શકે છે. તદુપરાંત, જેમ કે આપણે અગાઉ નોંધ્યું છે, માલ સિવાય અન્ય બાબત પરનો ભેદભાવયુક્ત કર અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓને આકર્ષતો નથી. છેલ્લે, ભેદભાવવિહીન કર પણ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર અવરોધ બની શકે છે જ્યાં કર એટલો ઊંચો હોય કે જે તેને જમી સમાન બનાવી દે. આથી, અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતા પ્રકારની ભેદભાવયુક્ત નાણાકીય વસૂલાત એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના નાણાકીય અવરોધોનું દ્રષ્ટાંતરૂપ છે પરંતુ તે સર્વગ્રાહી નથી.

૧૭૧. સંવિધાન સભાએ અનુચ્છેદ ૩૦૪ સ્વીકારતી વખતે એક પાર્શ્વ નોંધનો સમાવેશ કર્યો હતો જે જોગવાઈના દાયરાને આ મુજબ વર્ણવે છે: "રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણો". પાર્શ્વ નોંધ એ બંધારણીય આશયનો એક વ્યાપક સંકેત છે. તે એ સ્થિતિનો બંધારણીય સંકેત

છે કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરનું નિયંત્રણ તેના ઉદ્ભવમાં નાણાકીય અથવા બિન–નાણાકીય હોઈ શકે છે. પાર્શ્વ નોંધ સમગ્ર અનુચ્છેદના સંબંધમાં સ્પષ્ટપણે "નિયંત્રણો" શબ્દપ્રયોગનો ઉપયોગ કરે છે. જોકે પાર્શ્વ નોંધ બંધારણીય લખાણ પર સર્વોપરી થઈ શકતી નથી કે ન તો તે લખાણમાં વપરાયેલા શબ્દોના ચોક્કસ અર્થને નિયંત્રિત કરી શકે છે, છતાં તે અભિપ્રેત અર્થ તરફનો એક વ્યાપક સંકેત કે નિર્દેશક છે.

૧૭૨. આ કારણોસર, સામાન્ય સિદ્ધાંત તરીકે એવું માનવું અસમર્થનીય રહેશે કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) ના દાયરામાં આવતો ભેદભાવયુક્ત કર જ સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે.

આઈ કર વિધાન – ન્યાયિક સમીક્ષા અને ભાગ ૧૩

આઈ.૧ કરવેરા અને ભાગ ૧૨

૧૭૩. આ કોર્ટના પ્રારંભિક નિર્ણયોમાં, કર લાદવાની ધારાકીય સત્તા અનુચ્છેદ ૨૬૫ થી સ્વતંત્ર બંધારણીય નિયંત્રણને આધીન હતી કે કેમ તે મુદ્દાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પ્રારંભિક મત એવો હતો કે કરવેરાની સત્તા ફક્ત અનુચ્છેદ ૨૬૫ ને જ આધીન હતી, જે હેઠળ કર માત્ર કાયદાની સત્તાથી જ લાદી શકાય છે. પરિણામે, રામજીલાલ વિ. ઇનકમ ટેક્સ ઓફિસર, મોહિન્દરગઢ[153] માં આ કોર્ટની સંવિધાન પીઠે ઠેરવ્યું હતું કે કાયદાની સત્તા સિવાય કર લાદવા અને

[153] (૧૯૫૧) ૨ એસ.સી.આર. ૧૨૭

વસૂલવા સામેનું રક્ષણ સીધું અનુચ્છેદ ૨૬૫ માંથી આવે છે અને તે અનુચ્છેદ ૩૧ ના ખંડ (૧) દ્વારા સુરક્ષિત નથી:

> "૧૧... જો કરની વસૂલાત અનુચ્છેદ ૩૧(૧) ના અર્થમાં મિલકતથી વંચિત કરવા સમાન બનતી હોય, તો અનુચ્છેદ ૨૬૫ માં કરવામાં આવી છે તેવી ફરીથી અલગ જોગવાઈ કરવાનો કોઈ અર્થ ન હતો. તેથી, એ નિષ્કર્ષ નીકળે છે કે અનુચ્છેદ ૩૧ ના ખંડ (૧) ને કર લાદવા અથવા વસૂલવા સિવાય અન્ય રીતે મિલકતથી વંચિત કરવા સાથે સંબંધિત ગણવો જોઈએ, કારણ કે અન્યથા અનુચ્છેદ ૨૬૫ સંપૂર્ણપણે નિરર્થક બની જાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકામાં, કરવેરાની સત્તાને પોલીસ સત્તા અથવા એમિનન્ટ ડોમેનના ઉપયોગથી ભિન્ન ગણવામાં આવે છે. આપણા સંવિધાને પણ દેખીતી રીતે કરવેરાને મિલકતના ફરજિયાત સંપાદનથી ભિન્ન ગણ્યો છે અને કાયદાની સત્તા સિવાય કરવેરા સામે રક્ષણ આપતી સ્વતંત્ર જોગવાઈ કરી છે."

૧૭૪. જોકે, કુન્નાથત થથુન્ની મૂપિલ નાયર વિ. ધ સ્ટેટ ઓફ કેરળ[154] માં, સંવિધાન પીઠ વતી બોલતાં મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાએ એ રજૂઆતને નકારી કાઢી હતી કે સંવિધાનનો અનુચ્છેદ ૨૬૫ એ રાજ્યના કરવેરા કાયદા (ધ ત્રાવણકોર–કોચીન લેન્ડ ટેક્સ, ૧૯૫૫) ની માન્યતા માટે "સંપૂર્ણ જવાબ" હતો. સંવિધાન પીઠે ઠેરવ્યું કે અનુચ્છેદ ૨૬૫ એવી મર્યાદા લાદે છે કે જેના દ્વારા માત્ર કારોબારી હુકમથી કર લાદી કે વસૂલ કરી શકાતો નથી. અનુચ્છેદ ૨૬૫ હેઠળ, કર માત્ર

[154] ૧૯૬૧ (૩) એસ.સી.આર. ૭૭

કાયદાની સત્તાથી જ લાદી શકાય છે, જેનો અર્થ, એવું ઠેરવવામાં આવ્યું હતું કે, માન્ય કાયદો થવો જોઈએ. કાયદો માન્ય બનવા માટે, તે એવી વિધાનમંડળ દ્વારા ઘડાયેલો હોવો જોઈએ જે ધારાકીય સક્ષમતા ધરાવતી હોય અને કર અનુચ્છેદ ૧૩ સાથે સુસંગત હોવો જોઈએ. આથી, સંવિધાન પીઠે ચુકાદો આપ્યો કે જો કર લાદતો કાયદો અનુચ્છેદ ૧૪ નો ભંગ કરતો હોય, તો તેને રદબાતલ કરવો પડશે કારણ કે કાયદાના સમાન રક્ષણની ખાતરી કરવેરાના કાયદાઓ સુધી પણ વિસ્તરવી જોઈએ. બાલાજી વિ. ઇનકમ ટેક્સ ઓફિસર, સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ઓફિસર[155] માં અન્ય એક સંવિધાન પીઠે એ રજૂઆતને નકારી કાઢી હતી કે કરવેરા કાયદો અનુચ્છેદ ૧૯ ના ભંગના કારણસર પડકારથી મુક્ત હતો. છોટાભાઈ જેઠાભાઈ પટેલ એન્ડ કંપની વિ. ભારત સંઘ[156] માં, એક સંવિધાન પીઠે ચુકાદો આપ્યો કે રામજીલાલના ચુકાદાનો અર્થ એવો ન હોઈ શકે કે જો કર લાદતો કાયદો તેને ઘડનાર વિધાનમંડળની ધારાકીય સક્ષમતાની બહાર હોય, તો તે એવો કાયદો બની શકે કે જે હેઠળ કોઈ વ્યક્તિને અનુચ્છેદ ૩૧ હેઠળ મિલકતથી વંચિત કરી શકાય અથવા જેના સંબંધમાં અનુચ્છેદ ૩૨ હેઠળ દાદ મેળવવા માટે સુપ્રિમ કોર્ટ સમક્ષ જઈ શકાતું નથી. સંવિધાન પીઠે ઠેરવ્યું કે એવું વધુ મર્યાદિત પ્રતિપાદન સ્વીકારવું પણ શક્ય ન હતું કે એકવાર કર કાયદો ધારાકીય યાદીઓમાંની પ્રવિષ્ટિ દ્વારા આવરી લેવાયેલ હોય અને તે અનુચ્છેદ ૨૭૬(૨) અથવા અનુચ્છેદ ૨૮૬ જેવા પ્રત્યક્ષ પ્રતિબંધનું ઉલ્લંઘન કરતો ન હોય, તો આવો કાયદો સંવિધાનના ભાગ ૩ હેઠળના પડકારથી મુક્ત છે. કરવેરા

[155] ૧૯૬૨ (૨) એસ.સી.આર. ૯૮૩
[156] (૧૯૬૨) સપ્લિ. (૨) એસ.સી.આર. ૧

કાયદાને આ કારણોસર પડકારી શકાય છે: (૧) ધારાકીય સક્ષમતાનો અભાવ; (૨) સંવિધાનના ચોક્કસ અનુચ્છેદ હેઠળના પ્રતિબંધનું ઉલ્લંઘન; અથવા (૩) ભાગ ૩ દ્વારા ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારો સાથેની વિસંગતતા.

૧૭૫. રાજા જગન્નાથ બક્ષ સિંહ વિ. સ્ટેટ ઓફ યુ. પી.[157] માં, સંવિધાન પીઠે ઠેરવ્યું કે જોકે રામજીલાલ (પૂર્વોક્ત) માં એવા સામાન્ય અવલોકનો હતા જે દર્શાવતા હતા કે કરવેરા કાયદાના સંબંધમાં ભાગ ૩ માં ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારોનો આશરો લઈ શકાતો નથી, છતાં આ કોર્ટના ત્યાર પછીના નિર્ણયોમાં એક સર્વસંમતિ ઊભરી આવી હતી કે કર લાદતા કાયદાને માત્ર ધારાકીય સક્ષમતાના અભાવ બદલ જ નહીં પરંતુ ભાગ ૩ માં સમાવિષ્ટ સ્વતંત્રતાઓનું ઉલ્લંઘન કરવાના કારણસર પણ પડકારી શકાય છે.

૧૭૬. કર લાદતો કાયદો માત્ર એટલા માટે બંધારણીય પડકારથી મુક્ત નથી કે કરવેરા એ રાજ્યની સાર્વભૌમ સત્તાની અભિવ્યક્તિ છે અથવા એવી પૂર્વધારણા છે કે વિધાનમંડળ દ્વારા કર જાહેર હિતમાં લાદવામાં આવે છે. કરવેરા કાયદો એ કાયદો ઘડવાની વિધાનમંડળની ધારાકીય સક્ષમતામાંથી ઉદ્ભવતા બંધારણીય અંકુશો, ભાગ ૩ માં સમાવિષ્ટ મૂળભૂત સ્વતંત્રતાઓની ખાતરીઓ અને સંવિધાનની જોગવાઈઓમાંથી ઉદ્ભવતી બંધારણીય મર્યાદાઓને આધીન છે.

આઈ.૨ ન્યાયિક સમીક્ષાનું ધોરણ

[157] (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૨૨૦

૧૭૭. જોકે કરવેરા કાયદાના સંબંધમાં ન્યાયિક સમીક્ષાનું ધોરણ એ સ્વીકારે છે કે વિધાનમંડળમાં એવી સત્તા અંતર્નિહિત છે કે જેના દ્વારા તે કર કઈ બાબતો પર લાદવો જોઈએ તે નક્કી કરી શકે અને કર વસૂલાતના હેતુઓ માટે વ્યક્તિઓ અથવા મિલકતોનું વર્ગીકરણ કરી શકે. જો વર્ગીકરણ તર્કસંગત હોય, તો કરવેરા કાયદાને માત્ર એટલા માટે પડકારી શકાતો નથી કે વ્યક્તિઓ અથવા બાબતોના વિવિધ વર્ગો માટે કરવેરાના જુદા જુદા દરો નિર્ધારિત કરવામાં આવ્યા છે. કરવેરા કાયદાની માન્યતાને માત્ર એ કારણસર પડકારી શકાતી નથી કે કરવેરાનો દર અતિશય વધારે છે. જોકે, જો કાયદો છદ્મ વિધાન હોય અથવા ધારાકીય સત્તા પર કપટ હોય, તો તેને એ કારણસર પડકારવા માટેનો માર્ગ ખુલ્લો રહેશે કે કાયદો ઘડતી વખતે, વિધાનમંડળે જેના પર કર લાદવામાં આવ્યો છે તેવા નાગરિકની મિલકત જપ્ત કરવા માટે એક બહાનું અથવા પ્રપંચ અપનાવ્યો છે. પરંતુ માત્ર એવા તારણ પરથી આવા નિષ્કર્ષ પર પહોંચી શકાતું નથી કે લાદવામાં આવેલો કર અવાજબી રીતે ઊંચો અથવા અતિશય વધારે છે.

૧૭૮. સૈદ્ધાંતિક રીતે, કરવેરાના કાયદાના સંદર્ભમાં ન્યાયિક સમીક્ષાની ઉપલબ્ધતા એ ન્યાયિક સમીક્ષાના ધોરણથી ભિન્ન છે. કરવેરાનો કાયદો એ કાયદાકીય સક્ષમતાના અભાવ, મૂળભૂત અધિકારોના ભંગ અથવા સંવિધાનિક મર્યાદા કે જોગવાઈના ઉલ્લંઘન પર આધારિત સંવિધાનિક પડકારોમાંથી મુક્ત નથી. પરંતુ નાણાકીય કાયદાઓના સંબંધમાં ન્યાયિક સમીક્ષાનું ધોરણ એ બાબતને માન્ય રાખે છે કે આકારણીના હેતુઓ માટે વ્યક્તિઓ અથવા વસ્તુઓનું વર્ગીકરણ કરવા માટે વિધાનમંડળ પાસે વ્યાપક મોકળાશ હોવી જોઈએ.

૧૭૯. ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[158] માં, સંવિધાન પીઠે જ્યારે કોઈ નાણાકીય કાયદાને અનુચ્છેદ ૧૪ ના કારણોસર પડકારવામાં આવે ત્યારે સ્પષ્ટ મનસ્વીતાની કસોટી લાગુ કરી હતી. કોર્ટે ઠેરવેલ કે:

> "૪૬. હવે એ સુસ્થાપિત છે કે જોકે કરવેરાના કાયદા અનુચ્છેદ ૧૪ ની બહાર નથી, તેમ છતાં, નાણાકીય નીતિ ઘડવામાં જતા વૈવિધ્યસભર આર્થિક માપદંડોની વિશાળ વિવિધતાને ધ્યાનમાં લેતાં, કરવેરા માટે વ્યક્તિઓ, વિષયવસ્તુ, ઘટનાઓ વગેરેની પસંદગીની બાબતમાં વિધાનમંડળ વ્યાપક મોકળાશ ભોગવે છે. તે અનુસાર, કરવેરાના કાયદામાં ભેદભાવના દોષની કસોટીઓ ઓછી કઠોર હોય છે. પ્રતિકૂળ, ભેદભાવપૂર્ણ વ્યવહારના આક્ષેપોની તપાસ કરતી વખતે તેની શબ્દાવલી નહીં, પરંતુ તેની જોગવાઈઓની વાસ્તવિક અસર જોવામાં આવે છે. એક જૂની કહેવત મુજબ, વિધાનમંડળે કંઈક બાબત પર કર લાદવા માટે સક્ષમ થવા ખાતર દરેક બાબત પર કર લાદવો પડતો નથી. જો દરેક જૂથની અંદર સમાનતા અને એકરૂપતા હોય, તો કાયદો ભેદભાવપૂર્ણ ગણાશે નહીં. આ બાબત પર આ કોર્ટના ચુકાદાઓએ કરના હેતુઓ માટે વસ્તુઓનું વર્ગીકરણ કરવામાં વિધાનમંડળોને અત્યંત વ્યાપક વિવેકાધિકાર વાપરવાની મંજૂરી આપી છે, જ્યાં સુધી તે ચોક્કસ

[158] (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪

વ્યક્તિઓ અથવા વર્ગો સામે સ્પષ્ટ અને પ્રતિકૂળ ભેદભાવ રાખવાથી દૂર રહે છે." (એજન, પૃ. ૬૫૮–૬૫૯)

આઇ.૩ અટિયાબારીમાં મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના દ્રષ્ટિકોણની મર્યાદાઓ

૧૮૦. સંવિધાનના ભાગ ૧૩ માં અન્ય અનુચ્છેદો ઉપરાંત અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ માં "કાયદો" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંઘ યાદીની પ્રવિષ્ટિ ૮૨ થી ૯૬સી અને રાજ્ય યાદીની પ્રવિષ્ટિ ૪૬ થી ૬૨ હેઠળ આવતા કાયદાઓ સિવાય સંસદ અથવા રાજ્ય વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા તમામ કાયદાઓનો ભાગ ૧૩ માં સમાવેશ થાય છે તેવું માનવા માટે કોઈ વાજબી આધાર નથી. અટિયાબારીમાં મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના ચુકાદામાં સંવિધાનના ભાગ ૧૩ માંથી કરવેરાને બાકાત રાખવા માટે વ્યાપકપણે ચાર કારણો જણાવવામાં આવ્યા હતા:

(૧) કર લાદવો એ રાજ્યની સાર્વભૌમ સત્તાનું પ્રગટીકરણ છે, જે મહેસૂલ એકત્રિત કરવા માટે કર લાદવાની અંતર્ગત સત્તા ધરાવે છે;

(૨) કરવેરા ખાસ કરીને ભાગ ૧૨ દ્વારા સંચાલિત થાય છે જે એક સ્વયં–સંપૂર્ણ સંહિતા છે અને કરવેરાના કાયદાની માન્યતાનું મૂલ્યાંકન ભાગ ૧૨ ની બહારની જોગવાઈના સંદર્ભમાં કરી શકાય નહીં;

(૩) કર એ વેપારની સુવિધાઓમાં સુધારો કરવા માટે સંસાધનો પૂરા પાડે છે અને તે વેપારની હેરફેર પર કોઈ પ્રતિબંધ લાદતા નથી; અને

(૪) જાહેર હેતુનો ખ્યાલ પ્રત્યેક કરવેરા કાયદામાં ગર્ભિત હોવાથી, તે અનુચ્છેદ ૩૦૧ નો ભાગ બની શકે નહીં.

વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના દ્રષ્ટિકોણ પ્રત્યે અત્યંત આદર સાથે, એ સામાન્ય વિધાન સાથે સંમત થવું મુશ્કેલ છે કે કરવેરાના કાયદાઓ સ્વતઃ ભાગ ૧૩ ના દાયરાની બહાર રહેલા છે. કરવેરા એ ખરેખર જાહેર હેતુઓ માટે મહેસૂલ એકત્રિત કરવાની રાજ્યની સાર્વભૌમ સત્તાનું પ્રગટીકરણ છે. પરંતુ સાર્વભૌમત્વનો ઉપયોગ લેખિત સંવિધાનની સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. જે વિષયવસ્તુ પર કાયદો ઘડવામાં આવે છે તે વિષયવસ્તુ પર કાયદાકીય સક્ષમતા ધરાવતી કાયદો ઘડનારી સંસ્થા દ્વારા કાયદો ઘડવો એ સંવિધાનિક મર્યાદાઓ પૈકીની એક છે. સંવિધાન સંઘ અને રાજ્યો વચ્ચે કાયદાકીય સત્તાઓનું વિતરણ કરે છે. આમ કરતી વખતે તે કાયદા ઘડવાના એવા ક્ષેત્રો નક્કી કરે છે જે અનુક્રમે સંઘ અને રાજ્યો માટે અનામત રાખવામાં આવ્યા છે. કરવેરાના સંબંધમાં કાયદાકીય સત્તાઓ પણ સંઘ અને રાજ્યો વચ્ચે વિતરિત કરવામાં આવેલી છે. તેથી, તમામ કાયદાકીય સત્તા (જેમાં કર લાદવાની કાયદાકીય સત્તા એક ભાગ છે) સંવિધાનમાં પૂરા પાડવામાં આવેલા વિતરણને આધીન છે. સાર્વભૌમ સત્તાનો ઉપયોગ લેખિત સંવિધાનના ધોરણો દ્વારા સંચાલિત થાય છે. અન્ય કાયદાઓની જેમ કરવેરાના કાયદા પણ ભાગ ૧૩ માં સમાવિષ્ટ મર્યાદાઓ સહિતની સંવિધાનિક મર્યાદાઓને આધીન છે. તેથી, કરવેરા એ સાર્વભૌમ સત્તાઓનું પ્રગટીકરણ છે તે સામાન્ય ખ્યાલમાં, તે

સંકલ્પનાની અંદર એ મર્યાદાઓનો પણ સમાવેશ થવો જોઈએ જે સંવિધાન તમામ કાયદાકીય સત્તા પર લાદે છે જે પૈકી કર લાદવાની સત્તા એક ભાગ છે.

૧૮૧. અટિયાબારીમાં મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હાના નિર્ણયમાં ધ્યાને લેવાયેલા બીજા કારણની અગાઉ વિચારણા કરવામાં આવી છે. અનુચ્છેદ ૨૪૫ આદેશ આપે છે કે તમામ કાયદાઓ સંવિધાનની જોગવાઈઓને આધીન રહેશે. તે મૂળભૂત આધાર પરથી, એ ફલિત થવું જોઈએ કે કરવેરાની સત્તા પરની મર્યાદાઓ માત્ર તે જ નથી જે ભાગ ૧૨ ને સંબંધિત હોય. કરવેરા જેવો વિષય સંવિધાનના ચોક્કસ ભાગ, જેમ કે ભાગ ૧૨ નો સંદર્ભ ધરાવતો હોઈ શકે છે. તેનો અર્થ એવો નથી કે તેની માન્યતાનું મૂલ્યાંકન માત્ર તે ભાગની જોગવાઈઓના સંદર્ભમાં જ થવું જોઈએ. સંવિધાનની જોગવાઈઓ અલગ અથવા જળચુસ્ત ખાનાઓ નથી. સંવિધાનિક જોગવાઈઓ અલગ ખાનાઓમાં બંધિયાર રહેતી નથી.

૧૮૨. ત્રીજા તર્કસંગત આધારના સંબંધમાં, નિઃશંકપણે, રાજ્ય નાણાકીય વસૂલાતોમાંથી જે મહેસૂલ એકત્રિત કરે છે તે એવા સંસાધનો પેદા કરે છે જેનો ઉપયોગ વેપાર અને વાણિજ્યને પ્રોત્સાહન આપવા માટે પણ કરવામાં આવે છે. આ બાબત, તેમ છતાં, એવા પડકાર સામે મુક્તિ પ્રદાન કરતી નથી કે કરવેરાની સત્તાના અનુસંધાનમાં ઘડાયેલો કાયદો સંવિધાનની ચોક્કસ જોગવાઈઓનો ભંગ કરે છે.

૧૮૩. જાહેર હેતુનો ખ્યાલ કરવેરાના કાયદામાં ગર્ભિત છે, તેવી જ રીતે તે એવા તમામ કાયદાઓમાં પણ ગર્ભિત છે જે કાયદાઓ જાહેર હિતમાં હોવાનું માની લેવામાં આવે છે. છતાં સંવિધાનિકતાની અથવા કાયદો જાહેર હિતમાં હોવાની ધારણા એવા ચોક્કસ પડકાર સામે રક્ષણ કે મુક્તિ પ્રદાન કરતી નથી કે તે કાયદાકીય સક્ષમતા, મૂળભૂત અધિકારો અથવા સંવિધાનિક જોગવાઈઓમાંથી ઉદ્ભવતી કોઈ સંવિધાનિક મર્યાદાનું ઉલ્લંઘન કરે છે તેવા કારણોસર કરવામાં આવ્યો હોય.

આઇ.૪ રાષ્ટ્રપતિની મંજૂરી : અનુચ્છેદ ૩૦૪(બી) નો પરંતુક

૧૮૪. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરીની આવશ્યકતાની અસર અંગે રાજ્યોની રજૂઆતનું એક પાસું છે, જેનું ઝીણવટભર્યું પરીક્ષણ જરૂરી છે. રજૂઆત એવી છે કે જો રાજ્ય સાથેના અથવા રાજ્યની અંદરના વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પરના "વાજબી પ્રતિબંધો" માં કર લાદતા કાયદાકીય પગલાંનો સમાવેશ થતો હોવાનું અર્થઘટન કરવામાં આવે, તો આ બાબત કર લાદવાની રાજ્યોની સત્તા પર નોંધપાત્ર અતિક્રમણ સમાન બનશે. એવી રજૂઆત કરવામાં આવી છે કે, રાજ્યના વિધાનમંડળમાં રજૂ કરવાના અથવા લાવવાના કોઈ વિધેયક માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવાની આવશ્યકતા, એવી દલીલ કરવામાં આવી છે કે, રાજ્યો માટે અનામત ક્ષેત્રોમાં કર લાદવાની રાજ્યોની સાર્વભૌમ સત્તાને ક્ષીણ કરશે અને તેમને સંઘને આધીન બનાવી દેશે.

૧૮૫. આ રજૂઆતનું મૂલ્યાંકન કરતી વખતે, એ વાત પર ભાર મૂકવો આવશ્યક છે કે પરંતુક એ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) સાથે જોડાયેલો છે. અનુચ્છેદ ૩૦૩ સંસદ અને રાજ્યના વિધાનમંડળ બંનેને એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપતા અથવા એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે ભેદભાવ કરતા કાયદાઓ ઘડવાની મનાઈ કરે છે.

૧૮૬. ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલસામાનની અછતની પરિસ્થિતિને પહોંચી વળવા માટે ઘડવામાં આવેલા સંઘના કાયદાના સંબંધમાં અનુચ્છેદ ૩૦૩(૨) એક અપવાદ બનાવે છે. તેથી, અનુચ્છેદ ૩૦૩ ના ખંડ ૧ માં સમાવિષ્ટ પ્રતિબંધ, સંસદના કિસ્સામાં ખંડ ૨ દ્વારા હટાવી લેવામાં આવ્યો છે. રાજ્ય વિધાનમંડળના કિસ્સામાં, જ્યાં તે એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપે અથવા ભેદભાવ કરે ત્યાં અનુચ્છેદ ૩૦૩(૧) લાગુ પડે છે. અનુચ્છેદ ૩૦૪ તેના નોન–ઓબસ્ટેન્ટ ખંડમાં અન્ય બાબતોની સાથે અનુચ્છેદ ૩૦૩ નો સંદર્ભ આપે છે. પરિણામે, જ્યાં રાજ્ય વિધાનમંડળ એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાધાન્ય આપતો અથવા અનુચ્છેદ ૩૦૩(૧) માં ઉલ્લેખિત પ્રકારનો ભેદભાવ કરતો કાયદો ઘડવા માંગે છે, ત્યાં તેણે અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરીની આવશ્યકતાઓનું પાલન કરવું આવશ્યક છે. જ્યાં રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદાના પરિણામે અનુચ્છેદ ૩૦૩(૧) હેઠળ પ્રતિબંધિત પ્રાધાન્ય અથવા ભેદભાવ થતો હોય, ત્યાં અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવીને તે પ્રતિબંધ હટાવી શકાય છે.

## જે. અનુચ્છેદ ૩૦૪(એ) : બિન–ભેદભાવનો સિદ્ધાંત

૧૮૭. છેલ્લા છ દાયકા દરમિયાન અદાલતી પૂર્વચુકાદાઓમાં અનુચ્છેદ ૩૦૪(એ) નું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને તેને લાગુ કરવામાં આવ્યો છે. જે સંદર્ભમાં નિર્ણિત થયેલા પ્રત્યેક કેસો નિર્ણય માટે ઉદ્ભવ્યા હતા તેણે નિઃશંકપણે આ વિષય પરના ન્યાયશાસ્ત્રને આકાર આપ્યો છે અને સમૃદ્ધ બનાવ્યું છે. અનુગામી પીઠોએ તેની ભાષાના વિષયવસ્તુને મૂર્ત સ્વરૂપ આપ્યું છે. અનુચ્છેદ ૩૦૪(એ) ને સમજતી વખતે, આ કોર્ટે (૧) 'અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલ માલ'; (૨) 'તે રાજ્યમાં ઉત્પાદિત અથવા તૈયાર કરાયેલા તેવા જ માલ પર જે કોઈ કર લાગુ પડતો હોય તેવો કોઈ કર'; અને (૩) 'જોકે, એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે ઉત્પાદિત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય' એ શબ્દપ્રયોગોના અર્થનું વિશ્લેષણ કરવું પડશે. આ શબ્દપ્રયોગોના અર્થને વ્યાખ્યાયિત કરતી વખતે, ન્યાયિક સમીક્ષા સમક્ષ એ મૂળભૂત પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ક્યારે લાગુ પડશે અને કઈ પરિસ્થિતિઓમાં બિન–ભેદભાવપૂર્ણ કરની આવશ્યકતા પરિપૂર્ણ થાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) નું એક મહત્વપૂર્ણ પાસું એ છે કે શું તે રાજ્યના આર્થિક વિકાસને હાંસલ કરવાની આવશ્યકતા પર આધારિત રાજ્ય વિધાનમંડળ દ્વારા વર્ગીકરણ કરવાની મંજૂરી આપે છે. જો વિકાસ એ કાયદેસરની પ્રાથમિકતા હોય, તો નાણાકીય કાયદા દ્વારા પ્રોત્સાહનો, રિબેટ્સ અને મુક્તિઓ આપીને પોતાના ઉદ્યોગોના વિકાસને પ્રોત્સાહન આપવાની રાજ્ય વિધાનમંડળની સત્તાને અનુચ્છેદ ૩૦૪(એ) કઈ હદ સુધી મર્યાદિત (શરતી) બનાવે છે?

૧૮૮. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ વિ. અબ્દેઅલી[159] માં શરૂઆતનો એક ચુકાદો આવ્યો હતો. રાજ્ય સરકારે ધ મધ્ય ભારત સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૦ હેઠળ ત્રણ શરતોને આધીન રહીને કૂટવેરના વેચાણને વેચાણ વેરાની ચુકવણીમાંથી મુક્તિ આપતું એક જાહેરનામું બહાર પાડ્યું હતું:

(૧) કૂટવેર હાથથી બનાવેલા હોવા જોઈએ અને વીજ સંચાલિત મશીન પર ઉત્પાદિત થયેલા ન હોવા જોઈએ;

(૨) વેચાણ કિંમત નિર્ધારિત રકમ કરતાં વધુ ન હોવી જોઈએ; અને

(૩) વેચાણ ઉત્પાદક દ્વારા અથવા તેના પરિવારના કોઈ સભ્ય દ્વારા થયેલું હોવું જોઈએ.

૧૮૯. આ કોર્ટની સંવિધાન પીઠે ઠેરવેલ કે જાહેરનામામાં રાજ્યમાં ઉત્પાદિત અથવા તૈયાર કરવામાં આવેલા કૂટવેર અને અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા કૂટવેર વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવ્યો નથી, કારણ કે જાહેરનામાની ત્રણ શરતો તેના ઉદ્ભવને ધ્યાનમાં લીધા વિના તમામ કૂટવેર પર સમાન રીતે લાગુ પડતી હતી. નાની કિંમતના હાથબનાવટના પગરખાં બનાવતા નાના ઉત્પાદકો, જેઓ મોટા ઉત્પાદકો સાથે સ્પર્ધા કરવા અસમર્થ હોઈ શકે છે, તેમના લાભ માટે મુક્તિ આપતું જાહેરનામું માન્ય હતું. નોંધપાત્ર રીતે, અનુચ્છેદ ૩૦૪(એ) ના સંબંધમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે મુક્તિ આપતા

[159] એ.આઈ.આર. (૧૯૬૩) એસ.સી. ૧૨૩૭

જાહેરનામાએ રાજ્ય બહારના ઉત્પાદકો અને રાજ્યના સ્થાનિક ઉત્પાદકો વચ્ચે કોઈ ભેદભાવ કર્યો નથી કારણ કે તેની શરતો બંને પર સમાન રીતે લાગુ પડતી હતી. રાજ્ય બહાર સ્થિત ઉત્પાદક પણ મુક્તિની શરતો પરિપૂર્ણ કરીને આ મુક્તિના લાભનો દાવો કરી શકતો હતો. તેથી અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થયો નથી તેમ ઠેરવવામાં આવ્યું હતું.

૧૯૦. ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ વિ. સ્ટેટ ઓફ મદ્રાસ[160] માં, ધ મદ્રાસ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૩૯ હેઠળ ઘડવામાં આવેલા નિયમોના નિયમ ૧૬ ની કાયદેસરતાને અરજદાર દ્વારા પડકારવામાં આવી હતી જેઓ ચામડાના વેપારી હતા. અરજદાર રાજ્યની બહાર કમાવેલો તેમજ રાજ્યની અંદર કમાવેલો માલ વેચતા હતા. દલીલ એવી હતી કે રાજ્ય બહારથી આયાત કરવામાં આવેલા અને રાજ્યની અંદર વેચવામાં આવેલા કમાવેલા ચામડા પર, રાજ્યની અંદર કમાવેલા અને વેચાયેલા ચામડા પર લાદવામાં આવેલા કર કરતાં ઊંચા દરે કર લાગતો હતો. તદુપરાંત, રાજ્ય બહારથી કાચી સ્થિતિમાં ખરીદ્યા બાદ આયાત કરવામાં આવેલા અને પછી રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડા પર, રાજ્યની અંદર કાચી સ્થિતિમાં ખરીદેલા અને ત્યાં કમાવેલા ચામડા કરતાં વધુ કર લાગતો હતો. સંવિધાન પીઠે એવી રજૂઆત ફગાવી દીધી હતી કે અનુચ્છેદ ૩૦૪(એ) ત્યારે જ લાગુ પડે છે જ્યારે માલ સરહદ ઓળંગીને રાજ્યમાં પ્રવેશે. બીજા શબ્દોમાં કહીએ તો, ખંડ (એ) હેઠળ કર લાદવાની જોગવાઈ માત્ર પ્રવેશના સ્થળે જ હોવી જોઈએ એવું નથી. આ કોર્ટ દ્વારા ભેદભાવની દલીલ

[160] (૧૯૬૩) સપ્લિ. (૨) એસ.સી.આર. ૪૩૫

માન્ય રાખવામાં આવી હતી કારણ કે રાજ્યમાં ખરીદવામાં આવેલા અને ત્યારબાદ રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડાના વેચાણ પર કોઈ આગળનો કર લાગતો ન હતો. આ કોર્ટને નીચેના કારણોસર અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ જણાયો હતો:

> "૧૭.....જો વેપારીએ રાજ્યમાં કાચું ચામડું ખરીધું હોય; તો તે કમાવેલા ચામડાની વેચાણ કિંમત પર ચૂકવણી કરતો નથી; તે માત્ર ખરીદ કિંમત પર જ ચૂકવણી કરે છે. જો વેપારી રાજ્ય બહારથી કાચાં ચામડાં ખરીદે છે અને રાજ્યની અંદર તેને કમાવે છે, તો તે કમાવેલા ચામડાની વેચાણ કિંમત પર વેચાણ વેરો ચૂકવવા માટે જવાબદાર બનશે. ચામડાં રાજ્યની અંદર કમાવવામાં આવ્યા હોવા છતાં તેણે પણ કર પેટે વધુ ચૂકવણી કરવી પડશે, માત્ર એ કારણસર કે તેણે બહારથી ચામડાં આયાત કર્યા હતા અને તેથી પેટા–નિયમ (૧) હેઠળ કોઈ કર ચૂકવ્યો ન હતો."

નોંધપાત્ર રીતે, સંવિધાન પીઠે રાજ્યની એ રજૂઆતની પણ વિચારણા કરી હતી કે રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડાં અને જેના પર કાચી સ્થિતિમાં તેમની ખરીદી સમયે અગાઉ કર ચૂકવવામાં આવ્યો હતો તે પરિસ્થિતિ, તેમને રાજ્ય બહાર કમાવવામાં આવેલા ચામડાં કરતાં ભિન્ન ગણવા માટે પૂરતી હતી. આ કોર્ટે ઠેરવેલ કે:

"૧૮...અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા અભિપ્રેત સમાનતા એ માલની ગુણવત્તા અને પ્રકારના સ્વરૂપની છે અને તેઓ અગાઉથી કરને પાત્ર હતા કે નહીં તેના સંદર્ભમાં નથી."

૧૯૧. એ હાજી અબ્દુલ શકૂર વિ. સ્ટેટ ઓફ મદ્રાસ[161] માં ત્યારબાદના એક નિર્ણયમાં, આ કોર્ટે ઠેરવેલ કે ધ મદ્રાસ જનરલ સેલ્સ ટેક્સ (સ્પેશિયલ પ્રોવિઝન્સ) એક્ટ, ૧૯૫૩ ની કલમ ૨(૧) એ ૧ ઓગસ્ટ ૧૯૫૭ સુધી વેચાયેલા આયાતી ચામડાં સામે ભેદભાવ કર્યો હતો. કમાવેલા ચામડાના વેચાણ પર કરનો દર આ મુજબ હતો:

"૧૦.....ન કમાવેલી સ્થિતિમાં તે ચામડાંની ખરીદ કિંમત પર ૨ ટકા, જ્યારે ૧૯૫૫ થી ૧૯૫૭ દરમિયાન રાજ્યમાં કાચાં ચામડાંના વેચાણ પર કરનો દર રૂપિયા દીઠ ૩ પાઈ છે."

મહેતાબ મજીદના ચુકાદાનો સંદર્ભ આપતાં, આ કોર્ટે ઠેરવેલ કે:

"૧૦. અગાઉના કેસમાં, કરનો દર સમાન હોવા છતાં, કમાવેલા ચામડાની વેચાણ કિંમત ન કમાવેલા ચામડાની વેચાણ કિંમત કરતાં વધુ હોવાના કારણે ભેદભાવ ઊભો થયો હતો, જ્યારે હાલના કેસમાં, જે કિંમત પર કર લાદવામાં આવે છે તેના તફાવતના કારણે ભેદભાવ ઊભો થતો નથી કેમ કે કમાવેલા ચામડા પરનો કર તે રકમ પર લાદવામાં આવે છે જે રકમમાં તે ચામડાં છેલ્લે ન કમાવેલી સ્થિતિમાં ખરીદવામાં આવ્યા હતા,

[161] એ.આઈ.આર. (૧૯૬૪) એસ.સી. ૧૭૨૯

પરંતુ એ હકીકતના કારણે છે કે કમાવેલા ચામડાના વેચાણ પર કરનો દર, આના પરના કરના દર કરતાં વધારે છે: કાચા ચામડાના વેચાણ પરના કરના દર કરતાં વધારે છે. કમાવેલા ચામડાના વેચાણ પર કરનો દર ન કમાવેલી સ્થિતિમાં તે ચામડાની ખરીદ કિંમત પર ૨% છે જ્યારે ૧૯૫૫ દરમિયાન રાજ્યમાં કાચા ચામડાના વેચાણ પર કરનો દર રૂપિયે ૩ પાઈ છે. કરવેરામાં આ તફાવત રૂપિયાના ૭/૧૬૦૦મા ભાગ જેટલો થાય છે, એટલે કે રૂપિયે ½ નયા પૈસા કરતાં થોડો ઓછો. આવો ભેદભાવ ૧લી ઓગસ્ટ ૧૯૫૭ સુધીના કરવેરાને અસર કરશે જ્યારે કાચા ચામડાના વેચાણ પર કરનો દર વધારીને વેચાણ કિંમતના ૨% કરવામાં આવ્યો હતો."

૧૯૨. સ્ટેટ ઓફ મદ્રાસ વિ. એન. કે. નટરાજ મુદલિયાર[162] માં બંધારણીય બેંચનો બીજો એક ચુકાદો એવા કેસ સાથે સંકળાયેલો હતો જ્યાં સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ ની જોગવાઈઓને એવા કારણસર પડકારવામાં આવી હતી કે સદર અધિનિયમ વિવિધ રાજ્યોમાં ભિન્ન ભિન્ન દરે કર લાદવાની મંજૂરી આપતો હતો. હાઈકોર્ટ દ્વારા આ પડકાર એ કારણસર સ્વીકારવામાં આવ્યો હતો કે સમાન આંતરરાજ્ય વ્યવહારો પર વિવિધ રાજ્યોમાં કરના ભિન્ન ભિન્ન દરો લાદવા એ એક અવરોધ ઊભો કરે છે, જેથી અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન થાય છે. કાયદાના ઇતિહાસની ચર્ચા કરતાં ત્રણ ન્યાયમૂર્તિઓ વતી બોલતા ન્યાયમૂર્તિ જે. સી. શાહે

[162] (૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯

ઠેરવ્યું કે સદર કાયદો નીચેના કારણોસર વેપાર અને વાણિજ્યની હિલચાલ પર બોજ ઊભો કરે છે:

> "૧૦. સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ આંતરરાજ્ય વેચાણ પરનો કર, નોંધવું જરૂરી છે કે, તેના મૂળ સ્વરૂપમાં એક એવો કર છે જે વેપાર અથવા વાણિજ્યની હિલચાલ પર બોજ ઊભો કરે છે, કારણ કે સદર અધિનિયમની કલમ ૩ ની વ્યાખ્યા મુજબ, માલનું વેચાણ અથવા ખરીદી આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન થયેલ ગણાય છે, જો તે — (એ) માલનું એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં પરિવહન કરાવે છે; (બી) એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં માલના પરિવહન દરમિયાન તેના માલિકી હકના દસ્તાવેજોની તબદીલી દ્વારા કરવામાં આવે છે."

જોકે, ચુકાદામાં ઠેરવવામાં આવ્યું હતું કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ કે જે રાજ્ય દ્વારા ઉઘરાવવામાં અને પોતાની પાસે રાખવામાં આવનાર કર લાદવા માટે ઘડવામાં આવ્યો હતો, તે માત્ર જુદા જુદા રાજ્યોમાં કરના ભિન્ન ભિન્ન દરો પ્રવર્તતા હતા તેટલા માત્રથી એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાથમિકતા આપતો નહોતો કે કોઈ ભેદભાવ કરતો નહોતો. આ કોર્ટે હાઇકોર્ટમાં પ્રવર્તમાન તે મંતવ્યને ફગાવી દીધું હતું કે વિવિધ રાજ્યો દ્વારા સમાન અથવા તેવી જ ચીજવસ્તુઓના વેચાણ પર કરના ભિન્ન ભિન્ન દરો આંતરરાજ્ય વેપાર પર અસમાન બોજ લાદે છે:

"૧૪...વેપારનો પ્રવાહ અનિવાર્યપણે વેચાણવેરાના દરો પર આધાર રાખતો નથી: તે વિવિધ પરિબળો પર આધાર રાખે છે, જેમ કે પુરવઠાનો સ્ત્રોત, વપરાશનું સ્થળ, વેપાર માર્ગોનું અસ્તિત્વ, નૂરના દરો, વેપારની સુવિધાઓ, કાર્યક્ષમ પરિવહનની ઉપલબ્ધતા અને વેપાર ચલાવવા માટેની અન્ય સુવિધાઓ. એવા કિસ્સાઓની સહેલાઈથી કલ્પના કરી શકાય છે કે જેમાં દેશના ચોક્કસ ભાગમાં કરનો નીચો દર હોવા છતાં, માલ અન્ય ભાગમાંથી ખરીદવામાં આવી શકે છે, જ્યાં કરનો ઊંચો દર પ્રવર્તે છે. ધારો કે કોઈ ચોક્કસ રાજ્યમાં કોઈ ચીજવસ્તુના સંબંધમાં કરનો દર ૨ ટકા છે, પરંતુ જો તે નીચા દરનો લાભ તે નૂર દ્વારા સરભર થઈ જતો હોય કે જે અન્ય રાજ્યના વેપારીએ તે ચીજવસ્તુને લાંબા અંતર સુધી લઈ જવા માટે ચૂકવવું પડે તેમ હોય, તો તે વેપારી નજીકના રાજ્યમાંથી માલ ખરીદવા તૈયાર થશે, ભલે તે રાજ્યમાં કરનો દર ઊંચો હોય. લાંબા સમયથી ચાલતા વ્યાપારી સંબંધોનું અસ્તિત્વ, સંદેશાવ્યવહારની ઉપલબ્ધતા, ધિરાણની સુવિધાઓ અને અન્ય ઘણા પરિબળો — કુદરતી અને વ્યાપારી — વેપાર સંબંધો જાળવવામાં ભાગ ભજવે છે અને માત્ર કોઈ ચોક્કસ રાજ્યમાં વેચાણ પરના કરનો દર અન્ય રાજ્યોમાં પ્રવર્તતા દરો કરતાં ઊંચો છે તેટલા માત્રથી વેપારના મુક્ત પ્રવાહમાં અવરોધ ઊભો થયો હોવાનું અનિવાર્યપણે માની શકાય નહીં."(ભારપૂર્વક જણાવેલ)

આ વિષય પર કેન્દ્રીય કાયદો ઘડવાનો ઉદ્દેશ આ પ્રમાણે સમજાવવામાં આવ્યો હતો:–

> "૧૭.....પરંતુ રાજ્યો દ્વારા કરવેરાની સત્તાનો ઉપયોગ વ્યાપક જાહેર હિતોને પ્રતિકૂળ અસર કરે તે રીતે થઈ શકતો હોવાથી, આંતરરાજ્ય તત્વ ધરાવતા વ્યવહારોના સંબંધમાં કરવેરાની સત્તાને મર્યાદિત કરવી જરૂરી જણાઈ હતી. અનુચ્છેદ ૨૮૬ નો સુધારો અને સેલ્સ ટેક્સ વેલિડેશન એક્ટ ૧૯૫૬ તથા સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ નું ઘડતર, એ તમામનો હેતુ બેવડા ઉદ્દેશને સિદ્ધ કરવાનો હતો: રાજ્યો માટે વેચાણવેરામાંથી આવકનો સ્ત્રોત જાળવી રાખવો અને તે જ સમયે ચીજવસ્તુઓને અયોગ્ય રીતે મોંઘી બનાવીને વેપારના મુક્ત પ્રવાહને અવરોધે તે રીતે આંતરરાજ્ય વેપાર દરમિયાનના વ્યવહારો પર રાજ્યો કર લાદે તે અટકાવવું."

૧૯૩. મુખ્ય ચુકાદામાં ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૦૪ એ એક જ રાજ્ય દ્વારા તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ અને રાજ્યમાં આયાત કરાયેલા સમાન માલ પર કરના ભિન્ન ભિન્ન દરો લાદવાની મનાઈ કરે છે. પરંતુ જ્યાં કર લાદતા રાજ્ય દ્વારા આયાતી માલ પર લાદવામાં આવેલા કરના દરો રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ પરના કરના દરો કરતાં ભિન્ન ન હોય, ત્યાં અનુચ્છેદ ૩૦૪(એ) લાગુ પડતો નથી. પરિણામે, સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ રાજ્યોમાં વેચાણવેરાના ભિન્ન ભિન્ન દરોનું પ્રવર્તવું એ કોઈ પ્રાથમિકતા

આપવા અથવા ભેદભાવ કરવા માટે નિર્ણાયક નથી તેમ ઠેરવવામાં આવ્યું હતું. મુખ્ય બહુમતી ચુકાદા દ્વારા પસાર કરાયેલા આદેશ સાથે સંમત થતાં ન્યાયમૂર્તિ આર. એસ. બછાવતે જોકે ઠેરવ્યું કે, જેમ રાજ્યની અંદરના વેચાણ પરનો વેચાણવેરો સામાન્ય રીતે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી, તેમ આંતરરાજ્ય વેચાણ પરનો કર પણ તેનું ઉલ્લંઘન કરશે નહીં. તેમના મતે, વેચાણ પરનો કર દેશના એક ભાગમાંથી બીજા ભાગમાં વેપારના મુક્ત પ્રવાહ પર અથવા માલના પરિવહનની મુક્ત હિલચાલ પર પ્રત્યક્ષ કે તત્કાળ અસર કરતો નથી. ન્યાયમૂર્તિ કે. એસ. હેગડે એ કારણસર બહુમતી સાથે સંમત થયા હતા કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટની જોગવાઈઓની આંતરરાજ્ય વેપાર અથવા વાણિજ્ય પર કોઈ પ્રત્યક્ષ કે તત્કાળ અસર નહોતી કારણ કે પૂરતા રક્ષણાત્મક ઉપાયો પૂરા પાડવામાં આવ્યા હતા – પ્રથમ, જે રાજ્યમાં માલનું ઉત્પાદન થાય છે તે રાજ્યમાં વેચાણવેરો લાદવાની જોગવાઈ કરીને અને બીજું, દરો નક્કી કરવામાં રાજ્યોની સત્તા પર નિયંત્રણો મૂકીને.

૧૯૪. કલ્યાણી સ્ટોર્સ વિ. ધ સ્ટેટ ઓફ ઓરિસ્સા[163] માં બંધારણીય બેંચનો ચુકાદો, દેશના અન્ય ભાગોમાંથી રાજ્યમાં આયાત કરવામાં આવતા ભારતીય બનાવટના વિદેશી દારૂ પર બિહાર એન્ડ ઓરિસ્સા એક્સાઇઝ એક્ટ, ૧૯૧૫ હેઠળ ઓરિસ્સા રાજ્ય દ્વારા પ્રતિ એલ. પી. ગેલન રૂ. ૪૦/– ના દરે લાદવામાં આવેલા કરવેરાના પડકાર સાથે સંકળાયેલો હતો. ત્યારબાદ, બિહાર એન્ડ ઓરિસ્સા એક્સાઇઝ એક્ટ, ૧૯૧૫ હેઠળ કાર્યવાહી કરીને, જકાત

[163] (૧૯૬૬) ૧ એસ.સી.આર. ૮૬૫

વધારીને પ્રતિ એલ.પી. ગેલન ૩. ૭૦/– કરવામાં આવી હતી. બિહાર એન્ડ ઓરિસ્સા એક્સાઇઝ એક્ટ, ૧૯૧૫ ની કલમ ૨૭ હેઠળ, રાજ્યમાં આયાત કરવામાં આવતી આબકારી વસ્તુ પર કાઉન્ટરવેલિંગ ડ્યુટીની જોગવાઈ કરવામાં આવી હતી. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ માં કાઉન્ટરવેલિંગ ડ્યુટીની જોગવાઈ કરવામાં આવી છે. આ કોર્ટે નોંધ્યું કે કાઉન્ટરવેલિંગ ડ્યુટી માત્ર ત્યારે જ લાદી શકાય જો રાજ્યમાં વાસ્તવમાં તેવો સમાન માલ ઉત્પાદિત કે નિર્મિત થતો હોય જેના પર આબકારી જકાત લાદવામાં આવતી હોય:

> "૪..... કાઉન્ટરવેલિંગ ડ્યુટી સમાન અથવા નીચા દરે લાદવામાં આવી શકે છે તે હકીકત સૂચવે છે કે તેનો હેતુ રાજ્યમાં ઉત્પાદિત માલ પર લાદવામાં આવતી આબકારી જકાતને સંતુલિત કરવાનો છે. તે સંભવતઃ ઉત્પાદનના સ્થળેથી કર લાદતા રાજ્ય સુધીના પરિવહન ખર્ચને ધ્યાનમાં લીધા પછી બોજને સમાન બનાવવા માટે, આબકારી જકાત જેટલા જ દરે અથવા નીચા દરે લાદવામાં આવી શકે છે. તેથી એવું જણાય છે કે કાઉન્ટરવેલિંગ ડ્યુટીનો હેતુ રાજ્ય બહારથી આયાત કરાયેલા આલ્કોહોલિક પીણાં પરના બોજને અને રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત આલ્કોહોલિક પીણાં પર આબકારી જકાત દ્વારા લાદવામાં આવેલા બોજને સમાન કરવાનો છે. જો રાજ્યમાં આયાત કરાયેલા આલ્કોહોલિક પીણાં જેવા સમાન કોઈ પીણાં રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત થતા ન હોય, તો રાજ્યમાં ઉત્પાદિત માલ પર લાદવામાં આવતી આબકારી જકાતને

સંતુલિત કરતી જકાત લાદવાનો અધિકાર ઉદ્ભવશે નહીં. તેથી એ સ્વીકારી શકાય કે કાઉન્ટરવેલિંગ ડ્યુટી માત્ર ત્યારે જ લાદી શકાય જો રાજ્યમાં વાસ્તવમાં તેવો સમાન માલ ઉત્પાદિત કે નિર્મિત થતો હોય જેના પર આબકારી જકાત લાદવામાં આવતી હોય."

ચર્ચા દરમિયાન, બંધારણીય બેંચે ઠેરવ્યું કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતા પરનો પ્રતિબંધ માત્ર ત્યારે જ વાજબી ઠેરવી શકાય જો તે અનુચ્છેદ ૩૦૪ ના દાયરામાં આવતો હોય. જાહેર હિતમાં પ્રતિબંધ લાદવાના હેતુને ધ્યાનમાં રાખીને પ્રતિબંધની વાજબીતા નક્કી કરવાની હતી. તે કેસમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે ઓરિસ્સા રાજ્યમાં કોઈ વિદેશી દારૂનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોવાથી અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ કાયદો ઘડવાની સત્તા ઉપલબ્ધ નથી:

"૭... "જાહેર હિતમાં જરૂરી" શું ગણી શકાય તેના વિસ્તૃત વર્ગીકરણમાં પ્રવેશ્યા વિના, એવું કહી શકાય કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કાયદેસર રીતે લાદી શકાય તેવા પ્રતિબંધો એવા છે જે તે પ્રદેશની અંદર જાહેર આરોગ્ય, સલામતી, નૈતિકતા અને મિલકતનું રક્ષણ કરવા માગે છે. અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળની સત્તાનો ઉપયોગ માત્ર ત્યારે જ અસરકારક બની શકે જો અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર લાદવામાં આવેલો કર કે જકાત અને તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર લાદવામાં આવેલો કર કે જકાત એવા હોય કે જેથી આયાતી માલ સામે

કોઈ ભેદભાવ ન થાય. ઓરિસ્સા રાજ્યમાં કોઈ વિદેશી દારૂનું ઉત્પાદન કે નિર્માણ થતું ન હોવાથી, અનુચ્છેદ ૩૦૪ દ્વારા આપવામાં આવેલી કાયદો ઘડવાની સત્તા ઉપલબ્ધ નથી અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ દ્વારા વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર જાહેર કરાયેલો પ્રતિબંધ અબાધિત રહે છે."

૧૯૫. જકાતમાં વધારો કરતા જાહેરનામાને અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતું ઠેરવવામાં આવ્યું હતું અને તે અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) નું પાલન કરતું ન હોવાનું જણાયું હતું. કલ્યાણી સ્ટોર્સ ના ચુકાદાને સ્ટેટ ઓફ કેરળ વિ. એ. બી. અબ્દુલ કાદિર[164] ના ત્યારપછીના નિર્ણયમાં સમજાવવામાં આવ્યો હતો અને તે કેસના તથ્યો પૂરતો મર્યાદિત રાખવામાં આવ્યો હતો. અબ્દુલ કાદિર માં આ કોર્ટે ઠેરવ્યું કે અગાઉના નિર્ણયનો હેતુ સાર્વત્રિક ઉપયોગિતા ધરાવતો એવો સિદ્ધાંત સ્થાપિત કરવાનો નહોતો કે દરેક કેસમાં જકાત અથવા કર લાદવો એ આપમેળે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન હશે અને માત્ર એવા જ પ્રતિબંધો કે જે વેપારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ કે તત્કાળ અવરોધે છે તે અનુચ્છેદ ૩૦૧ ના નિષેધ હેઠળ આવે છે.

૧૯૬. આ કોર્ટની બંધારણીય બેંચે રતન લાલ એન્ડ કંપની વિ. ધ એસેસિંગ ઓથોરિટી[165] માં, ધ પંજાબ જનરલ સેલ્સ ટેક્સ (એમેન્ડમેન્ટ એન્ડ વેલિડેશન) એક્ટ, ૧૯૬૭ અને ધ પંજાબ સેલ્સ ટેક્સ (હરિયાણા એમેન્ડમેન્ટ એન્ડ વેલિડેશન) એક્ટ, ૧૯૬૭ ના પડકારના સંદર્ભમાં એન. કે. નટરાજ

[164] (૧૯૭૦) ૧ એસ.સી.આર. ૭૦૦
[165] (૧૯૬૯) ૨ એસ.સી.આર. ૫૪૪

મુદલિયાર (ઉપરોક્ત) માં ઘડવામાં આવેલી કસોટી લાગુ કરી હતી. બંધારણીય બેંચે ઠેરવ્યું કે જ્યાં સુધી અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ વચ્ચે કરનો દર સમાન હોય, ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪ નું પાલન થાય છે.

૧૯૭. વી. ગુરુવૈયા નાયડુ એન્ડ સન્સ વિ. સ્ટેટ ઓફ તામિલનાડુ[166] માં, આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચે કાચા ચામડાં અને તૈયાર ચામડાં પર ધ મદ્રાસ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૯ હેઠળ લાદવામાં આવેલા કરની માન્યતા સામેના પડકારને ફગાવી દીધો હતો. તે કેસમાં કાચા ચામડાં માટે વેચાણવેરાનો દર ત્રણ ટકા હતો, જ્યારે તૈયાર ચામડાં માટે તે દોઢ ટકા હતો. કોર્ટે ઠેરવ્યું કે તૈયાર ચામડાંના કિસ્સામાં કરનો નીચો દર તૈયાર ચામડાંની ઊંચી કિંમત અને કાચા ચામડાંની નીચી કિંમત વચ્ચેના તફાવતને સરભર કરવા માટે નિર્ધારિત કરવામાં આવ્યો હતો. કરના આ નીચા દર છતાં, આયાતી ચામડાં સાથે ભેદભાવ રાખવામાં આવ્યો હતો તે દર્શાવવા માટે કોઈ સામગ્રી દર્શાવવામાં આવી નહોતી. કર લાદવાને માન્ય રાખતાં, ડિવિઝન બેંચે નીચે મુજબ ઠેરવ્યું:–

> "૯.... કર લાદવો ક્યારે ભેદભાવ સમાન બનશે તે પ્રશ્ન કરના દર અને જેના વેચાણના સંબંધમાં તે લાદવામાં આવ્યો છે તે માલની વસ્તુ સહિતના વિવિધ પરિબળો પર આધાર રાખશે. રાજ્ય અધિનિયમની બીજી અનુસૂચિની આઇટમ ૭(એ) અને ૭(બી) ની યોજના એવી છે કે રાજ્યમાં સ્થાનિક રીતે ખરીદવામાં આવતા કાચા ચામડાંના કિસ્સામાં, રાજ્યમાં

[166] (૧૯૭૭) ૧ એસ.સી.સી. ૨૩૪

છેલ્લી ખરીદીના તબક્કે ૩ ટકાના દરે કર લાદવામાં આવશે. જ્યારે તે સ્થાનિક રીતે ખરીદેલા કાચા ચામડાંને કમાવવામાં આવે છે અને તૈયાર ચામડાં તરીકે સ્થાનિક રીતે વેચવામાં આવે છે, ત્યારે આવા વેચાણ પર કોઈ કર લાદવામાં આવશે નહીં કારણ કે તે ચામડાં જ્યારે કાચા સ્વરૂપમાં ખરીદવામાં આવ્યા હતા ત્યારે તેમના પર ૩ ટકાના દરે સ્થાનિક કર લાદવામાં આવી ચૂક્યો છે. તેની સામે, અન્ય રાજ્યોમાંથી કાચા સ્વરૂપમાં આયાત કરવામાં આવેલા અને ત્યારબાદ કમાવીને રાજ્યની અંદર તૈયાર ચામડાં તરીકે વેચવામાં આવેલા ચામડાંના કિસ્સામાં, તૈયાર ચામડાંના રાજ્યમાં પ્રથમ વેચાણના તબક્કે કર ૧ ૧/૨ ટકાના દરે લાદવામાં આવે છે. આ કરને ભેદભાવપૂર્ણ ગણી શકાય નહીં કારણ કે તે કાચા ચામડાંની કિંમતની સરખામણીમાં તૈયાર ચામડાંની ઊંચી કિંમતને ધ્યાનમાં લે છે. તે વધુમાં એ હકીકતની પણ નોંધ લે છે કે તે ચામડાંના સંબંધમાં રાજ્ય અધિનિયમ હેઠળ કોઈ કર ચૂકવવામાં આવ્યો નથી. ધારાસભાએ, એવું જણાય છે કે, તૈયાર સ્થિતિમાં ચામડાંની કિંમત કાચી સ્થિતિમાં તેવા ચામડાંની કિંમત કરતાં બમણી ગણી હતી. કર લાદવાની બાબતમાં કોઈપણ ભેદભાવ અથવા ભિન્ન વર્તણૂકને ટાળવા અને અટકાવવા માટે, ધારાસભાએ તૈયાર ચામડાંના વેચાણ માટે કરનો એવો દર નિર્ધારિત કર્યો હતો જે કાચા ચામડાંના સંબંધમાં આઇટમ ૭(એ) હેઠળ લાદવામાં આવેલા કર કરતાં અડધો હતો." (સદર, પૃષ્ઠ ૨૩૯–૨૪૦ પર)

૧૯૮. સ્ટેટ ઓફ કર્ણાટક વિ. હંસા કોર્પોરેશન[167] માં બે ન્યાયમૂર્તિઓની બેંચનો ત્યારપછીનો ચુકાદો પ્રવેશ કર કાયદા, એટલે કે, ધ કર્ણાટક ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયાઝ ફોર કન્ઝમ્પશન, યુઝ ઓર સેલ ધેરઇન એક્ટ, ૧૯૭૯ ની સંવિધાનિક માન્યતાના પડકાર સાથે સંકળાયેલો હતો. આ કાયદો રાજ્ય યાદીની પ્રવિષ્ટિ પર સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ ઘડવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૪(એ) ના વ્યાપને સમજાવતાં, આ કોર્ટે ઠેરવ્યું કે:

> "૩૦. જો તેની આવશ્યકતાઓ પૂર્ણ થાય તો અનુચ્છેદ ૩૦૪ રાજ્યની એવી કાયદો ઘડવાની ધારાકીય સત્તા પર મુકાયેલા પ્રતિબંધને હટાવે છે જે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો હોય. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યમાં ઉત્પાદિત માલ અને રાજ્ય બહારથી આયાત કરાયેલા સમાન માલ સાથે ભેદભાવપૂર્ણ વર્તન કરીને ભેદભાવપૂર્ણ સ્વરૂપનો કર લાદવાની રાજ્યના વિધાનમંડળની સત્તા પર નિયંત્રણ લાદે છે. અનુચ્છેદ ૩૦૪(એ) ની અસર આયાતી માલ સાથે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ જેવા જ ધોરણે વર્તન કરવાની છે. આ અનુચ્છેદ વધુમાં રાજ્યને આવા આયાતી માલ પર તે જ રીતે અને તે જ હદે કર લાદવા સક્ષમ બનાવે છે જે રીતે રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ પર લાદવામાં આવી શકે. જો રાજ્યનો કરવેરા કાયદો રાજ્યની અંદર ઉત્પાદિત માલ અને રાજ્ય બહારથી આયાત કરાયેલા

[167] (૧૯૮૦) ૪ એસ.સી.સી. ૬૯૭

સમાન માલ પર કર લાદવા અને ઉઘરાવવાની બાબતમાં સમાન વર્તન કરે છે, તો અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન થયેલું ગણાશે. અનુચ્છેદ ૩૦૪(એ) માં એવી અંતર્ગત ધારણા રહેલી છે કે આવો કર જ્યારે અનુચ્છેદ ૩૦૪(એ) ની મર્યાદાઓમાં રહીને લાદવામાં આવે ત્યારે તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી અને રાજ્ય વિધાનમંડળ પાસે આવો કર લાદવાની સત્તા છે." (સદર, પૃષ્ઠ ૭૧૨ પર)

કોર્ટે વિચારણા કરી કે શું સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર સદર અધિનિયમ લાદવાપાત્ર હોવાથી, તેની માલની હિલચાલ પર પ્રત્યક્ષ અને તત્કાળ અસર પડી હતી, જેથી અનુચ્છેદ ૩૦૧ માં બાંહેધરી આપવામાં આવેલી આંતરરાજ્ય વેપારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન થયું હતું. તે સંદર્ભમાં, કોર્ટે આ મુજબ અવલોકન કર્યું:

"૩૨....વાદગ્રસ્ત કર સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર લાદવામાં આવ્યો છે તે હદે એ વાતને નકારી શકાય નહીં કે તેની તત્કાળ અસર માલની હિલચાલ પર પડશે અને આ પગલું અનુચ્છેદ ૩૦૧ ના નિષેધ હેઠળ આવશે. જોકે, શું એવું કહી શકાય કે આ કર એવા પ્રતિબંધો લાદે છે જેને કેસના તથ્યો અને સંજોગોમાં વાજબી ન કહી શકાય?" (સદર, પૃષ્ઠ ૭૧૩ પર)

કોર્ટે ઠેરવ્યું કે અરજદારો હાઇકોર્ટ સમક્ષ એ સ્થાપિત કરવામાં અસમર્થ રહ્યા હતા કે કરનો બોજ એટલો ભારે હતો કે તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા

પર ગેરવાજબી પ્રતિબંધ સમાન બને. કોર્ટે ઠેરવ્યું કે જે કર માલની હિલચાલ પર તેની અસરમાં વાજબી હતો અને જકાતના નાબૂદીના કારણે પ્રતિકૂળ અસર પામેલા મ્યુનિસિપલ નાણાકીય ભંડોળને વધારવા માટે લાદવામાં આવ્યો હતો, તેને આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યમાં અવરોધ ગણી શકાય નહીં. ભલે તે કરે કરપાત્ર પ્રવૃત્તિ પર આર્થિક અવરોધ ઊભો કર્યો હોય, તોપણ તેને ગેરવાજબી અથવા જાહેર હિત વિરુદ્ધ માનવામાં આવ્યો નહોતો. કોર્ટે અવલોકન કર્યું કે જોકે આ વિધેયકને અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) હેઠળ રાષ્ટ્રપતિની મંજૂરી મળી નહોતી, તેમ છતાં રાષ્ટ્રપતિની સંમતિ મળવાથી અનુચ્છેદ ૨૫૫ હેઠળ આ ખામી સુધરી ગઈ હતી અને તેથી આ કાયદો અનુચ્છેદ ૩૦૪(બી) ના દાયરામાં આવતો હતો. ભેદભાવપૂર્ણ ન હોવાથી, એવું ઠેરવવામાં આવ્યું હતું કે અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થયો નથી. આમ, બે ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) બંનેની એરણ પર કાયદાની સંવિધાનિક માન્યતાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

જે.૨ મુક્તિઓ અને પ્રોત્સાહનો : વિડિયો ઇલેક્ટ્રોનિક્સ અને મહાવીર

૧૯૯. વેસ્ટન ઇલેક્ટ્રોનિક્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત[168] માં આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચે ગુજરાત સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૬૯ હેઠળ આપવામાં આવેલી મુક્તિની કાયદેસરતાની વિચારણા કરી હતી. સદર અધિનિયમની કલમ ૪૯(૨) હેઠળ એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું જેના દ્વારા રાજ્ય બહારથી આયાત કરાયેલા ટેલિવિઝન સેટ પર વેચાણવેરો ૧૦ ટકા નક્કી

[168] (૧૯૮૮) ૨ એસ.સી.સી. ૫૬૮

કરવામાં આવ્યો હતો, જ્યારે રાજ્યમાં ઉત્પાદિત માલ માટે તે એક ટકા હતો. મહેતાબ મજીદ માં બંધારણીય બેંચના ચુકાદાનો ઉલ્લેખ કરતાં, બે વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચે સંવિધાનના અનુચ્છેદ ૩૯ ના ખંડ (બી) અને (સી) પર આધાર રાખીને રાજ્યના તે બચાવની નોંધ લીધી કે સ્થાનિક રીતે ઉત્પાદિત માલ માટે પ્રોત્સાહન રૂપે કરનો દર ઘટાડવામાં આવ્યો હતો. કોર્ટના મતે આ બાબત આયાતી માલ અને સ્થાનિક રીતે ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચેના ભેદભાવ માટે કોઈ વ્યાજબીપણું પૂરું પાડતી નહોતી. પાછળથી જણાવેલ માટે કરનો નીચો દર નિર્ધારિત કરવાનું અમાન્ય ઠેરવવામાં આવ્યું હતું. આ કોર્ટે ઠેરવ્યું:

> "... અનુચ્છેદ ૩૦૧ માં જાહેર કરાયેલા આદેશ અને અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) માં સમાવિષ્ટ નિષેધનો અપવાદ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) ના આધારે માત્ર ત્યારે જ કાયમ રાખી શકાય જો પાછળની જોગવાઈમાં સમાવિષ્ટ શરતો સંતોષાતી હોય. પરિણામે, ગુજરાત રાજ્યમાં આયાત કરાયેલા માલ અને રાજ્યમાં ઉત્પાદિત માલ વચ્ચે કરના ભિન્ન ભિન્ન દરો લાગુ કરીને કરવામાં આવેલો ભેદભાવ રદબાતલ કરવો જ જોઈએ."

૨૦૦. વેસ્ટન ઇલેક્ટ્રોનિક્સ ના ચુકાદા પર વિચારણા કરવામાં આવી હતી પરંતુ વિડિયો ઇલેક્ટ્રોનિક્સ પ્રા. લિ. વિ. સ્ટેટ ઓફ પંજાબ[169] માં આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બૃહદ બેંચ દ્વારા તેને અલગ તારવવામાં આવ્યો હતો. આ કોર્ટનો ચુકાદો, અન્ય બાબતોની સાથે, ઉત્તર પ્રદેશ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૪૮ તેમજ પંજાબ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ બહાર પાડવામાં આવેલા

[169] (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭

જાહેરનામાઓની સંવિધાનિક માન્યતાના પડકાર સાથે સંબંધિત હતો. ઉત્તર પ્રદેશના કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામા હેઠળ, નવા ઔદ્યોગિક એકમોમાં ઉત્પાદિત માલ માટે વેચાણવેરાની ચુકવણીમાંથી મુક્તિ આપવામાં આવી હતી, જ્યાં ઉત્પાદન શરૂ થવાની તારીખ બે નિર્ધારિત તારીખો વચ્ચે આવતી હતી. જો આવું વેચાણ ઉત્પાદન શરૂ થયાના છ મહિના પછી ન થયું હોય તો પ્રથમ વેચાણની તારીખથી ગણતરી કરીને નિર્ધારિત સમયગાળા માટે મુક્તિ આપવામાં આવી હતી. મુક્તિનો સમયગાળો ત્રણથી સાત વર્ષના નિર્દિષ્ટ સમયગાળા પૂરતો સીમિત હતો. જ્યાં સુધી પંજાબ રાજ્યનો સંબંધ હતો ત્યાં સુધી, રાજ્યની અંદર વેચાતા ઈલેક્ટ્રોનિક માલ પર તેના ઉત્પાદનને ધ્યાનમાં લીધા વિના ૧૨ ટકાના દરે વેચાણવેરો પૂરો પાડવામાં આવ્યો હતો. વેચાણવેરા કાયદા હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામાને અનુસરીને, તેના હેઠળ નિર્દિષ્ટ માલનું ઉત્પાદન કરતા ઈલેક્ટ્રોનિક ઉત્પાદક એકમો દ્વારા ચૂકવવાપાત્ર વેચાણવેરાનો દર ૧૨ ટકાથી ઘટાડીને ૧ ટકા કરવામાં આવ્યો હતો. વેચાણવેરામાં ઘટાડાનો એવા કારણસર બચાવ કરવામાં આવ્યો હતો કે તે પછાત ઔદ્યોગિક રાજ્ય માટેનું એક પ્રોત્સાહન હતું. મુક્તિ જાહેરનામાઓની કાયદેસરતાને બહાલી આપતાં, ત્રણ વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચે અવલોકન કર્યું કે આ કેસ "રાજ્ય બહારથી આવતા માલની સરખામણીમાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલની તરફેણમાં ખુલ્લી સંપૂર્ણ પ્રાથમિકતા[170]" ધરાવતો કેસ નહોતો. કોર્ટે ઠેરવ્યું કે ઉત્તર પ્રદેશ અને પંજાબ બંનેમાં બહાર પાડવામાં આવેલા

[170] સદર, પૃષ્ઠ ૧૧૨, પેરા ૩૫ પર

જાહેરનામા હેઠળ નીચેના કારણોસર રાજ્ય બહાર ઉત્પાદિત માલ સામે કોઈ ભેદભાવ નહોતો:

> "૩૫....પંજાબના કિસ્સામાં, સમાન માલના સ્થાનિક ઉત્પાદકોની બહુ મોટી સંખ્યા વેચાણવેરાને આધીન છે અને તેથી, રાજ્યની અંદરના ઉત્પાદકોની તરફેણ રાજ્ય બહારના ઉત્પાદકો સામે કરવામાં આવે છે તે સામાન્ય વિધાન ખોટું છે. યુ.પી. ના કિસ્સામાં જાહેરનામા હેઠળ, માત્ર નવા સ્થપાયેલા એકમો જ ૫ વર્ષના મર્યાદિત સમયગાળા માટે તેના હેઠળના લાભોનો દાવો કરવા પાત્ર છે અને તે પણ માત્ર ત્યારે જ જો તેઓ જાહેરનામામાં નિર્ધારિત નિયમો અને શરતોનું ચુસ્તપણે પાલન કરતા હોય." (સદર, પૃષ્ઠ ૧૧૩ પર)

૨૦૧. આમ વિડીયો ઈલેક્ટ્રોનિક્સ ના ચુકાદાનું ઝીણવટભર્યું વાંચન દર્શાવે છે કે ઉત્તર પ્રદેશ અને પંજાબ રાજ્યો સંબંધિત જાહેરનામાના બંને જૂથ નીચેના સંજોગો પૈકી એક અથવા વધુ સંજોગોને આવરી લેવા માટે કાળજીપૂર્વક ઘડવામાં આવ્યા હતા:

> (૧) નવા ઔદ્યોગિક એકમોને વેચાણ વેરાના ઘટાડેલા દરની ઉપલબ્ધતા;
>
> (૨) અમુક ચોક્કસ માલ, જેવા કે ઈલેક્ટ્રોનિક માલના ઉત્પાદકોને વેચાણ વેરાના ઘટાડેલા દરની લાગુપાત્રતા;

(૩) જે સમયગાળા દરમિયાન કરનો ઘટાડેલો દર અમલમાં રહી શકે તે સમયગાળાની મર્યાદા; અને

(૪) આયાતી માલની સમકક્ષ, સ્થાનિક ઉત્પાદકોની બહુમતી મોટી સંખ્યાને વેચાણ વેરાના સામાન્ય દરની લાગુપાત્રતા.

૨૦૨. વેચાણ વેરાના ઘટાડેલા દરની મંજૂરીને માન્ય રાખતી વખતે, આ કોર્ટે અન્ય બાબતોની સાથે, વેસ્ટન ઇલેક્ટ્રોનિક્સ (ઉપર્યુક્ત) ના ચુકાદા અને તેવા સમાન કેસોને નીચેના અવલોકનોમાં અલગ તારવ્યા હતા:

"૩૦..... અમે આ કેસોનું જે રીતે અર્થઘટન કર્યું છે તે મુજબ, આ કેસો રાજ્યમાં મુક્તિની શ્રેણીમાં ન આવતા તેવા તમામ ઉત્પાદકો દ્વારા નિર્મિત માલ પર સામાન્ય કરનો દર આયાતી માલ પર લાગુ પડતા દરની સમકક્ષ જાળવી રાખવાની ચોક્કસ શરતો પર મર્યાદિત સમયગાળા માટે કોઈ વિશિષ્ટ વર્ગને મુક્તિ આપવા સાથે બિલકુલ સંબંધિત નહોતા. તેથી, તે નિર્ણયોમાં તેના વર્તમાન પાસામાં આ સમસ્યા પર વિચારણા કરવી જરૂરી નહોતી. જોકે, જો સદર સત્તાનો ઉપયોગ સ્થાનિક રીતે નિર્મિત માલ પર સામાન્ય મુક્તિના રૂપમાં અથવા કરના નીચા દરના રૂપમાં સ્થાનિક રીતે નિર્મિત માલ પર સામાન્ય નીચો દર નિર્ધારિત કરીને પ્રતિકૂળ પૂર્વગ્રહ ઊભો કરવા માટે ઈરાદાપૂર્વક અથવા હેતુપૂર્વક છદ્મવેશી રીતે કરવામાં આવે, તો સત્તાના આવા પ્રયોગને અદાલતો દ્વારા હંમેશાં રદબાતલ ઠેરવી

શકાય છે. પ્રસ્તુત કેસોમાં તેવી પરિસ્થિતિ નથી." (સદર, પૃષ્ઠ ૧૧૦ પર) (ભારપૂર્વક ઉમેરેલ)

જોકે, તે જ ચુકાદામાં, નીચે મુજબના અવલોકનો કરવામાં આવ્યા છે:

"૨૦..... અમારા મતે, સંવિધાનના ભાગ ૧૩ ને અલગ રાખીને વાંચી શકાય નહીં. તે એક સંઘીય યોજનાની પરિકલ્પના કરતા અને સાતમી અનુસૂચિની યાદી ૨ ને લગતી બાબતોના સંબંધમાં રાજ્યોને કાયદાકીય સત્તાઓ પ્રદાન કરતી સામાન્ય યોજના ધરાવતા એકમાત્ર સંવિધાનિક દસ્તાવેજનો અભિન્ન અંગ છે. તે રાજ્યોને તેના હેતુઓ માટે મહેસૂલ એકત્ર કરવાની સંપૂર્ણ સત્તા પણ આપે છે અને એવી અપેક્ષા રાખતું નથી કે રાજ્યના દરેક કાયદાએ રાષ્ટ્રપતિની સંમતિ મેળવવી જ જોઈએ. ભારતનું સંવિધાન એક જીવંત દસ્તાવેજ છે.....

તેથી, રાજ્યોને અન્ય તમામ રાજ્યો સાથે સમાનતાના સ્તરે લાવવા માટે તેમનો આર્થિક વિકાસ કરવો અને તે રીતે ભારતની આર્થિક એકતાનો વિકાસ કરવો એ આ ભૂમિની સંવિધાનિક આકાંક્ષાઓની મુખ્ય પ્રતિબદ્ધતાઓ અથવા લક્ષ્યો પૈકીનું એક છે. એક વ્યવસ્થિત સમાજના સંચાલન માટે, તમામ રાજ્યોની આર્થિક સમાનતા એટલી જ મહત્વપૂર્ણ છે જેટલી આર્થિક એકતા." (સદર, પૃષ્ઠ ૧૦૪ પર)

૨૦૩. વિડીયો ઇલેક્ટ્રોનિક્સ ના ચુકાદાનો મૂળ આધાર સ્પષ્ટપણે એ છે કે નિયત સમયગાળા માટે અને ઉત્પાદિત માલની ચોક્કસ શ્રેણીના સંદર્ભમાં

એકમોના નિર્દિષ્ટ વર્ગના સ્થાનિક ઉદ્યોગને પ્રોત્સાહનો આપતા કાળજીપૂર્વક ઘડાયેલા જાહેરનામા દ્વારા કરવામાં આવેલા વર્ગીકરણથી અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થશે નહીં. જોકે, જો ફકરા ૨૦ માંના અવલોકનો (ઉપર ટાંકેલા) નો અર્થ એક વ્યાપક સિદ્ધાંત સ્થાપિત કરવા તરીકે કરવામાં આવે, તો તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) ના મૂળભૂત પ્રાથમિક ઉદ્દેશ્યને જ નિષ્ફળ બનાવશે. શ્રી મહાવીર ઓઇલ મિલ્સ વિ. સ્ટેટ ઓફ જે એન્ડ કે[171] ના ત્યારપછીના નિર્ણયમાં આ બાબત ધ્યાને લેવામાં આવી હતી. તે કેસમાં, જે એન્ડ કે જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૬૨ હેઠળ, ખાદ્ય તેલ પર ૪ ટકાના દરે વેચાણ વેરો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. જોકે, સ્થાનિક ખાદ્ય તેલ ઉદ્યોગનું રક્ષણ કરવા માટે, રાજ્ય સરકારે એક જાહેરનામું બહાર પાડીને નિર્દેશ આપ્યો હતો કે રાજ્યમાં લઘુ ઉદ્યોગ એકમ તરીકે કાર્યરત વેપારી દ્વારા ઉત્પાદિત માલને નિર્દિષ્ટ હદ સુધી અને નિર્દિષ્ટ સમયગાળા માટે કરની ચુકવણીમાંથી મુક્તિ આપવામાં આવશે. ત્યારબાદ, સામાન્ય રીતે ખાદ્ય તેલોને અનુસૂચિ ડી માંથી અનુસૂચિ સી માં ફેરવવામાં આવ્યા હતા જેના પર ૮ ટકાના દરે કર લાગતો હતો. જમ્મુ અને કાશ્મીરમાં વાસ્તવમાં ખાદ્ય તેલનું ઉત્પાદન કરતા કોઈ મોટા ઉદ્યોગો નહોતા. રાજ્ય બહારના ઉત્પાદકોએ હાઇકોર્ટ સમક્ષ સદર જાહેરનામાને અસફળ રીતે પડકાર્યો હતો. અનુચ્છેદ ૩૦૪ ના વ્યાપને સમજાવતા, બે વિદ્વાન ન્યાયમૂર્તિઓની બેંચે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

[171] (૧૯૯૬) ૧૧ એસ.સી.સી. ૩૯

"૮....મૂળ વિચાર રાજ્ય વિધાનમંડળોને અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાની સત્તા આપવાનો ખરેખર નહોતો — કારણ કે તેઓ સંવિધાનની અન્ય જોગવાઈઓ દ્વારા પહેલેથી જ સત્તા ધરાવે છે — પરંતુ એવી ઘોષણા કરવાનો હતો કે તે સત્તાનો ઉપયોગ સ્થાનિક રીતે નિર્મિત માલની સરખામણીએ આયાતી માલ સામે ભેદભાવ થાય તે રીતે કરવામાં આવશે નહીં. આ ખંડ, હકારાત્મક ભાષામાં ઘડાયેલો હોવા છતાં, નકારાત્મક પાસું ધરાવે છે. તે, વાસ્તવમાં, આયાતી માલ સામેના ભેદભાવને પ્રતિબંધિત કરતી એક જોગવાઈ છે. કર લાદવાની બાબતમાં — અને આ ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે — આ ખંડ રાજ્ય વિધાનમંડળોને જણાવે છે — "તમે અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર ભલે કર લાદો પરંતુ, તે પ્રક્રિયામાં, સ્થાનિક રીતે નિર્મિત માલની સરખામણીએ તેમની સામે ભેદભાવ ન કરો". ટૂંકમાં, આ ખંડ કહે છે: બંને પર કરની વસૂલાત સમાન દરે થવી જોઈએ. અનુચ્છેદ ૩૦૧ દ્વારા પ્રદત્ત સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાના હિતમાં, રાજ્યો તેમની સરહદો પર અથવા તેની આસપાસ જેને "કર અવરોધો" — અથવા જેને કહી શકાય "રાજકોષીય અવરોધો" — ઊભા કરે તેની સામે આ એક રણકતી ઘોષણા હતી અને છે. જેમ કે અમે હમણાં નિર્દેશ કરીશું, જ્યાં સુધી રાજ્યો સ્થાનિક રીતે નિર્મિત માલની સરખામણીએ આયાતી માલ સામે ભેદભાવ કરવા માટે કરવેરાના

હથિયારનો ઉપયોગ ન કરે, ત્યાં સુધી આ ખંડ રાજ્યોને યોગ્ય જણાય તે રીતે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવાથી કે આગળ વધારવાથી કોઈપણ રીતે રોકતો નથી. પુનરાવર્તન કરીએ તો, આ ખંડ રાજ્યોને પોતાની આસપાસ કર અવરોધો — અથવા રાજકોષીય અવરોધો, જેમ તેને કહી શકાય — ઊભા કરવાથી અને/અથવા આવી "ટેરિફ દીવાલો" રચીને ભારતના બાકીના પ્રદેશોથી પોતાને અલગ રાખવાથી પ્રતિબંધિત કરે છે." (સદર, પૃષ્ઠ ૪૫ પર)

૨૦૪. વિડીયો ઈલેક્ટ્રોનિક્સ ના ચુકાદાને એવા કારણોસર અલગ તારવવામાં આવ્યો હતો કે તે કેસમાં ઉત્તર પ્રદેશ અને પંજાબ રાજ્યોના જાહેરનામા કાળજીપૂર્વક સીમિત કરાયેલા હતા:

"૨૨..... જ્યાં સુધી ઉત્તર પ્રદેશના જાહેરનામાનો સંબંધ હતો, ત્યાં સુધી એવું ઠેરવવામાં આવ્યું હતું કે જ્યાં સુધી તે "ચોક્કસ શરતો પર મર્યાદિત સમયગાળા માટે એક વિશિષ્ટ વર્ગને" મુક્તિ આપવાનો કેસ હતો અને તે તે માલના તમામ ઉત્પાદકો સુધી લંબાવવામાં આવ્યો નહોતો, તેથી તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પ્રદત્ત સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો નથી. તેવી જ રીતે, પંજાબના જાહેરનામાના કેસમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે મુક્તિ અમુક ચોક્કસ માલ માટે હોવાથી અને એ કારણે પણ કે "સમાન માલના સ્થાનિક ઉત્પાદકોની ખૂબ મોટી સંખ્યા વેચાણ વેરાને આધીન છે", તેથી

એવું કહી શકાય નહીં કે બહારના ઉત્પાદકોની સરખામણીએ સ્થાનિક ઉત્પાદકોની તરફેણ કરવામાં આવી હતી." (સદર, પૃષ્ઠ ૫૧ પર)

ફરીથી, એવું ઠેરવવામાં આવ્યું હતું કે:

"૨૩. ઉપરોક્ત તમામ અવલોકનો (૧) પ્રોત્સાહનો અને સબસિડી આપવાનું અને (૨) ચોક્કસ પ્રકારના નવા ઉદ્યોગોને (બે નિર્દિષ્ટ તારીખોની અંદર ઉત્પાદન શરૂ કરતા લઘુ ઉદ્યોગો) અને ટૂંકા ગાળા માટે આપવામાં આવેલી મુક્તિને વાજબી ઠેરવવા માટે કરવામાં આવ્યા હતા. તેઓ તેમની સ્થાપનાની તારીખને ધ્યાનમાં લીધા વિના રાજ્યના તમામ લઘુ ઉદ્યોગોને સાર્વત્રિક મુક્તિ આપવાને વાજબી ઠેરવવા માટેના નહોતા કે તે રીતે વાંચી શકાય નહીં. અમારી સમક્ષનો કેસ સ્પષ્ટપણે એ.ટી.બી. મહેતાબ મજીદ માં બંધારણીય બેંચના નિર્ણયના રેશિયો (સિદ્ધાંત) અને ઇન્ડિયન સિમેન્ટ, ડબલ્યુ.બી. હોઝિયરી એસો. તથા વેસ્ટન ઇલેક્ટ્રોનિક્સ ના નિર્ણયો હેઠળ આવે છે. વિડીયો ઇલેક્ટ્રોનિક્સ માં સર્જાયેલો મર્યાદિત અપવાદ અહીં રાજ્યને એ કારણસર મદદ કરતો નથી કે અહીં સંબંધિત મુક્તિ ન તો "નવા ઉદ્યોગો" પૂરતી સીમિત છે, કે ન તો ઉત્તર પ્રદેશના જાહેરનામામાં નિર્ધારિત કરેલી પ્રકૃતિની અન્ય શરતોથી મર્યાદિત છે. સદર ચુકાદામાં રચાયેલા મર્યાદિત અપવાદને તબક્કાવાર વિસ્તારતા રહેવું શક્ય નથી, જેની અસર ભાગ ૧૩ ના પાયામાં રહેલા હિતકારી સિદ્ધાંતના તત્વને જ છીનવી લેવાની થશે. ખરેખર, શ્રી સાલ્વેની

એવી દલીલ રહી છે કે, સૈદ્ધાંતિક રીતે, વિડીયો ઇલેક્ટ્રોનિક્સ માં તૈયાર કરાયેલો અપવાદ ટકી શકે તેમ નથી. આ કેસના હેતુ માટે, વિડીયો ઇલેક્ટ્રોનિક્સ ની યોગ્યતા વિશે અમારે કંઈ કહેવું જરૂરી નથી. માત્ર એટલું કહેવું પૂરતું છે કે તેમાં દર્શાવેલા મર્યાદિત અપવાદને કોઈ ભિન્ન પ્રકારના કેસોને આવરી લેવા માટે વિસ્તૃત કે વિસ્તારી શકાય નહીં. એવું ઠેરવવું જ જોઈએ કે જમ્મુ અને કાશ્મીરમાં ખાદ્ય તેલનું ઉત્પાદન કરતા લઘુ ઉદ્યોગોની તરફેણમાં આપવામાં આવેલી સંપૂર્ણ મુક્તિ (તે રાજ્યમાં ખાદ્ય તેલનું ઉત્પાદન કરતા કોઈ મોટા પાયાના ઉદ્યોગો નથી) કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેવી નથી." (સદર, પૃષ્ઠ પર પર)

૨૦૫. કોર્ટે ચેતવણી આપી હતી કે વિડીયો ઇલેક્ટ્રોનિક્સ માં કંડારવામાં આવેલા મર્યાદિત અપવાદને વિસ્તૃત કરવો જોઈએ નહીં "નહીં તો તે મુખ્ય જોગવાઈને જ ખાઈ જશે." રાજ્યની અંદર ઉત્પાદિત ખાદ્ય તેલને વેચાણ વેરામાંથી બિનશરતી મુક્તિ આપવી જ્યારે અન્ય રાજ્યોમાં ઉત્પાદિત સમાન માલ પર ૮ ટકાના દરે વેચાણ વેરો લાદવો, તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ કરતો હોવાનું ઠેરવવામાં આવ્યું હતું.

૨૦૬. શ્રી મહાવીર ઓઇલ મિલ્સ ના ચુકાદાએ વિડીયો ઇલેક્ટ્રોનિક્સ માંના દ્રષ્ટિકોણની યોગ્યતાને સ્પષ્ટપણે ખુલ્લી રાખી હતી. શ્રી મહાવીર ઓઇલ મિલ્સ માં સ્થાનિક ઉદ્યોગને આપવામાં આવેલી વેચાણ વેરાની સંપૂર્ણ મુક્તિને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરવાના આધારે રદ કરવામાં આવી હતી.

વિડીયો ઇલેક્ટ્રોનિક્સ ના અગાઉના નિર્ણયને એ કારણસર અલગ તારવવામાં આવ્યો હતો કે તે સાર્વત્રિક પસંદગી સામેલ ન હોય તેવા કેસ સંબંધિત હતો.

### જે.૩ અનુચ્છેદ ૩૦૪(એ) અને વાજબી વર્ગીકરણ

૨૦૭. શું અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યને વાજબી વર્ગીકરણ કરતાં અટકાવે છે? અનુચ્છેદ ૩૦૩ રાજ્યના વિધાનમંડળ દ્વારા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પ્રાથમિકતા આપવા પર અને ભેદભાવ કરવા પર પ્રતિબંધ ધરાવે છે. અનુચ્છેદ ૩૦૪ તેની નોન-ઓબ્સ્ટેન્ટે (કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં) જોગવાઈના પરિણામે, અન્ય બાબતોની સાથે, અનુચ્છેદ ૩૦૩ માં સમાવિષ્ટ નિયમના અપવાદ તરીકે કાર્ય કરે છે. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) હેઠળ રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર "કોઈપણ કર" લાદી શકે છે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય. તે પછી એવી આગળની આવશ્યકતા આવે છે કે આવા કરનું આરોપણ "તેમ છતાં પણ" એ રીતે થશે જેથી તે આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન કરે. અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) ના પાયામાં રહેલો સિદ્ધાંત અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે બિન-ભેદભાવનો છે. ખંડ (એ) રાજ્ય વિધાનમંડળને તેની કાયદાકીય સત્તાના ઉપયોગમાં આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે સક્ષમ બનાવે છે, જ્યાં સુધી તે કર રાજ્યની અંદર નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ પર પણ લાદવામાં આવે છે. ખંડ (એ) નો ઉત્તરાર્ધ કે જે

ભેદભાવ વિરુદ્ધનો આદેશ ધરાવે છે તેનો ચોક્કસ કંઈક અર્થ હોવો જ જોઈએ. આ જોગવાઈનું ઘડતર કરતી વખતે, બંધારણના ઘડવૈયાઓએ સ્પષ્ટપણે તેને માત્ર આયાતી માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ વચ્ચે કરવેરાની સમાનતા પૂરી પાડતા ધોરણ પૂરતો સીમિત રાખ્યો નહોતો. જ્યારે એવી શરત રાખવામાં આવી છે કે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ જે "કોઈપણ કર" ને આધીન હોય તે અન્ય રાજ્યોમાંથી રાજ્યમાં આયાત કરાયેલા માલ પર લાદી શકાય છે, ત્યારે ખંડ (એ) એવો આદેશ ધરાવે છે કે જે માલ આયાત કરવામાં આવે છે અને જે માલ રાજ્યની અંદર નિર્મિત થાય છે તેમની વચ્ચે કોઈ ભેદભાવ થવો જોઈએ નહીં. વિડીયો ઈલેક્ટ્રોનિક્સ ના ચુકાદાએ અનુચ્છેદ ૩૦૪(એ) નું એવું અર્થઘટન કર્યું હતું કે તે રાજ્યને તેના પોતાના નવજાત ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપવા માટે પગલાં ભરવાથી રોકતો નથી. રાજ્ય પંજાબના કેસમાં, રાજ્યનો બચાવ એવો હતો કે ખાસ કરીને "પંજાબના પ્રવર્તમાન વિશિષ્ટ સંજોગો" ને ધ્યાનમાં રાખીને, ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા અને હાલના ઔદ્યોગિક એકમોને પડોશી રાજ્યોમાં સ્થળાંતર થતાં અટકાવવા માટે વેચાણ વેરાનો ઘટાડેલો દર લાદવામાં આવ્યો હતો. તદુપરાંત, ગુજરાત અને મહારાષ્ટ્ર જેવા રાજ્યો સંપૂર્ણ વિકસિત ઔદ્યોગિક રાજ્યો હતા, જ્યારે પંજાબ તે તબક્કે ઔદ્યોગિક વિકાસના સંદર્ભમાં પછાત હતું. સદર જાહેરનામાને માન્ય રાખવામાં આ પરિબળોએ નિઃશંકપણે આ કોર્ટ પર વજન પાડ્યું હતું.

૨૦૮. પોતાના ઉદ્યોગની વૃદ્ધિ અને વિકાસ સુનિશ્ચિત કરવામાં રાજ્ય ચોક્કસપણે કાયદેસરની ચિંતા અને હિત ધરાવે છે. સમગ્ર દેશમાં ઔદ્યોગિક વૃદ્ધિ અને આર્થિક વિકાસના સ્તરો એકસમાન નથી. ખાસ કરીને ઔદ્યોગિક વિકાસના પ્રારંભિક તબક્કામાં, પોતાના ઉદ્યોગનો સંતુલિત વિકાસ અને વૃદ્ધિ સુનિશ્ચિત કરવા માટે રાજ્ય વિધાનમંડળ પોતાની કાયદો બનાવવાની સત્તાના ઉપયોગમાં કાયદેસરનું હિત ધરાવી શકે છે. તેમ છતાં, આમ કરતી વખતે અને પ્રોત્સાહનો આપતી વખતે, વિધાનમંડળે અથવા તેના પ્રતિનિધિ તરીકે રાજ્ય સરકારે એ સુનિશ્ચિત કરવું જ જોઈએ કે પ્રોત્સાહનોની મંજૂરી એવી કાળજીપૂર્વક ઘડવામાં આવે જેથી અનુચ્છેદ ૩૦૪(એ) ના મૂળ જુસ્સા અને ઉદ્દેશ્યને હાનિ ન પહોંચે. તદુપરાંત, જ્યારે આવા પ્રોત્સાહનની મંજૂરીને પડકારવામાં આવે છે, ત્યારે કાયદેસરના રાજ્ય હિત સાથે સંબંધ ધરાવતા સંજોગોના સંદર્ભમાં તેને વાજબી ઠેરવવાનું કામ રાજ્યનું છે.

### જે.૩.૧ ઔપચારિક અને વાસ્તવિક સમાનતા

૨૦૯. સમાનતા અને બિન–ભેદભાવ એ એક જ વિશ્વના ઘટકો છે. સમાનતા ઔપચારિક અને વાસ્તવિક બંને વિષયવસ્તુ ધરાવે છે. ઔપચારિક અર્થમાં, સમાનતા સમાન કાનૂની શાસન હેઠળના શાસન અને સમાન કાનૂની સિદ્ધાંતોના અમલીકરણની કલ્પના કરે છે. કાયદાનો એકસમાન અમલ ઔપચારિક સમાનતાના ધોરણને પૂર્ણ કરે છે. વાસ્તવિક સમાનતા ઔપચારિક સમાનતાથી પર જુએ છે. જે બાબત ઔપચારિક સમાનતાની જરૂરિયાતોને

સંતોષતી હોય તે વાસ્તવિક સમાનતાના દ્રષ્ટિકોણને પૂર્ણ કરવા માટે અપર્યાપ્ત અને અપૂરતી હોઈ શકે છે. વાસ્તવિક સમાનતા સ્વીકારે છે કે સામાજિક પૃષ્ઠભૂમિ, લિંગ અને સંસાધનો સુધીની પહોંચના આધારે ભેદભાવના ઇતિહાસ રહેલા છે. તેઓ તકની પ્રાપ્તિ નક્કી કરે છે. તેથી, ઔપચારિક સમાનતા અનિવાર્યપણે ન્યાયી પરિણામોમાં પરિણમે જ એવું જરૂરી નથી. તમામ વ્યક્તિઓ સાથે એકસરખો વ્યવહાર કરવો એ એવા લોકો માટે વંચિતતા અને આર્થિક તકોના ઇનકારને કાયમી બનાવી શકે છે જેમના માટે સામાજિક વ્યવસ્થાએ શિક્ષણ અથવા આર્થિક પ્રગતિ માટે જરૂરી સંસાધનોની સમાન પહોંચ પૂરી પાડી નથી. તેથી, વાસ્તવિક સમાનતા એ આધાર પર રચાયેલી છે કે અસમાન પરિસ્થિતિમાં મુકાયેલી વ્યક્તિઓ વચ્ચે ન્યાયી પરિણામો અને સાચી સમાનતા લાવવા માટે, કાનૂની વ્યવસ્થામાં તેમના ભેદભાવ, અસમર્થતા અને અન્યાયના ભૂતકાળના ઇતિહાસની સમજ હોવી આવશ્યક છે.

૨૧૦. આર્થિક પ્રગતિ અને સામાજિક વિકાસના સંદર્ભમાં રાષ્ટ્રની અંદરના પ્રદેશો વાસ્તવિક અર્થમાં સમાન નથી. લાક્ષણિક રીતે, આર્થિક વિકાસ એવા વિસ્તારોમાં વિસ્તર્યો છે જે માળખાકીય સુવિધાઓ અને સંસાધનોની ઉપલબ્ધતાની આસપાસ વિકસિત થયા હતા. વિતેલી દોઢ સદી દરમિયાન જેમ બંદરો અને રેલવેનો વિકાસ થયો, તેમ વિકાસના લાભો એવા પ્રદેશોમાં પ્રસર્યા જ્યાં આર્થિક તકો ઉપલબ્ધ હતી. તેમ છતાં, ભૌગોલિક અલગતા અને સંચારના વિકસિત સાધનોના અભાવ જેવા સંજોગોના પરિણામે દેશના અન્ય વિસ્તારો તુલનાત્મક અલ્પ–વિકાસની સ્થિતિમાં રહ્યા છે. ઘણા પ્રદેશો શિક્ષણના અભાવ

અને આરોગ્ય તથા સ્વચ્છતાની ઉપલબ્ધતાના અભાવથી પીડાયા છે. સામાજિક વંચિતતા અને ભેદભાવ રાષ્ટ્રના વિશાળ ભૂભાગોની વ્યાખ્યાયિત લાક્ષણિકતા રહી છે. આ પૃષ્ઠભૂમિમાં, વાસ્તવિક સમાનતા તેની પ્રતિછબી — બિન–ભેદભાવ — ની જેમ જ યાતના અને સંઘર્ષના, તથા ઇનકાર, વંચિતતા અને ભેદભાવના પ્રાદેશિક ઇતિહાસને ઘટાડવાના સંદર્ભમાં વિકાસની જરૂરિયાતનું મૂલ્યાંકન કરે છે.

૨૧૧. અનુચ્છેદ ૩૦૪(એ) સમાનતાના ઔપચારિક તેમજ વાસ્તવિક બંને ધોરણોનું સંમિશ્રણ છે. ઔપચારિક સ્તરે, આ જોગવાઈ એવી અપેક્ષા રાખે છે કે જ્યારે કોઈ રાજ્ય આયાતી માલ પર કર લાદે છે, ત્યારે તેવો કર તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર પણ તે જ રીતે લાદવો જોઈએ. રાજ્યમાં ઉત્પાદિત અને નિર્મિત સ્થાનિક માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કરવેરાની સમાનતા એ પ્રથમ અને ઔપચારિક જરૂરિયાત છે. પરંતુ આ ઉપરાંત, અનુચ્છેદ ૩૦૪(એ) તેની પછીની શરતમાં બિન–ભેદભાવના ધોરણને સમાવીને વાસ્તવિક સિદ્ધાંતોને ધ્યાનમાં લાવે છે. વાસ્તવિક અર્થમાં બિન–ભેદભાવ માટે સમાન સ્પર્ધાત્મક તકો (લેવલ પ્લેઇંગ–ફિલ્ડ) જરૂરી છે. રાષ્ટ્રના બે રાજ્યો સામાજિક વિકાસ અને આર્થિક પ્રગતિના સંદર્ભમાં તુલનાત્મક ન પણ હોઈ શકે. એક રાજ્ય શહેરી માળખાકીય સુવિધાઓમાં મૂડી રોકાણના વિકાસ સાથે ઔદ્યોગિક હોઈ શકે છે જ્યારે બીજું રાજ્ય મુખ્યત્વે કૃષિપ્રધાન હોઈ શકે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યને તેના પ્રદેશોની અંદર વિકાસ અને વૃદ્ધિ માટે જરૂરી પગલાં લેવાથી રોકતો નથી. પરંતુ

રજૂઆત એવી છે કે રાજ્ય પોતાની આર્થિક પ્રગતિ તરફ દોરી જતી નીતિઓ અપનાવવા માટે સ્વતંત્ર હોવા છતાં, તે અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત હોય તે રીતે આમ કરવાના ઉપાય તરીકે કરવેરાના વ્યવહારનો ઉપયોગ કરી શકે નહીં. આ રજૂઆત નિઃશંકપણે અમુક અંશે વજન ધરાવે છે. પરંતુ તેટલું જ સમાન રીતે, રાજ્યમાં ઉત્પાદિત અને નિર્મિત માલ તથા અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ વચ્ચેના કરવેરા વ્યવહારની સમાનતાને ઔપચારિક અર્થની વિરુદ્ધ વાસ્તવિક અર્થમાં બિન–ભેદભાવની સ્થિતિનું નિર્માણ કરવાની જરૂરિયાત સાથે સંતુલિત કરવી જોઈએ. તેથી, શ્રી મહાવીર ઓઇલ મિલ્સ વિ. સ્ટેટ ઓફ જે એન્ડ કે[172] માં આ કોર્ટના ચુકાદાએ, વિડીયો ઇલેક્ટ્રોનિક્સ માંના અગાઉના નિર્ણયોનું અર્થઘટન કરતી વખતે, ઠેરવ્યું હતું કે પછીના નિર્ણયમાં કરવામાં આવેલો મર્યાદિત અપવાદ સામાન્ય નિયમને ગળી જવો જોઈએ નહીં. વિડીયો ઇલેક્ટ્રોનિક્સ એવી સ્થિતિ હતી જ્યાં વેચાણ વેરાની છૂટ ચોક્કસ સમયગાળા માટે અને વાજબી કારણોસર સુનિશ્ચિત વર્ગના ઔદ્યોગિક એકમોને આવરી લેવા માટે કાળજીપૂર્વક ઘડવામાં આવી હતી. આ સ્થાનિક માલને અપાયેલી કોઈ અનિયંત્રિત કે સાર્વત્રિક પ્રાથમિકતા નહોતી. રાષ્ટ્રની આર્થિક એકતાના હિતમાં સંરક્ષણવાદ અને સંકુચિત માંગણીઓથી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું રક્ષણ કરવાનો અનુચ્છેદ ૩૦૪(એ) નો આશય હતો. તેથી, અનુચ્છેદ ૩૦૪(એ) વર્ગીકરણને પ્રતિબંધિત કરે છે તે રીતે વાંચી શકાતો નથી, તેમ જ તે રાજ્યોને વેપાર અને વાણિજ્યની આવશ્યક સ્વતંત્રતાને નષ્ટ

[172] (૧૯૯૬) ૧૧ એસ.સી.સી. ૩૯

કરતી સંરક્ષણવાદની નીતિઓ અનુસરવાની મંજૂરી આપે છે તે રીતે પણ વાંચી શકાય નહીં.

જે.૪ ગૃહ રાજ્યની અંદર ઉત્પાદન અને નિર્માણ

૨૧૨. અન્ય એક પાસું કે જેનું ગહન વિશ્લેષણ જરૂરી છે તે એ છે કે શું અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ, એ આવશ્યક છે કે જે આયાતી માલ પર કર લાદવાની માંગ કરવામાં આવી છે તેના જેવા સમાન માલનું રાજ્યએ ખરેખર ઉત્પાદન કે નિર્માણ કરવું જ જોઈએ. નિર્ણાયક શબ્દો "કોઈપણ કર કે જેને તે રાજ્યમાં નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ આધીન હોય" છે. અનુચ્છેદ ૩૦૪(એ) કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીના સ્વરૂપનો નથી. બીજી બાજુ, સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીની જોગવાઈ કરે છે અને તે નીચે મુજબ છે :

> "૫૧. રાજ્યમાં નિર્મિત અથવા ઉત્પાદિત નીચે મુજબના માલ પર એક્સાઇઝ ડ્યુટી અને ભારતમાં અન્યત્ર નિર્મિત અથવા ઉત્પાદિત સમાન માલ પર તે જ અથવા નીચા દરે કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી–
>
> (એ) માનવ વપરાશ માટેના આલ્કોહોલિક લિકર્સ;
>
> (બી) અફીણ, ઇન્ડિયન હેમ્પ અને અન્ય માદક દ્રવ્યો તથા નાર્કોટિક્સ;

પરંતુ આલ્કોહોલ અથવા આ પ્રવિષ્ટિના ઉપ–ફકરા (બી) માં સમાવિષ્ટ કોઈપણ પદાર્થ ધરાવતી ઔષધીય અને પ્રસાધન બનાવટોનો સમાવેશ થતો નથી."

૨૧૩. "તેવા જ ઉત્પાદિત કે નિર્મિત માલ" એવા શબ્દો અનુચ્છેદ ૩૦૪(એ) અને પ્રવિષ્ટિ ૫૧ બંનેમાં સમાન છે. જોકે, પ્રવિષ્ટિ ૫૧ હેઠળ કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીનો ખ્યાલ (જેમ કે કલ્યાણી સ્ટોર્સના ચુકાદામાં સમજાવવામાં આવ્યું છે) રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત થતી વસ્તુઓ પર લાદવામાં આવતી આબકારી જકાતને સંતુલિત કરવાનો છે. કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી ભારતમાં અન્યત્ર ઉત્પાદિત અથવા નિર્મિત વસ્તુઓ પર લાદવામાં આવે છે. કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીના સંદર્ભમાં, આ કોર્ટે કલ્યાણી સ્ટોર્સમાં ઠેરવેલ કે તે માલના વાસ્તવિક ઉત્પાદન અથવા નિર્માણની પૂર્વધારણા કરે છે. આ સિદ્ધાંતને અનુચ્છેદ ૩૦૪(એ) પર લાગુ કરી શકાય નહીં જ્યાં લાદવામાં આવતો કર કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીના સ્વરૂપમાં નથી. અનુચ્છેદ ૩૦૪(એ), જ્યારે તે માલ પરના કરનો ઉલ્લેખ કરે છે, ત્યારે તે રાજ્ય વિધાનમંડળની કાયદાકીય સક્ષમતા હેઠળ આવતા માલના કોઈપણ પાસા પરના કરને આવરી લે છે. અનુચ્છેદ ૩૦૪(એ) નો પાછળનો ભાગ કે જેમાં "પરંતુ એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે નિર્મિત અને ઉત્પાદિત થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય" એવા શબ્દો છે તે નિરર્થક નથી. સદર પાછળના ભાગનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન રહે. જો રાજ્યમાં

ઉત્પાદિત અથવા નિર્મિત માલ પર જકાતનો કોઈ ચોક્કસ દર લાદવામાં આવે છે, તો અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર જકાતનો ઊંચો દર લાદી શકાય નહીં. જોકે, આ બાબત રાજ્યને આયાતી માલ પર જકાત લાદતા અટકાવતી નથી જ્યાં તે તેવા વર્ણનના માલનું વાસ્તવમાં ઉત્પાદન અથવા નિર્માણ કરતું નથી. કલ્યાણી સ્ટોર્સમાં આ કોર્ટના અવલોકનો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ હેઠળની કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીના સંદર્ભમાં કરવામાં આવ્યા હતા જે ભિન્ન છે. બીજા શબ્દોમાં કહીએ તો, અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા રાજ્યને આયાતી માલ પર કર લાદવા માટે માત્ર તે રાજ્યમાં વાસ્તવમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલના સમૂહ પૂરતું મર્યાદિત કરવામાં આવ્યું નથી. એક ઉદાહરણ લઈએ તો, જો છ રાજ્યોમાં મોટર વાહનોનું ઉત્પાદન થતું હોય, તો અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોના રાજ્ય વિધાનમંડળોની (કાયદાકીય સત્તાના ઉપયોગમાં) મોટર વાહનોના સંબંધમાં કર લાદવાની સત્તાને મર્યાદિત કરતો નથી. અન્ય કોઈપણ અર્થઘટન એવા અનિચ્છનીય, જો વાહિયાત નહીં તો, પરિણામ તરફ દોરી જશે કે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પરનો કર માત્ર તે જ રાજ્યો દ્વારા લાદી શકાય છે કે જેઓ વાસ્તવમાં રાજ્યની અંદર સમાન માલનું ઉત્પાદન કરે છે. જો કોઈ રાજ્ય આયાતી માલ, જેના પર કર લાદવામાં આવ્યો છે, તેને સમાન માલનું ઉત્પાદન કે નિર્માણ કરતું નથી, તો ભેદભાવનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) નો ઉદ્દેશ્ય રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત થતા માલ અને એક રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત કરે છે તેવા માલ વચ્ચે વર્તનની અસમાનતાને રોકવાનો છે. જ્યાં કોઈ રાજ્ય તેવા વર્ણનના માલનું

વાસ્તવમાં ઉત્પાદન અથવા નિર્માણ કરતું નથી, ત્યાં અનુચ્છેદ ૩૦૪(એ) ની દ્રષ્ટિએ ભેદભાવનો કોઈ મુદ્દો ઉપસ્થિત થશે નહીં.

કે. પ્રવેશ કર

૨૧૪. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ નીચે મુજબ જોગવાઈ કરે છે:

"૫૨. તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર."

યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૯ રેલવે, સમુદ્ર અથવા હવાઈ માર્ગે લઈ જવાતા માલ અથવા મુસાફરો પરના ટર્મિનલ કર; રેલવે ભાડાં અને માલભાડા પરના કરની જોગવાઈ કરે છે.

કે.૧ ઓક્ટ્રોય અને ટર્મિનલ કર

૨૧૫. પ્રવિષ્ટિ ૫૨ ના સમાવેશ સાથે સંકળાયેલો કાયદાકીય ઈતિહાસ તેની જોગવાઈઓનું અર્થઘટન કરવા માટે એક મહત્વપૂર્ણ માર્ગદર્શક છે. ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૧૫ ની કલમ ૮૦એ પ્રાંતીય વિધાનમંડળોની સત્તાઓ વ્યાખ્યાયિત કરતી હતી. ડેવોલ્યુશન રૂલ્સ હેઠળ, બીજી અનુસૂચિની બાબત નં. ૭ અને ૮ માં નીચેની જોગવાઈઓ સમાવિષ્ટ હતી:

"બાબત નં. ૭. ઓક્ટ્રોય

બાબત નં. ૮. સ્થાનિક વિસ્તારમાં આયાત થતા અથવા તેમાંથી નિકાસ થતા માલ પર ટર્મિનલ કર, સિવાય કે જ્યાં આવો કર એવા સ્થાનિક વિસ્તારમાં પ્રથમ વખત લાદવામાં આવ્યો હોય કે જેમાં ૬ જુલાઈ, ૧૯૧૭ ના રોજ અથવા તે પહેલાં ઓક્ટ્રોય લાદવામાં આવેલ ન હતી."

ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં, કાયદાકીય યાદીઓની (યાદી ૨) પ્રવિષ્ટિ ૪૯ નીચે મુજબ જોગવાઈ કરતી હતી:

"૪૯. તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર ઉપકર. ટર્મિનલ કર યાદી ૧ માં મૂકવામાં આવ્યા હતા."

૨૧૬. ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં, પ્રવિષ્ટિ ૪૯ માં "ઓક્ટ્રોય" (૧૯૧૫ ના અધિનિયમ હેઠળના ડેવોલ્યુશન રૂલ્સમાં સમાવિષ્ટ મુજબ) ના બદલે અને તેના સ્થાને "તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંવિધાને યાદી ૨ માં પ્રવિષ્ટિ ૫૨ નો સમાવેશ એવી ભાષામાં કર્યો જે ધ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા એક્ટ, ૧૯૩૫ હેઠળની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૯ ને અનુરૂપ છે પરંતુ એ તફાવત સાથે કે 'ઉપકર' ના બદલે 'કર' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

૨૧૭. ઓક્ટ્રોય લાદવાનું ભારત અને અન્યત્ર બંને જગ્યાએ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. તેના ઇતિહાસને ટાંકીને, આ કોર્ટની સંવિધાન પીઠે ડાયમંડ સુગર મિલ્સ લિ. વિ. ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ[173] માં ઓક્ટ્રોયનો અર્થ નીચે મુજબ સમજાવ્યો હતો:

> "ઓક્ટ્રોય એ નગર અથવા શહેરમાં અથવા સમાન વિસ્તારમાં તેમાં વપરાશ, વેચાણ અથવા ઉપયોગ માટે માલના પ્રવેશ પરના કરનું વર્ણન કરતો એક જૂનો અને જાણીતો શબ્દ છે. એન્સાયક્લોપીડિયા બ્રિટાનીકા અનુસાર ઓક્ટ્રોય એ સ્થાનિક રાજકીય એકમ, સામાન્ય રીતે કમ્યુન અથવા નગરપાલિકા સત્તામંડળ દ્વારા તેના વિસ્તારમાં પ્રવેશ પર અમુક ચોક્કસ વર્ગના માલ પર લાદવામાં આવતો પરોક્ષ અથવા વપરાશ કર છે." (સદર, પૃષ્ઠ ૨૫૨ પર)

૨૧૮. ઓક્ટ્રોય એ સ્થાનિક સંસ્થાઓ દ્વારા વહીવટ કરવામાં આવતા વિસ્તારોમાં માલના પ્રવેશ પર લાદવામાં આવતો કર હતો. જ્યારે સંવિધાનના મુસદ્દાકારોએ યાદી ૨ માં પ્રવિષ્ટિ ૫૨ નો સમાવેશ કર્યો, ત્યારે તેઓ એ બાબતથી વાકેફ હતા કે ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ માં 'સ્થાનિક વિસ્તાર' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. વધુમાં, ઘડવૈયાઓના મનમાં એ બાબત ઉપસ્થિત ન હોય તે બની શકે નહીં કે ડેવોલ્યુશન રૂલ્સમાં વપરાયેલા 'ઓક્ટ્રોય' શબ્દપ્રયોગને ત્યારબાદ ૧૯૩૫ ના ધ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૯ માં લેબલને બદલે એક વર્ણન દ્વારા

[173] (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૨૪૨

બદલવામાં આવ્યો હતો: લેબલ સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશનું વર્ણનાત્મક હોવું; તેનો ઉદ્દેશ્ય તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ હોવો. 'તેમાં' શબ્દપ્રયોગ પણ એ દર્શાવે છે કે માલ સ્થાનિક વિસ્તારની અંદર ઉપયોગમાં લેવા, વપરાશ કરવા અથવા વેચવાના હેતુથી પ્રવેશે છે.

૨૧૯. ડાયમંડ સુગર મિલ્સ માં સંવિધાન પીઠ સમક્ષ વિચારણા માટે આવેલી પરિસ્થિતિ ધ યુ.પી. સુગર કેન સેસ એક્ટ, ૧૯૫૬ ની કલમ ૩ હેઠળ ઉદ્ભવી હતી, જે હેઠળ રાજ્ય સરકારને કારખાનાના પરિસરમાં તેમાં ઉપયોગ, વપરાશ અથવા વેચાણ માટે શેરડીના પ્રવેશ પર નિર્ધારિત રકમથી વધુ નહીં તેવો ઉપકર લાદવાની સત્તા આપવામાં આવી હતી. રાજ્ય વિધાનમંડળની કાયદાકીય સક્ષમતાને એ કારણસર પડકારવામાં આવી હતી કે કારખાનાનું પરિસર પ્રવિષ્ટિ પર ના અર્થમાં સ્થાનિક વિસ્તાર બનતું નથી. સંવિધાન પીઠે નીચે મુજબ ઠેરવેલ:

> "'સ્થાનિક' શબ્દનો વ્યુત્પત્તિશાસ્ત્રીય અર્થ કોઈ સ્થળ સાથે 'સંબંધિત' અથવા 'તેને લગતું' થાય છે. સૌપ્રથમ એ અવલોકન કરી શકાય કે સમગ્ર રાજ્ય પ્રવિષ્ટિ પર ના હેતુ માટે "સ્થાનિક વિસ્તાર" હોઈ શકે કે નહીં, પરંતુ એ સ્પષ્ટ છે કે આ હેતુ માટે "સ્થાનિક વિસ્તાર" બનવા માટે તે રાજ્યની અંદરનો વિસ્તાર હોવો જોઈએ. સામાવાળાઓ વતી એવી દલીલ કરવામાં આવી છે કે પ્રવિષ્ટિ પર માં "સ્થાનિક વિસ્તાર" નો અર્થ તેથી "તેમાં કોઈપણ સ્થળે રાજ્યનો કોઈપણ ભાગ" એવો લેવો જોઈએ. તેથી,

એવી દલીલ ચાલે છે કે રાજ્યમાં કોઈ સ્થળે રાજ્યનો એક ભાગ હોવાના કારણે એક કારખાનું એ "સ્થાનિક વિસ્તાર" છે. બીજા શબ્દોમાં કહીએ તો, "સ્થાનિક વિસ્તાર" નો અર્થ "રાજ્યની અંદરનો કોઈપણ નિર્દિષ્ટ વિસ્તાર" થાય છે. આ દલીલની સ્પષ્ટ ભૂલ એ છે કે તે પોતાની રીતે સ્વતંત્ર એવા "વિસ્તાર" શબ્દ અને "સ્થાનિક વિસ્તાર" શબ્દપ્રયોગ વચ્ચે કોઈ ભેદ પાડતી નથી. જો પ્રવિષ્ટિ "રાજ્યના કોઈપણ વિસ્તારમાં માલનો પ્રવેશ....." એવી હોત, તો પ્રવેશ પર ઉપકર લાદતા કાયદાના હેતુ માટે કોઈ વિસ્તાર નિર્દિષ્ટ કરવામાં આવ્યો હોત. જો સંવિધાન નિર્માતાઓ રાજ્યની અંદરના કોઈપણ નિર્દિષ્ટ વિસ્તારમાં માલના પ્રવેશ પર ઉપકર લાદવાની સત્તા રાજ્ય વિધાનમંડળોને આપતા હોત, તો વાપરવા માટે યોગ્ય શબ્દો "કોઈપણ વિસ્તારમાં માલનો પ્રવેશ....." હોત. તેમણે જે શબ્દો વાપર્યા છે તે "સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ" શબ્દો વાપરવા નિરર્થક અને ખરેખર અયોગ્ય હોત. "વિસ્તાર" શબ્દના બદલે "સ્થાનિક વિસ્તાર" શબ્દોનો ઉપયોગ સંવિધાન નિર્માતાઓના એ સુનિશ્ચિત કરવાના આશયને કારણે જ હોઈ શકે કે માલના પ્રવેશ પર કર લાદવા સંબંધિત કાયદા બનાવવાની સત્તા તે ભાગની બહારથી રાજ્યના પ્રત્યેક અને દરેક ભાગમાં માલના પ્રવેશના કિસ્સાઓ સુધી વિસ્તરશે નહીં પરંતુ માત્ર તે ભાગની બહારથી રાજ્યના એવા ભાગોમાં પ્રવેશ સુધી જ વિસ્તરશે કે જે "સ્થાનિક વિસ્તાર" ના વર્ણનને સંતોષતા હોય." (સદર, પૃષ્ઠ ૨૫૦ પર)

કારખાનું એ સ્થાનિક વિસ્તાર હોઈ શકે નહીં તેવું ઠેરવતી વખતે, સંવિધાન પીઠે અવલોકન કર્યું કે:

> "કાયદાના અગાઉના ઇતિહાસની જાણકારી સાથે જ સંવિધાન નિર્માતાઓએ સાતમી અનુસૂચિમાં યાદીઓ તૈયાર કરવાનું પોતાનું કાર્ય હાથ પર લીધું હતું. તેથી એ બાબતમાં બહુ ઓછી શંકા હોઈ શકે કે "તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર" એવા શબ્દોનો ઉપયોગ કરીને, તેઓ "સ્થાનિક વિસ્તાર" શબ્દો દ્વારા મુખ્યત્વે એવા વિસ્તારને અભિવ્યક્ત કરવા માંગતા હતા કે જેના સંબંધમાં શેડ્યુલ ટેક્સ રૂલ્સ, ૧૯૨૦ ની બાબત ૭ હેઠળ ઓક્ટ્રોય વસૂલવાપાત્ર હતી—એટલે કે, સ્થાનિક સત્તામંડળ દ્વારા વહીવટ કરવામાં આવતો વિસ્તાર જેમ કે નગરપાલિકા, જિલ્લા બોર્ડ, સ્થાનિક બોર્ડ અથવા યુનિયન બોર્ડ, પંચાયત અથવા રાજ્યના કોઈપણ ભાગની સ્થાનિક બાબતોના શાસન માટે કાયદા હેઠળ રચાયેલી કોઈ સંસ્થા. રાજ્ય સરકાર દ્વારા વહીવટ કરવામાં આવતા વિસ્તાર તરીકે રાજ્યના સમગ્ર વિસ્તારનો પણ "સ્થાનિક વિસ્તાર" શબ્દપ્રયોગમાં સમાવેશ કરવાનો આશય હતો કે કેમ, તે અંગે આપણે વર્તમાન કેસમાં વિચારણા કરવાની જરૂર નથી." (સદર, પૃષ્ઠ ૨૫૩ પર)

૨૨૦. આ અવલોકનો દર્શાવે છે કે પ્રવિષ્ટિ ૫૨ માં "વિસ્તાર" ને બદલે "સ્થાનિક વિસ્તાર" શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી,

સંવિધાનનો એવો આશય નહોતો કે રાજ્યના કોઈપણ વિસ્તારમાં માત્ર માલના પ્રવેશથી સદર પ્રવિષ્ટિ આકર્ષિત થશે. પ્રવેશ સ્થાનિક વિસ્તારમાં થવો જોઈતો હતો. સ્થાનિક વિસ્તાર એ સ્થાનિક સત્તામંડળ દ્વારા વહીવટ કરવામાં આવતો વિસ્તાર છે જેમ કે નગરપાલિકા, જિલ્લા અથવા સ્થાનિક બોર્ડ અથવા પંચાયત અથવા રાજ્યના કોઈપણ ભાગમાં સ્થાનિક બાબતોના શાસનનું સંચાલન કરવા માટે કાયદા દ્વારા રચાયેલ અન્ય કોઈ સંસ્થા. જોકે, સમગ્ર રાજ્યને સ્થાનિક વિસ્તાર તરીકે જાહેર કરી શકાય કે કેમ તે બાબત ડાયમંડ સુગર મિલ્સ માં ખુલ્લી રાખવામાં આવી હતી.

૨૨૧. બેંગલોર વુલન કોટન એન્ડ સિલ્ક મિલ્સ કંપની લિ. વિ. કોર્પોરેશન ઓફ ધ સિટી ઓફ બેંગલોર[174] માં સંવિધાન પીઠના અન્ય એક ચુકાદામાં, ધ બેંગલોર મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ દ્વારા કપાસ અને ઊન પર ઓક્ટ્રોય ડ્યુટી લાદવાની સંવિધાનિક માન્યતાને અન્ય બાબતોની સાથે અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓ હેઠળ પડકારવામાં આવી હતી. રાજ્યની રજૂઆતમાં, ઓક્ટ્રોય ડ્યુટી અનુચ્છેદ ૩૦૫ દ્વારા બચાવી લેવામાં આવી હતી, જેમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી કે રાષ્ટ્રપતિ હુકમ દ્વારા અન્યથા નિર્દેશ આપે તે સિવાય, અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૩ ની કોઈપણ બાબત કોઈપણ વિદ્યમાન કાયદાની જોગવાઈઓને અસર કરશે નહીં. સંવિધાન પીઠે આ રજૂઆત સ્વીકારી હતી અને ઠેરવ્યું હતું કે અનુચ્છેદ ૩૦૧ નો કોઈ ભંગ થયો નથી.

[174] (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૦૭

૨૨૨. બર્મા શેલ ઓઇલ સ્ટોરેજ એન્ડ ડિસ્ટ્રિબ્યુશન કંપની ઇન્ડિયા લિ. વિ. ધ બેલગામ બોરો મ્યુનિસિપાલિટી[175] માં, અપીલકર્તાએ વેચાણ માટે ઓક્ટ્રોયની હદમાં લાવવામાં આવેલી તેની પ્રોડક્ટ્સ પર ઓક્ટ્રોય વસૂલવાથી નગરપાલિકાને મનાઈ ફરમાવતી રિટ મેળવવા માટે હાઇકોર્ટ સમક્ષ નિષ્ફળ અરજી કરી હતી. અપીલકર્તા દ્વારા ઓક્ટ્રોયની હદમાં લાવવામાં આવેલ માલમાં ચાર શ્રેણીઓ સમાવિષ્ટ છે:

(૧) અપીલકર્તા દ્વારા વપરાશ કરવામાં આવેલ માલ;

(૨) અપીલકર્તા દ્વારા પોતે અથવા ડીલરો મારફતે વેચવામાં આવેલ અને અન્યો દ્વારા ઓક્ટ્રોયની હદમાં વપરાશ કરવામાં આવેલ માલ;

(૩) અપીલકર્તા દ્વારા પોતે અથવા ડીલરો મારફતે ઓક્ટ્રોયની હદમાં વેચવામાં આવેલ પરંતુ બહાર વપરાશ કરવામાં આવેલ માલ; અને

(૪) અપીલકર્તા દ્વારા ઓક્ટ્રોયની હદમાં આવેલા તેના ડેપોમાંથી નગરપાલિકા બહારના સ્થળોએ મોકલવામાં આવેલ માલ કે જ્યાં અન્યો દ્વારા તેનું ઉત્પાદન અને વપરાશ કરવામાં આવ્યો હતો.

૨૨૩. ધ બોમ્બે મ્યુનિસિપલ બોરોઝ એક્ટ, ૧૯૨૫ ની કલમ ૭૩ હેઠળ, નગરપાલિકાને તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે ઓક્ટ્રોયની હદમાં લાવવામાં આવતા પ્રાણીઓ અથવા માલ પર ઓક્ટ્રોય લાદવાની સત્તા આપવામાં આવી હતી. સંવિધાન પીઠે ટર્મિનલ કર અને ઓક્ટ્રોય સંબંધિત

[175] (૧૯૬૩) સપ્લિ. ૨ એસ.સી.આર. ૨૧૬

કાયદાકીય ઇતિહાસની નોંધ લીધી હતી. ટર્મિનલ કર એ સ્થાનિક વિસ્તારમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો કે નહીં તે ધ્યાનમાં લીધા વિના માત્ર સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ સાથે સંબંધિત હતા. ઓક્ટ્રોય એ વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં લાવવામાં આવતા માલ પરના કર હતા. જ્યારે સંવિધાન અપનાવવામાં આવ્યું, ત્યારે ઓક્ટ્રોય શબ્દપ્રયોગ ટાળવામાં આવ્યો હતો અને તેના બદલે એક વર્ણનનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રવિષ્ટિ ૫૨ ના વ્યાપનું વિશ્લેષણ કરતાં, સંવિધાન પીઠે નીચે મુજબ અવલોકન કર્યું હતું:

> "૨૧. સ્થાનિક વિસ્તારમાં માલ લાવનાર સીધી વ્યક્તિએ પોતે જ તેનો વપરાશ કરવો જરૂરી નથી, વપરાશનું કૃત્ય મુલતવી રાખી શકાય છે અથવા અન્ય કોઈ વ્યક્તિ દ્વારા કરી શકાય છે, પરંતુ જ્યાં સુધી માલ તે અર્થમાં વપરાશ માટે સ્થાનિક વિસ્તારમાં લાવવામાં આવ્યો હોય, ભલે તે ગમે તેના દ્વારા લાવવામાં આવ્યો હોય, તે બોરોઝ એક્ટની જરૂરિયાતોને સંતોષે છે અને ઓક્ટ્રોય ચૂકવવાપાત્ર બને છે. "વપરાશ" શબ્દની સાથે "ઉપયોગ" શબ્દ પણ ઉમેરવામાં આવ્યો છે. અમુક એવી ચીજવસ્તુઓ હોઈ શકે છે કે જે ઉપયોગમાં લેવા છતાં તે પ્રક્રિયામાં 'સંપૂર્ણ ખતમ' (યુઝ્ડ અપ) થતી નથી. ઉપયોગ માટે વિસ્તારમાં લાવવામાં આવેલી મોટર–કાર એ અર્થમાં ખતમ થતી નથી જે અર્થમાં ખાદ્યસામગ્રી ખતમ થાય છે. તેથી, ઉપયોગ અને વપરાશ એ બંને શબ્દપ્રયોગો સંયુક્ત રીતે માલ અને પ્રાણીઓને ફરીથી બહાર લઈ જવાના હેતુથી નહીં પરંતુ કાં તો

સંપૂર્ણ ખતમ કર્યા વિના ઉપયોગ કરવા માટે અથવા તેનો નાશ કરે, બગાડ કરે કે ખતમ કરી નાખે તે રીતે વપરાશ કરવા માટે જાળવી રાખવાના હેતુથી અંદર લાવવાનો અર્થ દર્શાવે છે." (સદર, પૃષ્ઠ ૨૩૦–૨૩૧ પર)

૨૨૪. સંવિધાન પીઠે ઠેરવ્યું કે જ્યાં સુધી માલ તે વિસ્તારની અંદર આખરી ઉપભોક્તાને વેચાણ માટે વિસ્તારની અંદર લાવવામાં આવે છે, ત્યાં સુધી તેનાથી કોઈ ફેર પડતો નથી કે ઉપભોક્તા તેનો તે વિસ્તારમાં વપરાશ કરતો નથી પરંતુ અન્યત્ર વપરાશ માટે તેને બહાર લઈ જાય છે:

"૨૨.....'તેમાં' શબ્દનો અર્થ એવો નથી કે વપરાશનું તમામ કૃત્ય નગરપાલિકાના વિસ્તારમાં જ થવું જોઈએ. જો માલ અંદર લાવવામાં આવે તો તે પૂરતું છે તે વિસ્તારમાં અંતિમ ગ્રાહકને પહોંચાડવા માટે તે વિસ્તારમાં લાવવામાં આવે કારણ કે કરપાત્ર ઘટના એ એવા માલનો પ્રવેશ છે જે તે વિસ્તારમાં અંતિમ વપરાશકર્તા અથવા ગ્રાહક સુધી પહોંચવા માટે નિર્ધારિત હોય." (સદર, પૃષ્ઠ ૨૩૩ પર)

આથી, સ્થાનિક વિસ્તારમાં લાવવામાં આવેલા માલ પર ઓક્ટ્રોય જકાત ચૂકવવા માટે અપીલકર્તા જવાબદાર હોવાનું ઠેરવવામાં આવ્યું હતું :

(૧) તેના પોતાના દ્વારા વપરાશ કરવા માટે અથવા તેના દ્વારા સીધા ગ્રાહકોને વેચવા માટે;

(૨) એવા વેપારીઓને વેચાણ માટે કે જેમણે બદલામાં તે માલ નગરપાલિકા વિસ્તારની અંદર ગ્રાહકોને વેચ્યો હતો, ભલે તેવા ગ્રાહકોએ તે વિસ્તારની અંદર કે બહાર ઉપયોગ કરવા માટે તે ખરીદ્યો હોય તે બાબતને ધ્યાને લીધા વિના.

જોકે, અપીલકર્તા પુનઃનિકાસ માટે સ્થાનિક વિસ્તારમાં લાવેલા માલના સંબંધમાં ઓક્ટ્રોય ચૂકવવા જવાબદાર ન હતો.

૨૨૫. સંવિધાન અપનાવ્યા પછી ઘણા વર્ષો સુધી, દેશભરની સ્થાનિક સંસ્થાઓ ઓક્ટ્રોય લાદવાનું ચાલુ રાખતી હતી, જે આવકનો એક મહત્વપૂર્ણ સ્ત્રોત હતો. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ (અનુચ્છેદ ૨૪૬, ૨૪૫ અને ૨૪૬ સાથે વાંચતા) ના સંદર્ભમાં ઘડાયેલા રાજ્યના કાયદા હેઠળ ઓક્ટ્રોય લાદવામાં આવતો હતો. જોકે, ઓક્ટ્રોયે એક ત્રાસદાયક સ્વરૂપ ધારણ કર્યું હતું અને હંસા કોર્પોરેશન (પૂર્વોક્ત) માં આ કોર્ટ દ્વારા ટિપ્પણીનો વિષય બન્યો હતો. સ્થાનિક સંસ્થાઓ દ્વારા સ્થાપવામાં આવેલી ચેકપોસ્ટ સાથે ઓક્ટ્રોય જકાત જોડાઈ ગઈ હતી. સ્થાનિક હદમાં પ્રવેશવાની રાહ જોતાં સંપૂર્ણ ભરેલાં વાહનોની લાંબી કતારો માટે ઓક્ટ્રોય નાકા કુખ્યાત બન્યા હતા. તેનાથી પણ ખરાબ એ હતું કે, ઓક્ટ્રોય જકાત ઉઘરાવવાની કામગીરી સોંપાયેલા સ્થાનિક અધિકારીઓ અથવા કોન્ટ્રાક્ટરોના દુષ્કૃત્યોનું ઓક્ટ્રોય એક કનડગતરૂપ પ્રતીક બની ગયું હતું. સમય જતાં, વેપાર જગતની માંગણીને સ્વીકારીને, ઓક્ટ્રોયને ધીમે ધીમે તબક્કાવાર નાબૂદ કરવામાં આવ્યો અને રાજ્યોમાં પ્રવેશ કર કાયદા દ્વારા તેનું સ્થાન લેવામાં

આવ્યું. કરવામાં આવેલા ફેરફારોમાં નોંધપાત્ર બાબત એ હતી કે કર વેપારી પર વસૂલવાપાત્ર બનશે. વધુમાં, કર ઓક્ટ્રોય અથવા નગરપાલિકાની હદ પર નહીં પરંતુ ત્યારબાદ રિટર્ન રજૂ કર્યા પછી વસૂલ કરવામાં આવશે.

કે.૨ પ્રવેશ કર અને અનુચ્છેદ ૩૦૪(એ)

૨૨૬. આ સંદર્ભના હેતુઓ માટે, શરૂઆતમાં જ સ્પષ્ટ કરવું જરૂરી છે કે પ્રવેશ કર સંબંધિત દરેક રાજ્યના કાયદાની વિગતવાર જોગવાઈઓ વિચારણા હેઠળ આવતી નથી. વર્તમાન સંદર્ભના હેતુઓ માટે ભાગ ૧૩ ની સરખામણીએ પ્રવેશ કર કાયદાના કેટલાક મહત્વપૂર્ણ પાસાઓ કે જે સામાન્ય ચિંતાના વિષય છે તેની વિચારણા કરવી પૂરતી છે.

૨૨૭. આ બાબતનું પ્રથમ મહત્વપૂર્ણ પાસું પ્રવેશ કર કાયદા અને અનુચ્છેદ ૩૦૪(એ) વચ્ચેનો પરસ્પર સંબંધ છે. આ બંને વચ્ચેનો સંબંધ એટલા માટે ઉદ્ભવે છે કારણ કે સ્થાનિક વિસ્તારમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલના પ્રવેશ પર પ્રવેશ કર લાદવામાં આવે છે. જો માલ અન્ય કોઈ રાજ્યમાંથી ઉદ્ભવતો હોય, તો સ્થાનિક વિસ્તારમાં પ્રવેશવા પર આયાતી માલ પ્રવેશ કરને પાત્ર બનશે કારણ કે કર આકારણીની ઘટના એ વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ છે. રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પ્રવેશ કરને પાત્ર છે કે નહીં તેના પર ભેદભાવના મુદ્દાઓ ઉદ્ભવે છે.

૨૨૮. અનુચ્છેદ ૩૦૪ રાજ્ય વિધાનમંડળને અન્ય રાજ્યમાંથી આયાત કરવામાં આવેલા માલ પર એવો કોઈપણ કર લાદવાની પરવાનગી આપે છે જે કરને રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય. તેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે "તેવી રીતે આયાત કરાયેલા" માલ અને "તેવી રીતે ઉત્પાદિત અથવા નિર્મિત" માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય. અનુચ્છેદ ૩૦૪(એ) ની મહત્વપૂર્ણ આવશ્યકતા એ છે કે કર ઉત્પત્તિ–તટસ્થ હોવો જોઈએ. તેથી, જ્યાં રાજ્ય વિધાનમંડળ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ પર (માલ રાજ્યમાં ઉદ્ભવે છે કે બહારથી આયાત કરવામાં આવે છે તેના આધારે કોઈપણ ભેદભાવ કર્યા વિના) પ્રવેશ કર લાદે છે, ત્યાં અનુચ્છેદ ૩૦૪(એ) ના આદેશનું પાલન થશે.

૨૨૯. પ્રશ્ન એ છે કે શું માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર જ પ્રવેશ કર લાદવાથી અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થશે. સ્પષ્ટપણે, જો રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર કર લાદ્યા વિના અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવામાં આવે, તો તે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન થશે. આ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા કરપાત્ર માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત એવા માલ કે જેના પર કર લાદવામાં આવતો નથી, તેમની વચ્ચે ગેરબંધારણીય ભેદભાવ સમાન બનશે. ભેદભાવનું આવું કૃત્ય, ઉદાહરણ તરીકે, એવી પરિસ્થિતિમાં થઈ શકે છે જ્યાં રાજ્યનો કાયદો રાજ્યના સમગ્ર વિસ્તારને સ્થાનિક વિસ્તાર તરીકે વ્યાખ્યાયિત કરે છે અથવા ડીલર કે આયાતકાર શબ્દપ્રયોગની ચોક્કસ વ્યાખ્યાનો સમાવેશ

કરીને તેનો અર્થ રાજ્ય બહારથી માલ મંગાવનાર આયાતકાર કરે છે. ઉદાહરણ તરીકે, માલ માત્ર ત્યારે જ પ્રવેશ કરને પાત્ર બની શકે જ્યારે તે રાજ્યની સરહદ ઓળંગે. સંપૂર્ણપણે રાજ્યની અંદર જ થતી માલની હેરફેર પ્રવેશ કરને પાત્ર બનતી નથી. વૈકલ્પિક રીતે, સ્થાનિક વિસ્તાર શબ્દપ્રયોગને સમગ્ર રાજ્યના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરવામાં આવી શકે છે. જો કાયદો માત્ર રાજ્યની બહાર ઉદ્ભવતા માલના રાજ્યમાં પ્રવેશ પર જ કર લાદે છે, જ્યારે રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ આ કરવેરાને આધીન નથી, તો આ અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત પ્રતિકૂળ ભેદભાવ સમાન બનશે.

કે.૩ 'સ્થાનિક વિસ્તાર'નો અર્થ

૨૩૦. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના હેતુઓ માટે શું રાજ્યના સમગ્ર વિસ્તારને સ્થાનિક વિસ્તાર તરીકે ગણી શકાય કે કેમ તે મુદ્દો ડાયમંડ સુગર મિલ્સ માં સંવિધાન પીઠના ચુકાદામાં વિચારણા માટે ખાસ ખુલ્લો રાખવામાં આવ્યો હતો. જોકે, આ કોર્ટના ત્રણ વિદ્વાન ન્યાયમૂર્તિઓ દ્વારા શક્તિકુમાર એમ. સંચેતી વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર[176] ના ચુકાદામાં આ મુદ્દા પર વિચારણા કરવામાં આવી હતી. તે કેસમાં ધ મહારાષ્ટ્ર ટેક્સ ઓન એન્ટ્રી ઓફ મોટર વ્હીકલ્સ ઇનટુ લોકલ એરિયાઝ એક્ટ, ૧૯૮૭ ની કલમ ૩ હેઠળ પ્રવેશ કર લાદવામાં આવ્યો હતો. મોટર વાહનોના કોન્ટ્રાક્ટરો અથવા ડીલરો કે જેમણે રાજ્ય બહારથી વાહનો ખરીદ્યા હતા અને તેને મહારાષ્ટ્ર રાજ્યમાં લાવ્યા હતા તેઓ દ્વારા સદર અધિનિયમને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ વિધાયક સત્તાનો

[176] (૧૯૯૫) ૧ એસ.સી.સી. ૩૫૧

છળરૂપ ઉપયોગ હોવા ઉપરાંત અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો હોવાના આધારે પડકારવામાં આવ્યો હતો. સ્થાનિક વિસ્તાર શેનો બને છે તે મુદ્દો ડાયમંડ સુગર મિલ્સ માં નક્કી કરવામાં આવ્યો ન હતો તે હકીકતની નોંધ લેતાં, ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે નીચે મુજબ ઠેરવ્યું હતું :

> "૪.... સંવિધાનના વિવિધ અનુચ્છેદો, અર્થાત્ ૩, ૧૨, ૨૪૫(૧), ૨૪૬, ૨૭૭, ૩૨૧, ૩૨૩એ અને ૩૭૧(ડી) માં 'સ્થાનિક વિસ્તાર' શબ્દપ્રયોગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે દર્શાવે છે કે સંવિધાનિક આશય 'સ્થાનિક વિસ્તાર'ને સ્થાનિક સંસ્થા દ્વારા વહીવટ કરવામાં આવતા કોઈપણ વિસ્તારના અર્થમાં સમજવાનો હતો, ભલે તે કોર્પોરેશન, મ્યુનિસિપલ બોર્ડ, ડિસ્ટ્રિક્ટ બોર્ડ વગેરે હોય. હાઇકોર્ટે આ પાસા પર ઠેરવ્યું, અને અમારા મતે યોગ્ય રીતે ઠેરવ્યું કે આ વ્યાખ્યામાં સમગ્ર રાજ્યનો સ્થાનિક વિસ્તાર તરીકે સમાવેશ થતો નથી કારણ કે કલમમાં 'સ્થાનિક વિસ્તાર' પહેલાં 'એ' શબ્દનો ઉપયોગ નોંધપાત્ર છે. હાઇકોર્ટના મતે, કરપાત્ર ઘટના એ રાજ્યના કોઈપણ વિસ્તારમાં વાહનનો પ્રવેશ નથી પરંતુ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ છે. હાઇકોર્ટે એક દ્રષ્ટાંત આપીને આ બાબત સમજાવી કે જો કોઈ મોટર વાહન જબલપુર (મધ્યપ્રદેશ) થી અમરાવતી (મહારાષ્ટ્રના નાગપુર જિલ્લામાં), જે સરહદી વિસ્તાર હતો, ખાતે ઉપયોગ કરવા અથવા વેચવા માટે લાવવામાં આવ્યું હોય, તો કરપાત્ર ઘટના એ નાગપુર જિલ્લામાં પ્રવેશ નહોતો પરંતુ અમરાવતી મ્યુનિસિપલ કોર્પોરેશનના વિસ્તારમાં પ્રવેશ હતો. તેથી, અપીલકર્તાના

વિદ્વાન વકીલ દ્વારા રજૂ કરવામાં આવ્યા મુજબ કરવેરો રાજ્યના કોઈપણ ભાગમાં વાહનના પ્રવેશ પર નથી પરંતુ રાજ્યના કોઈપણ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ પર છે. આથી, આ કારણસર તેને રદ કરી શકાય નહીં."

(સદર, પૃષ્ઠ ૩૫૫ પર)

૨૩૧. સંવિધાનના ૭૩મા સુધારા દ્વારા ભાગ ૯ નો સમાવેશ કરવામાં આવ્યો છે જે પંચાયતો સાથે સંબંધિત છે જ્યારે ૭૪મા સુધારા દ્વારા ભાગ ૯એ નો સમાવેશ કરવામાં આવ્યો છે જે નગરપાલિકાઓ સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૨૪૩(ડી) પંચાયતોને ગ્રામીણ વિસ્તારો માટે અનુચ્છેદ ૨૪૩(બી) હેઠળ રચાયેલી સ્વશાસનની સંસ્થાઓ તરીકે વ્યાખ્યાયિત કરે છે. અનુચ્છેદ ૨૪૩(બી) દરેક રાજ્યમાં ગ્રામ, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતોની રચના કરવાનું નિર્દેશિત કરે છે. અનુચ્છેદ ૨૪૩એચ(એ) રાજ્યના વિધાનમંડળને કાયદા દ્વારા પંચાયતને તેવી કાર્યપદ્ધતિ અનુસાર અને તેવી મર્યાદાઓને આધીન આવા કર, જકાત, ટોલ અને ફી લાદવા, વસૂલ કરવા અને વિનિયોગ કરવા માટે અધિકૃત કરવાની સત્તા આપે છે. અનુચ્છેદ ૨૪૩ક્યુ નગર પંચાયત, મ્યુનિસિપલ કાઉન્સિલ અને મ્યુનિસિપલ કોર્પોરેશન ની રચનાની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૨૪૩એક્સ રાજ્યના વિધાનમંડળને કાયદા દ્વારા નગરપાલિકાને તેવી કાર્યપદ્ધતિ અનુસાર અને તેવી મર્યાદાઓને આધીન આવા કર, જકાત, ટોલ અને ફી લાદવા, વસૂલ કરવા અને વિનિયોગ કરવા અધિકૃત કરવાની સત્તા આપે છે. આ સુધારાઓ સાથે, સ્થાનિક વિસ્તારોએ હવે બંધારણીય સંદર્ભ અને મહત્વ ધારણ કર્યું છે.

૨૩૨. ડાયમંડ સુગર મિલ્સ ના ચુકાદામાં, સંવિધાન પીઠે ભાર મૂક્યો હતો કે સ્થાનિક વિસ્તાર શબ્દપ્રયોગનો ઉપયોગ કરતી વખતે સંવિધાનના ઘડવૈયાઓ અગાઉના વિધાયક ઈતિહાસથી વાકેફ હતા અને તેમનો અર્થ રાજ્યના કોઈપણ ભાગમાં સ્થાનિક બાબતોના વહીવટ માટે કાયદા હેઠળ રચાયેલી સંસ્થા (જેમ કે નગરપાલિકાઓ, પંચાયતો અથવા સ્થાનિક બોર્ડ) દ્વારા સંચાલિત વિસ્તાર હતો. ડાયમંડ સુગર મિલ્સ ના નિર્ણયમાં સિદ્ધાંતનું આ કથન હવે સંવિધાનમાં ભાગ ૯ અને ભાગ ૯એ ના સમાવેશ દ્વારા લાવવામાં આવેલા બંધારણીય સુધારાઓને ધ્યાનમાં રાખીને વધુ મજબૂત બન્યું છે. સ્થાનિક વિસ્તાર સમગ્ર રાજ્યના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરી શકાતો નથી પરંતુ તેમાં રાજ્યની અંદર કાયદા હેઠળ રચાયેલી સ્થાનિક સંસ્થા દ્વારા વહીવટ કરવામાં આવતા વિસ્તારનો સમાવેશ થશે.

કે.૪ વિભાજ્યતા

૨૩૩. રાજ્યો વતી એવી રજૂઆત કરવામાં આવી છે કે જ્યાં રાજ્ય વિધાનમંડળ માત્ર રાજ્ય બહારથી લાવવામાં આવતા માલ પર જ પ્રવેશ કર લાદવાની જોગવાઈ કરે છે, ત્યાં વાંધાજનક શબ્દોને વિભાજ્ય ગણી શકાય અને રદ કરી શકાય જેથી રાજ્યની અંદરથી કે બહારથી સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા બંને પ્રકારના માલ પર કર લાદવાની મંજૂરી મળી શકે. આવી કવાયત સ્પષ્ટપણે અસ્વીકાર્ય હશે. જ્યાં રાજ્ય વિધાનમંડળે માત્ર રાજ્ય બહારથી ઉદ્ભવતા માલના પ્રવેશ પર જ કર લાદવાનો સ્પષ્ટ આશય દર્શાવ્યો હોય, ત્યાં સૂચવ્યા મુજબ

અર્થઘટનની પ્રક્રિયા દ્વારા વાંધાજનક શબ્દોને દૂર કરવા તે અસ્વીકાર્ય ગણાશે. આવા શબ્દોને દૂર કરવા તે કાયદાને સીમિત અર્થમાં વાંચવાના અનુમતિપાત્ર વ્યાપમાં આવશે નહીં. આવી અદાલતી કવાયતની અસર રાજ્યની અંદરથી સ્થાનિક વિસ્તારમાં જતા માલ પર કર લાદવાની થશે, જોકે રાજ્ય વિધાનમંડળ દ્વારા આવું કરવામાં આવ્યું નથી. આવો કર લાદવો જોઈએ કે નહીં તે બાબત રાજ્ય વિધાનમંડળે તેની કાયદો ઘડવાની સત્તા હેઠળ નક્કી કરવાની છે. આ કોર્ટ અદાલતી સમીક્ષાની પોતાની સત્તાનો ઉપયોગ કરીને એવું ઠેરવી શકે છે કે કર લાદવા માટે રાજ્ય બહારથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચેનો ભેદભાવ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરશે. જ્યાં રાજ્ય વિધાનમંડળે રાજ્ય બહાર ઉદ્ભવતા માલના પ્રવેશ પર જ માત્ર કર લાદીને પ્રતિકૂળ ભેદભાવનું કૃત્ય કર્યું હોય, ત્યાં કોર્ટે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતી આવી જોગવાઈને રદ કરવી જ જોઈએ. અદાલતી અર્થઘટન દ્વારા જોગવાઈને એવો અર્થ કરવા માટે પુનઃ લખી શકાય નહીં કે રાજ્ય બહાર ઉદ્ભવતા માલ અને રાજ્યની અંદર ઉદ્ભવતા તથા સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા માલ બંને પર કર લાદવામાં આવશે. અદાલતી સમીક્ષાની સત્તાના ઉપયોગમાં વિધાયક જોગવાઈને પુનઃ લખવી અસ્વીકાર્ય છે.

કે.૫ કરબોજની સમાનતા

૨૩૪. પ્રથમ દૃષ્ટિએ અનુચ્છેદ ૩૦૪(એ) એકદમ સરળ ઉપયોગ રજૂ કરે છે. જો કર લાદતા રાજ્ય દ્વારા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર પાંચ

ટકાના દરે કર લાદવામાં આવે, તો કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ પર પણ પાંચ ટકા કર લાદવો જ જોઈએ. જો અન્ય રાજ્યોમાં ઉદ્ભવતા અને કર લાદતા રાજ્યમાં આયાત કરાતા માલ પર કરનો ઊંચો દર લાદવામાં આવે, તો તેનું પરિણામ આયાતી માલ સામેના ભેદભાવમાં આવશે. કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કરનો દર સમાન હોવો જોઈએ તેવી આવશ્યકતા દ્વારા આવા ભેદભાવને ટાળવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ બાબત આ કોર્ટના અનેક નિર્ણયો માટેનો તર્ક પૂરો પાડે છે, જે ઠેરવે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) કરના સમાન દરનો આદેશ આપે છે અને એકવાર તે જરૂરિયાત પૂર્ણ થઈ જાય પછી, સદર જોગવાઈનો અમલ પૂર્ણ થઈ જાય છે.

૨૩૫. જોકે, અરજદારોની રજૂઆત, જેનું ઝીણવટપૂર્વક પરીક્ષણ કરવાનું રહે છે, તે એ છે કે અનુચ્છેદ ૩૦૪(એ) એવી આવશ્યકતા રાખે છે કે કર લાદતા રાજ્ય દ્વારા આયાતી માલ પર જે ચોક્કસ કર લાદવામાં આવે છે તે જ કર સ્થાનિક માલ પર પણ લાદવો જોઈએ. પ્રવેશ કરના સંદર્ભમાં, રજૂઆત એવી છે કે જ્યાં સુધી કર લાદતું રાજ્ય સમાન સ્થાનિક માલ પર તે લાદતું નથી, ત્યાં સુધી અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર પ્રવેશ કર લાદી શકાય નહીં. જો કર લાદતા રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત માલ પ્રવેશ કરને પાત્ર ન હોય, તો જો અન્ય રાજ્યોનો આયાતી માલ તેવા કરને પાત્ર બને તો તેનું પરિણામ ભેદભાવમાં આવશે.

૨૩૬. આયાતી માલની સરખામણીએ સ્થાનિક માલ પર લાદવામાં આવતા સમાન કર માટે કરના ભિન્ન દરોના અમલનું ઉપરોક્ત ઉદાહરણ અનુચ્છેદ ૩૦૪(એ) નો એક સરળ ઉપયોગ રજૂ કરે છે. આ ઉદાહરણ એ અર્થમાં સરળ છે કે સ્થાનિક અને આયાતી માલ સાથે ભિન્ન વ્યવહાર કરીને સમાન કર લાદવામાં ભેદભાવ કરવામાં આવે છે. જોકે, પરિસ્થિતિ વધુ સૂક્ષ્મ બની શકે છે. વિવિધ રાજ્યોએ એવી રીતે કાયદો ઘડતી વખતે જુદા જુદા મોડેલો અપનાવ્યા છે જે તેમના મતે અનુચ્છેદ ૩૦૪(એ) ના આદેશને પરિપૂર્ણ કરે છે. શું તે વાસ્તવમાં તેમ કરે છે તે અદાલતે નક્કી કરવાનું છે.

૨૩૭. કોઈ રાજ્ય પાસે સમાન દરે પ્રવેશ કર અને વેચાણવેરો બંને પૂરા પાડતો એક જ કાયદો હોઈ શકે છે. કેટલાક અન્ય રાજ્યો સ્થાનિક વેચાણવેરો ચૂકવતા માલ માટે સેટ–ઓફ અને વૈધાનિક મુક્તિની જોગવાઈ કરે છે. અમુક રાજ્યો અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ માટે સમાન સેટ–ઓફ પૂરો પાડે છે, જો તેઓ કર લાદતા રાજ્યમાં વેચાયા હોય. કેટલાક રાજ્યોના કાયદા વેચાણવેરા કાયદા હેઠળની કર જવાબદારીમાંથી ચૂકવાયેલા પ્રવેશ કર જેટલી રકમ ઘટાડવાની જોગવાઈ કરે છે, જ્યારે અન્ય કેસોમાં, રાજ્યનો કાયદો ધ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ ચૂકવાયેલા કરની રકમ જેટલો પ્રવેશ કર ઘટાડવાની જોગવાઈ કરે છે. તેવી જ રીતે, રાજ્યના કાયદાઓ તે રાજ્યના વેચાણવેરા કાયદા હેઠળ ચૂકવવામાં આવેલા કરની રકમ જેટલી પ્રવેશ કર કાયદા હેઠળની જવાબદારીમાં ઘટાડો કરવાની જોગવાઈ કરે છે. તેનાથી વિપરીત, અમુક રાજ્યના કાયદામાં આયાતી માલ માટે આવો ઘટાડો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો

નથી. રાજ્યના કાયદાએ તે સ્થાનિક માલને પ્રવેશ કરમાંથી બાકાત રાખ્યો હોઈ શકે છે જે રાજ્ય અધિનિયમ હેઠળ વેચાણવેરો ચૂકવવા જવાબદાર હોય. જોકે, અનુસૂચિત માલનો આયાતકાર કે જે આયાતી માલના વેચાણ અથવા આવા આયાતી અનુસૂચિત માલનો વપરાશ કરીને ઉત્પાદિત માલના વેચાણના આધારે મૂલ્યવર્ધિત કર કાયદા હેઠળ જવાબદારી વહોરે છે, તે સેટ–ઓફ મેળવવા માટે હકદાર છે. ચોક્કસ કેસોમાં રાજ્યનો કાયદો સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ કર્યા પછી જો માલ ત્યાં વેચાય અને મૂલ્યવર્ધિત કર ચૂકવવા માટે જવાબદાર બને તો તેને પ્રવેશ કરમાંથી મુક્તિ આપે છે. અન્ય કેસોમાં, સ્થાનિક વિસ્તારના ઉત્પાદકોને અન્ય સ્થાનિક વિસ્તાર અથવા અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા કાચા માલ પર પ્રવેશ કર ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. કેટલાક કેસોમાં, સ્થાનિક વિસ્તારના ઉત્પાદકોએ અન્ય સ્થાનિક વિસ્તાર અથવા અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા કાચા માલ પર સમાન પ્રવેશ કર ચૂકવવો આવશ્યક હોય છે.

૨૩૮. આ ઉદાહરણો રાજ્યના કાયદાઓ દ્વારા અપનાવવામાં આવેલી વિવિધ તરાહો અને અભિગમોના દ્રષ્ટાંતો પૂરા પાડે છે. એ સ્પષ્ટ કરવું આવશ્યક છે કે આ સંદર્ભમાં દરેક રાજ્યના કાયદાની સૂક્ષ્મ બાબતોની વિચારણા કરવામાં આવી રહી નથી કારણ કે આ સંદર્ભનો જવાબ અપાયા પછી કેસોને નિકાલ માટે યોગ્ય બેંચ સમક્ષ મૂકવા પડશે. આ સંદર્ભના હેતુઓ માટે, સંબંધિત રાજ્યોમાં વિવાદિત સમયગાળાના સંદર્ભમાં દરેક કેસને આવરી લેતી વિગતવાર જોગવાઈઓ અથવા વ્યક્તિગત હકીકતોમાં પ્રવેશ્યા વિના આ ક્ષેત્રનું સંચાલન કરતા વ્યાપક સિદ્ધાંતો સ્થાપિત કરવા તે અદાલત માટે પૂરતું છે.

૨૩૯. અનુચ્છેદ ૩૦૪(એ), જ્યાં સુધી પ્રસ્તુત છે ત્યાં સુધી, રાજ્યના વિધાનમંડળને અન્ય રાજ્યોમાંથી "આયાત કરાયેલા માલ" પર "એવો કોઈપણ કર કે જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત સમાન માલ આધીન હોય" તે લાદવા માટે અધિકૃત કરે છે. અનુચ્છેદ ૩૦૪(એ) ના કેટલાક પાસાઓ પર ભાર મૂકવો યોગ્ય છે:

૨૪૦. પ્રથમ બાબત એ છે કે અનુચ્છેદ ૩૦૪(એ) માલ પર કોઈપણ કર લાદવાનો સંદર્ભ આપે છે. આ જોગવાઈ વિધાયક સત્તાનો સ્ત્રોત નથી કે તે કાયદાના ક્ષેત્રો પણ નિર્ધારિત કરતી નથી. "માલ પર કોઈપણ કર" શબ્દપ્રયોગ સામાન્ય પ્રકારનો છે અને સાતમી અનુસૂચિની યાદી ૨ સાથે વાંચતા અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ માલના કોઈપણ પાસા પર રાજ્ય લાદવા સક્ષમ હોય તેવા તમામ કરવેરાઓને આવરી લે છે. 'કોઈપણ કર' શબ્દપ્રયોગનો અર્થ કરવેરા કે જકાતના સ્વરૂપમાં કોઈપણ વસૂલાત થશે કે જેને રાજ્ય વિધાનમંડળ પોતાની વિધાયક સત્તાઓની રૂએ ઘડવા સક્ષમ છે. 'કોઈપણ કર' શબ્દપ્રયોગ જે કહે છે તે જ તેનો અર્થ થવો જોઈએ: તેનો અર્થ એવી કોઈપણ લેવી થાય છે જે અંગે કાયદો ઘડવા રાજ્ય બંધારણીય રીતે સક્ષમ છે.

અનુચ્છેદ ૩૦૪(એ) નું બીજું પાસું તેનો ઉત્તરાર્ધ છે જે જોગવાઈ કરે છે કે રાજ્ય આ રીતે કાર્ય કરશે :

> "જોકે એવી રીતે, કે જેથી તેવી રીતે આયાત કરાયેલા માલ અથવા તેવી રીતે ઉત્પાદિત કે નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય."

૨૪૧. આ જોગવાઈનો સમાવેશ કરવાનું મૂળભૂત કારણ સંરક્ષણવાદી નીતિઓ અપનાવીને રાજ્ય દ્વારા આયાતી માલ સામે કરવામાં આવતા ભેદભાવને પ્રતિબંધિત કરવાનું છે. બંધારણીય જોગવાઈ જે ભેદભાવને બાકાત રાખવાનો આશય ધરાવે છે તે સ્વભાવે સંરક્ષણવાદી ભેદભાવ છે. રાજ્ય એવી રીતે કર લાદી શકે નહીં કે જે અન્ય રાજ્યના માલને બિન–સ્પર્ધાત્મક બનાવે જેથી રાજકોષીય વસૂલાતોનો ઉપયોગ કરીને વેપારના પ્રવાહને અસરકારક રીતે અવરોધી શકાય.

ત્રીજું, અનુચ્છેદ ૩૦૪(એ) ના ઉત્તરાર્ધની શરૂઆત "સો હાઉએવર" (જોકે એવી રીતે) શબ્દપ્રયોગથી થાય છે. વર્ડ્સ એન્ડ ફ્રેઝીસ[177] માં, 'હાઉએવર' શબ્દપ્રયોગ "વૈકલ્પિક આશય, અગાઉના ખંડ સાથે વિરોધાભાસ અને સંજોગો હેઠળ તેમાં ફેરફાર"[178] દર્શાવતો હોવાનું સમજાવવામાં આવ્યું છે. ઓક્સફર્ડ ડિક્શનરી 'હાઉએવર' શબ્દપ્રયોગનો અર્થ "કોઈપણ સંજોગોમાં, તમામ બાબતોમાં, કોઈપણ દરે" તરીકે વ્યાખ્યાયિત કરે છે. આ શબ્દસમૂહને આપવામાં આવેલો બીજો અર્થ એ છે કે "તેની મેળે વપરાયેલ, અથવા નિલંબન બિંદુઓ પછી વપરાયેલ, કેવળપ્રયોગી શબ્દ તરીકે અથવા અમુક સંદર્ભિત રીતે ઉચ્ચારણને સમાપ્ત કરવા, રજૂ કરવા અથવા સંશોધિત કરવાના સૂત્ર તરીકે". પી. રામનાથ ઐય્યરના લો લેક્સિકન[179] માં જણાવવામાં આવ્યું છે કે દસ્તાવેજ અથવા વિલમાં 'હાઉએવર' શબ્દ વૈકલ્પિક આશય, અગાઉના ખંડ સાથે વિરોધાભાસ અને અમુક ચોક્કસ સંજોગોમાં તેમાં ફેરફાર સૂચવે છે. અનુચ્છેદ

[177] (પરમેનન્ટ એડિશન વોલ્યુમ ૧૯એ)
[178] (૨જી આવૃત્તિ વોલ્યુમ ૨, પૃષ્ઠ ૫૯)
[179] સદર, પૃષ્ઠ ૬૦ પર

૩૦૪(એ) નો ઉત્તરાર્ધ પ્રથમ ભાગ પછી આવે છે જે રાજ્યને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવા સક્ષમ બનાવે છે કે જેને રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ આધીન હોય. ઉત્તરાર્ધ એ હકારાત્મક પુનઃખાતરી આપે છે કે કોઈપણ સંજોગોમાં, તમામ બાબતોમાં અને કોઈપણ હિસાબે કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ રહેશે નહીં. આ વિવરણ અનુચ્છેદ ૩૦૪(એ) ની પ્રમુખ વિચારધારા છે.

ચોથું, અનુચ્છેદ ૩૦૪(એ) ના ઉત્તરાર્ધમાં ઉપયોગમાં લેવાયેલું કેટલુંક મહત્વ ધરાવતું પદ "બિટવીન" ("વચ્ચે") છે. આ શબ્દપ્રયોગ એવો આદેશ આપવા માટે વાપરવામાં આવ્યો છે કે અન્ય રાજ્યોમાંથી કર લાદતા રાજ્યમાં આયાત કરવામાં આવતા માલ અને અંદર ઉત્પાદિત તથા નિર્મિત માલ વચ્ચે કોઈ ભેદભાવ હોવો જોઈએ નહીં. ઉત્તરાર્ધમાં "સો" ("તેવી રીતે") શબ્દપ્રયોગનો ઉપયોગ એ પ્રથમ ભાગમાં દર્શાવેલા આયાતી માલ અને અંદર ઉત્પાદિત કે નિર્મિત માલનો સ્પષ્ટ સંદર્ભ છે. 'વચ્ચે' શબ્દપ્રયોગ એવું માની લે છે કે આયાતી માલ અને સ્થાનિક માલને કર લાદતા રાજ્યમાં સમાન સ્પર્ધાત્મક તક મળવી જોઈએ. અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલને તુલનાત્મક ગેરલાભમાં મૂકી શકાય નહીં. 'વચ્ચે' શબ્દપ્રયોગ એ પણ દર્શાવે છે કે કર લાદતા રાજ્યની અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ સામે પણ ભેદભાવ થવો જોઈએ નહીં. વ્યવહારની સમાનતા માંગવામાં, કર લાદતા રાજ્યની જેટલી જવાબદારી અન્ય રાજ્યોમાંથી ઉદ્ભવતા માલ સામે કોઈ ભેદભાવ ન થાય તે

સુનિશ્ચિત કરવાની છે, તેટલી જ તેની ચિંતા સ્થાનિક માલ સામે ભેદભાવ ન થાય તે સુનિશ્ચિત કરવાની પણ છે. પ્રથમ બાબત બંધારણીય જવાબદારીનો વિષય છે. જોકે, તે કર લાદતા રાજ્યની તેની પ્રાદેશિક મર્યાદામાં ઉત્પાદિત અને નિર્મિત માલ અંગેની સમાન જવાબદારી અને ચિંતાને બાકાત રાખતી નથી. બંને એકસાથે ચાલવા જોઈએ. આયાતી માલ સામે હકારાત્મક રીતે થતો ભેદભાવ અને સ્થાનિક માલ સામેનો વિપરીત ભેદભાવ બંને અનુચ્છેદ ૩૦૪(એ) ના કાર્યક્ષેત્રમાં આવે છે.

પાંચમો મહત્વપૂર્ણ સિદ્ધાંત જેના પર ભાર મૂકવો જરૂરી છે તે એ છે કે આપણું સંવિધાન એવી આવશ્યકતા સમાવતું નથી કે રાજ્ય વિધાનમંડળે કાયદો ઘડતી વખતે યાદી ૨ માં સમાવિષ્ટ કાયદાના દરેક વિષયના સંદર્ભમાં અલગથી કાયદો ઘડવો જ જોઈએ. રાજકોષીય ઉઘરાણી (લેવી) લાદતો રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડાયેલો કાયદો યાદી ૨ માં તેની વિધાયક સક્ષમતા હેઠળ આવતા કાયદાના એક કરતાં વધુ વિષયોને આવરી શકે છે. તેનાથી વિપરીત, ઓસ્ટ્રેલિયન બંધારણની કલમ ૫૫ આદેશ આપે છે કે એક વિષય પર એક જ કર કાયદો હોવો જોઈએ. ઓસ્ટ્રેલિયન બંધારણનો અનુચ્છેદ ૫૫ નીચે મુજબ છે:

> “અનુચ્છેદ ૫૫ : કરવેરા લાદતા કાયદાઓ માત્ર કરવેરા લાદવા સાથે જ સંબંધિત રહેશે અને અન્ય કોઈપણ બાબત સાથે સંબંધિત તેમાંની કોઈપણ જોગવાઈ બિનઅસરકારક રહેશે. સીમાશુલ્ક અથવા આબકારી જકાત લાદતા કાયદાઓ સિવાયના કરવેરા લાદતા કાયદાઓ કરવેરાના

માત્ર એક જ વિષય સાથે સંબંધિત રહેશે; પરંતુ સીમાશુલ્કની જકાત લાદતા કાયદા માત્ર સીમાશુલ્કની જકાત સાથે જ સંબંધિત રહેશે, અને આબકારી જકાત લાદતા કાયદા માત્ર આબકારી જકાત સાથે જ સંબંધિત રહેશે."

૨૪૨. ભારતીય સંવિધાન રાજ્યો પર આવો કોઈ પ્રતિબંધ લાદતું નથી. ભિન્ન દ્રષ્ટિકોણથી વિચારતાં, ભારતીય સંવિધાન હેઠળ "રેગ–બેગ" કાયદો બંધારણીય રીતે માન્ય છે અને કાયદો ઘડનાર વિધાનમંડળની કાયદાકીય સક્ષમતા હેઠળ આવતી એક કરતાં વધુ પ્રવિષ્ટિઓમાંથી એક જ અધિનિયમ માટે સમર્થન મેળવવું ખુલ્લું છે. [આ સંદર્ભમાં જુઓ: ઉજાગર પ્રિન્ટ્સ (૨) વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[180], ઓલ ઇન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેક્ટિશનર્સ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[181], અને સ્ટેટ ઓફ એ. પી. વિ. એનટીપીસી[182]].

૨૪૩. બંધારણીય સિદ્ધાંતની દ્રષ્ટિએ, સંસદ તેમજ રાજ્ય વિધાનમંડળોની પૂર્ણ સત્તાઓ પર એવો કોઈ અંકુશ નથી કે જે કાયદો ઘડતી કાયદાકીય સંસ્થાને તેની સક્ષમતા હેઠળ આવતા કાયદો ઘડવાના માત્ર એક જ વિષય પર કાયદો ઘડવાની ફરજ પાડે. વિધાનમંડળ તેની જરૂરિયાતો અને ચિંતાઓને શ્રેષ્ઠ રીતે પૂર્ણ કરે તેવી રીતે તેની નિયમનકારી અથવા કાયદો ઘડવાની આવશ્યકતાઓને (નાણાકીય અને બિન–નાણાકીય બંને) વિતરિત અથવા ફાળવી શકે છે. એકવાર આ સ્થિતિ હોવા પછી, અનુચ્છેદ ૩૦૪(એ) ના

[180] (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૪૮૮
[181] (૨૦૦૭) ૭ એસ.સી.સી. ૫૨૭
[182] (૨૦૦૨) ૫ એસ.સી.સી. ૨૦૩

અર્થઘટન પર તેની અસર એ થાય છે કે જ્યારે રાજ્ય વિધાનમંડળ "કોઈપણ કર" લાદવા માટે કાયદો ઘડે છે ત્યારે કરબોજની સમાનતાને યોગ્ય રીતે ધ્યાનમાં લેવા માટે તે મુક્ત છે, જ્યાં સુધી તે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ અને અંદર ઉત્પાદિત અથવા નિર્મિત માલ વચ્ચે બિન–ભેદભાવની વિભાવનાનો ભંગ કરતું નથી. તે એ સુનિશ્ચિત કરવા માટે કાયદેસર રીતે હકદાર છે કે કરબોજ તે રાજ્યના સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી ઉદ્ભવતા માલ વચ્ચે ભેદભાવ ન કરે. સ્વરૂપ કરતાં તત્વ પ્રબળ હોવું જોઈએ. એકવાર ભારતમાં જે સ્વરૂપમાં કાયદો ઘડવામાં આવે છે તેમાં માત્ર એક જ કાયદાકીય પ્રવિષ્ટિ આવરી લેવી જોઈએ તેવી કોઈ બંધારણીય અનિવાર્યતા ન હોવાથી, વિધાનમંડળ યોગ્ય રીતે એવો કાયદો ઘડવા માટે હકદાર છે કે જે બિન–ભેદભાવના ધોરણ સાથે સુસંગત રહીને આયાતી માલ અને સ્થાનિક માલ વચ્ચે કરબોજની સમાનતા પણ જાળવી રાખે. આ સમકક્ષતાના સિદ્ધાંતનો પાયો છે.

૨૪૪. અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ સામે ભેદભાવ છે તે સાબિત કરવાનો બોજ આવી દલીલ રજૂ કરનાર વ્યક્તિ પર રહે છે. ભેદભાવની દલીલનો જવાબ આપતી વખતે, રાજ્ય માટે એ સાબિત કરવાનું શક્ય બનશે કે તેણે ઘડેલી કાયદાકીય જોગવાઈ રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે બિન–ભેદભાવનો સિદ્ધાંત જાળવી રાખે છે અને સાથે સાથે સ્થાનિક અને આયાતી માલ વચ્ચે કરબોજના સંદર્ભમાં સમાનતા પણ લાવે છે. વેચાણ વેરો યાદી ૨ ની

પ્રવિષ્ટિ ૫૪ ("યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૨એ ની જોગવાઈઓને આધીન રહીને વર્તમાનપત્રો સિવાયના માલના વેચાણ અથવા ખરીદી પર કર") નો સંદર્ભ ધરાવે છે. પ્રવેશ કર યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ("તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર") નો સંદર્ભ ધરાવે છે. બંને પ્રકારના કર રાજ્ય વિધાનમંડળની સક્ષમતા હેઠળ આવે છે. બંને પ્રવિષ્ટિઓ હેઠળની કરપાત્ર ઘટનાઓ અલગ છે: એકના કિસ્સામાં માલનું વેચાણ અને બીજાના કિસ્સામાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલનો પ્રવેશ. બંને માલ પરના કરવેરાના અલગ-અલગ પાસાઓ સાથે સંબંધ ધરાવે છે; કરપાત્ર ઘટનાઓ અલગ હોવા છતાં નિકટવર્તી છે. "કોઈપણ કર" શબ્દપ્રયોગ યાદી ૨ હેઠળ આવતા માલ પરના કરવેરાઓની સંપૂર્ણ શ્રેણીને માન્યતા આપે છે. જો કોઈ કાયદો યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ અને પ્રવિષ્ટિ ૫૪ ને આવરી લઈ શકે છે, તો પ્રવેશ કર અને વેચાણ વેરાના કાયદા હેઠળ સ્થાનિક માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર લાદવામાં આવતા કરબોજને એક સમગ્ર સંયુક્ત સ્વરૂપે યોગ્ય રીતે ધ્યાનમાં લેતાં રાજ્યની કાયદો ઘડતી સત્તાને રોકવાનું કોઈ કારણ નથી. "કોઈપણ કર" નો અર્થ યાદી ૨ ની એક પ્રવિષ્ટિ હેઠળ અન્ય કોઈપણ પ્રવિષ્ટિથી સ્વતંત્ર એક અલગ અને છૂટાછવાયા કાયદા તરીકેનો કર થતો નથી. વેચાણ વેરાની ચુકવણી પર આધારિત કોઈપણ સમાયોજન, મુક્તિ અથવા સેટ-ઓફનો ઉદ્દેશ્ય બેવડા કરવેરા અને ભેદભાવને ટાળવાનો હોઈ શકે છે. શું કાયદો ઘડવા દ્વારા આ ઉદ્દેશ્ય

કાયદેસર રીતે પ્રાપ્ત થયો છે કે નહીં તે બાબત તેના અર્થઘટન અને અમલીકરણ પરથી નક્કી કરવાની રહે છે.

૨૪૫. એ સુસ્થાપિત કાયદો છે કે દરેક ભેદભાવમાં તફાવત સમાવિષ્ટ હોય છે પરંતુ દરેક તફાવત ભેદભાવ સૂચવતો નથી. (દિગ્વિજય સિમેન્ટ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન[183]). કોઈ રાજ્યે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સામે ભેદભાવ આચર્યો છે કે કેમ તેની તપાસ એ બાબતની તપાસ સાથે શરૂ થશે કે શું રાજ્યના કાયદાએ માલના બંને જૂથ વચ્ચે કોઈ તફાવત કર્યો છે. આ બાબત માત્ર કરના દરના સંદર્ભમાં જ નથી પરંતુ અન્ય મહત્વપૂર્ણ પાસાઓ પણ છે જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

(૧) લાઇસન્સિંગ, માન્યતા અને અનુપાલન જેવા પાસાઓ સહિતની પ્રક્રિયાઓ અને તંત્ર:

(૩) કરનું માપદંડ; અને

(૪) મુક્તિઓ અથવા સેટ–ઓફ;

આ તપાસ ઉપરાંત, કોર્ટે તફાવત કરવા પાછળના કારણોનું વિશ્લેષણ કરવાની અને ત્યારબાદ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો કોઈ ભેદભાવ થયો છે કે કેમ તે નક્કી કરવાની જરૂર રહેશે.

કે.૬ પ્રવેશ કર અને આયાત કરાયેલ માલ

[183] (૨૦૦૦) ૧ એસ.સી.સી. ૬૮૮ (પેરા ૨૪)

૨૪૬. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ "નિકાસ જકાત સહિતની કસ્ટમ્સ જકાત" ની જોગવાઈ કરે છે. અરજદારોની રજૂઆત એવી છે કે કાયદાકીય પ્રવિષ્ટિઓનું કોઈ પરસ્પર આચ્છાદન ન હોવાથી, યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ નું ક્ષેત્ર ત્યાંથી શરૂ થશે જ્યાં યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ નું ક્ષેત્ર પૂરું થાય છે. તેથી, ભારતમાં આયાત કરાયેલા માલના સંબંધમાં પ્રવેશ કર લાદી શકાય કે કેમ તેની વિચારણા કરતી વખતે, એવી દલીલ કરવામાં આવી છે કે જ્યાં સુધી માલ જમીન વિસ્તાર (લેન્ડમાસ) નો ભાગ ન બને, ત્યાં સુધી તેના પર યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ હેઠળના કાયદાને અને આયાત જકાતને આધીન કરી શકાય છે. માત્ર ત્યારે જ જ્યારે સ્થાનિક વપરાશ માટે બિલ ઓફ એન્ટ્રી દાખલ કરવામાં આવે છે ત્યારે માલ આયાતી માલ તરીકે બંધ થાય છે. ત્યાં સુધી, એવી રજૂઆત કરવામાં આવી છે કે, કોઈ પ્રવેશ કર લાદી શકાય નહીં.

૨૪૭. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ હેઠળ ઘડવામાં આવેલા કાયદાનો સંદર્ભ ધરાવતી કરપાત્ર ઘટના (આયાત કસ્ટમ્સ જકાતના સંબંધમાં) આયાતનું કૃત્ય છે જેના દ્વારા વિદેશમાં ઉદ્ભવતા માલને ભારતમાં લાવવામાં આવે છે. કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૨(૨૩) 'આયાત' શબ્દપ્રયોગને "ભારત બહારના સ્થળેથી ભારતમાં લાવવું" તરીકે વ્યાખ્યાયિત કરે છે. 'આયાત કરાયેલ માલ' શબ્દપ્રયોગને "ભારત બહારના સ્થળેથી ભારતમાં લાવવામાં આવેલ કોઈપણ માલ" તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે પરંતુ તેમાં સ્થાનિક વપરાશ માટે ક્લિયર કરવામાં આવેલ માલનો સમાવેશ થતો નથી. કલમ ૨(૨૬) કોઈપણ માલના સંબંધમાં 'આયાતકાર' શબ્દપ્રયોગને તેની આયાત અને તેને સ્થાનિક

વપરાશ માટે ક્લિયર કરવામાં આવે તે સમય વચ્ચેના કોઈપણ સમયે, કોઈપણ માલિક અથવા પોતાને આયાતકાર તરીકે રજૂ કરતી કોઈપણ વ્યક્તિનો સમાવેશ કરવા માટે વ્યાખ્યાયિત કરે છે.

૨૪૮. કલમ ૪૬ એવી જોગવાઈ કરે છે કે કોઈપણ માલનો આયાતકાર (ટ્રાન્ઝિટ અથવા ટ્રાન્સશિપમેન્ટ માટેના માલ સિવાય) યોગ્ય અધિકારી સમક્ષ નિયત નમૂનામાં સ્થાનિક વપરાશ અથવા વેરહાઉસિંગ માટે બિલ ઓફ એન્ટ્રી રજૂ કરશે. ઇમ્પોર્ટ મેનિફેસ્ટ અથવા ઇમ્પોર્ટ રિપોર્ટ સોંપ્યા પછી કોઈપણ સમયે બિલ ઓફ એન્ટ્રી રજૂ કરી શકાય છે. કલમ ૪૭ સ્થાનિક વપરાશ માટે માલના ક્લિયરન્સની જોગવાઈ કરે છે જ્યારે અધિકારીને એવી ખાતરી થાય કે સ્થાનિક વપરાશ માટે દાખલ કરાયેલ માલ પ્રતિબંધિત માલ નથી અને આયાતકારે સદર અધિનિયમ હેઠળ ચૂકવવાપાત્ર શુલ્ક સાથે તેના પર આકારણી કરાયેલી આયાત જકાત ચૂકવી દીધી છે. કલમ ૪૮ જો ઉતારવાની તારીખથી ૩૦ દિવસની અંદર સ્થાનિક વપરાશ અથવા વેરહાઉસિંગ માટે ક્લિયર કરવામાં ન આવે અથવા ટ્રાન્સશિપ કરવામાં ન આવે તો કબ્જો ધરાવતી વ્યક્તિ દ્વારા માલના વેચાણની જોગવાઈ કરે છે. પ્રકરણ ૯ વેરહાઉસિંગની જોગવાઈ કરે છે. કલમ ૫૭ જાહેર વેરહાઉસની જોગવાઈ કરે છે જ્યાં જકાતપાત્ર માલ જમા કરી શકાય છે. કલમ ૫૮ ખાનગી વેરહાઉસના લાયસન્સિંગની જોગવાઈ કરે છે જ્યાં જકાતપાત્ર માલ જમા કરી શકાય છે. કલમ ૫૯ વેરહાઉસિંગ બોન્ડ કરી આપવાની જોગવાઈ કરે છે. કલમ ૬૦ વેરહાઉસમાં માલ જમા કરાવવાની પરવાનગી આપવા સાથે સંબંધિત છે. કલમ ૬૧ જે સમયગાળા દરમિયાન માલ વેરહાઉસમાં રહી શકે તે

સમયગાળાની જોગવાઈ કરે છે. કલમ ૬૪ હેઠળ, વેરહાઉસમાં રાખેલા માલ સાથે વ્યવહાર કરવાનો માલિકનો અધિકાર તેમાં દર્શાવેલી હદ સુધી કાયદાકીય રીતે માન્ય રાખવામાં આવ્યો છે. કલમ ૬૫ વેરહાઉસમાં રાખેલા કોઈપણ માલના માલિકને યોગ્ય પરવાનગી સાથે વેરહાઉસમાં માલ સંબંધિત કોઈપણ ઉત્પાદન પ્રક્રિયા અથવા કામગીરી હાથ ધરવા માટે સક્ષમ બનાવે છે. કલમ ૬૮ બિલ ઓફ એન્ટ્રી રજૂ કરવા, આયાત જકાત અને તમામ દંડ તથા શુલ્કની ચુકવણી અને સ્થાનિક વપરાશ માટે ક્લિયરન્સનો આદેશ પસાર થવાને આધીન રહીને સ્થાનિક વપરાશ માટે વેરહાઉસમાં રાખેલા માલના ક્લિયરન્સની જોગવાઈ કરે છે. કલમ ૭૩ વેરહાઉસિંગ બોન્ડ રદ કરવા અને પરત કરવાની જોગવાઈ કરે છે.

૨૪૯. સંવિધાન સંઘ અને રાજ્યો વચ્ચે કાયદા ઘડવાના વિષયોની વહેંચણી કરે છે, જેમાં તેમની વચ્ચે નાણાકીય બાબતોને આવરી લેતા વિષયોનો પણ સમાવેશ થાય છે. યાદી ૧ અને યાદી ૨ ની પ્રવિષ્ટિઓ વચ્ચે પરસ્પર આચ્છાદનની શક્યતાને બાકાત રાખી શકાય તે રીતે કાયદા ઘડવાના ક્ષેત્રો અથવા વિષયોને વિગતવાર રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. જ્યાં ક્ષેત્રો પરસ્પર આચ્છાદિત થતા જણાતા હોય ત્યાં પણ, તેનું અર્થઘટન પરસ્પર અનન્ય હોય તે રીતે કરવું જોઈએ. અરજદારોની રજૂઆત એ આધાર પર આગળ વધે છે કે જો ભારત બહારથી ભારતના કોઈપણ ભાગમાં પ્રવેશ એ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ હોય, તો પણ અનુક્રમે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના દાયરાને સીમાંકિત કરવો જરૂરી બનશે. અરજદારોના જણાવ્યા મુજબ, બંને માલની હેરફેર પરના કરવેરાને આવરી લે છે. અરજદારોના

જણાવ્યા અનુસાર, પ્રવિષ્ટિ ૫૨ એ માલની આયાત પૂર્ણ થયા પછી સ્થાનિક વિસ્તારમાં પ્રવેશને આવરી લેવો જોઈએ કારણ કે જ્યાં સુધી સ્થાનિક વપરાશ માટે બિલ ઓફ એન્ટ્રી દાખલ કરીને માલની આયાત કરવામાં ન આવે ત્યાં સુધી પ્રવિષ્ટિ ૮૩ નું ક્ષેત્ર અસ્તિત્વમાં રહે છે.

૨૫૦. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના કાર્યક્ષેત્રો અલગ અને ભિન્ન છે. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૧ વિદેશો સાથેના વેપાર અને વાણિજ્ય; કસ્ટમ્સ સરહદો પાર આયાત અને નિકાસ; અને કસ્ટમ્સ સરહદોની વ્યાખ્યા સાથે સંબંધિત છે. યાદી ૧ અને ૨ માં કર સંબંધિત પ્રવિષ્ટિઓના સંદર્ભમાં સત્તાઓની વહેંચણી પરસ્પર અનન્ય છે.

૨૫૧. પ્રોવિન્સ ઓફ મદ્રાસ વિ. મેસર્સ બોડ્ડુ પૈડન્ના એન્ડ સન્સ[184] માં ફેડરલ કોર્ટ દ્વારા ૧૯૪૨ માં આપવામાં આવેલા એક નિર્ણયમાં ઠેરવવામાં આવ્યું હતું કે જો વેચાણ વેરો ચૂકવનાર કરદાતા આબકારી જકાતને આધીન ઉત્પાદક પણ હોય તો "એક અર્થમાં કોઈ શંકા વિના ઓવરલેપિંગ હોઈ શકે છે, પરંતુ કાયદામાં કોઈ ઓવરલેપિંગ નથી". તેણે ચૂકવવા પડતા બે કર – આબકારી જકાત અને વેચાણ વેરો – ને "આર્થિક રીતે બે અલગ અને ભિન્ન આરોપણ" તરીકે ઠેરવવામાં આવ્યા હતા. ફેડરલ કોર્ટના મતે, માલના વેચાણ પર કર લાદવાની પ્રાંતીય સત્તાના ભોગે 'આબકારી જકાત' શબ્દપ્રયોગનો અર્થ વિસ્તૃત કરવાનું કોઈ કારણ નહોતું. ફેડરલ કોર્ટના ચુકાદાને ગવર્નર જનરલ ઇન

[184] ૧૯૪૨ એફ.સી.આર. ૯૦

કાઉન્સિલ વિ. પ્રોવિન્સ ઓફ મદ્રાસ[185] માં પ્રિવિ કાઉન્સિલ દ્વારા બહાલી આપવામાં આવી હતી. પ્રિવિ કાઉન્સિલે ઠેરવ્યું કે :

> "બંને કર, એક ઉત્પાદક પર તેના માલના સંબંધમાં લાદવામાં આવેલો, બીજો વિક્રેતા પર તેના વેચાણના સંબંધમાં, તે, જેમ કે ત્યાં દર્શાવવામાં આવ્યું છે, એક અર્થમાં ઓવરલેપ થઈ શકે છે. પરંતુ કાયદામાં કોઈ ઓવરલેપિંગ નથી. આ કર અલગ અને ભિન્ન આરોપણ છે. જો વાસ્તવમાં તેઓ ઓવરલેપ થાય છે, તો તે એટલા માટે હોઈ શકે છે કારણ કે કરવેરા સત્તામંડળ, આબકારી જકાત લાદતી વખતે, જે ક્ષણે આબકારીપાત્ર વસ્તુ તેના વેચાણના પ્રસંગે પ્રથમ વખત ફેક્ટરી અથવા વર્કશોપમાંથી બહાર નીકળે તે ક્ષણે તે જકાત લાદવાનું અનુકૂળ માને છે. પરંતુ કર વસૂલવાની તે પદ્ધતિ એ વહીવટની એક આકસ્મિકતા છે, તે આબકારી જકાતનો મૂળ સાર નથી જે સ્વયં ઉત્પાદન દ્વારા આકર્ષિત થાય છે."

૨૫૨. આ જ સિદ્ધાંત લાગુ કરતાં, આ કોર્ટે રામ કિશન રામ નાથ અગ્રવાલ વિ. સેક્રેટરી, મ્યુનિસિપલ કમિટી, કામ્પ્ટી[186] માં ઠેરવેલ કે બીડી ઉત્પાદક બે ભિન્ન કરપાત્ર ઘટનાઓ પર આબકારી જકાત અને ઓક્ટ્રોય ચૂકવવા માટે જવાબદાર હતો: જ્યારે આબકારી જકાત એ ઉત્પાદન પરનો કર છે, ત્યારે ઓક્ટ્રોય જકાત એ સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પરનો કર છે. ધી જીયાજીરાવ કોટન મિલ્સ લિ. વિ. સ્ટેટ ઓફ મધ્ય પ્રદેશ[187] માં, મિલ ચલાવવા

---

[185] એ.આઇ.આર. (૧૯૪૫) પી.સી. ૯૮

[186] એ.આઇ.આર. (૧૯૫૦) એસ.સી. ૧૧

[187] (૧૯૬૨) સપ્લિ. ૧ એસ.સી.આર. ૨૮૨

માટે વીજળીનું ઉત્પાદન કરતી (અને વેચાણ માટે નહીં) એક કાપડ મિલે એ કારણસર વીજળી જકાત લાદવા સામે વાંધો ઉઠાવ્યો કે આ બાબત આબકારી જકાત લાદવા સમાન બનશે જે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૪ હેઠળ માત્ર સંસદની સક્ષમતામાં આવતી હતી. આ રજૂઆતને નકારી કાઢતાં, આ કોર્ટે ઠેરવેલ કે :

> "૬. વિદ્યુત ઊર્જાના વપરાશ પર જકાત લાદવાને યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૪ હેઠળ આવતી આબકારી જકાત તરીકે કેવી રીતે ગણી શકાય તે સમજવું મુશ્કેલ છે. તે પ્રવિષ્ટિ હેઠળ, સંસદને જે મંજૂરી આપવામાં આવી છે તે માલના ઉત્પાદન અથવા નિર્માણ પર આબકારી જકાત લાદવાની છે (તે પ્રવિષ્ટિ દ્વારા સ્પષ્ટપણે અપવાદ રાખવામાં આવ્યા હોય તે સિવાયના). આબકારી જકાતના સંબંધમાં કરપાત્ર ઘટના "ઉત્પાદન" અથવા "નિર્માણ" છે. અહીં કરપાત્ર ઘટના વિદ્યુત ઊર્જાનું ઉત્પાદન–જનરેશન નથી પરંતુ તેનો વપરાશ છે. જો કોઈ ઉત્પાદક વિદ્યુત ઊર્જા ઉત્પન્ન કરે છે અને તેનો સંગ્રહ કરે છે, તો તેણે સદર અધિનિયમ હેઠળ કોઈ જકાત ચૂકવવી જરૂરી રહેશે નહીં. માત્ર ત્યારે જ જ્યારે તે તેનું વેચાણ કરે છે અથવા તેનો વપરાશ કરે છે ત્યારે તે સદર અધિનિયમ દ્વારા નિર્ધારિત જકાત ચૂકવવા માટે જવાબદાર બનશે. ધ સેન્ટ્રલ પ્રોવિન્સિસ એન્ડ બેરાર ઇલેક્ટ્રિસિટી એક્ટ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૮–બી હેઠળ ઘડવામાં આવ્યો હતો. તે પ્રવિષ્ટિનો સંબંધિત ભાગ આ પ્રમાણે વંચાતો હતો:

"વીજળીના વપરાશ અથવા વેચાણ પર કર"

સંવિધાનની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૩ પણ તે જ અસરમાં છે..." (સદર, પૃષ્ઠ ૨૮૬–૨૮૭ પર)

૨૫૩. ડી જી ગોઝ વિ. સ્ટેટ ઓફ કેરળ[188] માં, આ કોર્ટે ઠેરવેલ કે ધ કેરળ બિલ્ડિંગ ટેક્સ એક્ટ, ૧૯૬૧ હેઠળ લાદવામાં આવેલો ઇમારતો પરનો કર યાદી ૨ ની પ્રવિષ્ટિ ૪૯ નો સંદર્ભ ધરાવતો હતો અને તે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૬ હેઠળ અસ્કયામતોના મૂડી મૂલ્ય પરનો કર ન હતો. તે સંદર્ભમાં, ઠેરવવામાં આવ્યું હતું કે :

> "૭....તેથી જો કોઈ વ્યક્તિની માલિકીની તમામ બાબતો પર અથવા તેની કુલ અસ્કયામતો પર કર લાદવામાં આવે, તો તે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૬ ના દાયરામાં આવશે, અને રાજ્ય વિધાનમંડળની કાયદાકીય સક્ષમતાની બહાર હશે, દા.ત. વ્યક્તિની સમગ્ર સંપત્તિ પરનો કર. તે પ્રવિષ્ટિ કરદાતાની અસ્કયામતોના કોઈપણ ઘટક પર લાદવામાં આવતા કરને અધિકૃત કરશે નહીં. તેથી વ્યક્તિની જમીનો અને ઇમારતો પરનો સીધો કર એ પ્રવિષ્ટિ ૮૬ હેઠળનો કર રહેશે નહીં.....
>
> ૮....તેથી, જો 'ઇમારતો' પર સીધો કર લાદવામાં આવે છે, તો તેનો કરદાતાની માલિકીની ઇમારતો સાથે સીધો સંબંધ રહેશે. એવું બની શકે કે કરદાતાની માલિકીની ઇમારત તેની કુલ અસ્કયામતોનો એક ઘટક હોય; પરંતુ

[188] (૧૯૮૦) ૨ એસ.સી.સી. ૪૧૦

પ્રવિષ્ટિ ૮૬ હેઠળનો કર તેની ઇમારત સાથે કોઈ સીધો અથવા વ્યાખ્યાયિત કરી શકાય તેવો સંબંધ ધરાવશે નહીં. તેથી 'ઇમારતો' પરનો કર એ કરદાતાની ઇમારતો પર તે મુજબનો જ સીધો કર છે, અને તે કોઈ ચોક્કસ મિલકતના સંદર્ભ વિનાનો વ્યક્તિગત કર નથી." (સદર, પૃષ્ઠ ૪૨૧ પર)

૨૫૪. આ નિર્ણયને યુનિયન ઓફ ઇન્ડિયા વિ. એચ. એસ. ધિલ્લોન[189] માં બહાલી આપવામાં આવી છે. લેફ્ટનન્ટ કર્નલ સવાઈ ભવાની સિંહ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન[190] માં આ સ્થિતિનો પુનરોચ્ચાર કરતાં, આ કોર્ટે ઠેરવેલ કે :

> "૭.....આ બંને કર સ્વભાવે અલગ અને ભિન્ન છે અને એવું કહી શકાય નહીં કે તેમાં કોઈ ઓવરલેપિંગ હતું, અથવા માત્ર એ કારણસર રાજ્ય વિધાનમંડળ જમીન અને ઇમારતો પર આવો કર લાદવા માટે સક્ષમ નહોતું કે તેઓ સંબંધિત વ્યક્તિની કુલ અસ્કયામતોના ઘટક તરીકે અન્ય કરને આધીન કરવામાં આવ્યા છે." (સદર, પૃષ્ઠ ૧૧૧ પર)

૨૫૫. મેસર્સ આર. આર. એન્જિનિયરિંગ કંપની વિ. જિલ્લા પરિષદ બરેલી[191] માં, યુ. પી. ક્ષેત્ર સમિતિઝ એન્ડ જિલ્લા પરિષદ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ "પરિસ્થિતિઓ અને મિલકત" પર કર લાદવામા આવ્યો હતો. આ સંયુક્ત કર સામે એ કારણસર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો કે આ કર અનિવાર્યપણે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૨ હેઠળ આવક પરનો કર હતો અને તેથી રાજ્ય

[189] (૧૯૭૧) ૨ એસ.સી.સી. ૭૭૯
[190] (૧૯૯૬) ૩ એસ.સી.સી. ૧૦૫
[191] (૧૯૮૦) ૩ એસ.સી.સી. ૩૩૦

વિધાનમંડળની કાયદાકીય સક્ષમતાની બહાર હતો. આ રજૂઆતને નકારી કાઢતાં, આ કોર્ટે ઠેરવેલ કે :

> "૧૭. પ્રસ્તુત કેસમાં અપીલ હેઠળના પૂર્ણ બેંચના નિર્ણય, આર. આર. એન્જિનિયરિંગ કંપની [આર. આર. એન્જિનિયરિંગ કંપની વિ. જિલ્લા પરિષદ, બરેલી, એ.આઇ.આર. ૧૯૭૦ અલ્હાબાદ ૩૧૬] એ ઠેરવીને પરિસ્થિતિઓ અને મિલકત પરના કરના સ્વરૂપ અંગે સમાન દ્રષ્ટિકોણ લીધો છે કે તે આવક પરનો કર નથી પરંતુ વેપાર કે ધંધામાંથી તેની આવકના આધારે માણસની નાણાકીય સ્થિતિ, સમગ્ર રીતે તેના દરજ્જા પરનો કર છે. અગાઉ, અલ્હાબાદ હાઇકોર્ટની અન્ય એક પૂર્ણ બેંચે જિલ્લા પરિષદ, મુઝફ્ફર નગર વિ. જુગલ કિશોર માં ઠેરવ્યું હતું કે પરિસ્થિતિઓ અને મિલકત પરનો કર આવકવેરાથી મૂળભૂત રીતે ભિન્ન છે અને તેની સમકક્ષ ગણી શકાય નહીં, તે સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૧ ની બાબત ૮૨ દ્વારા આવરી લેવાયેલ નથી અને તે અનિવાર્યપણે મિલકત પરના કર સાથે જોડાયેલ દરજ્જા અથવા નાણાકીય સ્થિતિ પરનો કર છે. આ નિર્ણયો પરિસ્થિતિઓ અને મિલકત પરના કરના સ્વરૂપનું યોગ્ય રીતે વર્ણન કરે છે. અમે તેમાં લેવાયેલા દ્રષ્ટિકોણને બહાલી આપીએ છીએ, ખાસ કરીને કે ઉપરોક્ત કર એ આવક પરનો કર નથી." (સદર, પૃષ્ઠ ૩૩૭ પર)

ગોડફ્રે ફિલિપ્સ ઇન્ડિયા લિ. વિ. સ્ટેટ ઓફ યુ. પી.[192] માં બંધારણીય બેંચ દ્વારા બંધારણીય સિદ્ધાંત નીચે મુજબ સ્પષ્ટ કરવામાં આવ્યો છે :

> "કર માત્ર કરપાત્ર ઘટનાઓ પર જ લાદવામાં આવે છે તેવું ઠેરવવાનું તાર્કિક પરિણામ એ છે કે જ્યારે કોઈ પ્રવિષ્ટિ માલ પર કર લાદવાની વાત કરે છે, ત્યારે પણ તેમાં અન્ય કરવેરા પ્રવિષ્ટિઓ હેઠળ અલગથી જોગવાઈ કરવામાં આવી હોય તેવી કરપાત્ર ઘટનાઓ પર કર લાદવાના અધિકારનો સમાવેશ થતો નથી. માલના સંબંધમાં કરનો ક્યારેક માલના કોઈ પાસા પરના કર તરીકે અને ક્યારેક કરપાત્ર આવક તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (જુઓ ફેડરેશન ઓફ હોટેલ રેસ્ટોરન્ટ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪ = એ.આઇ.આર. ૧૯૯૦ એસ.સી. ૧૬૩૭, (પેરા ૧૩, ૧૪, ૧૬))." (સદર, પૃષ્ઠ ૫૪૪ પર)

૨૫૬. આથી કાયદાનો સિદ્ધાંત સુસ્થાપિત છે : સંઘ અને રાજ્યોની કરવેરાની સત્તાઓ પરસ્પર અનન્ય છે. (આ સંદર્ભમાં હોએક્સ્ટ ફાર્માસ્યુટિકલ્સ વિ. સ્ટેટ ઓફ બિહાર[193] ; અને સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ વિ. કેસોરામ ઇન્ડસ્ટ્રીઝ[194] ના નિર્ણયો જુઓ).

૨૫૭. આ કોર્ટની નવ ન્યાયમૂર્તિઓની બેંચે ઇન રી સી કસ્ટમ્સ[195] માં, ઉત્પાદન શુલ્કના કિસ્સામાં કરપાત્ર ઘટના કે જે માલનું ઉત્પાદન છે, તેને

---

[192] (૨૦૦૫) ૨ એસ.સી.સી. ૫૧૫
[193] (૧૯૮૩) ૪ એસ.સી.સી. ૪૫
[194] (૨૦૦૪) ૧૦ એસ.સી.સી. ૨૦૧૧
[195] (૧૯૬૩) ૩ એસ.સી.આર. ૭૮૭

વેચાણવેરાથી અલગ પાડી હતી કે જ્યાં કરપાત્ર ઘટના એ વેચાણનું કૃત્ય છે. કસ્ટમ્સ જકાતની બાબત વિચારણામાં લેતાં, મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા મારફતે બોલતાં નવ ન્યાયમૂર્તિઓની બેંચે નીચે મુજબ ઠેરવ્યું હતું :

> "તેવી જ રીતે નિકાસ જકાત સહિતની કસ્ટમ્સ જકાતના કિસ્સામાં, જોકે તે માલના સંદર્ભમાં લાદવામાં આવે છે; કરપાત્ર ઘટના કાં તો કસ્ટમ્સ સીમાઓની અંદર માલની આયાત અથવા કસ્ટમ્સ સીમાઓની બહાર તેની નિકાસ છે. તે પણ ઉત્પાદન શુલ્કની જેમ પરોક્ષ કર છે અને અમારા મતે તેને ખુદ માલ પરના પ્રત્યક્ષ કર સાથે સમકક્ષ ગણી શકાય નહીં. હવે, આયાત જકાતનું સાચું સ્વરૂપ શું છે? સાચું કહીએ તો, આયાત જકાત લાદવાનું પરિણામ, મોટાભાગે, એવી શરતમાં પરિણમે છે કે જેને કસ્ટમ્સ સીમાઓની અંદર માલ લાવી શકાય તે પહેલાં પૂર્ણ કરવી આવશ્યક છે, એટલે કે તે દેશની અંદરના માલના જથ્થાનો ભાગ બને તે પહેલાં." (સદર, પૃષ્ઠ ૫૪૩ પર)

સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો પ્રવેશ એ પ્રવેશ કર કાયદાની કર લાદવા અંગેની જોગવાઈને આકર્ષે છે. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ને સંદર્ભિત આ વસૂલાત જે ક્ષણે માલ વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે છે તે જ ક્ષણે આકર્ષાય છે. ધ કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ એ માલને જાહેર અથવા ખાનગી વેરહાઉસમાં રાખવાની અને સ્થાનિક વપરાશ માટે માલના ક્લિયરન્સની મંજૂરી આપતી લાભદાયી જોગવાઈ

કરી છે. આ જોગવાઈઓ પ્રવિષ્ટિ ૫૨ હેઠળ રાજ્ય વિધાનમંડળોની સત્તામાં ઘટાડો કરી શકતી નથી અને ઘટાડો કરતી પણ નથી, તેમજ રાજ્યના કાયદા હેઠળ કરપાત્ર ઘટના એકવાર બની ગયા પછી રાજ્યોને પ્રવેશ કર લાદવાની સત્તાથી વંચિત કરતી નથી.

૨૫૮. વર્તમાન કેસમાં, રાજ્યોની ફરિયાદ એ છે કે અરજદારોએ તેમની રજૂઆતોમાં (પ્લીડિંગ્સમાં) એવું જણાવ્યું નથી કે તેમના કારખાનાના એકમોમાં અથવા જ્યાં તેઓ સ્થિત છે તેવા સ્થાનિક વિસ્તારમાં કોઈ વેરહાઉસિંગ સ્ટેશન છે. આથી, પ્લીડિંગ્સ કે હકીકતોમાં કોઈ આધાર વિના જ આ દલીલો રજૂ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. તદુપરાંત, એવી રજૂઆત કરવામાં આવી છે કે અરજદારોએ એવો કોઈ પુરાવો રજૂ કર્યો નથી કે બિલ ઓફ એન્ટ્રી કારખાનાના એકમોમાં અથવા અરજદારના એકમો જે સ્થાનિક વિસ્તારમાં આવેલા છે તે જ સ્થાનિક વિસ્તારમાં આવેલા લેન્ડ કસ્ટમ્સ સ્ટેશનમાં દાખલ કરવામાં આવે છે.

૨૫૯. આ સંદર્ભના હેતુઓ માટે, ઉપરોક્ત કેસોની હકીકતો સંબંધિત ઉપસ્થિત કરાયેલા મુદ્દાઓ પર કોર્ટ માટે નિર્ણાયક રીતે ન્યાયનિર્ણય કરવો યોગ્ય નથી. આથી, વિદેશમાંથી આયાત કરાયેલા માલ સંબંધિત કેસો પર ન્યાયનિર્ણય કરતી નિયમિત બેંચ સમક્ષ તમામ હકીકતો સંપૂર્ણપણે સ્થાપિત કરવામાં આવે તે જ યોગ્ય અને ઉચિત છે. જોકે, યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૩ અને યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના સંબંધમાં સંવિધાનિક સ્થિતિ ઉપર સ્પષ્ટ કરવામાં આવી છે. કસ્ટમ્સ જકાત લાદવા માટેની કરપાત્ર ઘટના એ પ્રવેશ કર સંબંધિત

કરપાત્ર ઘટનાથી ભિન્ન છે, જે સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ, ઉપયોગ અને વેચાણ માટે માલનો પ્રવેશ છે.

એમ. પ્રત્યક્ષ અને અનિવાર્ય અસરની કસોટી

૨૬૦. શું કર સ્વતઃ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર અવરોધરૂપ બને છે કે કેમ તે એક એવો મુદ્દો છે જેના પરિણામે બે પરસ્પર વિરોધી વલણો ઊભા થયા છે, જેમાંથી એકપણ વલણ આ ચુકાદામાં સ્વીકારવામાં આવ્યું નથી. વિચારધારાના એક છેડે એવો સિદ્ધાંત છે કે તમામ કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરે છે. જો આ સિદ્ધાંત સ્વીકારવામાં આવે, તો સમગ્ર કર વ્યવસ્થા અને રાજ્યની કર લાદવાની સત્તા સંવિધાનના ભાગ ૧૩ દ્વારા નિયંત્રિત થઈ જશે. રાજ્યો, કે જેઓ પોતાના ક્ષેત્રમાં સાર્વભૌમ છે, તેઓ કરવેરા દ્વારા મહેસૂલ એકત્રિત કરવાની તેમની સંવિધાનિક સત્તાનો ઉપયોગ કરતી વખતે ભાગ ૧૩ ની કઠોરતાઓને આધીન થઈ જશે. આવો આત્યંતિક દૃષ્ટિકોણ શાબ્દિક અર્થઘટનના દૃષ્ટિકોણથી કે સંવિધાનના સંઘીય માળખા પરના તેના પરિણામોની દૃષ્ટિએ સ્વીકાર્ય નથી. તમામ કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતા નથી. વાસ્તવમાં, અગાઉ ચર્ચા કર્યા મુજબ, કર એવું સાધન પૂરું પાડે છે કે જેના દ્વારા સંઘીય અને રાજ્ય સ્તરે કાયદો ઘડનારી સંસ્થાઓ દ્વારા બનાવવામાં આવેલા કાયદાના શાસન હેઠળ મહેસૂલ એકત્રિત કરી શકાય છે. કર લાદવાની સત્તાના અભાવે, રાજ્યો વ્યવસ્થા અને શાસન

જાળવવા માટે જરૂરી મહેસૂલથી વંચિત થઈ જશે. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર અમૂર્ત રીતે અને રાજ્ય દ્વારા નિર્મિત સ્થિરતા તેમજ વ્યવસ્થાની પરિસ્થિતિઓ વિના ટકી શકે નહીં. તદુપરાંત, રાજ્યને ઉપલબ્ધ થતું મહેસૂલ પ્રત્યક્ષ અને આનુષંગિક એમ બંને પ્રકારની માળખાગત સુવિધાઓ અને સવલતો ઊભી કરવાનો આધાર પૂરો પાડે છે, જેના દ્વારા વેપાર અને વાણિજ્ય અસરકારક રીતે સંચાલિત થઈ શકે છે અને વિકાસ પામી શકે છે. આથી, તમામ કર વેપાર પર પ્રતિબંધ કે અવરોધરૂપ બને છે તેવા આત્યંતિક મતને નકારી કાઢવામાં આવ્યો છે.

૨૬૧. વિચારધારાના બીજા છેડે એવો દૃષ્ટિકોણ છે કે કર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બનતા નથી. જો આ દૃષ્ટિકોણ સ્વીકારવામાં આવે, તો અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત હોય તેવા પ્રકારના ભેદભાવપૂર્ણ કર સિવાય કરવેરા કાયદા પર સંવિધાનિક મર્યાદા તરીકે ભાગ ૧૩ ની કોઈ ભૂમિકા રહેશે નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) ભાગ ૧૩ ના હેતુ માટે કરવેરાના સમગ્ર ક્ષેત્રને આવરી લે છે તેવા વલણને આ ચુકાદા દ્વારા એ કારણસર નકારી કાઢવામાં આવ્યું છે કે તે મૂળભૂત ક્ષતિઓથી ગ્રસ્ત છે અને ભાગ ૧૩ ના લખાણથી વિપરીત છે. પુનરાવર્તન કરવા માટે, આવું ઠેરવવાના કારણો નીચે મુજબ છે :

(૧) ભાગ ૧૩ ના હેતુઓ માટે કાયદાઓનો અર્થ તમામ કાયદાઓ થવો જોઈએ અને તેમાં કરવેરા કાયદાને બાકાત રાખી શકાય નહીં;

(૨) વેચાણવેરો લાદતા સંસદીય કાયદાની સંવિધાનિક માન્યતાને અનુચ્છેદ ૩૦૨ ની જોગવાઈઓના આધારે માન્ય રાખવામાં આવી છે જે સંસદને જાહેર હિતમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધો લાદવા સક્ષમ બનાવે છે. જો અનુચ્છેદ ૩૦૨ ના હેતુઓ માટે કરવેરા કાયદાને પ્રતિબંધ તરીકે ગણવામાં આવતો હોય, તો અનુચ્છેદ ૩૦૪ ના હેતુઓ માટે તે જ અર્થઘટનને બાકાત રાખવાનું કોઈ કારણ નથી;

(૩) અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાના એક ચોક્કસ ક્ષેત્ર સાથે સંબંધિત છે – માલ પરનો કરવેરો. સાતમી અનુસૂચિની યાદી ૨ માં રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાઓ તેમને વ્યક્તિઓ, પ્રવૃત્તિઓ અથવા વસ્તુઓ પર કર લાદવા માટે સક્ષમ બનાવે છે (ગોડફ્રે ફિલિપ્સ ઈન્ડિયા લિ. વિ. સ્ટેટ ઓફ યુ.પી.[196]). અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર છેલ્લી શ્રેણી એટલે કે માલ પરના કરને જ આવરી લે છે. તે વ્યક્તિઓ પરના કર (વ્યવસાય વેરો અથવા લક્ઝરી ટેક્સ) કે પ્રવૃત્તિઓ પરના કર (શરત અને જુગાર) ને આવરી લેતો નથી;

(૪) અનુચ્છેદ ૩૦૧ ભારતના સમગ્ર પ્રદેશમાં મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની ખાતરી આપે છે. આંતરરાજ્ય વેપાર તેમજ રાજ્યની અંદરના વેપાર અને વાણિજ્યની ખાતરી આપવામાં આવી છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર લાદવામાં આવતા કરને જ આવરી લે છે. બીજા શબ્દોમાં કહીએ તો,

[196] પૂર્વોક્ત નોંધ ૧૦૯

અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યની અંદર પરિવહન થતા માલ પરની વસૂલાતોને આવરી લેતો નથી;

(૫) સંવિધાનનો અનુચ્છેદ ૩૦૬, તેના રદ થતાં પહેલાં જે સ્થિતિમાં હતો તે મુજબ એવી પરિકલ્પના કરતો હતો કે પ્રતિબંધો જકાત અને વસૂલાતોનું સ્વરૂપ લઈ શકે છે; અને

(૬) સંવિધાનના ભાગ ૧૩ માં 'પ્રતિબંધો' શબ્દપ્રયોગનો ઉપયોગ એવી રીતે કરવામાં આવ્યો છે, જેમ કે અનુચ્છેદ ૩૦૨, ૩૦૩, ૩૦૪ અને ૩૦૬ ની જોગવાઈઓ દર્શાવે છે, જે કરવેરા કાયદાને બાકાત રાખતો નથી. આ કોર્ટની બંધારણીય બેંચોનો સુસંગત મત એ રહ્યો છે કે કર અમુક સંજોગોમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ સમાન બની શકે છે. એક્સપ્રેસ હોટેલ્સ પ્રા. લિ. વિ. સ્ટેટ ઓફ ગુજરાત[197] માં ન્યાયમૂર્તિ એમ. એન. વેંકટાચલૈયાહ (જેઓ તે સમયે વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિ હતા) ના વિદ્વતાપૂર્ણ ચુકાદામાં આ સ્થિતિનો સ્પષ્ટપણે સારાંશ આપવામાં આવ્યો છે. કાયદાકીય સ્થિતિની સમીક્ષા કર્યા પછી, વિદ્વાન ન્યાયમૂર્તિએ આ પ્રમાણે ઠેરવ્યું :

"કર ક્યારેક, વેપારના મુક્ત પ્રવાહ પર તેમની અસર અને પ્રભાવને ધ્યાનમાં લેતાં, અનુચ્છેદ ૩૦૧ હેઠળની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બની શકે છે અને બને છે. પરંતુ પ્રતિબંધ કર લાદતા કાયદાની

[197] (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૭૭

જોગવાઈઓમાંથી ઉદ્ભવતો હોવો જોઈએ કે જેને "વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર" ના મુક્ત પ્રવાહને પ્રતિબંધિત કરવાની પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર ધરાવતો કહી શકાય. બધા કર આવી અસર ધરાવતા નથી." (સદર, પૃષ્ઠ ૬૯૭ પર)

૨૬૨. ઉપરોક્ત સિદ્ધાંતના સમર્થનમાં લગભગ પાંચ દાયકાનું ન્યાયશાસ્ત્ર વિકસિત થયું હોવાથી, સંવિધાનિક સિદ્ધાંત કે કાયદાનો એવો કોઈ તર્ક નથી કે જે આ કોર્ટને આ સ્થિતિમાંથી વિચલિત થવા અને એવું ઠેરવવા પ્રેરે કે કર કોઈપણ સંજોગોમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બની શકે નહીં. તદુપરાંત, ન્યાયિક પૂર્વ–ચુકાદાની બાબત તરીકે પણ એ સ્વીકારવામાં આવ્યું છે કે કરવેરા માત્ર મહેસૂલ એકત્રિત કરવાનો હેતુ જ સિદ્ધ કરતા નથી પરંતુ સામાજિક નિયંત્રણનું એક શક્તિશાળી સાધન પણ છે. રાજ્યો અને સંઘ તેમની કાયદાકીય સત્તાઓનો ઉપયોગ કરતી વખતે, પોતાની વિકાસલક્ષી પ્રવૃત્તિઓને ટેકો આપવા માટે માત્ર મહેસૂલ એકત્રિત કરવાના સાધન તરીકે જ નહીં પરંતુ સામાજિક ઉદ્દેશ્યો હાંસલ કરવાના પગલાં તરીકે પણ કરવેરાનો ઉપયોગ કરે છે. તે સામાજિક ઉદ્દેશ્યોની પ્રાપ્તિ અથવા સામાજિક નિયમનની પ્રાપ્તિ મુક્ત વેપાર અને વાણિજ્યના ક્ષેત્ર પર અતિક્રમણ કરે છે કે કેમ તે પૂર્વધારણાના આધારે નક્કી કરી શકાય નહીં. કરવેરાની સત્તાનો એવી રીતે ઉપયોગ થઈ શકે છે જે આપેલા કિસ્સામાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણ કે અવરોધ ઊભો કરી શકે.

૨૬૩. કર ક્યારે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બની શકે છે તે નક્કી કરવામાં, પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી (ત્યારબાદ જેમ સુધારવામાં આવી છે તે મુજબ) ન્યાયિક રીતે વ્યવહારુ માળખું પૂરું પાડે છે. પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી અતિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ ના ચુકાદાઓમાં ઘોષિત કરવામાં આવી હતી. આ કસોટી આપણા ન્યાયશાસ્ત્રના એક ભાગ તરીકે દ્રઢપણે સ્થાપિત થયેલી છે. આર. સી. કૂપર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[198] માં, આ કોર્ટની અગિયાર ન્યાયમૂર્તિઓની બેંચે બેંકોના રાષ્ટ્રીયકરણની જોગવાઈ કરતા કાયદાની માન્યતા પર ન્યાયનિર્ણય કરતી વખતે, એ. કે. ગોપાલન વિ. ધ સ્ટેટ ઓફ મદ્રાસ[199] ના ચુકાદાને ઉલટાવી દીધો હતો કે જેમાં એવો મત લેવામાં આવ્યો હતો કે વ્યક્તિના મૂળભૂત અધિકારના સંબંધમાં રાજ્યના પગલાંનો ઉદ્દેશ સુસંગત હતો અને પગલાંની અસર નહીં. આ કોર્ટે ઠેરવેલ કે :

> "૪૯.....પરંતુ નાગરિકના અધિકારને ક્ષતિ પહોંચાડતો કાયદો બનાવનાર સત્તાધિકારીનો ઉદ્દેશ કે પગલાંનું સ્વરૂપ એ નક્કી કરતું નથી કે તે કયા સંરક્ષણનો દાવો કરી શકે છે: દાદ આપવા માટે કોર્ટના અધિકારક્ષેત્રને આકર્ષિત કરતી બાબત તો કાયદાની અને તે અધિકાર પરના પગલાંની અસર છે. જો આ સાચો દૃષ્ટિકોણ હોય, અને અમે માનીએ છીએ કે તે છે, મૂળભૂત એવી સંવિધાનિક બાંહેધરીઓ પર રાજ્યના પગલાંની અસર નક્કી કરવામાં, તે અનુસરે છે કે મૂળભૂત

[198] (૧૯૭૦) ૧ એસ.સી.સી. ૨૪૮
[199] (૧૯૫૦) ૧ એસ.સી.આર. ૮૮

અધિકારની ક્ષતિ સામેના સંરક્ષણની માત્રા વિધાનમંડળના ઉદ્દેશ દ્વારા કે પગલાંના સ્વરૂપ દ્વારા નહીં, પરંતુ વ્યક્તિના અધિકારો પર તેના પ્રત્યક્ષ અમલ દ્વારા નક્કી થાય છે." (સદર, પૃષ્ઠ ૨૮૮ પર)

બેનેટ કોલમેન એન્ડ કંપની વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[200] માં, આ જ સિદ્ધાંત કાયદાના નીચે મુજબના વિધાનમાં ઘડવામાં આવ્યો હતો:

"..પ્રથમ, નાગરિકના અધિકારને ક્ષતિ પહોંચાડતો કાયદો બનાવનાર સત્તાધિકારીનો ઉદ્દેશ કે પગલાંનું સ્વરૂપ અધિકાર પરના અતિક્રમણને નિર્ધારિત કરતું નથી. બીજું, દાદ આપવા માટે કોર્ટના અધિકારક્ષેત્રને આકર્ષિત કરતી બાબત તો કાયદાની અને તે અધિકાર પરના પગલાંની અસર છે. અધિકારો પર સદર અધિનિયમનો પ્રત્યક્ષ અમલ એ વાસ્તવિક કસોટી બનાવે છે." (સદર, પૃષ્ઠ ૭૯૯ પર)

૨૬૪. મેનકા ગાંધી વિ. યુનિયન ઓફ ઇન્ડિયા[201] માં, આ કોર્ટે આ કસોટીને વાદગ્રસ્ત પગલાંની "પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર" ના અર્થમાં સુધારી હતી. પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર એ છે કે જે રાજ્ય વિધાનમંડળ દ્વારા અનિવાર્યપણે અભિપ્રેત હોવી જ જોઈએ, અથવા, બીજા શબ્દોમાં કહીએ તો, જેને અભિપ્રેત અને વાસ્તવિક અસરના સિદ્ધાંત તરીકે વર્ણવી શકાય. આ કોર્ટે ઠેરવેલ કે :

[200] (૧૯૭૨) ૨ એસ.સી.સી. ૭૮૮
[201] (૧૯૭૮) ૧ એસ.સી.સી. ૨૪૮

"૨૦. યાદ કરી શકાય કે આર. સી. કૂપર કેસ માં ઘડવામાં આવેલી કસોટી માત્ર અરજદારના મૂળભૂત અધિકાર પર રાજ્યના પગલાંના "પ્રત્યક્ષ અમલ" અથવા 'પ્રત્યક્ષ પરિણામ અને અસર' નો ઉલ્લેખ કરે છે અને આ સંબંધમાં "અનિવાર્ય" શબ્દનો ઉપયોગ કરતી નથી. પરંતુ શાહ, ન્યાયમૂર્તિ ના સુસંગત અવલોકનો વાંચતાં, તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે તે કેસમાં કોર્ટ દ્વારા વાસ્તવમાં આવી જ કસોટી નિર્ધારિત કરવાનો ઈરાદો હતો. જો કસોટી માત્ર પ્રત્યક્ષ કે પરોક્ષ અસરની હોત, તો તે એક અનિશ્ચિત ખ્યાલ હોત અને "પ્રત્યક્ષતા" નક્કી કરવા માટેના કાર્યાત્મક માપદંડોના અભાવે, તે આપેલા કિસ્સામાં પરિણામ કે અસર પ્રત્યક્ષ છે કે નહીં તે નક્કી કરવા માટે કોર્ટને અપરિમેય વિવેકાધિકાર આપત. કસોટી લાગુ કરવા માટે પ્રત્યક્ષતા કે પરોક્ષતાની માત્રા નક્કી કરવા માટે અન્ય કોઈ વૈચારિક માધ્યમની જરૂર પડત. અને તે એક્સપ્રેસ ન્યૂઝપેપર્સ કેસ માં દર્શાવવામાં આવેલા "અનિવાર્ય" પરિણામ કે અસરના માપદંડ દ્વારા પૂરું પાડવામાં આવ્યું છે. આ માપદંડ મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન ગણવા માટે જરૂરી એવી પ્રત્યક્ષતાની માત્રા નક્કી કરવામાં મદદ કરે છે. હવે, જો મૂળભૂત અધિકારો પર રાજ્યના પગલાંની અસર પ્રત્યક્ષ અને અનિવાર્ય હોય, તો વિશેષ કારણસર એવું માની લેવું જ જોઈએ કે પગલું લેનાર સત્તાધિકારી દ્વારા તે અભિપ્રેત હતી અને આથી જ અભિપ્રેત અને વાસ્તવિક અસરનો આ સિદ્ધાંત અસ્તિત્વમાં આવ્યો." (સદર, પૃષ્ઠ ૨૯૯ પર)

૨૬૫. કર લાદવાની જોગવાઈ કરતો કાયદો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધરૂપ બને છે કે કેમ તે નક્કી કરવા માટે, જે સિદ્ધાંત લાગુ કરવો જોઈએ તે એ છે કે શું કાયદાની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર કે પરિણામ વેપાર અને વાણિજ્યમાં અવરોધ ઊભો કરવાનું છે. જે વ્યક્તિ એવો આક્ષેપ કરે છે કે કરની આવી અસર છે તેના પર કોર્ટના સંતોષ મુજબ એ રજૂઆત કરવાની અને સાબિત કરવાની જવાબદારી રહે છે કે જે પરિણામનો આક્ષેપ કરવામાં આવ્યો છે તે વાસ્તવમાં અસ્તિત્વ ધરાવે છે. સંવિધાનના ભાગ ૧૩ ના હેતુઓ માટે પ્રત્યક્ષ અને અનિવાર્ય પરિણામ એ અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ કોઈપણ વ્યવસાય, વેપાર કે ધંધો કરવાના મૂળભૂત અધિકારના ભંગ સમાન નથી. અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ, વ્યક્તિનો વેપાર અથવા ધંધો કરવાનો અધિકાર મૂળભૂત સ્વતંત્રતા તરીકે સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. જ્યારે કોઈ કાયદાકીય પગલું તે સ્વતંત્રતામાં કાપ મૂકવા માંગે છે, ત્યારે કસોટી એ છે કે શું વ્યક્તિના અધિકારનો ભંગ થયો છે કે તેનું હનન થયું છે. ભાગ ૧૩ ના સંદર્ભમાં, બાબતને સમગ્રપણે વેપાર અને વાણિજ્યના દૃષ્ટિકોણથી જોવામાં આવે છે. તેથી, સંવિધાનના ભાગ ૧૩ હેઠળ આવતા કેસમાં કર લાદતા કાયદાની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર વેપાર અને વાણિજ્યના પ્રવાહને અવરોધવાની અથવા પ્રતિબંધિત કરવાની છે તે દર્શાવવાનું અને સ્થાપિત કરવાનું કામ અરજદારનું છે.

૨૬૬. માત્ર એ હકીકત કે જેના પર કર લાદવામાં આવ્યો છે તે પ્રવૃત્તિ વેપાર અને વાણિજ્યના પ્રવાહ અથવા હેરફેર સાથે સંબંધિત છે, તે પોતે એવા

અનુમાન પર પહોંચવા માટે પૂરતી નથી કે તે પ્રવૃત્તિ પરનો કર તેમાં અવરોધ ઊભો કરે છે કે તેના પર પ્રતિબંધ મૂકે છે. ઉદ્યોગપતિઓ અને વેપારીઓએ સમગ્ર વ્યાપારી યોજનાના એક ભાગ તરીકે કર પાલનની જરૂરિયાતને ધ્યાનમાં લેવી જ પડે છે અને તેઓ અનિવાર્યપણે ધ્યાનમાં લે છે. આથી, માત્ર એ હકીકત કે કર એવી પ્રવૃત્તિ અથવા વસ્તુના સંદર્ભમાં લાદવામાં આવ્યો છે જે વેપાર અથવા વાણિજ્યનું એક પાસું છે, તે પોતે એવા પરિણામ તરફ દોરી જવા માટે પૂરતી નથી કે તે વેપાર અને વાણિજ્ય પરનો પ્રતિબંધ કે અવરોધ છે. આવી ફરિયાદ ધરાવતા અરજદારે કોર્ટ સમક્ષ મજબૂત પુરાવાઓ સાથે એ સ્થાપિત કરવાની મર્યાદા પાર કરવી પડશે કે કર કાયદાની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર એ વેપાર અને વાણિજ્યમાં અવરોધ ઊભો કરવાની છે.

૨૬૭. પ્રવેશ કરના સંદર્ભમાં, અરજદારો વતી એવું કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી કર ચૂકવવામાં ન આવે ત્યાં સુધી વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે માલનો સ્થાનિક વિસ્તારમાં પ્રવેશ થઈ શકે નહીં. જો કર ચૂકવવામાં ન આવે તો માલનો પ્રવેશ થઈ શકે નહીં. પ્રવેશ કર એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રત્યક્ષ અવરોધ કે પ્રતિબંધ બનાવે છે તેવી રજૂઆત કરવા માટેનો આ આધાર છે. આ મુદ્દા પ્રત્યેનો આ અભિગમ સ્વીકારી શકાય નહીં. નિયમનકારી ક્ષેત્રમાં, વ્યવસાય, વેપાર કે વાણિજ્ય સાથે સંકળાયેલી પ્રવૃત્તિની ચોક્કસ લાઇન (શ્રેણી) માં જોડાવા માટે નિયમનકારી અધિનિયમનું પાલન પૂર્વશરત બનાવવામાં આવી શકે છે. જોકે, પાલનની જરૂરિયાત પોતે જ સદર અધિનિયમને વેપાર અને વાણિજ્ય માટે અવરોધરૂપ બનાવતી નથી. તેવી જ

રીતે, નાણાકીય ક્ષેત્રમાં, કોઈ પ્રવૃત્તિની લાઇનમાં જોડાવા માટેના એક પ્રસંગ તરીકે અથવા પૂર્વશરત તરીકે કરની જવાબદારી અદા કરવી પડે છે તે હકીકત પોતે – અને અવરોધ કે નિયંત્રણના વાસ્તવિક પુરાવા વિના – પ્રતિબંધ બનાવતી નથી. કાયદાનું અનિવાર્ય પરિણામ અને અસર વેપાર અને વાણિજ્યને અવરોધવાની અથવા પ્રતિબંધિત કરવાની છે તેવું તારણ માત્ર એવા દર્શાવી શકાય તેવા પુરાવાઓના આધારે જ કાઢી શકાય છે કે જે સ્થાપિત કરે છે કે કરની અસર તે પરિણામમાં પરિણમે છે. આ બાબત સાબિત કરવાની જવાબદારી તે વ્યક્તિ પર છે જે દાદ મેળવવાના કારણ તરીકે આવું કરવા માંગે છે.

૨૬૮. નિયમનકારી ક્ષેત્રમાં તેમજ નાણાકીય સંદર્ભમાં, વિધાનમંડળ અમુક જરૂરિયાતોની પરિપૂર્ણતા નિર્ધારિત કરી શકે છે જેને આધીન રહીને વ્યવસાય, વેપાર કે વાણિજ્યની લાઇન ચલાવી શકાય છે. તે જરૂરિયાતોની પરિપૂર્ણતા પૂર્વશરત તરીકે નિયત કરવામાં આવી શકે છે. વૈધાનિક નિયમનકાર ઉદાહરણ તરીકે, તે જે વ્યાપારી પ્રવૃત્તિનું નિયમન કરે છે તે હાથ ધરી શકાય તે પહેલાં લાયસન્સિંગ અથવા નોંધણીની જરૂરિયાતો નિર્ધારિત કરી શકે છે. લાયસન્સિંગ અથવા નોંધણીના ધોરણો નાણાકીય અને અન્ય જરૂરિયાતો નિર્ધારિત કરી શકે છે જેને કોઈ પ્રવૃત્તિ અથવા વ્યવસાય ચલાવવા માટે પૂર્વશરત તરીકે પૂર્ણ કરવી આવશ્યક છે. કોઈ કાયદો આવા ધોરણો માટે પરવાનગી આપે છે અથવા નિર્ધારિત કરે છે કે જે પૂર્વશરત બનાવે છે તે હકીકત પોતે એવું ઠેરવવા માટે પૂરતું કારણ નથી કે તેઓ પોતાનામાં પ્રતિબંધ અથવા વેપાર અને વાણિજ્યનો અવરોધ બનાવે છે. વેપાર અને વાણિજ્ય ચલાવવાનો અધિકાર એ

પ્રવૃત્તિ ચલાવવા માટે વ્યવસ્થિત પરિસ્થિતિઓની ખાતરી આપતા નિયમનમાંથી મુક્ત થવાનો અધિકાર નથી. તેમજ કોઈ અધિકારનો ઉપયોગ એવી રીતે પણ કરી શકાતો નથી કે જે અસંખ્ય સહભાગીઓના અનિયંત્રિત કાર્યો દ્વારા અરાજકતા ઊભી કરે. બીજા શબ્દોમાં કહીએ તો, કોઈ જરૂરિયાત પૂર્વશરત તરીકે કામ કરે છે તે હકીકત પોતે એવું ઠેરવવા માટે પૂરતી નથી કે તે વેપારને અવરોધે છે અથવા પ્રતિબંધિત કરે છે. અવરોધ બનવા માટે, એ દર્શાવવું આવશ્યક છે કે તે શરત તેની કામગીરીના પ્રત્યક્ષ અને અનિવાર્ય પરિણામ તરીકે વેપાર અથવા વાણિજ્ય પર પ્રતિબંધ લાદે છે. દરેક નિયમનકારી જરૂરિયાત વેપાર અને વાણિજ્યને પ્રતિબંધિત અથવા અવરોધિત કરતી નથી, ભલે શરૂઆતમાં, તેની પરિપૂર્ણતા એ વ્યક્તિ અથવા સંસ્થાને નિયમનિત પ્રવૃત્તિમાં જોડાવા માટે સક્ષમ બનાવતી શરત હોય.

૨૬૯. નાણાકીય સંદર્ભમાં, જ્યારે કરપાત્ર ઘટના બને છે ત્યારે જકાત અથવા લેવીની ચૂકવણી આકર્ષાય છે. કર વ્યક્તિઓ, પ્રવૃત્તિઓ અથવા વસ્તુઓ પર હોઈ શકે છે. તે કરપાત્ર ઘટના છે જેના કારણે કરનો બોજો અથવા કર ચૂકવવાની જવાબદારી ઉદ્ભવે છે. કરનો બોજો પ્રવૃત્તિ અથવા વસ્તુના કોઈ પાસા સાથે સંકળાયેલો હોઈ શકે છે. માત્ર એ હકીકત કે આ પાસું વેપાર અથવા વાણિજ્યના પ્રવાહ અથવા હેરફેર સાથે જોડાયેલું છે તે પોતાની મેળે એવા નિષ્કર્ષ પર દોરી જતી નથી કે કર એ અવરોધ અથવા પ્રતિબંધ બનાવે છે. અવરોધ પ્રવૃત્તિ અથવા વસ્તુના તે પાસામાં રહેલો નથી જે કરનો વિષય છે, પરંતુ તેના પરિણામમાં રહેલો છે. પ્રવેશ પરનો દરેક કર અથવા પ્રવેશ પરની હેરફેર વેપાર કે

વાણિજ્યને અવરોધતી નથી. કોઈ ચીજવસ્તુમાં વેપારનું પ્રમાણ ઉત્પાદનની પ્રકૃતિ, કાચા માલની ઉપલબ્ધતા, પરિવહન અને માળખાગત સુવિધાઓ, સ્પર્ધાનું સ્વરૂપ અને વ્યાપ, બજાર ચક્રો તેમજ માંગ અને પુરવઠાની સ્થિતિસ્થાપકતા સહિતના અસંખ્ય પરિબળો દ્વારા નિર્ધારિત થાય છે. કર માળખું એ એક એવું ઘટક છે જે સંસાધનોની ફાળવણી પર અસર કરે છે. કોઈ કર પ્રતિબંધ બને તે માટે, એ દર્શાવવા માટે સાબિતીપાત્ર સામગ્રી હોવી આવશ્યક છે કે તેની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર અથવા પરિણામ વેપાર કે વાણિજ્યને અવરોધવાનું અથવા રોકવાનું છે. કરને પ્રતિબંધ ગણવામાં આવે તે પહેલાં, એ દર્શાવીને તે સીમા પાર કરવી આવશ્યક છે કે તેનું તાત્કાલિક અને અનિવાર્ય પરિણામ સમગ્રપણે વેપારને પ્રતિબંધિત, અટકાવવાનું અથવા અવરોધવાનું છે. જ્યાં સુધી નાણાકીય લેવીની અસર, તેના પ્રત્યક્ષ અને અનિવાર્ય પરિણામની દ્રષ્ટિએ, વેપાર અથવા વાણિજ્યને પ્રતિબંધિત કરતી હોવાનું દર્શાવવામાં ન આવે ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૪(બી) ની જોગવાઈઓ આકર્ષાશે નહીં. કારણ કે, તેની વ્યાજબીપણાનો પ્રશ્ન ઊભો થાય તે પહેલાં પ્રથમ તો પ્રતિબંધ હોવો જોઈએ. પરિણામે, એવું ઠેરવવું શક્ય નથી કે કરનો બોજો વેપાર અને વાણિજ્યની હેરફેરના કોઈ પાસા સાથે સંકળાયેલો છે તે માત્ર હકીકત એ દર્શાવે છે કે તે દરેક કિસ્સામાં પ્રતિબંધ છે. પ્રતિબંધનું અસ્તિત્વ હોવાનો દાવો કરનાર વ્યક્તિ અથવા સંસ્થા પર ઉપર અપનાવવામાં આવેલી પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર કસોટીના સંદર્ભમાં તેની અસર દર્શાવવાનો બોજો રહે છે. આથી, એવી

કોઈ પૂર્વધારણા હોઈ શકે નહીં કે પ્રવેશ કર એ વેપાર અને વાણિજ્ય માટે પ્રતિબંધ અથવા અવરોધ બનાવે છે.

એન નિષ્કર્ષ

આ ચુકાદાના તારણો, સારાંશમાં, નીચે મુજબ ઘડવામાં આવ્યા છે:

૨૭૦. અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતા સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં માલસામાન, સેવાઓ, વ્યક્તિઓ અને મૂડીને વેપાર, વાણિજ્ય અને વ્યાપારી વ્યવહારમાં જોડાવા માટે સક્ષમ બનાવે છે. 'સમગ્ર' શબ્દપ્રયોગ આ સ્વતંત્રતાના વ્યાપને રાજ્યોની સીમાઓની આરપાર અને તેની અંદર વિસ્તારે છે. અનુચ્છેદ ૩૦૧ રાષ્ટ્રને માલ અને સેવાઓ માટેના સમાન બજાર ધરાવતા એક આર્થિક એકમમાં સંકલિત કરવાના બંધારણીય લક્ષ્યને પૂર્ણ કરે છે.

૨૭૧. અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતા નિરપેક્ષ નથી પરંતુ તે સંસદ અને રાજ્ય વિધાનમંડળો દ્વારા કાયદાકીય નિયંત્રણને આધીન છે. અનુચ્છેદ ૩૦૨, ૩૦૩ અને ૩૦૪ એવા પ્રતિબંધોના વ્યાપને વ્યાખ્યાયિત કરે છે જે સંસદ અને રાજ્ય વિધાનમંડળો અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળની તેમની કાયદાકીય સત્તાઓને અનુસરીને ઘડવામાં આવેલા કાયદા દ્વારા લાદી શકે છે. પરવાનગીપાત્ર પ્રતિબંધોની જોગવાઈ કરવા ઉપરાંત, તે અનુચ્છેદો કાયદો ઘડવાની સત્તાનું સંચાલન કરતી મર્યાદાઓ પણ નિર્ધારિત કરે છે.

૨૭૨. અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ સંયુક્ત રીતે સંસદ અને રાજ્ય વિધાનમંડળોની કાયદાકીય સત્તાનો સ્ત્રોત બનાવે છે. અનુચ્છેદ ૨૪૫ સંવિધાનની જોગવાઈઓને આધીન છે. દરેક બંધારણીય સત્તામંડળ તેની જોગવાઈઓને આધીન છે. સંવિધાનના કોઈપણ અંગને નિરપેક્ષ સત્તા આપવામાં આવી નથી. સંવિધાન દ્વારા નિર્મિત દરેક સંસ્થા લિખિત સંવિધાનના નિયંત્રક સિદ્ધાંતોને આધીન રહીને કાર્ય કરે છે અને તે નિર્ધારિત કરે છે તે મર્યાદાઓને આધીન છે. કાયદાકીય સત્તા પરની બંધારણીય મર્યાદાઓ એ આવશ્યકતામાંથી ઉદ્ભવે છે કે કાયદો ઘડનાર મંડળ જે વિષય પર કાયદો ઘડે છે તેના પર કાયદાકીય સક્ષમતા ધરાવતું હોવું જોઈએ, તેણે ઘડેલો કાયદો મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતો ન હોવો જોઈએ અને તેણે સંવિધાન દ્વારા નિર્ધારિત અન્ય ધોરણોનું પાલન કરવું જોઈએ.

૨૭૩. સંવિધાનનો ભાગ ૧૩ વેપાર, વાણિજ્ય અને વાણિજ્યનું નિયમન કરવાની કાયદાકીય સત્તા પર બંધારણીય મર્યાદાઓનો સમૂહ રજૂ કરે છે.

૨૭૪. સંઘીય માળખું એ સંવિધાનના મૂળભૂત લક્ષણો પૈકીનું એક છે. ભાગ ૧૩ ના અદાલતી અર્થઘટનમાં સંઘ અને રાજ્યો વચ્ચે કાળજીપૂર્વક ઘડાયેલું સંતુલન જળવાઈ રહે તે સુનિશ્ચિત કરવાની આવશ્યકતાને ધ્યાને લેવી પડશે.

૨૭૫. કરવેરા એ સંવિધાન દ્વારા સંઘ અને રાજ્યોને સોંપવામાં આવેલી એક સાર્વભૌમ સત્તા છે. સાતમી અનુસૂચિ સંસદ અને રાજ્ય વિધાનમંડળો વચ્ચે કર લાદવાની સત્તા સહિતની કાયદાકીય સત્તાનું વિભાજન કરે છે. ભાગ ૧૩ ના

અર્થઘટનથી એ સુનિશ્ચિત થવું જોઈએ કે રાજ્યોને સોંપવામાં આવેલા ક્ષેત્રોમાં તેમની સ્વાયત્તતા ક્ષીણ ન થાય.

૨૭૬. કેન્દ્ર અને રાજ્યોને સોંપવામાં આવેલા ક્ષેત્રોમાં સાર્વભૌમત્વને સ્વીકારતી વખતે, સંવિધાન તેના સાર્વભૌમ અંગોને એવી બંધારણીય મર્યાદાઓને આધીન રાખે છે કે જે તેણે સ્થાપિત કરેલા સંતુલનને જાળવી રાખવા માટે ઘડવામાં આવી છે. તેથી તમામ કાયદાકીય સત્તાએ, નાણાકીય સ્વરૂપની સત્તા સહિત, લિખિત સંવિધાનના ધોરણોનું પાલન કરવું પડે છે. જોકે નાણાકીય કાયદાઓની અદાલતી સમીક્ષા, મહેસૂલ એકત્ર કરવાના હેતુ માટે વ્યક્તિઓ, પદાર્થો અને વસ્તુઓનું વર્ગીકરણ કરવા માટે રાષ્ટ્રીય અને રાજ્ય બંને સ્તરે વિધાનમંડળોમાં રહેલી વ્યાપક મોકળાશને માન્યતા આપે છે.

૨૭૭. ભાગ ૧૩ ના અમલમાંથી અમુક નિયમનકારી પગલાં અને નાણાકીય વસૂલાતોને બાકાત રાખવા માટે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ ના નિર્ણયમાં વળતરકારી કરનો ખ્યાલ ન્યાયિક રીતે વિકસાવવામાં આવ્યો હતો. આ ખ્યાલે કાનૂની ધોરણોના ઉપયોગમાં સૈદ્ધાંતિક અસંગતતાઓ અને અનિશ્ચિતતા ઊભી કરી છે. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ નો નિર્ણય તે હદ સુધી ઉલટાવવામાં આવે છે.

૨૭૮. એ પ્રતિપાદન કે કર એ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર કોઈ પ્રતિબંધ બનાવતો નથી (સિવાય કે એવો ભેદભાવપૂર્ણ કર કે જે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો હોય) તે માન્ય બંધારણીય સિદ્ધાંતને પ્રતિબિંબિત

કરતું નથી. અનુચ્છેદ ૩૦૪(એ) એ ભાગ ૧૩ ના હેતુ માટે કરવેરાના સમગ્ર ક્ષેત્રને સમાવી લેતું નથી. અનુચ્છેદ ૩૦૪(એ) બિન–ભેદભાવપૂર્ણ કરવેરાના એક ચોક્કસ પ્રકાર સાથે સંબંધિત છે : અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા માલ પરના બિન–ભેદભાવપૂર્ણ કર.

૨૭૯. બંધારણીય સિદ્ધાંતના વિધાન તરીકે, વિચારશ્રેણીના આત્યંતિક છેડા પર રહેલા બે મતોમાંથી કોઈપણ મત માન્ય નથી : એક છેડે એવો મત છે કે તમામ કર પ્રતિબંધો છે અને બીજા છેડે એવો મત છે કે કોઈપણ કર (માલસામાન પરના ભેદભાવપૂર્ણ કર સિવાય) પ્રતિબંધ નથી. તમામ કર પ્રતિબંધો બનાવતા નથી. કેટલાક કર વેપાર અને વાણિજ્યને અવરોધી શકે છે.

૨૮૦. કર એ એવા સંજોગોમાં પ્રતિબંધ સમાન બની શકે છે જ્યાં તેની પ્રત્યક્ષ અને અનિવાર્ય અસર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરવાની હોય. આ સ્થાપિત કરવાનો બોજો તે વ્યક્તિ પર છે જે ચોક્કસ કરની માન્યતાને એ કારણસર પડકારે છે કે તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલ સ્વતંત્રતા પર પ્રતિબંધ સમાન છે. જ્યાં સુધી આ સીમા પાર ન થાય ત્યાં સુધી, અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકનો કોઈ અમલ થશે નહીં, કારણ કે જ્યારે કોઈ પ્રતિબંધ હોય ત્યારે જ તેની વ્યાજબીપણાનો પ્રશ્ન ઊભો થઈ શકે છે.

૨૮૧. અનુચ્છેદ ૩૦૪ માં ‘કરી શકશે’ શબ્દપ્રયોગને ખંડ (એ) અને (બી) ને અલગ કરતા ‘અને’ શબ્દપ્રયોગ સાથે જોડીને વાંચવો પડશે. આ

શબ્દપ્રયોગોનું સાચું અર્થઘટન સંયુક્ત તેમજ પૃથક "અને/અથવા" ના અર્થમાં છે.

૨૮૨. અનુચ્છેદ ૩૦૪(એ) એવી આવશ્યકતા રાખતું નથી કે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે, કર લાદતા રાજ્યમાં સમાન માલનું વાસ્તવમાં ઉત્પાદન અથવા નિર્માણ થયેલું હોવું જોઈએ. આ જોગવાઈનો ઉદ્દેશ્ય રાજ્યોને અન્ય રાજ્યો દ્વારા ઉત્પાદિત અથવા નિર્મિત માલ સામે ભેદભાવ રાખીને સંરક્ષણવાદી નીતિઓ અપનાવતા અટકાવવાનો છે. અનુચ્છેદ ૩૦૪(એ) કાઉન્ટરવેલિંગ ડ્યુટીના ખ્યાલને સમાવિષ્ટ કરતું નથી.

૨૮૩. અનુચ્છેદ ૩૦૪(એ) વ્યાજબી વર્ગીકરણને અટકાવતું નથી. આ જોગવાઈ સમાનતાના ઔપચારિક અને તાત્વિક બંને ખ્યાલોને સમાવે છે. ઔપચારિક સમાનતા ત્યારે પૂર્ણ થાય છે જ્યારે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર તે જ કરનો દર નિર્ધારિત કરવામાં આવે જેવો રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ પર લાદવામાં આવે છે. કરના દર ઉપરાંત, અન્ય મહત્વપૂર્ણ પાસાઓમાં લાયસન્સિંગ અને નોંધણી જેવી પ્રક્રિયાગત જોગવાઈઓ, આકારણી માટેનું તંત્ર અને સેટ–ઓફ તેમજ મુક્તિઓનો સમાવેશ થાય છે. તાત્વિક સમાનતા દેશના અલ્પવિકસિત વિસ્તારોના વિકાસની જરૂરિયાતને સ્વીકારે છે. ઔપચારિક અને તાત્વિક બંને સમાનતાની ચિંતાઓ વચ્ચે સંતુલન સાધવું પડશે. વિડિયો ઇલેક્ટ્રોનિક્સ અને મહાવીર ના નિર્ણયોને તે સંદર્ભમાં સમજવા જોઈએ.

૨૮૪. અનુચ્છેદ ૩૦૪(એ) માં "કોઈપણ કર" શબ્દપ્રયોગનો અર્થ એવો કર નથી કે જે સાતમી અનુસૂચિની યાદી ૨ માંની કરવેરા સંબંધી પ્રવિષ્ટિ હેઠળ આવતા કાયદાના માત્ર એક જ વિષયને સંદર્ભિત હોય. જ્યારે કોઈ વિધાનમંડળ કાયદો ઘડે છે, ત્યારે તેની સંપૂર્ણ સત્તાઓનો સમગ્ર વ્યાપ તેને ઉપલબ્ધ હોય છે. ભારતમાં, નાણાકીય કાયદો ઘડતી વખતે વિધાનમંડળો એક જ પ્રવિષ્ટિ હેઠળ કર લાદવા પૂરતા સીમિત નથી. આથી, અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર નિર્મિત અથવા ઉત્પાદિત માલ વચ્ચે કરના બોજની સમાનતા સુનિશ્ચિત કરવાથી રાજ્ય વિધાનમંડળોને રોકતું નથી.

૨૮૫. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ને લગતા પ્રવેશ કર સંબંધી કાયદા ઘડતી વખતે, રાજ્ય વિધાનમંડળ માટે અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યની અંદર નિર્મિત અથવા ઉત્પાદિત માલ વચ્ચેના કરના બોજને સમાન કરવા બાબતને ધ્યાને લેવું અનુમતિપાત્ર છે. વિધાનમંડળ મૂલ્યવર્ધિત કર/વેચાણ વેરા કાયદા તેમજ પ્રવેશ કર હેઠળના કરના બોજને એક સમગ્ર સંયુક્ત સ્વરૂપે ધ્યાનમાં રાખી શકે છે. શું મુક્તિ અને સેટ–ઓફ યોજનાએ રાજ્યના સ્થાનિક માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે કરના બોજની સમાનતા પ્રાપ્ત કરી છે કે કેમ તે રાજ્યના કાયદાની જોગવાઈઓને યોગ્ય ધ્યાનમાં રાખીને દરેક કેસમાં વિચારવાનો મુદ્દો છે.

૨૮૬. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ ના હેતુઓ માટે "સ્થાનિક વિસ્તાર" એ સમગ્ર રાજ્ય નથી. સ્થાનિક વિસ્તાર એ સંબંધિત રાજ્યના કાયદા હેઠળ સ્થાનિક

સંસ્થા દ્વારા વહીવટ કરવામાં આવતા રાજ્યની અંદરના વિસ્તારની પૂર્વધારણા કરે છે.

**અશોક ભૂષણ, ન્યાયમૂર્તિ**

૧. આ દેશની સર્વોચ્ચ અદાલતની નવ ન્યાયમૂર્તિઓની આ બંધારણીય બેંચ સમક્ષ, કે જેણે વખતોવખત, જ્યારે આપણા દેશની બંધારણીય જોગવાઈઓ પર ગંભીર વાદવિવાદો અને શંકાઓ ઉપસ્થિત થયા ત્યારે સત્તાવાર રીતે તે વાદવિવાદોનો અંત આણ્યો છે અને શંકાઓનું સમાધાન કર્યું છે, નામાંકિત વકીલોના વૃંદે તેમની પ્રબુદ્ધ દલીલો દ્વારા લાંબી એકવીસ દિવસની સુનાવણી દરમિયાન કોર્ટને વ્યસ્ત રાખી. હવે, પ્રત્યુત્તર આપવાનો અમારો વારો છે.

૨. મારો ચુકાદો તૈયાર કરવામાં મને માય લોર્ડ મુખ્ય ન્યાયમૂર્તિના સુવિચારિત અને સુતાર્કિક ચુકાદાનું અવલોકન કરવાનો લાભ મળ્યો હતો. અમારા દ્વારા ઘડવામાં આવેલા પ્રશ્ન નં. ૧ અને ૪ પર વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના મંતવ્યો સાથે સહમત થવામાં મારી અસમર્થતા બદલ મને ખૂબ ખેદ છે, જોકે પ્રશ્ન નં. ૨ અને ૩ પર હું તેમના લોર્ડશિપના તારણ સાથે સહમત છું. ડૉ. ન્યાયમૂર્તિ ડી. વાય. ચંદ્રચૂડના તેમના પાંડિત્યપૂર્ણ ચુકાદામાં વ્યક્ત થયેલા મંતવ્યો થોડા વિષયો સિવાય મારા મંતવ્યોની તદ્દન નજીક છે કે જેના પર મેં ભિન્ન અભિપ્રાય વ્યક્ત કર્યો છે. દેશની આર્થિક એકતા પર દૂરગામી અસર ધરાવતા મહત્વપૂર્ણ બંધારણીય

મુદ્દાઓને જોતાં, અમારી સમક્ષ ઉઠાવવામાં આવેલા તમામ મુદ્દાઓ પર મારી પોતાની રીતે મારા મંતવ્યો રજૂ કરવાનું હું મારી ફરજ માનું છું. હું મારું કાર્ય નીચે મુજબ શરૂ કરું છું.

૩. ભારતના સંવિધાનના ભાગ ૧૩ ના અર્થઘટન પર આતિયાબારી ટી કંપની લિ., ૧૯૬૧ (૧) એસ.સી.આર. ૮૦૯ માં બંધારણીય બેંચના ચુકાદા અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસ, ૧૯૬૩ (૧) એસ.સી.આર. ૪૯૧ માં ૭ ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદાની શુદ્ધતા પર શંકા વ્યક્ત કરતાં, જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. હરિયાણા રાજ્ય અને અન્ય, ૨૦૧૦ (૪) એસ.સી.સી. ૫૯૫ માં આ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા કરવામાં આવેલા સંદર્ભ પર આ બૃહદ બેંચની રચના કરવામાં આવી છે. દેશની આર્થિક એકતાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે સંવિધાનના ઘડવૈયાઓ દ્વારા સંવિધાનનો ભાગ ૧૩ સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો. બંધારણીય અર્થઘટનના સિદ્ધાંતો, સંઘવાદ, રાજ્યોનું સાર્વભૌમત્વ, રાજ્યોની કાયદાકીય સત્તાઓ પરની મર્યાદાઓ, બંધારણ સભા દ્વારા પરિકલ્પિત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાથી માંડીને ભાગ ૧૩ માં સમાવિષ્ટ અનુચ્છેદ ૩૦૧ – ૩૦૬ સહિત સંવિધાનના વિવિધ અનુચ્છેદોના અર્થઘટન સુધીના મોટી સંખ્યામાં મુદ્દાઓ કેસોના આ જૂથમાં અમારી સમક્ષ ઉપસ્થિત થયા છે.

૪. અમારી સમક્ષ ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપવા માટે, ઉપર નોંધાયેલા મુદ્દાઓ સંબંધિત વિવિધ પાસાઓ પર પ્રસ્તુત પૂર્વનિર્ણયોના સંદર્ભમાં વિચારણા કરવાની રહે છે. આથી અમે ચોક્કસ પ્રશ્નોના ઉત્તર આપવાનો પ્રયાસ કરતા પહેલાં અમારી ચર્ચા માટે અમુક વ્યાપક તબક્કાઓ નક્કી કર્યા છે.

૫. ઉપરોક્ત વિષયો પર, અમારી સમક્ષ ઉપસ્થિત વિદ્વાન પ્રતિષ્ઠિત વકીલોએ વિષયોને સ્પષ્ટ કરવા માટે વિવિધ દ્રષ્ટિકોણથી પ્રકાશ પાડ્યો છે, જેની અમને ખાતરી છે કે સંવિધાનનું અર્થઘટન કરવાની અમારી બંધારણીય જવાબદારી નિભાવવાનું અમારું કાર્ય સરળ બનાવશે. સંવિધાન માત્ર આપણા દેશ માટે બંધારણ સભા દ્વારા નિર્ધારિત લક્ષ્યો અને આકાંક્ષાઓ જ ધરાવતું નથી, પરંતુ તે સામાજિક, રાજકીય, આર્થિક અને વ્યક્તિગત જીવનના ઉચ્ચતમ ધોરણો પ્રાપ્ત કરવા માટે ભાવિ પેઢીઓ માટે માર્ગદર્શક તારો પણ છે. અમે અમારી ચર્ચાને ભાગોમાં વહેંચી છે જે છે: પ્રથમ, આ સંદર્ભ તરફ દોરી જતી હકીકતો. બીજું, આતિયાબારી ટી કંપની અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં બંધારણીય બેંચના બે ચુકાદાઓ. ત્રીજું, વિવિધ પક્ષકારો વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલો દ્વારા અમારી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો. ચોથું, અમારી વિચારણા હેઠળ આવતા પ્રશ્નો સાથે પ્રસ્તુત વિષયો પર ચર્ચા. પાંચમું, અમારા તારણો, અને છઠ્ઠું, અમારા જવાબો. ચોથા ભાગમાં નીચેના વિષયો સમાવિષ્ટ છે:–

એ. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદાકીય ઇતિહાસ અને બંધારણ સભાની ચર્ચાઓ.

બી. ભારતના સંવિધાનમાં સંઘવાદનું સ્વરૂપ.

સી. સંવિધાન હેઠળ રાજ્યની કાયદાકીય સત્તા પરની મર્યાદાઓ.

ડી. શું સંવિધાનના ભાગ ૧૩ માં "કર કાયદા" નો સમાવેશ થાય છે અને તેમાં વપરાયેલ "પ્રતિબંધ" શબ્દમાં કર કાયદાનો સમાવેશ થાય છે.

ઈ. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) સંબંધિત કાયદાકીય ઇતિહાસ અને બંધારણ સભાની ચર્ચાઓ.

એફ. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) નું અર્થઘટન, અવકાશ અને વ્યાપ.

જી. સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨.

એચ. ભાગ ૧૩ માં વપરાયેલા પ્રતિબંધનો અર્થ.

આઈ. શું આતિયાબારી માં નિર્ધારિત અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં માન્ય કરાયેલી પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી હવે સાચી કસોટી રહી નથી.

જે. વળતરરૂપી કર સિદ્ધાંત.

ભાગ ૧

આ નવ ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષના સંદર્ભ તરફ દોરી જતી હકીકતો અને ઘટનાઓ

૬. આ કેસોના જૂથમાં ઉપસ્થિત થયેલા મુદ્દાઓ અને પ્રશ્નોને સંપૂર્ણપણે સમજવા માટે, આ બૃહદ બેંચ સમક્ષના સંદર્ભ પહેલાંની કેટલીક હકીકતો અને ઘટનાઓની નોંધ લેવી જરૂરી છે. વિવિધ રાજ્ય કાયદાઓ સામેના પડકારો વિવિધ હાઇકોર્ટો સમક્ષ વિવિધ કારણોસર રજૂ કરવામાં આવ્યા હતા, જેમાં એ કારણ પણ સામેલ હતું કે પ્રવેશ કરની વસૂલાત ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે અને આ કાયદાઓ અનુચ્છેદ ૩૦૪ હેઠળ રક્ષાયેલા નથી.

૭. રાજ્યના કાયદાઓ પૈકીનો એક કાયદો, એટલે કે, હરિયાણા લોકલ એરિયા ડેવલપમેન્ટ ટેક્સ એક્ટ, ૨૦૦૦ પંજાબ અને હરિયાણા હાઇકોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. હાઇકોર્ટે તારીખ ૨૧.૧૨.૨૦૦૧ ના પોતાના ચુકાદા દ્વારા સદર અધિનિયમની કાયદેસરતા માન્ય રાખી હતી, જે ચુકાદાને સિવિલ અપીલ નં. ૩૪૫૩/૨૦૦૨ તથા સંલગ્ન બાબતો; જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્યમાં પડકારવામાં આવ્યો હતો. ઉપરોક્ત અપીલોમાં, અપીલકર્તાઓ હરિયાણા રાજ્યની અંદર પોતાના ઉત્પાદનોનું ઉત્પાદન કરતા ઉદ્યોગો અથવા ઉદ્યોગોનું એસોસિએશન હતા.

તેમના સંબંધિત ઉત્પાદનો માટેનો કાચો માલ રાજ્ય બહારથી લાવવામાં આવતો હતો. ઉપરોક્ત ૨૦૦૦ નો અધિનિયમ હરિયાણા રાજ્યના સ્થાનિક વિસ્તારમાં તેમાં વપરાશ અને ઉપયોગ માટે માલના પ્રવેશ પર કર લાદવા અને તેની વસૂલાત કરવા તથા તેને આનુષંગિક અને સંલગ્ન બાબતોની જોગવાઈ કરવા માટે ઘડવામાં આવ્યો હતો. પડકારના કારણો પૈકીનું એક કારણ એ હતું કે ૨૦૦૦ નો અધિનિયમ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે અને અનુચ્છેદ ૩૦૪ હેઠળ રક્ષાયેલ નથી. પંજાબ અને હરિયાણા હાઇકોર્ટે એવું ઠેરવીને આ પડકારને ફગાવી દીધો હતો કે પ્રવેશ કર વળતરકારી સ્વરૂપનો હોવાથી તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર છે, જેમ કે આતિયાબારી ટી કંપની લિ. વિ. ધ સ્ટેટ ઓફ આસામ અને અન્ય, (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯ માં બંધારણીય બેંચના ચુકાદા દ્વારા અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. ધ સ્ટેટ ઓફ રાજસ્થાન અને અન્ય, (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧ માં સાત ન્યાયાધીશોની બૃહદ બેંચના ચુકાદા દ્વારા ઠેરવવામાં આવ્યું છે.

૮. આતિયાબારી ટી કંપની લિ. (ઉપરોક્ત) માં આસામ ટેક્સેશન (ઓન ગુડ્ઝ કેરીડ બાય રોડ્ઝ એન્ડ ઇનલેન્ડ વોટરવેઝ) એક્ટ, ૧૯૫૪ ને પડકારવામાં આવ્યો હતો. આસામ હાઇકોર્ટે તે અધિનિયમની કાયદેસરતા માન્ય રાખી હતી, જેની સામે આ બાબત આ કોર્ટ સમક્ષ લાવવામાં આવી હતી, જેમાં અપીલકર્તાએ એવી દલીલ કરી હતી કે સદર અધિનિયમ વેપારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે અને તે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા જરૂરી રાષ્ટ્રપતિની અગાઉની મંજૂરી વિનાનો હતો. બહુમતીએ રાજ્ય વતી કરવામાં આવેલી એ દલીલ ફગાવી

દીધી હતી કે કર કાયદાઓ ભાગ ૧૩ ની બહાર છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે કર કાયદાઓ નિયંત્રણ સમાન બની શકે છે અને બને છે, જેમાંથી મુક્તિની બાંહેધરી ભાગ ૧૩ હેઠળ વેપારને આપવામાં આવી છે. એવું ઠેરવવામાં આવ્યું હતું કે તે શોધવા માટે લાગુ કરવાની તર્કસંગત અને કાર્યસાધક કસોટી એ છે કે; શું વાદગ્રસ્ત નિયંત્રણો વેપાર અથવા તેના પરિચલન પર પ્રત્યક્ષ અને તત્કાળ અસર કરે છે કે કેમ.

૯. બંધારણીય બેંચનો ઉપરોક્ત નિર્ણય ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (ઉપરોક્ત) માં બૃહદ બેંચ સમક્ષ વિચારણા માટે આવ્યો હતો. જે કેસમાં રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ ને એ કારણોસર પડકારવામાં આવ્યો હતો કે તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે. રાજસ્થાન હાઇકોર્ટે તે અધિનિયમની કાયદેસરતા માન્ય રાખી હતી. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં બૃહદ બેંચે બહુમતીથી આતિયાબારી ટી કંપની લિ. ના રેશિયોને એક અપવાદને આધીન મંજૂર રાખ્યો હતો, જે ન્યાયિક રીતે ઘડવામાં આવ્યો હતો કે વળતરકારી કર કોઈની પણ સ્વતંત્રતામાં અવરોધરૂપ નથી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે નિયમનકારી પગલાં અથવા વેપારની સુવિધાઓના ઉપયોગ માટે વળતરકારી કર લાદતા પગલાં અનુચ્છેદ ૩૦૧ માં સમાવિષ્ટ નિયંત્રણોના દાયરામાં આવતા નથી અને આવાં પગલાંઓએ અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી.

૧૦. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે કર વળતરકારી છે કે નહીં તે નક્કી કરવા માટેની કાર્યસાધક કસોટી એ તપાસ કરવાની છે કે શું વેપારી લોકો પોતાના વ્યવસાયના વધુ સારા સંચાલન માટે અમુક સુવિધાઓનો ઉપયોગ કરી રહ્યા છે અને સદર સુવિધાઓ પૂરી પાડવા માટે જેટલી જરૂર છે તેના કરતાં ઘણી વધુ રકમ ચૂકવી રહ્યા નથી.

૧૧. ઉપરોક્ત બે ચુકાદાઓ, જેની આસપાસ અમારી સમક્ષની ચર્ચા કેન્દ્રિત રહી છે, તેની હવે પછી બહુમતી અને લઘુમતી દ્વારા વ્યક્ત કરાયેલા મંતવ્યો સહિત કેટલીક વિગતે નોંધ લેવામાં આવશે.

૧૨. મેસર્સ ભગતરામ રાજીવકુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. અને અન્ય, (૧૯૯૫) સપ્લી.(૧) એસ.સી.સી. ૬૭૩ માં એમ.પી. સ્થાનિય ક્ષેત્ર મેં માલ કે પ્રવેશ પર કર અધિનિયમ, ૧૯૭૬ ના સંદર્ભમાં વળતરકારી કર શું છે તે બાબત આ કોર્ટ સમક્ષ વિચારણા હેઠળ આવી હતી. ઉપરોક્ત કેસમાં ત્રણ ન્યાયાધીશોની બેંચે ઠેરવ્યું હતું કે કરના વળતરકારી સ્વરૂપની વિભાવના વિસ્તૃત કરવામાં આવી છે અને જો કર તથા આવા વેપારીઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપવામાં આવતી સુવિધાઓ વચ્ચે નોંધપાત્ર અથવા કોઈ સંબંધ પણ હોય, તો આ વસૂલાતને અમાન્ય તરીકે પડકારી શકાય નહીં. ઉપરોક્ત ત્રણ ન્યાયાધીશોની બેંચના ચુકાદાને સ્ટેટ ઓફ બિહાર અને અન્ય વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ અને અન્ય, (૧૯૯૬) ૯ એસ.સી.સી. ૧૩૬ માં બે ન્યાયાધીશોની બેંચ દ્વારા અનુસરવામાં આવ્યો હતો, જે ધ બિહાર

ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્ઝ ઇનટુ લોકલ એરિયાઝ ફોર કન્ઝમ્પશન, યુઝ ઓર સેલ ધેરઇન એક્ટ, ૧૯૯૩ ના સંદર્ભમાં હતો. બે ન્યાયાધીશોની બેંચે એ સ્થિતિનો પુનરોચ્ચાર કર્યો હતો કે કર અને વેપાર સુવિધાઓ વચ્ચે "થોડો સંબંધ" તેને વળતરકારી કર તરીકે દર્શાવવા માટે પૂરતો છે.

૧૩. હવે જિંદાલ સ્ટ્રાઇપ લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય, (૨૦૦૩) ૮ એસ.સી.સી. ૬૦ પર પાછા ફરતાં, આ કોર્ટની બે ન્યાયાધીશોની બેંચ સમક્ષ, હરિયાણા રાજ્ય વતી એવી રજૂઆતો કે કર વળતરકારી સ્વરૂપનો છે અને અપીલકર્તા દ્વારા એવી રજૂઆતો કે સદર અધિનિયમ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે, તેની નોંધ લેવામાં આવી હતી. બે ન્યાયાધીશોની બેંચે આતિયાબારી ટી કંપની લિ. અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. નો પણ સંદર્ભ આપ્યો હતો અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં દર્શાવ્યા મુજબ વળતરકારી કર શોધવા માટેની કાર્યસાધક કસોટીની નોંધ લીધી હતી. બે ન્યાયાધીશોની બેંચે કર વળતરકારી છે કે નહીં તે શોધવા માટે ભગતરામ રાજીવકુમાર અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નિર્ધારિત કસોટીઓની શુદ્ધતા અંગે પોતાની શંકા વ્યક્ત કરી હતી. બે ન્યાયાધીશોની બેંચે પોતાની શંકા વ્યક્ત કરી હતી અને અવલોકન કર્યું હતું કે વળતરકારી કરના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૧ નું અર્થઘટન બંધારણીય બેંચ દ્વારા નિર્ધારિત થવું જરૂરી છે. પેરા ૨૬ અને ૨૭ માં નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવ્યું હતું :

"૨૬. ભગતરામ અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના નિર્ણયો હવે કહે છે કે જો કર લાદવાનો હેતુ માત્ર વેપારીઓને વિશેષ લાભ આપવાનો જ ન હોય પરંતુ વેપારીઓ સહિત સામાન્ય જનતાને લાભ આપવાનો હોય, તો પણ તે વસૂલાતને વળતરકારી ગણી શકાય. આ દ્રષ્ટિકોણ મુજબ, રાજ્યના વિવિધ સ્થાનિક વિસ્તારોમાં વિકાસલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવાના કારણે વેપારીઓને થતો પરોક્ષ કે આનુષંગિક લાભ વળતરકારી કરની વિભાવના હેઠળ કાયદેસર રીતે લાવી શકાય છે, જેમાં વળતરકારી કર તરીકે ઓળખાતા કર અને વેપાર સુવિધાઓ વચ્ચેનો સંબંધ પ્રત્યક્ષ કે વિશિષ્ટ હોવો જરૂરી નથી.

૨૭. વળતરકારી કરની વિભાવના અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓના અપવાદ તરીકે ન્યાયિક રીતે વિકસિત કરવામાં આવી હોવાથી અને ખાસ કરીને ભગતરામ (ઉપરોક્ત) અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સ (ઉપરોક્ત) ના નિર્ણયોના કારણે આ ન્યાયિક વિભાવનાના પરિમાણો અસ્પષ્ટ થઈ ગયા હોવાથી, અમારો એવો મત છે કે વળતરકારી કરના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૧ નું અર્થઘટન અનુચ્છેદ ૧૪૫(૩) હેઠળ બંધારણીય બેંચ દ્વારા ચોક્કસતા સાથે અધિકૃત રીતે નિર્ધારિત થવું જોઈએ."

૧૪. જિંદાલ સ્ટ્રાઇપ લિ. (ઉપરોક્ત) માં બંધારણીય બેંચને કરવામાં આવેલા સંદર્ભના પરિણામે, પાંચ ન્યાયાધીશોની બેંચે જિંદાલ સ્ટેનલેસ લિ. (૨) અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય, (૨૦૦૬) ૭

એસ.સી.સી. ૨૪૧ માં અહેવાલ થયેલા તારીખ ૧૩મી એપ્રિલ, ૨૦૦૬ ના પોતાના ચુકાદા દ્વારા સંદર્ભનો જવાબ આપ્યો હતો, બંધારણીય બેંચે ભગતરામ રાજીવકુમાર અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના ચુકાદાઓને ઉલટાવી દીધા હતા અને પેરા ૫૨–૫૩ માં નીચે મુજબની અસરમાં પોતાના મંતવ્યો નોંધ્યા હતા :

> "૫૨. અમારા મતે, બિહાર ચેમ્બર ઓફ કોમર્સના કેસમાં ચુકાદા દ્વારા અનુસરવામાં આવેલા ભગતરામના કેસમાં નિર્ણયની શુદ્ધતા વિશે સંદર્ભ કરનાર બેંચ દ્વારા વ્યક્ત કરવામાં આવેલી શંકા સુસ્થાપિત હતી.
>
> ૫૩. અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે આતિયાબારી ટી કંપની લિ. વિ. સ્ટેટ ઓફ આસામ માં પ્રતિપાદિત કર્યા મુજબ અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર અને વાણિજ્ય પર વાદગ્રસ્ત કાયદાની "પ્રત્યક્ષ અને તત્કાળ અસર" નો સિદ્ધાંત અને કર વળતરકારી છે કે નહીં તે નક્કી કરવા માટે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન માં અહેવાલના પેરા ૧૯ મુજબ સ્પષ્ટ કરાયેલી કાર્યસાધક કસોટી લાગુ થતી રહેશે અને ભગતરામ રાજીવકુમાર વિ. કમિશનર ઓફ સેલ્સ ટેક્સ, એમ.પી. ના ચુકાદાના પેરા ૮ માં દર્શાવવામાં આવેલી અને સ્ટેટ ઓફ બિહાર વિ. બિહાર ચેમ્બર ઓફ કોમર્સ ના કેસમાં અનુસરવામાં આવેલી "કેટલાક સંબંધ" ની કસોટી, અમારા મતે, યોગ્ય કાયદો નથી. તદનુસાર, પેન્ડિંગ અપીલો, સ્પેશિયલ લીવ પિટિશનો અને રિટ પિટિશનોની વિષયવસ્તુ હોય તેવા વિવિધ સ્થાનિક કાયદાઓની બંધારણીય

કાયદેસરતા હવે આ ચુકાદાના પ્રકાશમાં નિકાલ કરવા માટે સૂચિબદ્ધ કરવામાં આવશે."

૧૫. બંધારણીય બેંચના ચુકાદા પછી જિંદાલની બાબતો સહિતની તમામ બાબતો ફરીથી બે ન્યાયાધીશોની બેંચ સમક્ષ સૂચિબદ્ધ કરવામાં આવી હતી. બે ન્યાયાધીશોની બેંચે નોંધ્યું હતું કે મૂળભૂત મુદ્દાઓ વળતરકારી કરની વિભાવનાની આસપાસ ફરે છે અને સંબંધિત હાઇકોર્ટોએ યોગ્ય પરિપ્રેક્ષ્યમાં આ મુદ્દાઓની તપાસ કરી ન હતી કારણ કે તેઓ ભગતરામ રાજીવકુમાર અને બિહાર ચેમ્બર ઓફ કોમર્સના ચુકાદાઓથી બંધાયેલી હતી. જિંદાલ સ્ટેનલેસ લિ.(૨) (ઉપરોક્ત) માં બંધારણીય બેંચના ચુકાદાનો સંદર્ભ આપતાં, આ કોર્ટે જિંદાલ સ્ટેનલેસ લિ.(૩) અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય, (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૨૭૧ માં પક્ષકારોને હાઇકોર્ટ સમક્ષ રિટ પિટિશનોમાં વિગતો રજૂ કરવાની પરવાનગી આપી હતી અને હાઇકોર્ટોને પાંચ મહિનાની અંદર ઉપરોક્ત મુદ્દાઓનો નિર્ણય કરવા વિનંતી કરવામાં આવી હતી. પેરા ૫ અને ૬ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું :

> "૫. હાઇકોર્ટો સમક્ષ સંબંધિત વિગતો રજૂ કરવામાં આવી હોય તેવું જણાતું ન હોવાથી, અમે પક્ષકારોને બે મહિનાની અંદર સંબંધિત રિટ પિટિશનોમાં તે રજૂ કરવાની પરવાનગી આપીએ છીએ. સંબંધિત હાઇકોર્ટોએ વાદગ્રસ્ત વસૂલાત વળતરકારી સ્વરૂપની હતી કે નહીં તે મૂળભૂત મુદ્દા પર વિચારણા કરવાની રહેશે. હાઇકોર્ટોને અમારો હુકમ

મળ્યાની તારીખથી પાંચ મહિનાની અંદર ઉપરોક્ત મુદ્દાનો નિર્ણય કરવા વિનંતી કરવામાં આવે છે. અમારા નિર્દેશ અનુસાર દરેક કેસમાં નિર્ણયની તારીખથી એક મહિનાની અંદર સંબંધિત પક્ષકારો દ્વારા સંબંધિત કેસોનો ચુકાદો રેકર્ડ પર મૂકવામાં આવશે.

૬. આ બાબતોને જાન્યુઆરી, ૨૦૦૭ ના ત્રીજા અઠવાડિયામાં વધુ સુનાવણી માટે મૂકો."

૧૬. જિંદાલ સ્ટેનલેસ લિ.(૩) (ઉપરોક્ત) માં આ કોર્ટના નિર્દેશોના પરિણામે વિવિધ હાઇકોર્ટોએ આ બાબતનો એક અથવા બીજી રીતે નિર્ણય કર્યો હતો. કેટલીક હાઇકોર્ટોએ જે અધિનિયમો પડકાર હેઠળ હતા તેને વળતરકારી સ્વરૂપના ઠેરવ્યા હતા, જ્યારે અન્ય હાઇકોર્ટોએ જિંદાલ સ્ટેનલેસ લિ.(૨) માં બંધારણીય બેંચના ચુકાદા પર આધાર રાખીને સંબંધિત અધિનિયમોને વળતરકારી ન હોવાનું ઠેરવ્યું હતું. જિંદાલ સ્ટેનલેસ લિ.(૩) માં નિર્દેશોના પરિણામે વિવિધ હાઇકોર્ટોના ચુકાદાઓને વિવિધ કરદાતાઓ અને રાજ્ય દ્વારા આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યા હતા. એસ.એલ.પી.ઓનું એક જૂથ બે ન્યાયાધીશોની બેંચ સમક્ષ વિચારણા માટે આવ્યું હતું. બે ન્યાયાધીશોની બેંચે અવલોકન કર્યું હતું કે જોકે જિંદાલ સ્ટેનલેસ (૨) (ઉપરોક્ત) માં બંધારણીય બેંચ દ્વારા કેટલાક પરિબળો પર વિચારણા કરવામાં આવી છે, તેમ છતાં અન્ય કેટલાક બંધારણીય મુદ્દાઓ સંકળાયેલા છે. બે ન્યાયાધીશોની બેંચે એવો અભિપ્રાય આપ્યો હતો કે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ તથા ભાગ

૧૩ ને લગતા મુદ્દાઓના મહત્વને ધ્યાનમાં રાખીને, સંવિધાનના અનુચ્છેદ ૧૪૫(૩) મુજબ આ બાબતને બૃહદ બેંચને સંદર્ભિત કરવી જરૂરી છે. સંદર્ભ હુકમમાં પેરા ૮ અને ૯ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું :

> "૮. વળતરકારી કરની વિભાવના ન્યાયિક રીતે વિકસિત થયેલ છે અને એક રીતે સંઘીય નિયંત્રણ અને રાજ્ય કરવેરા સત્તામંડળ વચ્ચે સંતુલન પરિબળ પૂરું પાડે છે. આ વિભાવના વાસ્તવમાં વાહનવ્યવહારના કેસોમાં તેનો પાયો ધરાવતી હતી અને તે પ્રવેશ કરની સામાન્ય વિભાવનાને લાગુ પડતી નથી. તેથી, સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ તથા ભાગ ૧૩ ને લગતા મુદ્દાઓના મહત્વને ધ્યાનમાં રાખીને, અમે સંવિધાનના અનુચ્છેદ ૧૪૫(૩) મુજબ આ બાબતને બૃહદ બેંચને સંદર્ભિત કરવી જરૂરી માનીએ છીએ.
>
> ૯. ઉપરોક્ત હેતુ માટે નીચેના પ્રશ્નો સંદર્ભિત કરવામાં આવે છે :
>
> (૧) શું પ્રવેશ કર લાદવા સંબંધિત રાજ્યના કાયદાઓની કાયદેસરતા નક્કી કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) ના સંદર્ભમાં તેમની કસોટી કરવી પડશે અને શું અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) એ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) સાથે સંયુક્ત છે કે તેનાથી અલગ છે?
>
> (૨) શું ૭મી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ મુજબ લાદવામાં આવેલ પ્રવેશ કરનું આરોપણ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘનકર્તા

છે? જો જવાબ હકારાત્મક હોય, તો શું પ્રવેશ કર વળતરકારી સ્વરૂપનો હોય તો આવી વસૂલાતનું રક્ષણ કરી શકાય અને જો ઉપરોક્ત પ્રશ્નનો જવાબ હકારાત્મક હોય, તો પ્રવેશ કરના વળતરકારી સ્વરૂપને નક્કી કરવા માટે કયા માપદંડો લાગુ કરવાના રહેશે.

(૩) શું સંવિધાનની ૭મી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨, અનુસૂચિની અન્ય કરવેરા પ્રવિષ્ટિઓની જેમ, માત્ર વસૂલાત કરવાની સત્તાનો ઉપયોગ કરવા માટે કરવેરાનું ક્ષેત્ર પૂરું પાડે છે અને શું પ્રવેશ કરની વસૂલાત, કે જે રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થયેલી મહેસૂલી આવક હોવાને કારણે સામાન્ય રીતે રાજ્યના એકત્રિત ભંડોળમાં જમા કરવામાં આવશે અને અનુચ્છેદ ૨૬૬ મુજબ સંવિધાનમાં દર્શાવેલી રીતે તથા હેતુઓ માટે અને કાયદા અનુસાર તેનો વિનિયોગ કરવો પડશે, અને શું ૭મી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ માં એવું કંઈપણ સ્પષ્ટ કે ખુલ્લું નથી જે રાજ્યને જે સ્થાનિક વિસ્તારમાં કર એકત્રિત કરવામાં આવ્યો હતો તે જ વિસ્તારમાં તે ખર્ચવા માટે ફરજ પાડે?

(૪) શું ફી ને સુસંગત ક્વિડ પ્રો ક્વો ના સિદ્ધાંતો ભાગ ૧૩ હેઠળ લાદવામાં આવેલા કરવેરાની બાબતમાં લાગુ પડશે?

(૫) જ્યાં વેચાણ, ઉપયોગ અથવા વપરાશ માટેનો માલ 'સ્થાનિક વિસ્તાર' માં માલનું પરિચલન બંધ થયા પછી સ્થિર થઈ જાય છે, ત્યાં શું પ્રવેશ કર બિલકુલ લાદી શકાય?

(૬) જ્યારે રાજ્યની સરહદ પર માલના પ્રવેશ પર કોઈ પ્રતિબંધ ન હોય અથવા જ્યારે તે એવા સ્થાનિક વિસ્તારમાંથી પસાર થાય કે જેમાં તેનું વેચાણ, ઉપયોગ કે વપરાશ થતો નથી, ત્યારે શું પ્રવેશ કરને માલના પરિચલન પરનો કર કહી શકાય?

(૭) આતિયાબારીના કેસ (ઉપરોક્ત) અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટના કેસ (ઉપરોક્ત) માં વાહનો પરના કર (સામાન્ય રીતે 'પરિવહન' તરીકે ઓળખાતા) કેસોના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ નું અર્થઘટન શું પ્રવેશ કરના કેસોને લાગુ પડે છે અને જો હા, તો કઈ હદ સુધી.

(૮) શું બિન–ભેદભાવપૂર્ણ પરોક્ષ રાજ્ય કર કે જે આગળ ધપાવી શકાય તેમ છે અને વેપારીઓ દ્વારા ગ્રાહકો પર આગળ ધપાવવામાં આવ્યો છે, તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે?

(૯) શું રાજ્યની અંદર માલ પરનો એવો કર જે વેપારમાં સીધો અવરોધ ઊભો કરે છે અને આમ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે, તેને માત્ર સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ ના સંદર્ભ દ્વારા બચાવી શકાય કે અન્ય કોઈ અનુચ્છેદ દ્વારા બચાવી શકાય?

(૧૦) શું યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ હેઠળની વસૂલાત, જો તે વળતરકારી વસૂલાતના સ્વરૂપની હોવાનું ઠેરવવામાં આવે તો પણ, સમાનતાના સિદ્ધાંત પર તેણે એ દર્શાવવું આવશ્યક છે કે સંબંધિત 'સ્થાનિક વિસ્તાર' માં પૂરી પાડવામાં આવનાર સુવિધા/સેવાઓ મેળવવા માટે થયેલા ખર્ચ

દ્વારા પરિમાણિત લાભનું મૂલ્ય દર્શાવવામાં આવે છે (જે ખર્ચ બદલામાં સેવાઓ/સુવિધાઓ પૂરી પાડનાર માટે ભરપાઈ/વળતરનો આધાર બને છે) અને શું પ્રવેશ કરના હેતુ માટે સમગ્ર રાજ્ય અથવા તેના કોઈ ભાગને સ્થાનિક વિસ્તાર તરીકે ગણી શકાય?"

૧૭. જયપ્રકાશ એસોસિએટ્સ લિમિટેડ વિ. સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ અને અન્ય, (૨૦૦૯) ૭ એસ.સી.સી. ૩૩૯ માં તારીખ ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૮ ના ઉપરોક્ત સંદર્ભ હુકમના પરિણામે, આ બાબત ફરીથી પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેંચ સમક્ષ સૂચિબદ્ધ થઈ હતી. બંધારણીય બેંચે પંજાબ અને હરિયાણા હાઇકોર્ટના તારીખ ૨૧.૧૨.૨૦૦૧ ના ચુકાદા સામેની અપીલો, જેમાં ૨૦૦૦ ના અધિનિયમની કાયદેસરતા માન્ય રાખવામાં આવી હતી, તે સહિત કેસોના સમગ્ર જૂથની ફરી સુનાવણી કરી. બંધારણીય બેંચે જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય, (૨૦૧૦) ૪ એસ.સી.સી. ૫૯૫ માં અહેવાલ થયેલા એપ્રિલ ૧૬, ૨૦૧૦ ના પોતાના હુકમ દ્વારા આતિયાબારી ટી કંપની લિ. અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. માં આ કોર્ટના ચુકાદાઓની પુનર્વિચારણા કરવા માટે યોગ્ય બૃહદ બેંચની રચના કરવા માટે સંદર્ભ કરવાનો નિર્ણય લીધો હતો. બંધારણીય બેંચે પોતાના હુકમમાં પેરા ૧, ૨ અને ૩ માં નીચે મુજબ નોંધ્યું હતું :

"૧. ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૮ ના રોજ, જ્યારે વર્તમાન જૂથના કેટલાક કેસો આ કોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ સુનાવણી માટે આવ્યા હતા, જેમાં

અમારા પૈકીના એક, ન્યાયમૂર્તિ કાપડિયા સભ્ય હતા, ત્યારે આ કોર્ટની ડિવિઝન બેંચને જણાયું કે જે કેટલીક હાઇકોર્ટો સમક્ષ રાજ્યના પ્રવેશ કરને પડકારવામાં આવ્યો હતો તેમણે એવો અભિપ્રાય લીધો હતો કે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) અને ખંડ (બી) એકબીજાથી સ્વતંત્ર છે અને જો વાદગ્રસ્ત કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ રક્ષાયેલો હોય તો તેની કાયદેસરતા નક્કી કરવા માટે ખંડ (બી) ના સંદર્ભમાં તેની કસોટી કરવાની જરૂર નથી.

૨. તદનુસાર, ૧૮મી ડિસેમ્બર, ૨૦૦૮ ના રોજ, આ કોર્ટની ડિવિઝન બેંચે બંધારણીય બેંચને ૧૦ પ્રશ્નો સંદર્ભિત કર્યા, જે પૈકી સૌથી મહત્વનો પ્રશ્ન એ હતો કે – શું પ્રવેશ કર લાદવા સંબંધિત રાજ્યના કાયદાઓની સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં કસોટી કરવી પડશે અને શું અનુચ્છેદ ૩૦૪(એ) એ અનુચ્છેદ ૩૦૪(બી) સાથે સંયુક્ત છે કે અલગ છે? પરિણામે, આ બાબત આ કોર્ટની બંધારણીય બેંચને સંદર્ભિત થઈ.

૩. તદનુસાર, ૧૬મી માર્ચ, ૨૦૧૦ ના રોજ, કેસોનું સમગ્ર જૂથ બંધારણીય બેંચ સમક્ષ સુનાવણી માટે આવ્યું જેમાં મુખ્ય બાબત જિંદાલ સ્ટેનલેસ લિ. અને અન્ય વિ. સ્ટેટ ઓફ હરિયાણા અને અન્ય છે. જ્યારે બંધારણીય બેંચ સમક્ષ સુનાવણી શરૂ થઈ, ત્યારે અમને જણાયું કે કરદાતાઓ (હાઇકોર્ટોમાં મૂળ અરજદારો) આતિયાબારી ટી કંપની લિ.

વિ. ધ સ્ટેટ ઓફ આસામ અને અન્ય માં આ કોર્ટની ૫–ન્યાયાધીશોની બેંચ દ્વારા પ્રતિપાદિત કસોટીઓ પર ભારે આધાર રાખી રહ્યા છે, જે કસોટીઓ, સ્પષ્ટતાને આધીન રહીને, ધ ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. ધ સ્ટેટ ઓફ રાજસ્થાન અને અન્ય ના કેસમાં આ કોર્ટની બૃહદ બેંચ દ્વારા આપવામાં આવેલા અનુગામી ચુકાદામાં પુનરોચ્ચારિત કરવામાં આવી હતી."

૧૮. બંધારણીય બેંચનો એવો મત હતો કે સંખ્યાબંધ પાસાઓ પર આ કોર્ટની બૃહદ બેંચ દ્વારા આતિયાબારી ટી કંપની અને ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. માં આ કોર્ટની બંધારણીય બેંચના ચુકાદાઓમાં પ્રતિપાદિત વિવિધ કસોટીઓ સહિત સંવિધાનના ભાગ ૧૩ ના અર્થઘટનની પુનઃતપાસ કરવાની જરૂર છે. આ કોર્ટની બૃહદ બેંચ દ્વારા વિચારણાની જરૂર હોય તેવા આ પૈકીના કેટલાક પાસાઓ પેરા ૧૧, ૧૨ અને ૧૩ તથા ૧૪ માં ગણાવવામાં આવ્યા હતા જે પ્રસ્તુત છે, તે નીચે મુજબની અસરમાં છે :

"૧૧. આ કોર્ટની બૃહદ બેંચ દ્વારા વિચારણા કરવાની જરૂર હોય તેવા આ પૈકીના કેટલાક પાસાઓ સંક્ષિપ્તમાં ગણાવી શકાય. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) વચ્ચેની આંતરક્રિયા/આંતરસંબંધ. અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) વચ્ચેના "અને" શબ્દનું મહત્વ. અનુચ્છેદ ૩૦૪ માં નોન–ઓબ્સ્ટેન્ટે કલમનું મહત્વ. ખાસ કરીને વેપાર અને વાણિજ્યના પરિચલનના સંદર્ભમાં, સાતમી અનુસૂચિમાં યોગ્ય વિધાયી

પ્રવિષ્ટિઓ સાથે વંચાણે લેતાં સંવિધાનના અનુચ્છેદ ૨૪૫ અને અનુચ્છેદ ૨૪૬ હેઠળ કર લાદવાની રાજ્યોની સત્તા સામે અનુચ્છેદ ૩૦૧ માં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું સંતુલન.

૧૨. શું અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) અલગ અલગ વિષયો સાથે સંબંધ ધરાવે છે? શું વાદગ્રસ્ત કરવેરા કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ માન્ય ઠરવા માટે રાષ્ટ્રપતિની મંજૂરી સહિત અનુચ્છેદ ૩૦૪(બી) માં દર્શાવેલી શરતો પણ પૂર્ણ કરતો હોવો જોઈએ? શું અનુચ્છેદ ૩૦૨ માં અને અનુચ્છેદ ૩૦૪(બી) માં "નિયંત્રણો" શબ્દમાં કર કાયદાઓનો સમાવેશ થાય છે? શું અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘનકર્તા હોવા તરીકે વાદગ્રસ્ત કાયદાની માન્યતા માત્ર બિન–ભેદભાવની કસોટીના સંદર્ભમાં જ નક્કી થવી જોઈએ? શું અનુચ્છેદ ૩૦૩ એ અનુચ્છેદ ૩૦૧ ને મર્યાદિત કરે છે? શું "આંતરિક માલ" અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ અને "બાહ્ય માલ" અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ આવશે? શું આતિયાબારી કેસ (ઉપરોક્ત) માં પ્રતિપાદિત "સ્વયંભૂ કસોટી" નકારી કાઢવી જોઈએ કે નહીં? શું કેવળ કર સંવિધાનના ભાગ ૧૩ હેઠળ નિયંત્રણ સમાન બને છે? શું અનુચ્છેદ ૩૦૪(બી) માં "નિયંત્રણ" શબ્દમાં કર કાયદાઓનો સમાવેશ થાય છે? શું કરવેરા ન્યાયનિર્ણયપાત્ર છે? શું આતિયાબારીમાં નિર્ધારિત કરવામાં આવેલી "કાર્યસાધક કસોટી" કર કાયદાને સ્વયંભૂ રીતે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘનકર્તા બનાવે છે? સંવિધાનના અનુચ્છેદ ૧૯(૧)(જી) અને અનુચ્છેદ ૩૦૧ વચ્ચેનો આંતરસંબંધ? આ એવા કેટલાક પ્રશ્નો છે જે આ કોર્ટની બૃહદ બેંચ દ્વારા આતિયાબારી ટી કંપની લિ. અને ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન)

લિ. (ઉપરોક્ત) ના ચુકાદાઓ પર પુનર્વિચારણા કરવાની આવશ્યકતા ઊભી કરે છે.

૧૩. સમાપનમાં, અમે એ પણ ઉલ્લેખ કરી શકીએ છીએ કે જોકે આતિયાબારી ટી કંપની લિ. અને ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. (ઉપરોક્ત) ના ચુકાદાઓ ૪૯ વર્ષ પહેલાં આપવામાં આવ્યા હતા, તેમ છતાં તે બંને ચુકાદાઓમાં નિર્ધારિત કસોટીઓ વિશે છેક વર્ષ ૧૯૭૫ માં જી.કે. કૃષ્ણન અને અન્ય વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ અને અન્ય ના કેસમાં ન્યાયમૂર્તિ મેથ્યુ દ્વારા પેરા ૨૭ માં શંકા વ્યક્ત કરવામાં આવી હતી, જે નીચે મુજબ વંચાય છે :

> "૨૭. અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા વિચારાયેલા નિયંત્રણોમાં બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાનો સમાવેશ થશે કે કેમ તે એક એવી બાબત છે જેના પર મતભેદને અવકાશ છે. અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર ભેદભાવપૂર્ણ કર લાદવા પર પ્રતિબંધ મૂકે છે. સદર અનુચ્છેદ પરથી એ સ્પષ્ટ નથી કે કેવળ કરને આંતરિક વેપારની સ્વતંત્રતા પર નિયંત્રણ તરીકે ગણી શકાય કે કેમ. અનુચ્છેદ ૩૦૪(એ) નો ઉદ્દેશ્ય રાજ્યમાં ઉત્પાદિત માલ પરના કર કરતાં આયાતી માલ પર વધુ દરે કર લાદીને તેની સામે થતા ભેદભાવને રોકવાનો છે. બહારના માલ સામેનો ભેદભાવપૂર્ણ કર એ કેવળ કર નથી પરંતુ વેપાર અને વાણિજ્યમાં એક અવરોધ છે. અનુચ્છેદ ૩૦૪ પોતે જ કર અને નિયંત્રણ વચ્ચે તફાવત પાડે છે. તે ઉપરાંત, સંઘ અને રાજ્યોની કરવેરા લાદવાની સત્તાઓ અલગ અને પરસ્પર અનન્ય છે. એ

બાબત તદ્દન વિચિત્ર છે કે રાજ્યોને અપાયેલી કરવેરા લાદવાની સત્તા, કહો કે દાખલા તરીકે, માલના વેચાણ પર કર લાદતો કાયદો પસાર કરવા માટે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ હેઠળ, તે સંઘ કારોબારીની સદ્‌ભાવના પર નિર્ભર રહેવી જોઈએ." (ભારપૂર્વક ઉમેરેલ)

૧૪. ઉપરોક્ત જણાવેલ કારણોસર, આ કોર્ટના અટિયાબારી ટી કંપની અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. (ઉપરોક્ત) ના ચુકાદાઓની પુનર્વિચારણા કરવા માટે યોગ્ય મોટી બેંચની રચના કરવા સારુ કેસોના આ જૂથને ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ મૂકવામાં આવે."

૧૯. સંવિધાન બેંચ દ્વારા તેના તારીખ ૧૬મી એપ્રિલ, ૨૦૧૦ ના હુકમથી કરવામાં આવેલા સંદર્ભના અનુસંધાનમાં માનનીય મુખ્ય ન્યાયમૂર્તિએ આ બાબતની સુનાવણી કરવા માટે આ નવ ન્યાયમૂર્તિઓની બેંચની રચના કરી છે.

૨૦. જોકે ઉપર ઉદ્ધભૂત કર્યા મુજબ ફકરા ૧૧ અને ૧૨ માં સંવિધાન બેંચ દ્વારા કેટલાક પ્રશ્નો નોંધવામાં આવ્યા હતા, છતાં જ્યારે કેસોના વર્તમાન જૂથમાં સુનાવણી શરૂ થઈ ત્યારે આ બેંચે પક્ષકારો તરફથી ઉપસ્થિત વિદ્ધાન વકીલોની સહાયથી વિચારણા હેઠળના પ્રશ્નોને પુનઃ ઘડ્યા છે. આ બેંચ દ્વારા ઘડવામાં આવેલા ચાર મુખ્ય મુદ્દાઓ નીચે મુજબ છે:

૧. શું બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો તે સ્વતઃ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન બની શકે?

૨. જો પ્રશ્ન નં. ૧ નો જવાબ હકારાત્મક હોય, તો શું વળતરરૂપી પ્રકૃતિ ધરાવતો કર પણ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરી શકે?

૩. કર અથવા કરબોજ વળતરરૂપી પ્રકૃતિનો છે કે કેમ તે નક્કી કરવા માટેની કસોટીઓ કઈ છે?

૪. શું કેસોના વર્તમાન જૂથમાં રાજ્યો દ્વારા લાદવામાં આવેલ પ્રવેશ કર સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરનાર છે અને ખાસ કરીને શું પ્રવેશ કરને લગતા વાદગ્રસ્ત રાજ્ય અધિનિયમોની માન્યતા નક્કી કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેના સંદર્ભમાં તેમની ચકાસણી કરવી જરૂરી છે?

૨૧. પ્રશ્ન નં. ૧ ના સંબંધમાં નવ આનુષંગિક પ્રશ્નો પણ ઘડવામાં આવ્યા છે જે નીચે મુજબ છે:

૧. શું કર લાદવો એ સાર્વભૌમ રાજ્યનું એક લક્ષણ છે?

૨. જો પ્રશ્ન નં. ૧ નો જવાબ હકારાત્મક હોય, તો શું ભારતના સંવિધાનનો અનુચ્છેદ ૨૪૬ સાતમી અનુસૂચિની પ્રવિષ્ટિ ૨ માં ગણાવેલ વિષયો પર કર લાદતા કાયદાઓ સહિત કાયદા બનાવવાની રાજ્યોની સાર્વભૌમ સત્તાને માન્યતા આપે છે?

૩. શું યાદી–૨ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ હેઠળ રાજ્યોની તરફેણમાં અનામત રાખવામાં આવેલી કાયદા બનાવવાની અને કર લાદવાની સત્તા સંવિધાનના ભાગ–૧૩ ને આધીન છે?

૪. જો પ્રશ્ન નં. ૩ નો જવાબ નકારાત્મક હોય, તો શું સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓનું એવું કોઈપણ અર્થઘટન કે જે કાયદા બનાવવાની અને કર લાદવાની સત્તાને અનુચ્છેદ ૩૦૧ ને ગૌણ બનાવે છે, તે રાજ્યોને તેમની સાર્વભૌમ સત્તાથી વંચિત કરવાની અને સંવિધાન દ્વારા પરિકલ્પિત સમવાયી માળખાને પ્રભાવિત કરવાની અસર ધરાવશે?

૫. શું કર લાદવો એ જાહેર હિતમાં હોવાનું માની લેવામાં આવે છે?

૬. જો પ્રશ્ન નં. ૫ નો જવાબ હકારાત્મક હોય, તો શું કર લાદવાને જાહેર હિતમાં લાદવામાં આવેલા વાજબી પ્રતિબંધો તરીકે યોગ્ય ઠેરવી શકાય?

૭. જો અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ કર લાદવાનું માત્ર રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીથી જ અનુમતિપાત્ર હોય, તો શું તે કર લાદવો વાજબી અને જાહેર હિતમાં છે કે કેમ તે નક્કી કરવા માટે આવી વસૂલાત ન્યાયિક સમીક્ષા હેઠળ નહીં આવે?

૮. જો પ્રશ્ન નં. ૭ નો જવાબ હકારાત્મક હોય, તો શું તે એક તરફ વિધાનમંડળ અને બીજી તરફ ન્યાયતંત્ર વચ્ચેના સત્તાના પૃથક્કરણને અસર નહીં કરે?

૯. અનુચ્છેદ ૩૦૧ માત્ર એવા જ કરને બાકાત રાખે છે જે વળતરરૂપી પ્રકૃતિના હોય તેવું દર્શાવતી કોઈપણ બાબતના અભાવમાં, શું વળતરરૂપી કરનો સિદ્ધાંત એવું દ્વિભાજન ઊભું નહીં કરે કે જે અનુચ્છેદ ૩૦૧ માં પ્રયુક્ત ભાષા સાથે અસંગત હોય?

૨૨. પક્ષકારોના વિદ્વાન વકીલોએ આ બેંચ દ્વારા ઘડવામાં આવેલા ઉપરોક્ત પ્રશ્નોના સંદર્ભમાં પોતાની સંબંધિત રજૂઆતો કરી છે.

ભાગ ૨

અટિયાબારી ટી કંપની લિ.

૨૩. આ કોર્ટની સંવિધાન બેંચે, ન્યાયમૂર્તિ પી.બી. ગજેન્દ્રગડકર દ્વારા આપવામાં આવેલા બહુમતી અભિપ્રાય દ્વારા, ભારતના સંવિધાનના ભાગ ૧૩, ખાસ કરીને અનુચ્છેદ ૩૦૧ ના વિવિધ પાસાઓની વિચારણા કરી હતી. આ કોર્ટ સમક્ષનો પડકાર આસામ ટેક્સેશન (ઓન ગુડ્સ કેરીડ બાય રોડ્સ એન્ડ ઇનલેન્ડ વોટરવેઝ) એક્ટ, ૧૯૫૪ (જે હવે પછી "આસામ એક્ટ, ૧૯૫૪" તરીકે ઉલ્લેખિત છે) ની જોગવાઈઓ સામે હતો. આસામ એક્ટ, ૧૯૫૪ હેઠળ, અપીલકર્તાઓ કે જેઓ પશ્ચિમ બંગાળમાં અથવા આસામમાં ચાના ઉત્પાદકો હતા અને પોતાની ચા કલકત્તાના બજારમાં લઈ જતા હતા, તેમને આસામના પ્રદેશના ભાગમાં તેમની મુસાફરી દરમિયાન માલ પર કર ચૂકવવા માટે જણાવવામાં આવ્યું હતું.

૨૪. અપીલકર્તાએ આસામ હાઈકોર્ટ સમક્ષ વિવિધ કારણોસર આસામ એક્ટ, ૧૯૫૪ ની કાયદેસરતાને પડકારી હતી, જેમાં એ કારણ પણ સામેલ હતું કે આસામ એક્ટ, ૧૯૫૪ ની જોગવાઈઓ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ આપવામાં આવેલા અધિકારોનું ઉલ્લંઘન કરે છે. આસામ હાઈકોર્ટે રિટ અરજી ફગાવી દઈને આ પડકારને નકારી કાઢ્યો હતો. હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલા પ્રમાણપત્ર પર ત્રણ અપીલો દાખલ કરવામાં આવી હતી; આસામ એક્ટ, ૧૯૫૪ ની કાયદેસરતાને પડકારતી બે રિટ અરજીઓ સીધી અનુચ્છેદ ૩૨ હેઠળ દાખલ કરવામાં આવી હતી. અપીલો અને રિટ અરજીઓ બંનેની સુનાવણી સંવિધાન બેંચ દ્વારા કરવામાં આવી હતી. બહુમતી અભિપ્રાય ન્યાયમૂર્તિ પી.બી. ગજેન્દ્રગડકર દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો; મુખ્ય ન્યાયમૂર્તિ બી.પી. સિન્હા અને ન્યાયમૂર્તિ જે.સી. શાહે અલગ અભિપ્રાયો આપ્યા હતા. સંવિધાન બેંચ સમક્ષ, અપીલકર્તાઓ/અરજદારો દ્વારા કરવામાં આવેલી મુખ્ય રજૂઆત એ હતી કે ભારતના સંવિધાનનો અનુચ્છેદ ૩૦૧ સમગ્ર ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા આપે છે અને આસામ એક્ટ, ૧૯૫૪ સમગ્ર આસામ રાજ્યમાં ચા લઈ જવા પર કર લાદે છે, અને તેની અસર ઉપરોક્ત સ્વતંત્રતામાં દખલ કરવાની હતી. સામાવાળાએ એવી દલીલ કરી હતી કે સદર અધિનિયમ તત્વ અને સારાંશમાં, સંપૂર્ણપણે રાજ્ય યાદીની પ્રવિષ્ટિ હેઠળ સડક માર્ગે અથવા આંતરિક જળમાર્ગો દ્વારા લઈ જવાતા અમુક પ્રકારના માલ પર કર લાદતો કાયદો હોવાથી, આસામ એક્ટ, ૧૯૫૪ ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ સમાવિષ્ટ પ્રતિબંધ હેઠળ આવતો ન હતો. સંવિધાન બેંચ સમક્ષ

ભારપૂર્વક રજૂ કરાયેલી દલીલોમાંની એક એ હતી કે યાદી ૨ ની સંબંધિત પ્રવિષ્ટિઓ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૫ થી ૨૪૮ દ્વારા રાજ્યને કર લાદવાની સત્તા આપવામાં આવી હોવાથી, કરવેરાના કાયદા પર ભાગ ૧૩ આકર્ષાતો હોવાનું ઠેરવી શકાય નહીં.

૨૫. ન્યાયમૂર્તિ પી.બી. ગજેન્દ્રગડકરે કર કાયદાઓ ભાગ ૧૩ ની બહાર છે તેવી દલીલોને ફગાવી દીધી હતી. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:–

> ".....આમ ભાગ ૧૩ ના કેટલાક અનુચ્છેદો દ્વારા પૂરા પાડવામાં આવેલ આંતરિક પુરાવો દર્શાવે છે કે કરવેરા કાયદાઓ અનુચ્છેદ ૩૦૧ ના અમલમાંથી બાકાત નથી; જેનો અર્થ એ થાય છે કે કર કાયદાઓ એવા પ્રતિબંધો સમાન હોઈ શકે છે અને બને પણ છે કે જેનાથી મુક્તિની બાંહેધરી સદર ભાગ હેઠળ વેપારને આપવામાં આવી છે....."

૨૬. વધુમાં, ન્યાયમૂર્તિ પી.બી. ગજેન્દ્રગડકર દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલો પ્રશ્ન એ હતો કે શું તમામ કર કાયદાઓ ભાગ ૧૩ ની જોગવાઈઓને આકર્ષે છે? શું વેપાર અથવા તેના આવાગમન પર તેમની અસર પ્રત્યક્ષ અને તાત્કાલિક છે કે પરોક્ષ અને દૂરવર્તી છે? સદર પ્રશ્નોના ઉત્તર આપતાં, નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:–

> ".....આ રીતે વિચારતાં અમે માનીએ છીએ કે એવું ઠેરવવું વાજબી અને યોગ્ય રહેશે કે જે પ્રતિબંધોમાંથી મુક્તિની બાંહેધરી અનુચ્છેદ ૩૦૧ દ્વારા

આપવામાં આવેલ છે, તે એવા પ્રતિબંધો હશે કે જે વેપારના મુક્ત પ્રવાહ અથવા આવાગમનને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કે અવરોધિત કરે છે. કર પ્રતિબંધો સમાન હોઈ શકે છે અને બને પણ છે; પરંતુ માત્ર એવા જ કર કે જે વેપારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરે છે તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે. એવી દલીલ કે તમામ કર અનુચ્છેદ ૩૦૧ દ્વારા શાસિત થવા જોઈએ પછી ભલે વેપાર પર તેમની અસર તાત્કાલિક હોય કે મધ્યવર્તી, પ્રત્યક્ષ હોય કે દૂરવર્તી, તે અમારા મતે, એક આત્યંતિક અભિગમ અપનાવે છે જેને માન્ય રાખી શકાય નહીં....."

વધુમાં, એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે:–

".....તેથી, અમને ખાતરી છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંહેધરી આપવામાં આવેલી સ્વતંત્રતાના વ્યાપ અને પરિમાણની સીમાઓ નક્કી કરવામાં લાગુ કરવા યોગ્ય તર્કસંગત અને વ્યવહારુ કસોટી એ હશે: શું વાદગ્રસ્ત પ્રતિબંધ વેપાર અથવા તેના આવાગમન પર પ્રત્યક્ષ કે તાત્કાલિક રીતે અસર કરે છે?....."

૨૭. ભાગ ૧૩ ના અર્થઘટન અંગે સુસંગત સિદ્ધાંતો પ્રતિપાદિત કર્યા પછી અને સદર સિદ્ધાંતોને આસામ એક્ટ, ૧૯૫૪ પર લાગુ કર્યા પછી, બહુમતી અભિપ્રાયમાં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:–

".....તે વેપારના આવાગમન પર કરવેરાના રૂપમાં નિયંત્રણ મૂકવાનો આશય ધરાવે છે, અને જો વેપારના આવાગમનને ખુદ વેપારનો જ એક અભિન્ન ભાગ ગણવામાં આવે, તો સદર અધિનિયમ વાસ્તવમાં ખુદ વેપાર પર જ પ્રતિબંધ મૂકે છે. વેપારના આવાગમન પર સદર અધિનિયમની અસર પ્રત્યક્ષ અને તાત્કાલિક છે; તે પરોક્ષ કે દૂરવર્તી નથી; અને તેથી સદર પ્રવિષ્ટિ હેઠળના કાયદાને વેપાર અને વાણિજ્ય સંબંધિત કાયદા તરીકે સીધા અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવતો ઠેરવવો જ જોઈએ....."

૨૮. મુખ્ય ન્યાયમૂર્તિ બી.પી. સિન્હાએ તેમના લઘુમતી અભિપ્રાયમાં ઠેરવેલ કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્વતંત્રતાનો અર્થ કેવળ કરવેરામાંથી સ્વતંત્રતા નથી પરંતુ તેનો અર્થ એવા કરવેરામાંથી સ્વતંત્રતા ચોક્કસ છે કે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહને પ્રત્યક્ષ રીતે અવરોધવાની અસર ધરાવે છે.

૨૯. ન્યાયમૂર્તિ સિન્હાએ એવું પણ ઠેરવેલ કે જો વિધાનમંડળ એવો કર લાદે કે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહમાં અવરોધરૂપ હોય, તો આવો કાયદો વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે કે જે અનુચ્છેદ ૩૦૧ હેઠળ આપવામાં આવેલી સ્વતંત્રતાની વિરુદ્ધ છે. ન્યાયમૂર્તિ સિન્હા દ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

".....જો વિધાનમંડળ દ્વારા એવો કર લાદતો કાયદો પસાર કરવામાં આવે કે જે તેના સાચા સ્વરૂપ અને અસરમાં વેપાર, વાણિજ્ય અને

આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ ઊભો કરવાનો હેતુ ધરાવતો હોય, દાખલા તરીકે, ઊંચી જકાતની દીવાલ લાદીને, અથવા રાજ્યમાં આયાત કે રાજ્યની બહાર નિકાસને રોકીને, તો આવો કાયદો ખુદ કરવેરાના મહત્વની બહાર છે, પરંતુ તે એક વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો સંવિધાન–નિર્માતાઓનો આશય હતો....."

૩૦. ન્યાયમૂર્તિ સિન્હાએ આસામ એક્ટ, ૧૯૫૪ ને માન્ય રાખ્યો હતો. સંવિધાન બેંચનો ત્રીજો અભિપ્રાય ન્યાયમૂર્તિ શાહ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો હતો. ન્યાયમૂર્તિ શાહે ઠેરવેલ કે કરવેરો એ એવા પ્રતિબંધોમાંનો એક હતો કે જેના લાદવામાંથી અનુચ્છેદ ૩૦૧ ની બાંહેધરી દ્વારા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને મુક્ત જાહેર કરવામાં આવ્યા હતા. ન્યાયમૂર્તિ શાહે પોતાનો નિષ્કર્ષ નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યો હતો:–

".....વિવિધ અનુચ્છેદોની કાળજીપૂર્વકની સમીક્ષા પરથી, મારા અભિપ્રાય મુજબ, ભાગ ૧૩ દ્વારા, અનુચ્છેદ ૨૪૫, ૨૪૬ અને ૨૪૮ તથા સાતમી અનુસૂચિની યાદીઓ દ્વારા સંસદ અને રાજ્ય વિધાનમંડળોને પ્રદાન કરવામાં આવેલી વૈધાનિક સત્તા પર પ્રતિબંધો લાદવામાં આવ્યા છે અને તે પ્રતિબંધોમાં કરવેરાના સ્વરૂપના બોજનો સમાવેશ થાય છે. તેથી, વૈધાનિક યાદીઓ દ્વારા સંસદ અથવા રાજ્ય વિધાનમંડળોમાં નિહિત વાણિજ્યિક આંતરવ્યવહાર પર કર લાદવાની

સત્તા, સંર્વિધાનના ભાગ ૧૩ દ્વારા મયા  દિત છે અને જો તે સત્તાનો ઉપયોગ ભાગ ૧૩ ની આવશ્યકતાઓને અનુરૂપ ન હોય, તો તેને અમાન્ય ગણવામાં આવશે....."

૩૧. ઉપર નોંધ્યા મુજબ, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર દ્વારા વ્યક્ત કરવામાં આવેલા બહુમતી અભિપ્રાય દ્વારા, જેમની સાથે ન્યાયમૂર્તિ શાહ સંમત થયા હતા, આસામ એક્ટ, ૧૯૫૪ ની જોગવાઈઓ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતી હોવાનું ઠેરવવામાં આવ્યું હતું અને અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ જરૂરી રાષ્ટ્રપતિની મંજૂરી આ વિધેયકને મળી ન હોવાથી, સદર અધિનિયમને રદબાતલ જાહેર કરવામાં આવ્યો હતો.

ધ ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ.

૩૨. રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ (જે હવે પછી 'સદર અધિનિયમ' તરીકે ઉલ્લેખિત છે) હેઠળ તેમના નોંધાયેલા મોટર વાહનો પર બાકી કર ચૂકવવાની માંગને પડકારતી રિટ અરજીઓ રાજસ્થાન હાઈકોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી.

૩૩. રિટ અરજીઓમાં, હાઈકોર્ટ સમક્ષ ઉપસ્થિત કરવામાં આવેલી મુખ્ય દલીલ એ હતી કે તેમના મોટર વાહનો પર કર લાદતી સદર અધિનિયમની જોગવાઈ ગેરબંધારણીય અને રદબાતલ હતી કારણ કે તે ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ દ્વારા બાંયધરી આપવામાં આવેલ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતી હતી.

૩૪. હાઇકોર્ટની ડિવિઝન બેંચે આ મામલો ફુલ બેંચને સંદર્ભિત કર્યો. ફુલ બેંચે એવો અભિપ્રાય લીધો કે ઉપરોક્ત અધિનિયમ હેઠળ કરવેરા અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતા કહી શકાય નહીં, કારણ કે વેપાર, વાણિજ્ય પર તેની અસર માત્ર પરોક્ષ અને પરિણામી છે અને તેને માત્ર દૂરવર્તી ગણી શકાય.

૩૫. આ બાબત આ કોર્ટ સમક્ષ લઈ જવામાં આવી અને પાંચ ન્યાયમૂર્તિઓની બંધારણીય બેંચ દ્વારા તેની સુનાવણી કરવામાં આવી, જેને જણાયું કે તેમાં સંકળાયેલા બંધારણીય મુદ્દાઓના મહત્ત્વને ધ્યાને લેતાં અને (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯ માં અહેવાલ થયેલ "અતિયાબારી ટી કંપની લિ. વિરુદ્ધ આસામ રાજ્ય અને અન્ય" ના કેસમાં આ કોર્ટ દ્વારા વ્યક્ત કરવામાં આવેલા મંતવ્યોને ધ્યાનમાં રાખતાં, આ અપીલોની સુનાવણી મોટી બેંચ દ્વારા થવી જોઈએ. પરિણામે આ અપીલો સાત ન્યાયમૂર્તિઓની બેંચ સમક્ષ સુનાવણી માટે મૂકવામાં આવી. મોટી બેંચમાં ત્રણ અભિપ્રાયો આપવામાં આવ્યા. ન્યાયમૂર્તિ એસ.કે. દાસે પોતાના, ન્યાયમૂર્તિ જે.એલ. કપૂર અને ન્યાયમૂર્તિ એ.કે. સરકાર વતી ચુકાદો આપ્યો અને ન્યાયમૂર્તિ કે. સુબ્બા રાવે ન્યાયમૂર્તિ દાસ દ્વારા વ્યક્ત કરાયેલા અભિપ્રાય સાથે સહમત થતો અલગ અભિપ્રાય આપ્યો.

૩૬. ન્યાયમૂર્તિ એમ. હિદાયતુલ્લાહે પોતાના તેમજ ન્યાયમૂર્તિ એન. રાજગોપાલ અય્યંગાર, ન્યાયમૂર્તિ જે.આર. મુધોલકર વતી લઘુમતી ચુકાદો આપ્યો. ન્યાયમૂર્તિ દાસ અને ન્યાયમૂર્તિ સુબ્બા રાવ; ન્યાયમૂર્તિ દાસે સદર

અધિનિયમની જોગવાઈઓને નિયમનકારી અને વળતરરૂપ ગણાવીને કાયદેસર ઠેરવી હતી. જોકે, સદર અધિનિયમની જોગવાઈઓને માન્ય રાખતી વખતે, બહુમતી ચુકાદાએ અતિયાબારી ટી કંપની લિ. (પૂર્વોક્ત) ના અગાઉના બંધારણીય બેંચના ચુકાદાને એક સ્પષ્ટતા સાથે, નીચે મુજબના શબ્દોમાં માન્ય રાખ્યો હતો:

> "અતિયાબારી ટી કં. કેસમાં બહુમતી દ્વારા સ્વીકારવામાં આવેલું અર્થઘટન સાચું છે, પરંતુ તે આ સ્પષ્ટતાને આધીન છે. વેપારની સુવિધાઓના ઉપયોગ માટે નિયમનકારી પગલાંઓ અથવા વળતરરૂપ કર લાદતા પગલાંઓ અનુચ્છેદ ૩૦૧ દ્વારા વિચારવામાં આવેલા નિયંત્રણોના દાયરામાં આવતા નથી અને આવા પગલાંઓએ સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકની જરૂરિયાતોનું પાલન કરવાની જરૂર નથી."

૩૭. ન્યાયમૂર્તિ દાસે ઠેરવ્યું કે રસ્તાના ઉપયોગ માટે અથવા પુલના ઉપયોગ માટેનો કર એ વેપારીઓ માટે કોઈ અવરોધ, બોજ કે પ્રતિરોધક નથી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે આવા કર એ વળતરરૂપ કર છે જે કોઈની પણ સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતા નથી. ન્યાયમૂર્તિ દાસ દ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:–

> ".....કોઈ રસ્તાના ઉપયોગ માટે અથવા પુલના ઉપયોગ માટે અથવા એરોડ્રોમના ઉપયોગ માટે ટોલ અથવા કરની વસૂલાત એ વેપારીઓ માટે કોઈ અવરોધ, બોજ કે પ્રતિરોધક નથી, જેમને તેની ગેરહાજરીમાં લાંબો

અથવા ઓછો અનુકૂળ અથવા વધુ ખર્ચાળ માર્ગ લેવો પડી શકે છે. આવા વળતરરૂપ કર જ્યાં સુધી વ્યાજબી રહે ત્યાં સુધી કોઈની સ્વતંત્રતા માટે કોઈ અડચણરૂપ નથી; પરંતુ અલબત્ત તેને વેપારની સ્વતંત્રતામાં અડચણ તરીકે પરિવર્તિત કરી શકાય છે. જો સંબંધિત સત્તાવાળાઓ ખરેખર કોઈના વેપારને અવરોધવા માંગતા હોય, તો તેઓ કર અથવા ટોલની રકમ સહેલાઈથી એટલી હદે વધારી શકે છે જે નિષેધાત્મક અથવા પ્રતિરોધક બની જાય અથવા અન્ય એવા અવરોધો ઊભા કરી શકે છે જે વેપાર અને વાણિજ્યને સુગમ બનાવવાને બદલે તેમને અવરોધે. અહીં જ "સ્વતંત્રતા" (અનુચ્છેદ ૩૦૧) અને "નિયંત્રણો" (અનુચ્છેદ ૩૦૨ અને ૩૦૪) વચ્ચેનો વિરોધાભાસ સ્પષ્ટપણે દેખાય છે: જે વાસ્તવમાં વેપાર અને વાણિજ્યને સુગમ બનાવે છે તે નિયંત્રણ નથી, અને જે વાસ્તવમાં વેપાર અને વાણિજ્યને અવરોધે છે અથવા તેના પર બોજ નાખે છે તે નિયંત્રણ છે. આ બાબતની વાસ્તવિકતા અથવા તત્ત્વ છે જેને નિર્ધારિત કરવાનું રહે છે. પૂરી પાડવામાં આવેલી સુવિધા માટે જે ખરેખર ચાર્જ હશે અને જે ખરેખર વેપાર માટે પ્રતિરોધક હશે તે વચ્ચે પૂર્વધારણાના આધારે વિભાજક રેખા દોરવી શક્ય નથી; પરંતુ જો ભેદરેખા દોરવાની હોય, તો તે વાસ્તવિક અને સ્પષ્ટ છે. કર નિષિદ્ધ કર બનવા માટે, તે એવો પ્રત્યક્ષ કર હોવો જોઈએ જેની અસર વેપારના હેરફેરના ભાગને અવરોધવાની હોય. જ્યાં સુધી કર વળતરરૂપ અથવા નિયમનકારી રહે છે, ત્યાં સુધી તે અડચણ તરીકે કાર્ય કરી શકતો નથી....."

૩૮. ન્યાયમૂર્તિ દાસે એવી દલીલો સ્વીકારી ન હતી કે સંવિધાનના ભાગ ૧૩ માં રહેલા નિયંત્રણો કરવેરાના કાયદાઓને લાગુ પડતા નથી.

૩૯. કરવેરાના કાયદાની કાયદેસરતા ચકાસવા માટેની પ્રસ્તુત કસોટી ઘડી કાઢ્યા પછી, ન્યાયમૂર્તિ દાસે સદર અધિનિયમની વિવિધ જોગવાઈઓની નોંધ લીધી. એવું ઠેરવવામાં આવ્યું હતું કે સદર અધિનિયમની કલમ ૪ સ્પષ્ટ કરે છે કે કર એવા મોટર વાહન પર લાદવામાં આવે છે જેનો ઉપયોગ કોઈપણ જાહેર સ્થળે કરવાનો હોય અથવા રાજસ્થાન રાજ્યમાં ઉપયોગ માટે રાખવામાં આવ્યો હોય. કર વળતરરૂપ છે કે નહીં તેની તપાસ કરવા માટે કઈ કસોટી હોવી જોઈએ, તે અંગે નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:–

> ".....અમને એવું જણાય છે કે કોઈ કર વળતરરૂપ છે કે નહીં તે નક્કી કરવા માટેની કાર્યસાધક કસોટી એ તપાસ કરવાની છે કે શું વેપારી લોકો પોતાના વ્યવસાયના વધુ સારા સંચાલન માટે અમુક સુવિધાઓનો ઉપયોગ કરી રહ્યા છે અને તે સુવિધાઓ પૂરી પાડવા માટે જે જરૂરી છે તેના કરતાં સ્પષ્ટપણે ઘણું વધારે ચૂકવી રહ્યા નથી. કોઈ કરના વળતરરૂપ સ્વરૂપને બારીક કસોટી દ્વારા આંકવું અશક્ય હશે, અને બાબતોના વાસ્તવિક સ્વરૂપમાં તે કરી શકાતું નથી....."

૪૦. આખરે, ન્યાયમૂર્તિ દાસે ઠેરવ્યું કે સદર અધિનિયમ અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈનું ઉલ્લંઘન કરતો નથી અને સદર અધિનિયમ હેઠળ લાદવામાં આવેલો કર એ વળતરરૂપ કર છે જે અનુચ્છેદ ૩૦૧ દ્વારા સુનિશ્ચિત કરવામાં

આવેલી વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતો નથી. લાદવામાં આવેલા કર કાયદેસર હતા અને હાઇકોર્ટે યોગ્ય રીતે જ રિટ અરજીઓ ફગાવી દીધી હતી. ન્યાયમૂર્તિ સુબ્બા રાવ, ન્યાયમૂર્તિ દાસ દ્વારા પહોંચવામાં આવેલા નિષ્કર્ષ સાથે સંમત થયા હતા.

૪૧. એવું ઠેરવવામાં આવ્યું હતું કે, એવી દલીલો સ્વીકારી શકાય નહીં કે કરવેરાનો કાયદો સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ હેઠળ પ્રતિષ્ઠાપિત સ્વતંત્રતાના દાયરાની બહાર છે. ન્યાયમૂર્તિ સુબ્બા રાવે એ પણ પ્રતિપાદિત કર્યું કે વેપારની મુક્ત હેરફેર પર કોઈ નિયંત્રણ છે કે નહીં તે શોધવા માટે "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" નો સિદ્ધાંત સૌથી મહત્ત્વપૂર્ણ સિદ્ધાંત છે. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે વળતરરૂપ અથવા નિયમનકારી કરને નિયંત્રણ તરીકે ગણી શકાય નહીં.

૪૨. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે પણ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો કે તમામ કર અથવા કરવેરાના કાયદા ભાગ ૧૩ ની પહોંચ બહાર નથી. વધુમાં એવું ઠેરવવામાં આવ્યું હતું કે કર જ્યારે વેપાર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે મૂકવામાં આવે ત્યારે તે નિયંત્રણ બને છે. પરંતુ જે કર સામાન્ય રીતે અન્ય લોકોની સાથે વેપારી દ્વારા ચૂકવવામાં આવતો હોય, તેને અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપારની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો ગણી શકાય નહીં. નીચે મુજબના અવલોકનો કરવામાં આવ્યા હતા:–

".....જ્યારે કર પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપાર પર લાદવામાં આવે ત્યારે તે એક નિયંત્રણ છે તે સ્વીકારી શકાય છે. પરંતુ આ રીતે વેપારી પર બોજ લાદતા કર અને સામાન્ય હોવાને કારણે અન્ય લોકોની સાથે વેપારીઓ દ્વારા ચૂકવવામાં આવતા સામાન્ય કર વચ્ચે તફાવત છે. પહેલો વેપાર હોવાના કારણે વેપાર પાસેથી લેવાતી ઉઘરાત છે, બીજો બધા પાસેથી લેવામાં આવે છે, અને વેપારીઓ તે ચૂકવે છે કારણ કે દરેકે તે ચૂકવવાનો હોય છે. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના દ્રષ્ટિકોણથી જોતાં આ બંને વચ્ચે મહત્ત્વપૂર્ણ તફાવત છે. પહેલો તે સ્વરૂપે વેપાર પરનો કરબોજ છે, અને તેને પ્રતિબંધિત કરતો કહી શકાય; બીજો વેપારી પર બોજ લાદી શકે છે, પરંતુ તે વેપારનું "નિયંત્રણ" નથી. આવો તફાવત કરવાનો ઇનકાર કરવાનો અર્થ એ થશે કે સૂચિ ૧ અને ૨ માં એવી કોઈ કરવેરા પ્રવિષ્ટિ નથી જે અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ને આધીન ન હોય, ભલે કર ગમે તેટલો સામાન્ય હોય અને તેનો અમલ ગમે તેટલો બિન–ભેદભાવપૂર્ણ હોય. તમામ કરવેરાઓને અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં લાવવા અને તે રીતે તેમને અનુચ્છેદ ૩૦૪ ના દાયરામાં પણ લાવવા એ સંઘ (ફેડરેશન) ની વિભાવનાની ઉપેક્ષા કરવા સમાન છે, જે ભારતના એકતાની જરૂરિયાતોને આધીન રહીને રાજ્યોને કાર્યવાહીની સ્વતંત્રતા આપે છે. જેમ સંકુચિત કાર્યવાહી દ્વારા એકતાને નષ્ટ થવા દઈ શકાય નહીં, તેમ અલગ રાજ્યોના અસ્તિત્વનું સંવિધાન જે પરિકલ્પના કરે છે તેનાથી પરના વિલીનીકરણ દ્વારા બલિદાન આપી શકાય નહીં.

નિઃશંકપણે, ભાગ ૧૩ ભારત માટે આર્થિક એકતા સુનિશ્ચિત કરે છે અને સંઘીય રાજ્યોને ભારત નામના મોટા રાજ્યમાં જોડે છે. સંવિધાન કરવેરાની સ્વતંત્ર સત્તાઓની પણ મંજૂરી આપે છે. સંવિધાન જે બાબતની મંજૂરી આપતું નથી તે એ છે કે વેપાર, વાણિજ્ય અને વ્યવહારને "અમુક્ત" બનાવી દેવામાં આવે. જ્યારે બિન–વેપારીઓની સાથે વેપારીઓ દ્વારા સામાન્ય કર ચૂકવવામાં આવે ત્યારે પણ વેપાર અને વાણિજ્ય મુક્ત રહે છે....."

૪૩. ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહે ઠેરવ્યું કે સદર અધિનિયમ દ્વારા અનુસૂચિ ૨, ૩ અને ૪ દ્વારા લાદવામાં આવેલા કર વેપાર અને વાણિજ્ય પર પ્રત્યક્ષ રીતે નિયંત્રણ લાદે છે. તેથી, આ જોગવાઈઓ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતી ઠેરવવી પડે અને અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા નિર્ધારિત પ્રક્રિયાનો આશરો લેવામાં ન આવ્યો હોવાથી, સદર અધિનિયમ ભારતના સંવિધાન વિરુદ્ધનો છે.

ભાગ ૩

રજૂઆતો

૪૪. વિવિધ પ્રવેશ કર કાયદાઓને પડકારનારા અરજદારો વતી દલીલોનું નેતૃત્વ વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી હરીશ સાલ્વે દ્વારા કરવામાં આવ્યું છે. અરજદારો માટે, અમે અન્ય ઘણા પ્રખ્યાત વરિષ્ઠ વકીલો અને અન્ય વકીલોને પણ સાંભળ્યા છે જેમણે વધારામાં નોંધપાત્ર રજૂઆતો કરી છે, જોકે, રજૂઆતોનું પુનરાવર્તન ટાળવા માટે અન્ય વકીલોની રજૂઆતોનો ઉલ્લેખ કરતી વખતે અમે

એવી રજૂઆતો નોંધી નથી જે શ્રી હરીશ સાલ્વે દ્વારા પહેલેથી જ આવરી લેવામાં આવી છે.

૪૫. વિવિધ રાજ્યો વતી દલીલોનું નેતૃત્વ વરિષ્ઠ વકીલો શ્રી પી.પી. રાવ અને શ્રી રાકેશ દ્વિવેદી દ્વારા કરવામાં આવ્યું છે. અન્ય કેટલાક વકીલોએ પણ રજૂઆતો કરી છે, જોકે, પુનરાવર્તન ટાળવા માટે, અમે માત્ર એવી રજૂઆતો નોંધી છે જે શ્રી પી.પી. રાવ અને શ્રી રાકેશ દ્વિવેદી દ્વારા આવરી લેવામાં આવી ન હતી. વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગી એ પણ પોતાની રજૂઆતો કરી છે.

૪૬. અરજદાર વતી દલીલોનું નેતૃત્વ કરી રહેલા વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી હરીશ સાલ્વેએ ભારતના સંવિધાનના ભાગ ૧૩ ના વિવિધ પાસાઓ પર વિસ્તૃત રજૂઆતો કરી હતી. શ્રી સાલ્વેએ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૧૯ અને ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ નો ઉલ્લેખ કરીને સંવિધાનના ભાગ ૧૩ ના કાયદાકીય ઇતિહાસ પર પ્રકાશ પાડ્યો હતો. શ્રી સાલ્વે દ્વારા રજૂઆત કરવામાં આવી છે કે સામાન્ય રીતે "ઓક્ટ્રોય" તરીકે ઓળખાતો કર ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ પહેલાં પણ ૧૯૦૧ માં અમલમાં હતો.

૪૭. એવી દલીલ કરવામાં આવી છે કે ભારતના સંવિધાનનો અનુચ્છેદ ૩૦૧ મૂળરૂપે મુસદ્દા અનુચ્છેદ ૧૬ તરીકે ઘડવામાં આવ્યો હતો જે મૂળભૂત અધિકારોના પ્રકરણમાં સમાવિષ્ટ હતો, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓ વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાની મૂળભૂત અધિકાર

તરીકે બાંયધરી આપવાનો ઇરાદો ધરાવતા હતા. તેઓ આપણને સંવિધાન સભામાં થયેલી ચર્ચા તરફ દોરી ગયા છે. તેમણે રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૩૦૪ પેટા–કલમ (બી) ની જોગવાઈઓ પર ઝીણવટપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી અને સંવિધાન સભાએ અનુચ્છેદ ૩૦૪ પેટા–કલમ (બી) ના પરંતુક દ્વારા દર્શાવવામાં આવેલી યોજનામાં કોઈ ફેરફાર ન કરવાનો સભાનપણે નિર્ણય લીધો હતો. આપણા સંવિધાનમાં આપણે અમેરિકન પદ્ધતિ ટાળી હતી જે માત્ર અધિકારો જાહેર કરતી હતી, તેના બદલે આપણા સંવિધાનમાં કાયદો ઘડવા માટે સંસદ અને રાજ્યને આપવામાં આવેલી સત્તાઓ વચ્ચે ચુસ્ત સંતુલન છે. એવી દલીલ કરવામાં આવી છે કે સંઘની તરફેણમાં સ્પષ્ટ સંઘીય ઝોક છે જે સંવિધાનની યોજના પરથી સ્પષ્ટ થાય છે.

૪૮. શ્રી સાલ્વેએ એવી દલીલ કરી હતી કે કરવેરાના કાયદાઓ પણ સંવિધાનના ભાગ ૧૩ હેઠળ આવરી લેવાનો વિચાર કરવામાં આવ્યો હતો. તેમણે રજૂઆત કરી હતી કે ભાગ ૧૩ માં રહેલા વિવિધ અનુચ્છેદોનું શાબ્દિક વાચન દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓનો સ્પષ્ટ ઇરાદો હતો કે ભાગ ૧૩ કરવેરાના કાયદાઓ પર પણ લાગુ થશે. તેમણે દલીલ કરી હતી કે જો કરવેરાના કાયદાઓનો ભાગ ૧૩ માં સમાવેશ કરવામાં આવ્યો ન હોત, તો ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૬ [જેમ કે તે સંવિધાન (૭મો સુધારો) અધિનિયમ, ૧૯૫૬ પહેલાં હતું] માં કરનો વિશિષ્ટ ઉલ્લેખ કરવાનો કોઈ પ્રસંગ ન હોત. જોકે, તેમણે દલીલ કરી હતી કે કર કાયદા અથવા અન્ય કોઈપણ કાયદાથી સ્વતંત્રતાની બાંયધરી અનુચ્છેદ ૩૦૧ હેઠળ માત્ર તે

હદ સુધી આપવામાં આવી હતી જ્યારે કરવેરાનો કાયદો અથવા અન્ય કોઈપણ કાયદો સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહારને અવરોધતો હોય. તેમણે રજૂઆત કરી હતી કે ઐતિહાસિક રીતે સંવિધાનના અમલ પહેલાં વિવિધ સ્વતંત્ર દેશી રાજ્યોમાં અનેક કર અવરોધો હતા અને તે અવરોધોને દૂર કરવા માટે ભાગ ૧૩ માં વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

૪૯. અતિયાબારી કેસ (પૂર્વોક્ત) માં બહુમતી મંતવ્યનો ઉલ્લેખ કરતાં તેમણે દલીલ કરી હતી કે કર કાયદાઓ સંવિધાનના ભાગ ૧૩ દ્વારા આવરી લેવાયેલા છે. તેમણે રજૂઆત કરી હતી કે અતિયાબારીમાં ઉપરોક્ત બહુમતી મંતવ્ય પર ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (પૂર્વોક્ત) માં ત્યારબાદની ૭ ન્યાયમૂર્તિઓની બેંચ દ્વારા શંકા કરવામાં આવી ન હતી. જોકે, શ્રી સાલ્વેએ રજૂઆત કરી હતી કે વેપાર અને વાણિજ્યનું નિયમન કરતા વિવિધ કાયદાઓ વેપાર અને વાણિજ્યને અવરોધતા ન હોઈ શકે, જેમ કે ટ્રાફિકના નિયમોને લગતા કાયદાઓ. નિયમનકારી સ્વરૂપના કર અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાધિત ન પણ થાય. જોકે, એવી દલીલ કરવામાં આવી છે કે વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર ધરાવતા કર અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે. તેમણે દલીલ કરી હતી કે સંવિધાનની ૭મી અનુસૂચિની સૂચિ ૨ ની પ્રવિષ્ટિ ૫૨ હેઠળનો પ્રવેશ કર એવો એક વિષય છે જે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને પ્રત્યક્ષ રીતે અવરોધે છે.

૫૦. પ્રશ્ન નં. ૧ નો ઉત્તર આપતાં, શ્રી સાલ્વે દલીલ કરે છે કે અમુક સંજોગોમાં બિન–ભેદભાવપૂર્ણ કર અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરી શકે છે. આનુષંગિક પ્રશ્નો પર આવતાં શ્રી સાલ્વેએ દલીલ કરી હતી કે કરવેરા એ સાર્વભૌમત્વનું લક્ષણ છે, જોકે તફાવત એવા કિસ્સામાં રહેલો છે જ્યાં કાયદાકીય સત્તા સંવિધાન દ્વારા મર્યાદિત હોય. તેઓ દલીલ કરે છે કે કાયદાકીય સત્તાનો સ્ત્રોત અનુચ્છેદ ૨૪૫ (૧) છે જે "સંવિધાનની જોગવાઈઓને આધીન" છે. એવી દલીલ કરવામાં આવી છે કે સ્પષ્ટ બંધારણીય મર્યાદા અનુચ્છેદ ૨૪૫ (૧) માં સ્પષ્ટપણે નિર્ધારિત કરવામાં આવી છે, અને સંસદ અથવા રાજ્ય દ્વારા કાયદાકીય સત્તાઓનો ઉપયોગ આ સંવિધાનની જોગવાઈઓને આધીન રહીને કરવાનો રહેશે. અનુચ્છેદ ૨૪૬ એ સંસદ અને રાજ્ય વચ્ચે કાયદાકીય સત્તાઓની વહેંચણી છે જે હંમેશા અનુચ્છેદ ૨૪૫ પેટા–અનુચ્છેદ (૧) માં સમાવિષ્ટ સામાન્ય મર્યાદાને આધીન રહેશે.

૫૧. ગૌણ પ્રશ્ન નં. ૨ નો ઉત્તર આપતાં, શ્રી સાલ્વે રજૂઆત કરે છે કે સંવિધાનનો અનુચ્છેદ ૨૪૬ એ ૭મી અનુસૂચિની સૂચિ ૨ માં વિગતે જણાવેલી આવી બાબતો પર કર લાદતા કાયદાઓ સહિતના કાયદા ઘડવાની રાજ્યની સાર્વભૌમ સત્તાઓને માન્યતા આપે છે.

૫૨. ગૌણ પ્રશ્ન નં. ૩ નો ઉત્તર આપતાં, તેઓ દલીલ કરે છે કે ૭મી અનુસૂચિની સૂચિ ૨ સાથે વંચાણે લેતાં અનુચ્છેદ ૨૪૬ હેઠળ રાજ્યની

તરફેણમાં અનામત રાખવામાં આવેલી કાયદા ઘડવાની અને કર લાદવાની સત્તાઓ સંવિધાનના ભાગ ૧૩ ને આધીન છે.

૫૩. આનુષંગિક પ્રશ્ન ૪ નો ઉત્તર આપતાં, તેઓ દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાંયધરી આપવામાં આવેલી સ્વતંત્રતા એ બંધારણીય યોજનામાં વિચારવામાં આવેલી મર્યાદા છે અને રાજ્યો અનુચ્છેદ ૩૦૧ દ્વારા પરિકલ્પિત કાયદો ઘડવા માટે સ્વતંત્ર છે અને ૩૦૪(બી) માં સમાવિષ્ટ મર્યાદા દેશની આર્થિક એકતા પ્રાપ્ત કરવાના વિશાળ ઉદ્દેશ્ય સાથે છે. રાજ્ય દ્વારા સાર્વભૌમ સત્તાનું સમર્પણ કરવાનો કોઈ પ્રશ્ન નથી પરંતુ કાયદાકીય સત્તા હંમેશા સંવિધાનની સ્પષ્ટ જોગવાઈ દ્વારા મર્યાદિત થઈ શકે છે. સંવિધાનના અનુચ્છેદ ૨૮૫ અને ૨૮૬ ની જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં, શ્રી સાલ્વેએ દલીલ કરી હતી કે તે સંવિધાનની એવી જોગવાઈઓ છે જે રાજ્યની કાયદાકીય સત્તા પર મર્યાદા તરીકે કાર્ય કરે છે. સંવિધાનમાં એવી વિવિધ જોગવાઈઓ છે જે રાજ્યની કાયદાકીય સત્તા પર મર્યાદા તરીકે કાર્ય કરે છે અને સંવિધાનની વિવિધ જોગવાઈઓ દ્વારા વિચારવામાં આવેલી મર્યાદા બંધારણીય યોજનાનો ભાગ હોવાથી, એવું કહી શકાય નહીં કે રાજ્યો તેમની સાર્વભૌમ સત્તાથી વંચિત થઈ ગયા છે.

૫૪. આનુષંગિક પ્રશ્ન નં. ૫ અને ૬ નો ઉત્તર આપતાં શ્રી સાલ્વે દલીલ કરે છે કે કરવેરા હંમેશા જાહેર હિતમાં હોવાનું માનવામાં આવે છે, પરંતુ તેમ છતાં, કર લાદવા એ જાહેર હિતમાં મૂકવામાં આવેલા નિયંત્રણો છે કે કેમ તે એવો પ્રશ્ન

છે જે પ્રત્યેક અલગ કાયદાને ધ્યાનમાં લઈને નક્કી કરવાનો રહે છે. કર લાદવા એ વ્યાજબી નિયંત્રણો હોઈ પણ શકે અથવા ન પણ હોઈ શકે.

૫૫. આનુષંગિક પ્રશ્ન નં. ૭ નો ઉત્તર આપતાં, શ્રી સાલ્વે દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાજ્ય રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવાની શરતે જાહેર હિતમાં વેપાર અને વાણિજ્ય તથા વ્યવહારની સ્વતંત્રતા પર વ્યાજબી નિયંત્રણ લાદતો કાયદો ઘડવા માટે સક્ષમ છે. આમ, રાજ્ય એ એક મર્યાદા સાથે કાયદો ઘડવા માટે સ્વતંત્ર છે કે વિધેયક રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સાથે રજૂ કરવાનું હોય છે. રાજ્યની સ્વાયત્તતા કોઈપણ રીતે પ્રભાવિત થતી નથી. ન્યાયિક સમીક્ષા એ સંવિધાનનું મૂળભૂત માળખું હોવાથી, રાજ્ય દ્વારા ઘડવામાં આવેલો કાયદો સંવિધાનના ભાગ ૧૩ નું પાલન કરે છે કે નહીં તેની તપાસ કરવા માટે કોર્ટ સંપૂર્ણપણે સક્ષમ છે. તેઓ રજૂઆત કરે છે કે સંવિધાનના ભાગ ૧૩ ના પાલન અંગે રાજ્યના કાયદાની ન્યાયિક ચકાસણી થઈ શકે છે માત્ર તે કારણોસર સત્તાના પૃથક્કરણને અસર થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

૫૬. ગૌણ પ્રશ્ન નં. ૯ નો ઉત્તર આપતાં, શ્રી સાલ્વે દલીલ કરે છે કે વળતરરૂપ કર સિદ્ધાંત અનુચ્છેદ ૩૦૧ માં અંતર્ગત ભાષા સાથે સુસંગત નથી. તેઓ રજૂઆત કરે છે કે વળતરરૂપ કર સિદ્ધાંત એવો સિદ્ધાંત છે જે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસ (પૂર્વોક્ત) માં ન્યાયિક રીતે વિકસાવવામાં આવ્યો છે. જોકે, વળતરરૂપ કર સિદ્ધાંત સંવિધાનના ભાગ ૧૩ ની યોજના સાથે સુસંગત નથી

અને એવું પણ કહી શકાય નહીં કે જો કોઈ કર વળતરરૂપ હોય, તો તે અનુચ્છેદ ૩૦૧ ના દાયરાની બહાર જાય છે.

૫૭. પ્રશ્ન નં. ૨ અને ૩ નો ઉત્તર આપતાં શ્રી સાલ્વે દલીલ કરે છે કે જે કરને વળતરરૂપ કહેવાય છે તે પણ અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરતો હોઈ શકે છે. એવી દલીલ કરવામાં આવી છે કે વળતરરૂપ સિદ્ધાંત સારી રીતે કામ કરી શક્યો નથી અને તેણે ઉકેલ લાવવા કરતાં વધુ સમસ્યાઓ ઊભી કરી છે. તમામ રાજ્યોએ વળતરરૂપ સિદ્ધાંત અપનાવી લીધો છે અને કાયદામાં એવા નિવેદનો કર્યા છે કે એકત્રિત કરાયેલ પ્રવેશ કર વેપારીના લાભ માટે ખર્ચવામાં આવશે. કાયદાઓએ માત્ર દેખીતું પાલન કર્યું છે. કોઈ ચોક્કસ કાયદો વેપારને અવરોધે છે કે નહીં તે શોધવા માટે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ દ્વારા માન્ય રાખવામાં આવેલી કસોટી એટલે કે "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" લાગુ કરવી પડશે. વળતરરૂપ કર એ બે બંધારણીય વિભાવનાઓ અર્થાત્ કર અને ફી નું મિશ્રણ છે.

૫૮. પ્રશ્ન નં. ૪ પર આવતાં, શ્રી સાલ્વે દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) એ કાયદાની સત્તાનો સ્ત્રોત નથી, બલ્કે તે અનુચ્છેદ ૩૦૧ માંથી ઘડી કાઢવામાં આવેલા અપવાદો પૈકીનો એક છે જ્યાં રાજ્ય કાયદો ઘડી શકે છે. તેઓ વધુમાં રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪ પેટા–કલમ (એ) માત્ર આંતર–રાજ્ય વેપારને આવરી લે છે અને રાજ્ય–અંતર્ગત વેપારને આવરી લેતી નથી. અનુચ્છેદ ૩૦૪ પેટા–કલમ (બી) ના પરંતુકની જોગવાઈ એ એક મર્યાદા હતી જે ભારતની આર્થિક એકતા દ્વારા વિશાળ હિતમાં સભાનપણે મૂકવામાં આવી હતી.

રાષ્ટ્રપતિ સામાન્ય રીતે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાજ્ય દ્વારા પ્રસ્તાવિત કોઈપણ કરને વીટો કરતા નથી કે કોર્ટ સમક્ષ એવા કોઈ દાખલા આવ્યા નથી, જેથી એવા નિષ્કર્ષ પર આવી શકાય કે કાયદા ઘડવામાં રાજ્યની સ્વાયત્તતા કોઈપણ રીતે પ્રભાવિત થઈ છે. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુક હેઠળ આપવામાં આવેલી સત્તા એ વિશાળ ઉદ્દેશ્ય અને હેતુના સંદર્ભમાં રાજ્ય દ્વારા મૂકવામાં આવેલા નિયંત્રણોનું નિરીક્ષણ કરવાની સત્તા છે. જોકે અનુચ્છેદ ૩૦૪(બી) માં વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે, તેમ છતાં સદર નિયંત્રણોમાં કરવેરાના કાયદા દ્વારા મૂકવામાં આવતા નિયંત્રણનો પણ સમાવેશ થઈ શકે છે. તેઓ રજૂઆત કરે છે કે એક રાજ્યના સ્થાનિક વિસ્તારમાંથી બીજા રાજ્યના સ્થાનિક વિસ્તારમાં માલસામાનની હેરફેર અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ આવતી નથી પરંતુ તે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ આવે છે.

૫૯. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહના એ મંતવ્યો સ્વીકારવા જોઈએ કે કર વળતરરૂપ હોવો એ અનુચ્છેદ ૩૦૧ માંથી બહાર નીકળવાનો માર્ગ નથી. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે કોઈપણ કર, એટલે કે તેના કાનૂની માળખા અને વ્યવહારુ અસર દ્વારા, વેપારને અવરોધી શકે છે અને તેની તાત્કાલિક અને પ્રત્યક્ષ અસર થઈ શકે છે. શ્રી સાલ્વેએ એવો પ્રશ્ન પણ ઉપસ્થિત કર્યો કે શું સૂચિ ૨ ની પ્રવિષ્ટિ ૫૨ દ્વારા આવરી લેવાયેલા કાયદા હેઠળ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશતા અન્ય દેશોમાંથી આયાત કરાયેલા માલસામાન પ્રવેશ કર ચૂકવવા માટે જવાબદાર છે? તેઓ રજૂઆત કરે છે કે

ઉપરોક્ત કેસમાં પ્રવેશ કર, જો કોઈ હોય, તો તેને અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ વ્યાજબી ઠેરવવો પડશે. અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા આવરી લેવામાં ન આવેલા માલસામાને અનુચ્છેદ ૩૦૪(બી) ને સંતોષવો જોઈએ. અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ પ્રવેશ કરની પરવાનગી આપતી પૂર્વ–શરત એ છે કે તે જ રાજ્યના સમાન માલસામાન પર પ્રથમ કર લાદવામાં આવ્યો હોવો જોઈએ.

૬૦. શ્રી સાલ્વેએ પોતાની રજૂઆતોના સમર્થનમાં આ કોર્ટના વિવિધ ચુકાદાઓ તેમજ ઓસ્ટ્રેલિયન હાઈકોર્ટ, પ્રિવી કાઉન્સિલ અને યુ.એસ. સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ પર પણ આધાર રાખ્યો છે, જેનો રજૂઆતોની વિગતવાર વિચારણા કરતી વખતે ઉલ્લેખ કરવામાં આવશે.

૬૧. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એ.કે. ગાંગુલીએ શરૂઆતમાં જ રજૂઆત કરી હતી કે અતિયાબારી અને ઓટોમોબાઇલના નિર્ણયો પર પુનર્વિચારણા કરવા માટે આ મોટી બેંચને સંદર્ભ કરવો વાજબી નથી.

૬૨. કેશવ મિલ્સ કેસ (કેશવ મિલ્સ વિરુદ્ધ કમિશનર ઓફ ઇન્કમ ટેક્સ ૧૯૬૫ (૨) એસ.સી.આર. ૯૦૮) માં બંધારણીય બેંચના ચુકાદા પર આધાર રાખતાં તેઓ રજૂઆત કરે છે કે જ્યારે આ કોર્ટ કાયદાના એવા પ્રશ્નો નક્કી કરે છે જે અનુચ્છેદ ૧૪૧ હેઠળ તમામ અદાલતો પર બંધનકર્તા હોય, ત્યારે નિશ્ચિતતા અને સાતત્યનું તત્ત્વ દાખલ કરવું અને જાળવી રાખવું એ આ કોર્ટનો સતત પ્રયાસ અને ચિંતા હોવી જોઈએ. સાતત્યમાં કાયદાના અર્થઘટનમાં, તેઓ રજૂઆત કરે છે કે પુનર્વિચારણાની કવાયત માત્ર ત્યારે જ હાથ ધરવી જોઈએ

જ્યારે અગાઉનો નિર્ણય સ્પષ્ટપણે ભૂલભરેલો હોય. જિંદાલ સ્ટેનલેસ લિ. (પૂર્વોક્ત) માં બંધારણીય બેંચે કોઈપણ યોગ્ય કારણ વિના અતિયાબારી ટી કંપની અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ, રાજસ્થાન લિ. (પૂર્વોક્ત) માં આ કોર્ટના ચુકાદા પર પુનર્વિચારણા કરવા માટે મોટી બેંચની રચના કરવાનો સંદર્ભ આપ્યો છે.

૬૩. તેમણે વધુમાં રજૂઆત કરી હતી કે જી.કે. કૃષ્ણન વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય ૧૯૭૫ (૧) એસ.સી.સી. ૩૭૫ માં ન્યાયમૂર્તિ મેથ્યુના અવલોકન પર રાખવામાં આવેલો આધાર, જે માત્ર એક ઓબિટર હતું, તે મોટી બેંચને સંદર્ભ કરવા માટેનો આધાર બની શક્યો ન હોત.

૬૪. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ દ્વારા વિકસાવવામાં આવેલો વળતરરૂપ સિદ્ધાંત સારી રીતે કાર્ય કરી રહ્યો છે અને તેને સ્પર્શ કરવાની જરૂર નથી. જોકે, તેઓ રજૂઆત કરે છે કે વળતરરૂપ કર અને વેપારીઓને આપવામાં આવતી સુવિધાઓ વચ્ચે વ્યાપક સહ–સંબંધ હોવો જોઈએ.

૬૫. અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) નો ઉલ્લેખ કરતાં, શ્રી ગાંગુલી રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪ ની ઉપરોક્ત બંને પેટા–કલમો અનુચ્છેદ ૩૦૧ ની ચુંગાલમાંથી બહાર નીકળવાનો માર્ગ છે. અનુચ્છેદ ૩૦૪(બી) એ સંઘીય નિયંત્રણ છે અને તે ઐતિહાસિક કારણોસર આવ્યો છે. શ્રી ગાંગુલીએ 'સરકારિયા કમિશનના અહેવાલ' નો પણ ઉલ્લેખ કર્યો છે જેણે સંવિધાનમાંથી અનુચ્છેદ ૩૦૪(બી) ને રદ કરવાની અમુક રાજ્યોની માંગણીને ફગાવી દીધી હતી. તેમણે

વધુમાં રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા વિચારવામાં આવ્યા મુજબ રાજ્યના વિધેયકોને રાષ્ટ્રપતિને સંદર્ભિત કરવાની પ્રક્રિયા એ સુનિશ્ચિત કરે છે કે ભારતની આંતરરાષ્ટ્રીય સમુદાય પ્રત્યેની જવાબદારીઓ પૂર્ણ થાય છે.

૬૬. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી ટી.આર. અંધ્યારુજિના રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪ ના પેટા–ખંડો (એ) અને (બી) વિયોજક નથી. આથી, ભલે રાજ્યનો કોઈ કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ભેદભાવપૂર્ણ ન હોય, તેમ છતાં તેણે અનુચ્છેદ ૩૦૪(બી) ની જરૂરિયાતનું પાલન કરવું આવશ્યક છે.

૬૭. શ્રી અંધ્યારુજિનાએ રજૂઆત કરી હતી કે કર કોઈ ટેરિફ અવરોધ ઊભો કરે છે કે કેમ તે શોધી કાઢવા માટે લાગુ કરવાની કસોટીઓ પૈકીની એક એ છે કે જ્યારે કર માલના મૂલ્ય કરતાં વધુ હોય, ત્યારે તે એક ટેરિફ અવરોધ છે જે અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાધિત થાય છે.

૬૮. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી એસ.કે. બગારિયા રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ આંતર–રાજ્ય વેપાર પર કર લાદી શકાય છે, જ્યારે માલ રાજ્યની અંદર એક સ્થાનિક વિસ્તારમાંથી બીજા સ્થાનિક વિસ્તારમાં જાય છે, ત્યારે કર માત્ર અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ જ આવરી શકાય છે. તેઓ રજૂઆત કરે છે કે કર એ ટેરિફ અવરોધ છે કે નહીં તે પ્રશ્ન પરિમાણાત્મક રીતે નક્કી કરી શકાતો નથી પરંતુ ગુણાત્મક રીતે નક્કી કરી શકાય છે.

૬૯. શ્રી બગારિયા રજૂઆત કરે છે કે તેઓ કેટલાક કેસોમાં સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા વતી ઉપસ્થિત થાય છે. તેમણે જણાવ્યું હતું કે

ભિલાઈની જાળવણી સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવે છે અને તેની જાળવણી માટેનો તમામ ખર્ચ તથા ટાઉનશીપમાં તમામ નાગરિક સુવિધાઓ સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા પૂરી પાડવામાં આવે છે. ભિલાઈની ટાઉનશીપમાં, રાજ્ય દ્વારા કોઈ સુવિધાઓ પૂરી પાડવામાં આવતી નથી. તેમણે વર્ષ ૧૯૯૫–૯૬ થી ૨૦૦૮–૨૦૦૯ દરમિયાન સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવેલા ખર્ચની વિગતોનો ઉલ્લેખ કર્યો હતો. તેઓ રજૂઆત કરે છે કે રાજ્ય સરકાર કોઈ સુવિધા પૂરી પાડતી નથી અને હાલમાં ખર્ચ દર વર્ષે ૨૦૦ કરોડથી વધુ છે. તેઓ રજૂઆત કરે છે કે નગરપાલિકા/નાગરિક સુવિધાઓ પૂરી ન પાડતું રાજ્ય વળતરકારી પ્રકૃતિના કર તરીકે પ્રવેશ કર લાદવા માટે હકદાર નથી.

૭૦. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી અરવિંદ પી. દાતાર એવી દલીલ કરે છે કે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં ન્યાયિક રીતે વિકસાવવામાં આવેલી વળતરકારી કરની વિભાવના નાબૂદ થવી જોઈએ. તેઓ રજૂઆત કરે છે કે વળતરકારી કરની વિભાવના વિસંગત છે, કારણ કે કર એ ફરજિયાત વસૂલાત છે અને તમામ કરવેરાનો ઉપયોગ જાહેર ભલાઈ માટે કરવાનો હોય છે. તેઓ એવું સૂચન કરે છે કે યોગ્ય કસોટી એ છે કે શું વેપાર અને વાણિજ્ય પર 'નોંધપાત્ર પ્રતિકૂળ અસર' પડે છે કે કેમ, જે વાદગ્રસ્ત કાયદા પહેલાં વેપાર અને વાણિજ્ય જે રીતે ચલાવવામાં આવતો હતો અને વાદગ્રસ્ત કાયદાના ઘડતર પછી તે જે રીતે ચલાવવામાં આવે છે તેના પરથી નક્કી કરી શકાય છે. તેઓ રજૂઆત કરે છે કે ભાગ ૧૩ માં ઉલ્લેખિત નિયંત્રણો બહુવિધ ઉપયોગના હોઈ શકે છે. તે

નાણાકીય, પર્યાવરણીય, વાણિજ્યિક અને શ્રમ કાયદાના સ્વરૂપમાં હોઈ શકે છે. રાજ્યમાં માલના પ્રવેશ પર પ્રવેશ કર લાદી શકાય નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) માં વપરાયેલા 'અને' શબ્દનો ઉલ્લેખ કરતાં, તેઓ રજૂઆત કરે છે કે 'અને' નું અર્થઘટન સંયુક્ત અને વ્યક્તિગત તરીકે થવું જોઈએ. તેઓ રજૂઆત કરે છે કે એક બિન-ભેદભાવપૂર્ણ કર જે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતો નથી, તે જો ભેદભાવપૂર્ણ પ્રક્રિયાગત જોગવાઈઓ ધરાવતો હોય તો હજુ પણ અનુચ્છેદ ૩૦૪(બી) નું ઉલ્લંઘન કરી શકે છે.

૭૧. વેપાર અને વાણિજ્ય પરની અંતિમ અસર જોવાની રહે છે ભલે તે પ્રત્યક્ષ અને તાત્કાલિક ન હોય. કોઈપણ રાજ્ય એક અલગ ટાપુ નથી, એક રાજ્યના કાયદાની અસર અન્ય રાજ્યો પર પણ પડે છે. તેણે ઘડેલા કાયદામાં સમાવિષ્ટ નિયંત્રણનું રાજ્ય કોઈ આખરી ન્યાયાધીશ નથી. આથી, રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી છે. સંવિધાનમાં અનુચ્છેદ ૩૧એ, ૨૦૦, ૨૦૧, ૨૧૩, ૨૫૪, ૩૬૧ અને છઠ્ઠી અનુસૂચિ જેવી વિવિધ જોગવાઈઓ છે જ્યાં રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી છે. અનુચ્છેદ ૨૦૪, ૨૫૫, ૩૦૪ અને ૩૪૯ માં રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી જરૂરી છે.

૭૨. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી વી. લક્ષ્મીકુમારન એવી દલીલ કરે છે કે મુક્ત વેપાર, વાણિજ્ય અને વ્યવહારનો અર્થ માલ, સેવાઓ, વ્યક્તિઓ અને મૂડી (રોકાણ) ની મુક્ત હેરફેર થાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) માલ પરના કર સાથે સંબંધિત છે અને અનુચ્છેદ ૩૦૪(બી) અન્ય કરવેરા અને પગલાંઓ સાથે

સંબંધિત છે. અનુચ્છેદ ૩૦૪(એ) એવો આદેશ આપે છે કે રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ પર લાદવામાં આવેલા કર કરતાં ઓછો અથવા તેના જેટલો કર લાદી શકે છે. અનુચ્છેદ ૩૦૪(એ) માં નિર્દેશિત કરને તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત માલ માટે ઉપલબ્ધ સામાન્ય અપવાદો, સેટ–ઓફ, ક્રેડિટ વગેરે સાથે વાંચવો જોઈએ. વિદ્વાન કાઉન્સેલે જનરલ એગ્રીમેન્ટ ઓન ટેરિફ એન્ડ ટ્રેડ, ૧૯૪૭ (જીએટીટી, ૧૯૪૭) નો પણ ઉલ્લેખ કર્યો હતો જેના ભારત એક સ્થાપક સભ્ય છે. જીએટીટી, ૧૯૪૭ નો સમગ્ર હેતુ ટેરિફ અને બિન–ટેરિફ અવરોધોને દૂર કરીને જીએટીટી સભ્યો વચ્ચે મુક્ત વેપારને પ્રોત્સાહિત કરવાનો હતો. વિદ્વાન કાઉન્સેલે વધુમાં રજૂઆત કરી હતી કે ભલે રાજ્ય દ્વારા લાદવામાં આવેલ કર બિન–ભેદભાવપૂર્ણ હોય, તેમ છતાં તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાંહેધરી આપવામાં આવેલા અધિકારને અવરોધી શકે છે. વિદ્વાન કાઉન્સેલ એક દૃષ્ટાંત આપીને પોતાની રજૂઆતને સમર્થન આપે છે. એક રાજ્યમાં લેપટોપ અને આઈ–પેડનું ઉત્પાદન થાય છે. જે રાજ્ય લેપટોપના ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માંગે છે તેણે લેપટોપ પર માત્ર ૦.૫ % કર લાદ્યો છે પરંતુ આઈ–પેડની આયાતને નિરુત્સાહિત કરવાના આશયથી આઈ–પેડ પર ૫૦ % કર લાદ્યો છે. સદર રાજ્યનું ઉપરોક્ત પગલું અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતું ન હોઈ શકે, જોકે, અનુચ્છેદ ૩૦૪(બી) માં નિર્ધારિત પ્રક્રિયા લાગુ કરવી પડશે. વિદ્વાન કાઉન્સેલ દ્વારા આપવામાં આવેલું બીજું ઉદાહરણ જ્યાં રાજ્ય, જોકે, અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરે છે પરંતુ અનુચ્છેદ ૩૦૪(બી) નું ઉલ્લંઘન કરે છે તે એ

છે કે; મહારાષ્ટ્ર રાજ્યએ સ્થાનિક કરવેરા જેટલો જ પ્રવેશ કર લાદ્યો પરંતુ શરતો મૂકી: (૧) મહારાષ્ટ્રમાં આવતો તમામ માલ માત્ર બલ્હારશાહ મારફતે જ પ્રવેશવો જોઈએ; (૨) મહારાષ્ટ્રમાં નિર્મિત તૈયાર માલમાં ઓછામાં ઓછી ૭૫ % સ્થાનિક સામગ્રી હોવી જોઈએ. આમ વિદ્વાન કાઉન્સેલ એવી દલીલ કરે છે કે રાજ્ય દ્વારા કર લાદતી વખતે અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેનું પાલન કરવું પડશે.

૭૩. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી જગદીપ ધનખર એવી દલીલ કરે છે કે સંવિધાનનો ભાગ ૧૩ એ સંવિધાનનું મૂળભૂત માળખું છે. તેઓ એવી દલીલ કરે છે કે દેશની આર્થિક એકતા કરતાં વધુ મૂળભૂત કંઈ હોઈ શકે નહીં. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલે રજૂઆત કરી હતી કે વળતરકારી સિદ્ધાંતને સમર્થન આપી શકાય નહીં જે માત્ર દાવો કરવાના અધિકાર તરફ દોરી જશે. ભાગ ૧૩ માં "કર" અને "નિયંત્રણો" શબ્દો અલગથી પ્રયોજવામાં આવ્યા છે. આ પરસ્પર બદલી શકાય તેવા નથી અને ભાગ ૧૩ માં ઉલ્લેખિત નિયંત્રણોમાં કરનો કોઈ ઘટક હોઈ શકે નહીં. તેમણે રજૂઆત કરી હતી કે બંધારણીય પ્રશ્નનું અર્થઘટન કરતી વખતે સંવિધાનના આમુખ પર આધાર રાખવો જોઈએ અને તેને ધ્યાને લેવું જોઈએ.

૭૪. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી રવિન્દ્ર શ્રીવાસ્તવે રજૂઆત કરી હતી કે એક વિભાવના તરીકે વળતરકારી કરને સમર્થન આપી શકાય નહીં. વળતરકારી કર એ એક અયોગ્ય નામકરણ છે અને તે બિનજરૂરી હતું. તેમણે રજૂઆત કરી હતી કે જે કરવેરા પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર ધરાવે છે તેઓ અનુચ્છેદ ૩૦૧

હેઠળ બાધિત થાય છે. ઓટોમોબાઇલ કેસમાં ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહના અભિપ્રાય પર આધાર રાખતાં, તેમણે એવી દલીલ કરી હતી કે જો કોઈ કર માત્ર માલની હેરફેરના આધારે લાદવામાં આવે, તો તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે, જોકે, જો તે સામાન્ય બોજ હોય તો તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી. કરની વિભાવનાને વિસ્તૃત કરતાં તેમણે રજૂઆત કરી હતી કે કર લાદવા માટે બે વિભાવનાઓ છે જે (૧) "ચૂકવણી કરવાની ક્ષમતાનો સિદ્ધાંત" અને (૨) "લાભનો સિદ્ધાંત" છે. તેમણે રજૂઆત કરી હતી કે કર એ નિયંત્રણ સમાન છે કે કેમ અને જો તેમ હોય, તો શું તે અનુચ્છેદ ૩૦૪ હેઠળ રક્ષાયેલ છે તેવા નિષ્કર્ષ પર પહોંચવા માટે કોઈ ચોક્કસ અધિનિયમની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને દરેક કાયદા / કર કાયદાની તપાસ કરવી જરૂરી છે. અરજદાર તરફના વિદ્વાન કાઉન્સેલ સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા લિ. ની એસએલપી (સી) નં. ૨૩૯૯૦/૨૦૦૯ નો ઉલ્લેખ કરીને એવી દલીલ કરે છે કે પ્રવેશ કરનું પ્રમાણ ૦.૫ % થી ૫૦ % સુધી બદલાય છે જે સ્પષ્ટપણે દર્શાવે છે કે તે વેપારમાં એક અવરોધ છે અને અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાધિત થાય છે.

૭૫. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી એન. વેંકટરામન રજૂઆત કરે છે કે ભારતનું સંવિધાન એવી રીતે રચાયેલું છે કે રાજ્યની કાયદો ઘડવાની સત્તા ઘણી રીતે પ્રતિબંધિત છે. યાદી ૨ ની વિવિધ પ્રવિષ્ટિઓમાંની વૈધાનિક સત્તા એ યાદી ૧ હેઠળના સંઘની વૈધાનિક સત્તાને અધીન છે. તેમણે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૪ હેઠળની સત્તાનો ઉલ્લેખ કર્યો છે, જેને યાદી ૧ ની પ્રવિષ્ટિ ૯૨એ હેઠળના સંઘની સત્તાને અધીન કરવામાં આવી છે.

૭૬. તેઓ વધુમાં રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૨૫૪ રાજ્યની કરવેરાની સત્તાને સ્પષ્ટ કરે છે. વધુમાં, અનુચ્છેદ ૨૮૬ નો પેટા-ખંડ (૩)(એ) અને (૩)(બી) રાજ્યની કરવેરાની સત્તાને પ્રતિબંધિત કરે છે. તેવી જ રીતે, ભાગ ૧૩ એ રાજ્યની વૈધાનિક સત્તા પરનું નિયંત્રણ છે. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ પણ કાયદા ઘડવામાં સંસદ અને રાજ્યોની સત્તાઓ પર વિવિધ નિયંત્રણો ધરાવે છે.

૭૭. ધ કોન્સ્ટીટ્યુશન (વન હન્ડ્રેડ એન્ડ ટ્વેન્ટી સેકન્ડ એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૧૪ નો ઉલ્લેખ કરતાં તેઓ રજૂઆત કરે છે કે સંઘ અને રાજ્ય એવા રૂપાંતરણ પર પહોંચ્યા છે જ્યાં બંને કાયદો ઘડવા માટે હકદાર છે. તેમણે સદર બિલના અનુચ્છેદ ૨૪૬એ નો ઉલ્લેખ કર્યો છે. પ્રવેશ કર સહિતના તમામ કરવેરા નાબૂદ કરવા અને હવે તેને બે કર એટલે કે સેવાઓ અને માલમાં સમાવિષ્ટ કરવા અંગે સંઘ અને રાજ્યો વચ્ચે સર્વસંમતિ સધાઈ છે. ઉપરોક્ત બિલ દર્શાવે છે કે આપણે હવે વાસ્તવિક આર્થિક એકતા તરફ આગળ વધ્યા છીએ.

૭૮. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી ધ્રુવ અગ્રવાલ રજૂઆત કરે છે કે વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતા એ સંવિધાનનું મૂળભૂત માળખું છે. સંવિધાનના આમુખનો ઉલ્લેખ કરતાં વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ રજૂઆત કરે છે કે રાષ્ટ્રની એકતા અને અખંડિતતા એ બંધારણીય માળખાનું મૂળભૂત લક્ષણ છે. દેશની આર્થિક એકતા પ્રાપ્ત કરવા માટે સંવિધાનમાં ભાગ ૧૩ દાખલ કરવામાં આવ્યો છે. શ્રી અગ્રવાલે બંધારણ સભાની ચર્ચાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો.

૭૯. સિવિલ અપીલ નં. ૩૪૫૩/૨૦૦૨ માં અપીલકર્તાઓ વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી ગોપાલ જૈન રજૂઆત કરે છે કે બંધારણીય યોજના એક સુવ્યવસ્થિત રીતે ઘડાયેલું સ્થાપત્ય છે જેને સર્વાંગી રીતે વાંચવું આવશ્યક છે. સમગ્ર ઉદ્દેશ્યો પ્રાપ્ત થાય તે સુનિશ્ચિત કરવા માટે સમગ્ર સંવિધાનના વાંચન પરથી બંધારણીય જોગવાઈનું અર્થઘટન કરવું પડે છે.

૮૦. વિદ્વાન કાઉન્સેલ શ્રી દિલીપ ટંડને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં આ કોર્ટના ચુકાદાનો ઉલ્લેખ કરતાં એવી દલીલ કરી હતી કે ન્યાયમૂર્તિ હિદાયતુલ્લાહ દ્વારા વ્યક્ત કરાયેલ અભિપ્રાય સ્વીકારવામાં આવે. શ્રી ટંડને રજૂઆત કરી હતી કે તેઓ વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી હરીશ સાલ્વે અને શ્રી રવિન્દ્ર શ્રીવાસ્તવની દલીલોને અપનાવે છે.

૮૧. વિદ્વાન કાઉન્સેલ શ્રીમતી સુરુચિ અગ્રવાલે રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૩૦૧ એ રાજ્યની વૈધાનિક સત્તા પરનું એક નિયંત્રણ છે. અનુચ્છેદ ૩૦૪(એ) નો ઉલ્લેખ કરતાં તેઓ એવી દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) નો આશરો એટલા માટે લેવામાં આવે છે કારણ કે એવી ધારણા કરવામાં આવે છે કે કાયદો અનુચ્છેદ ૩૦૧ હેઠળ એક નિયંત્રણ હશે. હરિયાણા લોકલ એરિયા ડેવલપમેન્ટ ટેક્સ એક્ટ, ૨૦૦૦ ની જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં તેઓ એવી દલીલ કરે છે કે પ્રવેશ કર વસૂલ કરવાની રીત અનુચ્છેદ ૨૮૬ નું ઉલ્લંઘન કરે છે. તેઓ રજૂઆત કરે છે કે પ્રવેશ કરની જવાબદારી અને ચુકવણીપાત્રતા અલગ છે જે ભેદભાવ સિવાય બીજું કંઈ નથી.

૮૨. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન વતી ઉપસ્થિત વિદ્વાન એડિશનલ સોલિસિટર જનરલ શ્રી તુષાર મહેતા રજૂઆત કરે છે કે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસનો ચુકાદો ૧૯૬૪ થી પ્રવર્તમાન છે અને તેને ખલેલ પહોંચાડવાની જરૂર નથી. તેઓ રજૂઆત કરે છે કે પ્રવેશ કર નિશ્ચિતપણે આંતર–રાજ્ય વેપારને અવરોધશે. તેથી, તેમણે સંચયી રીતે ખંડ (એ) અને ખંડ (બી) ની કસોટી પાર કરવી જ પડશે. અનુચ્છેદ ૩૦૪(એ) ભારતમાં આયાત કરાયેલા અને અન્ય કોઈ રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત ન થયેલા માલને લાગુ પડતો નથી.

૮૩. ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન પર લાદવામાં આવેલા પ્રવેશ કર પર આવતાં, શ્રી મહેતા રજૂઆત કરે છે કે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન પોતાની ભૂગર્ભ પાઇપલાઇનો દ્વારા એ થી બી રાજ્યમાં ક્રૂડ ઓઇલનું પરિવહન કરે છે. રાજ્યો ક્રૂડ ઓઇલનું ઉત્પાદન કરતા નથી છતાં તેઓ પ્રવેશ કરની માંગણી કરી રહ્યા છે. જે રાજ્યોમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશનની પોતાની રિફાઇનરી છે તેમણે પ્રવેશ કર લાદ્યો છે. યુ.પી. રાજ્યમાં આવેલી મથુરા રિફાઇનરીનો ઉલ્લેખ કરતાં તેઓ એવી દલીલ કરે છે કે યુ.પી. રાજ્ય કોઈપણ ક્રૂડ ઓઇલનું ઉત્પાદન કરતું નથી તેથી, અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ પ્રવેશ કરની માંગણી કરી શકાય નહીં. પ્રવેશ કરની માંગણી સ્પષ્ટપણે ભેદભાવપૂર્ણ છે. જોકે, વિદ્વાન એ.એસ.જી. એ નિખાલસપણે સ્વીકાર્યું હતું કે ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન દ્વારા હાઇકોર્ટ સમક્ષ ઉપરોક્ત મતલબની કોઈ કેફિયત રજૂ કરવામાં આવી નથી. તેઓ વધુમાં રજૂઆત કરે છે કે રજૂઆત દરમિયાન તેઓ આ કોર્ટ સમક્ષની અપીલમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન વતી જરૂરી કેફિયત રેકર્ડ પર લાવશે.

૮૪. વિદ્વાન એટર્ની જનરલ શ્રી મુકુલ રોહતગીએ પોતાની રજૂઆતો કરી છે. શ્રી રોહતગીએ રજૂઆત કરી હતી કે યાદી ૨ માં કર લાદવાની સત્તા એ સાર્વભૌમ અને પૂર્ણ સત્તા છે જેને ભારતના સંવિધાનની સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા જ ઘટાડી શકાય છે. સંવિધાનનો ભાગ ૧૩ સામાન્ય રીતે કર સાથે સંબંધિત નથી સિવાય કે, જ્યાં સુધી તે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ઉલ્લેખ કરે છે. સંવિધાનના ભાગ ૧૩ ની સમગ્ર મૂળ ભાવના ભેદભાવ છે અને તે પણ ઈરાદાપૂર્વકનો ભેદભાવ છે. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) વિયોજક છે. અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાને લાગુ પડે છે જ્યારે અનુચ્છેદ ૩૦૪(બી) બિન–નાણાકીય પગલાંઓને લાગુ પડે છે. કરવેરા જાહેર હિતમાં હોવાનું અને વાજબી હોવાનું માનવામાં આવે છે. અનુચ્છેદ ૩૦૪ ના પેટા–ખંડ (બી) હેઠળ, રાષ્ટ્રપતિને સુપર ન્યાયનિર્ણાયક બનાવી શકાય નહીં. ભારત એક સંઘરાજ્ય છે અને રાજ્યની સાર્વભૌમ સત્તાને ગર્ભિત નિયંત્રણને અધીન કરી શકાય નહીં.

૮૫. શ્રી રોહતગીએ રજૂઆત કરી હતી કે સંઘીય માળખું આપણા સંવિધાનનું મૂળભૂત લક્ષણ છે. જોકે ભારતને અર્ધ–સંઘીય અથવા મજબૂત કેન્દ્રીય ઝુકાવ ધરાવતા સંઘ તરીકે વર્ણવવામાં આવે છે, છતાં આ બાબત એ હકીકતની વિરુદ્ધ જતી નથી કે સંવિધાન હેઠળ રાજ્યોને સોંપવામાં આવેલા ક્ષેત્રમાં તેઓ સાર્વભૌમ છે. શ્રી રોહતગીએ રજૂઆત કરી હતી કે સંવિધાનને સમગ્રતયા વાંચવું જોઈએ. સંવિધાનના ભાગ ૧૩ નું અર્થઘટન સંવિધાનના અન્ય ભાગો, જેમાં સંવિધાનના ભાગ ૩, ભાગ ૧૨ અને રાજ્યની નીતિના

માર્ગદર્શક સિદ્ધાંતોના અનુચ્છેદ ૩૮ અને અનુચ્છેદ ૩૯ નો સમાવેશ થાય છે તેના સંદર્ભમાં થવું જોઈએ.

૮૬. અનુચ્છેદ ૨૪૫ અને અનુચ્છેદ ૨૪૬ નો ઉલ્લેખ કરતાં વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૨૪૫ એ વૈધાનિક સત્તાનો સ્ત્રોત છે, જ્યારે અનુચ્છેદ ૨૪૬ સંઘ અને રાજ્યો વચ્ચે વૈધાનિક કાર્યોની વહેંચણીની જોગવાઈ કરે છે. તેમણે રજૂઆત કરી હતી કે અનુચ્છેદ ૨૪૫ 'આ સંવિધાનની જોગવાઈઓને અધીન' ની સ્પષ્ટ જોગવાઈ સાથે શરૂ થાય છે જે શબ્દસમૂહને અનુચ્છેદ ૨૪૬ હેઠળ પણ વાંચવો પડશે. વિદ્વાન એટર્ની જનરલે રજૂઆત કરી હતી કે તારીખ ૩ જી ઓગસ્ટ, ૨૦૧૬ ના રોજ રાજ્યસભામાં જીએસટી બિલ પસાર થઈ ચૂક્યું હોવાથી, રાજ્યો દ્વારા બહાલી આપ્યા પછી, કેસોના વર્તમાન જૂથમાં પ્રસ્તુત એકમાત્ર મુદ્દો ભૂતકાળમાં અમલમાં હતો તેવા પ્રવેશ કરના સંબંધમાં જ રહેશે. પ્રવેશ કરની જોગવાઈ કરતી યાદી ૨ ની પ્રવિષ્ટિ પર સદર બિલ કાયદો બન્યા પછી કાઢી નાખવામાં આવેલી રહેશે. તેમણે રજૂઆત કરી હતી કે જીએસટી બિલ પસાર થવું એ દર્શાવે છે કે આપણે આર્થિક એકતા તરફ આગળ વધ્યા છીએ.

૮૭. ભાગ ૧૩ દ્વારા જે પ્રતિબંધિત છે તે રાજ્યો દ્વારા અથવા રાજ્યો વચ્ચેનો હાનિકારક અથવા શત્રુતાપૂર્ણ ભેદભાવ છે. સંવિધાનના ભાગ ૧૩ ની વિવિધ જોગવાઈઓ પરથી સ્પષ્ટ થાય છે તેમ વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતા અબાધિત નથી. અનુચ્છેદ ૩૦૩ માં ઉલ્લેખિત સંસદ અને રાજ્ય

વિધાનમંડળની સત્તા પરના નિયંત્રણો માત્ર વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રવિષ્ટિઓ હેઠળની સત્તાઓ પૂરતા જ મર્યાદિત છે. આમ આ નિયંત્રણોમાં કરનો સમાવેશ થતો નથી. યાદી ૨ માં કર સંબંધિત પ્રવિષ્ટિઓ એટલે કે પ્રવિષ્ટિ ૪૬ થી ૬૩ ની ક્યારેય અનુચ્છેદ ૩૦૩ હેઠળ વિચારણા કરવામાં આવી ન હતી.

૮૮. ભાગ ૧૩ "નિયંત્રણો" અને "કરવેરા" સાથે અલગ રીતે વ્યવહાર કરે છે. એક તરફ કરવેરા અને બીજી તરફ નિયંત્રણો વચ્ચે સ્પષ્ટ દ્વિભાજનનો આશય રાખવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૨ કરનો ઉલ્લેખ કરતો નથી, જ્યારે કરની વિભાવના સંવિધાન માટે સુવિદિત છે અને ભાગ ૧૨ માં કેટલાક અનુચ્છેદોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અનુચ્છેદ ૩૦૪(બી) કરવેરાનો ઉલ્લેખ કરતો નથી, "કર" શબ્દ અનુચ્છેદ ૩૦૪(એ) માં જોવા મળે છે જેને અનુચ્છેદ ૩૦૪(બી) માં લાવી શકાય નહીં. એ સ્પષ્ટ છે કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળનો સંદર્ભ કર સિવાયના "નિયંત્રણો" નો છે. વળતરકારી કર પર આવતાં વિદ્વાન એટર્ની જનરલ રજૂઆત કરે છે કે આપણે પ્રવેશ કર વ્યવસ્થાના અંતિમ તબક્કે હોવાથી, વળતરકારી કર સિદ્ધાંતને વળગી રહેવું યોગ્ય રહેશે.

૮૯. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી પી. પી. રાવે મધ્યપ્રદેશ અને આંધ્રપ્રદેશ રાજ્યો વતી પોતાની રજૂઆતો કરી છે. શ્રી રાવ રજૂઆત કરે છે કે એ બાબત સુસ્થાપિત છે કે સંવિધાનનું કોઈપણ સંકુચિત અને પાંડિત્યપૂર્ણ અર્થમાં અર્થઘટન ન કરવું જોઈએ અને જે અર્થઘટન તેની સત્તાના શક્ય તેટલા વ્યાપક

ફલક માટે સૌથી વધુ ફાયદાકારક હોય તેને અપનાવવું જોઈએ. તેઓ વધુમાં રજૂઆત કરે છે કે સંવિધાનની ૭મી અનુસૂચિની કોઈપણ પ્રવિષ્ટિને એવી રીતે ન વાંચવી જોઈએ કે જેથી પ્રવિષ્ટિ તેના વિષયવસ્તુથી વંચિત થઈ જાય. તેઓ રજૂઆત કરે છે કે શાસનની સંઘીય પ્રણાલીમાં, કર લાદવાની સત્તા એ રાજ્યના સાર્વભૌમ કાર્યનું એક અંતર્ગત લક્ષણ છે.

૯૦. અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) અને ખંડ (બી) પરસ્પર અનન્ય છે. કરવેરા ખંડ (એ) માં આવરી લેવામાં આવ્યા છે જ્યારે કર સિવાયના નિયંત્રણો ખંડ (બી) માં આવરી લેવામાં આવ્યા છે. માત્ર અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના માલની સરખામણીમાં ભેદભાવપૂર્ણ કરવેરા જ અનુચ્છેદ ૩૦૧ માંની વેપારની સ્વતંત્રતાને પ્રતિબંધિત કરે છે અને અન્ય તમામ કરવેરા સદર સ્વતંત્રતામાં અવરોધરૂપ બનતા નથી. સંવિધાનનું સંઘીય સ્વરૂપ એ મૂળભૂત માળખાનો એક ભાગ છે. રાજ્યની પ્રવિષ્ટિ ૫૨ હેઠળ પ્રવેશ કર લાદવાની સત્તા કોઈપણ નિયંત્રણને અધીન નથી.

૯૧. સંવિધાનના ઘડવૈયાઓનો ક્યારેય એવો આશય ન હતો કે માલના પ્રવેશ પર કર લાદવાની રાજ્યની અનન્ય સત્તા અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં ઉલ્લેખિત રાષ્ટ્રપતિની પૂર્વમંજૂરી મેળવવાની જરૂરિયાતને અધીન રહે. અન્ય રાજ્યમાંથી આવતા માલ પર કર લાદવા માટે, રાજ્યમાં ઉત્પાદિત અને નિર્મિત સમાન માલ પર કર લાદવો આવશ્યક નથી. એકમાત્ર નિયંત્રણ એ છે કે કર ભેદભાવપૂર્ણ ન હોવો જોઈએ. કરવેરા સ્વતઃ કોઈ નિયંત્રણ નથી. માત્ર એવા

કરવેરા જે અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલની સરખામણીમાં સંરક્ષણવાદી ભેદભાવના દોષથી પીડાય છે તેઓ જ અનુચ્છેદ ૩૦૧ માં ઉલ્લેખિત વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતામાં દખલ કરે છે. ભાગ ૧૩ ની સમગ્ર યોજના એ છે કે ભેદભાવપૂર્ણ કર વેપાર, વાણિજ્ય અને વ્યવહારમાં દખલ કરે છે. બિન–ભેદભાવપૂર્ણ કર વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતામાં દખલ કરતો નથી.

૯૨. સંવિધાનના ઘડવૈયાઓ રાજ્યમાં કરવેરાની સત્તામાં ન્યૂનતમ અતિક્રમણનો આશય ધરાવતા હતા. વિદ્વાન કાઉન્સેલે આતિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસના વિવિધ ફકરાઓનો ઉલ્લેખ કર્યો છે. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર દ્વારા કરવામાં આવેલા અવલોકનો કે "આંતરિક માલ પર કર કેવી રીતે લાદી શકાય તે, જોકે, અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પ્રદાન કરવામાં આવ્યું છે...." નો ઉલ્લેખ કરતાં, તેઓ રજૂઆત કરે છે કે ઉપરોક્ત અવલોકનો કાયદો ઠેરવનારા કહી શકાય નહીં કારણ કે ઉપરોક્ત કેસમાં આ મુદ્દો ક્યારેય ઉપસ્થિત થયો ન હતો. તેઓ રજૂઆત કરે છે કે ઉપરોક્ત અવલોકનો રેસિઓ ડેસિડેન્ડી નથી અને પૂર્વઉદાહરણ બનતા નથી. શ્રી રાવ વધુમાં રજૂઆત કરે છે કે ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં નિર્ધારિત વળતરકારી કરની વિભાવના સંવિધાનથી અજાણી છે અને તે ટકી શકે તેવી નથી. અનુચ્છેદ ૩૦૪(એ) માં જે ભેદભાવનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શત્રુતાપૂર્ણ ભેદભાવ છે.

૯૩. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી શ્યામ દિવાન હરિયાણા રાજ્ય વતી ઉપસ્થિત થયા છે. શ્રી દિવાને રજૂઆત કરી હતી કે સંવિધાનના ભાગ ૧૩ નું મુખ્ય બંધારણીય મૂલ્ય સમગ્ર ભારતમાં આર્થિક એકતાનું નિર્માણ કરવાનું છે.

૯૪. અનુચ્છેદ ૩૦૨ – ૩૦૫ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદોના સ્વરૂપમાં છે. અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ નો અપવાદ હોવાથી તેનું સંકુચિત રીતે વાંચન થવું જોઈએ. તેઓ સંરક્ષણવાદી અવરોધનું એક ઉદાહરણ આપે છે એટલે કે કોઈ રાજ્ય પોતાના રાજ્યની કૃષિનું રક્ષણ કરવા માંગે છે જેના માટે, એવો પ્રતિબંધ લાદવામાં આવે છે કે તમામ કૃષિ–આધારિત ઉદ્યોગોએ માત્ર રાજ્યની અંદરથી જ કાચો માલ લેવો પડશે. તેમણે રજૂઆત કરી હતી કે આ સંરક્ષણવાદી પગલા દ્વારા 'વેપાર અવરોધ' નું એક ઉદાહરણ છે. અનુચ્છેદ ૩૦૪(એ) મર્યાદિત અવકાશ અને વ્યાપ ધરાવે છે.

૯૫. (એ) અને (બી) બંનેમાંની સત્તાનો ઉપયોગ કરી શકાય છે અથવા (એ) કે (બી) પૈકી કોઈપણ એકનો ઉપયોગ કરી શકાય છે અથવા કોઈનો પણ ઉપયોગ ન કરી શકાય. એવી કોઈ જરૂરિયાત નથી કે ૩૦૪(એ) અને ૩૦૪(બી) હેઠળની સત્તાનો ઉપયોગ ફરજિયાતપણે એકસાથે જ કરવો પડે. શ્રી દિવાને વધુમાં રજૂઆત કરી હતી કે ભિન્નતા અને ભેદભાવ વચ્ચે તફાવત છે.

છેલ્લે, તેમણે દલીલ કરી હતી કે ૨૦૦૦ ના અધિનિયમ અને ૨૦૦૮ ના અધિનિયમ અનુસાર, સંબંધિત કાયદા હેઠળ રાજ્ય દ્વારા એકત્રિત કરવામાં

આવેલ સમગ્ર કરનો ઉપયોગ રાજ્યમાં વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગના વિકાસ માટે કરવામાં આવશે.

૯૬. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી રાકેશ દ્વિવેદીએ ઓરિસ્સા, બિહાર, મધ્યપ્રદેશ, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ રાજ્યો વતી પોતાની રજૂઆતો રજૂ કરી છે. શ્રી દ્વિવેદી રજૂઆત કરે છે કે અરજદારોની એવી દલીલો છે કે આતિયાબારી અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં આ કોર્ટના ચુકાદાઓ પર પુનર્વિચાર કરવામાં ન આવે. શ્રી દ્વિવેદી રજૂઆત કરે છે કે ઉપરોક્ત બંને નિર્ણયોમાં મૂળભૂત ભૂલો હતી. તેઓ રજૂઆત કરે છે કે ઉપરોક્ત બે કેસોમાં નીચે મુજબની મૂળભૂત ભૂલો છે :

> ૧. (૧) બંને કેસો વેપાર, વાણિજ્ય અને વ્યવહાર માટે આર્થિક એકતાને એકમાત્ર પરિબળ તરીકે સીમિત રાખે છે;
>
> (૨) જ્યારે કે, સંવિધાનની વિવિધ જોગવાઈઓનું અવલોકન દર્શાવે છે કે આર્થિક એકતા એ રાજકીય એકમના સાતત્ય પર નિર્ભર કરે છે; અને
>
> (૩) સંઘનો પ્રદેશ એ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો સિવાય બીજું કંઈ નથી.
>
> ૨. આ કોર્ટે 'સંઘવાદ' ની વિભાવનાને સંપૂર્ણપણે અવગણી હતી જેને હવે કેશવાનંદ ભારતીના કેસ (ઉપરોક્ત) માં આ કોર્ટના ચુકાદા પછી સંવિધાનના મૂળભૂત લક્ષણ તરીકે સ્વીકારવામાં આવી છે.

૩. ઉપરોક્ત કેસોમાં દરેક માનનીય ન્યાયમૂર્તિઓએ ઓસ્ટ્રેલિયા અને યુ.એસ. ના વિવિધ કેસોમાંથી સમર્થન મેળવ્યું હતું, જ્યારે કે, ભાગ ૧૩ ની ઓસ્ટ્રેલિયન અને યુ.એસ. ના સંવિધાન સાથે કોઈ સરખામણી થઈ શકે તેમ નથી. યુ.એસ. માં, કાયદો અને વ્યવસ્થા, સુશાસન અને શાંતિ સિવાય રાજ્યો પાસે કાયદો ઘડવાની કોઈ સત્તા નથી. આપણા સંવિધાન અને ઓસ્ટ્રેલિયા તથા યુ.એસ. ના સંવિધાનો વચ્ચેના આ તફાવતોને સંપૂર્ણપણે નજરઅંદાજ કરવામાં આવ્યા છે.

વેપારમાં અવરોધ શોધી કાઢવા માટે ઓસ્ટ્રેલિયા અને યુ.એસ. માં વિકસાવવામાં આવેલ કાયદો એટલે કે "પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર" ને હવે ઓસ્ટ્રેલિયન અને યુ.એસ. બંને અદાલતો દ્વારા છોડી દેવામાં આવ્યો છે. બંને અદાલતો "ભેદભાવપૂર્ણ" કસોટી તરફ આગળ વધી છે.

૪. ઉપરોક્ત બંને કેસોમાં, ખાસ કરીને આર્થિક એકતાના સંબંધમાં બંધારણ સભાની ચર્ચાઓમાંથી સામે આવતા ભાગ ૧૩ ના ઇતિહાસની કોઈ વિગતવાર વિચારણા જોવા મળતી નથી.

૫. તમામ ચુકાદાઓએ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ ના દ્રષ્ટિકોણથી ઇતિહાસની વિચારણા કરી હતી અને તેઓ એવા નિષ્કર્ષ પર આવે છે કે તે બધું વેપાર અવરોધો વિશે જ હતું.

૬. ભાગ ૧૩ માં "આ ભાગની જોગવાઈને આધીન" ને "માત્ર આ ભાગની જોગવાઈઓને આધીન" તરીકે વાંચવામાં આવ્યો હતો.

૭. આ કોર્ટે ઉપરોક્ત બંને કેસોમાં કરવેરાના સ્વરૂપની સંપૂર્ણ તપાસ કરી ન હતી.

(૧) કર એ સાર્વભૌમત્વનું એક લક્ષણ છે.

(૨) રાજ્ય દ્વારા કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે કર આવશ્યક છે.

(૩) કર ન તો ગર્ભિત રીતે લાદી શકાય છે કે ન તો કર લાદવાની સત્તાને ગર્ભિત રીતે મર્યાદિત કરી શકાય છે.

(૪) કર માત્ર જાહેર હેતુ માટે જ હોઈ શકે છે જેના મૂળ સંવિધાનના અનુચ્છેદ ૨૬૫ માં રહેલા છે.

(૫) યાદી ૨ ની સંબંધિત પ્રવિષ્ટિઓમાં અને સંવિધાનની અન્ય કોઈપણ જોગવાઈમાં ઉલ્લેખિત મર્યાદા સિવાય રાજ્ય અને સંઘની કરવેરા સત્તાઓ પરસ્પર અનન્ય છે. સંસદ પણ યાદી ૨ ની પ્રવિષ્ટિઓમાંથી પ્રાપ્ત થતી રાજ્યની કરવેરા સત્તાને મર્યાદિત કરી શકતી નથી.

(૬) અનુચ્છેદ ૨૮૯(૨) – વેપાર કરતા રાજ્યને પણ કરમાંથી મુક્તિ આપવામાં આવી નથી. વેપાર અને વ્યવસાયને ક્યારેય કરમાંથી મુક્ત ગણવામાં આવ્યા ન હતા.

૯૭. શ્રી દ્વિવેદી આગળ એવી રજૂઆત કરે છે કે કર સ્વયંભૂ રીતે ભાગ ૧૩ હેઠળ આવરી લેવાયેલ નથી. કર એ વેપાર અવરોધ નથી અને જ્યાં સુધી તે ભેદભાવપૂર્ણ ન હોય ત્યાં સુધી તેને અવરોધ ગણવામાં આવશે નહીં. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના અધિકારને સંવિધાનના મૂળભૂત લક્ષણ તરીકે ઉચ્ચ દરજ્જો આપી શકાય નહીં.

૯૮. શ્રી દ્વિવેદી એવી રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૧ માં "મુક્ત" નો અર્થ કરમાંથી મુક્ત એવો થતો નથી. રાજ્યની સત્તા, તેના ક્ષેત્રની મર્યાદિત વ્યાપ્તિ છતાં, સ્વરૂપમાં સંપૂર્ણ છે. જ્યાં પણ કરમાંથી મુક્તિની કલ્પના કરવામાં આવી હતી, ત્યાં અનુચ્છેદ ૨૮૫, ૨૮૭, ૨૮૮ અને ૨૮૯ હેઠળ સ્પષ્ટપણે જોગવાઈ કરવામાં આવી હતી. સંવિધાનના ભાગ ૩ નો સંદર્ભ આપતાં, તેઓ એવી રજૂઆત કરે છે કે ભાગ ૩ કરવેરામાંથી સ્વતંત્રતા પ્રદાન કરતો નથી. વિશેષતઃ, અનુચ્છેદ ૩૦૧, જે મૂળભૂત અધિકાર નથી, તે કરમાંથી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પ્રદાન કરવામાં પરિણમી શકે નહીં. તેઓ એવી રજૂઆત કરે છે કે રાજ્ય દ્વારા કરવેરા પર અંતર્ગત મર્યાદાઓ રહેલી છે. કર લાદવો એ હંમેશા જાહેર હેતુ માટે હોય છે અને કરવેરામાં રહેલી વિવિધ અંતર્ગત મર્યાદાઓ કોઈપણ ભેદભાવપૂર્ણ અથવા કોઈપણ અન્ય અવાજબી પગલાં લેવા સામે મર્યાદા તરીકે કામ કરે છે. અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ ના અપવાદો અથવા પરંતુકો નથી. અનુચ્છેદ ૩૦૪ પર આવતાં, એવી રજૂઆત કરવામાં આવે છે કે અનુચ્છેદ ૩૦૪ ના બંને ખંડ (એ) અને (બી) વૈકલ્પિક છે અને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા તેમને

આધીન છે. સામાન્ય રીતે 'અને' શબ્દ સંયોજક છે પરંતુ જ્યાં જોગવાઈના શબ્દો અને સંદર્ભમાંથી મેળવેલ વૈધાનિક આશય એવો નિર્દેશ કરતો હોય કે તેનો ઉપયોગ વૈકલ્પિક અર્થમાં થયો હતો, ત્યાં તેનું ઘણીવાર વૈકલ્પિક તરીકે અર્થઘટન કરવામાં આવે છે. વિદ્વાન વકીલ પોતાની રજૂઆતોનું વિસ્તરણ કરતાં એવી દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪ આંતર–રાજ્ય વેપાર સાથે સંબંધિત છે જે તેના હાંસિયાના શીર્ષક પરથી સ્પષ્ટ થાય છે.

૯૯. તેઓ રજૂઆત કરે છે કે "સાથે" ની સાથે "તે રાજ્યની અંદર" શબ્દોના ઉપયોગ દ્વારા સ્પષ્ટપણે એવો અર્થ થાય છે કે "તે રાજ્યની અંદર" શબ્દોનો ઉપયોગ આંતર–રાજ્ય વેપારના સંબંધમાં કરવામાં આવ્યો હતો. તેઓ રજૂઆત કરે છે કે રાજ્યમાં પ્રવેશ કર્યા પછી આંતર–રાજ્ય વેપારનો અંત આવી જતો નથી. તેની રાજ્યની અંદર પણ કેટલીક અસર અને અમલ હોઈ શકે છે.

૧૦૦. શ્રી દ્વિવેદી આગળ એવી રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં પરિકલ્પિત રાષ્ટ્રપતિની મંજૂરી એ કારણસર હતી કે અનુચ્છેદ ૩૦૪ આંતર–રાજ્ય વેપાર સાથે સંબંધિત છે અને તે યાદી ૧ ની પ્રવિષ્ટિ ૪૨ માં આવે છે. તેઓ રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવાની આવશ્યકતાનું ઔચિત્ય એવો પ્રતિબંધ છે જે આંતર–રાજ્ય વેપારને સ્પર્શી શકે છે, જે રાજ્યની વૈધાનિક સત્તામાં આવતો નથી.

૧૦૧. વિદ્વાન વકીલ આગળ એવી રજૂઆત કરે છે કે માત્ર કરના દરોનું અતિશય હોવું એ અનુચ્છેદ ૧૪ અને ૧૯ નું ઉલ્લંઘન કરતું નથી, જેવું કે આ કોર્ટે

મોટી સંખ્યામાં કેસોમાં ઠેરવેલ છે, અને આ સિદ્ધાંત કરનું ઊંચું પ્રમાણ વેપારને અવરોધે છે તેવા પડકારની તપાસ કરવા માટે પણ લાગુ કરવાનો રહે છે.

૧૦૨. શ્રી દ્વિવેદી આગળ એવી રજૂઆત કરે છે કે જો કર અનુચ્છેદ ૩૦૧ ની બહાર છે તેવી રજૂઆત સ્વીકારવામાં ન આવે, તો વૈકલ્પિક રીતે કેવળ કર અનુચ્છેદ ૩૦૧ ની બહાર છે. તેઓ રજૂઆત કરે છે કે આ કોર્ટે મોટી સંખ્યામાં કેસોમાં ઠેરવેલ છે કે સંવિધાનના ભાગ ૩ ના સંદર્ભમાં કર સ્વયંભૂ રીતે મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરતો નથી. કેવળ કર અનુચ્છેદ ૩૦૧ ની પહોંચ બહાર હોવાથી માત્ર એવા કર જ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરી શકે છે જે વેપારને મોટા પાયે નષ્ટ કરે છે/અવરોધે છે. તેઓ એવી દલીલ કરે છે કે સંવિધાનના ઘડવૈયાઓ સભાન હતા કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં કરમાંથી મુક્તિનો સમાવેશ થતો નથી. જો કર પક્ષપાતપૂર્ણ અને ભેદભાવપૂર્ણ રીતે લાદવામાં આવે તો તે અવરોધ બની શકે છે. એટલા માટે જ, તેઓએ અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ કર લાદવાની સત્તાને પ્રતિબંધિત કરવા માટે અલગથી જોગવાઈ કરી હતી. જોકે, તેઓ એવી રજૂઆત કરે છે કે કર એક અવરોધ છે તે સાબિત કરવાનો ભારે બોજ અરજદાર પર રહેશે.

૧૦૩. અટિયાબારી ટી કંપની લિ. અને ઓટોમોબાઇલ્સ માં આ કોર્ટે જે ઓસ્ટ્રેલિયન કેસો પર આધાર રાખ્યો હતો તેના પર આવતાં, તેઓ રજૂઆત કરે છે કે જેમ્સ વિ. કોમનવેલ્થ (૧૯૩૬) ૫૫ સી.એલ.આર. (૧) સહિત ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના અગાઉના કેસોના આધારે ઉપરોક્ત બંને કેસોમાં જે

‘પ્રત્યક્ષ અને તાત્કાલિક અસરની કસોટી’ પ્રતિપાદિત કરવામાં આવી હતી, તે ‘પ્રત્યક્ષ તાત્કાલિક અસરની કસોટી’ ને ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટની ૭ ન્યાયાધીશોની બેંચે કોલ વિ. વ્હાઇટફિલ્ડ અને અન્ય [જે (૧૯૮૮) ૭૮ એ.એલ.આર. (૪૧) માં પુનરાવર્તિત થયેલ છે] માં નકારી કાઢી છે અને ભેદભાવપૂર્ણ કસોટીને પ્રાધાન્ય આપ્યું છે. ૭ ન્યાયાધીશોની બેંચે ઠેરવ્યું કે વર્ષો દરમિયાન કલમ ૯૨ ના વિવિધ અર્થઘટનો પૈકી જેમને કોઈ સમર્થન પ્રાપ્ત થયું છે તેમાંથી માત્ર રાજકોષીય શુલ્ક સિદ્ધાંત અને ભેદભાવ–વિરોધી અર્થઘટનની જ તરફેણ કરવામાં આવી છે.

૧૦૪. યુ.એસ. સુપ્રિમ કોર્ટના કેસો પર આવતાં, વિદ્વાન વકીલ એવી રજૂઆત કરે છે કે કેસોનું વલણ દર્શાવે છે કે પ્રયાસ ભેદભાવની કસોટીને બદલવા પર છે. તેઓ રજૂઆત કરે છે કે કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ વિ. ચાર્લ્સ આર. બ્રેડી ૪૩૦ યુ.એસ. ૨૭૪ માં ઠેરવવામાં આવ્યું હતું કે આંતર–રાજ્ય વાણિજ્યમાં રોકાયેલા લોકોને રાજ્યના કરના બોજના તેમના વાજબી હિસ્સામાંથી મુક્ત કરવાનો વાણિજ્ય ખંડનો હેતુ ન હતો, ભલે તેનાથી વ્યવસાય કરવાનો ખર્ચ વધતો હોય.

૧૦૫. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ પર આવતાં, વિદ્વાન વકીલ એવી દલીલ કરે છે કે જો આપણે ઓટોમોબાઇલ માં નિર્ધારિત કસોટી લાગુ કરીએ તો પણ, અન્ય રાજ્યોમાંથી આવતો માલ સ્થાનિક વિસ્તારમાં આવીને સ્થિર થાય છે અને પ્રવેશ કર એ સરહદ પરનો કર કે માલની હેરફેર પરનો કર નથી. વિવિધ રાજ્યો કે

જેમના વતી તેઓ ઉપસ્થિત થયા છે તેમની વૈધાનિક યોજના દર્શાવે છે કે સરહદ પર કોઈ કર વસૂલવામાં આવતો નથી અને માત્ર ટ્રાન્ઝિટ પાસ આપવામાં આવે છે તેમજ પ્રવેશ કર સ્વ–આકારણીના આધારે ચૂકવવાનો રહે છે. અનુચ્છેદ ૩૦૪(એ) આ પ્રકારના પ્રવેશ કરનું રક્ષણ કરે છે.

૧૦૬. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી દિનેશ દ્વિવેદીએ યુ.પી. રાજ્ય વતી પોતાની રજૂઆતો કરી છે. શ્રી દ્વિવેદી, પ્રશ્ન નં. ૧ નો જવાબ આપતાં એવી રજૂઆત કરે છે કે બિન–ભેદભાવપૂર્ણ કર લાદવો તે સ્વયંભૂ રીતે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ બનતો નથી. તેઓ આગળ એવી રજૂઆત કરે છે કે વળતરરૂપી કર સંબંધિત પ્રશ્નનો જવાબ આપવાની જરૂર નથી કારણ કે કરનું વળતરરૂપી સ્વરૂપ સંવિધાનિક યોજનાની બહાર છે અને તેને રદબાતલ ઠેરવવું પડે તેમ છે. વિદ્વાન વકીલ એવી રજૂઆત કરે છે કે સંવિધાન એક જીવંત વ્યવસ્થા છે અને તેનો દરેક ભાગ સંવિધાનના અન્ય ભાગ પર પ્રકાશ પાડે છે. સંવિધાનના દરેક ભાગને ધ્યાને લેવો પડે અને સંવિધાનની અન્ય જોગવાઈઓને ધ્યાનમાં લીધા વિના તેના કોઈપણ ભાગનું અર્થઘટન કરી શકાય નહીં.

૧૦૭. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી વી. ગિરી કેરળ રાજ્ય વતી ઉપસ્થિત થયા છે. તેઓ રજૂઆત કરે છે કે કેરળ ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્ઝ ઇનટુ લોકલ એરિયાઝ એક્ટ, ૧૯૯૪ ને રદબાતલ ઠેરવતા કેરળ હાઇકોર્ટના ચુકાદા સામે કેરળ રાજ્ય દ્વારા ૩૮૩ અપીલો દાખલ કરવામાં આવી છે. તેઓ રજૂઆત કરે છે કે હાઇકોર્ટે એ કારણસર સદર અધિનિયમને રદબાતલ ઠેરવ્યો છે કે લાદવામાં

આવેલ કર વળતરરૂપી નથી અને તે સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરે છે.

૧૦૮. શ્રી ગિરી એવી રજૂઆત કરે છે કે વેચાણ વેરાની ચુકવણી સમયે પ્રવેશ કરની ક્રેડિટ આપવાની હોય છે. તેઓ એવી રજૂઆત કરે છે કે રાજ્યની અંદર ઉત્પાદિત અને નિર્મિત માલ તેમજ રાજ્ય બહાર નિર્મિત માલના સંબંધમાં કરનો બોજ લગભગ સમાન છે અને કર બિન–ભેદભાવપૂર્ણ હોવાથી તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો નથી.

૧૦૯. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અજિત કુમાર સિન્હાએ ઝારખંડ રાજ્ય વતી પોતાની રજૂઆતો કરી છે. શ્રી સિન્હા એવી રજૂઆત કરે છે કે બિહાર રાજ્ય દ્વારા ઘડવામાં આવેલ બિહાર એન્ટ્રી ટેક્સ એક્ટ, ૧૯૯૩ ને વર્ષ ૨૦૦૦ માં રાજ્યના પુનર્ગઠન પછી ઝારખંડ રાજ્ય દ્વારા અપનાવવામાં આવ્યો હતો.

૧૧૦. તેઓ એવી રજૂઆત કરે છે કે જોકે પટના હાઈકોર્ટે ૧૯૯૩ ના અધિનિયમને માન્ય રાખ્યો હતો પરંતુ ઝારખંડ હાઈકોર્ટે સદર કાયદાને રદબાતલ ઠેરવ્યો છે. ઝારખંડ દ્વારા લેવામાં આવેલા કારણો પૈકીનું એક કારણ એ છે કે ૧૯૯૩ ના અધિનિયમમાં ઝારખંડ રાજ્ય દ્વારા કરવામાં આવેલા સુધારાઓ માટે કોઈ રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવામાં આવી ન હતી. તેઓ રજૂઆત કરે છે કે તે સુધારાઓ કરવા માટે રાષ્ટ્રપતિની કોઈ મંજૂરી જરૂરી ન હતી.

૧૧૧. છત્તીસગઢ રાજ્યના વિદ્વાન એડવોકેટ જનરલ શ્રી જુગલ કિશોર ગિલ્ડાએ છત્તીસગઢ રાજ્ય વતી પોતાની રજૂઆતો કરી છે. વિદ્વાન એડવોકેટ

જનરલે શરૂઆતમાં જ જણાવ્યું હતું કે તેઓ શ્રી પી. પી. રાવ અને શ્રી રાકેશ દ્વિવેદી દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને અપનાવે છે.

૧૧૨. વિદ્વાન અધિક એડવોકેટ જનરલ શ્રી દેવ દત્ત કામથે કર્ણાટક રાજ્ય વતી રજૂઆતો કરી છે. તેઓ રજૂઆત કરે છે કે કર્ણાટક ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્ઝ એક્ટ, ૧૯૭૯ ની બંધારણીય કાયદેસરતા આ કોર્ટ દ્વારા 'સ્ટેટ ઓફ કર્ણાટક વિ. હંસા કોર્પોરેશન' ૧૯૮૦ (૪) એસ.સી.સી. ૬૯૭ માં અગાઉથી જ માન્ય રાખવામાં આવેલ છે.

૧૧૩. તેઓ એવી રજૂઆત કરે છે કે વાસ્તવમાં સિવિલ અપીલ નં. ૪૪૭૬/૨૦૦૦, એસ.એલ.પી. (સિવિલ) નં. ૧૬૭૮૬–૧૬૭૮૮/૨૦૦૯ અને એસ.એલ.પી. (સિવિલ) નં. ૧૨૭૮૯/૨૦૦૯ એવી ત્રણ સિવિલ અપીલોમાં આ બૃહદ બેંચને સંદર્ભિત કરવામાં આવેલા પ્રશ્નો ઉપસ્થિત થતા નથી અને તેઓ શ્રી પી. પી. રાવ અને શ્રી રાકેશ દ્વિવેદી દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને અપનાવે છે.

૧૧૪. વિદ્વાન અધિક એડવોકેટ જનરલ શ્રી સૌરભ શ્યામ શમશેરી રાજસ્થાન રાજ્ય વતી ઉપસ્થિત થયા છે. તેઓ રજૂઆત કરે છે કે રાજસ્થાન ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્ઝ ઇનટુ લોકલ એરિયાઝ એક્ટ, ૧૯૯૯ ને માન્ય રાખવામાં આવ્યો હતો જેની સામે વર્ષ ૨૦૦૧ માં કરદાતાઓ દ્વારા સ્પેશિયલ લીવ પિટિશન દાખલ કરવામાં આવી હતી. ત્યારબાદ, જિંદાલ સ્ટેનલેસ સ્ટીલ (૨) માં આ કોર્ટના ચુકાદા પછી, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૨૦૦૭ ના રોજ ડિવિઝન

બેંચે ૧૯૯૯ ના અધિનિયમને અનુચ્છેદ ૩૦૧ ના 'અલ્ટ્રા વાયર્સ' જાહેર કર્યો હતો, જે ચુકાદા સામે રાજ્ય દ્વારા અપીલ દાખલ કરવામાં આવી છે જે પડતર છે.

૧૧૫. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી હરીશ સાલ્વે, વિદ્વાન એટર્ની જનરલ, વિવિધ રાજ્યો અને અન્ય પક્ષકારો વતી ઉપસ્થિત રહેલા વિદ્વાન વકીલો દ્વારા કરવામાં આવેલી રજૂઆતોના પ્રત્યુત્તરમાં, એવી દલીલ કરે છે કે કરવેરાની સત્તા એ કોઈ પ્રકારનું સાર્વભૌમત્વ છે તેવી રજૂઆત સાચું વિધાન નથી.

૧૧૬. કર ભાગ ૩ ની બહાર છે તેવો અગાઉનો મત ઉલટાવી દેવામાં આવ્યો છે. જ્યારે એવું કહેવામાં આવે છે કે ભાગ ૧૩ માં કરનો સમાવેશ થાય છે, ત્યારે કોઈ રાજ્યના સાર્વભૌમત્વને નિર્બળ બનાવવાનું કહી રહ્યું નથી. ભાગ ૧૩ દ્વારા જે પ્રતિબંધિત છે તે વેપાર અને વાણિજ્યમાં 'પ્રત્યક્ષ અને તાત્કાલિક' અવરોધ છે. અનુચ્છેદ ૩૦૪(બી) માં પરિકલ્પિત રાષ્ટ્રપતિની મંજૂરીનો અર્થ એવો નથી કે આવી મંજૂરી રાજ્યના સાર્વભૌમત્વને અસર કરે છે. ૩૦૪(બી) નો પરંતુક ખૂબ જ સાંકડા ક્ષેત્રમાં કાર્ય કરે છે.

૧૧૭. શ્રી સાલ્વે આગળ એવી દલીલ કરે છે કે ન્યાયમૂર્તિ સિન્હાએ વેપારના અવરોધ તરીકે ટેરિફ વોલ થિયરી વિકસાવી હતી, કારણ કે તેઓ એવા મતના હતા કે કરવેરા કાયદાને ભાગ ૩ હેઠળ પડકારી શકાય નહીં. શ્રી સાલ્વે કે. કે. કોચુની અને અન્ય વિ. સ્ટેટ ઓફ મદ્રાસ અને અન્ય, (૧૯૬૦) ૩ એસ.સી.આર. ૮૮૭ તથા કે. ટી. મુપિલ નાયર વિ. સ્ટેટ ઓફ કેરળ અને અન્ય, (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૭ માં આ કોર્ટના ચુકાદાઓ અને ત્યારપછીના

કેટલાક કેસોનો સંદર્ભ આપતાં એવી દલીલ કરે છે કે સંવિધાનના ભાગ ૩ ની જોગવાઈઓના ઉલ્લંઘનના કારણસર કરવેરા કાયદાને નિઃશંકપણે પડકારી શકાય છે. તેઓ એવી રજૂઆત કરે છે કે જ્યારે કરવેરા કાયદાને ભાગ ૩ હેઠળ પડકારી શકાતો હોય, ત્યારે ભાગ ૧૩ ના ઉલ્લંઘન બદલ કરવેરા કાયદા સામેના પડકારને વિચારણામાં લેવા સામે કોઈ અડચણ નથી.

૧૧૮. અનુચ્છેદ ૧૯ અને અનુચ્છેદ ૩૦૧ હેઠળના પડકાર વચ્ચેનો તફાવત દર્શાવવા માટે શ્રી સાલ્વે એક ઉદાહરણ આપે છે. સમગ્ર દેશમાં વેપાર કરતી કોઈ ઓઇલ કંપનીને એક રાજ્યમાં પ્રવેશ કરના અતિશય ઊંચા દરનો સામનો કરવો પડે, તો તે કંપની એવી દલીલ કરી શકતી નથી કે અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ બાંહેધરી આપવામાં આવેલી તેના વ્યવસાય કરવાની સ્વતંત્રતાને અસર થઈ છે. જ્યારે તે રાજ્યમાં વ્યવસાય કરતો કોઈ વેપારી આવા અતિશય કરથી પ્રભાવિત થઈ શકે છે અને એવી દલીલ કરી શકે છે કે આ અતિશય કર અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપારને અવરોધે છે.

૧૧૯. શ્રી સાલ્વે એવી રજૂઆત કરે છે કે દેશના વિવિધ રાજ્યોના પ્રવેશ કર કાયદાઓને વિવિધ જૂથોમાં વર્ગીકૃત કરી શકાય છે. તેઓ રજૂઆત કરે છે કે કાયદાઓનું એક જૂથ, જેમાં તમિલનાડુ, આંધ્રપ્રદેશ, કેરળ રાજ્યોનો સમાવેશ થાય છે, એવા કાયદાઓ છે જેમાં પ્રવેશ કર માત્ર અન્ય રાજ્યમાંથી આયાત કરવામાં આવતા માલ પર જ લાદવામાં આવે છે અને સ્થાનિક રીતે ઉત્પાદિત/નિર્મિત માલ પર કોઈ કર લાદવામાં આવતો નથી, જે સ્પષ્ટપણે

ભેદભાવપૂર્ણ છે અને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘનકર્તા છે. તેઓ રજૂઆત કરે છે કે કાયદાઓની બીજી શ્રેણી એવા કેસો ધરાવે છે જ્યાં કાયદામાં બાહ્ય રીતે માલ પર એટલે કે રાજ્ય બહારથી આવતા માલ અને સ્થાનિક માલ પર પ્રવેશ કર લાદવામાં આવે છે, પરંતુ કાયદામાં એવી યુક્તિ સમાવિષ્ટ છે જેના દ્વારા સ્થાનિક માલને સેટ–ઓફ/મુક્તિ આપવામાં આવે છે જેના પરિણામે સ્થાનિક માલ પર પ્રવેશ કર લાદવામાં આવતો નથી, જે અન્ય પ્રકારના ભેદભાવ તરફ દોરી જાય છે અને તે પણ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે. બીજી શ્રેણીમાં, આસામ, બિહાર, ઝારખંડ રાજ્ય અને અન્ય કેટલાક રાજ્યોનો સમાવેશ થાય છે. કાયદાઓની ત્રીજી શ્રેણી છે જ્યાં ઘણી રીતે ભેદભાવ આચરવામાં આવે છે, ઉદાહરણ તરીકે, ઓરિસ્સા અને મધ્યપ્રદેશ રાજ્યની જેમ ઉત્પાદકોને કાચા માલ પર પ્રવેશ કરનો સેટ–ઓફ આપવામાં આવે છે. કાયદાઓની ચોથી શ્રેણી છે જ્યાં છત્તીસગઢ રાજ્યની જેમ વિશેષ વિસ્તાર બનાવીને પ્રવેશ કર લાદવામાં આવે છે.

૧૨૦. શ્રી સાલ્વે એવી દલીલ કરે છે કે રાજ્યો વતી ઉપસ્થિત કરવામાં આવેલી એવી રજૂઆત કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ભેદભાવનો પ્રશ્ન કોઈ ચોક્કસ કરની અસરના આધારે નહીં પરંતુ કરવેરાના સમગ્ર બોજના આધારે નક્કી કરવાનો રહે છે, તે અનુચ્છેદ ૩૦૪(એ) ની સાદી ભાષાથી વિપરીત છે અને સંવિધાનના ભાગ ૧૩ ના અંતર્નિહિત ઉદ્દેશ્યને નિષ્ફળ બનાવશે. શ્રી સાલ્વે આગળ એવી રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) ના બે ભાગ છે. પ્રથમ ભાગ હેઠળ 'રાજ્ય કાયદા દ્વારા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત

સમાન માલ પર લાગુ પડતો હોય.' તેઓ રજૂઆત કરે છે કે બીજો ભાગ બિન–ભેદભાવની જોગવાઈ કરે છે, જે 'ભેદભાવ ન થાય તે રીતે' શબ્દો દ્વારા દર્શાવવામાં આવેલ છે.

૧૨૧. છેલ્લે, અન્યાયી સમૃદ્ધિની રજૂઆતનો પ્રત્યુત્તર આપતાં શ્રી સાલ્વે એવી દલીલ કરે છે કે કર આગળ પસાર કરી દેવામાં આવ્યો છે તેવી ઉપધારણા એ એક ખંડનપાત્ર ઉપધારણા છે અને કર આગળ પસાર કરવામાં આવ્યો છે કે નહીં તે હકીકતનો પ્રશ્ન છે અને તેની વિચારણા આકારણી સત્તાવાળાઓ દ્વારા કરવાની રહે છે. તેઓએ (૨૦૦૫) ૨ એસ.સી.સી. ૨૧૫ માં નોંધાયેલા ગોડફ્રે ફિલિપ્સ ઇન્ડિયા લિ. વિ. સ્ટેટ ઓફ યુ.પી. ના આ કોર્ટના ચુકાદાનો પણ સંદર્ભ આપ્યો છે. મૂડી માલના સંદર્ભમાં તેઓ દલીલ કરે છે કે કોઈ કર આગળ પસાર કરવાનો હોઈ શકે નહીં.

૧૨૨. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એ. કે. ગાંગુલી, પ્રત્યુત્તરમાં પોતાની રજૂઆત કરતાં એવી દલીલ કરે છે કે બંધારણીય ઇતિહાસ અને બંધારણ સભાની ચર્ચાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે સંવિધાનના ભાગ ૧૩ માં કરવેરાને વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર એક 'નિયંત્રણ' ગણવાની પરિકલ્પના કરવામાં આવી હતી અને આવાં નિયંત્રણો માત્ર અનુચ્છેદ ૩૦૨–૩૦૬ ના રૂપમાં મર્યાદિત મુક્તિ તરીકે માન્ય રાખવામાં આવ્યા હતા. યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨ પર આવતાં, શ્રી એ. કે. ગાંગુલી એવી રજૂઆત કરે છે કે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશની પરિકલ્પના કરવામાં આવી હતી, સંવિધાનના

ઘડવૈયાઓ રાજ્યની સરહદોથી સારી રીતે વાકેફ હતા અને તેઓએ જાણીજોઈને રાજ્યની સરહદમાં પ્રવેશની પસંદગી કરી ન હતી. પ્રવિષ્ટિ પર રાજ્યને એક એકમ તરીકે પરિકલ્પિત કરતી નથી. કર લાદવાનો આપાત પ્રવેશ કર એકત્રિત કરવાના તંત્ર સંબંધિત જોગવાઈઓથી અલગ છે. અનુચ્છેદ ૩૦૪(એ) પર આવતાં, શ્રી ગાંગુલી રજૂઆત કરે છે કે આ જોગવાઈઓ બે શરતો પૂર્ણ કરવાની પરિકલ્પના કરે છે, અર્થાત્ તે રાજ્યમાં નિર્મિત અને ઉત્પાદિત સમાન માલ પર કર લાગુ પડતો હોવો જોઈએ અને વધુમાં આયાતી માલ તેમજ સ્થાનિક માલ વચ્ચે બિન–ભેદભાવપૂર્ણ કર હોવો જોઈએ. તેઓ આગળ એવી દલીલ કરે છે કે ૩૦૪(એ) હેઠળ આવરી લેવાયેલ ન હોય તેવા અન્ય પ્રકારના કર ૩૦૪(બી) હેઠળ આવશે.

૧૨૩. શ્રી એસ. કે. બાગારિયા, શ્રી અરવિંદ પી. દાતાર, શ્રી રવીન્દ્ર શ્રીવાસ્તવ, શ્રી બી. લક્ષ્મીકુમારન અને શ્રી એન. વેંકટરામને પણ પ્રત્યુત્તરમાં પોતાની રજૂઆતો કરી છે.

૧૨૪. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એસ. કે. બાગારિયા, પોતાના પ્રત્યુત્તરમાં રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) માં બે શરતો છે. તેઓ વધુમાં રજૂઆત કરે છે કે યાદી ૨ ની પ્રવિષ્ટિ ૯૨(એ) અને ૯૨(બી) સમગ્ર આંતરરાજ્ય વેપાર અને આંતરરાજ્ય હેરફેરના તમામ પાસાઓને આવરી લે છે.

૧૨૫. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી અરવિંદ પી. દાતારે પોતાની રજૂઆતોમાં પુનરોચ્ચાર કર્યો કે કર કાયદાઓ સ્વતઃ ભાગ ૧૩ ના દાયરાની બહાર નથી.

તેઓ વધુમાં દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) માં કરવેરાનો સમાવેશ થાય છે. તેઓ રજૂઆત કરે છે કે અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર માલનો જ સંદર્ભ આપે છે જ્યારે વ્યક્તિઓ, પ્રવૃત્તિઓ અને વસ્તુઓ પર પણ કર લાદી શકાય છે. અનુચ્છેદ ૩૦૪(એ) કરવેરાના અન્ય ભાગોને આવરી લેશે નહીં જે અનિવાર્યપણે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ જવા જોઈએ. માત્ર બહારના રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર જ પ્રવેશ કર લાદવો અને રાજ્યની અંદરથી સ્થાનિક વિસ્તારોમાં પ્રવેશ પર તે ન લાદવો તે પરવાનગીપાત્ર નથી. આવા કરો યાદી ૨ ની પ્રવિષ્ટિ પર૨ નું ઉલ્લંઘન કરનારા છે જે માત્ર "સ્થાનિક વિસ્તારો" માં પ્રવેશ પર જ પ્રવેશ કરની પરવાનગી આપે છે. જ્યારે કરનો દર સમાન હોય પરંતુ અન્ય લક્ષણો હોય જે નિયંત્રણો હોય, ત્યારે પણ અનુચ્છેદ ૩૦૪(બી) માં કરોનો સમાવેશ થઈ શકે છે. કરનો ઊંચો દર કદાચ અનુચ્છેદ ૧૯(૧)(જી) ની વિરુદ્ધ ન જાય પરંતુ તે અનુચ્છેદ ૩૦૪(બી) નું ઉલ્લંઘન કરી શકે છે. તેઓ રજૂઆત કરે છે કે આતિયાબારીમાં પ્રતિપાદિત કર્યા મુજબ કર અવરોધનો પ્રશ્ન, કેસ દર કેસ પર છોડવાનો રહે છે. ભાગ ૧૩ હેઠળ પરિકલ્પિત નિયંત્રણો નાણાકીય અને બિન-નાણાકીય બંને હોઈ શકે છે. આજની તારીખે સંઘના ૪૨ ટકા કર રાજ્યોને જાય છે.

૧૨૬. વિડિયો ઇલેક્ટ્રોનિક્સ પર આવતાં, વિદ્વાન વકીલ રજૂઆત કરે છે કે જો રાજ્યનો ઉદ્દેશ્ય આર્થિક વિકાસ હોય, તો રાજ્ય આયાતી માલ અને સ્થાનિક માલના સંબંધમાં અલગ-અલગ કર લાદી શકે નહીં, રાજ્ય કોઈપણ પ્રકારના ઉદ્યોગને સબસિડી અને અન્ય સહાય આપવા માટે મુક્ત છે પરંતુ

આર્થિક વિકાસના નામે ભેદભાવપૂર્ણ કરોની જોગવાઈ કરવી એ અનુચ્છેદ ૩૦૪(એ) ની તદ્દન વિરુદ્ધ છે. સ્થાનિક માલ અને આયાતી માલ વચ્ચેનો કોઈપણ ભેદભાવ સ્વતઃ પ્રતિકૂળ છે. અન્યાયી સમૃદ્ધિના પ્રશ્ન પર આવતાં, વિદ્વાન વકીલ રજૂઆત કરે છે કે આ મુદ્દો આકારણી સત્તાવાળાઓ દ્વારા વિચારણા કરવા માટે છોડવો પડશે. તેઓ રજૂઆત કરે છે કે રાજ્યોના અલગ–અલગ કાયદાઓ અને હકીકતો છે જે દરેક કેસમાં ભિન્ન છે અને અન્યાયી સમૃદ્ધિના સિદ્ધાંતને લાગુ કરવા માટે તેની તપાસ કરવી પડશે. વિદ્વાન વકીલ રજૂઆત કરે છે કે જો આ કોર્ટ આજે આતિયાબારી અને ઓટોમોબાઇલને ઉલટાવે, તો ચુકાદાઓને ઉલટાવવાની બાબત ભવિષ્યવર્તી હોવી જોઈએ જેથી કર અંગે અગાઉથી નક્કી થયેલી સ્થિતિમાં ખલેલ ન પહોંચે. વિદ્વાન વકીલે આ કોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા કેટલાક વચગાળાના હુકમોનો પણ સંદર્ભ આપ્યો છે જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે રાજ્ય અન્યાયી સમૃદ્ધિ પર ભાર મૂકવા માટે હકદાર રહેશે નહીં. તેઓ રજૂઆત કરે છે કે કોર્ટના હુકમ હેઠળ જમા કરવામાં આવેલી કોઈપણ રકમ એ અન્યાયી સમૃદ્ધિ નથી.

૧૨૭. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી બી. લક્ષ્મીકુમારન પોતાના પ્રત્યુત્તરમાં પુનરોચ્ચાર કરે છે કે કર સ્વતઃ અનુચ્છેદ ૩૦૧ હેઠળ આવરી લેવાયેલ છે. અનુચ્છેદ ૩૦૪(એ) નો સંદર્ભ આપતાં, વિદ્વાન વકીલ રજૂઆત કરે છે કે જ્યારે માલ અન્ય રાજ્યોમાંથી સ્થાનિક વિસ્તારોમાં પ્રવેશ કરે ત્યારે અને રાજ્યોની અંદરના સ્થાનિક માલ પર સમાન કર લાદવાનો હોય છે. આયાતી માલ પર લાદવામાં આવતા પ્રવેશ કરના કુલ પ્રમાણને અને રાજ્યોની અંદરના અન્ય

કેટલાક સ્થાનિક કરો કે જે પ્રવેશ કરના સ્વરૂપના નથી, તેને સમાન ગણવું પરવાનગીપાત્ર નથી. ભેદભાવને સમજવાના હેતુઓ માટે વિવિધ માપદંડો ધ્યાને લેવાના રહે છે. તેઓ વધુમાં દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪(બી) અન્ય કાયદા ઉપરાંત કર કાયદાને પણ આવરી શકે છે.

૧૨૮. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી એન. વેંકટરામન પોતાના પ્રત્યુત્તરમાં દલીલ કરે છે કે સંઘ અને રાજ્યો બંનેની વૈધાનિક સત્તાઓ સંવિધાનની જોગવાઈઓને આધીન છે, જેમાં તેના પરની અને તેમાં ઘડવામાં આવેલી મર્યાદાઓનો પણ સમાવેશ થાય છે.

૧૨૯. અંતમાં, પ્રત્યુત્તરમાં કરવામાં આવેલી કેટલીક વધારાની રજૂઆતોના જવાબમાં અમે ફરીથી શ્રી પી. પી. રાવ અને શ્રી રાકેશ દ્વિવેદીને સાંભળ્યા છે.

ભાગ ૪

એ. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કાયદાકીય ઈતિહાસ અને સંવિધાન સભામાં ચર્ચાઓ

૧૩૦. ઉપરોક્ત વિષય પરની ચર્ચા નીચેના ત્રણ પાસાઓ પર કેન્દ્રિત કરવાની જરૂર છે, અર્થાત્:

એ. વેપારની સ્વતંત્રતાનો કાયદાકીય ઈતિહાસ,

બી. સંવિધાન સભાની ચર્ચાઓમાંથી ઉભરી આવતી વેપારની સ્વતંત્રતા,

સી. કર, શું સંવિધાન સભા દ્વારા વેપારની સ્વતંત્રતા પર 'નિયંત્રણ' તરીકે ગણવામાં આવ્યો હતો.

૧૩૧. બ્રિટિશ શાસન દરમિયાન, ૧૯મી સદીના અંત સુધીમાં ભારત માટે સંવિધાનનો મુસદ્દો તૈયાર કરવાના પ્રયાસો શરૂ થઈ ગયા હતા. શ્રી બાળ ગંગાધર તિલકની પ્રેરણા હેઠળ, ધ સ્વરાજ બિલ, ૧૮૮૫ એ સંવિધાનનો મુસદ્દો તૈયાર કરવાનો પ્રથમ બિન–સત્તાવાર પ્રયાસ હતો. ઓસ્ટ્રેલિયા દ્વારા પ્રાપ્ત ડોમિનિયન દરજ્જો અને ધ ઓસ્ટ્રેલિયન કોન્સ્ટીટ્યુશન એક્ટ, ૧૯૦૦ પસાર થવાની બાબત રાષ્ટ્રીય ચળવળ સાથે સંકળાયેલા લોકોના ધ્યાને આવી હતી. કેન્દ્રીય અને પ્રાંતીય વિધાનમંડળના સભ્યો અને ભૂતપૂર્વ સભ્યો સહિતના ભારતીય નેતાઓએ એક બિલ તૈયાર કર્યું હતું, અર્થાત્, 'કોમનવેલ્થ ઓફ ઈન્ડિયા બિલ, ૧૯૨૫' કે જેને ડિસેમ્બર, ૧૯૨૫ માં હાઉસ ઓફ કોમન્સમાં વાંચવામાં આવ્યું હતું, જેમાં નીચે મુજબની અસર ધરાવતી વેપારની સ્વતંત્રતા પરની એક કલમ સમાવિષ્ટ હતી:

> "૨૫. પ્રાંતો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે, અને કોઈપણ પ્રાંત કે પ્રાંતોને કોઈ પ્રાધાન્ય આપવામાં આવશે નહીં."

૧૩૨. બ્રિટિશ ભારતમાં, કોઈપણ આંતરિક પ્રાંતીય જકાત અથવા અન્ય વેપાર અવરોધો વિના વેપારની સ્વતંત્રતા વ્યવહારમાં હતી જ્યારે દેશી રાજ્યોમાં આંતરિક કસ્ટમ અને અન્ય વેપાર અવરોધો હતા. ઉપરોક્ત વ્યવહારે ધ

ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ માં વૈધાનિક સ્વરૂપ ધારણ કર્યું કે જેણે પ્રાંતીય સરકારને દેશની અંદર વેપાર પર અવરોધો લાદવાથી પ્રતિબંધિત કરી હતી. કલમ ૨૯૭ નીચે મુજબ વંચાય છે:

"૨૯૭. "(૧) કોઈ પણ પ્રાંતીય વિધાનમંડળ અથવા સરકાર —

(એ) પ્રાંતની અંદર વેપાર અને વાણિજ્ય સંબંધિત પ્રાંતીય વૈધાનિક યાદીની પ્રવિષ્ટિના આધારે, અથવા ચીજવસ્તુઓના ઉત્પાદન, પુરવઠા અને વિતરણ સંબંધિત તે યાદીની પ્રવિષ્ટિના આધારે, કોઈપણ વર્ગ અથવા વર્ણનના માલના પ્રાંતમાં પ્રવેશ અથવા પ્રાંતમાંથી નિકાસ પર પ્રતિબંધ મૂકતો અથવા નિયંત્રિત કરતો કોઈપણ કાયદો પસાર કરવાની અથવા કોઈપણ કારોબારી પગલું ભરવાની સત્તા ધરાવશે નહીં; અથવા

(બી) આ અધિનિયમમાંની કોઈપણ બાબતના આધારે એવો કોઈપણ કર, ઉપકર, ટોલ અથવા લેણું લાદવાની સત્તા ધરાવશે નહીં કે જે, પ્રાંતમાં ઉત્પાદિત કે નિર્મિત થયેલા માલ અને તે રીતે ઉત્પાદિત કે નિર્મિત ન થયેલા તેવા જ માલ વચ્ચે, પહેલાં જણાવેલ માલની તરફેણમાં ભેદભાવ કરતો હોય; અથવા જે, પ્રાંતની બહાર ઉત્પાદિત કે નિર્મિત માલના કિસ્સામાં, એક વિસ્તારમાં ઉત્પાદિત કે નિર્મિત થયેલા માલ અને અન્ય વિસ્તારમાં ઉત્પાદિત કે નિર્મિત થયેલા તેવા જ માલ વચ્ચે ભેદભાવ કરતો હોય.

(૨) આ કલમના ઉલ્લંઘનમાં પસાર કરવામાં આવેલો કોઈપણ કાયદો, ઉલ્લંઘનની મર્યાદા સુધી, અમાન્ય રહેશે."

૧૩૩. બ્રિટિશ વડાપ્રધાન દ્વારા ૧૬ મે, ૧૯૪૬ ના રોજ કેબિનેટ મિશન પ્લાનની જાહેરાત એ સુનિશ્ચિત કરવા માટે હતી કે ભારત સ્વતંત્રતા પ્રાપ્ત કરે અને હાલની શાસન વ્યવસ્થાનું સ્થાન કેવા પ્રકારની સરકાર લેશે તે નક્કી કરે. કેબિનેટ મિશન પ્લાને સંવિધાન સભાની રચના, કામગીરી અને કાર્યપદ્ધતિનો પાયો નાખ્યો હતો.

૧૩૪. સંવિધાન સભા ઓસ્ટ્રેલિયા, યુ.એસ.એ. ના સંવિધાન અને વિશ્વના અન્ય સંવિધાનોથી સારી રીતે વાકેફ હતી. વેપારની સ્વતંત્રતા પર સંવિધાન સભાએ ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ અને ૯૯ માંથી ઓસ્ટ્રેલિયન મોડેલને પ્રાધાન્ય આપ્યું હતું, જે નીચે મુજબની અસર ધરાવતી હતી:

"૯૨. કોમનવેલ્થની અંદર વેપાર મુક્ત રહેશે

કસ્ટમ્સની એકસમાન જકાતો લાદવા પર, રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સમુદ્રી જળપરિવહન દ્વારા હોય, સંપૂર્ણપણે મુક્ત રહેશે...."

"૯૯. કોમનવેલ્થે કોઈ પ્રાધાન્ય આપવું નહીં

કોમનવેલ્થ, વેપાર, વાણિજ્ય અથવા મહેસૂલના કોઈપણ કાયદા કે નિયમન દ્વારા, એક રાજ્ય અથવા તેના કોઈપણ ભાગને બીજા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ કરતાં કોઈ પ્રાધાન્ય આપશે નહીં."

૧૩૫. જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા, (૧૯૩૬) એ.સી. ૫૭૮ માં પ્રિવિ કાઉન્સિલ સમક્ષ ઓસ્ટ્રેલિયાના સંવિધાનની કલમ ૯૨ હેઠળ આપવામાં આવેલી વેપારની સ્વતંત્રતા પર વિચારણા કરવાનો અવસર આવ્યો હતો. પ્રિવિ કાઉન્સિલ દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "આમ જે કલમોની મધ્યમાં કલમ ૯૨ મૂકવામાં આવી છે તેનો સંદર્ભ આપી શકાય છે. એ સર્વવિદિત છે કે ફેડરેશન જે ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માંગતું હતું તેમાંનો એક ઉદ્દેશ્ય વસાહતો વચ્ચેના વેપાર પરના નિયંત્રણો નાબૂદ કરવાનો અને વિવિધ રાજ્યોના ટેરિફ તથા સરહદી નિયમનોમાં રહેલી વિવિધતા નાબૂદ કરવાનો હતો; આને "જૂનું આંતર-વસાહતી વેપાર યુદ્ધ" તરીકે વર્ણવવામાં આવ્યું હતું."

૧૩૬. કલમ ૯૨ નો અર્થ એવો કરવામાં આવ્યો હતો કે "સામાન્ય બોલચાલમાં મુક્ત વેપારનો અર્થ ટેરિફમાંથી મુક્તિ થાય છે".

મેલબોર્ન યુનિવર્સિટીના પ્રોફેસર ડેવિડ પી. ડેરહામે "ભારતીય સંવિધાનના ભાગ ૧૩ હેઠળ ઉદ્ભવતી કેટલીક બંધારણીય સમસ્યાઓ" વિષય પર ચર્ચા કરતાં ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ પર નીચે મુજબના પ્રકારે પોતાના વિચારો વ્યક્ત કર્યા છે:

"તેના ઓસ્ટ્રેલિયન મૂળમાં એ બાબતમાં લેશમાત્ર શંકા નથી કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાનો અર્થ ઓછામાં ઓછો કરવેરામાંથી સ્વતંત્રતા થાય છે. ઓસ્ટ્રેલિયામાં સંઘીય ચળવળના મુખ્ય હેતુઓ પૈકીનો એક હેતુ જેને "સરહદી બર્બરતા" તરીકે ઓળખવામાં આવતી હતી — રાજ્યોની સરહદો પર કસ્ટમ અવરોધોની કામગીરી — તેને દૂર કરવાની ઇચ્છા હતી. ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ આ હેતુ પ્રાપ્ત કરવા માટે, ઓસ્ટ્રેલિયાની આર્થિક એકતા સુનિશ્ચિત કરવા માટે, પરસ્પર સ્પર્ધા કરતી રાજ્ય રાજકોષીય પ્રણાલીઓનું ચાલુ રહેવું અટકાવવા માટે તૈયાર કરવામાં આવેલી જોગવાઈઓ પૈકીની એક જોગવાઈ હતી."

૧૩૭. ભારતીય સંવિધાનના ઘડવૈયાઓએ જોકે ઉપર જણાવેલ કલમ ૯૨ માંથી પ્રેરણા લીધી હતી, પરંતુ શરૂઆતના તબક્કે પણ વેપારની સ્વતંત્રતા નિયંત્રણ સાથે અને માત્ર અમુક કર લાદવાની પરવાનગી સાથે વિચારવામાં આવી હતી. મૂળભૂત અધિકારો અંગેની પેટા–સમિતિએ સલાહકાર સમિતિને તારીખ ૧૬.૦૪.૧૯૪૭ નો અહેવાલ સુપરત કર્યો હતો જેના પેરા ૬ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"૬. અમારો એવો અભિપ્રાય છે કે દરેક નાગરિક સંઘના પ્રદેશોમાં કોઈપણ આંતરિક જકાત અથવા કસ્ટમ્સના કરોના બોજ વિના મુક્ત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર માટે હકદાર છે. તે જ સમયે, અમે સમજીએ

છીએ કે ઘણા દેશી રાજ્યો તેમની આવકના નોંધપાત્ર ભાગ માટે આવી જકાતો અને કરો પર નિર્ભર છે અને એકાએક તેના વિના ચલાવી શકે તેમ નથી. અન્ય દેશોના સંવિધાનો ઘડવામાં પણ આવી જ મુશ્કેલીઓ ઊભી થઈ હતી અને જ્યાં સુધી સંઘમાં મુક્ત વેપાર તરફ સરળ સંક્રમણ માટેની કોઈ યોજના ન હોય ત્યાં સુધી અનિવાર્યપણે ઘર્ષણ ઊભું થશે. તેથી સંવિધાન દ્વારા નિર્ધારિત કરવાના સમયગાળાની અંદર આખરે તેમની નાબૂદી કરવાના હેતુથી તે રાજ્યો સાથે તેમના હાલના અધિકારોના સંદર્ભમાં અમુક કરાર કરવો પડશે. ત્યારબાદ, સંઘની અંદર અવરોધરહિત મુક્ત વેપાર રહેશે."

૧૩૮. સલાહકાર સમિતિએ મૂળભૂત અધિકારો અંગેની પેટા–સમિતિના અહેવાલ પર વિચારણા કરી. સલાહકાર સમિતિના અધ્યક્ષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે સંવિધાન સભાને તારીખ ૨૩ એપ્રિલ, ૧૯૪૭ નો અહેવાલ મોકલ્યો હતો, જેના ફકરા ૫ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"૫. કલમ ૧૦ સમગ્ર સંઘમાં નાગરિકો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા સાથે સંબંધ ધરાવે છે. આ કલમ પર વિચારણા કરતી વખતે અમે એ હકીકતને ધ્યાનમાં લીધી છે કે ઘણા દેશી રાજ્યો પોતાની આવકના નોંધપાત્ર ભાગ માટે આંતરિક કસ્ટમ્સ પર નિર્ભર છે અને સંવિધાન અધિનિયમ અમલમાં આવતાં જ આવી જકાતો તાત્કાલિક નાબૂદ કરવી તેમના માટે સરળ નહીં હોય. તેથી, અમે માનીએ

છીએ કે સંઘ માટે આવા રાજ્યો સાથે તેમના હાલના અધિકારોના સંદર્ભમાં કરાર કરવા વાજબી રહેશે, જેથી તેમને સંવિધાન દ્વારા નિર્ધારિત કરવાના મહત્તમ સમયગાળા સુધીનો સમય આપી શકાય, કે જે સમયગાળા સુધીમાં આંતરિક કસ્ટમ્સ નાબૂદ કરી શકાય અને સંઘની અંદર સંપૂર્ણ મુક્ત વેપાર સ્થાપિત કરી શકાય."

૧૩૯. સંવિધાન સભાએ ૧ મે, ૧૯૪૭ ના રોજ મૂળભૂત અધિકારો અંગેના અહેવાલ પર વિચારણા કરી.

૧૪૦. શ્રી કે. એમ. મુનશીએ કસ્ટમ જકાતો અને કર સંબંધે નીચે મુજબનું નિવેદન કર્યું હતું:

"પરંતુકમાં એવી કલ્પના કરવામાં આવી છે કે કોઈ એકમ, પોતે તે એકમમાં ઉત્પાદિત માલના ભાવના સ્તર સુધી આયાત કરાયેલા માલના ભાવનું સ્તર લાવવાના હેતુથી અમુક કસ્ટમ જકાત લાદી શકે છે. નહિંતર, અન્ય એકમોમાં ઉત્પાદિત માલ તે ચોક્કસ એકમમાં મોટા પાયે ઠલવાઈ જશે. માત્ર તે જ દૃષ્ટિથી આ પરંતુક ઉમેરવામાં આવ્યું છે. તેથી, પ્રાંતો અન્ય એકમોમાંથી આયાત કરવામાં આવતા માલ પર તેનું મૂલ્ય તે એકમમાં જ ઉત્પાદિત માલના સ્તર સુધી લાવવાના હેતુથી અમુક જકાત અને કર લાદી શકે છે. પરંતુ સાહેબ, એવું અનુભવાયું હતું કે આ અપૂર્ણ હતું. તે એકમમાં ઉત્પાદિત માલની તરફેણ થાય તેવા નિયમનો અને શરતો બનાવી શકાય છે અને તેથી, 'અને એવા નિયમનો અને શરતો

હેઠળ કે જે બિન-ભેદભાવપૂર્ણ હોય' તે શબ્દો ઉમેરવા પડશે, જેથી શરતો એવી ન હોવી જોઈએ કે જે આયાત કરાયેલા માલના ભાવમાં વધારો કરી દે. તેથી, સમગ્ર મુદ્દો એ છે કે એવા પ્રકારનું કોઈ નિયમન કે કોઈ શરતો ન હોવી જોઈએ કે જે બહારથી ઉત્પાદિત અને આયાત કરાયેલા માલની સામે તે એકમમાં ઉત્પાદિત માલની તરફેણ કરે."

૦૧ મે ૧૯૭૭ના રોજ અમુક સુધારાઓ સ્વીકારવામાં આવ્યા હતા.

૧૪૧. મુસદ્દા સમિતિ દ્વારા આખરી કરવામાં આવેલા મુસદ્દા બંધારણમાં, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાને કલમ ૧૬ માં નીચેના શબ્દોમાં મૂળભૂત અધિકારો પૈકી એક તરીકે સમાવિષ્ટ કરવામાં આવી હતી:

"૧૬. આ બંધારણના અનુચ્છેદ ૨૪૪ ની જોગવાઈઓ અને સંસદ દ્વારા બનાવવામાં આવેલા કોઈપણ કાયદાને આધીન રહીને, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહાર મુક્ત રહેશે."

૧૪૨. 'આંતર-રાજ્ય વેપાર અને વાણિજ્ય' શીર્ષક હેઠળ અનુચ્છેદોનો બીજો સમૂહ અનુચ્છેદ ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ હતા કે જે નીચે મુજબની અસર ધરાવતા હતા:

| **અનુચ્છેદ** | **મૂળ લખાણ** |
|---|---|
| **૨૪૩.**<br>વેપાર અથવા વાણિજ્યને લગતા કોઈપણ | વેપાર અથવા વાણિજ્યને લગતા કોઈપણ<br>કાયદા અથવા નિયમન દ્વારા એક રાજ્યને |

| | |
|---|---|
| કાયદા અથવા નિયમન દ્વારા એક રાજ્યને બીજા રાજ્ય કરતાં પસંદગી આપવા અથવા ભેદભાવ રાખવા પર પ્રતિબંધ. | બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહિ કે એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરવામાં આવશે નહિ, પછી ભલે તે જમીન, પાણી અથવા હવાઈ માર્ગે કરવામાં આવતો હોય.<br><br>સમિતિનો એવો અભિપ્રાય છે કે અનુચ્છેદ ૨૪૩ અને ૨૪૪ માં સમાવિષ્ટ જોગવાઈઓ મૂળભૂત અધિકારો સાથે સંબંધિત ભાગ ૩ માં સમાવવાને બદલે આ પ્રકરણમાં વધુ યોગ્ય રીતે સમાવવી જોઈએ. |
| **૨૪૪.**<br>રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધ. | આ બંધારણના અનુચ્છેદ ૧૬ માં અથવા પાછલા અનુચ્છેદમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય માટે કાયદેસર રહેશે—<br><br>(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર એવો કોઈપણ કર લાદવો કે જેના હેઠળ તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલ સમાન માલ આવરી લેવાયેલ હોય, જોકે, એવી રીતે કે જેથી આવી આયાત કરેલ માલ અને આવા ઉત્પાદિત કે પેદા થયેલ માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને |

| | |
|---|---|
| | (બી) જાહેર હિતમાં જરૂરિયાત મુજબ તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા આવા વાજબી પ્રતિબંધો લાદવા:<br><br>પરંતુ શરત એ છે કે આ બંધારણના પ્રારંભથી પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આ અનુચ્છેદના ખંડ (બી) ની જોગવાઈઓ આ બંધારણના અનુચ્છેદ ૩૦૬ ના ખંડ (એ) માં ઉલ્લેખિત કોઈપણ ચીજવસ્તુઓના વેપાર કે વાણિજ્યને લાગુ પડશે નહિ. |
| **૨૪૫.**<br>અનુચ્છેદ ૨૪૩ અને ૨૪૪ ની જોગવાઈઓનો અમલ કરવા માટે સત્તાધિકારીની નિમણૂક. | સંસદ આ બંધારણના અનુચ્છેદ ૨૪૩ અને ૨૪૪ ની જોગવાઈઓના અમલ માટે કાયદા દ્વારા યોગ્ય ગણે તેવા સત્તાધિકારીની નિમણૂક કરશે અને આ રીતે નિમણૂક કરાયેલા સત્તાધિકારીને જરૂરી જણાય તેવી સત્તાઓ અને ફરજો સોંપશે. |

મુસદ્દા અનુચ્છેદ ૧૬ તારીખ ૦૩ ડિસેમ્બર ૧૯૪૮ના રોજ બંધારણ સભા સમક્ષ ચર્ચા માટે આવ્યો હતો.

૧૪૩. શ્રી સી. સુબ્રમણ્યમે એ મતલબનો વાંધો ઉઠાવ્યો હતો કે રાજ્ય વિધાનમંડળને આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યના સંબંધમાં અમુક કર લાદવાની સત્તાઓ આપવામાં આવી છે અને અનુચ્છેદ ૧૬ સંસદના કાયદાને આધીન હોવાથી, તે કેવી રીતે મૂળભૂત અધિકાર હોઈ શકે અને શું કોઈ અધિકાર અનામત રાખવામાં પણ આવ્યો છે કે કેમ.

૧૪૪. ડૉ. બી. આર. આંબેડકરે શ્રી સુબ્રમણ્યમના વાંધાઓનો જવાબ આપ્યો હતો અને સમજાવ્યું હતું કે શા માટે અનુચ્છેદ ૧૬ ને મૂળભૂત અધિકારોમાં મૂકવામાં આવ્યો હતો. ડૉ. આંબેડકરે જણાવ્યું હતું કે બંધારણ સભાએ જ્યારે તેનું કાર્ય શરૂ કર્યું, ત્યારે કેટલીક મર્યાદાઓ હતી કારણ કે રાજ્યો માત્ર ત્રણ વિષયો, એટલે કે, વિદેશી બાબતો, સંરક્ષણ અને સંદેશાવ્યવહાર પર જ સંઘમાં જોડાવાના હતા, ડૉ. આંબેડકરે જણાવ્યું કે એવું અનુભવાયું હતું કે જો સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત ન હોય તો અખિલ ભારતીય સંઘ રચવાનો કોઈ ઉપયોગ અને હેતુ રહેશે નહિ. તેથી આ અનુચ્છેદને મૂળભૂત અધિકારોમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ડૉ. આંબેડકર દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "પરંતુ હું તેમને સમજાવીશ કે શા માટે આ બાબતને મૂળભૂત અધિકારોમાં સમાવવી જરૂરી જણાઈ હતી. મારા મિત્ર શ્રી સુબ્રમણ્યમને યાદ હશે કે જ્યારે બંધારણ સભા શરૂ થઈ, ત્યારે અમે અમુક મર્યાદાઓ હેઠળ શરૂઆત કરી હતી. એ મર્યાદાઓ પૈકીની એક એ હતી કે દેશી રાજ્યો માત્ર

ત્રણ વિષયો – વિદેશી બાબતો, સંરક્ષણ અને સંદેશાવ્યવહાર પર જ સંઘમાં જોડાશે. અન્ય કોઈપણ બાબતમાં તેઓ સંઘ સંસદને તેની વૈધાનિક અને કારોબારી અધિકારક્ષેત્રનો વિસ્તાર કરવાની મંજૂરી આપવા સંમત નહોતા. તેથી તેઓ સમજી શકશે કે બંધારણ સભા, તેમજ મુસદ્દા સમિતિ, ખૂબ જ ગંભીર મર્યાદા હેઠળ મુકાયેલી હતી. એક તરફ એવું અનુભવાયું હતું કે જો સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત ન હોય તો અખિલ ભારતીય સંઘ બનાવવાનો કોઈ ઉપયોગ અને કોઈ હેતુ સિદ્ધ થશે નહિ. તે સામાન્ય અભિપ્રાય હતો. બીજી તરફ, એવું જણાયું કે જ્યાં સુધી રાજ્યોની સ્થિતિનો સંબંધ છે, જેનો મેં અગાઉ ઉલ્લેખ કર્યો છે, તેઓ સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્યને સંઘ સંસદની કાયદાકીય સત્તાને આધીન કરવાની મંજૂરી આપવા તૈયાર નહોતા. અથવા તેને સંક્ષિપ્તમાં અને અલગ ભાષામાં મૂકવું હોય તો, તેઓ વેપાર અને વાણિજ્યને યાદી નં. ૧ માં એક પ્રવિષ્ટિ તરીકે સમાવવાની મંજૂરી આપવા તૈયાર નહોતા. જો આપણા માટે વેપાર અને વાણિજ્યને યાદી ૧ માં સમાવવાનું શક્ય હોત, જેનો અર્થ એ થાય કે સંસદ પાસે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્યના સંબંધમાં કાયદા બનાવવાની કારોબારી સત્તા હોત, તો અમને વેપાર અને વાણિજ્યને અનુચ્છેદ ૧૬ હેઠળ, મૂળભૂત અધિકારોમાં લાવવાની જરૂર જણાઈ ન હોત. પરંતુ બંધારણ સભાની શરૂઆતમાં અમલમાં રહેલી પાયાની વિચારણાઓના કારણે તે દરવાજો બંધ થઈ ગયો હોવાથી, અમારે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્યની બાબતમાં

એકરૂપતા જાળવવાના હેતુથી કોઈક શીર્ષક હેઠળ કોઈ સ્થાન શોધવું પડ્યું હતું. નોંધપાત્ર પ્રમાણમાં કોઠાસૂઝનો ઉપયોગ કર્યા પછી, આપણા લોકોની વિશાળ બહુમતીની એવી ઇચ્છા કે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત હોવું જોઈએ તેને અમલમાં મૂકવાની અમને મળેલી એકમાત્ર પદ્ધતિ એ હતી કે તેને મૂળભૂત અધિકારો હેઠળ લાવવામાં આવે."

૧૪૫. ડૉ. આંબેડકર દ્વારા કરવામાં આવેલું વધુ એક મહત્વનું નિવેદન નીચે મુજબની અસર ધરાવતું હતું:

"હા, પરંતુ વાજબી પ્રતિબંધોનો અર્થ એ નથી કે પ્રતિબંધો એવા હોઈ શકે કે જે વેપારની સ્વતંત્રતા અને સમાનતાનો સંપૂર્ણપણે નાશ કરી નાખે. તેનો અર્થ બિલકુલ એવો થતો નથી."

૧૪૬. બંધારણ સભાએ અનુચ્છેદ ૧૬ ને બંધારણનો એક ભાગ બનાવવાની દરખાસ્ત સ્વીકારવાનો ઠરાવ કર્યો. ૦૮ સપ્ટેમ્બર ૧૯૪૯ના રોજ, ડૉ. આંબેડકરે અનુચ્છેદ ૨૭૪એ, ૨૭૪બી, ૨૭૪સી, ૨૭૪ડી અને ૨૭૪ઈ સમાવિષ્ટ ભાગ ૧૦એ ઉમેરવા માટેની દરખાસ્ત રજૂ કરી. ભાગ ૧૦એ માં મૂળભૂત અધિકારોમાં પસાર કરવામાં આવ્યા મુજબ અનુચ્છેદ ૧૬ માં સમાવિષ્ટ જોગવાઈઓ અનુચ્છેદ ૨૭૪એ તરીકે અને અગાઉ મુસદ્દા બંધારણમાં અનુચ્છેદ ૨૪૪–૨૪૫ ની જોગવાઈઓમાં સમાવિષ્ટ હતી તે અનુચ્છેદ ૨૭૪બી થી ૨૭૪ઈ તરીકે સમાવવામાં આવી હતી. ડૉ. આંબેડકરે દરખાસ્ત રજૂ કરતી વખતે જણાવ્યું

હતું કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા સાથે સંબંધિત અનુચ્છેદો મુસદ્દા બંધારણના વિવિધ ભાગોમાં વિખરાયેલા હતા, જેમ કે અનુચ્છેદ ૧૬ મૂળભૂત અધિકારો હેઠળ હતો અને અનુચ્છેદ ૨૪૩, ૨૪૪ અને ૨૪૫ ભાગ ૯ માં હતા. પંડિત ઠાકુર દાસ ભાર્ગવ અને અન્ય સભ્યો દ્વારા વિવિધ સુધારાઓ પ્રસ્તાવિત કરવામાં આવ્યા હતા. વિસ્તૃત ચર્ચા પછી અમુક સામાન્ય સુધારાઓ સાથે ભાગ ૧૦એ ને બંધારણમાં સમાવિષ્ટ કરવા માટે પસાર કરવામાં આવ્યો હતો.

૧૪૭. ત્યારબાદ, ડૉ. આંબેડકરે ૧૬ ઑક્ટોબર ૧૯૪૯ના રોજ અનુચ્છેદ ૨૭૪ડીડી ઉમેરવા માટે દરખાસ્ત રજૂ કરી હતી, જે નીચે મુજબની અસર ધરાવતી હતી:

| **અનુચ્છેદ** | **મૂળ લખાણ** |
|---|---|
| **૨૭૪ડીડી.**<br>પ્રથમ પરિશિષ્ટના ભાગ ૩ માં દર્શાવેલ અમુક રાજ્યો દ્વારા આવા રાજ્યોમાં માલની આયાત પર અથવા તેવા રાજ્યોમાંથી માલની નિકાસ પર અમુક કર અને જકાત લાદીને વેપાર અને વાણિજ્ય પર પ્રતિબંધ લાદવાની સત્તા. | આ ભાગની અગાઉની જોગવાઈઓમાં અથવા આ બંધારણની અન્ય કોઈપણ જોગવાઈઓમાં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, કોઈપણ રાજ્ય કે જે આ બંધારણના પ્રારંભ પહેલાં અન્ય રાજ્યોમાંથી રાજ્યમાં માલની આયાત પર અથવા રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં માલની નિકાસ પર કોઈપણ કર અથવા જકાત વસૂલ કરતું હતું, જો ભારત સરકાર અને તે રાજ્યની સરકાર વચ્ચે તે સંબંધમાં કોઈ કરાર કરવામાં આવ્યો હોય, તો આવા કરારની શરતોને આધીન રહીને |

| | |
|---|---|
| | અને આ બંધારણના પ્રારંભથી દસ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે કરારમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ આવા કર અથવા જકાત વસૂલવાનું ચાલુ રાખી શકે છે:<br><br>પરંતુ શરત એ છે કે રાષ્ટ્રપતિ આવા પ્રારંભથી પાંચ વર્ષની સમાપ્તિ પછી કોઈપણ સમયે આવા કોઈપણ કરારને સમાપ્ત અથવા સુધારી શકે છે, જો આ બંધારણના અનુચ્છેદ ૨૬૦ હેઠળ રચાયેલા નાણા પંચના અહેવાલની વિચારણા કર્યા પછી, તેઓ આવું કરવું જરૂરી ગણે." |

૧૪૮. અનુચ્છેદ ૨૭૪ડીડી ની ચર્ચા કરતી વખતે, બંધારણ સભાના સભ્યો પૈકીના એક શ્રી રાજ બહાદુરે કસ્ટમ જકાત અને કરવેરા ચાલુ રાખવા અંગે પોતાની ચિંતા વ્યક્ત કરી હતી કે જે તેમના મતે વેપાર અને વાણિજ્ય પર મોટા પ્રતિબંધો સમાન હતા. શ્રી રાજ બહાદુર દ્વારા નીચે મુજબના વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા:

"શ્રી રાજ બહાદુર (યુનાઈટેડ સ્ટેટ ઑફ મત્સ્ય): જ્યારે આ અનુચ્છેદ વિચારણા હેઠળ છે ત્યારે આ ગૃહની થોડી મિનિટો લઈને આ કસ્ટમ, જકાત અને કરવેરા અંગે રાજ્યોના સંઘોમાં સામાન્ય લોકોની લાગણીઓને

વાચા આપવા માટે મેં આ તક માંગી છે. હકીકતમાં, જ્યારથી દેશી રાજ્યોના લોકોમાં રાજકીય જાગૃતિ આવી છે ત્યારથી કસ્ટમ કર રાજકીય વિરોધનું એક ખાસ નિશાન રહ્યા છે. તે કોઈ કારણ વગર નહોતું કે દેશી રાજ્યોના લોકો અને તેમની ચળવળો આયાત અને નિકાસ બંને પર કસ્ટમ જકાત લાદવાની વિરુદ્ધમાં હતા. લોકોમાં એક ખાસ પ્રકારની લાગણીના કારણે આ વિરોધ હતો. અમે હંમેશાં એવું અનુભવ્યું છે કે આ કસ્ટમ જકાતના કારણે આપણો સમગ્ર વેપાર, આપણા ઉદ્યોગો પાંગળા થઈ ગયા છે. આજે પણ આપણને તેનાથી કોઈ લાભ થવાનો નથી. કોઈને કોઈ રીતે, કારણ કે આ રાજ્યો સક્ષમ એકમો નહોતા અને તેમણે તેમનું બજેટ સંતુલિત કરવાનું હતું, તેથી કસ્ટમ કરવેરાનો આશરો લેવામાં આવ્યો હતો. તે સિવાય તેને રાજ્યોના સાર્વભૌમ અધિકારોનો એક ભાગ પણ માનવામાં આવતો હતો. પરંતુ જ્યાં સુધી લોકોના હિતોનો સંબંધ હતો, આ કસ્ટમ જકાત લાદવાથી તેઓ સચવાયા નહોતા.

બંધારણ સભાએ અનુચ્છેદ ૨૭૪ડીડી સ્વીકાર્યો."

૧૪૯. વેચાણવેરો લાદવા અંગે મુસદ્દા અનુચ્છેદ ૨૬૪(એ) (હવે બંધારણમાં અનુચ્છેદ ૨૮૬) પરની ચર્ચાઓ ૧૬.૧૦.૧૯૪૯ના રોજ વિચારણા માટે આવી હતી કે જે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સંદર્ભમાં પણ સુસંગત છે. ડૉ. બી. આર. આંબેડકરે જણાવ્યું હતું કે વેચાણવેરો લાદવાથી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાબતમાં ઘણી મુશ્કેલીઓ ઊભી થઈ છે.

ડૉ. બી. આર. આંબેડકરે વધુમાં જણાવ્યું હતું કે વેચાણવેરો લાદવો એ ભાગ ૧૦એ (હવે ભાગ ૧૩) ની જોગવાઈઓ સાથે વિરોધાભાસમાં હોવો જોઈએ નહિ. ડૉ. આંબેડકર દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "સાહેબ, જેમ કે દરેક વ્યક્તિ જાણે છે, વેચાણવેરાએ સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાની બાબતમાં ઘણી મુશ્કેલીઓ ઊભી કરી છે. એવું જણાયું છે કે વિવિધ પ્રાંતીય સરકારો દ્વારા લાદવામાં આવતા અસંખ્ય વેચાણવેરા કાં તો આયાત અથવા નિકાસનો વિષય હોય તેવા માલ પર તરાપ મારે છે, અથવા જેને આંતર–રાજ્ય વેપાર કે વાણિજ્ય કહેવાય છે તેમાં દખલ કરે છે. તે બાબત સ્વીકારવામાં આવી છે કે આવા પ્રકારની અરાજકતાને મંજૂરી આપવી જોઈએ નહિ અને પ્રાંતો વેચાણવેરો લાદવા માટે ભલે મુક્ત હોય, તેમ છતાં એવા અમુક નિયમનો હોવા જોઈએ કે જેના દ્વારા પ્રાંતો દ્વારા લાદવામાં આવતો વેચાણવેરો એ કાયદેસરની મર્યાદાઓમાં સીમિત રહે કે જે વેચાણવેરા દ્વારા આવરી લેવાનો હેતુ છે. તેથી, એવું અનુભવાય છે કે પ્રાંતોની વેચાણવેરો લાદવાની સત્તા પર અમુક મર્યાદાઓ નિર્ધારિત કરતી કેટલીક ચોક્કસ જોગવાઈઓ હોવી જોઈએ.

હું ગૃહનું ધ્યાન દોરવા માંગુ છું તે પ્રથમ બાબત એ છે કે આ અનુચ્છેદ ૨૬૬એ માં કેટલીક જોગવાઈઓ છે જે બંધારણના વિવિધ ભાગોનું માત્ર પુનરાવર્તન જ છે. ઉદાહરણ તરીકે, મારા દ્વારા પ્રસ્તાવિત અનુચ્છેદ ૨૬૬એ ના

પેટા–ખંડ (૧) માં, પેટા–ખંડ (બી) એ બંધારણમાં સમાવિષ્ટ અનુચ્છેદનું, વૈધાનિક યાદીની તે પ્રવિષ્ટિનું માત્ર પુનરાવર્તન છે કે આયાત અને નિકાસ પર કર લાદવો એ કેન્દ્ર સરકારનું વિશિષ્ટ ક્ષેત્ર રહેશે. પરિણામે જ્યાં સુધી પેટા–ખંડ (૧) (બી) નો સંબંધ છે, ત્યાં સુધી કોઈ વિવાદ હોઈ શકે નહિ કે આ કોઈપણ રીતે વેચાણવેરો લાદવાના પ્રાંતોના અધિકાર પર અતિક્રમણ છે.

તેવી જ રીતે, પેટા–ખંડ (૨) એ ભાગ ૧૦એ નું માત્ર પુનરાવર્તન છે જેને આપણે તાજેતરમાં જ આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય સંબંધિત જોગવાઈઓ સાથે કામ પાર પાડતાં પસાર કર્યો છે. તેથી જ્યાં સુધી પેટા–ખંડ (૨) નો સંબંધ છે, તેમાં ખરેખર કશું નવું નથી. તે માત્ર એટલું જ કહે છે કે જો કોઈ વેચાણવેરો લાદવામાં આવે તો તે ભાગ ૧૦એ ની જોગવાઈઓ સાથે વિરોધાભાસમાં હોવો જોઈએ નહિ."

૧૫૦. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને લગતા સંબંધિત અનુચ્છેદો ઘડવા પાછળનો પ્રેરક વિચાર અને પ્રેરણા એ અનુભૂતિ હતી અને છે કે સંઘીય યુનિયનને રાષ્ટ્રીય આર્થિક માળખાના નિર્માણ અને જાળવણીની તથા આર્થિક એકતા સામેના સ્થાનિક અવરોધોને દૂર કરવાની અથવા અટકાવવાની જરૂર છે જેથી સંઘની અંદર સ્પર્ધાત્મક આર્થિક એકમો સમગ્ર રાષ્ટ્રની સ્થિરતા માટે જોખમ ઊભું ન કરે. ઉપરોક્ત અનુભૂતિ પર અમુક અંશે ભારતની એકતા જોવામાં આવી હતી.

૧૫૧. આપણે ઉપર જે નોંધ્યું છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે બંધારણના ઘડવૈયાઓએ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને ખૂબ મહત્વ આપ્યું હતું. શરૂઆતમાં, જ્યારે રાજ્યોએ સંઘને માત્ર વિદેશી બાબતો, સંરક્ષણ અને સંદેશાવ્યવહાર જ સોંપ્યા હતા, ત્યારે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના અધિકારને મૂળભૂત અધિકારોના પ્રકરણમાં મૂકવામાં આવ્યો હતો કારણ કે એવું માનવામાં આવતું હતું કે જો વેપાર અને વાણિજ્ય મુક્ત ન હોય તો અખિલ ભારતીય સંઘ બનાવવો નકામો રહેશે. ડૉ. આંબેડકરે ૦૮.૦૯.૧૯૪૯ના રોજ ચર્ચાઓ દરમિયાન જણાવ્યું હતું કે ભલે આ અધિકાર પર વાજબી પ્રતિબંધ હોઈ શકે, તેમ છતાં, પ્રતિબંધ એવો હોઈ શકે કે જે વેપારની સ્વતંત્રતા અને સમાનતાનો સંપૂર્ણપણે નાશ ન કરી નાખે.

૧૫૨. બંધારણના ઘડવૈયાઓ એ હકીકતથી વાકેફ હતા કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા માટે નિર્ધારિત ધ્યેય આંતરિક કસ્ટમ જકાત નાબૂદ કરવાનો છે અને રાજ્યોને પ્રસ્તાવિત અનુચ્છેદોમાં પરિકલ્પના કરાયા મુજબ પ્રતિબંધો સાથે મર્યાદિત કર લાદવાની છૂટ આપવામાં આવી હતી.

૧૫૩. બંધારણ સભા દ્વારા સ્વીકારવામાં આવેલ અનુચ્છેદ ૨૭૪ડીડી, જે બંધારણનો અનુચ્છેદ ૩૦૬ બન્યો, તેણે ૧૦ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે માલની આયાત અથવા નિકાસ પર રાજ્યો દ્વારા વર્તમાન કર અને જકાત ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે કર એ વેપાર અને વાણિજ્ય પરના પ્રતિબંધો છે, તેથી તેને નાબૂદ કરવા અને રાજ્ય

વેપાર અને વાણિજ્યનો મુક્ત પ્રવાહ સુનિશ્ચિત કરે તે માટે ૧૦ વર્ષનો સમયગાળો આપવામાં આવ્યો હતો.

૧૫૪. ૮મી સપ્ટેમ્બર, ૧૯૪૯ના રોજની બંધારણ સભાની ચર્ચાઓમાંથી અનુચ્છેદ ૨૪૪ (હવે અનુચ્છેદ ૩૦૪) ના સંદર્ભમાં વધુ એક મહત્વની હકીકત ધ્યાને લેવાની છે, જેણે રાજ્યને અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કોઈપણ કર લાદવાની પરવાનગી આપી હતી. ડૉ. બી. આર. આંબેડકરે ઉપરોક્ત અનુચ્છેદ ૨૪૪ નો ઉલ્લેખ માલના પ્રવેશ પર અમુક પ્રતિબંધો લાદવાની મર્યાદિત સત્તા આપતી જોગવાઈ તરીકે કર્યો હતો. ડૉ. આંબેડકરે કાર્યવાહીમાં પોતાના નિવેદનમાં અનુચ્છેદ ૨૪૪ માં ખાસ ઉલ્લેખિત 'કર' શબ્દનું પુનરાવર્તન કરવાને બદલે 'પ્રતિબંધ' શબ્દનો ઉપયોગ કર્યો હતો. ઉપરોક્ત બાબત પણ સૂચવે છે કે 'પ્રતિબંધ' શબ્દના ઉપયોગમાં કરનો પણ સમાવેશ થતો હતો.

૧૫૫. ઉપર નોંધ્યા મુજબના વૈધાનિક ઈતિહાસ અને બંધારણ સભાની ચર્ચાઓમાંથી સામે આવેલ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના વ્યાપ પરથી, એ સ્પષ્ટપણે જણાય છે કે કરને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના પ્રતિબંધ તરીકે ગણવામાં આવતા હતા અને વધુમાં એ બાબત પણ સમજવામાં આવી હતી કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર કરવેરા દ્વારા પણ પ્રતિબંધ લાદી શકાય છે.

બી. ભારતના સંવિધાનમાં સંઘવાદનું સ્વરૂપ

૧૫૬. 'ભારતના લોકોમાં' કાનૂની સાર્વભૌમત્વ નિહિત છે જ્યારે રાજકીય સાર્વભૌમત્વ સંઘ અને રાજ્યો વચ્ચે વહેંચાયેલું છે. આપણે પોતાના માટે એક સુવિચારિત, ખૂબ જ વિચાર-વિમર્શ કરાયેલ લેખિત બંધારણ અપનાવ્યું હોવાથી, આપણા બંધારણનું માળખું જાણવું સુસંગત છે. પક્ષકારોના વિદ્વાન વકીલે પોતાની સંબંધિત રજૂઆતો દરમિયાન બંધારણના સંઘીય માળખાનો ઉલ્લેખ કર્યો છે અને અમારી સમક્ષ કરવામાં આવેલી રજૂઆતો પૈકીની એક એ છે કે બંધારણનું અર્થઘટન કરતી વખતે બંધારણના સંઘીય માળખાને ધ્યાનમાં રાખવું પડશે, કારણ કે, બંધારણના ઘડવૈયાઓનો આશય ક્યારેય બંધારણના સંઘીય માળખાને નબળું પાડવાનો ન જ હોઈ શકે.

૧૫૭. દેશના તમામ ભાગોમાંથી આવેલા પ્રતિષ્ઠિત સભ્યોની બનેલી ભારતની બંધારણ સભાએ નવા બંધારણના તમામ પાસાઓ પર વિચાર-વિમર્શ કર્યો હતો અને સ્વતંત્ર ભારતની આકાંક્ષાઓ પૂર્ણ કરી શકે તેવું બંધારણ ઘડવામાં ભારે પરિશ્રમ અને સાવચેતી રાખી હતી. શરૂઆતમાં, એવું માનવામાં આવતું હતું કે સંઘીય સરકાર એટલે કે કેન્દ્ર સરકાર વિદેશી બાબતો, સંરક્ષણ અને સંદેશાવ્યવહાર માટે જવાબદાર રહેશે. ૩ જૂન, ૧૯૪૭ના રોજ ભાગલાની જાહેરાત પછી, બંધારણ સભાના મંતવ્યોમાં નોંધપાત્ર ફેરફાર થયો હતો. સંઘ બંધારણ સમિતિએ ૬ જૂન, ૧૯૪૭ના રોજ નિર્ણય લીધો હતો કે બંધારણ મજબૂત કેન્દ્ર સાથે સંઘીય રહેશે. ગ્રેનવિલે ઑસ્ટિને 'ધ ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન: કોર્નરસ્ટોન ઑફ અ નેશન' માં આ પરિવર્તનને નીચે મુજબના શબ્દોમાં વર્ણવ્યું છે:

"માઉન્ટબેટને ૩ જૂન ૧૯૪૭ના રોજ ભાગલાની જાહેરાત કરી. ચાર દિવસમાં જ સભા એક કેન્દ્રીકૃત સંઘીય યુનિયન તરફ આગળ વધી ગઈ. ૫ જૂનના રોજ સંઘ અને પ્રાંતીય બંધારણ સમિતિઓ, કે જેમણે તેમના જીવનના પ્રથમ મહિનાનો મોટો ભાગ સમય વિતાવવામાં પસાર કર્યો હતો, તેઓ સંયુક્ત સત્રમાં મળ્યા અને એવા નિષ્કર્ષ પર આવ્યા કે ૩ જૂનના નિવેદનના સંદર્ભમાં કેબિનેટ મિશન યોજના હવે સભાને લાગુ પડતી નથી. બીજા દિવસે સંઘ બંધારણ સમિતિ એકલી મળી. હાજર રહેલા લોકોમાં અધ્યક્ષ નેહરુ, પ્રસાદ, આઝાદ, પંત, જગજીવન રામ, આંબેડકર, અય્યર, મુનશી, શાહ, એસ. પી. મુખર્જી, વી. ટી. કૃષ્ણમાચારી, પન્નિક્કર, એન. જી. અય્યંગાર અને પી. ગોવિંદા મેનન હતા. આ મહાનુભાવોએ નીચે મુજબના કામચલાઉ નિર્ણયો લીધા:

કે બંધારણ મજબૂત કેન્દ્ર સાથે સંઘીય રહેશે;

કે ત્રણ 'સંપૂર્ણ' વૈધાનિક યાદીઓ હોવી જોઈએ, અને શેષ સત્તાઓ સંઘ સરકારમાં નિહિત હોવી જોઈએ;

કે વિશેષ બાબતોને આધીન રહીને, સંઘીય યાદીના સંબંધમાં દેશી રજવાડાં પ્રાંતોની સમકક્ષ હોવા જોઈએ; અને

કે સામાન્ય રીતે કહીએ તો સંઘની કારોબારી સત્તા તેની કાયદાકીય સત્તા સાથે સહ–વિસ્તૃત હોવી જોઈએ."

૧૫૮. વિવિધ સમિતિઓ દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલો પર બંધારણ સભાના નિર્ણય અનુસાર બંધારણ તૈયાર કરવાની ફરજ જે મુસદ્દા સમિતિને સોંપવામાં આવી હતી તેણે મુસદ્દા બંધારણ તૈયાર કર્યું જેને જાહેર કરવામાં આવ્યું હતું. આ મુસદ્દા બંધારણને ૪ નવેમ્બર, ૧૯૪૮ ના રોજ ચર્ચા માટે રજૂ કરવામાં આવ્યું હતું. ડૉ. બી. આર. આંબેડકરે મુસદ્દા બંધારણ રજૂ કરતી વખતે/દરખાસ્ત રજૂ કરતી વખતે બંધારણના સ્વરૂપ પર વિચાર–વિમર્શ કર્યો હતો. ડૉ. આંબેડકરે નીચેના શબ્દોમાં જણાવ્યું હતું કે મુસદ્દા બંધારણ એ સમવાયી બંધારણ છે:

> "ઇતિહાસમાં બંધારણના બે મુખ્ય સ્વરૂપો જાણીતા છે—એકને એકતંત્રી અને બીજાને સમવાયી કહેવામાં આવે છે. એકતંત્રી બંધારણના બે આવશ્યક લક્ષણો છે: (૧) કેન્દ્રીય રાજ્યવ્યવસ્થાની સર્વોચ્ચતા, અને (૨) ગૌણ સાર્વભૌમ રાજ્યવ્યવસ્થાઓની ગેરહાજરી. તેનાથી વિપરીત, સમવાયી બંધારણનાં લક્ષણો છે: (૧) કેન્દ્રીય રાજ્યવ્યવસ્થા અને ગૌણ રાજ્યવ્યવસ્થાઓનું સાથોસાથ અસ્તિત્વ, અને (૨) તેને સોંપાયેલા ક્ષેત્રમાં દરેકનું સાર્વભૌમ હોવું. બીજા શબ્દોમાં કહીએ તો, સમવાયતંત્ર (ફેડરેશન) નો અર્થ દ્વિમુખી રાજ્યવ્યવસ્થાની સ્થાપના છે. મુસદ્દા બંધારણ એ સમવાયી બંધારણ છે કેમ કે તે જેને દ્વિમુખી રાજ્યવ્યવસ્થા કહી શકાય તેની સ્થાપના કરે છે. પ્રસ્તાવિત બંધારણ હેઠળની આ દ્વિમુખી રાજ્યવ્યવસ્થામાં કેન્દ્રમાં સંઘ અને પરિઘ પર રાજ્યોનો સમાવેશ

થશે, જેમાં દરેકને બંધારણ દ્વારા તેમને અનુક્રમે સોંપવામાં આવેલા ક્ષેત્રમાં વાપરવા માટે સાર્વભૌમ સત્તાઓ પ્રદાન કરવામાં આવી છે."

૧૫૯. ડૉ. આંબેડકરે યુ.એસ.એ. ના બંધારણનો પણ સંદર્ભ આપ્યો હતો અને ભારતીય સંઘ તથા અમેરિકન સંઘ વચ્ચેના તફાવત પર પ્રકાશ પાડ્યો હતો. અમેરિકન સંઘથી ભારતીય સંઘના તફાવત વિશે બોલતાં ડૉ. આંબેડકરે જણાવ્યું હતું:

"પરંતુ પ્રસ્તાવિત ભારતીય સંઘની કેટલીક અન્ય વિશેષ લાક્ષણિકતાઓ છે જે તેને માત્ર અમેરિકન સંઘથી જ નહીં પરંતુ અન્ય તમામ સંઘોથી પણ અલગ પાડે છે. અમેરિકન પ્રણાલી સહિતની તમામ સમવાયી વ્યવસ્થાઓ સમવાયતંત્રના એક ચુસ્ત બીબામાં ઢાળવામાં આવી છે. સંજોગો ગમે તે હોય, તે પોતાનું સ્વરૂપ અને આકાર બદલી શકતી નથી. તે ક્યારેય એકતંત્રી બની શકતી નથી. બીજી તરફ મુસદ્દા બંધારણ સમય અને સંજોગોની જરૂરિયાતો અનુસાર એકતંત્રી તેમજ સમવાયી બંને બની શકે છે. સામાન્ય સમયમાં, તે સમવાયી વ્યવસ્થા તરીકે કાર્ય કરવા માટે ઘડવામાં આવ્યું છે. પરંતુ યુદ્ધના સમયમાં તે એવી રીતે રચાયેલું છે કે જેથી તે એકતંત્રી વ્યવસ્થા હોય તે રીતે કાર્ય કરી શકે."

૧૬૦. ડૉ. આંબેડકરે વધુમાં જણાવ્યું હતું કે સમવાયી બંધારણ લેખિત બંધારણ જ હોઈ શકે. નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"સમવાયી બંધારણ લેખિત બંધારણ જ હોઈ શકે અને લેખિત બંધારણ અનિવાર્યપણે એક દ્રઢ બંધારણ હોવું જોઈએ. સમવાયી બંધારણનો અર્થ સમવાયી સરકાર અને રાજ્યો વચ્ચે બંધારણના કાયદાની સત્તાથી સાર્વભૌમત્વનું વિભાજન છે, જેના બે અનિવાર્ય પરિણામો છે: (૧) સમવાયી સરકાર દ્વારા રાજ્યોને સોંપવામાં આવેલા ક્ષેત્રમાં કોઈપણ અતિક્રમણ અને તેનાથી ઊલટું અતિક્રમણ એ બંધારણનો ભંગ છે, (૨) આવો ભંગ એ માત્ર ન્યાયતંત્ર દ્વારા જ નિર્ધારિત કરી શકાય તેવી ન્યાયનિર્ણયપાત્ર બાબત છે."

૧૬૧. એ. વી. ડાઈસીએ તેમની પ્રખ્યાત કૃતિ "ધ લો ઓફ ધ કોન્સ્ટીટ્યુશન" માં ફેડરેશનના ઉદ્દેશ્ય અંગે ચર્ચા કરતી વખતે નીચે મુજબ જણાવ્યું હતું:

"સમવાયી રાજ્ય એ 'રાજ્યના અધિકારો' ની જાળવણી સાથે રાષ્ટ્રીય એકતા અને સત્તાનો સમન્વય સાધવાના હેતુથી રચાયેલ એક રાજકીય પ્રયુક્તિ છે. જે ઉદ્દેશ્ય લક્ષ્યમાં રખાયો છે તે સમવાયતંત્રનું આવશ્યક સ્વરૂપ નક્કી કરે છે. કારણ કે જે પદ્ધતિ દ્વારા સમવાયતંત્ર રાષ્ટ્રીય સાર્વભૌમત્વ અને રાજ્ય સાર્વભૌમત્વના દેખીતી રીતે અસંગત દાવાઓનો સમન્વય કરવાનો પ્રયાસ કરે છે, તેમાં એવા બંધારણની રચનાનો સમાવેશ થાય છે કે જેના હેઠળ સાર્વભૌમત્વની સામાન્ય સત્તાઓ સામાન્ય અથવા રાષ્ટ્રીય સરકાર અને અલગ–અલગ રાજ્યો વચ્ચે

વિગતવાર વિભાજિત કરવામાં આવે છે. આ વિભાજનની વિગતો દરેક અલગ સમવાયી બંધારણ હેઠળ બદલાય છે, પરંતુ સામાન્ય સિદ્ધાંત કે જેના પર તે આધારિત હોવો જોઈએ તે સ્પષ્ટ છે. જે કંઈ સમગ્ર રાષ્ટ્રને સ્પર્શતું હોય તે રાષ્ટ્રીય સરકારના નિયંત્રણ હેઠળ મૂકવું જોઈએ. એવી તમામ બાબતો જે મુખ્યત્વે સામાન્ય હિતની નથી તે વિવિધ રાજ્યોના હાથમાં રહેવી જોઈએ."

૧૬૨. એ. વી. ડાઈસીએ વધુમાં સમવાયતંત્રની ત્રણ મુખ્ય લાક્ષણિકતાઓ વિશે જણાવ્યું હતું;

"બંધારણની સર્વોચ્ચતા—

સરકારની વિવિધ સત્તાઓની મર્યાદિત અને સમકક્ષ અધિકાર ધરાવતી સંસ્થાઓ વચ્ચે વહેંચણી—

બંધારણના અર્થઘટનકાર તરીકે કાર્ય કરવાની કોર્ટોની સત્તા."

૧૬૩. શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી અય્યરે ભાગ ૧૦–એ એટલે કે (ભારતના રાજ્યક્ષેત્રની અંદર) વેપાર, વાણિજ્ય અને વ્યવહારનો સંદર્ભ આપતાં, વેપાર, વાણિજ્ય અને વ્યવહારના સંદર્ભમાં સમવાયતંત્રના પરિબળોનો ઉલ્લેખ કરતાં નીચે મુજબ જણાવ્યું હતું:

"તેથી, એક સમવાયતંત્રમાં તમારે જે કરવાનું છે તે એ છે કે, પ્રથમ, તમારે ભારતના વ્યાપક હિતોને ધ્યાનમાં લેવા પડશે અને શક્ય તેટલી હદ સુધી

વેપાર અને વ્યવહારની સ્વતંત્રતા આપવી પડશે. બીજું, તમે પ્રાદેશિક હિતોને સંપૂર્ણપણે અવગણી શકો નહીં. ત્રીજું, ભારતના કોઈપણ ભાગમાં ઉદ્ભવી શકે તેવી વિશિષ્ટ સમસ્યાઓનો સામનો કરવા માટે કટોકટીના કોઈપણ સંજોગોમાં કેન્દ્રના હસ્તક્ષેપની સત્તા હોવી જ જોઈએ. તમારી સમક્ષ મૂકવામાં આવેલી યોજનામાં આ ત્રણેય પરિબળોને ધ્યાનમાં લેવામાં આવ્યા છે."

૧૬૪. ભારતના સંવિધાનમાં સમાવિષ્ટ સમવાયતંત્રનું સ્વરૂપ આ કોર્ટ સમક્ષ મોટી સંખ્યામાં કેસોમાં વિચારણા માટે આવ્યું હતું. આ કોર્ટની કેટલીક મોટી બેંચોએ આ મુદ્દાની વિચારણા કરી હતી અને બંધારણમાં સમાવિષ્ટ સમવાયતંત્રના સિદ્ધાંતો પર વિચાર–વિમર્શ કરીને તેને સમજાવ્યા હતા. સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪: ઇન ધ મેટર ઓફ: ભારતના સંવિધાનના અનુચ્છેદ ૧૪૩ હેઠળ, (૧૯૬૫) ૧ એસ.સી.આર. ૪૧૩ માં સાત ન્યાયાધીશોની બેંચે સમવાયી બંધારણના મૂળભૂત લક્ષણનો ઉલ્લેખ કરતાં ઠેરવ્યું હતું કે સમવાયી બંધારણના અસ્તિત્વ માટે બંધારણની સર્વોચ્ચતા મૂળભૂત છે, જેમાં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"આ પ્રશ્નની વિચારણા કરતી વખતે, સમવાયી બંધારણના એક મૂળભૂત લક્ષણને ધ્યાનમાં રાખવું જરૂરી છે. ઇંગ્લેન્ડમાં, સંસદ સાર્વભૌમ છે; અને ડાઈસીના શબ્દોમાં, સંસદીય સાર્વભૌમત્વના સિદ્ધાંતના ત્રણ વિશિષ્ટ લક્ષણો એ છે કે સંસદ પાસે ગમે તે કાયદો બનાવવાનો કે રદ કરવાનો

અધિકાર છે; સંસદના કાયદાને અમાન્ય કરવાનો કે બાજુ પર રાખવાનો અધિકાર ધરાવતી હોય તેવી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થાને ઇંગ્લેન્ડના કાયદા દ્વારા માન્યતા આપવામાં આવી નથી; અને સંસદનો અધિકાર અથવા સત્તા મહારાણીના આધિપત્ય હેઠળના દરેક ભાગ સુધી વિસ્તરે છે (ડાઇસી, ધ લો ઓફ ધ કોન્સ્ટીટ્યુશન, ૧૦મી આવૃત્તિ, પૃષ્ઠ ૩૪, ૩૫). બીજી તરફ, સમવાયતંત્રનું આવશ્યક લક્ષણ "એકબીજાથી સ્વતંત્ર અને સમકક્ષ એવી સંસ્થાઓ વચ્ચે મર્યાદિત કારોબારી, કાયદાકીય અને ન્યાયિક સત્તાની વહેંચણી" છે. સમવાયી એકમની ધારાસભા કે સભ્ય રાજ્યોની ધારાસભાઓ સત્તાના તે નાજુક સંતુલનને નષ્ટ અથવા ક્ષતિગ્રસ્ત ન કરે, જે એવા રાજ્યોની વિશિષ્ટ જરૂરિયાતોને સંતોષે છે કે જેઓ સંઘ રચવા ઇચ્છુક છે પરંતુ એકતામાં પોતાની વ્યક્તિગત ઓળખનું વિલીનીકરણ કરવા તૈયાર નથી, તે અટકાવવા માટે સમવાયી રાજ્યના અસ્તિત્વ માટે બંધારણની સર્વોચ્ચતા મૂળભૂત છે. બંધારણની આ સર્વોચ્ચતા સત્તાની વહેંચણીની યોજનાના અર્થઘટનકાર તરીકે કાર્ય કરવાની એક સ્વતંત્ર ન્યાયિક સંસ્થાની સત્તા દ્વારા સંરક્ષિત છે."

૧૬૫. હિઝ હોલિનેસ કેશવાનંદ ભારતી શ્રીપાદગલવારુ વિ. કેરળ રાજ્ય અને અન્ય, (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ માં આ કોર્ટના સીમાચિહ્નરૂપ ચુકાદામાં બંધારણીય સિદ્ધાંતોને એક નવો આયામ આપવામાં આવ્યો હતો. આ કોર્ટે બહુમતી ચુકાદા દ્વારા જાહેર કર્યું કે બંધારણના મૂળભૂત લક્ષણને બંધારણીય સુધારા દ્વારા સુધારી શકાતું નથી. મુખ્ય ન્યાયમૂર્તિ સિકરીએ બહુમતી ચુકાદો

આપતાં ઠેરવેલ કે બંધારણનું સમવાયી સ્વરૂપ એ બંધારણના મૂળભૂત માળખાં પૈકીનું એક છે.

૧૬૬. ન્યાયમૂર્તિઓ શેલત અને ગ્રોવરે સંમત અભિપ્રાય આપતાં એ પણ જણાવ્યું હતું કે આપણા બંધારણમાં સમવાયી માળખાના તમામ આવશ્યક તત્વો રહેલા છે. ફકરા ૪૮૬ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "બંધારણમાં સમવાયી માળખાના તમામ આવશ્યક તત્વો છે જેમ કે ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ના કિસ્સામાં હતું, સમવાયતંત્રનો સાર સંઘ અને રાજ્યો અથવા પ્રાંતો વચ્ચે સત્તાઓની વહેંચણી છે. તમામ ધારાસભાઓ પાસે સંપૂર્ણ સત્તાઓ છે પરંતુ તે બંધારણના જ મૂળભૂત ખ્યાલો દ્વારા નિયંત્રિત છે અને તેઓ તેમાં નિર્ધારિત મર્યાદાઓમાં કાર્ય કરે છે [સ્પેશિયલ રેફરન્સ નં. ૧/૧૯૬૪, [૧૯૬૫] ૧ એસ.સી.આર. ૪૧૩ માં મુખ્ય ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરના મત મુજબ]. તમામ પદાધિકારીઓ, પછી ભલે તે ધારાસભ્યો હોય, કારોબારીના સભ્યો હોય કે ન્યાયતંત્ર હોય, બંધારણ પ્રત્યે વફાદારીના શપથ લે છે અને તેની જોગવાઈઓમાંથી પોતાની સત્તા અને અધિકારક્ષેત્ર પ્રાપ્ત કરે છે. બંધારણે આ દેશના ન્યાયતંત્રને બંધારણની જોગવાઈઓનું અર્થઘટન કરવાનું અને મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવાનું કાર્ય સોંપ્યું છે (સદર, પૃષ્ઠ ૪૪૬). તે એક લેખિત અને નિયંત્રિત બંધારણ છે."

૧૬૭. ફરી એકવાર સાત ન્યાયાધીશોની બેંચને રાજસ્થાન રાજ્ય અને અન્ય વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૭૭) ૩ એસ.સી.સી. ૫૯૨ માં ભારતીય બંધારણના સ્વરૂપની વિચારણા કરવાની તક મળી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ એમ. એચ. બેગે બહુમતી નિર્ણય આપતાં ફકરા ૫૭ માં નીચે મુજબ જણાવ્યું હતું:

> "૫૭. સમવાયતંત્રના અસ્તિત્વ માટે ડાઇસીએ જે બે શરતો રજૂ કરી હતી તે આ મુજબ હતી: પ્રથમ, "સ્વિટ્ઝર્લેન્ડના કેન્ટોન્સ, અમેરિકાના સંસ્થાન (કોલોનીઝ), અથવા કેનેડાના પ્રાંતો જેવા દેશોનો સમૂહ, જે ભૌગોલિક સ્થાન દ્વારા, ઇતિહાસ દ્વારા, જાતિ દ્વારા અથવા તેના જેવી બાબતો દ્વારા એટલા નજીકથી જોડાયેલા હોય કે જે તેમના રહેવાસીઓની નજરમાં એક સામાન્ય રાષ્ટ્રીયતાની છાપ ધરાવવા માટે સક્ષમ હોય"; અને, બીજું, સમવાયી પ્રણાલીની સ્થાપના માટે અત્યંત અનિવાર્ય બાબત એ છે કે "તે દેશોના રહેવાસીઓ વચ્ચે એક અત્યંત વિશિષ્ટ પ્રકારની લાગણીનું અસ્તિત્વ હોવું". તેમણે ધ્યાન દોર્યું હતું કે, એક થવાની ઇચ્છા વિના સમવાયતંત્રનો કોઈ આધાર હોઈ શકે નહીં. પરંતુ, જો એક થવાની ઇચ્છા સરકારની તમામ મહત્ત્વપૂર્ણ બાબતોમાં એક સંકલિત સંપૂર્ણ વ્યવસ્થા રચવાની હદ સુધી જાય, તો તે સમવાયી બંધારણને બદલે એકતંત્રી બંધારણનું નિર્માણ કરે છે. આથી, તેમણે કહ્યું હતું કે, સમવાયી રાજ્ય એ "રાજ્યના અધિકારોની જાળવણી સાથે રાષ્ટ્રીય એકતાનો સમન્વય કરવાના હેતુથી રચાયેલ એક રાજકીય પ્રયુક્તિ છે." જે

હદ સુધી રાજ્યના અધિકારો અલગથી સાચવવામાં અને સુરક્ષિત કરવામાં આવે છે તે એ હદ દર્શાવે છે કે જે હદ સુધી આ બે પરસ્પર વિરોધી લાગણીઓ પૈકીની એકને અભિવ્યક્તિ મળે છે જેથી સરકારની બાબતોમાં એકતા (સંપૂર્ણ એકીકરણ) વિનાનો એક સંઘ રચાય છે. તેથી, એક અર્થમાં ભારતીય સંઘ સમવાયી છે. પરંતુ, તેમાં રહેલા સમવાયતંત્રનું પ્રમાણ એવા દેશની પ્રગતિ અને વિકાસની જરૂરિયાતો દ્વારા મોટે ભાગે હળવું (સીમિત) થઈ ગયું છે જેને રાષ્ટ્રીય સ્તરે એકીકૃત, રાજકીય અને આર્થિક રીતે સંકલિત, અને સામાજિક, બૌદ્ધિક તેમજ આધ્યાત્મિક રીતે ઉત્થાન પામવાનું છે. આવી વ્યવસ્થામાં, કેન્દ્ર સરકાર દ્વારા નિર્દેશિત રીતે દેશના કાયદેસર અને વ્યાપક રીતે આયોજિત વિકાસના માર્ગમાં રાજ્યો અવરોધરૂપ બની શકે નહીં.....”

૧૬૮. વધુમાં ફકરા ૬૦ માં ડૉ. આંબેડકરનો સંદર્ભ આપતાં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

“૬૦. જોકે ડૉ. આંબેડકર માનતા હતા કે આપણું બંધારણ સમવાયી છે “કારણ કે તે જેને દ્વિમુખી રાજ્યવ્યવસ્થા કહી શકાય તેની સ્થાપના કરે છે,” તેમણે બંધારણ સભામાં એ પણ કહ્યું હતું કે આપણા બંધારણના ઘડવૈયાઓએ સમવાયતંત્રના તે ‘ચુસ્ત બીબાં’ ને ટાળ્યું હતું જેમાં અમેરિકન બંધારણ ઘડવામાં આવ્યું હતું. આપણા બંધારણના મુખ્ય શિલ્પીઓ પૈકીના એક એવા ડૉ. આંબેડકરે આપણા બંધારણને સમય

અને સંજોગોની જરૂરિયાતો અનુસાર એકતંત્રી તેમજ સમવાયી બંને ગણાવ્યું હતું'."

૧૬૯. એસ. આર. બોમ્માઈ અને અન્ય વિ. યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય, (૧૯૯૪) ૩ એસ.સી.સી. ૧ માં નવ ન્યાયાધીશોની બેંચને ભારતના સંવિધાનના સ્વરૂપની વિગતવાર વિચારણા કરવાની તક મળી હતી, જેમાં ન્યાયમૂર્તિ અહમદીએ ફકરા ૧૪ મા બંધારણના સમવાયી સ્વરૂપનો સંદર્ભ આપતાં નીચે મુજબ જણાવ્યું હતું:

"૧૪. આપણું બંધારણ સાચે જ સમવાયી છે કે કેમ તે સમજવા માટે, સમવાયતંત્રની સાચી સંકલ્પના જાણવી આવશ્યક છે. ડાઈસી તેને એવા રાજ્યોના સમૂહ માટેની એક રાજકીય પ્રયુક્તિ કહે છે જેઓ સંઘ ઈચ્છે છે પરંતુ એકતા નહીં. તેથી, સમવાયતંત્ર એ એવી સંકલ્પના છે જે અલગ રાજ્યોની પોતાની મૂળભૂત રાજકીય અખંડિતતાનું બલિદાન આપ્યા વિના તેમને એક સંઘમાં જોડે છે. તેથી, અલગ રાજ્યો એક થવાની ઈચ્છા રાખે છે જેથી તમામ સભ્ય–રાજ્યો તમામને લાગુ પડતી મૂળભૂત નીતિઓ ઘડવામાં સહભાગી થઈ શકે અને આવી મૂળભૂત નીતિઓના અનુસંધાનમાં લેવાયેલા નિર્ણયોના અમલીકરણમાં ભાગ લઈ શકે. આમ સમવાયતંત્રનો સાર સંઘ અને રાજ્યોનું અસ્તિત્વ તથા તેમની વચ્ચે સત્તાઓની વહેંચણી છે. તેથી, સમવાયતંત્ર અનિવાર્યપણે સમવાયી કરાર (ફેડરલ કોમ્પેક્ટ) માં સત્તાઓનું સીમાંકન સૂચવે છે."

૧૭૦. ન્યાયમૂર્તિ અહમદીએ વધુમાં જણાવ્યું હતું કે ભારતના સંવિધાનને અલગ રીતે, વધુ યોગ્ય રીતે 'અર્ધ–સમવાયી' તરીકે વર્ણવવામાં આવે છે કારણ કે તે સમવાયી અને એકતંત્રી તત્વોનું મિશ્રણ છે, જે પાછળના (એકતંત્રી) તત્વ તરફ વધુ ઝુકાવ ધરાવે છે.

૧૭૧. ન્યાયમૂર્તિ બી. પી. જીવન રેડ્ડીએ ઠેરવ્યું હતું કે બંધારણના ઘડવૈયાઓ એક મજબૂત કેન્દ્ર સ્થાપિત કરવા ઇચ્છતા હતા. આ ઉપખંડના ભૂતકાળના ઇતિહાસના પ્રકાશમાં, આ કદાચ એક સ્વાભાવિક અને જરૂરી નિર્ણય હતો. ફકરા ૨૭૫ અને ૨૭૬ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "૨૭૫. બંધારણની જોગવાઈઓની સમીક્ષા અચૂકપણે દર્શાવે છે કે સમવાયતંત્રનું નિર્માણ કરતી વખતે, બંધારણના ઘડવૈયાઓ એક મજબૂત કેન્દ્ર સ્થાપિત કરવા ઇચ્છતા હતા. આ ઉપખંડના ભૂતકાળના ઇતિહાસના પ્રકાશમાં, આ કદાચ એક સ્વાભાવિક અને જરૂરી નિર્ણય હતો. ભારત જેવા વિવિધતાપૂર્ણ દેશમાં, મજબૂત કેન્દ્ર કદાચ એક આવશ્યકતા છે. કેન્દ્ર તરફનો આ ઝુકાવ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે કાયદાકીય વિષયોની વહેંચણીમાં પ્રતિબિંબિત થાય છે. કાયદા ઘડવાના તમામ વધુ મહત્ત્વપૂર્ણ વિષયો યાદી ૧ માં મૂકવામાં આવ્યા છે. યાદી ૨ માં દર્શાવેલ કાયદાકીય વિષયો પૈકી પણ, તેમાંથી ઘણા, દા.ત., પ્રવિષ્ટિઓ ૨, ૧૩, ૧૭, ૨૩, ૨૪, ૨૬, ૨૭, ૩૨, ૩૩, ૫૦, ૫૭ અને ૬૩ યાદી ૧ ની અમુક પ્રવિષ્ટિઓ દ્વારા કોઈને કોઈ અંશે મર્યાદિત કરવામાં આવ્યા છે અથવા

તેને આધીન કરવામાં આવ્યા છે. સમવર્તી યાદી (યાદી ૩) માં પણ, સંસદીય અધિનિયમને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે, પછી ભલે આવો અધિનિયમ તે જ વિષયવસ્તુ પરના રાજ્યના અધિનિયમ કરતાં સમયની દ્રષ્ટિએ અગાઉનો હોય કે પછીનો હોય. અવશિષ્ટ સત્તાઓ કેન્દ્ર પાસે છે. ૪૨મા સુધારા દ્વારા, યાદી ૨ માંની ઘણી બધી પ્રવિષ્ટિઓ રદ કરવામાં આવી હતી અને/અથવા અન્ય યાદીઓમાં તબદીલ કરવામાં આવી હતી. સર્વોપરી, અનુચ્છેદ ૩ સંસદને કાં તો વિલીનીકરણ દ્વારા અથવા વિભાજન દ્વારા હાલના રાજ્યોમાંથી નવા રાજ્યો બનાવવાની તેમજ રાજ્યોની સીમાઓમાં વધારો કરવાની, ઘટાડો કરવાની અથવા ફેરફાર કરવાની સત્તા આપે છે.....

૨૭૬. આપણા બંધારણની યોજના હેઠળ, રાજ્યોની સરખામણીમાં કેન્દ્રને વધુ સત્તા આપવામાં આવી છે તે હકીકતનો અર્થ એ નથી કે રાજ્યો એ કેન્દ્રના માત્ર ઉપાંગો છે. તેમને ફાળવવામાં આવેલા ક્ષેત્રમાં, રાજ્યો સર્વોચ્ચ છે. કેન્દ્ર તેમની સત્તાઓ સાથે ચેડાં કરી શકે નહીં. વિશેષ કરીને, કોર્ટોએ એવો કોઈ અભિગમ કે અર્થઘટન અપનાવવું જોઈએ નહીં, જે રાજ્યો માટે અનામત રાખવામાં આવેલી સત્તાઓને ઘટાડવાની અસર ધરાવતું હોય અથવા ઘટાડવાનું વલણ ધરાવતું હોય. એ સર્વવિદિત બાબત છે કે છેલ્લા કેટલાક દાયકાઓમાં, વિશ્વભરમાં વલણ કેન્દ્ર સરકારોને મજબૂત બનાવવાનું રહ્યું છે, પછી ભલે તે તકનીકી/વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં થયેલી પ્રગતિનું પરિણામ હોય કે અન્યથા, અને યુ.એસ.એ. માં પણ તે બંધારણમાં રાજ્યોની તરફેણમાં સ્પષ્ટ ઝુકાવ હોવા છતાં

કેન્દ્ર ઘણું વધુ શક્તિશાળી બન્યું છે. આ બધું કોર્ટને રાજ્યોની સત્તાઓમાં કોઈપણ સભાન ઘટાડા સામે સાવચેત રાખે છે. એમ કહેવા દો કે ભારતીય બંધારણમાં સમવાયતંત્ર એ વહીવટી અનુકૂળતાની બાબત નથી, પરંતુ સિદ્ધાંતની બાબત છે — આપણી પોતાની ઐતિહાસિક પ્રક્રિયાનું પરિણામ અને વાસ્તવિક જમીની પરિસ્થિતિઓની સ્વીકૃતિ છે. આ પાસાની વિગતવાર ચર્ચા શ્રી એમ. સી. સેતલવાડ દ્વારા તેમના ટાગોર લો લેક્ચર્સ "યુનિયન એન્ડ સ્ટેટ રિલેશન્સ અંડર ધ ઇન્ડિયન કોન્સ્ટીટ્યુશન" (ઇસ્ટર્ન લો હાઉસ, કલકત્તા, ૧૯૭૪) માં કરવામાં આવી છે. ભારતીય સંઘનું સ્વરૂપ તેની ઐતિહાસિક પૃષ્ઠભૂમિના સંદર્ભમાં, કાયદાકીય સત્તાઓની વહેંચણી, નાણાકીય અને વહીવટી સંબંધો, કરવેરાની સત્તાઓ, વેપાર, વાણિજ્ય અને ઉદ્યોગને લગતી જોગવાઈઓ, આ તમામની વિશ્લેષણાત્મક રીતે ચર્ચા કરવામાં આવી છે. વર્તમાન હેતુઓ માટે તેમનો સંદર્ભ આપવો શક્ય નથી કે જરૂરી પણ નથી. એટલી નોંધ લેવી પૂરતી છે કે રાજ્યોની તુલનામાં આપણા બંધારણનો કેન્દ્ર તરફ ચોક્કસપણે ઝુકાવ છે [ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) લિ. વિ. રાજસ્થાન રાજ્ય, (૧૯૬૩) ૧ એસ.સી.આર. ૪૯૧, ૫૪૦: એ.આઇ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૪૦૬]. એ બાબત પર ભાર મૂકવો તેટલો જ જરૂરી છે કે અર્થઘટનની પ્રક્રિયા દ્વારા અત્યંત કુશળતાપૂર્વક ઘડાયેલી બંધારણીય યોજનાને ખોરવી ન નાખવા માટે કોર્ટોએ સાવચેત રહેવું જોઈએ."

૧૭૨. કુલદીપ નાયર વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, (૨૦૦૬) ૭ એસ.સી.સી. ૧ માં બંધારણીય બેંચે ઠેરવ્યું હતું કે ભારત આ શબ્દના પરંપરાગત

અર્થમાં સમવાયી રાજ્ય નથી અને તે વિવિધ રાજ્યો વચ્ચેના કરાર દ્વારા રચાયેલ સાચો સંઘ નથી અને તેને અર્ધ–સમવાયતંત્ર અને સમાન અન્ય સંકલ્પનાઓ તરીકે વર્ણવવામાં આવ્યું છે.

ડૉ. ન્યાયમૂર્તિ દુર્ગા દાસ બસુએ તેમના ગ્રંથ "કમ્પેરેટિવ ફેડરલિઝમ" માં આપણા બંધારણના ઘડતરના ઇતિહાસને તપાસીને પ્રકરણ ૪ "ઇન્ડિયન ફેડરેશન ઇન પર્ટીક્યુલર" માં નીચે મુજબ જણાવ્યું હતું–

> "ભારતીય સંઘનું મજબૂત કેન્દ્રીકરણનું વલણ જેણે વિદેશી નિરીક્ષકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે, તે તેની ઉત્પત્તિ સમજવામાં આવે તો જ યોગ્ય રીતે મૂલ્યાંકન કરી શકાય છે. આપણા બંધારણ હેઠળ સંઘ, પરસ્પર વિરોધી પરિબળોનું પરિણામ છે. દેશની રાજકીય પરંપરા એકતંત્રી હતી, પરંતુ એકતંત્રી બંધારણ અપનાવવાનું શક્ય ન હતું, કારણ કે ભારતીય રજવાડાઓ (આશરે ૬૦૦ ની સંખ્યામાં) જે ૧૯૪૭ ના ભારતીય સ્વતંત્રતા અધિનિયમના પરિણામે, સાર્વભૌમત્વની સમાપ્તિ પછી વ્યવહારિક રીતે સ્વતંત્ર થઈ ગયા હતા, તેમને સમાયોજિત કરવા જરૂરી હતા. બીજી તરફ, યુનાઇટેડ સ્ટેટ્સની જેમ સંઘને 'અપવાદરૂપ' સરકાર બનાવવી શક્ય ન હતી, કારણ કે સંઘના તમામ એકમો સમાન રીતે વિકસિત ન હતા, અને દેશનો તેમજ વસ્તીના પછાત વર્ગોનો સમાન વિકાસ સુનિશ્ચિત કરવા માટે કેન્દ્રીય નિયંત્રણ જરૂરી હતું. સૌથી ઉપર, દેશના ભાગલા દ્વારા સર્જાયેલી પરિસ્થિતિને કારણે એક મજબૂત કેન્દ્ર

સરકાર આવશ્યક બની હતી. યાદ કરી શકાય છે કે બંધારણ સભા દ્વારા શરૂઆતમાં અપનાવવામાં આવેલા ઉદ્દેશ્યોના ઠરાવમાં એવી કલ્પના કરવામાં આવી હતી કે ભારતીય સંઘના એકમો 'સ્વાયત્ત' હોવા જોઈએ અને તેમને શેષ સત્તાઓ સોંપવી જોઈએ. પરંતુ મુસદ્દા બંધારણના ઘડવૈયાઓએ તે દરમિયાન ઊભી થયેલી રાજકીય પરિસ્થિતિમાં ફેરફારને કારણે ઉદ્દેશ્યોના ઠરાવમાં સમાવિષ્ટ સંઘીય ખ્યાલથી અલગ થવું પડ્યું હતું.

આમ, આપણા બંધારણના ઘડવૈયાઓનો ઉદ્દેશ્ય એક મજબૂત કેન્દ્રીય સત્તાનું નિર્માણ કરવાનો હતો જે બાહ્ય આક્રમણનો સામનો કરી શકે અને નવજાત રાજ્યને નબળું પાડવાનું વલણ ધરાવતી આંતરિક વિઘટનકારી શક્તિઓને પણ નિયંત્રિત કરી શકે. આ ઉદ્દેશ્ય માત્ર અન્યત્ર કરતાં સંઘને વધુ ગણાવેલી સત્તાઓ સોંપીને અને તેને શેષ સત્તા [અનુચ્છેદ ૨૪૮] આપીને (કેનેડાની જેમ) જ નહીં, પરંતુ જ્યારે પણ બહારથી કે અંદરથી કોઈપણ વિક્ષેપનો ખતરો હોય ત્યારે કેન્દ્રને પોતે જ એકમોનું નિયંત્રણ સંભાળવા સક્ષમ બનાવીને પણ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે."

૧૭૩. ઉપર નોંધ્યા મુજબ આ કોર્ટ દ્વારા જાહેર કરવામાં આવેલો કાયદો સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતીય બંધારણ મૂળભૂત રીતે સ્વરૂપમાં સંઘીય છે અને સંઘીય વ્યવસ્થાના પરંપરાગત લક્ષણો ધરાવે છે, જેમ કે, બંધારણની સર્વોચ્ચતા, સંઘ અને રાજ્યો વચ્ચે સત્તાનું વિભાજન અને સ્વતંત્ર ન્યાયતંત્રનું

અસ્તિત્વ. સંઘવાદ ભારતીય બંધારણના મૂળભૂત લક્ષણોમાંનું એક છે. જોકે, બંધારણ સભાની ચર્ચાઓ સહિત બંધારણનો ઇતિહાસ દર્શાવે છે કે ભારતીય એકતા અને અખંડિતતાના ઉદ્દેશ્ય સાથે મજબૂત કેન્દ્રનું નિર્માણ કરીને સત્તાના વિતરણને આકાર આપવામાં આવ્યો હતો. ફાળવવામાં આવેલા ક્ષેત્રોમાં રાજ્યો સાર્વભૌમ છે. ભારતીય બંધારણને સંઘવાદના પરંપરાગત ઢાંચામાં મૂકી શકાતું નથી. દેશની આવશ્યકતા અને જરૂરિયાતને અનુરૂપ બનાવવા માટે બંધારણના માળખામાં જરૂરી ફેરફારો સાથે સંઘવાદની પરંપરાગત વિભાવનાને અપનાવવામાં આવી છે. ઉપરોક્ત ચર્ચાનો કુલ સારાંશ એ છે કે બંધારણમાં સંઘવાદ બંધારણ દ્વારા મર્યાદિત અને નિયંત્રિત છે અને રાજ્યો તેમજ કેન્દ્ર બંનેની સત્તાઓનો ઉપયોગ બંધારણની સ્પષ્ટ જોગવાઈઓ દ્વારા નિયંત્રિત થાય છે.

૧૭૪. બંધારણના ભાગ ૧૩ નું અર્થઘટન કરતી વખતે બંધારણના સંઘીય સ્વરૂપ સાથે છેડછાડ ન કરવી જોઈએ તેવી રજૂઆતનો ઉલ્લેખ હવે પછી બંધારણના ભાગ ૧૩ ના વિવિધ અનુચ્છેદો, ખાસ કરીને અનુચ્છેદ ૩૦૪ ના અર્થઘટન સાથે વિચારણા કરતી વખતે કરવામાં આવશે.

સી. બંધારણ હેઠળ રાજ્યની વૈધાનિક સત્તા પર મર્યાદા

૧૭૫. થોમસ એમ. કુલી “અ ટ્રીટીઝ ઓન ધ કોન્સ્ટીટ્યુશનલ લિમિટેશન્સ” માં બંધારણને નીચેના શબ્દોમાં વ્યાખ્યાયિત કરે છે:

“બંધારણને ક્યારેક રાજ્યના મૂળભૂત કાયદા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે, જેમાં એવા સિદ્ધાંતો સમાવિષ્ટ હોય છે કે જેના પર સરકારની

સ્થાપના થયેલી હોય છે, જે સાર્વભૌમ સત્તાઓના વિભાજનનું નિયમન કરે છે, અને નિર્દેશ કરે છે કે આમાંની દરેક સત્તા કઈ વ્યક્તિઓને સોંપવાની રહેશે, અને તેનો કઈ રીતે ઉપયોગ કરવાનો રહેશે. કદાચ તેટલી જ સંપૂર્ણ વ્યાખ્યા એ હશે કે, તે નિયમો અને સૂત્રોનો એવો સમૂહ છે કે જેના અનુસાર સાર્વભૌમત્વની સત્તાઓનો પ્રણાલીગત રીતે ઉપયોગ કરવામાં આવે છે."

૧૭૬. ઉપર નોંધ્યા મુજબ ભારતીય બંધારણે સંઘીય માળખું અપનાવ્યું છે. સંઘીય વ્યવસ્થાના ત્રણ લક્ષણો છે: (૧) બંધારણની સર્વોચ્ચતા; (૨) સંઘ અને રાજ્ય સરકારો વચ્ચે સત્તાનું વિભાજન; અને (૩) સ્વતંત્ર ન્યાયતંત્રનું અસ્તિત્વ. બંધારણ મૂળભૂત કાયદા તરીકે કાર્ય કરે છે. રાજ્યના અંગો, એટલે કે, કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર પોતાની સત્તા મેળવે છે અને બંધારણના માળખામાં રહીને પોતાની જવાબદારીઓ નિભાવે છે. સંઘની સંસદ કે રાજ્યની ધારાસભા બંનેમાંથી કોઈ પણ સાર્વભૌમ નથી. સંસદ અને રાજ્ય ધારાસભાને આપવામાં આવેલી વૈધાનિક સત્તા બંધારણમાં પૂરી પાડવામાં આવી છે અને તેની જોગવાઈ કરવામાં આવી છે. બંધારણીય મર્યાદાઓને અનુરૂપ કોઈપણ વિષય પર કાયદો ઘડવા માટે રાજ્ય સાર્વભૌમ છે. રાજ્યની વૈધાનિક સત્તાના ઉપયોગમાં બંધારણ દ્વારા કઈ મર્યાદાઓની કલ્પના કરવામાં આવી છે, તે અમારી સમક્ષ વિચારણા હેઠળનો એક મુદ્દો છે. રાજ્યો વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ દલીલ કરે છે કે યાદી ૨ માં ગણાવેલા વિષયો પર કાયદો ઘડવાની સત્તા એક સાર્વભૌમ સત્તા છે જેમાં કર લાદવાની રાજ્યની સત્તાનો પણ સમાવેશ થાય છે, જેમાં

બંધારણના ભાગ ૧૩ માંથી કોઈ મર્યાદા વાંચી શકાય નહીં. એવી દલીલ કરવામાં આવી છે કે માત્ર બંધારણમાંના ચોક્કસ પ્રતિબંધ અથવા મર્યાદા દ્વારા જ રાજ્યની સાર્વભૌમ સત્તાને મર્યાદિત કરતી તરીકે વાંચવી જોઈએ. બીજી તરફ, અરજદારો દલીલ કરે છે કે રાજ્ય વિધાનમંડળ તેની કરવેરાની સત્તાનો ઉપયોગ કરતી વખતે તે જ વૈધાનિક સત્તાનો ઉપયોગ કરે છે જે તે અન્ય કોઈ કાયદો ઘડતી વખતે કરે છે જેને ઘડવા માટે તે સક્ષમ છે અને કર લાદતો કાયદો ઘડવા અથવા બિન-નાણાકીય કાયદો ઘડવા માટે વૈધાનિક સત્તાના ઉપયોગ વચ્ચે કોઈ ગુણાત્મક તફાવત નથી. કોઈપણ કાયદો બનાવવામાં, બંધારણ દ્વારા પરિકલ્પિત તમામ મર્યાદાઓ લાગુ થશે. રાજ્યો વતી ઉપસ્થિત વિદ્વાન વકીલે રજૂઆત કરી છે કે રાજ્ય વિધાનમંડળની કરવેરા સત્તા પરની મર્યાદાઓ માત્ર બંધારણના ભાગ ૧૨ માં જ સમાવિષ્ટ છે અને રાજ્યની વૈધાનિક સત્તાના ઉપયોગ પર અન્ય કોઈ મર્યાદા વાંચી શકાતી નથી.

૧૭૭. બંધારણના ભાગ ૩ માં અનુચ્છેદ ૧૩ ની પેટા-કલમ (૨) રાજ્ય દ્વારા કાયદો બનાવવા પર સ્પષ્ટ પ્રતિબંધ પૂરો પાડે છે. અનુચ્છેદ ૧૩ ની પેટા-કલમ (૨) નીચે મુજબ છે:

> "૧૩(૨). રાજ્ય એવો કોઈ કાયદો બનાવશે નહીં જે આ ભાગ દ્વારા આપવામાં આવેલા અધિકારોને છીનવી લે અથવા ઘટાડે અને આ ખંડના ઉલ્લંઘનમાં બનેલો કોઈપણ કાયદો, ઉલ્લંઘનની મર્યાદા સુધી, રદબાતલ રહેશે."

૧૭૮. બંધારણનો ભાગ ૧૧ "સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો" સાથે સંબંધિત છે. જેના પ્રકરણ ૧ માં શીર્ષક "ધારાકીય સંબંધો" છે. પ્રકરણ ૧ માં અનુચ્છેદ ૨૪૫ થી અનુચ્છેદ ૨૫૫ નો સમાવેશ થાય છે. અનુચ્છેદ ૨૪૫ આ શબ્દો સાથે શરૂ થાય છે: આ બંધારણની જોગવાઈઓને આધીન રહીને, સંસદ ભારતના સમગ્ર પ્રદેશ અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવી શકે છે, અને રાજ્યનું વિધાનમંડળ સમગ્ર રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવી શકે છે. અનુચ્છેદ ૨૪૬ સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓના વિષય–વસ્તુ સાથે સંબંધિત છે. અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ નીચે મુજબ છે:

> "૨૪૫. સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ.—(૧) આ બંધારણની જોગવાઈઓને આધીન રહીને, સંસદ ભારતના સમગ્ર પ્રદેશ અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવી શકે છે, અને રાજ્યનું વિધાનમંડળ સમગ્ર રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવી શકે છે.
>
> (૨) સંસદ દ્વારા બનાવવામાં આવેલો કોઈપણ કાયદો તે પ્રદેશ બહાર અમલીકરણ ધરાવતો હશે તેવા કારણસર અમાન્ય ગણાશે નહીં."

૨૪૬. સંસદ દ્વારા અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓનું વિષય–વસ્તુ.—(૧) ખંડ (૨) અને (૩) માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સાતમી અનુસૂચિની યાદી ૧ (આ બંધારણમાં જેનો "સંઘ

યાદી" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) માં ગણાવેલી કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની સંસદ પાસે અનન્ય સત્તા છે.

(૨) ખંડ (૩) માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, સંસદ, અને ખંડ (૧) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે પણ, સાતમી અનુસૂચિની યાદી ૩ (આ બંધારણમાં જેનો "સમવર્તી યાદી" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) માં ગણાવેલી કોઈપણ બાબતોના સંબંધમાં કાયદા બનાવવાની સત્તા છે.

(૩) ખંડ (૧) અને (૨) ને આધીન રહીને, કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે સાતમી અનુસૂચિની યાદી ૨ (આ બંધારણમાં જેનો "રાજ્ય યાદી" તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે) માં ગણાવેલી કોઈપણ બાબતોના સંબંધમાં તેવા રાજ્ય અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની અનન્ય સત્તા છે.

(૪) કોઈ રાજ્યમાં સમાવિષ્ટ ન હોય તેવા ભારતના પ્રદેશના કોઈપણ ભાગ માટે, તેવી બાબત રાજ્ય યાદીમાં ગણાવેલી બાબત હોવા છતાં પણ, કોઈપણ બાબતના સંબંધમાં કાયદા બનાવવાની સત્તા સંસદ પાસે છે."

૧૭૯. અમારી સમક્ષ રજૂઆતો દરમિયાન, ઉઠાવવામાં આવેલા મુદ્દાઓમાંથી એક એ છે કે શું અનુચ્છેદ ૨૪૫ વૈધાનિક સત્તાનો સ્ત્રોત છે કે પછી તે અનુચ્છેદ ૨૪૬ છે. રાજ્યો વતી ઉપસ્થિત કેટલાક વકીલો એવી દલીલ કરે છે

કે "આ બંધારણની જોગવાઈઓને આધીન" શબ્દો માત્ર અનુચ્છેદ ૨૪૫ માં જ છે જે અનુચ્છેદ ૨૪૬ ને નિયંત્રિત કરતા નથી, જે હેઠળ કોઈપણ રાજ્યના વિધાનમંડળ પાસે કાયદો બનાવવાની અનન્ય સત્તા છે. અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ બંને એક જ વિષયને આવરી લે છે, એટલે કે સંસદ અને વિધાનમંડળ દ્વારા કાયદાનું નિર્માણ. અનુચ્છેદ ૨૪૫ કાયદાઓની વ્યાપ્તિ સાથે સંબંધિત છે જ્યારે અનુચ્છેદ ૨૪૬ કાયદાઓના વિષય–વસ્તુ સાથે સંબંધિત છે. બંને અનુચ્છેદો સાથે મળીને સંસદ અને રાજ્યો દ્વારા ઉપયોગમાં લેવાની વૈધાનિક સત્તાઓને વ્યાખ્યાયિત અને સીમાંકિત કરે છે. આ મુદ્દો હવે રેસ ઇન્ટેગ્રા (અનિર્ણિત) રહ્યો નથી. આ કોર્ટની બંધારણીય બેંચને મહારાજ ઉમેગ સિંહ અને અન્ય વિ. ધ સ્ટેટ ઓફ બોમ્બે અને અન્ય, (૧૯૫૫) ૨ એસ.સી.આર. ૧૬૪ માં અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળ પૂરી પાડવામાં આવેલી વૈધાનિક સત્તાઓ પરની વ્યાપ્તિ અને મર્યાદાઓ પર વિચાર કરવાની તક મળી હતી. ઉપરોક્ત કેસમાં આ કોર્ટ દ્વારા નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

> "રાજ્ય વિધાનમંડળ, કે જે બંધારણની સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ માં નિર્દિષ્ટ વિધાન વિષયોના દાયરામાં કાયદો ઘડવાની સંપૂર્ણ સત્તા ધરાવતું હતું, તેની વૈધાનિક સત્તા પરનું બંધન કે મર્યાદા માત્ર બંધારણ દ્વારા જ લાદી શકાતી હતી અને ડોમિનિયન સરકાર અથવા બોમ્બે પ્રાંત અથવા બોમ્બે રાજ્ય દ્વારા પણ લેવામાં આવેલી કોઈપણ જવાબદારી દ્વારા નહીં. અનુચ્છેદ ૨૪૬ હેઠળ રાજ્ય વિધાનમંડળને બંધારણની સાતમી અનુસૂચિની યાદી ૨ અને ૩ માં ગણાવેલા વિષયો પર કાયદો

ઘડવાની સત્તા સોંપવામાં આવી હતી અને આ સત્તા અનુચ્છેદ ૨૪૫(૧) ના આધારે બંધારણની જોગવાઈઓને આધીન હતી. બંધારણે પોતે જ આ સત્તા પર બંધનો અથવા મર્યાદાઓ નિર્ધારિત કરી હતી, દા.ત., અનુચ્છેદ ૩૦૩ અથવા અનુચ્છેદ ૨૮૬(૨) માં."

એ નોંધવું પ્રસ્તુત છે કે બંધારણીય બેંચે અનુચ્છેદ ૩૦૩ ની નોંધ એવા અનુચ્છેદોમાંના એક તરીકે લીધી છે જેના દ્વારા રાજ્યની વૈધાનિક સત્તાઓ પર મર્યાદાઓ લાદવામાં આવી હતી.

૧૮૦. આ કોર્ટના મોટી સંખ્યામાં ચુકાદાઓમાં ઉપરોક્ત દ્રષ્ટિકોણનો પુનરોચ્ચાર કરવામાં આવ્યો છે. આ કોર્ટના સ્ટેટ ઓફ કેરળ અને અન્ય વિ. માર અપ્રેમ કુરી કંપની લિમિટેડ અને અન્ય, (૨૦૧૨) ૭ એસ.સી.સી. ૧૦૬ ના માત્ર વધુ એક બંધારણીય બેંચના ચુકાદાનો સંદર્ભ આપવો પૂરતો રહેશે. આ કોર્ટને ફરીથી અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ પર વિચારણા કરવાની તક મળી હતી. બંધારણીય બેંચે સદર કેસમાં ઠેરવ્યું કે જ્યારે વૈધાનિક સત્તા અનુચ્છેદ ૨૪૫ માંથી મેળવવામાં આવે છે, ત્યારે બંધારણની સાતમી અનુસૂચિની પ્રવિષ્ટિઓ માત્ર સંબંધિત વિધાનમંડળોના વૈધાનિક ક્ષેત્રોનું સીમાંકન કરે છે અને તે રીતે વૈધાનિક સત્તા પ્રદાન કરતી નથી. ફકરા ૩૫ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવ્યું હતું:

"૩૫.....જ્યારે વૈધાનિક સત્તા અનુચ્છેદ ૨૪૫ માંથી મેળવવામાં આવે છે, ત્યારે બંધારણની સાતમી અનુસૂચિની પ્રવિષ્ટિઓ માત્ર સંબંધિત

વિધાનમંડળોના વૈધાનિક ક્ષેત્રોનું સીમાંકન કરે છે અને તે રીતે વૈધાનિક સત્તા પ્રદાન કરતી નથી. જ્યારે સંસદ પાસે ભારતના સમગ્ર પ્રદેશ અથવા તેના કોઈપણ ભાગ માટે કાયદા બનાવવાની સત્તા છે, ત્યારે રાજ્યનું વિધાનમંડળ માત્ર તે રાજ્ય અથવા તેના ભાગ માટે જ કાયદા બનાવી શકે છે. આમ અનુચ્છેદ ૨૪૫ અન્ય બાબતોની સાથે સંસદ દ્વારા અને રાજ્ય વિધાનમંડળો દ્વારા બનાવવામાં આવેલા કાયદાઓની વ્યાપ્તિ દર્શાવે છે."

૧૮૧. ફકરા ૩૭ માં એવું ઠેરવવામાં આવ્યું હતું કે "બંધારણની અન્ય જોગવાઈઓને આધીન" શબ્દપ્રયોગ પણ અનુચ્છેદ ૨૪૬ માં વાંચવો પડશે, ફકરા ૩૭ માં નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

"આમ, અનુચ્છેદ ૨૪૬ સંઘ અને રાજ્યો વચ્ચે વૈધાનિક સત્તાઓના વિતરણની જોગવાઈ કરે છે કે જે અનુચ્છેદ ૨૪૫ દ્વારા પ્રદાન કરવામાં આવી છે. અનુચ્છેદ ૨૪૫ "આ બંધારણની જોગવાઈઓને આધીન" શબ્દપ્રયોગ સાથે શરૂ થાય છે. તેથી, અનુચ્છેદ ૨૪૬ ને "બંધારણની અન્ય જોગવાઈઓને આધીન" તરીકે વાંચવું આવશ્યક છે."

૧૮૨. આમ, એ સુસ્થાપિત છે કે રાજ્યની વૈધાનિક સત્તા બંધારણની જોગવાઈઓને આધીન છે. 'આ બંધારણની જોગવાઈઓને આધીન' શબ્દોને તેનો સંપૂર્ણ અર્થ અને વિષયવસ્તુ આપવી પડશે. આમ, બંધારણમાં જ્યાં પણ વૈધાનિક સત્તાઓની મર્યાદા જણાય ત્યાં તેને અમલમાં લાવવી પડશે. તેમાં કોઈ શંકા હોઈ શકે નહીં કે બંધારણનો ભાગ ૧૨ "નાણાં, મિલકત, કરારો અને

દાવાઓ" સાથે સંબંધિત છે અને ભાગ ૧૨ માં વિવિધ સ્પષ્ટ મર્યાદાઓ પૂરી પાડવામાં આવી છે, જેમ કે, અનુચ્છેદ ૨૭૬, ૨૮૬ અને અમુક અન્ય અનુચ્છેદો, પરંતુ શું ભાગ ૧૨ ને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પરની એકમાત્ર મર્યાદા તરીકે ગણી શકાય, તો તેનો જવાબ નકારાત્મક હોવો જોઈએ. અમે પહેલેથી જ અનુચ્છેદ ૧૩ ની પેટા–કલમ (૨) ટાંકી છે અને બંધારણીય બેંચના એક કરતાં વધુ ચુકાદાઓ છે કે જેમાં ઠેરવવામાં આવ્યું છે કે કરવેરા કાયદાએ પણ અનુચ્છેદ ૧૩ ની પેટા–કલમ (૨) ને અનુરૂપ હોવું જોઈએ. કુન્નાથત થથુન્ની મુપિલ નાયર વિ. ધ સ્ટેટ ઓફ કેરળ અને અન્ય, (૧૯૬૧) ૩ એસ.સી.આર. ૭૭ માં ત્રાવણકોર–કોચીન લેન્ડ ટેક્સ એક્ટ, ૧૯૫૫ ની બંધારણીય કાયદેસરતાને પડકારવામાં આવી હતી. અરજદારો દ્વારા નીચે મુજબની દલીલ કરવામાં આવી હતી:

> "અરજદારો વતી ઉઠાવવામાં આવેલા વિવાદના કાનૂની પાસા પર, એવી દલીલ કરવામાં આવી હતી કે સદર અધિનિયમનું ઔચિત્ય બંધારણના અનુચ્છેદ ૨૬૫ માં છે, જે બંધારણના ભાગ ૩ ની જોગવાઈઓને આધીન ન હતું અને તેથી, અનુચ્છેદ ૧૪, ૧૯, ૩૧ ને અરજદારોની સહાય માટે લાગુ કરી શકાય નહીં. એવી પણ દલીલ કરવામાં આવી હતી કે ભલે સદર અધિનિયમ અસરમાં જપ્તીજનક હોય, પણ કરવેરા કાનૂન હોવાના કારણે તેને પડકારી શકાય નહીં."

૧૮૩. સદર દલીલને ફગાવી દેતાં બંધારણીય બેંચે ઠેરવ્યું કે કર કાયદો પણ અનુચ્છેદ ૧૩ ને આધીન છે. નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

> "તે કાયદાની સત્તા દ્વારા થવું જોઈએ, જેનો અર્થ માન્ય કાયદો હોવો જોઈએ. કાયદો માન્ય બને તે માટે, લાદવાનો પ્રસ્તાવિત કર તે કર લાદનાર અને તેની વસૂલાતને અધિકૃત કરનાર વિધાનમંડળની વૈધાનિક સક્ષમતાની અંદર હોવો જોઈએ અને, બીજું, કર બંધારણના અનુચ્છેદ ૧૩ માં નિર્ધારિત શરતોને આધીન હોવો જોઈએ. અનુચ્છેદ ૧૩(૨) દ્વારા પરિકલ્પિત આવી શરતોમાંની એક એ છે કે વિધાનમંડળ એવો કોઈ કાયદો બનાવશે નહીં જે અનુચ્છેદ ૧૪ માં સમાનતાની કલમને છીનવી લે અથવા ઘટાડે કે જે રાજ્યને આદેશ આપે છે કે તેણે કોઈપણ વ્યક્તિને કાયદા સમક્ષ સમાનતા અથવા દેશના કાયદાઓના સમાન રક્ષણનો ઇનકાર કરવો નહીં."

૧૮૪. હરિ કૃષ્ણ ભાર્ગવ વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, ૧૯૬૬ એ.આઇ.આર. એસ.સી. ૬૧૯ માં અન્ય એક બંધારણીય બેંચના ચુકાદામાં ઠેરવવામાં આવ્યું કે કરવેરા સત્તાના ઉપયોગની કસોટી પણ બંધારણના પ્રકરણ ૩ હેઠળ ખાતરી આપવામાં આવેલી મૂળભૂત સ્વતંત્રતાઓના પ્રકાશમાં થવી જોઈએ. ફકરા ૭ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "૭....રાજ્યની કરવેરા સત્તાના ઉપયોગની નિઃશંકપણે બંધારણના પ્રકરણ ૩ દ્વારા ખાતરી આપવામાં આવેલી મૂળભૂત સ્વતંત્રતાઓના

પ્રકાશમાં કસોટી થવી જોઈએ. તે એવી સત્તા નથી જે મૂળભૂત અધિકારોનું અતિક્રમણ કરતી હોય, જેમ કે અગાઉના અમુક નિર્ણયોમાં માની લેવામાં આવ્યું હતું. રામજીલાલ વિ. ઇન્કમ–ટેક્સ ઓફિસર મોહિન્દર ગઢ, ૧૯૫૧ એસ.સી.આર. ૧૨૭: (એ.આઇ.આર. ૧૯૫૧ એસ.સી. ૯૭); લક્ષ્મણપ્પા હનુમંતપ્પા વિ. યુનિયન ઓફ ઇન્ડિયા, ૧૯૫૫–૧ એસ.સી.આર. ૭૬૯: (એ.આઇ.આર. ૧૯૫૫ એસ.સી. ૩); અને અનંત કૃષ્નન વિ. સ્ટેટ ઓફ મદ્રાસ, આઈ.એલ.આર. (૧૯૫૨) મદ્રાસ ૯૩૩: (એ.આઇ.આર. ૧૯૫૨ મદ્રાસ ૩૯૫) માં ન્યાયમૂર્તિ વેંકટરામ અય્યર દ્વારા વ્યક્ત કરાયેલ દ્રષ્ટિકોણ. પરંતુ હવે કોર્ટના નિર્ણયો (દા.ત.), કુન્નાથત થથુન્ની મુપિલ નાયર વિ. સ્ટેટ ઓફ કેરળ, ૧૯૬૧–૩ એસ.સી.આર. ૭૭: (એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૫૫૨) દ્વારા એ સુસ્થાપિત થઈ ગયું છે કે કરવેરા કાનૂન "બંધારણના અનુચ્છેદ ૧૩ માં નિર્ધારિત શરતો" ને આધીન છે. તદનુસાર કરવેરા કાનૂનને એ કારણસર પડકારી શકાય છે કે તે જપ્તીજનક છે, અથવા કાનૂન કર નિર્ધારિત કરવા માટે કોઈ પ્રક્રિયા કે તંત્ર નિર્ધારિત કરતો નથી, પરંતુ માત્ર એ કારણસર તેને પડકારી શકાય નહીં કે કર કઠોર અથવા વધુ પડતો છે."

૧૮૫. તમામ વૈધાનિક સત્તાઓ બંધારણમાંની મર્યાદાઓને આધીન છે, પછી ભલે તે નાણાકીય કાનૂન હોય કે બિન–નાણાકીય કાનૂન.

૧૮૬. હવે, આપણે એ પ્રશ્ન પર આવીએ છીએ કે શું ભાગ ૧૩ માં પણ રાજ્યની વૈધાનિક સત્તા પર મર્યાદાઓ સમાવિષ્ટ છે. ઉપર નોંધ્યા મુજબ બંધારણ સભામાં ગહન વિચારણા અને ચર્ચાઓ પછી બંધારણમાં ભાગ ૧૩ નો સમાવેશ કરવામાં આવ્યો છે. ભાગ ૧૩ માં સૌથી મહત્વપૂર્ણ અધિકારો અને સિદ્ધાંતોમાંનો એક સમાવિષ્ટ છે કે જેના પર આર્થિક સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે દેશે આગળ વધવાનું હતું. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે નીચેના શબ્દોમાં ભાગ ૧૩ હેઠળ ખાતરી આપવામાં આવેલા અધિકારના સ્વરૂપ અને વિષયવસ્તુને સુંદર રીતે સમજાવ્યા છે: –

> "વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાની ખાતરી આપતી અનુચ્છેદ ૩૦૧ માં સમાવિષ્ટ જોગવાઈ માત્ર એક સામાન્ય કથનની ઘોષણા નથી, અથવા માત્ર ઘોષણાત્મક સ્વરૂપની પવિત્ર આશાની અભિવ્યક્તિ નથી; તે રાજ્યની નીતિના માર્ગદર્શક સિદ્ધાંતનું માત્ર એક વિધાન પણ નથી; તે સર્વોચ્ચ મહત્વના એવા સિદ્ધાંતને મૂર્તિમંત અને સ્થાપિત કરે છે કે દેશની આર્થિક એકતા દેશની રાજકીય અને સાંસ્કૃતિક એકતાની સ્થિરતા અને પ્રગતિ માટે મુખ્ય આધારભૂત બળ પૂરું પાડશે."

૧૮૭. ઉપરોક્ત કેસમાં બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે નીચેના શબ્દોમાં એવું પણ ઠેરવ્યું છે કે અનુચ્છેદ ૩૦૧ એ સંસદ અને રાજ્યોની વૈધાનિક સત્તા પર એક બંધારણીય મર્યાદા છે:–

"તેથી જ અમને જણાય છે કે અનુચ્છેદ ૩૦૧, તેના યોગ્ય સંદર્ભમાં વાંચતા અને ભાગ ૧૩ ના અન્ય સંબંધિત અનુચ્છેદો દ્વારા નિર્ધારિત મર્યાદાઓને આધીન રહીને, સંસદ અને રાજ્યોના વિધાનમંડળોની વૈધાનિક સત્તા પર બંધારણીય મર્યાદા લાદતું હોવાનું ગણવું જોઈએ."

૧૮૮. "બંધારણ હેઠળ રાજ્યની વૈધાનિક સત્તા પર મર્યાદા" ની ચર્ચા કરતી વખતે અમે પહેલેથી જ તારણ કાઢ્યું છે કે અનુચ્છેદ ૨૪૫, જે તમામ વૈધાનિક સત્તાઓનો સ્ત્રોત છે, તે તમામ વૈધાનિક સત્તાઓ પર એક સામાન્ય મર્યાદા મૂકે છે જેને સ્પષ્ટપણે 'આ બંધારણની જોગવાઈઓને આધીન' બનાવવામાં આવી છે. જ્યારે તમામ વૈધાનિક સત્તાઓ બંધારણની જોગવાઈઓને આધીન છે, અને ભાગ ૧૩ પણ બંધારણનો એક ભાગ હોવાથી, તમામ વૈધાનિક સત્તાઓ ભાગ ૧૩ ને પણ આધીન હોવી જોઈએ.

૧૮૯. ભાગ ૧૩ નું શાબ્દિક અર્થઘટન પણ એ જ નિષ્કર્ષ પર દોરી જાય છે. અનુચ્છેદ ૩૦૩ એ એક સ્પષ્ટ જોગવાઈ છે જે 'વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ અને રાજ્યોની વૈધાનિક સત્તા પર નિયંત્રણ' ની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૩૦૪ એ બીજી જોગવાઈ છે જે જોકે રાજ્યના વિધાનમંડળને કાયદા દ્વારા રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ લાદવાની સત્તા આપે છે, પરંતુ રાજ્ય દ્વારા બનાવવામાં આવનાર કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) માં સમાવિષ્ટ વિવિધ નિયંત્રણોથી ઘેરાયેલો છે. આમ અનુચ્છેદ ૩૦૪ પણ રાજ્યની વૈધાનિક સત્તા પરની મર્યાદા છે.

૧૯૦. આ કોર્ટે સ્ટેટ ઓફ કર્ણાટક અને અન્ય વિ. હંસા કોર્પોરેશન, (૧૯૮૦) ૪ એસ.સી.સી. ૬૯૭ માં ફકરા ૩૦ માં ઠેરવ્યું છે:

"અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના વિધાનમંડળની કર લાદવાની સત્તા પર નિયંત્રણ લાદે છે.....".

૧૯૧. અનુચ્છેદ ૩૦૧ તમામ વૈધાનિક સત્તા પર સામાન્ય મર્યાદા ધરાવે છે. આ કોર્ટની બંધારણીય બેંચે સ્ટેટ ઓફ તમિલનાડુ અને અન્ય વિ. સીતોલક્ષ્મી મિલ્સ અને અન્ય (૧૯૭૪) ૪ એસ.સી.સી. ૪૦૮ માં ફકરા ૭ માં જણાવ્યું હતું કે:

"....બીજા શબ્દોમાં કહીએ તો ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે તે સુનિશ્ચિત કરવા માટે અનુચ્છેદ ૩૦૧ તમામ કાયદાકીય સત્તા પર સામાન્ય મર્યાદા લાદે છે".

૧૯૨. જી. કે. કૃષ્ણન અને અન્ય વિરુદ્ધ તમિલનાડુ રાજ્ય અને અન્ય (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫ માં ન્યાયમૂર્તિ કે. મેથ્યુએ ફરીથી પુનરોચ્ચાર કર્યો હતો કે અનુચ્છેદ ૩૦૪ તમામ કાયદાકીય સત્તા પર સામાન્ય મર્યાદા લાદે છે, તેઓ જણાવે છે કે 'ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર મુક્ત રહેશે તે સુનિશ્ચિત કરવા માટે અનુચ્છેદ ૩૦૧ તમામ કાયદાકીય સત્તા પર સામાન્ય મર્યાદા લાદે છે'. ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં, અમે એવા નિષ્કર્ષ પર આવીએ છીએ કે બંધારણનો ભાગ ૧૩ રાજ્યની કાયદાકીય સત્તા પર મર્યાદા ધરાવે છે અને રાજ્યની તમામ કાયદાકીય સત્તા,

ભલે તે નાણાકીય હોય કે બિન–નાણાકીય, તેણે બંધારણના ભાગ ૧૨ ને અનુરૂપ રહેવું પડશે.

ડી. શું બંધારણનો ભાગ ૧૩ "કર કાયદા" ને આવરી લે છે અને તેમાં વપરાયેલ "પ્રતિબંધ" શબ્દમાં કર કાયદાનો સમાવેશ થાય છે.

૧૯૩. ઉપરોક્ત વિષય પર બે ભાગમાં વિચારણા કરવામાં આવી રહી છે. પ્રથમ, શું બંધારણનો ભાગ ૧૩ કર કાયદાને આવરી લે છે અને બીજું, શું ભાગ ૧૩ માં વપરાયેલ પ્રતિબંધ શબ્દમાં કર કાયદાનો સમાવેશ થાય છે.

શું ભાગ ૧૩ કર કાયદાને આવરી લે છે

૧૯૪. ઉપરોક્ત વિષય પર બંને પક્ષકારોના વિદ્વાન કાઉન્સેલ દ્વારા જુદી જુદી રજૂઆતો કરવામાં આવી છે. એક તરફ અરજદારો તરફના વિદ્વાન કાઉન્સેલ એવી દલીલ કરે છે કે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકતા તમામ કર કાયદાઓ ભાગ ૧૩ દ્વારા આવરી લેવાયેલા છે, જ્યારે રાજ્યો વતી ઉપસ્થિત વિદ્વાન કાઉન્સેલ એવી દલીલ કરે છે કે ભાગ ૧૩ માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ઉલ્લેખિત બિન–ભેદભાવપૂર્ણ કરને જ આવરી લે છે અને અન્ય કોઈ કર કાયદા ભાગ ૧૩ હેઠળ આવરી લેવાયેલા નથી.

૧૯૫. આતિયાબારી ટી કંપની લિ. માં બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે એ દલીલ ફગાવી દીધી છે કે કર કાયદાઓ ભાગ ૧૩ ની બહાર છે.

ખુદ મુખ્ય ન્યાયમૂર્તિ સિંહાએ પણ પૃષ્ઠ ૮૨૮ પર નીચે મુજબનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો:

> "...તેથી, જ્યારે બંધારણનો ભાગ ૧૩ જાહેર હિતમાં વાજબી પ્રતિબંધો લાદવાની વાત કરે છે, ત્યારે સામાન્ય શબ્દ 'વાજબી પ્રતિબંધો' માં કરવેરાનો સમાવેશ કરવાનો તેનો આશય હોઈ શકે નહીં...."

તે જ ફકરામાં આગળ એવું અવલોકન કર્યું હતું:

> "... જો વિધાનમંડળ દ્વારા કર લાદતો એવો કાયદો પસાર કરવામાં આવે કે જે તેના સાચા સ્વરૂપ અને અસરમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના મુક્ત પ્રવાહ પર અવરોધ લાદવા માટેનો હોય, ઉદાહરણ તરીકે, ઊંચી જકાતની દીવાલ લાદીને, અથવા રાજ્યમાં થતી આયાત કે રાજ્યમાંથી થતી નિકાસને અટકાવીને, તો આવો કાયદો તેના મૂળ સ્વરૂપે કરવેરાના મહત્વની બહાર છે, પરંતુ તે એક વેપાર અવરોધનું સ્વરૂપ ધારણ કરે છે જેને ભાગ ૧૩ દ્વારા નાબૂદ કરવાનો બંધારણના ઘડવૈયાઓનો આશય હતો..."

૧૯૬. આતિયાબારી ટી કંપનીમાં ન્યાયમૂર્તિ શાહે ઠેરવ્યું છે કે પ્રતિબંધ લાદતા તમામ કરવેરા અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાધિત થાય છે. ધ ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (ઉપર્યુક્ત), કે જેમાં આતિયાબારી ટી કંપનીની શુદ્ધતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો, તેમાં પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો કે કરવેરાનો

ભાગ ૧૩ માં સમાવેશ થાય છે. ન્યાયમૂર્તિ દાસ દ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "...અનુચ્છેદ ૨૪૫ ની જોગવાઈઓને ધ્યાને લેતાં, અમારા માટે એ દલીલ સ્વીકારવી મુશ્કેલ છે કે બંધારણના ભાગ ૧૩ માં રહેલા પ્રતિબંધો કરવેરાના કાયદાઓને લાગુ પડતા નથી..."

૧૯૭. ન્યાયમૂર્તિ કે. સુબ્બા રાવ અને ન્યાયમૂર્તિ એમ. હિદાયતુલ્લાહ બંનેએ પોતાના અલગ અલગ અભિપ્રાયોમાં ઠેરવ્યું છે કે કરવેરાના કાયદા દ્વારા લાદવામાં આવતો પ્રતિબંધ પણ અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાધિત થાય છે.

૧૯૮. રાજ્યો વતી વિદ્વાન કાઉન્સેલ પોતાની રજૂઆતના સમર્થનમાં વધુમાં એવી દલીલ કરે છે કે બંને શબ્દો એટલે કે 'કર' અને 'પ્રતિબંધ' અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) માં અલગ અલગ રીતે વાપરવામાં આવ્યા છે. બંને શબ્દો પરસ્પર એકબીજાના સ્થાને વાપરી શકાય તેવા નથી તેમજ અનુચ્છેદ ૩૦૪ ની યોજના એવો નિર્દેશ કરતી નથી કે 'પ્રતિબંધ' શબ્દમાં કરવેરાનો સમાવેશ થાય છે. વિદ્વાન કાઉન્સેલ વધુમાં રજૂઆત કરે છે કે ભાગ ૧૩ માં વપરાયેલા 'પ્રતિબંધ' શબ્દમાં કરવેરાનો અર્થ વાંચવો એ એવા અર્થઘટનને સ્વીકારવા સમાન છે જે બંધારણ હેઠળ રાજ્યોને આપવામાં આવેલી સંપૂર્ણ કાયદાકીય સત્તાઓને મર્યાદિત કરે છે.

૧૯૯. આ કોર્ટના તમામ અનુગામી ચુકાદાઓ પણ એ પૂર્વધારણા પર આગળ વધ્યા છે કે જે કર કાયદો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની

સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરે છે અને જેને અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ દ્વારા બચાવવામાં આવ્યો નથી, તે અમાન્ય છે. આતિયાબારી ટી કંપની અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટમાં માન્ય રખાયેલા કારણ ઉપરાંત નીચેના કારણો અમારા એ દ્રષ્ટિકોણને સમર્થન આપે છે કે ભાગ ૧૩ એવા તમામ કર કાયદાઓને આવરી લે છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરે છે:

(એ) અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૬ માં (બંધારણના ૭મા સુધારા અધિનિયમ, ૧૯૫૬ દ્વારા તે રદ કરવામાં આવ્યો તે પહેલાં અસ્તિત્વમાં હતો તે મુજબ) 'કર' શબ્દનો સ્પષ્ટ ઉપયોગ એ બાબત દર્શાવે છે કે ભાગ ૧૩ માં કરવેરાનો સ્પષ્ટપણે સમાવેશ કરવામાં આવ્યો હતો. જો ૩૦૪(એ) માં દર્શાવ્યા સિવાયના કરવેરાને ભાગ ૧૩ હેઠળ આવરી લેવાના ન હોત, તો અનુચ્છેદ ૩૦૬ નો સમાવેશ કરવામાં આવ્યો ન હોત, જેણે બંધારણના પ્રારંભથી દસ વર્ષથી વધુ ન હોય તેવા સમયગાળા માટે ભાગ બી રાજ્યોમાં માલની આયાત અને નિકાસ પર કર અથવા જકાત ચાલુ રાખવાની પરવાનગી આપી હતી. બંધારણના ઘડવૈયાઓ સભાન હતા કે જ્યાં સુધી રાજ્યમાં ચાલુ રહેલા કરવેરાને સર્વોપરી અસર આપવામાં ન આવે ત્યાં સુધી તે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરશે.

(બી) અનુચ્છેદ ૩૦૨ માં "સંસદ કાયદા દ્વારા કરી શકશે" શબ્દપ્રયોગનો ઉપયોગ થયો છે. જ્યારે અનુચ્છેદ ૩૦૩ માં "સંસદ કે રાજ્યના

વિધાનમંડળ પાસે કોઈપણ કાયદો બનાવવાની સત્તા રહેશે નહીં.....” શબ્દપ્રયોગ વપરાયો છે. અનુચ્છેદ ૩૦૪ માં રાજ્યનું વિધાનમંડળ “કાયદા દ્વારા કરી શકશે” શબ્દપ્રયોગ વાપરે છે. ૭મી અનુસૂચિ હેઠળની કાયદાકીય પ્રવિષ્ટિઓનો ઉપયોગ કરીને સંસદ અથવા રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા તમામ કાયદાઓ કાયદો છે. અનુચ્છેદ ૩૦૨ – ૩૦૪ એવા અપવાદો ધરાવે છે કે જેના અનુસાર, અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અતિક્રમિત કરી શકાય છે. ‘કાયદો’ શબ્દ નાણાકીય અને બિન–નાણાકીય બંને પ્રકારના કાયદાઓનો સમાવેશ કરવા માટે પૂરતો વ્યાપક છે.

(સી) અનુચ્છેદ ૩૦૩ વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ તેમજ રાજ્યની કાયદાકીય સત્તા પર પ્રતિબંધ લાદે છે. અનુચ્છેદ ૩૦૩(૧) જોગવાઈ કરે છે કે ૭મી અનુસૂચિની કોઈપણ યાદીમાં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ પ્રવિષ્ટિના આધારે, એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પ્રાથમિકતા આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો, અથવા એક રાજ્ય કે બીજા રાજ્ય વચ્ચે કોઈ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો બનાવવાની રાજ્ય પાસે કોઈ સત્તા રહેશે નહીં. રાજ્યની કાયદાકીય સત્તા, જે ૩૦૩(૧) હેઠળ પ્રતિબંધિત છે, તેને માત્ર ૩૦૪(એ) માં સંદર્ભિત કાયદા પૂરતી જ સીમિત ગણી શકાય નહીં બલ્કે તે યાદી ૨ માં વેપાર અને વાણિજ્ય સંબંધિત કોઈપણ

પ્રવિષ્ટિના આધારે ઘડાતા કાયદા સુધી વિસ્તરી શકે છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે ભાગ ૧૩ હેઠળ આવરી લેવાયેલા કર કાયદાઓ માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) પૂરતા જ મર્યાદિત નથી.

(ડી) જો એવી રજૂઆત સ્વીકારવામાં આવે કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ પરવાનગી આપેલ બિન–ભેદભાવપૂર્ણ કર સિવાયના તમામ કર ભાગ ૧૩ ની બહાર છે, તો તેના પરિણામે સંસદ અને રાજ્ય વિધાનમંડળને દેખીતી રીતે બિન–ભેદભાવપૂર્ણ હોય તેવા કાયદા પસાર કરવાનો અધિકાર મળશે પરંતુ તેઓ મનસ્વી પ્રક્રિયા અને અન્ય વિવિધ પ્રકારના નિયંત્રણો પૂરા પાડીને અન્ય માધ્યમો દ્વારા વેપાર અને વાણિજ્ય પર પ્રતિબંધો ઊભા કરશે. આમ, વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારમાં અવરોધ ઊભો કરી શકે તેવા કરવેરાને માત્ર બિન–ભેદભાવપૂર્ણ કરવેરા પૂરતો જ સીમિત રાખી શકાય નહીં. વેપાર પર નિયંત્રણ ઊભું કરતા બિન–ભેદભાવપૂર્ણ કરને પણ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતા ગણવા પડશે. ઉપરોક્ત રજૂઆત સ્વીકારવામાં આવે તો, કરવેરાના અન્ય સાધનો દ્વારા વેપારમાં લાદવામાં આવતા નિયંત્રણો ભાગ ૧૩ ની પહોંચ બહાર થઈ જશે, જે બંધારણના ઘડવૈયાઓનો આશય ક્યારેય ન હતો.

(ઈ) અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાને આવરી લે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યાંતરિક વેપાર પર કર લાદવા માટે લાગુ પડતો નથી. શું એવું માની શકાય કે રાજ્યાંતરિક કરવેરો, જો તે

એક સ્થાનિક વિસ્તારથી બીજા સ્થાનિક વિસ્તાર વચ્ચેના વેપાર પર નિયંત્રણ ધરાવતો હોય અથવા ભેદભાવપૂર્ણ હોય, તો તે અનુચ્છેદ ૩૦૧ ની પહોંચ બહાર છે? જવાબ દેખીતી રીતે જ ના છે. ભારતના સમગ્ર રાજ્યક્ષેત્રમાં વેપાર અને વાણિજ્ય મુક્ત હોવા જોઈએ. આમ અનુચ્છેદ ૩૦૧ ની પહોંચ ૩૦૪(એ) દ્વારા પરિકલ્પિત કરવેરા પૂરતી મર્યાદિત નથી બલ્કે ભાગ ૧૩ પોતાનામાં તે તમામ પ્રકારના કર કાયદાઓને સમાવે છે, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર નિયંત્રણ ધરાવે છે.

(એફ) અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પરના કરને જ આવરી લે છે. ૭મી અનુસૂચિની યાદી ૨ અન્ય ઘણી પ્રવિષ્ટિઓ ધરાવે છે જે રાજ્યને કર લાદવાની સત્તા આપે છે. પ્રવિષ્ટિ ૪૯ થી પ્રવિષ્ટિ ૬૨ કરવેરા કાયદાના વિવિધ ક્ષેત્રો દર્શાવે છે. જો એવી રજૂઆત સ્વીકારવામાં આવે કે માત્ર અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ઉલ્લેખિત કર જ ભાગ ૧૩ દ્વારા આવરી લેવાયેલા છે, તો યાદી ૨ માં દર્શાવેલા તમામ કરવેરા કાયદાઓ ભાગ ૧૩ ની પહોંચ બહાર જતા રહેશે. શું બંધારણના ઘડવૈયાઓએ એવી કલ્પના કરી હતી કે ૩૦૪(એ) માં સંદર્ભિત કાયદા સિવાયના અન્ય કરવેરા કાયદા દ્વારા રાજ્ય દ્વારા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ લાદી શકાય છે, તો તેનો જવાબ નકારાત્મક જ હોવો જોઈએ. અનુચ્છેદ ૩૦૪(એ) માં ઉલ્લેખિત કાયદા સિવાયના અન્ય કરવેરા કાયદાઓ ભાગ ૧૩ માં સમાવિષ્ટ પ્રતિબંધમાંથી મુક્તિ ધરાવતા નથી. ઉદાહરણ તરીકે, પ્રવિષ્ટિ ૪૯ 'જમીનો અને મકાનો પર કર' ની જોગવાઈ

કરે છે. જો જ્યાં વેપાર અને વાણિજ્ય ચલાવવામાં આવે છે તેવા મકાનો પર કર લાદતો કોઈ રાજ્ય કાયદો પસાર કરવામાં આવે, જેની અસર વેપાર અને વાણિજ્યને અવરોધવાની હોય, તો શું એવું કહી શકાય કે આવા કર કાયદાને અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરવા બદલ પ્રશ્નાસ્પદ બનાવી શકાય નહીં. જવાબ એ છે કે આવા કાયદાએ પણ અનુચ્છેદ ૩૦૧ નું પાલન કરવું જ પડશે. આમ, અનુચ્છેદ ૩૦૪(એ) એ એકમાત્ર કરવેરો નથી જે ભાગ ૧૩ હેઠળ આવરી લેવાયેલો છે. પરંતુ તે કરવેરાનો એક એવો પ્રકાર માત્ર છે જેને રાજ્ય વિધાનમંડળ માટે કર લાદવાનો એવો માર્ગ બનાવવા માટે સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો છે જે અનુચ્છેદ ૩૦૧ માં અવરોધરૂપ ન બને.

(જી) છેલ્લે, ભાગ ૧૩ માં એવી કોઈ જોગવાઈ નથી જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધ તરીકે અમલમાં આવતા કરવેરા પર ભાગ ૧૩ ની પ્રયોજ્યતાને નકારતી હોય. જે બાબત ભાગ ૧૩ માં સ્પષ્ટપણે બાકાત રાખવામાં આવી નથી તેને અર્થઘટન દ્વારા બાકાત રાખી શકાય નહીં.

શું ભાગ ૧૩ હેઠળ વપરાયેલ પ્રતિબંધ શબ્દમાં કર કાયદાનો સમાવેશ થાય છે

૨૦૦. વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર 'ધારાકીય ઇતિહાસ અને બંધારણ સભાની ચર્ચાઓ' વિષયની ચર્ચા કરતી વખતે, અમે અગાઉથી જ શોધી કાઢ્યું છે કે કરવેરાને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ તરીકે ગણવામાં આવતા હતા અને વધુમાં એ બાબત પણ સમજી

લેવામાં આવી હતી કે કરવેરા દ્વારા પણ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ લાદી શકાય છે. ઉપરોક્ત સિવાય, નીચેના કારણો છે જે અમારા એ તારણને સમર્થન આપે છે કે ભાગ ૧૩ માં વપરાયેલ 'પ્રતિબંધ' શબ્દમાં કર કાયદાનો સમાવેશ થાય છે:

(૧) ભાગ ૧૩ નું શબ્દશઃ અર્થઘટન પોતે જ નિર્દેશ કરે છે કે 'પ્રતિબંધ' શબ્દમાં કરવેરાનો સમાવેશ કરવાની વિચારણા કરવામાં આવી હતી. અનુચ્છેદ ૩૦૪ નું શીર્ષક 'રાજ્યો વચ્ચેના વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધો' વંચાય છે. જોકે શીર્ષક 'પ્રતિબંધો' નો સંદર્ભ આપે છે પરંતુ અનુચ્છેદ ૩૦૪(એ) માં 'કોઈપણ કર' શબ્દ વપરાયો છે.

(૨) અનુચ્છેદ ૩૦૬ મૂળ જ્યારે ઘડાયો હતો તેના પરથી પણ એ જ તારણ નીકળે છે. અનુચ્છેદ ૩૦૬ પણ 'વેપાર અને વાણિજ્ય' પર પ્રતિબંધ લાદવાની ૧લી અનુસૂચિના ભાગ બી માં રહેલા અમુક રાજ્યોની સત્તા' એવું શીર્ષક ધરાવતો હતો.

અનુચ્છેદ ૩૦૬ માં એક નોન–ઓબસ્ટેન્ટ ક્લોઝ સમાવિષ્ટ હતો જે ભારત સરકાર સાથેના કરારને આધીન રહીને, બંધારણના પ્રારંભ સમયે જે કર લાદવામાં આવતો હતો તેવો કર ચાલુ રાખવા અને ઉઘરાવવા માટે ભાગ બી રાજ્યોને સત્તા આપતો હતો.

શીર્ષકમાં માત્ર વેપાર અને વાણિજ્ય પરના પ્રતિબંધોનો જ ઉલ્લેખ હતો જ્યારે કલમમાં કર લાદવાનો ઉલ્લેખ હતો. આમ અનુચ્છેદ ૩૦૪ અને ૩૦૬ નું શબ્દશઃ અર્થઘટન સ્પષ્ટપણે દર્શાવે છે કે 'પ્રતિબંધ' શબ્દનો ઉપયોગ કરવેરા સહિતના અર્થમાં કરવામાં આવ્યો હતો.

> (૩) ભાગ ૩ માં, અનુચ્છેદ ૧૯(૨) થી અનુચ્છેદ ૧૯(૬) માં 'પ્રતિબંધ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ભાગ ૧૩ માં પણ 'પ્રતિબંધ' શબ્દ વપરાયેલ છે. ભાગ ૩ અને ભાગ ૧૩ માં આવતા 'પ્રતિબંધ' શબ્દનો સમાન અર્થ થાય છે અને તેનું તે મુજબ જ અર્થઘટન થવું જોઈએ. બંધારણના વૈધાનિક અર્થઘટનનો આ એક સુપ્રસિદ્ધ સિદ્ધાંત છે કે જ્યારે બંધારણના જુદા જુદા ભાગોમાં સમાન શબ્દો કે શબ્દપ્રયોગો વાપરવામાં આવે છે, ત્યારે જ્યાં સુધી સંદર્ભ અન્યથા અપેક્ષા ન રાખે ત્યાં સુધી તેવા શબ્દને સમાન અર્થ આપવો જોઈએ. કેશવાનંદ ભારતી વિરુદ્ધ કેરળ રાજ્ય, (૧૯૭૩) ૪ એસ.સી.સી. ૨૨૫ માં આ કોર્ટના ચુકાદાનો સંદર્ભ આપવો પૂરતો છે. ન્યાયમૂર્તિ "હેગડે અને મુખર્જીયા" એ પેરા ૬૪૦ માં ઉપરોક્ત સિદ્ધાંતનો નીચે મુજબ પુનરોચ્ચાર કર્યો હતો:
>
> "...અર્થઘટનનો આ એક સ્વીકૃત નિયમ છે કે કોર્ટોએ એવી ધારણા કરવી જોઈએ કે સામાન્ય રીતે વિધાનમંડળ સમાન અર્થ દર્શાવવા માટે કાનૂનમાં સમાન શબ્દો વાપરે છે. જો એક જ કાનૂનમાં જુદા જુદા શબ્દો વાપરવામાં આવ્યા હોય, તો જ્યાં સુધી સંદર્ભ અન્યથા નિર્દેશ ન કરતો હોય ત્યાં સુધી

એવું માની લેવું વાજબી છે કે વિધાનમંડળ તે શબ્દોના જુદા જુદા અર્થો વ્યક્ત કરવાનો ઈરાદો ધરાવતું હતું. અર્થઘટનનો આ નિયમ બંધારણનું અર્થઘટન કરતી વખતે પણ લાગુ પડે છે...”

(૪) કે. ટી. મૂપીલ નાયર વિરુદ્ધ કેરળ રાજ્ય અને અન્ય, ૧૯૬૧ (૩) એસ.સી.આર. ૭૭ માં કરવેરા કાયદા, એટલે કે ત્રાવણકોર–કોચીન લેન્ડ ટેક્સ એક્ટ, ૧૯૫૫ ના સંદર્ભમાં ભાગ ૩ માં વપરાયેલા ‘પ્રતિબંધ’ શબ્દ પર વિચારણા કરવાની આ કોર્ટને તક મળી હતી. જ્યારે ભાગ ૩ માં વપરાયેલા ‘પ્રતિબંધ’ શબ્દમાં કર કાયદા દ્વારા લાદવામાં આવતા પ્રતિબંધનો પણ સમાવેશ થાય છે તેમ ઠેરવવામાં આવ્યું છે, ત્યારે ભાગ ૧૩ માં પણ ‘પ્રતિબંધ’ શબ્દમાં કર કાયદાને ન વાંચવા માટે અમને કોઈ કારણ જણાતું નથી. પ્રતિબંધ શબ્દને તેવો જ અર્થ આપવો પડશે જેવો ભાગ ૧૩ માં સમાવિષ્ટ છે.

(૫) અનુચ્છેદ ૩૦૨ ‘વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધો લાદવાની સંસદની સત્તા’ એવું શીર્ષક ધરાવે છે. સદર અનુચ્છેદ વધુમાં જોગવાઈ કરે છે કે સંસદ કાયદા દ્વારા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર આવા પ્રતિબંધો લાદી શકે છે.

અનુચ્છેદ ૩૦૨ હેઠળ સંસદ દ્વારા ઘડવામાં આવેલા કર કાયદા, એટલે કે સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ ને આ કોર્ટ દ્વારા સ્ટેટ ઓફ મદ્રાસ વિરુદ્ધ એન. કે. નટરાજ મુદલિયાર ૧૯૬૮ (૩) એસ.સી.આર. ૮૨૯ માં બચાવવામાં

આવ્યો છે. બહુમતી અભિપ્રાય સાથે સંમત થતાં ન્યાયમૂર્તિ બછાવતે નીચે મુજબ જણાવ્યું હતું:

> "હું ઉમેરી શકું કે જો સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવતો હોવાનું માની લેવામાં આવે તો પણ, તે ચોક્કસપણે જાહેર હિતમાં સંસદ દ્વારા બનાવવામાં આવેલો કાયદો છે અને અનુચ્છેદ ૩૦૨ દ્વારા સુરક્ષિત છે. મને સદર અધિનિયમમાં એવું કંઈ જણાતું નથી જે અનુચ્છેદ ૩૦૩(૧) નો ભંગ કરતું હોય."

(૬) અનુચ્છેદ ૩૦૪(બી) માં વપરાયેલ 'પ્રતિબંધ' શબ્દનું પણ એ જ રીતે અર્થઘટન કરવું પડશે. ઉપર નોંધ્યા મુજબ, અનુચ્છેદ ૩૦૪(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પરના કરના મર્યાદિત ક્ષેત્રને આવરી લે છે. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યાંતરિક કરવેરાને આવરી લેતો નથી. એક સ્થાનિક વિસ્તારથી બીજા સ્થાનિક વિસ્તાર વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરતો રાજ્યાંતરિક કર કાયદો પણ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો ગણાશે. રાજ્ય વિધાનમંડળ પાસે રાજ્યાંતરિક કરવેરાના સંબંધમાં પ્રતિબંધ લાદવા માટેના માન્ય કારણો હોઈ શકે છે અને જુદા જુદા સ્થાનિક વિસ્તારોના સંબંધમાં કરના જુદા જુદા દરો નક્કી કરવા માટેના કારણો હોઈ શકે છે, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધ સમાન હોઈ શકે છે. અનુચ્છેદ ૩૦૪(બી) એ એક એવું માધ્યમ છે જેના દ્વારા રાજ્ય જાહેર

હિતમાં વાજબી પ્રતિબંધ લાદી શકે છે. જો એવું ઠેરવવામાં આવે કે અનુચ્છેદ ૩૦૪(બી) કરવેરાને આવરી લેતો નથી, તો રાજ્ય પાસે રાજ્યાંતરિક વેપાર પર પ્રતિબંધ લાદવા માટે અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સિંવાયના અન્ય કર લાદવા સ બંધમાં કોઈ વ્યવસ્થા રહેશે નહીં, જે બંધારણના ઘડવૈયાઓનો આશય ક્યારેય હોઈ શકે નહીં.

ઉપરોક્ત ચર્ચા પરથી, અમે નીચેના તારણો પર આવીએ છીએ:

૧. બંધારણનો ભાગ ૧૩ એવા કર કાયદાઓને આવરી લે છે જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકે છે.

૨. ભાગ ૧૩ માં વપરાયેલા 'પ્રતિબંધ' શબ્દમાં કર કાયદાઓનો પણ સમાવેશ થાય છે.

## ઈ. અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) સંબંધિત ધારાકીય ઇતિહાસ અને બંધારણ સભાની ચર્ચાઓ

૨૦૧. ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની કલમ ૨૯૭ દ્વારા, વેપારની સ્વતંત્રતા સુનિશ્ચિત કરવા માટે પ્રાંતીય વિધાનમંડળ અને સરકાર પર અમુક પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા, જે ઉપર અગાઉથી જ નોંધવામાં આવ્યું છે. જ્યારે બંધારણ સભા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા અંગે બંધારણની જોગવાઈઓને આખરી ઓપ આપવા આગળ વધી, ત્યારે કલમ ૨૯૭ હેઠળની

આવી ધારાકીય યોજના પહેલેથી જ અમલમાં હતી. કલમ ૨૯૭(૧)(એ) દ્વારા રાજ્ય વિધાનમંડળ અને સરકારને કોઈપણ વર્ગ કે વર્ણનના માલના પ્રાંતમાં પ્રવેશ પર, અથવા પ્રાંતમાંથી નિકાસ પર પ્રતિબંધ મૂકવાની મનાઈ ફરમાવવામાં આવી હતી; અને વધુમાં કલમ ૨૯૭(૧)(બી) દ્વારા ભેદભાવપૂર્ણ સ્વરૂપ ધરાવતા કોઈપણ કર, સેસ, ટોલ, અથવા લેણાં લાદવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ઉપર નોંધ્યા મુજબ મૂળભૂત અધિકારો પરની પેટા-સમિતિએ તારીખ ૩ એપ્રિલ, ૧૯૪૭ ના પોતાના અહેવાલમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારના સંબંધમાં નીચેનો ખંડ પ્રસ્તાવિત કર્યો હતો:

> "૧૩. સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન, એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને વ્યવહાર, પછી ભલે તે આંતરિક વહન દ્વારા હોય કે સમુદ્રી જળપરિવહન દ્વારા હોય, મુક્ત રહેશે:
>
> પરંતુ કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં કાયદા દ્વારા તેના પર વાજબી પ્રતિબંધો લાદી શકશે."

૨૦૨. શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે ઉપરોક્ત કલોઝ ૧૩ પર એક નોંધ મૂકી હતી જે નીચે મુજબ હતી:

> "કલોઝ ૧૩. જોકે આ કલોઝના સમાવેશ માટે હું અમુક અંશે જવાબદાર રહ્યો છું તેમ છતાં મને લાગે છે કે તે સ્પષ્ટ કરવું આવશ્યક છે કે :(૧) સંબંધિત એકમો સિવાય ભારતના અન્ય ભાગોમાંથી એકમોમાં આવતો

માલ એવી જકાતો અને કરવેરામાંથી બચી શકે નહીં જેને ખુદ તે એકમોમાં ઉત્પાદિત માલ આધીન છે."

૨૦૩. ૧૬ એપ્રિલ, ૧૯૪૭ ના રોજનો પેટા–સમિતિનો અહેવાલ રજૂ કરતી વખતે, મૂળભૂત અધિકારોની પેટા–સમિતિના અધ્યક્ષે જણાવ્યું હતું કે જોકે દરેક નાગરિક કોઈપણ આંતરિક જકાતો અથવા સીમાશુલ્કના કરવેરાના બોજ વિના સંઘના રાજ્યક્ષેત્રોમાં મુક્ત વેપાર, વાણિજ્ય અને વ્યવહાર માટે હકદાર છે પરંતુ ઘણા ભારતીય રાજ્યો તેમની આવકના નોંધપાત્ર હિસ્સા માટે આવી જકાતો અને કરવેરા પર નિર્ભર છે અને એકાએક તેના વિના ચલાવી શકે તેમ નથી. એવું જણાવવામાં આવ્યું હતું કે સંવિધાન દ્વારા નિર્ધારિત કરવામાં આવનાર સમયગાળાની અંદર તેમની આખરી નાબૂદીના ઉદ્દેશ સાથે તે રાજ્યોના પ્રવર્તમાન અધિકારોના સંદર્ભમાં તેમની સાથે કોઈ સમજૂતી કરવી પડશે.

૨૦૪. આમ, કરવેરાના સંબંધમાં, ઉપરોક્ત દ્રષ્ટિકોણનો ૨૩ એપ્રિલ, ૧૯૪૭ ના રોજ રજૂ કરાયેલા સલાહકાર સમિતિના અહેવાલમાં શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા પુનરોચ્ચાર કરવામાં આવ્યો હતો. શ્રી સી. રાજગોપાલાચારીએ સલાહકાર સમિતિની કાર્યવાહીમાં જણાવ્યું હતું : "મને લાગે છે કે આપણે ૧૪(૧) માં ઉમેરવું જોઈએ કે આ મહેસૂલના વાસ્તવિક હેતુઓ માટે કર લાદવામાં અવરોધરૂપ બનશે નહીં." સંવિધાન સભા સમક્ષ સલાહકાર સમિતિએ વેપાર, વાણિજ્ય અને વ્યવહાર અંગેના કલોઝ ૧૦ ની ભલામણ નીચે મુજબ કરી હતી:

"૧૦. સંઘના કાયદા દ્વારા થતા નિયમનને આધીન, નાગરિકો દ્વારા અને તેમની વચ્ચે એકમો વચ્ચેનો વેપાર, વાણિજ્ય અને વ્યવહાર મુક્ત રહેશે:

પરંતુ કોઈપણ એકમ જાહેર વ્યવસ્થા, નૈતિકતા અથવા આરોગ્યના હિતમાં અથવા કટોકટીમાં કાયદા દ્વારા વાજબી પ્રતિબંધો લાદી શકશે:

પરંતુ આ કલમમાંનું કંઈપણ અન્ય એકમોમાંથી આયાત કરાયેલા માલ પર તે જ જકાતો અને કરવેરા લાદવામાં કોઈપણ એકમને અટકાવશે નહીં કે જેને તે એકમમાં ઉત્પાદિત માલ આધીન છે:

પરંતુ વધુમાં એ કે કોઈપણ એકમ દ્વારા વાણિજ્ય કે મહેસૂલના કોઈપણ નિયમન દ્વારા એક એકમને બીજા એકમ કરતાં કોઈ પસંદગી આપવામાં આવશે નહીં."

૨૦૫. ઉપરોક્ત કલોઝ ૧૦ ૧ મે, ૧૯૪૭ ના રોજ સંવિધાન સભા સમક્ષ ચર્ચા માટે આવ્યો હતો. શ્રી કે. એમ. મુનશીએ સંવિધાન સભા સમક્ષ 'અને બિન–ભેદભાવપૂર્ણ હોય તેવા નિયમનો અને શરતો હેઠળ' એ શબ્દો ઉમેરવા માટે સુધારો મૂક્યો હતો. સંવિધાન સભાએ શ્રી કે. એમ. મુનશી દ્વારા પ્રસ્તાવિત સુધારાનો સ્વીકાર કરીને કલોઝ ૧૦ ને મંજૂરી આપી હતી. ત્રીજો પરંતુક આમ નીચે મુજબ મંજૂર કરવામાં આવ્યો હતો:

"પરંતુ આ કલમમાંનું કંઈપણ અન્ય એકમોમાંથી આયાત કરાયેલા માલ પર તે જ જકાતો અને કરવેરા લાદવામાં કોઈપણ એકમને અટકાવશે નહીં

કે જેને તે એકમમાં ઉત્પાદિત માલ આધીન છે અને તે પણ બિન–ભેદભાવપૂર્ણ હોય તેવા નિયમનો અને શરતો હેઠળ."

૨૦૬. ઉપરોક્ત પરંતુકનો ઓક્ટોબર, ૧૯૪૭ માં પ્રકાશિત મુસદ્દા સંવિધાનમાં સમાવેશ કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ મુસદ્દા સમિતિ દ્વારા આખરી ઓપ આપવામા  આવેલા મુસદ્દામાં અનુચ્છેદ ૨૪૪ દ્વારા વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધની જોગવાઈ કરવામાં આવી હતી જે નીચે મુજબ હતી:

"૨૪૪. આ સંવિધાનના અનુચ્છેદ ૧૬ માં અથવા તરત અગાઉના અનુચ્છેદમાં ગમે તે સમાવિષ્ટ હોય તેમ છતાં, કોઈપણ રાજ્ય માટે નીચે મુજબ કરવું કાયદેસર રહેશે—

(એ) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવો જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત થયેલો સમાન માલ આધીન છે, જોકે, એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે ઉત્પાદિત અથવા નિર્મિત થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને

(બી) તે રાજ્ય સાથેના વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર કાયદા દ્વારા આવા વાજબી પ્રતિબંધો લાદવા જે જાહેર હિતમાં જરૂરી હોય:

પરંતુ આ સંવિધાનના પ્રારંભથી પાંચ વર્ષના સમયગાળા દરમિયાન આ અનુચ્છેદના ખંડ (બી) ની જોગવાઈઓ આ સંવિધાનના અનુચ્છેદ ૩૦૬ ના ખંડ (એ) માં ઉલ્લેખિત કોઈપણ ચીજવસ્તુઓના વેપાર અથવા વાણિજ્યને લાગુ પડશે નહીં."

૨૦૭. અનુચ્છેદ ૨૪૪ કે જેને પાછળથી ભાગ ૧૦એ માં અનુચ્છેદ ૨૭૪ડી તરીકે મંજૂર કરવામાં આવ્યો હતો અને સંવિધાનના અનુચ્છેદ ૩૦૪ તરીકે અપનાવવામાં આવ્યો હતો. ઉપરોક્ત બાબત દર્શાવે છે કે શરૂઆતમાં આ જોગવાઈઓએ રાજ્યને "અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદવા માટે સશક્ત કર્યું હતું જેને તે રાજ્યમાં ઉત્પાદિત અથવા નિર્મિત થયેલો સમાન માલ આધીન છે", અને એક સુધારા દ્વારા અન્ય પ્રતિબંધ એટલે કે "જોકે, એવી રીતે કે જેથી આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે ઉત્પાદિત અથવા નિર્મિત થયેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય" ઉમેરવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યની વૈધાનિક સત્તા પર ઉપરોક્ત બંને પ્રતિબંધો સમાવિષ્ટ કરે છે. સંવિધાન સભાની કાર્યવાહી, આમ, સ્પષ્ટપણે દર્શાવે છે કે ઉપરોક્ત બંને શરતો જોગવાઈમાં અલગ શરતો તરીકે ઉમેરવામાં આવી છે અને બીજી શરત પહેલેથી અસ્તિત્વમાં રહેલી પ્રથમ શરત ઉપરાંત સુધારા દ્વારા ઉમેરવામાં આવી હતી. હવે અનુચ્છેદ ૩૦૪(બી) પર આવીએ જે મુસદ્દા અનુચ્છેદ ૨૪૪(બી) ને સમાન હતો, સંવિધાન સભાએ ઉપરોક્ત અનુચ્છેદ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

૨૦૮. ડૉ. આંબેડકરે એક અલગ ભાગ ૧૦એ ના સમાવેશ માટે દરખાસ્ત રજૂ કરી હતી જેમાં અનુચ્છેદ ૨૪૪ ને રદ કરવામાં આવ્યો હતો અને તેના સ્થાને સમાન અસર ધરાવતો મુસદ્દા અનુચ્છેદ ૨૭૪ડી મૂકવામાં આવ્યો હતો. ૩ ડિસેમ્બર, ૧૯૪૮ ના રોજની સંવિધાન સભાની ચર્ચાઓમાં મૂળભૂત અધિકારોમાં સમાવિષ્ટ મુસદ્દા અનુચ્છેદ ૧૬ વિચારણા માટે આવ્યો હતો. ઉપરોક્ત ચર્ચાના સંદર્ભમાં શ્રી સી. સુબ્રમણ્યમ દ્વારા અનુચ્છેદ ૨૪૪ સામે વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા. શ્રી સી. સુબ્રમણ્યમે એવો વાંધો ઉઠાવ્યો હતો કે રાજ્ય વિધાનમંડળને અમુક કર લાદવાની અને અમુક પ્રતિબંધો લાદવાની સત્તા આપવામાં આવી છે જેનો સ્પષ્ટ અર્થ એ છે કે મુક્ત વેપાર અને વાણિજ્ય માટે કોઈ મૂળભૂત અધિકાર અનામત રાખવામાં આવ્યો નથી. શ્રી સી. સુબ્રમણ્યમનો વાંધો નીચેના શબ્દોમાં લેવામાં આવ્યો હતો:

> "આપ જોશો, સાહેબ, કે અનુચ્છેદ ૨૪૪ માં, ભલે તે આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય હોય, તેમ છતાં રાજ્ય વિધાનમંડળને અમુક કર લાદવાની અને અમુક પ્રતિબંધો લાદવાની ચોક્કસ સત્તાઓ આપવામાં આવી છે. આ બાબત ધ્યાનમાં રાખીને, જો આપણે અનુચ્છેદ ૧૬ પર આવીએ, તો આપણને "આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની જોગવાઈઓને આધીન" એવા શબ્દો જોવા મળે છે, એટલે કે, આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યના સંબંધમાં પણ, રાજ્ય વિધાનમંડળને અમુક સત્તાઓ આપવામાં આવી છે અને આ અનુચ્છેદ દ્વારા તેને સ્પર્શ કરવામાં આવ્યો નથી. તેથી તેને છોડી દેતાં, આ અનુચ્છેદ એમ વંચાશે કે

"સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓને આધીન, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર અને વાણિજ્ય અને વ્યવહાર મુક્ત રહેશે". હું ખરેખર એ સમજવામાં અસમર્થ છું કે આ મૂળભૂત અધિકાર કેવી રીતે હોઈ શકે અને શું ખરેખર કોઈ અધિકાર અનામત રાખવામાં આવ્યો છે કે નહીં. મૂળભૂત અધિકારની મૂળ વિભાવના જ એ છે કે સંઘ અથવા રાજ્ય બંનેમાંથી કોઈપણના વિધાનમંડળના કાર્યક્ષેત્રમાંથી ચોક્કસ અધિકાર બહાર કાઢી લેવામાં આવ્યો હોય."

૨૦૯. અનુચ્છેદ ૨૪૪ ના સંબંધમાં ઉપરોક્ત વાંધાનો જવાબ આપતાં ડૉ. આંબેડકરે નીચે મુજબ જણાવ્યું હતું:

"બીજી દલીલના સંબંધમાં, કે વેપાર અને વાણિજ્યને અનુચ્છેદ ૨૪૪ ને આધીન કરવામાં આવ્યા હોવાથી, આપણે વ્યવહારિક રીતે મૂળભૂત અધિકારને નષ્ટ કરી દીધો છે, મને લાગે છે કે હું વાજબી રીતે કહી શકું છું કે મારા મિત્ર શ્રી સુબ્રમણ્યમે કાં તો અનુચ્છેદ ૨૪૪ વાંચ્યો નથી, અથવા તે અનુચ્છેદને ખોટી રીતે વાંચ્યો છે. અનુચ્છેદ ૨૪૪ નો દાયરો ખૂબ જ મર્યાદિત છે. તે માત્ર એટલું જ કરે છે કે તે આંતર–રાજ્ય વાણિજ્ય અને વેપાર સાથે કામ કરતી વખતે પ્રાંતીય વિધાનમંડળોને અન્ય રાજ્યમાંથી ઉત્પાદિત અથવા પરિવહન કરાયેલા માલના પ્રવેશ પર અમુક પ્રતિબંધો લાદવાની સત્તા આપે છે, શરત એ છે કે કાયદો એવો હોવો જોઈએ કે જે

રાજ્યની અંદર ઉત્પાદિત માલ અને રાજ્યની બહારથી આયાત કરાયેલા માલ વચ્ચે કોઈ અસમાનતા, ભેદભાવ લાદતો ન હોય. હવે, મને ખાતરી છે કે તેઓ સંમત થશે કે તે ખૂબ જ મર્યાદિત કાયદો છે. તે ચોક્કસપણે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય અને વ્યવહારનો અધિકાર છીનવી લેતો નથી કે જેને મુક્ત રાખવો જરૂરી છે."

૨૧૦. ઉપર જણાવ્યા મુજબ અનુચ્છેદ ૨૪૪ એ અનુચ્છેદ ૨૭૪ડી ને સમાન હતો જેને નવા પ્રકરણમાં ઉમેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને તે ૮ સપ્ટેમ્બર, ૧૯૪૯ ના રોજ સંવિધાન સભા સમક્ષ ચર્ચા માટે આવ્યો હતો. ડૉ. બી. આર. આંબેડકરે હવે એક જ જગ્યાએ મૂકવામાં આવેલા અનુચ્છેદોનું સંપૂર્ણ ચિત્ર રજૂ કરતાં પ્રકરણ ૧૦એ ના સમર્થનમાં દરખાસ્ત મૂકીને નીચે મુજબ જણાવ્યું હતું:

"હું એમ પણ કહેવા માંગીશ કે આ ભાગમાં સમાવિષ્ટ જોગવાઈઓ અનુસાર વેપાર અને વાણિજ્યને સંપૂર્ણપણે મુક્ત બનાવવાનો કોઈ ઈરાદો નથી, એટલે કે, સંસદ તેમજ રાજ્યો બંનેને એ મૂળભૂત જોગવાઈમાંથી વિચલિત થવાની કોઈપણ સત્તાથી વંચિત રાખવાનો ઈરાદો નથી કે સમગ્ર ભારતમાં વેપાર અને વાણિજ્ય મુક્ત રહેશે. વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અમુક મર્યાદાઓને આધીન કરવામાં આવી છે જે સંસદ દ્વારા લાદવામાં આવી શકે છે અથવા વિવિધ રાજ્યોના વિધાનમંડળો દ્વારા લાદવામાં આવી શકે છે, તે હકીકતને આધીન રહીને કે વેપાર અને

વાણિજ્યની સ્વતંત્રતા પર અતિક્રમણ કરવાની સંસદની સત્તામાં સમાવિષ્ટ મર્યાદા ભારતના રાજ્યક્ષેત્રના કોઈપણ ભાગમાં માલની અછતમાંથી ઉદ્ભવતા કિસ્સાઓ પૂરતી સીમિત છે અને રાજ્યોના કિસ્સામાં તેને જાહેર હિતના આધારે વાજબી ઠેરવવી આવશ્યક છે. જાહેર હિતમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર અતિક્રમણ કરવાના રાજ્યોના પગલાંને પણ એ શરતને આધીન કરવામાં આવ્યું છે કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અસર કરતા કોઈપણ વિધેયકને રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી હોવી જોઈએ; અન્યથા, રાજ્ય આવો કાયદો ઘડવાની સ્થિતિમાં રહેશે નહીં."

૨૧૧. પંડિત ઠાકુર દાસ ભાર્ગવે વિવિધ સુધારાઓ રજૂ કર્યા હતા. પંડિત ભાર્ગવે પોતાના સુધારાઓ રજૂ કરતાં જણાવ્યું હતું:

"હવે, આ સુધારાઓના સંબંધમાં મારી રજૂઆત એ છે કે હું જે રીતે આ વિષયને જોઉં છું તે ડૉ. આંબેડકર જે રીતે તેને જુએ છે તેના કરતાં અલગ છે. મારા મતે, વેપાર અને વાણિજ્ય અને વ્યવહારના આ અધિકારો સંપૂર્ણ હોવા જોઈએ અને માત્ર કટોકટી સંબંધિત જોગવાઈઓ દ્વારા જ મયા દિત હોવા જોઈએ જ્યારે તેમના મતે, કેન્દ્ર સરકાર તેમજ પ્રાંતીય સરકારોની સત્તા હોવી જોઈએ, અને આ અધિકારો મર્યાદિત હોવા જોઈએ. આપણે પહેલેથી જ અનુચ્છેદ ૧૬ પસાર કર્યો છે જે નીચે મુજબ છે:

"આ સંવિધાનના અનુચ્છેદ ૨૪૪ ની અને સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાની જોગવાઈઓને આધીન, સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહાર મુક્ત રહેશે."

આ અનુચ્છેદ હજુ પણ જેમ છે તેમ જ છે. તે રદ કરવામાં આવે છે તેવો અત્યાર સુધી કોઈ સુધારો થયો નથી. ગેરંટીકૃત અધિકારો પરના પ્રકરણમાં આ અનુચ્છેદનું અસ્તિત્વ આપણને ખાતરી આપે છે કે આ એક મૂળભૂત અધિકાર છે. આ મૂળભૂત અધિકારનું સ્વરૂપ, હું જાણું છું કે, "અને સંસદ દ્વારા ઘડવામાં આવેલા કોઈપણ કાયદાની" એવા શબ્દોના ઉપયોગ દ્વારા મોટા પ્રમાણમાં ઘટાડી દેવામાં આવ્યું છે. આને આધીન રહીને, આ મૂળભૂત અધિકાર આપણે પહેલેથી પસાર કરેલા સંવિધાન દ્વારા ભારતના નાગરિકોને ગેરંટી આપવામાં આવ્યો છે.

૨૧૨. અનુચ્છેદ ૨૭૪ડી ના સંબંધમાં, પંડિત ઠાકુર દાસ ભાર્ગવે પેટા–ખંડ (બી) સામે ગંભીર વાંધાઓ ઉઠાવ્યા હતા, પંડિત ભાર્ગવ દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"તેવી જ રીતે સાહેબ, અનુચ્છેદ ૨૭૪ડી ના સંબંધમાં, મને ખંડ (એ) સામે કોઈ વાંધો નથી; પરંતુ જ્યાં સુધી (બી) નો સંબંધ છે, આ એવો ખંડ છે જેની સામે હું અત્યંત ગંભીરતાપૂર્વક વાંધો ઉઠાવું છું. મને લાગે છે કે આ બિનજરૂરી છે કારણ કે જ્યારે સંસદને સત્તાઓ આપવામાં આવે છે જેમ કે મૂળરૂપે તે સંસદને આપવામાં આવી હતી, ત્યારે મને કોઈ વાંધો

નથી. સંસદે સામાન્ય દ્રષ્ટિકોણથી, સમગ્ર ભારતના દ્રષ્ટિકોણથી તેના પર વિચાર કરવો પડશે, જ્યારે કોઈ રાજ્ય સંકુચિત દ્રષ્ટિકોણથી, તે રાજ્યના દ્રષ્ટિકોણથી તેના પર વિચાર કરવા બંધાયેલું છે અને તેથી, જો આપણે રાજ્યને આ સત્તાઓ આપીએ તો આ પરસ્પર ઈર્ષ્યા ઊભી થવાની જ છે. તેથી, સરકારની નીતિ એવી હોવી જોઈએ કે જ્યાં સુધી રાજ્યનો સંબંધ છે, ત્યાં સુધી સંસદ મારફતે ન હોય ત્યાં સુધી તેમને તે સત્તા વાપરવાની મંજૂરી આપવી જોઈએ નહીં. જો કોઈ રાજ્યને ખંડ (એ) હેઠળ તેની સત્તાઓ વાપરવા માટે સશક્ત કરવામાં આવે તો મને કોઈ તકરાર નથી કારણ કે તે એક હિતકારી સત્તા હશે; પરંતુ જો તમે ખંડ (બી) ને જેમ છે તેમ રહેવા દો, તો હું સમજી શકતો નથી કે તે ક્યાં દોરી જશે."

૨૧૩. પ્રોફેસર શિબ્બન લાલ સક્સેનાએ પણ પંડિત ભાર્ગવ દ્વારા રજૂ કરાયેલા સુધારાઓનું સમર્થન કર્યું હતું.

૨૧૪. શ્રી ટી. ટી. કૃષ્ણમાચારીએ પંડિત ભાર્ગવના વાંધાઓનો જવાબ આપતાં અનુચ્છેદ ૨૭૪ડી ના સંબંધમાં નીચે મુજબ જણાવ્યું હતું:

"જ્યાં સુધી ૨૭૪ડી નો સંબંધ છે, મારા માનનીય મિત્ર પંડિત ઠાકુર દાસ ભાર્ગવ કાં તો તેમાં એવી રીતે સંપૂર્ણ સુધારો કરશે કે જેથી તેનું સ્વરૂપ સંપૂર્ણપણે બદલાઈ જાય અથવા તેને સંપૂર્ણપણે દૂર કરશે. મને લાગે છે કે તે—મને કોઈ શંકા નથી—તેમના કોઈ ચોક્કસ કડવા અનુભવમાંથી ઉદ્ભવે છે જેમાં કોઈ પ્રાંતીય સરકારે પોતાના લોકો પ્રત્યેની તેની ફરજ

યોગ્ય રીતે બજાવી નથી. પરંતુ મુશ્કેલ કેસોનો અર્થ હંમેશાં ખરાબ કાયદો થતો નથી. આપણી પાસે રાજ્યોના વિવેકાધિકારને સંપૂર્ણપણે બંધ કરી દેવાનું કોઈ કારણ નથી જ્યાં સુધી કેન્દ્ર સરકાર પાસે માત્ર સમાન નાણાકીય નીતિ જ નહીં પરંતુ શક્ય તેટલી સમાન આર્થિક નીતિ રાખવા માટે પૂરતી સત્તા હશે. અને તે એ હકીકત દ્વારા પૂરી પાડવામાં આવી છે કે ૨૭૪ડી ના ખંડ (બી) હેઠળ રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવતા કોઈપણ કાયદાના સંબંધમાં રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી જરૂરી છે.

પંડિત ઠાકુર દાસ ભાર્ગવ: શું આ જ બરાબર એ કારણ નથી કે શા માટે પ્રાંતો અને રાજ્ય વિધાનમંડળોને સત્તા આપવી જોઈએ નહીં?

શ્રી ટી. ટી. કૃષ્ણમાચારી: તે જ બરાબર એ કારણ છે કે શા માટે તેમને સત્તા આપવી જોઈએ. આ બાબતમાં રાજ્યને અમુક પ્રમાણમાં અધિકાર આપવો જોઈએ અને કેન્દ્રે હસ્તક્ષેપ કરવો જોઈએ તેનું એકમાત્ર કારણ એ જોવાનું છે કે કેન્દ્રની આર્થિક અને નાણાકીય નીતિમાં અયોગ્ય રીતે દખલ ન થાય, અને જ્યાં સુધી તેમાં દખલ ન થઈ શકે તે હદ સુધી રાજ્યને તેની પોતાની બાબતોનું સંચાલન કરવા માટે વાજબી પ્રમાણમાં સત્તા આપવી જ જોઈએ."

૨૧૫. શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે અનુચ્છેદ ૨૭૪ડી ના સંબંધમાં પંડિત ભાર્ગવના વાંધાઓનો જવાબ આપતાં નીચે મુજબ જણાવ્યું હતું:

"ત્યારબાદ મને અનુચ્છેદ ૨૭૪ડી ની શરતો સામે વાંધો ઉઠાવવામાં આવતાં આશ્ચર્ય થાય છે. તે રાજ્યોને કોઈ અનિયંત્રિત સત્તા આપતો નથી. પરંતુક સ્પષ્ટપણે નિર્ધારિત કરે છે—

"આ અનુચ્છેદના ખંડ (બી) ના હેતુઓ માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં કોઈ વિધેયક કે સુધારો રજૂ કરવામાં કે લાવવામાં આવશે નહીં તેમજ તે હેતુ માટે રાજ્યના રાજ્યપાલ અથવા શાસક દ્વારા કોઈ વટહુકમ બહાર પાડવામાં આવશે નહીં".

તેથી, જો સંકુચિત દેશભક્તિ અથવા અલગતાવાદના કારણે, સમગ્ર ભારતના વ્યાપક હિતોની સલાહ લીધા વિના જો કોઈ વિધેયક અથવા સુધારો રજૂ કરવામાં આવે, તો રાષ્ટ્રપતિ, એટલે કે ભારતની કેબિનેટ માટે મંજૂરી અટકાવી રાખવાનું ખુલ્લું રહેશે. આથી આ એક ખૂબ જ મર્યાદિત સત્તા છે જે રાજ્યના વિધાનમંડળને સોંપવામાં આવી છે. છેવટે આપવામાં આવેલી સત્તાનું સ્વરૂપ શું છે? આ સત્તા જાહેર હિતમાં જરૂરિયાત મુજબ તે રાજ્ય સાથેના અથવા તે રાજ્યની અંદરના વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર આવા વાજબી પ્રતિબંધો લાદવા પૂરતી સીમિત છે તેથી રાષ્ટ્રપતિ કે જેઓએ મંજૂરી આપવાની છે તેમને એ જોવાની તક મળશે કે કાયદો જાહેર હિતમાં છે અને લાદવામાં આવેલ પ્રતિબંધ વાજબી છે. આ પ્રતિબંધોને વ્યાખ્યાયિત કરવાના હેતુ માટે કોઈ ચોક્કસ અભેદ્ય ફોર્મ્યુલા ઘડવી શક્ય નથી."

૨૧૬. ચર્ચાનો જવાબ આપતાં ડૉ. બી.આર. આંબેડકરે જણાવ્યું હતું કે શ્રી ટી.ટી. કૃષ્ણમાચારી અને શ્રી અલ્લાદી કૃષ્ણસ્વામી ઐયરે જે કહ્યું હતું તેમાં તેઓ ઉપયોગી રીતે કંઈ ઉમેરી શકતા નથી. સુધારાઓને નકારી કાઢીને બંધારણમાં અનુચ્છેદ ૨૭૪ડી ઉમેરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બાબતો પરથી સ્પષ્ટ થાય છે કે અનુચ્છેદ ૨૭૪ડી ના ઉપ–ખંડ (બી), જે હવે અનુચ્છેદ ૩૦૪(બી) છે, તેના સંબંધમાં બંધારણ સભા સમક્ષ વાંધાઓ ઉઠાવવામાં આવ્યા હતા પરંતુ અનુચ્છેદ ૨૭૪ડી ના ઉપ–ખંડ (બી), જે હવે અનુચ્છેદ ૩૦૪(બી) છે, તેને કાયમ રાખીને તે વાંધાઓને ફગાવી દેવામાં આવ્યા હતા, આમ, બંધારણમાં અનુચ્છેદ ૩૦૪(બી) નો સમાવેશ સુવિચારિત બંધારણીય યોજનાનું પરિણામ હતું અને સમાન નાણાકીય નીતિ તથા સમાન આર્થિક નીતિ ધરાવવા માટે રાજ્યની સત્તા પરના પ્રતિબંધ તરીકે તેનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

એફ. અનુચ્છેદ ૩૦૪(એ) અને અનુચ્છેદ ૩૦૪(બી) નો અર્થઘટન, વ્યાપ અને પરિમાણ

૨૧૭. બંધારણનો અનુચ્છેદ ૩૦૪ નીચે મુજબ વંચાય છે:

"૩૦૪. રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધો.— અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા—"

(એ) અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર એવો કોઈપણ કર લાદી શકશે કે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા કરવામાં આવતા સમાન માલ પર લાગુ પડતો હોય, જોકે એવી રીતે કે જેથી આ રીતે આયાત કરવામાં આવેલા માલ અને આ રીતે ઉત્પાદિત અથવા પેદા કરવામાં આવેલા માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય; અને

(બી) તે રાજ્ય સાથેના અથવા તે રાજ્યની અંદરના વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર જાહેર હિતમાં અપેક્ષિત હોય તેવા વાજબી પ્રતિબંધો લાદી શકશે:

પરંતુ ખંડ (બી) ના હેતુઓ માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં કોઈ વિધેયક કે સુધારો રજૂ કરવામાં કે લાવવામાં આવશે નહીં."

૨૧૮. આ અનુચ્છેદની શરૂઆત નોન ઑબ્સટેન્ટે ક્લૉઝ એટલે કે 'અનુચ્છેદ ૩૦૧ અથવા ૩૦૩ માં કંઈપણ સમાવિષ્ટ હોવા છતાં' થી થાય છે. અનુચ્છેદ ૩૦૧ જાહેર કરે છે કે સમગ્ર ભારતના પ્રદેશમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહાર મુક્ત રહેશે. અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૧ પર સર્વોપરી અસર ધરાવે છે, અનુચ્છેદ ૩૦૪ રાજ્યો વચ્ચે 'વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધો' ની જોગવાઈ કરે છે, જે તેના શીર્ષક પરથી સ્પષ્ટ થાય છે, જે અન્યથા ૩૦૧ હેઠળ અનુમતિપાત્ર ન હોત. અનુચ્છેદ ૩૦૪ એ અનુચ્છેદ ૩૦૩ માં

જોગવાઈ કર્યા મુજબ રાજ્યની વૈધાનિક સત્તા પરના પ્રતિબંધોને પણ સર્વોપરી કરે છે.

૨૧૯. અનુચ્છેદ ૩૦૪ રાજ્યના વિધાનમંડળને અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કાયદા દ્વારા કોઈપણ કર લાદવાની સત્તા આપે છે. અનુચ્છેદ ૩૦૪(એ) નું સાદું વાંચન સૂચવે છે કે તેમાં અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે અમુક શરતો સમાવિષ્ટ છે. અનુચ્છેદ ૩૦૪(એ) ને નીચેના ભાગોમાં વિભાજિત કરી શકાય છે:–

૧. અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરવામાં આવતા માલ પર લાદવું;

૨. કોઈપણ કર કે જે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા કરવામાં આવતા સમાન માલ પર લાગુ પડતો હોય;

૩. જોકે, એવી રીતે કે જેથી આવી રીતે આયાત કરાયેલ માલ અને આવી રીતે ઉત્પાદિત અથવા પેદા કરાયેલ માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય;

૨૨૦. બંધારણ સભા સમક્ષની કાર્યવાહીની નોંધ લેતી વખતે અમે પહેલેથી જ નોંધ્યું છે કે ૩૦૪(એ) ને અનુરૂપ પ્રારંભિક મુસદ્દામાં શરત ૩, એટલે કે, "જેથી આવી રીતે આયાત કરાયેલ માલ અને આવી રીતે ઉત્પાદિત અથવા પેદા કરાયેલ માલ વચ્ચે કોઈ ભેદભાવ ન થાય" તે નહોતી, જે શ્રી કે. એમ.

મુનશી દ્વારા લાવવામાં આવેલા સુધારા દ્વારા ઉમેરવામાં આવી હતી. આમ ઉપર નોંધ્યા મુજબ અનુચ્છેદ ૩૦૪ નો (૨) અને (૩) ભાગ ૩૦૪(એ) નો આશરો લેવા માટે બે અલગ અને સ્વતંત્ર શરતો ધરાવે છે. રાજ્યો તરફથી વિદ્વાન વકીલે રજૂઆત કરી છે કે અનુચ્છેદ ૩૦૪(એ) નો મુખ્ય વિષયવસ્તુ બિન–ભેદભાવપૂર્ણ કર લાદવાનો છે. એવી દલીલ કરવામાં આવી છે કે જો આયાત કરાયેલ માલ જેવા સમાન માલનું રાજ્યમાં ઉત્પાદન કે પેદાશ થતી ન હોય, તો ભેદભાવનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી અને રાજ્યમાં ઉત્પાદિત કે પેદા ન થતા હોય તેવા આયાતી માલ પર કર લાદવા માટે રાજ્ય સ્વતંત્ર છે. પ્રથમ દૃષ્ટિએ આ રજૂઆત આકર્ષક લાગે છે પરંતુ ઊંડાણપૂર્વકની ચકાસણી કરતાં તે ફગાવી દેવાને પાત્ર છે. અનુચ્છેદ ૩૦૪ એ અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ પર કર લાદવા માટે રાજ્યને સક્ષમ બનાવતી જોગવાઈઓના સ્વરૂપમાં છે. બંધારણના ઘડવૈયાઓએ જણાવ્યું હતું કે ભારતના અન્ય ભાગોમાંથી સંબંધિત એકમોમાં આવતો માલ તે જકાત અને કરમાંથી છટકી શકે નહીં જે તે એકમોમાં ઉત્પાદિત માલ પર લાગુ પડે છે. રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા થતા સમાન માલ પર કર લાગુ પડતો હોય ત્યારે જ અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવા માટે રાજ્યને સક્ષમ બનાવવાનો ચોક્કસ હેતુ અને ઉદ્દેશ્ય રહેલો છે. ઉદ્દેશ્ય એ છે કે અનુચ્છેદ ૩૦૧ ની જરૂરિયાત મુજબ સમગ્ર ભારતના પ્રદેશમાં વેપાર અને વાણિજ્ય મુક્ત હોવું જોઈએ અને જ્યારે સ્થાનિક માલ કરને આધીન હોય ત્યારે જ બહારના માલ પર કર લાદવાની મર્યાદિત સત્તા રાજ્યને આપવામાં આવી હતી. જો સ્થાનિક રીતે ઉત્પાદિત

અથવા પેદા થતો માલ કોઈપણ કરને આધીન ન હોય, તો અન્ય રાજ્યોમાંથી આવતા સમાન માલ પર કર લાદવાની રાજ્ય પાસે કોઈ હકૂમત નથી. અન્ય રાજ્યોમાંથી આવતા સમાન માલ પર કર લાદવા માટે સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા પેદા થતા માલ પર કર હોવો એ પૂર્વશરત છે. વિચાર એ છે કે જ્યારે રાજ્ય તેના સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા પેદા થતા માલ પર કર લાદતું નથી, ત્યારે રાજ્યની બહારથી આવતા સમાન માલને મુક્ત પ્રવાહની મંજૂરી આપવી જોઈએ, જે અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનો એક ભાગ છે.

૨૨૧. છેલ્લી શરત કે 'જોકે, એવી રીતે કે જેથી આવી રીતે આયાત કરાયેલ માલ અને આવી રીતે ઉત્પાદિત અથવા પેદા કરાયેલ માલ વચ્ચે ભેદભાવ ન થાય...' એ પ્રતિબંધનું બીજું અંગ છે જે સ્થાનિક રીતે ઉત્પાદિત કે પેદા થયેલા માલની સરખામણીમાં આયાતી માલ પર કર લાદવામાં ભેદભાવ કરવા પર રાજ્યને પ્રતિબંધિત કરે છે. ભેદભાવનો પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત થશે જ્યારે પ્રથમ શરત એટલે કે સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા પેદા થતા માલ પર રાજ્ય દ્વારા કર લાદવામાં આવ્યો હોય. જો કોઈ ચોક્કસ માલ રાજ્યમાં પેદા કે ઉત્પાદિત થતો ન હોય, તો રાજ્યને અન્ય રાજ્યોમાંથી આવતા માલ પર કર લાદવાની મંજૂરી આપી શકાય નહીં. પ્રથમ શરત, એટલે કે સ્થાનિક માલ પર કર લાદવાની શરત પૂર્ણ ન થતાં, ભેદભાવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આથી અમારો સુવિચારિત અભિપ્રાય છે કે આયાતી માલ પર કર લાદવા માટે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળની સત્તાનો ઉપયોગ રાજ્ય દ્વારા ત્યારે જ કરી શકાય જ્યારે સ્થાનિક રીતે ઉત્પાદિત કે પેદા થતો સમાન માલ કરને આધીન હોય. જ્યારે

સમાન માલ કરને આધીન ન હોય અથવા રાજ્યમાં સમાન માલ ઉપલબ્ધ ન હોય, ત્યારે રાજ્ય અન્ય રાજ્યોમાંથી માલના મુક્ત પ્રવાહને મંજૂરી આપવા માટે બંધાયેલું છે જે અનુચ્છેદ ૩૦૧ માં સમાવિષ્ટ મૂળભૂત સિદ્ધાંત છે અને રાજ્યોને છૂટછાટ માત્ર એ શરતે આપવામાં આવી છે કે રાજ્ય સ્થાનિક માલ અને બહારના માલ બંને પર કર લાદે. આ કોર્ટની બંધારણીય બેંચ સમક્ષ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિરુદ્ધ ભાઈલાલ ભાઈ અને અન્ય ૧૯૬૪ ૬ એસ.સી.આર. ૨૬૧ સહિત અનેક કેસોમાં અનુચ્છેદ ૩૦૪(એ) વિચારણા માટે આવ્યો હતો, ઉપરોક્ત કેસમાં રાજ્યે એમ.પી. હાઈકોર્ટના ચુકાદા સામે અપીલ દાખલ કરી હતી જે ચુકાદા દ્વારા હાઈકોર્ટે કર આકારણી અને વસૂલાતને અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરનાર અને ૩૦૪(એ) દ્વારા સુરક્ષિત ન હોવાનું ઠેરવીને કરદાતા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ અરજી મંજૂર કરી હતી અને તેમની પાસેથી આકારણી કરાયેલા અને વસૂલ કરાયેલા કરનું રિફંડ આપવાની મંજૂરી આપી હતી. રિટ અરજદારો રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા અનુસાર તમાકુના વેચાણનો વ્યવસાય કરતા હતા, પ્રશ્ન હેઠળના જાહેરનામામાં કર માત્ર આયાતી તમાકુ પર લાદવામાં આવ્યો હતો અને સ્થાનિક રીતે ઉગાડવામાં આવતી તમાકુ પર નહીં, જે હાઈકોર્ટે ચુકાદામાં નીચેના શબ્દોમાં નોંધ્યું હતું:

> "જે જાહેરનામા હેઠળ કર આકારણી કરવામાં આવી હતી તેની વિચારણા કરતાં હાઈકોર્ટનો અભિપ્રાય હતો કે તેમાં માત્ર આયાતી તમાકુ પર કર લાદવામાં આવ્યો હતો અને સ્થાનિક રીતે ઉગાડવામાં આવતી તમાકુ પર નહીં અને તેથી તે બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) ની વિશેષ

જોગવાઈઓ હેઠળ આવતું નહોતું અને પરિણામે માલની આયાત પર કર લાદવાથી થયેલું બંધારણના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન તે જોગવાઈઓને કાયદાની દ્રષ્ટિએ રદબાતલ બનાવે છે. જે અરજીઓમાંથી સિવિલ અપીલ નં. ૩૬૨–૩૭૭, ૧૯૬૨ ની સિવિલ અપીલ નં. ૮૬૧–૮૬૭ અને ૧૯૬૩ ની સિવિલ અપીલ નં. ૨૫ ઉદ્ભવી છે તે અરજીઓમાં રિફંડ માટેની અરજ મંજૂર કરવામાં આવી હતી. બાકીની અરજીઓમાં અરજ નકારી કાઢવામાં આવી હતી.

હાલની અપીલોમાં મધ્યપ્રદેશ રાજ્ય હાઇકોર્ટના તે નિર્ણયની શુદ્ધતાને પડકારે છે કે કરવેરાની જોગવાઈ ગેરબંધારણીય અને રદબાતલ હતી તેમજ ઉપરોક્ત કેટલીક અરજીઓમાં કરવામાં આવેલા રિફંડના હુકમોને પણ પડકારે છે."

૨૨૨. આ કોર્ટ એવા નિષ્કર્ષ પર પહોંચી હતી કે મધ્યભારત રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા સમાન માલ પર એવો કર લાદવામાં આવ્યો નહોતો જે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતી તમાકુએ ચૂકવવો પડતો હતો તેથી તે કર ૩૦૪(એ) હેઠળ સુરક્ષિત નહોતો, હાઇકોર્ટના ચુકાદાને બહાલી આપતાં આ કોર્ટે ઠેરવેલ કે:

"તેથી, એવા નિષ્કર્ષ પરથી છટકી શકાય નહીં કે મધ્યભારત રાજ્યમાં ઉત્પાદિત કે પેદા કરવામાં આવેલા સમાન માલ પર એવો કર લાદવામાં આવ્યો નથી કે જે અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા તમાકુના

પાંદડા, ઉત્પાદિત તમાકુ અને બીડી ઉત્પાદન માટે વપરાતી તમાકુએ આયાતકાર દ્વારા વેચાણ પર ચૂકવવો પડે છે. તેથી, આ કર અનુચ્છેદ ૩૦૪(એ) ની બચાવ જોગવાઈઓ હેઠળ આવતો નથી. જેમ કે અગાઉ નિર્દેશ કરવામાં આવ્યો છે, તે બંધારણના અનુચ્છેદ ૩૦૧ ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે. તેથી હાઈકોર્ટ દ્વારા આ કરને યોગ્ય રીતે જ અમાન્ય ઠેરવવામાં આવ્યો છે. તે સ્પષ્ટ છે કે આ જાહેરનામા હેઠળ કરની આકારણી આમ કાયદાની દ્રષ્ટિએ અમાન્ય હતી."

૨૨૩. અન્ય એક બંધારણીય બેંચના ચુકાદા, કલ્યાણી સ્ટોર્સ વિરુદ્ધ સ્ટેટ ઓફ ઓરિસ્સા અને અન્ય ૧૯૬૬ ૧ એસ.સી.આર. ૮૬૫ માં અનુચ્છેદ ૩૦૪(એ) ફરીથી વિચારણા માટે આવ્યો હતો. ઉપરોક્ત કેસમાં, અરજદારોએ બિહાર એન્ડ ઓરિસ્સા એક્સાઇઝ એક્ટ, ૧૯૧૫ હેઠળ બહાર પાડવામાં આવેલા તારીખ ૩૧ માર્ચ, ૧૯૬૧ ના જાહેરનામાને પડકાર્યો હતો જેના દ્વારા જકાત પ્રતિ એલ.પી. ગેલન રૂ. ૪૦ થી વધારીને ૭૦ કરવામાં આવી હતી.

૨૨૪. અરજદારોને ૧ એપ્રિલ, ૧૯૬૧ પછી દુકાનમાં મળેલા દારૂના સ્ટોકના સંબંધમાં રૂ. ૩૦ ના દરે જકાત ચૂકવવા જણાવવામાં આવ્યું હતું. અરજદારોએ રિટ અરજી દાખલ કરીને આ ઉઘરાણીની કાયદેસરતાને પડકારી હતી, આ કોર્ટ સમક્ષ નીચે મુજબની દલીલ કરવામાં આવી હતી:

"અપીલકર્તાઓએ અન્ય બાબતો સાથે એવી દલીલ કરી હતી કે રાજ્ય, બિહાર એન્ડ ઓરિસ્સા એક્ટની કલમ ૨૭ હેઠળ રાજ્યમાં ઉત્પાદિત

અથવા પેદા થતી આબકારી વસ્તુઓ પર જકાત અને રાજ્યમાં ઉત્પાદિત વસ્તુઓ પરના બોજ સાથે આયાતી વસ્તુઓ પરના બોજને સમાન કરવાના હેતુથી રાજ્યમાં આયાત કરવામાં આવતી આબકારી વસ્તુઓ પર કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી લાદી શકે છે, પરંતુ જો લાયસન્સના વર્ષમાં રાજ્યની અંદર આયાતી દારૂ જેવા સમાન દારૂનું ઉત્પાદન થતું ન હોય તો આયાત કરાયેલા દારૂ પર કોઈ કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી લાદી શકાય નહીં, અને રાજ્યમાં "વિદેશી દારૂ" નું ઉત્પાદન કરતી કોઈ ડિસ્ટિલરી ન હોવાથી કાઉન્ટરવેઇલિંગ ડ્યુટીની ઉઘરાણી કાયદાકીય સત્તા વિનાની હતી."

૨૨૫. હાઈકોર્ટ દ્વારા સાતમી અનુસૂચિમાં યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૧ હેઠળ આબકારી જકાતની ઉઘરાણીને કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી તરીકે વાજબી ઠેરવીને રિટ અરજી ફગાવી દેવામાં આવી હતી. આ ચુકાદાને આ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો. આ કોર્ટે નીચેના શબ્દોમાં કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી તરીકેની ઉઘરાણીને વાજબી ઠેરવતા હાઈકોર્ટના દ્રષ્ટિકોણને નકારી કાઢ્યો હતો:

"એ હકીકત કે કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી સમાન અથવા ઓછા દરે લાદવામાં આવી શકે છે તે સૂચવે છે કે તે રાજ્યમાં ઉત્પાદિત માલ પર લાદવામાં આવતી આબકારી જકાતને સંતુલિત કરવા માટે છે. તે આબકારી જકાતના સમાન દરે અથવા ઓછા દરે લાદવામાં આવી શકે છે, સંભવતઃ ઉત્પાદનના સ્થળેથી કર લાદતા રાજ્ય સુધીના પરિવહનના ખર્ચને

ધ્યાનમાં લીધા પછી બોજને સમાન કરવા માટે. તેથી એવું જણાય છે કે, કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી એ રાજ્યની બહારથી આયાત કરવામાં આવતા આલ્કોહોલિક પીણાં પરના બોજ અને રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા થતા આલ્કોહોલિક પીણાં પર આબકારી જકાત દ્વારા લાદવામાં આવેલા બોજને સમાન કરવા માટે છે. જો રાજ્યમાં આયાત કરાયેલા જેવા સમાન આલ્કોહોલિક પીણાં પેદા કે ઉત્પાદિત થતા ન હોય, તો રાજ્યમાં ઉત્પાદિત માલ પર લાદવામાં આવતી આબકારી જકાતને સંતુલિત કરતી જકાત લાદવાનો અધિકાર ઉપસ્થિત થશે નહીં. તેથી એ સ્વીકારી શકાય કે કાઉન્ટરવેઇલિંગ ડ્યુટી માત્ર ત્યારે જ લાદી શકાય જો તેવા સમાન માલનું વાસ્તવમાં રાજ્યમાં ઉત્પાદન કે પેદાશ થતી હોય કે જેના પર આબકારી જકાત લાદવામાં આવી રહી હોય."

૨૨૬. આ કોર્ટે ઠેરવેલ કે અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળની સત્તાનો ઉપયોગ માત્ર ત્યારે જ અસરકારક બની શકે છે જો અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા માલ પર કર કે જકાત લાદવામાં આવે અને તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા કરવામાં આવેલા સમાન માલ પર લાદવામાં આવેલ કર અથવા જકાત તેવા પ્રકારના હોય. આ કોર્ટે ઠેરવેલ કે ઓરિસ્સા રાજ્યમાં કોઈ વિદેશી દારૂનું ઉત્પાદન કે પેદાશ થતી ન હોવાથી, અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ આપવામાં આવેલી કાયદો ઘડવાની સત્તા માન્ય નથી અને નીચે મુજબ નિર્ધારિત કરવામાં આવ્યું હતું:

"અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળની સત્તાનો ઉપયોગ માત્ર ત્યારે જ અસરકારક બની શકે છે જો અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા માલ પર કર અથવા જકાત લાદવામાં આવે અને તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા કરવામાં આવેલા સમાન માલ પર લાદવામાં આવેલ કર અથવા જકાત એવા પ્રકારના હોય કે જેથી આયાતી માલ સામે કોઈ ભેદભાવ ન થાય. ઓરિસ્સા રાજ્યમાં કોઈ વિદેશી દારૂ પેદા કે ઉત્પાદિત થતો ન હોવાથી અનુચ્છેદ ૩૦૪ દ્વારા આપવામાં આવેલી કાયદો ઘડવાની સત્તા ઉપલબ્ધ નથી અને બંધારણના અનુચ્છેદ ૩૦૧ દ્વારા વેપાર, વાણિજ્ય અથવા વ્યવહારની સ્વતંત્રતા પર જાહેર કરાયેલો પ્રતિબંધ અવરોધરહિત રહે છે."

૨૨૭. ઉપરોક્ત બે બંધારણીય બેંચના ચુકાદાઓમાં, આ કોર્ટે માલની આયાત પરના કરની ઉઘરાણીને સ્પષ્ટપણે રદબાતલ ઠેરવી છે, જ્યારે રાજ્ય દ્વારા સ્થાનિક રીતે ઉત્પાદિત કે પેદા થતા માલ પર કોઈ કર લાદવામાં આવ્યો ન હતો અથવા તે માલ સ્થાનિક રીતે ઉપલબ્ધ ન હતો.

૨૨૮. આયાતી માલ પર લાદવામાં આવતા કર અને સ્થાનિક રીતે ઉત્પાદિત કે પેદા થતા માલ પરના કર વચ્ચે ભેદભાવનો પ્રશ્ન એ અન્ય પરિબળ છે, જેના આધારે ઉઘરાણી ક્ષતિપૂર્ણ ઠરી શકે છે. ફર્મ એ.ટી.બી. મહેતાબમજીદ એન્ડ કંપની વિરુદ્ધ સ્ટેટ ઓફ મદ્રાસ અને અન્ય ૧૯૬૩ એસ.સી.આર. સપ્લી.

(૨) ૪૩૫ માં અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ ભેદભાવપૂર્ણ ઉઘરાણીના પ્રશ્નની વિચારણા કરવામાં આવી હતી.

૨૨૯. આ કોર્ટમાં દાખલ કરવામાં આવેલી બંધારણના અનુચ્છેદ ૩૨ હેઠળની રિટ અરજીમાં, મદ્રાસ જનરલ સેલ્સ ટેક્સ (ટર્નઓવર એન્ડ એસેસમેન્ટ રૂલ્સ, ૧૯૩૯) ના રુલ ૧૬ ને પડકારવામાં આવ્યો હતો. અરજદાર ચામડા અને ખાલના વેપારી હતા જેઓ મદ્રાસ રાજ્ય બહારથી લાવવામાં આવેલા તેમજ રાજ્યની અંદરથી મેળવેલા ચામડા અને ખાલનું વેચાણ કરતા હતા. અરજદારનો કેસ નીચે મુજબની અસર ધરાવતો હતો:

> "અરજદાર તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે આ રુલની અસર એ છે કે રાજ્ય બહારથી આયાત કરવામાં આવેલા અને રાજ્યની અંદર વેચવામાં આવેલા કમાવેલા ચામડા અથવા ખાલ પર રાજ્યની અંદર કમાવવામાં આવેલા અને વેચવામાં આવેલા ચામડા અથવા ખાલ પર લાદવામાં આવતા કર કરતાં ઊંચા દરે કર લાદવામાં આવે છે, કારણ કે રાજ્ય બહાર કમાવવામાં આવેલા આયાતી ચામડા અથવા ખાલ પરનો વેચાણ વેરો તેમની વેચાણ કિંમત પર છે જ્યારે રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડા અથવા ખાલ પરનો કર, જોકે દેખીતી રીતે તેમની વેચાણ કિંમત પર છે, પરંતુ રુલ ૧૬ ના સબ–રુલ (૨) ના ખંડ (૨) ના પરંતુકના સંદર્ભમાં, તે વાસ્તવમાં આ ચામડા અથવા ખાલની તે વેચાણ કિંમત પર છે જ્યારે તેઓ કાચી સ્થિતિમાં ખરીદવામાં આવ્યા હોય અને જે

કમાવેલા ચામડા અથવા ખાલની વેચાણ કિંમત કરતાં નોંધપાત્ર રીતે ઓછી છે. વધુમાં, સમાન કારણોસર, કાચી સ્થિતિમાં ખરીદી કર્યા પછી રાજ્ય બહારથી આયાત કરાયેલા અને ત્યારબાદ રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડા અથવા ખાલ પર પણ રાજ્યમાં કાચી સ્થિતિમાં ખરીદવામાં આવેલા અને રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડા અથવા ખાલ કરતાં વધુ કર લાદવામાં આવે છે, કારણ કે પ્રથમ પરનો કર કમાવેલા ચામડા અથવા ખાલની વેચાણ કિંમત પર છે અને પછીના પરનો કર કાચા ચામડા અથવા ખાલની વેચાણ કિંમત પર છે. આવો ભેદભાવપૂર્ણ કરવેરો બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરતો હોવાનું કહેવાય છે. આ કેસમાં હસ્તક્ષેપ કરનારાઓની દલીલો પણ આવી જ છે."

૨૩૦. આ કોર્ટે ઠેરવેલ કે કરવેરા કાયદાઓ વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધો હોઈ શકે છે અને એક રાજ્યના માલ અને બીજા રાજ્યના માલ પર અસર કરતો અને ભેદભાવ રાખતો કર વેપારના મુક્ત પ્રવાહને અસર કરી શકે છે અને અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરી શકે છે તથા તે ત્યારે જ માન્ય રહેશે જો તે અનુચ્છેદ ૩૦૪(એ) ની શરતો હેઠળ આવતો હોય. આ કોર્ટે નીચે મુજબ ઠેરવેલ:

"તેથી હવે તે સુસ્થાપિત છે કે કરવેરા કાયદાઓ વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધો હોઈ શકે છે, જો તેઓ વેપારના પ્રવાહને અવરોધે

અને જો તેઓ વળતરરૂપ કર અથવા નિયમનકારી પગલાં ગણી શકાય તેવા ન હોય. અહીં વિચારણા હેઠળના પ્રકારનો વેચાણ વેરો કોઈપણ વેપારનું નિયમન કરતું પગલું અથવા વેપારની સુવિધાઓના ઉપયોગ માટે લાદવામાં આવેલ વળતરરૂપ કર કહી શકાય નહીં. વેચાણ વેરો, જે એક રાજ્યના માલ અને બીજા રાજ્યના માલ વચ્ચે ભેદભાવ કરવાની અસર ધરાવે છે, તે વેપારના મુક્ત પ્રવાહને અસર કરી શકે છે અને તે પછી અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરશે તથા તે માત્ર ત્યારે જ માન્ય રહેશે જો તે અનુચ્છેદ ૩૦૪(એ) ની શરતોની અંદર આવતો હોય.

અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના વિધાનમંડળને વેપાર, વાણિજ્ય અને વ્યવહારને અસર કરતા કાયદા બનાવવા માટે સક્ષમ બનાવે છે. તે અન્ય રાજ્યોના માલ પર કર લાદવા માટે સક્ષમ બનાવે છે જો રાજ્યમાં સમાન માલ પર સમાન કર લાદવામાં આવતો હોય, જેથી તે રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા થતા માલ અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ વચ્ચે ભેદભાવ ન થાય. આનો અર્થ એ થાય છે કે જો બહારથી આયાત કરવામાં આવેલા કમાવેલા ચામડા અથવા ખાલ પરના વેચાણ વેરાની અસર એ થાય કે નિયમોના રુલ ૧૬ ના સબ–રુલના પરંતુકના અમલ દ્વારા પછીના પર ઊંચો કર લાદવામાં આવે છે, તો તે કર ભેદભાવપૂર્ણ અને ગેરબંધારણીય છે અને તેને રદ કરવો જ જોઈએ."

૨૩૧. આ કોર્ટે નીચે મુજબનો નિષ્કર્ષ નોંધીને અરજી મંજૂર કરી હતી:

"તેથી અમારો અભિપ્રાય છે કે રુલ ૧૬(૨) ની જોગવાઈઓ રાજ્ય બહાર ખરીદવામાં આવેલા અથવા કમાવવામાં આવેલા આયાતી ચામડા અથવા ખાલ સામે ભેદભાવ કરે છે અને તેથી તે બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે."

૨૩૨. આ કોર્ટના ઉપરોક્ત બંધારણીય બેંચના ચુકાદા દ્વારા નિર્ધારિત કરવામાં આવેલો કાયદો અમારા તે અભિપ્રાયની પુનઃપુષ્ટિ કરે છે કે રાજ્યને અનુચ્છેદ ૩૦૪(એ) હેઠળ કાયદો ઘડવા સક્ષમ કરવા માટે, નીચેની બે પૂર્વશરતો, જે એકબીજાથી સ્વતંત્ર છે, સંતોષાવી જોઈએ:

એ. અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદે જેને તે રાજ્યમાં ઉત્પાદિત કે નિર્મિત સમાન માલ આધીન હોય.

બી. જોકે, એવી રીતે કે જેથી તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત તેમજ નિર્મિત માલ વચ્ચે ભેદભાવ ન થાય;

૨૩૩. પોતાની રજૂઆત દરમિયાન શ્રી સાલવેએ તમિલનાડુ રાજ્ય, કેરળ રાજ્ય, આસામ રાજ્ય અને આંધ્ર પ્રદેશ રાજ્યના અધિનિયમોનો ઉલ્લેખ કર્યો છે. તમિલનાડુ એન્ટ્રી ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયાઝ ટેક્સ એક્ટ, ૨૦૦૧ નો ઉલ્લેખ કરતાં શ્રી સાલવેએ એવી દલીલ કરી છે કે કલમ ૩ પેટા–કલમ ૨ હેઠળ, કર આયાતકાર દ્વારા ચૂકવવાપાત્ર છે. સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશને રાજ્ય બહારના કોઈપણ સ્થળેથી સ્થાનિક વિસ્તારમાં તેમાં

વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે અનુસૂચિત માલના પ્રવેશ તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો હતો. તેમની એવી દલીલ હતી કે સદર અધિનિયમ સ્પષ્ટપણે માત્ર આયાતી માલ પર જ પ્રવેશ કર લાદે છે અને સ્થાનિક માલ પર કોઈ પ્રવેશ કર ન હતો, જે ભારતના બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) નું સ્પષ્ટપણે ઉલ્લંઘન કરે છે.

૨૩૪. અમને શ્રી સાલવેની રજૂઆતમાં તથ્ય જણાય છે, જેને સ્ટેટ ઓફ મદ્રાસ વિ. ભાઈલાલ ભાઈ અને કલ્યાણી સ્ટોર્સ વિ. સ્ટેટ ઓફ ઓરિસ્સા અને અન્ય ના કેસોમાં બંધારણીય બેંચના ચુકાદાઓ દ્વારા સમર્થન પ્રાપ્ત છે. જ્યારે સ્થાનિક માલ પર આવો કોઈ કર લાદવામાં આવતો ન હોય ત્યારે માત્ર આયાતી માલ પર કર લાદવો એ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે. મદ્રાસ હાઇકોર્ટની ડિવિઝન બેંચે આઈ.ટી.સી. લિમિટેડ વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ અને અન્ય [૨૦૦૭] ૭ વી.એસ.ટી. ૩૬૭ મદ્રાસ માં સદર અધિનિયમને રદબાતલ ઠેરવ્યો છે. તે જ મતલબની રજૂઆતો કેરળ રાજ્ય, આંધ્ર પ્રદેશ રાજ્ય અને આસામ રાજ્યના પ્રવેશ કર અધિનિયમોના સંબંધમાં પણ શ્રી સાલવે દ્વારા કરવામાં આવી છે.

૨૩૫. અનુચ્છેદ ૩૦૪(એ) અને ૩૦૪(બી) સંયોજક શબ્દ 'અને' દ્વારા જોડાયેલા છે. વિવિધ રાજ્યોના વિવિધ અધિનિયમોને પડકારનારા અરજદારો વતી વિદ્વાન કાઉન્સેલ એવી દલીલ કરે છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) ને સંયોજક રીતે વાંચવા જોઈએ કારણ કે તે પરસ્પર વિશિષ્ટ નથી. એવી

દલીલ કરવામાં આવી છે કે રાજ્ય દ્વારા કર કાયદાએ ખંડ (એ) અને (બી) બંનેનું પાલન કરવું પડશે, જ્યારે રાજ્યો વતી વિદ્વાન કાઉન્સેલ એવી દલીલ કરે છે કે 'અને' શબ્દને વિયોજક રીતે વાંચવો જોઈએ. જે કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) મુજબ હોય તેણે અનુચ્છેદ ૩૦૪(બી) નું પાલન કરવાની જરૂર નથી. રાજ્યો વતી વિદ્વાન કાઉન્સેલે વધુમાં એવી દલીલ કરી છે કે વાસ્તવમાં અનુચ્છેદ ૩૦૪(બી) માં કર કાયદાનો સમાવેશ થતો નથી, તેથી, એવી દલીલ કરવા માટેનું આ બીજું કારણ છે કે અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરતા કર કાયદાએ અનુચ્છેદ ૩૦૪(બી) નું પાલન કરવાની જરૂર નથી.

૨૩૬. આપણે સૌપ્રથમ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) બંનેને જોડતા 'અને' શબ્દના સાચા અર્થ અને હેતુ પર ધ્યાન આપવાની જરૂર છે. કાયદાના અર્થઘટનના સિદ્ધાંતો અનુસાર 'અને' શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે સંયોજક તરીકે થાય છે અને 'અથવા' શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે વિયોજક તરીકે થાય છે, પરંતુ ક્યારેક કાયદાના સંદર્ભમાં પ્રગટ થતા કાયદાના સ્પષ્ટ આશયને પરિપૂર્ણ કરવા માટે તેનાથી વિપરીત પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ કોર્ટે મોટી સંખ્યામાં કેસોમાં 'અને' શબ્દને 'અથવા' તરીકે વાંચ્યો છે. ૧૯૬૯(૧) એસ.સી.આર. ૨૧૯ માં, આ કોર્ટને ધ ડ્રગ્સ એક્ટ, ૧૯૪૦ ની કલમ ૩(બી) માં વપરાયેલા 'અને' શબ્દ પર વિચારણા કરવાની તક મળી હતી. કલમ ૩(બી)(૧) કે જે ડ્રગને વ્યાખ્યાયિત કરે છે તેમાં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવી હતી:

"કલમ ૩(બી) માં સમાવિષ્ટ "ડ્રગ" ની વ્યાખ્યા નીચે મુજબના શબ્દોમાં છે :–

(૧) મનુષ્યો અથવા પ્રાણીઓના આંતરિક કે બાહ્ય ઉપયોગ માટેની તમામ દવાઓ અને મનુષ્યો અથવા પ્રાણીઓમાં રોગના (નિદાન, સારવાર), ઉપશમન કે નિવારણ માટે અથવા તેમાં ઉપયોગ કરવાના આશયવાળા તમામ પદાર્થો, સિવાય કે આયુર્વેદિક અથવા યુનાની તબીબી પદ્ધતિઓ અનુસાર ફક્ત ઉપયોગમાં લેવાતી અથવા ઉપયોગ માટે તૈયાર કરાયેલી દવાઓ અને પદાર્થો....."

૨૩૭. કલમ ૩(બી)(૧) માં "દવાઓ અને પદાર્થો" શબ્દો વચ્ચે વપરાયેલા 'અને' શબ્દને 'અથવા' તરીકે વાંચવો જોઈએ કે કેમ તે અંગે આ કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયેલા મુદ્દા પર આ કોર્ટે નીચે મુજબ ઠેરવ્યું:

"હવે જો "પદાર્થો" શબ્દપ્રયોગનો અર્થ "દવા" સિવાયનું કંઈક લેવાનો હોય, જેમ કે અમારા અગાઉના નિર્ણયમાં ઠેરવવામાં આવ્યું છે, તો એ સમજવું મુશ્કેલ બને છે કે કલમ ૩(બી)(૧) માં ડ્રગની વ્યાખ્યામાં "દવાઓ" અને "પદાર્થો" વચ્ચે વપરાયેલા "અને" શબ્દનો ઉપયોગ સંયોજક રીતે કરવાનો આશય કેવી રીતે હોઈ શકે. સંદર્ભમાં તેને વિયોજક રીતે વાંચવું વધુ યોગ્ય રહેશે. સ્ટ્રાઉડ્સ જ્યુડિશિયલ ડિક્શનરી, ત્રીજી આવૃત્તિમાં પૃષ્ઠ ૧૩૫ પર જણાવવામાં આવ્યું છે કે "અને" નો સામાન્ય રીતે સંચયી અર્થ હોય છે, જેમાં તે જે તમામ શરતોને જોડે છે તેની

પરિપૂર્ણતા જરૂરી બને છે અને આ બાબતમાં તે "અથવા" થી વિપરીત છે. જોકે, કેટલીકવાર આવા જોડાણમાં પણ, વિષયવસ્તુના પ્રભાવથી, તેને "અથવા" તરીકે વાંચવામાં આવે છે. તેવી જ રીતે મેક્સવેલ ઓન ઇન્ટરપ્રિટેશન ઓફ સ્ટેચ્યુટ્સ, ૧૧મી આવૃત્તિમાં, એ સ્વીકારવામાં આવ્યું છે કે "ધારાસભાના આશયને પરિપૂર્ણ કરવા માટે ક્યારેક સંયોજકો 'અથવા' અને 'અને' ને એકબીજાના સ્થાને વાંચવા જરૂરી જણાય છે".

૨૩૮. આ જોગવાઈના સાચા હેતુ અને ઉદ્દેશ્યને જાણવા માટે આપણે બંધારણીય યોજના પર પાછા ફરી શકીએ છીએ. અનુચ્છેદ ૩૦૪ એ રાજ્યને આપવામાં આવેલી એક મુક્તિ છે કે જેના હેઠળ રાજ્ય કર લાદી શકે છે અને વેપાર તેમજ વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદી શકે છે, જે સ્વતંત્રતા ભારતના બંધારણના અનુચ્છેદ ૩૦૧ હેઠળ સુનિશ્ચિત કરવામાં આવી છે. અનુચ્છેદ ૩૦૪ ની શરૂઆત "અનુચ્છેદ ૩૦૧ અથવા અનુચ્છેદ ૩૦૩ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા—" એ શબ્દોથી થાય છે. બે પેટા–ખંડ (એ) અને (બી) એ રાજ્યને આપવામાં આવેલી સક્ષમકારી સત્તાઓ છે જેના દ્વારા આયાતી માલ પર કર લાદી શકાય છે અને વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો લાદી શકાય છે. જો આપણે સંયોજક શબ્દ 'અને' ને 'અથવા' તરીકે વાંચીએ, તો તેનો અર્થ એવો થઈ શકે કે રાજ્ય ખંડ (એ) અને (બી) માં આપવામાં આવેલી સક્ષમકારી સત્તાઓ પૈકી ફક્ત એકનો જ ઉપયોગ કરી શકે છે. રાજ્યને બંને સત્તાઓમાંથી માત્ર કોઈ એકનો જ ઉપયોગ કરવાની સત્તા આપવાનો અનુચ્છેદ ૩૦૪ નો

આશય નથી, સ્પષ્ટ આશય એ છે કે રાજ્ય કાયદા દ્વારા અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદી શકે છે – ખંડ (એ); અને તે રાજ્ય સાથે અથવા તેની અંદર વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહારની સ્વતંત્રતા પર વાજબી નિયંત્રણો લાદી શકે છે – ખંડ (બી). અનુચ્છેદ ૩૦૪ ની શરૂઆતમાં 'કરી શકશે' શબ્દનો ઉપયોગ દર્શાવે છે કે આ સત્તા સક્ષમકારી છે અને કેસના તથ્યોમાં જે જરૂરી જણાય તે મુજબ રાજ્યો બંનેમાંથી કોઈ એક અથવા બંને સત્તાઓનો ઉપયોગ કરવા માટે હકદાર છે.

૨૩૯. વધુમાં, ખંડ (એ) અને (બી) બંનેમાં આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરવાની રાજ્ય પર કોઈ ફરજ નથી. રાજ્ય ફક્ત ખંડ (એ) માં આપેલી સત્તા અથવા ખંડ (બી) માં આપેલી સત્તાનો ઉપયોગ કરવાનું પસંદ કરી શકે છે. આથી, અમે એ દલીલ સ્વીકારવા તૈયાર નથી કે જ્યારે પણ રાજ્ય ખંડ (એ) હેઠળ કાયદો બનાવે છે ત્યારે તેણે અનિવાર્યપણે ખંડ (બી) નું પણ પાલન કરવું જ પડશે. વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી અરવિંદ પી. દાતારે એવી રજૂઆત કરી છે કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) વચ્ચે 'અને' શબ્દનો ઉપયોગ સંયુક્ત અને પૃથક છે અને તેને અને/અથવા તરીકે વાંચવો જોઈએ. પોતાની રજૂઆતના સમર્થનમાં તેમણે રૂથ સુલિવાન દ્વારા લિખિત સ્ટેચ્યુટરી ઇન્ટરપ્રિટેશન, બીજી આવૃત્તિ પર આધાર રાખ્યો છે. વિદ્વાન લેખકે 'અને' અથવા 'અથવા' પર નીચે મુજબના મંતવ્યો વ્યક્ત કર્યા છે:

"૨) "અને" અને "અથવા"

એ) સંયુક્ત અથવા સંયુક્ત અને પૃથક "અને"

"અને" અને "અથવા" બંને સહજ રીતે સંદિગ્ધ છે. "અને" હંમેશા એ અર્થમાં સંયોજક હોય છે કે તે હંમેશા "અને" ની પહેલાં અને પછી સૂચિબદ્ધ શક્યતાઓના સંચયનો સંકેત આપે છે. જોકે, "અને" એ બાબતમાં સંદિગ્ધ છે કે તે સંયુક્ત અથવા સંયુક્ત અને પૃથક હોઈ શકે છે. સંયુક્ત "અને" ના કિસ્સામાં, દરેક સૂચિબદ્ધ શક્યતાનો સમાવેશ થવો આવશ્યક છે: (એ) અને (બી) બંને; (એ), (બી) અને (સી) તમામ. સંયુક્ત અને પૃથક "અને" ના કિસ્સામાં, તમામ શક્યતાઓનો સમાવેશ થઈ શકે છે, પરંતુ તેમ થવું આવશ્યક નથી: (એ) અથવા (બી) અથવા બંને; (એ) અથવા (બી) અથવા (સી), અથવા કોઈપણ બે, અથવા ત્રણેય. બીજા શબ્દોમાં કહીએ તો, સંયુક્ત અને પૃથક "અને" એ "અને/અથવા" ની સમકક્ષ છે.....

કયો અર્થ યોગ્ય છે તે સંદર્ભ પર આધાર રાખે છે. ઉદાહરણ તરીકે, જ્યારે સત્તાઓની યાદીમાં અંતિમ બાબત પહેલાં "અને" નો ઉપયોગ કરવામાં આવે છે, ત્યારે તે સંયુક્ત અને પૃથક હોય છે:

આ અધિનિયમના હેતુઓને પાર પાડવા માટે, ગવર્નર ઇન કાઉન્સિલ નીચેની બાબતો અંગે વિનિયમો બનાવી શકશે

(એ) જે શરતો પર લાયસન્સ આપી શકાય;

(બી) હથિયાર વિક્રેતાઓ દ્વારા જે માહિતી અને ફી પૂરી પાડવી જરૂરી હોઈ શકે; અને

(સી) હથિયારના માલિકો પાસેથી જે વાર્ષિક ફી વસૂલ કરી શકાય.

આ જોગવાઈમાં ગવર્નર ઇન કાઉન્સિલને સૂચિબદ્ધ વિષયો પૈકીના કોઈપણ એક અથવા વધુ પર વિનિયમો બનાવવાની સત્તા આપવામાં આવી છે. જોકે, જો "કરી શકશે" ની જગ્યાએ "કરશે" મૂકવામાં આવે તો શું થાય છે તેની નોંધ લો. જો ગવર્નર ઇન કાઉન્સિલ માટે (એ) શરતો (બી) માહિતી અને (સી) ફી અંગે વિનિયમો બનાવવાનું ફરજિયાત હોય, તો સંયુક્ત અને પૃથક "અને" એ સંયુક્ત બની જાય છે."

૨૪૦. અમને આ રજૂઆતમાં તથ્ય જણાય છે અને અમારો એવો અભિપ્રાય છે કે ખંડ (એ) અને (બી) વચ્ચેના 'અને' શબ્દને સંયુક્ત અને પૃથક તરીકે વાંચવો પડશે, રાજ્ય વિધાનમંડળની જરૂરિયાત મુજબ બંને અર્થ આપી શકાય છે. ઉપર નોંધ્યા મુજબ અરજદારોના વિદ્વાન કાઉન્સેલ દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલી રજૂઆતો પૈકીની એક એ છે કે જ્યારે પણ રાજ્ય વિધાનમંડળ ખંડ (એ) હેઠળ કાયદા દ્વારા કર લાદે છે, ત્યારે તેણે અનિવાર્યપણે ખંડ ૩૦૪(બી) હેઠળ પૂરી પાડવામાં આવેલી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે, કારણ કે બંને ખંડો સંયોજક છે અને પાલનની આવશ્યકતા ધરાવે છે. અમે આ આત્યંતિક રજૂઆત સ્વીકારવા તૈયાર નથી કે પ્રત્યેક કિસ્સામાં જ્યારે પણ ખંડ (એ) હેઠળ કાયદો ઘડવામાં આવે ત્યારે ખંડ (બી) હેઠળની પ્રક્રિયાનું પાલન

કરવું જ પડશે. ખંડ (બી) નો પરંતુક કે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી વિના રાજ્યના વિધાનમંડળમાં ખંડ (બી) ના હેતુઓ માટે કોઈ વિધેયક અથવા સુધારો રજૂ કરવામાં આવશે નહીં કે લાવવામાં આવશે નહીં, તે ખંડ (બી) પૂરતો મર્યાદિત છે, જે દર્શાવે છે કે બંધારણીય યોજના એવી જોગવાઈ કરતી નથી કે ખંડ (એ) હેઠળ કાયદો ઘડવા માટે ખંડ (બી) ની આવશ્યકતાનું પાલન કરવું પણ જરૂરી છે. જોકે, અમે તુરંત જ એ સ્પષ્ટતા કરવા માંગીએ છીએ કે એવા કિસ્સાઓ હોઈ શકે છે જ્યાં કોઈ કાયદો પેટા–ખંડ (એ) હેઠળની જરૂરિયાતને અનુરૂપ હોઈ શકે છે પરંતુ તેમ છતાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો ધરાવતો હોય, તે સંજોગોમાં, ખંડ (બી) નું પાલન કરવું પણ જરૂરી બની શકે છે, પરંતુ ખંડ (એ) અનુસાર ઘડાયેલો કર લાદતો કાયદો કે જે ખંડ (બી) માં પરિકલ્પિત વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કોઈ નિયંત્રણ ધરાવતો નથી તેણે ખંડ (બી) દ્વારા અભિપ્રેત પ્રક્રિયામાંથી પસાર થવાની જરૂર નથી. આમ, અમે એવા નિષ્કર્ષ પર આવીએ છીએ કે અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને રાજ્ય વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલા કાયદાના સંદર્ભમાં, જે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કોઈ નિયંત્રણ લાદતો નથી, તેણે અનુચ્છેદ ૩૦૪(બી) નું પાલન કરવાની જરૂર નથી. જોકે, કોઈ કાયદો ભલે અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરતો હોય પરંતુ જો તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર નિયંત્રણો ધરાવતો હોય તો તેણે ખંડ (બી) ના પરંતુક દ્વારા પરિકલ્પિત રાષ્ટ્રપતિની મંજૂરી મેળવવી પડશે. રાષ્ટ્રપતિની પૂર્વ

મંજૂરી મેળવવાની આવશ્યકતા રાજ્યના કાયદાના સ્વરૂપ અને વિષયવસ્તુ અનુસાર નક્કી થવી જોઈએ.

૨૪૧. રાજ્યો વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ કાઉન્સેલ શ્રી પી.પી. રાવ અને શ્રી રાકેશ દ્વિવેદી દ્વારા ભારપૂર્વક રજૂ કરવામાં આવેલી રજૂઆતો પૈકીની એક એ છે કે રાજ્ય વિધાનમંડળ દ્વારા રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી મેળવવાની આવશ્યકતા એ અનુચ્છેદ ૨૪૬ સાથે વંચાણે લેતાં ૭મી અનુસૂચિમાં સમાવિષ્ટ તેમને ફાળવવામાં આવેલા ક્ષેત્રમાં કાયદો બનાવવાની રાજ્ય વિધાનમંડળની સાર્વભૌમત્વને ક્ષીણ કરે છે. એવી દલીલ કરવામાં આવી છે કે રાજ્યની કર લાદવાની સત્તા એ રાજ્યને આપવામાં આવેલી એક સાર્વભૌમ સત્તા છે અને રાજ્ય દ્વારા કર કાયદો ઘડવા માટે રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીનો આગ્રહ રાખવો એ તેમની સાર્વભૌમત્વને ક્ષીણ કરે છે અને તે બંધારણના સંઘીય માળખાની પણ વિરુદ્ધ છે. અમે અગાઉના ફકરાઓમાં ભારતના બંધારણના સંઘીય માળખાના સ્વરૂપ પર વિગતવાર વિચારણા કરી છે, જે પરંપરાગત રીતે સમજવામાં આવે છે તેવું સંઘીય બંધારણ નથી. આ કોર્ટે ભારતના બંધારણને અર્ધ–સંઘીય, સંઘીય અને એકતંત્રી તત્વોનું મિશ્રણ, જે પછીના તરફ વધુ ઝુકાવ ધરાવે છે, તેવું ગણાવ્યું છે, જેમ કે ઉપર નોંધવામાં આવ્યું છે. બંધારણીય યોજનામાં સંઘ અને રાજ્ય વિધાનમંડળો વચ્ચે સત્તાઓનું વિભાજન સ્પષ્ટપણે વ્યાખ્યાયિત અને સીમાંકિત કરવામાં આવ્યું છે. બંધારણીય યોજના સંઘ અને રાજ્યો વચ્ચે નિયંત્રણ અને સંતુલનની યોજનાનું નિરૂપણ કરે છે. અનુચ્છેદ ૩૦૪(બી) ઉપરાંત નીચે અન્ય

એવી બંધારણીય જોગવાઈઓ છે જ્યાં રાષ્ટ્રપતિની મંજૂરીની પરિકલ્પના કરવામાં આવી છે:

(૧) ૩૧–એ. સંપદાઓ વગેરેના સંપાદન માટેની જોગવાઈ કરતા કાયદાઓની વ્યાવૃત્તિ—

(૧) અનુચ્છેદ ૧૩ માં ગમે તે સમાવિષ્ટ હોવા છતાં, — ની જોગવાઈ કરતો કોઈ કાયદો—

***

પરંતુ જ્યાં આવો કાયદો રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલો કાયદો હોય, ત્યાં આવા કાયદાને, રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યા બાદ, તેમની સંમતિ પ્રાપ્ત થઈ ન હોય તો, આ અનુચ્છેદની જોગવાઈઓ તેને લાગુ પડશે નહીં.

(૨) ૩૧–સી. અમુક માર્ગદર્શક સિદ્ધાંતોને અમલમાં મૂકતા કાયદાઓની વ્યાવૃત્તિ—

***

પરંતુ જ્યાં આવો કાયદો રાજ્યના વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવ્યો હોય, ત્યાં આવા કાયદાને, રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં

આવ્યા બાદ, તેમની સંમતિ પ્રાપ્ત થઈ ન હોય તો, આ અનુચ્છેદની જોગવાઈઓ તેને લાગુ પડશે નહીં.

(૩) ૨૧૩. વિધાનમંડળની બેઠકો ચાલુ ન હોય તે દરમિયાન વટહુકમો પ્રખ્યાપિત કરવાની રાજ્યપાલની સત્તા—

***

પરંતુ રાજ્યપાલ, રાષ્ટ્રપતિની સૂચનાઓ વિના, આવો કોઈ વટહુકમ પ્રખ્યાપિત કરશે નહીં જો –

(એ) તે જ જોગવાઈઓ ધરાવતા વિધેયકને વિધાનમંડળમાં રજૂ કરવા માટે આ બંધારણ હેઠળ રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરીની આવશ્યકતા હોત; અથવા

(બી) તેમણે તે જ જોગવાઈઓ ધરાવતા વિધેયકને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવું જરૂરી માન્યું હોત; અથવા

(સી) તે જ જોગવાઈઓ ધરાવતો રાજ્યના વિધાનમંડળનો કોઈ અધિનિયમ, રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યા બાદ તેને રાષ્ટ્રપતિની સંમતિ પ્રાપ્ત થઈ ન હોત તો, આ બંધારણ હેઠળ અમાન્ય ઠર્યો હોત; અથવા

***

(૪) ૨૫૪. સંસદ દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ અને રાજ્યોના વિધાનમંડળો દ્વારા ઘડવામાં આવેલા કાયદાઓ વચ્ચે અસંગતતા.—

***

(૨) જ્યારે સમવર્તી યાદીમાં ગણાવેલી બાબતો પૈકીની કોઈ એક બાબતના સંબંધમાં કોઈ રાજ્યના વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદામાં, સંસદ દ્વારા અગાઉ ઘડવામાં આવેલા કાયદાની જોગવાઈઓ અથવા તે બાબતના સંબંધમાં પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓથી પ્રતિકૂળ હોય તેવી કોઈ જોગવાઈ સમાવિષ્ટ હોય, ત્યારે તેવા રાજ્યના વિધાનમંડળ દ્વારા તે રીતે ઘડાયેલો કાયદો, જો તેને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખવામાં આવ્યો હોય અને તેમની સંમતિ મળી ગઈ હોય, તો તે રાજ્યમાં પ્રભાવી રહેશે:

***

(૫) ૨૭૪. જેમાં રાજ્યો રસ ધરાવતા હોય તેવા કરવેરાને અસર કરતા વિધેયકો માટે રાષ્ટ્રપતિની પૂર્વ ભલામણ જરૂરી.—

(૧) જેમાં રાજ્યો રસ ધરાવતા હોય તેવો કોઈ કર અથવા જકાત લાદતું હોય અથવા તેમાં ફેરફાર કરતું હોય, અથવા ભારતીય આવકવેરા સંબંધિત કાયદાઓના હેતુઓ માટે વ્યાખ્યાયિત "ખેતીની આવક" શબ્દપ્રયોગના અર્થમાં ફેરફાર કરતું હોય, અથવા આ પ્રકરણની પૂર્વોક્ત જોગવાઈઓ

પૈકીની કોઈપણ જોગવાઈ હેઠળ રાજ્યોને નાણાં જે સિદ્ધાંતો અનુસાર વહેંચણીપાત્ર છે કે વહેંચણીપાત્ર થઈ શકે તેમ છે તેને અસર કરતું હોય, અથવા આ પ્રકરણની પૂર્વોક્ત જોગવાઈઓમાં દર્શાવ્યા મુજબ સંઘના હેતુઓ માટે એવો કોઈ સરચાર્જ લાદતું હોય તેવું કોઈપણ વિધેયક કે સુધારો, રાષ્ટ્રપતિની ભલામણ સિવાય સંસદના કોઈપણ ગૃહમાં દાખલ કરી શકાશે નહીં કે તેના પર પ્રસ્તાવ લાવી શકાશે નહીં.

(૬) ૨૮૮. અમુક કિસ્સાઓમાં પાણી અથવા વીજળીના સંબંધમાં રાજ્યો દ્વારા કરવેરામાંથી મુક્તિ.—

***

(૩) રાજ્યનું વિધાનમંડળ કાયદા દ્વારા, ખંડ (૧) માં ઉલ્લેખિત એવો કોઈ કર લાદી શકશે અથવા લાદવા માટે અધિકૃત કરી શકશે, પરંતુ આવો કોઈ કાયદો, જ્યાં સુધી તેને રાષ્ટ્રપતિની વિચારણા માટે અનામત રાખ્યા બાદ તેમની સંમતિ પ્રાપ્ત ન થઈ હોય ત્યાં સુધી કોઈ અસર ધરાવશે નહીં; અને જો આવો કોઈ કાયદો કોઈપણ સત્તાધિકારી દ્વારા દરો અને કાયદાની અન્ય આનુષંગિક બાબતો નક્કી કરવાની જોગવાઈ કરતો હોય, તો સદર કાયદો એવો કોઈપણ નિયમ કે આદેશ કરવા માટે રાષ્ટ્રપતિની પૂર્વ સંમતિ મેળવવાની જોગવાઈ કરશે.

૨૪૨. ઉપરોક્ત જોગવાઈઓ આપણી સંવિધાનિક યોજનાનો ભાગ છે અને આવી જોગવાઈઓ રાજ્યની સાર્વભૌમ સત્તા પર તરાપ મારે છે તેમ કહીને

તેને નકારી શકાય નહીં. ઉપરોક્ત હદ સુધી રાજ્ય વિધાનમંડળની સત્તા સંવિધાનિક યોજના દ્વારા સ્પષ્ટપણે મર્યાદિત છે. અનુચ્છેદ ૩૦૪(બી) નું પરંતુક એ આવી સંવિધાનિક યોજનાઓ પૈકીની એક છે જ્યાં રાજ્યની સત્તા ઉપરોક્ત હદ સુધી પ્રતિબંધિત અને મર્યાદિત છે. સંવિધાન સભાની ચર્ચાઓ, જેમ ઉપર નોંધવામાં આવ્યું છે તેમ, અમુક એવા કાયદાઓના સંબંધમાં રાષ્ટ્રપતિની સંમતિની આવશ્યકતા દાખલ કરવા પાછળના તર્કને સ્પષ્ટપણે રજૂ કરે છે કે જેના દ્વારા રાજ્ય વિધાનમંડળ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકે છે. અમે ઉપર નોંધ્યું છે કે સંવિધાન સભામાં અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) સામે ગંભીર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો અને સંવિધાનમાંથી ખંડ (બી) ને રદ કરવા માટે સુધારો લાવવામાં આવ્યો હતો. અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકમાં કંડારાયા મુજબ રાજ્ય વિધાનમંડળ પર મૂકવામાં આવેલા મર્યાદિત નિયંત્રણને માન્ય રાખીને, વ્યાપક ચર્ચા બાદ ઉપરોક્ત સુધારો નકારી કાઢવામાં આવ્યો હતો.

૨૪૩. આ કોર્ટની સંવિધાન પીઠે કૈસર–એ–હિન્દ પ્રા. લી. અને અન્ય વિ. નેશનલ ટેક્સટાઇલ કોર્પો. (મહારાષ્ટ્ર નોર્થ) લી. અને અન્ય, (૨૦૦૨) ૮ એસ.સી.સી. ૧૮૨ માં ઠેરવેલ કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા વાપરવામાં આવતી સત્તા સંવિધાનના સંઘીય માળખા સાથે સુસંગત છે. બહુમતી ચુકાદા સાથે સહમત થતાં, દોરાઈસ્વામી રાજુ, ન્યાયમૂર્તિએ ફકરા ૭૭ માં નીચે મુજબ જણાવ્યું હતું:

"....ગમે તે સંજોગોમાં અનુચ્છેદ ૩૧–એ, ૩૧–સી, ૨૫૪(૨) અને ૩૦૪(બી) હેઠળ રાષ્ટ્રપતિ દ્વારા વાસ્તવમાં વાપરવામાં આવતી સત્તાઓ એ, સંવિધાનના સંરક્ષક અને રક્ષક તરીકે તથા નાગરિકોના મૂળભૂત અધિકારો અને સંવિધાનમાં અપનાવવામાં આવેલી દેશની રાજ્યવ્યવસ્થાના સંઘીય માળખાનું રક્ષણ કરવા માટેના સુરક્ષા વાલ્વ તરીકે, સંઘના વડામાં નિહિત એક વિશેષ સંવિધાનિક સત્તા છે....."

૨૪૪. ભારતના સંવિધાન હેઠળ કેન્દ્ર–રાજ્ય સંબંધોની પુનઃસમીક્ષા કરવા માટે સરકારિયા કમિશનની રચના કરવામાં આવી હતી. સરકારિયા કમિશને પ્રકરણ ૨ માં "વૈધાનિક સંબંધો" અંગે વિચારણા કરી હતી. પેરા ૨.૪૦.૦૧ માં રાજ્ય સરકારોના વાંધાઓ નીચે મુજબ નોંધવામાં આવ્યા હતા:

"૨.૪૦.૦૧ કેટલીક રાજ્ય સરકારો અને એક રાજકીય પક્ષે અનુચ્છેદ ૩૦૪ ને રદ કરવાની, અને વૈકલ્પિક રીતે, અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકને કાઢી નાખવાની માંગ કરી છે. રજૂ કરવામાં આવેલી દલીલો આ મુજબ છે:

"રાજ્ય વિધાનમંડળના અધિનિયમ દ્વારા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર લાદવામાં આવેલા પ્રતિબંધો વાજબી છે કે કેમ અને શું તેઓ અનુચ્છેદ ૩૦૪(બી) ના હેતુઓ માટે જાહેર હિતમાં છે તે આખરે હાઇકોર્ટ અથવા સુપ્રિમ કોર્ટ દ્વારા નક્કી કરવાના પ્રશ્નો છે. જો હાઇકોર્ટને જણાય કે પ્રતિબંધો અવાજબી છે અથવા જાહેર હિતની વિરુદ્ધ છે, તો રાષ્ટ્રપતિની

પૂર્વ મંજૂરી કે તેમની અનુગામી સંમતિ તે ખામીને સુધારી શકતી નથી. જો કાયદો અન્યથા માન્ય હોય અને પ્રતિબંધો વાજબી તથા જાહેર હિતમાં હોય, તો તેમની પૂર્વ મંજૂરી અનાવશ્યક બની રહેશે. કોઈપણ સંજોગોમાં રાષ્ટ્રપતિની પૂર્વ મંજૂરી સંબંધિત જરૂરિયાત રાજ્ય વિધાનમંડળને ફાળવવામાં આવેલા ક્ષેત્ર પર સીધું અતિક્રમણ કરે છે...”

૨૪૫. અનુચ્છેદ ૩૦૪(બી) ના હેતુઓ અને તેના વિષયવસ્તુની પેરા ૨.૪૦.૦૬ માં નીચે મુજબ નોંધ લેવામાં આવી હતી:

“૨.૪૦.૦૬ અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ની જોગવાઈઓનો વ્યાપક ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે રાજ્ય વિધાનમંડળો દ્વારા તેમની સત્તાઓના સંકુચિત અથવા ભેદભાવપૂર્ણ ઉપયોગ દ્વારા ઊભા કરવામાં આવેલા ભૌતિક અને નાણાકીય અવરોધોથી ભારતની વ્યાપારી એકતા ખંડિત ન થાય. અનુચ્છેદ ૩૦૪(બી) નું પરંતુક રાષ્ટ્રપતિને પ્રારંભિક તબક્કે એ સુનિશ્ચિત કરવા સક્ષમ બનાવે છે કે રાજ્યનો કાયદો વેપાર, વાણિજ્ય અથવા આંતરવ્યવહાર પર અવાજબી નિયંત્રણો લાદીને રાષ્ટ્રની વ્યાપારી એકતાને જોખમમાં ન મૂકે. એ સાચું છે કે ખંડ (બી) માત્ર આંતરરાજ્ય વેપારી પ્રવૃત્તિઓ પૂરતો મર્યાદિત નથી, તે રાજ્યની અંદરના વેપાર સુધી પણ વિસ્તરે છે. પરંતુ રાજ્યાંતર્ગત વેપારી પ્રવૃત્તિઓ ઘણીવાર આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય સાથે ગાઢ અને નોંધપાત્ર સંબંધ ધરાવે છે. રાજ્યના કાયદાઓ, ભલે તેઓ રાજ્યની અંદરના વેપારનું નિયમન

કરવાનો હેતુ ધરાવતા હોય, છતાં તેની આંતરરાજ્ય અસરો હોઈ શકે છે. તેઓ ભેદભાવપૂર્ણ કર અથવા અવાજબી નિયંત્રણો લાદી શકે છે જે આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં અવરોધરૂપ બને છે. એટલા માટે જ, અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ આંતરરાજ્ય અને રાજ્યાંતર્ગત બંને વેપારને રાજ્યની વૈધાનિક સત્તા પરની મર્યાદાઓનો વિષય બનાવવામાં આવ્યો છે."

૨૪૬. સરકારિયા કમિશને પેરા ૨.૪૦.૦૭ માં એવું પણ નોંધ્યું છે: "જોકે, અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) ના પરંતુક હેઠળ અનામત રાખવામાં આવેલા એવા કોઈ વિધેયકનું ઉદાહરણ ટાંકવામાં આવ્યું નથી જેને રાષ્ટ્રપતિ દ્વારા વીટો કરવામાં આવ્યું હોય." પેરા ૨.૪૦.૦૮ માં એવો નિષ્કર્ષ કાઢવામાં આવ્યો હતો:

"૨.૪૦.૦૮. આ કારણોસર, અમે અનુચ્છેદ ૩૦૪ માં સુધારો કરવાની અથવા તેના ખંડ (બી) ના પરંતુકને રદ કરવાની માંગણીને સમર્થન આપી શકીએ નહીં."

૨૪૭. સરકારિયા કમિશને રાજ્યોનો દ્રષ્ટિકોણ સાંભળ્યા પછી સંવિધાનના ભાગ ૧૩ માં સમાવિષ્ટ સંવિધાનિક જોગવાઈઓનો વિશેષ રૂપે ઉલ્લેખ કર્યો હતો. ભાગ ૧૩ "ભારતના રાજ્યક્ષેત્રની અંદર વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર" ના વિષય પર વિગતવાર વિચારણા કર્યા પછી ફકરા ૧૮.૩.૧૪ અને ૧૮.૩.૧૫ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"૧૮.૩.૧૪. અમે "વૈધાનિક સંબંધો" પરના પ્રકરણમાં અવલોકન કર્યું છે કે રાજ્યાંતર્ગત વેપાર પ્રવૃત્તિઓ ઘણીવાર આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય સાથે ગાઢ અને નોંધપાત્ર સંબંધ ધરાવે છે. રાજ્યના કાયદાઓ ભલે રાજ્યાંતર્ગત વેપારનું નિયમન કરવાનો હેતુ ધરાવતા હોય, છતાં તેની આંતરરાજ્ય વેપાર અને વાણિજ્ય પર અસરો પડી શકે છે. તેઓ ભેદભાવપૂર્ણ કર અથવા અવાજબી પ્રતિબંધો લાદી શકે છે, જે રાજ્યાંતર્ગત વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અવરોધે છે. જો અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (બી) ને કાઢી નાખવામાં આવે, તો રાજ્યો તેમની સત્તાના સંકુચિત અથવા ભેદભાવપૂર્ણ ઉપયોગ દ્વારા વેપાર અને વ્યવહારના મુક્ત પ્રવાહ સામે અવરોધો ઊભા કરીને દેશની વ્યાપારી અને આર્થિક એકતાને ખંડિત કરી શકે છે. રાજ્ય સરકારનું સૂચન કાર્યાત્મક દ્રષ્ટિકોણથી પણ વ્યવહારુ નથી.

૧૮.૩.૧૫. વ્યાપક વૈચારિક દ્રષ્ટિકોણથી, રાજ્યાંતર્ગત વેપાર અને વાણિજ્યને અનુચ્છેદ ૩૦૨ ના દાયરામાંથી બાકાત રાખવાનું અને અનુચ્છેદ ૩૦૪(બી) ના પરંતુકને કાઢી નાખવાનું સૂચન ઝીણવટભરી ચકાસણી સામે ટકી શકતું નથી. તે સંઘવાદના પ્રવર્તમાન ખ્યાલ સાથે સુસંગત નથી. તે સંભવતઃ સંઘવાદના પ્રાચીન અને અપ્રચલિત સિદ્ધાંતમાંથી પ્રેરણા મેળવે છે, જે મુજબ સરકારના બે સ્તરોએ એકબીજાથી અલગ રહીને ચુસ્ત ખાનાઓમાં કામ કરવાનું માનવામાં આવતું હતું. આવો "દ્વિમુખી" સંઘવાદ આધુનિક વિશ્વમાં ક્યાંય પણ કાર્યાત્મક વાસ્તવિકતા નથી. યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાના કહેવાતા

શાસ્ત્રીય સંઘમાં પણ, સંઘવાદ હવે સરકારની એક ગતિશીલ પ્રક્રિયા છે, જે સરકારના ત્રણ સ્તરો વચ્ચે વહેંચાયેલી જવાબદારીઓ અને સહકારી કામગીરીની પ્રણાલી છે. સંવિધાનના ઘડવૈયાઓ આ વાસ્તવિકતા પ્રત્યે સભાન હતા. વાસ્તવમાં, અનુચ્છેદ ૩૦૧ થી ૩૦૪ ની યોજના જ, જે આંતરરાજ્ય અને રાજ્યાંતર્ગત વાણિજ્ય તથા વ્યવહાર બંનેના સંદર્ભમાં સંઘ અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર મર્યાદાઓ લાદે છે, તે સંઘ અને રાજ્યો દ્વારા સહકારથી ચલાવવામાં આવે તેવી અપેક્ષિત છે. માત્ર એ હકીકત કે અનુચ્છેદ ૩૦૩(૨) માલની અછતની પરિસ્થિતિનો સામનો કરવા માટે ભેદભાવપૂર્ણ કાયદો ઘડવાની સંસદને અનન્ય સત્તા આપે છે, અથવા અનુચ્છેદ ૩૦૪(બી) નું પરંતુક આંતરરાજ્ય કે રાજ્યાંતર્ગત વેપાર પર પ્રતિબંધો લાદવા માંગતા રાજ્યના કાયદા પર રાષ્ટ્રપતિને (એટલે કે કેન્દ્રીય મંત્રી પરિષદને) દેખરેખની સત્તા આપે છે, તે એવું ઠેરવવા માટે પૂરતી યોગ્ય દલીલ નથી કે આ સંઘવાદ–વિરોધી લક્ષણો છે જે રાજ્યોની સ્વાયત્તતા પર ગેરવાજબી અતિક્રમણ કરે છે. નિઃશંકપણે, આ લક્ષણો સંઘને યોગ્ય મહત્વ આપે છે. પરંતુ સમગ્ર રીતે વિચારતાં ભાગ ૧૩ ના અનુચ્છેદોની યોજના સુસંતુલિત છે. તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા સામે રાજ્ય વિધાનમંડળની તરફેણમાં અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) અને (બી) માં બે અપવાદો સર્જીને, રાજ્યોની સ્વાયત્તતાના હિતો સાથે રાષ્ટ્રની આર્થિક એકતાની અનિવાર્યતાનો સુમેળ સાધે છે."

૨૪૮. હવે અનુચ્છેદ ૩૦૪(બી) ના સંબંધમાં રજૂઆતોના વધુ એક પાસા પર વિચાર કરવાની જરૂર છે. રાજ્યો વતી એવી રજૂઆત છે કે અનુચ્છેદ ૩૦૪ નો

પેટા–ખંડ (બી) કરવેરા કાયદાની પરિકલ્પના કરતો નથી. એવી દલીલ કરવામાં આવી છે કે અનુચ્છેદ ૩૦૪(એ) માં સ્પષ્ટપણે 'કર' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને અનુચ્છેદ ૩૦૪(બી) માં 'કર' શબ્દની ગેરહાજરી સ્પષ્ટપણે દર્શાવે છે કે સંવિધાનના ઘડવૈયાઓનો આશય કર સિવાયના પ્રતિબંધોને આવરી લેવાનો હતો. અરજદારોના વિદ્વાન વકીલે આ રજૂઆતનું ખંડન કર્યું છે અને તેમની દલીલ છે કે અનુચ્છેદ ૩૦૪(બી) માં વપરાયેલો 'પ્રતિબંધો' શબ્દ કર કાયદાનો સમાવેશ કરવા માટે પૂરતો વ્યાપક છે. અતિયાબારી ટી કંપની લી. (પૂર્વોક્ત) માં બહુમતી વતી બોલતા ગજેન્દ્રગડકર, ન્યાયમૂર્તિએ પૃષ્ઠ ૮૫૬ પર સ્પષ્ટપણે ઠેરવેલ કે "આંતરિક માલ પર કેવી રીતે કર લાદી શકાય, તે જોકે અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પૂરી પાડવામાં આવેલ છે". રાજ્યો વતી ઉપસ્થિત વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી પી. પી. રાવ, ઉપરોક્ત અવલોકનના સંદર્ભમાં રજૂઆત કરે છે કે બહુમતી ચુકાદામાં કરાયેલા ઉપરોક્ત અવલોકનો માત્ર ઓબિટર છે, ન તો આ મુદ્દો કોર્ટ સમક્ષ હતો કે ન તો એવું કહી શકાય કે યોગ્ય વિચારણા પછી કાયદો નિર્ધારિત કરવામાં આવ્યો હતો. જી. કે. કૃષ્ણન અને અન્ય વિ. તમિલનાડુ રાજ્ય (પૂર્વોક્ત) માં ન્યાયમૂર્તિ મેથ્યુ દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે શું અનુચ્છેદ ૩૦૪(બી) માં બિન–ભેદભાવપૂર્ણ કર દ્વારા ઉઘરાતનો સમાવેશ થશે કે કેમ તે એવી બાબત હતી જેના પર મતભેદ માટે અવકાશ હતો. ન્યાયમૂર્તિ મેથ્યુએ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો ન હતો કે કર કાયદો અનુચ્છેદ ૩૦૪(બી) માં સમાવિષ્ટ નથી.

૨૪૯. ઉપર નોંધ્યા મુજબ અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર કર લાદવાના સંબંધમાં છે. અનુચ્છેદ ૩૦૪(એ) સ્થાનિક માલ પર લાદવામાં આવેલા કરનો ઉલ્લેખ કરતો નથી. જો રાજ્ય વિધાનમંડળ સ્થાનિક માલને આવરી લેતા કર કાયદા દ્વારા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધો લાદે, તો શું તેની માન્યતા અનુચ્છેદ ૩૦૧ ની એરણ પર ચકાસી શકાય નહીં? વધુમાં, જો રાજ્યને જાહેર હિતમાં સ્થાનિક માલ પર કર લાદીને વાજબી પ્રતિબંધ લાદવાની જરૂર હોય, તો તેણે કઈ પ્રક્રિયાનું પાલન કરવું પડશે જેથી અનુચ્છેદ ૩૦૧ માં અવરોધ ન આવે? એ બાબતે કોઈ વિવાદ હોઈ શકે નહીં કે કર કાયદા સહિત કાયદો ઘડવાની સત્તા એ અનુચ્છેદ ૨૪૫ અને ૨૪૬ હેઠળની સંવિધાનિક યોજના અંતર્ગત રાજ્ય વિધાનમંડળને ફાળવવામાં આવેલી સત્તા છે. અનુચ્છેદ ૩૦૪ એ રાજ્ય દ્વારા કાયદો ઘડવાની સત્તાનો સ્ત્રોત નથી બલ્કે કલમનું શીર્ષક દર્શાવે છે તેમ તે "રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધ" છે. જેમ આપણે ઉપર નોંધ્યું છે તેમ, અનુચ્છેદ ૩૦૪(એ) માત્ર અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ સાથે જ સંબંધ ધરાવે છે, તેથી સ્થાનિક માલના સંબંધમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર જાહેર હિતમાં વાજબી પ્રતિબંધો લાદવા માટે, રાજ્ય પાસે પોતાના કાયદાને બચાવવાનો એકમાત્ર માર્ગ અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ પૂરા પાડવામાં આવેલા માર્ગમાંથી પસાર થવાનો છે. આપણે એવી કલ્પના કરી શકતા નથી કે માત્ર એટલા માટે કે રાજ્ય વિધાનમંડળ સ્થાનિક માલના સંબંધમાં કર કાયદો ઘડવાની સક્ષમતા ધરાવે છે, તે એવા કર

લાદી શકે જે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અવરોધવા સમાન હોય, જ્યારે સંવિધાન તે સંબંધમાં રાજ્ય વિધાનમંડળને કોઈ મુક્તિ આપતું નથી.

૨૫૦. બીજા પણ કેટલાક કારણો છે જેના લીધે અમારો એવો અભિપ્રાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) માં વપરાયેલા 'પ્રતિબંધ' શબ્દમાં કરવેરા કાયદાનો પણ સમાવેશ થાય છે.

૨૫૧. રાજ્ય વિધાનમંડળ યાદી ૨ ની કોઈપણ પ્રવિષ્ટિને સંબંધિત પોતાની વૈધાનિક સત્તાનો ઉપયોગ કરીને નાણાકીય અથવા બિન–નાણાકીય બંને કાયદા ઘડી શકે છે. જ્યારે અનુચ્છેદ ૩૦૪ "કાયદા દ્વારા" શબ્દોનો ઉપયોગ કરે છે અને કાયદો એ એક વ્યાપક શબ્દ છે જે ખંડ (બી) ના સંબંધમાં નાણાકીય અને બિન–નાણાકીય બંને કાયદાઓને સમાવે છે, ત્યારે તેને માત્ર બિન–નાણાકીય કાયદા તરીકે સીમિત કરી શકાય નહીં. જો આપણે એવું ઠેરવવું હોય કે અનુચ્છેદ ૩૦૪(બી) કર કાયદાનો ઉલ્લેખ કરતો નથી, તો આપણે અનુચ્છેદ ૩૦૪ ની શરૂઆતમાં વપરાયેલા શબ્દો "કાયદા દ્વારા" ને ભિન્ન અર્થ આપવો પડશે જે ખંડ (એ) અને (બી) બંનેનું નિયંત્રણ કરે છે. માત્ર એ હકીકત કે ખંડ (એ) 'કોઈપણ કર' શબ્દો વાપરે છે અને ખંડ (બી) 'કર' શબ્દ વાપરતો નથી તે વધુ મહત્વનું નથી કારણ કે ખંડ (બી) માં વપરાયેલો પ્રતિબંધો શબ્દ નાણાકીય કાયદા દ્વારા કોઈપણ પ્રકારના પ્રતિબંધને આવરી લેવા માટે પૂરતો વ્યાપક છે. ન તો અનુચ્છેદ ૩૦૨ કે ન તો અનુચ્છેદ ૩૦૩ 'કર' શબ્દ વાપરે છે. બંને અનુચ્છેદો વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા સાથે સંબંધ ધરાવે છે,

અનુચ્છેદ ૩૦૪(બી) માં 'કર' શબ્દનો ઉપયોગ ન થવો તે પણ પરિણામહીન છે. આમ અમારો એવો અભિપ્રાય છે કે અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ 'પ્રતિબંધો' શબ્દ નાણાકીય અથવા બિન–નાણાકીય કાયદા બંને દ્વારા મૂકવામાં આવેલા પ્રતિબંધોનો સમાવેશ કરવા માટે પૂરતો વ્યાપક છે.

૨૫૨. આ તબક્કે, અમે બાબતના એક પાસાને સ્પષ્ટ કરવા માંગીએ છીએ, રાજ્યના વિદ્વાન વકીલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી છે કે જો એવું સ્વીકારવામાં આવે કે અનુચ્છેદ ૩૦૪(બી) માં 'પ્રતિબંધ' શબ્દમાં કરવેરાનો સમાવેશ થાય છે, તો તે રાજ્યની વૈધાનિક સત્તા પર એક ગંભીર નિયંત્રણ બનશે, જે સંપૂર્ણ અને સાર્વભૌમ સત્તા છે. એ સ્પષ્ટતા કરવાની જરૂર છે કે અનુચ્છેદ ૩૦૪(બી) રાજ્યના પ્રત્યેક વૈધાનિક કાર્યને આવરી લેતો નથી. જે કાયદો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર પ્રતિબંધ ધરાવતો હોય તેને જ માત્ર અનુચ્છેદ ૩૦૪(બી) ના માર્ગમાંથી પસાર કરવાની જરૂર છે. જો કોઈ રાજ્યના કાયદામાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પર કોઈ પ્રતિબંધ સમાવિષ્ટ ન હોય, તો અનુચ્છેદ ૩૦૪(બી) ના માર્ગે જવાની કોઈ જરૂર નથી, જે કિસ્સામાં અનુચ્છેદ ૩૦૪(બી) નો આશરો લેવાની બિલકુલ જરૂર નથી. રાજ્યનો કાયદો, જ્યારે તે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધે છે અને નાણાકીય અથવા બિન–નાણાકીય કાયદા દ્વારા વાજબી પ્રતિબંધો લાદે છે ત્યારે તેને અનુચ્છેદ ૩૦૧ ના પ્રકોપથી સુરક્ષિત રાખવા માટે અનુચ્છેદ ૩૦૪(બી) ના માર્ગમાંથી પસાર થવું જરૂરી બને છે.

૨૫૩. આમ અનુચ્છેદ ૩૦૪(બી) ખૂબ જ મર્યાદિત ક્ષેત્રમાં કાર્ય કરે છે, જેમ ઉપર સમજાવવામાં આવ્યું છે અને રાજ્યની સંપૂર્ણ વૈધાનિક સત્તા અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા કોઈપણ રીતે પ્રતિબંધિત થતી નથી. આમ અમારો એવો અભિપ્રાય છે કે રાજ્યના વિદ્વાન વકીલનો એ ડર કે અનુચ્છેદ ૩૦૪(બી) વૈધાનિક સત્તા પર ગંભીર નિયંત્રણ લાદે છે તે અસ્થાને છે. તેથી અમે એવો નિષ્કર્ષ કાઢીએ છીએ કે સંવિધાનના ભાગ ૧૩ માં તેમજ અનુચ્છેદ ૩૦૪(બી) માં વપરાયેલા 'પ્રતિબંધ' શબ્દમાં કર કાયદાનો પણ સમાવેશ થાય છે.

૨૫૪. અનુચ્છેદ ૩૦૪(એ) ના સંદર્ભમાં, જે પાસા પર પક્ષકારોના વિદ્વાન વકીલોએ અલગ વલણ અપનાવ્યું છે તે પૈકીનું એક એ છે કે શું રાજ્ય વિધાનમંડળ દ્વારા સ્થાનિક માલને કરમાં આપવામાં આવેલી મુક્તિઓ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે કે નહીં. વિવિધ રાજ્યોના પ્રવેશ કર કાયદા સામેના પોતાના પડકારને વિગતવાર રજૂ કરતાં શ્રી સાલ્વેએ કાયદાઓના બીજા જૂથનો ઉલ્લેખ કર્યો છે જેમાં બહારથી આવતા માલ અને સ્થાનિક માલ પર પ્રવેશ કર લાદવામાં આવે છે પરંતુ કાયદામાં એવી યુક્તિ સમાવિષ્ટ છે જેના દ્વારા સ્થાનિક માલને સેટ–ઓફ/મુક્તિ આપવામાં આવે છે જેના પરિણામે સ્થાનિક માલ પર પ્રવેશ કર લાદવામાં આવતો નથી, જે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતા ભેદભાવ તરફ દોરી જાય છે. બીજી બાજુ, રાજ્યો વતી ઉપસ્થિત વકીલો રજૂઆત કરે છે કે રાજ્યને ચોક્કસ વર્ગના માલને મુક્તિ આપવાથી કોઈપણ રીતે અટકાવી શકાય નહીં જેથી કોઈ ચોક્કસ ઉદ્યોગના વિકાસ માટે મદદરૂપ બની શકાય, ખાસ કરીને એવા રાજ્યમાં કે જે એટલું વિકસિત નથી અને જ્યાં વિકાસ માટે

રાજ્યના આશ્રયની જરૂર છે. એવી દલીલ કરવામાં આવી છે કે તમામ રાજ્યો તેમના આર્થિક અને ઔદ્યોગિક વિકાસમાં સમાન નથી અને પછાત રાજ્યને અન્ય રાજ્યો સાથે સમાન સ્તરે આવવા માટે યોગ્ય કિસ્સાઓમાં કરમુક્તિના માધ્યમથી વિશિષ્ટ વ્યવહારની જરૂર પડે છે. એવી દલીલ કરવામાં આવી છે કે આવા કિસ્સાઓમાં મુક્તિ/સેટ–ઓફ દ્વારા રાજ્યના સંરક્ષણને ભેદભાવ ગણી શકાય નહીં. એવી દલીલ કરવામાં આવી છે કે ભેદભાવ ત્યારે જ ગણાય જ્યારે તે દ્વેષપૂર્ણ ભેદભાવ હોય.

૨૫૫. પક્ષકારોના વિદ્વાન વકીલોએ તેમની પોતપોતાની રજૂઆતોના સમર્થનમાં આ કોર્ટના વિવિધ ચુકાદાઓ પર આધાર રાખ્યો છે જેની અમે હવે પછી નોંધ લઈશું.

૨૫૬. આ કોર્ટની સંવિધાન પીઠ સમક્ષ ફર્મ એ.ટી.બી. મહેતાબ મજીદ એન્ડ કંપની વિ. મદ્રાસ રાજ્ય અને અન્ય, (૧૯૬૩) સપ્લી. (૨) એસ.સી.આર. ૪૩૫ માં મદ્રાસ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૩૯ અને મદ્રાસ જનરલ સેલ્સ ટેક્સ રૂલ્સ, ૧૯૩૯ ના સંદર્ભમાં અનુચ્છેદ ૩૦૧ અને અનુચ્છેદ ૩૦૪ પર વિચાર કરવાનો પ્રસંગ આવ્યો હતો. રિટ પિટિશન અનુચ્છેદ ૩૨ હેઠળ એવા એક વેપારી દ્વારા દાખલ કરવામાં આવી હતી જે મદ્રાસ રાજ્યની બહાર કમાવેલા તેમજ રાજ્યની અંદર કમાવેલા ચામડાં અને ખાલનો વેપાર કરતો હતો. મદ્રાસ રાજ્યની બહારથી મેળવવામાં આવેલા કમાવેલા ચામડાં અને ખાલના વેચાણ પર સદર વેપારી પર વર્ષ ૧૯૫૫–૫૬ માટે વેચાણ વેરો આકારવામાં

આવ્યો હતો. અરજદાર દ્વારા નીચે મુજબની દલીલ ઉપસ્થિત કરીને રુલ ૧૬ ને પડકારવામાં આવ્યો હતો:

> "૬. અરજદાર વતી એવી દલીલ કરવામાં આવી છે કે આ રુલની અસર એ છે કે રાજ્યની બહારથી આયાત કરવામાં આવેલા અને રાજ્યની અંદર વેચવામાં આવેલા કમાવેલા ચામડાં કે ખાલ પર, રાજ્યની અંદર કમાવીને વેચવામાં આવેલા ચામડાં કે ખાલ પર લાદવામાં આવેલા કર કરતાં ઊંચા દરે કર લાદવામાં આવે છે, કારણ કે રાજ્ય બહાર કમાવેલા આયાતી ચામડાં કે ખાલ પરનો વેચાણ વેરો તેમની વેચાણ કિંમત પર છે જ્યારે રાજ્યની અંદર કમાવેલા ચામડાં કે ખાલ પરનો કર, ભલે દેખીતી રીતે તેમની વેચાણ કિંમત પર હોય, પરંતુ રુલ ૧૬ ના સબ–રુલ (૨) ના ખંડ (૨) ના પરંતુકના સંદર્ભમાં, વાસ્તવમાં તે ચામડાં કે ખાલ જ્યારે કાચી સ્થિતિમાં ખરીદવામાં આવ્યા હોય ત્યારની તેમની વેચાણ કિંમત પર છે અને જે કમાવેલા ચામડાં કે ખાલની વેચાણ કિંમત કરતાં નોંધપાત્ર રીતે ઓછી હોય છે. વધુમાં, સમાન કારણોસર, કાચી સ્થિતિમાં ખરીદી કર્યા પછી રાજ્ય બહારથી આયાત કરાયેલા અને ત્યારબાદ રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડાં કે ખાલ પણ, રાજ્યમાં કાચી સ્થિતિમાં ખરીદાયેલા અને રાજ્યની અંદર કમાવવામાં આવેલા ચામડાં કે ખાલ કરતાં ઊંચા કરવેરાને આધીન છે, કારણ કે પ્રથમ પરનો કર કમાવેલા ચામડાં કે ખાલની વેચાણ કિંમત પર છે અને બીજા પરનો કર કાચા ચામડાં કે ખાલની વેચાણ કિંમત પર છે. આવો ભેદભાવપૂર્ણ કરવેરો સંવિધાનના

અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓનો ભંગ કરતો હોવાનું જણાવાયું છે. આ કેસમાં દરમિયાનગીરી કરનારાઓની દલીલો પણ સમાન છે."

૨૫૭. પોતપોતાની રજૂઆતો પર વિચાર કર્યા બાદ આ કોર્ટે ઠેરવેલ કે બહારથી આયાત કરવામાં આવેલા ચામડાં અને ખાલ પરનો કર ઊંચો હોવાથી, તે ભેદભાવપૂર્ણ અને અસંવિધાનિક છે. નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

"૧૦. તેથી હવે એ સુસ્થાપિત છે કે કર કાયદાઓ વેપાર, વાણિજ્ય અને વ્યવહાર પર પ્રતિબંધ સમાન હોઈ શકે છે, જો તેઓ વેપારના પ્રવાહને અવરોધતા હોય અને જો તેઓ વળતરરૂપી કર અથવા નિયમનકારી પગલાં તરીકે ઓળખાવી શકાય તેવા ન હોય. અહીં વિચારણા હેઠળનો વેચાણ વેરો, કોઈપણ વેપારનું નિયમન કરતું પગલું અથવા વેપારી સુવિધાઓના ઉપયોગ માટે લાદવામાં આવેલો વળતરરૂપી કર કહી શકાય નહીં. એક રાજ્યના માલ અને બીજા રાજ્યના માલ વચ્ચે ભેદભાવ ઊભો કરવાની અસર ધરાવતો વેચાણ વેરો, વેપારના મુક્ત પ્રવાહને અસર કરી શકે છે અને તે સંજોગોમાં તે અનુચ્છેદ ૩૦૧ નો ભંગ કરશે અને જો તે અનુચ્છેદ ૩૦૪(એ) ની શરતોની અંદર આવતો હોય તો જ તે માન્ય રહેશે.

૧૧. અનુચ્છેદ ૩૦૪(એ) રાજ્યના વિધાનમંડળને વેપાર, વાણિજ્ય અને વ્યવહારને અસર કરતા કાયદા ઘડવા માટે સક્ષમ બનાવે છે. તે અન્ય રાજ્યોના માલ પર કર લાદવા માટે સક્ષમ બનાવે છે જો તે રાજ્યમાં સમાન માલ પર સમાન કર લાદવામાં આવતો હોય, જેથી તે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલ માલ અને

અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતા માલ વચ્ચે ભેદભાવ ન થાય. આનો અર્થ એ થાય છે કે જો બહારથી આયાત કરવામાં આવેલા કમાવેલા ચામડા અથવા ખાલ પર વેચાણ વેરાની અસર એવી થાય કે નિયમોના નિયમ ૧૬ ના પેટા–નિયમની શરત લાગુ કરવાથી તે પાછળથી વધુ કરને પાત્ર બને, તો તે કર ભેદભાવપૂર્ણ અને ગેરબંધારણીય છે અને તેને રદબાતલ ઠેરવવો જ જોઈએ."

૨૫૮. અરજદારો વેસ્ટન ઈલેક્ટ્રોનિક્સ અને અન્ય વિરુદ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય, (૧૯૮૮) ૨ એસ.સી.સી. ૫૬૮ પર આધાર રાખે છે. ગુજરાત સેલ્સ એક્ટ, ૧૯૬૯ ની કલમ ૪૯ ની પેટા–કલમ (૨) હેઠળ રાજ્યને જાહેર હિતમાં, વેચાણના કોઈપણ નિર્દિષ્ટ વર્ગને વેચાણ વેરામાંથી મુક્તિ આપવાની સત્તા આપવામાં આવી હતી. ૧૯૮૧ માં, ગુજરાત રાજ્યમાં વેચાણ માટે પ્રવેશતા ઈલેક્ટ્રોનિક માલ માટેનો દર ૧૫% જાળવી રાખવામાં આવ્યો હતો, જ્યારે સ્થાનિક રીતે ઉત્પાદિત માલના સંબંધમાં દર જાહેરનામા દ્વારા ઘટાડીને ૬% કરવામાં આવ્યો હતો. વર્ષ ૧૯૮૬ માં વધુ એક જાહેરનામા દ્વારા, આયાતી ટેલિવિઝન પર કરનો દર ૧૫% થી ઘટાડીને ૧૦% કરવામાં આવ્યો હતો જ્યારે રાજ્યની અંદર ઉત્પાદિત ટેલિવિઝન પર કરનો દર ૬% થી ઘટાડીને ૧% કરવામાં આવ્યો હતો. અરજદારો, કે જેઓ ટેલિવિઝન સહિતના ઈલેક્ટ્રોનિક માલના ઉત્પાદકો છે અને જેમના કારખાના દિલ્હી ખાતે આવેલા છે, અને માલ ગુજરાત સહિત સમગ્ર ભારતમાં વેચાય છે, તેમણે ગુજરાત રાજ્યમાં ઉત્પાદિત માલને આપવામાં આવેલી મુક્તિને અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪ ના ઉલ્લંઘન તરીકે પડકારી હતી.

૨૫૯. રાજ્યે આ કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે સ્થાનિક ઉત્પાદન એકમોને પ્રોત્સાહિત કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવાના હેતુથી સ્થાનિક રીતે ઉત્પાદિત માલના કિસ્સામાં કરનો દર ઘટાડવામાં આવ્યો હતો. આ કોર્ટે આ કોર્ટના અગાઉના ચુકાદાઓનો સંદર્ભ આપતાં ઠેરવેલ કે કરના જુદા જુદા દરો લાગુ કરીને કરવામાં આવતો ભેદભાવ ટકી શકે તેમ નથી, નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "૬. રિટ પિટિશનના જવાબમાં, સામાવાળા દર્શાવે છે કે સ્થાનિક ઉત્પાદન એકમોને પ્રોત્સાહિત કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવા સારુ સ્થાનિક રીતે ઉત્પાદિત માલના કિસ્સામાં કરનો દર ઘટાડવામાં આવ્યો હતો. બંધારણના અનુચ્છેદ ૩૯ ના ખંડ (બી) અને (સી) નો સંદર્ભ આપવામાં આવ્યો છે. અમે માનતા નથી કે અનુચ્છેદ ૩૯ ના આ બે ખંડોમાંથી કોઈ સમર્થન મેળવી શકાય છે. અનુચ્છેદ ૩૦૪ નો ખંડ (એ) અર્થમાં સ્પષ્ટ છે. અનુચ્છેદ ૩૦૧ માં જાહેર કરાયેલા આદેશ અને અનુચ્છેદ ૩૦૩ ના ખંડ (૧) માં સમાવિષ્ટ મનાઈનો અપવાદ અનુચ્છેદ ૩૦૪ ના ખંડ (એ) ના આધારે ત્યારે જ ટકી શકે જો પાછળની જોગવાઈમાં સમાવિષ્ટ શરતો સંતોષાતી હોય.
>
> ૭. પરિણામે, ગુજરાત રાજ્યમાં આયાત થતા માલ અને તે રાજ્યમાં ઉત્પાદિત થતા માલ વચ્ચે કરના જુદા જુદા દરો લાગુ કરીને કરવામાં આવેલ ભેદભાવ રદબાતલ ઠેરવવો જ જોઈએ."

૨૬૦. આ કોર્ટની અન્ય બે ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદા ઇન્ડિયન સિમેન્ટ અને અન્ય વિરુદ્ધ આંધ્રપ્રદેશ રાજ્ય અને અન્ય, (૧૯૮૮) ૧ એસ.સી.સી. ૭૪૩ માં આંધ્રપ્રદેશ જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૭ ની કલમ ૯(૧) હેઠળ બહાર પાડવામાં આવેલા જાહેરનામા પર વિચાર કરવાનો પ્રસંગ આવ્યો હતો, જેના દ્વારા આંધ્રપ્રદેશ રાજ્યમાં સિમેન્ટ ઉત્પાદનોના ઉત્પાદકોને સ્વદેશી સિમેન્ટ ઉત્પાદકો દ્વારા કરવામાં આવતા વેચાણના સંબંધમાં કરનો દર ઘટાડવામાં આવ્યો હતો. આંતર–રાજ્ય વેપાર અથવા વાણિજ્ય દરમિયાન કરવામાં આવતા સિમેન્ટના વેચાણ પર કરનો દર ઘટાડતું સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ ની કલમ ૮(૫) હેઠળનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું હતું. આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચે અતિયાબારી ટી કંપની લિમિટેડ અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ લિમિટેડનો સંદર્ભ આપતાં ફકરા ૧૨ માં નીચે મુજબ જણાવેલ:

> "૧૨. કરવેરા મુક્ત પ્રવાહ સામે અવરોધરૂપ છે તે બાબતે કોઈ વિવાદ હોઈ શકે નહીં. કરવેરા દ્વારા અનુકૂળ કે પ્રતિકૂળ વ્યવહારના પરિણામે, વેપારના પ્રવાહનો માર્ગ પ્રતિકૂળ અથવા અનુકૂળ રીતે નિયંત્રિત થાય છે. જો ભાગ ૧૩ જે યોજનાની ખાતરી આપે છે તેને રાષ્ટ્રીય હિતમાં જાળવી રાખવી હોય, તો તે જરૂરી છે કે અનુચ્છેદમાંની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન થવું જોઈએ. અતિયાબારી ટી કંપની કેસ [એ.આઇ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૩૨ : (૧૯૬૧) ૧ એસ.સી.આર. ૮૦૯] માં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરના દીર્ઘદ્રષ્ટિપૂર્ણ અવલોકનો યાદ કરવા પડે અને તે સમયે

કરવામાં આવેલા અવલોકનો સ્પષ્ટપણે એ પ્રકારના કેસોને લાગુ પડે છે જે અત્યારે આપણી સમક્ષ છે."

૨૬૧. આ કોર્ટે આંધ્રપ્રદેશ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા બંને જાહેરનામાને કાયદાની દ્રષ્ટિએ અસમર્થનીય ઠેરવ્યા હતા. ફકરા ૧૪ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"૧૪.....આંતર–રાજ્ય વેચાણ વેરાના દરમાં ફેરફાર મુક્ત વેપાર અને વાણિજ્યને અસર કરે છે અને સ્થાનિક પસંદગી ઊભી કરે છે જે બંધારણના ભાગ ૧૩ ની યોજનાથી વિપરીત છે. જાહેરનામું બિનનોંધાયેલ ડીલરોને પણ લાભ લંબાવે છે અને આ બાબતના આ પાસા પર ન્યાયમૂર્તિ હેગડેના અવલોકનો સુસંગત છે. તેથી, આંધ્રપ્રદેશ સરકારના બંને જાહેરનામા અયોગ્ય છે અને બંધારણના ભાગ ૧૩ ની જોગવાઈઓ હેઠળ બાધિત થાય છે. તેઓ કાયદાની દ્રષ્ટિએ ટકી શકે નહીં."

૨૬૨. હવે, આપણે ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદા પર આવીએ છીએ જેના પર રાજ્યના વકીલ દ્વારા ઘણો આધાર રાખવામાં આવ્યો છે, એટલે કે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ પ્રા. લિ. અને અન્ય વિરુદ્ધ પંજાબ રાજ્ય અને અન્ય, (૧૯૯૦) ૩ એસ.સી.સી. ૮૭. ઉપરોક્ત કેસમાં આ કોર્ટને ઉત્તરપ્રદેશ સેલ્સ એક્ટ, ૧૯૪૮ ની કલમ ૪–એ હેઠળ ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા પર વિચાર કરવાનો પ્રસંગ આવ્યો હતો. સદર કાયદાની

કલમ ૪–એ અને સેન્ટ્રલ સેલ્સ ટેક્સ, ૧૯૫૬ ની કલમ ૮(૫) ની બંધારણીય માન્યતાને પણ પડકારવામાં આવી હતી. અરજદાર ઉત્તરપ્રદેશ રાજ્યની બહાર ઉત્પાદિત સિનેમેટોગ્રાફિક ફિલ્મો અને અન્ય ઉપકરણો જેવા કે પ્રોજેક્ટર્સ, સાઉન્ડ ફિલ્મો, ફોટો ફિલ્મો વગેરે વેચવાનો વ્યવસાય કરે છે. યુ.પી. રાજ્યમાં ૧૯૪૮ ના કાયદામાં વ્યાખ્યાયિત ઉત્પાદકના નવા એકમોને જાહેરનામામાં નિર્ધારિત શરતો પર ૩ થી ૭ વર્ષ સુધીના વિવિધ સમયગાળા માટે મુક્તિ આપવામાં આવી હતી. અરજદારે સદર જાહેરનામાને ભાગ ૧૩ તેમજ બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૧૯(૧)(જી) હેઠળ ખાતરી આપવામાં આવેલા અધિકારોના ઉલ્લંઘન તરીકે પડકાર્યું હતું.

૨૬૩. આ કોર્ટે ઠેરવેલ કે મુક્તિ આપવાની સત્તા તમામ કર કાયદાઓમાં હંમેશા અંતર્ગત હોય છે. રાજ્ય વતી રજૂ કરવામાં આવેલા જાહેરનામાના કારણો એટલે કે આર્થિક પ્રોત્સાહન અને વૃદ્ધિ માન્ય રહ્યા હતા અને એવું ઠેરવવામાં આવ્યું હતું કે મુક્તિ અનુચ્છેદ ૩૦૪ નું ઉલ્લંઘન કરતી નથી. આ કોર્ટે પાના નં. ૧૦૮ પર ફકરા ૨૬ માં નીચે મુજબ ઠરાવ્યું હતું:

> "૨૬. ..... ભારતની આર્થિક એકતા એ ભારતની બંધારણીય આકાંક્ષાઓમાંની એક છે અને તે એકતાની પ્રાપ્તિ તેમજ જાળવણીનું રક્ષણ કરવું એ ભારતીય બંધારણના ઉદ્દેશ્યો છે. જોકે, સમગ્ર ભારત પહેલેથી જ એક આર્થિક એકમ છે તેવું માની લેવું ખોટું ગણાશે. સમગ્ર ભારતીય સંઘના તમામ ભાગો આર્થિક રીતે સમાન રીતે વિકસિત થાય તો જ

આર્થિક એકતા પ્રાપ્ત કરી શકાય છે. ખરેખર, વિરોધના સોગંદનામામાં સામાવાળાઓ વતી પ્રોત્સાહનો અને મુક્તિઓની જરૂરિયાત સૂચવતા વિવિધ કારણો દર્શાવવામાં આવ્યા છે, અને આ રાજ્યોમાં આ ઉદ્યોગોની આર્થિક સદ્ધરતા અને અસ્તિત્વ માટે આ બાબતો એકદમ અનિવાર્ય હોવાનું સૂચવવામાં આવ્યું હતું. આ આર્થિક પ્રોત્સાહન અને વૃદ્ધિના પ્રતીતિકારક અને બુદ્ધિગમ્ય કારણો પર આધારિત હતા. આમાં એક તર્કસંગતતા હતી જે સમજી શકાય તેવી છે. મુક્તિ આપવાની સત્તા તમામ કર કાયદાઓમાં હંમેશા અંતર્ગત હોય છે. જો અરજદારો દ્વારા રજૂ કરવામાં આવેલી દલીલો/રજૂઆતો સ્વીકારવામાં આવે, તો એવું જણાવવામાં આવ્યું હતું, અને અમારા મતે યોગ્ય રીતે જ, કે તે રાજ્યોની સંપૂર્ણ સત્તાઓનો સંપૂર્ણ નાશ કરશે અથવા તેને નિરર્થક બનાવી દેશે. જો મુક્તિ કુદરતી અને વ્યાપારિક પરિબળો પર આધારિત હોય અને તેમાં કોઈ ઈરાદાપૂર્વકનો પૂર્વગ્રહ સામેલ ન હોય, તો અમુક ચોક્કસ શરતો પર મર્યાદિત સમયગાળા માટે મુક્તિ આપતા વાદગ્રસ્ત જાહેરનામાને અયોગ્ય ગણી શકાય નહીં. તે માપદંડથી મૂલવતાં, વર્તમાન જાહેરનામા બંધારણીય જોગવાઈઓનું ઉલ્લંઘન કરતા હોવાનું ઠેરવી શકાય નહીં. અનુચ્છેદ ૩૦૪(એ) ની તપાસ દર્શાવે છે કે આ અનુચ્છેદ દ્વારા જે બાબત પ્રતિબંધિત કરવામાં આવી રહી છે, જે ખરેખર અનુચ્છેદ ૩૦૧ નો અપવાદ છે, તે જો અનુચ્છેદ ૩૦૧ લાગુ ન પડતો હોય તો લાગુ પડશે નહીં."

૨૬૪. આ કોર્ટે વધુમાં ઠેરવેલ કે નિર્દિષ્ટ વર્ગને મર્યાદિત સમયગાળા માટે મુક્તિ આપવી, આવી મુક્તિ આપવાનું આર્થિક એકમના ખ્યાલથી વિપરીત ગણી શકાય નહીં. નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "૨૮. બદલાતી પરિસ્થિતિઓ સાથે આર્થિક અવરોધનો ખ્યાલ ગતિશીલ અર્થમાં અપનાવવો જોઈએ. એક સમયે જે બાબત આર્થિક અવરોધરૂપ બને છે તે બીજા સમયે ઘણીવાર તેવી રહેતી નથી. બંધારણની સાતમી અનુસૂચિની સૂચિ ૨ માં વિધાનમંડળના વિષયોની સંપૂર્ણ સત્તાઓમાંથી ઉદ્ભવતા મુક્તિ આપવાના અધિકારથી રાજ્યના લોકોને વંચિત રાખવું ખોટું ગણાશે. સમવાયી શાસનવ્યવસ્થામાં, તમામ રાજ્યો નિર્દિષ્ટ વર્ગને મર્યાદિત સમયગાળા માટે મુક્તિ આપવાની સત્તા ધરાવતા હોય, તેથી આવી મુક્તિ આપવાનું આર્થિક એકતાના ખ્યાલથી વિપરીત ગણી શકાય નહીં. ભારતના લોકો દ્વારા આર્થિક એકતાની વિષયવસ્તુ (વાંચો ખ્યાલ) માં ઔદ્યોગિક વિકાસ હાંસલ કરવા માટે અથવા વૃદ્ધિ અને વિકાસમાં આર્થિક સમાનતા પ્રાપ્ત કરવા માટે કર પ્રોત્સાહનો પૂરા પાડવા ખાસ કિસ્સાઓમાં મુક્તિ આપવાની અથવા કરનો દર ઘટાડવાની સત્તાનો અનિવાર્યપણે સમાવેશ થાય છે. જ્યારે તમામ રાજ્યો પાસે મુક્તિ આપવાની અથવા દરો ઘટાડવાની આવી જોગવાઈઓ હોય ત્યારે રાજ્યો વચ્ચે પરસ્પર આર્થિક યુદ્ધ અથવા દેશના આર્થિક વિઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કોઈપણ પક્ષકાર માટે કોઈ એક અથવા બીજી રીતે એમ કહેવાનું ખુલ્લું નથી કે આ કરવું જોઈએ અને આ ન કરવું જોઈએ. એ

નિર્વિવાદ છે કે રાજ્યો માટે કર વસૂલ કરવો અને ત્યારબાદ તેને માફ કરવો અથવા સ્થાનિક ઉત્પાદકોને સબસિડીના સ્વરૂપમાં પાછો ચૂકવવો તે ખુલ્લું છે અને તેનાથી ન તો કોઈ ભેદભાવ થશે કે ન તો બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) નો ભંગ થશે. આ કેસમાં અને તમામ બંધારણીય ન્યાયનિર્ણયની જેમ જ, બંધારણીય આદેશના ઉલ્લંઘનમાં કોઈ ભેદભાવ છે કે કેમ તે શોધવા માટે બાબતના સારતત્વને જોવું પડશે."

૨૬૫. આ કોર્ટે અનુચ્છેદ ૩૮ અને ૩૯ નો પણ સંદર્ભ આપ્યો હતો. ઇન્ડિયન સિમેન્ટ લિમિટેડ (ઉપરોક્ત) અને વેસ્ટન ઇલેક્ટ્રોનિક્સ (ઉપરોક્ત) ના અગાઉના બે ચુકાદાઓ આ કોર્ટના ધ્યાને આવ્યા હતા અને એવું ઠેરવવામાં આવ્યું હતું કે આ કેસો કોઈ વિશેષ વર્ગ સાથે બિલકુલ સંબંધિત ન હતા, જેમાં કરનો સામાન્ય દર જાળવી રાખવાની ચોક્કસ શરત હતી, તેથી તેઓ લાગુ પડતા ન હતા. આ કોર્ટે વધુમાં ઠેરવેલ કે જો મુક્તિની સત્તાનો ઉપયોગ સ્થાનિક રીતે ઉત્પાદિત માલને સામાન્ય મુક્તિના સ્વરૂપમાં અથવા કરના નીચા દરના સ્વરૂપમાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર સામાન્ય નીચો દર નિર્ધારિત કરીને પ્રતિકૂળ પૂર્વગ્રહ ઊભો કરવા માટે છદ્મ રીતે કરવામાં આવે, તો સત્તાના આવા ઉપયોગને અદાલતો દ્વારા હંમેશા રદબાતલ ઠેરવી શકાય છે.

૨૬૬. કોર્ટે પંજાબ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા પર પણ વિચાર કર્યો હતો કે જેના દ્વારા રાજ્ય બહારના અને રાજ્યની અંદરના

ઇલેક્ટ્રોનિક માલના ઉત્પાદકો વચ્ચે ભેદ પાડીને કરના બે જુદા જુદા દરો પૂરા પાડવામાં આવ્યા હતા. ફકરા ૩૬ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "૩૬. એ પુનરોચ્ચાર કરવો પડશે કે તમામ રાજ્યોમાં વેચાણ વેરાના કાયદા મુક્તિની જોગવાઈ કરે છે. એ સુસ્થાપિત છે કે સાતમી અનુસૂચિની સૂચિ ૧, ૨ અને ૩ માંની વિવિધ એન્ટ્રીઓ વિધાનના ક્ષેત્રો સાથે સંબંધિત છે, અને તેનું વ્યાપક, ઉદાર અને સુમેળભર્યું અર્થઘટન થવું જોઈએ. અને આ એન્ટ્રીઓનું અર્થઘટન આનુષંગિક કે પ્રાસંગિક સત્તાનો સમાવેશ કરવા માટે કરવામાં આવ્યું છે. મુક્તિ આપવાની સત્તા તમામ કર કાયદાઓમાં અંતર્ગત છે. આર્થિક એકતા એ એક ઇચ્છિત ધ્યેય છે, આર્થિક સંતુલન અને સમૃદ્ધિ પણ ધ્યેય છે. સમાનતાના ધોરણે વિકાસ એ બંધારણની પ્રતિબદ્ધતાઓમાંની એક છે. અનુચ્છેદ ૩૮ અને ૩૯ માં સમાવિષ્ટ માર્ગદર્શક સિદ્ધાંતો આર્થિક એકતા તેમજ વિકસિત અને અલ્પવિકસિત વિસ્તારોના આર્થિક વિકાસ સાથે સુમેળ સાધતા હોવા જોઈએ. બંધારણના અનુચ્છેદ ૧૪ ના તે પ્રકાશમાં, એ જરૂરી છે કે અનુચ્છેદ ૩૦૧ માંના પ્રતિબંધો અને અનુચ્છેદ ૩૦૪(એ) અને (બી) ના વ્યાપને સમજવામાં આવે અને તેનું અર્થઘટન કરવામાં આવે. બંધારણ એક જીવંત વ્યવસ્થા છે અને વપરાયેલી અભિવ્યક્તિઓના સુષુપ્ત અર્થને કોઈ ચોક્કસ પરિસ્થિતિં ઊભી થાય તો જ અમલમા  મૂકી શકાય છે. એવું નથી કે બદલાતા સમય સાથે અર્થ બદલાઈ જાય છે પરંતુ બદલાતો સમય વપરાયેલી અભિવ્યક્તિઓના અર્થને સ્પષ્ટ અને ઉજાગર કરે છે.

વપરાયેલી અભિવ્યક્તિઓનો ગર્ભિતાર્થ વિકસતી ગતિશીલ પરિસ્થિતિઓમાં પોતાનો આકાર અને રંગ ધારણ કરે છે. પછાત રાજ્ય કે અશાંત રાજ્ય અદ્યતન કે વિકસિત રાજ્યો સાથે સમાન ધોરણે સ્પર્ધા કરી શકતું નથી. રાજ્યની અંદર પણ ઘણીવાર પછાત વિસ્તારો હોય છે જેને અમુક વિશેષ પ્રોત્સાહનો આપવામાં આવે તો જ વિકસાવી શકાય છે. જો રાજ્યના કોઈપણ ભાગ (વાંચો અથવા) એકમોને સબસિડી કે ગ્રાન્ટના રૂપમાં પ્રોત્સાહનો આપવામાં આવે જેથી તે અન્ય લોકો સાથે સમાન તરીકે સ્પર્ધા કરવા માટે પોતાની નબળાઈ કે પ્રારંભિક અવસ્થામાંથી બહાર આવી શકે, તો અમારા મતે, તે બંધારણના ભાગ ૧૩ ની ભાવના અને અક્ષરશઃ શબ્દોનું ઉલ્લંઘન કરતું નથી અને કરી શકતું નથી. જોકે, આ ત્યારે જ સ્વીકાર્ય છે જો કોઈ માન્ય કારણ હોય, એટલે કે, ભિન્નતા માટે વાજબી અને તર્કસંગત કારણો હોય. જો કોઈ કારણ ન હોય, તો તે પ્રતિકૂળ ભેદભાવ સમાન બનશે. આ દ્રષ્ટિકોણથી મૂલવતાં, શ્રી સંજય પરીખ અને શ્રી વૈદ્યનાથનની રજૂઆતો છતાં, અમે તે દલીલો સ્વીકારવામાં અસમર્થ છીએ જે અરજદારો આ અરજીમાં રજૂ કરવા માંગતા હતા."

આમ, ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે ઉપર નોંધ્યા મુજબ બંને જાહેરનામામાં મુક્તિને માન્ય રાખી હતી.

૨૬૭. વિડિયો ઇલેક્ટ્રોનિક્સના ચુકાદામાં મુખ્ય ન્યાયમૂર્તિ સબ્યસાચી મુખર્જી દ્વારા અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો હતો. વિડિયો ઇલેક્ટ્રોનિક્સ

(ઉપરોક્ત) ના ચુકાદા પછી તરત જ આંધ્ર સ્ટીલ કોર્પોરેશન વિરુદ્ધ કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સિસ ઇન કર્ણાટક, ૧૯૯૦ (સપ્લી.) એસ.સી.સી. ૬૧૭ માં આ કોર્ટની ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચ, જેમાં મુખ્ય ન્યાયમૂર્તિ સબ્યસાચી મુખર્જી પણ સામેલ હતા, તેને કર્ણાટક સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ આપવામાં આવેલી મુક્તિ પર વિચાર કરવાનો પ્રસંગ આવ્યો હતો. ઉપરોક્ત કેસમાં કરદાતા લોખંડના ઇંગોટ્સ, આયર્ન સ્ટીલ રાઉન્ડ્સ અને ટોર–સ્ટીલનું ઉત્પાદન કરવાના હેતુથી કર્ણાટક રાજ્યની અંદર અને બહારથી લોખંડનો ભંગાર ખરીદે છે. સદર મુક્તિ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરનારી છે તેવો પડકાર ફેંકતો આ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલો મુખ્ય મુદ્દો ફકરા ૪ માં નીચે મુજબ નોંધવામાં આવ્યો હતો:

> "૪. આ અપીલમાં રજૂ કરવામાં આવેલો મુખ્ય મુદ્દો એ હતો કે સદર કાયદાની કલમ ૫(૪), જ્યાં સુધી તે સ્પષ્ટીકરણ ૨ સાથે વાંચતા અનુસૂચિ ૪ માંની આઇટમ ૨ ને સંબંધિત છે ત્યાં સુધી, બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે કારણ કે તે જોગવાઈ હેઠળ આયાતી કાચા માલમાંથી ઉત્પાદિત તૈયાર માલના વેચાણ પર કર લાદવામાં આવે છે પરંતુ સ્થાનિક રીતે ખરીદેલા કાચા માલમાંથી ઉત્પાદિત તૈયાર માલના વેચાણ પર કર લાદવામાં આવતો નથી અને તે કરના દરમાં અથવા કરના પ્રમાણમાં પ્રતિકૂળ ભેદભાવ સમાન છે."

આ કોર્ટે એવો મત વ્યક્ત કર્યો હતો કે હાથ પરનો કેસ એ.ટી.બી. મહેતાબ મજીદ (ઉપરોક્ત) ના નિર્ણયથી સંપૂર્ણપણે આવરી લેવાયેલો હતો. ફકરા ૨૨ અને ૨૩ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"૨૨. .....રાજ્ય અધિનિયમ હેઠળ સ્ટીલ સેમિસના સંબંધમાં કર લાદવામાં આવ્યો હતો. રાજ્ય અધિનિયમમાં એવા સ્ટીલ સેમિસને મુક્તિ આપવામાં આવી હતી જે કર ચૂકવી ચૂકેલા લોખંડના ભંગારમાંથી ઉત્પાદિત કરવામાં આવ્યા હતા પરંતુ અન્ય શ્રેણીઓને નહીં કે જ્યાં ભંગાર પર તે તબક્કે કર લાગ્યો ન હતો. આ બાબત એ.ટી.બી. મહેતાબ કેસ [૧૯૬૩ સપ્લી. ૨ એસ.સી.આર. ૪૩૫ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૯૨૮ : (૧૯૬૩) ૧૪ એસ.ટી.સી. ૩૫૫] ના નિર્ણય દ્વારા સીધી રીતે આવરી લેવાયેલી છે અને તે નિર્ણય સાથે નટરાજ મુદલિયાર કેસ [(૧૯૬૮) ૩ એસ.સી.આર. ૮૨૯ : એ.આઇ.આર. ૧૯૬૯ એસ.સી. ૧૪૭ : (૧૯૬૮) ૨૨ એસ.ટી.સી. ૩૭૬] અથવા રતન લાલ એન્ડ કંપની કેસ [(૧૯૬૯) ૨ એસ.સી.આર. ૫૪૪ : એ.આઇ.આર. ૧૯૭૦ એસ.સી. ૧૭૪૨ : (૧૯૭૦) ૨૫ એસ.ટી.સી. ૧૩૬] માં અસંમતિ દર્શાવવામાં આવી નથી. એ.ટી.બી. મહેતાબ કેસ [૧૯૬૩ સપ્લી. ૨ એસ.સી.આર. ૪૩૫ : એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૯૨૮ : (૧૯૬૩) ૧૪ એસ.ટી.સી. ૩૫૫] નો નિર્ણય બંધારણીય બેંચનો છે અને અત્યાર સુધી કોઈપણ કેસમાં તેમાં અસંમતિ દર્શાવવામાં આવી

નથી. ચુકાદાનો સિદ્ધાંત સંપૂર્ણપણે લાગુ પડતો હોવાથી, અપીલ હેઠળનો હાઇકોર્ટનો ચુકાદો સ્વીકાર્ય નથી.

૨૩. અમે તે મુજબ ઠેરવીએ છીએ કે આ કેસમાં જે જોગવાઈ વાદગ્રસ્ત છે તે અલ્ટ્રા વાયર્સ છે અને તે મુજબ હાઇકોર્ટના ચુકાદાને રદબાતલ કરીએ છીએ અને હાઇકોર્ટમાં કરદાતા દ્વારા દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનને મંજૂર કરીએ છીએ. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી."

૨૬૮. હવે આપણે શ્રી મહાવીર ઓઇલ મિલ્સ અને અન્ય વિરુદ્ધ જે એન્ડ કે રાજ્ય અને અન્ય, (૧૯૯૬) ૧૧ એસ.સી.સી. ૩૯ માં આ કોર્ટની બે ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદા પર આવીએ છીએ. ઉપરોક્ત કેસમાં જે એન્ડ કે જનરલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૬૨ ની કલમ ૫ હેઠળ તારીખ ૭.૩.૧૯૯૧ ના રોજ જાહેરનામું બહાર પાડીને રાજ્યમાં નાના પાયાના ઔદ્યોગિક એકમોને પાંચ વર્ષના સમયગાળા માટે મુક્તિ આપવામાં આવી હતી. વેચાણ વેરાનો દર ૪% હતો જે વધારીને ૮% કરવામાં આવ્યો હતો. રાજ્યની બહારથી ખાદ્યતેલ લાવતા ઉત્પાદકોને કર એ હદે ભેદભાવપૂર્ણ જણાયો હતો જ્યાં સુધી રાજ્યમાં તમામ નાના પાયાના ઔદ્યોગિક એકમોને મુક્તિ આપવામાં આવી હતી. હાઇકોર્ટ સમક્ષ દાખલ કરાયેલી રિટ પિટિશનો અને લેટર્સ પેટન્ટ અપીલો ફગાવી દેવામાં આવી હતી અને મામલો આ કોર્ટ સમક્ષ લઈ જવામાં આવ્યો હતો.

૨૬૯. ભાગ ૧૩ અને ખાસ કરીને અનુચ્છેદ ૩૦૪ હેઠળની યોજનાની નોંધ લીધા પછી, આ કોર્ટે અનુચ્છેદ ૩૦૪(એ) નું અર્થઘટન કરતી વખતે નીચે મુજબ જણાવ્યું હતું:

> "૮.....આ ખંડના શબ્દો નિર્ણાયક મહત્વ ધરાવે છે. ખંડનો પ્રથમ અર્ધભાગ પ્રથમ દ્રષ્ટિએ એવું દર્શાવશે કે તે માત્ર સ્પષ્ટ બાબત જણાવે છે: કોઈ ખરેખર કહી શકે છે કે અન્ય રાજ્યો અથવા કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત થતા માલ પર કર લાદવાની સત્તા સાતમી અનુસૂચિની સૂચિ ૨ અને ૩ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ માંથી ઉદ્ભવે છે અને આ ખંડમાંથી નહીં. અલબત્ત તે સાચું છે, પરંતુ જો કોઈ તેને તેની સંપૂર્ણતામાં વાંચે, તો આ ખંડમાં રહેલો એક અર્થ અને ખૂબ જ મહત્વપૂર્ણ સિદ્ધાંત છે. હેતુ ખરેખર રાજ્ય વિધાનમંડળોને અન્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી આયાત થતા માલ પર કર લાદવાની સત્તા આપવાનો ન હતો — કારણ કે તેઓ બંધારણની અન્ય જોગવાઈઓ દ્વારા પહેલેથી જ સક્ષમ છે — પરંતુ એ જાહેર કરવાનો હતો કે તે સત્તાનો ઉપયોગ સ્થાનિક રીતે ઉત્પાદિત માલની સરખામણીમાં આયાતી માલ સામે ભેદભાવ થાય તે રીતે કરવામાં આવશે નહીં. આ ખંડ, હકારાત્મક ભાષામાં ઘડાયેલો હોવા છતાં, નકારાત્મક પાસું ધરાવે છે. તે, વાસ્તવમાં, આયાતી માલ સામેના ભેદભાવને પ્રતિબંધિત કરતી જોગવાઈ છે. કર લાદવાની બાબતમાં — અને આ ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે — આ ખંડ રાજ્ય વિધાનમંડળોને કહે છે — "તમે અન્ય રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી

આયાત કરવામાં આવતા માલ પર કર લાદી શકો છો પરંતુ તે પ્રક્રિયામાં, સ્થાનિક રીતે ઉત્પાદિત માલની સરખામણીમાં તેમની સામે ભેદભાવ કરશો નહીં". ટૂંકમાં, આ ખંડ કહે છે: બંને પર કર લાદવાનો દર સમાન હોવો જોઈએ. અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહારની સ્વતંત્રતાના હિતમાં રાજ્યો દ્વારા પોતાની સરહદો પર અથવા તેની સાથે જેને "કર અવરોધો" — અથવા જેને "નાણાકીય અવરોધો" કહી શકાય — તે ઊભા કરવા સામે આ એક સ્પષ્ટ અને બુલંદ ઘોષણા હતી અને છે. જેમ કે આપણે હમણાં જ નિર્દેશ કરીશું, આ ખંડ રાજ્યોને પોતાને યોગ્ય લાગે તે રીતે સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહિત કરવા અથવા આગળ વધારવામાં કોઈપણ રીતે અટકાવતો નથી જ્યાં સુધી તેઓ સ્થાનિક રીતે ઉત્પાદિત માલની સરખામણીમાં આયાતી માલ સામે ભેદભાવ કરવા માટે કરવેરાના શસ્ત્રનો ઉપયોગ ન કરે. પુનરાવર્તન કરવા માટે, આ ખંડ રાજ્યોને પોતાની આસપાસ કર અવરોધો — અથવા જેને નાણાકીય અવરોધો કહી શકાય — ઊભા કરવાથી અને/અથવા આવી "ટેરિફ દિવાલો" ઊભી કરીને ભારતના બાકીના રાજ્યક્ષેત્રોથી પોતાને અલગ કરવાથી રોકે છે. ભાગ ૧૩ એ ધારણા પર આધારિત છે કે જ્યાં સુધી રાજ્ય તેના રહેવાસીઓ અને અન્ય રાજ્યોના રહેવાસીઓ પર સમાન રીતે કર લાદે છે, ત્યાં સુધી અનુચ્છેદ ૩૦૧ દ્વારા ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતાનું કોઈ ઉલ્લંઘન થતું નથી; માત્ર અન્ય રાજ્યોના લોકો પર તે સ્તરે કર

લાદવાના હેતુથી કોઈ પણ રાજ્ય પોતાના લોકો પર ઊંચા સ્તરે કર લાદશે નહીં. અને આ જ ખંડ છે જે આ કેસ પર નિર્ણાયક અસર ધરાવે છે....."

૨૭૦. બે ન્યાયમૂર્તિઓની બેંચે અગાઉના કેસો તેમજ વિડિયો ઇલેક્ટ્રોનિક્સ (ઉપરોક્ત) માં ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદાની નોંધ લીધી હતી. ફકરા ૨૩ માં આ કોર્ટ એવા નિષ્કર્ષ પર આવી હતી કે જમ્મુ અને કાશ્મીરમાં ખાદ્યતેલનું ઉત્પાદન કરતા નાના પાયાના ઉદ્યોગોની તરફેણમાં આપવામાં આવેલી સંપૂર્ણ મુક્તિ કાયદાની દ્રષ્ટિએ ટકી શકે તેવી નથી. કોર્ટે ઠેરવેલ કે રાજ્યો પોતાને યોગ્ય લાગે તેવા તમામ ઉપાયો દ્વારા પોતાના રાજ્યોમાં ઉદ્યોગોની સ્થાપના અને વિકાસને પ્રોત્સાહિત કરવા અને આગળ વધારવા માટે મુક્ત છે પરંતુ તેઓ તે પ્રક્રિયામાં, અન્ય રાજ્યોમાંથી આયાત થતા માલ પર કરવેરાનો ભેદભાવપૂર્ણ દર લાદી શકતા નથી, એટલે કે, તે રાજ્યની અંદર ઉત્પાદિત/પેદા થયેલા સમાન માલની સરખામણીમાં વેચાણ વેરાનો ઊંચો દર લાદી શકતા નથી. આ કોર્ટે નોંધ્યું કે વિડિયો ઇલેક્ટ્રોનિક્સમાં કોઈ શંકા વિના એક મર્યાદિત અપવાદ ઘડવામાં આવ્યો છે પરંતુ તે અપવાદને વધારી શકાય નહીં રખેને તે મુખ્ય જોગવાઈને જ ખતમ કરી દે. કોર્ટે આ મુક્તિને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરતી જાહેર કરતી વખતે ફકરા ૨૭ માં નીચે મુજબ નિર્દેશ આપ્યો હતો:

"૨૭. અમે જાહેર કરીએ છીએ કે ખાદ્યતેલના સ્થાનિક ઉત્પાદકો/પેદા કરનારાઓને જાહેરનામા નં. એસ.આર.ઓ. ૯૩/૧૯૯૧ દ્વારા આપવામાં

આવેલી મુક્તિ અનુચ્છેદ ૩૦૧ અને ૩૦૪(એ) માં સમાવિષ્ટ જોગવાઈઓનું ઉલ્લંઘન કરનારી છે. તે જ સમયે, અમે નિર્દેશ આપીએ છીએ કે: (એ) અહીં સમાવિષ્ટ ઘોષણાના આધારે અથવા તેના પરિણામ સ્વરૂપે અપીલકર્તાઓ રિફંડ તરીકે અથવા અન્યથા કોઈપણ રકમનો દાવો કરવા હકદાર રહેશે નહીં અને (બી) વાદગ્રસ્ત જાહેરનામાની અમાન્યતાની ઘોષણા ૧–૪–૧૯૯૭ થી અને ત્યારથી અમલમાં આવશે. તે તારીખ સુધી, એટલે કે ૩૧.૩.૧૯૯૭ સુધી અને તે દિવસ સહિત, વાદગ્રસ્ત જાહેરનામું અસરકારક અને અમલી રહેશે. ઉપરોક્ત શરતો અનુસાર અપીલ મંજૂર કરવામાં આવે છે."

૨૭૧. રાજ્ય સૂચિ ૨ સાથે વંચાણે લેવાતા અનુચ્છેદ ૨૪૬ હેઠળ કાયદાકીય સત્તાનો ઉપયોગ કરે છે જે સંપૂર્ણ પ્રકૃતિની છે, જ્યારે તેની પાસે કર લાદવાની સત્તા હોય ત્યારે તે કરમાં મુક્તિ/માફી આપવા માટે પણ હકદાર છે. બુદ્ધિગમ્ય ભેદરેખા પર આધારિત કોઈ નિર્દિષ્ટ વર્ગને કરમાં મુક્તિ/માફી આપવાની રાજ્ય વિધાનમંડળની સત્તા અંગે કોઈ વિવાદ હોઈ શકે નહીં. મધ્યપ્રદેશ રાજ્ય વિરુદ્ધ અબ્દેઅલી, એ.આઇ.આર. ૧૯૬૩ એસ.સી. ૧૨૩૭ માં બંધારણીય બેંચની પણ નોંધ લેવાની જરૂર છે.

૨૭૨. ઉપરોક્ત કેસમાં, મધ્ય ભારત સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૦ ની કલમ ૪(૩) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને નીચે મુજબની રીતે વેચાણ વેરો ચૂકવવામાંથી મુક્તિ આપવામાં આવી હતી:

"૨. ..... મધ્ય ભારત સેલ્સ ટેક્સ એક્ટ, સંવત ૨૦૦૭ ની કલમ ૪, પેટા–કલમ (૩) દ્વારા આપવામાં આવેલી સત્તાઓનો ઉપયોગ કરીને રાજપ્રમુખે આ વિભાગના તારીખ ૨૭–૫–૧૯૫૫ ના જાહેરનામા ૫૯(સી)(ટી) પી.આર. ૪૧૨–૫૪ નું અધિક્રમણ કરીને, ઉત્પાદક અથવા તેના કુટુંબના કોઈપણ સભ્ય દ્વારા વેચાણના કિસ્સામાં, હાથથી બનાવેલા હોય અને પાવર મશીન પર ઉત્પાદિત ન થયા હોય અને જેની વેચાણ કિંમત રૂ. ૧૨–૮–૦ થી વધુ ન હોય તેવા તમામ બૂટ, ચંપલ, દેશી જોડા અને પગરખાંના વેચાણને વેચાણ વેરો ચૂકવવામાંથી મુક્તિ આપી છે."

૨૭૩. સામાવાળા મધ્યપ્રદેશ રાજ્યમાં વિવિધ પ્રકારના પગરખાં આયાત કરવાનો અને વેચવાનો વ્યવસાય કરતા હતા. સામાવાળાએ સેલ્સ ટેક્સ ઓફિસર સમક્ષ એવી રજૂઆત કરી હતી કે તેઓ હાથથી બનાવેલા બૂટ, ચંપલ અને અન્ય પ્રકારના પગરખાં કે જેની વેચાણ કિંમત જોડી દીઠ રૂ. ૧૨–૮–૦ થી વધુ ન હોય તેના વેચાણ પર કોઈપણ વેચાણ વેરો ચૂકવવા જવાબદાર નથી. સામાવાળા જાહેરનામાની શરતો પૂરી કરતા નથી તેવા આધાર પર તેમનો દાવો નકારી કાઢવામાં આવ્યો હતો. સામાવાળા દ્વારા હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલી રિટ પિટિશનમાં નીચે મુજબની દલીલો પૈકીની એક દલીલ ઉપસ્થિત કરવામાં આવી હતી:

"૩.....સામાવાળાએ વધુમાં જણાવ્યું કે જો મુક્તિ ઉત્પાદક અથવા તેના કુટુંબના કોઈ સભ્ય દ્વારા કરવામાં આવતા વેચાણની તરફેણમાં હોવાનું માનવામાં આવે અને આયાતકાર દ્વારા કરવામાં આવતા વેચાણ પર નહીં, તો જાહેરનામું ભેદભાવપૂર્ણ સ્વરૂપનું બનશે અને બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરશે. આ કારણોસર સામાવાળાએ અરજ કરી હતી કે તારીખ ૨૫ માર્ચ, ૧૯૫૮ નો આકારણી હુકમ રદ કરવામાં આવે અને સેલ્સ ટેક્સ ઓફિસરને સામાવાળા દ્વારા કરવામાં આવેલા એવા વેચાણને કરમાંથી મુક્તિ આપવા નિર્દેશ આપવામાં આવે જે તારીખ ૨૮ જાન્યુઆરી, ૧૯૫૪ ના જાહેરનામા દ્વારા આપવામાં આવેલી મુક્તિ હેઠળ આવરી લેવાયેલા હતા. રિટ પિટિશનના પોતાના જવાબમાં અપીલકર્તાઓએ ધ્યાન દોર્યું કે તારીખ ૨૮ જાન્યુઆરી, ૧૯૫૪ નું જાહેરનામું મધ્યપ્રદેશ રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા પગરખાં અને બહારથી આયાત કરવામાં આવેલા પગરખાં વચ્ચે કોઈપણ રીતે ભેદભાવ કરતું નથી, કારણ કે જાહેરનામામાં નિર્ધારિત શરતો બંને પ્રકારના માલ પર સમાન રીતે લાગુ પડતી હતી અને આ શરતો પૈકીની એક શરત એ હતી કે જે વેચાણને કરમાંથી મુક્તિ આપવાની હતી તે ઉત્પાદક અથવા તેના કુટુંબના સભ્ય દ્વારા હોવું જોઈએ."

૨૭૪. હાઇકોર્ટે રિટ પિટિશન મંજૂર કરી. રાજ્ય આ મામલાને આ કોર્ટ સમક્ષ લઈ ગયું. આ કોર્ટે નોંધ્યું કે તારીખ ૨૮ જાન્યુઆરી, ૧૯૫૪ નું જાહેરનામું મધ્યપ્રદેશ રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા પગરખાં અને અન્ય રાજ્યોમાંથી

આયાત કરવામાં આવેલા પગરખાં વચ્ચે કોઈ ભેદભાવ કરતું નથી અને જાહેરનામા દ્વારા આપવામાં આવેલી મુક્તિ તેમાં ઉલ્લેખિત ત્રણ શરતોના પરિપાલન પર આધારિત છે. આ કોર્ટે ફકરા ૮ માં નીચે મુજબ ઠેરવેલ:

> "૮. હવે અમે અપીલકર્તાઓના વિદ્વાન વકીલની આ વૈકલ્પિક રજૂઆતો પર વિચાર કરવા આગળ વધીએ છીએ. અમે માનતા નથી કે તારીખ ૨૮ જાન્યુઆરી, ૧૯૫૬ નું જાહેરનામું મધ્યપ્રદેશ રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા પગરખાં અને અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવેલા પગરખાં વચ્ચે એવો કોઈ ભેદભાવ કરે છે જે બંધારણના અનુચ્છેદ ૩૦૪(એ) દ્વારા પ્રતિબંધિત છે. અમે પહેલેથી જ ધ્યાન દોર્યું છે કે પ્રશ્નવાળા જાહેરનામા દ્વારા આપવામાં આવેલી મુક્તિ ત્રણ શરતોના પરિપાલન પર આધારિત છે અને આ ત્રણેય શરતો રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા પગરખાં અને અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા પગરખાંને સમાન રીતે લાગુ પડે છે. એ સ્પષ્ટ છે કે આ મુક્તિ નાના ઉત્પાદકોના રક્ષણ અને લાભ માટે છે જેઓ ઓછી કિંમતના હાથથી બનાવેલા જોડા બનાવે છે અને જેઓ મશીનો પર બનાવેલા પગરખાંના મોટા પાયાના ઉત્પાદકો સાથે સ્પર્ધા કરવામાં અસમર્થ હોઈ શકે છે. નાના ઉત્પાદકોના હિતમાં આવું વર્ગીકરણ આ કોર્ટ દ્વારા વારંવાર કરવામાં આવ્યું છે અને માન્ય રાખવામાં આવ્યું છે. (જુઓ ઓરિએન્ટ વીવિંગ મિલ્સ (પી) લિ. વિરુદ્ધ યુનિયન ઓફ ઇન્ડિયા [૨૮ ફેબ્રુઆરી, ૧૯૬૨ ના રોજ નિર્ણય થયેલ પિટિશન નં. ૧૧૦/૧૯૬૧]; અને બ્રિટિશ ઇન્ડિયા કોર્પોરેશન લિ.

વિરુદ્ધ કલેક્ટર ઓફ સેન્ટ્રલ એક્સાઇઝ, અલ્હાબાદ [૨૦ ઓગસ્ટ, ૧૯૬૨ ના રોજ નિર્ણય થયેલ પિટિશન નં. ૯૪/૧૯૫૫]).”

૨૭૫. ઉપરોક્ત કેસમાં કરદાતાની રજૂઆત એવી હતી કે જો કરદાતાને મુક્તિનો લાભ આપવામાં ન આવે તો મુક્તિનું જાહેરનામું પોતે જ અમાન્ય બની શકે છે જે રાજ્યની બહારના એવા સમાન ઉત્પાદક કે જે રાજ્યમાં મુસાફરી કરે છે અને હાથથી બનાવેલા જોડા વેચે છે તથા નાના ઉત્પાદક કે જેને મુક્તિનો લાભ મેળવવા માટે મુસાફરી કરવી પડતી નથી તેમની વચ્ચે ભેદભાવ ઊભો કરે છે. કોર્ટે એમ કહીને ઉપરોક્ત દલીલ નકારી કાઢી કે તે ખરેખર અસુવિધાની દલીલ છે. કોઈપણ દ્રષ્ટિકોણથી, આ કોર્ટે ઉપરોક્ત કેસમાં ઠેરવેલ કે કરદાતાએ જાહેરનામાની શરત પૂરી કરી ન હતી, એટલે કે, વેચાણ ત્યારે જ કરમુક્ત હતું જ્યારે તે ઉત્પાદક અથવા તેના કુટુંબના સભ્ય દ્વારા કરવામાં આવે. તેથી, તેમની કર આકારણી કરવામાં કોઈ ભૂલ ન હતી. સ્થાનિક માલને મુક્તિ આપવી અને બહારથી આવતા માલને આવી મુક્તિ ન આપવી તે સ્વીકાર્ય હતું કે કેમ તે મુદ્દો ઉપરોક્ત કેસમાં ન હતો. ઉપરોક્ત કેસમાં, આ કોર્ટે નોંધ્યું હતું કે રાજ્યની બહાર કે રાજ્યની અંદર ઉત્પાદિત માલના સંદર્ભમાં મુક્તિ અંગે કોઈ ભેદભાવ ન હતો. આમ, ઉપરોક્ત કેસ આપણી સમક્ષ ઉપસ્થિત થયેલા પ્રશ્નનો નિર્ણય કરતો નથી.

૨૭૬. મુક્તિ આપવાની સત્તા રાજ્ય વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલા કાયદામાંથી ઉદ્ભવે છે, જ્યાં પણ મુક્તિઓ આપવામાં આવે છે ત્યાં સામાન્ય

રીતે કાયદાઓ કાયદાકીય નીતિ સાથે તેવી જોગવાઈ કરે છે. મુક્તિ શું છે, તે આ કોર્ટ દ્વારા યુનિયન ઓફ ઈન્ડિયા અને અન્ય વિરુદ્ધ વુડ પેપર્સ લિ. અને અન્ય, ૧૯૯૦(૪) એસ.સી.સી. ૨૫૬ માં સંક્ષિપ્તમાં સમજાવવામાં આવ્યું છે, ફકરા ૪ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

> "૪.....શાબ્દિક રીતે મુક્તિ એટલે જવાબદારી, કર અથવા જકાતમાંથી મુક્તિ. નાણાકીય રીતે તે ખાસ કરીને વધતી અર્થવ્યવસ્થામાં વિવિધ સ્વરૂપો ધારણ કરી શકે છે. ઉદાહરણ તરીકે નવા એકમોને ટેક્સ હોલિડે, મર્યાદિત સમયગાળા માટે અથવા ચોક્કસ ઉદ્દેશ્ય સાથે માલ અથવા વ્યક્તિઓને કરનો રાહત દર વગેરે. તેથી જ તેનું અર્થઘટન, આકારણી જોગવાઈથી વિપરીત, એક અલગ એરણે ચકાસવું પડે છે. વાસ્તવમાં મુક્તિની જોગવાઈ એક અપવાદ સમાન છે અને કાયદાના અર્થઘટનના સામાન્ય સિદ્ધાંત મુજબ કાયદાકીય આશયના કારણે અથવા અસમાન બોજના આર્થિક ઔચિત્ય અથવા રાજ્યની આવકમાં વધારો કરવાના હેતુવાળી નાણાકીય જોગવાઈઓના પ્રગતિશીલ અભિગમના આધારે તેનું ચુસ્ત અર્થઘટન કરવામાં આવે છે."

૨૭૭. અનુચ્છેદ ૩૦૪(એ) ની જોગવાઈ પર પરત ફરતાં, કોઈપણ કાયદો અનુચ્છેદ ૩૦૪(એ) ની મર્યાદામાં રહે તે માટે બે શરતો પૂરી થવી જરૂરી છે (૧) રાજ્ય અન્ય રાજ્યોમાંથી આયાત થતા માલ પર એવો કોઈપણ કર લાદી શકે છે જે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા સમાન માલ પર લાદવામાં આવે છે,

(૨) જોકે, તે રીતે આયાત કરાયેલા માલ અને તે રીતે ઉત્પાદિત કે પેદા થયેલા માલ વચ્ચે ભેદભાવ ન થાય તે રીતે. પ્રથમ શરત એ છે કે રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલો માલ કરને પાત્ર હોય, જ્યારે ચોક્કસ શરત પૂર્ણ થવા પર કોઈ નિર્દિષ્ટ શ્રેણીને કર ચૂકવણીમાંથી મુક્તિ આપવામાં આવે છે, ત્યારે તે એવી પૂર્વધારણા રાખે છે કે માલ કરને પાત્ર છે. શરતને આધીન માલના કોઈ ચોક્કસ વર્ગ પર આપવામાં આવેલી મુક્તિ, જે કરને માલ પાત્ર છે તેની વિરુદ્ધ જતી નથી. આમ તેમાં ઉલ્લેખિત શરતો પર નિર્દિષ્ટ શ્રેણીને મુક્તિ આપવાના કિસ્સાઓમાં, ઉપર નોંધ્યા મુજબ પ્રથમ શરતનો ભંગ થતો નથી. હવે બીજી શરત પર આવીએ, એટલે કે જોકે, નિકાસ કરાયેલા માલ અને સ્થાનિક રીતે ઉત્પાદિત કે પેદા થયેલા માલ વચ્ચે ભેદભાવ ન કરવો. મુક્તિ આપવામાં આવેલો માલ રાજ્યમાં ઉત્પાદિત અને પેદા થતા મોટાભાગના માલ કરતાં અલગ શ્રેણીમાં આવે છે. ચોક્કસ કાયદામાં દર્શાવ્યા મુજબ કાયદાકીય નીતિના કારણે વિવિધ કાયદાઓ હેઠળની મુક્તિઓને માન્ય રાખવામાં આવી છે. વિડિયો ઇલેક્ટ્રોનિક્સમાં, ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચે એ હકીકતની નોંધ લેતાં મુક્તિને માન્ય રાખી હતી કે આપવામાં આવેલી મુક્તિ એ રાજ્યના એવા તમામ ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત માલ પર કરનો સામાન્ય દર જાળવી રાખવાની ચોક્કસ શરતો પર મર્યાદિત સમયગાળા માટે એક વિશેષ વર્ગને આપવામાં આવી હતી જેઓ તે શ્રેણીમાં આવતા નથી. જોકે, વિડિયો ઇલેક્ટ્રોનિક્સ વધુમાં જણાવે છે કે જો સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર સામાન્ય મુક્તિના રૂપમાં અથવા કરના નીચા દરના રૂપમાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર સામાન્ય નીચો દર નક્કી કરીને

પ્રતિકૂળ પૂર્વગ્રહ ઊભો કરવા માટે જાણીજોઈને અથવા ઈરાદાપૂર્વક છદ્મ રીતે કર લાદવામાં આવે, તો સત્તાના આવા ઉપયોગને અદાલતો દ્વારા હંમેશા રદબાતલ ઠેરવી શકાય છે. ફકરા ૩૦ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "આ કેસો, જેમ કે અમે આ કેસો વાંચ્યા છે તે મુજબ, મુક્તિ પ્રાપ્ત શ્રેણીમાં ન આવતા હોય તેવા રાજ્યના તમામ ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત માલ પર સામાન્ય કરનો દર આયાતી માલને લાગુ પડતા દરની સમકક્ષ જાળવી રાખવાની ચોક્કસ શરતો પર મર્યાદિત સમયગાળા માટે કોઈ વિશેષ વર્ગને મુક્તિ આપવા સાથે બિલકુલ સંબંધિત ન હતા. તેથી, તે નિર્ણયોમાં સમસ્યાને તેના વર્તમાન પાસામાં વિચારવી જરૂરી ન હતી. જોકે, જો સદર સત્તાનો ઉપયોગ સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર સામાન્ય મુક્તિના રૂપમાં અથવા કરના નીચા દરના રૂપમાં સ્થાનિક રીતે ઉત્પાદિત માલ પર સામાન્ય નીચો દર નિર્ધારિત કરીને પ્રતિકૂળ પૂર્વગ્રહ ઊભો કરવા માટે જાણીજોઈને અથવા ઈરાદાપૂર્વક છદ્મ રીતે કરવામાં આવે, તો સત્તાના આવા ઉપયોગને અદાલતો દ્વારા હંમેશા રદબાતલ ઠેરવી શકાય છે. પ્રસ્તુત કેસોમાં તેવી સ્થિતિ નથી. તેથી, ઉપરોક્ત નિર્ણયો એ સામાન્ય પ્રસ્તાવ માટે પૂર્વચુકાદાઓ નથી કે સામાન્ય દર સમકક્ષ જાળવી રાખીને રાજ્યો દ્વારા અમુક ઉદ્યોગો માટે મર્યાદિત સમયગાળા માટે વિશેષ દરો નિર્ધારિત કરી શકાય નહીં."

૨૭૮. શ્રી મહાવીર ઓઇલ મિલ્સમાં બે ન્યાયમૂર્તિઓની બેંચે વિડિયો ઇલેક્ટ્રોનિક્સ સહિતના અગાઉના કેસોની નોંધ લીધી હતી. એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે વિડિયો ઇલેક્ટ્રોનિક્સમાં ઘડવામાં આવેલા અપવાદને કોઈ અલગ પ્રકારના કેસોને આવરી લેવા માટે વિસ્તૃત કે વ્યાપક બનાવી શકાય નહીં, શ્રી મહાવીર ઓઇલ મિલ્સમાં ફકરા ૨૩ માં નીચે મુજબનું અવલોકન કરવામાં આવ્યું હતું:

> "આ કેસના હેતુ માટે, વિડિયો ઇલેક્ટ્રોનિક્સની શુદ્ધતા વિશે અમારે કશું કહેવું જરૂરી નથી. એટલું કહેવું પૂરતું છે કે તેમાં કરવામાં આવેલા મર્યાદિત અપવાદને અલગ પ્રકારના કેસોને આવરી લેવા માટે વિસ્તૃત કે વ્યાપક બનાવી શકાય નહીં. એ ઠેરવવું જ જોઈએ કે જમ્મુ અને કાશ્મીરમાં ખાદ્યતેલનું ઉત્પાદન કરતા નાના પાયાના ઉદ્યોગોની તરફેણમાં આપવામાં આવેલી સંપૂર્ણ મુક્તિ [તે રાજ્યમાં ખાદ્યતેલનું ઉત્પાદન કરતા મોટા પાયાના કોઈ ઉદ્યોગો નથી] કાયદાકીય રીતે ટકી શકે તેવી નથી."

૨૭૯. વિડિયો ઇલેક્ટ્રોનિક્સમાં ઘડવામાં આવેલા અપવાદે મુક્તિના જાહેરનામાને ત્યાં માન્ય રાખ્યું હતું જ્યાં તે ટૂંકા સમયગાળા સાથે નિર્દિષ્ટ પ્રકાર પૂરતું મર્યાદિત હોય. સામાન્ય મુક્તિ અને વ્યાપક સંદર્ભમાં મુક્તિને ક્યારેય માન્યતા આપવામાં આવી નથી. વિડિયો ઇલેક્ટ્રોનિક્સના સિદ્ધાંતને માત્ર ટૂંકા સમયગાળા માટે નિર્દિષ્ટ શ્રેણી પૂરતી મર્યાદિત મુક્તિને જ વાજબી ઠેરવતો વાંચવો પડશે. અમર્યાદિત સ્વરૂપની સામાન્ય શરતોમાં મુક્તિને મંજૂર કરી શકાય

નહીં. અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ અને રાજ્યમાં ઉત્પાદિત કે પેદા થયેલા માલ વચ્ચે ભેદભાવના માપદંડ તરીકે મુક્તિનો ઉપયોગ થઈ શકે નહીં. મુક્તિ એ સમાન માલ પર લાદવામાં આવેલા કરની મર્યાદિત મુક્તિ હોવી જોઈએ. જો મુક્તિ સંપૂર્ણ અને સામાન્ય સ્વરૂપની હોય, તો સદર મુક્તિ સ્પષ્ટપણે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરનારી છે. તેવી જ રીતે, ચોક્કસ કરનું સેટ–ઓફ કે જે સામાન્ય હોય અને નિર્દિષ્ટ શ્રેણી પૂરતું મર્યાદિત ન હોય તેને પણ અમાન્ય ઠેરવવું પડશે. ઉપરોક્ત બાબતોને જોતાં, વિડિયો ઇલેક્ટ્રોનિક્સમાં ત્રણ ન્યાયમૂર્તિઓની બેંચના ચુકાદાના સિદ્ધાંતને ઉપરોક્ત હદ સુધી અને ઉપર નોંધ્યા મુજબની મર્યાદા સાથે જ વાંચવો પડશે.

૨૮૦. આમ, અમે એવા નિષ્કર્ષ પર આવીએ છીએ કે રાજ્ય વિધાનમંડળ પોતાની કરવેરાની સત્તાનો ઉપયોગ કરીને માત્ર એવી બુદ્ધિગમ્ય ભેદરેખાના આધારે મર્યાદિત હદ સુધી જ સ્થાનિક માલને મુક્તિ/સેટ–ઓફ આપી શકે છે જે સામાન્ય/અનિર્દિષ્ટ મુક્તિના સ્વરૂપની ન હોય. જે મુક્તિ/સેટ–ઓફ સામાન્ય મુક્તિ બની જવાની વૃત્તિ ધરાવે છે તે અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે.

જી. સંવિધાનની સાતમી અનુસૂચિની યાદી ૨ ની પ્રવિષ્ટિ ૫૨

૨૮૧. રાજ્ય યાદી, પ્રવિષ્ટિ ૫૨ હેઠળનું વૈધાનિક ક્ષેત્ર 'તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ માટે સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર કર' છે. પ્રવિષ્ટિ ૫૨ પોતે જ દર્શાવે છે કે કર લાદવાના સ્વરૂપ અને લક્ષણ અંગે

અંતર્નિહિત મર્યાદાઓ રહેલી છે. પ્રવિષ્ટિ ૫૨ ના દાયરામાં આવવા માટે કર લાદવા અંગે, આવા કર લાદવાએ ત્રણ શરતોનું પાલન કરવું પડશે:

(૧) રાજ્ય પ્રવિષ્ટિ હેઠળ કર લાદવો એ 'માલના પ્રવેશ પર' હોવો જોઈએ જે કરપાત્ર ઘટના બનાવે છે.

(૨) પ્રશ્ન હેઠળ કર લાદવો એ 'સ્થાનિક વિસ્તારમાં' ના સંબંધમાં હોવો જોઈએ. સ્થાનિક વિસ્તારને 'નગરપાલિકા, જિલ્લા બોર્ડ, સ્થાનિક બોર્ડ, યુનિયન બોર્ડ, પંચાયત અથવા તેવા પ્રકારની સ્થાનિક સંસ્થા દ્વારા સંચાલિત વિસ્તાર' તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે.

(૩) માલ 'તેમાં વપરાશ, ઉપયોગ અથવા વેચાણ' ના હેતુ માટે સ્થાનિક વિસ્તારમાં પ્રવેશવો જોઈએ.

૨૮૨. એન્ટ્રી ટેક્સ શબ્દપ્રયોગને તેના સાદા અર્થમાં અને આ પ્રકારના કરવેરા લાદવાની ઐતિહાસિક પૃષ્ઠભૂમિમાં પણ સમજવો જરૂરી છે. સામાન્ય રીતે ઓક્ટ્રોય તરીકે જાણીતો કર ૧૯૦૧ માં અમલમાં હતો અને ત્યારબાદ તેને ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ, ૧૯૩૫ ની સાતમી અનુસૂચિની યાદી ૨ માં સમાવિષ્ટ કરવામાં આવ્યો હતો. ભારતના સંવિધાનમાં ઓક્ટ્રોય શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. યાદી ૧ ની પ્રવિષ્ટિ ૮૯ 'રેલ્વે, સમુદ્ર અથવા હવાઈ માર્ગે વહન કરવામાં આવતા માલ અને મુસાફરો પર ટર્મિનલ કર; રેલ્વે ભાડા અને મુસાફરી પર કર' ની જોગવાઈ કરે છે.

૨૮૩. પ્રવિષ્ટિ પર હેઠળ લાદવામાં આવતા કર સામાન્ય રીતે એન્ટ્રી ટેક્સ તરીકે ઓળખાય છે. સંવિધાન સભાની ચર્ચાઓની નોંધ લેતાં, આપણે જોયું છે કે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને સીમા કર, જકાત અવરોધો વગેરેમાંથી સ્વતંત્રતા તરીકે પરિકલ્પિત કરવામાં આવી હતી, જે ભારતીય દેશી રાજ્યોમાં પ્રચલિત હતી. ૧૯૩૫ ના અધિનિયમની કલમ ૨૯૭ માં અન્ય રાજ્યોમાંથી માલના પ્રવેશ પર કર લાદવા પર પ્રતિબંધ સમાવિષ્ટ હતો. સંવિધાનના ઘડવૈયાઓએ નક્કી કર્યું કે મહેસૂલી હેતુઓ માટે અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ હાથ ધરવાના હેતુસર રાજ્યોને કેટલીક કરવેરા સત્તાઓ આપવી પડશે. અનુચ્છેદ ૩૦૧ સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પૂરી પાડે છે, સાથે સાથે, આવી સ્વતંત્રતાના અપવાદો અનુચ્છેદ ૩૦૨ થી ૩૦૪ માં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે.

૨૮૪. અનુચ્છેદ ૩૦૪(એ), જોકે રાજ્યને કર લાદવાની પરવાનગી આપે છે પરંતુ તે બે મહત્વપૂર્ણ શરતોને આધીન છે, જેની આપણે ઉપર પહેલેથી જ નોંધ લીધી છે. અનુચ્છેદ ૩૦૪(એ) આમ તેમાં દર્શાવેલી શરતોને આધીન રહીને રાજ્યને કોઈપણ કર લાદવાની સ્પષ્ટપણે પરવાનગી આપે છે જેમાં એન્ટ્રી ટેક્સનો પણ સમાવેશ થાય છે.

૨૮૫. એન્ટ્રી ટેક્સ માલની હેરફેર સાથે સંબંધિત છે. માલની હેરફેરને વેપાર અને વાણિજ્યનો એક અભિન્ન અંગ માનવામાં આવ્યો છે. આતિયાબારીમાં, અનુચ્છેદ ૩૦૧ દ્વારા પૂરી પાડવામાં આવેલી સ્વતંત્રતાના

વિષયવસ્તુનો સંદર્ભ આપતાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે તેમાં નિશ્ચિતપણે વેપારની હેરફેરનો સમાવેશ થાય છે, પૃષ્ઠ ૮૫૯ પર ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર દ્વારા નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

> "અમને એ નિષ્કર્ષ અનિવાર્ય જણાય છે કે અનુચ્છેદ ૩૦૧ દ્વારા પૂરી પાડવામાં આવેલી સ્વતંત્રતાનું વિષયવસ્તુ ૧૯૩૫ ના બંધારણ અધિનિયમની કલમ ૨૯૭ દ્વારા વિચારાયેલી સ્વતંત્રતા કરતાં વધુ વિશાળ હતું, અને તેમાં બીજું ગમે તે સામેલ હોય કે ન હોય, તેમાં નિશ્ચિતપણે વેપારની હેરફેરનો સમાવેશ થાય છે જે તમામ વેપારનો વાસ્તવિક અર્ક છે અને તેનો અભિન્ન ભાગ છે. જો માલના પરિવહન અથવા હેરફેર પર માત્ર એ આધાર પર જ કર લાદવામાં આવે કે માલ આ રીતે લઈ જવામાં આવે છે અથવા પરિવહન કરવામાં આવે છે, તો તે, અમારા મતે, અનુચ્છેદ ૩૦૧ દ્વારા વિચારાયેલી વેપારની સ્વતંત્રતાને સીધી રીતે અસર કરે છે."

૨૮૬. આ કોર્ટે, સ્ટેટ ઓફ કર્ણાટક વિ. હંસા કોર્પોરેશન, ૧૯૮૦ ૪ એસ.સી.સી. ૬૯૭ માં કર્ણાટક ટેક્સ ઓન એન્ટ્રી ઓફ ગુડ્સ ઇનટુ લોકલ એરિયા ફોર કન્ઝમ્પશન, યુઝ ઓર સેલ ધેરઇન એક્ટ, ૧૯૭૯ નું અર્થઘટન કરતી વખતે ઠેરવેલ કે માલના પ્રવેશ પરનો કર અનુચ્છેદ ૩૦૧ ના નિષેધ હેઠળ આવે છે. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

"સ્થાનિક વિસ્તારમાં માલના પ્રવેશ પર વાદગ્રસ્ત કર લાદવામાં આવે છે તે હદ સુધી એ વાત નકારી શકાય નહીં કે તેની તાત્કાલિક અસર માલની હેરફેર પર પડશે અને આ પગલું અનુચ્છેદ ૩૦૧ ના નિષેધ હેઠળ આવશે."

૨૮૭. યાદી ૨ ની પ્રવિષ્ટિ પર ના વિષયવસ્તુ હેઠળ બનાવવામાં આવેલો કાયદો, આમ સ્પષ્ટપણે માલની હેરફેર પરનો કર બનશે અને તેથી તે અનુચ્છેદ ૩૦૧ ના નિષેધના દાયરામાં આવશે અને સદર કાયદો માત્ર ત્યારે જ બચાવી શકાય જો તે અનુચ્છેદ ૩૦૪ નું પાલન કરતો હોય. રાજ્યો તરફથી વિદ્વાન કાઉન્સેલે એવી રજૂઆત કરી છે કે એન્ટ્રી ટેક્સ માલના પ્રવેશને પ્રતિબંધિત કરતો નથી અને કર માત્ર ત્યારબાદ અને સામાન્ય રીતે, સ્થાનિક વિસ્તારમાં માલ લઈ જનાર વ્યક્તિઓ દ્વારા દાખલ કરવામાં આવેલા રિટર્નના આધારે વસૂલવામાં આવે છે. તેથી, રાજ્યની સરહદો પર કે સ્થાનિક વિસ્તારની સરહદ પર કોઈ પ્રતિબંધ નથી. એવી દલીલ કરવામાં આવી છે કે માલના પ્રવેશ પર માત્ર ટ્રાન્ઝિટ સ્લિપ આપવામાં આવે છે તેથી માલના પ્રવાહમાં કોઈ અવરોધ નથી. એ સુસ્થાપિત છે કે કર લાદવાના આપાત અને આવા કર લાદવાને અમલમાં મૂકવા માટે કાયદામાં સમાવિષ્ટ તંત્ર સંબંધિત જોગવાઈઓ વચ્ચે સ્પષ્ટ તફાવત છે. કર લાદવાનો આપાત માલના પ્રવેશ પર છે તેથી જેવો માલ સ્થાનિક વિસ્તારમાં પ્રવેશે કે તરત જ કરનો આપાત પૂર્ણ થાય છે, કર તરત જ વસૂલવામાં આવે છે કે ત્યારબાદ, તેને કરવેરાના આપાત સાથે કોઈ સુસંગતતા નથી.

૨૮૮. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર અને વાણિજ્ય મુક્ત હોવાનું વિચારાયેલ હોવાથી, ભાગ ૧૩ માં પૂરા પાડવામાં આવેલા અપવાદો દ્વારા કરને બચાવી લેવામાં ન આવે ત્યાં સુધી માલની હેરફેર પરના કોઈપણ પ્રતિબંધને સ્વતઃ અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરતો ગણાવો પડશે. જોકે, એવો કર હોઈ શકે છે જે જોકે અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરતો હોય પરંતુ તેમ છતાં વેપાર અને વાણિજ્ય પર પ્રતિબંધ ધરાવતો હોય જે એક એવું ક્ષેત્ર છે જ્યાં ઘણી મુશ્કેલી અનુભવાઈ છે. અમે પહેલેથી જ એવો નિષ્કર્ષ કાઢ્યો છે કે અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરતા તમામ કરવેરાઓને અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પસાર કરવાની જરૂર નથી અને માત્ર તે જ કરવેરા કે જેમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર પ્રતિબંધો હોય તેને જ ૩૦૪(બી) દ્વારા પસાર કરવાની જરૂર છે. આ એક સાદું ઉદાહરણ આપીને દર્શાવી શકાય છે. રાજ્યની બહારથી આયાત કરાયેલા માલ તેમજ સ્થાનિક માલ પર માલના મૂલ્યના એક ટકાના દરે એન્ટ્રી ટેક્સ લાદતો, અનુચ્છેદ ૩૦૪(એ) નું પાલન કરતો એન્ટ્રી ટેક્સ કાયદો પસાર કરવામાં આવે છે. સામાન્ય રીતે, આવા કર લાદવાને વેપાર અને વાણિજ્ય પર કોઈ પ્રતિબંધ ગણી શકાય નહીં અને તે અનુચ્છેદ ૩૦૪(એ) ની કસોટી પાર કરશે અને તેને અનુચ્છેદ ૩૦૪(બી) ના પાલનની કોઈ જરૂર રહેશે નહીં. પરંતુ એવા કિસ્સામાં કે જ્યાં, આયાતી માલ અને સ્થાનિક રીતે ઉત્પાદિત અથવા પેદા થયેલા માલ બંને પર માલના મૂલ્યના સો ટકા જેટલો એન્ટ્રી ટેક્સ લાદવામાં આવે છે, તો સદર કર લાદવો એ વેપાર અને વાણિજ્ય પર સ્પષ્ટ પ્રતિબંધ છે અને તેને અનુચ્છેદ ૩૦૪(બી) દ્વારા પસાર કરવો પડશે. આવા કર લાદવાને

અનુચ્છેદ ૩૦૧ ની અસરમાંથી મુક્ત કરવા માટે ૩૦૪(એ) અને ૩૦૪(બી) બંનેનું પાલન કરવું જરૂરી બને છે.

૨૮૯. આમ અમે એવો નિષ્કર્ષ કાઢીએ છીએ કે એન્ટ્રી ટેક્સ કાયદો જે માલની હેરફેર, વેપાર અને વાણિજ્ય પરનો કર છે તે અનુચ્છેદ ૩૦૧ દ્વારા નિષેધિત છે અને આવા રાજ્ય કાયદાને અનુચ્છેદ ૩૦૪ હેઠળ બચાવી શકાય છે. કોઈ ચોક્કસ એન્ટ્રી ટેક્સ કાયદો કાયદેસર છે કે નહીં અને તે સંવિધાનના ભાગ ૧૩ નું ઉલ્લંઘન કરતો નથી, તે કાયદાના સ્વરૂપ, વિષયવસ્તુ અને વ્યાપ્તિ તેમજ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહાર પર તેની અસરને ધ્યાનમાં લીધા પછી જ નક્કી કરી શકાય છે.

એચ. ભાગ ૧૩ માં વપરાયેલા "પ્રતિબંધ" શબ્દનો અર્થ

૨૯૦. સમગ્ર ભારતના રાજ્યક્ષેત્રમાં વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા અનુચ્છેદ ૩૦૧ હેઠળ સુનિશ્ચિત કરવામાં આવી છે. સંવિધાનના ઘડવૈયાઓ સભાન હતા કે સ્વતંત્રતા સંપૂર્ણ હોઈ શકે નહીં અને જાહેર હિતમાં આ સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકવો અનેક સંજોગોમાં જરૂરી બની શકે છે. અનુચ્છેદ ૩૦૨ – ૩૦૬ એ અનુચ્છેદ ૩૦૧ હેઠળ સુનિશ્ચિત કરાયેલ સ્વતંત્રતાના અપવાદોની ગણના કરે છે. ભાગ ૧૩ માં વપરાયેલા 'પ્રતિબંધ' શબ્દનો અર્થ અને વિષયવસ્તુ શું છે? અનુચ્છેદ ૧૯(૧)(એ) થી ૧૯(૧)(જી) હેઠળ ખાતરી આપવામાં આવેલા મૂળભૂત અધિકારો પર વાજબી પ્રતિબંધો

લાદવા માટે રાજ્યને સત્તા આપતી વખતે અનુચ્છેદ ૧૯(૨) થી ૧૯(૬) હેઠળ પણ 'પ્રતિબંધ' શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ન્યૂ વેબસ્ટર ડિક્શનરીમાં 'પ્રતિબંધ' શબ્દને નીચેની રીતે વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે:

"પ્રતિબંધિત કરવાનું કૃત્ય, અથવા પ્રતિબંધિત હોવાની સ્થિતિ; જે પ્રતિબંધિત કરે છે; એક નિયંત્રણ; મર્યાદા."

૨૯૧. બ્લેક્સ લો ડિક્શનરી પણ 'પ્રતિબંધ' શબ્દને નીચે મુજબ વ્યાખ્યાયિત કરે છે:

"પ્રતિબંધ. ૧. સીમાઓ અથવા મર્યાદાઓમાં સીમિત કરવું; એક મર્યાદા અથવા લાયકાત. ૨. મિલકતના ઉપયોગ અથવા ઉપભોગ પર મૂકવામાં આવેલી મર્યાદા (ખાસ કરીને દસ્તાવેજમાં)."

૨૯૨. આમ પ્રતિબંધ એ મર્યાદિત કરવા, સીમિત કરવા અને રોકવાનું કૃત્ય છે. ભાગ ૧૩ માં 'પ્રતિબંધ' શબ્દ વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતા પરના પ્રતિબંધના સંદર્ભમાં વાપરવામાં આવ્યો છે. જે કાયદા આવા અધિકારને પ્રતિબંધિત અથવા મર્યાદિત કરે છે તેમને પ્રતિબંધો કહેવામાં આવે છે.

૨૯૩. પ્રસ્તુત કેસમાં, આપણે કરવેરા કાયદા સાથે સંબંધિત હોવાથી, આપણી ચર્ચા કરવેરા કાયદા દ્વારા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર મૂકી

શકાય તેવા પ્રતિબંધના સ્વરૂપને શોધી કાઢવા સુધી મર્યાદિત રહેશે. આ કોર્ટની સંવિધાન પીઠે ફર્મ એ.ટી.બી. મહેતાબ એન્ડ મજીદ એન્ડ કંપની વિ. સ્ટેટ ઓફ મદ્રાસ અને અન્ય, ૧૯૬૩ ૨ એસ.સી.આર. ૪૩૫, પૃષ્ઠ ૪૪૨ પર જણાવ્યું છે કે 'તેથી, હવે એ સુસ્થાપિત છે કે જો કરવેરાના કાયદા વેપારના પ્રવાહને અવરોધે અને જો તેઓ વળતરરૂપ કર અથવા નિયમનકારી પગલાં ગણાવી શકાય તેવા ન હોય તો તેઓ પ્રતિબંધો બની શકે છે.....'. ઇન્ડિયન સિમેન્ટ અને અન્ય વિ. સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ, ૧૯૮૮ ૧ એસ.સી.સી. ૭૪૩ માં આ કોર્ટે ઠેરવેલ કે કરવેરા દ્વારા અનુકૂળ કે પ્રતિકૂળ વ્યવહારના પરિણામે વેપારના પ્રવાહનો માર્ગ પ્રતિબંધિત થાય છે:– કાં તો પ્રતિકૂળ રીતે અથવા સાનુકૂળ રીતે. પેરા ૧૨, ૧૪ માં નીચે મુજબના અવલોકનો કરવામાં આવ્યા હતા:–

> "૧૨. એ બાબતે કોઈ વિવાદ હોઈ શકે નહીં કે કરવેરા મુક્ત પ્રવાહ સામે એક અવરોધક છે. કરવેરાના માધ્યમથી અનુકૂળ કે પ્રતિકૂળ વ્યવહારના પરિણામે, વેપારના પ્રવાહનો માર્ગ કાં તો પ્રતિકૂળ રીતે અથવા સાનુકૂળ રીતે નિયંત્રિત થાય છે. જો ભાગ ૧૩ દ્વારા સુનિશ્ચિત યોજનાને રાષ્ટ્રીય હિતમાં જાળવી રાખવી હોય, તો એ જરૂરી છે કે અનુચ્છેદની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન થવું જોઈએ. કોઈએ પણ આતિયાબારી ટી કંપની કેસમાં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરના દીર્ઘદ્રષ્ટાપૂર્ણ અવલોકનોને યાદ કરવા જ પડે અને તે સમયે કરવામાં આવેલા અવલોકનો સ્વાભાવિકપણે આપણી સમક્ષ અત્યારે રહેલા પ્રકારના કેસોને લાગુ પડે છે."

"૧૪. આંતરરાજ્ય વેચાણ વેરાના દરમાં ફેરફાર મુક્ત વેપાર અને વાણિજ્યને ચોક્કસપણે અસર કરે છે અને સ્થાનિક પસંદગી ઊભી કરે છે જે સંવિધાનના ભાગ ૧૩ ની યોજનાથી વિપરીત છે. સદર જાહેરનામું બિનનોંધાયેલ ડીલરોને પણ લાભ લંબાવે છે અને આ બાબતના પાસા પર ન્યાયમૂર્તિ હેગડેના અવલોકનો સુસંગત છે. તેથી, આંધ્રપ્રદેશ સરકારના બંને જાહેરનામા ખામીયુક્ત છે અને સંવિધાનના ભાગ ૧૩ ની જોગવાઈઓથી બાધિત છે. તેઓ કાયદાકીય રીતે ટકી શકે તેમ નથી."

૨૯૪. હવે, આપણે સંવિધાનના ભાગ ૧૩ ની તપાસ કરવા આગળ વધીએ છીએ જ્યાં સુધી તે વિવિધ કૃત્યો, કાર્યોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરે છે જેને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધો તરીકે ગણવામાં આવે છે. અનુચ્છેદ ૩૦૨ – ૩૦૬ એવી જોગવાઈઓ ધરાવે છે, જેના દ્વારા વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂકી શકાય છે. સદર અનુચ્છેદોમાં કેટલાક પ્રતિબંધોનો સ્પષ્ટપણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અનુચ્છેદ ૩૦૩ 'વેપાર અને વાણિજ્યના સંબંધમાં સંઘ અને રાજ્યોની વૈધાનિક સત્તાઓ પર પ્રતિબંધો' ની જોગવાઈ કરે છે. અનુચ્છેદ ૩૦૩, ખંડ ૧ મુજબ નીચે મુજબનાને પ્રતિબંધો તરીકે ગણવામાં આવે છે:–

(૧) એક રાજ્યને બીજા રાજ્ય કરતાં કોઈ પસંદગી આપતો અથવા આપવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો,

(૨) એક રાજ્ય અને બીજા રાજ્ય વચ્ચે કોઈપણ ભેદભાવ કરતો અથવા કરવા માટે અધિકૃત કરતો કોઈપણ કાયદો.

૨૯૫. આમ પસંદગી અને ભેદભાવ બંનેને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સંદર્ભમાં પ્રતિબંધ તરીકે ગણવામાં આવે છે. અનુચ્છેદ ૩૦૪(એ) પર આવતાં, વિધાનમંડળ દ્વારા ઘડવામાં આવેલો કોઈપણ કાયદો વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ છે જે:–

(એ) અન્ય રાજ્યમાંથી આયાત કરાયેલા માલ પર કોઈપણ કર લાદે છે જ્યારે તે રાજ્યમાં ઉત્પાદિત અથવા પેદા થયેલા સમાન માલ પર આવો કોઈ કર લાદવામાં આવતો નથી,

(બી) અન્ય રાજ્યોમાંથી આયાત કરાયેલા માલ પર એવો કોઈપણ કર લાદે છે જે આ રીતે આયાત કરાયેલા માલ અને આ રીતે ઉત્પાદિત અથવા પેદા થયેલા માલ વચ્ચે ભેદભાવ કરે છે.

૨૯૬. ફરીથી અનુચ્છેદ ૩૦૪ ના પેટા–ખંડ (બી) માં રાજ્યને જાહેર હિતમાં વાજબી પ્રતિબંધો લાદવાની સત્તા આપવામાં આવી છે. અનુચ્છેદ ૩૦૬, જે રીતે તે શરૂઆતમાં ઘડવામાં આવ્યો હતો, તેમાં 'વેપાર અને વાણિજ્ય પર પ્રતિબંધ લાદવાની અનુસૂચિના ભાગ બી માંના અમુક રાજ્યોની સત્તા' એવું શીર્ષક સમાવિષ્ટ હતું. અનુચ્છેદ ૩૦૬ અન્ય રાજ્યોમાંથી રાજ્યમાં માલની આયાત પર અથવા રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં માલની નિકાસ પરના કોઈપણ કર કે જકાત, જે ભાગ બી માં નિર્દિષ્ટ રાજ્ય દ્વારા લાદવામાં આવતા હતા, તેને

ભારત સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેના કરાર દ્વારા દસ વર્ષથી વધુ ન હોય તેટલા સમયગાળા માટે ચાલુ રાખવાની પરવાનગી આપતો હતો. સદર અનુચ્છેદ કર અથવા જકાતને ચાલુ રાખવાની પરિકલ્પના કરે છે જેને પ્રતિબંધ તરીકે ગણવામાં આવતો હતો અને તેને માત્ર એક કરાર દ્વારા મહત્તમ દસ વર્ષના સમયગાળા માટે ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવી હતી.

૨૯૭. આપણે આ કોર્ટના શ્રેણીબદ્ધ ચુકાદાઓની પહેલેથી જ નોંધ લીધી છે જેમાં ઠેરવવામાં આવ્યું છે કે ભેદભાવપૂર્ણ કર લાદવો એ અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘન કરે છે. રાજ્ય દ્વારા લાદવામાં આવેલા આવા ભેદભાવપૂર્ણ કરને અનુચ્છેદ ૩૦૪(એ) નું ઉલ્લંઘનકર્તા હોવાના કારણે રદબાતલ કરવામાં આવ્યા છે; સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ વિ. ભાઈલાલ ભાઈ અને અન્ય, ૧૯૬૪ (૬) એસ.સી.આર. ૨૬૧, શ્રી મહાવીર ઓઇલ મિલ્સ અને અન્ય વિ. સ્ટેટ ઓફ જમ્મુ એન્ડ કાશ્મીર અને અન્ય, ૧૯૯૬ ૧૧ એસ.સી.સી. ૩૯ માં આ કોર્ટના ચુકાદાનો સંદર્ભ આપવામાં આવે છે.

૨૯૮. કાયદાની ઉપરોક્ત જોગવાઈઓ દ્વારા વિચારવામાં આવ્યા મુજબ જે પ્રતિબંધ લાદી શકાય છે, તે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના અધિકાર પર એવી મર્યાદા હોવી જોઈએ કે જે મનસ્વી ન હોવી જોઈએ અથવા સત્તાના સંદર્ભમાં જે જરૂરી છે તેના કરતાં વધુ પડતી ન હોવી જોઈએ. સ્ટેટ ઓફ મદ્રાસ વિ. વી. જી. રાવ, ૧૯૫૨ એસ.સી.આર. ૬૦૭ માં મુખ્ય ન્યાયમૂર્તિ પતંજલિ

શાસ્ત્રી મારફતે સંવિધાન પીઠે અનુચ્છેદ ૧૯ હેઠળ વાજબી પ્રતિબંધના ખ્યાલ પર વિચારણા કરતી વખતે જણાવ્યું છે કે:–

> "આ સંદર્ભમાં એ ધ્યાનમાં રાખવું મહત્વપૂર્ણ છે કે વાજબીપણાની કસોટી, જ્યાં ક્યાંય પણ નિર્ધારિત કરવામાં આવી હોય, તે પડકારવામાં આવેલા પ્રત્યેક વ્યક્તિગત કાનૂન પર લાગુ થવી જોઈએ, અને તમામ કેસોને લાગુ પડે તેવું વાજબીપણાનું કોઈ અમૂર્ત ધોરણ કે સામાન્ય માળખું નિર્ધારિત કરી શકાય નહીં. જે અધિકારનું ઉલ્લંઘન થયું હોવાનો આક્ષેપ છે તેનું સ્વરૂપ, લાદવામાં આવેલા પ્રતિબંધોનો મૂળભૂત હેતુ, તેના દ્વારા નિવારવા માંગતી બદીની વ્યાપ્તિ અને તાકીદ, પ્રતિબંધ લાદવાની અપ્રમાણસરતા, તે સમયની પ્રવર્તમાન પરિસ્થિતિઓ, આ તમામ બાબતો ન્યાયિક નિર્ણયમાં સામેલ થવી જોઈએ."

૨૯૯. જોકે અમુક સંજોગોમાં 'પ્રતિબંધ' શબ્દમાં મનાઈનો પણ સમાવેશ થઈ શકે છે પરંતુ પ્રતિબંધને વ્યવસાયની સંપૂર્ણ મનાઈ અથવા બંધ કરવા સાથે સમજવાનો નથી, કરની અસર જ્યારે તે વેપાર અને વાણિજ્યને અવરોધે છે, ત્યારે તે પ્રતિબંધ બની જાય છે અને અનુચ્છેદ ૩૦૧ હેઠળ નિષેધિત બને છે. આ કોર્ટે લક્ષ્મી ખાંડસારી વગેરે વિ. સ્ટેટ ઓફ યુ.પી., ૧૯૮૧ (૩) એસ.સી.આર. ૯૨ માં વાજબી પ્રતિબંધના ખ્યાલ પર વિચાર કરતી વખતે ઠેરવેલ કે વાજબી પ્રતિબંધ કેસના સ્વરૂપ અને સંજોગો પર નિર્ભર રહેશે, પૃષ્ઠ ૧૦૫ પર નીચે મુજબ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું:

"વાજબી પ્રતિબંધો શું છે તે સ્વાભાવિક રીતે કેસના સ્વરૂપ અને સંજોગો, કાનૂનનું લક્ષણ, તે જે ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માંગે છે તે, પ્રવર્તમાન સંજોગો, જે બદીનું નિવારણ કરવા માંગવામાં આવે છે તેની વ્યાપ્તિ તેમજ નાગરિકના અધિકારો પર મૂકવામાં આવેલા નિયંત્રણ અથવા પ્રતિબંધના સ્વરૂપ પર નિર્ભર રહેશે. સાર્વત્રિક ઉપયોગનો કોઈ કડક કે ચોક્કસ નિયમ નિર્ધારિત કરવો મુશ્કેલ છે પરંતુ આ કોર્ટે સતત ઠેરવ્યું છે કે આવા પ્રતિબંધો લાદવામાં રાજ્યે એક ઉદ્દેશ્યપૂર્ણ માપદંડ અપનાવવો જોઈએ જે પરિસ્થિતિની જરૂરિયાતો અનુસાર નાગરિકોના અધિકારોને પ્રતિબંધિત કરીને સામાજિક નિયંત્રણ સમાન હોય."

૩૦૦. વધુમાં, લક્ષ્મી ખાંડસારી વગેરે વગેરે વિ. સ્ટેટ ઓફ યુ.પી., ૧૯૮૧ (૩) એસ.સી.આર. ૧૦૭ માં ઠેરવવામાં આવ્યું હતું કે વેપારમાં નુકસાન થવું એ વેપાર પ્રતિબંધોને અવાજબી ગણવાનું કારણ નથી. નીચે મુજબ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું:

"અંતે, ઉદ્યોગ, વેપાર અથવા વાણિજ્યના ક્ષેત્રમાં કાયદા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધોની વાજબીતા નક્કી કરવામાં, માત્ર એ હકીકત કે ચોક્કસ વેપારમાં રોકાયેલી કેટલીક વ્યક્તિઓને પ્રતિબંધો લાદવાને કારણે નુકસાન થઈ શકે છે તે તેમને અવાજબી બનાવશે નહીં કારણ કે એ સ્પષ્ટ છે કે વેપાર અને ઉદ્યોગ આર્થિક, સામાજિક કે રાજકીય પરિબળોને લીધે સમૃદ્ધિ અને પ્રતિકૂળતાના સમયગાળામાંથી પસાર થાય છે. મુક્ત

અર્થતંત્રમાં ખાદ્યપદાર્થો, કાપડ અથવા તેવા પ્રકારની ઉપભોક્તા ચીજવસ્તુઓની વાજબી ભાવે ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે નિયંત્રણો દાખલ કરવામાં આવ્યા છે અને આવા ભાવનું નિર્ધારણ સંજોગોમાં અવાજબી પ્રતિબંધ કહી શકાય નહીં."

૩૦૧. આ કોર્ટે, જી. કે. કિષ્નન અને અન્ય વિ. સ્ટેટ ઓફ તમિલનાડુ અને અન્ય, (૧૯૭૫) ૧ એસ.સી.સી. ૩૭૫ માં ઠેરવેલ કે ટ્રાફિકના નિયમો જેવા નિયમન વેપારની સ્વતંત્રતાને સરળ બનાવે છે જ્યારે પ્રતિબંધો તે સ્વતંત્રતાને અવરોધે છે, એવું ઠેરવવામાં આવ્યું હતું કે બહારના માલ સામેનો ભેદભાવપૂર્ણ કર એ માત્ર કર નથી પરંતુ તે વેપાર અને વાણિજ્ય માટે એક અવરોધ છે. પેરા ૧૫ અને ૨૭ માં નીચે મુજબ પ્રતિપાદિત કરવામાં આવ્યું હતું:

"૧૫. ટ્રાફિકના નિયમો જેવા નિયમનો વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને સરળ બનાવે છે જ્યારે પ્રતિબંધો તે સ્વતંત્રતાને અવરોધે છે. રસ્તાઓ, પુલો અથવા એરોડ્રોમ વગેરેના ઉપયોગ માટે ટોલ અથવા કરની વસૂલાત વેપાર માટે અવરોધ અથવા અડચણ તરીકે કામ કરતી નથી. કોઈ કર પ્રતિબંધિત કર બનવા માટે, તે એક પ્રત્યક્ષ કર હોવો જોઈએ, જેની અસર વેપારના હેરફેરના ભાગને અવરોધવાની હોય. જો કર વળતરરૂપ અથવા નિયમનકારી હોય, તો તે વેપાર અથવા વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ તરીકે કામ કરી શકે નહીં."

"૨૭. બહારના માલ સામેનો ભેદભાવપૂર્ણ કર એ માત્ર કર નથી પરંતુ તે વેપાર અને વાણિજ્ય માટે એક અવરોધ છે."

૩૦૨. ફેડરેશન ઓફ હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિએશન ઓફ ઇન્ડિયા વગેરે વિ. યુનિયન ઓફ ઇન્ડિયા અને અન્ય, (૧૯૮૯) ૩ એસ.સી.સી. ૬૩૪ માં સંવિધાન પીઠ સંવિધાનના અનુચ્છેદ ૧૪ ના સંદર્ભમાં કરવેરા કાયદાની માન્યતા પર વિચાર કરી રહી હતી. સંવિધાન પીઠે ઠેરવેલ કે કરવેરા માટે વ્યક્તિઓ, વિષયવસ્તુ, ઘટનાઓ વગેરેની પસંદગીની બાબતમાં વિધાનમંડળ વ્યાપક મોકળાશ ભોગવે છે. વધુમાં, એવું ઠેરવવામાં આવ્યું હતું કે કરવેરાની અમુક અતિશયતા અથવા તે લાદવાથી કમાણી અથવા નફામાં ઘટાડો થાય છે, તે અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળના અધિકારોનું ઉલ્લંઘન કરતું નથી:

"૪૬. હવે એ સુસ્થાપિત છે કે જોકે કર કાયદાઓ અનુચ્છેદ ૧૪ ની બહાર નથી, છતાં, રાજકોષીય નીતિ ઘડવામાં આવતા વિવિધ પ્રકારના આર્થિક માપદંડોને ધ્યાનમાં રાખીને, કરવેરા માટે વ્યક્તિઓ, વિષયવસ્તુ, ઘટનાઓ વગેરેની પસંદગીની બાબતમાં વિધાનમંડળ વ્યાપક મોકળાશ ભોગવે છે. કર કાયદામાં ભેદભાવના દોષની કસોટીઓ, તે મુજબ, ઓછી કઠોર હોય છે."

વધુમાં ફકરા ૫૨ માં નીચે મુજબ જણાવવામાં આવેલ હતું:

"૬૨. વળી પાછું, માત્ર કરનું અતિશય હોવું અથવા એવા સંજોગો પણ કે જેમાં તે લાદવાથી કરભાર ધરાવતી વ્યક્તિઓની કમાણી અથવા નફામાં

ઘટાડો થવા તરફ વલણ રહે, તે સ્વતઃ જ અને વિશેષ કશું વિના, અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળના અધિકારોનું ઉલ્લંઘન બનતું નથી."

૩૦૩. જોકે, એ નોંધવું સુસંગત છે કે કોઈપણ કર કાયદામાં સમાવિષ્ટ પ્રતિબંધ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતામાં અવરોધરૂપ બને છે કે કેમ તે મુદ્દો એવો પ્રશ્ન છે જે કેસ દર કેસ બદલાશે. પ્રતિબંધનું સ્વરૂપ અને પ્રતિબંધની માત્રા એ નક્કી કરવા માટેના તમામ સુસંગત પરિબળો છે કે વેપાર અવરોધાય છે કે નહીં. એ સુસ્થાપિત છે કે કોઈ કાયદામાં નિયમનકારી સ્વરૂપની જોગવાઈઓ કે જે વેપારને સુગમ બનાવે છે તેને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને અવરોધતા પ્રતિબંધ તરીકે ગણવામાં આવ્યા નથી. ટ્રાફિક નિયમનો, રાજ્યમાં દોડાવવા માટે મોટર વાહનોની નોંધણી, ટોલ વસૂલાતને વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર પ્રતિબંધ માનવામાં આવ્યા નથી.

૩૦૪. ઉપરોક્ત ચર્ચા સ્પષ્ટ કરે છે કે અનુચ્છેદ ૩૦૨ – ૩૦૬ માં જે બાબતો સ્પષ્ટપણે પ્રતિબંધિત કરવામાં આવી છે તે તમામ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પરના એવા પ્રતિબંધો છે કે જે સ્પષ્ટપણે અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરશે, પરંતુ એવા અન્ય કિસ્સાઓ પણ હોઈ શકે છે જ્યારે કોઈ કાયદાને ભાગ ૩૦૨ થી ૩૦૬ માં સ્પષ્ટપણે ગણાવેલ ન હોવા છતાં પ્રતિબંધ તરીકે ગણવામાં આવે. અમે સ્પષ્ટ કરી શકીએ છીએ કે એવા કાયદામાં અનુચ્છેદ ૩૦૧ લાગુ પડતો નથી કે જેમાં વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતા પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ન હોય. ભાગ ૧૩ ની પ્રયોજ્યતાનો પ્રશ્ન ત્યારે જ ઉપસ્થિત

થાય છે જ્યારે કાયદામાં એવા પ્રતિબંધો સમાવિષ્ટ હોય કે જે પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાને બાધિત કરે, પ્રતિબંધિત કરે, અવરોધે અને તેના પર પ્રતિકૂળ અસર પહોંચાડે.

આઈ. શું આતિયાબારી માં નિર્ધારિત અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં માન્ય કરાયેલ 'પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટી' હવે સાચી કસોટી રહી નથી

૩૦૫. આતિયાબારી ટી કંપની માં બહુમતી વતી બોલતા ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઠેરવ્યું હતું કે જે પ્રતિબંધો પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપારને અવરોધે છે તે અનુચ્છેદ ૩૦૧ હેઠળ બાધિત થાય છે. પૃષ્ઠ ૮૬૦ પર નીચે મુજબ ઠેરવવામાં આવ્યું હતું:

> "આ રીતે વિચારતાં અમે માનીએ છીએ કે એ ઠેરવવું વાજબી અને યોગ્ય રહેશે કે જે પ્રતિબંધોમાંથી મુક્તિની ખાતરી અનુચ્છેદ ૩૦૧ દ્વારા આપવામાં આવી છે, તે એવા પ્રતિબંધો હશે કે જે પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપારના મુક્ત પ્રવાહ અથવા હેરફેરને પ્રતિબંધિત અથવા અવરોધિત કરે છે. કર પ્રતિબંધ સમાન હોઈ શકે છે અને હોય પણ છે; પરંતુ માત્ર એવા જ કર કે જે પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે વેપારને પ્રતિબંધિત કરે છે તે જ અનુચ્છેદ ૩૦૧ ના દાયરામાં આવશે."

૩૦૬. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં ન્યાયમૂર્તિ દાસે પણ પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટીને માન્ય રાખી હતી. પૃષ્ઠ ૫૨૩ પર નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"....કોઈ કર પ્રતિબંધિત કર બનવા માટે તે એવો પ્રત્યક્ષ કર હોવો જોઈએ કે જેની અસર વેપારના હેરફેરના ભાગને અવરોધવાની હોય."

૩૦૭. ઉપરોક્ત મત સાથે સહમત થતાં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવે પણ પૃષ્ઠ ૫૫૦ પર જણાવ્યું હતું:

"....જો કોઈ કાયદો સામાન્ય મહેસૂલી હેતુઓ માટે વેપારની હેરફેર પર પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે કર લાદતો હોય, તો તે સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરતો હશે. બીજી બાજુ, જો તેની અસર પરોક્ષ અને દૂરવર્તી હોય, તો તે વાંધાજનક રહેશે નહીં."

૩૦૮. આતિયાબારી ટી કંપની માં ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે પ્રીવી કાઉન્સિલના બે ચુકાદાઓનો પણ સંદર્ભ આપ્યો હતો, અર્થાત્ જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા (૧૯૩૬) એ.સી. ૫૭૮ અને કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા અને અન્ય વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ અને અન્ય (૧૯૫૦) એ.સી. ૨૩૫ માં લોર્ડ પોર્ટરનો ચુકાદો. વધુમાં એ નોંધવું સુસંગત છે કે ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર એ હકીકત પ્રત્યે સભાન હતા કે ઓસ્ટ્રેલિયન કોમનવેલ્થ દ્વારા અપનાવવામાં આવેલી સંઘીય રાજ્યવ્યવસ્થાની રાજકીય અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તેમજ ભારતના સંવિધાનની રચના, સત્તાઓની વહેંચણી

અને સામાન્ય યોજના તદ્દન અલગ છે. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર દ્વારા નોંધવામાં આવેલી સાવચેતી નીચે મુજબના શબ્દોમાં હતી:

> "અમે સમાપન કરીએ તે પહેલાં અમે એવા બે નિર્ણયોનો સંદર્ભ આપવા માંગીએ છીએ કે જેમાં ઓસ્ટ્રેલિયન સંવિધાનની કલમ ૯૨ ની જોગવાઈઓના વ્યાપ અને અસર પર વિચારણા કરવામાં આવી હતી. અમે અગાઉ જાણીજોઈને આ નિર્ણયોનો સંદર્ભ આપ્યો ન હતો કારણ કે અમે વિચાર્યું હતું કે અમારા સંવિધાનના ભાગ ૧૩ ના સંબંધિત અનુચ્છેદોનું અર્થઘટન કરવાના હેતુ માટે સદર કલમ અથવા તેના પરના નિર્ણયોનો સંદર્ભ આપવો કે તેના પર આધાર રાખવો અવાજબી ગણાશે. એ કહેવું સર્વસામાન્ય છે કે ઓસ્ટ્રેલિયન કોમનવેલ્થ દ્વારા અપનાવવામાં આવેલી સંઘીય રાજ્યવ્યવસ્થાની રાજકીય અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ, ખુદ સંવિધાનનું માળખું, સત્તાઓની વહેંચણી અને સંવિધાનની સામાન્ય યોજના અલગ છે, અને તેથી જ્યારે અમને અમારા સંવિધાનની જોગવાઈઓનું અર્થઘટન કરવાનું કહેવામાં આવે ત્યારે ઓસ્ટ્રેલિયન નિર્ણયોમાંથી માર્ગદર્શન કે સહાય મેળવવી સલામત રહેશે નહીં."

૩૦૯. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા અને અન્ય (ઉપરોક્ત) માં લોર્ડ પોર્ટર દ્વારા કરવામાં આવેલ અવલોકનોનો સંદર્ભ લેવો ઉપયોગી છે, જે નીચે મુજબના શબ્દોમાં છે:

"આ ભુલભુલામણીમાં કોઈ સુવર્ણ સૂત્ર નથી. પરંતુ એવું જણાય છે કે બે સામાન્ય વિધાનો સ્વીકારી શકાય; (૧.) રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારનું નિયમન તેની સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સુસંગત છે, અને (૨.) કલમ ૯૨ નું ઉલ્લંઘન ત્યારે જ થાય છે જ્યારે કોઈ વૈધાનિક અથવા કારોબારી કૃત્ય આવા વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારને પ્રત્યક્ષ અને તાત્કાલિક રીતે પ્રતિબંધિત કરતું હોય, જે કોઈ પરોક્ષ અથવા પરિણામી અવરોધ ઊભો કરવાથી અલગ હોય જેને વાજબી રીતે દૂરવર્તી ગણી શકાય."

૩૧૦. વિદ્વાન વરિષ્ઠ વકીલ શ્રી રાકેશ દ્વિવેદીએ એવી દલીલ કરી છે કે આતિયાબારી માં આ કોર્ટ દ્વારા જેના પર આધાર રાખવામાં આવ્યો હતો તે 'પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટી' નિર્ધારિત કરતા ઓસ્ટ્રેલિયન કેસો પાછળથી ખુદ ઓસ્ટ્રેલિયા હાઇકોર્ટ દ્વારા અનુસરવામાં આવ્યા ન હોવાથી, અનુચ્છેદ ૩૦૧ ના હેતુઓ માટે પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટીને માન્યતા આપવી જોઈએ નહીં. શ્રી દ્વિવેદીએ કોલ વિ. વ્હાઇટફિલ્ડ (૧૯૮૮) ૭૮ એ.એલ.આર. ૪૨ નો સંદર્ભ આપ્યો છે. તેઓ રજૂઆત કરે છે કે કોલ વિ. વ્હાઇટફિલ્ડ માં ૭-ન્યાયાધીશોની બેંચે ઠેરવ્યું છે કે પ્રવર્તન કસોટી સર્વસંમતિ પ્રાપ્ત કરવામાં નિષ્ફળ રહી છે. શ્રી દ્વિવેદી રજૂઆત કરે છે કે હવે જે કસોટી ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટ અને યુ.એસ. સુપ્રિમ કોર્ટ બંને દ્વારા માન્ય કરવામાં આવી છે તે બિન-ભેદભાવપૂર્ણ કસોટી છે. તેઓ રજૂઆત કરે છે કે પસંદગીઓ અને ભેદભાવને અટકાવવા એ મુક્ત વેપાર નિર્માણના ધ્યેયને પ્રાપ્ત કરવા માટેનું મુખ્ય

પરિબળ છે જેવું કે કોલ વિ. વ્હાઇટફિલ્ડ માં સ્વીકારવામાં આવ્યું છે. તેઓ રજૂઆત કરે છે કે કોલ વિ. વ્હાઇટફિલ્ડ માં કોર્ટ દ્વારા નીચે મુજબના અવલોકનો કરવામાં આવ્યા હતા:

> "રાજકોષીય અને બિન–રાજકોષીય બંને પગલાંના સંબંધમાં, ઇતિહાસ અને સંદર્ભ બંને એવા અભિગમની તરફેણ કરે છે કે કલમ ૯૨ હેઠળ આંતરરાજ્ય વેપાર અને વાણિજ્યને ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા એ પહેલેથી ઉલ્લેખિત સંરક્ષણવાદી અર્થમાં ભેદભાવપૂર્ણ બોજાઓમાંથી મુક્તિ છે."

૩૧૧. જેમ્સ વિ. કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા (ઉપરોક્ત) એ પ્રવર્તનના માપદંડના સિદ્ધાંતના વિકાસ માટે સમર્થન પૂરું પાડ્યું હોવાનું માનવામાં આવ્યું હતું. કોલ વિ. વ્હાઇટફિલ્ડ માં પ્રવર્તન સિદ્ધાંતને અમાન્ય ઠેરવવા માટે વિવિધ કારણો આપવામાં આવ્યા હતા. આપવામાં આવેલા કેટલાક કારણો નીચે મુજબ છે:

> "પ્રથમ, કેટલીક બાબતોમાં તે આંતરરાજ્ય વેપારને જે રક્ષણ આપે છે તે ખૂબ વ્યાપક છે. આંતરરાજ્ય વેપારને રાજ્યાંતરિક વેપાર સાથે સમાન ધોરણે મૂકવાને બદલે, આ સિદ્ધાંત આંતરરાજ્ય વેપારને વિશેષાધિકાર પ્રાપ્ત અથવા પ્રાધાન્યપૂર્ણ ધોરણે રાખે છે, જે અન્ય વેપાર જેના અધીન છે તેવા બોજાઓમાંથી મુક્ત રહે છે."
>
> ..... ..... .....

"કલમ ૯૨ ના સ્વીકાર્ય અર્થઘટન તરીકે આ સિદ્ધાંતને નકારી કાઢવાનું બીજું મુખ્ય કારણ એ છે કે તે રાજ્યાંતરિક અને આંતરરાજ્ય વેપારનું વાસ્તવિક રીતે નિયમન કરતા કાયદાઓની જરૂરિયાત માટે કોઈ અવકાશ રાખવામાં નિષ્ફળ રહે છે. સંસ્થાનવાદી સંરક્ષણની નાબૂદી અને આંતર–સંસ્થાનવાદી મુક્ત વેપારની સિદ્ધિ માટેના આંદોલનનો ઈતિહાસ એવું દર્શાવતો નથી કે તેનો હેતુ આંતર–સંસ્થાનવાદી અથવા આંતરરાજ્ય વેપારના વાસ્તવિક બિન–સંરક્ષણાત્મક નિયમનને પ્રતિબંધિત કરવાનો હતો. પ્રવર્તનનો માપદંડ આ કલમના ઈતિહાસના આ પાસા માટે કોઈ છૂટછાટ આપતો નથી. પરિણામે આ ફોર્મ્યુલાના સામાન્ય ઉપયોગ અને શુદ્ધ નિયમનકારી સ્વરૂપ ધરાવતા કાયદાઓની માન્યતા વચ્ચે સતત તણાવ રહ્યો છે. આ સિદ્ધાંતના સંદર્ભમાં મૂલ્યાંકન કરતાં, નિયમનકારી કાયદાની માન્યતા એ બાબત પર નિર્ભર હતી કે શું તે વેપાર અથવા વાણિજ્યના આવશ્યક લક્ષણ પર બોજો લાદે છે કે માત્ર એક આનુષંગિક બાબત પર."

૩૧૨. ઉપર નોંધ્યા મુજબ, આપણા સંવિધાનના ઘડવૈયાઓ ઓસ્ટ્રેલિયન સંવિધાનની જોગવાઈઓ અને ઓસ્ટ્રેલિયામાં ઊભી થયેલી મુશ્કેલીઓ તેમજ કલમ ૯૨ ના અર્થઘટન પર વ્યક્ત કરાયેલા વિવિધ મંતવ્યોથી સારી રીતે વાકેફ હતા, સંવિધાનના ઘડવૈયાઓએ જોકે કલમ ૯૨ માંથી પ્રેરણા લીધી હતી પરંતુ તેઓ ત્યાં જ અટક્યા ન હતા, બલ્કે તેઓએ અનુચ્છેદ ૩૦૨ – ૩૦૬ દ્વારા અનુચ્છેદ ૩૦૧ હેઠળ ખાતરી આપવામાં આવેલા અધિકાર અને

સ્વતંત્રતા પર સ્પષ્ટપણે મર્યાદાઓની જોગવાઈ કરી હતી. રાજ્યના વિદ્વાન વકીલે પણ પોતાની રજૂઆતોમાં એવી દલીલ કરી છે કે ઓસ્ટ્રેલિયાના સંવિધાનને લગતા ઓસ્ટ્રેલિયન ચુકાદાઓ તેમજ યુ.એસ. સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ ભાગ ૧૩ ના અર્થઘટન સંબંધમાં સીધા લાગુ પડતા નથી. જોકે, હવે શ્રી દ્વિવેદી દ્વારા એવી દલીલ કરવામાં આવી છે કે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટે હવે પ્રવર્તન કસોટીનો ત્યાગ કર્યો હોવાથી, આ કોર્ટ પણ આતિયાબારી માં નિર્ધારિત કરવામાં આવેલી કસોટીની સમીક્ષા કરી શકે છે.

૩૧૩. અમે અગાઉ જ નોંધ્યું છે કે આતિયાબારી માં મુખ્ય ન્યાયમૂર્તિ સિન્હા, ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકર અને ન્યાયમૂર્તિ શાહ દ્વારા વ્યક્ત કરાયેલા ત્રણેય મંતવ્યોમાં એ બાબત નોંધવામાં આવી હતી કે આપણા સંવિધાનમાં, ઓસ્ટ્રેલિયન સંવિધાનથી ભિન્નતા છે અને ઓસ્ટ્રેલિયન ચુકાદાઓ સુસંગત નથી. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઓસ્ટ્રેલિયન સંવિધાન સાથે સંબંધિત પ્રીવી કાઉન્સિલના બે ચુકાદાઓનો સંદર્ભ એ જાણવા માટે આપ્યો હતો કે સમાન જોગવાઈઓ દ્વારા ઉપસ્થિત પડકાર પ્રત્યે ન્યાયિક વિચારધારાઓએ કેવો પ્રતિભાવ આપ્યો છે. ઉપરોક્ત ભાવના સાથે, પ્રીવી કાઉન્સિલના તે બે ચુકાદાઓનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. આમ ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે ઓસ્ટ્રેલિયન ચુકાદાઓમાં નિર્ધારિત કરવામાં આવેલી કસોટી પર પોતાનો ચુકાદો આધારિત રાખ્યો ન હતો પરંતુ ઉપરોક્ત ચુકાદાઓમાંથી પોતાના નિષ્કર્ષ માટેનું ઔચિત્ય મેળવ્યું હતું. વધુમાં, કોલ વિ. વ્હાઇટફિલ્ડ માં ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટે 'વેપાર અને તાત્કાલિક અસર કસોટી' ને ફગાવી દીધી તેનું પ્રાથમિક કારણ એ

છે કે કલમ ૯૨ હેઠળ ખાતરી આપવામાં આવેલી સ્વતંત્રતા માત્ર "રાજ્યો વચ્ચે" એટલે કે આંતરરાજ્ય વેપારને જ લાગુ પડે છે, એટલે કે, આ સિદ્ધાંત તે મુજબ રાજ્યાંતરિક વેપાર સામે ભેદભાવ કરનારો સાબિત થયો કારણ કે તેણે આંતરરાજ્ય વ્યવહારોને અમુક પ્રકારની મુક્તિ પૂરી પાડી હતી જે મુક્તિ રાજ્યાંતરિક વ્યવહારો ભોગવતા ન હતા. અમે કોલ વિ. વ્હાઇટફિલ્ડ દ્વારા આપવામાં આવેલા કારણો અગાઉ જ ટાંક્યા છે, જ્યારે સંવિધાનના ભાગ ૧૩ માં, સંવિધાનના ઘડવૈયાઓએ રાજ્યાંતરિક અને આંતરરાજ્ય વેપાર વચ્ચે બિન–ભેદભાવપૂર્ણ કરવેરાની જોગવાઈ કરી હતી જેમાં તમામ પરિસ્થિતિઓનો સામનો કરવાની જોગવાઈ હતી જેમાં એવો કેસ પણ સામેલ છે કે જ્યાં આંતરરાજ્ય અથવા રાજ્યાંતરિક બંને વેપાર પર પ્રતિબંધ લાદવાનો હોય જે અનુચ્છેદ ૩૦૪(બી) છે. જોકે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટે 'પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટી' ના વિચારને કૃત્રિમ ગણીને ફગાવી દીધો હતો, તેમ છતાં આ કોર્ટે જ્યારે પણ વાજબી પ્રતિબંધની એરણ પર કાયદાનો નિર્ણય કરવામાં આવે ત્યારે સદર સિદ્ધાંતને અપનાવવાનું ચાલુ રાખ્યું છે અને આ સિદ્ધાંતને દાયકાઓથી અસંખ્ય કેસોમાં સતત લાગુ કરવામાં આવ્યો છે જે સમયની કસોટી પર ખરા ઉતર્યા છે.

૩૧૪. શ્રી દ્વિવેદીએ અમેરિકન કેસોનો પણ સંદર્ભ આપ્યો છે અને દલીલ કરે છે કે સ્પેક્ટર મોટર સર્વિસીસ, ઇન્ક. વિ. ઓ'કોનર ૪૩૦ યુ.એસ. ૨૮૯ (૧૯૫૧) માં પ્રતિપાદિત કરવામાં આવેલી મુક્ત વેપાર મુક્તિને કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ વિ. બ્રેડી ૪૩૦ યુ.એસ. ૨૭૪ (૧૯૭૭) માં ઉલટાવી દેવામાં આવી

હતી. શ્રી દ્વિવેદી રજૂઆત કરે છે કે કમ્પ્લીટ ઓટો માં એવું ઠેરવવામાં આવ્યું હતું કે 'વાણિજ્ય ખંડનો હેતુ આંતરરાજ્ય વાણિજ્યમાં રોકાયેલા લોકોને રાજ્યના કર બોજના તેમના વાજબી હિસ્સામાંથી મુક્ત કરવાનો ન હતો, ભલે તે વ્યવસાય કરવાનો ખર્ચ વધારે'. શ્રી દ્વિવેદી વધુમાં સ્ટેટ ઓફ મેરીલેન્ડ વિ. સ્ટેટ ઓફ લ્યુઇસિયાના ૪૫૧ યુ.એસ. ૭૨૫ પર આધાર રાખે છે જ્યાં એવું અવલોકન કરવામાં આવ્યું હતું કે, "વાણિજ્ય ખંડ ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો પૈકીનો એક એ છે કે કોઈપણ રાજ્ય, વાણિજ્ય ખંડ સાથે સુસંગત રહીને, આંતરરાજ્ય વાણિજ્ય સામે ભેદભાવ કરતો કર લાદી શકે નહીં અથવા લાદી શકશે નહીં.....". શ્રી દ્વિવેદી રજૂઆત કરે છે કે યુ.એસ. સુપ્રિમ કોર્ટ પણ બિન–ભેદભાવપૂર્ણ કસોટી તરફ આગળ વધી છે. તેઓ રજૂઆત કરે છે કે કોલ વિ. વ્હાઇટફિલ્ડ માં પણ કમ્પ્લીટ ઓટો ટ્રાન્ઝિટ વિ. બ્રેડી ની નોંધ લેવામાં આવી હતી. અમેરિકન સંવિધાનના અનુચ્છેદ ૧, કલમ ૮, ખંડ ૩ નો વાણિજ્ય ખંડ જોગવાઈ કરે છે કે "વિદેશી રાષ્ટ્રો સાથે અને વિવિધ રાજ્યો વચ્ચે તેમજ ભારતીય જનજાતિઓ સાથે વાણિજ્યનું નિયમન કરવું;" સંવિધાનના ભાગ ૧૩ એ અમેરિકન મોડેલ અપનાવ્યું નથી અને વાણિજ્ય ખંડ પરનું અર્થઘટન ભાગ ૧૩ ના અર્થઘટન માટે ભાગ્યે જ સુસંગત છે.

૩૧૫. આંતરરાજ્ય અને રાજ્યાંતરિક વેપારના સંદર્ભમાં રાજ્ય દ્વારા બિન–ભેદભાવપૂર્ણ કરવેરા પોતે અનુચ્છેદ ૩૦૪(એ) માં જ સમાવિષ્ટ છે, અને બિન–ભેદભાવપૂર્ણ સિદ્ધાંતને અનુસરવા માટે કોઈ અમૂર્ત સિદ્ધાંતનો સંદર્ભ લેવાની જરૂર નથી.

૩૧૬. આમ અમારો એવો અભિપ્રાય છે કે, વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સંબંધમાં ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં જે વિભાવના વિકસિત થઈ છે, તેને આપણા સંવિધાનના અર્થઘટનના સંદર્ભમાં અપનાવી શકાય નહીં, વિદેશી ચુકાદાઓની સુસંગતતા વિરુદ્ધ દલીલ કરવા છતાં, રાજ્યો પોતે હવે 'પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટી સિદ્ધાંત' ના સંદર્ભમાં વિદેશી ચુકાદાઓ પર આધાર રાખી રહ્યા છે. ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં કાનૂની સ્થિતિમાં આવેલા ફેરફારની ભારતીય કાનૂની સ્થિતિ પર કોઈ અસર થતી નથી કારણ કે આપણું બંધારણીય માળખું તે દેશો કરતાં અલગ છે.

૩૧૭. અમારી સમક્ષ વધુમાં એવી દલીલ કરવામાં આવી છે કે કેટલીકવાર, ક્યારે કાયદો/કરવેરો વેપાર, વાણિજ્ય અને આંતરવ્યવહારની સ્વતંત્રતાને અવરોધશે તે અંગે સીમારેખા દોરવી મુશ્કેલ બની જાય છે અને સીમાંકન રેખા શોધવા માટે કોર્ટ માટે કોઈપણ વસ્તુલક્ષી માપદંડ લાગુ કરવો મુશ્કેલ બને છે. કોઈ ચોક્કસ કાયદો/કરવેરો અનુચ્છેદ ૩૦૧ હેઠળ વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના અધિકારોનું ઉલ્લંઘન કરે છે કે કેમ તે નક્કી કરવા માટે કોઈ જડ કે ચોક્કસ ફોર્મ્યુલા નક્કી કરી શકાતી નથી. દરેક કેસની હકીકતો તપાસીને નિષ્કર્ષ પર આવવાનું કામ કોર્ટનું છે. આ સંદર્ભમાં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવના અવલોકનનો સંદર્ભ લેવો પ્રસ્તુત છે. મુખ્ય ન્યાયમૂર્તિ ડિક્સન ના અવલોકનનો સંદર્ભ આપતાં, ન્યાયમૂર્તિ સુબ્બા રાવ દ્વારા નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"મુખ્ય ન્યાયમૂર્તિ ડિક્સને કોમનવેલ્થ ફ્રેટર્સ પ્રોપ્રાઇટરી લિમિટેડ વિ. સ્નેડન માં એક અલગ સંદર્ભમાં આવી દલીલનો ખૂબ જ સચોટ જવાબ આપ્યો છે. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિએ કહ્યું હતું:

"તે ભલે અત્યંત અસુવિધાજનક હોય, વ્યાખ્યા દ્વારા મર્યાદિત કેટલીક વૈધાનિક સત્તાઓ વિશે એ સાચું છે, પછી ભલે તે વિષયવસ્તુ કે હેતુ અનુસાર હોય કે અન્યથા, કે સત્તાના ઉપયોગની માન્યતા કેટલીકવાર હકીકતો પર નિર્ભર હોવી જોઈએ, એવી હકીકતો કે જેને કાયદાની માન્યતા નક્કી કરવા માટે જવાબદાર કોર્ટ દ્વારા કોઈને કોઈ રીતે સુનિશ્ચિત કરવી જોઈએ.....માત્ર એ મુદ્દો સ્પષ્ટ કરવાની જરૂર છે કે જો બંધારણીય માન્યતાનો માપદંડ હકીકતની બાબતમાં સમાવિષ્ટ હોય, તો જ્યારે કોર્ટને માન્યતા પર ચુકાદો આપવા માટે કહેવામાં આવે ત્યારે કોર્ટે પોતાની શ્રેષ્ઠ ક્ષમતા અનુસાર તે હકીકત સુનિશ્ચિત કરવી જોઈએ."

હું આ અવલોકનો સાથે સંપૂર્ણપણે સહમત છું. એ નિર્દેશ કરવો સામાન્ય બાબત છે કે કોર્ટ સમક્ષ એવી જટિલ સમસ્યાઓ આવે છે જેમાં માનવ પ્રવૃત્તિના વિવિધ અને ગૂંચવણભર્યા પાસાઓ પર નિર્ણય લેવાનો સમાવેશ થાય છે. વિજ્ઞાન, ચિકિત્સા, ઈજનેરી, ભૂસ્તરશાસ્ત્ર, જીવવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન વગેરેને લગતા પ્રશ્નો તમામ ન્યાયિક ચકાસણી માટે આવે છે, અને મેં ક્યારેય કોઈ કોર્ટને એવું કહેતાં સાંભળી નથી કે આવા પ્રશ્ન પર નિર્ણય લેવો મુશ્કેલ છે અને તેથી, આવો પ્રશ્ન ઉઠાવતી કાર્યવાહી આવી કોર્ટના

અધિકારક્ષેત્રની બહાર છે. આ કહેતાં, હું કોર્ટ દ્વારા કરના દર નક્કી કરવાની સમસ્યામાં રહેલી મુશ્કેલીઓને નજરઅંદાજ કરતો નથી. અનુભવ દર્શાવે છે કે કોર્ટ કેટલીક ધારણાઓ લાગુ કરે છે, જેમ કે વિધાનમંડળનું શાણપણ, જ્ઞાન અને સદ્‌ભાવના, અને તે પ્રશ્નમાં ખૂબ ઝીણવટપૂર્વક ઊંડા ઉતરતી પણ નથી, પરંતુ માત્ર વ્યાપક લક્ષણો પર જ નજર રાખે છે. વિદ્વાન વકીલની દલીલના સંદર્ભમાં જ્યારે કોઈ કર રાજકોષીય છે કે નિયમનકારી તે સુનિશ્ચિત કરવું કોર્ટ માટે અનુમતિપાત્ર અને શક્ય હોય, ત્યારે મને સમજાતું નથી કે રાજકોષીય કર વાજબી છે કે નહીં તે ઠેરવવું, ભલે તે મુશ્કેલ હોય, અશક્ય કેવી રીતે બને. તફાવત તપાસના સ્વરૂપમાં નથી પરંતુ માત્ર માત્રામાં છે. તે ઉપરાંત, જો કોઈ પ્રતિબંધ અવાજબી હોય, તો તે સ્વતંત્રતા પર રાજકોષીય બોજ લાદવા કરતાં સ્વતંત્રતા માટે વધુ હાનિકારક હોઈ શકે નહીં, જે અમુક સંજોગોમાં ખુદ તે સ્વતંત્રતાનો જ નાશ કરી શકે છે."

૩૧૮. ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં, અમારો એવો અભિપ્રાય છે કે રાજ્યના વિદ્વાન વકીલ વતી કરવામાં આવેલી રજૂઆત કે 'પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટી' હવે સાચી કસોટી રહી નથી, તે સ્વીકારી શકાય નહીં. ઉપર અવલોકન કર્યા મુજબ, દરેક કેસનો નિર્ણય તે કેસની હકીકતો પર કરવાનો રહે છે. આતિયાબારી માં નિર્ધારિત કરાયેલ અને ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં માન્ય રાખવામાં આવેલ 'પ્રત્યક્ષ અને તાત્કાલિક અસર કસોટી' હજુ પણ માન્ય રહે છે.

જે. વળતરરૂપ કર સિદ્ધાંત

૩૧૯. સુનાવણીની શરૂઆતમાં અમારા દ્વારા વળતરરૂપ સ્વરૂપ ધરાવતા કર સંબંધિત બે પરસ્પર સંબંધિત મુદ્દાઓ ઘડવામાં આવ્યા હતા. તે પ્રશ્ન નં. ૨ નો એક ભાગ છે, એટલે કે, "શું વળતરરૂપ સ્વરૂપ ધરાવતો કર પણ સંવિધાનના અનુચ્છેદ ૩૦૧ નું ઉલ્લંઘન કરી શકે?" અને "કર અથવા લેવી વળતરરૂપ સ્વરૂપની છે કે નહીં તે નક્કી કરવા માટેની કસોટીઓ કઈ છે"? પક્ષકારો વતી ઉપસ્થિત વિદ્વાન વકીલોએ વળતરરૂપ કરની વિભાવના અને અન્ય સંબંધિત મુદ્દાઓ પર વિસ્તૃત રજૂઆતો કરી છે. અરજદારો તેમજ સામાવાળા–રાજ્યો વતી ઉપસ્થિત મોટાભાગના વિદ્વાન વકીલોએ વળતરરૂપ કર સિદ્ધાંત અંગે પોતાના સંકોચ/વાંધા વ્યક્ત કર્યા છે. મોટાભાગના વકીલો એ બાબતે સહમત છે કે વળતરરૂપ કર સિદ્ધાંતનું ન્યાયિક મૂલ્યાંકન અનાવશ્યક હતું અને વળતરરૂપ કર સિદ્ધાંત ભાગ ૧૩ ની બંધારણીય જોગવાઈ સાથે સુસંગત નથી. એવી રજૂઆત કરવામાં આવી છે કે ઓટોમોબાઈલ ટ્રાન્સપોર્ટ કેસ (ઉપરોક્ત) માં સાત ન્યાયાધીશોની બેંચ દ્વારા વળતરરૂપ સિદ્ધાંત ન્યાયિક રીતે વિકસાવવામાં આવ્યો હતો અને બહુમતી મતે રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ ની જોગવાઈઓને વળતરરૂપ કર ગણીને માન્ય રાખી હતી. વળતરરૂપ કર સિદ્ધાંત પર પક્ષકારોના વિદ્વાન વકીલો દ્વારા વ્યક્ત કરાયેલા ગંભીર વાંધાને ધ્યાને લેતાં, અમારા માટે આ વિભાવનાનું કંઈક વિગતવાર પરીક્ષણ કરવું આવશ્યક છે.

૩૨૦. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ માં વિકસિત થયેલા વળતરરૂપ કર સિદ્ધાંત પર ટૂંક સમયમાં જ ખેરબારી ટી કંપની લિ. વિ. આસામ રાજ્ય, (૧૯૬૪) ૫ એસ.સી.આર. ૯૭૫ માં બંધારણીય બેંચ દ્વારા શંકા વ્યક્ત કરવામાં આવી હતી. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે વળતરરૂપ કર સિદ્ધાંતના સ્વરૂપને ધ્યાને લેતાં એવો અભિપ્રાય આપ્યો હતો કે તેના પર મોટી બેંચ દ્વારા પુનર્વિચારણા થવી જરૂરી છે, જોકે, તેમણે નોંધ્યું હતું કે કાયદાને વળતરરૂપ કર સિદ્ધાંતના આધારે બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો ન હોવાથી, આ પ્રશ્નને આગળ વધારવામાં આવ્યો ન હતો. ન્યાયમૂર્તિ ગજેન્દ્રગડકરે નીચે મુજબનું અવલોકન કર્યું હતું:

> "આતિયાબારી ટી કંપની ના કેસમાં બહુમતી મંતવ્ય અનુસાર, જો કોઈ અધિનિયમ અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ પસાર કરવામાં આવે અને તેની માન્યતાને પડકારવામાં આવે, તો રાજ્ય એ કારણસર સદર અધિનિયમને વાજબી ઠેરવવા માંગી શકે છે કે તેના દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધો વાજબી અને જાહેર હિતમાં છે, અને તેમ કરતી વખતે, તે દાખલા તરીકે, એ હકીકત પર આધાર રાખી શકે છે કે વાદગ્રસ્ત અધિનિયમ દ્વારા લાદવામાં આવેલા કર વળતરરૂપ સ્વરૂપના છે. બીજી બાજુ, ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ (રાજસ્થાન) કેસમાં બહુમતી નિર્ણય અનુસાર, વળતરરૂપ કરવેરા અનુચ્છેદ ૩૦૧ ની બહાર રહેશે અને તેથી, અનુચ્છેદ ૩૦૪(બી) હેઠળ આવી શકે નહીં. જો વર્તમાન કેસમાં અમારી સમક્ષ એવી દલીલ કરવામાં આવી હોત કે અધિનિયમ દ્વારા લાદવામાં આવેલ

કર વળતરરૂપ સ્વરૂપનો છે, તો મોટી બેંચની રચના કરીને ફરી એકવાર આ પ્રશ્ન પર વિચારણા કરવી જરૂરી બની હોત."

૩૨૧. કોઈ કર અથવા લેવી વળતરરૂપ સ્વરૂપની છે કે નહીં તે નક્કી કરવા માટેની કસોટીઓ કઈ છે તે પ્રશ્ન ગૌણ બની જાય છે જ્યારે અમારે ખુદ વળતરરૂપ સિદ્ધાંતની ટકવાપાત્રતા તપાસવાની હોય.

૩૨૨. કર શું છે? કરવેરાના ઘટકો કયા છે? થોમસ એમ. કૂલી એ "અ ટ્રીટાઇઝ ઓન ધ કોન્સ્ટીટ્યુશનલ લિમિટેશન્સ" માં નીચે મુજબના શબ્દોમાં કરવેરાની વ્યાખ્યા આપી હતી:

"જાહેર હેતુઓ માટે નાણાં એકત્ર કરવા અર્થે વૈધાનિક સત્તા દ્વારા વ્યક્તિઓ અથવા મિલકત પર લાદવામાં આવેલા બોજા કે શુલ્ક તરીકે કરને વ્યાખ્યાયિત કરવામાં આવે છે. કર લાદવાની સત્તા આવશ્યકતા પર આધારિત છે, અને તે દરેક સાર્વભૌમત્વમાં અંતર્ગત છે. દરેક મુક્ત રાજ્યનું વિધાનમંડળ વૈધાનિક સત્તાના સામાન્ય પ્રદાન હેઠળ તે સત્તા ધરાવશે, પછી ભલે તેના દ્વારા વાપરવાની સત્તાઓમાં સંવિધાનમાં તેનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હોય કે ન હોય.."

૩૨૩. મુખ્ય ન્યાયમૂર્તિ માર્શલે મેકકુલોક વિ. સ્ટેટ ઓફ મેરીલેન્ડ, ૧૭ યુ.એસ. ૩૧૬ (૧૮૧૯) માં કર લાદવાની સત્તાના સ્વરૂપની તપાસ કરતી વખતે જણાવ્યું હતું:

"એ સ્વીકારવામાં આવે છે કે, લોકો અને તેમની મિલકત પર કર લાદવાની સત્તા સરકારના અસ્તિત્વ માટે અનિવાર્ય છે, અને સરકાર તેને જ્યાં સુધી લઈ જવાનું પસંદ કરે તે કાયદેસર રીતે હોઈ શકે છે. આ સત્તાના દુરુપયોગ સામેની એકમાત્ર સુરક્ષા ખુદ સરકારના માળખામાં જ મળે છે. કર લાદવામાં, વિધાનમંડળ તેના ઘટકો પર કાર્ય કરે છે. આ, સામાન્ય રીતે, ભૂલભરેલા અને દમનકારી કરવેરા સામે પર્યાપ્ત સુરક્ષા છે."

૩૨૪. આ કોર્ટની સાત ન્યાયાધીશોની બેંચે કમિશનર, હિન્દુ રિલિજિયસ એન્ડોવમેન્ટ્સ, મદ્રાસ વિ. શ્રી લક્ષ્મીન્દ્ર તીર્થ સ્વામિયાર ઓફ શ્રી શિરુર મઠ, ૧૯૫૪ એસ.સી.આર. ૧૦૦૫ : એ.આઇ.આર. ૧૯૫૪ એસ.સી. ૨૮૨ માં કરની વ્યાખ્યા આપી છે જેને આ કોર્ટ દ્વારા ત્યારપછીના મોટી સંખ્યાના ચુકાદાઓમાં વારંવાર ટાંકવામાં આવી છે અને તેના પર આધાર રાખવામાં આવ્યો છે. ફકરા ૪૫ માં નીચે મુજબ જણાવવામાં આવ્યું હતું:

"૪૫. "કર" નો અર્થ શું થાય છે તેની એક સ્પષ્ટ વ્યાખ્યા ઓસ્ટ્રેલિયાની હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ લેથમ દ્વારા મેથ્યુસ વિ. ચિકોરી માર્કેટિંગ બોર્ડ માં આપવામાં આવી છે. વિદ્વાન મુખ્ય ન્યાયમૂર્તિના મતે, "કર", "એ કાયદા દ્વારા અમલ કરાવી શકાય તેવા જાહેર હેતુઓ માટે જાહેર સત્તામંડળ દ્વારા નાણાંની ફરજિયાત વસૂલાત છે અને તે પૂરી પાડવામાં આવેલી સેવાઓ માટેની ચૂકવણી નથી". આ વ્યાખ્યા, અમારા મતે, કરના આવશ્યક લક્ષણો છતી કરે છે જે તેને સામાન્ય અર્થમાં તેની અંદર

સમાવિષ્ટ એવી વસૂલાતના અન્ય સ્વરૂપોથી અલગ પાડે છે. એવું કહેવાય છે કે કરવેરાનો સાર ફરજિયાતપણું છે, એટલે કે, તે કરદાતાની સંમતિ વિના વૈધાનિક સત્તા હેઠળ લાદવામાં આવે છે અને તેની ચૂકવણી કાયદા દ્વારા અમલમાં મૂકવામાં આવે છે. કરનું બીજું લક્ષણ એ છે કે તે કર ચૂકવનાર પર કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવેલું આરોપણ છે. આ બાબત એવું કહીને વ્યક્ત કરવામાં આવે છે કે કર લાદવો એ સામાન્ય મહેસૂલના હેતુઓ માટે છે, જે એકત્રિત થતાં રાજ્યની જાહેર આવકનો એક ભાગ બને છે. કરનો ઉદ્દેશ્ય કોઈ ચોક્કસ વ્યક્તિને કોઈ વિશેષ લાભ આપવાનો ન હોવાથી, જેમ કહેવાય છે તેમ કરદાતા અને જાહેર સત્તામંડળ વચ્ચે ક્વિડ પ્રો ક્વો નું કોઈ તત્વ હોતું નથી. કરવેરાનું બીજું લક્ષણ એ છે કે તે સામાન્ય બોજનો એક ભાગ હોવાથી, કરદાતા પર લાદવામાં આવેલ બોજાનું પ્રમાણ સામાન્ય રીતે તેની ચૂકવવાની ક્ષમતા પર આધાર રાખે છે."

૩૨૫. એ એક સ્વીકૃત સિદ્ધાંત છે કે કરના લક્ષણો પૈકીનું એક એ છે કે તે કર ચૂકવનાર પર કોઈ વિશેષ લાભ આપવાના સંદર્ભ વિના જાહેર હેતુ માટે કરવામાં આવેલું આરોપણ છે. વિધાનમંડળ દ્વારા લાદવામાં આવેલા કર, મહેસૂલનો સ્ત્રોત હોવા ઉપરાંત વિવિધ લોકકલ્યાણકારી પગલાંઓ માટે પણ ખર્ચવામાં આવે છે અને જ્યારે તેનો ઉદ્દેશ્ય જાહેર હિત કે લોકકલ્યાણ સાથે કોઈપણ રીતે સંકળાયેલો ન હોય ત્યારે તે કરવેરાનું તેનું સ્વરૂપ ગુમાવી બેસે છે, અને એક એવી લેવી બની જાય છે જે ગેરબંધારણીય છે.

૩૨૬. ઓટોમોબાઇલ ટ્રાન્સપોર્ટ કેસમાં બહુમતી મંતવ્ય આપતાં ન્યાયમૂર્તિ દાસે તેમના ચુકાદામાં રાજસ્થાન મોટર વ્હીકલ્સ ટેક્સેશન એક્ટ, ૧૯૫૧ ને વળતરરૂપ ગણાવ્યો હતો અને ન્યાયમૂર્તિ સુબ્બા રાવ પણ તેમના મંતવ્ય સાથે સહમત થયા હતા.

૩૨૭. ૧૯૫૧ નો અધિનિયમ વળતરરૂપ સ્વરૂપનો છે તેવા નિષ્કર્ષ પર આવવા માટે ન્યાયમૂર્તિ દાસે ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના ચુકાદાઓ અને પ્રીવી કાઉન્સિલના ચુકાદાનો સંદર્ભ આપ્યો હતો કે જેમાં ઓસ્ટ્રેલિયાના સંવિધાનની કલમ ૯૨ હેઠળ આપવામાં આવેલી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાના સંદર્ભમાં વિવિધ કાયદાઓની માન્યતા પર વિચારણા કરવામાં આવી હતી.

ન્યાયમૂર્તિ દાસે નીચે મુજબના ચુકાદાઓનો સંદર્ભ આપ્યો છે:

(૧) ડંકન વિ. ધ સ્ટેટ ઓફ ક્વીન્સલેન્ડ, (૧૯૧૬) ૨૨ સી.એલ.આર. ૫૫૬;

(૨) મેકકાર્ટર વિ. બ્રોડી, (૧૯૫૦) ૮૦ સી.એલ.આર. ૪૩૨;

(૩) હ્યુજીસ એન્ડ વેલ પ્રોપ્રાઈટરી લિમિટેડ વિ. સ્ટેટ ઓફ ન્યુ સાઉથ વેલ્સ, (૧૯૫૫) એ.સી. ૨૪૧;

(૪) આર્મસ્ટ્રોંગ વિ. સ્ટેટ ઓફ વિક્ટોરિયા નં. ૨, (૧૯૫૭) ૯૯ સી.એલ.આર. ૨૮;

(૫) કોમનવેલ્થ ઓફ ઓસ્ટ્રેલિયા વિ. બેંક ઓફ ન્યુ સાઉથ વેલ્સ, (૧૯૫૦) એ.સી. ૨૩૫;

(૬) કોમનવેલ્થ ફ્રેટર્સ પ્રોપર્ટી લિમિટેડ વિ. સ્નેડન, (૧૯૫૯) ૧૦૨ સી.એલ.આર. ૨૮૦.

૩૨૮. ઓસ્ટ્રેલિયન બંધારણ કલમ ૯૨ હેઠળ જોગવાઈ કરે છે કે 'રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને વ્યવહાર, પછી તે આંતરિક વાહનવ્યવહાર દ્વારા હોય કે સમુદ્રી જળપરિવહન દ્વારા, સંપૂર્ણપણે મુક્ત રહેશે'. ઉપરોક્ત કેસોમાં, ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટ અને પ્રીવી કાઉન્સિલને રાજ્યો દ્વારા ઘડવામાં આવેલા વિવિધ કાયદાઓ સામેના પડકારની તપાસ કરવાની તક મળી હતી એ કારણસર કે આ કાયદાઓ કલમ ૯૨ હેઠળ બાંહેધરી આપવામાં આવેલી વેપાર અને વાણિજ્યની સ્વતંત્રતાનું ઉલ્લંઘન કરે છે. કલમ ૯૨ પોતે આ સ્વતંત્રતા માટે કોઈ શરત કે અપવાદ પૂરી પાડતી નથી, ડંકન અને અન્ય વિ. સ્ટેટ ઓફ ક્વીન્સલેન્ડ અને અન્ય (૧૯૧૬) ૨૨ સી.એલ.આર. ૫૫૬ માં, મુખ્ય ન્યાયમૂર્તિ ગ્રિફિથે 'મુક્ત' શબ્દપ્રયોગનું અર્થઘટન કરતી વખતે નીચે મુજબના અવલોકનો કર્યા હતા:

> "પરંતુ 'મુક્ત' શબ્દનો અર્થ એક્સ્ટ્રા લેગમ થતો નથી અને સ્વતંત્રતાનો અર્થ 'અરાજકતા' થાય તેનાથી વિશેષ કંઈ નહીં, આપણે સંપૂર્ણપણે મુક્ત લોકો હોવાનો ગર્વ કરીએ છીએ, પરંતુ તેનો અર્થ એવો નથી કે આપણે કાયદાને આધીન નથી."

૩૨૯. ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટના મોટાભાગના કેસો જેનો ન્યાયમૂર્તિ દાસ દ્વારા સંદર્ભ આપવામાં આવ્યો હતો અને આધાર રાખવામાં આવ્યો હતો તે વાહનવ્યવહારના કેસો હતા કે જેમાં આંતર–રાજ્ય અને અંતઃરાજ્ય વેપાર અને વાણિજ્ય દરમિયાન મોટર વાહનો, માલવાહક વાહનો પાસેથી નોંધણી, લાયસન્સિંગ અને ફી/ચાર્જ વસૂલવા માટે વિવિધ કલમો ઘડવામાં આવી હતી.

૩૩૦. ન્યાયમૂર્તિ દાસે મેકકાર્ટર અને અન્ય વિ. બ્રોડી, (૧૯૫૦) ૮૦ સી.એલ.આર. ૪૩૨ માં ન્યાયમૂર્તિ કુલ્લગરના અસંમતિ આપતા અભિપ્રાયનો ખાસ ઉલ્લેખ કર્યો છે, જે કેસમાં વિક્ટોરિયાની સંસદે એક કાયદો પસાર કર્યો હતો, એટલે કે, ટ્રાન્સપોર્ટ રેગ્યુલેશન એક્ટ, ૧૯૩૩–૪૭ જેમાં જોગવાઈ કરવામાં આવી હતી કે કોઈપણ વાણિજ્યિક માલવાહક વાહને સદર કાયદા અનુસાર લાયસન્સ મેળવ્યા સિવાય કોઈપણ જાહેર ધોરીમાર્ગ પર ચલાવવું નહીં. લાયસન્સ માટે ફી ચૂકવવાની હતી, એક સુધારા દ્વારા વધારાની ફી લાદવામાં આવી હતી જે વાહનની ભાર વહન ક્ષમતાના સંદર્ભમાં સમયાંતરે નક્કી કરાયેલા વાર્ષિક દરે ગણતરી કરવાની હતી જેના માટે લાયસન્સ માંગવામાં આવ્યું હતું.

૩૩૧. ઓસ્ટ્રેલિયન હાઇકોર્ટ અને પ્રીવી કાઉન્સિલના અગાઉના વિવિધ નિર્ણયોનો સંદર્ભ લીધા પછી મુખ્ય ન્યાયમૂર્તિ લેથમે કોર્ટ વતી તેમનો અભિપ્રાય આપ્યો હતો. મુખ્ય ન્યાયમૂર્તિએ ઠેરવ્યું કે રાજ્યોમાં વેપાર, વાણિજ્ય અને વ્યવહારનું નિયમન એ કલમ ૯૨ હેઠળ પરિકલ્પિત સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સુસંગત છે અને આ સ્વતંત્રતાનું ઉલ્લંઘન ત્યારે જ થાય છે જ્યારે કાયદો આવા

વેપાર અને વાણિજ્યને સીધી અને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત કરવા માટે અમલમાં આવે છે, તેમ જણાવવામાં આવ્યું હતું:–

> "આ અવતરણ એ સ્પષ્ટ વિધાન પછી આવે છે કે રાજ્યો વચ્ચે વેપાર, વાણિજ્ય અને વ્યવહારનું નિયમન સંપૂર્ણ સ્વતંત્રતા સાથે સુસંગત છે અને કલમ ૯૨ નું ઉલ્લંઘન ત્યારે જ થાય છે જ્યારે કોઈ વૈધાનિક અથવા કારોબારી કૃત્ય આવા વેપાર, વાણિજ્ય અને વ્યવહારને સીધી અને તાત્કાલિક અસરથી પ્રતિબંધિત કરવા માટે અમલમાં આવે છે, જે કોઈ પરોક્ષ અથવા પરિણામી અવરોધ ઊભો કરવાથી અલગ છે જેને વ્યાજબી રીતે દૂરવર્તી ગણી શકાય. આમ, બેંકિંગ કેસમાં પ્રીવી કાઉન્સિલે સ્પષ્ટપણે એ રજૂઆતને નકારી કાઢી હતી કે કલમ ૯૨ સંસદોને (કોમનવેલ્થ અથવા રાજ્ય) આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યનું કોઈપણ રીતે નિયમન અથવા નિયંત્રણ કરવાથી અટકાવે છે, અને કાયદાના એક એવા વિધાનને મંજૂરી માટે પસંદ કરવામાં આવ્યું હતું જેણે સુસંગત માપદંડને અનુમતિપાત્ર નિયમન અને બિન–અનુમતિપાત્ર પ્રતિબંધ વચ્ચેના ભેદ તરીકે વ્યાખ્યાયિત કર્યો હતો. પરિણામ એ છે કે કલમ ૯૨ નો અર્થ એ નથી કે આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્ય કાયદા દ્વારા થતા નિયંત્રણમાંથી મુક્ત રહેવાનું છે. એક ફકરામાં જેનો મેં હમણાં જ ઉલ્લેખ કર્યો છે તેમાં તેમની લોર્ડશીપે ઠેરવ્યું હતું કે જો કાયદાઓની આંતર–રાજ્ય વેપાર અને વાણિજ્યના સંબંધમાં માત્ર પરોક્ષ અસર હોય તો તેઓ કલમ ૯૨ દ્વારા અમાન્ય ઠરતા નથી."

૩૩૨. ન્યાયમૂર્તિ કુલ્લગર, જેમણે અસંમતિ આપતો અભિપ્રાય આપ્યો હતો તેમણે એવા કાયદાના સ્વરૂપની વિગતવાર તપાસ કરી હતી જેને નિયમનકારી કહી શકાય અને જે વેપાર પર પ્રતિબંધ મૂકતા હોવાનું માની શકાય નહીં. તેમના અભિપ્રાયમાં, તેમની લોર્ડશીપે વિવિધ ઉદાહરણો આપીને પોતાના મુદ્દાને સ્પષ્ટ કર્યો હતો. તેમનો એવો મત હતો કે સમજાવ્યા મુજબ અનુમતિપાત્ર નિયમનો કલમ ૯૨ હેઠળ મળતી સ્વતંત્રતામાં અવરોધરૂપ બનતા નથી, તેમ છતાં, એવા સંજોગો હોઈ શકે છે જ્યારે નિયમનકારી કાયદાઓ પણ સ્વતંત્રતામાં અવરોધ ઊભો કરે છે. નીચે મુજબ અવલોકન કરવામાં આવ્યું હતું:

